# બ્રહ્મસ્વરૂપ

# શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ ૯





**આવરણ કથા**

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનો આ નવમો ભાગ પ્રસ્તુત છે, જેમાં સ્વામીશ્રીની કલ્યાણ-યાત્રાનાં સન ૧૯૯૯ થી ૨૦૦૨ સુધીનાં વર્ષોનું ચરિત્રલેખન આવરી લેવામાં આવ્યું છે.

*'શાંતિ પમાડે તેને સંત કહીએ...'* – આ પંક્તિને ચરિતાર્થ કરતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં આવનાર સૌ કોઈ શાંતિનો અનેરો અનુભવ કરતા. ભારતીય સંસ્કૃતિનાં શાંતિ અને સંવાદિતાનાં સનાતન મૂલ્યોને જીવન અને કાર્ય દ્વારા વિશ્વભરમાં વહેતાં મૂકનાર સ્વામીશ્રીને, યુનો દ્વારા યોજાયેલી મિલેનિયમ વિશ્વશાંતિ ધર્મ પરિષદમાં આદરપૂર્વક સન્માનવામાં આવ્યા. આ પરિષદમાં, હિંદુ ધર્મનું પ્રતિનિધિત્વ કરતા તેઓએ વહાવેલા શાંતિના સંદેશથી પ્રભાવિત થઈ, વિશ્વના જુદા જુદા ધર્મોના ધર્મગુરુઓ સહિત હિંદુ ધર્મગુરુઓએ પણ તેઓને પ્રેમપૂર્વક બિરદાવ્યા. ભારતીય સંસ્કૃતિનાં આ મૂલ્યોને મંદિરો દ્વારા પણ વહાવીને, વિશ્વમાં સૌથી વધુ મંદિરોના સર્જક તરીકે ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન પામનાર સ્વામીશ્રીએ આ સમયે દિલ્હીમાં અક્ષરધામ મહામંદિરનું બીજ પણ રોપી દીધું. જો કે, પ્રસિદ્ધિથી સદા અલિપ્ત સ્વામીશ્રીનું હૃદય હરહંમેશ સૌનું હિત ઇચ્છયા કરતું. દુષ્કાળના સમયે મૂંગાં પશુઓ પર તેઓએ વરસાવેલી કરુણા, કચ્છ-ભુજના વિનાશકારી ભૂકંપ સમયે તેઓએ વહાવેલી રાહતસેવા કે અક્ષરધામ પરના આતંકી હુમલા સમયે તેઓએ દાખવેલી સાધુતા જોઈ સૌ અચંબો પામી ગયા હતા. જો કે, આવાં અનેક પ્રસિદ્ધિ-સભર કાર્યો કરતા તેઓ ભગવાનની કથા-વાર્તાનો એક પણ અવસર ચૂકતા નહીં. કથાવાર્તા જ તેઓનું વિરામ સ્થળ હતું. પ્રસ્તુત છબિ, કથાવાર્તામાં મગ્ન તેઓની વિરક્ત શાંતિમય છબિનાં દર્શન કરાવે છે.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

# બ્રહ્મસ્વરૂપ
# શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૯૯ થી ૨૦૦૨)

ભાગ : ૯




લેખક

સાધુ આદર્શજીવનદાસ

**Brahmaswarup Pramukh Swami Maharaj, Part 9**

(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

**Inspired by:** HH Mahant Swami Maharaj

**Presented by:**

B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

**Publishers:**

SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

**1st Edition:**

December 2023

**Copies:** 15,000

**Copyright:** © SWAMINARAYAN AKSHARPITH

All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief quotations embodied in reviews and articles.

**ISBN:** 978-81-7526-993-4

**રજૂકર્તા :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

**પ્રેરણામૂર્તિ :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

**કોપીરાઈટ :** © સ્વામિનારાયણ અક્ષરપીઠ

આ પુસ્તકના અંશો કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**પ્રથમ આવૃત્તિ :** ડિસેમ્બર ૨૦૨૩

**પ્રત :** ૧૫,૦૦૦

**કિંમત :** રૂા. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. ૨૫૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

**મુદ્રક અને પ્રકાશક :**

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪



## બ્રહ્મસ્વરૂપ

# શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૯૯ થી ૨૦૦૨)

પ્રકાશક

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના

# આશીર્વાદ[1]

પ્રમુખસ્વામી મહારાજનું જીવનચરિત્ર બરાબર વાંચીએ તો પ્રમુખસ્વામી મહારાજની સાથે જ આપણે વિચરીએ છીએ એવો અનુભવ થાય. આદર્શજીવન સ્વામી અને સંતોએ ભેગા મળીને સંપ, સુહૃદભાવ અને એકતાથી આ સુંદર ગ્રંથ તૈયાર કર્યો છે.

હવે આપણે ફક્ત ટાઈમ કાઢીને વાંચવાની વાત છે. રોજ બધું ન વંચાય, પણ થોડુંક થોડુંક આપણે પાઠ કરીએ તો આ ગ્રંથ પૂરો થઈ જાય અને ખૂબ આનંદ, ખૂબ મજા આવે. આ પ્રત્યક્ષ વાણી છે. આ જે ગ્રંથ છે એમાં બધા સંતોએ પ્રામાણિકપણે દિલ રેડીને સેવા કરી છે અને એક શબ્દ પણ આઘો-પાછો ન થાય એવી રીતે સાચામાં સાચો ગ્રંથ તૈયાર કર્યો છે. મને તો લાગે છે કે દુનિયામાં આવો ગ્રંથ ભાગ્યે જ તૈયાર થાય, કારણ કે તેની authenticity (પ્રમાણભૂતતા) એટલી બધી છે કે આપણને ગ્રંથ વાંચવાથી ખબર પડશે કે ખરેખર, આની વાત જુદી છે! તો બધાએ (આ ગ્રંથ વાંચવાનો) થોડોક થોડોક તો નિયમ લઈ જ લેવો.

આ એવો સુંદર ગ્રંથ બન્યો છે કે આપણને ખૂબ મજા આવશે અને એમાં પણ ખાસ આપણા ભક્તો માટે બહુ ઉપયોગી છે. આ તો વચનામૃત વાંચતા હોઈએ એવું જ છે, જુદું ન પડે. એટલે આપણે પણ આ ગ્રંથ વાંચીએ. એમાંથી તમને ખૂબ પ્રેરણા મળશે. આપણે સ્વામી સાથે જ છીએ એવું તમને લાગશે.

તા. ૧૦/૭/૨૦૨૨
દેવશયની એકાદશી
અમદાવાદ

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયના વીડિયોને માણો...

# પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિ:સ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્‌ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું' એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્‌ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમ જ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણી પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઇતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમ જ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.

આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

**- સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.

# અનુક્રમણિકા

**વિષય** **પૃષ્ઠ**

**અમૃતધારા-૩૨ :**
**જ્યોત ધર્મની તમે જલતી રાખી**


- **સન ૧૯૯૯**

જેનાં વેણમાં વા'લાનાં વેણ ........ ૧
હતા મોટા પણ છોટા થયા રે ........ ૨
સ્વદુ:ખે પણ ઉપકાર કરે ........ ૩
સહુ રહે છે શિશ નામી ........ ૪
'મારાથી થાય છે' એ ભાવના જ નથી ........ ૫
મહેળાવમાં ધાર્યું ન'તું એવું થઈ ગયું ........ ૬
અહંકાર-રહિત મહાન વ્યક્તિત્વ ........ ૮
જીવના સત્સંગની નિશાની ........ ૯
સ્વયંસેવકોને સલામ ........ ૧૧
જે દેહને તો તૃણ તુલ્ય જાણે ........ ૧૨
બદલપુરમાં ભક્તિનાં પૂર ........ ૧૩
કપડાં સામું ન જોવું, મૂર્તિ સામું જોવું ........ ૧૪
મૅડિકલ કૉલેજમાં મૂર્તિસ્થાપન ........ ૧૫
અર્વાચીન વિશ્વની એક અજાયબીના સર્જક ........ ૧૬
સ્વામિનારાયણ મહામંત્રના દ્વિશતાબ્દી પર્વનો પ્રારંભ ........ ૧૭
ખેડબ્રહ્મામાં આદિવાસી સંમેલન ........ ૧૮
પ્રભુનું પુનરાગમન પ્રમુખસ્વામીના સ્વરૂપે ........ ૧૯
ગુરુમહિમાનો ગરવો ગુલાલ ........ ૨૦
મોટામાં મોટું પારિતોષિક ........ ૨૧
પતિતપાવન બિરુદ તારું ........ ૨૨
એ તો પ્રભુપદમાંહિ આસક્ત ........ ૨૩

પાછળ રહેવું એમાં મજા છે ........ ૨૪
સોળ આની વર્તન ........ ૨૫
પામ્યા સાચા સાધુ સાક્ષાત્ રે ........ ૨૭
આકાશમાંથી તો આવીને બેઠા છીએ ........ ૨૮
સાધુતામાં ખામી આવે તે ભીડો લાગે છે ........ ૨૯
ઊતરતાનો વાદ લે તે આગળ ન વધે ........ ૨૯
આખા સુરતને રંગવું છે ........ ૩૦
હેતે હૈયું થયું ટાઢું ........ ૩૨
'મારી ભૂલ શું?' એમ પૂછીએ એ જ ભૂલ ........ ૩૨
શોભાની સમજ ........ ૩૩
આ તો જેટલું સારું એટલું નરસું છે ........ ૩૪
આ બ્રહ્મરૂપ થવાની શાળા છે ........ ૩૬
મોટામાં મોટો ભીડો ........ ૩૮
આ સંકલ્પ ભગવાન પૂરો ન કરે એ પ્રાર્થના ........ ૩૮
સાપુતારામાં આદિવાસી સંમેલન ........ ૪૦
આગન્યામાં વસ્યા અહોનિશ રહી ........ ૪૧
ધરમપુરમાં આદિવાસી સંમેલન ........ ૪૧
કલ્યાણને અર્થે મંદિરોનું નિર્માણ ........ ૪૩
આ બે વાતને સલામત રાખો ........ ૪૫
વીસમી સદીની મહાનતમ ઘટના ........ ૪૬
આ આપણો આધ્યાત્મિક પરિવાર છે ........ ૪૭
સ્નેહ, સ્મૃતિ અને સાદગીનું પ્રયાગ ........ ૪૮
સ્વામિનારાયણ સેતુનું સર્જન ........ ૪૮
પ્રભુપ્રેરિત પ્રબંધન ........ ૫૦
મો'બતને અને ધર્મને ન બને ........ ૫૦
પગારની પરિભાષા ........ ૫૧
હું એક નાનો સામાન્ય વ્યક્તિ ........ ૫૨
ભારતનું રક્ષણ થવું જ જોઈએ ........ ૫૩
તીથલના મંદિરમાં મૂર્તિસ્થાપન ........ ૫૪
ચુંબકીય આકર્ષણ ........ ૫૫

ભગવાન આપણી નજીક જ છે ........................................ ૫૬
સ્વામિનારાયણની પાર્ટીમાં ભળવું ........................................ ૫૭
પીઢતાના પાઠ ........................................ ૫૮
પ્રેમના કાયદાની કલમો ........................................ ૫૯
કે દિ' ન ચળે ધર્મથી મતિ ........................................ ૬૦
દાસ હું, નાથ તું ........................................ ૬૧
ગુજરાતી ભાષા શીખવાના લાભ ........................................ ૬૨
હા, એમ કહેવાય ........................................ ૬૩
પ્રમુખસ્વામીમાં પરબ્રહ્મનો પ્રકાશ ........................................ ૬૪
ડર્બનમાં ડંકા ........................................ ૬૫
હસતે મોઢે થયેલું કામ ........................................ ૬૭
જળસંકટને ટાળતો કરુણાનો પ્રવાહ ........................................ ૬૮
કલાનિધિ ........................................ ૭૦
મનષા પૂરે સઉ તણી ........................................ ૭૦
નૈરોબીની ઐતિહાસિક નગરયાત્રા ........................................ ૭૨
વિશ્વની અજાયબીઓને નૈરોબીનો જવાબ ........................................ ૭૩
મૂર્તિઓના ઉત્થાપનનો વિષાદ ........................................ ૭૪
પિરામિડોના પ્રદેશમાં ........................................ ૭૫
ઈઝરાયલમાં પ્રસરી સર્વધર્મ-સમાદરની સુગંધ ........................................ ૭૭
સૌ સ્વભાવ ટાળવા પર તાન રાખજો ........................................ ૭૯
અતિ નિયમમાં જેનાં મન ........................................ ૮૦
તમે દિલના છો દરિયાવ ........................................ ૮૨
આત્મીયતાનું અત્તર ........................................ ૮૩
ભગવાનનું સુખ તમને મળે એવું કરવું છે ........................................ ૮૫
રમાડ્યા-જમાડ્યા રૂડી રીત શું ........................................ ૮૭
ધન્ય ધન્ય ભૂમિ જ્યાં પ્રભુ વિલસ્યા ........................................ ૮૮
જ્યોત ધર્મની તમે જલતી રાખી ........................................ ૯૦
સંકુચિતતાનો બિલકુલ અભાવ ........................................ ૯૧
મૂળ કળા છે સાધુતા ........................................ ૯૨
સંસ્કૃતિના શિક્ષણની વિદ્યાપીઠ સમું મંદિર ........................................ ૯૩

What a face! (શું ચહેરો છે !) ........ ૯૪
એના માટે તો સાધુ થયા છીએ ........ ૯૫
'વચનામૃત'નો સાર ........ ૯૬
ગોળનું ગાડું આવ્યું છે ........ ૯૬
સેવકભાવની સીમા ........ ૯૭
વિનમ્ર વ્યવસ્થાપક ........ ૯૮
અનુકંપાની અમૃતધારા ........ ૯૯
અક્ષરધામમાંથી આવ્યા છે ........ ૧૦૧
જેના ઉરમાં વિશેષ વિવેક ........ ૧૦૩
મેચિંગનો મર્મ ........ ૧૦૪
પ્રગટિયું પ્રેમ સુખ કહ્યું ન જાયે ........ ૧૦૬
મિલેનિયમનો મર્મ ........ ૧૦૭
મંદિર થયું એટલે એક સદાવ્રત ચાલુ થયું ........ ૧૦૮
નિઃસ્પૃહી ને નિર્મળ મતિ વળી ........ ૧૦૯
વચન પ્રમાણે રે વરતે ........ ૧૧૦
તું તિલક-ચાંદલો કરે તો મારો મિત્ર ........ ૧૧૦
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત ........ ૧૧૧
દુનિયા સર કરવાની છે ........ ૧૧૩
સાગરકાંઠે શિખરબદ્ધ સર્જન ........ ૧૧૪
આપણે ખસી જઈએ ........ ૧૧૫
વૈદિક યજ્ઞ અને અલૌકિક નગરયાત્રા ........ ૧૧૬
મહા-અભિષેકનું મંગલ પર્વ ........ ૧૧૭
એને ખબર નથી કે સ્વામિનારાયણ કોણ છે ! ........ ૧૧૮
તીથલમાં આદિવાસી મહા-સંમેલન ........ ૧૧૯
૭૯મો જન્મજયંતી મહોત્સવ ........ ૧૨૦
ગાન ઘરઘરમાં સત્યુગનાં ગાજે ........ ૧૨૨
જેના પ્રેમનો પાર ન લહીએ ........ ૧૨૪
૧૩૩ વર્ષે બનેલી ઘટના ........ ૧૨૫
ભક્તવત્સલ સદા બિરુદ તારું સહી ........ ૧૨૫
સત્સંગ પરીક્ષા આપવાનો હેતુ એ છે કે... ........ ૧૨૮

જાળવણીની દોરવણી ........................................................ ૧૨૯

**અમૃતધારા-૩૩ :**

**વિશ્વવિક્રમી વર્ષની તેજસ્વી તવારીખ**

- **સન ૨૦૦૦**

Master builder (નિપુણ નિર્માતા) ........................................ ૧૩૧
સંત મળે સંકટ ટળે ........................................................ ૧૩૨
'સંઘ'ની પ્રવૃત્તિમાં આશીર્વાદનું અમીસિંચન ........................................ ૧૩૪
તમે એકલા છો જ નહીં ........................................................ ૧૩૫
અજંતા-ઈલોરાના આંગણે ........................................................ ૧૩૬
દાસભાવનો અતૂટ દોર ........................................................ ૧૩૮
પ્રાપ્તિનો કેફ ચોવીસ કલાક રહેવો જોઈએ ........................................ ૧૩૯
આજ્ઞા બહારનું ખાઈએ તે ઝેર ........................................................ ૧૪૦
સારસાની સ-રસ સ્મૃતિ ........................................................ ૧૪૧
પૃથ્વી પર પ્રથમ વાર જ ........................................................ ૧૪૩
આપણો મહિમા બધે જ છે ........................................................ ૧૪૫
પૂરિયો મનોરથ દાસનો ........................................................ ૧૪૭
નથી જેને શરીર સંભાળ ........................................................ ૧૪૮
ભગવાનની આજ્ઞા પળે એટલા આપણે ઊજળા ........................................ ૧૪૯
સન્માન પર મો...ટી ચોકડી ........................................................ ૧૫૧
પાંચ પેઢીનો પ્રેમ ........................................................ ૧૫૧
આપણી બધી યોજનાઓ મોટી હોય છે ........................................ ૧૫૨
સંકુલના પાયામાં સિદ્ધાંતની શિલા ........................................ ૧૫૩
શાસ્ત્રીજી મહારાજનો આનંદ ........................................................ ૧૫૪
પ્રમુખસ્વામીજી રોજ 'ગીતા' જીવે છે ........................................ ૧૫૫
શરીરની નહીં, સત્સંગીની સંભાવના ........................................ ૧૫૬
રવિસભાનો ખટકો ........................................................ ૧૫૯
ડૉક્ટરો શરીરનું કરે, અમે આત્માનું કરીએ ........................................ ૧૬૦
સંતો સુણો અક્ષરની મોટાઈ રે ........................................................ ૧૬૧
મહિમાની વાતોમાં પડવું ........................................................ ૧૬૩

હાસ્યની છોળ્યુંમાં અંતર ભીંજવે....................................................૧૬૩
સેવકની ચિંતા કરે રે જી ....................................................૧૬૪
સ્વરૂપનિષ્ઠામાં એકાંતિક ધર્મ આવી જાય ....................................................૧૬૫
કથા વારતા તે નિત્ય કરે ....................................................૧૬૬
આપણી શોભા કથા-કીર્તનથી છે ....................................................૧૬૭
પ્રભુપ્રેમીનો પશુપ્રેમ....................................................૧૬૮
અંતકાળે તો અવશ્ય આવે....................................................૧૬૯
મનના ઘાવ રૂઝવનારા....................................................૧૭૦
પોતાને તો ભક્તિ અતિ ગમે ....................................................૧૭૧
સંત કરુણા થકી, સકળ કારજ સરે ....................................................૧૭૨
એ ન હોત તો હું ન હોત ! ....................................................૧૭૩
દરેક માણસે નક્કી કરવું જોઈએ કે....................................................૧૭૫
ઝાંખા અજવાળે દયાનો દસ્તાવેજ ....................................................૧૭૬
વ્યસનવૃક્ષનું નિકંદન....................................................૧૭૭
ચમત્કારથી આત્માને શાંતિ થતી નથી....................................................૧૭૮
આપણે જે હોય તે ચાલે ....................................................૧૭૯
ઉર ન કપટ છલ દાવ ....................................................૧૮૦
નવસારીમાં આદિવાસી સંમેલન ....................................................૧૮૧
ભોજન પર ભજનની સરસાઈ....................................................૧૮૨
સોનાની સાંકરીના સર્જક ....................................................૧૮૩
કોમળ અને કરુણામય....................................................૧૮૪
અંગોઅંગ પવિત્ર ....................................................૧૮૫
સ્મરણ સ્વામીજીનું સ્વર્ગથી પ્યારું....................................................૧૮૬
નર્મદા યોજનાના સમર્થનનું વધુ એક કાર્ય ....................................................૧૮૭
ડભોઈમાં હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન....................................................૧૮૮
અક્ષરધામની ભૂમિ પર પ્રથમ પદાર્પણ....................................................૧૮૯
અક્ષરધામની ભૂમિને દંડવત્‌નું અર્ઘ્ય ....................................................૧૯૧
વિશ્વવિક્રમી વ્યસનમુક્તિ અભિયાન ....................................................૧૯૨
પ્રમુખવરણીની સુવર્ણસ્મૃતિ....................................................૧૯૪
૫૦મો પ્રમુખવરણી મહોત્સવ ....................................................૧૯૫

વિશ્વવિક્રમી વિદેશયાત્રાના શ્રીગણેશ ..........૧૯૭
અક્ષરધામના મહંત..........૧૯૮
પોર્ટુગલના રાષ્ટ્રપ્રમુખ સાથે મુલાકાત..........૧૯૯
અમે કંઈ થાક્યા નથી ..........૨૦૦
જેને ભગવાનનો સંબંધ થયો તે સૌથી મોટા ..........૨૦૧
આ સાધુ તો મજબૂત કરે એવા છે ..........૨૦૨
આ પ્લાનનો અભ્યાસ કરજો..........૨૦૪
I am not boss, I am sevak (હું ઉપરી નથી, હું સેવક છું).....૨૦૫
આનંદઘન અક્ષર અવતાર..........૨૦૬
રસ-રુચિની રંગત ..........૨૦૭
અમે તમને કાઢવા આવ્યા છીએ..........૨૦૮
ધાર્યું'તું નાનું ને થઈ ગયું મોટું ..........૨૧૦
પસ્તાવો તો કોઈ થયો નથી..........૨૧૧
એક રહેણી રહ્યા ..........૨૧૨
જુગત્યે જન જમાડિયા..........૨૧૩
વાગ્યા ડંકા અતિ જશના જો..........૨૧૫
સ્પોન્સર વૉકનો દિવ્ય ઉત્સવ..........૨૧૭
ટોરોન્ટોમાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ..........૨૧૯
આ તો આશ્ચર્યજનક !..........૨૨૦
માનવ-જીવનની મોટામાં મોટી ભેટ..........૨૨૧
સ્વામીની કરકસર અને કરકસરના સ્વામી ..........૨૨૨
સૂઝસભર નજર, સંવેદનાસભર અંતર..........૨૨૩
જે સેવા કરે તે બધાને અક્ષરધામ..........૨૨૪
પેરીમાં શિબિરનું સામ્રાજ્ય..........૨૨૫
ઇન્ટરનેટ ધીમું ઝેર છે ..........૨૨૬
બધાએ અંતરથી સાધુ થવાનું જ છે ..........૨૨૮
ભમવું નહીં ભોળાપણે..........૨૨૯
All of you are God's children..........૨૩૦
પેરીમાં પરિવર્તનનો પવન..........૨૩૨
કષ્ટ સહે જન હેત ..........૨૩૩

મુવે કું જીવાવે ........................................૨૩૪
લંબાયેલા એ હાથની વાત ........................................૨૩૬
અનુભવી છતાં અનુકૂળ ........................................૨૩૭
પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી ........................................૨૩૭
અંતરે શાંતિ થાય એવો સત્સંગ કરી લેવો ........................................૨૩૯
નિત અહોનિશ ઉમંગ ભરિયા ........................................૨૪૦
ન રહે નિજદેહ સંભાળ ........................................૨૪૧
જેણે વચનમાં રે'વાનું દૃઢ કર્યું ........................................૨૪૨
પ્રભુ શું સાચી સગાઈ ........................................૨૪૪
જેહ સ્થિર અસ્થિર તે નવ થાય ........................................૨૪૪
યુનોના મહાસદનમાં ........................................૨૪૬
નથી આસક્ત સૌ જન જાણે ........................................૨૪૭
યુનોમાં સંબોધનની સુવર્ણ ક્ષણ ........................................૨૪૮
યુનોમાં ઐતિહાસિક સંબોધન ........................................૨૪૯
મહાસદનમાં મહાન અંજલિ ........................................૨૫૨
નમ્રતાની મૂર્તિને નમન ........................................૨૫૩
યુનોના મહામંત્રી સાથે ઐતિહાસિક મુલાકાત ........................................૨૫૪
નહિ સ્પરધા થાવા સરસ રે ........................................૨૫૫
જીવાદોરીનું જીવન ........................................૨૫૬
દિવ્યતા અને ભવ્યતાનો સમન્વય ........................................૨૫૮
પ્રાણાયામનું પ્રશિક્ષણ ........................................૨૫૯
ગુજરાતના હિતચિંતક ........................................૨૬૦
જેને હરિ વા'લા છે ઉરમાં ........................................૨૬૨
ખરેખરી ખુશીનો ખજાનો ........................................૨૬૩
દર્શનની દિશા ........................................૨૬૩
અમેરિકામાં 'પ્રમુખ માર્ગ' ........................................૨૬૪
અમારા છો એટલે ચિંતા કરવી પડે ........................................૨૬૫
ભાષા સચવાશે તો સંસ્કારો સચવાશે ........................................૨૬૬
જેહ સંગ નેહ કર્યો તેને નવ વીસરો ........................................૨૬૭
પ્રભુ કેરી વાર્તા કહે મારા સ્વામી ........................................૨૬૮

આખું અમેરિકા જગાવવાનું છે........................................૨૬૯
... તો શિબિર સાર્થક........................................૨૭૦
સહુ જીવને સુખ દેનાર........................................૨૭૦
તબિયત વધારે સારી રહે તે માટેનો ઉપાય........................................૨૭૧
અમેરિકન રાષ્ટ્રપ્રમુખ સાથે મુલાકાત........................................૨૭૨
પ્રેમના પાથરણા પર દંડવત્‌નો દોર........................................૨૭૫
હેતના હથોડા........................................૨૭૭
'મોક્ષના દ્વાર'નો માર્મિક પરિચય........................................૨૭૮
શિકાગોની શોભાનું દ્વાર ખૂલે છે........................................૨૭૯
કિશોર કલાકૃતિઓના કુશળ કસબી........................................૨૮૦
મહિમાની અવધિ........................................૨૮૨
અમારા સ્વામિનારાયણનો પ્રતાપ !........................................૨૮૩
સિદ્ધિઓની શૃંખલા........................................૨૮૫
સંસાર અસાર કરવો એ મોટું કાર્ય........................................૨૮૬
આ મૂર્તિમાન વાત છે, સ્વપ્નું નથી........................................૨૮૭
અક્ષરધામનો શકવર્તી શિલાન્યાસ........................................૨૮૮
संस्कृतिदूत के सर्जक........................................૨૯૧
અભિમાન ધરે નહીં મનમાં........................................૨૯૨
એક અલગ અને આગવો અનુભવ........................................૨૯૩
બ્રહ્માંડ રહે ત્યાં સુધી સત્સંગ કરાવવો છે........................................૨૯૪
કોઈના પ્રત્યે અણગમો આવતો નથી........................................૨૯૬
સમતાની સડકે........................................૨૯૭
અતિ કૃપાળુ કૃપાભંડાર........................................૨૯૮
દિલની વાત સમજતાં શીખો........................................૨૯૯
પ્યોર અને પરફેક્ટ........................................૨૯૯
સાર્વત્રિક અને સાર્વજનિક સ્નેહ........................................૩૦૧
આણંદમાં મૂર્તિપ્રતિષ્ઠાનો આનંદ........................................૩૦૨
૮૦મો જન્મજયંતી મહોત્સવ........................................૩૦૩
ટેલિફોનિક વ્યસનમુક્તિ !........................................૩૦૫
શબ્દસૂઝના સ્વામી........................................૩૦૬

ખરા કેફની વાત ....................................................................૩૦૭
આપણે માથે તો ધણી છે ....................................................................૩૦૮

**અમૃતધારા-૩૪ :**
**જેના દિલમાં ઘણી છે દયાય**

- **સન ૨૦૦૧**

જેના દિલમાં ઘણી છે દયાય ....................................................................૩૧૦
દિવ્યભાવ સૌમાં દેખાય ....................................................................૩૧૧
આપણને કોઈ કલમ લાગુ પડતી નથી ....................................................................૩૧૨
કહ્યું થોડું ને રહ્યું છે ઘણું ....................................................................૩૧૩
અક્ષરધામ આપ્યું, જાવ ! ....................................................................૩૧૪
પાવનકારી પગલાંનો પ્રતાપ ....................................................................૩૧૫
નથી મનમાં બીક લગાર ....................................................................૩૧૭
ભૂકંપની આફત સામે રાહતનાં પૂર ....................................................................૩૧૮
પ્રાર્થના અને પુરુષાર્થ દ્વારા પ્રતિકાર ....................................................................૩૧૯
વિરાટ ફલક અને સૂક્ષ્મ ચીવટનો તાલમેલ ....................................................................૩૨૦
સંતસમ્રાટનો સેવકભાવ ....................................................................૩૨૨
કોણ કહે છે કે 'પ્રમુખસ્વામી ભગવાન થાય છે ?' ....................................................................૩૨૩
સ્નેહસૂત્રના સ્થાપક ....................................................................૩૨૪
મનના કોડ પૂરો છો સ્વામી ....................................................................૩૨૫
દરવાનીના દીકરાને દાક્તર બનાવતી દયા ....................................................................૩૨૬
પોતાની તો પીડાને ન જોઈ ....................................................................૩૨૮
વર્ણન ન થઈ શકે તેવું કાર્ય ....................................................................૩૩૦
સ્વામી સ્વયં છે દીન દયાળ ....................................................................૩૩૧
મુક્તિપ્રદ શ્લોક ....................................................................૩૩૩
કાયમ માટે આ ગોખી રાખવું ....................................................................૩૩૪
ગુરુકૃપા એ મોટામાં મોટું રહસ્ય ....................................................................૩૩૫
તેના દિલમાં દિસે નહીં દંભ ....................................................................૩૩૬
દયાના દસ્તાવેજી દાખલા ....................................................................૩૩૭
સંતો-સ્વયંસેવકોની શિસ્તબદ્ધ સેના ....................................................................૩૩૮

મીઠી છાયાના દેનારા ....................................................................૩૩૯
ભૂકંપગ્રસ્ત ભુજનો ભાગ્યોદય ....................................................................૩૪૧
पहला नाम बी.ए.पी.एस. का ....................................................................૩૪૨
ભૂકંપના કહેરમાં સ્વામીની મહેર ....................................................................૩૪૪
શત્રુ તથા મિત્ર સમાન જાણે ....................................................................૩૪૬
જ્યાં જુઓ ત્યાં આપનું નામ બોલાય છે ....................................................................૩૪૮
સચ્ચાઈથી છલકાતી આંખો ....................................................................૩૪૯
સોનાનું હૃદય ધરાવતી વિભૂતિ ....................................................................૩૫૧
અમારે માણસના ભરાવાની જરૂર નથી ....................................................................૩૫૩
શુદ્ધ પ્રેમમાં દુનિયામાત્રની ભેટ આવી ગઈ ....................................................................૩૫૪
સર્વે અંગે શુદ્ધ સાચા ....................................................................૩૫૫
Love at first sight ....................................................................૩૫૬
આપની ઉપસ્થિતિ શાંતિ પ્રસરાવે છે ....................................................................૩૫૭
આ સંસ્થા માટે કોઈ જ કાર્ય અશક્ય નથી ....................................................................૩૫૮
સહજાનંદ સ્વામી એ જ લીડર છે ....................................................................૩૬૦
સેલવાસમાં મંદિર અને વિદ્યામંદિરની પ્રવૃત્તિ ....................................................................૩૬૨
સાગરકાંઠે પરિવર્તનનો પવન ....................................................................૩૬૨
तुम भी नारायण, मैं भी नारायण ....................................................................૩૬૪
રહ્યા અંતરે પ્રભુને રાખી ....................................................................૩૬૪
સાંકરીમાં શિખરબદ્ધ મંદિરનું સર્જન ....................................................................૩૬૬
સત્પુરુષ આજ્ઞા કરે એમાં અક્ષરધામ ....................................................................૩૬૭
માન માટે આ દરબાર જ નથી ....................................................................૩૬૮
ન થાય એવું કંઈ છે જ નહીં ....................................................................૩૬૯
સ્વાર્થમુક્ત સમાજસેવક ....................................................................૩૭૦
ઉત્કલ પ્રદેશનો ઉત્કર્ષ ....................................................................૩૭૧
પુરુષોત્તમપુરીમાં દર્શન અને સમુદ્રસ્નાન ....................................................................૩૭૩
એક લાખ ગણું આપનારા ....................................................................૩૭૫
સાધુતાનું શિક્ષણ ....................................................................૩૭૬
આપણે તો બધાં જ સ્થાનમાં શાંતિ છે ....................................................................૩૭૮
પ્રગાઢ પ્રેમના પુરાવા ....................................................................૩૭૯

અક્ષરધામના આકર્ષણની આગાહી..........................................૩૮૦
ભગવાન માટે અને દરેક સુખી થાય તે માટે..........................૩૮૧
બુદ્ધિ તો મોટાથી મોટી..........................................................૩૮૨
અંતરીક્ષ વૈજ્ઞાનિકનો નૂતન ભ્રમણકક્ષામાં પ્રવેશ......................૩૮૩
વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિકની વેદનાનું શમન..................................૩૮૪
અક્ષરધામની પ્રથમ શિલાનું સ્થાપન.......................................૩૮૬
વૃક્ષ પણ આપણું બાળક છે....................................................૩૮૭
અતિ સમર્થ અને સાવધાન......................................................૩૮૮
કિશોરકળીના માળી.................................................................૩૮૯
આપણી ભૂલ આપણે કબૂલવી પડે..........................................૩૯૧
અવળું થયું સવળું....................................................................૩૯૨
તે દિ' આવે તેડવા દયાળ.......................................................૩૯૩
પંચવ્રત પ્રેમે રહ્યા ધરી.........................................................૩૯૪
सत्यमेव जयते.........................................................................૩૯૫
મજૂર નહીં, પણ મૅનેજર બનાવતી મમતા.............................૩૯૬
કોણ રુચિ સમજે છે?.............................................................૩૯૭
સુજ્ઞાનવાન અભિમાન ઉરે ન આણે.......................................૩૯૮
બધું હું જાણું છું, છેકથી છેક સુધી.......................................૩૯૮
જો બધા સંપે તો...................................................................૩૯૯
હું નહીં, બધાનું શું કહેવું છે?...............................................૪૦૦
સર્વજ્ઞ સર્વાંતરજામી જે છે....................................................૪૦૧
વચનસિદ્ધ સંતની વેધક સરળતા............................................૪૦૨
એમાં પડવા જેવું નથી............................................................૪૦૩
અભાવ-અવગુણની વાત કરવી એ પાપ છે..............................૪૦૪
સંતો, ભક્તો ને કાર્યકર્તાઓ તીર્થ કહેવાય.............................૪૦૫
ઠાકોરજી સાથે વાંધો ન પાડવો...............................................૪૦૬
મંત્રી અને માંધાતાના માતા તથા મિત્ર...................................૪૦૭
જળક્રીડા કરી સખા સંગે.......................................................૪૦૮
સ્વામી ભક્તોનો રખવાળો.......................................................૪૦૯
પ્રમુખસ્વામી પોતે જ એક યુનિવર્સિટી.....................................૪૧૦

દિશાનું દર્શન ....................................................................૪૧૨
દેવોના પૂજક, પશુના પાલક અને તીર્થોના ઉદ્ધારક ....................૪૧૪
સંપ અને સ્વાસ્થ્યનું સમપ્રમાણ...............................................૪૧૫
સ્વામી તારી વાણીની બલિહાર ...............................................૪૧૬
નાની, ટૂંકી દૃષ્ટિની વાત નહીં...................................................૪૧૭
ઘાયલ બનીને સુખ સૌ, જગને એ દઈ ગયા.................................૪૧૮ ,
ભગવાનને માન્યા વગર છૂટકો જ નથી ....................................૪૨૦
મનવાંછિત ફળ દીધાં રે.........................................................૪૨૧
ભક્તવચ્છલ મલ્યો સ્વામી.......................................................૪૨૧
હું તો સેવકજન પ્રતિપાળ.......................................................૪૨૩
હોય તનમાં ન માને મન રે.....................................................૪૨૪
સોરઠની શાનના સર્જનનો શુભારંભ .......................................૪૨૬
મને તો કોઈ ઇચ્છા જ રહી નથી................................................૪૨૭
આપણને જોગી મહારાજ જેવું આવડશે જ નહીં.........................૪૨૭
અવસ્થાનો અભાવ અને પ્રભાવ ...............................................૪૨૯
જોરે જોરે જમાડી હરાવે.........................................................૪૩૦
વિશ્વવિભૂતિનો વિનમ્રભાવ......................................................૪૩૧
ધોળકામાં શિખરબદ્ધ મંદિરનું સર્જન.........................................૪૩૨
શાકના સ્વાદમાં સ્મૃતિનું સબરસ .............................................૪૩૩
તું ભક્તવત્સલ સદા ...............................................................૪૩૫
અહંશૂન્યતાની અવધિ..............................................................૪૩૬
ભરૂચમાં નીલકંઠ વર્ણીની પ્રતિષ્ઠા...........................................૪૩૬
આ વાત કદી ના ભુલાય .........................................................૪૩૮
પવનવેગી પદ્ધતિ ...................................................................૪૪૦
હરિતણા દાસની સેવા કરતા રે ..............................................૪૪૨
ફુલ (સંપૂર્ણ) આરામની વાત.....................................................૪૪૩
પુરુષોત્તમ-શું પ્રીત ઘણેરી........................................................૪૪૩
સત્ય સગા તમે એક છો .........................................................૪૪૪
૮૧મો જન્મજયંતી મહોત્સવ ...................................................૪૪૬
આઠે પહોર આનંદ જેના અંગમાં...............................................૪૪૭

**અમૃતધારા-૩૫:**
**છે વિશ્વવ્યાપી શુભ જેનું નામ**

- **સન ૨૦૦૨**


વિશ્વની સૌથી પ્રભાવશાળી વિભૂતિ....................................૪૫૦
સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ..........................૪૫૧
ઘેલા કાંઠે સ્નાન, પૂજન અને દીપદાનની ત્રિવેણી......................૪૫૩
ગુજરાતના ગૌરવરૂપ સંતશક્તિ............................................૪૫૫
ભૂત પ્રાણી તણા હિતકારી રે................................................૪૫૭
સામર્થ્ય તે કાંઈ નહીં અમારું ...............................................૪૫૮
ધીર ગંભીર ધર્મમાં પ્રીત રે ....................................................૪૫૯
...તો દુઃખી, દુઃખી ને દુઃખી....................................................૪૬૦
કોઈની સાથે વેર-ઝેર નહીં.......................................................૪૬૧
પ્રેમ ઘણો પુરુષોત્તમ-શું ........................................................૪૬૨
પરોપકારની પરાકાષ્ઠા ...........................................................૪૬૩
હતું હેત હરિકથા માંઈ............................................................૪૬૪
સ્વભાવ મૂકે તો દૃષ્ટિ રહે........................................................૪૬૬
ઑકલેન્ડમાં મૂર્તિપ્રતિષ્ઠા.........................................................૪૬૭
શરણ આવ્યા તણું દુઃખ હરતા ...............................................૪૬૯
હરિભક્તોને મળવું એ જ આરામ...........................................૪૭૦
જે મળ્યા છે તે મૂકે એવા નથી...............................................૪૭૧
મોટો થયા પછી તું આવો ને આવો સારો રહીશ ?.....................૪૭૪
જેણે દેહબુદ્ધિ કરી દૂર ............................................................૪૭૫
સુમેળભર્યા સંબંધો માટે સોનેરી સૂત્રસંચય.............................૪૭૫
મારી એવી ઇચ્છા રહે છે કે......................................................૪૭૮
જેના સ્પરશે નાસે પાપ............................................................૪૮૦
સુરસાગર તળાવમાં સર્વેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા .....................૪૮૨
પ્રભુના પ્રાગટ્યનો પુરાવો ......................................................૪૮૪
હૈયું ઠરી ગયું ! ........................................................................૪૮૫
પ્રમુખસ્વામી કોણ છે ? ...........................................................૪૮૬

અતિ હેત માય નહિ હૈયે ....................................... ૪૮૭
તમારા પર મહારાજ રાજી થાય એમ કરવું છે ....................................... ૪૮૭
અમથી દૃષ્ટિ નથી થતી ....................................... ૪૮૮
બુદ્ધિસાગર અને સદ્‌ગુણસાગર ....................................... ૪૮૯
સઉ સત્સંગીનાં સમય-સમયે સંકટ હરો ....................................... ૪૯૦
પૂરી કરે છે હૈયાંની હામું ....................................... ૪૯૧
મરજી ન સચવાય તો બધું ધૂળધાણી ....................................... ૪૯૨
સામાન્ય અને વિશ્વમાન્યનો સ્નેહસંબંધ ....................................... ૪૯૩
યજ્ઞપુરુષને દ્વાર નોબતનાદનો આનંદ ....................................... ૪૯૫
બ્રહ્માનંદની વૃષ્ટિ થાય ....................................... ૪૯૭
શાંતિની નોબત છે આ ....................................... ૪૯૮
સ્નેહ અને સ્મૃતિનાં અતોલ પલ્લાં ....................................... ૪૯૯
માળાના મણકાનો મર્મ ....................................... ૫૦૦
દિવ્યદૃષ્ટિનાં દાન ....................................... ૫૦૧
મારી આ વાત ગમતી હોય તો રાખજો ....................................... ૫૦૨
તન અભિમાન ત્યાગ કરી ડોલત ....................................... ૫૦૩
હેતના મેઘ વરસાવ્યા વા'લમ ....................................... ૫૦૫
આફતને અવસરમાં પલટવાની તાકાત ....................................... ૫૦૬
સમજણથી થયું હોય તો ફેર જ ન પડે ....................................... ૫૦૮
વિશ્વમાં આવું કામ કોઈ નહીં કરી શકે ....................................... ૫૦૯
ભાવે ભગવાનને ભજનાર ....................................... ૫૧૦
મોટરની મરામત અને માનવીની માવજત ....................................... ૫૧૧
સંસ્થાના સ્થાપના-દિનની ઘોષણા ....................................... ૫૧૨
રાગ દ્વેષ સે રહિત હૈ ....................................... ૫૧૩
નિજ જનના મન શુદ્ધ તે કરે છે ....................................... ૫૧૪
મેં તો કર્યું છે એટલે મને ખબર પડે ....................................... ૫૧૫
હુંય એ પ્રમાણે વર્તું છું ....................................... ૫૧૬
કાર્યકર્તાનું કામ જ એ છે કે ....................................... ૫૧૭
શિશુસ્નેહની સરવાણી ....................................... ૫૧૯
અતિ સમર્થ છો સ્વામી તમે ....................................... ૫૨૦

અંદાજપત્રનો એકડો ....................................................૫૨૧
મને એ જ ગમે છે કે... ....................................................૫૨૨
આ લોકના ઍવોર્ડની જરૂર નથી ....................................................૫૨૩
સમજણ સાથે સત્સંગ હશે તો શોભશે....................................................૫૨૪
અક્ષરના વાસી વહાલો....................................................૫૨૫
કાર્યકરો કામમાં સજાગ રહે ....................................................૫૨૭
વિનયી ને પૂર્ણ વિવેકી ....................................................૫૨૮
તમારા અંતરનો આત્મા જાગવો જોઈએ....................................................૫૨૯
વ્રત અને વેઠની વિક્તિ ....................................................૫૩૦
શરીર શિથિલ, પણ નિયમ અણનમ....................................................૫૩૨
અમે બધું મહારાજને સોંપી દઈએ છીએ ....................................................૫૩૩
નિરમાનીપણું ધર્યું કેવું !....................................................૫૩૩
તેમાં જરાય ન મળે જૂઠ....................................................૫૩૫
ગુરુપરાયણ વિચારસરણી....................................................૫૩૬
આશીર્વાદની તાકાત ....................................................૫૩૭
કુટુંબધર્મની કેળવણી ....................................................૫૩૮
નર્મદા નીરનાં વધામણાં....................................................૫૩૯
અહિંસકને હિંસા તો ન ભાવે....................................................૫૪૧
આ દુઃખ અપરમપાર....................................................૫૪૨
આ રસ્તો એકંદરે નુકસાનનો છે જ ....................................................૫૪૩
વચ્ચે જે મહાત્મા છે તેને કાઢો ....................................................૫૪૪
આપણી રીત આ નથી ....................................................૫૪૫
આપણે સિંહ બચ્ચા છીએ ....................................................૫૪૭
કિશોર કાર્યકરના અગિયાર શણગાર ....................................................૫૪૯
પ્રાઈઝના પ્રાઈઝના પ્રાઈઝ મળી ગયા....................................................૫૫૦
કલ્યાણકારી કિલ્લોલ....................................................૫૫૦
શાંતિના સરોવરમાં પથ્થરનો પ્રહાર....................................................૫૫૧
અક્ષરધામના આકાશમાં આતંકનો આતશ ....................................................૫૫૨
પ્રતિકારની પ્રક્રિયાનો પ્રારંભ....................................................૫૫૪
મહા ધીર ગંભીર ગરવા ....................................................૫૫૫

કોણ આપના સમાન સંકટ કાપે..........૫૫૭
શાંતિમય વાતાવરણ જાળવી રાખીએ..........૫૫૯
દેશની શાંતિના સંરક્ષક..........૫૬૦
'વજ્રશક્તિ'નો પ્રહાર..........૫૬૧
છે વિશ્વવ્યાપી શુભ જેનું નામ..........૫૬૩
ક્ષમાસાગરે ક્ષમા બહુ કીધી..........૫૬૪
સૌ સુખી તો આપણે સુખી..........૫૬૭
आपके शब्द विशेष महत्त्व रखते हैं..........૫૬૮
'અક્ષરધામ પ્રતિભાવ'થી પ્રભાવિત દુનિયા..........૫૬૯
મકાનની નહીં, માનવીની મહત્તા..........૫૭૧
ઈમેજ(પ્રતિષ્ઠા)ને ચાર ચાંદ..........૫૭૨
તમે છો કરુણાના દરિયા..........૫૭૩
અક્ષરધામના આંગણે પ્રાર્થના સભા..........૫૭૫
જરૂર જિતેન્દ્રિય મેં નિહાળ્યા..........૫૭૭
સ્વરૂપની સ્પષ્ટતાના શબ્દો..........૫૭૮
આવું ભવ્ય કામ કોઈએ નથી કર્યું..........૫૭૯
ભુજને ભગવાનની ભેટ..........૫૮૦
મારે કાયમ ઠંડક છે..........૫૮૨
મચ્યા રહે છે થઈ સાવધાન..........૫૮૨
પ્રભુપદમાં જે પૂરા આસક્ત..........૫૮૪
પ્રાણ રેડીને કરેલું કામ..........૫૮૫
પ્રમુખસ્વામીનો પયગામ..........૫૮૬
અર્વાચીન કચ્છના વિશ્વકર્મા..........૫૮૭
નિરબંધ ન બંધાય ક્યાંઈ..........૫૮૯
ટેવ જેવી પાડીએ તેવી પડે..........૫૯૦
આ સત્સંગ વાતે કરીને થાય છે..........૫૯૧
જેને દર્શને દુષ્કૃત નાસે..........૫૯૨
ભય અને ભીડાથી મુક્ત બ્રહ્મસ્વરૂપ..........૫૯૩
હું છું દાસ ભક્તનો રે..........૫૯૪
હિંમતનગરમાં જન્મજયંતીની આલબેલ..........૫૯૬

વિકાસનો વિદ્યામંત્ર ........................................................ ૫૯૭
આસનની અડચણ........................................................ ૫૯૮
દીઠા ડાકોરના તે ઠાકોર........................................................ ૫૯૯
આપણી તો શાંતિયાત્રા છે........................................................ ૬૦૦
અણનમ અક્ષરધામના આંગણે ........................................................ ૬૦૧
૮૨મો જન્મજયંતી મહોત્સવ ........................................................ ૬૦૨
સમાજસેવાની સાચી સમજ ........................................................ ૬૦૩
વ્યસનને ઝેર જાણો........................................................ ૬૦૪
સફળતાનું રહસ્ય ........................................................ ૬૦૫
મૅનેજમેન્ટના મહારથી........................................................ ૬૦૬
...તો હું સભા છોડી જતો રહીશ........................................................ ૬૦૮
પ્રશાસક પામ્યા પ્રેમનું પ્રશિક્ષણ ........................................................ ૬૦૯
અમારે તો કંઈ જોઈએ જ નહીં ........................................................ ૬૧૦
માનવ-જીવનની મનનીય મીમાંસા........................................................ ૬૧૦



શોભો સાધુ ગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો.





ભગતજી મહારાજ | શાસ્ત્રીજી મહારાજ | યોગીજી મહારાજ | પ્રમુખસ્વામી મહારાજ | મહંત સ્વામી મહારાજ

## શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
## (પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી)
## તથા તેમની ગુણાતીત ગુરુપરંપરા

જેનું વહન કરીને

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના
દિવ્ય પ્રગટ સાંનિધ્યનો અસંખ્ય લોકોને અનુભવ કરાવ્યો હતો...



મહેળાવમાં ત્રિ-શિખરીય શિખરબદ્ધ મંદિરના યોગીજી મહારાજના સંકલ્પની પૂર્ણાહુતિ.
શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરતા સ્વામીશ્રી... (મહેળાવ, ૨૨-૧-૧૯૯૯)



શિખરબદ્ધ મંદિરમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિનું પ્રાણપ્રતિષ્ઠા-પૂજન કરતા સ્વામીશ્રી...
(મહેળાવ, ૨૨-૧-૧૯૯૯)



શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે ઉપાસનાના પ્રખર પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજને વંદના અર્પતું મહેળાવમાં રચાયેલ ભવ્ય ત્રિ-શિખરીય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર...



પ્રતિષ્ઠા ઉત્સવની સભામાં મુખ્ય મંચ પર બિરાજમાન સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતો.
ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના ગુણાનુવાદના શ્રવણમાં લીન સ્વામીશ્રી... (મહેળાવ, ૨૨-૧-૧૯૯૯)




ખેડબ્રહ્મા ખાતે યોજાયેલા આદિવાસી ભક્તોના સંમેલનમાં મુખ્ય મંચ પર બિરાજમાન સ્વામીશ્રી.
આદિવાસી ભક્તની કલાને દૃષ્ટિપ્રસાદીભૂત કરતા સ્વામીશ્રી... (૨૩-૨-૧૯૯૯)




સ્વામીશ્રીને વધાવવા ઊમટેલાં સાબરકાંઠા-બનાસકાંઠાનાં ૯૦ જેટલાં ગામોનાં ૯,૦૦૦થી વધુ
આદિવાસી બાઈ-ભાઈ ભક્તો... (ખેડબ્રહ્મા, ૨૩-૨-૧૯૯૯)



જન-જનના હિતને અર્થે વિચરતા કરુણામૂર્તિ સ્વામીશ્રીનું આદિવાસી ગામોમાં વિચરણ.
જામલાપાડામાં ઘાસ-પૂળાની છત નીચે બિરાજી સત્સંગ સરવાણી વહાવતા સ્વામીશ્રી... (૨-૫-૧૯૯૯



સ્થાનિક આદિવાસી ભક્તની મમતાસભર સંભાળ લેતા સ્વામીશ્રીની કરુણામય છબિ...
(જામલાપાડા, ૨-૫-૧૯૯૯)



ગલેન્ડામાં સ્થાનિક આદિવાસી બાળકો-યુવાનોનું ભાવભર્યું સન્માન સ્વીકારતા સ્વામીશ્રી.
પરંપરાગત વાજિંત્રો તથા નૃત્ય સાથે સ્વામીશ્રીને વધાવતા આદિવાસી ભક્તો... (૩-૫-૧૯૯૯)



કુદરતી સૌંદર્યથી સભર સાપુતારા ગિરિમથકમાં સત્સંગની દિવ્ય આબોહવા પ્રસરાવતા સ્વામીશ્રી...
(૧-૫-૧૯૯૯)



નૈરોબીમાં કલાત્મક શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ.
વિશ્વશાંતિ મહાયાગ પ્રસંગે સૌ પર આશીર્વાદ વરસાવતા સ્વામીશ્રી... (૨૮-૮-૧૯૯૯)



નૈરોબીના રાજમાર્ગો પરથી પસાર થતી વિશાળ શોભાયાત્રાનું વિહંગ દૃશ્ય...
(૨૮-૮-૧૯૯૯)



ોભાયાત્રાની પૂર્ણાહુતિ બાદ મંદિરના પ્રાંગણમાં સ્વામીશ્રીનાં અમૃત વચનો ઝીલતો ભક્ત-સમુદાય...
(૨૮-૮-૧૯૯૯)



કાષ્ઠ કલા-કોતરણીના અનુપમ નજરાણા સમું નૈરોબીનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.
મૂર્તિપ્રતિષ્ઠા દરમ્યાન વેદોક્ત વિધિમાં લીન સ્વામીશ્રી અને સંત-ભક્ત સમુદાય... (૨૯-૮-૧૯૯૯)



પ્રાણપ્રતિષ્ઠા વિધિના ભાગરૂપે મૂર્તિઓને આદર્શ-નિવેદન કરતા સ્વામીશ્રી...
(નૈરોબી, ૨૯-૮-૧૯૯૯)



મૂર્તિપ્રતિષ્ઠાવિધિ બાદ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા પ્રતિષ્ઠિત દેવસ્વરૂપો તેમજ ગુરુપરંપરાની આરતી ઉતારતા સ્વામીશ્રી તથા સંતો-ભક્તો... (નૈરોબી, ૨૯-૮-૧૯૯૯)



૪,૫૦૦ વર્ષ પુરાણા પિરામિડોથી જગવિખ્યાત પ્રાચીન દેશ ઇજિપ્તને પાવન કરવા
શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે પધારેલા સ્વામીશ્રી... (૧-૯-૧૯૯૯)



ઇજિપ્તના રાજાઓના હજારો વર્ષ પુરાણા પિરામિડો પાસે પધારી
તે સૌના કલ્યાણ માટે ભગવાનને પ્રાર્થના કરતા સ્વામીશ્રી... (૧-૯-૧૯૯૯)



ધ ઇજિપ્શિયન મ્યુઝિયમમાં પાવન દૃષ્ટિ કરતા સ્વામીશ્રી...
(કેરો, ઇજિપ્ત, ૨-૯-૧૯૯૯)



બેથલેહામ સ્થિત ઇસુ ખ્રિસ્તના જન્મ સ્થળે શ્રી હરિકૃષ્ણ મહારાજને પધરાવી,
વિશ્વશાંતિ અને સર્વધર્મ-સંવાદિતા માટે પ્રાર્થના કરતા સ્વામીશ્રી... (ઇઝરાયલ, ૪-૯-૧૯૯૯)



યહૂદીઓના પવિત્ર પ્રાર્થના-સ્થળ વેઇલિંગ વૉલ ખાતે શ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે પધારી વિશ્વકલ્યાણની પ્રાર્થના કરતા સ્વામીશ્રી... (જેરુસલેમ, ૫-૯-૧૯૯૯)



વેઇલિંગ વૉલ ખાતે પૂર્વે પ્રાર્થના કરનાર અને ભવિષ્યમાં પ્રાર્થના કરનાર સૌની પ્રાર્થનાની સિદ્ધિ મા ઠાકોરજીનાં પ્રાસાદિક પુષ્પો દીવાલમાં પધરાવતા સ્વામીશ્રી...
(જેરુસલેમ, ૫-૯-૧૯૯૯)



હૂદી ધર્મના આસ્કાનાઝી અને સ્ફારાદી પંથના ધર્મગુરુઓ શ્રી લાઉ તથા શ્રી બાકશી ડોરન સાથે
સ્વામીશ્રીની સ્નેહસભર મુલાકાત... (રેબેનટ, ઇઝરાયલ, ૫-૯-૧૯૯૯)



સાગરકાંઠે વસેલા તીથલ ખાતે નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તથા
સ્વામીશ્રીના ૭૯મા જન્મજયંતી મહોત્સવનો મંગલ પ્રારંભ. દ્વિશતકુંડી વિશ્વશાંતિ મહાયજ્ઞમાં
સૌ યજમાનો પર કૃપાશિષ વરસાવતા સ્વામીશ્રી... (૧૪-૧૨-૧૯૯૯)



મૂર્તિપ્રતિષ્ઠા વિધિ દરમ્યાન મૂર્તિઓમાં પ્રાણ આહ્વાન કરતા સ્વામીશ્રી...
(તીથલ, ૧૫-૧૨-૧૯૯૯)



અષ્ટોત્તર-શતાધિક-સહસ્રકલશ (૧,૧૦૮ કળશ) દ્વારા પ્રતિષ્ઠિત મૂર્તિઓ પર થનારા
૧૦૮ નદી-સરોવરનાં પવિત્ર જળના અભિષેકનો પ્રારંભ કરતા સ્વામીશ્રી...
(તીથલ, ૧૫-૧૨-૧૯૯૯)



સમર્પણ, ભક્તિ અને પુરુષાર્થના સંગમે સાગરકાંઠે અડીખમ ઊભું થયેલું
તીથલનું બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર...




ગુજરાતનાં ગામડે-ગામડે સ્વાસ્થ્ય અને શિક્ષણ અંગે જાગૃતિ અર્પતી 'જીવનરક્ષા રથયાત્રા'ની સ્વામીશ્રીનાં ચરણોમાં પૂર્ણાહુતિ. ગુજરાત સરકાર દ્વારા આયોજિત આ યાત્રાના સૂત્રધારોને ફલશ્રુતિના આશીર્વાદ અર્પતા સ્વામીશ્રી... (તીથલ, ૧૫-૧૨-૧૯૯૯)



ગુરુહરિ સ્વામીશ્રીના ૭૯મા જન્મજયંતી પર્વે તેઓને વધાવતો આદિવાસી ભક્ત-સમાજ.
પરંપરાગત તીરકામઠાને હાથમાં ગ્રહી ભક્તોનો ભાવ પૂરો કરતા સ્વામીશ્રી... (તીથલ, ૧૬-૧૨-'૯૯)



આદિવાસીબંધુઓને સત્સંગ સાથે સ્વાસ્થ્ય સુરક્ષા અર્પતા સ્વામીશ્રી.
જન્મજયંતી પર્વે સંસ્થા દ્વારા વધુ એક મોબાઈલ ડિસ્પેન્સરી - ફરતા દવાખાનાની
નિ:શુલ્ક આરોગ્ય સેવા સમાજને અર્પણ કરતા સ્વામીશ્રી... (તીથલ, ૧૬-૧૨-૧૯૯૯)



તીથલ ખાતે સ્વામીશ્રીના ૭૯મા જન્મજયંતી મહોત્સવની શાનદાર ઉજવણી.
કલાત્મક મંચ પર બિરાજમાન લાખો ભક્તોના હૃદયસમ્રાટ ગુરુહરિ સ્વામીશ્રી... (૧૬-૧૨-૧૯૯૯)



૭૯મા જન્મજયંતી પર્વે ગુરુહરિ સ્વામીશ્રીને દેશ-પરદેશથી વધાવવા ઊમટેલો
વિશાળ ભક્ત મહેરામણ... (તીથલ, ૧૬-૧૨-૧૯૯૯)



૭૯મા જન્મજયંતી મહોત્સવની મુખ્ય સભામાં બિરાજમાન સ્વામીશ્રીનું ભક્તિસભર દર્શન...
(તીથલ, ૧૬-૧૨-૧૯૯૯)



સૌ ભક્તોમાં ભગવાન અને ગુરુનાં દર્શન કરતાં સૌની ભાવપૂર્વક આરતી ઉતારતા સ્વામીશ્રી...
(તીથલ, ૧૬-૧૨-૧૯૯૯)



ગંભીર ઈજાગ્રસ્ત બાળક પ્રશાંતને મળવા, ખોદકામવાળા રસ્તા પરના ખાડાને ઓળંગી
હોસ્પિટલે દોડી ગયેલા સ્વામીશ્રી... (સુરત, ૨૩-૧૨-૧૯૯૯)



બેભાન પ્રશાંતની છાતી અને મસ્તક પર ગુલાબનાં પુષ્પ મૂકી, સ્નેહપૂર્વક તેનાં શિરે તથા શરીરે અમૃતસ્પર્શ કરતા સ્વામીશ્રી... (સુરત, ૨૩-૧૨-૧૯૯૫)



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓની તાલીમ શિબિરના સમાપન સમારોહમાં પધારેલા સ્વામી કાર્યકર્તાઓની સલામી ઝીલતા મંચ પર ઉપસ્થિત સ્વામીશ્રી, સાથે સરસંઘસંચાલક શ્રી રજ્જૂભૈયા તથા અન્ય આગેવાન કાર્યવાહકો...(અમદાવાદ, ૯-૧-૨૦૦૦)




શિબિરમાં ઉપસ્થિત આર.એસ.એસ.ના ૨૬,૦૦૦ જેટલા વિરાટ સ્વયંસેવકગણને રાષ્ટ્રીય-અસ્મિતાનો સંદેશ આપતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૯-૧-૨૦૦૦)



વિશ્વભરમાં હિન્દુ સંસ્કૃતિનો ઝંડો લહેરાવનાર સ્વામીશ્રીનાં પ્રેરણાવચનો ઝીલવા તત્પર તાલીમાર્થીઓ... (અમદાવાદ, ૯-૧-૨૦૦૦)



વિખ્યાત અજંતા-ઇલોરાની ગુફાઓમાં કંડારાયેલાં બેનમૂન શિલ્પ-સ્થાપત્યોને પાવન કરતા સ્વામીશ્રી
અજંતા ગુફાના એક સ્થાપત્યને નીરખી રહેલા સ્વામીશ્રી... (૧૧-૧-૨૦૦૦)



ઇલોરાની ગુફાઓનાં કલા-કૌશલ્ય સભર સ્થાપત્યને રસપૂર્વક નિહાળી
દૃષ્ટિપ્રસાદીભૂત કરતા સ્વામીશ્રી... (૧૨-૧-૨૦૦૦)



શ્રીહરિએ ઊજવેલા રંગોત્સવ પર્વની તાદૃશ અનુભૂતિ કરાવતા ફૂલદોલોત્સવના મંચ પર બિરાજમાન સ્વામીશ્રી... (સારંગપુર, ૨૦-૩-૨૦૦૦)



ઠાકોરજીના પ્રાસાદિક રંગથી સૌને રંગતા સ્વામીશ્રીની એક આનંદમય છબિ... (સારંગપુર, ૨૦-૩-૨૦૦૦)



સ્વામીશ્રીની સ્નેહલ રંગવર્ષાથી રંગાઈ આનંદવિભોર બનેલો ભક્ત-સમુદાય...
(સારંગપુર, ૨૦-૩-૨૦૦૦)



સ્વામીશ્રીના સતત ૩૨ વર્ષોના ભક્તિસભર પુરુષાર્થને અંતે યોગીજી મહારાજના સંકલ્પની પૂર્ણાહુતિ
યમુના કાંઠાની પુણ્યવંતી ભૂમિ પર સૌ પ્રથમ વાર પધારી, અક્ષરધામના નિર્વિઘ્ન અને સમયસર
નિર્માણ માટે ઠાકોરજીને ધૂન-પ્રાર્થના કરતા સ્વામીશ્રી તથા સંતો... (૨૬-૫-૨૦૦૦)




સંસ્થાનાં ૧૦,૦૦૦ બાળ-બાલિકાઓ દ્વારા યોજાયું – ઐતિહાસિક વિરાટ વ્યસનમુક્તિ અભિયાન.
વિશ્વ તમાકુ-વિરોધી દિને બાળકોના પુરુષાર્થને વધાવતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૩૧-૫-૨૦૦૦)



અક્ષરધામ - ગાંધીનગર ખાતે યોજાયેલ સંતશિબિર પ્રસંગે
સ્વામીશ્રી સાથે સંતો-પાર્ષદોના વૃંદની એક સ્મૃતિછબિ... (૩-૬-૨૦૦૦)



પ્રમુખવરણી દિનના સુવર્ણ જયંતી મહોત્સવની અમદાવાદ ખાતે ધામધૂમપૂર્વક ઉજવણી.
મહાપ્રાસાદિક ચાદરને વક્ષ:સ્થળ પર ભાવપૂર્વક પધરાવતા સ્વામીશ્રી... (૫-૬-૨૦૦૦)



૫૦મા પ્રમુખવરણી દિને યજ્ઞપુરુષ પોળના પ્રાસાદિક તીર્થસ્થાનમાં દર્શનાર્થે પધારેલા સ્વામીશ્રી.
ગુરુહરિ સ્વામીશ્રીનું ભાવસભર સ્વાગત કરતો ભક્ત-સમુદાય... (અમદાવાદ, ૫-૬-૨૦૦૦)



પ્રાસાદિક મકાનના જે ઓરડામાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીને ચાદર ઓઢાડી હતી અને
ગીજી મહારાજે આશીર્વાદ આપ્યા હતા, તે પ્રસંગની સ્મૃતિ સાથે બિરાજમાન સ્વામીશ્રી... (૫-૬-૨૦૦



જ્ઞપુરુષ પોળના પ્રાંગણમાં આયોજિત સત્સંગ સભામાં બિરાજી, આજના પવિત્ર દિને સૌ ભક્તો પર
આશીર્વાદના મેઘ વરસાવતા સ્વામીશ્રી... (અમદાવાદ, ૫-૬-૨૦૦૦)




સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે ૫૦મા પ્રમુખવરણી દિનની ભવ્યતા અને દિવ્યતાપૂર્વક ઉજવણી.
પ્રાસંગિક પિછવાઈથી શોભતા મંચ પર બિરાજમાન સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો... (૫-૬-૨૦૦૦)



પ્રમુખવરણીના સુવર્ણ મહોત્સવે ગુરુહરિ સ્વામીશ્રીને વધાવવા ઊમટેલો
૪૦,૦૦૦ કરતાંય વધુ ભક્તોનો મહેરામણ... (અમદાવાદ, ૫-૬-૨૦૦૦)



ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાનું જીવનભર અક્ષરશઃ પાલન કરનાર આદર્શ ગુરુભક્ત સ્વામીશ્રીની પ્રેરક અને પ્રભાવક છબિ... (અમદાવાદ, ૫-૬-૨૦૦૦)




મંદિર-સ્થાપત્યના બેનમૂન નજરાણા સમા લંડનના મંદિર સાથે, વિશ્વભરમાં ૩૫૫ મંદિરોનાં નિર્માણ કરનાર વિરલ વિશ્વકર્મા સ્વામીશ્રીનું 'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ' દ્વારા બહુમાન...



માત્ર ૩૦ વર્ષના સમયગાળામાં, સર્વાધિક મંદિરોનું નિર્માણ કરનાર વિરલ સર્જક સ્વામીશ્રીને વંદનપૂર્વક એવોર્ડ્સ અર્પણ કરતા 'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ'ના મેનેજિંગ એડિટર શ્રી ટીમ ફૂટમેન... (લંડન, ૮-૭-૨૦૦૦)



સંયુક્ત રાષ્ટ્રસંઘ(યુનો)નું
ભાવભર્યું આમંત્રણ સ્વીકારી
યુનોના આંગણે પધારેલા સ્વામીશ્રી.
'મિલેનિયમ વિશ્વશાંતિ પરિષદ'માં
હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ શોભાવવા
પધારેલા સ્વામીશ્રીની શ્રીહરિકૃષ્ણ મહારાજ
સાથેની એક સ્મરણીય સ્મૃતિછબિ...
(મેનહટન, ન્યૂયોર્ક, ૨૮-૮-૨૦૦૦)



યુનોના મહાસદનમાં બિરાજમાન વિશ્વના ૫૪ દેશોના અનેક ધર્મોના અગ્રેસરો તથા મહાનુભાવો
સહિત ૧,૮૦૦ આમંત્રિતો વચ્ચે, સ્વામિનારાયણીય સાધુતાની અનોખી ફોરમ સાથે શોભતા
સ્વામીશ્રી અને સંતો... (ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)



યુનોના મહાસદનમાં આયોજિત 'મિલેનિયમ વિશ્વશાંતિ પરિષદ'ના મુખ્ય મંચ પરથી હિન્દુ ધર્મનું શાનદાર પ્રતિનિધિત્વ કરીને આશીર્વાદ અર્પતા સ્વામીશ્રી... (ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)



પરિષદમાં પધારનાર સૌ આમંત્રિતોને, વિશ્વશાંતિ અને સંવાદિતાની અગત્યતા સમજાવી તેને અનુસરવાનો અનુરોધ કરતા સ્વામીશ્રી... (યુનો, ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)

'મિલેનિયમ વિશ્વશાંતિ
ષદ'માં હિન્દુ ધર્મનું અદ્‌ભુત
નિધિત્વ કરનાર સ્વામીશ્રીનું
ઉષ્માભર્યું અભિવાદન કરતા
વિવિધ હિન્દુ ધર્મગુરુઓ.

વૈદિક સંસ્કૃતિનો
વિશ્વમાં પ્રચાર કરતા
સ્વામી દયાનંદજીની
સ્વામીશ્રી સાથેની ભાવસભર
મુલાકાતનું એક દૃશ્ય...
(ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)





બૌદ્ધ ધર્માનુયાયી અને
વિપશ્યના ધ્યાનના પ્રણેતા
શ્રી એસ. એસ. ગોયેન્કા
સાથે સ્વામીશ્રીની સ્નેહસભર
મુલાકાત...
(ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)



સ્વામીશ્રી સાથે
રાચાર્ય શ્રી દિવ્યાનંદજીના
લનની ભાવસભર પળોનું
એક દૃશ્ય...
(ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)



સ્વામીશ્રી પ્રત્યે આદરભાવ ધરાવતા પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજીનું સ્વામીશ્રી સાથેનું ઉષ્માભર્યું સ્નેહમિલન... (ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)



આર્ટ ઑફ લિવિંગના શ્રી શ્રી રવિશંકરજી સાથે સ્વામીશ્રીનું સ્નેહભર્યું મિલન... (ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)



પ્રજ્ઞાચક્ષુ પૂજ્ય શ્રી રામભદ્રાચાર્યજીના સ્વામીશ્રી સાથેના સ્નેહસભર મિલનની દર્શનીય પળો... (ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)



સંયુક્ત રાષ્ટ્રસંઘ(યુનો)ના મહામંત્રી શ્રી કોફી આનન સાથે સ્વામીશ્રીનું ભાવભર્યું સ્નેહમિલન...
(યુનો, ન્યૂયોર્ક, ૨૯-૮-૨૦૦૦)



અમેરિકાનાં વિવિધ શહેરોના રાજનેતાઓ દ્વારા સ્વામીશ્રીને અર્પણ કરાયાં – કી ટુ ધ સિટી,
પ્રશસ્તિપત્રો તથા રાષ્ટ્રધ્વજનાં વિવિધ બહુમાન... (સન ૨૦૦૦)



અમેરિકન રાષ્ટ્રપ્રમુખ શ્રી બિલ ક્લિન્ટન સાથે સ્વામીશ્રીની ઐતિહાસિક મુલાકાત.
શ્રી ક્લિન્ટનને અમૃતકળશ અર્પણ કરી સન્માનતા સ્વામીશ્રી... (માયામી, ૪-૧૦-૨૦૦૦)



અમેરિકન રાષ્ટ્રપ્રમુખને શાંતિના સાધનરૂપી માળા અર્પી,
માળાજાપ કરવાનો અનુરોધ કરતા સ્વામીશ્રી... (માયામી, ૪-૧૦-૨૦૦૦)



સ્વામિનારાયણ અક્ષરધામના શિલાન્યાસ મહોત્સવની શાનદાર ઉજવણી. શિલાન્યાસની પૂર્વવિધિમ
સુવર્ણરસિત નિધિ કુંભનું વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી... (નવી દિલ્હી, ૮-૧૧-૨૦૦૦)




શિલાન્યાસ પ્રસંગે ગર્તમાં પધરાવવાના ઐતિહાસિક શિલાલેખનું વિધિપૂર્વક પૂજન કરતા સ્વામીશ્રી.
(નવી દિલ્હી, ૮-૧૧-૨૦૦૦)



પુષ્પમાળાઓથી અલંકૃત વિશાળ ગર્તમાં, અક્ષરધામના સંકલ્પકર્તા યોગીજી મહારાજ તેમજ
અક્ષરધામની પ્રતિકૃતિની પિછવાઈ સાથે બિરાજી વેદોક્ત શિલાન્યાસ વિધિમાં મગ્ન સ્વામીશ્રી...
(નવી દિલ્હી, ૮-૧૧-૨૦૦૦)



અક્ષરધામ મહામંદિરના કેન્દ્રબિંદુમાં સ્થપાયેલ મધ્ય શિલા - કૂર્મ શિલાનું વૈદિક પૂજન કરતા સ્વામીશ્રી... (નવી દિલ્હી, ૮-૧૧-૨૦૦૦)



શિલાન્યાસ વિધિ દરમ્યાન ગર્તમાં કુંભ-શિલાના સ્થાપન વિધિમાં રત સ્વામીશ્રી... (નવી દિલ્હી, ૮-૧૧-૨૦૦૦)



મધ્ય ગર્તમાં મુખ્ય સુવર્ણમંડિત નિધિ કુંભને, શરીરના સંતુલનની પરવા કર્યા વિના અપાર ઉત્સાહથી સ્થાપન કરતા સ્વામીશ્રી... (નવી દિલ્હી, ૮-૧૧-૨૦૦૦)



ગર્તમાં કૂર્મ શિલાના સ્થાપન બાદ તેના પર ઠાકોરજીને પધરાવીને ભક્તિભાવપૂર્વક આરતી ઉતારતા સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતો... (નવી દિલ્હી, ૮-૧૧-૨૦૦૦)



આણંદમાં નૂતન શિખરબદ્ધ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તથા સ્વામીશ્રીના ૮૦મા પ્રાગટ્યોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી. વિશ્વશાંતિ મહાયાગમાં વેદોક્ત મહાપૂજામાં લીન સ્વામીશ્રી... (૧-૧૨-૨૦૦૦)



શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા વિધિમાં લીન સ્વામીશ્રી...
(આણંદ, ૩-૧૨-૨૦૦૦)



આણંદમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ધજા લહેરાવતું ભવ્ય શિખરબદ્ધ
બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર...




૮૦મા જન્મજયંતી મહોત્સવે ગુરુહરિ સ્વામીશ્રીને વધાવતા મંચની શોભાનું એક અનુપમ દર્શન.
સૌ ભક્તોની હૃદયોર્મિ સ્વીકારતા પ્રાતઃપૂજા મગ્ન સ્વામીશ્રી... (આણંદ, ૪-૧૨-૨૦૦૦)



જન્મજયંતી પર્વે સૌ ભક્તોની પ્રેમભક્તિને સ્વીકારતા
ઠાકોરજી સહિત કલાત્મક રથ પર બિરાજમાન સ્વામીશ્રી... (આણંદ, ૪-૧૨-૨૦૦૦)



૮૦મા જન્મોત્સવે ગુરુહરિ સ્વામીશ્રીને વધાવવા ઊમટેલો ત્રણ લાખથી વધુ ભક્તોનો
વિશાળ ભક્ત મહેરામણ... (આણંદ, ૪-૧૨-૨૦૦૦)



ગુરુહરિ સ્વામીશ્રીને વધાવતો ૮૦મા જન્મજયંતી મહોત્સવનો ભવ્ય-દિવ્ય કલાત્મક મંચ...

(આણંદ, ૪-૧૨-૨૦૦૦)



ાત્ર કન્યાઓ માટેના નિવાસી શાળાસંકુલ 'સ્વામિનારાયણ વિદ્યાપીઠ'નું સંસ્થા દ્વારા અનેરું પ્રદાન.
લનું ઉદ્‌ઘાટન કરતા સ્વામીશ્રી તથા ભારતના ગૃહપ્રધાન શ્રી અડવાણી... (વલાસણ, ૨-૧૨-૨૦૦૦)



સ્વામીશ્રીના ૮૦મા જન્મજયંતી પ્રસંગે સમાજને કન્યા કેળવણીનું બહુમૂલ્ય પ્રદાન અર્પ્યા બાદ,
શ્રી અડવાણીજીને સંકુલની માહિતી આપતા સંતો... (વલાસણ, ૨-૧૨-૨૦૦૦)



દુષ્કાળગ્રસ્ત પશુઓના નિભાવ માટે સ્વામીશ્રીની આજ્ઞાથી સંસ્થા દ્વારા શરૂ કરાયાં - વૈજ્ઞાનિક ઢબનાં કેટલ કેમ્પ. ગોંડલના કેટલ કેમ્પમાં, ગમાણની પાળી પર બિરાજી પશુઓની માવજતનું આયોજન વિચારતા કરુણામૂર્તિ સ્વામીશ્રી... (૩-૧-૨૦૦૧)



સંસ્થા દ્વારા આયોજિત કેટલ કેમ્પમાં રહેતા મૂંગાં પશુઓ પર સ્વામીશ્રીની સ્નેહવર્ષા.
ગોંડલના કેટલ કેમ્પમાં બળદોને સ્વહસ્તે નીરણ આપી પ્રેમ વરસાવતા સ્વામીશ્રી... (૩-૧-૨૦૦૧)



ફૂલદોલોત્સવ પ્રસંગે ઠાકોરજી પર રંગવર્ષા કરી તે પ્રાસાદિક રંગથી
સૌને રંગભીના કરતા સ્વામીશ્રી... (સારંગપુર, ૧૦-૩-૨૦૦૧)




ભૂકંપ-ધ્વસ્ત કચ્છ-ભુજને બેઠું કરવા કરુણામૂર્તિ સ્વામીશ્રીએ વહાવેલી અવિરત રાહત સેવાઓ બાદ તેઓની આજ્ઞાથી સંસ્થા દ્વારા આરંભાયું – પુનર્વસનનું ભગીરથ સેવાકાર્ય... (ભુજ, ૨૪-૩-૨૦૦૧)



ભૂકંપગ્રસ્તો માટે સંસ્થા દ્વારા આરંભાયેલા પુનર્વસન પ્રકલ્પના શિલાન્યાસ સમારોહમાં મંચ પર બિરાજમાન સ્વામીશ્રી, સાથે ઉપસ્થિત મહાનુભાવો... (ભુજ, ૨૪-૩-૨૦૦૧)



ભૂકંપગ્રસ્ત સોયલા ગામને નિઃસ્વાર્થ સહયોગ આપવા બદલ, સ્વામીશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા ગામના મુસ્લિમ આગેવાન શ્રી મીઠા હામદ... (ભુજ, ૨૪-૩-૨૦૦૧)



ભૂકંપમાં નિરાશ્રિત બનેલા ૩,૫૦૦થી વધુ પરિવારોને, સંસ્થા દ્વારા નિર્મિત ટીન ટેન્ટ સિટીના હંગામી આવાસની ચાવી સાથે જીવનજરૂરી સામગ્રી અર્પણ કરતા સ્વામીશ્રી...
(ભુજ, ૨૪-૩-૨૦૦૧)



નિરાશ્રિતો માટેની વૈકલ્પિક ટીન ટેન્ટ સિટીની સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ કરતા સ્વામીશ્રી...
(ભુજ, ૨૫-૩-૨૦૦૧)



ટીનસિટીના નિરીક્ષણ સાથે પ્રત્યેક પરિવાર માટેના અલાયદા શૌચાલયનું પણ અવલોકન કરતા સ્વામીશ્રી... (ભુજ, ૨૫-૩-૨૦૦૧)



ભૂકંપમાં સર્વસ્વ ગુમાવી ચૂકેલા અને ટીન ટેન્ટ સિટીમાં આશ્રય પામેલા ઇજાગ્રસ્ત નાગરિકને માથે આશીર્વાદનો હસ્ત મૂકી વાત્સલ્યસભર હૂંફ આપતા સ્વામીશ્રી... (ભુજ, ૨૫-૩-૨૦૦૧)




બેરોજગાર ભૂકંપગ્રસ્તોને તેમનાં વ્યાવસાયિક સાધનો અર્પણ કરી આવકનો સ્રોત અર્પતા સ્વામીશ્રી. દરજીભાઈઓને સિલાઈ મશીનો અર્પણ કરવા સાથે સોનીકામ, મોચીકામ, સુથારીકામ તેમજ કંદોઈ જેવા વ્યવસાય ધરાવનાર ભૂકંપગ્રસ્તોને પણ આવકનાં સાધનો અર્પણ કરાયાં... (૨૫-૩-૨૦૦૧)



ગાંધીનગરના અક્ષરધામની મુલાકાતે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ શ્રી ક્લિન્ટન.
બળબળતી બપોરે પણ સ્વામીશ્રીના સાંનિધ્યમાં શીતળતા અનુભવતા શ્રી ક્લિન્ટન... (૫-૪-૨૦૦૧)



આરબ દેશોની મરુભૂમિ પર સત્સંગની હરિયાળી પાથરવા પધારેલા સ્વામીશ્રી.
બાહરીનના પ્રાઇમ મિનિસ્ટર હાઉસમાં વડાપ્રધાન શ્રી શેખ ખલિફા બિન સલમાન અલ ખલિફાને
કલામંડિત અમૃતકળશ અર્પણ કરતા સ્વામીશ્રી... (૧૬-૪-૨૦૦૧)



બાહરીનમાં સત્સંગનો લાભ માણવા ઉપસ્થિત મંત્રીઓ, આરબ ઉમરાવો તેમજ મહાનુભાવોની સ્વામીશ્રી સાથેની એક સ્મૃતિ છબિ... (૧૭-૪-૨૦૦૧)



સ્વામીશ્રીને પ્રસન્ન કરવા પરંપરાગત વેશભૂષા સાથે ભાંગડાનૃત્ય રજૂ કરતા બાહરીનના શીખ ભક્તરાજ શ્રી જશબીરસિંહ તથા ભક્તજનોનું વૃંદ... (૧૮-૪-૨૦૦૧)



ોમાનના લોકપ્રિય દીવાન તથા રાજવીના અંગત સલાહકાર શ્રી સૈયદ સૈફ બીન હામદ બીન સાઉદ
ા બુસાયદીના આમંત્રણથી તેઓના મહેલમાં પધારી સ્મૃતિભેટ અર્પણ કરતા સ્વામીશ્રી (૨૪-૪-૨૦૦૧)



સાંકરીમાં નવનિર્મિત શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ.
યજ્ઞમાં બેઠેલા યજમાનો સાથે વેદોક્ત યજ્ઞવિધિમાં લીન સ્વામીશ્રી... (૧૭-૫-૨૦૦૧)



સાંકરીની હરિયાળી સીમમાંથી પસાર થતી ઠાકોરજીની ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું વિહંગ દૃશ્ય.
(૧૭-૫-૨૦૦૧)




શોભાયાત્રામાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના રથમાં બિરાજમાન
મહંત સ્વામી, ડોક્ટર સ્વામી વગેરે વરિષ્ઠ સંતો... (સાંકરી, ૧૭-૫-૨૦૦૧)



નવનિર્મિત શિખરબદ્ધ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા વિધિ દરમ્યાન
મૂર્તિઓમાં પ્રાણ આહ્વાન કરતા સ્વામીશ્રી... (સાંકરી, ૧૮-૫-૨૦૦૧)



સાંકરી વિસ્તારના ભક્તો-ભાવિકોને જીવનશુદ્ધિ અને ભક્તિ-સત્સંગની અમૂલ્ય ભેટ અર્પનાર
બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર...



નવનિર્મિત મંદિર પ્રતિષ્ઠા સમારોહનો લાભ લેવા પધારેલ વિરાટ ભક્તમેદની...
(સાંકરી, ૧૮-૫-૨૦૦૧)



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય સમારોહમાં મંચ પર બિરાજમાન સ્વામીશ્રી...
(સાંકરી, ૧૮-૫-૨૦૦૧)



વિનાશક વાવાઝોડામાં તારાજ થયેલાં ઓરિસ્સાનાં ચાકુલિયા અને બનીપાટ ગામોને દત્તક લઈ પુનર્નિર્માણ કરાવ્યા બાદ લોકાર્પણ માટે પધારેલા સ્વામીશ્રી. બનીપાટ ગામે પધારેલા સ્વામીશ્રીને કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ કરતા સ્થાનિક ભાવિકો... (૧૦-૬-૨૦૦૧)




ચાકુલિયા ગામે 'શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર'નું વિધિવત્ ઉદ્દ્ઘાટન કરી
બાળકો માટે શિક્ષણનું મહામૂલું પ્રદાન અર્પતા સ્વામીશ્રી... (૧૦-૬-૨૦૦૧)



બસો વર્ષ પૂર્વે જગન્નાથપુરીના મહારાજા ગજપતિ મુકુંદદેવે શ્રીહરિને સન્માન્યા હતા,
શ્રીહરિના અખંડ ધારક સ્વામીશ્રીને રાજભવનમાં પધરાવતા મહારાજા ગજપતિ દિવ્યદેવસિંહજી...
(૧૧-૬-૨૦૦૧)



ઇન્દ્રદ્યુમ્ન સરોવરે નીલકંઠ વર્ણીના પ્રાસાદિક સ્થળે પ્રતિષ્ઠિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા શ્રીહરિનાં ચરણારવિંદની આરતી ઉતારતા સ્વામીશ્રી... (જગન્નાથપુરી, ૧૧-૬-૨૦૦૧)



મહાન વૈજ્ઞાનિક અને ભક્તહૃદય ડો. એ.પી.જે. અબ્દુલ કલામની સ્વામીશ્રી સાથે પ્રથમ મુલાકાત સ્વામીશ્રીનાં સાંનિધ્ય, આશીર્વાદ અને પ્રેરણાવચનોથી દિવ્ય શાંતિ અનુભવતા તેઓ સ્વામીશ્રી સાથે અનન્ય સ્નેહગાંઠથી બંધાઈ ગયા... (નવી દિલ્હી, ૩૦-૬-૨૦૦૧)



ગુલાબી પથ્થરમાંથી નિર્મિત સ્વામિનારાયણ અક્ષરધામના ભવ્ય પ્રાસાદ-નિર્માણના પ્રારંભે મહાપૂજામાં લીન સ્વામીશ્રી... (નવી દિલ્હી, ૨-૭-૨૦૦૧)



પ્રાસાદ-નિર્માણના પ્રારંભે પ્રથમ શિલાનું વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી... (નવી દિલ્હી, ૨-૭-૨૦૦૧)



ધોળકામાં નૂતન શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ. પ્રતિષ્ઠા વિધિમાં લીન સ્વામીશ્રી, સાથે મહંત સ્વામી તથા મંદિરના સૌજન્યદાતા શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ... (૨૫-૧૧-૨૦૦૧)



મધ્ય ખંડમાં બિરાજિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા વિધિમાં લીન સ્વામીશ્રી...
(ધોળકા, ૨૫-૧૧-૨૦૦૧)



ધોળકામાં ધોરીમાર્ગ પર શોભતું ભવ્ય ત્રિશિખરીય શિખરબદ્ધ
બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર...



ચીન નગરી ભૃગુકચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રચાયેલા ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરમાં
શ્રી નીલકંઠ વર્ણીની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સ્વામીશ્રી... (ઝાડેશ્વર-ભરૂચ, ૭-૧૨-૨૦૦૧)



મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગમાં ઉપસ્થિત યજમાનોને
આશીર્વાદ અર્પતા સ્વામીશ્રી... (ઝાડેશ્વર-ભરૂચ, ૮-૧૨-૨૦૦૧)



શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓમાં વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સ્વામીશ્રી...
(ઝાડેશ્વર-ભરૂચ, ૯-૧૨-૨૦૦૧)



મૂર્તિપ્રતિષ્ઠા સમારોહમાં મુખ્ય મંચ પર બિરાજિત સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો તથા મહાનુભાવો..
(ઝાડેશ્વર-ભરૂચ, ૯-૧૨-૨૦૦૧)



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો લાભ લેવા પધારેલો ૫૦,૦૦૦ કરતાંય વધુ ભક્તોનો મહેરામણ...
(ઝાડેશ્વર-ભરૂચ, ૯-૧૨-૨૦૦૧)



ગુલાબી પદ્મપુષ્પ સમું શોભતું ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એ. શ્રી સ્વામિનારાયણ મંદિર,
ઝાડેશ્વર-ભરૂચ...



સાંકરી ખાતે સ્વામીશ્રીના ૮૧મા જન્મ જયંતી મહોત્સવની ભવ્યતા અને દિવ્યતાપૂર્વક ઉજવણી.
જન્મ જયંતી પર્વે ગુરુહરિ સ્વામીશ્રીને સૌ ભક્તો વતી ભક્તિઅર્ઘ્ય અર્પણ કરતું બાળ-યુવા વૃંદ...
(૨૩-૧૨-૨૦૦૧)



૮૧મા જન્મ જયંતી મહોત્સવે ગુરુહરિ સ્વામીશ્રીને વધાવવા ઊમટેલો વિશાળ ભક્ત મહેરામણ...
(સાંકરી, ૨૩-૧૨-૨૦૦૧)



૮૧મા જન્મ જયંતી દિને, આજથી ચૌદ દિવસ સુધી ચાલનારા 'સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ'ની જ્યોત પ્રગટાવી ઉત્સવનો મંગલ પ્રારંભ કરતા સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો...
(સાંકરી, ૨૩-૧૨-૨૦૦૧)




*સ્વામિનારાયણ મહામંત્રનો જગમાં જય જયકાર છે, ગુંજી રહ્યો નવખંડ ધરામાં મહિમા અપરંપાર છે..*
સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવનો ગઢપુર ખાતે દબદબાપૂર્વક મંગલ પ્રારંભ...



૧૧,૨૫,૦૦,૦૦,૦૦૦ સ્વામિનારાયણ મહામંત્રના મહિમાપૂર્ણ લેખનની સાડા ચાર લાખ મંત્રપોથીઓ
સમાવતી મંત્રવેદિકા. વેદિકા પર પ્રતિષ્ઠિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ વેદિકાપૂજન,
આરતી, પુષ્પાંજલિ કર્યા બાદ પ્રદક્ષિણા કરતા સ્વામીશ્રી... (ગઢપુર, ૭-૧-૨૦૦૨)



વિશ્વશાંતિ મહાયજ્ઞની પૂર્ણાહુતિ બાદ મહાપ્રાસાદિક ઘેલા નદીમાં અવભૃથ સ્નાન માટે પધારેલા સ્વામીશ્
સૌપ્રથમ સુવર્ણમંડિત કળશ વડે ઘેલાના જળથી ઠાકોરજીને સ્નાન કરાવતા સ્વામીશ્રી... (૮-૧-૨૦૦૨



ઘેલાના પવિત્ર નીરમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ગજાવતાં અવભૃથ સ્નાન કરતા સ્વામીશ્રી,
સાથે વરિષ્ઠ સંતો... (ગઢપુર, ૮-૧-૨૦૦૨)



મહામંત્ર દ્વિશતાબ્દી ઉપક્રમે આયોજિત ભવ્ય શોભાયાત્રામાં, સ્વામિનારાયણ મહામંત્રના પવિત્ર ઘોષથી ગઢપુરનાં ગલી-ગગનને ગજાવતું સંતો-ભક્તોનું વિશાળ વૃંદ. (૮-૧-૨૦૦૨)



સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવના મુખ્ય સમારોહના આકર્ષક મંચ પર બિરાજમાન અહોનિશ સ્વામિનારાયણ મંત્ર રટનાર સ્વામીશ્રી, સાથે વરિષ્ઠ સંતો... (ગઢપુર, ૯-૧-૨૦૦૨)



સ્થાના સૌજન્યથી દત્તક લેવાયેલાં ભૂકંપગ્રસ્ત ૧૫ ગામો-વસાહતો તેમજ ૪૮ શાળાઓનાં પુનર્નિર્માણ
પ્રતીકરૂપે એક મકાનની પ્રતિકૃતિ મુખ્યમંત્રીને લોકાર્પણ કરતા સ્વામીશ્રી... (ગઢડા, ૮-૧-૨૦૦૨)



ભક્તરાજ દાદાખાચર અને ભક્તરાજ જીવાખાચરના વંશજોને ક્ષાત્ર-પરંપરા મુજબ સાફા, શાલ તથા
સ્મૃતિભેટનાં સન્માનથી નવાજી લાભ આપતા સ્વામીશ્રી... (ગઢપુર, ૯-૧-૨૦૦૨)



શ્રીહરિના સંકલ્પ મુજબ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે ટેકરા ઉપર રચેલા સંગેમરમરના મંદિરમાં, સમગ્ર મંદિર-સંકુલનું નવીનીકરણ કરી શ્રીહરિના સંકલ્પને પરિપૂર્ણ કરતા સ્વામીશ્રી...

(ગઢપુર, ૯-૧-૨૦૦૨)



ગઢપુર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નવીનીકરણમાં સેવા આપતા કાર્યકર્તાઓને અમૂલ્ય માર્ગદર્શન આપતા સ્વામીશ્રી...



પુષ્પદોલોત્સવ પ્રસંગે ઉપસ્થિત ભક્તમેદનીને ઠાકોરજીના પ્રસાદીભૂત રંગે રંગતા સ્વામીશ્રી...
(સારંગપુર, ૨૯-૩-૨૦૦૨)



વડોદરા સ્થિત સુરસાગર તળાવમાં સર્વેશ્વર મહાદેવની ૧૧૧ ફૂટ ઊંચી પ્રતિમાનું
લોકાર્પણ કરવા પધારેલા સ્વામીશ્રી... (૧૨-૩-૨૦૦૨)



મુખ્ય મૂર્તિની પીઠિકા પર ચોતરફ પ્રતિષ્ઠિત અષ્ટ શિવ પ્રતિમાઓનું વેદોક્ત પૂજન કરતા સ્વામીશ્રી,
સાથે મહાનભાવો... (વડોદરા, ૧૨-૩-૨૦૦૨)



શિવજીની મૂર્તિ સમક્ષ બિરાજી વેદોક્ત વિધિપૂર્વક પ્રતિમાઓનું પૂજન કરતા સ્વામીશ્રી...
(વડોદરા, ૧૨-૩-૨૦૦૨)



સ્વામિનારાયણ અક્ષરધામ પર થયેલા
આતંકી હુમલાના સમાચાર મળતાં,
દર્શનાર્થીઓની રક્ષા થાય તે માટે
ભગવાનને પ્રાર્થના કરતા સ્વામીશ્રી.
સૌની સુરક્ષા માટે સ્વામીશ્રીએ વહાવેલાં
પ્રાર્થના, માર્ગદર્શન અને મદદનાં સ્રોત,
સંકટગ્રસ્તો માટે જીવનદોરીરૂપ
બની ગયાં...
(સારંગપુર, ૨૪-૯-૨૦૦૨)



સદ્‌ગતના સંબંધીઓ તથા ઈજાગ્રસ્તોના કુટુંબીઓને આત્મીયતાભરી હૂંફ સાથે
આશીર્વાદ આપતા સ્વામીશ્રી... (ગાંધીનગર, ૨૯-૯-૨૦૦૨)



આતંકીઓ સાથેની જીવલેણ લડાઈમાં ઘાયલ થયેલા બહાદુર એન.એસ.જી. કમાન્ડોને
અમીભર્યા સ્પર્શથી આશીર્વાદ આપતા હોસ્પિટલ પધારેલા સ્વામીશ્રી...
(અમદાવાદ, ૨૯-૯-૨૦૦૨)



જીવન-મૃત્યુ વચ્ચે ઝોલાં ખાતા એન.એસ.જી. કમાન્ડો સૃજનસિંહને આશીર્વાદ આપતા સ્વામીશ્રી...
(અમદાવાદ, ૨૯-૯-૨૦૦૨)



*'એક પણ દર્દી બાકી ન રહી જાય! મારે બધાને મળવું છે...'* – એમ કહેતાં, વૃદ્ધાવસ્થા અને બીમારીની પરવા કર્યા વિના ખાટલે-ખાટલે જઈને ઘાયલ લોકોને હૂંફ આપતા સ્વામીશ્રી...
(અમદાવાદ, ૨૯-૯-૨૦૦૨)



દિવંગતોના મોક્ષાર્થે તેમજ સર્વત્ર શાંતિ પ્રવર્તે તે માટે, શાંતિના ધામ અક્ષરધામ ખાતે યોજાયેલી શ્રદ્ધાંજલિ - પ્રાર્થના સભામાં ઉપસ્થિત સદ્‌ભાવીઓનો સમુદાય... (ગાંધીનગર, ૨૯-૯-૨૦૦૨)



નેતાથી લઈ સામાન્ય નાગરિક સુધીના ૩૦,૦૦૦ કરતાંય વધુ સદ્‌ભાવીઓએ શ્રદ્ધાંજલિ - પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહીને દિવંગતોને અર્પી ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ... (ગાંધીનગર, ૨૯-૯-૨૦૦૨)



સદ્‌ગત આત્માઓને શાંતિ મળે, સૌને દુ:ખ સહન કરવાની શક્તિ મળે અને ક્યાંય આવો આતંક
ારેય ન થાય – જેવા કલ્યાણકારી સંકલ્પો સાથે પ્રાર્થનાલીન સ્વામીશ્રી અને ધર્માચાર્યો... (૨૯-૯-૨૦



પ્રાર્થના સભામાં મુખ્ય મંચ પર સ્વામીશ્રી સાથે બિરાજમાન વિવિધ આદરણીય ધર્માચાર્યો.
પ્રાર્થના સભામાં મૃતકોના મોક્ષાર્થે વૈદિક પ્રાર્થના વહાવતા સંતો...
(ગાંધીનગર, ૨૯-૯-૨૦૦૨)



સાબરકાંઠાની ભૂમિ પર ૮૨મા જન્મજયંતી મહોત્સવની શાનદાર ઉજવણી પ્રસંગે 'જનસેવા અને પ્રભુસેવા'નો વિશિષ્ટ બોધ આપતા સ્વામીશ્રી... (હિંમતનગર, ૭-૧૨-૨૦૦૨)



સ્વામીશ્રીના ૮૨મા જન્મોત્સવ ઉપક્રમે યોજાયેલા આદિવાસી સંમેલનમાં, ભક્તોનાં વાજિંત્રોને પ્રાસાદિક કરી સ્મૃતિ આપતા સ્વામીશ્રી... (હિંમતનગર, ૧૬-૧૧-૨૦૦૨)



# જ્યોત ધર્મની તમે જલતી રાખી

## સન ૧૯૯૯
## જેનાં વેણમાં વા'લાનાં વેણ

સન ૧૯૯૯ના પ્રથમ દિવસે અમદાવાદમાં બિરાજતા સ્વામીશ્રી આજની સાયંસભામાં જતાં પૂર્વે મંદિરના કોઠારી સંતના કાર્યાલયમાં પધાર્યા ત્યારે અત્રે મહેળાવના મંદિર માટે તૈયાર થયેલા ચાંદીના થાળ નિદર્શન માટે મૂકેલા. તેમાં રહેલી એક મોટી ચમચી ઉપાડી તે વડે જમતા હોય તેવા અભિનય સાથે સ્વામીશ્રી બોલ્યા: 'મહારાજને આટલી મોટી ચમચીથી જમવાનું કેવી રીતે ફાવે? આ નાની થાય?'

શ્રીજીમહારાજ સાથે અખંડ એકાત્મભાવે વર્તતા તેઓની નજરમાં ઠાકોરજીને પડતી અલ્પ તકલીફ પણ નોંધાઈ જતી.

સ્વામીશ્રીની આવી પરાભક્તિથી રંગાતું ચાલેલું નવું વર્ષ આજની સભામાં સ્વામીશ્રીએ ઉછાળેલી બ્રહ્માનંદની છોળ્યોથી તરબતર બની રહ્યું. શ્રદ્ધા અને વિશ્વાસના વિષયને પકડી સ્વામીશ્રીએ આજે એવી અમૃતધારા વરસાવી કે સભા બાદ ઉતારે જતાં એક સંત અહોભાવ ઉચ્ચારી ગયા: 'બાપા! આપે આજે અદ્ભુત વાત કરી. બધું આવરી લીધું.'

'અમે ધારી-વિચારીને કહેતા નથી, મહારાજ કહેવડાવે છે. વણવિચારે

વાતો આવે છે. જેમ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું તેમ ભગવાન પ્રેરણા કરીને બોલાવે છે. 'ભગવાન એક જ કર્તા-હર્તા' – એમ માને તો ભગવાન આવીને બોલી જાય.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓને સાંભળનારા સૌને *'જેનાં વેણમાં વા'લાનાં વેણ...'*નો અનુભવ કાયમ થતો. આ અનુભૂતિનું રહસ્ય પોતાની આવરદાના પ્રથમ દા'ડે જ હાથ લાગી જતાં સન ૧૯૯૯ તો હરખાઈ ઊઠી.

## હતા મોટા પણ છોટા થયા રે

તા. ૨/૧ની સવારે સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે અહીં આજે આવેલા ગુણાતીત દીક્ષાદિન નિમિત્તે યજ્ઞમંડપની શોભા રચાયેલી. તેના એક ભાગરૂપ પ્રજ્વલિત યજ્ઞકુંડમાં સ્વામીશ્રીએ જવ, ઘી, ચોખા વગેરે હોમી સૌની ભક્તિ સાર્થક કરી; પરંતુ તેથી સંતોષ ન પામતાં તેઓએ કોઈનોયે ટેકો લીધા સિવાય જાતે જ પગથિયાં ચઢી મૂર્તિઓને પણ ચંદનના ચાંદલા કરી પૂજી.

તે દ્વારા સૌને એક હૃદયંગમ દર્શન આપી ઉતારે પધારેલા સ્વામીશ્રી પાસે તા. ૩/૧ની સવારે એક હરિભક્ત આવી ચડ્યા. પોતાની જ સોસાયટીમાં એક મકાન ખરીદી, તેને જમીનદોસ્ત કરી, ત્યાં નવું ઘર બાંધવાની વેતરણમાં પડેલા આ મુમુક્ષુએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપ ખાતવિધિનું મુહૂર્ત કાઢી આપો.'

આ માગણી સંતોષતાં સ્વામીશ્રી ચશ્માં પહેરી પંચાંગની માહિતી ધરાવતો 'નિર્ણય' જોવા લાગ્યા. તેમાંથી તેઓએ તા. ૧૯/૪, અખાત્રીજનો દિવસ નક્કી કરી આપ્યો. ત્યાં જ પેલા હરિભક્ત બોલ્યા: 'સ્વામી ! મે મહિનાનું મુહૂર્ત જોઈ આપો. કદાચ ત્યારે કામ શરૂ થાય !'

તેથી સ્વામીશ્રીએ વળી 'નિર્ણય' જોઈ મે મહિનાની તા. ૬, ૮ અને ૧૩નાં મુહૂર્ત પણ કાઢી આપ્યાં. પરંતુ તે સાંભળી એ સત્સંગીએ કહ્યું: 'પણ બાપા ! મકાન તોડતાં કદાચ બે-ચાર મહિના નીકળી જાય, તો તે વખતનું મુહૂર્તેય કાઢી આપો.'

આ રીતે ચાસણીના તારની જેમ લંબાતી એ આગંતુકની વાતો સૌની ધીરજને કસી રહી, પરંતુ સ્વામીશ્રીએ તો સંપૂર્ણ સ્વસ્થતાથી ત્રીજી વાર 'નિર્ણય' ઉઘાડી ઑક્ટોબર મહિનાની ૧૧, ૧૩, ૨૦, ૨૩ અને ૨૪ તારીખનાં મુહૂર્ત બતાવી કહ્યું: '૨૪મી તારીખે રવિવાર અને શરદ પૂનમ છે. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મદિવસ, એટલે તે દિવસ રાખો. પણ રવિવારે

ખાત ગાળી ન શકાય, એટલે ત્રેવીસમી તારીખે ખાડો ગાળી રાખવાનો. ચોવીસમીએ વિધિ કરવાનો.'

સ્વામીશ્રીના આ માર્ગદર્શનમાં રહેલી ઝીણવટ તેઓની ચીવટ સાથે તેઓના સ્નેહને પણ સૂચવી ગઈ. તેથી પ્રસન્ન થયેલા પેલા ભક્તે વિદાય લીધી, પરંતુ નવ-નવ મુહૂર્ત કાઢી આપવાની સ્વામીશ્રીની આ શ્રદ્ધા જોનારા તો *'હતા મોટા પણ છોટા થયા રે...'* મુજબ વર્તતા સ્વામીશ્રીને નમી જ પડ્યા.

ખરેખર, મુહૂર્તથી માંડી મોક્ષ સુધીની ખેવના કરનારા સ્વામીશ્રીની આત્મીયતા અને અહંશૂન્યતા અસીમ હતાં.

## સ્વદુઃખે પણ ઉપકાર કરે

તા. ૪/૧ના રોજ દર્શને આવેલા કલેક્ટર શ્રી ગઢવી તાજેતરમાં જ સુરતની અતિવૃષ્ટિ પ્રસંગે સંસ્થાએ કરેલા રાહત કાર્યથી પ્રભાવિત હતા.

ચારેક મહિના પૂર્વે તાપીના પૂરથી સર્જાયેલી તારાજીના પ્રસંગે, સ્વામીશ્રીની પ્રેરણાથી સતત સાત દિવસ સુધી પૂરપીડિતોને ૩૦,૦૦૦ ઉપરાંત ફૂડપેકેટ્સ અને ૨૦,૦૦૦ કિલો અનાજ આપવામાં આવેલાં. તેની સાથે ૩,૦૦૦ લિટર દૂધ સહિત હજારોની સંખ્યામાં વસ્ત્ર તેમ જ વસ્તુઓનું પણ વિતરણ થયેલું. તે ઉપરાંત, પૂરગ્રસ્તોના આરોગ્ય માટે સંસ્થાએ ૧૦૨ મેડિકલ કેમ્પ યોજી હજારોને સ્વાસ્થ્યની સુખાકારી બક્ષેલી.

આ સઘળી સહાયને સંભારતાં કલેક્ટરે સ્વામીશ્રીને કહ્યું : 'મને યાદ છે કે અસરગ્રસ્તોને બધી મદદ આપની સંસ્થા દ્વારા સમયસર પહોંચી.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'જ્યારે હોનારત થઈ ત્યારે સુરતના અમારા મંદિરમાં ચારે બાજુ પાણી હતું. ઠાકોરજીના થાળ પણ સંતો દોરડા બાંધીને પહોંચાડતા. એવા સંજોગોમાં તમારો સહાય માટેનો સંદેશો આવ્યો હતો.'

આ ઘટસ્ફોટમાંથી *'સ્વદુઃખે પણ ઉપકાર કરે...'* એવા વિરલ વૈષ્ણવજન તરીકે સ્વામીશ્રીની છબી ઊભરી આવી.

આવા તેઓને તા. ૭/૧ની સવારે ગોંડલથી આવેલા સંતોએ પુષ્પહાર અર્પણ કર્યો. આ પ્રાસાદિક હાર સ્વામીશ્રીએ ન્યૂજર્સીના હરિભક્ત શ્રી અશોકભાઈ પટેલને પહેરાવી તેઓને અલ્પાહાર માટે મોકલી આપ્યા.

પરંતુ આ સત્સંગી ઉકાળા-પાણીથી પરવારી પુનઃ મુલાકાત કક્ષમાં આવ્યા ત્યારે હજી સ્વામીશ્રી સૌને મળી રહેલા. તેથી તેઓ કેમેરા વડે છબીઓ

ખેંચવા લાગ્યા, પણ તે વખતે એક હાથમાં રાખેલો સ્વામીશ્રીનો પ્રસાદીભૂત હાર અડચણરૂપ બનતો હતો.

તેઓની આ મુશ્કેલી મુલાકાતોમાં વ્યસ્ત હોવા છતાં સ્વામીશ્રીની ચકોર નજરથી અછતી ન રહી. તેથી તેઓએ એક સંતને કહ્યું: 'પેલા હરિભગતને થેલી આપો. ક્યારના હાર હાથમાં લઈને ફરે છે.'

સ્વામીશ્રીની આ દરકારમાંથી સૌને *'દાસનાં દુઃખ કાપવા, ત્રિકમ રે' છે તૈયાર...'*ની ઝાંખી મળી રહી.

## સહુ રહે છે શિશ નામી

તા. ૧૧/૧ના રોજ આવેલા ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ એડ્વોકેટ શ્રી આહુજાએ સ્વામીશ્રીને કહ્યું: 'દસ વર્ષથી આપનો ફોટો રાખું છું. આજે દર્શન થયાં.'

આ જ રીતે તા. ૧૨/૧ની સવારે ઉપસ્થિત થયેલા અન્ય એક નિષ્ણાત એડ્વોકેટ શ્રી ભાસ્કરભાઈ તન્નાએ સ્વામીશ્રીને જણાવ્યું: ''મેં દસ વર્ષ પહેલાં વિશ્વ હિંદુ પરિષદના અગ્રણી શ્રી અશોક સિંઘલને પૂછેલું કે 'આપ ભારતના ઘણા સંતોના પરિચયમાં છો. મને કોઈ એવા સંત ઓળખાવો.' ત્યારે તેઓ મારો હાથ ઝાલીને તેઓના પૂજાઘરમાં મને લઈ ગયેલા અને આપની છબી બતાવતાં કહેલું: 'તમે ગુજરાતમાં છો અને આવો પ્રશ્ન મને કેમ પૂછો છો? પ્રમુખસ્વામી મહારાજ મહાન સંત છે.''

સ્વામીશ્રી સમક્ષ રોજેરોજ વ્યક્ત થતા આવા અનુભવો *'સહુ રહે છે શિશ નામી...'*ની તેઓની પ્રતિભા ઉપસાવતા રહેતા.

આવા સ્વામીશ્રી તા. ૧૨/૧ની બપોરે ભોજન માટે ઊભા થયા ત્યારે ૧૨:૪૭ વાગ્યાનો સમય થયેલો. જમવાની નિશ્ચિત વેળાને પા-એક કલાક વીતી ચૂકેલો. તેથી આ વિલંબથી સ્વામીશ્રીને વાકેફ કરવા એક સંતે ઘડિયાળ તરફ નિર્દેશ કરી કહ્યું: 'જુઓ, આ.'

'એની સામું જોવા જઈએ તો કામ જ ન થાય.' આટલું કહી સ્વામીશ્રી આગળ વધી ગયા.

તેઓની કર્મઠતામાં કાળચક્રના કાંટા કદી કોઈ છેદ કે છિદ્ર પાડી શક્યા નહોતા.

## 'મારાથી થાય છે' એ ભાવના જ નથી

તા. ૧૩/૧ની સાયંસભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે –

"નિષ્કુળાનંદ સ્વામી કહે છે: *'જેવા સંત કહીએ શિરોમણિ...'* શ્રીજીમહારાજનું અપાર ઐશ્વર્ય. તેનું વર્ણન ન થઈ શકે. લખી પણ ન શકાય અને ગાઈ પણ ન શકાય. તેમના (શ્રીજીમહારાજના) સંત પણ એવા. તેનું પણ વર્ણન થઈ શકે એવું નથી. એની જોડ જડી શકે એમ નથી. કહેવાય તો એટલું જ કહેવાય કે 'ભગવાન જેવા છે.' જેટલામાં રાજાનું રાજ એટલામાં રાણીનું રાજ એવો પ્રતાપ એમનો છે. એવા સંતનાં દર્શન આપણને થાય છે. તેનો વધુ ને વધુ લાભ લેવાય તે કરવાનું છે."

આ હાકલ ઝીલતાં હરિભક્તોએ તા. ૧૪/૧ના રોજ આવેલા ઉત્તરાયણના અવસરે સ્વામીશ્રીએ ફેલાવેલી ઝોળીમાં યથાશક્તિ સેવા સમર્પિત કરી ધન્યતા અનુભવી. આવા સમર્પણના પાયા પર રચાયેલા મહિલા મધ્યસ્થ કાર્યાલયના સંકુલ 'ભક્તિસદન'નું ઉદ્ઘાટન તા. ૧૫/૧ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે થયું.

તેને અનુસરતાં સ્વામીશ્રી આજની સાંજે મહેળાવ પધાર્યા ત્યારે અહીં ભવ્ય શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે સો વીઘાની જમીન પર 'સ્વામિનારાયણ નગર' ખડું થયેલું. આ 'નગર'માં જ તા. ૧૬/૧થી શ્રી યજ્ઞપુરુષ-ચરિત્રામૃતનું પારાયણ શરૂ થયું. તેની સાથે અત્રે પ્રાતઃપૂજા અને રાત્રિસભાના કાર્યક્રમો યોજાવા લાગ્યા. તે ઉપરાંત, મહોત્સવના સ્થળ પર યોજાયેલું 'યજ્ઞપુરુષ જીવન-દર્શન' પ્રદર્શન પણ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું.

આવા આ ઉત્સવની વ્યસ્તતા વચ્ચે જ સ્વામીશ્રી તા. ૧૮/૧ની સાંજે નડિયાદ-સ્થિત સંતરામ મંદિરના શિખર પ્રતિષ્ઠા મહોત્સવને પાવન કરી આવ્યા.

ત્યાંથી તેઓ મહેળાવ પરત ફર્યા ત્યારે અમેરિકન પ્રાધ્યાપક શ્રી રેમન્ડ વિલિયમ્સ મુલાકાત માટે આતુર હતા. સ્વલિખિત પુસ્તક 'ધ ન્યૂ ફેઈસ ઑફ હિંદુઈઝમ'ની પુનરાવૃત્તિના કાર્ય માટે ભારત આવેલા તેઓએ આજે સ્વામીશ્રીને પૂછ્યું: 'આપને હાર્ટ અટેક આવ્યો અને આપે બાયપાસ સર્જરી પણ કરાવી. તેની સાથે સંપ્રદાયનો ખૂબ જ વિકાસ થયો. તો આપ બેય બાજુ કેવી રીતે પહોંચી વળો છો?'

'વિકાસ તો ભગવાનની ઇચ્છા ને ગુરુના આશીર્વાદથી જ થાય છે. 'હું

કર્તા છું ને મારાથી થાય છે' એ ભાવના જ નથી.'

સ્વામીશ્રીના મુખેથી તીરની જેમ છૂટેલો આ ઉત્તર પેલા અમેરિકન લેખક સહિત સૌને વીંધી ગયો.

તે જ વખતે સ્વામીશ્રીએ કહ્યું : 'વિકાસ ભગવાનની ઇચ્છાથી થાય છે ને એકમાંથી બીજા વિકાસ કરનારા ઊભા થાય છે. ભગવાનનું કાર્ય છે તે ચાલુ જ રહે છે.'

સ્વામીશ્રીએ સમજાવેલી વિકાસની આ પરિપાટીથી ચકિત થયેલા એ લેખકે પુનઃ પૂછ્યું : 'હું મારા પુસ્તકમાં સુધારા કરી રહ્યો છું, તો આપની દૃષ્ટિએ એમાં કાંઈ સૂચન હોય અથવા તો 'આ બાબત લખાવી જોઈએ' એવું આપને જણાતું હોય, તો...'

'આત્મા અને પરમાત્મા, અક્ષર અને પુરુષોત્તમ – એ સિદ્ધાંત શાસ્ત્રોક્ત છે. જો એ વાત આવે તો લોકોને માન્ય થાય.' સ્વામીશ્રીએ સોનેરી સૂચન કર્યું.

તેને અનુસરતાં તા. ૧૯/૧ની રાત્રિસભામાં ગુજરાતના પ્રસિદ્ધ માણવાદક શ્રી ધાર્મિકલાલ પંડ્યાનું માણવાદન યોજાયું. આ કાર્યક્રમની વિગત જાણી સ્વામીશ્રી બોલ્યા હતા : 'લોકો જુએ ને કે માણ કેમ વાગે! શાસ્ત્રીજી મહારાજનો પ્રસંગ કહીએ છીએ તો એય ખબર પડે કે સ્વામીએ આ રીતે માણ વગાડીને કથા કરી હશે!'

આમ, કોઈ પણ રીતે સૌને ગુરુસ્મૃતિમાં ગરકાવ કરવાનું તાન સ્વામીશ્રીને હતું.

## મહેળાવમાં ધાર્યું ન'તું એવું થઈ ગયું

મહેળાવના મહોત્સવ દરમ્યાન પ્રાતઃપૂજા બાદ શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાને દર્શન કરવા જવાનો સ્વામીશ્રીએ નિત્યક્રમ જ ગોઠવી દીધેલો. અહીં પહોંચીને પણ તેઓ 'ઘર નાનું, તોયે કાર્ય કેવું મોટું! બ્રહ્માંડને પોતાનું ઘર કરી નાંખ્યું...!' કહેતાં આ સ્થાનનો મહિમા ઊલટથી ગાય. શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં મસ્તક અડે તેમ નમીને સ્વામીશ્રી બોલે : 'આપના પ્રતાપે આ બધાં કાર્યો થયાં છે... આપ જ બધું કરી રહ્યા છો... આપ એવા આશીર્વાદ આપો કે સંસ્થાનો વિકાસ થાય...'

આમ, ગુરુચરણે રોજ શ્રદ્ધાપૂર્વક કૃતજ્ઞતા અર્પણ કરી તેઓ જન્મ-

સ્થાનની છત, થાંભલીઓ, બારસાખ વગેરેને પણ ભાવપૂર્વક નીરખે.

એ જ મહિમાથી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની પ્રાસાદિક વૈષ્ણવ હવેલી, કાનજી કૂઈ, ગામનો ચોરો વગેરેનાં દર્શન સહિત કામનાથ મહાદેવનું મંદિર, જૈન ઉપાશ્રય ઇત્યાદિ સ્થળોએ પણ પધાર્યા.

આ ઉપરાંત તેઓએ યજ્ઞશાળા, ભોજનશાળા, રસોડું, મંદિર વગેરે વિવિધ વિભાગોનીયે મુલાકાત લઈ લીધી.

આ સઘળું જોઈ તા. ૨૦/૧ની સવારે ગાડીમાં બેસતાં તેઓ બોલી ઊઠ્યા : 'મહેળાવમાં ધાર્યું ન'તું એવું થઈ ગયું !'

આ સંતોષ સાથે સ્વામીશ્રી આજે મંદિરનાં કળશ, ધજા, ધજાદંડ, ગર્ભગૃહનાં દ્વાર તથા ઠાકોરજીની પીઠિકાઓ વગેરેનું પૂજન કરવા મંદિરના પગથિયે પહોંચ્યા. અહીંથી ઉપર ચઢવા ખુરશી તૈયાર હતી, પણ તે પર ન બેસતાં તેઓ 'પહેલો દિવસ છે, ઠાકોરજી બેસે છે તે દર્શન કરવા ચાલીને જવું પડે ને !' કહેતાં પગથિયાં ચઢી ગયા. ઘુમ્મટમાં પૂજનનો વિધિ પણ ઉમંગભેર આટોપતાં સ્વામીશ્રી બોલ્યા : 'સર્વોપરી થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજ બિરાજી જશે. ડંકો વાગી જશે.'

આ રીતે અનેરા ઉમળકા સાથે મહોત્સવના એક-એક આયોજનમાં ભળતા તેઓ તા. ૨૧/૧ની સવારે વિશ્વશાંતિ મહાયાગમાં પધાર્યા. અત્રે તેઓએ ૫૦ યજ્ઞકુંડોની ફરતે બેઠેલા ૩૦૦થી વધુ યજમાનોની ઉપસ્થિતિમાં મૂર્તિપૂજન કર્યું.

ત્યારબાદ સ્વામીશ્રીએ ૧૧:૦૦ વાગ્યે યજ્ઞપુરુષ વારિગૃહના ખાતવિધિ દ્વારા સમાજસેવાનો યજ્ઞ પણ આરંભ્યો.

તેઓએ મહેળાવમાં પ્રતિષ્ઠા નિશ્ચિત થઈ ત્યારથી આયોજકોને જણાવેલું કે 'ગામમાં ઉત્સવ ઊજવીએ છીએ તો ગામના કોઈ પ્રશ્ન હોય તે હલ થાય એવું પણ આપણે કરવું છે.'

સ્વામીશ્રીની આ હિતકારી ભાવનાએ દસ-દસ વર્ષથી ગામને મૂંઝવતી રહેલી પીવાના પાણીની સમસ્યા ઉકેલી આપી. મંત્રીઓ, કલેક્ટર સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં, તેઓએ આજે રોપેલા બે લાખ લિટરની ક્ષમતાયુક્ત વારિગૃહના આ પાયા દ્વારા તેઓની કરુણા જ ઘેર-ઘેર પહોંચવાની હતી.

## અહંકાર-રહિત મહાન વ્યક્તિત્વ

વારિગૃહના ખાતમુહૂર્ત બાદ પારાયણમાં પહોંચેલા સ્વામીશ્રીનું પ્રશસ્તિગાન કરતાં ખેડા જિલ્લાના કલેક્ટર શ્રી ભાગ્યેશ ઝાએ જણાવ્યું કે 'સવારના સાડા સાત વાગ્યાથી હું આ મહાપુરુષનાં ચરણમાં છું. હું જોઈ રહ્યો છું કે કેટલું અહંકાર-રહિત મહાન વ્યક્તિત્વ છે! વિશ્વમાં કોઈને ન ચડ્યા હોય એટલા પુષ્પહાર જે વ્યક્તિને ચડે છે, એમણે અહંકાર પર કેવો વિજય મેળવ્યો છે! ઘણા લોકો કહે છે કે 'सम्भवामि युगे युगे... કહીને ભગવાન જતા રહ્યા.' હવે ક્યાં જન્મ્યા? તો આ જન્મ્યા. જુઓ તમે...'

શ્રેષ્ઠ વહીવટનું પારિતોષિક અંકે કરનારા એક સનદી અધિકારીનો આ અનુભવ આજની સાંજે બાંધણી ગામથી શરૂ થયેલી દોઢ કિ.મી. લાંબી નગરયાત્રા દ્વારા સૌને થયો. આ શોભાયાત્રાના સમાપન બાદ 'નગર'ના સભાગૃહમાં પ્રસ્તુત થયેલી નૃત્યનાટિકા 'યજ્ઞપુરુષ સુખકારી'એ પણ અનોખો રંગ જમાવ્યો. દોઢસો કલાકારોના કાફલા દ્વારા આકર્ષક વેશભૂષા, મનોહારી નૃત્ય તથા સંવાદ અને કર્ણપ્રિય ગીત-સંગીતના સંયોજનથી સભર આ રજૂઆતે સૌને ઝૂમતા કરી દીધા.

આ કિલ્લોલ તા. ૨૨/૧, વસંત પંચમીના રોજ તો ચરમ સીમાએ પહોંચ્યો, કારણ કે આજે યોગીજી મહારાજના શબ્દો સત્ય થવાની ક્ષણ આવી ચૂકેલી. *'વરતાલથી ત્રણ ગાઉ દૂર સર્વોપરી સ્થાન, અહીં ત્રણ શિખરનું મંદિર થાય ને અક્ષર-પુરુષોત્તમ મહારાજ ને આપ બેસો તે પ્રાર્થના'* – ગુરુના આ સંકલ્પને સાકાર કરતાં સ્વામીશ્રીએ અહીં ૬,૨૦૦ ચો.ફૂ.ના વિસ્તારમાં પથરાયેલું અને ૯૦ x ૫૫ x ૬૦ ફૂટનું પરિમાણ ધરાવતું ભવ્ય મંદિર ખડું કરી દીધેલું. બંસીપહાડપુરના ૨,૫૦૦ ટન ગુલાબી પથ્થર અને જેસલમેરના ૩,૦૦૦ ટન પીળા પથ્થરોમાંથી કંડારાયેલાં પાંચ શિખર, ૮ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, બાવન સ્તંભ, ૬૧ તોરણો વગેરેથી અલંકૃત આ મંદિરમાં પ્રતિષ્ઠા કરતાં પૂર્વે સ્વામીશ્રીએ આજે શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાને પણ શાસ્ત્રીજી મહારાજની નૂતન મૂર્તિ પધરાવી.

આ અવસરે તેઓ પ્રાણપ્રતિષ્ઠા કરીને ઓરડાની બહાર આવી રહેલા ત્યાં જ એક સંતને આગળ કરી કો'કે કહ્યું: 'બાપા! આ સ્વામી અને તેઓની સાથેના સંતોને દીક્ષા લીધે આજે ૨૮ વર્ષ પૂરાં થયાં. આશીર્વાદ આપો.'

'આ (મગજ) ઠેકાણે રાખવું એ આશીર્વાદ.' પેલા સંતને મસ્તકે હાથ મૂકતાં સ્વામીશ્રી બોલ્યા. ત્યારબાદ તેઓ 'દિવ્યભાવ... દિવ્યભાવ... દિવ્યભાવ...' કહેતાં સવા નવ વાગ્યે નવનિર્મિત મંદિરના ૨૬ ફૂટ ઊંચા પ્રવેશદ્વારે જઈ પહોંચ્યા.

૩૫ ફૂટ પહોળા આ દરવાજાને વિધિવત્ ખુલ્લો મૂકી સ્વામીશ્રી જમણી બાજુએ ખોડેલા શિલાલેખ પાસે પધાર્યા. મંદિરની માહિતી આપતા આ અભિલેખનું અનાવરણ કરી તેઓએ મુખ્ય સોપાનપંક્તિ દ્વારા મંદિરમાં પ્રવેશતાં પૂર્વે, અક્ષર-પુરુષોત્તમનો સનાતન સંદેશ પ્રસરાવતા ફુગ્ગાઓ છોડી આકાશને ભરી દીધું.

ત્યારબાદ મંદિરના ઘુમ્મટમાંથી ગર્ભગૃહમાં પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે જલપ્રોક્ષણ, પ્રાણાહ્વાન, નેત્ર-અનાવરણ, આદર્શ-નિવેદન વગેરે દ્વારા પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો ત્યારે અક્ષર-પુરુષોત્તમના જયનાદોથી ગગન ગાજી ઊઠ્યું. તેની વચ્ચે મંદિરમાં પ્રતિષ્ઠિત થયેલા હરિકૃષ્ણ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને લક્ષ્મી-નારાયણાદિ દેવોનું પૂજન કરી પુનઃ કોળી મંડપમાં આવેલા સ્વામીશ્રીએ ધૂનગાન આદર્યું.

'એવી ધૂન કરો કે બ્રહ્માંડ સુધી અવાજ પહોંચી જાય,' એમ કહી સ્વયં જ બ્રહ્મનાદ ગજવવા માંડેલા તેઓએ આ અવસરે, 'સુપ્રીમ કોર્ટમાં શરૂ થતી નર્મદા સંબંધી સુનાવણીમાં ગુજરાતનો વિજય થાય અને નર્મદાનાં નીર સઘળે વહેતાં થાય' તે અંગે પણ ખાસ પ્રાર્થના કરી. અંતે, 'મહારાજની દયાથી આપણી ધૂન અક્ષરધામ સુધી પહોંચી ગઈ! મહારાજ ખૂબ રાજી થયા છે, તને, મને, ધને સુખી રહો એવા આશીર્વાદ આપે છે,' કહી સ્વામીશ્રીએ ધૂન સમાપ્ત કરી.

## જીવના સત્સંગની નિશાની

પ્રતિષ્ઠાવિધિ બાદ મંદિરનાં પગથિયાં ઊતરતા સ્વામીશ્રી વિમાન દ્વારા થતી પુષ્પવૃષ્ટિ પર નજર કરી ગામના રાધાકૃષ્ણ મંદિરે પધાર્યા. અત્રે પાટોત્સવના પ્રસંગને ધન્ય બનાવી તેઓ અંબાજી મંદિર, શિવ મંદિર અને રામજી મંદિરે દર્શન કરતાં ઉત્સવ-સભામાં પહોંચ્યા ત્યારે અહીં આજે ઊમટેલી ૭૦,૦૦૦ ઉપરાંતની જનમેદનીથી સભામંડપ છલકાઈ ગયેલો.

તે સૌ પર પ્રતિષ્ઠા અને પારાયણની પૂર્ણાહુતિ નિમિત્તે અમૃતધારા

વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'વિશેષ તો જશભાઈ અને નરસિંહભાઈ તરફથી (પારાયણનું) આયોજન હતું કે શાસ્ત્રીજી મહારાજના જ પ્રસંગો સાંભળવા મળે.

શાસ્ત્રીજી મહારાજે જે કાર્ય ધાર્યું હોય એ અનેક વિઘ્નોની વચ્ચે પણ કર્યું છે. આપણે થોડી વાતમાં હિંમત હારી જઈએ. થોડું અપમાન થયું, મનધાર્યું ન થયું, એટલે મૂકી દઈએ; પણ આપણે જે સેવા કરીએ છીએ, ગામડે ફરીએ છીએ, મંદિરો કરીએ છીએ, મંડળો ચલાવીએ છીએ એ કોઈ વ્યક્તિ માટે નહીં પણ આપણા જીવના કલ્યાણ માટે, ભગવાનની પ્રસન્નતા ને ગુરુની કૃપા માટે કરીએ છીએ. આટલો જ વિચાર આપણે રાખીએ તો કોઈ દા'ડો મોળી વાત કે સંકલ્પ ન થાય.

આ કોઈ વ્યક્તિની નહીં પણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, એમનું ધામ ને મુક્તોની સેવા છે – એમ ઉત્સાહ ને ઉમંગથી અહોભાગ્ય માનીને સેવા કરી લેવી. જોગી મહારાજ તો અનંત કોટિ બ્રહ્માંડમાં સત્સંગ વધારવાનું કહેતા, પણ આપણે આ બ્રહ્માંડમાં જ ભૂલી જઈએ છીએ. આપણા એરિયામાં જ ઢીલા પડી જઈએ છીએ, પણ એમના સંકલ્પોમાં તો આપણે સમર્પણ થવું જોઈએ.

મહારાજે જ આપણને કહ્યું છે કે સત્સંગ કરવો એ પોતાના જીવના કલ્યાણને માટે કરવો. દેહને ખાવા-પીવાનું, મોજશોખ, વ્યવસ્થાઓ મળે - ન મળે એનો વિચાર કરવો નહીં. જીવનો સત્સંગ એને કહેવાય છે. એ જીવનો સત્સંગ જેને થયો એને પોતાનું ધાર્યું થયું કે ન થયું, પણ એ સમર્પણ થઈ જાય છે. એવા સંત અને સત્સંગી કામમાં કોઈ દિવસ પાછા પડ્યા નથી. આ તો થોડું આપણા ઉપર થાય એટલે દસને મોળા પાડીએ, પચાસને પાડીએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા પુરુષ ખોટા નથી. એના માટે આપણે કરીએ છીએ, તો બીજા તરફ શું જોવાનું હોય? બીજાની વાત શું કરવાની હોય? શરીરની વાત ક્યાં એમાં આવે છે? ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'શરીરને તો ખાસડાં જેવું કરવું.' કોઈ મારે, અપમાન કરે, ધાર્યું ન થવા દે તોય વાંધો ન આવે. એટલા માટે જીવનો સત્સંગ કહ્યો. એનાથી આનંદ, આનંદ ને આનંદ; સુખ, સુખ ને સુખ; શાંતિ, શાંતિ ને શાંતિ છે.'

આ આશીર્વર્ષાથી ભીંજાયેલા ભક્તો-ભાવિકો આજે સાટા-જલેબીનું જમણ જમી વિદાય થયા ત્યારે સૌનાં હૈયે *'મહારસમાં અમે મહાલ્યા...'*નો

ભાવ ઊઠી રહ્યો.

## સ્વયંસેવકોને સલામ

પ્રતિષ્ઠા ઉત્સવની કરોડરજ્જુ સમા ૩,૫૦૦ સ્વયંસેવકોને તા. ૨૩/૧ની પ્રાત:પૂજા બાદ આશીર્વાદ પાઠવતાં સ્વામીશ્રી બોલ્યા :

'અમે ફૂલહાર પે'રીએ ને આનંદ કરીએ, પણ તમે દોડાદોડી કરીને કાર્ય કર્યું છે એટલે આ બધું આપને આભારી છે. આપે ખૂબ મહેનત કરી છે માટે 'થેંક યુ વેરી મચ.' આભાર. આપનો આ તીર્થમાં જન્મ થયો છે એટલે આપ પણ બધા તીરથરૂપ. આપ બધાને જેટલા દંડવત્ કરીએ એટલા ઓછા છે. યોગીજી મહારાજે પણ (આ સ્થાનનો) ઘણો મહિમા કહ્યો છે. એ મહિમા અમે પણ સમજીને આપને સલામ કરીએ છીએ.'[૧]

મહિમાનો આ મેઘ વરસાવી ૧૦:૨૦ વાગ્યે પાડગોલ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં નૂતન મંદિરનો ખાતવિધિ થયો.

આ પ્રસંગે જ્યારે કાર્યકરો ગર્તમાં માટી પૂરીને જલધારા કરી રહેલા ત્યારે ખાતની બહાર નીકળી આવેલી પાણીની ધાર થોડી વારે સ્થિર થઈ ગઈ. ચારેકોર મચી રહેલી ચહલ-પહલ વચ્ચે પણ આ ઝીણી વિગતની નોંધ લેતાં સ્વામીશ્રી બોલ્યા : 'મંદિર મજબૂત થવાનું. પાણી સ્થિર થઈ ગયું !'

આ શબ્દો દ્વારા ગામવાસીઓનાં હૈયે ઉત્સાહનો સાગર છલકાવતા તેઓ પુન: મહેળાવ પધાર્યા.

અહીં આજની સાંજે જોગણિયા માતાના મંદિરે વંદન કરી ઘૂંટેલી પહોંચેલા તેઓએ અત્રે ભાવનાથ મંદિરના પ્રાંગણમાં યોજાયેલી સભામાં ગામની સેવાને બિરદાવી કે 'પ્રતિષ્ઠા વખતે આપના ગામના ભાવિકોએ શાકની સેવા કરી છે. આ સેવા સામાન્ય છે, પણ હૃદયના ભાવની કિંમત છે.'

આ ગામના શ્રી રમાકાંતભાઈ પટેલ મહેળાવના ઉત્સવ દરમ્યાન રોજ ૧૦૦ કિલો શાક ઉઘરાવીને સમૈયામાં પહોંચાડતા હતા. તેઓએ જ સ્વામીશ્રીને અત્રે પધારવા વિનંતી કરેલી. જો કે આ બાબતે આયોજકોની

---

૧. મહેળાવમાં ઊજવાયેલા આ પ્રતિષ્ઠા મહોત્સવના સાક્ષી બનવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અનિચ્છા હોવા છતાં એક ભક્તને રાજી કરવા અહીં આવી પહોંચેલા સ્વામીશ્રી સુણાવના સંભવિત મંદિરની ભૂમિ પર પગલાં પાડતાં રાત્રે બોચાસણ પધાર્યા.

## જે દેહને તો તૃણ તુલ્ય જાણે

બોચાસણમાં તા. ૨૫/૧ની સવારે મધ્ય ખંડમાં ઝાઝી વાર દર્શન કરી સ્વામીશ્રીએ પૂજારી પ્રબોધજીવનદાસ સ્વામીને કહ્યું: 'મૂર્તિના મુખ પર લાઇટ વધુ પડે છે, એટલે રિફ્લેક્શન(પ્રકાશના પરાવર્તન)ને કારણે મૂર્તિનાં દર્શન બરાબર થતાં નથી. માટે લાઇટો એવી રીતે ગોઠવો કે રિફ્લેક્શન ન આવે.'

આમ કહી આ વિષે આસપાસ ઊભેલા સંતોને તેઓનું મંતવ્ય પૂછતાં સ્વામીશ્રી બોલ્યા: 'બધા કહેતા હો તો જ આપણે કરવું.'

યોગ્ય વાતમાં પણ સૌની સંમતિ મેળવી આગળ વધવાની તેઓની આ પ્રકૃતિનું રિફ્લેક્શન સૌને આંજી ગયું.

તે સાથે તા. ૨૭/૧ની સવારે ઝારોળા ગામના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રી બપોરે બદલપુર પહોંચ્યા.

અત્રે કેળવણી મંડળની માધ્યમિક શાળામાં પંચદિવસીય પારાયણનો માંડવો નંખાયેલો. આ કથાસત્ર દરમ્યાન જ તા. ૨૯/૧ના રોજ 'પ્રમુખસ્વામી સર્વોદય વિદ્યાલય' અને તા. ૩૦/૧ની સવારે ખડોધી ગામે 'પ્રમુખસ્વામી ઉત્તર બુનિયાદી વિદ્યાલય'ના ઉદ્ઘાટન સમારંભ યોજાયા.

ખડોધીના આ વિદ્યાધામને ખુલ્લું મૂકી ગામના મંદિરે જવા મોટરમાં બિરાજેલા સ્વામીશ્રીએ બેસતાંવેંત ગાડીચાલક પાસે હીટર ચાલુ કરાવ્યું. તેઓની આ સૂચના શરીરમાં વ્યાપેલી કસરને છતી કરી ગઈ. તેની તીવ્રતા એવી હતી કે ગાડીમાંથી ઊતર્યા બાદ મંદિરે જતાં તો સ્વામીશ્રી રીતસર ધ્રૂજવા માંડ્યા. તે જોઈ સેવકે પૂછ્યું: 'ધ્રૂજો છો કેમ ? ઠંડી લાગે છે ?'

પરંતુ સ્વામીશ્રી તો 'કંઈ નહીં, ચાલો' કહેતાં ઠાકોરજી પાસે પહોંચી ગયા.

અહીંથી પાછા વળતાં તેઓ મંદિરના દરવાજે બેઠેલા એક વૃદ્ધને નીચા નમી મળવા ઊભા રહ્યા. આ સમયે પણ સૌ સ્વામીશ્રીના શરીરની ધ્રુજારી જોઈ શકતા હતા. છતાં ડૉ. ચીમનભાઈ પરમારના ઘેર ગોઠવાયેલો કાર્યક્રમ પૂરો કરીને જ સ્વામીશ્રી બદલપુર પરત ફર્યા ત્યારે તો તેઓના શરીરને ભરડો લઈ ચૂકેલા તાવની માત્રા છેક ૧૦૪ ડિગ્રી સુધી પહોંચી ગયેલી !

તે જોઈ એક સંતે સ્વામીશ્રીને કહ્યું: 'થોડી તકલીફ શરૂ થાય એટલે

કહી દેવું. ખબર તો પડે કે હવે તકલીફ શરૂ થઈ.'

'અમે ગામડિયા. અમને આવી ખબર ન પડે. તમે શહેરના ભણેલા-ગણેલા રહ્યા...' આટલું કહેતાં ધાબળામાં ઢબૂરાઈ ગયેલા સ્વામીશ્રીએ પોતાની દેહાતીત દશા પર ગામડિયાપણાની સોડ તાણી દીધી.

## બદલપુરમાં ભક્તિનાં પૂર

તા. ૧/૨ની સવારે બદલપુરના મંદિરનો પાટોત્સવ અને હરિકૃષ્ણ મહારાજની સુવર્ણતુલાના કાર્યક્રમો યોજાયેલા. પરંતુ તેમાં માંદગીને કારણે સ્વામીશ્રી ઉપસ્થિત ન રહે અને તેઓ સીધા જ વિશ્રામ માટે ઉતારે પહોંચી જાય એવી વિનંતી કરવા માટે સંતો પ્રાતઃપૂજા પૂર્ણ થવાની પ્રતીક્ષા કરી રહેલા; પણ માળા કરતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'પાટો-ઉત્સવની મહાપૂજા શરૂ થઈ ?'

'હા.'

'તો ત્યાં કહેવડાવી દો કે આરતીની રાહ જુએ. ઉતાવળ ન કરે.'

'આપણે એ વખતે જ સુવર્ણતુલાનો વિધિ કરી લેવો છે ?'

'તુલાને તો વાર હશે ને ? એમાંય જઈશું.'

'બે વખત ઉતારામાંથી બહાર નીકળવું છે ?'

'હા.'

સ્વામીશ્રીના આ એકાક્ષરી પ્રતિભાવમાં કૃતનિશ્ચયીપણાનો એવો રણકો હતો કે કોઈ કાંઈ બોલી ન શક્યું.

તેથી પૂજા બાદ અતિ અલ્પ માત્રામાં મગ તથા ભાત ગ્રહણ કરી સ્વામીશ્રી સાડા નવ વાગ્યે પાટોત્સવના વિધિમાં પધારી ગયા. અહીં ઠંડીનો ચમકારો ઘણો હોવા છતાં તેઓએ શાલ-ટોપીમાં સજ્જ થઈ સઘળો વિધિ કર્યો. અંતે અશક્તિને ન ગણકારતાં સ્વામીશ્રી પાંચ પ્રદક્ષિણા પણ ફર્યા.

તે પછી હરિભક્તોને પ્રણામ પાઠવી ઉતારે આવતાં તો તેઓ પલંગ પર જાણે ઢગલો જ થઈ ગયા અને શાલ-ટોપી સહિત પોઢી ગયા. અતિશય ઠંડી લાગી જવાથી સ્વામીશ્રીને રજાઈઓ ઓઢાડી દેવાઈ, પરંતુ એ વખતે બુઝાતી બત્તી સાથે સ્વામીશ્રી બોલ્યા : 'તુલામાં જવાનો સમય થાય ત્યારે કહેજો.'

વીજળીનો દીવો ઓલવાયો, પણ સ્વામીશ્રીની ભક્તવત્સલતા ચોમેર ચમકી રહી. તેના પ્રકાશમાં તેઓ પ્રમુખસ્વામી કમ્પ્યૂટર સેન્ટરનું ઉદ્ઘાટન કરી ૧૧:૩૦ વાગ્યે સુવર્ણતુલાની સભામાં પધાર્યા.

અહીં તો જાણે સમર્પણનો સાગર હેલે ચઢેલો, કારણ કે બાલ-બાલિકા અને ખેતમજૂરથી માંડીને કારકુનની કક્ષાના મધ્યમવર્ગીય ભક્તોએ આર્થિક ક્ષમતાની હદ વળોટીને સેવાની ગંગા વહાવી દીધેલી. તેઓની આ ભાવનાને પ્રતિસાદ આપવા આવી પહોંચેલા સ્વામીશ્રીએ ઠાકોરજીને તુલામાં પધરાવી પૂજન કર્યું. તે પછી ક્રમશઃ ભક્તોએ સુવર્ણદાન અર્પણ કરી રાજીપો રળ્યો. તે જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'બદલપુર મંડળની પણ જય! આપનો જે ભક્તિભાવ તે આજે અદ્ભુત રીતે જોવા મળ્યો છે. તે જોઈ અમને ખૂબ આનંદ થયો છે.'

આ રીતે પારાયણ, પાટોત્સવ, સુવર્ણતુલા અને વિદ્યાલયોનાં ઉદ્ઘાટન સહિતનો તમામ નિર્ધારિત કાર્યક્રમ કણસતા શરીરે સંપન્ન કરી સ્વામીશ્રી આજની સાંજે વિદ્યાનગર આવી પહોંચ્યા.

## કપડાં સામું ન જોવું, મૂર્તિ સામું જોવું

વિદ્યાનગર મુકામે માંદગીને કારણે સ્વામીશ્રીના તમામ જાહેર કાર્યક્રમો બંધ હતા. છતાં ભોજન વખતે પ્રાસંગિક વાતો કરી કથાવાર્તાનો આનંદ મેળવી લેતા સ્વામીશ્રીને તા. ૩/૨ની સવારે એક સંતે કહ્યું : 'એક વાત મેં જોઈ. શ્રીજીમહારાજની રીત જેવી જ આપની રીત. સરખી.'

'એની ને આપણી સરખી હોય? એ ક્યાં ને આપણે ક્યાં? મહારાજ એટલે મહારાજ! *એક રતિ બિન એક રતિ કો.*' સ્વામીશ્રી બોલ્યા.

તે સાંભળી એક સંતે આજની બપોરે પોઢવા જઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ હળવાશથી વાત મૂકતાં જણાવ્યું : 'આપની બીમારીનું કારણ મને જાણવા મળ્યું. આપના ગાતરિયામાં ઘણાં કાણાં મેં જોયાં. તેમાંથી ઠંડી પેસી ગઈ છે. એટલે બીમારી આવી. હવે અમને ધોતિયાંની સેવા કરવા દેજો.'

'બહુ સૂક્ષ્મ દૃષ્ટિવાળા છે.' આટલું મર્મવાક્ય ઉચ્ચારી સ્વામીશ્રીએ ઉમેર્યું : 'જે મળ્યું હોય તે આપણે પહેરવું. સંતની શોભા વધે.'

'પણ કોઈ જુએ તો કેવું લાગે! સંસ્થાના પ્રમુખ થઈને આવું પહેરે છે!'

'કપડાં સામું ન જોવું. મૂર્તિ સામું જોવું.' ગળા સુધી ગાતરિયું ઓઢતાં સ્વામીશ્રી બોલ્યા. તેઓના આ શબ્દોથી સૌની નજર સામે એક નિશાન રોપાઈ ગયું.

## મૅડિકલ કૉલેજમાં મૂર્તિસ્થાપન

તા. ૪/૨ની રાત્રે સાડા આઠ વાગ્યે એક મીટિંગ પૂરી થતાં સ્વામીશ્રી પલંગ પર જ પગ લાંબા કરી, બંને ચરણની આંગળીઓ તણાય એ રીતે હલાવવા માંડ્યા. આ જોઈ સેવકે થોડી વાર સુધી પગની આંગળીઓ અને તળિયાં દાબી આપ્યાં. તે સમયે સ્વામીશ્રી બોલ્યા : '(બાયપાસ) ઑપરેશન પછી અડધો કલાક બેસીએ એટલે અકળામણ જેવું લાગે છે. પગ થોડા આઘા-પાછા કરવાનું મન થાય. પહેલાં કલાક, બે કલાક સુધી કાંઈ થતું ન'તું. આ તો સોફા પર પગ લબડાવીને બેઠા હોય તોય એવું થાય !'

આમ, પ્રત્યેક બીમારી સ્વામીશ્રીના શરીર પર કંઈક ને કંઈક જોર-જુલમ ગુજારતી જતી. છતાં તેથી તદ્દન બેપરવા રહી પોતાનું કાર્ય આગળ ધપાવતા જતા સ્વામીશ્રીએ અહીંના રોકાણ દરમ્યાન છાત્રાલયના વાર્ષિકોત્સવ, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન, સંસ્થાકીય મૅડિકો-સ્પિરિચ્યુઅલ કૉન્ફરન્સ, આણંદના મંદિર નિમિત્તે આયોજિત ઠાકોરજીની સુવર્ણતુલા વગેરે કાર્યક્રમો સંપન્ન કર્યા.

તેની વચ્ચે તેઓએ તા. ૫/૨ની બપોરે બાર વાગ્યે અંતેવાસી વિવેકસાગરદાસ સ્વામી સમક્ષ પોતાના ઉત્તરાધિકારી તરીકે મહંત સ્વામીને નિયુક્ત કરવાની વાત ઉચ્ચારી.

તે દ્વારા લાખો મુમુક્ષુઓના ભવિષ્યને સ્પષ્ટ અને સુરક્ષિત કરતા સ્વામીશ્રી તા. ૯/૨ની સવારે 'પ્રમુખસ્વામી મૅડિકલ કૉલેજ'ના આંગણે જઈ પહોંચ્યા. આ સંકુલના વિશાળ પ્રવેશખંડની જમણી તરફ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની પૂર્ણ કદની કાંસ્ય પ્રતિમાઓનો અનાવરણ-વિધિ યોજાયેલો. તેમાં સામેલ થવા રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી અશોકભાઈ ભટ્ટ સહિત કંઈક અમલદારો અને આણંદ-વિદ્યાનગરના અગ્રણી શિક્ષણ-વિદો ઉપસ્થિત હતા. તેઓની હાજરીમાં વૈદિક મંત્રોના ઘોષ અને જયજયકાર વચ્ચે પ્રતિમાઓ પરથી પડદો હટતાં જ સૌ મૂર્તિઓની નયનરમ્ય આભાથી અંજાઈ ગયા.

આ ભાવને ઘૂંટતાં ચારુતર આરોગ્ય મંડળના માનદ મંત્રી શ્રી એન. એમ. પટેલે જણાવ્યું કે 'આજથી કૉલેજના પ્રવેશદ્વારમાં ત્રણ શિરછત્ર અને સિદ્ધ-પુરુષ પ્રતિમાઓ અમારામાં હંમેશાં સેવા, સમર્પણ તથા કર્તવ્ય-પરાયણતાની ભાવના જાગ્રત રાખશે અને અમારા માટે પથદર્શક બની રહેશે.'

## અર્વાચીન વિશ્વની એક અજાયબીના સર્જક

તા. ૯/૨ના રોજ સ્વામીશ્રી સમક્ષ વિશ્વવિખ્યાત અંગ્રેજી સામયિક રીડર્સ ડાઈજેસ્ટ દ્વારા પ્રકાશિત થયેલા એક પુસ્તકમાંથી આધુનિક વિશ્વની ૭૦ અજાયબીઓની વિગતો રજૂ કરવામાં આવી. ૧૬૦ પૃષ્ઠોનું કદ ધરાવતા આ આકર્ષક પુસ્તકમાં કુઆલાલુમ્પુરના ૧,૪૮૨ ફૂટ ઊંચા પેટ્રોનસ ટાવર્સ, ૨૯૮ એકરમાં વિસ્તરેલો બ્રુનેઈનો રાજમહેલ, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સને જોડતી ૩૭.૫ કિ.મી. લાંબી દરિયાઈ ટનલ, સીડનીનું ઑપેરા હાઉસ, સાનફ્રાન્સિસ્કોનો ગોલ્ડન ગેટ બ્રિજ જેવાં નિર્માણોના સમાવેશની સાથે સ્વામીશ્રી દ્વારા નિર્મિત લંડનના મંદિરને પણ સ્થાન મળેલું!

બે પૂર્ણ પૃષ્ઠો પર રંગીન છબી સાથે લંડનના મંદિરનું વર્ણન કરતાં આ પુસ્તકમાં લખવામાં આવેલું:

> *'The Shree Swaminarayan temple deserves a place because of its intricate detail and the extraordinary story of how it was built.' – બારીક કોતરણી અને સર્જનની અસાધારણ ગાથાને કારણે શ્રી સ્વામિનારાયણ મંદિર આ અજાયબીઓમાં સ્થાન પામ્યું છે.*

આ લખાણ સાથે સ્વામીશ્રી દ્વારા નિર્મિત લંડનના મંદિરને સન ૧૯૯૫ના સમગ્ર વર્ષ દરમ્યાન વિશ્વમાં બનેલી એકમાત્ર અસાધારણ ઘટના તરીકે નવાજવામાં આવેલું. એથીયે અદકેરી બાબત તો એ હતી કે પુસ્તકમાં સંગ્રહ પામેલી ૭૦ અજાયબીઓમાં ૪૪ નિર્માણ સરકારી નાણાકીય સહાય દ્વારા બનેલાં, ૧૨ બાંધકામ સમૃદ્ધ અબજોપતિઓ દ્વારા વ્યક્તિગત ધોરણે અસ્તિત્વમાં આવેલાં, ૧૧ ઇમારતો વિરાટ આંતરરાષ્ટ્રીય કૉર્પોરેશનના આર્થિક પીઠબળ કે અબજોપતિઓના સંગઠન દ્વારા અસ્તિત્વમાં આવેલી, તો બે સંકુલો રાજાઓ દ્વારા રચાયેલાં; પરંતુ એક અકિંચન સંતની પ્રેરણાથી સ્વયંસેવકોના શ્રમ દ્વારા ફક્ત ત્રણ જ વર્ષની સમયાવધિમાં સર્જાયેલી અજાયબી તરીકે લંડનનું મંદિર અદ્વિતીય બની રહેલું.

આવી મહિમાવંતી તવારીખ ધરાવતું આ પુસ્તક જેવું સ્વામીશ્રીને ધરવામાં આવ્યું કે સ્વામીશ્રીએ તેને ઠાકોરજીનું પ્રસાદીભૂત કરવા કહ્યું અને બોલ્યા: 'પ્રયત્નથી તો બધા કરે, પણ આ તો વગર પ્રયત્ને એમને (પ્રકાશકોને)

પ્રેરણા થઈ ને છાપ્યું છે. ભગવાનની ઈચ્છાથી થાય તે મોટું કામ કહેવાય. યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે 'સર્વોપરી થશે', તો આ સર્વોપરી થયું !'

વિશ્વની એક અજાયબી સર્જવાનું સંપૂર્ણ શ્રેય ગુરુ અને ભગવાનનાં ચરણે ધરીને સ્વામીશ્રીએ સંતોષ માન્યો. આ પણ એક અજાયબી જ ને !

## સ્વામિનારાયણ મહામંત્રના દ્વિશતાબ્દી પર્વનો પ્રારંભ

વિદ્યાનગરમાં વિશ્રામ લેવાથી શરીરમાં ઠીક ઠીક સ્વસ્થતા આવી જતાં સ્વામીશ્રીએ તા. ૧૦/૨થી તેઓના વિચરણનો દોર પુનઃ શરૂ કરી દીધો. તેના પ્રથમ ચરણમાં તેઓએ આજની સવારે આણંદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા નિર્મિત સરદાર પટેલ શાક માર્કેટ યાર્ડનું ભૂમિપૂજન કર્યું. ત્યારબાદ તેઓ વરતાલ અને ડભાણને લાભ આપતાં રાત્રે નડિયાદ પહોંચ્યા.

અત્રે તા. ૧૧/૨ના રોજ મંદિરનો પાટોત્સવ ઊજવી સ્વામીશ્રીએ તા. ૧૨/૨ની સવારે 'સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી પર્વ'નો મંગલદીપ પ્રગટાવી દીધો. ત્રણ વર્ષ સુધી ચાલનારા આ ઉત્સવના શ્રીગણેશ કરતાં તેઓએ કહ્યું : 'સ્વામિનારાયણ મંત્રનો અદ્‌ભુત મહિમા છે. તેના જાપથી તન-મનના રોગ દૂર થાય છે ને અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. આ મહામંત્ર ભગવાન સ્વામિનારાયણે સ્વયં આપણને આપ્યો છે. તો હવે એ મંત્રનો જાપ આપણે કરીએ.'

આમ કહી મંત્રજાપ આરંભનારા સ્વામીશ્રીએ અંતે સતત સાત મિનિટ સુધી ઊપડતી લયે ધૂન ઝિલાવી.

તેથી પ્રસરેલા બ્રહ્માનંદનો અનુભવ આજની સાંજે 'છાણી ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી'ના સભ્યો તથા સૂત્રધારો પણ કરી રહ્યા. આ ખેડૂત સંગઠનના સુવર્ણ જયંતી સમારોહ પ્રસંગે સ્વામીશ્રી છાણી-સ્થિત મંડળીના કાર્યાલયમાં લાભ આપી અટલાદરા પધાર્યા.

અત્રે તેઓને તા. ૧૮/૨ના રોજ નર્મદા બંધની ઊંચાઈ વધારવા સુપ્રીમ કૉર્ટે આપેલા વચગાળાના હુકમની જાણ થઈ. આ સફળતામાં સ્વામીશ્રીનાં અવિરત પ્રાર્થના અને પુરુષાર્થનો ઘણો ફાળો હતો. છતાં તેઓ તો 'ભગવાને દયા કરીને સૌની પ્રાર્થના સાંભળી છે' કહેતાં તા. ૨૦/૨ની સાંજે અટલાદરાથી વિદાય લઈ ગાંધીનગર આવી પહોંચ્યા.

અહીં આજની રાત્રે વાળુ કરી રહેલા તેઓને અક્ષરધામમાં સેવા

આપતા સ્વયંસેવક શ્રી હિતેશભાઈએ પૂછ્યું: 'બાપા ! અક્ષરધામની મુલાકાતનું ફળ શું કહેવાય ?'

'આ જોયું કર્યું એને ગુણ આવશે ને તેને અક્ષરધામ મળશે, સુખ-શાંતિ થશે.'

પરંતુ આ ઉત્તરથી સંતોષ ન પામનારા પેલા યુવકે કહ્યું: 'બાપા! અક્ષરધામની મુલાકાતનું સૌથી મોટું ફળ તો આપની ઓળખાણ. એને લીધે લોકો ઘા ખાઈ જાય છે.'

'અહીં કોઈ પૂછતું નથી. આ તો સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ છે. અક્ષરધામમાં જે મૂર્તિ છે તે લોકો ઘા ખાઈ જાય એવી ચમત્કારી છે.'

'પણ એ મૂર્તિની ઓળખાણ કરાવનારા તો આપ જ છો ને !'

'આપણે તો એની પછવાડે છીએ. મૂળ વસ્તુ એ છે. તે ન હોય તો આપણા બધાની કોઈ કિંમત નથી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના શબ્દે-શબ્દે દાસભાવ ઘૂંટાઈ રહ્યો.

## ખેડબ્રહ્મામાં આદિવાસી સંમેલન

તા. ૨૧/૨ની સવારે ગાંધીનગરથી નીકળેલા સ્વામીશ્રી નિરમા ઇન્સ્ટિટ્યૂટના આંગણે પધાર્યા ત્યારે આ વિદ્યાસંકુલના વિશ્વકર્મા શ્રી કરસનભાઈ પટેલે તેઓનું ઉષ્માસભર સ્વાગત કર્યું. તે સ્વીકારી યજમાનના કાર્યાલયને પાવન કરનારા સ્વામીશ્રીએ અહીં આ વિદ્યાધામના વિકાસ માટે ધૂન ગજાવી. ત્યારબાદ ગાડીમાં બિરાજી સો એકરના આ શૈક્ષણિક સંકુલમાં પુષ્પો પધરાવવા નીકળેલા તેઓ આજની સાંજે હિંમતનગર આવી પહોંચ્યા.

અત્રે તેઓએ સાબર સોસાયટીની પાછળ વસેલા વિશાળ મેદાનમાં તા. ૨૨/૨ની સવારે ભાગવત સપ્તાહનો શુભારંભ કરાવ્યો. ત્યારબાદ તેઓ આજની સાંજે ખેડબ્રહ્મા પહોંચ્યા.

અહીં તા. ૨૩/૨ના રોજ સંસ્થા દ્વારા યોજાયેલા આદિવાસી સંમેલનમાં ઊમટેલાં ૯,૦૦૦ આદિવાસી બાઈ-ભાઈઓને આ સ્થળ સુધી ખેંચી લાવનારું એકમાત્ર પરિબળ હતું – સ્વામીશ્રીની પ્રતિભા અને પ્રવૃત્તિ.

સાબરકાંઠા અને બનાસકાંઠાના આ આદિવાસી વિસ્તારમાં સંતો તથા કાર્યકરોના વિચરણથી આવેલી જાગૃતિને કારણે કેટલાય આદિવાસીઓ વ્યસન અને વહેમની નાગચૂડમાંથી મુક્ત થયેલા. વળી, સત્સંગના યોગે

સૌમાં શ્રદ્ધા-સદાચારના દીવા પ્રગટી જતાં આર્થિક અને આધ્યાત્મિક ક્ષેત્રે પણ અજવાળાં ફેલાયેલાં. તેથી કૌટુંબિક ક્લેશને કારણે થતી પાયમાલીનો અંત આવતાં ઘેર-ઘેર અને ગામોગામ સંવાદિતાના સાથિયા પુરાયેલા. આ ઉપકાર બદલ આદિવાસીઓ સ્વામીશ્રી પ્રત્યે નતમસ્તક હતા. તેથી જ આજે પોતાના તારણહારને નિહાળવાની તક સાંપડતાં ૯૦થી વધુ ગામોમાંથી દોડી આવેલા તે સૌ સ્વામીશ્રીને વધાવવા ઉત્સુક હતા.

પરંપરાગત વેશભૂષામાં સજ્જ તેઓ ઢોલ-શરણાઈના સૂર સાથે સ્વામીશ્રીને ઉતારેથી સભા-સ્થળ સુધી દોરી લાવ્યા. અહીં મંચ પર પણ સ્વામીશ્રી જાણે કોઈ આદિવાસીની ઝૂંપડીના દ્વારે બિરાજ્યા હોય તેવી શોભા રચાયેલી. ત્યાં સ્વામીશ્રી બિરાજતાં જ *'મંદિરિયામાં રમવા પધારો સ્વામીજી...'*ના શબ્દો સાથે નૃત્યાંજલિ સમર્પિત થઈ. તે પછી જીવન-પરિવર્તનની દિલધડક દાસ્તાનોનો સિલસિલો આરંભાયો. આદિવાસી અગ્રણીઓ દ્વારા થતી આ પ્રસ્તુતિમાં ભોળપ અને ટકોરાબંધ હકીકતો એકસાથે રણકતી રહી. તેના ધ્વનિથી સંમેલનમાં ઉપસ્થિત કંઈક સરકારી અધિકારીઓ ડોલી ઊઠ્યા. તેમાંના એક શ્રી પારધીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે 'આદિવાસી વિસ્તારોમાં પ્રમુખસ્વામી મહારાજે અદ્‌ભુત કાર્ય કર્યું છે. તેને કારણે આદિવાસીઓનું જીવનધોરણ ઘણું ઊંચું આવ્યું છે.'

આ અવસરે સ્વામીશ્રીએ પણ 'આપનાં દર્શન કરતાં આનંદ થાય છે' શબ્દો દ્વારા આશીર્વાદનો ઉપાડ કરી સૌને નીતિમત્તાના પાઠ શિખવાડ્યા.

આશીર્વર્ષા બાદ તેઓએ ૨૫ આદિવાસીઓને વસ્ત્રો આપ્યાં. તે દ્વારા તેઓએ અરવલ્લીના ડુંગરાળ પ્રદેશોમાં વસતા આ વનવાસીઓ માટે સંસ્થાએ હાથ ધરેલા વસ્ત્ર-વિતરણનો કાર્યક્રમ આરંભી દીધો. તેની સાથે સ્વામીશ્રીએ સંસ્થા દ્વારા શરૂ થતા ચલ-ચિકિત્સાલયના ભાગરૂપ ડિસ્પેન્સરી વાનનું પણ પૂજન કર્યું. તેઓની આ કરુણાવર્ષાથી ભીંજાયેલા સૌ આદિવાસીઓનાં અંતર પોકારી ઊઠ્યા : *'નાથ અનાથનો તું રે સ્વામી...'*

## પ્રભુનું પુનરાગમન પ્રમુખસ્વામીના સ્વરૂપે

તા. ૨૩/૨ની સાંજે ખેડબ્રહ્માથી હિંમતનગર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અત્રે તા. ૨૮/૨ સુધી પારાયણનો અભૂતપૂર્વ માહોલ જામેલો રહ્યો. તેમાં રોજ સવાર-સાંજ પાંચેક હજારની સંખ્યામાં ઊમટતા ભક્તો-ભાવિકોએ

પૂર્ણાહુતિ દિને તો ઠાકોરજીને સોનાથી તોળી વિશિષ્ટ ભક્તિ અદા કરી.

તે દ્વારા હિંમતનગરના ઇતિહાસમાં એક અમર ઘટના અંકિત કરી સારંગપુર પધારેલા સ્વામીશ્રીના હાથે રંગાવા અહીં તા. ૨/૩ની સવારે અપૂર્વ માનવમેદની ઊમટી પડી. તેમાં વિવિધ પૂજોપચાર સાથે ઉપસ્થિત થયેલા સુરતી સત્સંગીઓ પૈકીના કેટલાક તો પદયાત્રા કરીને આવેલા.

આવા જ ભક્તિભાવ સાથે મંચ પર પણ ચોતરા-ચબૂતરા, વૃક્ષ-વેલી, મોર-પારેવાં, ઝરણાં-ફુવારા વગેરેની શોભા પૂરબહારમાં ખીલી ઊઠેલી. તે સ્વામીશ્રી પધારતાં જ સજીવન થઈ ઊઠી. તેની સાથે સ્વામીશ્રીએ લંડન તથા જૂનાગઢનાં મંદિરો માટે તૈયાર થયેલી ચલમૂર્તિઓની વિધિવત્ પ્રતિષ્ઠા કરી. વળી, તેઓએ આજે સંસ્થાની વેબસાઇટના મુખ્ય પૃષ્ઠ(હોમ પેજ)ને ઉદ્‌ઘાટિત કરી વિકાસનું વધુ એક કદમ ભર્યું.

તેને અનુસરતાં, દર્શને આવેલા વિશ્વવિખ્યાત હાર્ટ સર્જન ડૉ. સુબ્રહ્મણ્યમ્ તો આજનો ઉત્સવિયો મિજાજ જોઈ વગર પિચકારીએ રંગાઈ ચૂક્યા. તેથી આજની ભરચક સભામાં મંચ પર જ સ્વામીશ્રીને દંડવત્-પ્રણામ કરી પૂજ્યભાવ પ્રગટ કરતા તેઓએ સમૈયા બાદ કહ્યું: 'સારંગપુરમાં જે અનુભવ થયો તે સૌથી શ્રેષ્ઠ રહ્યો. કેવળ સ્વામીશ્રીને લીધે નહીં, પણ સ્વામીશ્રી પ્રત્યે જે ભક્તિ લોકોને હતી! મેં ક્યારેય આવું જોયું નથી. હું આશ્ચર્યચકિત થઈ ગયો. અહોહો થઈ ગયું! આ પુરુષ પોતાના અનુયાયીઓને કેટલું જબરજસ્ત આકર્ષે છે! જીવનકાળ દરમ્યાન એક જ વખત અનુભવમાં આવે એવો આ સૌથી સારામાં સારો અનુભવ છે. મારી માન્યતા વધુ દૃઢ થઈ છે કે ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી પર પ્રમુખસ્વામીરૂપે પાછા પધાર્યા છે.'

આ અનુભૂતિને મન ભરી માણનારા હજારો હરિભક્તોને સ્વામીશ્રીએ આજે પ્રેમ અને શ્રદ્ધાથી રંગ્યા. એ જ રીતે સાંજે પણ ઉત્સવ-સ્થળે પુનઃ પધારેલા તેઓએ સંતો તથા સ્વયંસેવકો પર રંગની ઝડી વરસાવી સૌને તરબોળ કરી મૂક્યા.

## ગુરુમહિમાનો ગરવો ગુલાલ

તા. ૪/૩ની બપોરે આવેલા મુમુક્ષુ શ્રી એચ. કે. સત્યદેવ સાથે તેઓનો પૌત્ર પણ હતો. આ બાળબટુને વિધિસર યજ્ઞોપવીત ધારણ કરાવી સ્વામીશ્રીએ સદાચારની પ્રાસંગિક શીખ આપી ત્યારે તેના દાદા બોલ્યા: 'બાપા! મેં પણ

યોગીજી મહારાજનો ધબ્બો લીધો છે.'

'એ ધબ્બો યાદ રાખજો, અક્ષરધામમાં લઈ જશે.'

સ્વામીશ્રીના મુખેથી સરી પડેલો આ ગુરુમહિમા *'કોઈ આવી દર્શન કરશે રે, તે તો અપાર સંસાર તરશે રે...'*નો મર્મ સમજાવી ગયો.

મુલાકાતોના આ ક્રમમાં તા. ૬/૩ની બપોરે આવેલા શ્રી એ. કે. સક્સેના અમદાવાદ જિલ્લા ટેલિકોમ વિભાગના જનરલ મૅનેજર હતા. સંતોએ તેઓનો પરિચય આપતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'સાહેબને આપણે મળ્યા છીએ.'

આ સાંભળી અમૃતવદનદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! આ સાહેબ તો પહેલી જ વાર આપનાં દર્શને આવે છે.'

'ના, આપણે ટેલિફોનવાળા સાહેબને...'

'એ તો સ્વામી ! એસ. કે. ગુપ્તા સાહેબને મળ્યા હતા.'

'ગુપ્તા નહીં, સક્સેના હતા !'

સ્વામીશ્રીની આ સતેજ સ્મૃતિથી ચકિત થતાં સામે ઊભેલા અમલદારે જ ફોડ પાડ્યો કે 'मैं तीन साल पहले आपके दर्शन करने आया था।'

આ ખુલાસો સાંભળી સ્થિર થઈ ગયેલા સંતો સમક્ષ આ અધિકારીએ અહોભાવ પ્રગટ કર્યો કે 'मैं तीन साल पहले कुछ ही क्षण स्वामीजी से मिला था, फिर भी स्वामीजी को वह मुलाकात और मेरा नाम भी याद है! मेरे बाद तो वे हज़ारों लोगों को मिल चुके होंगे।'

હા, વીતેલા ૧,૦૯૫ દિવસોમાં સ્વામીશ્રી રોજના સરેરાશ દોઢસો લેખે ૧,૬૪,૨૫૦ વ્યક્તિઓને મળ્યા હશે ! છતાં ક્ષણભરના મુલાકાતીઓને પણ નામ સાથે યાદ રાખતા તેઓ સૌને *'તુજ સમ નહીં બીજો કોયે...'* જેવા જણાયા.

## મોટામાં મોટું પારિતોષિક

તા. ૮/૩ની સવારે અમદાવાદ-સ્થિત સાબરમતી વિસ્તારના મંદિરની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરી સ્વામીશ્રી તા. ૧૧/૩ની સવારે તાજપુર પધાર્યા.

અત્રે પણ નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કરી સારંગપુર પરત પધારેલા તેઓ તા. ૧૨/૩ની સવારે અહીંથી વિદાય લેવા તૈયાર થયા ત્યારે તાજપુરના હરિભક્ત શ્રી પુરુષોત્તમદાસે વિનંતી કરી કે 'બાપા ! વહેલા વહેલા આવજો.'

'ગયા છીએ જ ક્યાં ?'

આ ઉદ્ગાર દ્વારા પોતાનું અખંડ પ્રાગટ્ય અને સર્વવ્યાપકપણું સમજાવી

નીકળેલા સ્વામીશ્રી ધંધુકા તથા રંગપુરને પાવન કરતાં લીંબડી પહોંચ્યા.

અહીં તેઓના વરદહસ્તે આજની સાંજે રાષ્ટ્રીય રાજમાર્ગને અડીને સંપાદિત થયેલી ૧૨,૦૦૦ ચોરસ વાર જમીન પર નૂતન મંદિરનો શિલાન્યાસ થયો. તે દ્વારા ઝાલાવાડની ધરતી પર વધુ એક શિખરબદ્ધ મંદિરનું મંડાણ કરી ગોંડલ પધારેલા સ્વામીશ્રી તા. ૧૪/૩ની સવારે વાછરા ગામે પહોંચ્યા.

અત્રે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી ગોંડલ પરત ફરેલા તેઓના સાંનિધ્યમાં આજની સાંજે યુવા-કિશોર મંડળે ધામધૂમથી વાર્ષિક દિન ઊજવ્યો. આ કાર્યક્રમના અંતે પ્રવક્તા કિશોરે અભિલાષા વ્યક્ત કરી કે 'આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે ૨૧મી સદીનાં બધાં જ પારિતોષિક સ્વામીબાપાને મળે.'

આ વિધાનને જ આશીર્વાદનું આરંભબિંદુ બનાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આપણે ભગવાન ને સંત ઓળખાણા એ મોટું પારિતોષિક. અનંત કોટિ બ્રહ્માંડમાં એવું પારિતોષિક નથી. એમનો મહિમા દૃઢ કરીએ, પ્રવર્તાવીએ, એ મોટામાં મોટું પારિતોષિક. એમનો રાજીપો મળે એથી મોટું કોઈ પારિતોષિક નથી.'

*'જેણે રે સંસાર કૂચો કરી નાંખ્યો...'*ની રીતથી વિચરતા સ્વામીશ્રી દુન્યવી ઇનામો કે ઇલકાબોથી તદ્દન નિઃસ્પૃહ હતા.

## પતિતપાવન બિરુદ તારું

તા. ૧૬/૩ની સવારે અક્ષર દેરીમાં જવા સભામંડપનાં પગથિયાં ઊતરી રહેલા સ્વામીશ્રીને પગે લાગવા આગળ ધસી આવતા એક હરિભક્તને જ્યારે કાર્યકરે અટકાવ્યા ત્યારે દાદરા ઊતરતાં-ઊતરતાં જ સ્વામીશ્રી ઊંચા સાદે બોલ્યા : 'આવવા દો, આવવા દો. આંતર્યા કેમ ? દીકરો આવ્યો છે !'

આ લાગણી સાથે એ સત્સંગીની સમીપે જઈ પહોંચેલા સ્વામીશ્રી તે ભક્તના મસ્તકે હાથ મૂકતાં બોલ્યા : 'ભંડેરી !'

તેઓનો આ પ્રેમભાવ પેલા હરિભક્ત સહિત સૌને ગદ્‌ગદ કરી ગયો.

આવા જ ભાવસભર વાતાવરણમાં તા. ૧૮/૩ના રોજ ગોંડલથી વિદાય લઈ સ્વામીશ્રી રાજકોટ, ભાદરા અને જામનગરને પાવન કરતાં તા. ૨૨/૩ની સવારે ભુજ પધાર્યા.

અત્રે આજની સાંજે જ્યુબિલી ગ્રાઉન્ડમાં યોજાયેલી જાહેર-સભામાં

નગરપાલિકાએ શરાફ બજારના મુખ્ય માર્ગ તરીકે અંકાયેલા પોલીસ ચાવડીથી ઘાટિયા ફળિયા સુધીના રસ્તાને 'પ્રમુખસ્વામી મહારાજ માર્ગ' તરીકે ઘોષિત કર્યો. નગરની આ ધન્યતાને સૌએ હર્ષનાદથી વધાવી લીધી.

આવો જ ઉલ્લાસ સ્વામીશ્રી તા. ૨૪/૩ના રોજ ખાવડા પધાર્યા ત્યારે ભારતના આ સીમાંત પ્રદેશમાં પણ વ્યાપી વળ્યો. અહીં દરિયાલાલ મંદિરના પ્રાંગણમાં યોજાયેલા ભાગવત પારાયણમાં સ્વામીશ્રી બિરાજ્યા ત્યારે યજમાન શ્રી જાદવજીભાઈએ ભાવોર્મિ વ્યક્ત કરી કે –

"હું બીડી વાળનારો. મારા બાપા પણ બીડી વાળતા. હું દારૂ પીઉં, માંસ ખાઉં, જુગાર રમતો. બધાં લક્ષણે પૂરો હતો. પણ સત્સંગી શ્રી પીતાંબરભાઈ ચેવડાવાલા મને પ્રમુખસ્વામી મહારાજ પાસે લઈ ગયા. સ્વામીએ મને પૂછ્યું : 'શું વ્યસન છે ?' મેં કહ્યું : 'બધાં જ વ્યસન છે.' બાપા મને પૂછે : 'શું મૂકશો ?' મેં કહ્યું : 'કાંઈ નહીં મૂકું.' પણ સ્વામીએ મને પ્રેમથી સમજાવ્યો અને વ્યસનમુક્ત કર્યો. મારે રહેવા મકાન ન'તું. ઘર ભાડે. દુકાન ભાડે. સ્વામીજીના પ્રતાપે વ્યસનમુક્ત થતાં, સત્સંગી બનતાં અમારા ચારેય ભાઈઓનાં ઘર અને દુકાન થયાં છે. અમે ચારેય ભાઈઓ સંપીને રહીએ છીએ. આ ચોકમાં જ અમે દર રવિવારે સભા કરીએ છીએ. તેમાં ૪૦૦ ભાવિકો લાભ લે છે."

જાદવજીભાઈનું આ બયાન સ્વામીશ્રીના પ્રૌઢ પ્રતાપની છડી પોકારી રહ્યું.

## એ તો પ્રભુપદમાંહિ આસક્ત

ખાવડાથી વિદાય થયેલા સ્વામીશ્રીએ તા. ૨૫/૩ની સવારે વાંઢાયને ધન્ય કર્યું ત્યારે અહીં આવેલા ઉમિયા માતા મંદિરના સુવર્ણ જયંતી પ્રસંગે વ્યવસ્થાપકોએ તેઓનું ઉષ્માસભર સ્વાગત કર્યું. તે સ્વીકારી અત્રે આયોજિત પ્રાસંગિક સભામાં હજારોની મેદનીને આશીર્વાદ આપતા સ્વામીશ્રી ઉમિયા માતા અને રામચંદ્રજીનાં મંદિરોમાં દર્શન કરી વિદાય થયા.

આ સમયે ભુજ જતાં તેઓએ માર્ગમાં આવતાં માનકૂવા અને મીરજાપુરને લાભ આપ્યો. લાભની આ પરંપરા જાળવી રાખતાં સ્વામીશ્રીએ આજની રાત્રે ભુજમાં શ્રીજીમહારાજનો પ્રાગટ્યોત્સવ ઉમંગભેર ઊજવ્યો. તેમાં સ્થાનિક સત્સંગીઓએ ઠાકોરજીની રજતતુલાઓ કરી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો.

આમ, ઉત્સવની ઉજવણીથી ભુજને ભવ્યતા આપી સ્વામીશ્રી તા.

૨૬/૩ના રોજ માધાપુર થઈને અંજાર પધાર્યા. અત્રે રઘુનાથરાય મંદિરના હૉલમાં ધર્મપ્રેમી જનોને લાભ આપતાં તેઓ સાંજે ગાંધીધામ જઈ પહોંચ્યા.

અહીં તા. ૨૭/૩ની સવારે થરપારકર લોહાણા ચોવીસી સમાજના મહાસંમેલનનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી ડૉ. વિનોદભાઈ રૈયાણીના દવાખાને પગલાં કરવા પધાર્યા, પરંતુ આ સંકુલમાં પ્રવેશતાં પૂર્વે તેઓએ ઠાકોરજીને યાદ કર્યા ત્યારે ગાડીમાંથી ઊતરી ગયેલા પૂજારી સંત ઠાકોરજી લઈ સીધા ઉપલા માળે રખાયેલા ઉતારે પહોંચી ગયા હતા. તેઓ સમાચાર મળતાં ઠાકોરજી સાથે નીચે આવ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ઠાકોરજી લઈને ભાગી ન જવું. તમે ઠાકોરજી લઈને ભાગી જાવ તો અમે દુ:ખી થઈ જઈએ. તમે અમારી સાથે ઠાકોરજી રાખો તો અમારું ચાલે.'

ઠાકોરજીનો વિયોગ સ્વામીશ્રી માટે દુ:ખનો વિષય બની રહેતો.

આવા ભક્તિપરાયણ તેઓ આજે ભોજન માટે બિરાજ્યા ત્યારે સામે વંચાતા સામયિક 'પ્રકાશ'માં વાત આવી: 'શ્રીહરિ રંગની પિચકારી છોડતા તે ત્રણ-ત્રણ માળ ઊંચે ઊડતી.'

આ સાંભળી સ્વામીશ્રીએ આંખ અને હાથની મુદ્રા વડે અહોભાવ વ્યક્ત કર્યો. તે જોઈ કો'ક બોલ્યું: 'પિચકારી પાવરફુલ હશે કે...'

'ના, ભગવાન પાવરફુલ. ભગવાનની અલૌકિક લીલા.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓને મન સાધનની નહીં, પણ ભગવાનની જ મહત્તા.[૨]

## પાછળ રહેવું એમાં મજા છે

તા. ૨૭/૩ની સાંજે લાયન્સ ક્લબના મેદાનમાં ગાંધીધામના નાગરિકોનું જાહેર સન્માન સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૨૮/૩ની સવારે શહેરના વણકર વાસમાં સત્સંગ-લાભ આપ્યો. ત્યારબાદ તેઓ તા. ૨૯/૩ની બપોરે વિદ્યાનગર આવી પહોંચ્યા.

અત્રે આજની સાંજે તેઓનાં કરકમળો દ્વારા છાત્રાલયમાં કાર્યરત

---

૨. કચ્છ પ્રદેશમાં રેલાયેલી સ્વામીશ્રીની આ કલ્યાણ-ગંગામાં અવગાહન કરવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

'પ્રમુખસ્વામી કમ્પ્યૂટર ઇન્સ્ટિટ્યૂટ'ના નેજા નીચે PGDCA(પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઇન કમ્પ્યૂટર એપ્લિકેશન)ના અભ્યાસક્રમની શાખા ખૂલી.

યુનિવર્સિટી દ્વારા માન્ય આ વિદ્યારંભના સંકુલનું ઉદ્‌ઘાટન કરી, સ્વામીશ્રી અને રાજ્યપાલ શ્રી સુંદરસિંહ ભંડારી સભાસ્થળે આવ્યા.

અહીં મંચનાં પગથિયાં ચઢતાં સ્વામીશ્રીએ અચાનક એક સેવકનો હાથ છોડી દેતાં તેઓને કહ્યું : 'ગવર્નરને હાથનો ટેકો આપો.'

આટલું કહી સ્વામીશ્રીએ પાછળ આવી રહેલા ૭૮ વર્ષીય રાજ્યપાલને પગથિયાં ચઢવામાં કોઈ તકલીફ ન પડે તે માટે પોતાના સેવકને મોકલી આપ્યા !

સેવા અને સહાનુભૂતિની આ ભાવના સાથે સભામાં પધારેલા તેઓએ દીપ-પ્રાગટ્ય બાદ ધર્મ અને વિજ્ઞાનના સમન્વયની ઉન્નતિ સાધવા પ્રેરક વાતો કરી. માનનીય રાજ્યપાલે પણ આજે સાંપડેલા સ્વામીશ્રીના દર્શન-યોગને પોતાનું સૌભાગ્ય જણાવી આનંદ વ્યક્ત કર્યો.

આ આનંદનો આસ્વાદ તા. ૩૦/૩ની સાંજે ડભાસીને આપતાં બોચાસણ પધારેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૩૧/૩ની સવારે ચૈત્રી પૂનમનો સમૈયો ઊજવ્યો. ત્યારબાદ તેઓ બપોરે ૧:૫૦ વાગ્યે આરામમાં જવા માટે જે રીતે પલંગ પર પોઢ્યા તે જોઈ એક સંતે કહ્યું : 'બાપા ! આપ પલંગની પાછળની ધારને માથું અડી જાય એ રીતે કેમ સૂતા ? જરા આગળ સૂવું'તું ને ! આગળ જગ્યા ઘણી છે.'

આ સાંભળી સરળ સ્વામીશ્રી તરત બેઠા થયા અને થોડા આગળ ખસીને પાછા પોઢ્યા, પણ સૂતાં-સૂતાં તેઓ બોલ્યા : 'પાછળ રહેવું એમાં મજા છે. આગળ રહીએ તો પછડાટ પડે.'

પાછળ રહેવાની વાત સ્વામીશ્રીના જીવનમાં અગ્રસ્થાને હતી.

## સોળ આની વર્તન

તા. ૨/૪ના રોજ બોચાસણથી ભરૂચ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં આજની સાંજે નિર્માણાધીન મંદિરનો પ્રથમ સ્તંભ મુકાવાનો હતો. તે માટે જગતી પર પધારેલા સ્વામીશ્રીએ ક્રેનનું પૂજન કર્યા બાદ તેની ચાંપ દબાવી. તે સાથે જ આ યંત્ર દ્વારા કુંભી પર સ્તંભના વિવિધ ભાગો જોતજોતાંમાં ગોઠવાઈ જતાં સ્વામીશ્રીએ સ્તંભનો સ્પર્શ કરી તેને પાવન કર્યો.

આ અવસરે ૮,૦૦૦થી વધુ ભાવિકોએ ઠાકોરજીની તુલસી તુલા

કરવાનો લહાવો પણ લૂંટ્યો.

ત્યારબાદ તા. ૪/૪ની સવારે જોલવા ગામના હરિમંદિરની પટ-પ્રતિમાઓ પૂજી સ્વામીશ્રી આજની સાંજે નવસારી જવા નીકળ્યા.

પત્રવાંચનમાં વીતી રહેલી આ મુસાફરીમાં તેઓએ સાત વાગ્યાનો સમય થતાં આરતી-અષ્ટકનું આહ્નિક કર્યું. તે પછી સ્વામીશ્રી પોતાનો જમણો હાથ પાછળ તરફ વાળી ત્યાં બેઠેલા ત્રણેય સંતોને પગે લાગ્યા.

આ રીતે સદા નમ્રભાવે વર્તનારા તેઓ નવસારીમાં ભક્તોનું સ્વાગત ઝીલી ઉતારે પધાર્યા ત્યારે ઠાકોરજી થાળ જમી રહેલા. તેથી સંતોએ કહ્યું: 'આપણે ભોજનખંડમાં જઈને બેસીએ.'

પરંતુ 'ત્યાં જઈને બેસવું એના કરતાં અહીં જ બેસીએ' કહેતાં સ્વામીશ્રી ઠાકોરજી સમક્ષ સાવ નીચે જ પલાંઠી વાળવા ગયા. તે વખતે એક સંતે સમયસૂઝ વાપરી પાતળું બ્લેન્કેટ પાથરી દેતાં તે પર બિરાજી થાળગાન કરવા લાગેલા સ્વામીશ્રી વચ્ચે-વચ્ચે 'મહારાજ ! જમો... નવસારીના ભક્તોનો ભાવ જમો...' બોલતા જાય.

આ રીતે એક થાળનું ગાન પૂરું થતાં ગાયક યુવકો અટક્યા. જો તેઓ થાળનું બીજું પદ ગાવું શરૂ કરે તો સ્વામીશ્રી જમવા ન જતાં અહીં જ બેસી રહે. તેથી યુવકોએ થાળ-ગાનમાં પોરો ખાધો, પણ સ્વામીશ્રીએ જણાવ્યું: 'તમારા નિયમ પ્રમાણે જેમ બોલતા હો તે બોલો.'

આ આદેશ અનુસાર સૌએ શરૂ કરેલો બીજો થાળ પણ પ્રેમપૂર્વક બોલી સ્વામીશ્રી ભોજન કરવા ઊઠ્યા.

આવી ભક્તિનું સૌમાં પોષણ કરવા તેઓ તા. ૬/૪ની સવારે અહીંના નિર્માણાધીન નૂતન સભાગૃહ અંગે વિમર્શ કરવા બિરાજ્યા. તે વખતે માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'મંગળવારે અને રવિવારે ખાત ન કરવું. મંગળ છે તે ભૂમિપુત્ર છે. મંગળવારે ભૂમિને ખોદે તો એના દીકરા(મંગળ)ને દુઃખ થાય ને !'

આ ગણતરી સાંભળી એક કાર્યકરે પૂછ્યું: 'બાપા ! આપને પણ આવું જોવું પડે ?'

'આપણે ન કરીએ તો લોકો તો વિધિ-વિધાન સાવ મૂકી દે. 'પૂજા શા માટે કરવી ? આરતી શા માટે કરવી ?' એટલે ગુરુ સોળ આની વર્તે તો શિષ્ય એક આનો વર્તે.' સ્વામીશ્રી બોલ્યા.

## પામ્યા સાચા સાધુ સાક્ષાત્ રે

નવસારીમાં 'નારાયણસ્વરૂપ સભાગૃહ'ના નિર્માણ માટે ભક્તોએ સુવર્ણદાનની સરિતા વહેવડાવી દેતાં તા. ૭/૪ની સવારે ઠાકોરજીનો સુવર્ણતુલા મહોત્સવ ધામધૂમપૂર્વક સંપન્ન થયો. તેને અનુસરતાં, આજની સાંજે યોજાયેલી સભામાં કેટલાક મુમુક્ષુઓએ સ્વામીશ્રીના સંગે થયેલા પોતાના પરિવર્તનની ગાથા સંભળાવી.

આ ક્રમમાં આવેલા શ્રી ઠાકોરભાઈ મિસ્ત્રી મૂર્તિપૂજાનો વિરોધ કરતી એક સંસ્થામાં ૩૪ વર્ષથી સક્રિય કાર્યકરની ભૂમિકા અદા કરતા રહેલા. આ કાર્યકાળમાં તેઓ સંગઠનના અધ્યાપક, માનદ્ મુખ્ય અધિષ્ઠાતા, પ્રચાર મંત્રી વગેરે હોદ્દાઓ પરથી મૂર્તિપૂજાનું ખંડન કરતાં કંઈક ભાષણો આપી ચૂકેલા. કેટલાય સંવાદોમાં સામેલ થઈ તેઓ મૂર્તિપૂજાની મશ્કરી પણ કરતા આવેલા.

પરંતુ સન ૧૯૮૧માં તેઓના સંકુલમાં સ્વામીશ્રીએ પધરામણી કરી ત્યારથી સતત સાત વર્ષ સુધી આ મૂર્તિનિંદક મુરબ્બી સ્વામીશ્રીને પ્રસંગોપાત્ત નીરખતા રહેલા. જ્યારે-જ્યારે તેઓ સ્વામીશ્રીના સંપર્કમાં આવે ત્યારે તેઓને જબરજસ્ત શાતા અનુભવાય. આ અંગત અનુભૂતિનો કોઈ રીતે પ્રતિકાર થઈ શકે એમ નહોતો. તેથી તેઓનું હૈયું કબૂલી ઊઠ્યું કે *'રહી નહિ ઉધારાની વાત રે, પામ્યા સાચા સાધુ સાક્ષાત્ રે...'*

આ પ્રતીતિ સાથે સ્વામીશ્રીને ગુરુ તરીકે સ્વીકારનારા આ કેળવણીકારે આજે ભરસભામાં જણાવ્યું કે 'સાચા સંત તો જીવનદૃષ્ટિનું પરિવર્તન કરે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મારામાં એવું પરિવર્તન લાવ્યા કે જે હું મૂર્તિપૂજાની વિરોધી વિચારધારાવાળો હતો તેણે પછી તો (પેલી મૂર્તિપૂજા-વિરોધી સંસ્થાના) અધ્યાપક તરીકેની નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી અને મેં આ સ્વામિનારાયણ સંસ્કારધામમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની વિશાળ ચિત્રપ્રતિમા સેવામાં આપી. આ વિચારધારાનું પરિવર્તન કહેવાય. સાચા સંત આ ચમત્કાર કરી શકે.'

સ્વામીશ્રીના આવા ચમત્કારનો ચમકારો અનુભવનારા ખડસુપાના શ્રી નારાયણભાઈ પટેલ બે દિવસ પૂર્વે અત્રે યોજાયેલી પ્રતિષ્ઠિત મહાનુભાવોની સભામાં નિમંત્રિત હતા. રાત્રે નવ વાગ્યે શરૂ થયેલા આ સમારોહનો સ્વાનુભવ વર્ણવતાં તેઓએ મુક્તનિલયદાસ સ્વામી વગેરે સંતોને કહેલું :

'હું સ્વામિનારાયણનો કટ્ટર વિરોધી. મારા ગામમાં થતી સ્વામિનારાયણની સભામાં હું ક્યારેય ગયો નથી. આજે આ મંદિરમાં પ્રથમ વાર આવ્યો છું. ભાગવત અને રામાયણના ઘણા બધા કથાકારો તેમ જ મોટા મોટા સંતો-મહંતોને મળ્યો છું. પરંતુ આજે પ્રમુખસ્વામીજીને સાંભળ્યા ત્યારથી થયું કે એમના જેવા સાદી-સરળ વાતોમાં ઘણું સમજાવનારા, લોકોનાં જીવન-પરિવર્તન કરનારા, સમાજની આટલી બધી સેવા કરનારા સંતનાં પ્રથમ વાર જ દર્શન થયાં. મને ખૂબ જ આનંદ થયો છે.'

આવા જ કંઈક આનંદ સાથે નવસારીની એક અગ્રિમ હૉટલના માલિક શ્રી શબીરભાઈએ પણ આજથી પોતાની હૉટલમાં કદી માંસાહાર નહીં પીરસવાના શપથ લઈ સ્વામીશ્રીને સન્માન્યા.

આમ, જીવન-પરિવર્તનના આવા કંઈક પરચાઓની સાક્ષી બની રહી આજની સભા.

## આકાશમાંથી તો આવીને બેઠા છીએ

તા. ૮/૪ની સવારે નવસારીના મંદિર-સંકુલમાં નૂતન સભાગૃહનું ખાતમુહૂર્ત કરી સભામાં બિરાજેલા સ્વામીશ્રી આશીર્વાદ વરસાવતા હતા ત્યારે જ એક તસવીરકાર સામે આવી ફોટા પાડવા લાગ્યા. તેઓની આ હરકત શ્રોતાજનોને અવરોધરૂપ બનતી હોવાથી પોતાના પ્રવચનમાં જ સ્વામીશ્રી બોલ્યા: 'એય ફોટાવાળા! આમ જતા રહો. બેસી જાવ એક બાજુ. કથા-વાર્તા ચાલતી હોય ત્યારે વચ્ચે નહીં આવવાનું.'

આટલું કહી સ્વામીશ્રી પુનઃ પ્રવચન આગળ ધપાવવા ગયા ત્યાં જ તેઓએ પેલા ફોટોગ્રાફરને ખાતવિધિ માટે ગાળેલા ગર્તમાં ઊતરતા જોયા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'આમ નીચે જાઓ એનો વાંધો નહીં. અંદર જેટલા જવું હોય એટલા જવાનું, કારણ કે બહાર કાઢવા માટે તો અમે અહીં આવ્યા છીએ.'

તેઓના આ વિધાનથી સમગ્ર સભામંડપ હર્ષનાદથી ગાજી ઊઠ્યો.

એ ગડગડાટ વચ્ચે જ પોતાની અમૃતધારા આગળ રેલાવતાં સ્વામીશ્રીએ *'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...'* પદ પર નિરૂપણ કરતાં જણાવ્યું:

*'પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ...* અમથી પરોક્ષ રીતે તો સૌ ભક્તિ કરે છે કે એ...ય આકાશમાં ભગવાન છે, પણ આકાશમાંથી તો આવીને બેઠા છીએ. કોઈ ગેસ્ટ (મહેમાન) કાગળ નહીં, પત્ર નહીં ને એકદમ આવીને ઊભા

રહી જાય તો ઓહોહો... આનંદ આનંદ થઈ જાય ! ભાન ભૂલી જાય. એમ આપણને પણ અણચિંતવ્યું સુખ આવ્યું છે, તો હંમેશાં આનંદમાં, કેફમાં રહેવું. ડંકો વાગી ગયો છે આજ. શેનો ડંકો? નગારાંનો ધબ... ધબ... ધબ... ? એ તો વાગે છે, પણ આપણે ડંકો શું ? તો અક્ષરધામના અધિકારી બની ગયા છીએ એ ડંકો વાગી ગયો છે.'

## સાધુતામાં ખામી આવે તે ભીડો લાગે છે

નવસારીમાં સભાગૃહના નવનિર્માણનો પ્રારંભ કરી તા. ૮/૪ની સાંજે વિદાય લેવા તૈયાર થયેલા સ્વામીશ્રીએ સ્થાનિક સંતોને પોતાના ઓરડામાં એકત્રિત કર્યા. આ તેઓનો કાયમી ક્રમ રહેતો. પોતાની આજ્ઞા મુજબ સેવા-પરાયણ સંતોને સ્વામીશ્રી વિદાય વેળાએ ખૂબ ઉમળકાથી મળતા. તેઓના રોકાણ દરમ્યાન વિવિધ આયોજનોમાં વ્યસ્ત સંતો સ્વામીશ્રીનો નિકટથી લાભ ન મેળવી શક્યા હોય; પરંતુ આ મુલાકાતથી સૌને *'ખાતાં વળાવ્યાં ખોટનાં...'*નો અનુભવ થઈ રહેતો.

તે મુજબ આજે સ્વામીશ્રીએ સંતોને સુખની લહાણ કરી. તેની સાથે તેઓએ – 'સાધુ થયા છીએ તો શોભાડવું; કામકાજ થશે પણ સાધુતામાં ખામી ન આવવી જોઈએ; નિયમ-ધર્મમાં શિથિલતા ન આવવી જોઈએ;' વગેરે હિતોપદેશ સંભળાવી અંતે 'બધાએ સારી મહેનત કરી સમૈયો શોભાડ્યો છે' એમ રાજીપો પણ વરસાવ્યો.

સ્વામીશ્રીની આ સ્નેહવર્ષાથી ગદ્ગદ થઈ ઊઠેલા સંતો બોલ્યા : 'બાપા ! આપને અમારાથી ભીડો પડ્યો...'

'દેહનો ભીડો તે નથી લાગતો. સાધુતામાં ખામી આવે, નિયમ-ધર્મમાં ખામી આવે તે ભીડો લાગે છે.' સ્વામીશ્રીએ કહ્યું.

પોતાનો આ અભિપ્રાય પ્રગટ કરી અત્રેથી નીકળેલા તેઓ સરઈ અને સચીનને સુખ આપતાં સુરત પહોંચ્યા.

## ઊતરતાનો વાદ લે તે આગળ ન વધે

તા. ૯/૪ની સવારે દોઢસોથી વધુ મુલાકાતીઓને માર્ગદર્શન આપી મંદિરના વિકાસ સંબંધી એક મીટિંગમાં બિરાજેલા સ્વામીશ્રીએ મુદ્દાની વાત કરી કે –

'આપણે આપણી જ ગાય દોહવાની છે. અમે તો શાસ્ત્રીજી મહારાજના વખતથી જોતા આવ્યા છીએ. પરોક્ષના કોઈ આપી દેતા નથી. તેઓ તરફથી થોડું-ઘણું મળે. એનું આયોજન કરવામાં વાંધો નથી, પણ મારું કહેવું છે કે ઝાઝી આશા ન રખાય. હરિભક્તોને નિષ્ઠા છે એટલે કામ થાય છે. અત્યાર સુધી ખરડા થયા છે એમાં એના એ જ હરિભક્તોએ આપ્યા છે. ન આપી શક્યા તે મુશ્કેલીને કારણે નથી આપી શકતા. એને એનું દુઃખ પણ હોય છે.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં પડઘાતી ભક્તોની કદર કેટલી વિશિષ્ટ છે!

ભક્તોનું આવું માહાત્મ્ય સમજનારા તેઓને ભગવાનનો મહિમા પણ ભારોભાર જ!

તેથી તેઓએ તા. ૧૦/૪ની સવારે નિત્યપૂજા બાદ ઉતારે પાછા વળતાં સ્થાનિક સંત મુનિવંદનદાસ સ્વામીને પૂછ્યું: 'સ્ટેજની વ્યવસ્થા કોણ સંભાળે છે?'

'અક્ષરતિલક સ્વામી.'

'એમને કહેજો કે ઠાકોરજીને ખૂણામાં પધરાવ્યા છે તે એમ એક બાજુ ન હોય. પારાયણની પાટ અને મારા આસનની વચ્ચે ઠાકોરજી ગોઠવે. તેઓનું આસન (મારા આસનથી) ઊંચું અને આગળ રહે. તેમને બે વખત કહીને સમજ પાડજો.'

સ્વામીશ્રીની આ સૂચનામાંથી તેઓનો સેવકભાવ નીતરી રહ્યો.

તે સાથે તેઓ આજની રાત્રે વાળુ કરવા બિરાજ્યા ત્યારે એક સંતે પારાયણનો આસ્વાદ મમળાવતાં કહ્યું: 'આજે અદ્‌ભુત વાતો થઈ.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'સાંભળીએ છીએ, વાતો કરીએ છીએ, પણ જાણપણું નથી રહેતું. અભાવ-અવગુણની વાતો થાય છે. બીજાનો વાંક કાઢે, પણ તું તારે ભજન કરવાનું હોય તે કર ને! કોઈનું જોવાનું જ નહીં. કોઈનું જુએ તો આગળ વધાય જ નહીં. ચાલે પછી. સત્સંગમાં પડ્યા રહે. દુનિયામાં પણ ઊતરતાનો વાદ લે તે આગળ ન વધે. સારું કરતા હોય તેનો વાદ લેવો, પણ સૂઈ રહેતા હોય, નિંદા-ખટપટ કરતા હોય એનો વાદ લેવાથી આપણે અંતરે શાંતિ શું થાય?'

## આખા સુરતને રંગવું છે

તા. ૧૦/૪ની રાત્રે ભોજનથી પરવારેલા સ્વામીશ્રીનાં દર્શને આવેલા

શહેરના કમિશનર શ્રી જગદીશને સ્વાનુભવ વાગોળ્યો કે 'સૌરાષ્ટ્રમાંથી સુરત આવેલા જે લોકોમાં વ્યસન નથી તેનો ફાળો આપને જાય છે. સૌરાષ્ટ્રના લોકો સુખી હોય તો સ્વામિનારાયણ સંપ્રદાયને કારણે જ છે.'

એક અમલદારના આ અવલોકનમાં સ્વામીશ્રીનાં કાર્યોનો પડઘો સંભળાઈ રહ્યો.

તેની વચ્ચે પોઢેલા સ્વામીશ્રીએ તા. ૧૧/૪ની સવારે પોતાના ઉતારાની આગળ ઊભાં-ઊભાં જ ૨૦૦થી વધુ ભાવિકોને વર્તમાન ધરાવ્યાં. તેઓનો આ પરિશ્રમ જોઈ કાર્યકર શ્રી મોતીરામ લાડ બોલી ઊઠ્યા : 'બહુ થઈ ગયું !'

આ સાંભળી સ્વામીશ્રીએ પ્રતિભાવ આપ્યો કે 'આખા સુરતને રંગવું છે તો 'બહુ થઈ ગયું' એમ થાય તે ચાલે ?'

૭૮મા વર્ષે પણ સત્સંગ-પ્રસારની આ ધગશ સાથે મંડેલા તેઓએ આજની સાયંસભામાં જણાવ્યું કે –

'ગમે તેવો પાપી જીવ હોય પણ એની 'સ્વામિનારાયણ' મંત્રથી સારી ગતિ થાય છે. યમદૂતો કે કાળ, કર્મ, માયાનો પણ ભય રહેતો જ નથી. એવો બળિયો મંત્ર છે. આ મંત્રથી તો નરકના કુંડ ખાલી થઈ ગયા. આ સત્ય હકીકત વસ્તુ છે. બનાવટ, દેખાવ માટે નથી. આ મંત્રનું ઉચ્ચારણ કરવાથી સમાધિ થતી. આ મંત્ર એવો છે કે ઘરની અંદર કીડી-મકોડા, જીવ-જંતુ સાંભળે તો એની પણ સારી ગતિ થાય. આ મંત્ર ઘરમાં બોલે, રસ્તામાં બોલે, ગમે ત્યાં ગાડીમાં, પ્લેનમાં બીજે-ત્રીજે બોલીએ તો જે જીવોને સ્પર્શે, સમજાય એનું પણ કલ્યાણ થાય.'

આ આશીર્વાદના અનુસંધાનમાં આજના રાત્રિભોજન વખતે શ્રીજીનંદનદાસ સ્વામી બોલ્યા : 'બાપા ! આપે આજે જ્યારે મહારાજે ચલાવેલા સમાધિ પ્રકરણની વાત કરી ત્યારે આ ઘનશ્યામ સ્વામી કહી રહેલા કે આપ પણ સમાધિ કરાવી શકો એમ છો. છતાં ઐશ્વર્ય દાબીને વર્તો છો.'

'સમાધિ કરાઈ એટલે તો તમે આવ્યા છો બધા. આ સમાધિ જ છે. કાળ, માયાથી મુકાઈ ગયા એ સમાધિ જ છે ને !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ ઉદ્ગારમાં સમાધિની સાચી સમજ છે. અષ્ટાંગયોગની સાધનાથી પણ ન પમાય એ મુક્તિ સ્વામીશ્રી પોતાના શરણે આવનારાને સહજમાં આપતા.

## હેતે હૈયું થયું ટાઢું

આ અરસામાં ઊજવાઈ રહેલા સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી પર્વના ઉપક્રમે, તા. ૧૨/૪ની સવારથી સુરતના મંદિરનું પ્રાંગણ બાર કલાકની અખંડ ધૂનના ધ્વનિથી ગાજવા માંડ્યું. તેની સાથે વિવિધ વિસ્તારોમાંથી આવી રહેલી પ્રભાતફેરીઓ પણ ધજા-પતાકા અને બેનર સાથે રંગ જમાવતી હતી. ચારેકોર ફરી વળેલા મહામંત્રના આ ઉદ્‌ઘોષને વધુ બુલંદ બનાવતાં સ્વામીશ્રીએ આજે પોતાની પ્રાતઃપૂજામાં કીર્તનોને બદલે ધૂનગાન જ કરવાનો આદેશ આપ્યો. જો કે તેથીયે સંતોષ ન પામતા તેઓનાં ચરણ પૂજાવિધિ બાદ ઉતારા તરફ ન વળતાં અખંડ ધૂનના સ્થળે જઈ પહોંચ્યાં.

અહીં બંને હાથે માઇક્રોફોન પકડી પાંચેક મિનિટ સુધી ધૂન ઝિલાવ્યા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રીએ રાત્રિભોજન બાદ પૂછ્યું : 'ક્યાં ગયો વીંછી ?'

અહીંના કાર્યકર શ્રી જયેન્દ્રભાઈ વીંછીને તેઓ છેલ્લા કેટલાક દિવસથી શોધી રહેલા. અલબત્ત, રોજ મંદિરે આવતા આ યુવાન સ્વામીશ્રીને ભીડો ન આપવાનો આશય સેવી દૂરથી જ દર્શન કરી લેતા. તેથી સ્વામીશ્રી સાથે તેઓનો ભેટો થયો નહોતો. એટલે જ તેઓની ભાળ કાઢી લાવવા સ્વામીશ્રીએ સંતોને કહેલું. તે મુજબ આજે એ યુવક આવતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'હું તો ચાર દા'ડાથી જોઉં છું. તું તો દેખાતો જ નથી. ક્યાં ચાલ્યો ગયો છું ?'

આ સ્નેહાળ શબ્દો પેલા કાર્યકર પર હિમની જેમ વરસ્યા. તેથી તેઓ તો *'હેતે હૈયું થયું ટાઢું...'*નો અનુભવ કરી રહ્યા.

જેમ હજારોની ભીડમાં માતાની નજર પોતાના વહાલસોયાને શોધતી ફરે તેમ એક-એકની સંભાળ લેતા સ્વામીશ્રી જનનીને પણ ભુલાવી દે તેવા હતા.

## 'મારી ભૂલ શું ?' એમ પૂછીએ એ જ ભૂલ

તા. ૧૨/૪ની રાત્રે મુલાકાતો બાદ સ્વામીશ્રીને પોતાના ઓરડામાં એક અગત્યની બેઠકમાં પહોંચવું હતું, પરંતુ તે જ વખતે હાઇડ્રોલિક સિસ્ટમ દ્વારા ઊંચે ગયેલું તેઓનું આસન કોઈ યાંત્રિક ખામીને કારણે નીચે ઊતરતું નહોતું. તેથી થતો વિલંબ સ્વામીશ્રીને પોષાય તેમ ન હોવાથી તેઓ બે સેવકોના ટેકે નીચે ઊતરવા તૈયાર થઈ ગયા, પણ તેમ કરવામાં તેઓને કૂદવું પડે એમ હોવાથી સેવકે કહ્યું: 'ઘડીક ખમો. નાનું ટેબલ મૂકીએ. તેની પર

પગ મૂકી નીચે ઊતરો.'

'હાલ ને ભ'ઈ! આવા તો કેટલાય ડુંગરા ચઢી-ઊતરી ગયા છીએ. એવી પધરામણી કેટલીયે કરી છે. આજકાલનું થોડું છે!' આમ કહેતાં ઊંચા આસનેથી કૂદકો લગાવી નીચે ઊતરી ગયેલા સ્વામીશ્રી મીટિંગ માટે ઓરડામાં પ્રવેશી ગયા.

આમ, સત્સંગની સેવા માટે સામે ચાલીને પોતાના શરીરને અગવડોની વાડમાં ફંગોળી દેતા તેઓ સમક્ષ તા. ૧૩/૪ની બપોરે 'ગુણાતીતાનંદ સ્વામીનું અગાધ વ્યક્તિત્વ' પુસ્તક વંચાવા લાગ્યું. તેના આધારે વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

''જાણપણું એ જ રાખવાનું છે કે ક્રિયારૂપ ન થઈ જવાય. કથા-વાર્તા કર્યે રાખવાની. જ્યારે આપણને (સેવા) મૂકી દેવાનું કહે ત્યારે મૂકી દેવાનું. જેણે સોંપ્યું છે તે ના પાડે છે તો મૂકી દેવાનું. પછી ભલે ને દસ જણા આવીને કહેતા હોય, પણ આપણે એનો વિચાર જ નહીં કરવાનો ને! પણ તે ઘડીએ ગરબડ થાય કે 'ના, મારી પ્રતિષ્ઠાનું શું? મારી ભૂલ શું? મારી ખામી શું?' પણ 'મારી શું ભૂલ હતી?' (એમ પૂછીએ) એ જ પહેલી ભૂલ.

ભૂલ છે કે નથી એ તે (સત્પુરુષ) જાણે છે. બ્રહ્માનંદ સ્વામીની કાંઈ ભૂલ હતી? તોય મહારાજે કહ્યું : 'ઊપડો.' તો ઊપડી ગયા. આટલો સત્સંગ કરાવ્યો, મંદિર કરાવ્યું, જાહોજલાલી કરી તો દુઃખ થાય કે ન થાય? પણ તેમાં બીજો વિચાર ન હોય. આવો પ્રસંગ થાય ત્યારે સંકલ્પેય ન થવો જોઈએ. એને માટે દુઃખેય ન થવું જોઈએ, ક્લેશેય ન થવો જોઈએ. એટલો જ ઉત્સાહ પાછો બીજી સેવામાં.

સીતાજીને શું? ધોબીના કહેવાથી જ ઉપાડ્યાં હતાં ને! છતાં ધોબીનો અવગુણ લીધો? રામનોય ન લીધો. મારે રામની સાથે સંબંધ છે. મારે રામ જે કહે તે કરવાનું છે. ધોબીનુંય શું કામ છે ને કહેનારાનુંય શું? કહેનાર ભલે ને ગમે તે કહે. જેના થકી મોક્ષ માન્યો છે એ કે' છે કે 'મૂકી દો' એટલે મૂકી દેવાનું.''

સ્વામીશ્રીના મુખેથી સેવાની સંહિતા સરી પડી.

## શોભાની સમજ

તા. ૧૩/૪ની સાયંસભામાં કિશોરોએ રજૂ કરેલા પ્રેરક કાર્યક્રમ બાદ

સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે –

"આજના કિશોરો ઍક્ટરો અને ક્રિકેટરો પાછળ ગાંડા છે, પણ આપણે ભગવાન અને સત્સંગ પાછળ ગાંડા થવાનું છે. ઍક્ટર કે ક્રિકેટરમાં સુંદરતા મૂકનાર કોણ છે? તેની અંદર બુદ્ધિ અને કળા મૂકનાર કોણ છે? આ જાણપણું રાખે તો વિષયો મુકાઈ જાય. જગતની અંદર આપણને સાચો પ્રેમ ભગવાન અને સંત જ આપી શકે છે. તેને કોઈ સ્વાર્થ નથી. દુનિયામાં તો કામ પૂરતો સ્વાર્થ, પછી સૌ સૌના રસ્તે. તમારું જે થવાનું હોય એ થાય, એની કોઈને પડી નથી. પણ ભગવાન ને સંત આપે તે જ ખરો પ્રેમ છે. તે પ્રેમ આપણને સુખ-શાંતિ આપશે.

'આપણે કોણ છીએ?' એનો આપણને ખ્યાલ જ નથી એટલે આપણે ભટકીએ છીએ. આવો સત્સંગ એ આપણી ખાનદાની છે. ધર્મ એ આપણી ખાનદાની છે. ભગવાન સાથે પ્રીતિ કરવી એ આપણી શોભા છે. સારા કપડાં પહેરીએ એ શોભાની કિંમત નથી. જરિયાની વાઘા પહેરનારા જતા રહ્યા. સોનાની ખુરશીઓ ને સોનાની પાટ પર બેસનારા જતા રહ્યા. એ કાંઈ આપણી શોભા નથી. શોભા તો ચારિત્ર્ય, નીતિ-નિયમ. એને સાચવીને તમે ચાલશો તો ગમે તેવી મુશ્કેલીમાં પણ સુખ ને શાંતિ છે.'

ઉછાંછળી કિશોર અવસ્થાને સ્થિર-ધીર કરતો આ સદુપદેશ આપનારા સ્વામીશ્રીએ તા. ૧૪/૪ના રોજ બાળપેઢીને પણ લક્ષમાં લીધી. આજરોજ યોજાયેલા બાળદિનમાં તેઓ તરણાંઓની વચ્ચે વૃક્ષની જેમ છાયા વિસ્તારીને રાત્રિભોજન માટે બિરાજ્યા ત્યારે યોગી વીંછી[3] તથા ભક્તેશ મેવાવાલા નામના બાળકોએ સમૂહમાં 'गुणातीतोऽक्षरं ब्रह्म... मुच्यते भवबन्धनात्।' શ્લોક લલકાર્યો.

શિશુઓના આ મુખપાઠને બિરદાવતાં સ્વામીશ્રીએ તે બંનેને મિષ્ટાન્ન અપાવી કહ્યું: 'આ પ્રસાદ ખાવ એટલે ભવબંધન છૂટી જશે.'

સ્વામીશ્રીની નિશ્રામાં મુક્તિની સાધના કેટલી મીઠી અને સુગમ થઈ ગયેલી!

## આ તો જેટલું સારું એટલું નરસું છે

તા. ૧૬/૪ની સવારે અલ્પાહાર બાદ સ્વામીશ્રી પાસે આવેલા

---

૩. આ બાળક સમયાંતરે દીક્ષિત થઈ સાધુ વેદકીર્તિદાસ બન્યા.

ખાંભડાના હરિભક્તો પોતાના ગામમાં બનનારા મંદિર માટે આર્થિક સેવા લખાવવા માંડ્યા. આ ક્રમમાં જ્યારે કાર્યકર શ્રી પ્રફુલ્લભાઈ આવ્યા ત્યારે તેઓના એક સંબંધીએ સ્વામીશ્રીને ભલામણ કરી કે 'બાપા ! એ ધર્માદામાં સેવા આપે જ છે ને મંદિરમાં પણ ઘણો સમય સેવા માટે ફાળવે છે, તો એને ઝાઝી રકમ ન કહેતા.'

આ સાંભળતાં જ પેલા કાર્યકર્તા કહેવા લાગ્યા : 'સ્વામી ! એ કહે એની સામું ન જોતા. એ મારા દેહને ઓળખે છે. તમે મારા જીવને ઓળખો છો.'

સ્વામીશ્રીનો સત્સંગ એટલે સેવા-સમર્પણની સરિતા નહીં, પણ સાગર. અહીં આબાલવૃદ્ધ બાઈ-ભાઈનાં અંતર સેવા માટે સદાય તલસતાં જ રહેતાં.

આવા ભક્તો સહિત સૌની સુખાકારી માટે સ્વામીશ્રી તા. ૧૭/૪ની સવારે નૂતન છાત્રાલય અને અતિથિ નિવાસની ઇમારતનો ખાતવિધિ કરી ડુમ્મસ પધાર્યા. અહીં તેઓના વરદહસ્તે તા. ૧૮/૪ના રોજ સ્થાનિક હરિમંદિરનું ખાતમુહૂર્ત થયું.

તે પછી પણ અત્રે જ રોકાયેલા સ્વામીશ્રી સમક્ષ વિદેશમાં વિચરણ કરીને આવેલા બે સંતો તા. ૨૦/૪ની રાત્રે યાત્રાનો અહેવાલ રજૂ કરવા લાગ્યા. તેમાં પ્રોજેક્ટરની મદદથી શિબિરોમાં રજૂ થયેલા કાર્યક્રમોની વિગત આવતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ વસ્તુ એવી છે કે એમાં દૂષણ પણ ઘણાં આવી જાય. સારી સીડી(CD) આવે તેમ ખરાબ પણ આવે.'

'પણ આ સીડી તો આપણે જ બનાવીએ છીએ.'

'આપણે બનાવીએ, પણ જોઈએ તો પેલું આવે ને ! આ તો જેટલું સારું એટલું નરસું છે. તેમાં આપણો સત્સંગ જાય. આપણી સાધુતા ને નિયમ – બધું જાય. ઇન્ટરનેટ તો એથીયે ખરાબ. એમાંથી ઘણું પેસી જાય. આપણને થાય કે 'સત્સંગ વધારવામાં મદદરૂપ થાય.' પણ આપણો સત્સંગ ચાલ્યો જાય. માટે એનો સંકલ્પ ન રાખવો. સાધુતા રહેશે તો સત્સંગ રહેશે ને સમાસ પણ એની મેળે થશે.'

ઉપકરણોના ઉપયોગ અંગે આટલી દિશા ચીંધી ઇન્ટરનેટ વિષે પોતાની રુચિ વધુ ચોખ્ખી કરતાં સ્વામીશ્રી બોલ્યા :

'ઇન્ટરનેટને આપણે જોવું નહીં, હાથ અડાડવો નહીં. તે જોતાં-જોતાં બીજું થાય. તેના કરતાં માળા ફેરવો. ઇન્ટરનેટથી મન બગડે. આપણે જે કરવું તે સાધુના માર્ગમાં રહીને કરવું. આપણો સત્સંગ બગડે, આપણો ધર્મ બગડે

તેનું શું? ભલે કામ ઓછું થાય તેનો વાંધો નહીં. ખૂણામાં બેસીને ભજન કરવું. ઇન્ટરનેટ જોતાં-જોતાં આપણે ખલાસ થઈ જઈએ તેનું શું? મર્યાદા જાય તે કામ થયું ન કહેવાય. આપણી ભક્તિ જાય તે નકામું.'

વીજાણુ યંત્રોના વિનિયોગ અંગે સ્વામીશ્રીના વિચારો ખૂબ જ સ્પષ્ટ હતા.

## આ બ્રહ્મરૂપ થવાની શાળા છે

તા. ૨૧/૪ની સવારે ડુમ્મસથી સુરત પહોંચેલા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અહીં નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ દ્વારા સંચાલિત શૈક્ષણિક સંકુલમાં ગ્રંથાલય અને પ્રયોગશાળાનાં ભવનોનો ઉદ્‌ઘાટનવિધિ સંપન્ન થયો.

વિદ્યામંદિરની આ પ્રવૃત્તિને ઉત્તેજન આપી કડોદરા પધારેલા સ્વામીશ્રીએ અત્રે તૈયાર થયેલા નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

આ જ રીતે તેઓ માંડવીમાં નિર્માણ પામેલા નૂતન મંદિરમાં તા. ૨૨/૪ની સવારે મૂર્તિપ્રતિષ્ઠા કરી સાંકરી પહોંચ્યા ત્યારે અત્રે તેઓનાં કરકમળો દ્વારા બાળ કાર્યકરોના દિવ્ય સંનિધિ પર્વનો દીપ પ્રગટી ચૂક્યો.

તેના ઉજાસમાં શરૂ થયેલા સ્વામીશ્રીના આજના રાત્રિભોજન વખતે અગ્રેસર કાર્યકરો દ્વારા તેઓના ક્ષેત્રમાં સેવા આપતા સંતોના વિશેષ પ્રસંગોનું કથન આરંભાયું. આ ક્રમ સ્વામીશ્રીનું ભોજન પૂરું થતાં અટક્યો, પરંતુ હજી ઘણા સંતોનો પરિચય આપવાનો બાકી રહી ગયો હોવાથી સ્વામીશ્રી બોલ્યા: 'ચાલુ રાખો.'

આ સૂચના સાથે સંતોનું ગુણકથન સાંભળવા માંડેલા તેઓ છેક આરામના સમય સુધી ભોજનના આસન પર જ બેસી રહ્યા!

આ રીતે સતત દોઢ કલાક સુધી ગુણશ્રવણ કર્યા બાદ ઊભા થયેલા સ્વામીશ્રીએ તા. ૨૩/૪ની સવારે અહીંના નિર્માણાધીન મંદિરના ત્રણેય ખંડના ઉદુંબરનું પૂજન કરી નૂતન સંતનિવાસનો પણ ખાતવિધિ સંપન્ન કર્યો.

ત્યારબાદ બાળપ્રવૃત્તિનું સંચાલન કરતા સંતોની સભામાં પધારેલા તેઓને સંતોએ પૂછ્યું: 'બાપા! બાળ મંડળની પ્રવૃત્તિ સાથે આહ્‌નિકમાં શિથિલતા ન આવી જાય તે માટે શું કરવું?'

'આપણે જો નિયમિત હોઈએ તો એમાં શિથિલતા આવે જ નહીં.' એક જ વાક્યમાં સમાધાન આપી સ્વામીશ્રી વિશેષ ચોખ્ખું કરતાં બોલ્યા:

'આહ્નિક તો પાયો છે. એને ન ભુલાય. આહ્નિકમાં ભૂલ થાય છે એ જ સાધુની ખામી છે. પ્રવૃત્તિમાં જરૂર છે એટલું જ કરો. વધારે ઉત્સાહમાં આવીને કરશો તો બંધન થશે. માટે પ્રવૃત્તિ ઓછી થાય તો ઓછી, પણ મેઇન (મુખ્ય) આહ્નિક રાખીને કરો.'

સ્વામીશ્રીએ પોતાનું આ વલણ જણાવતાં સંતોએ પૂછ્યું: 'સ્વામી! કાર્યમાં સહકાર ન મળે ત્યારે કઈ સમજણ રાખવી?'

'સહકાર તો મળે જ છે. છતાં કોઈના સ્વભાવ પ્રમાણે ન મળે તો મહિમાની દૃષ્ટિ રાખવી.'

આ એક જ વાક્યમાં ખુલાસો આપી સ્વામીશ્રીએ આ વિષયને પણ વધુ ખુલ્લો કરતાં કહ્યું:

''જે કંઈ મળે એનાથી નિર્વાહ કરી લેવો. ચલાવી લેવું. આપણો આગ્રહ હોય પણ એમાં ફેરફાર કરીએ તો કોઈનો અભાવ ન આવે. સામાનું મન ફેરવવા કરતાં આપણું મન ફેરવવું વધુ યોગ્ય છે. આપણે તૈયારી કરી હોય ને કોઈ કહે, 'આમ નથી કરવું', તો મૂકી દેવું. એ વખતે આપણને થાય કે 'અમે આટલો બધો દાખડો કર્યો ને!' પણ તમારો દાખડો ભગવાનના ચોપડે લખાઈ ગયો. દરેક કાર્યમાં સો ટકા પ્રયત્ન કર્યા પછી પણ ન થાય તો ભગવાનની ઇચ્છા સમજવી.

આ બ્રહ્મરૂપ થવાની શાળા છે. એમાં શું એકડા-બગડા કરવાના છે? પણ ખમવું તે એકડો. કોઈ મૂરખ કહે તો હાથ જોડી દેવા, પણ સેવા-ભક્તિમાં મોળા ન પડવું. એટલે એક તો મહિમાની દૃષ્ટિ ને બીજું, ભગવાનના કર્તાપણાની દૃષ્ટિ હોય તો વાંધો ન આવે.''

સ્વામીશ્રીએ સેવાનો આ સરંજામ સજી આપ્યો ત્યારે સંતોએ વધુમાં પૂછ્યું: 'બાપા! કેટલાકને વાતો કરવાનું, આયોજન કરવાનું સહજ હોય, જ્યારે કેટલાકને એવી આવડત ન હોય. એમાં સારું કાર્ય કરવા શું કરવું જોઈએ?'

'તમે કહો છો પણ અમનેય હજી એવી આવડત નથી. અમે હજી એકેય મંડળ સ્થાપી શક્યા નથી. બાળકોને શું વાત કરવી એ હજી ખબર પડતી નથી. બાળકોને કેવી રીતે ટેકલ કરવા (સંભાળવા) એમાં જરાય ખબર પડતી નથી.'

આ નમ્રતાસભર વેણ ઉચ્ચારી સ્વામીશ્રીએ એ જ ભાવથી માર્ગદર્શન આપતાં કહ્યું: 'મૂળ તો બાળક સાથે બાળક જેવા થવું પડે એ જ રીત છે. બાળકોને શું જોઈએ છે એ સમજો એટલે ચાલે.'

પોતે અજમાવેલો આ ઉપાય ચીંધી સ્વામીશ્રીએ વિદાય લીધી.

## મોટામાં મોટો ભીડો

તા. ૨૫/૪ની બપોરે થયેલી બાળ કાર્યકરોના દિવ્ય સંનિધિ પર્વની પૂર્ણાહુતિ બાદ આ દિવસની સાંજથી જ સત્સંગ પ્રવૃત્તિના કાર્યકર્તાઓનું પર્વ આરંભાઈ ગયું.

તેમાં તા. ૨૭/૪ના રોજ સ્વામીશ્રી સાથે યોજાયેલી ગોષ્ઠીમાં કાર્યકર શ્રી હરીશભાઈ શાસ્ત્રીએ પૂછ્યું: 'બાપા! આપનો ભીડો ઓછો થાય અને આપને અખંડ આરામ રહે એ માટે અમે અમારી રીતે પ્રયત્ન કરીએ છીએ. પણ આપનો ભીડો કેવી રીતે ઓછો થાય એની સાચી રીત આપ જ કહો.'

લાગણીભીની આ પૂછપરછના પ્રતિભાવમાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"ભાવના સારી છે કે 'ભીડો આપવો નથી', પણ એમનો (સત્પુરુષનો) દેહ સેવા કરવા માટે જ અવતર્યો છે. એટલે શાસ્ત્રીજી મહારાજે ૮૬ વર્ષ સુધી અને યોગીજી મહારાજે ૮૦ વર્ષ સુધી પોતાનું કાર્ય ચાલુ જ રાખ્યું છે. એમણે પોતાના દેહનો ભીડો ગણ્યો નથી, પણ એમણે સોંપેલું જે કાર્ય આપણે બરાબર ન કરીએ તો ભીડો પડે. તમે સંપ ન રાખો, એકતા ન રાખો, એક રુચિ ન રાખો, એકબીજાના અભાવ-અવગુણ કહ્યા કરો તો એને ભીડો પડે કે ના પડે? આપણે તો (પાછા) પડ્યા, પણ બીજા પચાસને (પાછા) પાડીએ તો ભીડો પડે કે ના પડે?

એક જીવને સત્સંગ કરાવતાં નાકે દમ આવે. તેને અવગુણ-અભાવની વાત કરી ઘરભેગો કર્યો એ ભીડો પડ્યો કે ના પડ્યો? એટલે એ નથી ગમતું. તમે આ કરો એ મોટામાં મોટો ભીડો છે. બાકી દેહનો ભીડો તો તમે કહેશો તોય તે (સત્પુરુષ) ગણવાના નથી. એની મેતે (સેવા) કર્યા જ કરવાના છે. એને દેહની પરવા નથી. દેહ પોતાનો માન્યો જ નથી પછી શું? પણ 'આ આવો છે ને આ તેવો છે' એ જ ભીડો પડે છે."

## આ સંકલ્પ ભગવાન પૂરો ન કરે એ પ્રાર્થના

દિવ્ય સંનિધિ પર્વ દરમ્યાન સ્વામીશ્રીનાં ભોજનસત્ર વખતે સત્સંગલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનાં લેખાં-જોખાં પણ રજૂ થતાં.

તે ક્રમમાં તા. ૨૭/૪ની વાળુ વેળાએ વિદ્યાનગરના સંસ્થા-સંચાલિત

કમ્પ્યૂટર સેન્ટરની કાર્યવાહી વિવેકનિધિદાસ સ્વામીએ પ્રસ્તુત કરી, પરંતુ તેઓનો અહેવાલ પૂરો થતાં જ સ્વામીશ્રીએ સામેથી માઇક મંગાવી કહ્યું :

'અત્યારે કમ્પ્યૂટરની લાઇન જબરજસ્ત લાઇન છે. તેમાં પાછું પેલું ઇન્ટરનેટ આવ્યું. તેને જો વિવેક વગર વાપરે તો આપણા નિયમ-ધર્મ, જીવન ખલાસ કરી નાંખે. આજે કમ્પ્યૂટર એ રીતનું કરે કે તેમાં આરતી પણ યંત્રવત્ થશે, દંડવત્ એમાં ! પૂજા પણ એમાં !! પધરામણી પણ એમાં !!! હાથ-પગ પણ હલાવવા ન પડે. એમાં બધાને રસ પડે. સાધુને પણ એમાં રસ પડી જાય. આપણે ભજન કરવા આવ્યા છીએ પણ તે ભૂલી જવાય. પણ આપણને સંકલ્પ ન થવો જોઈએ. ગૃહસ્થને ભલે તેની જરૂર છે તે ઑફિસમાં લાવે, પણ આપણે એનાથી છેટા રહેવું.

જેટલો તેનાથી લાભ છે તેમ અનર્થ પણ એટલો જ થાય છે. આધ્યાત્મિક માર્ગમાં સંપૂર્ણ વિઘ્ન કરનાર વસ્તુ (ઇન્ટરનેટ) છે એ સમજી રાખજો. આજના દિવ્ય સંનિધિ પર્વની અંદર આ વાત કરું છું. તમારે જો દિવ્યતા પામવી હોય, જો દિવ્યતાનો આનંદ લેવો હોય, દિવ્યતાનું સુખ લેવું હોય તો આ યંત્રની અંદર પડવાનું નહીં. આધ્યાત્મિક માર્ગમાં તો જેટલી જાત-મહેનત કરશો એટલું કામનું છે. આપણે હાથ-પગ હલાવવા નથી ને અક્ષરધામ લઈ લેવું છે એ કેવી રીતે બને ?

'રાવણનો સંકલ્પ હતો કે એક્સેલેટર (એસ્કેલેટર) ગોઠવી દેવું ને સ્વર્ગમાં ચાલ્યો જાય, વગર મહેનતે ! પણ ભગવાને તેનો સંકલ્પ પૂરો ન કર્યો. માટે આય સંકલ્પ ભગવાન પૂરો ન કરે તે પ્રાર્થના કરીએ. આવા ખોટા સંકલ્પ કદાપિ પૂરા ન થવા જોઈએ. આ તો યંત્ર આવ્યું છે એટલે પેસી જશે, બંધન પણ થશે, એનો આગ્રહ પણ થશે ને એને માટે ન થાય તો મનમાં દુઃખ પણ થશે. પહેલેથી ચેતવવાની વાત છે કે એનો સંકલ્પ જ ઊઠવો ન જોઈએ. તેમાં ખબડદાર રહેવું, મજબૂત રહેવું. એનો પહેલેથી નિષેધ કરવો. યંત્રવત્ આપણું જીવન થવું જોઈએ નહીં. ભક્તિ માટે, સત્સંગ માટે આપણે જાતે ગામડે જવું પડે તોય ભલે, કાંટા વાગે તોય ભલે, કાંકરા વાગે તોય ભલે. મોડું-વે'લું થાય તોય ભલે, પણ જાતે જ કરવું છે. ડુ યુ અન્ડરસ્ટેન્ડ ?'

સ્વામીશ્રીએ આજે ઇન્ટરનેટનો રૂપાળો મુખવટો હટાવીને તેનો ભયાનક અને વિનાશક ચહેરો છતો કરી દીધો. ભવિષ્યનાં વિઘ્નોને પારખી જતી તેઓની દૂરંદેશી દૃષ્ટિએ આપેલા આવા સદ્‌બોધ ભવસાગર પાર

ઊતરવા માટે દીવાદાંડી સમા છે.

## સાપુતારામાં આદિવાસી સંમેલન

સાંકરીમાં સ્વામીશ્રીનું દિવ્ય સાંનિધ્ય માણવા ઊમટેલા ૬૫૦ કાર્યકરો અને ૨૦૦ સંતો સાથે એક ઉંદરડી પણ આવી ચડેલી! તેના રંજાડની વાત કરતાં તા. ૨૫/૪ના રોજ સ્વામીશ્રી બોલ્યાઃ 'રાત્રે બે વખત મારા માથા પરથી પસાર થઈ. આમ ગઈ... વળી, થોડી વાર પછી આમ ગઈ.'

આવા સંજોગોમાં સતત સાત દિવસ સુધી સૌને બ્રહ્મરસમાં તરબોળ કરી સ્વામીશ્રી તા. ૨૯/૪ની સાંજે બાજીપુરા પધાર્યા.

અત્રે તા. ૩૦/૪ના રોજ નવનિર્મિત મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા યોજાયેલી, પણ આ દિવસની પૂર્વ રાત્રિએ જ શ્રી ડાહ્યાભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રીના શરીરમાં તાવ પ્રવેશી ગયો. છતાં પ્રતિષ્ઠાવિધિ માટે સમયસર આવી પહોંચેલા તેઓના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા ત્યારે ગામવાસી ભક્તોનાં મુખ મલકી ઊઠ્યાં.

આમ, તાવથી તૂટતા શરીરે પણ આ ગામને ભગવાનની ભેટ આપી સ્વામીશ્રી તા. ૧/૫ના રોજ બુહારી તથા ઉનાઈને પાવન કરતાં સાપુતારા પધાર્યા.

અહીં પતંગ હૉટલના માલિકો શ્રી કનુભાઈ તથા ઉપેન્દ્રભાઈએ નિવાસની સઘળી વ્યવસ્થા પહેલા માળે કરી રાખેલી, પરંતુ સ્વામીશ્રીને આ સુવિધાઓનો ક્યાં ખપ હતો! તેઓ તો તલસી રહેલા અહીંના ભોળા આદિવાસીઓને મળવા. તેથી સાંજે પોણા છ વાગ્યે તો તેઓ પોસ્ટ ઑફિસ ગ્રાઉન્ડમાં યોજાયેલા આદિવાસીઓના સ્નેહમિલનમાં જઈ પહોંચ્યા. પરંતુ આ સમયે તાપ તીખો હોવાથી સંતોએ 'હજુ તડકો છે' કહી સ્વામીશ્રીને ગાડીમાં બેસી રહેવા વિનંતી કરી, પણ 'ઘણા વખતથી તડકો ખાધો નથી, આજે તડકો ખાવા મળશે,' કહેતાં ગાડીમાંથી ઊતરી ગયેલા સ્વામીશ્રીના ચહેરા પર સુદામાને મળવા અધીરા બનેલા કૃષ્ણની ભક્તવત્સલતા ચમકી રહી.

તે જોઈ હરખઘેલા બનેલા માલેગામના આદિવાસીઓએ પરંપરાગત વેશભૂષા અને નૃત્ય દ્વારા સ્વામીશ્રીને સત્કાર્યા. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની કલા પીરસી ચૂકેલા આ નૃત્યકારોનો આજનો ઉમંગ કંઈક જુદો જ વર્તાતો હતો. આ જ સ્થિતિ સભામાં બેઠેલા બે હજારથી વધુ આદિવાસીઓ સહિત સ્થાનિક ધારાસભ્ય અને સામાજિક અગ્રણીઓની પણ હતી.

તેઓ સાથે વાસુર્ણા અને ગાઢવી ગામના રાજવીઓએ સ્વામીશ્રીને હારતોરા પહેરાવ્યા, પણ આટલા અલ્પ સહવાસથીયે આ રાજાઓને સ્વામીશ્રીનું એવું ઘેલું લાગ્યું કે સભા બાદ તેઓ ઉતારે પણ આવી પહોંચ્યા. ફક્ત આદિવાસી ભાષા જ જાણતા આ આગેવાનો સાથે સ્વામીશ્રીએ દુભાષિયા તરીકે કાર્યકર શ્રી છોટુભાઈને રાખી વાર્તાલાપ ચલાવ્યો. તેમાં વાસુર્ણાના રાજવી શ્રી ચંદ્રસિંઘની આંખે આવેલી ઝાંખપની વાત જાણતાં સ્વામીશ્રીએ એક સંતને તેઓની સારવાર અંગે સૂચના પણ આપી દીધી.

## આગન્યામાં વસ્યા અહોનિશ રહી

રાજા અને પ્રજા સહિત સૌનું ધ્યાન રાખતા સ્વામીશ્રી તા. ૨/૫ની સવારે સાપુતારામાં સંસ્થા-સંપાદિત જમીન પર પુષ્પો પધરાવવા નીકળ્યા ત્યારે રસ્તામાં આવેલી એક આયુર્વેદિક નર્સરી પાસે કેટલાક સંતો ઊભેલા. તેમાંના એકે સ્વામીશ્રીની ગાડી ઊભી રખાવી તેઓને નર્સરીમાંથી આણેલી હરડેની લીલી ડાળખી બતાવી. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'તોડીને લાવ્યા ?'

'હા.'

'મહારાજની આજ્ઞા છે ને ! પૂછ્યા વગર ન તોડાય.' સ્વામીશ્રી બોલ્યા.

આ સમયે *'આગન્યામાં વસ્યા અહોનિશ રહી...'*નું તેઓનું સ્વરૂપ ચોતરફ વિસ્તરેલી વનશ્રી કરતાંયે અધિક સોહામણું દીસી રહ્યું.

તે સાથે સ્વામીશ્રી અહીંના મંદિરની સંભવિત ભૂમિ પર પુષ્પો પાથરી ગવર્નર હિલ પર પહોંચ્યા. અત્રે તેઓએ વિશાળ મેદાનની ચારેકોર ગાડી લેવડાવી સમગ્ર સાપુતારાને દૃષ્ટિ વડે પ્રસાદીભૂત કર્યું.

ત્યારબાદ નાગેશ્વર મહાદેવ થઈને સ્વામીશ્રીએ આદિવાસી કન્યા કેળવણીના મથક સમા ઋતંભરા વિશ્વવિદ્યાલયમાં પગલાં પાડ્યાં. તેઓની આ કૃપા જોઈ વિદ્યાસંકુલનાં ગર્ભશ્રીમંત સંચાલિકા શ્રી પૂર્ણિમા પકવાસા બોલી ઊઠ્યાં : 'આજે શબરીના ઘેર રામ પધાર્યા તેનો મને અત્યંત આનંદ છે.'

## ધરમપુરમાં આદિવાસી સંમેલન

તા. ૨/૫ની સાંજે સાપુતારાથી વિદાય લઈ આ વિસ્તારના અંતરિયાળ ગામ જામલાપાડા પધારેલા સ્વામીશ્રીએ અત્રે સત્સંગી શ્રી મોહનભાઈ ગામીતના નાનકડા ખોરડામાં નીચા નમીને પ્રવેશ કર્યો. અહીં સઘળે પુષ્પો

વેરતા તેઓએ આ આદિવાસી ભક્તનાં અનાજ, આવાસ વગેરેમાં ખૂબ ઊંડો રસ લીધો. નાગલી, અડદ, ડાંગર, વરઈ વગેરે ધાન્યનું તો સ્વામીશ્રીએ હાથમાં લઈ સૂક્ષ્મતાથી નિરીક્ષણ કર્યું. ત્યારબાદ તેઓ અનાજની કોઠીઓ પર હાથ મૂકી ભંડાર ભર્યા-ભાદર્યા રહે તેવા સંકલ્પ સાથે ગમાણમાં પણ ગયા. અહીં તેઓએ એક નાનકડી વાછરડી પર વરદહસ્ત પ્રસારી તેનેય કલ્યાણની અધિકારી બનાવી દીધી.

તે પછી સ્વામીશ્રી ઝૂંપડાના ફળિયામાં યોજાયેલી સભામાં જઈ બિરાજ્યા ત્યારે ગુજરાતના નકશામાં જેનું ટપકુંય ન આવે એવા આ ગામમાં ઘાસ-પૂળાની છત નીચે બિરાજેલા તેઓને જોઈ, 'કૂબામાં હાથી પેઠા'ની કલ્પના વધુ એક વાર સાકાર થઈ ઊઠી.

આ જ કરુણા સાથે સ્વામીશ્રી વિચરણના આગામી કાર્યક્રમમાં વઘઈ, ચારણવાડા અને કોસંબાને પાવન કરતાં તા. ૩/૫ની સાંજે ધરમપુર પધાર્યા.

અત્રે તેઓ શ્રીજીના પ્રાસાદિક હનુમાનજી મંદિર, પીપળો, વાવ, મહેલની જાયગા તથા કુશળકુંવરબાની દેરીએ દર્શન કરીને ગામના તળાવે વસેલા વિશાળ મેદાનમાં પહોંચ્યા ત્યારે ૮,૦૦૦થી વધુ આદિવાસીઓએ પ્રચંડ જયનાદથી તેઓને આવકાર્યા. આદિવાસી સ્નેહમિલન સમારોહ નિમિત્તે એકત્રિત થયેલા આ સમુદાયના એકેએક વ્યક્તિની લાગણીને વાચા આપતાં નિર્દેશક શ્રી શંકરભાઈ પટેલે જણાવ્યું :

'આ આદિવાસીઓ ઘણી વાર કહે છે કે – સ્વામિનારાયણ ભગવાન અમા મિડના ને પ્રમુખસ્વામી બાપા મિડના ને અમણા જીવન પરિવર્તન વીગુંવા. આજ આમી ખૂબ હાંજાં જીવન જીવી રહુંના આહે ને છોકરાં યાં જીવન બદલાય ગુવાં. તીં ભી જીવન હાંજાં જીવે. તિલક-ચાંદલો કરીને નિહાળમાં જાયતાય.'

સ્વામીશ્રી દ્વારા પોતાના જીવનમાં અને કુટુંબમાં ફૂંકાયેલો પરિવર્તનનો આવો પવન જ આ સૌ વનવાસીઓને દૂર-દૂરનાં ગામોમાંથી અહીં તાણી લાવેલો. ધોડિયા, વારલી, કુકણા, નાયકા, કોળચા વગેરે જાતિઓના આ સમૂહમાં કેટલાક મણના મોઢે દારૂ ગટગટાવનારા હતા, તો કેટલાક મરઘાંનાં ચાખણાં કરનારા હતા. આ મનુષ્યોની જાણમાં કોઈક પશુમરણના સમાચાર આવે તો તેઓ તરત જ ત્યાં કપડાના કકડા અને છરા લઈને ધસી જતા. મૃત ઢોરના કટકા કરી જ્યાફત ઉડાવતા અને વધેલા લોચા ગાંઠે બાંધી ઘેર લઈ

આવતા. એ લોચાને લોટામાં ભરી બાળકો નિશાળે જતા !

પરંતુ આજે કોલસામાંથી કોહિનૂર બનેલા તેઓના કપાળમાં તિલક-ચાંદલા ઝળકી રહેલાં. અભક્ષ્ય આહારનું સ્થાન પ્રભુપ્રસાદે અને ગાળાગાળી તથા મારામારીની જગ્યા ભજન-સ્મરણે લઈ લીધેલી. બાધા-આખડીઓમાં આખડતા-બાખડતા તેઓ ભગવાનના બળે જીવતા હતા, તો શિક્ષણમાંય કાઠું કાઢીને કૉલેજોનાં ચંદ્રકો મેળવનારા બનેલા.

સ્વાનુભવની આ વિગતો કોસમકૂવાના રાયચંદભાઈ તથા કાળુભાઈ વગેરેએ સભામાં જણાવી ત્યારે મંચ પર ઉપસ્થિત વન-પર્યાવરણ મંત્રી કાનજીભાઈ પટેલ બોલી ઊઠ્યા: 'સરકાર આદિવાસીઓનો ઉત્કર્ષ કરવા ૫૦ વર્ષથી પ્રયત્ન કરી રહી છે. લાખો, કરોડો રૂપિયા દર વર્ષે ખર્ચે છે, છતાં પરિણામ દેખાતાં નથી. જ્યારે એ જ કામ સંતો ઉપાડી લે છે ત્યારે કેવું થાય છે તે આજે જોવા-જાણવા મળ્યું.'

આદિવાસી ઉત્કર્ષના આ કાર્યને બિરદાવતાં ધરમપુરની નગરપાલિકાએ આજે સ્વામીશ્રીને સન્માનપત્ર આપી નવાજ્યા, તો વનવાસીઓએ પરંપરાગત ચાહઠી નૃત્ય દ્વારા પરિવર્તનનો આનંદ વ્યક્ત કર્યો. તેને અનુસરતાં શરૂ થયેલા સન્માનના ક્રમમાં આધેડ વયના ભગુભાઈએ સ્વામીશ્રીને સાવ સાધારણ હાર પહેરાવી વધાવ્યા. તે પ્રાસાદિક હાર જ્યારે સ્વામીશ્રી તે ગ્રામીણ જનને પહેરાવવા ગયા ત્યારે તે ભાઈના મસ્તક પરની ટોપી હાથનો હેલો લાગતાં નીચે પડવા ગઈ. આ બાબતથી પેલા ભાઈ તો સાવ અજાણ હતા, પરંતુ સદા સતર્ક સ્વામીશ્રીએ તે પડતી ટોપી તરત જ પકડી લીધી અને તે ભાઈને પરત કરી. અહંશૂન્યતાથી સભર તેઓની આ સ્નેહાળ સંભાળ આજના સંમેલનની એક સ્મરણીય ક્ષણ બની રહી.[૪]

## કલ્યાણને અર્થે મંદિરોનું નિર્માણ

ધરમપુરના આદિવાસી સંમેલનમાં અમૃતધારા વરસાવી કોસંબા પરત પધારેલા સ્વામીશ્રીએ તા. ૪/૫ની સાંજે વલસાડના મોંઘાભાઈ દેસાઈ હૉલમાં

---

૪. સાપુતારા અને ધરમપુરમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલાં આદિવાસી સંમેલનોમાં સામેલ થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કૅમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

શહેરના નામાંકિત અગ્રણીઓની સભાને સંબોધી. આમ, ઊજળા-દૂબળાને સમાનભાવે હળતા-મળતા તેઓએ તા. ૫/૫ની સવારે સરેણ ગામના હરિમંદિરની પટપ્રતિમાઓને પૂજી આજની સાંજે ઠાકોરજીનો સુવર્ણતુલા મહોત્સવ ઊજવ્યો.

તીથલમાં બંધાઈ રહેલા શિખરબદ્ધ મંદિરની પુષ્ટિ માટે યોજાયેલા આ પ્રસંગે હરિભક્તોએ રેલાવેલા સમર્પણના સાગર આગળ, સામે જ ઊછળતો અરબી સમુદ્ર પણ ઝંખવાણો બની ગયો, કારણ કે સાગરકાંઠાનાં આ બાઈ-ભાઈ ભક્તોની સેવાથી આજે હરિકૃષ્ણ મહારાજ ૫૩ વાર તોળાયા !

સૌમાં ભક્તિનો આવો જુવાળ જન્માવતા સ્વામીશ્રીએ તા. ૬/૫ની સવારે જૈન સંકુલ શાંતિનિકેતન અને સાંજે આંવાબાઈ હાઈસ્કૂલમાં પધારીને પણ ધર્મલાભ આપ્યો.

આવી જ ધર્મનિર્મળી તેઓએ તા. ૭/૫ની સવારે કોલક ગામની સાર્વજનિક શાળાના વટવૃક્ષ તળે યોજાયેલી સભામાં ઉડાડી. ત્યારબાદ બપોરે એક વાગ્યે સેલવાસ પહોંચેલા સ્વામીશ્રી તા. ૮/૫ની સવારે ગલેન્ડા પધાર્યા.

અત્રે તેઓના આગમનને આદિવાસી ભક્તોએ ઢોલ પર દાંડી પીટી વધાવ્યું. આ નાદના તાલે કેડે ડાળખાં-પાંદડાં બાંધેલાં બાળકો તેઓની લાક્ષણિક શૈલીમાં નાચવા લાગ્યાં. આ ભોળા ભાતીગળ ભક્તિભાવથી રીઝેલા સ્વામીશ્રી પણ ઢોલના તાલે તાળી દેતાં નૃત્યકારોના ઘેરામાં જઈને ઊભા રહ્યા. આદિવાસીઓ સાથે ઓતપ્રોત તેઓનું આ ચરિત્ર સૌ માટે સ્મરણીય બની રહ્યું. તેથી ઊપજેલા આનંદ-કિલ્લોલ વચ્ચે જ સ્વામીશ્રીએ ગામની પાણી પુરવઠા યોજના દ્વારા તૈયાર થયેલા કૂવાનું ઉદ્‌ઘાટન કરતાં સંકલ્પ કર્યો કે 'જે આ કૂવાનું પાણી પીએ તે સત્સંગી થાય.'

આવી જ ઉમદા ભાવના સાથે તેઓએ ગામમાં નિર્માણ પામેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. આ પ્રતિષ્ઠાવિધિની પૂર્ણાહુતિનો સંકલ્પ કરાવતાં શ્રુતિપ્રકાશદાસ સ્વામી બોલ્યા: 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ગુજરાતના આ કેન્દ્રશાસિત પ્રદેશમાં આદિવાસી જનોના લાભાર્થે મંદિર ખુલ્લું મૂકી રહ્યા છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ સુધરાવ્યું કે 'કલ્યાણાર્થે... કલ્યાણને અર્થે કહો.'

આ હેતુસર મંદિરો બાંધતા તેઓએ આજે પ્રતિષ્ઠાની આરતી ઉતાર્યા બાદ પ્રદક્ષિણા ફરી દંડવત્ કર્યા; પરંતુ જેવા તેઓ દંડવત્ કરીને ઊભા થયા કે

બાજુમાં ઊભેલા એક સેવકને પૂછ્યું : 'તમે દંડવત્ કર્યા ?'

તે સંત આ ભક્તિ ચૂકી ગયેલા. તેથી સ્વામીશ્રીએ કહ્યું : 'દંડવત્ કરી જ લેવાના. તેમાં પાછા ઉતાવળ ન કરતા. શાંતિથી કરજો. હું બારણા આગળ ઊભો છું.' આમ કહી તેઓ પેલા સંત દંડવત્ કરીને આવ્યા ત્યાં સુધી બારણે રાહ જોતાં ઊભા રહ્યા.

આ ભક્તિભાવ સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૧૦/૫ની સવારે નાની તંબાડી ગામના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી તા. ૧૧/૫ની સાંજે મુંબઈ પધાર્યા.

## આ બે વાતને સલામત રાખો

મુંબઈમાં આવતાંવેંત તા. ૧૨/૫ની સાયંસભામાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

"ભગવાન સાચા છે, સત્પુરુષ સાચા છે, સત્સંગ પણ સાચો છે, હું જ સાચો નથી – આટલું જ આપણે શીખવાનું છે. આ બધું જ દિવ્ય છે અને એ દિવ્યતા મારે લાવવી છે. પણ બધામાં દિવ્યતા દેખાશે તો પોતાનામાં દિવ્યતા આવશે. આ વાતને રીપીટ (પુનરાવર્તિત) કરવી જ પડે. એક વાર નહીં, દસ-દસ વાર કરવી પડે. 'આ તો એની એ જ લપ છે' એમ થાય તો થઈ રહ્યું ! પણ એ કર્યે જ છૂટકો છે. *એ જ ચને કી દાલ, એ જ ચને કી રોટી...*

એ જ શ્રીજીમહારાજથી કલ્યાણ, યોગીજી મહારાજથી કલ્યાણ. આ આપણા નિશ્ચયમાં રહેવું જોઈએ. બાકીની બધી વાત પર રોલર ફેરવવાનું. મોટું બુલડોઝર ફેરવી દેવાનું.

આ બે વાતને સલામત રાખો. બસ ! એને વિષે કોઈ દા'ડો ભાવફેર ન થાય, એનો કોઈ જાતનો અવગુણ ન આવે. એની કોઈ વાતમાં, ક્રિયામાં દોષ ન આવે. પછી ગમે તે ક્રિયા કરશો તો તમને બંધન પણ નહીં થાય, દુઃખેય નહીં આવે અને મોક્ષમાંય ખામી નહીં આવે. એને મૂકી દેશો તો બધી ખામી છે, બધું જ આપણને આડું આવશે અને બધું દુઃખ થશે."

આ હિતોપદેશ સંભળાવી સ્વામીશ્રી તા. ૧૩/૫ની સવારે નવી મુંબઈના વાશી વિસ્તારમાં પધાર્યા. અત્રે તેઓની નિશ્રામાં ૧૩૫ એકરની ભૂમિ પર નિર્માણાધીન સંસ્થાકીય સંકુલનું ભૂમિપૂજન સંપન્ન થયું. આ અવસરે ઉપસ્થિત રહેલા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી સહિત અનેક

શ્રેષ્ઠીઓને આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી દિવ્યેશભાઈ સેજપાલના ઘેર પધાર્યા.

અત્રે બપોરનાં ભોજન અને વિશ્રામ લઈ તેઓએ આજની સાંજે એ.પી.એમ.સી. બજારને પાવન કરી. અહીં ગાડીમાં બેઠાં-બેઠાં જ બધે પુષ્પો વેરી દાદર વિસ્તારના કામગાર ક્રીડા કેન્દ્રમાં પહોંચેલા સ્વામીશ્રીએ યોગી જયંતીનો ઉત્સવ ઊજવ્યો.

## વીસમી સદીની મહાનતમ ઘટના

તા. ૧૪/૫ની રાત્રે સ્વામીશ્રી શયનાધીન થઈ રહેલા ત્યારે પવઈ-સ્થિત મંદિરની વાડીમાં પાકેલી કેરીઓની વાત નીકળી. તે સાંભળી સ્વામીશ્રી વિવિધ મંદિરોના ઠાકોરજી માટે આ કેરીઓ મોકલવાનું કહી પોતે જ કયા કયા મંદિરમાં કેટલી કેરીઓ પહોંચાડવી તે બોલવા લાગ્યા.

આ ક્રમમાં તેઓએ ગોંડલનું નામ ઉચ્ચાર્યું ત્યારે કો'કે કહ્યું: 'ગોંડલમાં તો ઢગલો કેરી છે.'

'ભલે ઢગલો હોય. તમે સમજો. જોગી મહારાજનું છે. ગમે તેટલી હોય તોય આની વાત જુદી છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના આ ઉદ્‌ગારમાંથી ઊઠેલો ગુરુભક્તિનો રણકો સૌને રોમાંચિત કરી ગયો.

પરંતુ સ્વામીશ્રીની ગુરુભક્તિ જેવી અનોખી તેવી જ તેઓની પરાભક્તિ. તેની ઝાંખી તા. ૧૫/૫ની બપોરને મળી.

આ સમયે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ 'પ્રકાશ' સામયિકમાંથી 'દેખી છબી સાંવરી' લેખ વંચાઈ રહેલો. તેમાં પરમહંસોએ લખેલા શ્રીજીમહારાજની રૂપછટાનાં વર્ણનો સાંભળી એક ભક્તે પૂછ્યું: 'શ્રીજીમહારાજનું રૂપ તો સામાન્ય હતું, છતાં પરમહંસોએ આવું કેમ લખ્યું હશે ?'

બુદ્ધિની પેદાશ સમા આ સંશયનું નિવારણ કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

'જેને વિષે મહિમા સમજાયો હોય એને વિષે પ્રેમ ઊપજે. તેને માટે એવો ભાવ જાગે કે તેનું બધું સારું લાગે. ભગવાનનું રૂપેય અલૌકિક છે, વાણી અલૌકિક છે. તેમનું કાર્ય અલૌકિક છે. એમના દરેક ગુણ દિવ્ય, દિવ્ય ને દિવ્ય છે. જે ભક્ત થાય એને એવું વર્તે. મીરાંએ કહ્યું: *'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ.'* નરસિંહ મહેતાએ કહ્યું: *'મારે શામળિયા...'* પરમહંસોને

શ્રીજીમહારાજની મૂર્તિનું જ વર્ણન. કેટલું સરસ વર્ણન! અંગેઅંગનું વર્ણન. ઉત્સવ-સમૈયાનું વર્ણન. એ બધા મૂરખ ન'તા. બધા વિદ્વાન, પંડિત, સમજદાર હતા. છતાં એમને દિવ્યતા સમજાઈ ગઈ તો બીજું બધું કૂચા લાગે એને.'

સ્વામીશ્રીનો આ ભક્તિભાવ સૌને અહોભાવ ઉપજાવી ગયો.

આવો જ ભાવ આ અરસામાં, ગુજરાતના એક કટાર લેખકની કલમેથી પણ વહી છૂટ્યો. 'દેશને દુનિયામાં રોશન કરનારા ચાલુ સદીના ભારતીય મહાનુભાવો' શીર્ષક હેઠળ તા. ૧૭/૫ના રોજ પ્રસિદ્ધ થયેલા લેખમાં ડૉ. ભરત ગરીવાલાએ જણાવ્યું કે –

*'વિશ્વના નેતાઓ, રાજપુરુષો, બૌદ્ધિકો, કરોડપતિઓ બધા જેમને મન એકસરખા છે અને તેમને વંદન કરવા આવે છે તેવા મહાન સંતપુરુષ પ્રમુખસ્વામી મહારાજે, ભારતમાં અવતરી દેશને પાવન કર્યો છે તેનાથી વધુ મોટી ઘટના વીસમી સદીમાં કઈ હોઈ શકે! સ્વામિનારાયણ સંપ્રદાયના આ મહામાનવ પ્રાતઃસ્મરણીય સંતપુરુષે વિશ્વભરમાં ભારતનું નામ અમર બનાવી દીધું છે. આવા સંતપુરુષને મહામાનવ કે લેજન્ડ (દંતકથારૂપ વ્યક્તિત્વ) કહેવાને બદલે બસ! 'ગુરુ ભગવંત' કહી તેમની ચરણરજ લઈએ એ જ કલ્યાણ છે.'*

## આ આપણો આધ્યાત્મિક પરિવાર છે

તા. ૨૧/૫ની સવારે મુલાકાતોથી પરવારી સ્વામીશ્રી શૌચ-સ્નાન માટે જવા ઊભા થયા. તે માટે તેઓએ ગાતરિયું એક કોરે મૂકી કાને જનોઈ પણ ચઢાવી દીધી, પરંતુ આ જ સમયે એક સંત કો'ક યુવકને લઈ આવી પહોંચ્યા. તેઓની વાત સ્વામીશ્રીએ શાંતિપૂર્વક સાંભળી શાતા પમાડી. આ કામ પત્યું ત્યાં જ અન્ય એક સંત આવી બોલ્યા : 'ચાર-પાંચ મળનારા છે.'

'બોલાવો.' લેશ પણ અણગમો દાખવ્યા સિવાય આટલું કહી સ્વામીશ્રી ગાતરિયું ઓઢી દરેકને વારાફરતી મળ્યા.

પરંતુ તેમાંના છેલ્લા મુલાકાતીએ ઓરડાની બહાર પગ મૂક્યો ત્યાં જ એક સંત બે ભાવિકોને લઈ અંદર પ્રવેશ્યા. તેઓને પણ પ્રેમથી સાંભળી માર્ગદર્શન આપ્યા પછી જ સ્વામીશ્રી શૌચવિધિ માટે પધાર્યા.

આમ, સત્સંગીની સંભાળ લેવામાં શરીરની સૂધ લેવાનું પણ વીસરી જતા તેઓએ તા. ૨૩/૫ની સાયંસભામાં આત્મીયતાનો એકડો ઘૂંટાવતાં કહ્યું :

'હરિભક્તો આપણું કુટુંબ છે, ભગવાન અને સંત આપણાં માતા-પિતા છે. આવો સંબંધ જો આપણે દૃઢ કર્યો હોય તો પછી એને માટે આપણે ખૂબ કાર્ય કરી શકીએ. આ આપણો આધ્યાત્મિક પરિવાર છે. આમ આપણે જુદી-જુદી જ્ઞાતિના છીએ, છતાં મહારાજે કહ્યું: 'આ અમારી નાત છે.' તો એ ભાવ રાખીને આપણે કાર્ય કરવાનું. કોઈ પણ જ્ઞાતિના હોય પણ સત્સંગી થયા એટલે જુદા રહ્યા નહીં. જે રીતે આપણે કુટુંબમાં વર્તતા હોઈએ તે પ્રમાણે સત્સંગમાં આપણો સુમેળ રહે.'

## સ્નેહ, સ્મૃતિ અને સાદગીનું પ્રયાગ

તા. ૨૭/૫ની સવારે 'પ્રમુખસ્વામી આઇ હૉસ્પિટલ'ની મુલાકાતે પધારેલા સ્વામીશ્રી અહીં નિરીક્ષણ દરમ્યાન પ્રતીક્ષાલયમાં ઊભેલા ડૉ. વિનુભાઈને જોતાં બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજને છેલ્લે તપાસનારા ડૉ. ભાલચંદ્રભાઈ તે આ વિનુભાઈના પિતા. અમારે (ટ્રકનો) ઍક્સિડન્ટ થયેલો ત્યારે પણ તેઓ પહોંચી ગયા હતા.'

સ્વામીશ્રીનાં આ સ્નેહ અને સ્મૃતિ જોઈ પેલા આગંતુક તો ભાવવિભોર બની ગયા.

આવી જ આત્મીયતા સાથે હૉસ્પિટલના કર્મચારીઓને મળી મંદિરે પધારેલા સ્વામીશ્રી આજની સાંજે સભામાં જવા નીકળ્યા ત્યારે તેઓએ બેઠકખંડમાં નકશો પાથરીને બેઠેલા યોગીચરણદાસ સ્વામી તથા યુવક શ્રી મૂલચંદને જોયા. તેથી તેઓ પાસે પહોંચી સ્વામીશ્રીએ પૂછ્યું: 'શું છે આ?'

'નૈરોબીમાં મંદિરની સાથે આપનો નવો ઉતારો બને છે, તેના કામ માટે બેઠા છીએ.'

આ હેતુ જાણી સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'ત્યાં પૈસાની ખેંચ છે એટલે સગવડ પૂરતું કરજો. વધારે ખર્ચ ન કરતા. અમે ત્યાં બે-ચાર વરસે જઈએ. માટે જેટલી સાદાઈ થાય તેટલું કરજો.'

સાદગીના સૂર તો સ્વામીશ્રીની જીવનવીણામાંથી નિત્ય નિરંતર રેલાતા જ રહેતા.

## સ્વામિનારાયણ સેતુનું સર્જન

તા. ૨૯/૫નો દિવસ બાળદિન તરીકે ઘોષિત થયેલો હોવાથી

સ્વામીશ્રીના આજના અલ્પાહાર વખતે બાળકોનું સામ્રાજ્ય છવાઈ ગયું. તેમાં ઉપાસનાલક્ષી એક પ્રશ્નોત્તરી દરમ્યાન બાળક શ્રી જયેશ પાનેરા વચનામૃતનું અવતરણ બોલ્યો કે 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે.'

આ વાક્ય પૂરું થતાં સંચાલક જવાબને સાચો ગણી આગળ બીજો પ્રશ્ન પૂછવા ગયા, પરંતુ ત્યાં જ તેઓને અટકાવી સ્વામીશ્રીએ બાળક દ્વારા બોલાયેલું અધૂરું વાક્ય પૂરું કરતાં કહ્યું: '...એમ પોતે સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'

આટલું કહી તેઓએ સંચાલકને જણાવ્યું: 'શાસ્ત્રીજી મહારાજે જે સ્વરૂપો પધરાવ્યાં છે તે એટલા માટે કે બધા જાણે. મહારાજ પણ એટલા માટે પૃથ્વી પર પધાર્યા હતા. આ મુદ્દાની વાત રહી જાય નહીં એ રીતે જ્ઞાન આપવું.'

સ્વામીશ્રીએ જાણે ધડ પર શિર ગોઠવી આપ્યું! કોઈ પણ અધૂરપને નિવારી તેઓ વાત અને વ્યક્તિને સંપૂર્ણતા આપતા.

તેઓની આવી કાર્યશૈલીના સાક્ષી સમા અમૃત મહોત્સવને જોઈ મુંબઈના રાજકીય અગ્રણીઓ શ્રી કિરીટભાઈ સોમૈયા વગેરેના મનમાં એ ઉત્સવ-સ્થળ નજીક નિર્માણ પામી રહેલા ઓવર બ્રિજને ભગવાન સ્વામિનારાયણના નામ સાથે સાંકળવાનો વિચાર ઝબકેલો. એ સંકલ્પબીજ તા. ૩૦/૫ના રોજ કોળી ઊઠ્યું, જ્યારે આજની સવારે મુંબઈના મેયર, ઉપ-મેયર સહિત અનેક ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં 'ભગવાન સ્વામિનારાયણ ઉડ્ડાણ પુલ'નું ઉદ્‌ઘાટન થયું.

ચુનાભઠ્ઠી વિસ્તારના એવરાર્ડ નગર પાસે ખડા થયેલા આ સેતુના શ્રીગણેશ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'આ પુલ પરથી જે લોકો આવશે-જશે તેમનું ભગવાન કલ્યાણ કરશે.'

આ હિતકારી ભાવના સાથે તેઓ ઉદ્‌ઘાટનવિધિ બાદ મંદિરે પધાર્યા ત્યારે અહીં ઠાકોરજી થાળ આરોગી રહેલા. તે જોઈ સ્વામીશ્રી પણ પગરખાં કાઢી મહારાજની સમીપે સરક્યા અને બે હાથ જોડી નીચા નમી બોલ્યા: 'જય મહારાજ! જમો.' પછી અચાનક ઉચ્ચાર્યું: 'મહારાજ! પુલ પરથી જે જાય તેનું કલ્યાણ કરજો.'

સ્વામીશ્રીના મુખેથી અવિરત સરતી રહેતી આવી કલ્યાણભાવના જોઈ

કહેવાનું મન થઈ આવતું કે *'ઉદાર મને આવિયા, જન તારવા જગ આધાર...'*

## પ્રભુપ્રેરિત પ્રબંધન

આ અરસામાં સ્વામીશ્રીના હૃદય પર થયેલી બાયપાસ સર્જરીને એક વર્ષ પૂરું થવાના આરે હોવાથી ડૉક્ટરોની સલાહ અનુસાર તેઓ તા. ૧/૬ના રોજ જસલોક હૉસ્પિટલમાં તબીબી તપાસ માટે પધાર્યા. ત્યાંથી પેડર રોડ પર આવેલા પરમાનંદભાઈ પટેલના બંગલે રોકાયેલા તેઓનાં દર્શન માટે અહીં તા. ૨/૬ની સવારે શહેરના પ્રતિષ્ઠિત આગેવાન શ્રી જયરામભાઈ પટેલ પોતાના દીકરા રોહિતભાઈ સાથે આવી પહોંચ્યા. તેઓએ વાતવાતમાં અહોભાવ ઉચ્ચાર્યો કે 'બાપા સંકલ્પ કરે પછી કંઈ જોવાનું હોય?'

'બાપા કાંઈ નથી કરતા. બધું ભગવાન કરે છે.' સ્વામીશ્રી બોલ્યા.

ભગવાન વિષે તેઓનો આવો કર્તાભાવ તા. ૩/૬ના રોજ વિશેષ ઘૂંટાયો. આજની રાત્રે સ્વામીશ્રીનાં દર્શને ભારતીય અણુપંચના અધ્યક્ષ શ્રી ચિદમ્બરમ્ દોડી આવ્યા. આ વૈજ્ઞાનિકે વાતચીતમાં વ્યક્ત કરેલી એક જિજ્ઞાસાને સ્વામીશ્રી સમક્ષ ધરતાં પરમાનંદભાઈએ કહ્યું: 'બાપા! સાહેબ જાણવા માંગે છે કે स्वामीजी को मैनेजमेन्ट किसने सिखाया है?'

'भगवान ने सिखाया। गुरु की कृपा है। हमारे गुरु योगीजी महाराज के आशीर्वाद से सब होता है।' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ પોતાની કોઈ પણ સિદ્ધિના વિષયમાં ગુરુ અને ભગવાન તરફ જ આંગળી ચીંધતા રહેતા.

## મો'બતને અને ધર્મને ન બને

તા. ૫/૬ની બપોરે મંદિરે પરત પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૭/૬ની સાંજે કિશોર સભા યોજાઈ. તેમાં 'અમારું જીવન' વિષયક સંવાદ દ્વારા કિશોરોને કનડતી પાંચ સમસ્યા – વ્યસનના માર્ગે લઈ જવા મિત્રોનું દબાણ, તિલક-ચાંદલાનો વિરોધ, વિજાતીય મૈત્રી, સત્સંગ કરવામાં મા-બાપ તરફથી અસહકાર અને અભ્યાસમાં નિષ્ફળતાને રજૂ કરવામાં આવી. તેના અંતે આ એકેએક પ્રશ્નનું સચોટ નિરાકરણ આપતાં સ્વામીશ્રીએ કહ્યું:

"મિત્રો તરફથી વિદ્યાર્થી જીવનમાં દબાણ આવે એને વશ થવાની જરૂર નથી. વર્ષો જૂની ભાઈબંધી ભલે છૂટી જાય. એનાથી આપણો મોક્ષ

નથી. એના થકી આપણું જીવન નથી. નોકરી કરીને એ પૈસા આપણને આપવાનો નથી. એ માણસ ખોટે રસ્તે ગયો છે ને આપણને ખોટે રસ્તે લઈ જવાની વાત છે. એટલે એની મો'બત શું? મો'બતને અને ધર્મને ન બને. જો મો'બત રાખવા જાય તો ધર્મ જાય. ભગવાન આપણી રક્ષા કરનારા છે. ભલે થોડું સહન કરવું પડે, પણ શ્રીજીમહારાજની દૃઢતા રાખવી. એ આપણું રક્ષણ કરશે, કરશે ને કરશે. મહારાજને રાજી કરવા છે કે મિત્રને?

ગુલાબનું ફૂલ તો સારું લાગે છે, પણ નીચે કાંટા બહુ છે. ત્યાં ફસાઈ જતા નહીં. ગુલાબનું ફૂલ લેવા જતા નહીં. એક વખત ફૂલ તો લઈએ છીએ, પછી કાંટાને આખી જિંદગી ભોગવવા પડે છે. એ રીતે ફ્રેન્ડશિપ કરીએ એ સુખમય ન જ બને.

આપણી સાચી મિત્રતા તો ભગવાન અને સંત સાથે છે. તેની મિત્રતા હશે તો જીવનમાં ક્યારેય વાંધો નહીં આવે, સુખ અને શાંતિ રહેશે અને ભગવાનના ધામને પમાડશે.

શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીને પત્રી લખી તેમાં લખ્યું છે કે 'ભગવાન ભજવામાં જે અડચણરૂપ થતા હોય તેનો ત્યાગ કરવો, જેમ પ્રહ્‌લાદે પિતાનો ત્યાગ કર્યો.' આપણે માતા-પિતા પ્રત્યે આદર રાખવાનો છે, પણ ભગવાન ભજવામાં વિઘ્ન કરતાં હોય તો તેમાં ભગવાન ને સંત જેમ રાજી થતા હોય, આપણા આત્માનું કલ્યાણ થાય એમ આપણે કરવું.

પુરુષાર્થ કર્યા છતાં એમાં નિષ્ફળતા આવી હોય તોપણ હતાશ, નિરાશ થવાની જરૂર નથી, કારણ કે મહેનત તો સૌ કરે છે પણ સફળતા-નિષ્ફળતાનું મુખ્ય કારણ તો ભગવાન જ છે. 'ભગવાન જ કર્તા છે' એટલું જો આપણે માનીએ તો બીજો કોઈ વિચાર રહે જ નહીં. હતાશ-નિરાશ થયા વગર સારી મહેનત કરી આગળ વધવું.''

## પગારની પરિભાષા

તા. ૧૨/૬ની રાત્રે શયનાધીન થતાં પૂર્વે સ્વામીશ્રી દર્શન આપવા ઉતારાના બારણે આવી ઊભા રહ્યા ત્યાં જ સાવરણા, કચરાપેટી, પોતાં વગેરે લઈ બેઠેલા સ્વચ્છતા વિભાગના સ્વયંસેવકો 'પગાર આપો... પગાર આપો...'નો કલશોર કરવા લાગ્યા. મુંબઈમાં સ્વામીશ્રીને આજે એક મહિનો પૂરો થતો હોવાથી આ કાર્યકરો કહી રહેલા: 'બાપા! અમને એક મહિનો

થયો. પગાર આપો.'

તેઓનો આ વિનોદ જોઈ હસી પડેલા સ્વામીશ્રી પગારની પરિભાષા સમજાવતાં બોલ્યા :

'આપણે યુનિયન નહીં, યુનિટી કરવાની. આપણે મોટામાં મોટો પગાર અંતરમાં શાંતિ વધુ થાય, ભગવાનનું ભજન વધુ થાય, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ રાજી થાય એ છે. આપણે સેવામાં પણ એકબીજાનું કામ કરી લેવું. 'આ એનું છે ને આ મારું છે' એમ ન થવું જોઈએ. કંઈ વસ્તુ આડી-અવળી જોવામાં આવે તો લઈ લેવી ને ઠેકાણે મૂકવી. યોગીજી મહારાજ રાજી થઈ જાય.'

આવો જ એક મનનીય બોધ તા. ૧૫/૬ની રાત્રે સ્વામીશ્રીના મુખેથી સરી પડ્યો. આ સમયે ભોજન લઈ રહેલા તેઓ સમક્ષ વંચાતા ગ્રંથમાં યોગીજી મહારાજનું વિધાન આવ્યું: *'પાંચ વાગ્યે ઊઠવું. મળતી ક્રિયા રાખવી.'*

આ ઉદ્‌ગારને નિમિત્ત બનાવી 'મળતી ક્રિયા'નો મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ સંતોને કહ્યું :

'પૂજામાં વ્યક્તિગત કેસેટ મૂકવાની જરૂર નહીં. મંદિરમાં જે વાગતું હોય તે સાંભળી લેવું. બધાય કેસેટ સાંભળવા જશે તો ? પૂજારીને એમ કે મારેય સાંભળવી છે ને આને એમ થાય કે મારેય સાંભળવી છે, પણ સમૂહમાં જે થાય તે કરવું. મંદિરમાં વાગતું હોય તેને બંધ કરી પેલું હાંભળે. તો પેલું મૂક્યું શું કરવા ? આખા મંદિરમાં સંભળાય એને માટે તો મૂક્યું છે. 'મને આમાં ધ્યાન વધારે રહે છે એટલે કરું છું' – એ ખોટું છે. એમાં સ્વતંત્ર થવાની વાત આવે છે. એ દૂષણ છે એક જાતનું.'

ત્યાગીઓ માટે સ્વામીશ્રી સામૂહિક જીવનના હિમાયતી હતા, કારણ કે અલગ આયોજનો અને એકાંતવાસનાં ભયસ્થાનોથી તેઓ પૂર્ણપણે વાકેફ હતા.

## હું એક નાનો સામાન્ય વ્યક્તિ

તા. ૧૭/૬ના રોજ આવેલી જેઠ સુદ ચોથની તિથિથી સ્વામીશ્રીની પ્રમુખવરણીના સુવર્ણ જયંતી વર્ષનો શુભારંભ થઈ રહેલો. તેથી આ દિવસે મુંબઈવાસી હરિભક્તોએ ગોરેગાંવમાં આવેલા NSEના સંકુલમાં ભવ્ય ઉજવણીનું આયોજન ગોઠવેલું. આ અવસરે સેંકડો સત્સંગીઓએ ઠાકોરજીની અનેક સુવર્ણતુલાઓ દ્વારા વિશિષ્ટ ભક્તિ અદા કરી. સંતોએ પણ

સ્વામીશ્રીને કલાત્મક મયૂર રથમાં પધરાવી સ્વહસ્તે રથવહન કરતાં તેઓને આખા સભાગૃહમાં બે વખત ફેરવ્યા. આ રથવિહારને કારણે ૧૪,૦૦૦ હરિભક્તોને સ્વામીશ્રીનાં સમીપ દર્શનનો લાભ મળતાં સૌ હર્ષિત થઈ ઊઠ્યા. એ હર્ષોલ્લાસ વચ્ચે વિશાળ મંચ પર પધારેલા સ્વામીશ્રીને સૌએ સવા લાખ મમરાના ૧૮ ફૂટ લાંબા હાર સહિત અનેક પુષ્પહારો તથા પ્રવચનો દ્વારા બિરદાવ્યા.

પરંતુ આ અનુપમ સત્કારવર્ષા ઝીલ્યા બાદ સ્વામીશ્રી બોલ્યા :

"આ બધું જે કાર્ય આપ જુઓ છો ને આપ બધા જે વાત કરો છો એ ભગવાનનું જ કાર્ય છે અને ભગવાન પોતે કરે છે. જ્યારે આ પદ સ્વીકારવાની વાત થઈ ત્યારે પણ મેં શાસ્ત્રીજી મહારાજને કહેલું કે 'હું એક નાનો સામાન્ય વ્યક્તિ આ કામ ઉઠાવી શકું એ મારી શક્તિ બહારનું કાર્ય છે.' છતાં એમનો આગ્રહ રહ્યો એટલે આ પદ સ્વીકાર્યું. એ વખતે એમણે મને આશીર્વાદ આપ્યા હતા કે 'જા, કાર્ય મહારાજ કરશે. તારે ચિંતા કરવી નહીં.' જોગી મહારાજને પણ આશીર્વાદ આપવા કહ્યું.

આજે પણ અત્યારે હું સમજું છું કે 'આ કાર્ય મારી શક્તિ બહારનું છે.' આજના દિવસ સુધી જે કાર્ય થઈ શક્યું છે તે એમની કૃપાથી, એમના બળથી, એમની પ્રેરણાથી, એમના આશીર્વાદથી થાય છે. એ બંને પુરુષોનું બળ જો ન હોય તો આ કાર્ય થઈ શકે નહીં. સાથે સંતોનો પણ એવો સહકાર. કોઈ પણ કાર્યમાં એમણે ના નથી કહી. મોટા-મોટા ઉત્સવો થયા, મંદિરો તથા ગામડે ફરવું, સેવા કરવી, બાળ મંડળ તૈયાર કરવાં, લોકોને ઉપાસનાની વાતો કરવી... તેમાં પણ બધાએ કાર્યો કર્યાં છે. હરિભક્તોનો ઉત્સાહ પણ એટલો ને એટલો જોવા મળે છે."

સર્વ-સત્તાધીશ તરીકે અડધી સદી વીતી ગયા બાદ પણ સ્વામીશ્રીની નમ્રતાને લૂણો નથી લાગ્યો તે આજનું આ વક્તવ્ય સમજાવી ગયું.

## ભારતનું રક્ષણ થવું જ જોઈએ

આ અરસામાં ભારતની કારગીલ સરહદે પડોશી દેશ તરફથી ઘૂસણખોરીનો ઉપદ્રવ થતાં ભીષણ સંગ્રામ ખેલાઈ રહેલો. તેના અનુસંધાનમાં સમગ્ર રાષ્ટ્રને અપીલ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'રાષ્ટ્રના ગૌરવ સમાન ભારતીય સેનાના જવાનો દેશની રક્ષા

કરતાં-કરતાં પ્રાણની આહુતિ આપી રહ્યા છે ત્યારે દેશની સમગ્ર પ્રજા તેમની પડખે છે તેવી અનુભૂતિ તેઓને દર્શાવવી જરૂરી છે. નાના-મોટા બધા જ લોકો ઊંચ-નીચ, નાત-જાત, ધર્મ-જ્ઞાતિ, પક્ષાપક્ષી, મતમતાંતર કે અન્ય તમામ ભેદભાવ ભૂલી જઈને તન, મન, ધનથી અને મન, કર્મ, વચને તેઓની પડખે ઊભા રહે તથા દેશ માટે સર્વ પ્રકારનો સહયોગ આપે તેવી અમારી ભારતીય પ્રજાને અંતરની અપીલ છે.

દેશની રક્ષા માટે કુરબાન થનારા જવાનોના આત્માને પરમાત્મા શાંતિ બક્ષે, એમનાં કુટુંબીજનો અને સંતાનોને આત્મબળ પ્રાપ્ત થાય એ માટે ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરું છું. અને તમામ ભારતીય પ્રજાને પણ મારી વિનંતી છે કે ભલે આપ ગમે તે ધર્મના અનુયાયી હો, પરંતુ જે ઈશ્વર, ગુરુ કે દૈવી શક્તિને માનતા હો તેમને સાચા હૃદયથી દેશના જવાનો માટે પ્રાર્થના કરશો.'

આ નિવેદન સાથે સ્વામીશ્રીએ સંસ્થાનાં ૩૯૫ મંદિરો અને ૬,૮૧૪ સત્સંગ-કેન્દ્રોમાં પણ પ્રાર્થના સભાઓ યોજવાનો આદેશ આપ્યો. તે મુજબ મુંબઈમાં તા. ૨૦/૬ના રોજ આયોજિત શ્રદ્ધાંજલિ સભામાં તેઓએ જણાવ્યું: 'ભારત આપણો દેશ છે. એનું રક્ષણ થવું જ જોઈએ. આપણે અહીં જે ધૂન-પ્રાર્થના કરીએ તેમાં એવો સંકલ્પ કરીએ કે બધા ઘૂસણખોરો ભાગી જાય અને સરહદ ચોખ્ખી થઈ જાય.'

સ્વામીશ્રીના આ આશીર્વાદ સરકતા સમયે સંપૂર્ણ સત્ય ઠર્યા તે ઇતિહાસ સુવિદિત છે.

## તીથલના મંદિરમાં મૂર્તિસ્થાપન

તા. ૨૧/૬ની સાંજે મુંબઈથી અટલાદરા પધારેલા સ્વામીશ્રીના અહીંના નિવાસ દરમ્યાન તા. ૨૮/૬ના બ્રાહ્મમુહૂર્તે તીથલના શિખરબદ્ધ મંદિરમાં મહંત સ્વામીના હસ્તે મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી. આ પ્રસંગે ઠાકોરજીને ધરાવેલા અન્નકૂટનો પ્રસાદ લઈને આવેલા કોસંબાના યુવકો શ્રી જિતુભાઈ, વિનોદભાઈ, દામોદરભાઈ વગેરેને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'મંદિરમાં પ્રતિષ્ઠા થઈ તેમાં ખાસ આપણે મુહૂર્ત સાચવવું હતું. આ એક સારું અગત્યનું મુહૂર્ત હતું. આવું મુહૂર્ત ફરી મળે નહીં. એટલે બધાને ઇચ્છા થઈ કે આપણે મહારાજને બેસાડી દેવા. ભગવાનની ઇચ્છાથી જે થતું હોય તે આપણા

સારા માટે થતું હોય. ભવિષ્યમાં તમને થશે કે આ જે થયું છે તે સારું થયું છે ને વિશેષ સારું થશે એટલે વિશેષ આનંદ આવશે.'

આ આનંદદાયી ક્ષણને અનુસરતાં સ્વામીશ્રી તા. ૨૯/૬ની સાંજે વડોદરાના વાણિજ્ય ભવનમાં પધાર્યા. ભારત સરકાર દ્વારા નોંધનીય વીજળી ઉત્પાદન કરનારાં થર્મલ વીજમથકોને પ્રતિવર્ષે પારિતોષિક આપવાની પરંપરા રહેલી છે. આ વર્ષે આવી સિદ્ધિ ગુજરાતનાં સાત વિદ્યુત મથકોએ હાંસલ કરેલી. આ મથકોના ઉચ્ચ અધિકારીઓને સ્વામીશ્રીના હસ્તે ઇનામ એનાયત કરવાના આ સમારોહમાં ગુજરાત વિદ્યુત બૉર્ડના અધ્યક્ષ શ્રી નલિનભાઈ ભટ્ટે જણાવ્યું કે 'જેમ ગુરુ વશિષ્ઠના આશીર્વાદથી શ્રી રામે, સંત રામદાસજીના આશીર્વાદથી છત્રપતિ શિવાજીએ અને રામકૃષ્ણ પરમહંસના આશીર્વાદથી સ્વામી વિવેકાનંદે પોતાના યુગકાર્યની સાર્થકતા પ્રાપ્ત કરી હતી, એ જ રીતે ગુજરાત વિદ્યુત બૉર્ડનાં વીજમથકોને પ્રમુખસ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત થવાથી સાર્થકતા મળી છે.'

## ચુંબકીય આકર્ષણ

જી.ઈ.બી.ની જેમ ગુજરાત સરકારના અન્ય એક જાહેર સાહસ સમા જી.એસ.એફ.સી.ના કર્મચારીઓ તથા કાર્યવાહકોને પણ સ્વામીશ્રીના આશીર્વાદની હોંશ હતી. તે કોડ પૂરો કરવા સ્વામીશ્રી તા. ૩૦/૬ની સાંજે વડોદરા-સ્થિત આ નિગમના ૬૦૦ એકરમાં ફેલાયેલા સંકુલમાં પધાર્યા ત્યારે આ રાસાયણિક ખાતરના કારખાનાનું સૂત્ર સંભાળતા હોદ્દેદારોએ તેઓને સઘળે ફેરવી સમગ્ર પરિસર પાવન કરાવ્યું.

ત્યારબાદ અહીંના વિશાળ હૉલમાં યોજાયેલી સભામાં બિરાજેલા સ્વામીશ્રીને સત્કારતાં નિગમના ચૅરમેન ડૉ. કે. ડી. જેસવાણીએ કહ્યું :

'સ્વામીજી એન્જિનિયરિંગ કે બીજું બહુ ભણ્યા નથી, પણ પ્લાન્ટ જોતી વખતે તેઓએ જે સવાલો પૂછ્યા તેના જવાબો આપવામાં મારી સાથેના ટેક્નિકલ ડાયરેક્ટર શ્રી ચૌહાણને પણ ઘણો વિચાર કરવો પડ્યો. છેલ્લાં ૨૫-૩૦ વર્ષથી મને સ્વામીશ્રીમાં એક મૅગ્નેટિક ફૉર્સ (ચુંબકીય આકર્ષણ) જોવા મળે છે. તે આકર્ષણ એટલું બધું છે કે તેઓ કોઈ પણ માણસને પોતાનો બનાવી શકે છે અને બનાવ્યા છે. ભગવાનનું સ્વરૂપ કેવું હોઈ શકે ?, ભગવાનની શક્તિ કેવી હોઈ શકે ?, એનો આકાર કેવો હોઈ શકે ?, એની

દિશા કેવી હોઈ શકે? તે જોવું હોય તો આ સંતનાં ચરણમાં નમન કરવાથી જોઈ શકાય.'

સ્વામીશ્રીની આવી ભગવત્પ્રતિભાએ અહીંથી વિદાય લઈ સાંજે પોણા આઠ વાગ્યે વિદ્યાનગરના છાત્રાલયમાં પ્રવેશ કરતાં જ જાણે તરુણાઈ પકડી લીધી! તેમાં તણાયેલા તરવરિયા યુવાનોનું સ્વાગત ઝીલી ઉતારે પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨/૭ની બપોરે બારેક વાગ્યાના સુમારે પોતાના ઉત્તરાધિકારી તરીકે મહંત સ્વામીને નિયુક્ત કરવાની વાત વધુ એક વાર ઉચ્ચારી સંસ્થાના ભવિષ્યને સુનિશ્ચિત કરી આપ્યું.

## ભગવાન આપણી નજીક જ છે

તા. ૪/૭ની રાત્રે સ્વામીશ્રીના નિવાસસ્થાન પાછળ ફેલાયેલી હરિયાળીમાં છાત્રોએ યોજેલી આઇસક્રીમ પાર્ટીનું નિમિત્ત હતું – યુવક શ્રી યોગેન્દ્ર ગોરેચાનો જન્મદિન. આ ઉજાણીમાં યુવાનોએ સખાભાવથી સ્વામીશ્રીને પણ નિમંત્રિત કરેલા. તેથી તેઓ પધારતાં યુવકોએ મનુવાર કર્યો કે 'બાપા! આપ અમારા મિત્ર બનીને આજે અમારી આ આઇસક્રીમ પાર્ટીમાં આવ્યા છો તો અમારી સાથે આપે પણ આઇસક્રીમ ખાવો પડશે.'

તરુણોનો આ પ્રેમાગ્રહ જોઈ સ્વામીશ્રીએ ત્રણેક ચમચી પ્રસાદ ગ્રહણ કર્યો ત્યારે *'ભક્તતણું સુખ પૂરું કરવા, નારાયણ અવતરિયા રે...'* પંક્તિ સાર્થક થઈ ઊઠી.

તેથી ઘેલા બનેલા એક યુવાને ગઝલ લલકારતાં સ્વામીશ્રીને કહ્યું: *'એવું નથી કે આપ દેખાતા નથી, સામે છો પણ ઓળખાતા નથી...'*

છટાપૂર્વક આટલું બોલી તેની પર ટિપ્પણી કરતાં તે યુવકે જ જણાવ્યું: 'આપ ઓળખાવતા નથી.'

'ઓળખાવે તો છે, પણ ઓળખે તો ને!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ પ્રતિભાવમાં શ્રીજીમહારાજના શબ્દોની ઝલક હતી કે 'એવી રીતે વાર્તા અમે ઘણીક વાર કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય બેસારતા નથી.'[૫]

આ જ રીતે સ્વામીશ્રીએ સ્વ-ઓળખનો વધુ એક ચમકારો તા. ૫/૭ની સવારે વેરી દીધો.

---

૫. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૧.

આ સમયે રાજુલાના હરિભક્તો સાથે મીટિંગ ભરીને બિરાજેલા તેઓ પર ચાલુ બેઠકે જ અમેરિકાના એક સત્સંગીનો ફોન આવ્યો. તેઓ સાથે વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'અત્યારે દુનિયા નજીક થઈ ગઈ છે. તમે અમેરિકા ને અમે અહીં, પણ ફોનમાં નજીકથી મળ્યા. એમ ભગવાન પણ આપણી નજીક જ છે, બોલે છે ને વાત પણ કરે છે. બધું નજીક છે.'

સ્વામીશ્રીના આ શબ્દો 'મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે...'[૬]નો મર્મ સમજાવી ગયા.

## સ્વામિનારાયણની પાર્ટીમાં ભળવું

તા. ૫/૭ની બપોરે ભોજન ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ છાત્રાલયના વિદ્યાર્થીઓ સ્વાનુભવો વર્ણવવા લાગ્યા. તે ક્રમમાં ફાઇન આર્ટ્સ ફેકલ્ટીમાં ભણતો એક યુવાન મયૂર ટહુક્યો : 'બાપા ! આપ રાજી થઈને જે કહેશો તેનો ત્યાગ કરવા તૈયાર છું.'

આ સાંભળી ક્ષણવાર એ યુવાન સામું જોઈ સ્વામીશ્રી બોલ્યા :

'બહારનું ન ખાવાનો નિયમ રાખ.'

'એ નિયમ તો પાળું છું.'

'તો ડિસ્કો-ગરબામાં ન જવાનો નિયમ.'

'તે પણ પાળું છું.'

'તો ટી.વી.-સિનેમા નહીં જોવાનું.'

'તેનો પણ નિયમ છે.'

હવે સ્વામીશ્રી વિચારી રહ્યા. તેઓએ ઘડીભર સેવેલા એ મૌનમાં તેઓનું કાર્ય બોલી રહ્યું. ચોમેર વિસ્તરેલા વિલાસના વનમાં જોગી-જતિ જેવા જુવાનો એ સ્વામીશ્રીનું યુગકાર્ય હતું. તેના નમૂનારૂપ પેલા યુવાનને ઉચ્ચ પાઠ ભણાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'ક્રોધ ન આવવા દેવો. ઉગ્ર ન થવું.'

બ્રહ્મવિદ્યાની આવી જ એક ઉમદા શીખ આજની સાયંસભામાં આપી તા. ૬/૭ની સાંજે નડિયાદ જવા નીકળેલા સ્વામીશ્રીએ માર્ગમાં આવતાં ફાઇન આર્ટ્સ, સિકાર્ટ અને જીસેટ કૉલેજનાં સંકુલો પાવન કર્યાં.

ત્યારબાદ નડિયાદ પધારેલા તેઓ તા. ૭/૭ની સવારે મુલાકાતીઓને મળતા હતા ત્યારે એક યુવકની ઓળખાણ આપતાં કો'ક બોલ્યું : 'બાપા !

---

૬. સ્વામીની વાતો : ૫/૩૯૨.

આપ એની પર એવી દૃષ્ટિ કરો કે તે અત્યારે જે રાજકીય પક્ષમાં છે તેમાંથી અમારી પાર્ટીમાં આવી જાય.'

'અહીં આવ્યા છે તો એ સત્સંગી છે. અહીં પાર્ટી નથી. એક જ પાર્ટી – મહારાજ સર્વોપરી ભગવાન છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે. એમની પાર્ટીમાં જોડાવાનું છે. બે પાર્ટી હોય તો ઝઘડો થાય. સ્વામિનારાયણની પાર્ટીમાં ભળવું.' પક્ષાપક્ષીની પાંખ કાપતાં સ્વામીશ્રીએ કહ્યું.

તેઓની આ શીખમાં રાજકારણના રંગથી કોઈનું કલ્યાણ ન ખરડાય-ખોરવાય તેનું જાણપણું હતું.

## પીઢતાના પાઠ

તા. ૮/૭ના રોજ નડિયાદ ખાતે ઠાકોરજીના સુવર્ણતુલા મહોત્સવનું આયોજન થયેલું. માત્ર પાંચ દિવસ પહેલાં જ નિશ્ચિત થયેલા આ કાર્યક્રમને સફળ કરવા સૌ કમર કસીને મંડેલા.

તે સંદર્ભની જ એક વિનંતી કરવા તા. ૭/૭ની રાત્રે સ્થાનિક વ્યવસ્થાપક સંતપ્રિયદાસ સ્વામી આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીને સવિનય જણાવ્યું: 'મારો એક સંકલ્પ છે, સારંગપુર રહેલા...'

'...સંતોને બોલાવવા છે એ જ ને !' વાક્ય પૂરું કરતાં સ્વામીશ્રી બોલ્યા.

તે સાંભળી પેલા સંતે હકારમાં માથું ધુણાવી જણાવ્યું: 'ઇચ્છા છે, જો આપ રજા આપો તો !'

'મારી ઇચ્છા જ નથી !' આટલો સ્પષ્ટ અભિપ્રાય આપી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આમંત્રણ આપવું ને બોલાવવા એ ગૃહસ્થનો વ્યવહાર છે. આપણે સાધુ છીએ. સાધુનો વ્યવહાર જુદો હોય. આવો સંકલ્પ કરવો નહીં. અહીં આટલા બધા સંતો છે તે શું ઓછા છે ? માટે જ્ઞાન સમજો ને પ્રેમ મૂકો.'

સ્વામીશ્રી સાધુતાની સરહદમાં રહીને વ્યવહાર ચલાવતા. તેથી તેઓ પાસે આત્મીયતાની સાથે અનુશાસનની વાત જોવા મળતી.

તા. ૮/૭ની રાત્રે પણ જાગૃતિનો એક ઝબકારો વેરતાં તેઓએ કહ્યું:

''આપણે દેહભાવ છોડવાનો છે. મહારાજે કહ્યું ને કે 'આપણે દેહ નથી, આત્મા છીએ.' એમ માનો તો તમને મારે બોલાવવા પણ ન પડે, સાચવવા ન પડે. 'આની જોડે ફાવે, આની જોડે ન ફાવે' એવું ન રહે. આ ત્યાગવલ્લભ સ્વામી બેઠા છે; કોઈ બોલે, વઢે, માન થાય, અપમાન થાય તોય કંઈ નહીં.

એવા થઈ જાય તો કાંઈ પંચાત ન રહે. આ તો 'મને પેલાએ આમ કહ્યું, તેમ કહ્યું. હું ભંડારમાં નથી જવાનો... હું પૂજામાં નથી જવાનો...' સમજ્યા બધા ?...''

પીઢતાના આ પાઠ ભણાવતા સ્વામીશ્રી તા. ૯/૭ની સવારે વરતાલ અને પાડગોલ થઈને મહેળાવ આવી પહોંચ્યા.

## પ્રેમના કાયદાની કલમો

મહેળાવમાં તા. ૯/૭ની સાંજે સભા બાદ મંદિરે પધારેલા સ્વામીશ્રીની સ્થિતિ જાણે *'મુખડું નીરખી મોહી રહ્યા રે, ઊલટ અંગ ન માયે...'*ની બની રહી. એ જ અવસ્થામાં તેઓ મધ્ય ખંડમાં દર્શન કરી સહજભાવે બોલવા લાગ્યા : 'મૂર્તિ બહુ સરસ છે. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પણ પાઘમાં તો સારી લાગે જ છે, પણ પાઘ વગરેય દર્શન બહુ સારાં (લાગે) છે. સિંહાસન તો તમારે છાતી ઠરી જાય એવાં છે, દર્શન કર્યા જ કરીએ.'

આ પ્રેમભાવથી મહેળાવને મેવા જમાડી સ્વામીશ્રી તા. ૧૦/૭ના રોજ પેટલાદ થઈને બોરસદ પધાર્યા.

અત્રે અક્ષરવાસી શ્રી બાબુભાઈ પટેલના ઘેર ઊતરેલા તેઓ નગરના અશોક પાર્ક ખાતે પારાયણનો લાભ આપવા માંડ્યા. તે દરમ્યાન તા. ૧૨/૭ના રોજ શહેરના જલારામ મંદિરે પધારેલા તેઓએ અહીં પ્રત્યેક ખંડની મૂર્તિઓને ચાંદલા કરી પુષ્પો ચઢાવ્યાં.

ત્યારબાદ આજની રાત્રે ભોજન લેવા બિરાજેલા સ્વામીશ્રી છેલ્લા બે દિવસથી પારાયણના પ્રારંભે થતા પૂજનના સંદર્ભમાં બોલવા લાગ્યા :

'વિધિ કરાવનારાએ અગાઉથી બધી તૈયારી કરી રાખવી. આપણે જાણીએ બે ફૂલાં મૂકી દીધાં, પાણી છાંટી દઈએ એટલે પત્યું, પણ આવું પારાયણ હોય ત્યારે બાજોઠ, દીવો, નાડાછડી, ચંદન, અબીર, ગુલાલ, કંકુ વગેરે તૈયારી કરવી જોઈએ. આવા (મહંત સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી તરફ નિર્દેશ કરતાં) સદ્‌ગુરુ હોય તેમને બેસાડવા જોઈએ. તે કાંડાં બાંધે, ચાંદલા કરે. પણ આય (વિધિ કરાવનાર) કાંઈ સમજે નહીં. બધા જાનૈયા થઈને આવેલા.'

કોઈ પણ સેવામાં સત્સંગીને સંતોષ થાય એ સ્વામીશ્રીનો મુદ્રાલેખ રહેતો. તેથી તેમાં આવતી ચૂક તેઓને ખટકતી.

તે નિવારવા તેઓ સંબંધિત સૌને આજે દિશા ચીંધી રહેલા ત્યાં જ કો'ક બોલ્યું : 'ઘણા એવા હોય કે સૂચના પૂરી સમજ્યા વગર દોટ મૂકે.'

'હા, તમે એને સોંપો તો લાલીને બદલે પાલીને પૈણાવી આવે.' હસતાં-હસતાં સ્વામીશ્રીએ ટાપશી પૂરી.

તે વખતે તેઓનો ચોકસાઈનો આગ્રહ જોઈ એક સંતે અહોભાવ ઉચ્ચાર્યો કે 'કોઈ પણ જવાબદારીમાં પરોવાઈ જઈએ તો જ કામ થાય. તે આપના જીવનમાં જોવા મળે છે.'

'જોગી મહારાજની એવી બહુ ટ્રેનિંગ. જમાડવાનું, સૂવાનું, ઉતારાનું, પાણીનું બધું પુછાવે. એમાંથી આ ટ્રેનિંગ મળી.'

આ રીતે પોતાના કૌશલ્યનો કળશ ગુરુચરણે ઢોળી સ્વામીશ્રીએ ઉમેર્યું:

'આપણે તો સત્સંગ કરાવવો છે. હરિભક્તના જીવમાં બધું સમજાવવું છે એટલે બોલાવવા-ચલાવવા પડે. આપણે પ્રેમનો કાયદો છે. ખટકાવાળો હોય તેને એક વખત કહ્યું હોય પછી બહુ કહેવું ન પડે. ખટકો ન હોય તેને 'થાય છે, થાય છે' એમ રહે. આપણે સમૈયામાં ઘણી વખત વાત કરીએ છીએ ને કે 'ભૈ, તમારા ડિસ્ટ્રિક્ટમાંથી જે હરિભક્તો આવ્યા હોય એનો ખ્યાલ રાખવો. તેનો ઉતારો, જમવાનું વગેરે જોઈ લેવું.' આપણે ઘણા વખત કહ્યું એથી હવે થોડું રાગે પડ્યું છે. પણ હજુ કેટલાક એવા હોય કે આને કહ્યું એટલે એણે કરવાનું. એની જોડે ફરતો હોય એને એની કશી ચિંતા ન હોય. સગવડ થાય છે પણ સગવડ પ્રમાણે પાછું કામ ન કરે.'

પ્રેમના કાયદાની આ કલમો શિખવાડતા સ્વામીશ્રીના આજના વાળુમાં ભોજનના કોળિયા કરતાં ભક્તની કાળજીની મહત્તા અધિક વર્તાતી રહી.

## કે દિ' ન ચળે ધર્મથી મતિ

બોરસદમાં તા. ૧૩/૭ની સવારે યોજાયેલા પારાયણની પૂર્ણાહુતિના પ્રસંગે પાણી-પુરવઠા મંત્રી શ્રી હરજીવનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત હતા. તેઓને પોતાના ઉતારે મળેલા સ્વામીશ્રીએ જ્યારે અલ્પાહાર લેવા આગ્રહ કર્યો ત્યારે આ પ્રધાને વિનમ્રતાપૂર્વક જણાવ્યું: 'સ્વામીજી! આપનાં દર્શનથી મને હવે ભૂખ ટળી ગઈ. આપના આશીર્વાદ છે તો બધું જ છે!' છતાં સ્વામીશ્રીની લાગણી જોઈ ઉકાળા-પાણી માટે સંમત થયેલા તેઓ રસોડા તરફ ગયા અને સ્વામીશ્રી શૌચ-સ્નાન માટે પધાર્યા.

પરંતુ તેઓએ થોડી વારે બાથરૂમમાંથી સેવક દ્વારા કહેવડાવ્યું કે 'મંત્રીની સાથેના ડ્રાઈવરને ચા-પાણી કરાવવાનું રહી ન જાય!'

આ સમતા અને મમતા સાથે પારાયણ પૂર્ણ કર્યા બાદ બોરસદથી બોચાસણ પધારેલા સ્વામીશ્રી અહીં તા. ૧૮/૭ની સવારે મંદિરમાં દર્શન કરતાં-કરતાં હનુમાનજી અને ગણપતિજીનાં દેરે આવ્યા.

અત્રે એક વીડિયોગ્રાફર ફિલ્મ લેવા સજ્જ થઈને ઊભેલો, પરંતુ ત્યાંથી ફિલ્માંકન કરવામાં સ્વામીશ્રીની પાછળ સ્ત્રીઓ પણ વીડિયોમાં આવે તેમ હતું. મર્યાદાના આગ્રહી સ્વામીશ્રીને આ બાબત ખટકતાં તેઓએ વીડિયોગ્રાફરને સૂચવ્યું : 'તું આ બાજુ આવતો રહે. તારે ફોટા-ફિલ્મ લેતી વખતે જોઈ લેવાનું કે પાછળ મહિલા ન આવવાં જોઈએ. કોઈ પણ સંતના ફોટા લે ત્યારે પણ એ ધ્યાનમાં રાખવાનું. ફોટામાં એ જરાયે આવવું ન જોઈએ.'

ધર્મપાલન બાબતે સ્વામીશ્રીની ખટક ખૂબ સૂક્ષ્મ રહેતી. એવી જ ચીવટ તેઓને કથા-વાર્તા માટે.

તેથી આજની સાંજે સભામંડપમાં ભ્રમણ કર્યા પછી ઉતારે જતાં પૂર્વે તેઓએ વ્યવસ્થાપક સંતને ટકોર કરી કે 'સાંજે કેમ કથા નથી થતી? આટલા માણસો આંટા મારે છે તો કથા રાખવી જોઈએ ને!'

પાંચ દિવસના નિરીક્ષણ બાદ આવેલું સ્વામીશ્રીનું આ સૂચન તરત જ અમલમાં મુકાયું.

## દાસ હું, નાથ તું

આ અરસામાં ભારતના પ્રવાસે નીકળેલાં અમેરિકાનાં સત્સંગી બાલ-બાલિકાઓ વિવિધ મંદિરોની યાત્રા કરીને સ્વામીશ્રીનાં દર્શને બોચાસણ આવી પહોંચ્યાં. અત્રે તેઓની એક વિશિષ્ટ સભા તા. ૨૧/૭ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી. તેનો કાર્યક્રમ દર્શાવવા સ્વામીશ્રી પાસે આવેલા અમૃતવિજયદાસ સ્વામીએ કહ્યું : 'બાપા! સભામાં ભાષાંતર સંબંધી એક પ્રશ્નોત્તરી રાખી છે. તેમાં આપે વારાફરતી બે અંગ્રેજી વાક્યો બોલવાનાં રહેશે. બાળકો તેનો ગુજરાતી અનુવાદ કરશે.'

આટલી પૂર્વભૂમિકા બાદ આ સંતે સ્વામીશ્રીને બોલવાનું અંગ્રેજી વાક્ય સ્વામીશ્રી સમક્ષ ધર્યું. તેમાં લખેલું : 'I will take you to Akshardham.' (હું તમને અક્ષરધામમાં લઈ જઈશ.)

પરંતુ આ વાંચતાં જ સ્વામીશ્રીએ સૌમાં દાસભાવની દૃઢતા સીંચવાના હેતુસર સુધારો જણાવ્યો કે 'શ્રીજીમહારાજ તમને અક્ષરધામમાં લઈ જશે –

એવું હોવું જોઈએ. 'હું' કહીએ તો માન આવી જાય. હું કોણ? શ્રીજીમહારાજ બોલવું જોઈએ ને!'

આમ કહી સ્વામીશ્રીએ વાક્યમાં ફેરફાર કરાવતાં લખાવ્યું: 'Shriji Maharaj will take you to Akshardham.' (શ્રીજીમહારાજ તમને અક્ષરધામમાં લઈ જશે.)

સ્વામીશ્રી દ્વારા સભામાં બોલાયેલા આ વાક્યનો ગુજરાતી અનુવાદ જ્યારે બાળકોએ બુલંદ સ્વરે ઉચ્ચાર્યો ત્યારે હકીકતે તો *'દાસ હું, નાથ તું...'*ની સ્વામીશ્રીની દાસત્વભક્તિથી જ સભાગૃહ ગુંજી ઊઠ્યું.

## ગુજરાતી ભાષા શીખવાના લાભ

તા. ૨૨/૭ના રોજ અમેરિકાના બાળકોની સભામાં બિરાજેલા સ્વામીશ્રીને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે 'ગુજરાતી ભાષા શીખવાથી શું લાભ થાય?'

આ જિજ્ઞાસાના જવાબમાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'મૂળ ભાષા શીખવાથી આપણી સંસ્કૃતિ, આપણી કુટુંબભાવના, આપણી સમાજ સાથેની એકતા રહે. આપણી દેશ સાથેની એકતા રહે. આપણા વડવાઓએ જે ધર્મના સંસ્કાર લીધા હોય, ભગવાન સ્વામિનારાયણ વિષેની નિષ્ઠા હોય, ગુરુ-પરંપરાનો ખ્યાલ હોય, મંદિરોનો પણ ખ્યાલ હોય એટલે ગુજરાતી ભાષા બોલવામાં મજા આવે, સાંભળવામાં મજા આવે. એટલા માટે ગુજરાતી ભાષાનો આગ્રહ છે. માટે તમારે બધાએ તે વાંચતાં-લખતાં શીખવું જોઈએ.'

માતૃભાષાનો આ મહિમા સમજાવી સ્વામીશ્રીએ તા. ૨૮/૭ની ગુરુ-પૂનમે નવ સાધકોને પાર્ષદી દીક્ષા આપી. તેની સાથે તેઓએ સંસ્થા દ્વારા થતી સ્વાસ્થ્યલક્ષી સેવાઓમાં 'બી.એ.પી.એસ. હર્બલ કેર' નામે આરોગ્ય વિભાગનો ઉમેરો કરતાં આજે ૨૫ આયુર્વેદિક ઔષધોને ખુલ્લાં મૂક્યાં.

તે પછી શરૂ થયેલા પુષ્પહારવિધિ વખતે વડીલ સંતો, પ્રતિષ્ઠિત મહાનુભાવો, ઉત્સવ-સેવાનું સૌજન્ય દાખવનારા સત્સંગીઓ વગેરે ગુરુ-પૂજનના ભાગરૂપે સ્વામીશ્રીને કલાત્મક હારતોરા અર્પણ કરવા લાગ્યા. કંઠમાં આરોપવામાં આવતા આ ભવ્ય હાર ઉતારવાની સેવા નારાયણમુનિદાસ સ્વામી બજાવી રહેલા.

તે વખતે તેઓએ સ્વામીશ્રીના ગાતરિયામાં એક જગ્યાએ રફૂ કરેલું જોયું! તેથી તે તરફ સ્વામીશ્રીનું ધ્યાન દોરતાં એ સંતે કહ્યું: 'બાપા! આ

ફાટેલું ગાતરિયું બધાને દેખાય છે.'

'સારું. શોભા વધે ને !' હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

આજે ૪૦,૦૦૦ની ભક્તમેદની જેઓને ગુરુવંદના કરવા તત્પર બની હતી, જેઓ બે દિવસ બાદ આફ્રિકા ખંડનું પ્રથમ શિખરબદ્ધ મંદિર પ્રતિષ્ઠિત કરવા પ્રયાણ કરી રહેલા, એ સ્વામીશ્રીની આજની સાદગી હૃદયસ્પર્શી બની રહી. પોતાના જીવનકાળ દરમ્યાન હજારો ટન વસ્ત્રોનું વિતરણ કરનારા તેઓ પોતાનું વસ્ત્ર સંધાવીને વાપરતા !

## હા, એમ કહેવાય

તા. ૨૮/૭ની સાંજે બોચાસણથી વિદાય લઈ સ્વામીશ્રી મુંબઈ પધાર્યા ત્યારે અત્રે તેઓનું રોકાણ ટૂંકું હોવાથી મુલાકાતીઓનો ધસારો આગમન સાથે જ આરંભાઈ ગયો. તે ક્રમમાં તા. ૨૯/૭ની બપોરે આવેલા ૮૨ વર્ષીય વિખ્યાત ડૉ. એચ. એલ. હીરાનંદાની બોલી ઊઠ્યા: 'સ્વામીજી ! હું ઘણાં મંદિરોમાં ગયો છું, ઘણા સંતોને મળ્યો છું, પણ કોઈ જગ્યાએ માથું નમાવ્યું નથી. પરંતુ આપની પાસે હું નતમસ્તક થયો છું. હું કન્વર્ટ (રૂપાંતરિત) થઈ ગયો છું. આપનાં મંદિરોમાં જોવા મળતી સ્વચ્છતા અને વ્યવસ્થા બીજે ક્યાંય જોયાં નથી. આવા સેવાભાવી સંતો પણ ક્યાંય જોયા નથી.'

આવા કંઈક અહોભાવ ઝીલતા સ્વામીશ્રીને લઈ સાઉથ આફ્રિકન ઍરલાઈન્સનું વિમાન તા. ૩૧/૭ની વહેલી સવારે સવા બે વાગ્યે મુંબઈથી ઊંચકાયું ત્યારે સ્વામીશ્રીની ૨૧મી વિદેશયાત્રાનો પ્રારંભ થયો.

તેના પ્રથમ ચરણરૂપે તેઓ સ્થાનિક સમય અનુસાર તા. ૩૧/૭ની સવારે ૬:૫૫ વાગ્યે જોહાનિસબર્ગ ઊતર્યા ત્યારે અહીંનું તાપમાન શૂન્ય ડિગ્રી સેન્ટિગ્રેડ હતું. આવી ટાઢમાં ૭૮ વર્ષની ઉંમરે આખી રાતની મુસાફરી કરી પધારેલા સ્વામીશ્રીની કરુણાથી ગદ્ગદિત ભક્તોએ તેઓનું ઉષ્માસભર સ્વાગત કર્યું. તે સ્વીકારી લેનેશિયામાં શ્રી ભરતભાઈ પટેલના ઘેર પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે નિત્યક્રમથી પરવારી જ્યારે જલપાન કર્યું ત્યારે તેઓની શરીર-ઘડિયાળ મુજબ બપોરના દોઢ વાગ્યાનો સમય થયેલો !

આટલો પરિશ્રમ ઉઠાવીને તેઓ દક્ષિણ આફ્રિકાના સત્સંગની રજત જયંતીમાં સામેલ થવા આવી પહોંચેલા. આ સીમાચિહ્નરૂપ ઘટનાની શાનદાર ઉજવણી તા. ૧/૮ની સાંજે શરૂ થઈ. તે નિમિત્તે પાટીદાર હૉલ ખાતે યોજાયેલા

સમારોહમાં સ્વામીશ્રી મંચ પર બિરાજમાન થતાં જ *'લઈને ધર્મજ્યોત અમે વિશ્વ ખૂંદનાર...'* શૌર્યગીતના તાલે કૂચ કરતાં બે અગ્રણી હરિભક્તો હાથમાં જ્યોત લઈ સ્વામીશ્રી સમક્ષ આવી પહોંચ્યા. ધર્મની એ મશાલ સ્વામીશ્રીએ પોતાના હાથમાં લઈ દક્ષિણ આફ્રિકામાં રહેતા તમામ ભારતીયોના પ્રતિનિધિ-રૂપે એલચી શ્રી હર્ષ ભાસિનને સોંપી. આ રાજદૂતે એ જ્યોતને ઊંચી કરતાં પ્રેક્ષકોને ધરી. આ ક્ષણને સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધી.

આવા જ આનંદ વચ્ચે સ્વામીશ્રી તા. ૨/૮ની રાત્રે જોહાનિસબર્ગમાં શ્રી મૂકેશભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે વંચાતા ગ્રંથમાં યોગીજી મહારાજનું વાક્ય આવ્યું: *'સંતને ગુણાતીત સ્વરૂપ કહેવાય. બીજું કહીએ તો ડંડા પડે.'*

આ સાંભળી હરિભક્ત શ્રી કનુભાઈ અમીને પૂછ્યું: 'બીજું કહે એટલે ?'

'બીજું એટલે ભગવાન કહે તો !'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતા સાંભળી એ સત્સંગી બોલ્યા: 'આપનામાં શ્રીજીમહારાજ અખંડ રહ્યા છે એમ તો કહેવાય ને ?!'

'હા, એમ કહેવાય. હાથમાં હાથ, નાકમાં નાક એમ કહે છે ને !'

સ્વામીશ્રીના આ ખુલાસાથી સૌ હરખાઈ ઊઠ્યા, કારણ કે *'અખંડ એમાં રહું છું રે...'* એ શ્રીજીમહારાજના વચનનો પડઘો તેઓના શબ્દોમાં સંભળાયો.

## પ્રમુખસ્વામીમાં પરબ્રહ્મનો પ્રકાશ

તા. ૪/૮ની બપોરે બાર વાગ્યે સ્વામીશ્રી જોહાનિસબર્ગથી ગેબરોન આવી પહોંચતાં બોટ્સ્વાના દેશ તેઓની પદરેણુથી પ્રથમ વાર પાવન થયો. સ્વામીશ્રીના આ આગમનને વધાવતાં હિંદુ ઍસોસિયેશનના ચૅરમેન ડૉ. શર્મા તો હિંદુ હૉલ ખાતે આયોજિત આજની સ્વાગત-સભામાં ઉચ્ચારી ગયા કે 'પ્રમુખસ્વામી મહારાજ સમાજસેવાનું મૂર્તિમાન સ્વરૂપ છે. જ્યારે તમે પ્રમુખસ્વામીને જુઓ છો ત્યારે તમે ભગવાનને જુઓ છો. પ્રમુખસ્વામી મહારાજમાં લેશમાત્ર માન નથી, તેથી તેઓમાં ભગવાન પ્રકાશે છે.'

સ્વામીશ્રીમાં ઝળહળતો પરબ્રહ્મનો આ પ્રકાશ તા. ૫/૮ની સવારે બોટ્સ્વાનાના રાષ્ટ્રપ્રમુખ શ્રી ફેસ્ટસ મોહાયની કચેરીમાં પણ પથરાયો. પોતાના દેશના માનવંતા મહેમાન તરીકે સ્વામીશ્રીને આવકારતાં આ અગ્રણી નેતા ખૂબ જ ખુશી સાથે બોલી ઊઠ્યા: 'મને બહુ આનંદ થયો છે કે આપે

આપના વિચરણમાં અમારા દેશને સામેલ કર્યો.'

આ સત્કાર ઝીલતા સ્વામીશ્રીએ પણ દેશની સુખાકારી માટે પ્રાર્થના કરી સંસ્થાકીય સાહિત્ય અને સ્મૃતિભેટ અર્પણ કર્યાં. ત્યારબાદ ચાલતા થયેલા વાર્તાલાપમાં તેઓએ હિંદુ ધર્મ તથા સંપ્રદાયમાં સ્ત્રીઓનાં પ્રદાન વિષયક રાષ્ટ્રપ્રમુખની જિજ્ઞાસાઓ સંતોષી. તેથી નિઃસંશય થયેલા શ્રી ફેસ્ટસે સ્વામીશ્રી વિદાય લેવા ઊભા થયા ત્યારે 'જય સ્વામિનારાયણ' કહી આભાર પ્રગટ કર્યો.

પરંતુ સ્વામીશ્રીની પ્રતિભાએ આજે જાણે સમગ્ર શહેરને ઘેલું લગાડ્યું હોય તેમ તેઓ આજની સાંજે હિંદુ હૉલમાં જાહેરસભા માટે પહોંચ્યા ત્યારે આખું સભાગૃહ ખીચોખીચ ભરાયેલું. તે જોઈ ભારતીય રાજદૂત શ્રી મિત્તર બોલી ઊઠ્યા: 'અહીં આવ્યા પછી પ્રથમ વખત મેં આટલી મોટી સંખ્યામાં ભારતીયોને ભેગા મળેલા જોયા.'

## ડર્બનમાં ડંકા

બોટ્સ્વાનામાં શ્રી પંકજભાઈ બારોટના ઘેર રોકાયેલા સ્વામીશ્રી તા. ૬/૮ની સવારે ડર્બન જવા નીકળ્યા ત્યારે અહીં ઐતિહાસિક અવસરની આલબેલ પોકારાઈ રહેલી. અત્રે નાતાલ યુનિવર્સિટીની સમીપમાં જ દોઢ એકરની જમીન સહિતનું એક ધાર્મિક સંકુલ મંદિરમાં પરિવર્તિત થઈ ચૂકેલું. તેમાં મૂર્તિ પધરાવવા આવી પહોંચેલા સ્વામીશ્રીની નિશ્રામાં તા. ૭/૮ની સવારે યજ્ઞ યોજાતાં તેની ધૂમ્રસેરોથી ડર્બન છવાઈ ગયું, તો તા. ૮/૮ના પ્રાતઃકાળે સપ્તાહ મંદિરેથી શરૂ થયેલી નગરયાત્રાએ શહેરવાસીઓને સ્થગિત અને ચકિત કરી દીધા. સ્વામીશ્રીએ પણ ગ્રે સ્ટ્રીટ અને એડવર્ડ સ્ટ્રીટના ખૂણે ઊભા કરાયેલા દસ ફૂટ ઊંચા મંચ પરથી આ શોભાયાત્રા પર અમીદૃષ્ટિ વેરી સૌને અલભ્ય સ્મૃતિ આપી.

ત્યારબાદ શ્રી કેતનભાઈ પટેલના ઘેર ઉતારે પધારેલા તેઓનો સંદેશ લેવા સાઉથ આફ્રિકા બ્રૉડકાસ્ટિંગ કૉર્પોરેશનના સંવાદદાતાઓ આવી પહોંચ્યા. તેઓએ ફિલ્માંકિત કરેલો સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ દેશના દૂરદર્શન દ્વારા લોકપ્રિય કાર્યક્રમ ઈસ્ટર્ન મોઝેક અંતર્ગત પ્રસારિત કરવામાં આવ્યો.

તેથી ચોતરફ વ્યાપી વળેલા બ્રહ્મનાદની વચ્ચે તા. ૯/૮ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. આ અવસરને પોંખવા ભારતના કોન્સલ જનરલ શ્રી ફ્રાન્સિસ

સહિત ચાર હજારની મેદની મેનર ગાર્ડન્સ સ્કૂલના પ્રાંગણમાં યોજાયેલી સભામાં ઉપસ્થિત હતી.

તેઓને અમૃતધારા વરસાવી તૃપ્ત કરતા સ્વામીશ્રીએ તા. ૮/૮ની સવારે સિડેનહામ માર્ગ પર નિર્માણાધીન સનાતન મંદિર તથા તા. ૯/૮ની બપોરે સુરત આર્ય-ભજન મંડળ દ્વારા બંધાનારાં મંદિરોની જગ્યા પર જઈ નિર્માણલક્ષી યોગ્ય માર્ગદર્શન આપ્યું. આ બંને સ્થળે તેઓની એક સૂચના સર્વસામાન્ય રહી કે 'અહીં હૉલ બનાવ્યો છે તે સારી વાત છે, પણ તેમાં દારૂ કે માંસાહાર ક્યારેય પેસવું ન જોઈએ. તેની પવિત્રતા જળવાવી જોઈએ.'

મંદિરોમાં મૂર્તિઓની સાથે ધર્મની પ્રતિષ્ઠા કરવાનું સ્વામીશ્રી કદી ન ચૂકતા.

તે દ્વારા ડર્બનની ડેલીઓ ગજવી તા. ૧૧/૮ના રોજ જોહાનિસબર્ગ પધારેલા તેઓ અહીં તા. ૧૨/૮ની સવારે મેફેર કલ્ચરલ સેન્ટરમાં પ્રાતઃપૂજા કરવા માટે ગાડીમાંથી ઊતર્યા, પરંતુ તે વખતે ઠંડો કાતિલ સુસવાટો એવો ફૂંકાયો કે તેથી ધ્રૂજી ગયેલા સ્વામીશ્રીની આંખો ઝીણી થઈ ગઈ, મુખ એક તરફ ફરી ગયું અને તેઓ સહેજ નીચા નમી ગયા! છતાં પવનની આ પજવણીને તાબે ન થતાં સ્વામીશ્રી અત્રે ઠાકોરજીની સુવર્ણતુલા સહિતના નિશ્ચિત કાર્યક્રમો સંપન્ન કરી તા. ૧૩/૮ના રોજ લુસાકા પધાર્યા.

અહીં શ્રી જયેશભાઈ પટેલના ઘેર રોકાયેલા તેઓની સ્વાગત-સભા આજની સાંજે રાધાકૃષ્ણ મંદિરમાં યોજાઈ ત્યારે તેમાં ભારતીય એલચી શ્રી અત્રિ અને દેશના કૃષિ મંત્રી શ્રી દેસાઈ સહિત અનેક ભાવિકો ઉપસ્થિત હતા.

આ સાથે તા. ૧૪/૮ના રોજ ચરોતર પાટીદાર સમાજના હૉલમાં પ્રાતઃપૂજા તેમ જ સાયંસભાનો લાભ આપતા સ્વામીશ્રીએ તા. ૧૫/૮ની સવારે મલાવી દેશના લિલોન્ગ્વેને પાવન કર્યું.

અત્રે આજની સાંજે સનાતન હિંદુ મંદિરના હૉલમાં યોજાયેલી સ્વાગત-સભામાં રાષ્ટ્રના ઉપપ્રમુખ શ્રી જસ્ટિન માલેવેઝીએ સ્વામીશ્રીને સત્કાર્યા. તેઓની જેમ દેશના રાષ્ટ્રપ્રમુખને પણ સ્વામીશ્રી વિષે એવો સદ્‌ભાવ પ્રગટી ગયો કે તેઓએ તો તા. ૧૭/૮ના રોજ પોતાનું હેલિકોપ્ટર સ્વામીશ્રી સારુ મોકલી આપ્યું. તે દ્વારા બ્લેન્ટાયર પધારેલા સ્વામીશ્રી અત્રે સત્યનારાયણ મંદિરમાં સત્સંગનો લાભ આપી તા. ૧૯/૮ના રોજ ઝિમ્બાબ્વેના પાટનગર હરારે પહોંચ્યા.

આ શહેરમાં શ્રી હસમુખભાઈ પટેલના ઘેર રખાયેલા બે દિવસના રોકાણ દરમ્યાન ૐ મંદિરે સત્સંગના કાર્યક્રમો ધામધૂમથી સંપન્ન થયા. તેના અંતે તા. ૨૧/૮ની સાંજે અહીંથી વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રીએ આ દેશમાં સ્થાનિક યુવક મંડળની વિધિવત્ સ્થાપના કરી દીધી.

આમ, બાવીસ દિવસમાં આફ્રિકાના પાંચ દેશોને મંડળ અને મંદિરો દ્વારા પુષ્ટિ આપી તેઓ આ જ હેતુ માટે તા. ૨૧/૮ની સાંજે સવા પાંચ વાગ્યે નૈરોબી પધાર્યા.[૭]

## હસતે મોઢે થયેલું કામ

પૂર્વ આફ્રિકામાં છેલ્લા સાત દાયકાથી સતત વહેતી સ્વામિનારાયણીય સત્સંગ સરિતાનાં નીર પીને પરિપુષ્ટ થયેલા ઉપાસનાના વટવૃક્ષ પર આ અરસામાં રસદાર-કસદાર ફળરૂપે ભવ્ય શિખરબદ્ધ મંદિર ફૂટી નીકળેલું. નૈરોબીના ફોરેસ્ટ રોડ પર ૧૦,૨૦૦ ચો.ફૂ.ના વિસ્તારમાં પથરાયેલું અને ૧૪૦ x ૯૯ x ૬૯ ફૂટનું પરિમાણ ધરાવતું આ સ્થાપત્ય એટલે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીના અથાક પરિશ્રમનો પરિપાક. તેના નિર્માણમાં વિનિયોગ પામેલા જેસલમેરના ૧૬,૫૦૦ ઘનફૂટ પથ્થર, ઈટાલીના ૧૩,૨૦૦ ચો.ફૂ. આરસ અને ભારતના ૧૦,૦૦૦ ચો.ફૂ. કોટા સ્ટોનના એક-એક કણમાંથી સ્વામીશ્રીની પ્રેરણાનો પરિમલ પણ પ્રસરી રહેલો.

પરંપરાગત નાગરાદિ શૈલીના આ દ્વિસ્તરીય મંદિરનાં ૫ શિખર, ૭ ઘુમ્મટ, ૩૦ કલાત્મક સ્તંભ, ૪૦ કલામંડિત ગવાક્ષ, ૨૩ સુશોભિત સામરણ અને ૪ જાજરમાન ઝરૂખાને ઊંચાં કરવામાં ૧૧,૦૦,૦૦૦ માનવ કલાકોના શ્રમની સુગંધ ભળેલી. તેમાંય વિશ્વમાં પ્રથમ વાર અસ્તિત્વમાં આવેલો કાષ્ઠ-કોતરણીયુક્ત ૩૫ x ૩૫ ફૂટનો વિશાળ ઘુમ્મટ આ મંદિરનું દર્શનીય પાસું. તે ઉપરાંત, છ હજાર ઘનફૂટ જેટલાં એલ્ગન ટીક, વ્હાઇટ ઑક, મ્વુલી, મેહોગની જેવાં કાષ્ઠમાંથી કંડારાયેલાં નકશીદાર ૩૦ સ્તંભ, ૨૩ કમાન, ૨૨ છત-ભાત, ૬૦૦૦ મોગરાઓ અને ૨૮૮ કલાપૂર્ણ મદલની સંરચના

૭. દક્ષિણ આફ્રિકા, મલાવી અને ઝિમ્બાબ્વે દેશોમાં વહેલી સ્વામીશ્રીની અમૃતધારાનો આસ્વાદ માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

તથા પથ્થર સાથે તેનું સુયોગ્ય સંયોજન પણ હેરત પમાડનારી બાબત. ૬૬,૦૦૦ ચો.ફૂ.ના ક્ષેત્રફળમાં વિસ્તરેલી મંદિરની સમીપવર્તી હવેલી તે આ ઉપાસનાના ધામનું છોગું.

આવા મંદિરના પ્રાણરૂપ મૂર્તિઓને પધરાવી આ સર્જનને સાર્થક કરવા આવી પહોંચેલા સ્વામીશ્રીનું સ્વાગત પણ પ્રસંગની ગરિમાને અનુરૂપ જ થયું. મંદિર મહોત્સવ માટે પ્રીમિયર એકેડમીના પટાંગણમાં ભવ્ય મહાલય સમું સભાગૃહ રચવામાં આવેલું. તેમાં બૅન્ડની સલામી અને પુષ્પહારોની વર્ષા ઝીલતા સ્વામીશ્રીએ આગમનના આશીર્વાદ આપતાં જણાવ્યું:

"સ્વાગત તો ખરી રીતે આપ બધા ભક્તોનું કરવાનું હોય છે. અભિનંદન પણ આપને જેટલાં આપીએ તેટલાં ઓછાં છે. આપ બધાં નાનાં-મોટાં બાઈ-ભાઈની સેવા અવર્ણનીય છે. આપે બહુ દિલ દઈને, ખૂબ મહિમાપૂર્વક તનતોડ મહેનત કરી છે. એક સંપ, એક રુચિ, એક સંગઠનપૂર્વકની સેવાથી આ બહુ જ અશક્ય કાર્ય શક્ય બન્યું છે. એકને જોઈને બીજાને ભૂલી જઈએ એવી દરેકની નિષ્ઠા ને સમજણ જોવા મળે છે. લોયા ૩(વચનામૃત)માં કહ્યું છે એ ભક્તોનાં દૃષ્ટાંતો અત્યારે પણ આપણને જોવા મળે છે. એટલે આપ બધાંનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

ભગવાન કોઈનું ભૂલતા નથી. આપણી જે કસોટી છે એ પણ કરી લીધી છે. કસોટી કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. એમાં જે અડગ રહ્યા એ મોટી વાત થઈ ગઈ. જ્યાં સુધી જાહોજલાલી હોય, આપણને માન-પાન મળતું હોય, બધી રીતે આપણને સગવડો હોય તો તો આપણું મન કાંઈ ડગે નહીં; પણ શરીર ઉપરથી કપડાં ઊતરી જાય, મહેલાતો ચાલી જાય તે ઘડીએ રહેવું કે 'આ સાક્ષાત્ ભગવાન' એ બહુ મોટી વાત છે! એવા પ્રસંગમાં દાદાખાચર, પર્વતભાઈ, આશાભાઈનું મન નથી ડગ્યું! એ પ્રસંગ મને આજે દેખાય છે – આપનાં બધાંમાં. એ માટે ખૂબ-ખૂબ ધન્યવાદ છે કે હસતે મોઢે આ કામ થયું છે. ભગવાન સાક્ષાત્ બેસી જશે ને ડંકો પણ સર્વોપરી વાગશે. કોઈને ઊણપ માનવાની જરૂર નથી, મહારાજનો રાજીપો સંપૂર્ણ થયો છે."

## જળસંકટને ટાળતો કરુણાનો પ્રવાહ

તા. ૨૨/૮ની સાંજે હિંદુ કાઉન્સિલ ઑફ કેન્યા અને ભારતીય સ્વયંસેવક સંઘનાં સંકુલોમાં ધર્મલાભ આપી મંદિરે પધારેલા સ્વામીશ્રી અત્રે

તા. ૨૩/૮ની સવારે નિત્યપૂજા બાદ મંચ પરથી ઊતરતા હતા ત્યારે સુશોભનની સેવા કરતા સંતો હરોળબંધ ઊભા રહી ગયા. તેમાંના એક હરિનયનદાસ સ્વામીને પૂર્વાપરનો સંદર્ભ સંભારી સ્વામીશ્રીએ કહ્યું: 'ઘંટડી વગાડજો.'

'આપ આશીર્વાદ આપો કે ઘંટડી સારી વાગે. અમે તો થાય એટલું કરીએ છીએ.'

'થાય એટલું તો આખી દુનિયા કરે છે. એથી વધારે કરે તો ભગવાન ને સંત રાજી થાય.'

આટલી માર્મિક પ્રેરણા પીરસી સ્વામીશ્રી પ્રીમિયર એકેડમીના આંગણે જઈ પહોંચ્યા. અત્રે ધમધમતા મહોત્સવના વિવિધ વિભાગોની કાર્યવાહી જોઈ સંતોષ વ્યક્ત કરતા તેઓ સ્વયંસેવકોને આશીર્વાદના થાપા આપતા ગયા.

આ ક્રમમાં સરદાર પટેલ હૉલ, ગીતા હૉલ, પ્રકાશ પટેલ પેવેલિયનના અતિથિ આવાસ, સંતોના નિવાસ માટે નિશ્ચિત થયેલું સ્થાનકવાસી જૈન સંઘનું સંકુલ તથા પિટોનિયસ ઇમારતની મુલાકાત લઈ સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા.

અહીં આજની સાયંસભામાં નૈરોબીના નગરપતિ સહિત કંઈક સ્થાનિક શ્રેષ્ઠીઓએ તેઓને સન્માન્યા.

તે પછી ભોજન ગ્રહણ કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ ગુજરાતથી આવેલા એક પત્રમાં વર્ણવાયેલી જળસંકટની કહાણી વંચાઈ. તે સાંભળી દ્રવી ઊઠેલા સ્વામીશ્રીએ ત્યાં જ નેત્રો મીંચી સતત પાંચ મિનિટ ધૂન કરી. આ પ્રાર્થનાની સાથે તેઓએ પાણીના પ્રશ્નને નાથવા પુરુષાર્થનો પ્રવાહ પણ વહેતો કરી દીધો.

તેની એક ધારારૂપે સંસ્થા દ્વારા વૉટરશેડ (જળસ્રાવ) યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાનાં ૧૭ અછતગ્રસ્ત ગામોમાં જળસંચય, જમીન સુધારણા, પશુ સુધારણા, ખેત સુધારણા, વનીકરણ વગેરે આયોજનો હાથ ધરવામાં આવ્યાં. ૫૦૦ હેક્ટર જમીનને આવરી લેતા એક એવા નવ પ્રકલ્પો દ્વારા ગતિશીલ થયેલા આ અભિયાનથી તે ૧૭ ગામોમાં ભારતની સ્વતંત્રતા બાદ પ્રથમ વાર પાણીની તંગીનો મામલો હલ થયો. આ ગામો અત્યાર સુધી દર ઉનાળામાં લાખો રૂપિયાનો ધુમાડો કરી ટેન્કરો દ્વારા પાણી પીતાં હતાં, તે ખર્ચો સંસ્થાના સક્રિય અને સૂઝસભર રાહત કાર્યથી આ વર્ષે શૂન્યના આંકે પહોંચી ગયો! તેની સાથે ખેતીલાયક કૂવાઓનાં જળ-તળ પણ ૧૦-૧૨ ફૂટ ઉપર આવ્યાં. તેથી ચોમાસુ પાકની સાથે ખરીફ પાક લેતા થયેલા ખેડૂતોની

આવકમાં વીસથી પચીસ ટકાનો નોંધપાત્ર વધારો થયો.

આવું લાભદાયી આ સંસ્થાકીય આયોજન સમયાંતરે તો અનેક ગામોમાં વિસ્તર્યું.

## કલાનિધિ

વિષુવવૃત્તની નજીક અને સમુદ્રતલથી આશરે ૫,૮૮૯ ફૂટની ઊંચાઈએ હોવાથી ખુશનુમા આબોહવા ધરાવતું નૈરોબી વિશ્વપ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર તો હતું જ, પરંતુ સ્વામીશ્રીએ સર્જેલા મંદિરથી તે હવે યાત્રાનું ધામ પણ બન્યું હતું. આવા મંદિરને સંપૂર્ણતા બક્ષવા તા. ૨૪/૮ની સવારે નિરીક્ષણ માટે નીકળેલા સ્વામીશ્રીને ઈશ્વરચરણદાસ સ્વામી ઑડિટોરિયમના ઝરૂખામાં ગોઠવેલી પ્રતિમાઓ બતાવવા લાગ્યા.

તે વખતે શંકરાચાર્યની મૂર્તિ જોતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'એમને (હાથમાં) દંડ નથી.'

'હા, બાપા ! આપી દઈશું.'

'ચૈતન્ય મહાપ્રભુને હાથમાં કરતાલ આપવી જોઈએ.'

'હા, બાપા !'

આમ, સ્વામીશ્રીની સૂક્ષ્મ કલાદૃષ્ટિના ચમકારા વેરાતા જ રહ્યા.

તેના ઉજાશમાં મંદિરની મુલાકાત આટોપી સૌ સાયંસભામાં આવી પહોંચ્યા. અહીં કેન્યાના ગૃહપ્રધાન શ્રી શરીફ નાસિર સ્વામીશ્રીના આશીર્વાદ મેળવી કૃતાર્થ થયા. તેઓએ નવનિર્મિત મંદિરને કેવળ હિંદુઓના જ નહીં, પરંતુ સમગ્ર કેન્યાના ગૌરવરૂપે ગણાવ્યું. વળી, 'I hope this place will be advertized not in Kenya alone, but all over the world' કહી ગૃહમંત્રીએ કેવળ આ દેશ નહીં, પણ સમગ્ર દુનિયામાં મંદિરની જાહેરાત થાય તેવી અભિલાષા પ્રગટ કરી.

જેમ ખીલેલું ફૂલ સૌને મુગ્ધ કરે તેમ આ અરબી મુરબ્બી પણ મંદિરથી અભિભૂત થઈ ગયા. આવી જ સ્થિતિ તા. ૨૫/૮ની સાયંસભામાં આવેલા દેશના પ્રવાસન અને વન્ય વિભાગના મંત્રી શ્રી હેનરી કોસગીની બની રહી.

## મનષા પૂરે સઉ તણી

તા. ૨૬/૮ની સવારે સ્વામીશ્રી નવનિર્મિત મંદિરના આંગણે ખીલેલા

ઉદ્યાનમાં વર્તુળાકાર ફુવારાનું ઉદ્ઘાટન કરી પ્રદર્શન ખંડના પ્રવેશદ્વારે પહોંચ્યા. અહીં વિશાળ ચિત્રો, છબીઓ, વીડિયો શો, ટ્રાન્સલાઇટ્સ, ડાયરામા વગેરે દ્વારા 'ગૌરવશાળી ભારત'ને રજૂ કરતી એક મનહર સૃષ્ટિ મંદિરના રંગમંડપમાં પથરાઈ ચૂકેલી. તેને જનહિતાર્થે ખુલ્લી મૂકી સ્વામીશ્રીએ આજે પ્રિમિયર ઍકેડેમીના સંકુલમાં તૈયાર થયેલી પ્રાથમિક શાળાના પણ શ્રીગણેશ કરી આપ્યા.

આમ, ફુવારા દ્વારા આનંદ, પ્રદર્શન દ્વારા અસ્મિતા અને શાળા દ્વારા અધ્યયનની દિશાઓ ખોલી આપી તેઓએ આજની બપોરે અઢી વાગ્યે કેન્યાના રાજભવનમાં પગલાં પાડ્યાં. તેથી આ દેશના રાષ્ટ્રપ્રમુખ શ્રી ડેનિયલ આરપ મોઈના અહોભાવની સીમા પણ ખૂલી ગઈ. આ નેતા પોતાના રાષ્ટ્રને બેનમૂન મંદિરનું નજરાણું આપવા બદલ સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞ હતા. એ ભાવ સાથે તેઓએ સ્વામીશ્રીને આવકાર્યા ત્યારે સ્વામીશ્રીએ પણ તેઓને પ્રાસાદિક હાર અને સ્મૃતિભેટથી સન્માની ઠાકોરજીની ઓળખાણ કરાવી. તે વખતે સાથેના સંતો-ભક્તોએ આ બંને મહાનુભાવોની પૂર્વ મુલાકાતોનાં સંસ્મરણો તાજાં કર્યાં.

તેથી ઉષ્માસભર બની રહેલા આ મિલન બાદ મંદિરે પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં આજની સાયંસભા 'સપનાં થયાં સાકાર'ની પ્રસ્તુતિથી રોચક બની રહી. આ સંવાદમાં ગૂંથાયેલી પૂર્વ આફ્રિકાના સત્સંગની તવારીખને નિહાળી સ્વામીશ્રીએ પણ પ્રસન્નતા વરસાવી.

તે પછી ઉતારે પહોંચેલા તેઓ રાત્રિભોજન બાદ મુલાકાતીઓને માર્ગદર્શન આપવા બિરાજ્યા. આ સમયે મુલાકાતીઓની હરોળમાં ઊભેલા યુવક શ્રી હિતેન મજેવાડિયાએ નોંધ્યું કે પોતાની આગળના બંને આગંતુકોને સ્વામીશ્રીએ રાખડી બાંધી. તેથી આવો લાભ લેવાનો મનોરથ આ યુવાનને પણ જાગ્યો; પરંતુ *'મનમાં છે તે મનડું જાણે'* મુજબ તેઓ કાંઈ કહ્યા વગર સ્વામીશ્રીને મળી આગળ વધવા ગયા ત્યાં જ સ્વામીશ્રીએ તેઓને ઊભા રાખી રાખડી બાંધી !

આ સુખદ સંભારણાથી હલબલી ઊઠેલો તે યુવક કહેવા લાગ્યો: 'સ્વામીબાપા ! આજે રક્ષાબંધનનો આખો દિવસ પસાર થઈ ગયો. મારે સાત બહેનો છે, પણ કોઈએ રાખડી નહોતી બાંધી. મનમાં સંકલ્પ હતો કે આપ બાંધો તો સારું. એ ઇચ્છા આપે પૂર્ણ કરી !'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાન અને સંત જ આપણા ભાઈ, આપણાં બહેન, આપણાં મા-બાપ જે કહો તે સર્વસ્વ છે.'

જી હા, સ્વામીશ્રીએ કદી પોતાના આશ્રિતોને માતા-પિતા કે ભાઈ-ભગિનીની ખોટ વર્તાવા દીધી નહોતી.

## નૈરોબીની ઐતિહાસિક નગરયાત્રા

તા. ૨૭/૮ની સવારના શુભ મુહૂર્તમાં સ્વામીશ્રીના વરદહસ્તે મંદિરનાં પ્રાસાદ-પ્રવેશ તથા ધજા, કળશ અને ધજાદંડનો પૂજનવિધિ સંપન્ન થયો. તેને અનુસરતાં ફૂટેલા તા. ૨૮/૮ના પ્રભાતે યજ્ઞશાળાના ૩૫ કુંડોમાં મહાયાગની અગ્નિશિખાઓ પ્રગટી ગઈ. તે પરંપરાગત પરિધાન પહેરેલા ૪૨૬ યજમાનોની અવિરત આહુતિઓથી વિશેષ પ્રજ્વલિત થતાં નૈરોબીનાં ગલી-ગગનમાં હુતદ્રવ્યોની સોડમ પ્રસરી રહી. એ સુગંધમાં આજની બપોરે અઢી વાગ્યે નગરયાત્રાનો ગુલાલ ઘોળાયો.

શહેરના પ્રસિદ્ધ ઉહુરુ પાર્કથી પ્રારંભ પામેલી આ એક કિ.મી. લાંબી શોભાયાત્રા કેન્યાટા એવન્યૂ, મોઈ એવન્યૂ, મુરાન્ગા રોડ, મોબ સિનેમા ચોક, નગારા રોડ, લીમુરુ રોડ અને ફોરેસ્ટ રોડને પાવન કરતી મંદિરનાં દ્વારે પહોંચી ત્યારે સમગ્ર શહેર બૅન્ડની સુરાવલીઓ, લોકનૃત્યોના થૈકારા, ગગનભેદી જયનાદો, ધૂન-ભજનની રમઝટ, વિવિધ વેશભૂષામાં સજ્જ કિશોરોના કલશોર, મહિલાઓનાં મંગલગાન વગેરેથી ગુંજી રહ્યું.

અહીં દેશનાં રાજભવન, અદાલતી ભવન, સંસદ વગેરે મહત્ત્વપૂર્ણ ઈમારતો ધરાવતા રાજમાર્ગો પર સરકારી સરઘસો સિવાય અન્ય કોઈને યાત્રા કે જુલુસ માટે પરવાનગી આપવામાં આવતી નહોતી; પરંતુ સ્વામીશ્રીના પ્રૌઢ પ્રતાપથી આજે આ માર્ગો પર અક્ષર-પુરુષોત્તમના રથ વિચરેલા.

આ હકીકતથી અભિભૂત થઈ પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી મનુભાઈ માધવાણી તો સ્વામીશ્રીનો હાથ પકડી બોલી ઊઠ્યા : 'ગવર્નમેન્ટનું પણ આવી રીતનું પ્રોસેશન ક્યારેય નીકળ્યું નથી. બાપા ! આ તો ઇતિહાસ બની ગયો !'

આ ઉદ્‌ગાર આજે રાહદારીથી લઈ રાજદ્વારી સુધી અનેકનાં મુખે ઊછળી રહ્યો.

આવી આ અભૂતપૂર્વ નગરયાત્રામાં સામેલ ૩,૦૦૦થી વધુ ભક્તોને દર્શનદાન દેવા સ્વામીશ્રી મંદિરની ડાબી તરફની રૂપચોકીમાં આવી બિરાજ્યા.

અહીંથી જ તેઓએ સૌ પર વરસાવેલી અમૃતધારા બાદ રાત્રે આઠ વાગ્યે યોજાયેલી આતશબાજી પણ સૌને મંત્રમુગ્ધ કરી રહી. તેમાં ગરજતા ફટાકડાઓ જોઈ સ્વયં સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'બ્રહ્માંડોમાં કડાકા-ભડાકા થાય એવું આ થયું ! પહેલાં નવો રાજા ગાદીએ બેસે ત્યારે તોપથી સલામી આપતા.'

અનાદિ સેવક અક્ષરબ્રહ્મ સાથે મંદિરમાં બિરાજમાન થનારા અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ શ્રીજીમહારાજની વધામણી સૂચવતા સ્વામીશ્રીના આ શબ્દો તેઓના અંતરમાં વ્યાપેલા આનંદને સૂચવી ગયા.

## વિશ્વની અજાયબીઓને નૈરોબીનો જવાબ

તા. ૨૯/૮ની સવારે પોણા નવ વાગ્યે નૈરોબીના નવનિર્મિત મંદિરની સોપાનપંક્તિથી જમણી તરફ રોપાયેલા શિલાલેખ આગળનો પડદો સ્વામીશ્રીએ ખસેડ્યો ત્યારે ન કેવળ મૂર્તિપ્રતિષ્ઠાની વિગત સૂચવતી માહિતી ઊઘડી, પરંતુ કેન્યાનું સૌભાગ્ય પણ ઊઘડી ગયું !

શિલાલેખના અનાવરણનો આ વિધિ કર્યા બાદ ૭૫ સભ્યોના બૅન્ડની સલામી ઝીલતા સ્વામીશ્રી લાલ જાજમ પર પગલાં પાડતાં પગથિયાં ચઢ્યા અને સવા નવ વાગ્યે પ્રતિષ્ઠા માટે આવી ઊભા રહ્યા. તે સમયે ગર્ભગૃહનો પડદો ખૂલતાં જ સુવર્ણરંગી સિંહાસનમાં વિરાજિત અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં દર્શન થયાં. સ્વામીશ્રીને જોઈ મૂર્તિઓ અને મૂર્તિઓને જોઈ સ્વામીશ્રી મલકાઈ ઊઠ્યા.

આ પ્રસન્નતા સાથે સ્વામીશ્રીએ વેદિયા વિપ્રોની સૂચના મુજબ જમણા હાથમાં દર્ભશલાકા લઈ મૂર્તિમાં પ્રાણ પૂર્યા ત્યારે ચારેકોર હર્ષનાદ ગાજી ઊઠ્યો. તેની વચ્ચે ૬૫૦ યજમાનો સાથે અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રથમ આરતી ઉતારી તેઓ ઉત્સવ-સભામાં પધાર્યા ત્યારે અહીં તો ભારતીય એલચી શ્રી આર. કે. ભાટિયા, બાંગ્લાદેશના રાજદૂત શ્રી સુબીરકુમાર ભટ્ટાચાર્ય, હંગેરીના ઍમ્બેસેડર ડૉ. એન્ડ્રાસ ટોથ, શ્રીલંકાના એલચી શ્રી વિજયવર્ધને, પૉલેન્ડના રાજદૂત શ્રી એન્ડ્રજેઝ ઓલ્ઝૌકા, કોલંબિયાના એલચી શ્રી જર્મન ડરન અને યુગાન્ડાના ઍમ્બેસેડર શ્રી ફ્રાન્સિસ બુટાગિરા સહિત સાત દેશોના રાજદૂતોની હારમાળા સ્વામીશ્રીને વધાવવા તત્પર હતી. આંતરરાષ્ટ્રીય સંસ્થા ચિન્મય મિશનના પૂજ્ય તેજોમયાનંદજી પણ શુભેચ્છા પાઠવવા આવી પહોંચેલા.

આમ, દેશ-વિદેશના ૧૨,૦૦૦થી વધુ ભાવિકોની ઉપસ્થિતિમાં ચાલી

રહેલા આ દબદબાભર્યા સમારોહની ઝલક કેન્યા બ્રૉડકાસ્ટિંગ કૉર્પોરેશન, કેન્યા ટી.વી. નેટવર્ક, FM રેડિયો વગેરે વિખ્યાત સંસ્થાઓ દ્વારા પ્રસારિત થઈ. તેની સાથે અનેક વર્તમાનપત્રોએ પણ આ મંદિર અને મહોત્સવને પોતાનાં પાનાં પર ચમકાવ્યાં. તે પૈકીના એક અગ્રણી અખબાર કેન્યા ટાઇમ્સે તો છાપી જ દીધું કે *'Nairobi's answer to the wonders of the world.'* – *વિશ્વની અજાયબીઓને નૈરોબીનો જવાબ.*

આ અખબારી ઘોષણા દ્વારા સ્વામીશ્રીના કાર્યનો પડઘો ગાજી રહ્યો.

## મૂર્તિઓના ઉત્થાપનનો વિષાદ

શિખરબદ્ધ મંદિરમાં પ્રતિષ્ઠા કરી સ્વામીશ્રી તા. ૩૦/૮ની સવારે ૧૦:૧૦ વાગ્યે નગારા રોડ પર ઊભેલા આપણા હરિમંદિરે પધાર્યા ત્યારે અત્રે છેલ્લાં ૨૯ વર્ષથી બિરાજમાન મૂર્તિઓનો ઉત્થાપનવિધિ યોજાયો. તેમાં સામેલ થયેલા સ્વામીશ્રી વિધિનો અવધિ આવ્યો ત્યારે પાંચ દંડવત્ કરી સિંહાસનના કઠેડા આગળ જઈ ઊભા રહ્યા. અહીં તેઓને માઇક પહેરાવ્યું ત્યાં જ વ્હીસલિંગ થતાં હસી પડેલા સ્વામીશ્રી ઠાકોરજીની વિદાયના સંદર્ભમાં બોલ્યા : 'ગાડી ઊપડી...'

પરંતુ તેઓનું આ ગુલાબી હાસ્ય ક્ષણવારમાં જ વિલાઈ ગયું અને આશીર્વાદ શરૂ કરતાં સ્વામીશ્રી ગળગળા સાદે કહેવા લાગ્યા : 'અહીં યોગીજી મહારાજ બેઠા હતા તે યાદ આવે છે. અહીં જ ઊભા હતા. આ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરેલી. અહીં બાજુમાં યજ્ઞ કરેલો. વડોદરામાં સયાજીરાવે મહારાજને પધરાવ્યા ત્યારે સવારી કાઢેલી ને પાછા વિદાય વખતે પણ એટલી જ ધામધૂમ કરેલી. તેમ અહીં યોગીબાપા...'

આટલું બોલતાં સ્વામીશ્રીનો સ્વર રૂંધાઈ ગયો. આંખોમાં અશ્રુ છલકાઈ આવ્યાં. વાતાવરણમાં મૌન પ્રસરી રહ્યું. થોડી વારે ધીરજ ધારી સ્વામીશ્રી બોલવા માંડ્યા : 'યોગીબાપાને રાજી કરવા શાંતુભાઈ તથા તેમના કુટુંબે ભાવથી, મહિમાથી સેવા કરી છે. ભગવાનને વિદાય આપતાં દુઃખ થાય, પણ ભગવાન વિદાય થઈને ભક્તના હૃદયમાં બિરાજે છે. પ્રાર્થના કરીએ છીએ કે સેવા, ભક્તિ, થાળ કરવામાં કંઈ ભૂલ થઈ હોય તો માફ કરજો. મનુષ્યમાત્ર ભૂલને પાત્ર. ભગવાન દયાળુ છે, બધા પર દૃષ્ટિ રાખે છે...'

અહીં પુનઃ સ્વામીશ્રીનું હૈયું ભરાઈ આવતાં તેઓ આગળ કશું જ

ન બોલી શક્યા. થોડી ક્ષણો સુધી કઠેડો પકડી મૂર્તિઓ સામે એકધારા જોઈ જ રહ્યા. છેવટે ત્યાં પડેલી પ્લાસ્ટિકની નાની ખુરશી પર બિરાજી ગયેલા સ્વામીશ્રીના મુખારવિંદ પર ફરી વળેલાં વ્યગ્રતા અને વિષાદ તેઓની પરાભક્તિના પરિચાયક બની રહ્યાં.[૮]

## પિરામિડોના પ્રદેશમાં

તા. ૩૦/૮ની સાંજે નૂતન મંદિરના ઑડિટોરિયમમાં યોજાયેલા સહયોગીઓના સન્માન સમારોહમાં સ્વામીશ્રીએ વિશિષ્ટ દાતાઓને પુષ્પહાર અને રજતમુદ્રાઓ આપી બિરદાવ્યા. તે સાથે જ નૈરોબીના મંદિર મહોત્સવની ગતિવિધિ પર પૂર્ણવિરામ મુકાયું અને સ્વામીશ્રીએ ભૂમંડળના વધુ એક પ્રદેશને પોતાની પદરજથી પાવન કરવા પ્રયાણ આદર્યું.

વિચરણના આ ચરણમાં તા. ૩૧/૮ની સાંજે ૭:૨૦ વાગ્યે વિદાય થયેલા તેઓ સુદાનના ખાર્ટુમ શહેરના હવાઈ મથકે ૫૫ મિનિટનું રોકાણ કરી રાત્રે સવા વાગ્યે ઇજિપ્તની રાજધાની કેરો પહોંચ્યા.

અહીં ઝમાલેક વિસ્તારમાં નાઈલ નદીના તટે ઊભેલી હૉટલ સફિરના ૭૦૪ ક્રમાંકિત ઓરડામાં સ્વામીશ્રી પોઢ્યા ત્યારે રાત્રિના ત્રણ વાગી ચૂકેલા ! છતાં તા. ૧/૯ની સવારે સમયસર પરવારી તેઓ પિરામિડો પર દૃષ્ટિ કરવા નીકળ્યા.

ચારે બાજુથી સપ્રમાણ ત્રિકોણ આકારના પિરામિડ ઇજિપ્તની આગવી ઓળખ છે. પૂર્વે સ્થાનિક માન્યતા એવી હતી કે મૃત્યુ બાદ જીવ પશ્ચિમ દિશામાંથી પ્રયાણ કરીને ઉત્તરમાં આવેલા ધ્રુવના તારામાં રહે છે. અહીંથી તે કાલાંતરે પૂર્વ દિશામાં થઈને પુનઃ પોતાના દેહમાં દાખલ થાય છે. તે વખતે જીવાત્મા સ્વ-શરીરને પારખી શકે તે માટે રાજાઓ વિવિધ ઔષધિઓની સહાયથી દેહને જાળવી રાખવા પોતાની હયાતીમાં જ પિરામિડ રચાવતા.

આ ત્રિકોણીય રચના દૂરથી ઈંટની ઇમારત જેવી જણાય, પરંતુ પગથિયાંની જેમ ગોઠવાયેલા પથ્થરોનો ખ્યાલ તો નજીક જતાં આવે. આ

---

૮. નૈરોબીમાં નિર્માણ પામેલા શિખરબદ્ધ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં મહાલવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પથ્થરોનાં વજન બેથી બસો ટન સુધીનાં રહેતાં. પિરામિડના નીચેના ભાગમાં મહાકાય ગ્રેનાઈટ અને તેની પર લાઈમ સ્ટોન વપરાતો. બે પથ્થર વચ્ચે પકડ માટે ક્યાંય સિમેન્ટ જેવો સાંધાકારી પદાર્થ નથી વપરાયો !

આ રીતે નિર્માણ પામેલા આવા પિરામિડોનો પનો લંબાઈમાં સોથી અઢીસો મીટરનો રહેતો. ઊંચાઈમાં પણ સરેરાશ સોથી દોઢસો મીટરના આવા એક-એક પિરામિડની રચનામાં ત્રણ-ત્રણ દાયકા વીતી જતા. તે તૈયાર થઈ ગયા બાદ તેમાં ધન-ધાન્ય, આયુધો-અલંકારો, વસ્ત્ર-વાહન વગેરે રોજિંદા વપરાશની વસ્તુઓ મૂકવામાં આવતી.

તેને સંઘરીને ઊભેલા અજાયબી સમા આ પિરામિડોનું પ્રવેશદ્વાર શોધવામાં લોકો હજીયે ખત્તાં ખાતા રહ્યા છે. પિરામિડનો કોઈ એક બાજુનો પથ્થર કાઢી તમે અંદર પ્રવેશ કરો તો બીજા માર્ગો દેખાય, જે ગેરમાર્ગે લઈ જનારા જ હોય. આ પિરામિડોની આગળ તેનું રક્ષણ કરનારા દેવતારૂપે સ્ફીંક્સની પ્રતિષ્ઠા થતી. પુરુષ જેવું મુખ, સ્ત્રીવત્ કેશ અને સિંહ સમાન શરીર ધરાવતાં આ પૂતળાં પણ ઊંચાઈમાં વીસેક મીટર અને લંબાઈમાં ૭૦-૮૦ મીટર જેટલાં કદાવર રહેતાં.

આવા ૫૦થી વધુ પિરામિડો સ્વામીશ્રી પધાર્યા ત્યારે ઇજિપ્તમાં હતા. તે પૈકી કેરોમાં રહેલા નવ પિરામિડ ૪,૫૦૦ વર્ષ પુરાણા મનાય છે. એક જ રાજવંશના આ નવે નવ પિરામિડોમાંથી સ્વામીશ્રીએ ૨૫,૦૦,૦૦૦ ઘનફૂટ પથ્થરમાંથી બનેલા અને ૨૩૩ x ૧૪૬ મીટરનું પરિમાણ ધરાવતા ખુફુ રાજાના પિરામિડ સહિત તેઓના પુત્ર ખફ્રે તથા પૌત્ર મેનકૌરીના પિરામિડ નિહાળ્યા.

મેનકૌરી રાજાના પિરામિડને તો તેઓએ સ્પર્શીને પાવન કર્યો અને એક શિલા પર ઠાકોરજી પધરાવી 'ધૂન કરો, કલ્યાણ થાય એમનું' કહેતાં સ્વામિનારાયણ મંત્ર ગુંજાવ્યો. ઊડતી રણરેતમાં વરસી પડેલી તેઓની આ કરુણાવર્ષા સૌને ભીંજવી ગઈ. એવી જ કૃપાદૃષ્ટિ સ્ફીંક્સ પર વેરતાં સ્વામીશ્રી ઉતારે પરત ફર્યા.

અત્રે આજની સાંજે હૉટલના ભોંયતળિયા અને પહેલા માળ વચ્ચેની જગ્યા – મેઝેનાઇનમાં યોજાયેલી સભામાં સ્વામીશ્રીનું અભિવાદન કરતાં ભારતીય એલચી શ્રી શિવશંકર મુખરજીએ જણાવ્યું : 'आप का उपदेश प्रेम और संवादिता का संदेश दे रहा है।' આ સંદેશ સાંભળવા સત્સંગશૂન્ય આ

દેશમાં પણ સૌથી વધુ ભાવિકો દોડી આવેલા.

તેમાંના કેટલાક તો તા. ૨/૯ની પ્રાતઃપૂજામાં પણ આવી પહોંચ્યા. તેઓને નિયમિત સત્સંગની શીખ આપતાં સ્વામીશ્રીએ પીયૂષભાઈ માથુર, હરીશભાઈ વગેરે મુમુક્ષુઓને કાર્યકર તરીકે નિયુક્ત કરી પિરામિડોના આ પ્રદેશમાં સત્સંગની સરવાણી વહેતી મૂકી દીધી.

ત્યારબાદ દસ વાગ્યે ઇજિપ્શિયન મ્યુઝિયમનાં દ્વારે પધારેલા તેઓએ અહીં વ્હીલચૅરમાં બિરાજીને સમગ્ર પ્રદર્શન પર દૃષ્ટિ ફેરવી. તે દરમ્યાન તુતાન ખેમાન રાજાના ખજાનાની જણસો, કાચની સંદૂકમાં કેદ રામસેસ તથા અન્ય રાજાઓનાં મૃતદેહ (મમી) વગેરે પર દૃષ્ટિ ઢોળતાં સ્વામીશ્રીએ 'બધાનો ઉદ્ધાર થાય' તેવી શુભ ભાવના સાથે ધૂન કરી. તે દ્વારા વેરાન રણમાં કલ્યાણની પરબ માંડતાં તેઓ તા. ૨/૯ની રાત્રે ૧૧:૫૦ વાગ્યે ઇઝરાયલના તેલ અવીવ મુકામે આવી પહોંચ્યા.

## ઇઝરાયલમાં પ્રસરી સર્વધર્મ-સમાદરની સુગંધ

ઇઝરાયલમાં હીરાના વેપારી શ્રી બી. વિજયના બંગલે રોકાયેલા સ્વામીશ્રી તા. ૩/૯ની સવારે અગિયાર વાગ્યે યહૂદી ધર્મગુરુ શ્રી ફિરેરને તેઓના કાર્યાલયમાં મળી સાંજે સાડા પાંચ વાગ્યે એનાવ સેન્ટર ખાતે પધાર્યા.

અત્રે સુવિધાસજ્જ સિટી કાઉન્સિલ હૉલમાં તેઓએ જન્માષ્ટમીનો ઉત્સવ ઊજવ્યો. તેમાં રેલેલાં પ્રાસંગિક પદો, પંચાજીરીનો પ્રસાદ અને પારણાંના પ્રકારથી એવી હિંદુ હવા જામી ગઈ કે તેલ અવીવના ઉપમેયર શ્રી માઇકલ રોય બોલી ઊઠ્યા : 'હિંદુ ધર્મની સભા આ હૉલમાં પ્રથમ વાર થઈ રહી છે.'

આ અહોભાવ ઝીલી સ્વામીશ્રીએ તા. ૪/૯ની સવારે ભારતીય એલચી શ્રી મથાઈને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ તેઓ બેથલેહામમાં આવેલા ઇસુના જન્મસ્થાને પધાર્યા ત્યારે એક ઐતિહાસિક તવારીખે આકાર પકડી લીધો. અત્રે રહેલા ચૌદ ખૂણાવાળા તારા પર સ્વામીશ્રીએ ગુલાબની પાંખડીઓ પધરાવી વિશ્વશાંતિ અને સર્વધર્મ-સહિષ્ણુતાના સંકલ્પ સાથે ધૂન કરી. તે પછી તેઓ ત્રણ-ચાર પગથિયાં ઊતરી, જ્યાં ઘાસના પૂળા પર માતાએ નવજાત શિશુ સમા ઈસુને સુવાડેલા ત્યાં પહોંચ્યા. અહીં પણ સ્વામીશ્રીએ ઠાકોરજી પધરાવી, પુષ્પો વેરી ધૂન જગાવી.

તે દ્વારા સંવાદિતાની સુગંધ પ્રસરાવતા તેઓ આજની સાંજે ગાનહાઈરમાં વસતા મુમુક્ષુ શ્રી ચેતનભાઈ મહેતાના ઘેર સત્સંગ-લાભ આપી તા. ૫/૯ની સવારે અગિયાર વાગ્યે રેબેનટના આંગણે જઈ પહોંચ્યા.

આ ઈમારતના બીજા માળે તેઓએ યહૂદી ધર્મના આસ્કાનાઝી અને સ્ફારાદી પંથના ધર્મગુરુઓ અનુક્રમે શ્રી લાઉ તથા શ્રી બાકશી ડોરન સાથે ધર્મવિમર્શ કર્યો. પારસ્પરિક અભિવાદન બાદ ચાલી રહેલી આ વિચારણામાં શ્રી લાઉએ આશ્ચર્ય વ્યક્ત કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'આપની સાથેની વાતચીતમાં મને કેટલીક બાબતો પ્રભાવિત કરી ગઈ છે. તેમાંની એક છે – ઘણા યુવાન સંતો આ ધર્મમાં જોડાયેલા છે. અમારામાં બધા ઘરડા જ છે.'

'અમે પોપને મળેલા ત્યારે તેઓએ પણ એમ જ કહ્યું હતું.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, ખૂબ હળવાશથી વહેતા રહેલા આ વાર્તાલાપના અંતે શ્રી લાઉએ સંતો પાસેથી શીખીને ગુજરાતી ભાષામાં 'આભાર' વ્યક્ત કર્યો. તેથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રી તેઓને સ્મૃતિભેટ આપી વિદાય થયા ત્યારે આ યહૂદી ધર્મવડા બે માળ ઊતરી છેક ગાડી સુધી વળાવવા આવ્યા !

તેઓનો આ આદર સ્વીકારી સ્વામીશ્રી જેરુસલેમમાં આવેલા યહૂદીઓના પવિત્ર તીર્થસ્થાન વેઈલિંગ વૉલ પાસે પધાર્યા.

યહૂદીમાત્રની માન્યતા છે કે અહીં કરેલી પ્રાર્થના અવશ્ય ફળે છે. તેથી તેઓ પ્રાર્થના લખેલા પત્રો આ દીવાલના ખાંચાઓમાં ભરાવે છે. સ્વામીશ્રીએ પણ અત્રે શાંતિપાઠ ગવડાવી દીવાલમાં બે પ્રાસાદિક પુષ્પો મૂક્યાં. તેનું કારણ પુછાતાં તેઓએ ખુલાસો કર્યો કે 'અત્યાર સુધી જે લોકોએ અહીં પ્રાર્થના કરી હોય તે સફળ થાય તે માટે એક પુષ્પ અને હવે જે લોકો અહીં આવી પ્રાર્થના કરે તેની સિદ્ધિ માટે બીજું પુષ્પ !' આ શુદ્ધભાવ સાથે મુકાયેલાં એ બંને ફૂલોમાંથી સ્વામીશ્રીના સર્વધર્મ-સમાદરની સુગંધ ફોરી રહી.

આ સુવાસ લઈ તેઓ માઉન્ટ ઑફ ઑલિવ્ઝ પધાર્યા. અત્રે એક જગ્યાએ ગાડીમાંથી ઊતરી સ્વામીશ્રીએ સમગ્ર જેરુસલેમ પર દૃષ્ટિ પાથરી.

ત્યારબાદ તેઓએ ખ્રિસ્તી, મુસ્લિમ અને યહૂદીઓ માટે મહત્ત્વપૂર્ણ ગણાતા ટેમ્પલ એસ્પ્લનેડ અને જ્યાં ઈસુને વધસ્તંભ પર જડાયેલા તે હૉલી સેપુલકર ચર્ચને દૃષ્ટિમાં લીધું.

તે પછી આગળ વધેલા સ્વામીશ્રી શહેરની હોલી ડે ઈન હૉટલના ૬૧૭

ક્રમાંકિત ઓરડામાં ભોજન, વિશ્રામ લઈ સાંજે તેલ અવીવ પરત પધાર્યા.

અહીં તા. ૬/૯ની સવારે તેઓની મુલાકાત ઇઝરાયલના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી સિમોન પેરસ સાથે યોજાઈ ત્યારે કિંગ શૌલ સ્ટ્રીટમાં આવેલા પોતાના કાર્યાલયમાં સ્વામીશ્રીને આવકારતાં આ નેતા હર્ષિત થઈ ઊઠ્યા. શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મેળવનારા તેઓને સ્વામીશ્રીએ બોધ આપ્યો કે 'સાચી શાંતિ તો ધર્મનું દૃઢ આચરણ, ભગવાન પ્રત્યે દૃઢ શ્રદ્ધા અને દરેક પ્રત્યે સારી ભાવના હોય તો થાય છે.'

આ સાંભળી શ્રી સિમોન બોલી ઊઠ્યા : 'આપે જે વાત કરી તે યથાર્થ છે.'[૯]

## સૌ સ્વભાવ ટાળવા પર તાન રાખજો

ધર્મ-ધર્મ વચ્ચે સંવાદિતાનો સેતુ સાધતી ઈજિપ્ત અને ઇઝરાયલની યાત્રા પૂર્ણ કરી સ્વામીશ્રી તા. ૬/૯ની રાત્રે પોણા બે વાગ્યે નૈરોબી આવી પહોંચ્યા અને અહીં પોઢ્યા ત્યારે તો ત્રણ વાગ્યાના ટકોરા પડી ચૂક્યા. છતાં તા. ૭/૯ની સવારે પોણા આઠ વાગ્યે પ્રાતઃપૂજા માટે બિરાજી ગયેલા તેઓ અત્રે ત્રણ દિવસનો લાભ આપી તા. ૧૦/૯ની સવારે મોમ્બાસા પધાર્યા.

અહીં સ્વામીશ્રી ઍરપોર્ટ પર ઊતર્યા ત્યારે તેઓને સત્કારવા તૈયાર ઊભેલા મેયર શ્રી માહિમા જ ઍસ્કોર્ટની ફરજ બજાવવા લાગ્યા. આ રીતે તેઓ સ્વામીશ્રીને બમ્બુરી બીચ પર આવેલા કેન્યાટા હાઉસ સુધી લઈ આવ્યા ત્યારે પ્રજાજનો ઘણું આશ્ચર્ય પામ્યા.

પરંતુ સૌનું આ વિસ્મય ત્યારે બેવડાયું જ્યારે તેઓને જાણવા મળ્યું કે કેન્યાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખના આવાસરૂપ કેન્યાટા હાઉસ સ્વામીશ્રીની સાનુકૂળતા સચવાય એ રીતે રાષ્ટ્રપતિનાં પત્ની અને પુત્રે સજાવ્યું છે!

એક પ્રતિષ્ઠિત પરિવારનો આ પ્રેમભાવ સ્વીકારતા સ્વામીશ્રીએ અહીં તા. ૧૧/૯ની સવારે સામશ્રાવણી નિમિત્તે યજ્ઞોપવીતના પરિવર્તનનો વિધિ કર્યો. ત્યારબાદ તેઓ અલ્પાહાર માટે બિરાજ્યા ત્યારે 'પ્રકાશ' સામયિકમાં

---

૯. ઈજિપ્ત અને ઇઝરાયલ દેશમાં પધારેલા સ્વામીશ્રીએ ત્યાં આપેલા ધર્મલાભને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આવેલો લેખ 'સ્વભાવ-શુદ્ધીકરણ' વંચાયો.

મહંત સ્વામીની કલમે લખાયેલા આ લખાણને નિમિત્ત બનાવી સ્વામીશ્રીએ ઉપદેશામૃત વહાવી દીધું કે –

"બધા અંતર્દૃષ્ટિ કરજો કે આ લેખ મારા માટે છે. 'આ આના માટે છે' એમ ન કરવું. ગમે તે થાય પણ પોતા પર જ લેવું. આવા ગુરુ મળ્યા, તેના સમાગમમાં સ્વભાવ ન ટળ્યા તો બીજે ક્યાંય ટળવાના નથી. સ્વભાવ પર તડામારી છે. આ તો બીજા પર તડામારી કરે કે 'હં... જાણું છું તું કેવો છે!' અલ્યા, ભૈ! જાણે જ છે! મૂક ને!

આજે જનોઈનો દિવસ છે, દરિયાકિનારો છે, મહંત સ્વામીનો સ્વભાવ ટાળવાનો લેખ વંચાયો, તો સૌ સ્વભાવ ટાળવા પર તાન રાખજો. જ્યારે-જ્યારે આપણને ઉદ્વેગ થઈ જાય, કોઈનો અભાવ-અવગુણ આવે ત્યારે જોગી મહારાજને સંભારીને આવા લેખ વાંચવા, તો પાછી વૃત્તિ વળી જાય."

સામશ્રાવણીનું આ વેદગાન સંભળાવી સ્વામીશ્રીએ આજની રાત્રે પણ 'પ્રકાશ'માં છપાયેલા લેખ 'વિચાર – એક પ્રચંડ શક્તિ'ના આધારે હિતોપદેશ આપતાં કહ્યું :

"સારો લેખ છે. વિચારશીલ રહેવું. જે વિચારથી શાંતિ થતી હોય તેવા વિચાર કરવા, પણ દુઃખ થાય તેવા ન કરવા. સારું છે એટલું પકડવું, ખોટું નહીં. સંત થયા તો ઊંચું ધ્યેય, ઊંચો આદર્શ રાખવો. શૂરવીરની વાતો થાય, ભાગેડુની નહીં. તેનાથી બળ ન આવે. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનાં વચનને પ્રાધાન્ય આપવું. આઘું-પાછું થાય તો મનને મારવું. ભેખ લીધો છે તો પાછી પાની ન કરવી. આ દેહે કરીને મોક્ષ કરી લેવો છે. વિચાર આવે તો મનને કહેવું : 'તારા ભુક્કા કરી નાંખીશ.' લડાઈ લેવી. પૂંછલેલ ઢોરની પેઠે ધબ... પડી ન જવું. ફરી ખાડામાં પડવું જ નથી, નરકમાં પડવું જ નથી, બીજો જન્મ કરવો જ નથી. મહંત સ્વામીનો લેખ પણ એટલો અદ્‌ભુત છે. એને તમે વાંચ્યા કરો. આવ્યા છીએ તો યા હોમ! ભગવાન બળિયા છે તે આપણું રક્ષણ કરશે, પણ થોડું તો કરવું જોઈએ ને! દિશ ચુકાવી ન જોઈએ."

## અતિ નિયમમાં જેનાં મન

મોમ્બાસાના રોકાણ દરમ્યાન હિંદુ યુનિયનના શિવાલયમાં દર્શન

કરવા પધારેલા સ્વામીશ્રીની રોજની સાયંસભાઓ લોહાણા મહાજન વાડીમાં યોજાયેલી. ત્યાં પહોંચવા તા. ૧૧/૯ની સાંજે ઉતારાની બહાર પધારેલા તેઓએ સામે મળેલા એક યુવકને પૂછ્યું : 'અહીં ઉતારાનું ધ્યાન તમે રાખો છો ?'

'હા.'

'વૉકિંગનું કોણ સંભાળે છે ?'

'તે હાજર નથી.'

આ સાંભળી સ્વામીશ્રી એ યુવક સાથે આસપાસ ઊભેલા બીજા બે-ત્રણ યુવાનોને લઈ વૉકિંગના સ્થળે પહોંચ્યા અને એક જગ્યા તરફ અંગુલિનિર્દેશ કરતાં તેઓએ કહ્યું : 'અહીં સુધી બહેનો બેસે છે ને આ બાજુ રસોડા તરફ સંતો બેસે છે એ ઘણું નજીક થઈ જાય છે. એટલે આ લાઇનમાં થોડી ખુરશીઓ કાપી નાંખીને (ઉઠાવી લઈને) પેલી બાજુ પાછળ લઈ જવી અને આ બે નાળિયેરી વચ્ચે પડદો બાંધી દેવો.'

આ રીતે ધર્મની પાળ સમારી સભાસ્થળે પહોંચેલા સ્વામીશ્રી અત્રે ધર્મલાભ આપી ઉતારે પરત ફર્યા ત્યારે તેઓની સૂચના મુજબ સઘળી વ્યવસ્થા થઈ ગયેલી. તે જોઈ યુવકોના બરડે થાપા મારતાં સ્વામીશ્રી બોલતા ગયા : 'Thank you very much.' (તમારો ખૂબ ખૂબ આભાર)

તેઓનો આ ધબ્બો અને ધર્મ યુવકોનાં મનમાં વસી ગયા.

આવા ધર્મધુરંધર સ્વામીશ્રીને વધાવવા મોમ્બાસા મ્યુનિસિપલ કાઉન્સિલ દ્વારા તા. ૧૨/૯ની સાંજે ખાસ સભા યોજાઈ. સર્વધર્મ પ્રાર્થના સભાના નેજા નીચે આયોજિત આ સમારંભ માટે મ્યુનિસિપલ સ્ટેડિયમને આરક્ષિત કરી દેવાયેલું. તેની સાથે કાઉન્સિલ વતી હૉર્ડિંગ્સ અને પૅમ્ફ્લેટ્સ દ્વારા છેલ્લા એક સપ્તાહથી જોરશોરથી જાહેરાત કરવામાં આવતી હતી. તેથી સાંજે પાંચ વાગ્યે સ્વામીશ્રી સભાસ્થળે પધાર્યા ત્યારે તેઓને સત્કારવા હજારોની મેદની હાજર હતી. મંચની બંને બાજુ કેન્યા અને સંસ્થાના ધ્વજ લહેરાઈ રહેલા. સ્વામીશ્રી આવતાં જ મોમ્બાસા પ્રિઝન પોલીસના તરુણોએ બૅન્ડની તર્જ છેડી આવકાર આપ્યો. આ સૂરના સથવારે ઉપમેયર શ્રી અબ્દુલ લતીફ અલી સહિત કંઈક કાઉન્સિલરો સ્વામીશ્રીને મંચ સુધી દોરી ગયા.

તે પર સ્વામીશ્રી બિરાજતાં જ આફ્રિકન યુવાનોએ તેઓને પરંપરાગત સેન્ગેન્યા અને ચૂકા નૃત્ય દ્વારા વધાવ્યા. તેને અનુસરતાં સત્સંગી યુવકોએ ભારતીય લોકનૃત્ય રજૂ કર્યું, તો કાઠિયાવાડી તથા મોરની વેશભૂષામાં સજ્જ

આફ્રિકન બાળકોએ *'લાગો છો પ્યારા પ્યારા પ્રમુખસ્વામી...'* કીર્તનના આધારે રઢિયાળા રાસની રમઝટ મચાવી. આ પ્રસ્તુતિઓની વચ્ચે-વચ્ચે સંતો-ભક્તો દ્વારા અંગ્રેજી અને સ્થાનિક સ્વાહિલી ભાષામાં કીર્તનો તેમ જ પ્રવચનો વગેરે કાર્યક્રમો સુચારુ રીતે સરકતાં રહ્યાં. હિન્દુ, મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓના ત્રિવેણી સંગમ સમી આ સભાને મુસ્લિમ તથા ખ્રિસ્તી વડાઓએ પણ સંબોધી.

તેથી જામેલા આહ્‌લાદક વાતાવરણમાં પ્રાસંગિક પ્રવચન કરતાં ઉપમેયર શ્રી અલીએ સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' આપવાની ઘોષણા કરી. તેની સાથે શહેરના સૌથી મોટા રેલવે ચોકને 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ગાર્ડન ફોર ચિલ્ડ્રન' અને મંદિરના નિકટવર્તી મચાકોસ રોડને 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ રોડ' તરીકે જાહેર કર્યા ત્યારે સ્વામીશ્રીની વિશ્વમાન્ય છબી વિશેષ તેજથી ચમકી રહી. તેના ઉજાસમાં અમૃતધારા રેલાવી સ્વામીશ્રી વિદાય થયા.

## તમે દિલના છો દરિયાવ

તા. ૧૪/૯ની સાંજે સમુદ્રસ્નાન દ્વારા બમ્બુરી બીચને પાવન કરી સ્વામીશ્રી લોહાણા વાડીમાં પહોંચ્યા ત્યારે અહીં સંતોના કંઠે કીર્તનોની રસલહાણ થઈ રહેલી. તેને આશરે અડધો કલાક સુધી માણી સ્વામીશ્રી ઉતારે જવા માટે જેવા ગાડીમાં બેઠા કે બારી આગળ ધસી આવેલા એક મુરબ્બી કહેવા લાગ્યા: 'મારે મારા કેટલાક પ્રશ્નો અંગે આપને મળવું હતું, પરંતુ આજની સભામાં બેઠા પછી હવે મારે પૂછવાનું કંઈ જ રહ્યું નથી. બસ! આપના આશીર્વાદ જોઈએ છે.'

આમ, દર્શનમાત્રથી સમસ્યાઓનાં સમાધાન કરતા સ્વામીશ્રી તા. ૧૫/૯ની રાત્રે ભોજન કરવા બિરાજ્યા ત્યારે બે આફ્રિકન નાગરિકો નાળિયેરીનાં પાંદડાંમાંથી ટોપી ગૂંથવાની હસ્તકલા રજૂ કરવા લાગ્યા. તેઓના આ હુન્નરને સ્વામીશ્રી દૃષ્ટિ દ્વારા પાવન કરતા રહ્યા. જમ્યા બાદ તો તેઓએ ટોપીઓને હાથમાં લઈ જોઈ પણ ખરી. તે વખતે કેટલાકે આ ટોપી પહેરવા સ્વામીશ્રીને આગ્રહ કર્યો, પણ આ વિનંતી સાધુતાના વર્તુળમાં ન આવતી હોવાથી તે અંગે નામરજી દર્શાવતાં સ્વામીશ્રીએ સામે ઊભેલા યુવક શ્રી હિતેશ પટેલને તે ટોપી આપી કહ્યું: 'આ બંનેને ૫૦૦-૫૦૦ શિલિંગ આપજે.'

તે યુવાને આ આજ્ઞા શિરોધાર્ય કરતાં સ્વામીશ્રીએ તેને પૂછ્યું : 'તારી પાસે વધારાનાં કપડાં છે ?'

'હા.'

'તો આ બેયને બે-બે જોડી આપજે.'

સ્વામીશ્રીની કરુણા આજે સામે ઊછળતા દરિયાની જેમ જ રેલાઈ રહી. તેઓએ કોળિયા લેતાં-લેતાં આફ્રિકન કસબીઓની કલા સાથે તેઓનાં જીર્ણ-શીર્ણ વસ્ત્રોનું પણ અવલોકન કરી લીધેલું. તેનો ખ્યાલ સૌને સ્વામીશ્રીની આ સંભાવના પરથી આવ્યો.

તેઓની આવી દયા-માયાની છાલક આજે ઉતારામાં સેવા કરતા અન્ય આફ્રિકન નાગરિકો સુધી પણ પહોંચી. તે દરેકને યાદ કરી-કરી સ્વામીશ્રીએ અઢીસો શિલિંગ અને એક જોડી કપડાં ભેટ અપાવ્યાં ત્યારે આ આફ્રિકનો આફરીન પોકારી ગયા.

## આત્મીયતાનું અત્તર

તા. ૧૬/૯ની સાંજે મોમ્બાસાથી દારેસલામ પધારેલા સ્વામીશ્રીના આગમનનું પ્રયોજન હતું – મૂર્તિપ્રતિષ્ઠા. જૂના મંદિરના સ્થાને જ રચાયેલા નવા મંદિરની આ પ્રતિષ્ઠાનો યજ્ઞ તા. ૧૮/૯ની સવારે લક્ષ્મીનારાયણ મંદિરના પ્રાંગણમાં યોજાયો અને તા. ૧૯/૯ના સુપ્રભાતે ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો.

આ પ્રસંગે સ્વામીશ્રી મંદિરના સમીપવર્તી શિવ મંદિર અને શંકર આશ્રમ તથા મોરોગોરો માર્ગ પર આવેલા સ્વામિનારાયણ મંદિરે પણ દર્શન કરવા પહોંચ્યા. લક્ષ્મીનારાયણ મંદિરના ગ્રંથાલયનું તો ઉદ્‌ઘાટન જ તેઓના વરદહસ્તે થયું. ત્યારબાદ તેઓએ તા. ૨૧/૯ના રોજ મહાસાગરમાં નૌકાવિહાર કરી સૌને જળઝીલણી એકાદશીના ઉત્સવનું સુખ વહેંચ્યું.

આ સમયે નૈરોબીની પ્રતિષ્ઠા નિમિત્તે આવેલા મહંત સ્વામી, કોઠારી સ્વામી સહિત ૧૦૪ સંતોનું વૃંદ સ્વામીશ્રી સાથે યાત્રાનો આનંદ માણી રહેલું. આ સંત-સંઘને લઈ તા. ૨૨/૯ની સવારે દારેસલામથી મ્વાન્ઝા પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૨૪/૯ની સવારે ઈસામિલો વિસ્તારમાં નિર્માણાધીન લેક યુનિવર્સિટીના સંકુલનું ભૂમિપૂજન કર્યું. તેની સાથે મંદિરના નિકટવર્તી ગુરુદ્વારા તથા સનાતન મંદિરમાં લાભ આપનારા તેઓના સાંનિધ્યમાં ચાર

દિવસ તો પલકારામાં વીતી ગયા અને તા. ૨૫/૯ની સાંજે વિદાય-સભા આવી પહોંચી. તેમાં એકત્રિત થયેલા ભક્તો પર આશીર્વાદનું અમૃત છાંટી સ્વામીશ્રી મંદિરના જૂના સભાગૃહમાં પધાર્યા.

અહીં સભારૂપે ગોઠવાઈ ગયેલી બાળ મંડળીની વચ્ચે ઊભા રહી તેઓએ સૌને ફોટો ફંક્શનનું સુખ આપ્યું. તે પછી ચરણસ્પર્શ કરવા આવી રહેલા આ બાળકો સાથે બૅન્ડ મંડળી પણ જોડાઈ ગઈ. તે વખતે ઉમંગમાં આવી ગયેલા સ્વામીશ્રી એક યુવકના હાથમાંથી દાંડી લઈ સાઇડ ડ્રમ વગાડવા લાગ્યા. આ રીતે વાદન કરતા તેઓએ યુવકો સામે જોઈ આંખના ઈશારે 'બરાબર વાગે છે કે નહીં?' તે પણ પૂછ્યું. સ્વામીશ્રીની આ સાનથી સૌ તાનમાં આવી જતાં બૅન્ડનાં અન્ય વાદ્યો પણ ગુંજવા લાગ્યાં. તેઓ સાથે સ્વામીશ્રીએ તાલબદ્ધ ડ્રમ વગાડતા રહી બ્રહ્મનાદ ગજવ્યે રાખ્યો. તેથી ઊભરેલી આનંદની ભરતીમાં ઓટ ન આવે તે માટે તેઓએ આજની રાત્રે સ્થાનિક કિશોર મંડળની પણ સ્થાપના કરી.

આમ, જ્યાં જાય ત્યાં નક્કર કાર્ય કર્યે જતા સ્વામીશ્રી તા. ૨૬/૯ની સવારે પ્રસ્થાનની ઉતાવળમાં હોવાથી પ્રાતઃભ્રમણ રદ કરી સીધા પ્રાતઃપૂજામાં બિરાજી ગયા.

તે પછી અલ્પાહાર કરવા બિરાજેલા તેઓની સામે થાળ આવે તે પહેલાં કેટલાક બાળકો આવી ચડ્યા. પોતાની નોટબુકમાં હસ્તાક્ષર લેવા તલપાપડ તેઓને પ્રેમપૂર્વક આવકારી સ્વામીશ્રીએ ઉકાળા-પાણી બાદ તે એકેએક બાળકની નોટમાં તારીખ અને સ્થળના ઉલ્લેખ સાથે હસ્તાક્ષર કરી આપ્યા. તેમાંય દરેક બાળકને ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી અમે લાવ્યા છીએ તે પેનથી લખે.' તેથી પ્રત્યેક બાળક નોટ સાથે પોતાની પેન આપતા જાય. તે વડે સ્વામીશ્રી તે બાળકની નોટમાં લખે.

પરંતુ તેમ કરવામાં સમય ઘણો જતો હતો અને કેટલાક બાળકોની પેન બરાબર ચાલતી પણ નહોતી. તેથી બાજુમાં ઊભેલા એક સંતે પોતાની પેન ધરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'બાળકોને આપવા દો ને જુદી-જુદી પેનો! એને લાભ મળે ને!'

આ રીતે તેઓએ ૧૭ બાળકોની ૨૫ નોટબુકમાં લાગણીની લિપિ ઢાળી દીધી.

આજે સમયની કટોકટીને થાળે પાડવા પોતાના પ્રાતઃભ્રમણ પર ચોકડી

લગાવીને સ્વામીશ્રી દૈનિક ક્રમમાં આગળ ચાલી રહેલા, પરંતુ આ વ્યસ્તતામાં આવી ચડેલા નાનકડા શિશુઓ માટે નિરાંતે સમય ફાળવી સ્વામીશ્રી કંપાલા જવા વિદાય થયા ત્યારે ચોતરફ ફરી વળેલા તેઓની આત્મીયતાના અત્તરથી મ્વાન્ઝા મઘમઘી ઊઠ્યું.

## ભગવાનનું સુખ તમને મળે એવું કરવું છે

મ્વાન્ઝાના હવાઈ મથકેથી સવારે દસ વાગ્યે ઊંચકાયેલા ચાર્ટર્ડ વિમાનમાં સ્વામીશ્રી સહિત ૧૯ સંતો પ્રવાસ ખેડી રહેલા, પરંતુ માંડ કલાકની આ મુસાફરીમાંય સ્વામીશ્રીએ તો પત્રધારા શરૂ કરી દીધી. જો કે આજે ટપાલો થોડી હોવાથી પા કલાકમાં જ આ સેવા વિરમતાં હરિતિલકદાસ સ્વામી, હરિવંદનદાસ સ્વામી વગેરે સહયાત્રી સંતો સ્વામીશ્રીની સમીપે સરક્યા અને ગોષ્ઠિ આરંભાઈ ગઈ. તેમાં સંતોએ પૂછ્યું :

- બાપા ! આપનામાં આત્મીયતા કેવી રીતે વધે ?
  "મોટાપુરુષને વિષે દિવ્યભાવ – 'એ જે કહે છે એ બરોબર જ છે અને સારું જ કરે છે (એમ સમજે),' તો આત્મીયતામાં વાંધો ન આવે."
- આપને રાજી કરવાનો એકધારો ઉત્સાહ કેવી રીતે રહે ?
  'દેહભાવ છે એટલે એકધારો ઉત્સાહ ન રહે, પણ આપણે સમજવાનું છે કે આ કર્યા વિના છૂટકો નથી. કેટલીક વાર આળસ-પ્રમાદને લીધે પણ એમ થઈ જાય. સ્વભાવને લઈને મોળા વિચાર આવે, પણ 'હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું' એ વિચારમાં જતા રહેવું.'
- આપ રાજી થતા હો તે કેવી રીતે ખબર પડે ?
  'તમે આજ્ઞા પ્રમાણે સેવા-ભક્તિ કરો, કથા-વાર્તા કરો એટલે રાજી જ હોય, પછી બોલાવે કે ન બોલાવે એ નહીં (જોવાનું). આપણી સામું જોયું નહીં કે બોલાવ્યા નહીં એટલે રાજીપો નથી એવું નથી ! કેટલીક વખત કોઈ આજ્ઞા થઈ હોય ને ન પળી હોય તો કુરાજી થઈ જાય એવુંય નથી. મોટાપુરુષ કોઈ વાર આપણને કહે તે આગળ લેવા માટે વાત કરે, પણ તેથી કુરાજી થઈ ગયા એમ માનવું નહીં. મોટાપુરુષ સૌ જીવનું સારું કરવા આવ્યા છે.'
- સેવામાં ઘણી વાર અંદરોઅંદર ઉગ્ર થઈને બોલવાનું બને...

'ભેગા રહેતા હોઈએ એટલે એકબીજાને કહેવાનું થાય, પણ આંટી પડે એ રીતે ન કહેવું. કામમાં ખેંચતાણ થાય, પણ કહ્યા પછી ભૂલી જવું.'

- સેવામાં બોલાચાલી થાય એ વખતે આપણું કોઈ નથી ને એકલા પડી ગયા હોઈએ એવું લાગે...

  'એવું મનમાં લાવવું જ નહીં. એકલા હોવા છતાં અનંત છીએ અને અનંતમાં હોવા છતાં એકલા છીએ – એ સમજણ રાખવી. જેણે આપણને પ્રેરણા આપી છે તે આપણી સાથે છે, છે ને છે જ! સ્વામી આપણી સાથે છે.'

- બાપા! આપ કેટલા વાગ્યે આરામમાં જાઓ છો ને આરામમાં ગયા પછી કેટલા વાગ્યે ઊંઘ આવે છે?

  'બપોરે દોઢેક વાગ્યે આરામમાં જઈએ અને સાડા ત્રણ વાગ્યે જાગ્રત થઈ જવાય. ઊઠ્યા પછી સૂતાં-સૂતાં ભજન કરીએ, માળા કરીએ, સ્મરણ કરીએ. પછી ચાર વાગ્યે ઊઠીને ના'વા-ધોવાનું, પ્રાણાયામ કરીએ. એમ કરતાં પાંચ - સાડા પાંચ થઈ જાય.

  રાત્રે સાડા દસ વાગ્યે આરામમાં જઈએ, પછી લગભગ સાડા અગિયાર વાગ્યા સુધી ફોન આવે. તે પછી સૂઈ જઈએ.

  સવારે પાંચેક વાગ્યે ઊઠી જવાય. પછી મહારાજનું સ્મરણ કરીએ, ભજન કરીએ, યાદ કરીએ.'

- આપ ભીડો બહુ વેઠો છો!

  'ના, ભીડો તો કશો વેઠતો નથી. આ તો ભગવાનની ભક્તિ ને સેવા છે. એને ભીડો મનાય જ નહીં. આ તો મહારાજે દયા કરીને સેવા આપી છે, એટલે એ તો જેટલી થાય એટલી ઓછી છે. ભીડો એટલે શું? આપણે મનધાર્યું કરીએ એ ભીડો. એ ભીડો જબરજસ્ત લાગે છે.'

- બાપા! અમારા તરફથી આપને ક્યારે દુઃખ જેવું લાગે છે?

  'અંદરોઅંદર દ્વેષ થાય ત્યારે દુઃખ લાગે છે.'

- બાપા! અત્યારે તો આપે અમને સાથે રાખ્યા છે, પણ કાયમ માટે સાથે રાખજો.

  'સ્વભાવ આપણા એવા રાખવા કે કાયમ માટે ભેગા રહેવાય.

ભેગા રાખવાય છે ને બધી રીતે ભગવાનનું સુખ તમને મળે એવું કરવું છે.'

સ્વામીશ્રીની આજની અમૃતધારામાં તેઓના અંતરના અભિપ્રાય ઊછળતા રહ્યા.

## રમાડ્યા-જમાડ્યા રૂડી રીત શું

આ અરસામાં કંપાલાનું મંદિર તેની સ્થાપનાનાં ૪૦ વર્ષ પૂર્ણ કરી માણિક્ય મહોત્સવ ઊજવી રહેલું. તેથી જૂના મંદિરે નવાં રૂપરંગ સજી દીધેલાં. તેમાં તા. ૨૭/૯ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે આરસમાંથી નિર્મિત અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા ત્યારે આ ઘટનાના સાક્ષી બનનારા ભારતીય રાજદૂત શ્રી પ્રકાશ સહિત સૌ કૃતાર્થતા અનુભવી રહ્યા. આ નવનિર્મિત મંદિરના ઉદ્યાનમાં તા. ૨૮/૯ના પ્રભાતે અમ્બ્રેલા વૃક્ષનો રોપો રોપી સ્વામીશ્રીએ દેશની વનશ્રીને પણ સમૃદ્ધ કરી આપી.

આ દિવસ વળી શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો હોવાથી તેઓ ઉત્સવ-સભા બાદ સંતોને દોવટે દૂધપાક પીરસવા લાગ્યા. સૌ સંતો સ્વામીશ્રીના હાથે પ્રસાદી લઈ તેઓની સામે જ પંગતના રૂપમાં ગોઠવાવા માંડ્યા. તેમાં થોડી વારે ભાતનું તબાસરું લઈને પ્રવેશેલા શ્વેતકીર્તિદાસ સ્વામીને જોતાં જ સ્વામીશ્રી મોટેથી બોલ્યા : 'એય ! અત્યારે આ ક્યાં લાવ્યા ? જાઓ, મૂકી આવો.'

આમ, *'પછી જમાડિયા સર્વે સંત, કરી મનવાર્ય આપે અત્યંત...'*ની રીતે પીરસતા તેઓએ મહંત સ્વામીનું પત્તર પણ છલોછલ ભરી દીધું. તે પછી હરિભક્તો અને યજમાન શ્રી નંદલાલભાઈના ઘરમાં કામકાજ કરતા આફ્રિકન નોકર-ચાકરનેય દૂધપાકના પ્યાલા ભરી-ભરી પ્રસાદી આપી. છેવટે કોઈ આવતું ન દેખાયું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'રાણા ! સાદ પાડી આવજો. આ ગામમાં કોઈ ભૂખ્યો ન રહેવો જોઈએ.'

તેઓના આ શબ્દોમાં સૌને શ્રીજીમહારાજે પંચાળામાં પડાવેલા સાદનો રણકો સંભળાયો. સહજાનંદી સૂર્યને શું પંચાળા કે શું કંપાલા ! તે તો દરેકને એકસમાન આભાથી અજવાળે.

આ ઉજાશથી સૌનાં અંતરનેય અજવાળવાં સ્વામીશ્રીએ ભોજન બાદ બપોરની કથા માટે 'હવે કોઈને વચનામૃત મોઢે આવડતું હોય તો બોલો' કહી

આહ્‌વાન આપ્યું. તે ઝીલતાં યોગીપ્રેમદાસ સ્વામીએ ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રીજું વચનામૃત ઉપાડ્યું. તેના વાક્યે-વાક્યે મર્મ સમજાવતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા:

'મહારાજના સંબંધમાં આવ્યા છે એનો મહિમા સમજવો. દુનિયાના માણસો કરતાં હજાર ગણા સારા છે. એકબીજાના અભાવ-અવગુણની વાતો થતી હોય એ હેત ના કહેવાય. આ જોગમાં આવ્યા તે બધા જ બ્રહ્મરૂપ થવાના છે. આપણે વિદ્વાન થવું છે, સંગીતકાર થવું છે, કથા-વાર્તામાં પ્રવીણ થવું છે, રસોડામાં અને પૂજામાંય પ્રવીણ થવું છે, ગુરુકુળ ચલાવે એમાંય પ્રવીણ થવું છે, પણ આ બધાયથી સાધુની પદવી મોટી છે. એ રાખીને આ બધું કરવાનું છે. આ સમજાય તો કોઈ બોલી જાય તો ભાગવાનું મન ના થાય.

એક મહાત્મા હતા તે શિષ્યોને માથામાં જોડા મારતા હતા, પણ શિષ્યો પ્રેમથી માથામાં લેતા હતા. અને આ તો થોડુંક બોલવાનું થઈ જાય તેમાં પણ મનદુ:ખ થઈ જાય. પણ આપણા પરમહંસોએ આ દુ:ખ સહન કર્યાં. આપણે તો એની આગળ કાંઈ જ નથી. હવે એવો માર ખાવાનો આવતો નથી, પણ અત્યારે તો શબ્દનું બહુ લાગી જાય છે. પણ પોતાને આત્મારૂપ માને તેને મનનું દુ:ખ ટળી જાય.'

દૂધપાકની ધારની જેમ જ સ્વામીશ્રીએ આ અમૃતધારા રેલાવી દીધી.

## ધન્ય ધન્ય ભૂમિ જ્યાં પ્રભુ વિલસ્યા

કંપાલાના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી નાકાસેરો વિસ્તારમાં આવેલા સનાતન મંદિર, બેટવેલીના જલારામ મંદિર, કચ્છી ભાઈઓના સ્વામિનારાયણ મંદિરની સાથે કોલોલો હિલ પર પણ પધાર્યા. સાત ટેકરીઓ પર વસેલા કંપાલાની આ ઊંચામાં ઊંચી ટેકરીએથી તેઓએ સમગ્ર શહેર પર ઠાકોરજીની દૃષ્ટિ કરાવી.

આ અમીદૃષ્ટિથી તા. ૩૦/૯ની સવારે સવા અગિયાર વાગ્યે જિન્જા પાવન થયું. અત્રે નગરપ્રવેશમાં જ નગરપતિનો આદર સ્વીકારી મંદિરે પહોંચેલા સ્વામીશ્રીને આજની સાંજે યોજાયેલી સ્વાગત-સભામાં યુગાન્ડાના માહિતી-પ્રસારણ મંત્રી શ્રી બસોગાએ સત્કાર્યા. આ અભિવાદન સ્વીકારી કકીરાના માધવાણી નગરમાં પધારેલા સ્વામીશ્રીનો નિવાસ અહીં હતો.

અત્રેથી જિન્જા મુકામે લાભ આપવા પધારતા તેઓએ તા. ૧/૧૦ની

સવારે જિન્જા નાઈલ રિસોર્ટને તીર્થનો દરજ્જો આપ્યો. શીખ ગુણાનુરાગી શ્રી ટી. એસ. મહાજને સંતોના ઉતારા માટે ફાળવેલી આ જગ્યામાં સઘળે પગલાં કરી સ્વામીશ્રીએ તરણહોજમાં પુષ્પ અને પાણી પધરાવતાં સંકલ્પ કર્યો કે 'આ કુંડમાં જે નહાય તેનું કલ્યાણ.'

આ ઉમદા ભાવના સાથે સ્વામીશ્રીએ અહીં સૌની વિનંતીથી સંતો, સ્વયંસેવકો તથા હરિભક્તો સાથે સમૂહછબીઓ પડાવી. આ ગતિવિધિ રિસોર્ટના આફ્રિકન કર્મચારીઓ દૂર ઊભાં-ઊભાં જોઈ રહેલા, પરંતુ સ્વામીશ્રીએ તેઓના અંતરની ભાવના ઝીલી લીધી. તેથી સંતો-ભક્તોનું ફોટો ફંક્શન પૂરું થતાં તેઓ 'હવે એક ફોટો આ લોકો સાથે લઈ લો; તમે બધા અહીં ઊભા રહો, હું ત્યાં જાઉં છું;' કહેતાં એ આફ્રિકનો વચ્ચે જઈ ઊભા. સ્વામીશ્રીની આ કૃપાવર્ષાથી આફ્રિકન નાગરિકોનાં મુખ ખીલી ઊઠ્યાં.

આમ, પોતાના સ્નેહવર્તુળમાં સૌને સમાવતા સ્વામીશ્રીએ તા. ૨/૧૦ની સાંજે કકીરાના સભાગૃહમાં ધર્મલાભ આપ્યો. તેને માણી જિન્જાના મેયર સહિત અનેક આગેવાનોએ ધન્યતા અનુભવી.

આ ધન્યતાનું અવતરણ તા. ૩/૧૦ના રોજ એલ્ડોરેટમાં થયું. અત્રે શ્રી નવનીતભાઈ વડગામાના બંગલે રોકાયેલા સ્વામીશ્રીએ એમ. વી. પટેલ હૉલ, રામઘરિયા ગુરુદ્વારા, યોગી પ્લાઝા સુપર માર્કેટ વગેરે સ્થળોએ યોજાયેલા સત્સંગલક્ષી કાર્યક્રમોમાં પધારી સૌને સુખ આપ્યું.

આ સુખ-સરવાણી તા. ૬/૧૦ની સવારે કાકામેગા પહોંચી. અત્રે શ્રી નરસિંહભાઈ પટેલના ઘેર અન્નકૂટોત્સવ તથા ગાંધી મેમોરિયલ હૉલમાં સભાલાભ આપી સ્વામીશ્રી કિસુમુ પધાર્યા.

અહીં સનાતન મંદિરમાં પ્રતિદિન યોજાતી તેઓની સાયંસભાને અનુસરતાં તા. ૯/૧૦ની સવારે વિક્ટોરિયા સરોવરના કાંઠે આવેલી યૉટ ક્લબના ઉદ્યાનમાં ફૂલદોલોત્સવ ગોઠવાયો. તેમાં ઊમટી પડેલા હરિભક્તોએ ઠાકોરજી તથા સ્વામીશ્રી માટે રંગબેરંગી પુષ્પસેરોથી લદાયેલા બે હિંડોળા તૈયાર કરેલા. તે પર બિરાજેલા સ્વામીશ્રીએ કથા-વાર્તા બાદ રંગની ઝડી વરસાવવા માંડી. આ રંગવર્ષા થોડી વાર પછી દૂર ઊભેલા આફ્રિકન ભાઈઓ પર પણ વરસી રહી.

રંગવર્ષણની આ ચિરંતન સ્મૃતિ આપી સ્વામીશ્રી ડુન્ગા વિસ્તારમાં બનેલા સર્વદેવ શિવમંદિરે પધાર્યા. ૧૯૭૭માં આ પ્રદેશ નિર્જન હતો, પણ તે

વખતે વિક્ટોરિયા સરોવરમાં વિહાર કરતા સ્વામીશ્રી આ સ્થાનનો નિર્દેશ કરી બોલેલા : 'અહીં બધા દેવો આવી નિવાસ કરશે.'

તેઓનાં આ વચનો આજે શબ્દશઃ સત્ય ઠરેલાં. અહીં શીખબંધુ શ્રી જૂજહારસિંઘે દેવાલયો રચી સર્વ દેવો પધરાવી દીધેલા. ત્યાં દર્શન કરી સ્વામીશ્રી ઉતારે આવી પહોંચ્યા.

## જ્યોત ધર્મની તમે જલતી રાખી

તા. ૯/૧૦ની બપોરે શ્રી મગનભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ આ યજમાનના પુત્રો દિલીપભાઈ, રાજુભાઈ અને શરદભાઈ બેઠા હતા.

આ બંધુત્રિપુટી સન ૧૯૬૭માં ઉત્તરપ્રદેશના મસૂરી ગામમાં એક ધર્મસંસ્થા દ્વારા સંચાલિત નિવાસી શાળામાં દાખલ થયેલી. દહેરાદૂનથી ૨૨ માઈલ ઉપર હિમાલયની ગોદમાં વસેલું આ ગામ ૬,૦૦૦ ફૂટની ઊંચાઈએ હોવાથી ઠંડીનું ઠેકાણું. ત્યાં બનેલી એક ઘટનાનું બયાન કરતાં આ ભાઈઓ કહેવા લાગ્યા :

"શાળાની હૉસ્ટેલના અમારા ઓરડામાં અમે નિત્યપૂજાની મૂર્તિઓ પધરાવી પ્રાર્થના કરતા. તેની ચાડી કો'ક વિદ્યાર્થીએ ખાતાં છૂપી તપાસ ચલાવી ગૃહપતિ મિ. ટર્નરે આચાર્યને અહેવાલ આપ્યો. એટલે એ પ્રિન્સિપાલ એક દિવસ અમારી રૂમમાં આવી પહોંચ્યા.

તેઓએ પૂછ્યું : 'તમે હિંદુ પ્રાર્થના કરો છો ?'

અમે હા પાડતાં કહ્યું : 'પ્રાર્થના કરીએ છીએ, પણ તેનો અવાજ બહાર જતો નથી.'

ત્યારે તેઓએ 'અહીં અમારા ધર્મની પ્રાર્થના સિવાય બીજી કોઈ પ્રાર્થના નહીં બોલી શકાય' એમ કડક અવાજમાં જણાવી દીધું.

પરંતુ અમે કહ્યું : 'પ્રાર્થના તો અમે બોલીશું જ ! હા, દીવા-બત્તી નહીં કરીએ.'

આ વાત સાંભળી આચાર્ય અકળાઈ જતાં બોલ્યા : 'જો પ્રાર્થના બોલશો તો તમારું ગરમ પાણી આજથી બંધ."

આમ, શિયાળાની કડકડતી ટાઢમાં આ પગલું ભરી તે આચાર્ય વગર લાકડીએ આ સત્સંગી બાળકોનાં હાડકાં ખોખરાં કરવા તૈયાર થયા. છતાં તેની

પરવા છોડી આ શિશુઓએ પૂજા-પ્રાર્થના ચાલુ જ રાખતાં આ મુદ્દો વિશેષ ગાજ્યો. તેથી છંછેડાયેલા આચાર્યે છ કોરડા ફટકારવાની ધમકી આપી.

તે સાંભળી આ બાળકોએ સામે દલીલ કરી કે 'ધર્મના નામે આ સજા ભોગવવા અમે તૈયાર નથી, કારણ કે તમારા ધર્મમાં પણ લખ્યું છે કે કોઈ ધર્મ પાળતું હોય તો તેને સજા ન થાય.'

આ સાંભળી આચાર્ય ઠરી ગયા. તેઓએ કોરડો વીંઝવાની શિક્ષા મોકૂફ રાખી, પણ ગરમ પાણી ન આપવાનો બંદોબસ્ત તો જડબેસલાખ ગોઠવી દીધો. આવી હાડમારી વેઠતાં આ બાળકો ચાર વર્ષ ભણ્યા, પણ તેઓએ પૂજા-પ્રાર્થના તો ન જ છોડ્યાં.

જ્યાં ઉનાળામાં પણ ઠંડા પાણીથી સ્નાન અશક્ય બની જાય તેવી ઠંડી હોય અને શિયાળામાં થતી હિમવર્ષા તો આ સ્થાનને પરદેશ કરતાંય ટાઢું કરી દે, ત્યાં સતત ચાર વર્ષ સુધી ઠંડા પાણીએ નાહી પૂજા-પ્રાર્થનાની ટેક જાળવી લેનારા આ યુવાનોને જોઈ સ્વામીશ્રીના મુખેથી 'વાહ...' ઉદ્‌ગાર સરી પડ્યો.

અલબત્ત, અભિનંદનની આવી અમૃતધારા ઝીલનારા હજારો બાળકો-યુવકો તૈયાર કરી સ્વામીશ્રીએ હિંદુ ધર્મનું ભવિષ્ય સધ્ધર અને સલામત બનાવ્યું છે. ધર્મ કેવળ સભા-સરઘસ, શસ્ત્ર-શાસ્ત્ર, નારા-નખરાં કે પંડિત-પારાયણોથી વિસ્તરતો નથી. તે તો વિકસે છે – અનુયાયીઓના આચરણથી. તે આચારને સ્વામીશ્રી આબાલવૃદ્ધ બાઈ-ભાઈની હૈયાભૂમિ પર મજબૂતાઈથી ધરબતા. તેથી અહીં ધર્મનાં નેજા-નિશાન તસુભાર પણ નીચાં ન નમતાં. સ્વામીશ્રીએ કરેલી આ સંસ્કૃતિ-સેવાને વર્ણવવામાં તો સિદ્ધહસ્ત લેખકોની કલમ પણ કંપી ઊઠે એમ છે!

## સંકુચિતતાનો બિલકુલ અભાવ

તા. ૧૦/૧૦ની સવારે કિસુમુથી વિદાય લઈ કેરિચો પહોંચેલા સ્વામીશ્રીની સત્સંગ-સભા અત્રે બપોરે બાર વાગ્યે સનાતન મંદિરમાં યોજાયેલી. તેમાં નગરના કંઈક શ્રેષ્ઠીઓ સાથે સ્વામીશ્રીની અમૃતવાણીનું રસપાન કરનારા જાણીતા વેપારી અને કેન્યા ક્રેડિટ લિ.ના ચૅરમૅન શ્રી મહેન્દ્રભાઈ પટેલ તો સાંજે પાંચ વાગ્યે ભૂપેન્દ્રભાઈ પટેલના ઘેર રખાયેલા ઉતારે દોડી આવ્યા.

અહીં તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું: 'આજે સવારે આપે આપેલા આશીર્વાદ ખૂબ ગમી ગયા. અહીં આવનારા કથાકારો નાનાં-નાનાં વર્તુળો

કરીને અમને છિન્ન-ભિન્ન કરી રહ્યા છે, જ્યારે તમારી પાસેથી હિંદુ ધર્મને એક કરે તેવી વાત સાંભળવા મળે છે. આજે આપે પ્રવચન કર્યું તેમાં કોઈ વાત સાંપ્રદાયિક ન આવી. દરેક અવતાર અને દેવને આદર કરતી વાતો હતી. આપની વાણીમાં સંકુચિતતાનો બિલકુલ અભાવ જોવા મળ્યો.'

હથેળીમાં રેખાની જેમ સ્વામીશ્રીની વાણી અને વર્તણૂકમાંથી વિશાળતાની છાપ સદા ઊપસતી રહેતી. તેણે આજની સાંજે સાત વાગ્યે નકુરુને પણ આશ્લેષમાં લીધું.

અહીંના ભક્તોની સેવાથી મસાઈ એવન્યૂની એક એકર ભૂમિ પર કાંગરા, કમાનો અને શિખરથી શોભતા આકર્ષક મંદિરે આકાર પકડેલો. તેમાં સ્વામીશ્રીએ તા. ૧૧/૧૦ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સૌનો દાખડો સુફળ કર્યો. ત્યારબાદ શ્રી જયેનભાઈ દોઢિયાના ઘેર રોકાયેલા તેઓ રઘુવંશી ભવન, કચ્છી ભાઈઓના સ્વામિનારાયણ મંદિર, સનાતન મંદિર વગેરેમાં લાભ આપતાં તા. ૧૩/૧૦ની સવારે શ્રી કનુભાઈ પટેલના ઘેર પધાર્યા. મંદિર થયા પૂર્વે અત્રે અઠવાડિક સભા યોજાતી. અહીં પૂર્વ પ્રવાસની સ્મૃતિઓ વાગોળી, નીકળેલા સ્વામીશ્રી નૈવાશામાં શ્રી પ્રદીપભાઈ પટેલના હોર્ટિકલ્ચરલ ફાર્મને પાવન કરતાં નૈરોબી આવી ગયા.

અત્રે આજની સાયંસભામાં કસાયેલી કાયા ધરાવતા આફ્રિકન યુવાનોએ એક્રોબેટિક્સના દાવ દર્શાવી સૌને મુગ્ધ કરી દીધા. તે બદલ સ્વામીશ્રીએ તેઓને પ્રસન્નતાની સાથે ૫,૦૦૦ શિલિંગનો પુરસ્કાર પણ અપાવ્યો.

## મૂળ કળા છે સાધુતા

નૈરોબીના શિખરબદ્ધ મંદિરની સેવાના હેતુસર દેશમાંથી પધારેલા સંતો તા. ૧૪/૧૦ના રોજ ભારત પરત ફરી રહેલા. અહીં તે સૌને સ્વામીશ્રીના સંગે *'વીતે દિન આનંદ ઉમંગે...'*નો અનુભવ મન ભરીને થયેલો. તેથી જ વિદાય વેળાએ એકેએક સંત વિરહ-વ્યાકુળ બની ગયા. તેઓને અમૃતધારાથી શાતા પમાડતાં સ્વામીશ્રીએ કહ્યું :

"સબ સંતન કી જય ! આપ અહીં આવ્યા ને કાર્યક્રમ શોભી ગયો. આપણી મહત્તા સાધુતાથી છે, કળાઓથી નહીં. આપણા કરતાંય સારી કળાવાળા છે દુનિયામાં, પણ આપણી મૂળ કળા છે સાધુતા. બીજું કદાચ ઓછું-વત્તું આવડે, પણ સાધુતા બરાબર હોય તો માણસને આપણા પર પ્રેમ થાય

જ ! જેટલી મહત્તા મોટી આજ્ઞાની છે તેટલું જ મહત્ત્વ નાની આજ્ઞાનું પણ છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની આ સંસ્થામાં એમણે આપણને સેવા કરવા માટે લીધા છે. એ સેવાની તક આપણે બહુ પ્રેમથી સાધવી. એમણે સુખ-દુઃખ વેઠીને આ સંસ્થા ઊભી કરી. આપણે કંઈ દુઃખ-સુખ વેઠવાનાં નથી. મનનું વેઠવાનું; કોઈ અંદરોઅંદર બોલ્યો તો સહન કરી લેવાનું, એટલું જ; તો આપણે શાંતિ થાય ને સેવા કેટલી બધી થાય !

સાધુતા રાખો ને એક રુચિ, એક સંપ રાખીને આખો સંપ્રદાય ચલાવો. આ આપણા બધાની જવાબદારી છે. આપણે વાંચવાનું અંગ પણ બરાબર રાખવું. હવે સુખરૂપે સૌ-સૌના સ્થાનમાં પહોંચી જવાય ને સેવામાં ઉત્સાહથી મંડી પડવાનું, પણ 'અમે થાકી ગયા છીએ, જરા આરામ કરી લઈએ' એમ નહીં. આપણે આરામ હરામ કરી નાંખવાનો છે. યોગીજી મહારાજના જીવનચરિત્રમાં તમે વાંચો તો કેટલાને ઘેર પધરામણી ને એક દા'ડો અહીં તો બીજે દા'ડે તહીં ! હવે એમની ઉંમરના પ્રમાણમાં જોઈએ તો આ કેટલો બધો દાખડો કહેવાય ! એમના દાખડા સામું જોઈએ તો આપણે કંઈ જ નથી. માટે આપણે જ્યાં જઈએ ત્યાં એની એ મોઈ ને એનો એ દંડો – કથા-વાર્તા, કીર્તન-ભજન.''

સાધુતાનો આ 'સા' ઘૂંટાવતાં સ્વામીશ્રીએ સંતોને વિદાયમાન આપ્યું.

## સંસ્કૃતિના શિક્ષણની વિદ્યાપીઠ સમું મંદિર

સ્વામીશ્રીએ નૈરોબીમાં ખુલ્લા મૂકેલા શિખરબદ્ધ મંદિરની પ્રભાથી ખેંચાઈને સ્થાનિક સમાજ તથા સરકારના કંઈક મંત્રી-મહાનુભાવો દર્શને આવતા રહેતા. આ પ્રવાહમાં તા. ૧૭/૧૦ની સાંજે આવેલા ડૉ. ડી. એમ. મિશ્રા નૈરોબી-સ્થિત યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ટરનેશનલ યુનિવર્સિટીમાં ઇતિહાસ વિષયના પ્રાધ્યાપક હતા. તેઓ મંદિર અને પ્રદર્શન નિહાળી આનંદવિભોર થતાં બોલી ઊઠ્યા : 'અમે કૉલેજમાં વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ વિષે બે મહિના સુધી ભણાવીએ તે અહીં આવવાથી બે કલાકમાં શીખી જાય તેવું છે. વિદ્યાર્થીઓને અહીં મોકલવા વધુ યોગ્ય છે. પ્રમુખસ્વામી પાસે જોવાની આંખ અને અનુભવવા માટેનો આત્મા છે.'

તેઓના આ અભિપ્રાયે યોગી સવાનિયા અને દેવેશ પટેલ નામના બે સત્સંગી યુવાનોને ચોંકાવી દીધા, કારણ કે આ જ પ્રાધ્યાપકના વર્ગમાં ભણેલા

આ યુવકોને શ્રી મિશ્રાના સ્વામિનારાયણ સંપ્રદાય વિષેના અત્યંત અભાવનો સીધો અનુભવ હતો. સંપ્રદાયની ટીકા કરવાની એક પણ તક આ પ્રાધ્યાપક ન છોડતા; પરંતુ આજે એ પ્રૉફેસરના પૂર્વગ્રહને મંદિરે પીગળાવી દીધેલો.

આવા મંદિરની ભેટ ધરી સ્વામીશ્રી તા. ૨૧/૧૦ની સાંજે નૈરોબીથી વિદાય લઈ રહેલા. તેથી કેન્યાના પ્રવાસન મંત્રી, નાયબ વિદેશ મંત્રી સહિત અનેક મહાનુભાવો અને થોકબંધ સત્સંગીઓ મંદિરે તથા હવાઈ મથકે વિદાયમાન આપવા આવી પહોંચ્યા. તે સૌનો ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રી રાત્રે ૮:૨૫ વાગ્યે ભારત જવા ગગનગામી થયા ત્યારે છેલ્લા ૮૨ દિવસમાં તેઓએ ખેડેલા દસ દેશોના આ ધર્મપ્રવાસની ફળશ્રુતિ વર્ણવતાં આટલું કહી શકાય કે *'દેશ પ્રદેશ પરચા દીધા, બહુ જીવ સનમુખ કીધા...'*[૧૦]

## What a face! (શું ચહેરો છે !)

તા. ૨૨/૧૦ની સવારે પોણા પાંચ વાગ્યે મુંબઈ પધારેલા સ્વામીશ્રીને તેઓના યુગકાર્ય બદલ અભિનંદન આપવા દાદર મંદિરે મહાનુભાવોની હારમાળા આજે દિવસભર ચાલતી જ રહી. તેમાંના એક વિખ્યાત અભિનેતા શ્રી અમિતાભ બચ્ચને વિનમ્રતાપૂર્વક સ્વામીશ્રીનાં ચરણે મસ્તક ઝુકાવી પંચાંગ પ્રણામ કર્યા. તે પછી ઔપચારિક વાતચીત બાદ તેઓએ સ્વામીશ્રી પાસેથી અંગત માર્ગદર્શન પણ મેળવ્યું અને મંદિરનો મહાપ્રસાદ માણી વિદાય થયા.

આ જ રીતે આજની સાંજે પોલીસ મેદાનમાં યોજાયેલી સ્વાગત-સભામાં સૌનું સન્માન ઝીલી, સ્વામીશ્રી તા. ૨૩/૧૦ની સવારે અગિયાર વાગ્યે વિલેપાર્લે(પૂર્વ) વિસ્તારમાં પધાર્યા.

અહીં તેઓ અઠવાડિક સભાના સ્થળ તરીકે વપરાતા ગુજરાતી સમાજના દાસકાકા હૉલમાં પગલાં કરી હવાઈમાર્ગે બપોરે બે વાગ્યે રાજકોટ પહોંચ્યા. અત્રે સાંજે ગોઠવાયેલી જાહેર-સભામાં લાભ આપી નીકળેલા સ્વામીશ્રી રીબડા થઈને ગોંડલ આવી પહોંચ્યા.

આ તીર્થમાં તા. ૨૪/૧૦ની શરદ પૂનમે ઊજવાઈ રહેલા ગુણાતીત

---

૧૦. પૂર્વ આફ્રિકાને સ્વામીશ્રીએ આપેલા અપૂર્વ અમૃતલાભને અનુભવવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પ્રાગટ્યોત્સવનો લાભ લેવા પીપાવાવ પોર્ટના પ્રમુખ શ્રી એસ. કે. દાસ આવ્યા. તેઓ સ્વામીશ્રીનું મુખારવિંદ જોતાં જ બોલી ઊઠ્યા: 'What a face! શું ચહેરો છે! વાણી પણ સરળ અને સહજ. જેવું અંદર છે એવું જ બોલે છે. સુંદર વ્યક્તિત્વ!'

સ્વામીશ્રીનાં વાણી અને વદન પર આવી લાખ લાખ દુહાઈઓ જીવનભર વરસતી રહેલી.

## એના માટે તો સાધુ થયા છીએ

તા. ૨૫/૧૦ની સવારે અગિયાર વાગ્યે સભામાં પધારેલા સ્વામીશ્રીએ આશીર્વાદ બાદ સામેથી જ સમીપ દર્શનનો કાર્યક્રમ ગોઠવાવ્યો. તે જોઈ ઉદ્‌ઘોષક સંત જાહેરાતમાં બોલ્યા: 'સ્વામીશ્રી કરુણા કરીને આપણને દર્શનનો લાભ આપી રહ્યા છે.'

પરંતુ આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એમાં શું કરુણા ?'

ત્યારે સંતોએ કહ્યું: 'ગઈકાલે રાત્રે આપને પોઢતાં ઘણું મોડું થયેલું, છતાં અત્યારે આપ કથામાં લાભ આપવા આવ્યા! તેથી...'

'એના માટે તો સાધુ થયા છીએ. આ ભીડો નથી લાગતો. અભાવ-અવગુણની વાત થાય, અંદરોઅંદર કુસંપ થાય ને પ્રશ્નો સર્જાય તેનો ભીડો વધારે લાગે છે.' સ્વામીશ્રીએ ફોડ પાડ્યો.

તે દ્વારા પ્રત્યેક સંત-સત્સંગીને સતર્કતાનું સ્થાન ચીંધી સમીપ દર્શન આપવા બિરાજેલા સ્વામીશ્રી સંતો સાથે હળવો વાર્તાલાપ પણ ચલાવી રહ્યા. દૃષ્ટિ દ્વારા હરિભક્તોને સંતોષ આપતા તેઓ કાન વડે સંતોને સાંભળી તેઓની જિજ્ઞાસા શમાવતા હતા.

આ સમયે એક સંતે જણાવ્યું: 'આજે આપે આશીર્વાદમાં 'રોટલા તો ભગવાન અને સંત દેશે, દેશે ને દેશે' એ ગુણાતીતાનંદ સ્વામીની જે વાત કહી તેનો અર્થ 'ત્રણ વાર દેશે એટલે સવારે, બપોરે અને સાંજે દેશે' એમ સમજવું કે...?'

'એ તો આપે જ છે, પણ આપણને વિશ્વાસ નથી. 'દેશે' એમ નહીં, 'દે છે' એમ સમજવું. ભૂતકાળમાં આપ્યું છે, વર્તમાનમાં આપે છે અને ભવિષ્યમાં પણ આપશે – એમ 'દેશે, દેશે ને દેશે'નો અર્થ સમજવો.' સ્વામીશ્રીએ કહ્યું.

ગુણાતીત વાણીનો મર્મ ગુણાતીત સંત વિના કોણ ખોલી આપે!

## 'વચનામૃત'નો સાર

તા. ૨૬/૧૦ની સવારે સ્વામીશ્રીના અલ્પાહાર દરમ્યાન સારંગપુરના પાર્ષદોએ કરેલા વચનામૃતના અભ્યાસનો અહેવાલ રજૂ થયો. તેના અંતે પરીક્ષાના પરિણામની જાહેરાત થઈ, ત્યારે સ્વામીશ્રી સમક્ષ વચનામૃતની મોટી પ્રતિકૃતિ મૂકવામાં આવી. તેમાં પ્રશ્ન પુછાયેલો કે 'આપની દૃષ્ટિએ વચનામૃત ગ્રંથનો સાર-કહો.'

આ વાંચી સ્વામીશ્રીએ લખી આપ્યું: 'એકાંતિક ધર્મ સિદ્ધ કરી બ્રહ્મરૂપ થઈને શ્રીજીમહારાજની ભક્તિ કરવી.'

વચનામૃતનો આ સાર સૌને સિદ્ધ કરાવવા વિચરતા તેઓ તા. ૩૦/૧૦ના રોજ જૂનાગઢ પહોંચ્યા.

અહીંથી તા. ૩૧/૧૦ની સવારે નીકળેલા સ્વામીશ્રી બિલખાને પાવન કરતાં વિસાવદર પધાર્યા.

અત્રે ડોબરિયા પ્લોટમાં નિર્માણ પામેલા નૂતન મંદિરમાં તેઓનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. તે દ્વારા સોરઠમાં ઉપાસનાનો નાદ ગજવી, તેઓએ આજની સાંજે જૂનાગઢની વિવેકાનંદ હાઈસ્કૂલના પ્રાંગણમાં યોજાયેલી જાહેર-સભાને સંબોધી.

ત્યારબાદ પણ જૂનાગઢમાં રોકાયેલા સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી દોમડિયા વાડી પ્રસાદીભૂત થતી રહી. તેની સાથે જોગી-જતિની જાયગા જેવા આ તીર્થમાં ધર્મની ધૂણી ધખાવી બેઠેલા સતાધાર ગાદી, ભારત પંચાગ્નિ અખાડા, બિલખા આશ્રમ, આલિન્દ્રા આશ્રમ, ગોરખનાથ અખાડા વગેરે સેવાભાવી સંસ્થાઓના મહંતશ્રીઓ પણ મુલાકાતે આવતા રહ્યા. તા. ૧/૧૧ના રોજ તો મંદિરના રજત જયંતી પાટોત્સવે મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ પણ સ્વામીશ્રીની અમૃતધારાનું આચમન કરી ગયા.

## ગોળનું ગાડું આવ્યું છે

તા. ૨/૧૧ની સાંજે જૂનાગઢના સમીપવર્તી ગામ શાપુરમાં પધારેલા સ્વામીશ્રી અહીં પ્રથમ આપણા મંદિરે દર્શન કરી જૂના મંદિરે પધારવાના હતા; પરંતુ પ્રથમ મુકામે જ ભીડ બેકાબૂ બની રહી. આ જ મહેરામણ જો જૂના મંદિરે પણ ઊમટે તો સ્વામીશ્રીને ઘણી હાલાકી પહોંચશે તે વિચારથી

પરમાનંદદાસ સ્વામી સહેજ ઊંચે સાદે બે વાર બોલ્યા: 'સ્વામીશ્રી સભામાં આવે છે, માટે બધા સભામાં જાઓ.'

આ સાંભળી હાસ્ય વેરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ગોળનું ગાડું આવ્યું છે!'

આ ઉદ્‌ગારમાં તેઓના અપ્રતિમ આકર્ષણનો પરિચય હતો. સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં સૌ *'મધપૂડાને મક્ષિ વીંટે...'* તેમ તેઓની આસપાસ ઘૂમવા માંડતા. જન-જનની આ દોટને કોઈ ખાળી-વાળી ન શકતું.

આજે પણ આ રીતે જ ઊમટેલા ગામવાસી ભક્તોએ ઉત્તર બુનિયાદી પ્રાથમિક શાળાના નિકટવર્તી મેદાનમાં ઠાકોરજીની રજતતુલાનો લાભ લઈ ભક્તિઅર્ઘ્ય અર્પ્યું. તે બદલ સૌ પર પ્રસન્નતા વરસાવતા સ્વામીશ્રી તા. ૩/૧૧ની સવારે જેતપુરના સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટની વાડીમાં સત્સંગ-સભાનો લાભ આપી બપોરે ગોંડલ પધાર્યા.

## સેવકભાવની સીમા

ગોંડલમાં તા. ૩/૧૧ની સાયંસભામાં આશીર્વાદ રેલાવતાં મોજમાં આવેલા સ્વામીશ્રીએ એક તબક્કે યોગીજી મહારાજની વાત કરતાં કહ્યું: 'જોગીડો દેતો, દેતો ને દેતો...'

'આપ પણ એવા જ છો!'

એક શ્રોતા અધવચ્ચે જ્યાં આમ બોલ્યા ત્યાં જ સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપ (એટલે કે પોતે) તો એનાં પેગડાં-પગરખાંમાંય આવે એમ નથી!'

સેવકભાવની સીમા સમા આ શબ્દો સાંભળી સૌ છક થઈ ગયા.

સ્વામીશ્રીની આવી નમ્રતાથી ઘાયલ થયેલા રાજકોટના ઉદ્યોગપતિ શ્રી સબ્બીરભાઈ ભારમલ તા. ૪/૧૧ની બપોરે મળવા આવ્યા. આ લબ્ધપ્રતિષ્ઠ સજ્જને સ્વામીશ્રીને કહ્યું: 'આપ રાજકોટ આવ્યા હતા ત્યારે આપનું પ્રવચન સાંભળ્યું. મારી લાઇફમાં આનાથી વધારે પ્રભાવિત ક્યારેય થયો નથી. આપે લગભગ પચીસ મિનિટ વાત કરેલી, પરંતુ તેમાં આપની નિર્માનિતા વ્યક્ત થતી હતી.'

આવા નમ્ર અને નિરહંકારી સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૫/૧૧ના રોજ યુવાનો ખરેખરા ખીલ્યા. આજે આવેલી ધનતેરસના દિવસે ગોઠવાયેલા યુવાદિન નિમિત્તે સવારથી જ વિવિધ રજૂઆતો કરતા તેઓએ સ્વામીશ્રીના અલ્પાહાર દરમ્યાન મંદિરમાં રોજ દર્શને આવવાનો નિયમ ધારનારા યુવાનોની

જાહેરાત કરી. તે સાંભળી રાજી થયેલા સ્વામીશ્રી બોલ્યા :

'અહીં પ્રેમજીભાઈ આવે છે. કાળી ટોપી ને ધોતિયું પહેર્યું હોય છે. વર્ષોથી એમનું નિયમ છે. સાંજે દર્શન કરવા આવી જ જાય! હું સાધુ થઈને આવ્યો ને રહ્યો ત્યારથી જોઉં છું. એકધારું એમનું નિયમ છે. ગામમાંથી સાઈકલ પર આવે. હજુ એ જ કાળો કોટ અને ટોપી છે. કાલે પણ મેં જોયા'તા. એવો પાકો નિયમ રાખવો.'

સાતત્ય એ સ્વામીશ્રીનો મનપસંદ ગુણ હતો. તેના ધારકનું નામ તેઓની નોંધપોથીમાં કાયમ અંકાઈ જતું.

## વિનમ્ર વ્યવસ્થાપક

આ અરસામાં નવી સહસ્રાબ્દી(મિલેનિયમ)નો શુભારંભ થવાની નોબતો વિશ્વભરમાં ગાજી રહેલી. સન ૧૯૯૯ને વિદાય આપવાનો અને સન ૨૦૦૦નું સ્વાગત કરવાનો તખ્તો સૌ પોતપોતાની રીતે ગોઠવી રહેલા. તેના અનુસંધાનમાં તા. ૫/૧૧ની સવારે અલ્પાહાર બાદ ઉતારામાં બિરાજેલા સ્વામીશ્રીને પરમતત્ત્વદાસ સ્વામીએ પૂછ્યું કે 'સન ૨૦૦૦ની પૂર્વ સંધ્યાએ વિશ્વ જ્યારે એક નવા યુગના ઊંબરે આવી ઊભું છે ત્યારે દરેકને જુદી-જુદી લાગણીઓ અનુભવાય છે. આપને કેવી લાગણી થાય છે?'

'આપણે તો બધું ભગવાન પર છોડી દીધું છે. ભગવાનની ઇચ્છા મુજબ થવાનું છે. ભગવાન જ આપણો આધાર છે. બગડવાનું હશે તોપણ એની ઇચ્છાથી બગડશે ને સુધરવાનું હશે તોય એની ઇચ્છાથી સુધરશે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો આ મત કાયમી રહેલો કે *'થાશે ગમતું ગોવિંદ તણું, એહ માંહિ શું જાશે આપણું...'*

આ રીતે ભગવાનના વિશ્વાસે શ્વાસ લેતા સ્વામીશ્રી આજની સવારે અગિયાર વાગ્યે સભામાં પધાર્યા ત્યારે કથા કરી રહેલા બાલમુકુંદદાસ સ્વામી બોલ્યા : 'બાપા કેટલા દયાળુ છે! કૃપા કરીને સભામાં પધાર્યા!'

આ સાંભળી ખડખડાટ હસી પડતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'એમાં દયાળુ શું? રોજ આવવું જોઈએ. એ અવાતું નથી.'

આ સમયે ચાલી રહેલા દિવાળીના દિવસોમાં મુલાકાતીઓના ધસારાને લીધે તેઓ ગઈકાલે સવારની સભામાં નહોતા પધારી શક્યા. તેનો રંજ આ

શબ્દો દ્વારા ઊછળી આવ્યો.

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૬૩મા વચનામૃતમાં પરિપક્વ નિશ્ચયવાળાની નિશાની ગણાવતાં કહ્યું છે કે 'પરમેશ્વરનાં કથા-કીર્તન વિના ઘડીમાત્ર રહેવાય નહીં.'

પરાભક્તિની આ પરિપક્વતા સ્વામીશ્રીમાં પળે-પળે પરખાતી.

તે સાથે આજે પ્રાતઃકથામાં પરાવાણી રેલાવવા માંડેલા તેઓ વિસનગરના સૂબાને મળવા શ્રીજીમહારાજ ગયા તે પ્રસંગ વર્ણવવા લાગ્યા. તે જ વખતે ઓદરકાના શ્રી જનકસિંહ આવતાં સ્વામીશ્રીએ તેઓને ખુરશી પર બેસવા કહ્યું. તેઓ ઈજાગ્રસ્ત હોવાથી પગ વાળીને બેસી શકે એમ નહોતા. આ વિગત આપસૂઝથી કળી જઈ સ્વામીશ્રીએ કરાવેલી વ્યવસ્થા જોઈ સભાની આગલી હરોળમાં બેઠેલા એક હરિભક્ત બોલ્યા : 'બાપા ! આપ આદર્શ સભા-વ્યવસ્થાપક છો.'

'કોણે કહ્યું ? તમે તમારી મેતે કહો તે ન ચાલે.'

'આપ બધાનું ધ્યાન રાખો છો.'

'એમાં કંઈ વિશેષતા નથી. યોગીબાપા આપણા કરતાં અનંતગણી ખબર રાખતા. આપણે તો વળી એક-બે, પણ એ તો બધું જ ધ્યાન રાખે. કોણ આવ્યા ? કોણ બેઠા છે ? એને ક્યાં બેસાડવા ? ક્યાં જમાડવા ? કેવી વાત કરવી ? એમ બધી ખબર રાખતા. એમની જાણ બહાર કાંઈ ન જાય, સમજ્યા ? એટલું તો આપણે કંઈ છે નહીં. એની આગળ આપણો હિસાબ પણ નથી. એટલું થઈ શકે એવું નથી.' સ્વામીશ્રી એકધારું બોલી રહ્યા.

આકાશનો છેડો કદાચ કોઈ પામી શકે, પણ સ્વામીશ્રીની નમ્રતાનો છેડો આવે તેમ નથી.

## અનુકંપાની અમૃતધારા

તા. ૭/૧૧ના રોજ આવેલી દીપાવલીની સાંજે અઢી હજારથી વધુ ચોપડાઓનું પૂજન કરી સ્વામીશ્રી તા. ૮/૧૧ની સવારે સાડા અગિયાર વાગ્યે મંદિરના ઘુમ્મટમાં પહોંચ્યા. અહીં ઠાકોરજી સમક્ષ ૫૦૦થી વધુ વ્યંજનોનો અન્નકૂટ ગોઠવાયેલો. તે પ્રેમપૂર્વક ધરાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજન બાદ ૨૦૦ મુલાકાતીઓને મળી પોઢ્યા; પરંતુ આજની સાંજે તો તેઓ વ્યાયામના ભાગરૂપ ભ્રમણ બાદ ઉતારાના બારણે ઊભાં-ઊભાં ૪૦૦થી વધુ

ભક્તોને મળી શવાસન કરવા પધાર્યા !

૭૮મા વર્ષે અડધો કલાક ચાલ્યા બાદ, અડધા કલાક સુધી ખડે પગે ઊભા રહી, સૌને સંતોષ આપનારા સ્વામીશ્રીની આ ભીડાભક્તિને જોતાં આજે વિ.સં. ૨૦૫૫ વિદાય થયું.

તેને અનુસરતાં તા. ૯/૧૧ના રોજ ઊગેલા વિ.સં. ૨૦૫૬ના પ્રથમ સૂર્યોદયને ઠાકોરજીની સુવર્ણતુલા નીરખવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. ગોંડલના સત્સંગીઓનો આ ભક્તિભાવ જોઈ સ્વયં સૂર્ય પણ જાણે સુવર્ણરસ રેલાવવા લાગ્યો.

તેની સમાંતર નવા વર્ષના આ દિવસોમાં સ્વામીશ્રીની અનુકંપાની અમૃતધારા પણ પૂર્વદેશમાં પૂરપાટ રેલાઈ રહી.

તા. ૨૯/૧૦ના રોજ પોતાનું કટક લઈ ઓરિસ્સા પર ચડી આવેલા વરુણદેવે પુરાણકથાઓમાં જોવા મળતી પ્રલયંકારી પૂરની વાતો અહીંની પ્રજાને પ્રત્યક્ષ કરી દેખાડેલી. સતત ત્રીસ કલાક ચાલેલા વરસાદ અને અઢીસો કિ.મી.ના વેગથી વીંઝાતા વાવાઝોડાના તાંડવે આ રાજ્યના જગતસિંગપુર અને કેન્દ્રપાડા જિલ્લા પર રીતસર કાળો કેર વર્તાવેલો. જ્યાં સિમેન્ટ, એસ્બેસ્ટોસ અને ધાતુનાં પતરાં પાંદડાંની જેમ ફંગોળાઈ ગયાં ત્યાં ગામવાસીઓનાં ઘાસનાં છાપરાંની દશા તો કલ્પવી જ રહી!! જ્યાં વીજળીના લોખંડી થાંભલાઓ રબરની જેમ વળી ગયા ત્યાં ઈંટ-ચૂના કે ગાર-માટીનાં ઘરની અવદશામાં શું શેષ બચે ! ક્યાંક દસ, ક્યાંક અઢાર તો ક્યાંક પચીસ ફૂટ ઉપરથી વહેલા પાણીના પ્રવાહે ઘર-બાર, ઢોર-ઢાંખર અને ફાલ-ફસલ સાથે કેટલાંય ગામોના ભવિષ્યને પણ ડુબાડી દીધેલું.

પરંતુ પ્રકૃતિની આ રૌદ્રતા સામે સ્વામીશ્રીની કરુણા અસરગ્રસ્તો માટે પ્રાણવાયુ બનીને ફેલાવા માંડેલી. વિનાશક ચક્રવાત ત્રાટક્યાના ગણતરીના કલાકોમાં જ સ્વામીશ્રીએ કલકત્તાના મંદિરમાં રહેતા સંતોને આદેશ આપી દીધેલો કે 'આ વર્ષે અન્નકૂટ સાદાઈથી ઊજવવો અને સંતોએ પીડિતોની સહાયે જવું એ જ દિવાળી-અન્નકૂટ ઉત્સવ માની લેવો.'

આ આદેશ ઝીલી વરુણદેવે વેરેલી તારાજીને થાળે પાડવા ઘૂમવા લાગેલી ૨૮૦ સ્વયંસેવકો સાથેની સંતસેના ઈરાસણા, કુજંગ અને ગરદપુર વિસ્તારનાં ૫૦ ગામોમાં ફરી વળી.

તે દ્વારા ૩૩,૦૦૦થી વધુ નિરાધારોને એક લાખ કિલોથીયે વધુ ખાદ્ય-

સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. ચાકુલિયામાં તો રાહત રસોડાના ચૂલા જ પેટાવી દેવામાં આવ્યા. તેથી રોજ સેંકડો ગ્રામજનોની આંતરડી ઠરવા માંડી. આ ઉપરાંત, પ્લાસ્ટિક, કેરોસીન, વાસણ, ધાબળા, પ્રાયમસ, બાલદી વગેરે વસ્તુઓ અને ખમીસ, ધોતી, સાડી, શાલ, ગમછા, લુંગી વગેરે વસ્ત્રો પણ ટનબંધ વહેંચાયાં. ઠેર-ઠેર ભરાયેલા પાણીથી સર્જાયેલી રોગચાળાની શક્યતા સામે ૩૨ ગામોમાં ૪૭ રોગનિવારક યજ્ઞો દ્વારા હજારો મનુષ્યોને સારવાર આપવામાં આવી. દવા, ઇંજેક્શનોનુંયે અનર્ગળ વિતરણ થયું. છતાં ગોંડલથી સ્વામીશ્રીનો સંદેશો છૂટતો રહેલો કે 'આટલું મોકલ્યું તે બરાબર છે, પણ બીજું મોકલજો પાછું. જેટલી વાર મોકલાય તેટલી વાર મોકલજો.'

પરંતુ પૂરપીડિતોની આંખોમાં લાગણીનાં પૂર તો ત્યારે ઊભરાઈ આવ્યાં જ્યારે સંતો અને સ્વયંસેવકોએ ૫૦થીયે વધુ લાવારિસ મૃતદેહોના વેદોક્તવિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યા. આ ઉપરાંત, જે જે મનુષ્યોનાં મૃતદેહ હાથ ન લાગ્યાં તેઓના આત્માની શાંતિ અને સદ્‌ગતિ માટે સંતોએ ચાકુલિયા તથા ઉભડી-ઉકલામાં સામૂહિક પિતૃતર્પણ યાગ પણ યોજ્યા. તેમાં વૈદિક મંત્રો, વિષ્ણુસહસ્રનામ અને ગીતા-પઠન સાથે મૃતાત્માઓને અંજલિ અપાઈ. સંતોની આ સેવાભાવનાના વર્તુળમાં પશુધન પણ સમાઈ જતાં ૩૦૦થી વધુ મૃત પ્રાણીઓનોય યથાયોગ્ય અંતિમવિધિ કરવામાં આવ્યો.

સ્વામીશ્રી અને સંસ્થાના આ સેવાકીય અભિગમથી પુનઃ ઉત્કર્ષના પાટે ચડેલા ઉત્કલ પ્રદેશને જોઈ ઓરિસ્સાના મુખ્યમંત્રી પણ પ્રભાવિત થઈ ગયા. વાણિજ્ય મંત્રી શ્રી નવીનચંદ્ર દાસ તો બોલી જ ઊઠ્યા : 'ઓરિસ્સાના સૌથી વધુ અસરગ્રસ્ત પ્રદેશમાં સૌથી પ્રથમ સહાય માટે આપની સંસ્થા જ પહોંચી હતી, તે વાતને અમે વિસારી શકીએ એમ નથી. આપની આયોજન-ક્ષમતા અને કોઈ પણ પ્રકારના નાત, જાત કે ધર્મના ભેદભાવ સિવાય લોકોની સેવા કરવા થનગનતું હૃદય બિરદાવવું જ પડે.'

## અક્ષરધામમાંથી આવ્યા છે

તા. ૧૦/૧૧ની સવારે ગોંડલના આર. જે. મહેતા જૈન ઉપાશ્રયમાં સત્સંગ-લાભ આપી સ્વામીશ્રી તા. ૧૧/૧૧ના રોજ ગોંડલથી વિદાય લઈ ભાદરા જઈ રહેલા. તેથી તેઓનો વિશેષ લાભ લૂંટવા યુવકોએ આજે એક નવીન નુસખો વિચારી કાઢેલો.

તે મુજબ યોગી સ્મૃતિમંદિરે દર્શન કરીને ગોલ્ફ કાર્ટ દ્વારા પરત પધારી રહેલા સ્વામીશ્રીના માર્ગમાં મહેન્દ્રસિંહ નામનો યુવક ભિખારીનો વેશ ધારણ કરીને ગોઠવાઈ ગયો. જેમ જેમ સ્વામીશ્રીનું વાહન એ યુવાનની નજીક આવતું ગયું તેમ તેમ તેને ઊભો કરવા અન્ય યુવકો મહેન્દ્રસિંહને દબડાવવા લાગ્યા. તે વખતે ભિક્ષુક બનેલા આ યુવકે કરગરતા સાદે પૂછ્યું : 'તમે મને કેમ ઊભો કરો છો ભાઈ !?'

'સ્વામીશ્રી આવે છે, ખબર નથી પડતી ?'

'તેઓ ક્યાંથી આવ્યા છે ?'

'અક્ષરધામમાંથી આવ્યા છે !' સ્વામીશ્રી જ બોલી ઊઠ્યા. તે સાંભળી સૌ *'ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી...'*નો આનંદ માણી રહ્યા.

આ આનંદમાં ભાદરાને તરબોળ કરવા આવેલા સ્વામીશ્રી અહીં તા. ૧૨/૧૧ની સવારે ભક્તોને વ્યક્તિગત દર્શનનો લાભ આપવા લાગ્યા. તે વખતે તેઓએ એક ફાળિયાધારી વૃદ્ધને અત્યંત પ્રેમપૂર્વક 'જય સ્વામિનારાયણ' કહ્યા. આ પ્રણામ પાઠવતી વખતે તેઓની આંખોમાં ઊભરાઈ આવેલી આત્મીયતા જોઈ એક સંતે પૂછ્યું : 'સ્વામી ! એ કોણ હતા ?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'ભાદરામાં જોગી મહારાજના વખતમાં સમૈયો થયેલો ને ! તે વખતે પાણી માટે બહુ મહેનત કરેલી. કોઈના કૂવામાં પાણી નહીં. આપણે ખોદ્યા તેમાં પણ નહીં. છેવટે દૂર એક ખેતરના કૂવામાંથી થોડું પાણી મળેલું. જોગી મહારાજે તે કૂવામાં ફૂલ છાંટેલાં, તે સમૈયો ચાલ્યો ત્યાં સુધી પાણી ખૂટ્યું નહીં ! તે કૂવો આ નાથાકાકાનો હતો.'

દાયકાઓ પછી પણ સૌની સેવાને સંભારી રાખતો સ્વામીશ્રીનો પ્રેમ પણ પેલા કૂવાજળની જેવો અખૂટ જ રહેતો.

આ વાત્સલ્ય સાથે વિચરતા તેઓ આજની સાંજે ધ્રોળ પધાર્યા ત્યારે અત્રે હરિભક્ત શ્રી નાનજીભાઈ વેગડની કાયા હાડપિંજર થઈને ખાટલે પડેલી. સહેજ-સહેજ ફરકતી આંખો અને હોઠ સિવાય તેઓનું બાકીનું શરીર નિશ્ચેતન ભાસતું હતું. પરંતુ રહી-સહી એ જીવંતતા સ્વામીશ્રીનો સ્પર્શ પામી વિશેષ ચેતનવંતી બની ગઈ. તેમાં પ્રાણ ફૂંકતાં સ્વામીશ્રીએ મોટા અવાજે 'જય સ્વામિનારાયણ' કહી એ મરણાસન્ન સત્સંગીના મુખમાં બે-ત્રણ ચમચી પાણી રેડ્યું. તે પછી પુષ્પહાર પહેરાવી આખા શરીરે હાથ ફેરવ્યો અને મસ્તકે અભયહસ્ત પ્રસારી આશીર્વાદ આપ્યા. શ્રીજીમહારાજ ધામમાં લઈ જઈ સુખિયા

કરે તે માટે ધૂન જગાવી. એ હરિભક્તના દીકરાઓ પાસે આરતી પણ ઉતરાવી.

સ્વામીશ્રીની આ એક-એક ક્રિયામાંથી નીતરતી લાગણી તેઓની ગુણાતીત પ્રીતને ઉજાગર કરી રહી. આ સ્નેહના સૂત્રથી બંધાયેલો એ હરિભક્તનો જીવ બીજે જ દિવસે અક્ષરધામનો અધિકારી થઈ ગયો ત્યારે સૌને સ્વામીશ્રીની આજની ક્રિયાઓનું રહસ્ય વધુ સમજાયું !

તેઓ અક્ષરધામમાંથી આવેલા – સૌને અક્ષરધામમાં લઈ જવા.

## જેના ઉરમાં વિશેષ વિવેક

ધ્રોળથી ડાંગરા થઈને રાજકોટ પધારેલા સ્વામીશ્રી અહીંથી વિદાય લઈ તા. ૧૪/૧૧ની સવારે જસદણ પહોંચ્યા.

અત્રે ખાનપુર રોડ પર આવેલી સંસ્થાકીય ભૂમિ પર સત્સંગ-સભા યોજાયેલી, પરંતુ તેમાં પધારતાં પૂર્વે સ્વામીશ્રીને નિરન્નમુક્તદાસ સ્વામીએ કરેલી ભલામણ મુજબ શ્રી દેવશીભાઈ છાયાણીના કારખાને પધરામણી કરવી હતી. તે માટે તેઓએ આ ગુણાનુરાગીને નગરના નાકે ઊભા રહેવા જણાવી પણ દીધેલું.

આ ખાતરી મળતાં એ મુરબ્બી સ્થાનિક વ્યવસ્થા સંભાળતા હરિનિવાસદાસ સ્વામીને પધરામણી અંગે આજની સવારે મળવા આવેલા, પરંતુ આ સંત સ્વામીશ્રીએ ગોઠવેલા આયોજનથી બેખબર; વળી, પધરામણીનો પ્રસ્તાવ મૂકનારા આગંતુકે પણ આ અંગે કોઈ ફોડ ન પાડતાં પેલા સંતે સમયની તડામારીમાં 'પધરામણી શક્ય નહીં બને' તેમ કહી દીધેલું.

તેથી સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓની આંખો દેવશીભાઈને શોધતી રહી. છતાં તેઓ ન મળ્યા અને સ્વામીશ્રીની ગાડી સીધી સભાસ્થળે આવી પહોંચી. જો કે અહીં મંચ પર બેસતાંવેંત તેઓએ પેલા સંતને પૂછ્યું : 'કોઈ પધરામણીનું કહેવા આવ્યું હતું ?'

'હા, પણ સમયના અભાવે મેં તેઓને ના પાડી દીધી છે.'

આ ખુલાસો સાંભળી સ્વામીશ્રીએ તે સંતને કહ્યું : 'એ ભાઈને ગમે ત્યાંથી શોધી લાવો. આપણે સભા પછી તેમને ત્યાં પધરામણીએ જવું છે.'

સ્વામીશ્રીના આ આદેશથી મૂંઝાયેલા એ સંતે કહ્યું : 'બાપા ! હું એમને ઓળખતો નથી.'

'એ હું કાંઈ ન જાણું. ગમે ત્યાંથી શોધી કાઢો. મારે એમને ત્યાં જવું

જ છે.'

આ શબ્દોમાં રહેલા સ્વામીશ્રીના આગ્રહથી પેલા સંત વધુ મૂંઝાયા. તેમાંયે આ અંગે ચાલુ સભાએ સ્વામીશ્રી દ્વારા બે-ત્રણ વાર પૂછપરછ થતાં એ સંત તો રડમસ થઈ ગયા. છેવટે એક યુવક દ્વારા પેલા નિમંત્રકની ભાળ મળતાં આ સંતના જીવમાં જીવ આવ્યો.

જો કે તેઓ સભા બાદ સ્વામીશ્રીને દેવશીભાઈના હીરાના કારખાને લઈ ગયા ત્યારે આ સંતને જેટલી હાશ વળી તેથી અધિક સંતોષ સ્વામીશ્રી પામ્યા. તે વખતે એક ત્રાહિત જનને આપેલો વાયદો પૂરો કરવા સ્વામીશ્રીએ ઉઠાવેલી જહેમત જોઈ પેલા સંત તો દંગ રહી ગયા! આ સમયે હરખઘેલા બનેલા દેવશીભાઈએ ઠાકોરજીનાં ચરણે પાંચ હજાર રૂપિયાની સેવા ધરી પૂજન કર્યું.

ત્યારબાદ આગળ વધતાં પૂર્વે સ્વામીશ્રીના વરદહસ્તે જસદણથી ખાનપુર તરફના નિર્માણાધીન માર્ગનું વિધિવત્ ખાતમુહૂર્ત થયું.

તેને અનુસરતાં શહેરના ગાયત્રી મંદિરમાં પગલાં પાડી ગઢડા પધારેલા સ્વામીશ્રીનાં દર્શને તા. ૧૫/૧૧ના રોજ હરિનિવાસદાસ સ્વામી પહોંચ્યા. તેઓને પોતાની નજીક બોલાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અહીં ગઢડામાં મંદિરના વિકાસનું કામ ચાલે છે એટલે ગઈકાલે દેવશીભાઈએ ધરેલી ભેટ અત્રે જમા કરાવી દીધી છે, તો તમને વાંધો નથી ને?'

સ્વામીશ્રીની આ નમ્રતાએ પેલા સંતને સ્તબ્ધ કરી મૂક્યા. તેઓ ગદ્ગદ કંઠે બોલ્યા: 'બાપા! આપે આવું પૂછવાનું જ ન હોય.'

'તમે ત્યાં વિચરણ કરો છો એટલે પૂછવું તો પડે ને!?' સ્વામીશ્રી બોલ્યા.

આ સાંભળનારા સૌ સમક્ષ નેતૃત્વની એક નવી દિશા ખૂલી ગઈ! અનુભવ, અધિકાર અને આપસૂઝનો ભંડાર હોવા છતાં નાના અને નવા શિષ્યો સમક્ષ પણ સ્વામીશ્રીની વર્તણૂક આટલી વિવેકપૂર્ણ અને મહિમાસભર રહેતી.

## મેચિંગનો મર્મ

તા. ૧૫/૧૧ની સાંજે ગઢડાથી વિદાય થયેલા સ્વામીશ્રી સારંગપુર પધારતાં જ અહીંનો ભક્તસમાજ *'આનંદ અંગ ન માય મારી બેની...'*નો અનુભવ કરી રહ્યો. સ્વામીશ્રી પણ ગુરુના આ સ્થાનમાં ગમ્મત સાથે જ્ઞાનની ગાંસડીઓ છોડવા લાગ્યા.

આ ક્રમ તેઓ સવારે યોગીજી મહારાજના પ્રાસાદિક કક્ષમાં દર્શન કરવા પધારે ત્યારથી જ આરંભાઈ જાય. અહીં મુક્તમુનિદાસ સ્વામી પ્રેરક 'યોગીવાણી' ઉચ્ચારે. તેને પ્રદક્ષિણા કરતાં-કરતાં સ્વામીશ્રી સાંભળે અને વાક્યને અનુરૂપ મર્મ પણ પ્રદક્ષિણા ફરતાં-ફરતાં જ કહેતા જાય. માંડ એકાદ મિનિટનો આ લાભ એવો તો રસપ્રચુર અને સંદેશપ્રદ હોય કે તે સૌનાં કાળજે જડાઈ જાય.

આ જ રીતે મંદિર અને સ્મૃતિમંદિરની પ્રદક્ષિણા પણ એવાં જ બોધપ્રદ સ્થાનો. અહીં પણ સ્વામીશ્રી ગમ્મતનાં ગાડાં છોડી જ્ઞાનની લહાણી કરતા જાય. પ્રતિદિન યોજાતી તેઓની પ્રાતઃકથા અને ભોજનનાં તો ત્રણેય સત્રો આવી જ રસાનુભૂતિ અને સુખાનુભૂતિ કરાવે.

તેમાં સૌને તરબોળ કરી તા. ૨૦/૧૧ની સવારે સારંગપુરથી વિદાય થયેલા સ્વામીશ્રી ખાંભડામાં સંભવિત મંદિરની જમીનને પ્રસાદીભૂત કર્યા બાદ ધોળકા પહોંચ્યા. અત્રે નિર્માણ પામી રહેલા મંદિરની જગ્યામાં એકઠા થયેલા ભક્તોને દર્શનદાન દઈ, તેઓ પુરુષોત્તમપુરાને પાવન કરતાં તા. ૨૧/૧૧ની સવારે ડુંગરી ટીંબા લાટમાં પધાર્યા.

અત્રે શ્રી સંજયભાઈ પટેલના ઘેર ભોજન બાદ સ્વામીશ્રી બોલ્યા : 'આ વખતે આ બાજુનો પ્રોગ્રામ નહોતો, પણ મને પ્રેરણા થઈ. સગાં-વા'લાંને મળવા આવીએ છીએ ને ! એમ થયું.'

આ પ્રેમભાવથી જ સાંજે ઈશ્વરપુરા લાટ પહોંચેલા સ્વામીશ્રીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ આ લાટમાં વધુ રહેલા. તે ઘડીએ પુરુષોત્તમપુરા થયું નહોતું. ત્યાં સુધી અહીં આવવાનું વધુ થતું.'

આમ, ગામની ઇતિહાસ-પોથીનું એક પાનું ઉઘાડી આગળ વધેલા તેઓએ આંત્રોલી લાટ થઈ ડેમોલને પાવન કર્યું. અહીં આપણા મંદિરે તથા જલારામ મંદિરે પધરામણી કરી વસો પધારેલા સ્વામીશ્રીએ તા. ૨૨/૧૧ની સવારે બાઈઓના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી અને એ. જે. હાઇસ્કૂલના પટાંગણમાં સભાલાભ આપ્યા બાદ બોચાસણ આવી પહોંચ્યા.

અત્રે તેઓ તા. ૨૪/૧૧ની સવારે હરિકૃષ્ણ મહારાજના ખંડમાં દર્શન કરી રહેલા ત્યારે કો'ક બોલ્યું : ''લક્ષ્મીજીના ભાલમાં આજે પીળો ચાંદલો છે તે જોઈ ડૉક્ટર સ્વામીએ કહ્યું : 'ચાંદલો લાલ કરવો જોઈએ.''

'બરાબર છે ! નારાયણનેય લાલ છે.' સમર્થન આપતાં સ્વામીશ્રીએ કહ્યું.

આ સાંભળી પેલી વ્યક્તિએ બચાવ કર્યો કે 'એમ નહીં! લક્ષ્મીજીએ પીળી સાડી ધારણ કરી છે તો એના મેચિંગમાં ચાંદલો હોવો જોઈએ ને ?'

'મેચિંગ નારાયણ સાથે કરવાનું છે કે સાડી સાથે ?!' સ્વામીશ્રીના આ સવાલમાં મેચિંગનો મર્મ હતો.

તેઓની કલાસૂઝ હંમેશાં પ્રભુકેન્દ્રી રહેતી. તેથી જ તેઓને આધુનિકતાના આંધળા અનુકરણમાં સૌભાગ્યચિહ્નના રંગ બદલાઈ જાય તે ખૂંચતું.

## પ્રગટિયું પ્રેમ સુખ કહ્યું ન જાયે

તા. ૨૬/૧૧ની સવારે બોચાસણથી વાલવોડ પધારેલા સ્વામીશ્રીએ અહીંના મંદિરનો રજત જયંતી ઉત્સવ ઊજવ્યો. આ નિમિત્તે આયોજિત સભા બાદ તેઓ જ્યારે શ્રી ઇન્દ્રવદનભાઈ પટેલના ઘર તરફ ઠાકોરજી જમાડવા જઈ રહેલા ત્યારે વચમાં એક ઘર પાસે ઊભા રહ્યા. તે જોઈ હરિભક્ત શ્રી જશભાઈ પટેલ તે મકાનનો દરવાજો ખોલવા ગયા, પણ સંતોએ તેઓને અટકાવ્યા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ખોલવા દો.'

તેથી હરિભક્તે ઝાંપલી ઉઘાડી એટલે બહાર ઊભાં-ઊભાં જ તે ઘરમાં દૃષ્ટિ કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'યોગીજી મહારાજ આ ઘરમાં જમેલા. ઉતારો પણ કર્યો હતો.'

આમ, હાલતાં-ચાલતાં ગુરુસ્મૃતિમાં ગરકાવ રહેતા તેઓ ભોજન ગ્રહણ કરી ભાદરણ પધાર્યા.

અત્રે શ્રી નવીનભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રીનાં દર્શને એક ભાવિક આવી ચડ્યા. સૌ માટે તે અપરિચિત હતા, પણ તેઓને જોતાં સ્વામીશ્રી બાજુમાં બેઠેલા ત્યાગવલ્લભદાસ સ્વામીને કહેવા લાગ્યા: 'અહીં હિંમતભાઈ કરીને વૈદરાજ હતા. તેમણે શાસ્ત્રીજી મહારાજની બહુ સેવા કરેલી. કોઈ સંત બીમાર હોય તેને સ્વામી અહીં મોકલતા. એમના દીકરાના દીકરા આ ભરતભાઈ.'

આવી આશ્ચર્યકારી આત્મીયતા અને યાદદાસ્ત સાથે વિચરતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૨૭/૧૧ની સવારે ગામનાં નવનિર્મિત મુખ્ય પ્રવેશદ્વાર, અંગ્રેજી માધ્યમની શાળાના કમ્પ્યૂટર વિભાગ તથા નવીનીકરણ પામેલી શાંતાબા કુમારશાળાનાં ઉદ્‌ઘાટન થયાં. આ અવસરે ગ્રામ પંચાયતે ગામ તરફ દોરી જતા નવા બંધાયેલા ચારમાર્ગીય રસ્તાને 'પૂજ્ય પ્રમુખસ્વામી

માર્ગ' ઘોષિત કરી સ્વામીશ્રીને અર્ઘ્ય ધર્યું.

ત્યારબાદ ગાંધી ચોકમાં યોજાયેલી જાહેર-સભામાં ભાદરણના ભૂષણરૂપ ત્રણ વ્યક્તિઓનું સન્માન સ્વામીશ્રીના વરદહસ્તે થયું. તેમાંના એક પંડિત જમનાશંકર તો ભાદરણમાં સ્વામીશ્રીના સહાધ્યાયી રહી ચૂકેલા. તેથી તેઓ સ્વામીશ્રી પાસેથી હાર-શાલ સ્વીકારતાં ગદ્ગદ કંઠ થઈ ગયા. તેઓને બિરદાવતાં સ્વામીશ્રી પણ ગળગળા બની ગયા. આ મિત્રમિલને સમગ્ર સભાનેય ભાવવિભોર બનાવી મૂકી.

એ જ વાતાવરણમાં સભા પછી વિદાય થતાં પૂર્વે સ્વામીશ્રી પોતાના પેલા સહાધ્યાયી પાસે સામેથી પહોંચી જતાં બોલ્યા : 'આવો, જમુનાશંકરભાઈ ! ગામે સન્માન કર્યું તો હું પણ સન્માન કરું ને ! આપણે સાથે ભણ્યા, સાથે રહ્યા. આ અમારા તરફથી પણ આપને શાલ ઓઢાડીએ.' આમ કહી સ્વામીશ્રીએ શાલ ઓઢાડી ત્યારે એ પંડિતનું પીગળેલું હૈયું *'પ્રગટિયું પ્રેમ સુખ કહ્યું ન જાયે...'*નો અનુભવ કરી રહ્યું.

## મિલેનિયમનો મર્મ

તા. ૨૭/૧૧ની સાંજે સ્વામીશ્રી ભાદરણથી વાસણા પધાર્યા ત્યારે અહીં ચાલતા ત્રિદિવસીય પારાયણના આજના બીજા દિવસે તેઓ સમક્ષ જાણે આખું ગામ આવીને ગોઠવાઈ ગયું. તેમાં એક વક્તાએ આવી રહેલા નવા મિલેનિયમનો ઉલ્લેખ કર્યો.

તેને જ પોતાના પ્રવચનની પીઠિકા બનાવતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા :

'હમણાં મિલેનિયમની વાત થઈ. આવા તો ઘણા પ્રસંગો દુનિયામાં આવે છે ને જાય છે. એમાં હાલીએ-મા'લીએ છીએ. લોકો એની પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે, પણ શ્રીજીમહારાજ સાક્ષાત્ પધાર્યા અને એમના ધારક સંત આપણે ત્યાં પધાર્યા, આપણને આત્માના કલ્યાણની વાત બતાવી, આપણું ધન-ધામ-કુટુંબ-પરિવાર ભગવાનને અર્થે કરાવ્યું. નહીંતર દુનિયાની મોજ-મજામાં આપણું જીવન વીતી જાત. એમણે આપણને સાચો રસ્તો બતાવ્યો. આપણે માટે એ જ મોટો મિલેનિયમ છે. આપણે દિવાળી કહો, ઉત્સવ કહો કે જે બધું કહો તે ભગવાન અને સંત મળ્યા તે દરરોજની વસ્તુ થઈ. એટલે આપણે મિલેનિયમની રાહ જોવાની નથી. એ આવે ને જાય ! આ જે પુરુષ આપણને મળ્યા, એમના થકી આપણને જ્ઞાન થયું અને આપણે

એ માર્ગે ચાલ્યા તે ઉત્તમ વાત છે.'

દુનિયાદારીના ભામે ન ચડતાં જે મળ્યું છે તેને જાળવી લેવાનો આ બોધ આપી, સ્વામીશ્રી તા. ૨૮/૧૧ની સવારે પારાયણની પૂર્ણાહુતિ બાદ બોરસદ થઈને બોચાસણ પધાર્યા.

અત્રે તા. ૨૯/૧૧ના રોજ તેઓ પર ખેડા જિલ્લાના અગ્રણી સમાજસેવક શ્રી ગોરધનભાઈ પટેલનો પત્ર આવ્યો. નવાગામના નિવાસી આ મુરબ્બીએ થોડા દિવસો પૂર્વે સ્વામીશ્રીને લખેલી ટપાલમાં જણાવેલું કે –

*'નવાગામમાં વણકર ભાઈઓ રામજી મંદિર બાંધે છે. તે માટે તેઓએ ફાળો ઉઘરાવ્યો છે, પણ હજીયે જરૂરી રકમ ખૂટે છે.'*

આ પૂર્વભૂમિકા સાથે પત્ર મોકલનારા શ્રેષ્ઠીએ આર્થિક સહાયની માંગણી મૂકેલી. તેને સ્વામીશ્રીએ તાત્કાલિક ધોરણે સંતોષી હતી. તેથી શ્રી ગોરધનભાઈએ પહોંચ સાથે પ્રત્યુત્તર પાઠવતાં સ્વામીશ્રીને લખેલું કે –

*'આપના હરિભક્ત મને રકમ આપી ગયા છે. આથી વણકર ભાઈઓને ઘણો જ આનંદ થશે. અસ્પૃશ્ય ગણાતા સમાજને સમાન દરજ્જે લાવવાના આપના ઉચ્ચ વિચારો અને આચારોનું આ એક જ્વલંત દ્યોતક છે.'*

સમાજને મળતા રહેલા સ્વામીશ્રીનાં યોગદાનોની આવી સૂચિ અને ફલશ્રુતિ – બંને અગણિત જ રહેવાનાં.

## મંદિર થયું એટલે એક સદાવ્રત ચાલુ થયું

તા. ૩૦/૧૧ની સવારે બોચાસણથી ઠાસરા પહોંચેલા સ્વામીશ્રી અહીં મંદિરના હૉલમાં ભરાયેલી શિસ્તબદ્ધ સભા જોઈ ઉમળકાભેર બોલ્યા :

'પ્રથમ તો આપ સર્વને ધન્યવાદ આપવાના. અમે જ્યાં જઈએ ત્યાં દરવાજેથી જ પડાપડી થાય. અહીં તો એવી ગોઠવણ કરી છે કે કોઈ પડાપડી નહીં અને બીજું, અવાજ જરાય નહીં! તમે બધાએ આ વ્યવસ્થિત રીતે દર્શન કર્યાં અને સભામાં બેઠા તે અમારા માટે આનંદનું કામ થયું.'

શિસ્તપ્રેમી સ્વામીશ્રી આટલો રાજીપો વરસાવી વણાકબોરી પહોંચ્યા.

અહીં પણ શિસ્તનું ઊંચું ધોરણ જોઈ પ્રસન્ન થયેલા તેઓને મળવા આજની રાત્રે એક યુનિયનના પ્રમુખ આવ્યા. આ હોદ્દેદારને સોનેરી શીખ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'કાર્ય કરજો, પણ દેશને નુકસાન થાય એવું કોઈ

કામ કરશો નહીં. તમે લડીને લો તે કોઈના ગજવામાંથી જવાના નથી, દેશના જાય છે. તેમાં આપણને ને આપણને નુકસાન.'

સ્વામીશ્રીની વિચારધારામાં પ્રજાહિત હંમેશાં અગ્રસ્થાને રહેતું.

તેથી જ તેઓએ તા. ૧/૧૨ની સવારે કૈલાસપુરી ગામના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. આ અવસરે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'મંદિર થયું એટલે આપણું એક સદાવ્રત ચાલુ થયું. તેનું જે પુણ્ય થાય તે આપણને મળતું રહેશે. એટલે મંદિરમાં આપણે શ્રદ્ધાપૂર્વક કરેલી નાની સેવા પણ નિષ્ફળ જતી નથી.'

મંદિરનો આ મહિમા તેઓએ તા. ૨/૧૨ના રોજ મહુધામાં પણ સાર્થક કર્યો. કૈલાસપુરીથી સેવાલિયાને લાભ આપતાં અત્રે પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે ગામમાં બંધાયેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા.

તેઓના પુરુષાર્થથી હવે સત્સંગમાં *'મંદિર થાવા લાગ્યાં તત્કાળ...'*ની સ્થિતિ સર્જાઈ ગયેલી. તેમાંયે વિશેષતા એ રહેતી કે સેવા-સહકારનાં સ્મારક સમાં આ મંદિરો સ્વયંભૂ પ્રેરણાથી ખડાં થતાં. તેનાં નિર્માણ માટે કો'ક જર-જમીન ભેટ આપતું, તો કો'ક રેતી-કપચી; કો'ક નાણાં-દાણા દઈ ખભો ધરતું, તો કો'ક રંગ-રાચરચીલું; કો'ક બાવડાના બળે પાવડા ફેરવી શ્રમસલિલ વહાવી દેતું, તો કો'ક માથે મુગટની જેમ તગારાં લઈ ફરતું. બાળક-બુઝુર્ગ, મર્દ-મહિલા કે સત્સંગી-સદ્ભાવી – દરેકની આ જ તાસીર રહેતી. આવા કંઈક સહયોગીઓને મંદિર-નિર્માણનો ભાગ બનાવી સ્વામીશ્રીએ ઇતિહાસમાં અમર કરી મૂક્યા છે.

## નિઃસ્પૃહી ને નિર્મળ મતિ વળી

મહુધાથી નડિયાદ પધારેલા સ્વામીશ્રી તા. ૨/૧૨ની સાંજે અહીંના કાર્યક્રમની વિગતો સ્થાનિક સંતો પાસેથી મેળવી રહેલા. તેમાં એક સંતે બતાવેલું નિમંત્રણ પત્ર જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ કાર્ડ કોના માટે છપાવ્યાં છે?'

'મહાનુભાવો માટે.'

'મહાનુભાવોને કંઈ મોકલવાની જરૂર નથી. આપણા રૂટિન પ્રમાણે આવ્યા છીએ. વિશિષ્ટ કોઈ પ્રસંગ નથી, પણ લોકોને જાહેરાત કરવાની ટેવ પડી ગઈ છે. લઘુ કરવા જઈએ તોય જાહેરાત! એમાં શું જાહેરાત? લઘુ

કરીને ચાલ્યા જવાનું હોય!'

પબ્લિસિટી પ્રત્યે આટલો અણગમો દાખવી સ્વામીશ્રીએ કાર્યક્રમ પર નજર નાંખતાં પહેલું જ વાંચ્યું: 'સ્વાગત-સભા.'

તે અંગે પણ સખત નારાજગી વ્યક્ત કરતાં તેઓએ કહ્યું: 'સ્વાગત શાનું છે? સ્વાગત ને બધું કરવાની જરૂર નથી. છાશવારે પરદેશ જઈને આવીએ છીએ. પરદેશ જઈને આવ્યા એટલે મોટો વાઘ મારીને આવ્યા?! ખોટા ખર્ચા કરવા જરૂર વગરના? આવું છાપવાની જરૂર નથી.'

સ્વામીશ્રીના શબ્દે-શબ્દે *'નિઃસ્પૃહી ને નિર્મળ મતિ વળી...'*ની તેઓની આંતરિક સ્થિતિ ખૂલતી ગઈ.

## વચન પ્રમાણે રે વરતે

તા. ૨/૧૨ની સાંજે ઠંડીનો ચમકારો તીવ્ર હોવા છતાં મંદિરના પ્રાંગણમાં ચાલી રહેલી સ્વામીશ્રીની સત્સંગ-સભા ખીચોખીચ હતી. તેમાં મહંત સ્વામીના પ્રવચન અને યુવકોના કીર્તનગાન બાદ શરૂ થયેલા સત્કાર-વિધિમાં, છાત્રાલય વતી બે યુવકો મોટો પુષ્પગુચ્છ લઈને આવ્યા. તે તેઓ સ્વામીશ્રીના હાથમાં આપી પગે લાગવા જેવા નીચા નમ્યા કે ત્યાં જ બુકેના કૉનમાં રહેલું ઠંડું પાણી સ્વામીશ્રીના ખોળામાં ઢોળાયું! પંચાંગ પ્રણામ કરવા ઝૂકેલા યુવાનો આ દુર્ઘટનાથી અજાણ હતા, તેથી લગભગ દોઢેક પ્યાલા જેટલું પાણી ઢળતાં સ્વામીશ્રીનું ધોતિયું ભીનું-ભીનું થઈ ગયું. છતાં સંપૂર્ણ સ્વસ્થતા સાથે તેઓની અમૃતધારા વહી નીકળી કે –

'આપણને દેહભાવને લઈને ઊથલપાથલ થયા કરે છે. દેહ નથી, પણ દેહ મનાઈ ગયું છે એટલે મન પાછું પડી જાય, ખોટું લાગી જાય, ક્રોધ-ઈર્ષ્યા આવી જાય, ખટપટ થાય. માટે જ્ઞાનની જરૂર છે. માણસને જ્યારે જ્ઞાન થાય ત્યારે સુખિયો થાય.'

આજે સ્વામીશ્રીના મુખેથી નીકળેલા આ શબ્દોનો મેળ પ્રવચન પૂર્વે જ બનેલા પ્રસંગ સાથે આબાદ રીતે મળી રહ્યો. તેથી સૌને *'વચન પ્રમાણે રે વરતે, તે હરિજન કા'વે...'* પંક્તિઓ તાદૃશ થઈ રહી.

## તું તિલક-ચાંદલો કરે તો મારો મિત્ર

તા. ૪/૧૨ની સવારે સ્વામીશ્રીનાં પગલાં પાડગોલમાં પડ્યાં ત્યારે

હજી તો આ ગામના મંદિરનું ખાતમુહૂર્ત થયે અગિયાર મહિના પણ વીત્યા નહોતા ત્યાં તો આજે અહીં પ્રતિષ્ઠાનાં પડઘમ વાગવા માંડેલાં. ગામવાસી ભક્તોની આ સેવાને સાર્થક કરતા સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા ત્યારે સૌની આંખોમાં હર્ષાશ્રુ ઝળકી ઊઠ્યાં.

આવા ભાવભર્યા માહોલમાં અમૃતધારા વહાવી પુનઃ નડિયાદ આવી ગયેલા સ્વામીશ્રીની નિશ્રામાં, આજની સાંજે કિશોરદિન નિમિત્તે વિવિધ રસપ્રદ રજૂઆતો થઈ. તેના અનુસંધાનમાં જ, રાત્રિભોજન દરમ્યાન સાયંસભામાં પ્રસ્તુત થયેલા સંવાદનો ઉલ્લેખ થયો. તેમાં મિત્રનું પાત્ર ભજવનારા કિશોરનો નિર્દેશ કરતાં કો'ક બોલ્યું : 'સ્વામી ! તે તિલક-ચાંદલો નથી કરતો.'

આ સાંભળી સ્વામીશ્રીએ એ કિશોરને ઉદ્દેશી કહ્યું : 'તું તિલક-ચાંદલો કરે તો મારો મિત્ર સાચો !'

આ લાગણીસભર ઉદ્‌ગારે પેલા કિશોરનું કાળજું કોરી કાઢ્યું. તેણે સ્વામીશ્રીએ લંબાવેલો મૈત્રીનો હાથ ઝાલી લીધો. યુવા માનસને ભગવત્સન્મુખ કરવાની સ્વામીશ્રી પાસે આગવી કળાઓ હતી.

તે સાથે તેઓ તા. ૫/૧૨ની સવારે નડિયાદમાં આવેલાં શ્રીજી-મહારાજનાં પ્રાસાદિક સ્થાન, ભાવસાર વાડમાં આવેલાં બાઈઓના મંદિર તેમ જ જૂના મંદિરે દર્શન કરતાં સાંજે આણંદ થઈને વિદ્યાનગર પધાર્યા.

અત્રે શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈ બેઠેલા છાત્રોને જોઈ રાજી થતાં સ્વામીશ્રીએ સામેથી જ માઇક મંગાવી આશીર્વાદ આપ્યા. તે પછી તેઓ સમીપ દર્શનનો લાભ આપવા પણ બિરાજ્યા. આ સમયે ક્રમબદ્ધ આવી રહેલા વિદ્યાર્થીઓમાં નડિયાદવાસી અંબરીષને જોતાં જ તેઓએ પૂછ્યું : 'તું ક્યાં હતો ? નડિયાદમાં મેં તને બહુ શોધ્યો !'

જેને વેદની શ્રુતિઓ ખોળે એવા અક્ષરબ્રહ્મ સ્વામીશ્રીની આંખો યુવાનોને ખોળતી. આવા પ્રેમાળ તેઓના ખોળે યુવાની પડતું મૂકે તેમાં શું આશ્ચર્ય !

## દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત

તા. ૬/૧૨ની સવારે ભાટિયેલમાં થયેલા સ્વામીશ્રીના આગમનનું પ્રયોજન હતું – મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ. આ ગામના ભક્તોએ માત્ર દસ જ મહિનામાં કલાત્મક મંદિરને આકાર આપી દીધેલો. તેમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરવાની સાથે સ્વામીશ્રીએ મંદિરના સમીપવર્તી

હનુમાનજી મંદિરમાં પવનસુતની પાષાણ-પ્રતિમા પણ પધરાવી.

ત્યારબાદ તેઓ સી. આર. બી. પ્રાથમિક શાળાના સંકુલમાં સભાલાભ આપી વિદ્યાનગર આવી પહોંચ્યા.

અત્રે તેઓના રાત્રિભોજન દરમ્યાન શરૂ થયેલા છાત્ર-પરિચયમાં એક વિદ્યાર્થીએ નિખાલસપણે કહ્યું: 'બાપા ! મારા દસમા ધોરણમાં ૯૩% આવેલા, પણ ૧૧મા ધોરણમાં ૭૫% જ આવ્યા ! તેનું કારણ મારી આળસ છે.'

આ ખામી ખંખેરવા સ્વામીશ્રીએ તે યુવકને ટકોર કરી ત્યાં જ એ વિદ્યાર્થીના ઓરડામાં રહેતા અન્ય બે છાત્રોની ઓળખ અપાઈ. તેઓએ પણ પોતાનો આળસુ સ્વભાવ કબૂલ્યો. ત્યારે સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'આ ત્રણેયને જુદી-જુદી રૂમમાં રાખજો. એકસરખી પ્રકૃતિ હોય તો સુધરે નહીં.'

સ્વામીશ્રીના આ સૂચનમાં સંકુલ-સંચાલનની શીખ હતી. તેની સાથે વિદ્યાર્થીઓ પ્રત્યેની તેઓની કાળજી પણ દર્શાઈ રહી. યુવાનો વિષેનો ઊંડો સ્નેહ સ્વામીશ્રીને આવું ઝીણું વિચારવા પ્રેરતો રહેતો.

તેથી જ તા. ૭/૧૨ના રોજ મંદિરનો પાટોત્સવ અને તારીખ અનુસાર આવેલો સ્વામીશ્રીનો જન્મોત્સવ ઊજવવા આખું છાત્રાલય હેલે ચઢ્યું. તેમાં સમગ્ર આણંદ જિલ્લાની ભક્તમેદનીનો પ્રવાહ ભળતાં ઉજવણીના ઉત્સાહમાં જબ્બર ભરતી આવી. તે જોઈ આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના નાણામંત્રી, ખાણ-ખનીજ ખાતાના મંત્રી તથા આણંદ અને નડિયાદના કલેક્ટરો સહિત કંઈક મહાનુભાવો દંગ રહી ગયા.

આવા જ અહોભાવને હૈયે સંઘરી આજે ચિત્રલેખા સામયિકના પત્રકાર શ્રી કેતનભાઈ મિસ્ત્રી સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ લેવા આવી પહોંચ્યા. તે માટેનો તખ્તો ગોઠવાઈ રહેલો ત્યારે આ સાપ્તાહિકના છબીકાર જુદી-જુદી જગ્યાએથી ફોટો ખેંચવા પોતાની પોઝિશન તપાસી રહેલા. તે જોઈ સ્વામીશ્રીએ બાજુમાં પધરાવેલા હરિકૃષ્ણ મહારાજનો નિર્દેશ કરતાં કહ્યું: 'આ ઠાકોરજી આવે એ રીતે ફોટા લેજો.'

આજે હજારોના જનસમુદાય વચ્ચે ઊજવાઈ રહેલા તેઓના જન્મ-જયંતી અવસરે પણ તેઓ તો ઠાકોરજીમાં જ લયલીન હતા !

તેઓની આ મનઃસ્થિતિનો વધુ એક પુરાવો જન્મોત્સવની સભાએ પૂર્યો.

અઢી કલાક ચાલેલી આ સભાના અંતે પુષ્પહારવિધિ વખતે સ્વામીશ્રીના કંઠમાં ફૂલમાળ અર્પણ કરવા આવેલા જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને

નારાયણમુનિદાસ સ્વામીએ જોયું તો સ્વામીશ્રીનાં ધોતિયા, ગાતરિયા અને શાલ પર કીડીઓ ફરતી હતી! તે જોઈ અગાઉ પહેરાવાયેલા ધાણી-મમરા કે ચૉકલેટ-સૂકામેવાના હાર સાથે આ કીડીઓ આવી ગયાનું અનુમાન કરી આ સંતોએ કહ્યું: 'બાપા! આ શાલ આપી દો. કીડીઓ બહુ ચડી ગઈ છે.'

'બધા લાભ લે છે તો એય ભલે લાભ લે!'

'આપ લઘુશંકા કરવાના નિમિત્તે પાંચ મિનિટ માટે ઉતારે જઈ આવો, તો ત્યાં ધોતિયું પણ બદલી લેવાય.'

'હવે પતી ગયું! લઘુ (નાનું) કહો છો ને કરો છો મોટું!' આમ કહેતાં સ્વામીશ્રી આશીર્વાદ વરસાવવા લાગ્યા ત્યારે કોઈને અણસાર સુધ્ધાં ન આવ્યો કે તેઓ કીડીઓના ચટકા ખમતાં-ખમતાં બોલી રહ્યા છે! *'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત...'* તે આનું જ નામ ને!

## દુનિયા સર કરવાની છે

તા. ૮/૧૨ની સવારે બાવીસ ગામ પાટીદાર કેળવણી મંડળ દ્વારા નિર્માણાધીન કે. સી. પટેલ કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન કર્યા બાદ સ્વામીશ્રી તા. ૯/૧૨ના રોજ વલાસણમાં સંસ્થા દ્વારા બંધાઈ રહેલી સ્વામિનારાયણ વિદ્યાપીઠની નિર્માણ-પ્રક્રિયા નિહાળવા પધાર્યા.

અહીં ગાડીમાંથી ઊતરતાં જ એક સહપ્રવાસી બોલી ઊઠ્યા: 'વાહ! જબરું તાણી કાઢ્યું છે ને!'

'દુનિયા સર કરવાની છે એટલે...!' આટલું બોલતાં સ્વામીશ્રીએ એ સંકુલની ભૂમિ પર ચરણ મૂક્યાં.

અલબત્ત, તેઓના આવા ઉન્નત અને મક્કમ ઇરાદાની પાર્શ્વભૂમાં કોઈ પર આધિપત્ય જમાવવાની વાત નહીં, પણ સૌને સુખી કરવાનો મુદ્દો જ મુખ્ય રહેતો.

તે શુભ હેતુથી દોરાતા તેઓ આજે કરમસદના મંદિરનો ૨૧મો પાટોત્સવ ઊજવી તા. ૧૦/૧૨ની સવારે કાવીઠા પહોંચ્યા.

અત્રે છેલ્લાં પચીસ વર્ષથી વહેતી સત્સંગ-સરવાણીને કારણે તળાવ કિનારે સુંદર મંદિર ખીલી ઊઠેલું. તેમાં સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી ઉપાસનાની શાશ્વત સુગંધ વહેતી કરી દીધી. આ પ્રસંગે ગામમાં બંધાયેલા 'પ્રમુખ બાલ ક્રીડાંગણ'નું પણ ઉદ્‌ઘાટન થયું. તે સાથે સ્થાનિક

ભક્તોએ ઠાકોરજીને સુવર્ણથી તોળી વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું.

## સાગરકાંઠે શિખરબદ્ધ સર્જન

કાવીઠાથી વિદ્યાનગર પરત પધારેલા સ્વામીશ્રી તા. ૧૧/૧૨ની સવારે આશી પહોંચ્યા. અત્રે કથા-વાર્તાનો લાભ આપી તેઓ તા. ૧૨/૧૨ની સવારે નવસારીને પાવન કરતાં આજની સાંજે છ વાગ્યે વલસાડને આંગણે આવી પહોંચ્યા.

અહીં તેઓના આગમનને વધાવતાં શ્વેત વસ્ત્ર અને કેસરી સાફાધારી ૭૯ સ્કૂટર સવારોએ બુલંદ કંઠે છડી પોકારી. તે સાથે શરૂ થયેલી સ્વાગત-યાત્રા મંથર ગતિએ સરકતી તીથલ રોડ પર ખડા થયેલા સ્વામિનારાયણ નગરે પહોંચી. આ 'નગર' તીથલના દરિયાકાંઠે નિર્માણ પામેલા મંદિરના મહા-અભિષેક મહોત્સવ અને સ્વામીશ્રીના ૭૯મા જન્મોત્સવ નિમિત્તે ૩૩,૫૪,૫૩૫ ચો.ફૂ.ના વિશાળ પટે વિસ્તરેલું. આ ઉત્સવભૂમિના કણ-કણમાં ૫,૦૦૦ સ્વયંસેવકોની સેવાનો સરવાળો સીંચાયેલો. તે પર સભા સંબોધી સ્વામીશ્રી નવનિર્મિત મંદિરે પહોંચ્યા ત્યારે અહીં તો સમર્પણનો સાગર લહેરાઈ રહેલો.

૯,૫૬૦ ચો.ફૂ.ના ક્ષેત્રફળમાં તૈયાર થયેલા આ મંદિરનું પરિમાણ ૧૪૭ x ૧૧૫ x ૫૭ ફૂટનું હતું. તેના ઇંચે-ઇંચમાં, સાગરકાંઠાનાં ટંડેલ બાઈ-ભાઈ, દૂર-સુદૂર વસતાં ધરમપુર-વાંસદા વિસ્તારનાં આદિવાસી ભાઈ-ભગિની અને શહેરી સત્સંગીઓની નરી ભક્તિ જ ઝગારા મારી રહેલી. ૫ શિખર, ૧૦ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૫૫ તોરણો અને ૨૨ ગવાક્ષો ધરાવતા આ મંદિરમાં બાલેસરના ૧૪,૯૦૦ ઘનફૂટ અને બંસીપહાડપુરના ૮,૪૫૦ ઘનફૂટ ગુલાબી પથ્થરની સાથે હજારો સત્સંગીઓના પ્રેમ અને પુરુષાર્થ કંડારાયેલા.

ટ્રકમાંથી પથ્થર ઉતારવાના હોય કે ઘડાયેલા પથ્થર મંદિર પર ચડાવવાના હોય; સતત ૨૧ કલાક ચાલેલી છત-ભરણીની સેવામાં કોંક્રીટથી ભરેલાં તગારાં ઊંચકવાનાં હોય કે તીથલથી મંદિર સુધીનો પોણા બે કિ.મી. લાંબો રસ્તો બાંધવામાં ડામર ડહોળવાનો હોય; કોસંબાના ખાંજણ ફળિયાથી મંદિર સુધીની ૬,૨૫૦ ફૂટ લાંબી પાઇપલાઇન નાંખવાની હોય કે સાડા છ ફૂટ ઊંડા પાયા ગાળવાના હોય – અહીં સર્વત્ર મજૂરી નહીં, પણ સેવાનું સામ્રાજ્ય જ છવાયેલું રહેલું.

શ્રમનું આ શાસન વિસ્તારનારા સ્વયંસેવકો સ્વામીશ્રી પધાર્યા ત્યારે

૨,૮૨૦ ચો.ફૂ.માં પથરાયેલા પોડિયમ પર બેસી ગયેલા. તેઓનાં હૈયે ચઢેલી ભક્તિની ભરતી જોઈ હુંકારથી હડુડતો સમુદ્ર પણ અત્યારે શાંત થઈ ગયેલો. તેના દ્વારા થતી રહેતી ગર્જનાનું સ્થાન સ્વયંસેવકોના જયનાદોએ લઈ લીધેલું ! તેઓ પર પ્રસન્નતાનાં પૂર ઠાલવતાં સ્વામીશ્રી બોલ્યા :

'તમે બધાએ ખૂબ દાખડો કર્યો છે, માટે તમારા બધાની પણ જય ! ખૂબ મહિમા, પ્રેમ, શ્રદ્ધાથી ઘણી મુશ્કેલીઓમાં મંદિર તૈયાર કર્યું છે. નાનુભાઈ, રાજુભાઈ, શૈલેશભાઈ (ચૌહાણ), કિરણભાઈ (મહેતા) વગેરેએ ખૂબ દાખડો કર્યો. તમે બધા પણ રાત્રે-દિવસે ગમે ત્યારે જરૂર પડી ત્યારે સેવામાં જોડાયા.'

આ રાજીપાની સ્મૃતિરૂપે દરેકને માળા આપી સ્વામીશ્રી ઉતારે જવા વિદાય થયા ત્યારે દરિયાનું દિલ પણ ડોલી જાય એવા ઉત્સવની નોબતો ગગડવાની શરૂ થઈ ગઈ.

## આપણે ખસી જઈએ

તીથલના આંગણે પ્રારંભ પામેલા મહોત્સવમાં તા. ૧૩/૧૨ની સવારે શરણાઈઓના મંગલ સૂર પ્રસરી રહ્યા. તેની વચ્ચે ૩૨ માછી-ટંડેલ, ૨૧ આદિવાસી, ૪ પરદેશી અને ૨ બ્રાહ્મણ સહિત ૭૩ નવદંપતીઓએ સ્વામીશ્રીના શુભાશિષ સાથે પ્રભુતામાં પગલાં પાડ્યાં. દહેજના દૈત્યને ડામતા આ નિઃશુલ્ક સમૂહ લગ્નોત્સવ તથા ૨૮ બટુકોના યજ્ઞોપવીત ધારણવિધિથી ઉત્સવના આરંભમાં જ સ્વામીશ્રીએ સમાજસેવાની જ્યોત પ્રગટાવી દીધી.

તેનાં અજવાળાંથી મંચ પર ઉપસ્થિત કંઈક પૂર્વ મંત્રીઓ તથા ધારાસભ્ય તેમ જ નગરપાલિકાના પ્રમુખ સહિત સૌ અંજાઈ ગયા અને સ્વામીશ્રી પહોંચ્યા પાલણ ગામે.

અત્રે તેઓ વલસાડ સુગર ફેક્ટરી એસોસિયેશનના ચૅરમેન શ્રી અરવિંદભાઈ પટેલના ઘેર પગલાં પાડી તીથલ તરફ આવી રહેલા ત્યારે એક સહપ્રવાસીએ હમણાં જેઓના ઘેર સ્વામીશ્રીએ પધરામણી કરી તેઓની વાત માંડી કે 'એ મુરબ્બીનું વેપારી ક્ષેત્રે વર્ચસ્વ ઘણું; સમાજમાં છાપ પણ સારી; પરંતુ બોલવાની ફાવટ ઓછી.'

'બોલવા કરતાં કામ કરવું એ અગત્યનું છે. કામ કરે એટલે લોકોને ભાવના થાય ને !' સ્વામીશ્રી બોલ્યા.

કર્તવ્ય-પરાયણતા જ લોકચાહના મેળવવાનો માર્ગ છે – આ રહસ્ય

સમજાવતાં સ્વામીશ્રી આજની સાંજે સ્વયંસેવક-સભામાં પધાર્યા.

'નગર'માં જ તૈયાર થયેલા ૫,૦૭,૮૭૨ ચો.ફૂ.ના સભાગૃહમાં યોજાયેલા આ સમારોહમાં આશીર્વાદ પાઠવી તેઓ શ્રી કાંતિભાઈ ચાંપાનેરીના ઘેર રખાયેલા ઉતારે પહોંચ્યા. અત્રે એક ઓરડામાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ગોઠવી હતી. તેનાથી ત્રણેક ફૂટના અંતરે ઊભા રહી સ્વામીશ્રી એ પ્રતિમાને નીરખવા લાગ્યા, પરંતુ મૂર્તિ સહેજ ત્રાંસી મુકાયેલી જોઈ બાજુમાં ઊભેલા એક સંતે પૂછ્યું: 'મૂર્તિ ખસેડવી છે ?'

'આપણે ખસી જઈએ. મૂર્તિ ખસેડવી એના કરતાં આપણે ખસવું સારું ને !'

મરક-મરક હસતાં આટલું બોલી સ્વામીશ્રી યથાયોગ્ય સ્થાને ઊભા રહી મૂર્તિ જોવા લાગ્યા, પરંતુ તેઓની આ જન્મજાત ભક્તિ અને સરળતાથી ઘાયલ થયેલા સૌની નજર તો તેઓ પર જ મંડરાયેલી રહી.

## વૈદિક યજ્ઞ અને અલૌકિક નગરયાત્રા

વલસાડના આંગણે તા. ૧૪/૧૨નું પ્રભાત વૈદિક ઋચાઓના મંગલ ધ્વનિથી ગુંજી રહેલું. આ મંત્રોચ્ચારને અનુસરતાં ૧૯૩ યજ્ઞકુંડોની ફરતે બેઠેલા ૧,૯૩૦ યજમાનોની સાથે સ્વામીશ્રીએ યજ્ઞનારાયણને પૂજ્યા. આ બ્રહ્માગ્નિને વધાવવા વપરાયેલા અને ઉત્સવમાં વિનિયોગ પામેલા ૭૯ મણ ચોખા આ વિસ્તારની મહિલાઓએ જાતે ફોલી કુશળકુંવરબાની ભક્તિને સૌ સમક્ષ તાદૃશ કરી મૂકેલી !

આ વિગત જાણી રીઝેલા સ્વામીશ્રીએ આશીર્વાદમાં ઉચ્ચાર્યું: 'આ યજ્ઞમાં જે ચોખા આવ્યા છે એ અણિશુદ્ધ છે.[૧૧] સાચા હૃદયની ભક્તિ હોય તો આ થાય. જેણે-જેણે આ સેવા કરી છે એનું મહારાજ કુશળકુંવરબા જેવું કલ્યાણ કરશે. આ યજ્ઞમાં બેઠા એ બધાને શાંતિ થાય એ પ્રાર્થના.'

આ અમૃત-સિંચનથી ઊંચી ઊઠેલી યજ્ઞની ધૂમ્રસેરો હજી તો આકાશમાંથી અદૃશ્ય નહોતી થઈ ત્યાં જ આજની સાંજે નગરયાત્રામાં ઊડવા માંડેલા ગુલાલની ગરદીએ ગગનને ભરી દીધું. વલસાડની આંવાબાઈ સ્કૂલથી પ્રસ્થાન પામેલી પોણા બે કિ.મી. લાંબી આ શોભાયાત્રા ચાર કલાત્મક રથમાં વિરાજિત કમનીય મૂર્તિઓ સહિત, જુદી-જુદી ૭૨ રજૂઆતોથી આકર્ષક

૧૧. આ ચોખામાંથી બનેલો ભાત સ્વામીશ્રીને તેઓના જન્મદિને પીરસવામાં આવેલો.

સંસ્કૃતિયાત્રા જ બની રહી. ગાયન, વાદન, કીર્તન તથા નર્તનના ચંદરવા તળે શીલ, શિસ્ત, સેવા અને સહકારની સડક પર સરકતી આ યાત્રામાં ૧૨,૦૦૦ની મેદની સામેલ હતી. તે દરેકના ચહેરા પર ચમક, હૈયામાં હોંશ અને પગમાં પાંખો હતી. તેમાંય મહાલક્ષ્મી કૉમ્પ્લેક્ષની અટારીએ દર્શનદાન દેવા બિરાજેલા સ્વામીશ્રીને જોતાં તો પ્રત્યેક નગરયાત્રીની સ્થિતિ '*હરિ આનંદ મારે અંગે ન માયો, હું તો મગન થઈને નાચું...*'ની બની ગઈ. આ રીતે પાંચ કિ.મી.નો પંથ કાપી શોભાયાત્રા 'નગર'માં વિરમી ત્યારે સમગ્ર શહેર સર થઈ ગયેલું.

## મહા-અભિષેકનું મંગલ પર્વ

તા. ૧૫/૧૨ના રોજ તીથલના તટે અષ્ટોત્તર-શતાધિક-સહસ્રકલશ-અભિષેક (૧,૧૦૮ કળશોના અભિષેક) અને દીક્ષા સમારોહનો સંગમ સર્જાઈ ગયેલો. આવા વિરાટ અભિષેકનું આયોજન સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રથમ વાર જ થઈ રહેલું. તેથી ચોમેર વ્યાપી વળેલાં ઉત્સાહ અને ઉત્સુકતા વચ્ચે સ્વામીશ્રીએ આજની સવારે ૩૬ પાર્ષદોને ભાગવતી દીક્ષા અને ૧૧ નવયુવાનોને પાર્ષદી દીક્ષા પ્રદાન કરી.

ત્યાગના તિલક અને વૈરાગ્યની વિભૂતિથી શોભતા આ નવદીક્ષિતોને બિરદાવવા આજે અતિથિવિશેષ તરીકે પૂજ્ય મુનિ શ્રી જિનચંદ્રવિજયજી ઉપસ્થિત હતા. તેઓએ હકડેઠઠ સમુદાયને સંબોધતાં કહ્યું: "બધા મને પૂછે છે કે 'પ્રમુખસ્વામીની આટલી બોલબાલા કેમ છે?', તો જ્યારે-જ્યારે એમની પાસે ગયો છું ત્યારે તેમનામાં સહજ વણાઈ ગયેલી નમ્રતા, સહજતા અને સરળતાની અદ્‌ભુત છાપ પડી છે. તમે બધા ભાગ્યશાળી છો કે સાચા સંતત્વનાં લક્ષણ ધરાવતા આવા સાધુપુરુષ ગુરુ તરીકે પ્રાપ્ત થયા છે!"

આવા સ્વામીશ્રીની નિશ્રામાં આજે ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'જીવનરક્ષા રથયાત્રા'ની પૂર્ણાહુતિ થઈ. પ્રજામાં સ્વાસ્થ્ય અને શિક્ષણ સંબંધી જાગૃતિ લાવવા સોમનાથથી શરૂ થયેલી આ દસ દિવસીય યાત્રા ગુજરાતના ગામડે-ગામડે ફરી સ્વામીશ્રીનાં ચરણોમાં વિરમી ત્યારે આ ઘટનાને હજારો હરિભક્તોએ હર્ષોલ્લાસથી વધાવી લીધી.

આ વધામણી ઝીલતા સ્વામીશ્રી સભામાંથી વિદાય લઈ ૧૨:૨૫ વાગ્યે મંદિરે પહોંચ્યા. અત્રે તેઓએ 'ગુજરાતમાં પાણીનો પ્રશ્ન હલ થાય, દેશમાં

શાંતિ અને સ્થિરતા સ્થપાય, પ્રજા ધાર્મિક તથા દેશપ્રેમી બને, વિશ્વભરમાંથી આતંકવાદ દૂર થાય' વગેરે કલ્યાણકારી સંકલ્પો સાથે મધ્ય ખંડમાં વિરાજિત અક્ષર-પુરુષોત્તમ મહારાજ પર જળ પધરાવી મહા-અભિષેકનું મંગલાચરણ કરી આપ્યું. આ લાભ તમામ ભાવિકોને મળે તે માટે ઘુમ્મટમાં ઊંચી પીઠિકા તૈયાર કરાયેલી. તે પર ચઢતાં પૂર્વે દરેકને ભારતની તમામ પવિત્ર સરિતાઓ, વિશ્વની ખ્યાતનામ નદીઓ, માન સરોવર વગેરે તીર્થોનાં જળથી ભરેલા કળશ આપવામાં આવતા. આ તીર્થોદક સૌ કમળાકાર પાત્રમાં પધરાવતા. તે વિશિષ્ટ નળી દ્વારા સીધું જ મૂર્તિઓના શિરે ઝિલાતું. આ રીતે દિવસ દરમ્યાન આશરે દસ હજાર ભક્તો આ લાભ લઈ રોમાંચિત થઈ ઊઠ્યા.

## એને ખબર નથી કે સ્વામિનારાયણ કોણ છે !

તા. ૧૬/૧૨ની સવારે સૂર્યની પહેલી ટશર ફૂટી ત્યારે તીથલના આંગણે ઊમટી પડેલા હજારો ભક્તોનાં અંતર સ્વામીશ્રીને તેઓની ૭૯મી જન્મજયંતીએ વધાવવા આતુર હતા. સૌનાં હૈયે ઊછળતો એ આનંદ સ્વામીશ્રીની ગાડીથી લઈને મહોત્સવના મંચ સુધી સર્વત્ર છવાયેલો. તેની વચ્ચે પ્રાતઃપૂજા પૂર્ણ કરી સ્વામીશ્રી મંદિરે જવા નીકળ્યા, ત્યારે સહયાત્રી સંતો સાથે ચાલી રહેલા વાર્તાલાપમાં કો'ક બોલ્યું: 'અહીં જન્મજયંતી મળી ગઈ એમાં બધા ફાવી ગયા !'

'વગર મહેનતે મળી ગઈ!' વિવેકસ્વરૂપદાસ સ્વામીએ જ્યાં આ ટાપશી પૂરી ત્યાં સ્વામીશ્રીએ જણાવ્યું:

'વગર મહેનતે કાંઈ નહીં. દુઃખ વેઠ્યાં છે, મુશ્કેલીઓ વેઠી છે. સૌની મહેનત અને પુરુષાર્થ સફળ થયાં. બધાંએ હિંમત, બળ, ધીરજ રાખીને કામ કર્યું. વાતાવરણ એવું હતું એમાં હરિભક્તોએ ટક્કર લીધી. છતાં નિષ્ઠા, હેત ને સત્સંગ એવાં ને એવાં રહ્યાં. એ કારણે જ ભગવાનનો આ રાજીપો થયો.'

આ રીતે મંદિરના પાયાની ઈંટોને નવાજતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા.

અહીં પ્રતિષ્ઠિત થયેલા ઘનશ્યામ મહારાજ માટે તેઓ તા. ૧૩/૧૨ના રોજ બોલેલા: 'ઘનશ્યામ મહારાજની મૂર્તિ બહુ સરસ છે. મુખારવિંદ ઘણું સારું છે. આખી મૂર્તિ સપ્રમાણ છે.'

આવી એ મૂર્તિનાં દર્શન સ્વામીશ્રી કરી રહેલા ત્યારે આજથી શરૂ થતા ધનુર્માસ નિમિત્તે તેઓને પાટી-પેન ધરવામાં આવ્યાં. તે વડે સ્વામીશ્રીએ લખ્યું:

*'અત્રે મોટું તીર્થ થશે. લાખો દર્શન કરશે. અક્ષરધામના અધિકારી થશે.'*

મંદિરની સામે ઊછળતા દરિયા જેટલી જ આવરદા ધરાવતા આ આશીર્વાદ આપી સ્વામીશ્રી પ્રદક્ષિણામાં ઊભેલા સીતા-રામના ખંડ પાસે પહોંચ્યા. અહીં તેઓ બોલ્યા: 'આ હનુમાનજીનું નામ કષ્ટભંજન રાખવું. આ હનુમાનજી સૌનાં કષ્ટ હરશે.'

તે પછી શિવ-પાર્વતીના દેરે પધારેલા તેઓએ કહ્યું: 'મહાદેવજીનું નામ સિદ્ધેશ્વર રાખજો. બધાયના સંકલ્પ સિદ્ધ કરે. આદિવાસીઓનું, ટંડેલ ભાઈઓનું ભલું કરે.'

આ કલ્યાણભાવના સાથે દર્શન બાદ ઉતારે આવી રહેલા સ્વામીશ્રીને અત્રે મંદિરના નિર્માણમાં અથાક જહેમત ઉઠાવનારા વિવેકસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું: 'કેટલાક લોકો એવું કહેતા હતા કે 'સ્વામિનારાયણવાળા બધું કરે છે પણ પાણી ક્યાંથી લાવશે?' પરંતુ આપની દયાથી બોરમાં પાણી આખા વિસ્તાર કરતાં સારાંમાં સારું આવ્યું છે!'

'એને ખબર નથી કે સ્વામિનારાયણ કોણ છે!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના આ ખુમારીભર્યા શબ્દોમાંથી શ્રીજીમહારાજનો મહિમા રણકી ઊઠ્યો. પોતાના જન્મદિનની સવારને સહજાનંદી સામર્થ્યના આ ટંકારથી ગજવતા સ્વામીશ્રી 'નગર'ના આંગણે આવી પહોંચ્યા.

## તીથલમાં આદિવાસી મહા-સંમેલન

૭૯મા વર્ષમાં મંગલ પ્રવેશે સ્વામીશ્રીએ પહેલી મુલાકાત યોજેલી – અંતરિયાળ ગામોમાં વસતા આદિવાસી ભક્તો સાથે! તેથી તા. ૧૬/૧૨ની સવારે ખેડબ્રહ્મા, પંચમહાલ, પાવી-જેતપુર, સેલવાસ, ડાંગ, ધરમપુર, વાંસદા વગેરે પ્રદેશોમાં પથરાયેલા ૧૪,૦૦૦થી વધુ વનવાસીઓ અત્રે આવી ચૂકેલા. તેઓને લાભ આપવા સ્વામીશ્રી આદિવાસી મહા-સંમેલનમાં પધાર્યા ત્યારે વનવાસી વિસ્તારોમાં વિચરણ કરતા સંતોએ તેઓને પુષ્પહારોથી સન્માન્યા.

આ સત્કાર બાદ આદિવાસીઓના ચૂંટેલા પ્રતિનિધિઓએ પોતાનાં ઘર અને ગામમાં સ્વામીશ્રીના સંબંધે આવેલાં પરિવર્તનની ગાથાઓ સંભળાવી. તે પર સ્વાનુભવની મહોર મારતાં વલસાડના કલેક્ટર શ્રી પંકજકુમારે કહ્યું:

'હું તો દરેક ગામમાં સરકારી કામ કરવા જઉં છું. તે દરેક ગામમાં

એક વસ્તુ છે – પ્રમુખસ્વામી મહારાજ માટે શ્રદ્ધાની ભાવના. અમે અમારા સરકારી કાર્યક્રમોને લઈ ગામમાં જઈએ છીએ ત્યારે સફળતા ઓછી મળે છે; પણ એમાં સ્વામિનારાયણ સત્સંગનો લાભ લઈએ છીએ ત્યારે અમને લાગે છે કે અમારા અને એ લોકો વચ્ચે સેતુ બની ગયો. લોકોને લોકો સુધી જોડવાનું કામ પ્રમુખસ્વામી મહારાજ કરી રહ્યા છે.'

આ અવસરે વન-પર્યાવરણ મંત્રી શ્રી કાનજીભાઈ પટેલે પણ સ્વાનુભૂતિ વાગોળી કે 'સદીઓથી ગિરિકંદરાઓમાં, જંગલોમાં વસતો આદિવાસી સમાજ તરછોડાયેલો, ઉપેક્ષિત હતો, પણ પ્રમુખસ્વામી મહારાજે તેઓને ગળે લગાવ્યા છે, ભેટ્યા છે. એના માટે આદિવાસી સમાજ વર્ષો સુધી એમનો ઋણી રહેશે.'

પોતાના પર આવું અણઉતાર ઋણ ચઢાવનારા સ્વામીશ્રી પ્રત્યે આજે દાહોદ અને પંચમહાલના આદિવાસીઓને એવો પ્રેમ ઊભરાઈ આવ્યો કે તેઓ સ્વામીશ્રીના આશીર્વાદ બાદ મંચ પર આવી સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા. પરંપરાગત અસ્ત્ર, શસ્ત્ર અને વાજિંત્ર સાથે નૃત્યાનંદ માણતા એ આદિવાસીઓ પૈકીના એકે તો પોતાનું તીર-કામઠું સ્વામીશ્રીના હાથમાં પ્રસાદીભૂત કરવા ધરી દીધું! સ્વામીશ્રીએ પણ તે આયુધ પ્રેમપૂર્વક પકડ્યું ત્યારે આદિવાસીઓ સાથે સભાજનો પણ ઝૂમી ઊઠ્યા.

## ૭૯મો જન્મજયંતી મહોત્સવ

તા. ૧૬/૧૨ની સાંજે વલસાડ અને તીથલને સાંકળતા માર્ગ પર આવેલી હાઉસિંગ બૉર્ડની જમીન પર દોઢેક લાખનો માનવ મહેરામણ હિલોળા લઈ રહેલો. એક સમયે કાંટાળા બાવળિયા, નગરની ગટર અને ઝેરી સર્પોનાં રહેઠાણ જેવી આ બંજર ભૂમિને સ્વયંસેવકોની સેવાએ આજે જાણે ઉપવનમાં ફેરવી દીધેલી. તેની એક બાજુએ ૮૦ x ૩૦ ફૂટનું પરિમાણ ધરાવતો મંચ ઇન્દ્રપુરીને ઝાંખી કરે તેમ શોભી રહેલો. આ મંચ સમક્ષ પથરાયેલું છ લાખ ચો.ફૂ.નું સમથળ મેદાન દોઢ લાખની મેદનીને સમાવી બેઠેલું. આ પટાંગણના અગ્રભાગમાં મંચની બંને બાજુ ૫૦ x ૪૦ ફૂટના વિશાળકાય પડદા ઊભેલા; તે છેલ્લે બેઠેલી વ્યક્તિને જ નહીં, પરંતુ આસપાસ વસેલાં મકાનોની અગાશીએ ચઢેલા જનસમુદાયને પણ કાર્યક્રમની ગતિવિધિ નેત્રોની નજીક આણી રહેલા. સંસ્થામાં આવી વ્યવસ્થા પ્રથમ વાર પ્રયોજાતી હતી.

આ અવસરે સૌનાં અંતરમાં રમતી સ્વામીશ્રીનાં સમીપ દર્શનની

મહેચ્છાને સંતોષવા સ્વામીશ્રીનું આગમન સભાગૃહની મધ્યમાંથી ગોઠવાયેલું. તે માટે તેઓ સાંજે સાડા પાંચ વાગ્યે હંસ રથમાં બિરાજતાં જ *'આવી શ્રીજીની સવારી...'* ગીત ગુંજી ઊઠ્યું. તેના તાલે ઝૂમતો ભક્તસમુદાય સ્વામીશ્રીનાં ઓવારણાં લેતો રહ્યો, પણ સ્વામીશ્રી તો વિનીત વદને અને કરબદ્ધ મુદ્રામાં મંચ પર પધાર્યા. તે સાથે જ શ્રીજીના પ્રાગટ્યની ઝાંખી કરાવતા રોમાંચક કાર્યક્રમનું ચક્ર ફરવા માંડ્યું.

તેના ભાગરૂપે સંવાદ, પ્રસંગ કથન, વીડિયો શૉ, પ્રવચન વગેરે માધ્યમોથી શ્રીજીમહારાજના સમયમાં જોવા મળતા નિયમ અને નિષ્ઠાધારી, વ્યસન તેમ જ વહેમથી મુક્ત, સદાચાર તથા સમજણસભર ભક્તો આજે પણ સત્સંગમાં વિદ્યમાન છે તેનું પ્રતિપાદન પ્રતીતિકર પુરાવાઓ સાથે થતું રહ્યું. પ્રાચીન અને અર્વાચીન ઘટનાઓને ગૂંથતા આવાં એક-એક પ્રસંગોનાં જોડકાં બાદ સમારંભના વિષયવસ્તુને પુષ્ટ કરતું કીર્તન *'પૂર્વનાં પુણ્ય ફળ્યાં, જીવનઆધાર મળ્યા, મુક્તિના ઉધારા ટળ્યા રે... સ્વામી! તારા રૂપે આજ શ્રીજી મળ્યા...'* ગુંજતું હતું.

આવા શ્રીજીસ્વરૂપ સ્વામીશ્રીને સન્માનવા આજે ભક્તો ભવ્ય કલાત્મક હાર સાથે ઉપસ્થિત હતા. તેઓની એ ભક્તિભાવના વિવિધ સંતો સ્વામીશ્રીનાં કંઠ અને કરકમળો સુધી પહોંચાડવા લાગ્યા. તે વખતે ઊઠવા માંડેલા બુલંદ જયનાદો હડુડતા સાગરનેય શાંત સાબિત કરી રહ્યા.

આ સમયે જ્યારે જામનગરથી આવેલા ધર્મનિધિદાસ સ્વામીએ હાર પહેરાવ્યો ત્યારે સ્વામીશ્રી તેઓને એક પત્ર અંગે પૂછપરછ કરવા લાગ્યા. જામનગરના અક્ષરવાસી હરિભક્ત ડૉ. લીલાધર સાટોડિયાનાં ધર્મપત્નીએ લખેલી ટપાલના સંદર્ભમાં સ્વામીશ્રી દ્વારા થતી એ વાતચીત સાંભળી પેલા સંત તો ચકિત જ રહી ગયા. તેઓને સ્વામીશ્રી જન્મજયંતીના સમારંભ કે તેમાં ગવાતા તેઓના ગુણાનુવાદથી તદ્દન નિર્લેપ જણાયા. સન્માનોની વર્ષા ઝીલતી વખતેય સ્વામીશ્રી તો ડૂબેલા ભક્તોની કાળજી લેવામાં!

તેથી જ તો તેઓ આ અવસરે પરપ્રાંતમાં વિચરતા એક સંતના સાથી તરીકે કોને વિચરણમાં મોકલવા તે અંગેનો વિમર્શ કરવા પણ તત્પર થઈ રહ્યા. જો કે તેમ કરતાં સ્વામીશ્રીને વ્યવસ્થાપકોએ વાર્યા.

આવા ગરવા અને ગુણિયલ ગુરુને વધાવવા કાર્યક્રમના અંતે સૌએ પુષ્પપાંખડીઓ હાથમાં લીધી ત્યારે સ્વામીશ્રીએ પણ સામેથી પુષ્પો મંગાવી

તેને ભક્તો પર વરસાવવા પોતાની હથેળીમાં ગ્રહણ કર્યાં. જ્યારે ભક્તોએ સમૂહ આરતીનું અર્ઘ્ય ધર્યું તે વખતેય સ્વામીશ્રીએ આગ્રહપૂર્વક આરતી માંગી ભક્તોની આરતી ઉતારી. જન્મજયંતીના ઊંચા સિંહાસને બેસીને પણ તેઓની આ ક્રિયામાંથી નીતરતી નમ્રતાએ સૌનાં હૃદય વીંધી નાંખ્યાં.

તેનો ઉલ્લેખ જ્યારે નારાયણમુનિદાસ સ્વામીએ જાહેરાતમાં કર્યો ત્યારે તેને જ આશીર્વાદની આધારશિલા બનાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

'આજે આપ બધા સત્સંગી, ભાવિકો દૂર-દૂરથી આવ્યા છો. આપનાં દર્શન કરતાં ખૂબ આનંદ થાય છે. આપ બધાનો ભક્તિભાવ જોઈને મસ્તક નમી જાય છે. આપ બધામાં પણ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રહ્યા છે, એટલે આપને પણ પુષ્પાંજલિ કરવી જોઈએ ને આરતી ઉતારવી જોઈએ. મારો પણ આપના પ્રત્યેનો આ ભક્તિભાવ છે. અહીંયાં આપે જે જે પ્રસંગો જોયા એમાં આપણને પરચાની વાતો લાગે, પણ આ કોઈ પરચાની વાતો નથી. આ તો હકીકત અને શ્રદ્ધાની વાત છે. પરચાથી કોઈને સત્સંગ થાય નહીં. હજારોને વશ કરી શકે એવા સંતો ભગવાન સ્વામિનારાયણને વશ થયા. આ મોટામાં મોટો ચમત્કાર !'

સ્વામીશ્રીના આ આશીર્વાદ સાથે પૂર્ણતા પામેલો જન્મજયંતી મહોત્સવ તીથલના સાગરકાંઠે અમીટ છાપ મૂકી ગયો. વળી, આ સમૈયાનું સોનેરી સંભારણું એટલે આજની ઉત્સવ-સભામાં ઉદ્‌ઘાટિત થયેલું ધ્વનિ-પ્રકાશન – 'શ્રીમુખે.' સ્વામીશ્રીના કંઠે ગવાયેલાં આરતી, અષ્ટક, થાળ, ચેષ્ટા વગેરેનો આ સંગ્રહ આજેય ઘરોઘર ગુંજી રહ્યો છે.[૧૨]

## ગાન ઘરઘરમાં સત્યુગનાં ગાજે

જન્મજયંતી બાદ તા. ૧૭/૧૨ની સવારે સવા નવ વાગ્યે સ્વામીશ્રી ઉધના જવા નીકળ્યા ત્યારે તીથલના કાંઠે ઘૂઘવતા અરબી સમુદ્રની એકેએક લહેર *'કિયે સમૈયા સો કહ્યે ન જાય...'*નું સંગીત રેલાવી રહેલી. તે સાંભળતાં-સાંભળતાં અમદાવાદનો એક ભાવસાર પરિવાર પણ હવે વતન તરફ પરત

૧૨. ભવ્યતા અને દિવ્યતા સાથે ઊજવાયેલા સ્વામીશ્રીના ૭૯મા જન્મજયંતી મહોત્સવનો આનંદ માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ફરી રહેલો; પરંતુ વલસાડ નજીક રેલવે-ફાટક બંધ હોવાથી તેઓની ગાડી અહીં ઊભી રહી ગઈ.

આ સમયે જ મોટરમાં બેઠેલા એક વડીલ શ્રી બંસીભાઈને વ્યસનની બંસી બજી જતાં તેઓ ગાડીમાંથી નીચે ઊતર્યા અને સત્સંગી સંબંધીઓની મર્યાદા જાળવવા થોડે દૂર જઈ હથેળીમાં ચૂનો-તમાકુ મસળવા લાગ્યા. પરંતુ આ રીતે તૈયાર થયેલો માલ તેઓ હવે હાથમાં ટપારી નીચલા હોઠ અને દાંત વચ્ચે ભરાવવાની વેતરણમાં જ હતા ત્યાં કોઈ તેઓને બોલાવતું હોય તેમ જણાયું. તેથી એ મુરબ્બીએ અવાજની દિશા તરફ ડોકું ફેરવ્યું તો સ્વામીશ્રી નજરે ચડ્યા !

હા, પોતાની ગાડીમાંથી વ્યસનીની સઘળી ગતિવિધિ જોઈ રહેલા તેઓ જ એ વ્યસનીને સાદ દઈ રહેલા.

તેઓનું કહેણ સાંભળી પેલા ત્રાહિત જન હાથમાં જ તમાકુ દાબી નજીક ગયા. તેઓ સાથેની ઔપચારિક વાતચીતમાં સ્વામીશ્રીએ જાણ્યું કે આ વ્યક્તિ અમદાવાદમાં રિક્ષા ચલાવી જીવન-નિર્વાહ કરે છે અને પોતાના સંબંધીઓ સાથે જન્મજયંતીનો લાભ લેવા આવેલી. આ જાણી 'જન્મજયંતીએ આવ્યા અને આવું શોભે ?' કહી સ્વામીશ્રી તેઓને વ્યસન છોડવા ઉપદેશ આપવા લાગ્યા. તે વખતે એક વિશ્વવિખ્યાત ધર્મગુરુની સરેઆમ રસ્તા પર પોતાના વિષેની આવી લાગણી જોઈ પેલા રિક્ષાચાલક પીગળી ગયા. જે ગુરુને હજી બાર કલાક પહેલાં દોઢેક લાખ ભક્તો આરતીથી વધાવી રહેલા તે ગુરુ અત્યારે મારો હાથ પકડી મારા જીવનમાં આટલો રસ લે એ બીના જ એ ભાઈના મગજમાં ન ઊતરી શકી !

છતાં પરિસ્થિતિથી પરવશ તેઓએ તમાકુ છોડવાથી શરીરમાં વાયુપ્રકોપ અને કબજીયાતનો પ્રશ્ન ઊભો થવાની દહેશત વ્યક્ત કરી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'એક પ્યાલો પાણી ભરી ૧૧ વાર 'સ્વામિનારાયણ' નામ લઈ પી જવું. કાંઈ તકલીફ નહીં રહે.'

બળના આ શબ્દો સાંભળી પેલા વ્યસનીની બંધ મુઠ્ઠી એ જ ક્ષણે ખૂલી ગઈ. તેમાંથી નીચે વેરાયેલી તમાકુ એ દિવસે પગ તળે કચરાઈ તે કચરાઈ, ત્યાંથી તે કદી બંસીભાઈની જીભ સુધી ન પહોંચી !

આમ, ટ્રેનનું ફાટક ખૂલે તે પહેલાં તો એક જીવનપ્રવાસીની ગાડી સ્વામીશ્રીએ પાટે ચડાવી દીધી. તે પર પૂરપાટ દોડવા માંડેલી એ ગાડી

જીવનભર સ્વામીશ્રીને વધાવતાં વ્હિસલ વગાડતી જ રહી કે *'પાવન બનું હું આપ થકી, મહિમા તમારો એવો છે...'*

## જેના પ્રેમનો પાર ન લહીએ

વલસાડથી વિદાય થયેલા સ્વામીશ્રી ઉધના અને સુલતાનાબાદને આબાદ કરતાં તા. ૧૮/૧૨ની સાંજે અટલાદરા પધાર્યા.

અત્રે તા. ૧૯/૧૨ની સવારે મંદિરમાં દર્શન બાદ તેઓ પ્રાતઃપૂજા અને અલ્પાહાર પૂર્ણ કરી દસ વાગ્યે એક કાર્યક્રમમાં હાજરી આપવા ઉતારાની બહાર આવ્યા. અહીં તેઓએ સૂચના આપી કે 'ખુરશી તૈયાર રખાવો. મંદિરમાં દર્શન કરી આવીએ.'

આ આદેશ અનુસાર આવી ગયેલી ખુરશીમાં બિરાજી સ્વામીશ્રી પુનઃ મંદિરે પહોંચ્યા અને મધ્ય ખંડમાં દંડવત્ કરી નીચે ઊતર્યા.

તે પછી તેઓ ગાડીમાં બેસી લક્ષ્મીવિલાસ પૅલેસ ભણી હંકારી ગયા ત્યારે સંતોએ પૂછ્યું : 'આપ એક કલાકમાં જ ફરી દર્શને કેમ ગયા ?'

'આજે એકાદશીના દંડવત્ કરવાના રહી ગયેલા, એટલે...' સ્વામીશ્રી બોલ્યા.

૭૯મા વર્ષે પણ આવા નવયુવાન ભક્તિભાવ સાથે તેઓએ એલમનાઈ એસોસિયેશન ઑફ બરોડા મૅડિકલ કૉલેજ દ્વારા આયોજિત ગોલ્ડન જ્યુબિલી વર્લ્ડ કૉન્ફરન્સના પૂર્ણાહુતિ સત્રમાં હાજરી આપી. આ કૉલેજ દ્વારા છેલ્લાં ૫૦ વર્ષમાં તૈયાર થઈ વિશ્વભરમાં ફેલાયેલા ૧,૨૦૦ ઉપરાંત તબીબો આજે એકત્રિત થયેલા. તે સૌએ સ્વામીશ્રીના આગમનને ઉમળકાભેર વધાવ્યું. સ્વામીશ્રીએ પણ તેઓને ભગવાનમાં નિષ્ઠા વધે તેવો સદ્‌બોધ આપ્યો.

ત્યારબાદ મંદિરે પરત ફરેલા સ્વામીશ્રી ભોજન બાદ બપોરે દોઢ વાગ્યે શયનાધીન થતાં ઓરડાની બત્તીઓ બુઝાઈ. સૌ શયનકક્ષની બહાર નીકળ્યા ત્યાં જ દિવ્યસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રી સાથે વિચરણ કરતા પરમાનંદદાસ સ્વામીના હાથમાં એક કાગળ મૂકતાં કહ્યું : 'મોહનસિંહ રાઠવાના પિતાજીના અક્ષરવાસ નિમિત્તે આશ્વાસન આપતો આ પત્ર છે. તેમાં સ્વામીશ્રીના હસ્તાક્ષર કરાવવાના છે.'

આ સાંભળી તે સંત પત્ર સાથે સ્વામીશ્રીના શયનખંડમાં પ્રવેશ્યા. ત્યાં અંધારું હતું, પણ આ સંતે સૂતેલા સ્વામીશ્રીના કાન પાસે મોં લઈ જઈ પત્રની

વાત જણાવી. તે સાંભળતાં જ સ્વામીશ્રીએ 'હા, લાવો, કરી દઈએ સહી' કહી પ્રતિભાવ આપ્યો. તેથી ઓરડાની ઠરેલી બત્તી ઝગી ગઈ અને સ્વામીશ્રીએ સૂતાં-સૂતાં જ આવનારા સંતની ડાયરીને પોતાની છાતી પર મૂકી તેના ટેકે પત્ર રાખી સહી તો કરી જ, પરંતુ એ પત્રમાં તારીખ અને સ્થળની વિગત ટાંકી આશીર્વાદનાં બે વાક્યો પણ લખી દીધાં !

તે વખતે સ્વામીશ્રીની કરુણાનો વધુ એક દસ્તાવેજ લાગણીની લિપિમાં અંકાઈ ગયો. તેઓએ જે સમય અને સંજોગોમાં પત્રો લખ્યા છે તેની વિગતો પણ એક દળદાર પુસ્તકની હકદાર છે.

## ૧૩૩ વર્ષે બનેલી ઘટના

તા. ૧૯/૧૨ની સાંજે વડોદરાથી પુનઃ સુલતાનાબાદ પહોંચેલા સ્વામીશ્રી તા. ૨૦/૧૨ની સવારે વરિઆવ ગામે સી. જે. પટેલ વિદ્યાધામનું ખાતમુહૂર્ત કરી સુરત પધાર્યા.

અત્રે તેઓએ નૂતન સંતનિવાસમાં પ્રાસાદ-પ્રવેશ કરી પહેલા માળે ઉતારામાં પગલાં પાડ્યાં ત્યારે અહીં આ પ્રથમ જ પધરામણી હોવાથી સ્વામીશ્રીએ પલંગ અને સોફા પર ઠાકોરજી પધરાવી તે-તે વસ્તુઓ પ્રસાદીભૂત કરાવી.

તેને અનુસરતાં તેઓએ તા. ૨૨/૧૨ની રાત્રે તો ચંદ્રને પણ હરિકૃષ્ણ મહારાજના મુખદર્શનનો લાભ અપાવ્યો. આ રાત્રે ખગોળવિદોના નિવેદન મુજબ ચંદ્ર રોજ કરતાં ચૌદ ગણો વધુ તેજસ્વી અને ૭% મોટો દેખાવાનો હતો. ૧૩૩ વર્ષ પછી થનારી આ અવકાશી ઘટનાના સંદર્ભમાં સ્વામીશ્રીએ સંતોને કહી રાખેલું : 'ચંદ્રને ઠાકોરજીનાં દર્શન કરાવજો.'

આ રીતે ચંદ્ર પર ઇષ્ટદેવની દૃષ્ટિ કરાવ્યા બાદ તેઓએ સ્વયં પણ અગાશીમાં આવી ચંદ્રનું નિરીક્ષણ કર્યું. આ વખતે ઉડુગણ સહિત બ્રહ્માંડ ભમનારો એ સોળ કળાનો શશિયર ભલે ચૌદ ગણો વધુ તેજસ્વી હતો, છતાં તે સ્વામીશ્રીની મુખકાંતિને તો ન જ આંબી શક્યો !

## ભક્તવત્સલ સદા બિરુદ તારું સહી

તા. ૨૩/૧૨ની સવારે અલ્પાહાર બાદ મુલાકાતીઓને મળી શૌચ-સ્નાન માટે પધારેલા સ્વામીશ્રીના ઓરડાની બહાર અગ્રણી સંતો-ભક્તો

મીટિંગ માટે એકત્રિત થઈ ચૂકેલા, પરંતુ સ્નાનાદિકથી પરવારેલા સ્વામીશ્રીએ મંદિરના કોઠારી ઉત્તમપ્રકાશદાસ સ્વામીને કહ્યું: 'પેલો છોકરો બીમાર છે, એને જોવા જવું છે. વ્યવસ્થા કરો.'

તીથલમાં ઊજવાયેલી જન્મજયંતી વખતે માથામાં ગંભીર રીતે ઘવાયેલા એક કોળી બાળક પ્રશાંતની ખબર-અંતર પૂછવા જવાનો ઈરાદો સ્વામીશ્રી અહીં સુરતમાં આવ્યા ત્યારથી સેવી રહેલા. તેને આજે સાકાર કરતાં તેઓ સગરામપુરામાં આવેલી મહાવીર હૉસ્પિટલે જવા નીકળી ગયા.

પરંતુ ગાડી હૉસ્પિટલવાળા માર્ગે પહોંચી તો ત્યાં સ્વામીશ્રીના આ વાત્સલ્યના વહેણને ગળી જવા ખાડાની એક સળંગ હાર નહેરની જેમ ખોદાઈને પડેલી. રસ્તાથી થોડી ડાબી તરફ સડકને સમાંતર નંખાઈ રહેલી પીવાના પાણીની પાઈપલાઇન માટે ગળાયેલી આશરે ત્રણેક ફૂટ ઊંડી એ ખાડાની હારમાંથી કઢાયેલાં ઢેખાળા, માટી, ડામરના પોપડા વગેરે રસ્તાની બંને બાજુ ખડકાયેલાં. આ મલબા અને ખોદકામે રસ્તાને સાંકડો બનાવી દેતાં મોટાં વાહનોની અવરજવર અશક્ય બની ગયેલી. તેથી સ્વામીશ્રીની ગાડી હૉસ્પિટલથી લગભગ દોઢસો મીટર દૂર થોભાવી દેવી પડી. અહીં ઊતરી સ્વામીશ્રીએ હૉસ્પિટલ ભણી ચાલવાનું શરૂ કર્યું.

આ સમયે તેઓ રસ્તાની ડાબી બાજુએ સેવકોના હાથ ઝાલી ચાલી રહેલા. ખાડાની જમણી બાજુએ રસ્તો થોડો મોકળો હતો, પણ ત્યાં સાઇકલ, સ્કૂટર જેવાં નાનાં વાહનોની હરફર કરતાંય વિશેષ તો મહિલાઓની આવન-જાવન હતી. તેથી એ રસ્તે પગ મૂકવાનું મુનાસિબ ન માનતાં સ્વામીશ્રી મુશ્કેલી વેઠીનેય ખાડાની હાર અને તેની ડાબી તરફની દુકાનો વચ્ચે છૂટતા માંડ બે-અઢી ફૂટ પહોળા રસ્તે ડગ માંડવા લાગ્યા. તે કારણે જમણી તરફ હાથનો ટેકો આપનારા સેવકને તો ખાડામાં ઊતરીને જ ચાલવું પડતું. તેઓ ખાડામાં ચાલતાં-ચાલતાં હાથ ઊંચો રાખીને ટેકો દઈ રહેલા.

પરંતુ આગળ જતાં તો રસ્તો વધુ સાંકડો થયો. તેથી ડાબી બાજુના સેવકનો હાથ છોડી ખાડામાં ચાલતા એક સેવકના ટેકે જ સ્વામીશ્રી માટીભર્યા ઊબડ-ખાબડ રસ્તે પગલાં ભરતા રહ્યા. ગત ગુરુવારે જે ગુરુ જન્મજયંતીની જંગી સભામાં પંદરેક ફૂટ ઊંચા સિંહાસને આરૂઢ હતા તે આજના ગુરુવારે આ રીતે ખાડા ખૂંદતાં જઈ રહેલા તે દૃશ્ય જોઈ કેટલાકનાં મોઢાં પર કૌતુક ઊભરી આવ્યું, તો કેટલાક ચહેરા આ પ્રેમ અને પરિશ્રમ જોઈ દ્રવી ઊઠ્યા.

પરંતુ આ બંને ભાવવર્ષાથી અલિપ્ત સ્વામીશ્રી થોડી વારમાં હૉસ્પિટલના બીજા માળે બીમાર બાળકના ખાટલે જઈ પહોંચ્યા. માથા પર પાટા, હાથ પર ગ્લુકોઝના બાટલાની નળીઓ અને નાકમાં ઑક્સિજનની ટ્યૂબથી વીંટળાયેલો એ બાળક બિલકુલ બેભાન હતો. હોશમાં આવતાં જ તે દર્દને કારણે તોફાન કરવા માંડતો. તેથી તબીબોએ જ તેને ઘેનમાં રાખેલો.

તેની નજીક જઈ સ્વામીશ્રીએ પ્રેમપૂર્વક માથે હાથ ફેરવતાં 'જય સ્વામિનારાયણ' કહ્યા. આ મંત્રોચ્ચાર બે-ત્રણ વાર કરતાં તેઓએ બાળકનું મોં પોતા તરફ લઈ તેના પર દૃષ્ટિ કરી. આ અમીદૃષ્ટિથી સચેત થતાં તે બાળકે પણ બે-ત્રણ વાર આંખો ખોલી સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. આ સમયે ઠાકોરજીની પટપ્રતિમા તેની છાતી પર પધરાવી સ્વામીશ્રીએ પ્રાસાદિક હાર બાળકના કંઠમાં પહેરાવ્યો. એક ગુલાબ છાતી પર અને બીજું મસ્તકે મૂક્યું. તે પછી તેના સ્વાસ્થ્ય માટે ધૂન કરી બાળકના પિતા શાંતિલાલ અને ડૉ. સાવલિયાને પણ આશીર્વાદ આપ્યા. તે વખતે આ તબીબે કહ્યું : 'મામલો ઘણો જ ગંભીર હતો, પણ આપે ફોન પર આશીર્વાદ આપ્યા પછી સારું થવા લાગ્યું તેનું આશ્ચર્ય સૌને છે.'

સ્વામીશ્રીની શબ્દ-સંજીવની જ આ બાળકને મોતના જડબામાંથી પાછો ખેંચી લાવી છે, તે પ્રતીતિ પ્રત્યેકને હતી. તેથી સૌ સ્વામીશ્રીને અહોભાવપૂર્વક નીરખી રહેલા. એ અહોભાવમાં વધારો કરતાં સ્વામીશ્રીએ વિદાય પૂર્વે વધુ એક વાર બાળકનાં શિરે અને શરીરે અમૃતસ્પર્શનો લાભ આપ્યો. ત્યારબાદ તેઓએ નીચે ઊતરીને બાળકના પિતાને કહ્યું : 'કંઈ કામકાજ હોય, જરૂરિયાત હોય તો મૂંઝાશો નહીં, કહેજો.'

તેઓના આ ઉદ્‌ગારમાં સૌજન્યની સુગંધ સાથે મમતાની મહેક પણ હતી. તે વડે હૉસ્પિટલના વાતાવરણને મઘમઘાવતાં સ્વામીશ્રી નીકળ્યા ત્યારે વધુ એક મુસીબત ખડી થઈ. પાછા વળતાં ગાડી રસ્તાની સામી બાજુએ ઊભી હતી. ત્યાં સુધી પહોંચવાના બે વિકલ્પ હતા : એક તો ફરીને જવું; બીજો, ખાડો કૂદીને પહોંચવું. તે વખતે સ્વામીશ્રી બોલ્યા : 'કૂદી જઈએ.'

...અને તેઓ સેવકોના હાથની મજબૂત પકડ લઈ એક ફલાંગમાં અઢી ફૂટ પહોળો ખાડો ઓળંગી ગયા! તે પછી ગાડીમાં બિરાજી સ્વામીશ્રી મંદિરે પરત આવવા નીકળ્યા ત્યારે ૧૧ વર્ષીય બાળકની ખેવના માટે આટલી જહેમત ઉઠાવનારા ૭૯ વર્ષીય ગુરુની મોટરનાં ફરતાં થયેલાં ચક્ર સળંગ રસ્તે

આંકતાં ગયાં: *'ભક્તવત્સલ સદા બિરુદ તારું સહી...'*

## સત્સંગ પરીક્ષા આપવાનો હેતુ એ છે કે...

હૉસ્પિટલેથી મંદિરે આવ્યા બાદ આજની સાયંસભામાં પ્રસ્તુતિ પામેલા સત્સંગ પરીક્ષાલક્ષી કાર્યક્રમના અનુસંધાનમાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે 'સત્સંગ પરીક્ષાઓ આપણે એટલા માટે રાખી છે કે આપણાં પુસ્તકોનો અભ્યાસ થાય અને આપણાં નિયમ-ધર્મ, પરંપરાનો ખ્યાલ આવે. એ કરીને કોઈ પણ ઠેકાણે આપણે જઈએ તો એના જવાબો આપી શકાય. પરીક્ષા આપવાનો હેતુ એ છે કે આપણે આપણી આ વાત બરાબર દૃઢ સમજી શકીએ અને દૃઢ નિષ્ઠા થઈ જાય, સમજણ થઈ જાય. ભલે પાસ-નાપાસ થાય એનો વાંધો નહીં. જેટલું આવડે, જે રીતે આવડે એવું લખવું. એમ કરતાં પાકું થઈ જશે.'

આ જ રીતે તા. ૨૪/૧૨ની સત્સંગ-સભામાં રજૂ થયેલી ચર્ચા – 'ટેલિવિઝન: સંસ્કારોનું રક્ષક કે ભક્ષક?'નો ચુકાદો આપતાં પણ સ્વામીશ્રીએ કહ્યું: ''ટી.વી.એ તો ભારે કરી નાંખી! બંને પક્ષની દલીલો સચોટ હતી, પણ આપણે તો શાસ્ત્રનાં વચન, ભગવાનનાં વચન, મોટાપુરુષોનાં વચન, એમનું જીવન, એમનાં કાર્ય સામે જોવાનું. બાકી અત્યારે ટી.વી.નું પ્રતિપાદન કરનારા ઘણા છે, પણ આજે ભયંકર રોગ કહો કે ભયંકર શત્રુ કહો કે ભયંકર રાક્ષસ કહો – આ બધું જ એ ટી.વી. છે. ટી.વી.માં સારી વસ્તુ આપે તો કંઈ વાંધો નથી, પણ પૈસા કમાવા છે એ માણસોને તાન છે કે વધારે માણસો કેમ જુએ? પછી એવું જ અંદર ગોઠવે. માટે તમારે નક્કી કરવાનું છે કે 'આ મારે જોઈએ જ નહીં.' ટી.વી. એ આપણા માટે નકામી વસ્તુ છે, છે ને છે જ! એ દૃઢતા રાખીને એનો આપણાથી જેટલો થાય એટલો નિષેધ કરીને અગર તો એનાથી જેટલું દૂર રહેવાય તેટલું દૂર રહેવા પ્રયત્ન કરવો.''

જીવનનાં દૂષણ અને ભૂષણને ઓળખાવતી આવી અમૃતવાણી દ્વારા સમાજની સંસ્કારમૂર્તિઓ ઘડતા સ્વામીશ્રીએ તા. ૨૬/૧૨ના રોજ સુરતના મંદિરનો પાટોત્સવ અને ઠાકોરજીનો હીરકતુલા મહોત્સવ ઊજવ્યો.

ત્યારબાદ તા. ૨૭/૧૨ની સવારે પલસાણા પહોંચેલા તેઓ અત્રે નવનિર્મિત સત્સંગ ભવનમાં ચિત્રપ્રતિમાઓનું પૂજન કરી આ જમીનના દાતા શ્રી પ્રવીણભાઈ મોદીની વાડીમાં પધાર્યા. અહીં પ્રાસાદિક પુષ્પો વેરતા તેઓને કો'કે થોડે દૂર આવેલું મંગુભાઈ હળપતિનું ગાર-માટીનું છાપરું બતાવ્યું.

તે જોઈ ખાડા-ટેકરા અને ઝાડી-ઝાંખરા વચ્ચેથી માર્ગ કાઢતાં સ્વામીશ્રી એ છાપરે પણ ગયા. ત્યાં પુષ્પો વરસાવ્યા બાદ એ છાપરામાંથી બહાર નીકળેલા તેઓએ મંગુભાઈને સ્મૃતિદાન આપવા બારણે ઊભા રહી છબીકારને કહ્યું : 'એક ફોટો પાડી લે.'

આ સમયે ધનપતિ અને હળપતિના ભેદભાવ વિના લાડ લડાવતી સ્વામીશ્રીની છબી કેવળ કૅમેરામાં જ નહીં, સૌની કીકીઓમાં પણ કેદ થઈ ગઈ.

## જાળવણીની દોરવણી

પલસાણાથી નીકળેલા સ્વામીશ્રી માર્ગમાં આવતાં કડોદરાના હરિમંદિરે દર્શન-દંડવત્ કરી સાંકરી પધાર્યા. અહીંથી વિદાય લઈ તેઓ તા. ૨૯/૧૨ની સવારે મગદલ્લા મુકામે આવેલા ઍરપોર્ટ પર પહોંચ્યા. અત્રેથી મુંબઈ જઈ રહેલા તેઓનાં દર્શને દોડી આવેલા સુરતના સંતોએ પુષ્પહાર પહેરાવતાં કહ્યું : 'બાપા ! આ વખતે બહુ સુખ આપ્યું.'

'જાળવી રાખજો.' સ્વામીશ્રી બોલ્યા. તે પછી જાળવણીની દોરવણી આપતાં તેઓએ જણાવ્યું : 'જાળવી રાખવું એટલે શું ? પ્રવૃત્તિ કરવામાં કથા-વાર્તા, ભજન, સેવા રહી ન જાય. મહારાજે કહ્યું છે એટલે પ્રવૃત્તિ કરવી, પણ સાધુતા પહેલી રાખવી.'

આ બે બોલમાં જીવનની દિશા ચીંધી સ્વામીશ્રીએ મુંબઈની દિશા સાંધી, પરંતુ મુંબઈમાં માત્ર પોણો દિવસ રોકાઈને તેઓ તા. ૩૦/૧૨ની સવારે ચેન્નાઈ પધાર્યા.

અત્રે તા. ૩૧/૧૨ના પ્રભાતે પોલીસ મેદાનમાં મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યજ્ઞ યોજાયેલો. તેમાં હુતદ્રવ્યો હોમી સ્વામીશ્રી આજની સાંજે દાસપ્રકાશ હૉટલની અગાશીમાં પહોંચ્યા. અહીંથી તેઓએ દોઢ કિ.મી. લાંબી નગરયાત્રાને દર્શનદાન આપ્યું.

આ શોભાયાત્રાના સમાપન સાથે જ સૌ સત્સંગીઓ આવતીકાલે આવી રહેલી પ્રતિષ્ઠાની પૂર્વતૈયારીમાં પરોવાયા. તે વખતે જગત આખું આવતીકાલથી શરૂ થતી નૂતન સહસ્રાબ્દી(મિલેનિયમ)ની ઉજવણીમાં ડૂબેલું.

પરંતુ સ્વામીશ્રીની પ્રતિભાને માણી આજે વિદાય લઈ રહેલી સન ૧૯૯૯ની સાલ અને વીસમી સદી તો સ્વામીશ્રીમાં જ ગરક થઈ ગઈ ! કારણ કે આપત્તિમાં અણનમ, પ્રવૃત્તિમાં પ્રભુમય અને ઐશ્વર્યમાં અહંશૂન્ય

સંત તરીકે સ્વામીશ્રી તેને અદ્વિતીય ભાસી રહેલા.

વળી, આ એક જ વર્ષમાં ત્રણ-ત્રણ શિખરબદ્ધ મંદિરો સર્જનારા, ઇજિપ્ત અને ઇઝરાયલ જેવા દેશોમાં અક્ષર-પુરુષોત્તમનો સંદેશ ફેલાવનારા, આદિવાસીઓનાં આંગણે સદાચારના સાથિયા પૂરનારા સ્વામીશ્રી સન ૧૯૯૯ને અજોડ જણાયેલા.

આ સાથે પ્રેમ, પરિશ્રમ અને પરિભ્રમણ; સેવા, સમતા અને સાધુતા તથા કુશળતા, કોમળતા અને કર્મઠતાનું સ્વામીશ્રી જેવું પ્રયાગ પણ સન ૧૯૯૯ની નજરે ચડ્યું નહોતું.

તેથી જ તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે આથમતી આ સાલ અને સદી સ્વામીશ્રી માટે ગાતી ગઈ કે –

*'આવા સાધુ મેં ન દીઠા ક્યાંઈ, જાગે ભાગ્ય મળે એ જેને આંઈ...'*



# વિશ્વવિક્રમી વર્ષની તેજસ્વી તવારીખ

## સન ૨૦૦૦

## Master builder (નિપુણ નિર્માતા)

સન ૨૦૦૦ના પ્રથમ દિવસથી આરંભાતી નવી સાલ, સદી અને સહસ્રાબ્દીનો સૂર્ય હજી ક્ષિતિજે દેખા દે તે પૂર્વે તો જગત આખું સ્વામીશ્રીની પ્રતિભાના ઉજાશથી ઝળહળી ઊઠ્યું, કારણ કે વિવિધ ક્ષેત્રે સર્જાતા વિશ્વ-વિક્રમોની પ્રમાણભૂત નોંધ પ્રકાશિત કરતી ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝ દ્વારા સ્વામીશ્રીને નવાજતાં લખાયું હતું – *Master builder (નિપુણ નિર્માતા).*

આ બિરુદથી સ્વામીશ્રીને બિરદાવતાં આ વિક્રમપોથીએ પોતાની millenium edition(સહસ્રાબ્દી આવૃત્તિ)માં જણાવેલું કે –

*'લંડનમાં નિસડન-સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર ભારતની બહાર બંધાયેલું મોટામાં મોટું હિંદુ મંદિર છે. આ મંદિરના સર્જક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ૭૯ વર્ષીય પવિત્ર ભારતીય સંત છે. આ મંદિરના સર્જનમાં વપરાયેલા ૨,૮૨૮ ટન બલ્ગેરિયન લાઈમ સ્ટોન અને ૨,૦૦૦ ટન ઈટાલિયન આરસ જહાજ દ્વારા ભારત પહોંચેલા. તેની પર ૧,૫૨૬ શિલ્પકારોએ કોતરણી કંડારી છે.'*

આ દસ્તાવેજી લખાણ વિશ્વની ૨૨ ભાષાઓમાં પ્રકાશિત થયેલી

૨૭,૦૦,૦૦૦ પ્રતો દ્વારા જગતના ખૂણે-ખૂણે પહોંચી સ્વામીશ્રીનો ડંકો વગાડવા માંડ્યું.

એ જ રીતે ધર્મ, ઈતિહાસ, સ્વાસ્થ્ય, સૌંદર્ય, શિક્ષણ, સંશોધન વગેરે ૧૯ ક્ષેત્રોમાં, છેલ્લાં ૧,૦૦૦ વર્ષથી બ્રિટનના વારસા તથા ભવિષ્યને ઉજાગર કરનારી વિગતો ધરાવતો સ્મૃતિગ્રંથ પણ આ અરસામાં પ્રકાશિત થયો. 'ધ ઓફિશિયલ કોમેમોરેટિવ આલ્બમ ફોર ધ મિલેનિયમ' નામના આ પુસ્તકમાંય લંડનના મંદિરનો સચિત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો.

આ રીતે વિચક્ષણ વિદેશીઓ દ્વારા વરસેલી વધામણીઓ ઝીલતા સ્વામીશ્રીએ તા. ૧/૧ની સવારે ચેન્નાઈના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા. અમૃતનો આ ઘૂંટડો પોતાની ગળથૂથીમાં ઉતારનારા સ્વામીશ્રીની કૃપાથી હરખાઈ ઊઠેલાં નવી સાલ, સદી અને સહસ્રાબ્દી સ્વામીશ્રીની અમૃતધારામાં વહેવા લાગ્યાં.

## સંત મળે સંકટ ટળે

ચેન્નાઈના મંદિરની પ્રતિષ્ઠા સાથે અહીંના ભક્તસમુદાયે ઠાકોરજીની સુવર્ણતુલા કરી મિલેનિયમ દિનને સ્મરણીય બનાવી દીધો. આ ઐતિહાસિક દિવસની યાદગીરી પોતાના જીવનમાં અંકે કરવા ચેન્નાઈના ગુજરાતી સમાજે પણ તા. ૧/૧ની સાંજે સ્વામીશ્રીને સન્માનપત્ર આપી બિરદાવ્યા. તે નિમિત્તે મંદિરના સમીપવર્તી પોલીસ મેદાનમાં ભરાયેલા ખીચોખીચ સમારોહમાં ૩૦થી વધુ સામાજિક સંસ્થાઓએ સ્વામીચરણે ભાવાંજલિ સમર્પિત કરી.

આ સંગઠનોના પ્રતિનિધિરૂપે બોલતાં સામાજિક આગેવાન શ્રી કાંતિભાઈ કામદારે જણાવ્યું: 'હું પ્રમુખસ્વામીને દેવ તરીકે જાણું છું. મને કોઈનાં ખોટાં વખાણ કરતાં આવડતું નથી. જે છે તે હકીકત કહું છું. સ્વામીજીના નિકટના પરિચયમાં આવ્યા પછી હું આ ઉચ્ચારી રહ્યો છું. બીજાને સુખી કરવા માટે આ ઉંમરે સ્વામીજીએ પોતાનાથી બનતું બધું કર્યું છે. એમની ઉદારતા આગળ અમારું મસ્તક નમે છે.'

આવા કંઈક અહોભાવ ઝીલી મંદિરે પરત પધારેલા સ્વામીશ્રી તા. ૨/૧ની સવારે શહેરની શાહુકાર પીઠમાં પહોંચ્યા. અહીં બાજખેડાવાળ બ્રાહ્મણોના સંમેલનને ધન્ય કરી તેઓ જૂના સ્વામિનારાયણ મંદિરમાં પધાર્યા. અત્રે તેઓએ આરસની ફર્શ પર કંઈ જ પાથર્યા વિના દંડવત્ કરી આજની

સાંજે પોંડિચેરીને પાવન કર્યું.

દક્ષિણ ભારતના આ એક મુખ્ય કેન્દ્રમાં સૌભાગ્ય ઍપાર્ટમેન્ટના બીજા માળે બી.એ.પી.એસ. મંદિરે આકાર પકડી લીધેલો. તેમાં તા. ૩/૧ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રીએ આ અવસરે અરવિંદ આશ્રમની પણ મુલાકાત લીધી.

ત્યારબાદ તેઓ વી.એસ.ટી. કલ્યાણ મંડપમ્‌માં ધર્મલાભ આપવા પધાર્યા ત્યારે અહીં તેઓને આવકારવા ઊભેલા સુશોભિત ગજરાજે બે ડગલાં આગળ વધી શીશ ઝુકાવતાં સૂંઢ લંબાવી. તે પછી તેણે સ્વામીશ્રીની પાઘ પર બે વખત સૂંઢ ફેલાવી વિશિષ્ટ સ્વાગત કર્યું. તે સ્વીકારતાં સ્વામીશ્રી હાથીનાં શિર અને સૂંઢ પર વરદહસ્ત પ્રસારી તા. ૪/૧ની બપોરે બૅંગ્લોર આવી પહોંચ્યા.

ઉદ્યાનોની આ નગરીમાં આજની સાંજે તેરાપંથી ભવન ખાતે યોજાયેલી સત્સંગ-સભા ડૉ. નૈયર માટે શાંતિના સરનામા સમી બની રહી, કારણ કે આ દક્ષિણ ભારતીય સ્વામીશ્રીનો સહવાસ માણી બોલી ઊઠ્યા : 'Now I feel totally at peace. It is a very different and new experience.' – હવે હું સંપૂર્ણ શાંતિ અનુભવી રહ્યો છું. આ એક આગવી અને નવી અનુભૂતિ છે.

આવા જ અનુભવમાંથી પસાર થયા અન્ય એક દાક્તર શ્રી દિલીપ. માનસિક તણાવથી ત્રસ્ત આ તબીબ રાહત મેળવવા એક સપ્તાહ સુધી તો શાંત-એકાંત સ્થળમાં રહેવા ચાલી ગયેલા; છતાં ત્યાં જે સુવાણ ન થઈ તે તેઓને આજે સ્વામીશ્રીને સાંભળતાં હાથ લાગી ગઈ! તેથી તેઓએ પણ સ્વાનુભવ ઉચ્ચાર્યો કે 'સ્વામીજીએ આશીર્વાદ શરૂ કરતાં જ મને લાગવા માંડ્યું કે હું હળવો થઈ રહ્યો છું, મારો માનસિક તણાવ નીકળી રહ્યો છે.'

આમ, સૌને શાંતિના ઝરામાં ઝબકોળતી સ્વામીશ્રીની આવી અમૃતધારા તા. ૫/૧ના રોજ જલારામ મંદિરમાં પણ વરસી. અહીં જલારામ બાપાની મૂર્તિને હાર પહેરાવી સ્વામીશ્રીએ આ સંસ્થા દ્વારા નિર્માણાધીન અન્નક્ષેત્રના સંકુલનું ભૂમિપૂજન કર્યું.

ત્યારબાદ રાજાજી નગરમાં પહોંચેલા તેઓનાં કરકમળો દ્વારા અત્રે ૧૦,૦૦૦ ચો.ફૂ. જમીન પર નિર્માણાધીન આપણા મંદિરનો ખાતવિધિ સંપન્ન થયો.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૬/૧ની સવારે શહેરના ઈસ્કોન મંદિરની મુલાકાત લઈ સાંજે સિકંદરાબાદ આવી પહોંચ્યા.

## 'સંઘ'ની પ્રવૃત્તિમાં આશીર્વાદનું અમીસિંચન

સિકંદરાબાદમાં સ્વામીશ્રીનાં પગલાં પડ્યાં ત્યારે અહીં મંદિરના પ્રાંગણમાં જ ભાગવતનું પારાયણ ચાલી રહેલું. તેને પોતાના સાંનિધ્યથી ધન્ય કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજનથી પરવાર્યા ત્યારે તેઓને મળવા શહેરના શ્રેષ્ઠી શ્રી જીવરામભાઈ પટેલ આવી પહોંચ્યા. તેઓએ વાતચીતમાં કહ્યું: "હું પૂજ્ય ડોંગરેજી મહારાજનો ચુસ્ત ભક્ત હતો. તેઓએ છેલ્લો શ્વાસ લીધો ત્યાં સુધી મેં તેઓની સેવા કરી છે. એમની અંત અવસ્થા વખતે મેં તેઓને પૂછેલું કે 'તમે જાઓ પછી અમારે શું કરવું?' ત્યારે એમણે મને કહેલું કે 'અત્યારે કલિયુગમાં સાત્ત્વિકતા અને સાચા સંતનાં દર્શન પ્રમુખસ્વામીમાં થાય છે.' આમ કહી એમણે મને આપમાં જોડાવાનો નિર્દેશ કર્યો હતો."

સ્વામીશ્રીની આવી સંતપ્રતિભાના પટ પર સરકતું પારાયણ તા. ૮/૧ની સાંજે પૂર્ણાહુતિના કિનારે પહોંચ્યું. આ અવસરને ભક્તોએ ઠાકોરજીની સુવર્ણતુલા કરી વિશેષ યાદગાર બનાવ્યો.

આ રીતે જ્યાં જાય ત્યાં સૌની ભક્તિને પરિપુષ્ટ કરતા સ્વામીશ્રી તા. ૯/૧ની બપોરે પોણા વાગ્યે અમદાવાદ આવી પહોંચ્યા.

આ નગરના નાકે વસેલા કઠવાડા નજીક દાસ્તાન ફાર્મમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આશરે ૨૬,૦૦૦ કાર્યકર્તાઓની તાલીમ શિબિર ચાલી રહેલી. તેના સમાપન સમારોહમાં સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાની તીવ્ર ઝંખના સંઘના અગ્રણી કાર્યવાહકોને હતી. તેથી આ વિશ્વવ્યાપી સંગઠન પોતાનાં ૭૫ વર્ષના ઇતિહાસમાં કોઈ ધર્મગુરુને પ્રથમ વાર શિબિરમાં પધરાવી રહેલું.

તે અનુસાર સ્વામીશ્રી બપોરે ૩:૪૦ વાગ્યે શિબિર-સ્થળે જઈ પહોંચ્યા ત્યારે સરસંઘસંચાલક શ્રી રજ્જૂભૈયા, સરકાર્યવાહ શ્રી શેષાદ્રિ, સહ-સરકાર્યવાહ શ્રી સુદર્શનજી વગેરે આગેવાનોએ તેઓને ઉષ્માભેર આવકાર્યા. આ સત્કાર સ્વીકારી સ્વામીશ્રી વીસ ફૂટ ઊંચા મંચ તરફ અગ્રેસર થયા ત્યારે રસ્તામાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના કંઈક મંત્રીઓ તેઓને મળ્યા.

તેઓને આશીર્વાદ આપતાં મંચ પર પધારેલા સ્વામીશ્રીની આસપાસ સંઘના આગેવાનોએ સ્થાન ગ્રહણ કર્યું. સામે વિશાળ મેદાનમાં સ્વયંસેવકો ઉપરાંત જંગી જનમેદનીએ જગ્યા જમાવેલી.

તેને સંબોધતાં સ્વામીશ્રી બોલ્યા : 'ભારતીય સંસ્કૃતિ દુનિયામાં મહાન છે. વિશ્વમાં શાંતિ અને સુખ આપણા સનાતન ધર્મ અને સિદ્ધાંતો દ્વારા જ આવશે. આ વિચારોને આખી દુનિયામાં પહોંચાડવાના છે. તે માટે સિદ્ધાંતોને આપણા જીવનમાં ઉતારવાના છે. માત્ર સંકલ્પ કરવાથી કામ થતું નથી. આપણે સ્વયંસેવકો છીએ તો કોઈ હોદ્દા કે અધિકાર માટે નહીં, પણ દાસ થઈને સેવા કરવાની છે.'

આ આશીર્વાદનું અમીસિંચન સંઘની પ્રવૃત્તિમાં કરી સ્વામીશ્રી રાત્રે પોણા નવ વાગ્યે ઔરંગાબાદ પધાર્યા.

તેઓએ આજે ૮૦ વર્ષની જૈફ વયે આંધ્રમાં અલ્પાહાર, ગુજરાતમાં બપોરનું ભોજન અને મહારાષ્ટ્રમાં રાત્રિ ભોજન ગ્રહણ કર્યું. શ્રીજીસંદેશ ફેલાવવા માટે અવિરત વિચરતા તેઓના પરિશ્રમની માનો એક હદ આવી ગઈ!

## તમે એકલા છો જ નહીં

ઔરંગાબાદના ઔદ્યોગિક વિસ્તાર વાલુજમાં આવેલી શાયોના પેપર મિલના સંકુલમાં સત્સંગી શ્રી રમણભાઈ પટેલે એકશિખરી મંદિર તૈયાર કરેલું. તેમાં તા. ૧૦/૧ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રીએ આજની સાંજે પાટીદાર સમાજના હૉલમાં ધર્મલાભ આપ્યો.

અહીંથી તેઓ વીડિયોકોન કંપનીના માલિક શ્રી રાજકુમાર ધૂતના ઘેર ઠાકોરજી જમાડી અગ્રણી હરિભક્ત શ્રી બિપીનભાઈ ઝવેરીના બંગલે પધાર્યા. અત્રે રખાયેલા ઉતારે સંતોને ચેષ્ટાગાન કરતા જોઈ સ્વામીશ્રી પણ આ આહ્નિકમાં ભળ્યા. તે વિરમતાં તેઓ ચેષ્ટાનાં પદોનું વિવરણ કરવા લાગ્યા કે –

''મહારાજની ચેષ્ટા પ્રેમાનંદ સ્વામીએ બહુ પ્રેમથી લખી છે. એવું ન લાગે કે 'મહારાજ ગયા.' દુનિયામાં નહીં, અનંત કોટિ બ્રહ્માંડમાં ભગવાન જેવા તો એક ભગવાન જ. આટલી દૃઢતા હોય તો આનંદ આવે. આખી દુનિયામાં ફરીએ, તેનું વાતાવરણ જોઈએ પણ એની અસર આપણને ન થવી જોઈએ. 'આવું તો આપણને મળ્યું નથી... આવું તો આપણે ભોગવ્યું નથી... અહીં તો બધું આમ છે ને અહીં તો બધું તેમ છે... આપણી તો કોઈ કિંમત

નથી ને આપણને કોઈ પૂછતું નથી...' એવા બધા ગોટા વાળવાની જરૂર નથી. ભગવાનને લઈને કિંમત છે, બાકી ખાડામાં જ પડેલા હતા આપણે. બીજાની મહત્તા આપણા જીવમાં પેસવી ન જોઈએ અને 'હું આવો સારો છું' એવી પોતાની મહત્તા પણ આવવી ન જોઈએ. એટલું જ જો આપણે કરીએ તો સત્સંગનું સુખ આપણને આવે.

દેહાભિમાન છે ત્યાં સુધી આવા મોળા વિચારો આવશે, પણ દેહાભિમાનને વાંસલો લઈને છોલાય છે ઓછું? જેટલો ભગવાનનો મહિમા સમજાતો જશે એટલુ એ ઘસાતું જશે. સત્સંગમાં જેટલો એકબીજાનો મહિમા ને એકતા રહેશે એટલું એ ઘસાશે. દેશ જાઓ, પરદેશ જાઓ, કંઈ દુઃખ છે જ નહીં. ભગવાન ને સંત સાથે છે. આપણે એમ નથી માનવાનું કે 'હું તો એકલો છું. મારું શું થશે? કેમ થશે?' તમે એકલા છો જ નહીં. મહત્તા કોઈ સ્થાનની નથી, મહત્તા ભગવાનની છે. એ તમે જ્યાં જાઓ ત્યાં તમારી સાથે છે. આજ્ઞા ભેળી મૂર્તિ લઈને ફર્યા જ કરવાનું છે, તો બળ, હિંમત રહેશે. નહીંતર જગતના વિચારો આવવા માંડશે.

પ્રેમાનંદ સ્વામીનાં પદ આપણે દરરોજ ગાઈએ છીએ, પણ એક-એક લીટીની અંદર રહેલો ભાવ આપણી અંદર આવતો જાય તે વિચાર કરવો, તો મનમાં કંઈ આઘું-પાછું થયું હોય તો નીકળી જાય. ગાવા ભેગું ગાઈ નાખ્યું એમ નહીં! મોટાપુરુષના શબ્દોની હાર કરવી. દેશકાળે કામ લાગે.''

સ્વામીશ્રીનો આ હિતોપદેશ પણ ચેષ્ટાની જેમ નિત્ય ચિંતનીયની કક્ષામાં બેસે એવો છે.

## અજંતા-ઈલોરાના આંગણે

તા. ૧૧/૧ની સવારે ઔરંગાબાદથી નીકળેલા સ્વામીશ્રી સવા દસ વાગ્યે અજંતા ગુફાના આંગણે આવી પહોંચ્યા. ગુપ્તવંશના રાજવીઓ દ્વારા વઘોરા નદીના કાંઠે ઊભેલા ઘોડાની નાળ આકારના પર્વતને કોતરી ખડી થયેલી આ ગુફાઓ ઘણા સમય સુધી તો દુનિયાની નજરથી અગોચર જ રહેલી; પરંતુ સન ૧૮૮૦માં ૩૦ ગુફાઓ ધરાવતું આ બેનમૂન સ્થાપત્ય હાથ લાગ્યું ત્યારથી તે કલાપ્રેમીઓના આકર્ષણનો વિષય બની ગયું છે.

તેને પાવન કરવા આજે પધારેલા સ્વામીશ્રીએ અહીં ૧, ૨, ૩, ૧૦, ૧૨, ૧૬, ૧૭, ૧૯ અને ૨૬ ક્રમાંકની ગુફાઓમાં પગલાં પાડ્યાં. આ દરેક

ગુફામાં કંડારાયેલાં ચિત્રો અને શિલ્પોની સવિસ્તર સમજ મરાઠી માર્ગદર્શક શ્રી પાટિલ આપતા રહ્યા. તે દ્વારા સ્થાપત્યનો મર્મ પામી સ્વામીશ્રી સવા બાર વાગ્યે ડોલીમાં બિરાજી પર્વત ઊતરવા લાગ્યા. તે વખતે સાથે ચાલતા એક સંત બોલ્યા : 'ડોલી હાલક-ડોલક બહુ થાય છે.'

'એને ઉપાડીને ચાલવાનું છે.' સ્વામીશ્રીએ કહ્યું.

સૌને મન જે મજૂર હતા, તે તેઓને મન માણસ હતા. તેથી તેઓએ આ શ્રમજીવીઓને ઠરાવેલાં મહેનતાણાં કરતાં વધુ રકમ અપાવી રાજી કર્યા.

આ સ્નેહ અને સંવેદના સાથે સ્વામીશ્રી અજંતાના નિકટવર્તી અજિંઠા ગામે આવેલા PWDના વિશ્રામગૃહે પધાર્યા. અત્રે જાલના મંડળે તૈયાર રાખેલી ભોજન-વ્યવસ્થાને સાર્થક કરતાં તેઓ સાંજે પુનઃ ઔરંગાબાદ આવી પહોંચ્યા.

અહીંથી સ્વામીશ્રી તા. ૧૨/૧ની સવારે નવ વાગ્યે ઇલોરાના સ્થાપત્યને ધન્ય કરવા પધાર્યા. હિંદુ, જૈન અને બૌદ્ધ સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમા આ સ્થાનમાં તેઓએ ૧૬મો ક્રમાંક ધરાવતા શૈલગૃહ કૈલાસ મંદિરમાં પગલાં પાડ્યાં. શિખરથી શરૂ થયેલું આ ગુફાનું નિર્માણકાર્ય પાયામાં પૂર્ણ થતાં દોઢ સદી વીતી ગયેલી. કદાવર ગજરાજો દ્વારા વહન થતા આ રથ-મંદિરમાં કુબેરના સેવકો સમા શંખનિધિ અને પદ્મનિધિનાં શિલ્પની સાથે કમલાસન પર આરૂઢ ગજલક્ષ્મી બિરાજે છે. તેની સાથે ગણેશજી તથા મહિષાસુર-મર્દિનીની મૂર્તિઓ તેમ જ પવિત્રતા, ભક્તિ અને વિદ્યાની પ્રેરણા આપતી ગંગા, યમુના અને સરસ્વતી પણ દર્શાય છે. મંદિરની આજુબાજુ ઊભેલા બે ઉત્તુંગ હાથી તેમ જ ધ્વજસ્તંભ પણ આકર્ષક છે.

આ શિલ્પસૃષ્ટિ પર દૃષ્ટિ વેરતાં સ્વામીશ્રીએ મુખ્ય મંદિરની દીવાલો પર કંડારાયેલા રામાયણ તથા મહાભારતના પ્રસંગો પણ નિહાળ્યા. તે પછી માર્ગદર્શક શ્રી જાધવે અન્નપૂર્ણા દેવી, નટરાજ, નૃસિંહાવતાર, રાવણનો શિવલિંગ ઉપાડવાનો પ્રયાસ વગેરેનાં મનોહારી શિલ્પો પર પણ સ્વામીશ્રીની દૃષ્ટિ કરાવી. ત્યારબાદ કીર્તિસ્તંભ પાસે ક્ષણભર ઊભા રહી સ્વામીશ્રી ૧૦મા ક્રમાંકની ગુફા તરફ જવા માટે ગાડીમાં બિરાજ્યા ત્યારે સંતોએ જલપાન કરવા પાણી ભરેલો વાટકો ધર્યો. તેને મોઢે માંડતાં પૂર્વે સ્વામીશ્રીએ પગરખાં કાઢી નાંખ્યા. તે પછી પૂછ્યું : 'પાણી ઠાકોરજીને ધરાવ્યું ?'

સંસ્કૃતિનાં મૂલ્યોનું આવું જતન જોઈ ઇલોરાનો કણ-કણ નાચી ઊઠ્યો !

આમ, પોતાના જીવન દ્વારા જડ જણાતાં આ સ્મારકોને પણ જીવંત

બનાવતા સ્વામીશ્રી દસમા ક્રમાંકની બૌદ્ધ ગુફાને નિહાળી ૩૨મા ક્રમાંકની જૈન ગુફા જોવા પધાર્યા. ઇન્દ્રસભા તરીકે પ્રસિદ્ધ આ સ્થાપત્યમાંથી તેઓએ ૩૩મા ક્રમાંકની ગુફામાં પ્રવેશ કર્યો. અત્રે ૧૧મી અને ૧૨મી સદીની ચિત્રકલાના રંગો એટલા જ તાજા જણાતા હતા. ભારતના આ કૌશલ્યને પાવન કરી ઘૃષ્ણેશ્વર મહાદેવના સ્થાનમાં પહોંચેલા સ્વામીશ્રીએ અહીંના જ્યોતિર્લિંગ પર દૂધ-જળની ધારા રેડી કેસરી રંગનું ગુલાબ ચઢાવ્યું.

આ રીતે એક સંસ્કૃતિયાત્રા પૂર્ણ કરી સાડા અગિયાર વાગ્યે ઔરંગાબાદ પરત પધારેલા તેઓ અહીંના સત્સંગ ભવનમાં પધરામણી કરી તા. ૧૨/૧ની સાંજે મુંબઈ આવી પહોંચ્યા.[૧૩]

## દાસભાવનો અતૂટ દોર

મુંબઈના કામગાર ક્રીડા કેન્દ્રમાં તા. ૧૪/૧ની સાંજે ગોઠવાયેલા ઉત્તરાયણના ઉત્સવમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે હજારો હરિભક્તોથી પ્રાંગણ ઊભરાતું હતું. તેમાં આજના પર્વને અનુરૂપ વિવિધ કાર્યક્રમો બાદ ઝોળીમાં દાન સ્વીકારવા માટે સ્વામીશ્રીનું આસન મંચની ધારે લાવવામાં આવ્યું. તે વખતે સ્વામીશ્રીએ પોતાની બાજુમાં ઠાકોરજીની બેઠક મુકાવી ત્યારે સેવકે પૂછ્યું : 'ઠાકોરજીને થાળ ધરાવવા મંદિરે લઈ જઈએ ?'

'ના, ઊભા રહો. ઝોળી ચાલુ થાય છે. હરિકૃષ્ણ મહારાજને આપે છે બધા. આપણને તો કોઈ ભોજીયોય આપતો નથી.' સ્વામીશ્રી બોલ્યા.

આવી દાસત્વભક્તિના દોર પર સતત સરકતા તેઓ તા. ૧૫/૧ની સવારે વીડિયોકોન કંપનીના માલિક શ્રી વેણુગોપાલ ધૂતના બંગલે પધાર્યા. આ ધનકુબેરના ઘરમંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની આરસ-પ્રતિમાઓ પધરાવી સ્વામીશ્રી તા. ૧૬/૧ની સાંજે બોચાસણ આવી પહોંચ્યા.

અહીંથી તા. ૧૮/૧ની સવારે કાણીસાને પાવન કરનારા તેઓએ અત્રે તૈયાર થયેલા નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી ગામવાસી ભક્તોની સેવાને સાર્થક કરી. આ પ્રસંગે એન. ટી. હાઇસ્કૂલના

---

૧૩. અજંતા અને ઈલોરાની સ્થાપત્યસૃષ્ટિને પાવન કરવા નીકળેલા સ્વામીશ્રીના સંગમાં સામેલ થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

મેદાનમાં આયોજિત ઉત્સવ-સભામાં અમૃતધારા વહાવી તેઓ આજની સાંજે વડાલા થઈને ખંભાત પધાર્યા.

અહીં તા. ૧૯/૧ની સવારે મંદિરના દશાબ્દી પાટોત્સવનો વિધિ કરી સ્વામીશ્રી શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાન એવા હરિદાસ બાવાના આશ્રમે પહોંચ્યા. આ સ્થળનો ઇતિહાસ જણાવતાં તેઓએ જ કહ્યું : ''શ્રીજીમહારાજ અહીં વણીવેશે પધાર્યા છે. મહારાજને ભૂખ લાગેલી. આ બાવાજીના આશ્રમમાં આવ્યા ને વાત કરી. બાવાજીએ કહ્યું : 'અહીં તો કોરા કડાકા છે.' મહારાજ કહે : 'કોરા કડાકા રહેશે.' તે પછી આશ્રમની જાહોજલાલી ખૂટી ગઈ.''

આટલું કહેતાં સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરી ઊબડ-ખાબડ જમીન પર ચાલતાં એક પાળી સુધી આવ્યા, પરંતુ આ પાળી ઊંચી હોવાથી આશ્રમની જગ્યા જોવા પાંચ-છ ઈંટોની થપ્પી મૂકવામાં આવી. તે પર ચઢી સ્વામીશ્રીએ ભગ્ન આશ્રમના અવશેષો જોયા. જો કે તેઓની આંખોમાંથી તો આ પ્રાસાદિક સ્થાનને નીરખી લેવાની પરમ શ્રદ્ધા જ ઝળકી રહી. આ શ્રદ્ધા સાથે તેઓ નિર્માણાધીન મંદિર 'ભક્તિધામ'ની જગ્યાને પાવન કરતાં સાંજે ઉંદેલ પહોંચ્યા.

## પ્રાપ્તિનો કેફ ચોવીસ કલાક રહેવો જોઈએ

ઉંદેલમાં નૂતન મંદિરનો ખાતવિધિ સંપન્ન કરી મહેળાવ પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૨૦/૧ની સવારે પ્રથમ પાટોત્સવ ઊજવી ઉતારામાં આવ્યા. અહીંથી તેઓએ ઊભાં-ઊભાં જ ભંડારની પાછળ આવેલું મકાન બારીમાંથી નિહાળ્યું. ત્યાં ગંદકી જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'ગંદકી દેખાય એટલે તરત જ, ખાધા-પીધાનું મૂકીને પણ જાતે સાફ કરવું. કોઈ માણસ ન મળે તો જાતે કરવું, પણ ગંદકી રહેવા ન દેવી.'

ગંદવાડ ખદેડવાના આ આગ્રહ સાથે તેઓ મહેળાવથી વિદ્યાનગર થઈને તા. ૨૧/૧ના રોજ ડભાણ આવી પહોંચ્યા.

અત્રે પાટોત્સવ અને પાથેય પર્વનો અનેરો સંગમ સર્જાયેલો. અહીં શ્રીજીમહારાજે કરેલા અભૂતપૂર્વ યજ્ઞ પ્રસંગે જ્યાં પાકશાળા કરેલી તે જ પટાંગણમાં આજની ઉત્સવ-સભા ચાલી રહેલી. આ સભાના મધ્ય ભાગમાં દિલ્હીથી આવેલા ધર્મવત્સલદાસ સ્વામીના હાથમાં અક્ષરધામના નિર્માણને લીલી ઝંડી આપતો એક સરકારી દસ્તાવેજ હતો. તે તેઓએ સ્વામીશ્રીને સુપ્રત કરતાં જ સ્વામીશ્રીના મુખ પર અકલ્પ્ય આનંદ ફરી વળ્યો. તેઓ ચાલુ

સભાએ ઊભા થઈ ઠાકોરજી પાસે પહોંચ્યા અને તેઓને મંજૂરીપત્ર અર્પણ કરતાં કૃતજ્ઞતા દર્શાવી. આજે યોગીજી મહારાજના સંકલ્પની પરિપૂર્તિ તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું ભરાયેલું. તેથી આનંદિત થઈ ઊઠેલા સ્વામીશ્રીનો ઉત્સાહ આજની અમૃતધારામાં ભળતાં તે વેગથી ખળકવા લાગી કે –

"ગુણાતીતાનંદ સ્વામીની દીક્ષાતિથિમાં બેઠા છીએ તો એક સંકલ્પ કરીએ કે આ વખતે આ દેહે કરીને એવું કરવું છે કે ધામમાં બેસી જઈએ. છેલ્લો જન્મ કરી લેવો છે. ફરી આ દુનિયામાં આવવું નથી. માર્ગે ચાલ્યા છો એટલે જરા હાથ ઊંચો કરજો. મહારાજ-સ્વામી હાથ પકડી લેશે. ભલે બધું છે છતાં જીવમાંથી નીકળી જશે. મહાસુખિયા થઈ જવાશે. એવું આપણું જ્ઞાન છે, એવી વાત છે, એવો સિદ્ધાંત છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જેવા પુરુષ મળ્યા છે, તે દુનિયામાં નહીં, પણ અનંત બ્રહ્માંડમાં નથી. એવા સાધુનાં દર્શન આપણને થાય છે, આશીર્વાદ મળે છે. એણે આપણને રમાડ્યા, જમાડ્યા, ભેટ્યા, બેઠા. માટે મોળી વાત કરવી નહીં. આપણને એવો કેફ રહેવો જોઈએ કે 'મારું તો કલ્યાણ થશે પણ મારું દર્શન કરશે તેનું પણ કલ્યાણ થશે.' ઘાણલાની એક ડોશીને આટલું બળ હતું તો આપણે બધા તો મરદ છીએ. ફોશી થોડા છીએ? મહારાજનું બળ ને હિંમત રાખવાનાં. પ્રાપ્તિનો કેફ અખંડ ચોવીસ કલાક રહેવો જોઈએ."

## આજ્ઞા બહારનું ખાઈએ તે ઝેર

તા. ૨૧/૧ની સાંજે ડભાણનાં પ્રાસાદિક સ્થાનોની દર્શનયાત્રા કરી સ્વામીશ્રી સાયંસભામાં પધાર્યા ત્યારે અહીં ઠાકોરજીની સુવર્ણતુલાનો તખ્તો ગોઠવાઈ ચૂકેલો. તેમાં આશીર્વાદ આપ્યા બાદ તેઓ ઠાકોરજીનું પૂજન કરવા ઊભા થવા ગયા ત્યારે સંતોએ કહ્યું: 'તુલાઓ હવે ગામોગામ થાય છે, તો ઠાકોરજી આપની પાસે લાવે ને આપ બેઠાં-બેઠાં પૂજન કરી દો તો?'

આ સાંભળી પ્રત્યુત્તરમાં કશું ન બોલતાં સ્વામીશ્રીએ ઊભા થવા માટે હાથ ઊંચા કર્યા. તે જોઈ સેવકોએ પુનઃ વિનંતી કરી કે 'આપ બેસી રહો.'

પરંતુ સ્વામીશ્રી બોલ્યા: 'તમે સમજો. એક રાષ્ટ્રપતિ આવતા હોય તોય ઊભા થવું પડે છે, તો...' આમ કહેતાં તેઓ સેવકોના સહારે ઊભા થઈ ઠાકોરજીનું પૂજન કરવા પહોંચી ગયા.

આ ભક્તિભાવ સાથે આજે મંદિરના સંકુલનું નિરીક્ષણ કરવા

નીકળેલા સ્વામીશ્રી સંતોના રસોડે આવ્યા ત્યારે ત્યાં કેટલાક સંતોને ભોજન કરતા જોઈ તેઓ વહાલથી બોલ્યા : '*જમતા જોયા છે...* જમો, શાંતિથી જમો. જમવાનું છે તે જમો એનો વાંધો નહીં, પણ ઝેર ન ખાવું.'

'ઝેર એટલે શું ?'

'આજ્ઞા બહારનું ખાઈએ તે ઝેર કહેવાય. બહારનું ખાવું, બજારનું મંદિરમાં લઈને ખાવું તે ઝેર કહેવાય. તે ન ખાવું.' સ્વામીશ્રીએ જણાવ્યું.

## સારસાની સ-રસ સ્મૃતિ

ડભાણથી વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રી તા. ૨૨/૧ની સવારે સામરખા પહોંચ્યા. અહીં તેઓનાં કરકમળો દ્વારા નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં જ સમગ્ર ગામમાં ખુશાલી ફરી વળી.

તે તા. ૨૩/૧ના રોજ સૈયદપુરામાં પણ પ્રસરી. આજે અહીંના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રીએ આ મંદિરના સમીપવર્તી દેરામાં રામદેવ પીરને પણ પધરાવ્યા.

આમ, સૌની શ્રદ્ધાનું પોષણ કરતા તેઓના સાંનિધ્યમાં આજથી સૈયદપુરા ગામનું નવું નામ ફૂલનગર પડ્યું. આ નામકરણનો મર્મ સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે "ફૂલ ઘણાં હોય છે, પણ સુગંધવાળા ફૂલનું નામ તમારા ગામનું છે. બગીચામાં રહેલું ફૂલ બધાને સુવાસ આપે છે તેમ આ ગામમાં જે કોઈ આવે તેને થવું જોઈએ કે 'આ ગામ સંસ્કારી છે, ભગવાનને માને છે."

સ્વામીશ્રીની આ છણાવટથી પ્રેરણા પામેલા ૧૦૮ ગ્રામજનોએ તો તે જ ક્ષણે નિર્વ્યસની જીવન જીવવાનો સંકલ્પ કરી ગામના નામને સાર્થક કર્યું. તે સાથે ૪૦૦ વ્યક્તિઓએ સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધારી સત્સંગની સડકે ગતિ આરંભી દીધી.

આ રીતે ફૂલનગરમાં સદ્‌ગુણોની સુવાસ પ્રસરાવતા સ્વામીશ્રી આ જ કાર્ય માટે તા. ૨૪/૧ની સવારે બોરિયાવી પધાર્યા. અત્રે તેઓ દ્વારા કલાત્મક મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. આ અવસરે ઉપસ્થિત ૧૨,૦૦૦ ભાવિકોને ધર્મલાભ આપી સ્વામીશ્રીએ તા. ૨૫/૧ના રોજ બેડવાના બેનમૂન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

તેઓની નિશ્રામાં ચાલી રહેલા આ પ્રતિષ્ઠાપર્વમાં દરેક ગામે પાંચ-

પાંચ કે સાત-સાત દિવસ સુધી ગ્રામ-ઉત્કર્ષના વિવિધ કાર્યક્રમો યોજાતા. તેમાં રજૂ થતી પ્રેરણાત્મક પ્રસ્તુતિઓ પ્રતિષ્ઠાના પ્રસંગની ઉત્સુકતા અનેકગણી વધારી મૂકતી. તેથી સ્વામીશ્રી પધારતા ત્યારે આખું ગામ એકત્રિત થઈ જતું.

આ આકર્ષણ આજની સાંજે ચિખોદરામાં પણ જામ્યું. અહીં ઠાકોરજીની સુવર્ણતુલા નિમિત્તે પધારેલા સ્વામીશ્રી તા. ૨૬/૧ની સવારે સારસા પહોંચ્યા. આજના સપરમા દા'ડે તેઓએ આ ગામને મંદિર દ્વારા અક્ષર-પુરુષોત્તમ મહારાજની ભેટ આપી ત્યારે ઉપસ્થિત ૨૫,૦૦૦ની મેદનીએ જયજયકાર કરી મૂક્યો. આ અવસરની દિવ્યતા જોઈ ગામના એક બુઝુર્ગ તો બોલી ઊઠ્યા: '૧૯૪૭માં આઝાદી વખતે જેટલો આનંદ આવેલો એટલો આનંદ આજે અમને આવ્યો છે!'

સ્વામીશ્રી સ્વયં પણ અહીં આવતાં ખૂબ આનંદમાં હતા, કારણ કે આ શાસ્ત્રીજી મહારાજનું પુરાણું પ્રાસાદિક ગામ. અત્રે સો વર્ષ જૂનું મંદિર. તેનાં દર્શન માટે સ્વામીશ્રી આજની સાંજે પધાર્યા ત્યારે સ્મૃતિપ્રવાહમાં ગરક થઈ કહેવા લાગ્યા:

"સૌથી પહેલાં અક્ષર સ્વામી સાથે ફરવા આવેલો સં. ૧૯૯૨માં. સ્કૂલની રજાઓ પડે તે એમની જોડે ફરવા નીકળેલો. અહીં આ મંદિરની અંદર ઉતારો હતો. એટલે સો વર્ષ પુરાણું મંદિર છે. ઓલ્ડ ઇઝ ગોલ્ડ. શાસ્ત્રીજી મહારાજના હાથે થયેલું. કથા-વાર્તા માટેનો આ હોલ. ઉપર રસોડું. નહાવા જવાનું તલાવમાં. આમાં રહીને સત્સંગ કર્યો છે. તોય દુઃખ ન'તું કે 'અમારે આવામાં જવું નથી.' સગવડ હોય કે ન હોય, એવી પરિસ્થિતિમાં પણ જૂના સંતોએ સત્સંગ કરાવ્યો છે. આટલી સાંકડી જગ્યામાં પાછું સૂવાનું પણ અહીંયાં, ભજનેય અહીં, બધું અહીંયાં. અતારે તો 'મારે રૂમ જોઈએ. તે વગર ફાવે નહીં. ઊંઘ નહીં આવે.' અરે, ભૈ! ઊંઘ બધીય આવી જતી'તી. અમે ચાર-પાંચ હોઈએ તે અહીં પડી રહેતા. જૂનું મંદિર છે એટલે દર્શન કરો. મૂર્તિઓ પણ સો વરસ જૂની છે."

આમ કહેતાં સ્વામીશ્રી મૂર્તિઓ પાસે જઈ પગે લાગ્યા અને 'આવો, દંડવત્ કરી લઈએ' કહી છ દંડવત્ પણ કર્યા.

આમ, સારસાને સ-રસ સ્મૃતિનો સ્વાદ ચખાડતા તેઓ ગામના ગાયત્રી મંદિરે દર્શન કરી ખંભોળજ પહોંચ્યા.

અત્રે સભાનો લાભ આપી પુનઃ સારસા પધારેલા સ્વામીશ્રી અહીં

તા. ૨૭/૧ની સવારે નિત્યપૂજા બાદ શ્રી સતીષભાઈ પટેલના ઘરમાં પ્રવેશ્યા ત્યાં મંદિર આગળ દિવેટો પૂરેલી થાળી પડેલી. તે સ્વામીશ્રીએ નીચા નમી ઉપાડી. આ જોઈ એક સંત આરતી પ્રગટાવવા થાળી લેવા ગયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'હું ઝાલી રાખું છું, તમે પ્રગટાવો.'

આ સરળતા અને ભક્તિભાવ સાથે આરતી કર્યા બાદ ગામના સત્ કૈવલ આશ્રમમાં પધારેલા તેઓ અત્રે પૂજ્ય અવિચલદાસજી મહારાજને મળી લીંગડા જવા નીકળ્યા. આ રસ્તે આશીપુરા આવ્યું. અહીં હાથમાં હારતોરા લઈ ઊભેલા ભાવિકોની આશા પૂરી કરવા સ્વામીશ્રીએ ઉતાવળ હોવા છતાં ગાડી થોભાવી ભક્તોને રાજી કર્યા અને ૧૦:૨૫ વાગ્યે લીંગડા આવી પહોંચ્યા.

અત્રે તેઓએ આણંદ-ડાકોરના માર્ગ પર ખડા થયેલા નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

## પૃથ્વી પર પ્રથમ વાર જ

લીંગડાથી વિદ્યાનગર પધારેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૨૮/૧ની સવારે વંચાતા ગ્રંથમાં યોગીજી મહારાજની વાણી આવી કે 'ગોંડલીના ઘાટમાં ન્હાય તો સાડા ત્રણ કરોડ રૂંવાડાં ઊભાં થઈ જાય ને રૂંવાડે-રૂંવાડેથી રોગ દૂર થઈ જાય.'

આ સાંભળી એક સંત બોલ્યા : 'ઘાટમાં તો અત્યારે પાણી સુકાઈ ગયું છે.'

'ધૂળ ચોપડો તોપણ રોગ દૂર થઈ જાય એવો મહિમા છે !' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આવી અલૌકિક મહિમાદૃષ્ટિના પ્રતાપે ગામોગામ ખીલી રહેલી મંદિર-શૃંખલામાં, તા. ૨૯/૧ની સવારે નવાખલ જોડાયું. અત્રે સાકાર થયેલા નૂતન અને નાજુક મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી બામણગામને લાભ આપતાં અટલાદરા પહોંચ્યા.

અહીં તેઓએ તા. ૩૦/૧ની સવારે માંજલપુરના નવીનીકરણ પામેલા સંસ્કારધામમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસ-પ્રતિમાઓ પધરાવી.

એ જ રીતે તા. ૩૧/૧ની સવારે શિયાબાગના અશ્વમેઘ કૉમ્પ્લેક્ષના ત્રીજા માળે રચાયેલા સત્સંગ ભવનમાં પંચમૂર્તિ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી વાડી વિસ્તારમાં પધાર્યા. અત્રે તેઓએ નિર્માણાધીન સહજાનંદ કૉમ્પ્લેક્ષમાં

તૈયાર થનારા સંસ્કારધામની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો.

પ્રતિષ્ઠાઓનો આ પનો તા. ૨/૨ના રોજ કરખડી સુધી પથરાયો. આજની સવારે સ્વામીશ્રીએ આ ગામના નૂતન હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

ત્યારબાદ આ જ દિવસની સાંજે તેઓએ તિથોરના નવનિર્મિત મંદિરમાં પણ મૂર્તિપ્રતિષ્ઠા સંપન્ન કરી.

અહીંથી તેઓ ગામની ભાગોળે વસેલા ખેતરમાં યોજાયેલી સભા તરફ જઈ રહેલા ત્યારે કોતરોના ઊંચા ટેકરા પર ઘર અને નીચેના ભાગમાં રસ્તાઓ જોઈ એક સહપ્રવાસી બોલ્યા : 'ત્યાગવલ્લભ સ્વામી આવાં કોતરોનાં ગામોમાં પણ ઘેર-ઘેર પધરામણીએ ગયા છે તે બહુ કહેવાય !'

'જેને સત્સંગ કરાવવો છે તેને આવું બધું ન દેખાય. ઉત્સાહ હોય એને વાંધો ન આવે.' સેવાનું આ ચાલકબળ જણાવતાં સ્વામીશ્રીએ ઊમેર્યું :

'ત્યાગવલ્લભ સ્વામી અટલાદરા રહેતા'તા ને અહીં આવતા તે હજુ લોકો સંભારે છે. ઘેર-ઘેર ફર્યા હોય તે ભૂલે નહીં લોકો. તેઓ પાછા એ ગામડાના હરિભક્તો મંદિરે આવે ત્યારે તેમની ખબર રાખે. બીજા તો બધા સૂઈ જાય કે 'આવશે બધા ને ખાઈ લેશે ને જશે.' પણ ત્યાગ સ્વામી જાતે ઊભા રહીને રમાડે-જમાડે. નાના અક્ષર સ્વામી, બાલમુકુંદ સ્વામી એ બધાને એવું અંગ બહુ. ગામડે ફરીને આવે પણ હરિભક્તો જ્યારે સમૈયામાં મંદિરે આવે ત્યારે બધાની ખબર રાખે. નિર્ગુણ સ્વામીનું પણ એવું અંગ હતું.'

જૂના સંતોની આટલી ગુણગાથા ગાઈ જૂના સત્સંગીઓની રીતિ વર્ણવતાં પણ સ્વામીશ્રીએ જણાવ્યું : 'તે ઘડીએ બેય વસ્તુ હતી – રાખ-રખાવટની વસ્તુ પણ ખરી ને સાથે સત્સંગનો લોકોને ખપ પણ બહુ. કથાના અંગવાળા બેસે જ ! રાતના બાર વાગ્યા સુધી મંદિરમાં બેસી રહે. અત્યારે તો એ અંગ જ નથી !'

આમ કહી સભા-સ્થળની બહાર હરોળબંધ ઊભેલા કેટલાક ભાવિકોને બતાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'જુઓ, આમ. લાઈનમાં ઊભા રહેશે, જોશે ને પછી જમીને જતા રહેશે.'

આ રીતે સંત અને સત્સંગી – બંનેને પોતાની ફરજ પ્રત્યે સભાન કરતા તેઓ તિથોરની ભાગોળે સત્સંગ-લાભ આપી, તા. ૩/૨ની સવારે જંબુસર પધાર્યા.

અહીં નૂતન મંદિરનો ખાતવિધિ કર્યા બાદ આજની સાંજે અણખીમાં મંદિર માટે સંપાદિત થયેલી ભૂમિ પર પગલાં પાડી સ્વામીશ્રીએ ગજેરામાં જઈ સ્થાનિક મંદિરનો પાટોત્સવ ઊજવ્યો.

આમ, છેલ્લા સત્તર દિવસમાં જ તેઓએ પ્રતિષ્ઠાઓ, પાટોત્સવો અને ખાતવિધિ વગેરે દ્વારા અઢાર મંદિરોને પુષ્ટિ આપી દીધી. તેઓના જીવનકાળ દરમ્યાન એવું ઘણી વાર બનેલું કે જ્યારે વીતેલા દિવસોની સંખ્યા કરતાં તેઓએ તે સમયગાળામાં સર્જેલાં મંદિરોની સંખ્યા વધી ગઈ હોય! પૃથ્વી પર આવા ધર્મધુરંધરનાં પગલાંની છાપ પ્રથમ વાર જ ઊપસી રહેલી. તેથી જ તા. ૩/૨ના રોજ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ગામના નવા વારિગૃહનું ઉદ્ઘાટન કરાવવાની તક ગજેરાએ ઝડપી લીધી.

## આપણો મહિમા બધે જ છે

ગજેરાથી પુનઃ જંબુસર આવી ગયેલા સ્વામીશ્રીની પદરજથી તા. ૪/૨ની સવારે નહાર પાવન થયું. અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રીએ આ ગામને પણ ઇતિહાસની અમર-પોથીમાં સામેલ કરી દીધું.

તેઓની આ કૃપાથી ગદ્ગદ થયેલા ભાવિકોએ સ્વામીશ્રી જ્યારે મંદિરેથી સભામાં જવા નીકળ્યા ત્યારે ગાડીની ચારેકોર ભીડ જમાવી દીધી. સૌનો આ તલસાટ જોઈ ગાડીચાલક યુવાન ઇન્દ્રવદને મર્મમાં કહ્યું: 'સ્વામી! કાનમમાં આપનો મહિમા વિશેષ લાગે છે.'

'આપણો મહિમા બધે જ છે.' કહેનારા યુવક ભણી જોયા વિના જ સ્વામીશ્રી બોલ્યા.

સૂર્યનો મહિમા બધે જ છે, કારણ કે સૂર્યનાં કિરણો સર્વત્ર પ્રસરે છે. વરસાદનાં વધામણાં દરેક ઠેકાણે થાય છે, કારણ કે વરસાદની ધારા ઠેર-ઠેર વરસે છે. એ જ રીતે જેઓના પ્રેમનો પરિમલ પૃથ્વીના ખૂણે-ખૂણે ફેલાયો હોય તે સ્વામીશ્રીનો મહિમા પણ બધે જ હોય એમાં શું નવાઈ?

તેઓના આ પ્રેમ, પરિશ્રમ અને પ્રભાવની ત્રિવેણીમાં આજનો આખો દિવસ તરબતર થઈ રહ્યો. તેનું પ્રથમ દર્શન નહારની પ્રતિષ્ઠા-સભામાં જ થયું.

અહીં સ્વામીશ્રીને મમરાનો હાર પહેરાવવા હરિભક્તોનો ધસારો એવો થયો કે મંચના એક તરફના ભાગનો કડાકો બોલી ગયો! છતાં લેશ વિચલિત

થયા વિના સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ પાઠવી રાજી કર્યા.

ત્યારબાદ સાંજે સાડા પાંચ વાગ્યે અહીંથી વિદાય લઈ અટલાદરા પરત આવવા નીકળેલા તેઓના માર્ગમાં કાવી આવ્યું.

અત્રે તેઓને વધાવવા આશરે બસો ભક્તો રસ્તા પર જ સ્વાગત-કમાન બનાવી ઊભા રહી ગયેલા. પુષ્પહારો દ્વારા તેઓનો પ્રેમ સ્વીકારી સ્વામીશ્રી આગળ વધ્યા ત્યાં જ દહેગામ દેખાયું.

અહીં માત્ર ચાર જ પ્રજાપતિ પરિવારોમાં સત્સંગનું અજવાળું; છતાં તેઓનો સત્કાર પણ ભાવપૂર્વક ઝીલી સ્વામીશ્રીની ગાડી આગળ સરકતાં નેજા ગામનો નેજો ડોકાયો.

અત્રે સ્વામીશ્રીના પ્રથમ વારના આગમનને સૌએ ઉમંગભેર વધાવ્યું. તેથીયે અધિક ઉત્સાહપૂર્વક સત્સંગ-સભામાં આશીર્વાદ પાઠવી સ્વામીશ્રી આ સભા-સ્થળની સામે જ આવેલા જૂના મંદિરે દર્શન માટે પહોંચ્યા.

અહીં શ્રીજીચરણે શીશ નમાવી તેઓએ સીગામને ધન્ય કર્યું. આ ગામની ધરા પર પણ સ્વામીશ્રીનાં પ્રથમ પગલાંઓને સૌએ હર્ષનાદથી આવકાર્યાં. આ અભિવાદન સ્વીકારી સ્વામીશ્રીએ ભાથીજી મંદિરના પ્રાંગણમાં ઊભેલા શમીવૃક્ષ નીચે બિરાજી અમૃતધારા વહાવી દીધી.

ત્યારબાદ તેઓ છિદ્રા પહોંચ્યા ત્યારે સમી સાંજના સાત વાગી ચૂકેલા. હજી તેઓને લાંબો પંથ કાપવાનો હતો, છતાં તેઓએ છિદ્રાને ન છાંડ્યું અને ગામના અંબાજી મંદિરે દર્શન કરી ગ્રંથાલયના ઓટે યોજેલી સભામાં પધાર્યા.

પરંતુ જેવા તેઓ સભામાં બિરાજ્યા કે મંચ પર બત્તીઓને કારણે ઝીણી જીવાતનો ઉત્પાત રગડવા લાગ્યો. તે અળસાવવા મંચની બત્તીઓ બુઝાવી દેવાઈ. આ પરિસ્થિતિમાં આશીર્વાદ પાઠવી સ્વામીશ્રીએ ૧,૨૦૦ ભાવિકોને સમીપ દર્શન પણ આપ્યાં! તે પછી આગળની મુસાફરી માટે ગાડીમાં બેસતાં જ તેઓએ આરતીગાન આરંભ્યું. આજનું વેગીલું વિચરણ પણ તેઓના આહ્નિકને હડફેટે ન ચડાવી શક્યું!

આરતી-અષ્ટક પૂર્ણ થતાં જ જંત્રાણ આવ્યું. અત્રે રસ્તે ઊભેલા ભક્તોનો સ્નેહ ઝીલી સ્વામીશ્રી આગળ વધ્યા ત્યાં ૭:૩૫ વાગ્યે કાવાનું પાદર નજરે ચઢ્યું.

અહીં ભક્તોને જોતાં સ્વામીશ્રીએ ગાડી થંભાવી, પરંતુ સત્સંગીઓ ‘પાકા’ નીકળ્યા. તેઓએ તો ગામમાં પધારવા વિનંતી કરી. તેઓને સ્વામીશ્રીએ

સમયની કટોકટી જણાવી ત્યારે હરિભક્તોએ કહ્યું: 'બાપા! અમે સભાની તૈયારી કરી છે, સ્ટેજ બનાવ્યું છે, સૌ આપની રાહ જોઈ રહ્યા છે.'

ભક્તોનો આ ભાવ જોઈ સ્વામીશ્રીએ વધુ એક વાર પોતાની કાયાને કચડી. તેઓ ગામમાં પહોંચ્યા અને સભામાં આશીર્વાદનો લાભ આપી આગળ સરક્યા.

આ પ્રવાસમાં કરમાડ અને લીમજ ગામને પણ પાવન કરતાં સ્વામીશ્રી રાત્રે ૮:૪૦ વાગ્યે છાત્રાલયમાં પહોંચ્યા ત્યારે આજના એક દિવસમાં તેઓ દસ ગામ ઘૂમી વળેલા. અટલાદરા એ અગિયારમું સ્થાન બની રહ્યું! ૮૦ વર્ષે આવો પરિશ્રમ ઉઠાવનારા સ્વામીશ્રીનો મહિમા બધે કેમ ન હોય?!

## પૂરિયો મનોરથ દાસનો

આ અરસામાં સ્વામીશ્રીના જમણા પગે શરૂ થયેલો દુખાવો તેઓના જ શબ્દોમાં કંઈક આવો હતો: '૧૫-૨૦ મિનિટ વૉકિંગ કરું પછી જમણા પગે દુખવાનું શરૂ થાય. ઊભા રહી જવાનું મન થાય. પણ પછી પૂરું કરી નાખું.'

અટલાદરામાં તા. ૫/૨ની સવારે સ્વામીશ્રીએ આ બયાન કર્યું ત્યારે સૌ વિચારી રહ્યા કે 'આવી તકલીફમાં તેઓ ગઈકાલે દસ ગામ કેવી રીતે ફર્યા હશે!'

આમ, દેહની પરવા તજી વિચરતા સ્વામીશ્રી આજની સવારે મંદિરની સામે આવેલા મેદાનમાં યોજાયેલી ગ્રામ્ય વિસ્તારના હરિભક્તોની સભામાં જવા નીકળ્યા. તે સમયે તેઓ મંદિરનાં પગથિયાં સામે હારબંધ ઊભેલા ત્રણ લીંબડા બતાવી બોલ્યા: 'આ તૈણેઉ લીમડા શાસ્ત્રીજી મહારાજે રોપ્યા છે. સ્વામીએ જાતે પાણી પાયું છે. સવારે દાતણ કરે, ન્હાય, ત્યારે પાણી લીમડામાં જાય એ રીતે નીક અને ક્યારા જાતે કર્યાં હતાં. તેની પાળ તૂટી જાય તો પોતે જાતે સરખી કરતા.'

આ ગુરુસ્મૃતિ સાથે સ્વામીશ્રી આગળ વધ્યા, પરંતુ છેલ્લાં ત્રણ અઠવાડિયાંમાં તેઓએ ચલાવેલા અતિ ઝપાટાબંધ વિચરણના કારણે તા. ૬/૨ના રોજ તેઓનું શરીર માંદગીમાં પટકાયું. તેથી વડોદરાના રેસકોર્સ અને રાજપથ વિસ્તારોમાં નિર્માણ પામેલાં સત્સંગ ભવનોની મૂર્તિઓનાં પ્રતિષ્ઠા-પૂજન સ્વામીશ્રીએ તા. ૭/૨ની સવારે પોતાના ઉતારામાં જ કર્યાં.

આ વિધિ સંપન્ન કરી ઠાકોરજીનાં દર્શને જવા નીકળેલા તેઓએ ચોકમાં ઊભેલા પાવી-જેતપુર વિસ્તારના હરિભક્તોને જોયા. તેઓની ખાસ

સભા આજે યોજાયેલી, પરંતુ સ્વામીશ્રીની નાદુરસ્તીના સમાચાર સાંભળી આ સમુદાયે ઠાકોરજીનાં દર્શને જતા-આવતા સ્વામીશ્રીનાં દર્શન કરી સંતોષ મેળવવાની તૈયારી દાખવેલી. પરંતુ આ બાબતે સ્વામીશ્રીને સંતોષ ન થયો.

તેથી તેઓએ સભામંડપનાં પગથિયે પોતાની પાટ ગોઠવાવી આ ૨,૦૦૦ આદિવાસી ભક્તોને નિરાંતે દર્શનદાન દીધું. એટલું જ નહીં, આ ભક્તોએ સભામાં રજૂઆત માટે તૈયાર કરેલું પ્રાદેશિક નૃત્ય પણ અત્યારે કરાવી સ્વામીશ્રીએ સૌને ખુશખુશાલ કરી મૂક્યા. નૃત્ય પૂરું થતાં તેઓએ તાવ તૂટતા શરીરે આશીર્વાદ પણ ઉચ્ચાર્યા. તે પછી આ આદિવાસી બંધુઓ સાથે સ્મૃતિછબીઓ પડાવી સ્વામીશ્રીએ માંદગીમાંયે ભક્તોનો એકેય મનોરથ અધૂરો રહેવા ન દીધો.

## નથી જેને શરીર સંભાળ

આ સમયે સ્વામીશ્રીના શરીરમાં પ્રવર્તતી કસરને કારણે તેઓનું બ્લડ પ્રેશર ઊંચું રહેતું. બાયપાસ સર્જરી બાદ આટલો ઊંચો રક્તદાબ સળંગ પાંચ-છ દિવસ સુધી નોંધાતાં નિષ્ણાત તબીબો સતત ચાર દિવસ સુધી સ્વામીશ્રીના શરીરને તપાસતા રહ્યા. અંતે સૌ 'સ્વામીશ્રીને પૂરતો આરામ આપવો એ જરૂરી નહીં, પણ આરામ સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી' એ તારણ પર આવ્યા.

આ વિગતથી તેઓએ મોટેરા સંતોને વાકેફ કરતાં સત્સંગ પ્રવૃત્તિ સંભાળતા સંતોની એક તાકીદની બેઠક તા. ૧૦/૨, વસંત પંચમીની સાંજે યોજવામાં આવી. તેમાં તબીબી અહેવાલોના આધારે સ્વામીશ્રીનો ભીડો ઓછો કરવાના આદેશો જારી કરાયા. જેમ કે –

સ્વામીશ્રીની પધરામણીઓ સદંતર બંધ કરવી,

સ્વામીશ્રીનું ગ્રામ્ય વિચરણ અટકાવવું,

માર્ગમાં દર્શન માટે ભક્તોએ ઊભા ન રહેવું,

દિવસમાં મુલાકાત સત્ર ત્રણ સમયને બદલે સવારે એક જ વાર યોજવું,

વાહનોનાં પૂજન કે ખાતવિધિ અને વેવિશાળ વિધિ વગેરે વડીલ સંતો દ્વારા કરાવવાં,

મંચ પર મુલાકાત માટે અગર તો હાર પહેરાવવા કોઈને ન લાવવા,

વ્યક્તિગત વર્તમાન ધરાવવાં કોઈએ આગ્રહ ન સેવવો વગેરે...

સમગ્ર સત્સંગને આ ધારાધોરણથી માહિતગાર કરવા સંસ્થાકીય

સામયિકમાં પણ આ વિગતો છાપવાનું નક્કી થયું. તેની સાથે સૌએ સ્વામીશ્રીને પણ કષ્ટદાયક વિચરણ ન ગોઠવવા વિનંતી કરી.

પરંતુ આ બેઠક બાદ તા. ૧૪/૨ની સાંજે તબીબી તપાસ માટે નીકળેલા સ્વામીશ્રી દવાખાને પહોંચતાં પહેલાં જ રેસકોર્સ અને જૂના પાદરા માર્ગ પર તૈયાર થયેલાં સંસ્કાર ભવનોમાં પગલાં પાડી આવ્યા.

તા. ૧૫/૨ના રોજ પણ અટલાદરાથી વિદ્યાનગર જતાં તેઓ ઓડ ગામના મંદિરનો પાટોત્સવ ઊજવવા પહોંચી ગયા. અત્રે તેઓએ સરદાર પટેલ વિનય મંદિરના પ્રાંગણમાં કાર્યરત 'પ્રમુખસ્વામી મહારાજ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'ના નિર્માણાધીન નૂતન ભવનનો ખાતવિધિ કરી જાહેર-સભામાં પણ લાભ આપ્યો.

સ્વામીશ્રીના વિચરણનો અશ્વ પ્રેમ, મહિમા, ભક્તિ અને આત્મનિષ્ઠાના ચાર પગે દોડતો. તેને અટકાવવા ઉપયોગમાં લેવાતાં લાગણી અને વ્યવસ્થાનાં દોરડાં દરેક વખતે ટૂંકા જ પુરવાર થતાં.

## ભગવાનની આજ્ઞા પળે એટલા આપણે ઊજળા

ઓડથી વિદાય લઈ સ્વામીશ્રી રાત્રે પોણા આઠ વાગ્યે વિદ્યાનગરના છાત્રાલયમાં પધાર્યા ત્યારે અહીં ચાલતી મંગળવારની સભા હકડેઠઠ ભરાયેલી. તેમાં સૌથી મોખરે બેઠેલો છાત્ર-સમુદાય શ્વેત ઝભ્ભા-લેંઘામાં સજ્જ હતો. તે જોઈ રાજી થતાં સ્વામીશ્રી બોલ્યા :

''શ્રીજીમહારાજને આ વસ્તુ ગમતી. *'સદા શ્વેતાંબર હરિ પહેરતા રે લોલ'* એમ કીર્તનમાં પણ કહ્યું છે. શ્વેત વસ્ત્રો પહેરીએ એટલે સારું કામ કરવાનો વિચાર આવે, શાંતિનો વિચાર આવે. જેટલી ભગવાનની આજ્ઞા પળે એટલા આપણે ઊજળા. અભ્યાસમાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ લાવવો તે ઊજળા. જોગી મહારાજ આપણને બેય વાત કરતા. અભ્યાસ પણ બગડવો ન જોઈએ અને સંસ્કારેય બગડવા ન જોઈએ. પરંતુ આજનાં નાટારંગ, આકર્ષણ એવાં જબરજસ્ત છે.

હવે મિલેનિયમ સાથે આપણે કોઈ સંબંધ છે નહીં. આપણા કુટુંબમાં કંઈ સંબંધ હોય તો નહાવું પડે, પણ આપણાં સો વર્ષના કુટુંબમાં કોઈને સાંધો ન હોય ને એનું આપણે સ્નાન કરીએ તો કેવા કહેવાઈએ? એમ આપણને મિલેનિયમ સાથે કોઈ સાંધો ખરો? હજાર વર્ષ તો આવે ને જાય, તોય હજારો-

લાખો રૂપિયાના ખર્ચે ફટાકડા ફોડ્યા. આપણે ઉત્સવોની ના નથી, પણ દારૂની પાર્ટીઓ થાય, હૉટલમાં નાચ-ગાન થાય, ભગવાન સાથે કોઈ સ્નાન-સૂતક નહીં, એવા ઉત્સવની શું જરૂર છે?

અત્યારે પાછું પેલું આવ્યું, શું? વેલેન્ટાઇન ડે. કોણ જાણે ક્યાંથી આવ્યું? બરોબર છે એ માણસ થઈ ગયો હશે, એણે ફૂલ આપ્યું હશે, પણ શ્રીજીમહારાજે આપણને પ્રેમ નથી આપ્યો? ભગવાન સાથે તમે પ્રેમ કરો. છોકરા-છોકરી ભેગાં થઈને એકબીજાને ફૂલો આપો ને ફૂલો સૂંઘો ને બધું કરો આ કઈ રીત આવી દુનિયામાં? ને આપણે ઉમળકાથી એમાં ભળીએ છીએ.

પણ અહીં રહી તમે ભણો છો તો એમાં પડાય જ નહીં. ભલે બીજા લોકો કરતા હોય, પણ આપણે સ્વામિનારાયણ. એની અંદર તો આપણે બહુ સજાગ રહેવું પડે. શૂરવીરતા રાખે તેનો ધર્મ સચવાય. આપણે આગ્રહ નથી કે બીજો માણસ આપણી માન્યતા સ્વીકારી લે, પણ આપણી વાત આપણે રાખવી છે. માટે આપણે બધાએ ખૂબ ખબડદાર રહેવું. ખબડદાર એટલે? જલસામાં જવું જ નથી, જ્યાં સ્ત્રી-પુરુષની મર્યાદા સચવાતી ન હોય એવા ગરબામાં જવું જ નથી. જેમાં સંસ્કૃતિનાં મૂલ્યોનો નાશ થતો હોય તેને તમે ઉત્સવ માનશો જ નહીં. આપણે રામનવમી માનો, શિવરાત્રિ માનો. એના ઉત્સવ તો તમે કરતા નથી! થયું કોઈ દા'ડો કે રામની ભક્તિ કરીને રામની સાથે પ્રેમ થાય? આ તો આ લોકની રીતે દેહસુખ મળે એનો પ્રેમ કરવાની વાત છે! આત્માનો પ્રેમ કરવાની વાત છે?

ભગવાન સાથેનો પ્રેમ તે સાચો પ્રેમ છે. આ પ્રેમ તો જૂઠો છે. એય કેટલાં ઠેકાણે ફરે ને તમેય કેટલાંય ઠેકાણે ફરો. એ તે પ્રેમ છે? પ્રેમ તો એક જ. આત્મા, ભગવાન સાથે થયો તે પ્રેમ. એના સિવાય દુનિયામાં કોઈ પ્રેમ નથી. એ પ્રેમની વાત આપણાં શાસ્ત્રોમાં લખી છે. ભગવાન તમને બળ આપશે. આપણે ભગવાન અને જોગી મહારાજ રાજી થાય એવા સારા, સરસ થવું. તમને આશીર્વાદ છે.''

પ્રેમની પરિભાષા સ્પષ્ટ કરી આપતાં અસ્ખલિત વહી છૂટેલી સ્વામીશ્રીની આજની આ અમૃતધારાએ સૌને મુગ્ધ કરી દીધા. તેથી ક્યાંય સુધી સભાગૃહ તાળીઓના ગડગડાટથી ગુંજતું રહ્યું.

અંતે ઉદ્‌ઘોષકે સ્વામીશ્રીનો આભાર માન્યો ત્યારે સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા: 'કડવું લાગ્યું હશે!' પછી ઉમેર્યું: 'આ વાત કોઈને સારી

લાગતી હશે? એય જલસામાં જાવ ને ત્યાં ધમધમાટ કરો એવા આશીર્વાદ આપીએ તો ખુશ થવાય કે ન થવાય? એની મીઠાશ ઓર આવી જાય. આ તો લૂખેલૂખું. એમાં શું? પણ ભલે લૂખું હોય તોય આપણું કામ કરશે ને પેલું લીલું છે, પણ દુશ્મન છે.'

લીલા અને લૂખાના આ લાભાલાભ વર્ણવી સ્વામીશ્રી સભાગૃહમાંથી વિદાય થયા ત્યારે એકેએક યુવાન અસલી-નકલી પ્રેમની પરખ પામી ચૂકેલો.

## સન્માન પર મો...ટી ચોકડી

તા. ૧૬/૨ની સવારે દર્શન કરવા આવેલા ડાકોર મ્યુનિસિપલ બરોના પ્રમુખ શ્રી લાલજીભાઈને આશિષની સાથે આદેશ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ડાકોર તીર્થધામ છે. એનો વિકાસ થાય તેવું કાર્ય કરજો. ત્યાં દારૂ ને માંસની નાબૂદી થાય તેવો પ્રયત્ન કરજો. તમારી મોટી સેવા થઈ જશે.'

તીર્થસ્થાનમાં રસ ધરાવતા સ્વામીશ્રી પ્રત્યેક તીર્થની પવિત્રતા જળવાય તે માટે પ્રયત્નશીલ રહેતા.

આ વલણ સાથે વર્તતા તેઓ આજના દૈનિક ક્રમથી પરવારી રાત્રે દસ વાગ્યે આરામમાં જવા ઊઠ્યા. તે વખતે ભગવત્ચરણદાસ સ્વામીએ આણંદમાં ઊજવાનારા સ્વામીશ્રીના ૮૦મા જન્મજયંતી ઉત્સવે સ્વામીશ્રીની સુવર્ણતુલા કરવાનો વિચાર હળવાશથી વહેતો કર્યો. પરંતુ તે સાંભળી બાથરૂમ સુધી પહોંચી ગયેલા સ્વામીશ્રી પાછા વળ્યા અને ઓરડાના બારણા પાસે ઊભા રહી જમણા હાથની પહેલી બે આંગળીઓ ડાબી હથેળીમાં મારતાં બોલ્યા: 'ઠાકોરજી માટે કરતા હો તો બરાબર છે, પણ મારી વાત કરતા હો તો મો...ટી ચોકડી મારજો.' આમ કહેતાં સ્વામીશ્રીએ હથેળીમાં ભારપૂર્વક ચોકડી મારી દેખાડી કહ્યું: 'અંતરનો રાજીપો લેવો હોય તો આ બાબતે શબ્દ જ નહીં કાઢવાનો. પછી વારે-વારે કહ્યા કરો એ ખોટું છે.'

ત્યાગ-વૈરાગ્યથી અલંકૃત સ્વામીશ્રીને સ્વ-સન્માનમાં કદી રસ પડ્યો જ નહોતો.

## પાંચ પેઢીનો પ્રેમ

તા. ૧૭/૨ની સવારે વિદ્યાનગરથી સુણાવ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીંના નૂતન મંદિરમાં ધામધૂમપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજ

બિરાજ્યા. આ પ્રસંગે જ સ્વામીશ્રીએ આણંદના મંદિર માટે હરિકૃષ્ણ મહારાજની ચલમૂર્તિ પણ પ્રતિષ્ઠિત કરી.

ત્યારબાદ તેઓ જેતલપુરના જૂના મંદિરે દર્શન કરી બારેજાની નિકટવર્તી અર્બુદા રાઈસ મિલમાં પધાર્યા. અત્રે સભાલાભ આપી રાત્રે સવા નવ વાગ્યે અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં કાયાપલટ પામી ચૂકેલા મંદિર સંકુલના ભાગરૂપ ધર્મસદન, ભક્તિસદન, અક્ષરપીઠનું ભવન, વીસ હજારની ક્ષમતા ધરાવતા બે સ્તંભરહિત સભાગૃહ, આઠ માળનો અતિથિ નિવાસ અને યોગી આશ્રમની ઊંચી અડીખમ ઇમારતો સ્વામીશ્રીને વધાવવા આતુર હતી. પરંતુ આજે સ્વામીશ્રી યોગી આશ્રમમાં વિધિસર પદાર્પણ કરી તેઓના નૂતન નિવાસમાં પધાર્યા.

અહીંથી તેઓ તા. ૧૮/૨ની સાયંસભામાં જવા નીકળ્યા ત્યારે લિફ્ટ આગળ ડિઝાઈન સ્ટુડિયોમાં ફરજ નિભાવતા હરિભક્તો ઊભા હતા. તેઓ પૈકીના શ્રી લક્ષ્મણભાઈની ઓળખ આપતાં સંતોએ કહ્યું: 'આ માણાવદરના છગનભાઈના દીકરા.'

'એના બાપુજીનેય ઓળખું. એના બાપા ભગવાનજીને પણ જોયેલા ને એના બાપા ઠાકરશીને પણ જોયેલા.' ચાર પેઢી સુધી સ્વામીશ્રી સડસડાટ પહોંચી ગયા ત્યારે કો'ક બોલ્યું: 'આ લક્ષ્મણભાઈને પણ દીકરો છે.'

'એમ ? તો લાવજો એને દર્શને. એનેય જોઈ લઈએ એટલે કહેવા થાય ને કે પાંચ પેઢી જોઈ છે !' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓનો આ પાંચ પેઢીનો પ્રેમ દેશી-વિદેશી સૌ સત્સંગીઓને બાંયધરી આપી ગયો કે *'અમે ફરીએ દેશ સહુ, પણ તમે વા'લા મને બહુ...'*

## આપણી બધી યોજનાઓ મોટી હોય છે

નૂતન યોગી આશ્રમમાં સ્વામીશ્રીના નિવાસની દીવાલો પર લગાડેલી વિવિધ તસવીરોમાં એક છબી સ્વામીશ્રીનો હાથ પકડી ચાલી રહેલા શાસ્ત્રીજી મહારાજની હતી. તેમાં સ્વામીશ્રીએ ધારણ કરેલા ધોતિયા પરથી તેઓના પૂર્વાશ્રમના પહેરવેશની વાતો નીકળતાં એક યુવકે પૂછ્યું: 'બાપા ! આપે પેન્ટ પહેરેલું ક્યારેય ?'

'ના, ચડ્ડી અને ધોતિયું જ.'

'ઉપર શું પહેરતા ?' સંતોએ પૂછ્યું.

ત્યારે સ્વામીશ્રી જણાવ્યું: 'ખમીસ. અડધી બાંયનું કે આખી બાંયનું.'

'માથે કંઈ ટોપી જેવું પહેરતા?'

'હા, કાળી ટોપી. પહેરવી જ પડે. નહીંતર માસ્તર નિશાળમાંથી કાઢી મૂકે.'

પરિધાનના આ પ્રકાર વર્ણવી સ્વામીશ્રી તા. ૨૧/૨ની સાયંસભામાં પધાર્યા ત્યારે અત્રે પસ્તી-સંકલનના પ્રકલ્પ સંબંધી પ્રસ્તુતિ થઈ રહેલી. આ પ્રોજેક્ટમાં પ્રાણ ફૂંકતાં સ્વામીશ્રીએ પણ હાકલ લગાવી કે –

"આ પસ્તીની સેવા નાનામાં નાની લાગે, તે લેવા જવામાં મોભો નડે, પ્રોટોકોલ નડે, પણ નાની સેવાથી નાના નથી થવાતું, મહાન થવાય છે. પસ્તીની સેવા મળી છે તે ભલે થોડી થાય પણ ભાવથી, શ્રદ્ધાથી કરી હોય તો ભગવાન તેડવા આવે. બીજાને હેઠા પાડી કરો તો આગળ નહીં વધાય. લોકોનું સહન કરશો તો તમારું માન આપોઆપ વધશે. સહન કરવું તે મોટી પદવી. રાષ્ટ્રપતિ ઍવોર્ડ કરતાં અનંતગણી મોટી. એ પદવી ભગવાનની છે.

અવસર સાચવી લેવો. જેમ કોઈ દીકરો પરણવા ગયો હોય ને લગ્નના માંડવે બૈરાં વરના બાપનાં ગીત ગાય, પણ એવાય સાંભળી લે. વિચાર કરે કે 'જે ભાંડવું હોય તે ભાંડો પણ વીસ વર્ષની છોકરી લઈને ઊપડવું છે.' એમ પસ્તી લેવા જતાં કોઈ ગમે એમ બોલે, પણ બીજો સંકલ્પ ન કરવો. વેસ્ટમાંથી બેસ્ટ! ભગવાન ને સંત પણ એવું જ કાર્ય કરે છે. ભાવડા પકડી લાવી માણસ બનાવે ને માણસમાંથી મુક્ત! આપણે પસ્તી ભેગી કરવાની વાત પણ કિલોમાં નહીં, ટનબંધ કરો. આપણી બધી યોજનાઓ મોટી હોય છે, તો આ નાની ન રાખવી. ટનની વાતો કરવી, ઓછી નહીં."

*'કોટિ બ્રહ્માંડ એક રોમ જેહનું...'* એવા અક્ષરબ્રહ્મની વાતોમાં સાંકડું-રાંકડું ક્યાંથી સંભવે? તેથી સ્વામીશ્રીની આજની બળભરી વાતોને શ્રોતાઓએ જયનાદ ગજવતાં વધાવી લીધી.

## સંકુલના પાયામાં સિદ્ધાંતની શિલા

પસ્તી-સંકલનની સભા બાદ ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ વંચાતા યોગીજી મહારાજના જીવનચરિત્ર અંગે એક સંતે અહોભાવ ઉચ્ચાર્યો કે 'આ જીવનચરિત્ર અદ્‌ભુત છે!'

'અદ્‌ભુત છે એટલે જેની વાત કરાય નહીં!' સમર્થન આપતાં આટલું

કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'આની અંદર મજા એટલા માટે આવે છે કે આની અંદર આઘું-પાછું જરાય નહીં. યોગીજી મહારાજ જે શબ્દ બોલ્યા એ જ સીધેસીધું. એની એ જ વાત નોંધાઈ છે.'

ગુરુચરિત્ર પર પ્રમાણભૂતતાની આ મહોર મારતાં સ્વામીશ્રીએ તા. ૨૪/૨ની સવારે અમદાવાદના નૂતન મંદિર-સંકુલનો વાસ્તુવિધિ કર્યો. આ પ્રસંગે તેઓએ ગુલાબી પથ્થરમાંથી કંડારાયેલા નવનિર્મિત પ્રવેશદ્વારની દ્વારશાખનું પૂજન કરી વડીલ સંતો દ્વારા શ્રીફળ વધેરાવ્યું. તે પછી સ્વહસ્તે સુવર્ણસૂત્ર છોડનારા સ્વામીશ્રીએ પોતાનાં કરકમળોમાં અમૃતકળશ ધારી પ્રાંગણમાં પ્રવેશ કર્યો ત્યારે હજારો હરિભક્તોએ ગગનભેદી જયનાદો કર્યા. તે ઝીલતાં સ્વામીશ્રી યજ્ઞપુરુષ સભાગૃહના આંગણે ઊભેલી આરસની છત્રી પાસે આવ્યા. શ્રીજીના આ પ્રાસાદિક સ્થાનમાં તેઓએ પૂર્વમુખે ઊભા રહી ચરણારવિંદ પધરાવ્યાં. ત્યારબાદ પ્રમુખસ્વામી ઑડિટોરિયમમાં આવી વાસ્તુહોમની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમ્યું.

તે પછી આ અવસરની સાક્ષી બનેલી સોળ હજારની ભક્તમેદનીને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આજે બધાને માટે આ સંકુલ આપણે ખુલ્લું મૂક્યું છે. દેશ-પરદેશ સત્સંગ વધારવો તેની હેડ ઑફિસ અહીંયાં છે. એની સેવા મળી તે અહોભાગ્ય માનવાં. જાણે-અજાણે સેવા થઈ જાય તોપણ ભગવાન અક્ષરધામ આપે છે. જેણે-જેણે સેવા કરી છે તેને મહારાજ સુખિયા કરશે, જીવનમાં શાંતિ થશે. આ બધાં કાર્યોની પછવાડે આત્મારૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી એ આપણો સિદ્ધાંત છે.'

સ્વામીશ્રી દ્વારા સંપન્ન થતા નાના-મોટા કોઈ પણ કાર્યના પાયામાં આ સિદ્ધાંતની શિલા મુખ્ય મુકાતી. તેથી જ તેઓ વડે હાથ ધરાયેલા પ્રત્યેક પ્રકલ્પ પણ આત્મા જેવા જ અજર અને અમર પુરવાર થઈ રહ્યા છે.

## શાસ્ત્રીજી મહારાજનો આનંદ

નવનિર્મિત મંદિર-સંકુલના ઉદ્‌ઘાટન બાદ તા. ૨૪/૨ની સાયંસભામાં સ્વામીશ્રીએ આ નિર્માણના સહયોગીઓને સન્માન્યા. તે પછી તેઓ રોજ સંકુલના વિવિધ વિભાગોમાં પગલાં પાડતા. આ ક્રમમાં તેઓએ તા. ૨૫ અને ૨૬ના રોજ ધર્મસદન તથા તા. ૨૭/૨ની સવારે ભક્તિસદનને પ્રસાદીભૂત કર્યું.

એ જ રીતે તા. ૨૯/૨ની સાંજે સિવિલ હૉસ્પિટલમાં પધારેલા

સ્વામીશ્રીના વરદહસ્તે ગુજરાતની જનતાના લાભાર્થે નૂતન MRI સેન્ટરનું ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગે હૉસ્પિટલના સંકુલમાં જ આવેલા અસ્મિતા ભુવનમાં સૌને અધ્યાત્મ-આરોગ્યનો સદ્‌બોધ સંભળાવી સ્વામીશ્રી મંદિરે આવી પહોંચ્યા.

અહીં તા. ૧/૩ની સવારે તેઓ યોગીજી મહારાજની દેરીએ દર્શન કરી રહેલા ત્યારે એક હરિભક્તે અચાનક પૂછ્યું : 'બાપા ! આપના મુખારવિંદ પર આનંદ આનંદ છે. શેનો આનંદ છે આટલો બધો ?'

'શાસ્ત્રીજી મહારાજનો આનંદ છે !' કેફમાં બોલી સ્વામીશ્રી આગળ વધી ગયા.

આમ, ગુરુના સુખમાં જ રસબસ તેઓએ તા. ૩/૩ની સવારે ભુવાલડીના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. તે દ્વારા ગામવાસીઓની ભક્તિ સાર્થક કરી અમદાવાદ પરત ફરેલા સ્વામીશ્રીએ અહીંની સાયંસભામાં જણાવ્યું કે 'આજે લાખોની સંખ્યામાં ભક્તો થયા તેનું કારણ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો દાખડો છે. જેમ ધૂળધોયા બે ટન ધૂળ ધૂએ ત્યારે ચપટીક સોનું મળે, એમ ભગવાન ને સંત હજારોને કથા કરે તેમાં પાંચ આવી જાય ને એ પાંચ એવા પાકે કે બીજા સોને કે હજારોને સત્સંગ કરાવી દે.'

ગુરુજનોની આ શ્રદ્ધાનો વારસો યથાર્થ ઝીલનારા સ્વામીશ્રી તા. ૪/૩ની સવારે મંદિર પર દર્શને પધાર્યા ત્યારે ગણપતિના દેરા પાસે પૂજારી ખુશાલકાકાએ આજની શિવરાત્રિ નિમિત્તે તેઓ સમક્ષ બીલીપત્ર તથા જળઝારી ધર્યાં. તે વખતે એક સંતે કહ્યું : 'બાપા ! આપ તે પ્રસાદીભૂત કરી દો, પછી વડીલ સંતો પૂજન કરી લેશે.'

પરંતુ સ્વામીશ્રી તે પૂજોપચાર લઈ 'આપણે ચઢાવી દઈએ, મહારાજ રાજી થાય,' કહેતાં સ્વયં દેરામાં પ્રવેશ્યા અને નીચે ઝૂકી શિવલિંગ પર બીલીપત્ર ચઢાવી જલધારા કરી. દરેક ક્રિયા પાછળ શ્રીજીમહારાજને રાજી કરવાનું કેવું અનુસંધાન !

## પ્રમુખસ્વામીજી રોજ 'ગીતા' જીવે છે

તા. ૬/૩ની સાંજે અમદાવાદથી વિદાય લઈ સ્વામીશ્રીએ નરોડાની ઔદ્યોગિક વસાહતમાં આવેલા સંસ્થાકીય વર્કશોપમાં પગલાં પાડ્યાં.

અત્રે શિકાગોના મંદિરની કાષ્ઠનિર્મિત હવેલીના કામકાજ પર દૃષ્ટિ કરતાં તેઓ હિંમતનગર થઈને તા. ૭/૩ની સવારે કિશોરપુરા પધાર્યા. અહીંના ભક્તોએ સેવા-સમર્પણથી તૈયાર કરેલા મંદિરમાં સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં સર્વત્ર આનંદની લહેર ફરી વળી.

બ્રહ્મના આ આનંદની અનુભૂતિથી બે વર્ષ પૂર્વે આંદોલિત થયેલા હાર્ટ સર્જન ડૉ. સુબ્રહ્મણ્યમ્ આજની સાંજે દર્શન માટે હિંમતનગર આવી પહોંચ્યા. અહીં તેઓ સ્વામીશ્રીને મળતાંવેંત બોલી ઊઠ્યા: ‘હું ભારત આવ્યો તેમાં મોટામાં મોટી ભેટ એ આપને મળ્યો તે છે!’

તેઓના આ અહોભાવનો પ્રતિભાવ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: ‘આપ ભારતમાં ઓછા સમય માટે આવ્યા છો. તેમ છતાં અહીં સુધી મળવા આવ્યા તે આપનો અમારા પ્રત્યેનો પ્રેમ બતાવે છે. અમદાવાદ જેવા શહેરમાં તો બરાબર છે, આ તો નાના ગામમાં આવ્યા!!’

આ આશ્ચર્ય ડૉ. સુબ્રહ્મણ્યમ્ સાથે આવેલા ડૉ. અતુલ ચોકસી પણ અનુભવી રહેલા. અમદાવાદની ક્રિષ્ના હાર્ટ હૉસ્પિટલના આ નિર્માતા સ્વયં કાર્ડિયોલોજિસ્ટ હોવાને નાતે ડૉ. સુબ્રહ્મણ્યમ્‌ની પ્રખ્યાતિ અને પ્રવૃત્તિથી પરિચિત હતા. તેઓએ જ ડૉ. સુબ્રહ્મણ્યમ્‌ને અમદાવાદ બોલાવેલા. છતાં આજે લાંબી ખેપ ખેડી સ્વામીશ્રીને મળવા તૈયાર થયેલા તેઓને જોઈ ડૉ. ચોકસીએ કુતૂહલ વ્યક્ત કરેલું ત્યારે ડૉ. સુબ્રહ્મણ્યમે કહેલું: ‘તમે જે ભગવદ્-ગીતા રોજ વાંચો છો, તે ગીતા પ્રમુખસ્વામીજી રોજ જીવે છે! તેથી મને તેઓનું આકર્ષણ રહે છે.’

સ્વામીશ્રી વિષેનો ડૉ. સુબ્રહ્મણ્યમ્‌નો આ અભિપ્રાય શ્રી ચોકસીને વિસ્મિત કરી ગયેલો. આ અચરજ હજી તો શમ્યું નહોતું ત્યાં જ ડૉ. સુબ્રહ્મણ્યમ્ બોલ્યા: ‘સ્વામીજી! આપ ગમે ત્યાં હો ને મને ખબર પડે કે ‘તમે ત્યાં છો’, તો મને ગમે તેટલી તકલીફ પડે, ગમે તેટલું અંતર હોય છતાં હું આવીશ!’

એક વિશ્વપ્રસિદ્ધ તબીબનો આ નિર્ધાર *‘મોટા મોટાને જીતી લીધા...’* જેવું સ્વામીશ્રીનું વ્યક્તિત્વ છતું કરી ગયો.

## શરીરની નહીં, સત્સંગીની સંભાવના

તા. ૮/૩ના રોજ હિંમતનગરથી હિંમતપુર પધારેલા સ્વામીશ્રીએ અહીંના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

સામાન્ય સ્થિતિના સત્સંગીઓની અસામાન્ય ભક્તિથી નિર્માણ પામેલા આ મંદિરને ચેતનવંતું કરી તેઓ ખેડબ્રહ્મા પહોંચ્યા.

અત્રે મંદિરના આંગણે જ યોજાયેલી આજની સાયંસભામાં આદિવાસી ભક્તોએ સ્વામીશ્રીને ઉમંગભેર વધાવ્યા. આ સમયે તેઓના ભજનમાં ગુંજેલી અંતિમ પંક્તિ *'હરિ ભજી ઊતરો પાર...'*ને જ દોહરાવતાં સ્વામીશ્રી આશીર્વાદમાં બોલ્યા : 'આદિવાસીને આપણે કહેવું પડે કે 'તમે ભજન કરો.' એને બદલે એ આપણને કહે છે એ સત્સંગનો પ્રતાપ ! તેઓનાં વ્યસનો મુકાઈ ગયાં ને તેમાંથી જે પૈસા બચે તે ભગવાનને આપે છે. આપણે સામેથી એમને આપવાની વાત હોય, પણ એને બદલે એમને આવો વિચાર આવે છે તે સત્સંગનો પ્રતાપ !'

આ પ્રતાપને વિશ્વભરમાં વિસ્તારનારા સ્વામીશ્રી સભા બાદ ઉતારે પધાર્યા, પરંતુ અહીં તા. ૯/૩ની સવારે ચાર વાગ્યે તેઓના શરીર પર ઠંડીના હથિયાર સાથે હુમલો કરનારો તાવ ૧૦૨ ડિગ્રીના પારાએ પહોંચી સ્વામીશ્રીની કાયાને કાંતવા લાગ્યો. તેની સામે મોરચો માંડી બેઠેલાં બે હીટરો ઠંડીને ધકાટવાના પ્રયાસમાં લાલઘૂમ બની ગરમી વેરવા લાગ્યાં. આવી પરિસ્થિતિમાં પણ ઢળેલાં પોપચે, દંતવિહીન મુખે, શાલ અને ટોપી ધારી સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા પૂર્ણ કરી. ત્યારબાદ માંદગીને કારણે તેઓ કેવળ બે-ત્રણ ચમચી રાબ માંડ પી શક્યા અને તરત પોઢવા માટે પલંગ પાસે આવ્યા.

પરંતુ અહીં એકદમ અટકી જતાં તેઓએ સ્થાનિક સંતો સમક્ષ ચિંતા વ્યક્ત કરી કે 'મોડાસાનું કેમનું થશે ? ગયા વખતે પણ જઈ શક્યા નહોતા.'

૧૦૨ ડિગ્રી તાવમાંયે સ્વામીશ્રીનું મન શરીરની નહીં, પણ સત્સંગીની સંભાવના પર કેન્દ્રિત થયેલું !

તેથી જ બીમારીના સમાચાર જાણી અમદાવાદથી દોડી આવેલા ઈશ્વરચરણદાસ સ્વામી તથા ડૉક્ટરોએ જ્યારે વિનંતી કરી કે 'સ્વામી ! આપનું સ્વાસ્થ્ય સારું નથી તો આપ આગળનો કાર્યક્રમ કેન્સલ કરીને ગાંધીનગર મુકામે આરામ માટે પધારો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ડૉક્ટર(એ. બી. પટેલ)ને ત્યાં (મોડાસામાં) પારાયણ છે ને ! મારું કહેવું છે કે બે દિવસ હું અહીં આરામ કરું. છેલ્લે દિવસે ત્યાં પારાયણની પૂર્ણાહુતિ કરીને ગાંધીનગર જતા રહીશું.'

સ્વામીશ્રીની મમતા માંદગીને તાબે થવાના મિજાજમાં નહોતી,

પરંતુ સંતોએ હરિભક્તોનો પ્રસંગ સાચવી લેવાની વૈકલ્પિક વ્યવસ્થાઓ જણાવી ગાંધીનગર જવા આગ્રહ જારી રાખ્યો ત્યારે સ્વામીશ્રીએ મોડાસા ફોન જોડાવ્યો. તેમાં તેઓએ દિલગીરી સાથે પારાયણના યજમાનોને કહ્યું: 'આ જરા તાવ આવી ગયો છે અને અમદાવાદથી આવેલા ડૉક્ટરોની ઇચ્છા છે કે ગાંધીનગર જઈ આરામ કરવો, એટલે આપને ત્યાં આવવાનું ન થતાં દુઃખ થાય છે. તો આપ બધા રાજી રહેજો. પારાયણ સારી થઈ જાય તે આશીર્વાદ છે.'

આ ખેદ અને ખેવના સાથે સ્વામીશ્રી તા. ૯/૩ની સાંજે સાડા પાંચ વાગ્યે ગાંધીનગર જવા ઉતારામાંથી બહાર આવ્યા. અત્યારે મંદિરનાં પાછલાં પગથિયેથી ઠાકોરજી પાસે જવાનું હતું, પરંતુ એ ચાર-પાંચ પગથિયાં પણ સ્વામીશ્રી એકસાથે ચઢી ન શક્યા. એક-એક પગથિયે અટકતાં તેઓ ધીમે-ધીમે ચઢ્યા. અશક્તિની આ એંધાણી જોઈ ભક્તો દ્રવી ઊઠ્યા.

આવા સંજોગોમાંય ભાવપૂર્વક દર્શન કરી નીકળેલા સ્વામીશ્રી ઈડર પહોંચ્યા ત્યારે કચરાભાઈને મળ્યા. આ હરિભક્તના ઘેર આજે ઠાકોરજી જમાડવાના આયોજન પર માંદગીએ પાણી ફેરવી દીધેલું. જો કે સ્વામીશ્રીએ ૧૧ સંતોને આ કાર્યક્રમ માટે મોકલી ટાણું તો સાચવી જ લીધેલું. છતાં મનમાં રંજ અનુભવતા તેઓએ આ ભક્તને કહ્યું: 'રાજી રહેજો. તબિયતને હિસાબે આવી શકાયું નથી.'

આવી જ દિલસોજી દર્શન માટે ઊમટેલા ઈડરના અન્ય સત્સંગીઓ સમક્ષ પણ વ્યક્ત કરી સ્વામીશ્રી આગળ વધ્યા.

આ મુસાફરીમાં ૬:૧૦ વાગ્યે હિંમતનગરને વીંધતી તેઓની ગાડી ગતિ કરી રહેલી. તે વખતે જ સ્વામીશ્રીએ ડાબી તરફ ખુલ્લો ચોક જોતાં ગાડી તે બાજુ લેવડાવી. તેઓની આ ક્રિયાનો કોઈ હજી તાળો મેળવે તે પહેલાં તો સ્વામીશ્રીએ ગાડી ઊભી રહેતાં જાતે જ દરવાજો ઉઘાડી ઊલટી કરી. ઉપરાછાપરી ત્રણેક ઊલટી થતાં તેઓની આંખોમાં પાણી ભરાઈ આવ્યું. મુખારવિંદે પણ લાલાશ પકડી લીધી. અંતે સુવાણ થતાં કોગળા કરી પુનઃ પ્રવાસ આરંભનારા સ્વામીશ્રી થોડા આગળ ગયા ત્યાં જ રસોડાના સંતોને લઈ નીકળેલી ગાડી તેઓની નજરે ચડી. તે ખોટકાઈ જતાં રસ્તાની એક કોરે ઊભી હતી. તે જોઈ સ્વામીશ્રીએ પણ ગાડી થોભાવી અને ઠાકોરજીનો થાળ કરનારા સંતને પોતાની મોટરમાં આવી જવા કહ્યું. સ્વામીશ્રીને પોતાનું શરીર

સચવાય તે કરતાં ઠાકોરજીનો સમય સચવાય તેનું વિશેષ તાન હતું.

આમ, બીમારીમાંયે ભક્ત અને ભગવાનની જ ચિંતા કરતા તેઓ સાંજે સાત વાગ્યે ગાંધીનગર પહોંચ્યા ત્યારે પણ શરીરનો તાવ ૧૦૦ ડિગ્રીનો આંક સૂચવતો હતો. તેથી દર્શન બાદ સ્વામીશ્રીને તાત્કાલિક પોઢાડી દેવામાં આવ્યા.

## રવિસભાનો ખટકો

ગાંધીનગર પધારેલા સ્વામીશ્રી તા. ૯/૩ની રાત્રે ૯:૩૫ વાગ્યે જાગીને ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે ચાલી રહેલી પ્રાસંગિક વાતોમાં એક સંત બોલ્યા : 'કોઠારી સ્વામી મમત્વ બહુ રાખે, પણ બીજું બધું ઘણું જતું રહે.'

'એ આપણે નહીં જોવાનું. આપણે પોતે પોતાનું જોવાનું. આમ બધું જતું હોય તો ભલે ને જતું.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું :

"શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'એ મારે માથે નહીં! મારે સાચવવું એ મારી ફરજ.' શાસ્ત્રીજી મહારાજ ધોતિયાનાં દાંડિયાં કરે, કાગળના દોરા લે, ત્યારે ઘણા કહેતા કે 'બીજું ઘણું બધું જાય છે તેનું શું?' ત્યારે સ્વામી કહે : 'એ મારે માથે નથી. મારે તો પોતાનું જોવાનું.'

ઠાકોરજીનું છે એટલે જેટલું થાય તે કરવું. જે બગાડ કરે તેને ભોગવવાનું. સમય આવ્યે મોતી ભેડી નાંખવાં, પણ જરૂર વગરનું હોય ત્યાં મોતી ન ભેડવું. જરૂર હોય તો લાઇટો બાળો, પણ જરૂર ન હોય તો એક નાનો બલ્બ પણ ન બાળો. એટલે આ દૃષ્ટિ શાસ્ત્રીજી મહારાજની હતી. મંદિરો કર્યાં ત્યારે સારંગપુરનું મંદિર ધબધબાવીને ઊંચું કરી નાંખ્યું. ભગવાનનું મંદિર છે એટલે એના માટે વાંધો નહીં, પણ આપણું પોતાનું હોય ત્યાં વધારે પડતું હોય તો ન થવું જોઈએ."

કરકસરનો આ વિવેક શીખવનારા સ્વામીશ્રીની ખબરઅંતર પૂછવા રાજ્યના કેટલાય મંત્રી-મહાનુભાવો, સચિવ-શ્રેષ્ઠીઓની અવરજવર મંદિરે ચાલતી રહી. તે પૈકી મુખ્યમંત્રીના અંગત સચિવ શ્રી પી. કે. લહેરીએ સ્વામીશ્રીને કહ્યું : 'મેં સંસ્થાની વેબસાઇટ જોઈ. બહુ અદ્ભુત છે. બધું સાયન્ટિફિક કામ ચાલી રહ્યું છે.'

આ જ રીતે અન્ય એક સચિવ શ્રી વર્મા બોલ્યા : 'દરેક મહાપુરુષને એક પર્સનલ ટાઇમ (અંગત સમય) હોય છે. તે આખો દિવસ બધું કામ કરે, પણ એવો એક પર્સનલ ટાઇમ રાખ્યો હોય. પરંતુ આપને તો પર્સનલ ટાઇમ

જેવું છે જ નહીં! બધી જ ક્રિયાઓ બીજાને માટે છે.'

દરેક વ્યક્તિના ગજવામાં ગૌરવ અને ગરિમા માપવાના ગજ જુદા જુદા હોય; પરંતુ વિશેષતા એ રહેતી કે એ પ્રત્યેક ગજથી માપવા જતાં સ્વામીશ્રી હંમેશાં દિગ્ગજ જ જણાતા.

આવા તેઓએ તા. ૧૨/૩ની સાંજે છ વાગ્યે સ્થાનિક વ્યવસ્થાપકને કહ્યું: 'આજે સભામાં જવું છે. અત્યારથી ત્યાં કહેવાની જરૂર નથી. દર્શન કરવા જઈએ ત્યારે સોફો ગોઠવી દેજો. અત્યારે જશો તો સભામાં હો હો થશે.'

કોઈને લેશ ખલેલ પહોંચાડ્યા વિના કામ કરવાની સ્વામીશ્રીની વૃત્તિ. તે મુજબ તેઓ સાત વાગ્યે સભામાં પધાર્યા ત્યારે અહીં શ્રોતાવર્ગમાં તો *'આનંદ ઊલટો અંગ ન માયે...'*નો ઘાટ સર્જાઈ ગયો. લગભગ અડધો કલાક સુધી સ્વામીશ્રી સભામાં બિરાજી કથાશ્રવણ સાથે સૌ પર અમૃતદૃષ્ટિ વેરતા ગયા. આ રીતે સભા સમાપ્ત કરી તેઓ ઉતારે આવ્યા ત્યારે બોલ્યા: 'જોગી મહારાજની રવિસભાની આજ્ઞા પળાઈ ગઈ. હરિભક્તોનાં દર્શન થયાં. હરિભક્તો રાજી થયા.'

બીમારીમાં પણ રવિસભામાં હાજર રહેવાનો સ્વામીશ્રીનો આ ખટકો સૌના મુખેથી 'વાહ...' બોલાવી ગયો.

## ડૉક્ટરો શરીરનું કરે, અમે આત્માનું કરીએ

તા. ૧૩/૩ની સવારે સ્વામીશ્રી સમક્ષ વંચાઈ રહેલા સામયિક 'પ્રકાશ'માં સંસ્થાના પશુધને રાષ્ટ્રીય પશુ પ્રદર્શનમાં મેળવેલી સર્વોચ્ચ સિદ્ધિઓની વિગત આવતાં સ્વામીશ્રી બોલ્યા: 'સંતો જે ક્ષેત્રમાં કામ કરે છે તેમાં સફળ બને છે.'

આ સાંભળી કો'કે સ્વામીશ્રીને કહ્યું: 'ભૂતનાથ પાડો અવસાન પામ્યો ત્યારે આપે સાત પાનાંનો આશ્વાસનપત્ર ગૌશાળાના વ્યવસ્થાપક પર લખેલો!'

'શોક તો કરવો પડે ને! પશુ પર પ્રેમ હોવો જોઈએ, તો તે સચવાય.' સ્વામીશ્રી બોલ્યા. તેઓની સ્નેહવર્ષાથી અબૂધ ઢોર પણ કોરાં ન રહેતાં.

આ હેતની હેલી આજની સાંજે સંતો પર પણ વરસી રહી. આ સમયે અક્ષરધામના પરિસરમાં આવેલા વાંસના વનમાં ભજન-ભોજનનો કાર્યક્રમ યોજાયેલો. તેમાં વાનગી અને વહાલ પીરસી-પીરસાવી સૌને તૃપ્ત કર્યા બાદ ઉતારે પધારેલા સ્વામીશ્રીને મળવા તા. ૧૬/૩ની સાંજે અમેરિકાવાસી

હરિભક્તો શ્રી પ્રફુલ્લભાઈ રાજા, મયૂરભાઈ વગેરે આવ્યા. તેઓ તબિયતના સમાચાર પૂછતાં બોલ્યા : 'સ્વામી ! આપ ડૉક્ટરોને સેવા આપો છો.'

'ડૉક્ટરો (અમારા) શરીરનું કરે. અમે એના આત્માનું કરીએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ અનુભવ તેઓની સારવાર કરનારા પ્રત્યેક તબીબનો. સ્વામીશ્રીના ઔષધ-ઉપચાર કરી દાક્તરો આત્મિક ઉન્નતિ અવશ્ય અનુભવતા.

સ્વામીશ્રીના સંગે આવો આધ્યાત્મિક ઉત્કર્ષ પામેલા સ્થાનિક ભક્તોએ તા. ૧૭/૩ની સાયંસભામાં ઠાકોરજીની સુવર્ણતુલા કરી સ્વામીશ્રીને પ્રસન્ન કર્યા. ભક્તિમાર્ગની આ પુષ્ટિ માટે સ્વામીશ્રી તા. ૧૮/૩ની સવારે ભોયણ રાઠોડના પરાના નૂતન સંસ્કારધામની મૂર્તિઓમાં પ્રાણ પૂરી આજની સાંજે સારંગપુર જવા નીકળ્યા.

આ મુસાફરીમાં સવા છ વાગ્યાના સુમારે જ્યોતયાત્રા લઈ સારંગપુર તરફ જતા અમદાવાદના ગ્રામ્ય વિસ્તારના ત્રીસેક યુવકો સ્વામીશ્રીની નજરે ચડ્યા. તેઓને આશીર્વાદ આપવા ગાડી થોભાવનારા સ્વામીશ્રીએ યુવાનો સાથેની વાતચીતમાં જાણ્યું કે 'ચાર કિશોરો દોડવામાં પાછળ રહી ગયા છે.' તેથી તેઓ એ દોડવીરોની રાહ જોતાં થોડું વધુ રોકાયા. છતાં પેલા કિશોરો ન આવતાં સ્વામીશ્રી લગભગ ૩૦૦ મીટર સુધી પોતાની ગાડી રીવર્સમાં લેવડાવી તેઓની સામા ગયા !

૪૦,૦૦૦થી વધુ હરિભક્તોની હાજરીમાં થનારો ફૂલદોલોત્સવ ઊજવવા જઈ રહેલા સ્વામીશ્રીએ સરેઆમ રસ્તા પર કરેલી ચાર તરુણોની આ દરકાર જોઈ સૌ ગાઈ ઊઠ્યા : *'જુઓને આ ભક્તવત્સળ ભગવાન, જાએ કૃપા કરી ભક્તને બારણે...'*

## સંતો સુણો અક્ષરની મોટાઈ રે

તા. ૨૦/૩ના રોજ સ્વામીશ્રીની નિશ્રામાં સારંગપુર ખાતે ઊજવાયેલા ફૂલદોલોત્સવ પ્રસંગે સંસ્થાના ૧૫ સંતો બોચાસણથી છપૈયા સુધીની ૧,૩૪૦ કિ.મી.ની પદયાત્રા પૂર્ણ કરી અહીં પહોંચેલા. આ યાત્રાનાં પ્રારંભ અને પૂર્ણાહુતિમાં મહંત સ્વામીની પ્રેરક ઉપસ્થિતિ પણ રહેલી. તેઓ સહિત સૌ પદયાત્રી સંતો પર સ્વામીશ્રીએ રંગની સાથે પ્રસન્નતા વરસાવી. આ રાજીપાનો રંગ એ ૩૧૦ યુવકો પર પણ ઊડ્યો કે જેઓ રાજકોટથી સારંગપુર

સુધીનું ૧૪૦ કિ.મી.નું અંતર ૮૭,૦૦૦ દંડવત્ દ્વારા કાપીને આવેલા.

આવું જ એક ભક્તિઅર્ઘ્ય ધરતાં તા. ૨૭/૭ની સવારે ભાવનગરના હરિભક્ત શ્રી ગોપીનાથભાઈએ શ્રીજીમહારાજનાં પ્રાસાદિક ચરણારવિંદ સ્વામીશ્રીને અર્પણ કર્યાં. તે સમયે તેની પર લખેલું લખાણ મોટેથી વાંચતાં સ્વામીશ્રી બોલ્યા: *'આ ચરણારવિંદ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય સદ્ગુરુ યોગેશ્વરદાસજીએ તેમના શિષ્ય સ્વામી વિજ્ઞાનદાસને આપેલાં તે...'*

આ રીતે લેખ વાંચીને સ્વામીશ્રીએ કહ્યું: 'સારું, મારા ભૈ! ચરણારવિંદ પાછાં મૂળ એના સ્થાને આવી ગયાં.'

તેઓના આ ઉદ્ગારમાંથી *'એવા ગુણાતીતાનંદ આજ, પ્રગટ ગુરુરૂપ હરિ...'*નો નાદ ઊઠી ગયો. તેનો વધુ એક પડઘો આજની પ્રાતઃસભામાં પણ ગાજ્યો.

આ સમયે અમૃતધારા વહાવતાં સ્વામીશ્રી બોલ્યા: ''સંપ્રદાયમાં બધા દરરોજ શ્રીજીમહારાજને પ્રાર્થના કરે છે કે 'તમારો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય અમને થાઓ,' પણ સમજે નહીં.''

આટલું કહી તેઓએ લોયા પ્રકરણના બારમા વચનામૃતનો સંદર્ભ આપતાં જણાવ્યું: 'અષ્ટ આવરણે યુક્ત એવાં જે અનંત કોટિ બ્રહ્માંડ તે અક્ષરના એક રૂંવાડામાં ઊડે છે. અક્ષર જે મહારાજને રહેવાનું ધામ એના એક-એક રૂંવાડામાં...'

આમ બોલી પોતાના ડાબા હાથ પરનું એક રૂંવાડું પકડીને સ્વામીશ્રીએ કહ્યું: 'આ રૂંવાડું છે ને! તેમાં અનંત કોટિ બ્રહ્માંડ રહે છે. જોઈ લો. બધું દેખાય છે?'

અતિ સહજતાથી સરી પડેલા સ્વામીશ્રીના આ શબ્દોથી સમગ્ર સભા હિલોળે ચડી ગઈ. *'અષ્ટાવરણે જુક્ત કોટિ અંડ રે, ઊડે એક રોમમાં અખંડ રે; એવું અક્ષરબ્રહ્મનું પંડ રે...'* એમ જે ગવાયું છે તે સ્વરૂપ આજે સૌ નયનગોચર કરી રહ્યા.

અલબત્ત, આ સમયે સ્વામીશ્રી 'આ તો ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી છે ને સ્વામીની વાત હતી' એમ કહી પોતાના પરભાવને છુપાવવા ગયા, પણ *'મોહ ન પામે મનમાં...'*ની સ્થિતિ ધરાવતા સંતો-ભક્તો તો સ્વરૂપ-નિષ્ઠામાં અવિચળ જ રહ્યા.

## મહિમાની વાતોમાં પડવું

તા. ૨૪/૩ની સવારે સ્વામીશ્રી નિયત ક્રમ મુજબ યોગીજી મહારાજના પ્રાસાદિક કક્ષમાં દર્શને પધાર્યા ત્યારે યોગવિજયદાસ સ્વામીએ 'યોગીવાણી' ઉચ્ચારી કે 'અભાવ-અવગુણમાં કોઈ પડશો નહીં...'

'તો ક્યાં પડવું ?' સામેથી જ આ સવાલ ઉઠાવી સ્વામીશ્રી બોલ્યા : 'મહિમાની વાતોમાં, ગુણગાન ગાવામાં પડવું. તેથી શાંતિ રહે.'

આમ, પડવાની વાતના નિમિત્તે ચડવાનો માર્ગ બતાવી આગળ વધેલા સ્વામીશ્રી આજની સાંજે સ્મૃતિમંદિરે જવા તૈયાર થયા ત્યારે નવી આવેલી ગાડીમાં બેસીને જવાની વિનંતી સેવકોએ કરી. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આવતીકાલે સવારે ઠાકોરજી લઈને બેસીશું.'

તેઓની આ રુચિ અનુસાર તા. ૨૫/૩ની સવારે મંદિરનાં પગથિયાં પાસે ગાડીને શણગારી ઊભી રખાઈ. તેમાં બિરાજમાન કરી સ્વામીશ્રીને સ્મૃતિ-મંદિરે લઈ જવા સૌ થનગની રહેલા. પરંતુ આ તૈયારી જોઈ સ્વામીશ્રીએ જણાવ્યું : 'ગાડીને સ્મૃતિમંદિરે લઈ જાઓ. ત્યાં પૂજન કરીશું.' એમ કહી તેઓ પગપાળા જ ગુરુસ્થાને ગયા.

અહીં દર્શન બાદ ઓટા પરનાં ચરણારવિંદને ચડાવેલાં ફૂલોમાંથી સાત-આઠ પુષ્પો હથેળીમાં લઈ સ્વામીશ્રી પ્રદક્ષિણા ફર્યા. તે પછી પગથિયે આવી તેઓએ ઠાકોરજીને ગાડીના બૉનેટ પર પધરાવી પૂજન કર્યું અને પોતાની સાથે રાખેલાં પુષ્પોથી તેઓને વધાવ્યા. ગાડીની પ્રત્યેક બેઠક પર પણ ઠાકોરજી પધરાવવા સેવકને સૂચના આપી. તે દ્વારા ગાડીને સમગ્રતયા પ્રસાદીભૂત કર્યા પછી જ સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે આ સુવિધા સ્વીકારી.

## હાસ્યની છોળ્યુંમાં અંતર ભીંજવે

તા. ૨૫/૩ના રોજ નીલકંઠ વર્ણીએ રામાનંદ સ્વામીને લખેલી 'પત્રી'ની દ્વિશતાબ્દી હતી. તે નિમિત્તે સભામંચ પર લોજના આશ્રમનું આબેહૂબ દૃશ્ય ખડું કરવામાં આવેલું. તેની આગળ બિરાજી પ્રાતઃપૂજા કર્યા બાદ સ્વામીશ્રીએ આજની સભામાં 'પત્રી' પર જ નિરૂપણનો પ્રારંભ કરતાં ગાયું : *'સ્વસ્તિ શ્રી ભુજનગરમાં...'*

જો કે સમય ઘણો વીતી ચૂકેલો. તેથી સંતોએ શેષ વિવરણ આવતીકાલે

કરવા વિનંતી કરી ત્યારે સ્વામીશ્રી બોલ્યાઃ 'સારું ત્યારે. બાકીનું કાલે રાખીએ. આજે 'શ્રી સ્વસ્તિ...' સુધી થયું.'

આ સાંભળી એક સંતે કહ્યું: 'શ્રી ગ...ની જેમ.'

આ લોકોક્તિ કાને પડતાં જ, 'લાવો ત્યારે એ પ્રસંગ કહી દઈએ, એક મિનિટ થશે, વધુ નહીં થાય,' કહેતાં સ્વામીશ્રીએ કથન શરૂ કર્યું કે –

''એક પંડિત ગામમાં કથા કરવા ગયા ત્યારે લોકોએ પૂછ્યું કે 'આપ ક્યા પઢતે હો?'

ત્યારે પંડિતજી કહે: 'ગીતાજી પઢતે હૈ.'

બધાએ પૂછ્યું: 'કેટલાં વર્ષથી ભણો છો?'

તો પંડિત કહે: 'એક વર્ષથી.'

તેથી લોકોએ પૂછ્યું: 'વર્ષ દરમ્યાન શું ભણ્યા?'

પંડિતજી પાસે પૂરતું જ્ઞાન તો હતું નહીં. એટલે કહે: 'અભી તક તો 'શ્રી ગ...' તક કી હી પઢાઈ હુઈ હૈ.' એટલે કે ગીતા શરૂ થતાં પહેલાં 'શ્રીગણેશાય નમઃ' લખેલું આવે. તેમાં 'શ્રી ગ...' સુધી જ પહોંચ્યો છું.'

એમ આપણે આજે 'શ્રી સ્વસ્તિ...'માં પ્રવેશ થઈ ગયો.''

તેઓના આ પ્રસંગ-કથનથી સભામાં રમૂજની છોળ્યો ઊછળી રહી. તેમાં સૌને ભીંજવતાં સ્વામીશ્રી સભામાંથી વિદાય થયા.

## સેવકની ચિંતા કરે રે જી

સારંગપુરમાં સ્વામીશ્રીના નિવાસસ્થાનની પાછળ આવેલું ઉદ્યાન આ અરસામાં મોગરાની સુવાસથી મઘમઘતું હતું. આ સુગંધમાં શોભાની અભિવૃદ્ધિ કરતી નાળિયેરીઓ હવામાં લહેરાઈને વાતાવરણને વધુ સુરમ્ય બનાવતી. તેથી તા. ૨૫/૩ની સાંજે સંતોએ સ્વામીશ્રીને કહ્યું: 'અહીં એક વાર આપનું રાત્રિભોજન ગોઠવીએ.'

'પણ ત્યાં મચ્છર કેટલા હોય છે તે તો જુઓ!'

'એ તો આપની બે બાજુ બે સંતો બેસે તે ઉડાડ્યા કરશે. વાંધો નહીં આવવા દઈએ.'

'પણ સામે બેઠેલાનું શું? તેઓને મચ્છર ન કરડે?' સ્વામીશ્રી બોલ્યા.

આમ, *'સેવકની ચિંતા કરે રે જી...'*ની શૈલીથી રહેતા તેઓ સમક્ષ આજની રાત્રે સંસ્થા-સંચાલિત વૉટરશેડ યોજનાનો કાર્યભાર સંભાળતા

ઇજનેર શ્રી પ્રતાપરાય ભટ્ટે સૌરાષ્ટ્રમાં વિકટ બનેલા જળસંકટની માહિતી આપી. તે સાંભળી સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'આજે ઘણા નેતાઓ અંદરોઅંદર ઝઘડ્યા કરે છે. પ્રજામાં જાગૃતિ નથી લાવતા કે 'પાણી બચાવો.' યોજનાઓ માટે પોતાના ગજવામાંથી પાંચ રૂપિયા આપવા જોઈએ તેના બદલે પાણી માટે સરકાર પૈસા આપે તે ખાઈ જાય એ કેટલી નાદારી કહેવાય! દેશભરમાં કરોડો રૂપિયા ખર્ચાયા છતાં ચોથા ભાગનું પણ કામ થયું નથી. જો નાણાંનો વ્યવસ્થિત ઉપયોગ થયો હોત તો દેશ ક્યાંય આગળ વધી ગયો હોત. તેના બદલે ઢગલો દેવું થઈ ગયું છે. તે પૂરું કરવા કરનો બોજો નાંખ્યા કરે છે.

પ્રજા પણ અત્યાર સુધી ગુલામ રહી તેથી વિચારી નથી શકતી. ભગવાને બધું જ આપ્યું છે પણ પ્રજા પ્રયત્ન જ નથી કરતી. 'સરકાર કરશે તે થશે' તેમ માને છે. પ્રજા સમજતી નથી કે સરકાર પણ આપણા પૈસે જ કામ કરે છે. સામાન્ય કામમાં સરકાર પર આધાર ન રાખવો જોઈએ. હવે પ્રજાએ જાગ્રત થવું પડશે. વ્યસનમાં પણ માણસ જાગ્રત નહીં થાય ત્યાં સુધી બંધ નહીં થાય. માણસ નક્કી કરશે ત્યારે બધું જ જશે, પણ આજે પ્રજા નમાલી થઈ ગઈ છે. વિચરણ કરતા સંતોએ સત્સંગની વાતોની સાથે-સાથે આવી જાગૃતિ આવે તેવી વાતો પણ કરવી જોઈએ.'

પ્રજા અને પ્રશાસનની ખામી-મૂર્ખામી પર સ્વામીશ્રીએ આજે વેધક અવલોકન રજૂ કરી દીધું. તેઓના પરમાર્થી હૈયામાંથી દ્રવેલું આ રસાયણ સમાજ-કલ્યાણ માટે ઉત્તમ ટૉનિક બને એમ છે.

## સ્વરૂપનિષ્ઠામાં એકાંતિક ધર્મ આવી જાય

તા. ૨૭/૩ની પ્રાતઃકથામાં વચનામૃત(ગઢડા મધ્ય પ્રકરણ ૧૩)ના આધારે અધરામૃત રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

"આવાં જે વચનામૃત છે એને રોજ વાંચવાં ને વિચારવાં. અક્ષરધામમાંથી આ લોકમાં આવ્યા એટલે ખાવા-પીવાનું બધું આપણા જેવું જ હોય, એટલે શંકા થાય જ કે 'આમ કેમ કર્યું?' પણ જેને સ્વરૂપ સમજાયું છે એને ઘણી મુશ્કેલી આવી છતાં એ મૂકીને ગયા નથી. બ્રહ્માનંદ સ્વામીને એક હાથ ટાટ વધારે ન આપ્યું. 'આજે આવેલો હોય એને અને પચાસ વર્ષ પહેલાં આવેલો હોય એને સરખું જ મળશે' – એવી સરખામણી થાય ત્યારે તો ગમે

તેવો હોય એનું માથું ફાટી જાય. મહારાજને પછાડીને ચાલ્યા જાય કે ‘આ તમારી કંઠી ને કપડાં. અહીં જ કલ્યાણ છે?’ આ સ્વરૂપ સમજ્યા ન કહેવાય. ભગવાન તો સ્વતંત્ર પુરુષ છે, એને જેના પર હેત થાય એને કરે.

બીજાના પગ તળે રેલો જાય તો વાંધો નહીં, પણ પોતાના પગ તળે આવે ત્યારે ‘હરામખોર...’ એમ થઈ જાય. પણ આવો સમય આવે ત્યારે સત્સંગ છે એના કરતાં સવાયો થાય ત્યારે જાણવું જે દૃઢ છે. આપણે તો બ્રહ્માનંદ સ્વામીની આગળ કાંઈ ગણતીમાં નથી, છતાં થોડી-થોડી વાતમાં શબ્દો લાગી જાય ને ઊંચા-નીચા થઈ જઈએ. મનમાં નિષ્ઠા હોય તો શબ્દોય લાગે નહીં ને મન પાછું પણ ન પડે. પરમહંસો બધા ભગવાન થઈને પૂજાય એવા, પણ શ્રીજીમહારાજની પરીક્ષામાં પાસ થઈને એમના દાસ થઈને રહ્યા. આપણે તો સૂંઠના ગાંગડે ગાંધી થઈને બેસીએ. થોડી આવડત હોય, વાણી સારી હોય એટલે એમ થઈ જાય કે ‘મારા જેવો દુનિયામાં કોઈ સારો નથી.’ પણ આપણો કોઈ હિસાબ નથી. સ્વરૂપનિષ્ઠા કેટલી છે? ત્યાં માપ છે.

મહારાજે સમ ખાઈને વાત કરી છે ને સંતોએ પણ કહ્યું: ‘જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.’ સંતોએ વાત ઊડાવી ન દીધી. આપણને મહારાજ વાત કરે તોય વિશ્વાસ ન બેસે, પણ એમને બેઠો. એમને દૃઢતા થઈ ગઈ હતી કે શ્રીજીમહારાજ બોલ્યા એટલે સો ટકા સાચું છે! એટલી નિષ્ઠા, દૃઢતા હશે તો અક્ષરધામમાં પહોંચી જવાશે. સ્વરૂપનિષ્ઠામાં એકાંતિક ધર્મ આવી જાય.”

## કથા વારતા તે નિત્ય કરે

આ અરસામાં, સ્વામીશ્રીના સ્વાસ્થ્યની સાનુકૂળતા સાચવવા અઠવાડિયે કે પખવાડિયે એક દિવસ વિશ્રામ દિન તરીકે રાખવાની વિચારણા થયેલી. આ દિવસે જાહેરમાં પ્રાતઃપૂજા કર્યા બાદ સ્વામીશ્રીને રોજિંદી સભામાં પધારવાનું ન રહેતું. આ વ્યવસ્થા મુજબ તા. ૨૮/૩ વિશ્રામ દિન તરીકે ઘોષિત કરાયેલી. છતાં આ દિવસે રોજનો નિયત સમય થતાં વ્યવસ્થાની વાડાબંધી તોડીને સભામાં પધારેલા સ્વામીશ્રીએ પચીસ મિનિટ સુધી કથાપ્રવાહ વહેવડાવી દીધો.

આ રીતે ભગવાનની કથામાં જ વિશ્રામ પામનારા તેઓના સાંનિધ્યમાં સારંગપુરના સંતોએ શ્રીજીમહારાજની જયંતી નિમિત્તે નવ દિવસનું શ્રીહરિ પર્વ શરૂ કરેલું. તેમાં સ્વામીશ્રીનાં ભોજન દરમ્યાન રોજેરોજ થતી વિવિધ

પ્રસ્તુતિઓમાં આજની રાત્રે 'સૂરને સથવારે' નામની પ્રશ્નોત્તરી યોજાઈ. તે અંતર્ગત સંગીતના સૂરને આધારે સ્પર્ધકોએ કીર્તન ઓળખી બતાવવાનું હતું.

અત્યંત રોમાંચક બનેલા આ કાર્યક્રમમાં છેલ્લે એક કીર્તનનો સૂર વાજાપેટી પર રેલાવી સંતોએ સ્વામીશ્રીને પણ પૂછ્યું: 'આ સંગીત કયા કીર્તનનું વાગ્યું?'

*'શાસ્ત્રીજી મહારાજનો સંગ, ભાઈ! મને ભાગ્યે મળ્યો છે...'* સ્વામીશ્રીએ તરત કહી આપ્યું.

તે સાંભળી એક સંત બોલ્યા : 'સ્વામીબાપાને કેટલા માર્ક્સ આપવાના?'

'ઝીરો માર્ક.' સ્વામીશ્રીએ જ આ પરિણામ જાહેર કરી દીધું!

તેઓની જીવનવીણામાંથી ગુંજેલા વિનમ્રતાના આ સૂરથી અભિભૂત થયેલા એક શિક્ષક સંતે પ્રાર્થના કરતાં કહ્યું : 'બાપા! સંગીત શીખતા સંતો પર આપ દૃષ્ટિ કરો, જેથી સૌ સારું ભણી-ગણી આપનું નામ રોશન કરે.'

'આપણું નહીં, મહારાજનું નામ રોશન કરે.' વધુ એક વાર સ્વામીશ્રીના જીવન-સંગીતમાંથી નમ્રતાનો નાદ ગુંજી ઊઠ્યો.

## આપણી શોભા કથા-કીર્તનથી છે

તા. ૨૯/૩ની પ્રાતઃકથામાં વેળાસર આવી ગયેલા સ્વામીશ્રીએ આજે તો આગવી છટા સાથે કથામૃત પીરસવાનો પ્રારંભ કરતાં જણાવ્યું : 'કુંભારનો અખાડો હોય તેમાં માટલાં સરસ તૈયાર થાય. મલ્લના અખાડામાં મસલ્સ (સ્નાયુઓ) તૈયાર થાય...' આમ કહી તેઓ પોતાનું ગાતરિયું સહેજ ઊંચું કરી બાવડું બતાવતાં આગળ બોલ્યા :

''એમ આપણે કથા-વાર્તાનો અખાડો. તેમાં જે બેસે તેને ઠંડક થઈ જાય. આપણી શોભા કથા-કીર્તનથી છે. તે આપણાં ઘરેણાં છે. કથા-વાર્તાના શબ્દો દૃઢ થાય તો 'આ પ્રવૃત્તિ નહીં ફાવે' તેમ ન થાય. 'આ નહીં ફાવે' તે અહં-મમત્વ થઈ ગયું! કથા-વાર્તામાં બેસવાથી 'હું અક્ષર છું, બ્રહ્મ છું' એ દૃઢતા થાય પછી વાંધો ન આવે. ધોળામાં ધૂળ નાંખી સાધુ થયા પછી હવે શું પોઝિશન ડેમ (ડાઉન) થવાની છે? આપણે તો મહારાજની આજ્ઞા પળે એટલી મોટપ છે. તેને માટે જન્મ્યા છીએ, તેને માટે સાધુ-સત્સંગી થયા છીએ.

પ્રવૃત્તિમાં કથા ગૌણ થઈ જાય તેમ ન કરવું. ટાઇમ-ટેબલ બનાવી લેવું. આઠ વાગ્યે કથા થાય છે તો જમનાર, પીરસનાર, રસોઈ કરનાર

બધાએ આવી જવાનું! રોજ આ ગોળી લેવી જ પડે. ઉપાસનાનો માર્ગ રહે તે માટે પ્રવૃત્તિ કરાવી, પણ આ મૂક્યું નથી. કથામાં બોલાવવા ન પડે. પ્રવૃત્તિમાં આગળ-પાછળ કરી લેવું, પણ કથા-વાર્તા કરી લેવી. કામ હતું એટલે કથામાં ન અવાયું તે આળસ છે. સ્વામી કહે છે કે 'મોટાએ પ્રવૃત્તિમાં ન ભળવું.' એ મનસ્વી રીતે ન ભળવાની વાત છે. કામ કરી બતાવવાથી વિશેષતા નથી, પણ આજ્ઞાથી થાય તે વિશેષતા છે.'

## પ્રભુપ્રેમીનો પશુપ્રેમ

તા. ૨૯/૩ની સવારે કથારસ રેલાવ્યા બાદ ઉતારે જઈ રહેલા સ્વામીશ્રી ગોપાલક તપોધન ભગતને જોતાં જ ગૌશાળાની કાર્યવાહી પૂછવા લાગ્યા. તેમાં તેઓએ દિલ્હી ખાતે પશુ પ્રદર્શનમાં લઈ જવાયેલા નાગનાથ પાડાની બીમારી જાણી કહ્યું: 'પશુને બહુ દૂર ન લઈ જવાં. તેને કારણે બીમાર પડી જાય. આપણે લાંબી મુસાફરી કરીએ તો થાક નથી લાગતો? તેમ પશુને પણ થાય. 'ભારત કેસરી'નું ઇનામ મળી ગયું છે.[14] એટલે હવે સંતોષ માની લેવાનો. ઇનામ આવે, પણ ઢોર માંદાં થઈ જાય એનું શું? આપણે તો ગૌશાળા સ્વચ્છ રાખવી ને પશુઓની સાચવણી કરી તેને તાજાંમાજાં રાખવાં.'

સ્વામીશ્રીને પારિતોષિક પ્રત્યે નહીં, પણ પશુ પ્રત્યે પ્રેમ. તેઓની પ્રવૃત્તિમાં પ્રસિદ્ધિના ઢોલ કરતાંય ગૌશાળાના ઢોરનું મહત્ત્વ અધિક. તેની વધુ એક ઝાંખી આજના સાયંકાળે જ મળી.

આ સમયે મંદિરના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરવા નીકળેલા સ્વામીશ્રીએ ગૌશાળામાં પધારતાં પૂર્વે 'સૌનું સન્માન કરવું છે' કહી રાષ્ટ્રીય પશુ સ્પર્ધામાં વિજેતા બનેલાં પશુઓને પહેરાવવા હાર મંગાવી રાખેલા. તેમાંનો એક હાર નાગનાથ પાડાને પહેરાવી તેઓએ તેની પીઠ થપથપાવતાં આશીર્વાદ આપ્યા. ત્યારબાદ બાજુમાં ઊભેલો નાગનાથનો બાપ મણિધર પણ રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત. તેથી તેના કંઠમાં પણ સ્વામીશ્રીએ હાર આરોપ્યો.

અહીંથી તેઓ ગુંજમતી ભેંસ આગળ આવ્યા. આ જનાવરે પણ દૂધ પરખ સ્પર્ધામાં સાડા ત્રીસ લિટર દૂધ આપી વિક્રમ સર્જેલો. તેને પહેરાવવા

---

૧૪. રાષ્ટ્રીય પશુ પ્રદર્શનમાં આવેલાં ૧૪ રાજ્યોનાં ૭૪૫ પશુઓમાંથી નાગનાથ પાડાને કેન્દ્રીય કૃષિ મંત્રાલયે 'પ્રદર્શનનું શ્રેષ્ઠ પશુ' તરીકે ઘોષિત કરી 'ભારત કેસરી'નું બિરુદ આપેલું.

સ્વામીશ્રીએ હાર માંગ્યો, પણ તે બચ્યો નહોતો. તેથી કો'કે ઉકેલ સૂચવ્યો: 'નાગનાથનો હાર કાઢી લાવો.'

'ના, તે શું કરવા કાઢી લાવવાનો? બીજા હાર લઈ આવો.' સ્વામીશ્રી બોલ્યા. તેઓએ મૂંગા પશુની પણ મહાનુભાવ જેવી જ માવજત લીધી.

તેથી બીજા હાર આવ્યા ત્યાં સુધી સ્વામીશ્રી રાહ જોતાં ઊભા રહ્યા. અંતે હાર આવતાં જ તેને ગુંજમતીના ગળામાં આરોપતાં તેઓએ કહ્યું: 'મંદિરમાં આવ્યાં છે તો તેનેય હારતોરા થાય ને!'

આવું જ સન્માન સ્વામીશ્રીએ ઇનામી માણેક ઘોડી અને ગજનાથ પાડાને પણ આપ્યું. આ પાડાની પીઠ પર તો સ્વામીશ્રીએ અવાજ થાય તેમ થાપો મારી તેના વિશાળ કપાળનેય હાથ ફેરવી પસવાર્યું. આ રીતે જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે તેઓના અંતરમાં છલકાતી કરુણા આજે એક તેજસ્વી તવારીખ આંકી ગઈ.

## અંતકાળે તો અવશ્ય આવે

'તમારે જેને બોલાવવા હોય તેને બોલાવી લો. આવતીકાલે સાંજે પાંચ વાગ્યે અમે બાપુજીને લેવા આવીશું.'

તા. ૩૦/૩ના રોજ હિંમતનગરના હરિભક્ત શ્રી સેવંતીલાલને દર્શન આપી સ્વામીશ્રીએ ઉપરોક્ત આદેશ આપતાં આ સત્સંગી તો સફાળા બેઠા થઈ ગયા. તેઓના માનસપટ પર ત્રેવીસ દિવસ પૂર્વે પોતાના ઘેર થયેલી સ્વામીશ્રીની પધરામણી ઊપસી આવી. સ્વાસ્થ્યની જાળવણી માટે પધરામણીઓ પર લાગી ગયેલી પાબંદીને હજી મહિનો પણ વીત્યો નહોતો ત્યાં તો સ્વામીશ્રીએ જ સામેથી આયોજન આપેલું કે 'આપણે પ્રભુદાસ મોદીના ઘેર જવું છે.'

સૌની નામરજી હોવા છતાં સ્વામીશ્રી આ જૂના અને બીમાર ભક્તના ઘેર જઈને બેઠેલા. તેઓની આ દયાથી ગદ્‌ગદિત થઈ ગયેલા સમગ્ર પરિવારે સ્વામીશ્રીને પ્રાર્થના કરેલી કે 'બાપા! બાપુજીની માંદગી કષ્ટદાયક છે. તેઓને આપ ધામમાં લઈ જાઓ.'

આ અરજીનો નિકાલ લાવવો હોય તેમ તા. ૩૦/૩ના દિવસે સ્વામીશ્રીએ બીમાર ભક્તના પુત્રને સ્વપ્નમાં દર્શન દઈ પિતાની મુક્તિનો અણસાર આપી દીધો. તેથી તેઓ પોતાનાં સગાં-સંબંધીઓને ફોન કરી

આવતીકાલે આવી જવાનો સંદેશ આપવા માંડ્યા. આવા સમયે કો'ક વહેલા આવવાની ઉતાવળ કરે ત્યારે આ હરિભક્ત કહે: 'ના, તા. ૩૧/૩ની સાંજે પાંચ વાગ્યે સ્વામીબાપા લેવા આવવાના છે, એટલે એ પ્રમાણે જ આવજો.'

અંતિમ પ્રયાણની તારીખ અને સમયની આ ચોક્કસતા જોઈ સૌ નવાઈ પામતા.

આખરે તા. ૩૧/૩નું પ્રભાત ફૂટ્યું. આ દિવસ જેમ-જેમ ચડતો ગયો તેમ તેમ પ્રભુદાસના ઘેર સંબંધીઓ એકઠા થવા લાગ્યા. સૌની આંખોમાં અનેરી આતુરતા અંજાઈ હતી. ક્યાંય ન ભાળ્યું હોય એવું કૌતુક નિહાળવા સૌ ઉત્સુક હતા. તે સમયે દર એકાદશીએ મંદિરે થતા મહિલા મંડળના ભજનને 'આજે બાપુજી ધામમાં જવાના છે, તો અમારે ત્યાં કીર્તન-ભક્તિ કરો' કહી સેવંતીલાલ પોતાના ઘેર લઈ આવ્યા. તે અનુસાર બપોરે બે વાગ્યાથી આરંભાયેલો ભજન-ભક્તિનો દોર સાડા ચાર વાગ્યા સુધી અવિરામ ચાલ્યો.

અંતે ભજનમાં સામેલ ૬૦-૭૦ મહિલાઓને પ્રસાદ વહેંચવો શરૂ થયો. તે વખતે બીમાર પ્રભુદાસે દેહક્રિયા માટે ઇચ્છા વ્યક્ત કરતાં પુત્ર-પૌત્રોએ તેઓને એ ક્રિયા કરાવી સ્નાનવિધિ બાદ ખાટલા પર સુવડાવ્યા. આ સમયે જ અત્રે બેઠેલા એક સંબંધી બરાબર પાંચ વાગ્યાના ટકોરે બૂમ પાડી ઊઠ્યા કે 'એ માણકી ઘોડી આવી... મહારાજ આવ્યા...' આ ક્ષણે જ બીમાર પ્રભુદાસભાઈએ અંતિમ શ્વાસ લીધા.

અનેકની હાજરીમાં ઘટેલી આ ઘટના પરચો નહીં, પણ સ્વામીશ્રીનો પરિચય બની રહી. શ્રીજીમહારાજ અને સ્વામીશ્રીએ વધુ એક વાર આ પંક્તિ સાર્થક કરી કે *'અંતકાળે તો અવશ્ય આવે, એ બિરુદ કે દિ' ન બદલાવે...'*

## મનના ઘાવ રૂઝવનારા

તા. ૧/૪ની સવારે યોગીજી મહારાજના પ્રાસાદિક કક્ષમાં સ્વામીશ્રી પ્રદક્ષિણા ફરી રહેલા ત્યારે રાબેતા મુજબ સંતમુખે 'યોગીવાણી' રેલાઈ કે 'અવગુણ જોવાનો, ઝેર પીવાનો રસ્તો લેવો નહીં...'

'આ સર્વ શાસ્ત્રનો સાર આવી ગયો !'

આટલી વાક્યપૂર્તિ દ્વારા સાધનાની દિશા ચીંધી નિત્યક્રમમાં પરોવાયેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨/૪ના રોજ વલસાડ તથા કોસંબા ભાગડાના ભક્તોએ રસોઈની સેવા કરી. આ પ્રસંગે તે સત્સંગીઓનાં સેવા, સમર્પણ

અને શૂરવીરતાને બિરદાવતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમે લોકોએ મંદિર કરવામાં ઘણી-ઘણી મુશ્કેલીઓ વેઠી, છતાં મન જરાય પાછું પડ્યું નહીં. તમને બધાને તો ભગવાન આવીને અક્ષરધામમાં તેડી જશે !'

સ્વામીશ્રીના મુખેથી સરેલું આ વરદાન સાંભળી સૌ હર્ષિત થઈ ઊઠ્યા.

આવી જ લાગણી સાથે આજે સ્વામીશ્રી પાસે આવેલા ડૉ. કે. એન. આચાર્ય જામનગરમાં રહી રક્તપિત્તના દર્દીઓની સારવાર કરનારા. તેઓએ ગદ્ગદ કંઠે સ્વામીશ્રીની પૂર્વ મુલાકાત સંભારતાં કહ્યું : 'સ્વામીજી ! આજે પણ મારા દર્દીઓ આપને પ્રેમથી યાદ કરે છે. રક્તપિત્તના દર્દીને કોણ અડે ? પણ આપે સ્વહસ્તે એમને આશીર્વાદ આપ્યા તે તેઓને બહુ સ્પર્શી ગયું. સ્વામી ! શરીરના ઘાવ અમે રૂઝવીએ છીએ. આપે દર્દીઓનો સ્પર્શ કરીને એમના મનના ઘાવ રૂઝવ્યા ! આપની વાણીની દર્દીઓ પર ખૂબ સારી અસર થાય છે.'

એક તબીબના આ સ્વાનુભવમાંથી સ્વામીશ્રીનાં વાત્સલ્ય અને વિશેષતા ચમકી રહ્યાં.

## પોતાને તો ભક્તિ અતિ ગમે

સ્વામીશ્રીના સારંગપુરમાં રોકાણ દરમ્યાન નિકટવર્તી બોટાદના સત્સંગ મંડળે મંદિરનો દશાબ્દી મહોત્સવ ધામધૂમથી ઊજવ્યો. આ નિમિત્તે યોજાયેલાં યજ્ઞ, નગરયાત્રા અને ગુરુપરંપરાની આરસ-પ્રતિમાઓની પ્રતિષ્ઠાના ત્રિવેણી સંગમમાં સમગ્ર શહેર ઝબકોળાયું. આ ઉત્સવના અંતિમ ચરણરૂપે તા. ૬/૪ની સાંજે બોટાદ પધારેલા સ્વામીશ્રી અત્રે સંસ્થા-સંચાલિત હૉસ્પિટલ અને જૂના મંદિરે દર્શન કરી આપણા મંદિરે આવી પહોંચ્યા.

અહીં મૂર્તિઓનાં પૂજન-આરતી બાદ મંદિરની સામેના પટાંગણમાં ચાલી રહેલી સભામાં દસ હજારથી વધુ ભાવિકોને આશીર્વાદ પાઠવી સારંગપુર પરત ફરેલા સ્વામીશ્રી તા. ૭/૪ની સવારે વિદાય લેવા તૈયાર થયા. આ નિમિત્તે તેઓએ આજે મંદિરે અને સ્મૃતિમંદિરે છ-છ દંડવત્ દ્વારા ભક્તિ-અર્ઘ્ય અર્પણ કર્યું.

ત્યારબાદ ગઢડા પહોંચેલા સ્વામીશ્રી લક્ષ્મીવાડીમાં મહારાજના સ્મૃતિ-સ્થાને પાંચ દંડવત્ કરી સર્વ પ્રાસાદિક સ્થાનોમાં વિચર્યા. અત્રેથી તેઓ જૂના મંદિરે આવ્યા ત્યાં જ રાજભોગ આરતીનો ડંકો પડ્યો. તેથી તેનાં દર્શનનો લાભ લઈ સ્વામીશ્રી ઠાકોરજીને સાત દંડવત્ કરી અક્ષર ઓરડીએ પહોંચ્યા.

અહીં જાળી બંધ હોવાથી તેઓ બંને હાથે બારણાંના સળિયા પકડીને મુખ સાવ નજીક લાવી ઊંડે સુધી દૃષ્ટિ પહોંચાડવા પ્રયત્ન કરી રહ્યા. આ રીતે ચાતકની તૃષાથી મન ભરીને દર્શન કર્યા બાદ સ્વામીશ્રી પાંચ દંડવત્ કરી પાંચ પ્રદક્ષિણા ફર્યા.

તે પછી દરબારમાં દર્શન કરી આપણા મંદિરે પધારેલા તેઓ અત્રે પણ છ દંડવત્ દ્વારા ભક્તિભાવ દર્શાવી પ્રાંગણમાં ભરાયેલી સભામાં બિરાજ્યા. આ સમયે જલપાન કરવા સેવકે આપેલો વાટકો સ્વામીશ્રી બે હાથે પકડી એકધારો પી ગયા.

આ દર્શનક્રમના સંદર્ભમાં આજની વાળુ વેળાએ સામે બેઠેલા સંતોએ કહ્યું: 'બાપા! આજે આપે ૮૦ વર્ષની ઉંમરે ૩૫ દંડવત્ કર્યા!!'

'દંડવત્ તો કરવા જોઈએ ને! આઠ-દસ મહિને અહીં આવીએ છીએ. રોજ કરવાના હોય તો ઠીક છે. ને બધે ક્યાં કર્યા? મુખ્ય સ્થાન છે ત્યાં, મંદિરે, અક્ષર ઓરડીએ ને (લક્ષ્મી) વાડીએ કર્યા, ને વચ્ચે બધે દર્શન કરતાં કરતાં આવ્યા એટલે વિસામો મળી રહે.' આટલું બોલતાં સ્વામીશ્રીના મુખ પર ભીડો પડ્યાનું કષ્ટ નહીં, પણ ભક્તિ કર્યાનો આનંદ તરવરી રહ્યો.

પરંતુ સંતોએ જણાવ્યું: 'આપના વતી અમે દંડવત્ કરી લઈએ.'

'એ તો ખાય એની ભૂખ જાય, એમ દંડવત્ તો પોતે જ કરવા પડે.' સ્વામીશ્રીએ કહ્યું.

ભક્તિ કરવામાં તો તેઓ ૮૦મા વર્ષે પણ સ્વાવલંબી જ રહેલા.

## સંત કરુણા થકી, સકળ કારજ સરે

તા. ૧૦/૪ની સવારે ગઢડાથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી માર્ગમાં આવેલી અમરગઢની ટી.બી. હૉસ્પિટલને પાવન કરતાં ભાવનગર પધાર્યા. અહીં તેઓએ તા. ૧૨/૪ના રોજ શ્રીજીમહારાજનો ૨૨૦મો જન્મોત્સવ ઊજવી તા. ૧૪/૪ની સાંજે સુરેન્દ્રનગરને ધન્ય કર્યું.

અત્રે મંદિરની સામે જ આવેલા મેદાનમાં ગઈકાલથી સત્સંગિજીવનના પારાયણનો પ્રારંભ થયેલો. તેની સાથે સ્વામિનારાયણ મહામંત્રના દ્વિશતાબ્દી પર્વે ઠેર-ઠેર યોજાઈ રહેલી મંત્રફેરીઓના ક્રમમાં તા. ૧૬/૪ની સાંજે સુરેન્દ્રનગરની સડકો પર પણ ભક્તિફેરી વિહરી.

આવાં ધાર્મિક આયોજનોની સાથે આ સમયમાં સ્વામીશ્રીએ હાથ

ધરેલી સામાજિક સેવાઓ પણ સૌ માટે નોંધપાત્ર અને જીવનદાયી બની રહી.

ગયા વર્ષે રહેલી વરસાદની ખેંચને કારણે આ વર્ષે એપ્રિલ માસથી જ પાણી અને પૂળાની તંગી વર્તાવા માંડેલી. તેથી પીડાતાં પશુ તથા પ્રજાને ઉગારવા સ્વામીશ્રીએ કચ્છ, સૌરાષ્ટ્ર, સાબરકાંઠા, પંચમહાલ વગેરે અસરગ્રસ્ત વિસ્તારોમાં રોજના ટનબંધ લેખે ઘાસચારાનું વિતરણ શરૂ કરાવી દીધું. કેવળ કચ્છમાં જ રોજ એક પશુને નવ કિલો ખાણના લેખે ૭,૦૦૦ પશુઓને પોષણ આપવામાં આવતું; તો રાજકોટ જિલ્લામાં પ્રતિદિન ૫૦,૦૦૦ કિલો શેરડીનો પુરવઠો પૂરો પાડવાની નેમ રાખીને મંડેલી સંસ્થાએ કંઈક ઢોર-ઢાંખરને કાળના ખપ્પરમાંથી ઉગારી લીધાં. પશુઓની સાથે ૮,૧૦૦ કિલો સુખડીનું વિતરણ ચાલુ થઈ જતાં રોજ આશરે ૪૧,૦૦૦ મનુષ્યોની આંતરડીઓ પણ ઠરવા માંડી.

આ અન્નદાનની સાથે સંસ્થાએ ૧૮૦ જેટલી જળસંચય યોજનાઓ હાથ ધરી જળસંકટને હળવું કર્યું. તેમાંય ગોંડલની મ્યુનિસિપાલિટી દ્વારા વેરી તળાવને ઊંડું કરવા હાથ ધરાયેલા પ્રકલ્પનો લાખો રૂપિયાનો આર્થિક ખર્ચ સંસ્થાએ ઉપાડી લેતાં આ તળાવની જળસંચય ક્ષમતા ૧૭ કરોડ લિટરની થઈ ગઈ. તે આગામી દિવસોમાં સૌ માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ.

આ રીતે અહીં અનાવૃષ્ટિના કષ્ટને ફેડવા તત્પર બનેલા સ્વામીશ્રીએ આ અરસામાં ઓરિસ્સાની અતિવૃષ્ટિમાં રગદોળાયેલાં બે ગામોને દત્તક લઈ તેના પુનર્નિર્માણ માટે પણ કમર કસી દીધી, તો છેક આફ્રિકાના મોઝાંબિકમાં ત્રાટકેલી પૂર હોનારતને ખાળવા છેક ત્યાં સુધી સહાયનો સ્રોત વહેવડાવી દીધો.

આમ, એકસાથે અનેક ઠેકાણે પ્રકાશી ઊઠેલા સ્વામીશ્રીની સમાજસેવાના આ સૂર્યને પોંખતાં સૌ ગાઈ ઊઠ્યા : *'સંત કરુણા થકી, સકળ કારજ સરે...'*

## એ ન હોત તો હું ન હોત !

તા. ૧૯/૪ની સવારે ખારવાના નિર્માણાધીન મંદિરની ઈંટોને પૂજી આજની સાંજે સુરેન્દ્રનગરથી વિદાય થયેલા સ્વામીશ્રી મહેસાણા પધાર્યા.

અહીં તેઓના સાંનિધ્યમાં તા. ૨૨/૪ની સવારે છાત્રાલયના ભાગરૂપ 'પ્રમુખસ્વામી ઈન્ફોટેક ઇન્સ્ટિટ્યૂટ'નું ઉદ્‌ઘાટન સ્થાનિક સાંસદ સહિત અનેક શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં થયું. આ સમારંભના સમાપન બાદ સ્વામીશ્રી ઠાકોરજી જમાડી મુલાકાતીઓને મળી રહેલા ત્યારે તેઓએ ખેડબ્રહ્મા તરફના

આદિવાસી વિસ્તારોમાં ફરતા કાર્યકર શ્રી સુરેશભાઈ પાસેથી આદિવાસી ઉત્કર્ષની પ્રવૃત્તિઓ જાણી. આ વાર્તાલાપમાં એ કાર્યકર્તાએ આદિવાસી બાળકોને નડતી નોટબુકોની અછતનો ઉલ્લેખ કરતાં જ સ્વામીશ્રીએ તે વિભાગના સંતોને બોલાવી વ્યવસ્થિત પ્રબંધ કરવા આદેશ આપ્યો.

આમ, વન-વગડાના આદિવાસી બાળકોથી લઈ નગર-ઉપનગરના આધુનિક યુવાનો સુધી પોતાની સેવાના સીમાડાઓ વિસ્તારનારા હતા સ્વામીશ્રી.

તેઓએ તા. ૨૪/૪ની સવારે આફ્રિકાથી આવેલા શ્રી અરવિંદભાઈ ગુરુ, ઑટો પાર્ટ્સના વ્યવસાયી શ્રી પ્રવીણભાઈ પટેલ તથા ચંદ્રકાંતભાઈ ખોલિયાને પોતાના ઓરડામાં બોલાવ્યા. સુરેન્દ્રનગરથી સાથે ફરતા આ ભક્તોનાં ઉતારા, ભોજન વગેરે સંબંધી દરકાર સ્વામીશ્રી પહેલેથી જ લેતા રહેલા. છતાં પોતાને જે અધૂરપ સાલતી તે આજે આ સત્સંગીઓ સમક્ષ વ્યક્ત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમો આટલા દિવસથી આવ્યા, પણ આપણે રૂબરૂ મળ્યા ન હતા. એટલે જ અત્યારે બોલાવ્યા. મારા મનમાં તો હતું જ કે તમને મળી લઉં, પણ રહી જતું'તું.'

પ્રત્યેક ભક્તનો વ્યક્તિગત સંપર્ક ન સધાય ત્યાં સુધી સ્વામીશ્રીને જંપ ન વળતો.

આ ખાસિયત સાથે તેઓ આજની સાંજે સભામાં પધાર્યા ત્યારે મહાત્મા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સ્વાશ્રય પારિતોષિક અર્પણવિધિનો કાર્યક્રમ શરૂ થયો. આ સમારોહના એક વક્તા તરીકે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ગોવિંદભાઈ રાવલ પોતાના વક્તવ્યમાં બોલ્યા કે 'આજે કેવો સુંદર સુયોગ છે કે લાખો હરિભક્તોના પરમ શ્રદ્ધેય પૂજ્ય યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં આ સમારંભ યોજાયો છે. આજે સ્વામિનારાયણ સંપ્રદાય દેશમાં અને પરદેશમાં અનેકવિધ ક્ષેત્રે જે કામ કરી રહ્યો છે તેની પાછળની આ એક શ્રદ્ધેય મૂર્તિ યોગીજી મહારાજ છે...'

આ રીતે સ્વામીશ્રી માટે પ્રયોજેલા 'યોગીજી મહારાજ' શબ્દમાં ઘણાને ભૂલ જણાઈ, પણ તે કથનને બરાબર ઠેરવતાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: 'ગોવિંદભાઈએ જે સંબોધન કર્યું એ યોગ્ય છે, કારણ કે એ યોગીજી મહારાજ મારા ગુરુ છે. એમના થકી મને આ સંસ્કારો છે. શાસ્ત્રીજી મહારાજ થકી આ સંસ્કારો છે. એટલે એમના નામનું સંબોધન કર્યું તે યથાર્થ છે, કારણ, એમના થકી હું છું ! એ ન હોત તો હું ન હોત !'

સ્વામીશ્રીના વેણે-વેણે ગુરુભક્તિ છલકાઈ ઊઠી.

## દરેક માણસે નક્કી કરવું જોઈએ કે...

તા. ૨૬/૪ની સવારે ખેરવા નજીક તૈયાર થઈ રહેલા ગણપત વિદ્યાનગરને પાવન કરનારા સ્વામીશ્રીએ અત્રે નિર્માણાધીન ફાર્મસી કૉલેજના ઑડિટોરિયમમાં આશીર્વાદ આપી અહીં આપણી સંસ્થાને અર્પણ થયેલી ભૂમિ પર પુષ્પો પધરાવ્યાં.

ત્યારબાદ મહેસાણા પરત ફરેલા તેઓએ સાયંસભામાં વાત કરી કે –

'ભગવાન પાણી આપે છે, પણ આપણે એને સાચવી શકતા નથી. પાણી બધું દરિયાભેગું થાય છે. દરેક મનુષ્યે વરસાદનું પાણી નિરર્થક જાય નહીં, એવો વિચાર રાખવો જોઈએ. આ એક હાથનું કામ નથી, હજાર હાથનું કામ છે. દરેક માણસે નક્કી કરવું જોઈએ કે મારે મારા ઘરના વપરાશના પાણીનો વરસાદમાંથી સંગ્રહ કરવો છે. વૃક્ષોનું પણ આપણે નિકંદન કરતાં થયા છીએ. એનું પણ આયોજન કરવું જોઈએ કે જેટલાં ઝાડ તમે કાપો એટલાં વાવો. સૂર્યનો પ્રકાશ ભગવાને આપ્યો છે એમાં કેટલી શક્તિ છે! એનો સંગ્રહ કરીએ તો કેટલો બધો ઉપયોગ થઈ શકે એમ છે!'

સ્વામીશ્રી જેવા પ્રભુપ્રેમી હતા એવા જ પર્યાવરણપ્રેમી પણ હતા. તેથી તેની સુરક્ષા અને સંવર્ધનનો આ સદ્દુપદેશ આપી તેઓ તા. ૨૭/૪ના રોજ મહેસાણાથી વિદાય લઈ વડુ પધાર્યા.

અત્રે મંદિરના રજત જયંતી વર્ષ નિમિત્તે યોજાયેલું પારાયણ તેઓના સાંનિધ્યમાં પૂર્ણ થયું. આ અવસરે સ્વામીશ્રીના વરદહસ્તે મંદિરમાં ગુરુપરંપરાની નૂતન ચિત્રપ્રતિમાઓ પણ પ્રતિષ્ઠિત થઈ.

આ વિધિ સંપન્ન કરી આજની સાંજે નીકળેલા સ્વામીશ્રીએ કલોલમાં નિર્માણાધીન મંદિરની ભૂમિ પર પુષ્પો છાંટી, ભારત વિજય મિલ અને સિન્ટેક્સ ટાંકીના કારખાનાને પાવન કર્યાં. અહીં આ સંકુલોના માલિક શ્રી અરુણભાઈનું અભિવાદન સ્વીકારી તેઓએ અમદાવાદના શાયોના સિટીમાં પગલાં પાડ્યાં. આ વસાહતને વિકસાવી રહેલા સંનિષ્ઠ સત્સંગી શ્રી ભરતભાઈ પટેલ અને પરિવારજનોને આશીર્વાદ આપી આગળ વધેલા સ્વામીશ્રી નવાગામ થઈને પુરુષોત્તમપુરા પહોંચ્યા.

## ઝાંખા અજવાળે દયાનો દસ્તાવેજ

પુરુષોત્તમપુરામાં પારાયણનો લાભ આપી સ્વામીશ્રી તા. ૨૯/૪ની બપોરે ભોજન લેવા બિરાજ્યા ત્યારે એક-બે કલાકથી રિસાઈ ગયેલી વીજળીના કારણે ટોર્ચના અજવાળે જમવાનું શરૂ થયું. આ સમયે બહાર ગરમી ઘણી હોવાથી ઓરડામાં બચેલી શેષ ઠંડકને ટકાવી રાખવા બારી-બારણાં બંધ જ રાખેલાં.

પરંતુ મુખમાં કોળિયા મૂકી રહેલા સ્વામીશ્રીને જાણ થઈ કે 'અમદાવાદના સંતો નીકળી રહ્યા છે.' તેથી તેઓએ આ સંતોને થોડી વાર રોકાઈ જઈ એક પત્ર લઈ જવા કહ્યું અને પોતે ભોજન બાદ ટોર્ચના ઝાંખા અજવાળે એક મોટો કાગળ લઈ લખવા બેઠા. આ સમયે તેઓના મનમાં જમતાં-જમતાં જે ઘૂંટાતું હતું તે પત્ર પર ટપકવા માંડ્યું. એક પાનું પૂરું થયું એટલે બીજું અને તે પાનું લખાઈ રહેતાં ત્રીજા પાના પર પણ સ્વામીશ્રીની કલમ સડસડાટ રેલાવા લાગી. તે વખતે ઓરડામાં ધીરે-ધીરે વધી રહેલી ગરમીને કારણે તેઓના મસ્તક પર ઝીણાં-ઝીણાં પ્રસ્વેદબિંદુઓ બાઝવા માંડ્યાં. આછા ઉજાશને લીધે સ્વામીશ્રીની આંખો પણ ખેંચાતી હતી, છતાં તેની પરવા તજી સ્વામીશ્રી લખ્યે જ જતા હતા.

તેઓના આ પરિશ્રમે બાજુમાં ઊભેલા એક સંતને કાગળમાં ડોકિયું કરવા પ્રેર્યા, પરંતુ પત્ર પર નજર કરતાં જ એ સંત તેમાં રેલાયેલી સ્વામીશ્રીની કરુણાગંગામાં ડૂબી ગયા. મોટા કદનાં ત્રણ પાનાં ભરીને સ્વામીશ્રીએ શું લખેલું?

તેમાં હતી – ગુજરાતને ભરડામાં લેનારા દુષ્કાળને ડામવા સંસ્થા દ્વારા ચાલતાં રાહત કાર્યોમાં આર્થિક સહાય મોકલવા માટેની વિનમ્ર અપીલ!

ઇંગ્લેન્ડવાસી ભક્તોને ઉદ્દેશી લખાયેલા એ પત્રના પ્રારંભમાં રાજ્યના વર્તમાન જળસંકટનું બયાન હતું. તે પછી ઇંગ્લેન્ડવાસી ભક્તોએ ઓરિસ્સાના રાહત કાર્યમાં આપેલા સિંહફાળા બદલ આભારની લાગણી હતી. તેના અંતે સ્વામીશ્રીએ આ વખતે પુનઃ તકલીફ આપવાના સંકોચ સાથે દુષ્કાળ રાહતના કાર્યમાં સહકાર આપવાની અરજ ગુજારેલી! તે વાંચી સૌને ખ્યાલ આવ્યો કે ભોજનના કોળિયા લેતી વખતે સ્વામીશ્રી અન્યનાં મોં સુધી પણ કોળિયા પહોંચે તેની ચિંતા કરી રહેલા!

આ પત્રને આજે જ લંડન મુકામે ફેક્સ કરી દેવાની સૂચના સાથે તેઓએ તે કાગળ અમદાવાદના સંતોને આપ્યો ત્યારે સ્વામીશ્રીની એ દયાનો દસ્તાવેજ પકડતાં સંતોના હાથ રણઝણી ઊઠ્યા.

ખરેખર, ગુજરાત અને ગુજરાતી – સ્વામીશ્રીનું ઋણ કદી નહીં ચૂકવી શકે.

## વ્યસનવૃક્ષનું નિકંદન

તા. ૨૯/૪ની સાંજે પુરુષોત્તમપુરાથી વિદાય લઈ સ્વામીશ્રી મહેળાવને લાભ આપતાં બોચાસણ પધાર્યા. અહીં તેઓએ તા. ૩૦/૪થી એક આગવું આંદોલન છેડી દીધું – વ્યસનો સામે.

આ વર્ષના વેકેશનમાં ચાર-ચાર બાળક કે બાલિકાનાં ૩,૦૦૦ વૃંદ લગાતાર વીસ દિવસ સુધી વ્યસનમુક્તિ અભિયાનમાં જોડાવાનાં હતાં. આ શિશુ-સેનાના કેટલાક સિપાઈઓ આજની સભામાં ઉપસ્થિત હતા. તેઓના મિષે સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ એક તબક્કે ચાલુ પ્રવચને આહ્‌વાન આપ્યું કે 'આ સભામાં કોઈ બેઠા હોય કે જેને વ્યસન હોય તો તે ઊભા થઈને વ્યસન મૂકો તો આપણે શરૂઆત થાય.'

તેઓની આ હાકલ સુણી ૨૦-૨૫ વ્યસનીઓ ટપોટપ ઊભા થઈ મંચ પર આવી ગયા. તેઓએ સ્વામીશ્રીના બળે વ્યસનોને લાત ફટકારી દેતાં અન્ય ઘણા મનુષ્યો વ્યસનોને કૂટી મારવા સાબદા થઈ ગયા. તે સૌને તો મંચ પર લાવવા મુશ્કેલ હતા. તેથી બે હાથ ઊંચા કરી તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'બસ ! ચાલો, આપણે અભિયાનની શરૂઆત સારામાં સારી થઈ ગઈ !'

આમ, એક સત્કાર્યનો સંતોષ પામતાં તેઓ સભામાંથી વિદાય થયા ત્યારે ઠેર-ઠેર ઘૂમવા માંડેલા નન્હા ફરિશ્તાઓ દ્વારા ચારેકોર વ્યસનમુક્તિનો વાયરો વેગપૂર્વક વહેવા માંડ્યો.

સ્વામીશ્રીના આવા જ એક પરોપકારનો પરિમલ તેઓ તા. ૧/૫ની સાંજે સુરત પધાર્યા ત્યારે અહીં પણ પ્રસર્યો.

અત્રે તેઓના સાંનિધ્યમાં તા. ૨/૫ની સવારે દક્ષિણ ગુજરાતની બેનમૂન 'પ્રમુખસ્વામી હૉસ્પિટલ'નો પાયો નંખાયો. એક લાખ ચો.ફૂ.માં વિસ્તરીને છ માળ ઊંચા થનારા આ સ્વાસ્થ્ય સંકુલના ખાતમુહૂર્ત પ્રસંગે રાજ્યના આરોગ્ય

મંત્રી સહિત અનેક ખ્યાતનામ તબીબોની ઉપસ્થિતિ નોંધનીય બની રહી.

પ્રજાના તનના જતનની આટલી કાળજી લીધા બાદ સ્વામીશ્રીએ માનવીય મનની તાજગી અને તંદુરસ્તી માટે તા. ૩/૫ની સવારે ભાંડુતની પટપ્રતિમામાં પ્રાણ પૂર્યા.

આ જ હેતુસર તેઓ આજની સાંજે ડુમ્મસ પધાર્યા ત્યારે અહીં તેઓને મળવા આવી રહેલા મુલાકાતીઓના પ્રવાહમાં તા. ૪/૫ની રાત્રે ટેક્સકો સહકારી બૅંકના ચૅરમેન શ્રી ગજાનન માલપાણી આવ્યા. ધાર્મિક વૃત્તિ ધરાવતા તેઓની એક પ્રવૃત્તિ ધર્મને અનુકૂળ નહોતી. ગુટકા બનાવવાનું કારખાનું ચલાવવાનો આ મુરબ્બીનો વ્યવસાય તેઓની માતાને પણ ખૂંચતો હતો.

આ વાત સ્વામીશ્રીને જણાવવામાં આવી ત્યારે તેઓએ શ્રી માલપાણીને કહ્યું: 'आप भी जानते हैं कि गुटका खराब चीज़ है। आपके घर की भी इच्छा नहीं है।' આટલું કહી તેઓના કપાળ પરનું વૈષ્ણવી તિલક દર્શાવી સ્વામીશ્રી બોલ્યા: 'आप तो भगवान के भक्त हों, मातृभक्त भी हों, अब संत के भक्त हो जाओ, त्रिवेणी संगम हो जाएगा!'

તેઓની આ સ્નેહસભર સમજાવટ રંગ લાવી. એ મહાનુભાવ ગુટકાનું ઉત્પાદન બંધ કરી અન્ય વ્યવસાય શરૂ કરવા તૈયાર થયા. આ પહેલથી પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ આશીર્વાદના ધબ્બા સાથે તેઓના નવા ધંધાની સફળતા ઇચ્છી.

આમ, વ્યસનવૃક્ષનાં પાંદડાં ખેરવતા અને ડાળીઓ કાપતા સ્વામીશ્રી મૂળિયાંને પણ ઉખાડતા.

## ચમત્કારથી આત્માને શાંતિ થતી નથી

ડુમ્મસમાં આવી રહેલા પ્રતિષ્ઠા મહોત્સવનું વ્યાપક પ્રસારણ કરવાના ઇરાદાથી 'ગુજરાતમિત્ર' દૈનિકના ખબરપત્રી શ્રી હરેશભાઈ જાની તા. ૪/૫ના રોજ સ્વામીશ્રીનો ઇન્ટરવ્યૂ લેવા દોડી આવ્યા. તેઓએ પૂછેલા ઘણા પ્રશ્નોમાં એક હતો: 'સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા છે કે સંતો એટલે ચમત્કાર આપનારા માણસો. જ્યારે આપનો સંપ્રદાય ચમત્કારથી લગભગ દૂર જ રહ્યો છે તેનું શું કારણ?'

પત્રકારના આ પ્રશ્નમાં સ્વામીશ્રી અને તેઓની સંસ્થાનો પરિચય છે. *'બહુ પરચા પળે પળે થાય, કવિ કોટયે પણ ન કહેવાય...'*ની રીતે સ્વામીશ્રીના

પગલે-પગલે પરચા પુરાતા રહેતા. છતાં તેઓ પોતાના શિષ્ય-સમુદાયને ચમત્કારોના ચરખામાં પીંજાવા-પીંખાવા ન દેતાં મોક્ષભાગી રાખી શક્યા એ જ એક ધર્મગુરુ તરીકે સ્વામીશ્રીની અનોખી સિદ્ધિ છે.

આ વિષયક પોતાના સ્પષ્ટ વિચારો તેઓએ આજે પેલા સંવાદદાતાને જણાવ્યા કે 'ચમત્કારથી માણસમાં સંસ્કાર, આધ્યાત્મિકતા પ્રત્યે આકર્ષણ કે ધર્મભાવનાનો ઉદય થતો નથી. ચમત્કારથી એના આત્માને શાંતિ થતી નથી. આત્માની શાંતિ તો ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય, ભગવાનનો આશરો થાય અને આવો સંત-સમાગમ મળે તો જ થાય.'

આ અભિપ્રાય ધરાવતા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૬/૫, અખાત્રીજના દિવસે ડુમ્મસના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. પીઠાવાલા પરિવારની સંનિષ્ઠ ભક્તિથી તૈયાર થયેલા આ મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે સ્વામીશ્રીએ વેલુક ગામના હરિમંદિરની પટપ્રતિમાઓને પણ પૂજી.

તેને અનુસરતાં તેઓ તા. ૭/૫ની સવારે ડુમ્મસના કે. જી. પીઠાવાલા વિદ્યાલયમાં આઇ.ટી.આઇ.ના નૂતન ભવનનો ખાતવિધિ કરી નવસારી પધાર્યા.

## આપણે જે હોય તે ચાલે

આ અરસામાં પગના દુખાવાની સારવારરૂપે પગમાં વજનિયાં બાંધી તેને ઊંચા-નીચા કરવાનો વ્યાયામ તબીબોએ સ્વામીશ્રીને સૂચવેલો. તેથી તેઓ તા. ૮/૫ની રાત્રે દસ વાગ્યે ભોજનના આસન પરથી ઊભા થયા તે વખતે જ કૃષ્ણવલ્લભદાસ સ્વામી હાથમાં વજનિયાં લઈને ઓરડામાં પ્રવેશ્યા. તે જોઈ સ્વામીશ્રી કસરત કરવા માટે પુનઃ ભોજનના આસન પર બિરાજ્યા, પણ તે બેઠક સહેજ ઊંચી હોવાથી સેવકે પૂછ્યું : 'આનાથી નીચું થઈ શકે એમ નથી. આટલું ચાલશે ને ?!'

'આપણે જે હોય તે ચાલે.' સ્વામીશ્રી બોલ્યા.

આગ્રહથી મુક્ત તેઓનું જીવન આ ગ્રહના જીવનથી જુદું હતું.

તેઓના આ જુદા જીવનનો જાદુ ભારત સાધુ સમાજના મહામંત્રી પૂજ્ય હરિનારાયણાનંદજીને બરાબર સ્પર્શી ગયેલો. તેથી તા. ૯/૫ની સાંજે સ્વામીશ્રીને મળતાંવેંત આ મંડલેશ્વરના મુખેથી અહોભાવની સરવાણી ફૂટી નીકળી. ઔપચારિક અભિવાદન બાદ તેઓ સ્વામીશ્રીને કહેવા લાગ્યા :

'मैं सभी जगह जाता हूँ मगर आप जैसे साधु हिन्दुस्तान में नहीं हैं।

मैं सभी जगह प्रवचन में कहता हूँ कि आज स्पिरिच्युअल फोर्स (आध्यात्मिक ताकत) का लीडरशीप (नेतृत्व) प्रमुखस्वामी महाराज के पास है। आपने धर्म की नई क्रांति की, जो आज से लेकर सौ वर्ष में किसी ने नहीं की है। हमारी दृष्टि में अभी कोई ऐसा साधु, महापुरुष नहीं है। सब अपना काम करते हैं, किंतु इतना व्यापक तौर पर आपका जो काम चल रहा है वह अन्यत्र देखने में नहीं आता।'

## ઉર ન કપટ છલ દાવ

તા. ૯/૫ની સાંજે મુલાકાતીઓને મળવામાં પરોવાયેલા સ્વામીશ્રી પર ભાવનગરથી એક ફોન આવ્યો. તેમાં જ્યારે કાર્યકરોએ આ વિસ્તારમાં ચાલતા રાહત કાર્યથી સ્વામીશ્રીને વાકેફ કર્યા ત્યારે તેઓને માર્ગદર્શન આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'અમને એવા સમાચાર મળ્યા છે કે બહાર કેટલીક જગ્યાએ માણસો વધારે ન હોય ને વધારે લખે છે. આપણે એવું ક્યારેય થવા ન દેવું. આપણે ખોટો દેખાવ કરવો નથી. વ્યક્તિ અને પશુની સંખ્યા જેટલી હોય એટલી જ લખવી. જેટલું આપ્યું હોય તેટલું જ લખવું. આપણે કામ વ્યવસ્થિત કરવું છે.'

આવી જ નેક નિયત રેલાવતો એક પત્ર સ્વામીશ્રીએ આ સમયમાં ભુજ, ભાદરા, ગોંડલ, અટલાદરા વગેરે સ્થળે રાહત કાર્યો સંભાળનારા સંતોને ઉદ્દેશીને પણ લખ્યો કે –

*'હાલ દુષ્કાળ છે તે આપણી સંસ્થા તરફથી રાહત કાર્ય ચાલે છે, તો ખાસ જણાવવાનું કે આપડી (આપણી) સંસ્થાની પ્રતિષ્ઠા છે તેમાં રહીને શુદ્ધભાવે અને પ્રામાણિકપણે સેવાભાવથી ઘાસ તથા સુખડી વિતરણ કરવું. જેટલા કિલો ઘાસ અપાતું હોય તે મુજબ તેટલાં ઢોરને મળે તેમ કરવું. તેમાં પાંચ-પચીસ ગાયને વધારે મળે તેમાં વાંધો નથી, પણ ઓછું ન કરવું. તે મુજબ સુખડી પણ બસો ગ્રામ વધારે અપાય તો વાંધો નથી, પણ એક ગ્રામ ઓછી ન અપાય તે ખાસ ધ્યાન રાખવું.*

*આ અંગે ઢોરની સંખ્યા કે રાહત કામ કરતા માણસોની સંખ્યા જેટલી હોય તે મુજબ નોંધ બરાબર કરવી. ઉપર દેખરેખ રાખનાર વ્યક્તિ કે બીજી કોઈ વ્યક્તિ કહે, 'વધારે લખો, અમારે વાંધો નથી,' તો તે મુજબ ન જ કરવું. તેમાં લલચાવું નહીં, તેમ જ વિશ્વાસ પણ કરવો*

*નહીં. સેવા કરીએ છીએ તો પ્રામાણિકપણે ભગવાનને રાજી કરવા માટે કરીએ છીએ, પણ લાલચ કે લોભ માટે કરતા નથી, તેવો ભાવ રાખી કરવું. આશીર્વાદ છે.'*

એક ગ્રામનો પણ ગોટાળો કે ગોલમાલ જેઓને કદી પરવડ્યાં નહોતાં એવા સ્વામીશ્રી માયાવી મલકમાં આવેલા, પરંતુ તેઓ પર માયાની મલિનતા લેશ ચડી નહોતી. *'ઉર ન કપટ છલ દાવ...'* સમા તેઓના પ્રામાણિક જીવનનો પડઘો હજીયે કંઈકનાં દિલ-દિમાગની સાથે પૂરી દુનિયામાં ગુંજી રહ્યો છે.

## નવસારીમાં આદિવાસી સંમેલન

તા. ૯/૫ની સાયંસભામાં પધારેલા સ્વામીશ્રીને સભા કાર્યક્રમના આયોજક સંતોએ મૂંઝવણ રજૂ કરી કે 'બાપા! આજે યુવાદિન નિમિત્તે સભામાં યુવકોનું ચર્ચાસત્ર ગોઠવ્યું છે, પણ હાલ જે આમંત્રિત વક્તા બોલી રહ્યા છે તેઓનું પ્રવચન લંબાઈ જવાની શક્યતા છે, તો યુવકોની ડિબેટ (ચર્ચા) રદ કરીએ?'

'ના, ભલે મારે જમવાનું મોડું થાય, પણ ગોષ્ઠિ તો રાખજો જ! કેન્સલ ન કરતા.' સ્વામીશ્રીએ નિર્ણય આપ્યો.

પોતાનાં ભાણાં ઠેલીને યુવાનોનાં ટાણાં સાચવનારા તેઓ પાછળ યુવાનો ઘેલા કેમ ન બને! તેઓને સગાં પાસેથી ન મળે એવો સ્નેહ સ્વામીશ્રી પાસેથી મળતો.

આ જ અનુભવ સમાજના છેડે અને સીમના શેઢે વસનારાનો પણ!

તેથી જ તા. ૧૦/૫ની સવારે ૭,૦૦૦થી વધુ આદિવાસીઓ સ્વામીશ્રીનો લાભ લૂંટવા દોડી આવ્યા. આ મેળાવડાના મંચ પર ઘાસનાં છાપરાંવાળો કૂબો, આસપાસ અનાજ ભરેલી કોઠીઓ, માટી-પિત્તળનાં વાસણો, ખજૂરીનાં પાન ગૂંથીને કરેલી વરંડાની દીવાલો, ઝૂંપડીના બારણે ટાંગેલું પોપટનું પાંજરું વગેરે દ્વારા અદલ આદિવાસી આબોહવા છવાયેલી. આ આબોહવાને બોરપાડાના આદિવાસી બંધુઓ દ્વારા રજૂ થયેલા ડાંગી નૃત્યે વધુ ઘાટી બનાવી. અંતે આ સૌ નૃત્યકારો આશીર્વાદ લેવા સ્વામીશ્રીને વીંટળાઈ વળ્યા ત્યારે છલકાઈ ઊઠેલું નેહ નીતરતું નૈસર્ગિક વાતાવરણ સૌને ભીંજવી ગયું.

તે જોઈ આદિજાતિ વિકાસ મંત્રી શ્રી મંગુભાઈ પટેલ તો બોલી ઊઠ્યા: 'સરકારના એક પ્રતિનિધિ તરીકે હું પ્રમુખસ્વામીના આશીર્વાદથી શરૂ થયેલા

વ્યસનમુક્તિ અભિયાનને ખૂબ બિરદાવું છું. મેં વ્યસનમુક્તિ પ્રદર્શન જોયું. તે નિહાળીને કોઈ પણ વ્યસની પોતાનું વ્યસન મૂકી દે એવું સચોટ અને સુંદર રજૂઆતવાળું છે. નાનાં-નાનાં ભૂલકાંઓ કોઈ પણ જાતના સ્વાર્થ વગર વ્યસન છોડવા માટે આપણને સૂચન કરે છે તે ખરેખર દિલને વીંધી નાંખે એવું છે !'

આ અહોભાવ ઝીલી ઉતારે પધારેલા સ્વામીશ્રી જમવા તૈયાર થયા ત્યારે ૧૨:૪૭ વાગ્યાનો સમય થયેલો. તે વખતે તેઓએ સેવકને કહ્યું : 'પાણી લાવજો, થોડું અમથું !'

'કેમ અત્યારે ? જમવાનું છે ને !'

'આ તો જરા...'

'ગળું ભીનું થાય એટલા પૂરતું ?'

'હં...'

સ્વયં તરસ્યા રહીને અન્યને તરબતર કરનારા હતા સ્વામીશ્રી.

## ભોજન પર ભજનની સરસાઈ

નવસારીથી વિદાય લઈ સ્વામીશ્રી તા. ૧૦/૫ની રાત્રે સાંકરી પહોંચ્યા ત્યારે અહીં અમલનેરના ત્રણ ભાવિકો મળવા આવી ચડ્યા. તેઓ સાથેની વાતચીત દરમ્યાન સ્વામીશ્રીને એ ત્રણેય વ્યસની માલૂમ પડતાં તેઓએ વ્યસન છોડવા વાત કરવા માંડી. તેની ધારી અસર થતાં ત્રણેય આગંતુકોએ વ્યસનને તિલાંજલિ આપી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અત્યારે વ્યસનમુક્તિ અભિયાન ચાલે છે. અમારી સેવા થઈ ગઈ.'

તેઓ અભિયાનોનાં ઉદ્ઘાટન કરીને છટકી જનારા નેતા નહોતા, પરંતુ સ્વયંની સામેલગીરીથી અભિયાનને જીવંત અને જ્વલંત કરનારા નેતા હતા.

આ વિશેષતા ધરાવતા સ્વામીશ્રી તા. ૧૧/૫ની રાત્રે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યાં જ શયન આરતીનો ડંકો પડ્યો. તે સાંભળતાં જ તેઓ ઠાકોરજીની આરતી કરવા લાગ્યા હોય તેમ બેસી રહ્યા. સામે થાળ મૂકીને રસોડામાં કંઈક લેવા ગયેલા આનંદવિહારીદાસ સ્વામી પાછા વળ્યા ત્યારે પણ સ્વામીશ્રી પત્તરની ધારને હાથ અડાડી બેસી રહેલા. પેલા સંત સ્વામીશ્રીને જમાડવા બાજુની ખુરશી પર બેઠા, તોય દૃષ્ટિ સ્થિર કરીને આરતીમાં મનોમન જોડાયેલા સ્વામીશ્રી ચલિત ન થયા. અંતે આરતી પૂરી થતાં તેઓએ 'જય' બોલીને ભોજન શરૂ કર્યું.

સ્વામીશ્રીના જીવનમાં જોવા મળતી ભોજન પર ભજનની સરસાઈનું આ વધુ એક દર્શન સૌને પ્રેરણા અને પરમાનંદ પમાડી ગયું.

## સોનાની સાંકરીના સર્જક

સાંકરીના રોકાણ દરમ્યાન અહીંના નિર્માણાધીન મંદિરનું કાર્ય જોવા પધારેલા સ્વામીશ્રીએ 'નગારું ક્યાં રાખશો ?'થી માંડીને 'રેતી ધોવી પડે છે કે નહીં ?' સુધીના પ્રશ્નો પૂછી ઝીણવટભર્યું માર્ગદર્શન આપ્યું.

આ મંદિરની સાથે તેઓ ગામને પાણીની નવી ટાંકી પણ બનાવી આપવાના હતા. તે અંગે તા. ૧૨/૫ના રોજ ગામના આગેવાનો સાથે યોજેલી મીટિંગમાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'ટાંકી નવી બને છે, તો આપની ઇચ્છા અને જરૂરિયાત હોય તો ટાંકીની ક્ષમતા વધારવી છે ?'

'સ્વામીજી ! ટાંકીની કેપેસિટી તો આટલી પૂરતી છે, પણ ઊંચાઈ વધે તો સારું !'

ગામવાસીઓની આ વાત મંજૂર કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'ટાંકીમાં પાણી ખૂટે એટલે ઑટોમેટિક ચાલુ થાય અને ભરાઈ જાય એટલે બંધ થઈ જાય એવી વ્યવસ્થા પણ કરાવી દઈએ.'

દાન ઉપર દક્ષિણા જેવી સ્વામીશ્રીની આ વાતથી સૌ રાજી થયા. તે વખતે સ્વામીશ્રીએ આ અગ્રણીઓને ગામમાં પ્રવેશવાના મુખ્ય માર્ગ પર જ કાયમ રહેતી ગંદકી હટાવવા તથા આ ગંદકી અને તેથી થતા મચ્છરોના મૂળ જેવા અવેડાને દૂર લઈ જવાનાં સૂચનો કર્યાં. તે સાંભળી એક વડીલ બોલી ઊઠ્યા : 'સ્વામીજીને આપણા ગામની કેટલી ફિકર છે ! તેઓ આપણા ગામને ખરા અર્થમાં ગોકુળિયું કરવા માંગે છે.'

પરંતુ ગોકુળગ્રામ અંગે સ્વામીશ્રીના માપદંડ જુદા. તેથી તેઓએ આ બેઠકમાં ઉપસ્થિત ત્રણેક વ્યસની યુવાનોને નિશાન બનાવતાં કહ્યું : ''અલ્યા, અમે આખી દુનિયામાં કહીએ છીએ કે 'અમારું ગામ સાંકરી છે' ને તમે દારૂ પીતા હો તો અમારી આબરૂ જાય યાર ! દારૂ-માંસ ખાઈ-પીને અમારી આબરૂના કાંકરા કરશો નહીં. આપણી સોનાની સાંકરી કહેવાય છે તેને લોઢાની કરશો નહીં.'

સ્વામીશ્રીની આ વાણી-લાગણીથી ગદ્ગદ થયેલા એ યુવાનો સહિત અન્ય કેટલાકે પણ વ્યસનો છોડ્યાં. ગ્રામોદ્ધારના આ કાર્યથી ખુશ થયેલા

ગ્રામજનોએ સ્વામીશ્રી સમક્ષ પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે 'અમારા ગામમાં મંદિર થાય છે તો એક મૂર્તિ અમારા તરફથી પધરાવવામાં આવે.'

સૌનો આ મનોરથ જાણી સ્વામીશ્રીએ તમામ મૂર્તિઓની સેવાનો સંકલ્પ કરનારા શ્રી મગનભાઈ સામે જોયું. તેઓની એ નજરમાં સંમતિ સંબંધી પૂછપરછ હતી. તેનો પ્રતિભાવ આપતાં પેલા યજમાને જણાવ્યું: 'સ્વામીશ્રી આજ્ઞા કરતા હોય ને ગામલોકોની ઇચ્છા હોય તો મારે કંઈ વાંધો નથી.'

દાતા તરફથી આ સંમતિ મળ્યા બાદ જ સ્વામીશ્રીએ ગ્રામજનોની વિનંતી માન્ય રાખી. જે વિગત જેના અધિકારની હોય તેમાં તેને વિશ્વાસમાં લઈને જ આગળ વધવાની કેવી હૃદયસ્પર્શી કાર્યશૈલી!

તે સાથે બેઠક સમાપ્ત થઈ પરંતુ આ વખતે પાણીની ટાંકીના નિમિત્તે એકઠા થયેલા ગ્રામજનોને સ્વામીશ્રીએ ઠેઠ મંદિરની પ્રતિમા સુધી પહોંચાડી દીધેલા! તેથી સૌ સોનાની સાંકરીના સર્જક તરીકે સ્વામીશ્રીનાં ચરણે આભાર અને અહોભાવ વહાવતાં વિદાય થયા. આવાં તો કંઈ કેટલાંય ગામો અને ગામવાસીઓ પોતાના વિકાસ બદલ સ્વામીશ્રીને આ રીતે જ વધાવતાં રહેતાં.

## કોમળ અને કરુણામય

તા. ૧૩/૫ના રોજ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા ઘણા મહાનુભાવોથી ભરચક હતી. તે સૌ પૂજા બાદ સ્વામીશ્રીને સન્માનવા આવવા લાગ્યા ત્યારે મંચ પર ચઢતા તેઓને પગથિયે ઊભેલા એક સ્વયંસેવક ગુલાબની પુષ્પછડી આપતા જતા. તે ગુલદસ્તો આમંત્રિત અતિથિ સ્વામીશ્રીને અર્પણ કરતા. તે પછી સ્વામીશ્રી એ પુષ્પગુચ્છ મહેમાનને પાછો ન આપતાં પોતાની બાજુમાં જ મૂકતા.

આ ક્રિયા તેઓની સ્વાભાવિક પ્રકૃતિથી વિરુદ્ધ! સામાન્યપણે પોતાને અર્પણ થતા હાર કે ગુચ્છ સ્વામીશ્રી તે આપનારાને તરત પરત કરે. તેથી વિપરીત તેઓની આજની આ ચેષ્ટા સંતો માટે કુતૂહલનો વિષય બની રહી!

આ સમયે જ સ્વામીશ્રીને અપાયેલી છેલ્લી પુષ્પછડીની લાંબી દાંડી પર સેવકને કાંટાનો ભાસ થતાં તેઓએ સ્વામીશ્રી દ્વારા બાજુમાં મુકાયેલી આઠ-દસ છડીઓ તપાસી, તો તે દરેક તીક્ષ્ણ કાંટાથી ભરેલી માલૂમ પડી! આ સમયે 'સ્વામીશ્રી શા માટે પુષ્પછડી પાછી નથી આપતા અને પોતાની

બાજુમાં મૂકી દે છે ?' એ કોયડાનો ઉકેલ પણ મળી ગયો ! પોતાને વાગી રહેલા કાંટાથી અન્ય કોઈ ન ઘવાય તેની તકેદારી સ્વામીશ્રીની એ ચેષ્ટામાં હતી.

તેઓની આ ખેવના તેઓને ગુલદસ્તામાં ગૂંથાયેલાં ફૂલો કરતાં પણ વધુ કોમળ સાબિત કરી રહી. અલબત્ત, તેથીયે વિશેષ ! કારણ કે ગુલાબ પાસે કોમળતા ખરી, પણ સ્વામીશ્રી જેવી કરુણા ક્યાં ?

## અંગોઅંગ પવિત્ર

તા. ૧૫/૫ની સવારે સાંકરીના નૂતન વારિગૃહનું ખાતમુહૂર્ત કરી ઉતારે પધારેલા સ્વામીશ્રી આજની સાંજે નિર્માણાધીન મંદિરનું નિરીક્ષણ કરવા પહોંચ્યા ત્યારે ઇજનેર શ્રી શૈલેશભાઈ ગજ્જર વિગત વાર સમજૂતી આપતા ગયા. તેઓ સાથે થતા વિમર્શને ધ્યાનપૂર્વક સાંભળતા રહેલા ઘનશ્યામચરણદાસ સ્વામી ઉતારે પાછા વળતાં સ્વામીશ્રીની ગાડીમાં સાથે જ હતા. તેઓએ એક સહપ્રવાસી સમક્ષ સ્વાનુભવ ઉચ્ચાર્યો કે 'બાંધકામમાં પ્રમુખસ્વામીની બહુ નજર પહોંચે.'

''પહેલેથી એમાં પડ્યા એટલે થોડું-થોડું આવડે, પણ પૂર્ણકામ ન કહેવાય. શાસ્ત્રીજી મહારાજ પૂર્ણકામ કહેવાય. બાંધકામમાં, ખેતીવાડીમાં, રસોઈમાં, પશુને ઓળખવામાં... બળદ, ગાય જુએ તો તરત કહી દે. માણસ-પારખુ પણ ખરા ! 'આમાં કાંઈ નથી ને આમાં સારું છે' એમ તરત કળી જાય. શાસ્ત્રીજી મહારાજ સર્વાંગે સંપૂર્ણ કહેવાય. આપણને એવું નહીં !''

સ્વામીશ્રીના મુખેથી તેઓનાં નમ્રતા અને ગુરુભક્તિ સરતાં જ રહ્યાં.

તેમાં તરબોળ સૌ તા. ૧૬/૫ની બપોરે સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા ત્યારે દર્શન માટે ગોઠવાઈ ગયા. આ સમયે સેલવાસના સંતોએ આપેલા પસ્તી-સંકલનના ચિતારથી રાજી થયેલા સ્વામીશ્રીએ ધ્યાન પણ દોર્યું કે 'ગરીબ માણસની રોજી હોય એવાં રહેણાંકનાં ઘરોમાં પસ્તી માટે ન ફરવું. વધારે સ્ટૉક મળતો હોય તેવી કંપની અને મોટા માણસોને ત્યાંથી જ લેવું.'

સ્વામીશ્રીની પ્રવૃત્તિનાં પૈડાં નીચે કોઈની રોજગારી કે આજીવિકા કચડાતાં નહીં.

આ રીતે જનહિતાર્થે જ કદમ માંડતા તેઓ પાસે તા. ૧૮/૫ની સવારે આવેલા શ્રી ઠાકોરભાઈ પૂજ્ય દાદા ભગવાનના અનુયાયી હતા. માંચેસ્ટરના આ રહેવાસી આજે સ્વામીશ્રીને પ્રથમ વાર જ મળતાં એટલા ભાવવિભોર બની

ગયા કે સ્વામીશ્રીના શિરે પુષ્પો ચઢાવી બોલવા લાગ્યા : ''મેં દાદા ભગવાનનો બહુ સત્સંગ કર્યો છે. તેઓએ એક વાર મને કહેલું કે 'પ્રમુખસ્વામી પર સહજાનંદ સ્વામીની સીધી જ કૃપા ઊતરી છે. તેઓ જ્યાં-જ્યાં ચરણ માંડશે ત્યાં-ત્યાં તીર્થ થશે. તેઓનાં અંગોઅંગ પવિત્ર છે.''

એક મુમુક્ષુના આ અહોભાવમાંથી ઊપસતી સ્વામીશ્રીની પ્રતિભા સૌને મન ભાવી ગઈ.

## સ્મરણ સ્વામીજીનું સ્વર્ગથી પ્યારું

તા. ૧૮/૫ની સાંજે સાંકરીથી નીકળેલા સ્વામીશ્રી બારડોલીની સરદાર સ્મારક હૉસ્પિટલમાં ગુણાનુરાગી શ્રી વલ્લભભાઈની ખબરઅંતર પૂછી ભરૂચ પધાર્યા.

અત્રે તેઓ તા. ૧૯/૫ની રાત્રે અક્ષરવાસી શ્રી ભાસ્કરભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા પહોંચ્યા ત્યાં જ વીજળી ગુલ થઈ ગઈ, છતાં સ્વામીશ્રી બેટરીના અજવાળે યજમાનના બે પુત્રો તેમ જ તેઓનાં સગાં-સ્નેહીઓને મળ્યા. તે પછી તેઓ મીણબત્તીના ઉજાશમાં જ ભોજન લઈ શ્રી ગણેશભાઈ અમીનના બંગલે ઉતારે આવ્યા ત્યારે અહીં પણ અંધારપટ જ હતો. જનરેટરના આધારે બત્તીઓ પેટાવવાનો પ્રયત્ન જોઈએ એવો કારગત નીવડતો નહોતો, છતાં સ્વામીશ્રી આરામ માટે નિયત થયેલા રાત્રિના સાડા દસ વાગ્યાના સમય સુધી કાર્યરત રહ્યા.

પરંતુ અંધારાની આ મુશ્કેલીમાં દાઝ્યા પર ડામની જેમ રાત્રે મેઘસવારી આવી પહોંચી. તેથી તા. ૨૦/૫ની સવારે સ્વામીશ્રીના ભ્રમણ માટે પણ અનુકૂળ જગ્યા ન બચી. પૂજા અને પારાયણનાં સ્થળેય રફેદફે થઈ જતાં તાત્કાલિક ધોરણે ઓમકારનાથ ઠાકુર કલાભવનમાં કાર્યક્રમ ખસેડવો પડ્યો.

આ સમગ્ર હાલાકીના સંદર્ભમાં તા. ૨૦/૫ના રોજ સ્વામીશ્રીને મળવા આવેલા પૂર્વમંત્રી શ્રી ખુમાનસિંહ વાંસિયાએ ખેદ વ્યક્ત કર્યો કે 'ગઈકાલે રાત્રે લાઇટ ગઈ હતી. આપને તકલીફ બહુ પડી હશે !'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'સાહેબ ! અમે ટેવાઈ ગયા છીએ. ગામડે વિચરણ કરતા ત્યારે બધે સગવડ ન હોય, પણ યાદ કરીએ કે આપણા પૂર્વજોએ (ગુરુઓએ) લાઇટ નહીં, રસ્તા નહીં, એવામાં કાર્ય કર્યું છે, તો આપણને તો થોડી વાર તકલીફ પડી. એમાં શું ?!'

સ્વામીશ્રીની આ સ્થિરતા અને સરળતાથી પ્રભાવિત થયેલા શ્રી વાંસિયા બોલ્યા : 'જેને યાદ કરીએ ને આપણી રોમાવલી ખડી થઈ જાય તે સાચા સંત ! જ્યારે-જ્યારે હું આપને સંભારું છું ત્યારે-ત્યારે આ અનુભવ થાય છે. આનંદ આનંદ થઈ જાય છે !'

સ્વામીશ્રીના સ્મરણમાત્રનો આ અનુભવ આજેય લાખો લોકો કરી રહ્યા છે.

## નર્મદા યોજનાના સમર્થનનું વધુ એક કાર્ય

તા. ૨૧/૫નું પ્હો ફાટ્યું ત્યારે સ્વામીશ્રીના નિવાસસ્થાનનો ખૂણેખૂણો આકર્ષક સજાવટ સાથે આજે ઊગેલા ૫૦મા પ્રમુખવરણી દિનની છડી પોકારી રહેલો. તેની વચ્ચે સ્વામીશ્રીએ આજે પ્રાતઃભ્રમણ માટે ડગ દીધાં ત્યાં જ શરણાઈઓના મંગલ સૂરો ગુંજી ઊઠ્યા, દીવડાઓ ઝળહળી ઊઠ્યા અને જાજમની જેમ પથરાયેલાં પુષ્પોનો પરિમલ પ્રસરી રહ્યો.

આવા માંગલિક માહોલમાં ભ્રમણથી પરવારી તેઓ પ્રાતઃપૂજા માટે મંચ પર પધાર્યા ત્યારે અહીં સ્વામીશ્રીની રોજનીશીનું પૃષ્ઠ જ પિછવાઈ બનીને શોભી રહેલું. તેની પર પચાસ વર્ષ પૂર્વે બનેલા પ્રમુખવરણીના ઐતિહાસિક અવસરની નોંધ સ્વામીશ્રીના મરોડદાર હસ્તાક્ષરમાં ઝગારા મારતી હતી. આ પાર્શ્વભૂ સાથે પૂજાવિધિ કર્યા બાદ સ્વામીશ્રીએ નર્મદા યોજનાના સમર્થનનું વધુ એક કાર્ય સંપન્ન કર્યું.

આ અરસામાં સરદાર સરોવરનું નિર્માણ ગુજરાતની તાતી જરૂરિયાત છે – તે દર્શાવવા નર્મદાનાં નીર ભરેલાં ૫૭ ટેન્કરોની ટ્રેન તા. ૨૩/૫ના રોજ ભરૂચથી સૌરાષ્ટ્ર ભણી રવાના થવાની હતી. આ જળબંબા પ્રાસાદિક બને તે હેતુથી કાર્યક્રમના આયોજકો આજે તામ્ર કળશમાં નર્મદાજળ ભરીને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. તેમાં પૂજાનાં પુષ્પો અને ઠાકોરજીએ સ્નાન કરેલું જળ ઠાલવી સ્વામીશ્રીએ આ પ્રસાદીભૂત પાણી બધાં જ ટેન્કરોમાં પધરાવવા સંતોને આજ્ઞા કરી.

આમ, લોક-કલ્યાણના પ્રકલ્પને વેગ આપી તેઓએ આજની સાંજે નિર્માણાધીન મંદિરની દ્વારશાખનો સ્થાપનવિધિ કર્યો. તે પછી ઉત્સવ-સભામાં પધારેલા તેઓના વરદહસ્તે પંચમહાલની આદિવાસી પ્રજા માટે ચલ-ચિકિત્સાલયની સેવાના ભાગરૂપે ઍમ્બ્યુલન્સનું પૂજન થયું.

ત્યારબાદ ઉતારે પહોંચેલા સ્વામીશ્રી તા. ૨૨/૫ની બપોરે ભોજન અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે મંદિર-નિર્માણમાં સેવા કરનારા હરિભક્તોનો પરિચય શરૂ થયો, પરંતુ આ સમયે પરદેશથી આવેલા એક ફોનમાં સ્વામીશ્રી વાત કરવા લાગતાં ઓળખ આપનારા આત્મકીર્તિદાસ સ્વામી થંભી ગયા, પણ સ્વામીશ્રીએ પરિચય આપવાનું ચાલુ રાખવા જણાવ્યું. તેથી પેલા સંતે વાત આગળ ધપાવતાં બિપીનભાઈની ઓળખ આપી.

જો કે તે વખતે આ સંતના મનમાં છૂપો અસંતોષ તો રહ્યો જ! પરંતુ ભોજન બાદ સ્વામીશ્રીએ પેલા હરિભક્ત પોતાની સન્મુખ આવતાં જ તેઓ વિષે પરિચય આપનારા સંતે જે જે જણાવેલું તે સઘળું કહી બતાવ્યું! તેથી સૌ આશ્ચર્ય પામ્યા કે 'ફોનની વાતમાં એકકાન થયેલા સ્વામીશ્રીએ આ સેવાભાવી સત્સંગીની એકેએક વિગત કેવી રીતે સ્મૃતિમાં સંઘરી હશે?!'

## ડભોઈમાં હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન

નર્મદાનાં નીરનું પરિવહન કરનારાં ટેન્કરોમાં પધરાવવા માટે જળને પ્રસાદીભૂત કરવા આવેલા સરકારી અધિકારીઓને એવી ઇચ્છા જાગેલી કે સ્વામીશ્રીનો પ્રાસાદિક આખેઆખો કળશ જ મુખ્યમંત્રી ટ્રેનના ચાલકને આપે અને તે આ કળશને છેક સૌરાષ્ટ્ર સુધી લઈ જાય. તેથી તા. ૨૨/૫ની રાત્રે જી.એન.એફ.સી.ના ચૅરમેન શ્રી પ્રદીપસિંહ જાડેજા સહિત અન્ય અધિકારીઓ પુનઃ એક તામ્ર કળશ લઈ સ્વામીશ્રી પાસે દોડી આવ્યા. આ કુંભને સ્વામીશ્રીએ વૈદિક મંત્રોચ્ચારના ઘોષ વચ્ચે પુષ્પ, અક્ષત, કુમકુમ વગેરે ઉપચારોથી પ્રાસાદિક કરી આપ્યો.

સ્વામીશ્રીની અમૃતધારામાં શક્ય એટલું વધુ ડૂબ્યા રહેવાની આવી ભાવના સાથે જ સીતારામ સેવા ટ્રસ્ટે તા. ૨૨/૫ની સાંજે વાલિયામાં આવેલી તેઓની હૉસ્પિટલના પ્રથમ વાર્ષિક સમારોહમાં સ્વામીશ્રીને પધરાવી ધન્યતા અનુભવી.

અહીંથી પુનઃ ભરૂચ થઈને તા. ૨૪/૫ની સવારે ડભોઈ પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે આજની સાંજે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વતી બંધાયેલી પ્રાથમિક શાળાનું ઉદ્‌ઘાટન કર્યું.

તેને અનુસરતાં તેઓ તા. ૨૫/૫ના રોજ નવનિર્મિત પ્રમુખસ્વામી હૉસ્પિટલના આંગણે પધાર્યા.

વડોદરા જિલ્લાની પૂર્વ પટ્ટીએ વસેલા આદિવાસીઓ તથા ડભોઈની આસપાસના ગ્રામીણ જનો માટે આશીર્વાદરૂપ આ અદ્યતન અસ્પતાલનાં દ્વાર આજની સવારે દસ વાગ્યે સ્વામીશ્રીના વરદહસ્તે ખૂલ્યાં. તે જોઈ આ ક્ષણે ઉપસ્થિત હજારોની મેદની સહિત મુખ્યપ્રધાન શ્રી કેશુભાઈ પટેલ, આરોગ્ય મંત્રી, શ્રમ-રોજગાર મંત્રી, સ્થાનિક સાંસદ વગેરે સૌએ આનંદની લાગણી અનુભવી. આજે સાઠ, પણ ભવિષ્યમાં દોઢસો પથારીની સુવિધા સુધી પહોંચનારી આ હૉસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ જોઈ ધારાસભ્ય શ્રી સિદ્ધાર્થભાઈ પટેલે જણાવ્યું કે 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામીનાં નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અક્ષર-પુરુષોત્તમ સંસ્થાએ જે સિદ્ધિઓ હાંસલ કરી છે એને વર્ણવવાનું કામ મુશ્કેલ છે.'

આવો જ અહોભાવ સ્થાનિક સેવાભાવી સંસ્થા મહાલક્ષ્મી મૅડિકલ પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટના કાર્યવાહકો શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ વગેરેએ પણ વ્યક્ત કર્યો. તેની સાથે ડભોઈની નગરપાલિકાએ શિનોર ચાર રસ્તાથી હૉસ્પિટલ સુધી પહોંચવાના નિર્માણાધીન માર્ગને 'પ્રમુખસ્વામી માર્ગ' જાહેર કરી કૃતાર્થતા અનુભવી.

આમ, સમાજસેવાનું એક નવતર સોપાન સર કરી આજની સાંજે અટલાદરા જવા નીકળેલા સ્વામીશ્રી અધવચ્ચે જ ભીલાપુર તરફ ગાડી લેવડાવી શ્રી જીવણભાઈને ત્યાં જઈ પહોંચ્યા. *'વણતેડ્યા ઘેર આવે...'*ની જેમ બારણે આવી ઊભેલા તેઓને જોતાં જ આ હરિભક્ત તો હરખાઈ ઊઠ્યા. તેઓનો ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રી આજની રાત્રિ વડોદરામાં વિતાવી તા. ૨૬/૫ની સવારે દિલ્હી આવી પહોંચ્યા.

## અક્ષરધામની ભૂમિ પર પ્રથમ પદાર્પણ

દિલ્હીના હવાઈ મથકે ઊતરીને મંદિર તરફ ગતિ કરી રહેલા સ્વામીશ્રીના માર્ગમાં દેશની વડી અદાલતનું સંકુલ આવતાં એક સહપ્રવાસી બોલ્યા : 'બાપા ! આપની જમણી તરફ સુપ્રીમ કૉર્ટ આવી.'

'ઠાકોરજીની દૃષ્ટિ કરાવો. નર્મદાનું જજમેન્ટ આપણી (ગુજરાતની) તરફેણમાં આવે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ હિતકારી વિચારધારા સાથે તેઓએ આજની સાંજે સાડા પાંચ વાગ્યે શ્રી નીતિનભાઈ ગઢિયાના બંગલે રખાયેલા પોતાના ઉતારેથી રાષ્ટ્રીય

રાજમાર્ગ - ૨૪ તરફ ગતિ સાંધી. તે સાથે જ વિશ્વની એક અમર, અજોડ અને આશ્ચર્યકારી અજાયબીના શ્રીગણેશની ઘડીઓ ગણાવી શરૂ થઈ ગઈ.

હા, અત્યારે સ્વામીશ્રી જઈ રહેલા દિલ્હીના વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામની ભૂમિ પર પ્રથમ પગલું મૂકવા! મનુષ્યે પહેલી વાર ઍવરેસ્ટ પર પગ ઠેરવ્યો કે ચંદ્ર પર કદમ માંડ્યું તેની નોંધ ઇતિહાસે હર્ષભેર લીધી છે. ભવિષ્યમાં આવી જ ઐતિહાસિક તવારીખ બની રહેનારી આજની આ ઘટનાને વધાવતાં અધ્ધર આકાશમાં ઊભેલા સૂર્યનું મુખ પણ રતૂમડું થઈ ગયું!

તેની એ ભગવી આભા તળે સરકતી સ્વામીશ્રીની ગાડી નિઝામુદ્દીન પુલ પર ઊભી રહી ત્યારે ધર્મવત્સલદાસ સ્વામીએ પતરાંની વાડથી સુરક્ષિત એક ભૂખંડ દર્શાવતાં સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આ આપણી જમીન હવે શરૂ થઈ. આ જમીનની એક તરફ યમુનાનો પટ છે અને બીજી બાજુ રેલવેના પાટા છે. દોઢેક કિ.મી. અંદર જતાં નદી શરૂ થઈ જાય છે. દિલ્હી શહેર માટે આ મોકાની જગ્યા ગણાય.'

આ વખતે પ્રથમ વાર સ્વામીશ્રીની અમૃતદૃષ્ટિ અક્ષરધામની ભૂમિ પર પથરાઈ. તેથી એ ધરતીનો કણકણ નાચી ઊઠ્યો. છતાં ગુણાતીત સંતનો પાદસ્પર્શ પામવાની પ્યાસ ધરાવતી તેણે પોતાના હૈયે ઊગેલી લીલોતરી લહેરાવતાં સ્વામીશ્રીને નિકટ આવવાનું આહ્‌વાન આપ્યું. તેની યુગયુગાંતરની આ તરસ છિપાવવા સ્વામીશ્રી પણ નજીક સરક્યા અને ૬:૧૫ વાગ્યે એ ભાગ્યશાળી ભૂમિ પર જઈ પહોંચ્યા. આ ઘડીએ તેઓની મોટરે અક્ષરધામ માટે સંપાદિત જમીનની સીમામાં જેવો પ્રવેશ કર્યો તે સાથે જ સ્વામીશ્રી મોટરના કાચ પાસે પડેલા એક પુષ્પગુચ્છમાંથી ગુલાબની પાંખડીઓ ચૂંટવા લાગ્યા. તે જોઈ સંતોએ કહ્યું: 'બાપા! પુષ્પો છાંટવા માટે ફૂલછાબ તૈયાર રાખી છે.' પરંતુ આ શબ્દો કાને ન ધરતાં સ્વામીશ્રી પોતાની હથેળી પુષ્પ-પાંખડીઓથી ભરતા જ રહ્યા.

આખરે એક તંબુ પાસે તેઓની ગાડી અટકી. તેનું બારણું ખૂલ્યું. સેવકોએ સ્વામીશ્રીને નીચે ઉતારવા હાથ લંબાવી ટેકો ધર્યો, પણ એ સહારો લેતાં પૂર્વે સ્વામીશ્રીએ પુષ્પો પધરાવી વસુંધરાને વધાવી. ધન્ય ધરાના આ પૂજન બાદ તેઓએ જ્યારે પોતાનાં ચરણ એ ભૂમિ પર પ્રથમ વાર મૂક્યાં ત્યારથી એક નવા યુગના નિર્માણ ભણી સમયદેવતા દોડવા માંડ્યા.

## અક્ષરધામની ભૂમિને દંડવત્‌નું અર્ઘ્ય

અક્ષરધામની ભૂમિ પર ચરણચિહ્‌ન અંકિત કરતા સ્વામીશ્રીએ અહીં તંબુમાં તૈયાર કરેલા મંદિરમાં દર્શન કર્યાં. તે પછી મોટરમાં બિરાજી તેઓ સમગ્ર જમીનને પાવન કરી પુનઃ તંબુમાં આવી પટપ્રતિમા પાસે બિરાજ્યા. અત્રે સંતો સાથે બેઠક યોજી તેઓએ ઠાકોરજીની આરતી ઉતારી. તેની છેલ્લી પંક્તિએ ચોતરફ ફરી સ્વામીશ્રીએ ભૂમિને પણ આરતીનું અર્ઘ્ય અર્પણ કર્યું.

ત્યારબાદ સૌ જય બોલાવવા ગયા ત્યારે સ્વામીશ્રીએ અષ્ટકગાન શરૂ કરાવ્યું. તેમાં દંડવત્‌નો વિધિ આવતાં તેઓ બોલ્યા : 'નિયમના દંડવત્ કર્યા પછી બધા જમીનને બે દંડવત્ વધુ કરજો.' આમ કહી પોતે પણ નિત્ય નિયમના છ દંડવત્ બાદ બે દંડવત્ અધિક કર્યા.

આ રીતે ભક્તિ અદા કરી સ્વામીશ્રીએ *'મારે ઘેર આવજો છોગલાં-ધારી...'* થાળ ગાતાં-ગાતાં મહારાજને પેંડાનો પ્રસાદ ધરાવ્યો અને 'હવે આપણે ધૂન કરી લઈએ' કહી તેઓ એક પછી એક સંકલ્પો કરવા માંડ્યા કે –

"અક્ષરધામ સર્વોપરી થઈ જાય...

એવો સરસ પ્લાન થાય ને બાંધકામ થાય કે હજારો વર્ષો સુધી કોઈ જાતની એને આંચ ન આવે...

કામ કરનારા સારામાં સારા મળી જાય...

નાણાંની ભીડ ન પડે, દાતાઓ ખૂબ મળી જાય ને વરસ – બે વરસમાં આપણું કામ ઊકલી જાય...

સરકારી કે સામાજિક – કોઈ અડચણો ન આવે...

હરિભક્તો તને-મને-ધને સુખી થાય, બધાના દેશકાળ સારા થાય...

હવે જોગીબાપાને યાદ કરીએ. જોગીબાપાનો સંકલ્પ હતો એટલે એમની ઇચ્છા હતી એથી પણ વધારે સારી જમીન મળી ગઈ! એ પણ ત્યાં બેઠાં-બેઠાં રાજી થતા હશે કે '(જમીન) બહુ સરસ મળી!' જોગી મહારાજનો સંકલ્પ છે કે આખી દુનિયાના માણસો આનો લાભ લેવા આવે ને એ બધાનું ભગવાન કલ્યાણ કરે...

પ્રદર્શન સર્વોપરી થઈ જાય ને એમાં હજારો માણસોને મહારાજનાં આખા ચરિત્રનાં દર્શન થાય... જોગી મહારાજની દૃષ્ટિ સો ટકા નહીં, પણ સવાસો ટકા થઈ ત્યારે આ જમીન મળી! હવે એવી ને એવી દૃષ્ટિ આ કામ

પૂરું થાય ને હજારો માણસો દર્શને આવે ત્યાં સુધી રહે... શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શ્રીજીમહારાજ સાક્ષાત્ અને અનંત કોટિ મુક્તોની દૃષ્ટિ અહીં કાયમને માટે રહે... અહીં આવે એ બધાને ભગવાન સુખિયા કરે ને શાંતિ થાય...''

કાલિંદીનાં નીરની જેમ કાળને કોતરતો સ્વામીશ્રીનો આ સંકલ્પ-ધોધ વહી છૂટ્યો. તે પછી તેઓએ એકતાર થઈ ધૂન આરંભી ત્યારે સંતોએ 'ઉદ્‌ઘાટન સ્વામીશ્રીના હાથે થાય... સ્વામીશ્રીની તબિયત સારી રહે...' એ સંકલ્પને પણ ભેળવ્યો. પરંતુ 'તમારી બધાની તબિયત સારી રહે તો અમારી તબિયત સારી રહે ને!' કહેતાં સ્વામીશ્રીએ સૌના સ્વાસ્થ્યની સુખાકારી માટે ધૂન આદરી. તેઓની આ ધૂનનો નાદ જમીનના ખૂણેખૂણે પ્રસરી ગયો.

તે પછી તેઓ સ્વહસ્તે સૌને પ્રસાદ આપવા લાગ્યા ત્યારે ઈશ્વરચરણદાસ સ્વામીએ કહ્યું : 'બાપા ! આપ જમો ને થોડું !'

તે વખતે 'બધાને વહેંચીને પછી જમશું' કહેતાં સ્વામીશ્રીએ ઈશ્વરચરણદાસ સ્વામીને જ 'अग्रे अग्रे विप्राः' કહી પ્રથમ પ્રસાદ આપી દીધો. આ પ્રેમથી એક-એક સંત-ભક્તના મોં મીઠાશથી ભરી તેઓએ આ ભૂમિ પરથી વિદાય લીધી ત્યારે તેની રજેરજ રાજી થતાં ગાઈ ઊઠી : *'મોટપ વાધી મુજ તણી, તે તો તમ ચરણ પ્રતાપથી.'*

## વિશ્વવિક્રમી વ્યસનમુક્તિ અભિયાન

તા. ૨૭/પની સાંજે હુમાયુના મકબરાનું સ્થાપત્ય નિહાળી તા. ૨૯/પના રોજ દિલ્હીથી વિદાય થયેલા સ્વામીશ્રી વડોદરા અને બોચાસણને લાભ આપતાં આજની રાત્રે વિદ્યાનગર પધાર્યા.

અત્રે તેઓએ બાકરોલ ગામની સીમમાં સંસ્થાએ સંપાદિત કરેલી ભૂમિ પર તા. ૩૦/પની સવારે 'પ્રમુખસ્વામી કમ્પ્યૂટર ઇન્સ્ટિટ્યૂટ'નો ખાતવિધિ કર્યો. તે પછી તેઓ વરતાલ થઈને અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં તેઓને આવકારવા એકત્રિત થયેલા સંતો-ભક્તો સમક્ષ સ્વામીશ્રી બોલ્યા :

'અક્ષરધામની જમીન એટલી સરસ મળી ગઈ છે કે શાંતિ શાંતિ થઈ જાય. અમને તો એમ હતું કે 'બહુ બહુ તો પાંચ એકર કાં દસ એકર જેવું થશે !' પણ કહે છે ને કે 'ભગવાન દેતે હૈ તો છપ્પર ફાડ કે દેતે હૈ.' તેમ

ત્રીસ એકર મળી ![૧૫] જોગી મહારાજનો સંકલ્પ કેટલો બળિયો છે તે સમજાય છે. જમીન મળી હવે કામ પણ સર્વોપરી થશે. આખી દુનિયાના માણસો ત્યાં આવશે દર્શન કરવા. તમામ મોટી-મોટી વ્યક્તિઓ પણ આવશે.'

આ બ્રહ્માનંદની છોળ્ય તા. ૩૧/૫ના રોજ ઉત્સવ-ત્રિવેણી ભળતાં વધુ ઊંચે ઊછળી.

યોગી જયંતીના આ સપરમા દા'ડાની સવારે દિવ્ય દીક્ષા સમારોહ સંપન્ન થયો. તેમાં ચાર પાર્ષદોએ ભાગવતી દીક્ષા અને અઢાર નવલોહિયાઓએ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી ત્યાગના પંથે પ્રયાણ આદર્યું. કળિયુગનો આ ચમત્કાર જોઈ હજારો હરિભક્તોએ ગુંજાવેલા હર્ષનાદ હજી તો શમે ત્યાં જ આજની સવારે સાડા અગિયાર વાગ્યે સંસ્થાની વધુ એક સિદ્ધિનાં પડઘમથી ગગન ભરાઈ ગયું.

આ વર્ષે વિશ્વમાં ક્યારેય જોવા ન મળ્યું હોય એવું વિરાટ વ્યસન-મુક્તિ અભિયાન સ્વામીશ્રીની પ્રેરણાથી બાળકોએ હાથ ધરેલું. તેમાં માત્ર વીસ જ દિવસના સમયગાળામાં સંસ્થાનાં ૧૦,૦૦૦ બાલ-બાલિકાઓએ ૮,૮૨,૫૦૦ વ્યક્તિઓનો રૂબરૂ સંપર્ક કરી ૩,૧૨,૫૦૦ વ્યક્તિઓને વ્યસનથી છોડાવી ! તે દ્વારા રોજના ૨૫,૦૦,૦૦૦ રૂપિયાની બચત સમાજના ચોપડે નોંધાવા માંડી.

હોટલથી હૉસ્પિટલ, કેદખાનાથી કારખાના, પછાતથી પ્રધાન અને શ્રમજીવીથી બુદ્ધિજીવી સુધીના વિવિધ પનામાં પથરાયેલી પ્રજાને બળબળતા બપોરે આ બાળકો મળ્યાં. તે માટે કેટલાંયે વિદેશી સફરોની મોજ, સંબંધીઓનાં લગ્ન, તો ખુદના શરીરનેય વિસારી દીધાં. સમાજસેવાને સમર્પિત આવાં આ બાળકોએ વ્યક્તિગત સંપર્ક ઉપરાંત ચોટદાર સંવાદ, પ્રેરક પ્રદર્શન અને વિરાટ રેલીઓ યોજીને પણ ગામની ગલીઓ તથા શહેરની શેરીઓ ગજવી. તે દ્વારા ૧૨,૦૦,૦૦૦ મનુષ્યો વ્યસનમુક્તિની પ્રેરણા પામ્યા. શિશુ-શક્તિના આ જબરજસ્ત વિસ્ફોટને ૧૦૦થી વધુ પ્રસાર માધ્યમોએ પોતાનાં પાનાં કે પડદા પર ચમકાવી આ અભિયાનની અસરને વધુ વ્યાપક બનાવી.

સ્વામીશ્રીના આ વિક્રમસર્જક કાર્યને બિરદાવતાં ગુજરાતના રાજ્યપાલ શ્રી સુંદરસિંહ ભંડારીએ તા. ૩૧/૫ના રોજ અમદાવાદની સિવિલ હૉસ્પિટલના કામા હૉલમાં યોજાયેલા એક દબદબાભર્યા સમારંભમાં સંસ્થાના પ્રતિનિધિરૂપ

---

૧૫. સમયાંતરે વધુ જમીન પણ સંપાદિત થયેલી.

બાળકોને સન્માનપત્ર એનાયત કર્યું. તેની સાથે રાજ્યના આરોગ્ય તથા પરિવાર-કલ્યાણ વિભાગ, ગુજરાત કેન્સર સોસાયટી, ગુજરાત મેડિકલ ઍસોસિયેશન જેવી સંસ્થાઓ વતી જ્યારે સ્વામીશ્રીના કાર્યની આ નવાજેશ થઈ ત્યારે વિશ્વને સંતના એક નવીન કાર્યનો પરિચય મળ્યો. તે જોઈ આજે જાહેર કરાયેલો 'વિશ્વ તમાકુ વિરોધી દિન' પણ સ્વામીચરણે ઢળી પડ્યો.

## પ્રમુખવરણીની સુવર્ણસ્મૃતિ

અમદાવાદથી ગાંધીનગર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧/૬થી શરૂ થયેલી સંતશિબિર તા. ૩/૬ના રોજ પૂર્ણ થતી હતી. આ દિવસની સવારે સ્વામીશ્રીએ અક્ષરધામના ઘુમ્મટ તળે પૂર્વાભિમુખે પ્રાતઃપૂજા કરી સૌને 'અક્ષર'સ્મૃતિ આપી. આ પૂજા બાદ તેઓએ શ્રીજીમહારાજનાં ચરણોમાં ઠાકોરજી સાથે બિરાજી વધુ એક સ્મરણીય દર્શનદાન દીધું.

તે પછી અક્ષરધામની સોપાનપંક્તિ આગળ ૪૮૯ સંતો સાથે સ્વામીશ્રીની સમૂહછબી લેવામાં આવી ત્યારે તો *'જ્યમ શશી ગગનમાં, વીંટ્યો ચાંદ્રણી...'* જેવો નજારો સર્જાઈ ગયો !

અક્ષરધામનું આ ભાથું બંધાવી તા. ૪/૬ની સવારે ગાંધીનગરથી વિદાય થયેલા સ્વામીશ્રી માર્ગમાં છારોડી મુકામે હીરામણિ સ્કૂલનું ઉદ્‌ઘાટન કરી અમદાવાદ પધાર્યા.

અહીં તા. ૫/૬ના પ્રભાતે મંદિરના પરિસરમાં મહાલતા સૌના ચહેરા પર *'આજ મને હઈડે હર્ષ અપાર જી...'*ની અનુભૂતિ છવાયેલી. આ જ અમદાવાદમાં આજથી ૫૦ વર્ષ પૂર્વે ૨૮ વર્ષીય નારાયણસ્વરૂપ સ્વામીની બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખપદે વરણી થયેલી. એ ઇતિહાસ આજે આવેલી જેઠ સુદ ચોથના દિવસે સ્વર્ણિમ સ્મૃતિ બનીને સૌની નજર સામે ઊભરાઈ રહેલો. તેમાંય આજની પ્રાતઃપૂજા બાદ શાસ્ત્રીજી મહારાજે ૫૦ વર્ષ પૂર્વે ઓઢાડેલી ચાદર સ્વામીશ્રીનાં કરકમળમાં આપવામાં આવી ત્યારે તેઓ પણ અતીતમાં સરી પડ્યા. જાણે શાસ્ત્રીજી મહારાજનાં ચરણને જ આંખે-હૈયે ચાંપી મસ્તકે ચડાવતા હોય તેમ સ્વામીશ્રીએ તે ચાદરને આંખે-માથે ચઢાવી હૈયાસરસી ભીડી.

ત્યારબાદ અલ્પાહાર અને મુલાકાતના દૈનિક ક્રમથી પરવારી તેઓ નીકળ્યા – ઐતિહાસિક આંબલીવાળી પોળનાં દર્શને.

આ રસ્તે તેઓ પ્રથમ મંદિરેથી દિલ્હી દરવાજા તરફ જતાં વચ્ચે ઊભેલા ત્રિકોણિયા ચોક પાસે અટક્યા. આ ચોકને અમદાવાદની મહાનગરપાલિકાએ પ્રમુખવરણીની સુવર્ણ જયંતી નિમિત્તે 'સ્વામિનારાયણ ચોક' તરીકે ઘોષિત કરેલો. અત્રે સંસ્થા દ્વારા મનોહર ઉદ્યાન ખીલવી તેની મધ્યમાં પ્રાર્થનામુદ્રા ધરાવતા યોગીજી મહારાજનાં હસ્તકમળ પધરાવવામાં આવેલાં. તેની આગળ યોગીજી મહારાજની જીવન ભાવના 'ભગવાન સૌનું ભલું કરો' પણ અંકિત થયેલી.

નગરના નજરાણારૂપ આ ચોકનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી આંબલીવાળી પોળે પહોંચ્યા ત્યારે અહીં પોળના નાકેથી મંદિર સુધી પુષ્પપથારી બિછાવાયેલી. તે પર ડગ માંડતાં તેઓ પ્રમુખવરણીના ઐતિહાસિક સ્થળ તરફ જવા લાગ્યા ત્યારે ચારેકોરથી પુષ્પવૃષ્ટિ વરસી રહી.

આ વધામણાં ઝીલતાં સ્વામીશ્રી પ્રાસાદિક મંદિરમાં પ્રવેશ્યા. અત્રે ૫૦ વર્ષ પૂર્વે જે રીતે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા સ્વામીશ્રી બિરાજેલા અને પ્રમુખવરણીનો પ્રસંગ સંપન્ન થયેલો તે જ મુદ્રામાં આ ગુરુત્રિપુટીની ફાઇબર ગ્લાસની મૂર્તિઓ પધરાવવામાં આવેલી. આ દૃશ્ય જોતાં જ સ્વામીશ્રી એ ગૌરવશાળી ઘટનામાં ખોવાઈ ગયા. તેનું યથાતથ વર્ણન કરતાં તેઓ સૌને પણ એ ભવ્ય ભૂતકાળમાં તાણી ગયા.

ત્યારબાદ 'આપણે પ્રાર્થના કરીએ કે હજારો વર્ષો સુધી આ સત્સંગના પાયા મજબૂત છે તે મજબૂત જ રહે' કહી સ્વામીશ્રીએ ધૂન ગજાવી. અંતે શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની મૂર્તિઓને મોગરાની માળા અને તુલસીની કંઠી પહેરાવી તેઓ પોળની ગલીમાં યોજાયેલી સભામાં પધાર્યા. અત્રે આ શેરીનાં સંસ્મરણો વાગોળી સ્વામીશ્રી નવી પોળ તથા શ્રીજીસ્થાપિત સ્વામિનારાયણ મંદિર અને વઢવાણ શાખાનાં મંદિરોમાં દર્શન કરી આપણા મંદિરે પરત ફર્યા.

## ૫૦મો પ્રમુખવરણી મહોત્સવ

પચાસ વર્ષ પૂર્વે સ્વામીશ્રીની પ્રમુખવરણીનો સમૈયો અમદાવાદના એક નાનકડા મકાનની નાનકડી ઓસરીમાં થયેલો; પરંતુ આજે અડધી સદી બાદ થઈ રહેલી તેની ઉજવણી માટે ઊમટનારા સમુદાયને સમાવવાનું ગજું અમદાવાદના એકેય સભાગૃહ પાસે ન હોવાથી આ ઉત્સવ સરદાર પટેલ

સ્ટેડિયમ ખાતે ગોઠવાયેલો. તેના સાક્ષી બનવા ૪૦,૦૦૦થી વધુની મેદનીએ સમયસર પોતાનું સ્થાન સભાસ્થળે નિશ્ચિત કરી દીધેલું.

અહીં પેવેલિયનના પ્રવેશે જ ૮૦ x ૧૫ x ૧૨ ફૂટનો ભવ્ય મંચ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સ્વામીશ્રીનાં વિશાળ તૈલચિત્રોની પિછવાઈથી શોભી રહેલો. સ્ટેડિયમમાં ઠેર-ઠેર લહેરાતી ધર્મધજાઓ સ્વામીશ્રીના દિગ્વિજયને વધાવતી હતી. આ સઘળી શોભા અને સંખ્યા આતુર નયને સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહેલી ત્યાં જ અચાનક વાતાવરણની રૂખ પલટાઈ. આકાશમાં વાદળાં ઘેરાવા લાગ્યાં. ઠંડો પવન ફૂંકાવા માંડ્યો. ધૂળની ડમરીઓ ચડી આવી. વરસાદનાં છાંટણાં પણ વરસવા લાગ્યાં. પ્રમુખ-વરણીના સુવર્ણ ઉત્સવને રોળી નાંખવા પ્રકૃતિએ તેની રૌદ્રતાને જાણે છૂટો દોર આપી દીધો. તે જોઈ સૌના જીવ તાળવે ચોંટી ગયા.

કુદરતનો આ તાંડવનાચ અટકાવવા સૌએ મંદિરેથી ઉત્સવમાં પધારવા નીકળેલા સ્વામીશ્રીને વિનંતી કરી, પરંતુ જિંદગીમાં કદીયે પોતાના શિરે લેશ કર્તાપણું ન લેનારા સ્વામીશ્રીએ કહ્યું : 'કરો ધૂન. વરસાદ ન પડે.' આમ બોલતાં તેઓ મંદિરેથી સ્ટેડિયમ સુધી ધૂનમય બની રહ્યા.

સ્ટેડિયમમાં આવ્યા પછી પણ મંચ પર બિરાજેલા તેઓનાં કરકમળમાં માળા સતત ઘૂમતી રહી. તે વખતે સ્વામીશ્રી ક્વચિત્ નજર ઊંચી કરી આકાશ ભણી દૃષ્ટિ કરી લેતા. એ આંખની આણથી જ અહીં આવતાં અટકી ગયેલો ઇન્દ્ર સ્ટેડિયમની ચારેબાજુ મન મૂકીને ત્રાટક્યો, પણ આ ઉત્સવને પીંખી-વીંખી ન શક્યો. તેથી સંવાદ, નૃત્ય, વીડિયો શૉ, વક્તવ્યો વગેરે માધ્યમોથી સતત ચાર કલાક સુધી ચાલેલો સ્વામીશ્રીની ઋણાભિવ્યક્તિનો કાર્યક્રમ નિર્વિઘ્ને સંપન્ન થયો.

આ સમયે સૌને *'જેની આગન્યામાં વાયુ વ્યોમ, વળી કહીએ તેજ તોય ભોમ...'*ની સ્વામીશ્રીની બ્રહ્મશક્તિનો અનુભવ થઈ ગયો. આ બીના બીજા દિવસે પ્રસારિત થયેલા અખબારી સમાચારોમાં પણ છવાયેલી રહી.

પરંતુ સૌના મનમાં તો આ અવસરે સ્વામીશ્રીએ પાઠવેલા આશીર્વાદ જ રમી રહ્યા. પોતાના ૫૦મા પ્રમુખવરણી દિને સ્વામીશ્રીએ જણાવ્યું કે –

"આ સભામાં પધારેલા તમામ સંતો, હરિભક્તો, યુવકો, બાળકો અને ભાવિકોને મારા સાષ્ટાંગ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ! અત્યાર સુધી જે કાર્ય થયું છે તેનું મૂળ ભગવાન છે. તેમાં 'હું કરું છું' એવું છે જ નહીં!

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની દૃષ્ટિ ને આશીર્વાદથી થાય છે. યોગીજી મહારાજે દરેક કાર્યમાં, ક્ષણે ક્ષણે મારી ખબર રાખી છે. એમની સાથે રહેવાથી ઉત્સવ-સમૈયામાં વ્યવસ્થા કેમ કરવી એ બધી પ્રેરણા મળતી રહી. જોગી મહારાજ ગયા પછી આપ બધા સંતો અને હરિભક્તોમાં રહીને એમના આશીર્વાદ મને ફળતા રહે છે. એનાથી કાર્ય થાય છે.''

સ્વામીશ્રીનો આ સેવકભાવ સૌને સ્પર્શી ગયો.[16]

## વિશ્વવિક્રમી વિદેશયાત્રાના શ્રીગણેશ

તા. ૬/૬ની સાંજે અમદાવાદથી મુંબઈ પધારેલા સ્વામીશ્રીએ તા. ૯/૬ની સવારે ૭:૨૮ વાગ્યે લંડન ભણીનો પ્રવાસ આરંભ્યો ત્યારે કોઈનેય ખ્યાલ નહોતો કે તેઓની આ ૨૨મી વિદેશયાત્રા *'સહુ પર શિરોમણિ, વળી ઘણી પરમ પુનિત...'* પુરવાર થવાની છે.

આ પ્રવાસમાં થોડી વાર પત્રવાંચન કર્યા બાદ સહપ્રવાસી સંતો સાથે માંડેલી ગોઠડીમાં સમતાનો સૂર છેડતાં સ્વામીશ્રી બોલ્યા: 'અત્યારે પ્લેનમાં જવા મળ્યું, પણ કાલે ચાલતાં જવું પડે તોય સમ વર્તવું જોઈએ. આજે બંગલામાં, કાલે ઝાડ નીચે, પણ બેય સમ વર્તવું જોઈએ. કોઈ દિવસ લાડુ મળે ને કોઈ દિવસ કંઈ ન મળે તોય સમ વર્તવું જોઈએ. આની સાથે જ ફાવે, આની સાથે ન ફાવે એ બંધનકર્તા છે. ભગવાનમાં બંધન ને સંતમાં બંધન – એ બે બંધન મોક્ષ કરે. એ જે આજ્ઞા કરે તે કરવું. તેને બંધન ન થાય.'

આ વાતો સ્વામીશ્રી એવી તે હળવાશથી સંભળાવી રહેલા કે એક સંત બોલી ઊઠ્યા: 'બાપા! આપ નમ્ર બહુ છો. માન-સન્માન થતું હોય તોય તમને કાંઈ નહીં!'

આ સાંભળી 'આપણું માન છે જ ક્યાં ભલા'દમી!' કહેતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''મહારાજનું જ આ બધું કર્તવ્ય છે. પછી આપણે શું કરવા માથે ટોપલો જરૂર વગરનો લઈને ફરવું? આટલા બધા સાધુ થયા તે એમની પ્રેરણાથી. મારે, તમારે ને બધાએ સમજવાનું છે કે 'કર્તા મહારાજ છે.''

---

૧૬. પ્રમુખવરણીના સુવર્ણ જયંતી મહોત્સવની ધામધૂમપૂર્વક થયેલી ઉજવણીમાં સહભાગી થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આમ, એક કલાક સુધી અસ્ખલિત વરસી સ્વામીશ્રી લંડનના સમય અનુસાર ૧૧:૪૦ વાગ્યે હીથ્રો એરપોર્ટ પર ઊતર્યા.

અહીંથી ૨:૧૦ વાગ્યે મંદિરે પધારેલા તેઓનાં દર્શન થતાં જ હરિભક્તોનાં હૈયે ઉમંગની ભરતી ચડી આવી. તેમાં જ મર્યાદાની પાળ તૂટતાં છડી બોલાવનારા એક હરિભક્ત સ્વામીશ્રી માટે 'અવતારના અવતારી...' બોલી ગયા, પરંતુ સ્વાગતના કોલાહલમાં પણ સ્વામીશ્રીએ તરત જ જાણપણું આપ્યું કે 'તમે જૂના થઈને આવું કેમ બોલ્યા? અવતારના અવતારી એવું નહીં કહેવાનું. અવતારના અવતારી તો ઘનશ્યામ મહારાજ છે.'

શ્રીજીમહારાજ વિષેના આ દાસભાવ અને કર્તાભાવનાં બે ચક્ર પર સ્વામીશ્રીનો ધર્મરથ વિલાયતની ભૂમિ પર સરકવા લાગ્યો.

## અક્ષરધામના મહંત

લંડનમાં ત્રણ દિવસનો ધર્મલાભ આપી સ્વામીશ્રી તા. ૧૩/૬ના રોજ યુરો સ્ટાર ટ્રેન દ્વારા પેરિસ આવી પહોંચ્યા.

અહીં તેઓ ગાર્ડ-ડુ-નોર્ડ સ્ટેશને ઊતરી બેગ્નોલેટ વિસ્તારમાં વસેલી આઈબીસ હૉટલ તરફ હંકારી રહેલા ત્યારે વચમાં આવેલી એક હૉટલ બતાવતાં વ્યવસ્થાપક સંતે કહ્યું: 'બાપા! પહેલાં આ હૉટલમાં આપનો ઉતારો રાખવાની હિલચાલ કરેલી, પણ તેઓને ધર્મમાં શ્રદ્ધા નહીં, એટલે ના પાડી. એ હૉટલ સારી હતી. આપની બધી સગવડ સચવાત.'

'એનું (સગવડનું) શું કામ? આપણે સાદી હૉટલ સારી. ખર્ચ પણ ઓછો થાય.'

'પણ અત્યારની હૉટલમાં ઓરડા નાના છે.'

'એમાં શું વાંધો છે? આપણને તો સૂવાનું જોઈએ ને ન્હાવાનું જોઈએ. એ હોય એટલે બસ!'

વૈભવથી ફાટફાટ થતી પેરિસની શેરીઓ વટાવતા સ્વામીશ્રીના હોઠે ફૂટી નીકળેલી આ સાદગી સરોવરમાં ખીલેલા કમળ જેવી શોભી રહી.

સાદગીના આ સૌંદર્ય સાથે તેઓ તા. ૧૪/૬ની સવારે પોતાના ઉતારે મુંડન કરાવવા બિરાજ્યા. તે વખતે જેનો પાઠ થઈ રહેલો તે યોગીજી મહારાજના જીવન ચરિત્રમાં ગઈકાલે એક પ્રસંગ વંચાયેલો. તે યાદ કરાવી સંતોએ આજે સ્વામીશ્રીને પૂછ્યું: ''બાપા! યોગીજી મહારાજ ગઢડામાં સહસ્ર-

ધરે ના'વા ગયા ત્યારે ત્યાં આવેલી એક ઝૂંપડીએ પધારેલા. તે વખતે ત્યાં રહેતા બાવાજીએ પૂછેલું કે 'આપ ક્યાંના મહંત?' ત્યારે યોગીબાપા બોલેલા કે 'આપણે અક્ષરધામના મહંત.' એમ અમે પણ આપને પૂછીએ છીએ કે 'આપ ક્યાંના મહંત છો?''

'જોગી મહારાજે કહ્યું એ જ હોય ને! જુદું ઓછું હોય?' સ્વામીશ્રીએ જણાવ્યું.

તે દ્વારા પેરિસમાં પોતાના પરિચયનો પ્રકાશ પાથરતા તેઓ તા. ૧૬/૬ની બપોરે લિસ્બન પધાર્યા.

## પોર્ટુગલના રાષ્ટ્રપ્રમુખ સાથે મુલાકાત

લિસ્બનમાં આવતાંવેંત તા. ૧૬/૬ની રાત્રે ૮:૧૦ વાગ્યે પોર્ટુગલના રાષ્ટ્રપ્રમુખ શ્રી જ્યોર્જ સમ્પાઈઓ સાથે સ્વામીશ્રીની મુલાકાત યોજાઈ. આ અવસર માટે જ ઍસ્પિનોથી અહીં આવી પહોંચેલા રાષ્ટ્રપ્રમુખે 'આપના અહીં પગલાં થયાં તે અમારાં અહોભાગ્ય છે' કહી સ્વામીશ્રીને સત્કાર્યા. સ્વામીશ્રીએ પણ આ દેશમાં શાંતિ, સંવાદિતા અને સૌના ઉત્કર્ષની ત્રિવેણી રચાય તે માટે આશીર્વાદ આપ્યા.

રાષ્ટ્રપ્રમુખના કાર્યાલય – પેલેશિઓ-દ-બેલમમાં થયેલું આ મિલન એટલું પ્રભાવશાળી રહ્યું કે પોર્ટુગલના રાજનૈતિક સલાહકાર શ્રી કાર્લોસ પરૈરા બોલી ઊઠ્યા: 'Swamiji is a delightful personality. He speaks few words yet his presence is very much felt.' અર્થાત્ સ્વામીશ્રીનું વ્યક્તિત્વ આહ્‌લાદક છે. તેઓ મિતભાષી છે છતાં તેઓનું સાંનિધ્ય ઘણી ઘેરી અસર ઉપજાવે છે.

સ્વામીશ્રીનો આવો પ્રભાવ તા. ૧૭/૬ની સવારે સ્થાનિક સત્સંગ ભવનમાં પથરાયો. અહીં પધરાવેલી મૂર્તિઓનું ભાવપૂર્વક પૂજન કરી તેઓ આજની સાંજે રાધાકૃષ્ણ મંદિરે પધાર્યા. અત્રે મુખ્ય દ્વાર પાસે સંગીતમય ફુવારાનું ઉદ્‌ઘાટન કરી મંદિરમાં પ્રવેશેલા સ્વામીશ્રીએ સભામાં પણ બ્રહ્મરસની છોળ્યો ઉડાડી.

તેમાં તરબતર થવા લંડનના કેટલાક યુવકો અહીં દોડી આવેલા. તેઓએ તા. ૧૮/૬ના રોજ મહેન્દ્રભાઈ મશરૂના ઘેર રોકાયેલા સ્વામીશ્રીને આજે ઊજવાતા ફાધર્સ ડે(પિતૃ દિન)ની યાદ અપાવી આશીર્વાદ માંગ્યા ત્યારે

ઠાકોરજી દર્શાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'આ શ્રીજીમહારાજ આપણા રિયલ (સાચા) ફાધર. આત્માના ફાધર. કાયમના ફાધર. એમને ક્યારેય ભૂલતા નહીં. જેમ વસ્તુ મળે તો તેને સાચવીએ છીએ તેમ ભગવાન અને સંતને પણ સાચવવાના છે. એનો અભાવ-અવગુણ ન આવે, દ્રોહ ન થઈ જાય, એના સંતો-ભક્તો પ્રત્યે હેત-પ્રેમ રહે તે સાચવ્યા કહેવાય. મહિમા રાખી કાર્ય કરવું એટલે આપણો ફાધર્સ ડે સાચો !'

પરંપરા પૂર્વની હોય કે પશ્ચિમની – તેનો ખરો મર્મ સ્વામીશ્રી જણાવી દેતા.

## અમે કંઈ થાક્યા નથી

તા. ૧૮/૬ની સવારે ઉતારે આવી પહોંચેલા ભારતીય રાજદૂત શ્રી ભટ્ટનાગરને આશીર્વાદ આપી સ્વામીશ્રી આજની સભામાં પધાર્યા ત્યારે અહીં લિસ્બનના મેયરે તેઓને પુષ્પગુચ્છથી સત્કાર્યા.

આ અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી તા. ૧૯/૬ની સવારે પૂજાના સ્થળ તરફ જઈ રહેલા ત્યારે ગાડીચાલક શ્રી ગિરીશભાઈ મશરૂના ફોનની ઘંટડી વાગી. તેમાં વાત કરતા આ હરિભક્તથી એક રસ્તો ચુકાઈ જતાં ગાડી પાછી વાળવી પડી. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'તમે ફોનમાં પડ્યા એટલે રસ્તો ચુકાયો. ગાડી ચલાવનારે ફોન કરાય જ નહીં ! કાં તો બીજાને આપી દેવાય કે એને પછી ફોન કરવાનું કહેવાય.'

આમ, પરલોકની સાથે આ લોકનુંયે 'માર્ગ'દર્શન આપતા સ્વામીશ્રી તા. ૧૯/૬ની સાંજે સાડા સાત વાગ્યે ઇંગ્લેન્ડના આસ્ટન મુકામે પધારી ગયા.

અહીં મંદિરે યોજાયેલી ઔપચારિક સ્વાગત-સભાની સમાપ્તિ બાદ કાર્યકર શ્રી રાજેશભાઈ વ્યાસે જાહેરાત કરી કે 'બાપા ! આપ ત્રણ કલાકની મુસાફરી કરીને થાકી ગયા હશો. માટે આપ ઉતારે પધારી આરામ કરો.'

'અમે કંઈ થાક્યા નથી !' સ્વામીશ્રી સહજભાવે બોલ્યા.

આ તેઓનો પ્રાસંગિક ઉદ્‌ગાર નથી. આ તો હતી તેઓની કાયમી શૈલી. વધતી વય, તૂટતી તબિયત, અપાર અગવડો, અસહ્ય અપમાનો, પહાડ જેવા પડકારો વગેરે કંઈક મુશ્કેલીઓને ખમતા-ખદેડતા સ્વામીશ્રી અવિરત સેવારત રહેલા.

## જેને ભગવાનનો સંબંધ થયો તે સૌથી મોટા

તા. ૨૦/૬ની સવારે સ્વામીશ્રી ભારતીય મંડળે બનાવેલા રાધાકૃષ્ણ મંદિરે પધાર્યા ત્યારે તેઓ અત્રે આરસની કમાનો ધરાવતો કલાત્મક પ્રવેશદ્વાર અને એક શિખરનું નાજુક મંદિર જોઈ પ્રસન્ન થયા. મંદિરના હૉલમાં પણ નાના છ ખંડોમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનાં દર્શન કરી તેઓએ વ્યવસ્થાપકોને કહ્યું: 'મૂર્તિઓ જયપુરમાં બનાવડાવી છે ને?! સિંહાસન, શિખર ને બધું મકરાણાના પથ્થરનું લાગે છે!'

સ્વામીશ્રીનું આ સચોટ અનુમાન ટ્રસ્ટીઓને તાજ્જુબ કરી ગયું; પરંતુ જડ કે જીવ – સત્પુરુષ તો બધાને જ ઓળખે ને!

તેથી જ તો ઠેર ઠેર પથરાયેલા મુમુક્ષુઓને શોધતા સ્વામીશ્રી તા. ૨૧/૬ની સવારે પ્રેસ્ટન પહોંચ્યા.

અત્રે ગુજરાત હિંદુ સેન્ટરમાં સાયંસભાનો લાભ આપી તેઓએ તા. ૨૨/૬ની બપોરે લેસ્ટરને પાવન કર્યું. અહીં આજે સાંજે પ્રજાપતિ સમાજની વાડીમાં સમસ્ત હિંદુ સમાજે એકત્રિત થઈ સ્વામીશ્રીને સત્કાર્યા.

આ સન્માન ઝીલી તેઓ શ્રી પ્રદીપભાઈ ગાધેરના ઘેર રખાયેલા ઉતારે પધાર્યા ત્યારે અહીં તા. ૨૩/૬ની સવારે શ્રી જમનાદાસ જોષી આવી પહોંચ્યા. સ્વામીશ્રીની કૃપાથી જ મોતના મુખ જેવી બીમારીમાંથી પાછા ફરેલા આ ભક્તની પિંડી અને પંજા પર સોજા હોવા છતાં તેઓ સ્વામીશ્રીને દંડવત્ કર્યા વિના ન રહી શક્યા. તે પછી તેઓને ખુરશી પર બેસાડી ખબર-અંતર પૂછવા લાગેલા સ્વામીશ્રીનો હેતાળ હાથ એ હરિભક્તના પગનો પંજો પસવારવા લાગ્યો! આ સમયે સ્વામીશ્રીની હથેળીમાંથી કરુણા વહી રહી અને એ સત્સંગીની આંખોમાંથી આંસુ!

સ્વામીશ્રીના સાંનિધ્યમાં આવાં દૃશ્ય અવારનવાર દેખા દેતાં. તેથી પાંચ જ મિનિટમાં તેનું પુનરાવર્તન થઈ રહ્યું.

આ સમયે સ્વામીશ્રીને મળવા આવેલા એક વૃદ્ધ હરિભક્ત પોતાની હઠીલી માંદગીને હડસેલવા આયુર્વેદિક અને હોમિયોપેથીના ઉપચાર માટે ભારત જવાનું વિચારતા હતા, પરંતુ સારવારના સમય દરમ્યાન રહેઠાણની ચિંતા તેઓને સતાવી રહેલી. તેની યોગ્ય વ્યવસ્થા સ્વામીશ્રીએ પળ વારમાં ગોઠવી દેતાં તે સત્સંગી બોલી ઊઠ્યા: 'સ્વામી! આપની દયા અપરંપાર છે.

હું તો આપની આગળ ખૂબ નાનો છું.'

'ના, ના. નાના કેમ? તમે કેટલી સેવાઓ કરી છે! જેને ભગવાનનો સંબંધ થયો તે સૌથી મોટા છે.' સ્વામીશ્રી બોલ્યા.

આ મહિમાદૃષ્ટિ સાથે લેસ્ટરમાં ત્રણ દિવસનો ધર્મલાભ આપી તેઓ તા. ૨૫/૬ની સાંજે નોટિંગહામ આવી પહોંચ્યા.

## આ સાધુ તો મજબૂત કરે એવા છે

સ્વામીશ્રી નોટિંગહામ પધાર્યા ત્યારે અહીંની યુનિવર્સિટીના પરિસરમાં ૧,૦૧૭ બાલ-બાલિકા અને યુવા-યુવતીઓ રાષ્ટ્રીય પારિવારિક શિબિરનો લાભ લેવા એકત્રિત થઈ ચૂકેલાં. ૩૩૦ એકરમાં વિસ્તરેલા આ વિદ્યાસંકુલના ઈસ્ટ મિડલેન્ડ્સ કૉન્ફરન્સ સેન્ટરમાં યુવા-યુવતી શિબિર અને તેની બાજુમાં આવેલા અન્ય સભાગૃહમાં બાલ-બાલિકા શિબિર એકમેકને સમાંતર ચાલવાની હતી, પરંતુ આજની સાંજે ૬:૧૦ વાગ્યે સ્વામીશ્રી શિબિર-સ્થળે પધાર્યા ત્યારે શિબિરની બંને પાંખો તેઓને વધાવવા એકસાથે થનગની રહી. છત્રથી શોભતી અને પુષ્પોથી આચ્છાદિત ગોલ્ફ કારમાં બિરાજી સ્વામીશ્રીએ સૌ શિબિરાર્થીઓનું અભિવાદન ઝીલ્યું. ત્યારબાદ તેઓ સૌને સાયંભ્રમણનાં દર્શનનો લાભ આપી ફ્લોરેન્સ બૂટ હૉલમાં રખાયેલા ઉતારે પધાર્યા.

શિબિરના સ્થળથી એકાદ કિ.મી. દૂર વસેલા આ નિવાસસ્થાનમાં સાયંક્રમથી પરવારી સ્વામીશ્રી ૭:૧૫ વાગ્યે બાળ શિબિરમાં પધાર્યા ત્યારે અત્રે બધા બાળકો ગોળાકારે ગોઠવાઈ ગયેલા. તેઓની મધ્યમાં મૂકેલા સોફા પર સ્વામીશ્રી બિરાજતાં જ ૩૨૩ બાળકોએ 'બાપા'ના ખોળામાં પડતું મૂક્યું!

હા, એક મોટા અને મુલાયમ ઓશીકા પર તમામ બાળકોએ સહીઓ કરેલી. તે ઓશીકું સ્વામીશ્રીના ખોળામાં મુકાતાં પ્રત્યેક બાળકને બાપાના ખોળે રમવાનું સદ્ભાગ્ય સાંપડી ગયું. આ લાભથી પોરસાયેલા બાળકોએ સ્વાગત-નૃત્ય પ્રસ્તુત કર્યું ત્યારે સ્વામીશ્રી પણ નૃત્યના તાલે તાલ દેતાં ઓશીકા પર પોતાનો હાથ પસવારતા રહ્યા. જાણે ખોળો ખૂંદતા બાળકોના મસ્તકે પોતાનો અભયહસ્ત ફેરવી રહ્યા ન હોય!

તે દ્વારા બાળકોને ધન્ય કરતા સ્વામીશ્રી યુવા શિબિરના દ્વારે જઈ પહોંચ્યા. તે સમયે જ સભાગૃહમાં પથરાયેલાં ગાઢ અંધકાર અને નીરવ શાંતિને ભેદતો તેજનો એક શેરડો દૂર ખૂણે ઊંચે ફેલાયો. તેમાં દર્શન આપી

રહેલા શ્રીજીમહારાજે સંતમહિમા રેલાવ્યો. આ પરાવાણી વિરમતાં જ સ્વામીશ્રીનાં પગલાં સભાગૃહમાં પડ્યાં. તે વખતે ઉપર અંતરીક્ષમાં રહેલા શ્રીજીમહારાજ અને અહીં ડગ માંડી રહેલા સ્વામીશ્રી પર રેલાતો પ્રકાશનો પુંજ પ્રતીતિ કરાવી રહ્યો કે 'અક્ષરધામમાં જે શ્રીજીમહારાજ બિરાજમાન છે તે જ આજે સંતસ્વરૂપે આ શિબિરમાં પધારી રહ્યા છે.' સૌએ આ આગમનને તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવ્યું.

તેના પડઘા વચ્ચે જ સ્વામીશ્રીના હસ્તે યુવા શિબિરનો દીપ પ્રજળી ઊઠ્યો અને 'આપ રીઝો એમ રાજી'ના મધ્યવર્તી વિચાર સાથે કાર્યક્રમો સળંગ શૃંખલારૂપે સરકવા લાગ્યા. તેના ભાગરૂપે સ્વામીશ્રીએ પણ આજ્ઞાપાલનની વાત દૃઢાવતાં પોતાનો પ્રાસાદિક માળા આપી દેવાનો પ્રસિદ્ધ પ્રસંગ સૌને સંભળાવ્યો.

તે પછી ઉતારે પધારેલા તેઓ અહીં ભોજન વગેરેથી પરવારી દસ વાગ્યે પોઢવા માટે ઊભા થયા ત્યારે શયનકક્ષની સામેના હૉલમાં દિવસની અંતિમ ઝાંખી મેળવવા ઘણા બાળકો-યુવકો દોડી આવ્યા. તેઓ સમક્ષ સ્વામીશ્રી પધારતાં જ સૌએ *'પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ...'* પોઢણિયું ગાવવું શરૂ કર્યું. તે પદગાન પૂરું થતાં જ સ્વામીશ્રીએ સામે બેઠેલા બાળકોને પૂછ્યું : '*પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ...* એટલે શું ? સકલ મુનિ કોણ હતા ?'

આ પ્રશ્નનો બાળકો તરફથી પ્રત્યુત્તર ન આવતાં પોતે જ કહેવા લાગ્યા : 'મુનિ એટલે સંત. સકલ એટલે ઑલ (બધા). ઑલ સેઈન્ટ્સ(સર્વે સંતો)ના શ્યામ. શ્યામ એટલે પતિ, નિયંતા. આ બધું ધીમે-ધીમે સમજવાનું. નહીં તો ગાયે રાખીએ પણ સકળ એ ચકળ-વકળ જેવું લાગ્યા કરે. હવે પોઢો એટલે શું ?' આમ કહી સ્વામીશ્રી દરેક બાળક પાસેથી જવાબ માંગવા લાગ્યા. તેના પ્રતિભાવમાં બાળકો 'સૂવાનું... આરામ... રેસ્ટ...' એમ બોલવા માંડ્યા. તેમાં છેલ્લે બોલનારા એક બાળક સાથે ગમ્મતે ચઢતાં સ્વામીશ્રીએ કહ્યું : 'બસ ! એકે કહ્યું એટલે બધાએ એ જ કહેવાનું ? તું બરાબર બોલ. તું સાચું બોલ્યો નથી.'

આ સાંભળી એ બાળક મૂંઝાયો, પરંતુ પળ વારમાં જ તેની મૂંઝવણ મોકળી કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'ના, હોં, તેં કહ્યું એ બરાબર છે !'

તેઓના આ પ્રમાણપત્રથી એ બાળક ખુશ થઈ ગયો. તે વખતે કો'ક બોલ્યું : 'બાપા ! એ બાળક અહીં એકલો આવ્યો છે. તેનાં માતા-પિતા નથી આવ્યાં.'

'સારું થયું ને કે આને તો આવવા દીધો. નહીં તો લોકોને લાગે કે બાવા ઉપાડી જશે. પણ ચિંતા નહીં કરતો, હોં! આ સાધુ ઉપાડી જાય એવા નથી. આ સાધુ તો મજબૂત કરે એવા છે!' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓ હતા – રોતલ નહીં, પણ ખડતલ પેઢીના સર્જક!

## આ પ્લાનનો અભ્યાસ કરજો

'મારે સ્વામીને રાજી કરવા જ છે...'ના વિષયવસ્તુ અનુસાર ચાલતી બાળ શિબિરમાં તા. ૨૬/૬ની સવારે પધારી સ્વામીશ્રીએ 'શ્રીજી કહે...' રમત, પપેટ શો, પ્રશ્નોત્તરી વગેરે હળવા કાર્યક્રમોથી બાળકોને રસતરબોળ કરી મૂક્યા.

તે પછી તેઓ અગિયાર વાગ્યે યુવા શિબિરમાં પહોંચ્યા ત્યારે અહીં પણ ઉદ્‌ઘોષકે જાહેરાત કરી કે "સ્વામીશ્રી 'શ્રીજી કહે...' રમત રમાડશે."

તે સાંભળી સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા :

"આ તો બાળકોને રમાડીએ તેવી વાત છે. અહીં તો મોટા મોટા બધા બેઠા છે, પણ ભગવાન આગળ તો આપણે બાળક જ છીએ. ગમે તેટલી ડિગ્રી, રાજ, સત્તા હોય તોય નાના. આપણી પાસે અણુશક્તિ આવે તોય નાના. આમ સમજાય તો જેમ કહે તેમ થાય. આવું મનાય તો કોઈનો અવગુણ આવે? સ્કૂલમાં ન ગયો હોય, ગમે એવો નાનો હોય, તોપણ 'સત્સંગમાં છે તો તે મારા કરતાં મોટો છે' તેમ માનવું.

બહાર પોઝિશન (પ્રતિષ્ઠા) પ્રમાણે રહેવું ને કહેવું, પણ સત્સંગમાં તો દાસ જ! કેટલીક વખત મોટાપુરુષ અજ્ઞાન બતાવે ત્યારે થઈ જાય કે 'હું કંઈક છું!' પણ તેને આખી દુનિયાની ખબર છે. છતાં જ્યાં, જેને, જેટલું કહેવું હોય તેમ કહે છે. પ્રતાપ તો છે જ, પણ ઘટે તેમ, સમાસ થાય તેમ બતાવે છે. ભગવાન તેની સાથે જ છે, માટે તેને કોઈ બીક નથી, પણ નિશ્ચય જોવા આવાં ચરિત્ર કરે. આપણને એ એકાંતિક કરશે પણ આપણે સીધા રહેવાનું. પ્રયત્ન કરવો, પછી તેમાં સફળતા મળી કે ન મળી તેનું વિશેષ નથી; પણ નિશ્ચય, દૃઢતા એવાં જ રહેવાં જોઈએ. આંબો તે આંબો!

મૂર્તિમાં શ્રદ્ધા રાખવી. મંદિરમાં પૂતળાં નથી. સત્સંગમાં આપણું કરવા આવ્યા છીએ. આપણી છાતી પર થર્મોમીટર મૂકો ને! એટલે ખબર પડશે કે અંદર કેટલું છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બોલ્યા તે વેદવાક્ય.

તે પર નિશાન હોવું જોઈએ.''

સ્વામીશ્રીએ ૫૦ મિનિટ સુધી વહાવેલી આ એકધારી અમૃતધારામાં પેલી 'શ્રીજી કહે...' રમત તો ક્યાંય તણાઈ ગઈ! તેથી મર્માળું હસતાં સ્વામીશ્રી જ બોલ્યા : 'લાંબી રમત થઈ ગઈ, કેમ? પ્રોગ્રામની બહાર ચાલ્યું ગયું! પણ મને પ્રોગ્રામની અંદરનું લાગ્યું છે. ઑલ રાઈટ? આ પ્લાન મેં આપ્યો છે તેનો અભ્યાસ કરજો. તેમાં પૈસા, મહત્તા બધું આવી જશે.'

બ્રહ્માંડોના સ્થપતિનો આ પ્લાન હોંશે હોંશે વધાવી લેતાં સૌ શિબિરાર્થીઓ રાસરમણે ચડ્યા. *'જુઓ જુઓ રે સાહેલીઓ આજ...'*ના તાલે ઘૂમતા-ઝૂમતા તેઓ પર અમૃતદૃષ્ટિ વેરતાં સ્વામીશ્રી વિદાય થયા ત્યારે સૌનાં અંતર *'આપ્યાં સુખ અપાર, ધન્ય ધન્ય આ અવતાર...'*ની અનુભૂતિથી તરબતર હતાં.

## I am not boss, I am sevak (હું ઉપરી નથી, હું સેવક છું)

તા. ૨૬/૬ની સાંજે યુનિવર્સિટીના ટેનિસ કોર્ટમાં ભ્રમણ કરી સ્વામીશ્રી સ્પોર્ટ્સ સેન્ટરની સામે આવેલા વિશાળ લીલાછમ મેદાનમાં પધાર્યા. અત્રે તેઓ બંજીરન, કલર મેઝ, ગ્લેડિયેટર્સ, બાઉન્સિંગ કાસલ, વિઘ્ન દોડ વગેરે રમૂજપ્રેરક રમતો રમતા શિબિરાર્થીઓને લાભ આપી બાળ શિબિરમાં પહોંચ્યા.

અહીં તેઓ સમક્ષ નિયમ-ધર્મ, સેવા, અભ્યાસ, તપ, ભક્તિ વગેરે ગુણોથી ઝગમગતા બાળકોના એક પછી એક પ્રસંગોનું કથન શરૂ થયું. તે વિરમતાં સંચાલક બોલ્યા : 'હવે સ્વામીશ્રી ફાઈનલ આશીર્વાદ આપશે.'

આ જાહેરાતને જ અમૃતધારાનું ઉદ્‌ગમબિંદુ બનાવતાં સ્વામીશ્રીએ કહ્યું : ''મનોહરમૂર્તિ(સ્વામી)એ વાત કરી કે 'સ્વામીશ્રી ફાઈનલ આશીર્વાદ આપશે,' પણ અડધું અંગ્રેજી ને અડધું ગુજરાતી કર્યું. 'ફાઈનલ બ્લેસિંગ' કહેવું જોઈએ ને! 'આશીર્વાદ' ગુજરાતીમાં બોલ્યા એટલે તે હવે ગુજરાતીમાં મળશે.''

સ્વામીશ્રીની આ રજૂઆત અને શરૂઆતથી બાળકો હિલોળે ચડી ગયા. એ આનંદમાં અમૃત ઘોળતાં સ્વામીશ્રી બોલ્યા : 'ભલે ગુજરાતીમાં સમજાય કે ન સમજાય, તોય કાને શબ્દો પડશે તો કાન પવિત્ર થશે. અહીં આવ્યા છો તે મોટી વાત છે. વાતો ન સમજાય પણ આ દર્શન થયાં, રમત-ગમત કરી, ભોજન કર્યું... આટલું યાદ રહેશે તોય કલ્યાણ છે.'

સત્પુરુષનાં શબ્દ અને સાંનિધ્યનો આ પ્રતાપ વર્ણવી સ્વામીશ્રી ઉતારે

આવ્યા ત્યારે ગાડીમાંથી નીચે ઊતરવા તેઓએ જાતે જ સીટ બેલ્ટ છોડી નાંખ્યો. તે જોઈ ગાડીચાલક યુવાન શ્રી હરીશભાઈએ કહ્યું: 'હું છોડી આપત. કેમ જાતે કર્યું ?'

'ક્યારેક તો સ્વયંસેવક થવું જોઈએ ને !'

'તમારે સ્વયંસેવક ન થવાય. You are the boss. આપ ઉપરી છો.'

યુવકની આ વાત સાંભળી પોતાનું મુખારવિંદ તે યુવાન તરફ ફેરવતાં સ્વામીશ્રી પોતાની છાતી પર આંગળી મૂકી બોલ્યા: 'I am not boss. I am sevak.' (હું ઉપરી નથી; હું સેવક છું.)

ખુમારીપૂર્વક આટલું ઉચ્ચારી સ્વામીશ્રી નિજનિવાસમાં પ્રવેશી ગયા.

## આનંદઘન અક્ષર અવતાર

ઉતારામાં ભોજન વગેરે નિત્યક્રમથી પરવારી સ્વામીશ્રી શયનાધીન થતાં પૂર્વે બહારના હૉલમાં દર્શન આપવા પધાર્યા તે સાથે જ પોઢણિયાંનો વર્ગ શરૂ થયો. ગઈકાલે *'પોઢે પ્રભુ...'*ના પદની સમજૂતી જ્યાં અટકાવેલી ત્યાંથી આજે આગળ વધેલા સ્વામીશ્રીએ *'અક્ષર પર આનંદઘન પ્રભુ...'* પંક્તિના આધારે બાળકોને પૂછ્યું: 'આનંદઘન એટલે ?'

આ પ્રશ્નના પ્રતિભાવમાં સૌના ઉત્તર જુદા જુદા પડ્યા, પરંતુ તેમાંથી એકને ઝડપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આનંદ એટલે હેપી. હસવાનું. હસો તો બધા.' ...અને તેઓના આ ઈશારે આખો હૉલ હસું હસું થઈ રહ્યો.

આ હાસ્યરસમાં જ સમજૂતીનું દ્રાવણ ઉમેરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'બસ... બસ... હવે ! શ્રીજીમહારાજ પાસે આનંદનો જબરજસ્ત જથ્થો છે. ઘન માને (એટલે) સમૂહ. આનંદઘન એટલે જેની પાસે આનંદનો સમૂહ છે તે ! જુઓ, આનંદનો ઘન આયો છે તમારે. લૂંટવું હોય એટલું લૂંટી લો.'

સ્વામીશ્રીના મુખેથી સાહજિકપણે સરી પડેલી આ સ્વ-ઓળખથી સૌ હરખાઈ ઊઠ્યા. હૉલ તાળીઓથી ગાજી ઊઠ્યો. સ્વામીશ્રીની ઓળખ સૌની અનુભૂતિ બની રહી.

એ આનંદની ધારામાં સૌને તાણતાં સ્વામીશ્રીએ *'જેહી મિલત જન તરત માયા...'* પંક્તિના ઘાટે વિશ્રામ લીધો. અહીં તેઓ બાળકોને સમજાવવા લાગ્યા: 'જેને તે મળે એ માયા તરી જાય. માયા એટલે સ્ત્રી, પૈસા, ઘર, ગાડી એ નહીં, પણ ભગવાન ભજવામાં આડું આવે તે ! તમારી માયા નિર્ગુણ થઈ

ગઈ, કારણ કે ભગવાનના કામમાં આવી. તમે (દુષ્કાળ રાહત માટે) પૈસા ઉઘરાવ્યા તે દેહ કામમાં આવી ગયો, તે માયા પર થઈ ગયા. હવે માયાથી પર રહેવા ધ્યાન રાખવાનું. ભગવાન નજીક જવાય તેમ કરવાનું. બરાબર ?'

'હાઆઆ...'

'તો જાઓ હવે. બધા માયાથી પર થઈ ગયા !'

વાતવાતમાં સ્વામીશ્રીના મુખેથી સૌને માયા પર કરવાનું સ્વ-સામર્થ્ય છતું થઈ ગયું. તે સાંભળી આનંદ અનુભવતાં શિબિરાર્થીઓ વીખરાયા.

## રસ-રુચિની રંગત

તા. ૨૭/૬ની સવારે શરૂ થયેલા યુવા શિબિરના અંતિમ સત્રમાં 'તસવીર અને તવારીખ'નો કાર્યક્રમ યોજાયો. તેમાં વિશાળ પડદા પર પ્રસ્તુત થતી પોતાના જીવન-પ્રસંગોની તસવીર પાછળ છુપાયેલી તવારીખ ખોલી આપતાં સ્વામીશ્રીએ સૌને સ્મૃતિયાત્રાનું સુખ આપ્યું.

તેને અનુસરતાં આવી પહોંચી પ્રશ્નોત્તરી – રુચિ. આ આયોજન અંતર્ગત સ્વામીશ્રીની રુચિ પારખવાનો પ્રયત્ન થયો. જેમ કે –

- આપને હરિલીલાકલ્પતરુ, સત્સંગિજીવન અને હરિદિગ્વિજય ગ્રંથમાંથી પારાયણ કરવાનું કહે તો આપ કયો ગ્રંથ પસંદ કરો ?
  'સત્સંગિજીવન.'
- આપને ઠાકોરજીને વાઘા ધરાવવાનું કહેવામાં આવે તો આપ કેસરી, લીલા અને પીળા રંગમાંથી કયા રંગના વાઘા ધરાવો ?
  'કેસરી.'
- આપ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ, ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ અને યોગી શતાબ્દી મહોત્સવમાંથી કયા સમૈયાની સૌપ્રથમ સ્મૃતિ કરો ?
  'યોગી શતાબ્દી.'
  પોતાની આ પસંદગી જણાવી સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી કે –
  'સમૈયા તો બધા જ વિશેષ છે, પણ યોગી શતાબ્દી ઊજવી ત્યારે આપણે અક્ષરધામનું ઉદ્‌ઘાટન કરેલું. માટે તે પસંદ કર્યો છે. આ તો બધાને પાછું થવું ન જોઈએ કે મહારાજનું કેમ નહીં ?'

આ ચોખવટ બાદ રુચિનો રસ આગળ રેલાતો ચાલ્યો. જેમ કે –

- આપને ઠાકોરજીને હાર બનાવીને પહેરાવવાનો હોય તો આપ ગુલાબ, મોગરો, ચંપામાંથી કયાં ફૂલો પસંદ કરો?
  'ગુલાબ.'
- આપને ઠાકોરજી સમક્ષ વાજિંત્ર વગાડીને કીર્તન ગાવાનું કહે તો આપ હારમોનિયમ, તબલાં, મંજીરામાંથી કયું વાજિંત્ર વગાડો?
  'તબલાં.'
- આપ નાનપણમાં ક્રિકેટ, સાઈકલિંગ, સ્વિમિંગ એ ત્રણેય રમત રમ્યા છો. તેમાં સૌથી પ્રિય કઈ હતી?
  'ક્રિકેટ.'
- આપને ઠાકોરજીને થાળ ધરાવવાનો હોય તો આપ સૂતરફેણી, ઘારી અને સાટા-જલેબીમાંથી કઈ વાનગી પસંદ કરો?
  'સાટા-જલેબી.'

સ્વામીશ્રીની આ રસ-રુચિની રંગત અને મોજ-મુક્તિ આપતી તેઓની સંગતના સંગમે બાળ-યુવા શિબિરની પૂર્ણાહુતિ થઈ.

## અમે તમને કાઢવા આવ્યા છીએ

તા. ૨૭/૬ની સાંજે નોટિંગહામથી નીકળેલા સ્વામીશ્રી સતત પોણા ત્રણ કલાકની મુસાફરી કરી સફોકના સેન્ટર પાર્કમાં જઈ પહોંચ્યા ત્યારે અહીં ૪૮૦ કિશોર-કિશોરીઓ બ્રહ્મરસના ઘૂંટડા ગળા હેઠે ઉતારવા આવી પહોંચેલાં. આ તરવરતી પેઢીએ સાંજે ૭:૫૦ વાગ્યે થયેલા સ્વામીશ્રીના આગમનને પુષ્પવર્ષા અને જયનાદોથી વધાવ્યું. એ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી અટપટી ગોઠવણી ધરાવતા શિબિર-સ્થળ ઍંગ્લિયા સ્વીટમાં પધાર્યા ત્યારે તેઓને શિબિરમાં સામેલગીરી દર્શાવતું ઓળખપત્ર પહેરાવવામાં આવ્યું.

તેને કંઠમાં જ ધારી રાખી અમૃતવર્ષા કરતાં સ્વામીશ્રી બોલ્યા:

'કિશોર મંડળની જય! આપ બધાંનો પ્રેમ, ભાવ, ઉત્સાહ જોઈ આનંદ થયો છે. શિબિરનું મકાન પણ અવળસવળ ચાલીને જવું પડે એવું છે. ભુલવણીમાં પડી જવાય એમ! તમે બધા ભુલવણીમાં પડ્યા છો તે બહાર તો નીકળવું પડશે ને! અમે તમને કાઢવા આવ્યા છીએ અહીં. ડુ યુ અન્ડરસ્ટેન્ડ? (ખબર પડી તમને?)'

નોટિંગહામથી ૩૦૦ કિ.મી.નું અંતર કાપી કે ભારતથી ૮,૦૦૦

કિ.મી.નું અંતર કાપી કે લાખ મણ લોઢાનો ગોળો હવાના લહેરખે ઘસાતો-ઘસાતો રજ ભેળો રજ થઈ જાય એટલે દૂર આવેલા અક્ષરધામથી અહીં આવવાનું પ્રયોજન સ્વામીશ્રીએ જણાવી દીધું.

પોતાનો આ હેતુ સિદ્ધ કરવા અત્રે મન મૂકીને વરસવા માંડેલા તેઓએ તા. ૨૮/૬ની સવારે તો હદ વાળી દીધી. આ સત્રમાં તેઓના આશીર્વાદ શરૂ થયા ત્યારે સમય થયેલો ૧૦:૫૫ વાગ્યાનો અને આ આશીર્વર્ષા વિરમી ત્યારે સમય થયેલો – ૧૨:૧૫ વાગ્યાનો !

હા, સતત ૮૦ મિનિટ સુધી અનરાધાર હેલી જમાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

"ભારત ડર્ટી (ગોબરું) નથી, પણ ડિવાઈન (દિવ્ય) છે. રામ, કૃષ્ણ, શ્રીજીમહારાજ, ૫૦૦ પરમહંસો, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ત્યાં વિચર્યા છે. અમે તો કહીએ છીએ કે બે વર્ષે એક વાર ભારત આવો. એનો લાભ લો. શોભા સદ્‌ગુણોથી વધશે, માટે ખોટું અનુકરણ ન કરો. આજ્ઞાને મહત્તા આપો; પદાર્થને નહીં, દુનિયાના માણસોને નહીં. બારમાં જઈએ, પાર્ટીમાં જઈએ તે સારા લાગે ને લોકોય કહે, 'વેરી ગુડ ! (બહુ સારું !)' પણ 'અલ્યા ! તે વેરી ગુડ કહેવાય ? વેરી બેડ (ખૂબ ખરાબ) કહેવાય.' તે જોવાય જ નહીં, અડાય જ નહીં. તે ઝેર છે, પોઇઝન. તે સંકલ્પ જ ન થવો જોઈએ. સંકલ્પ ઊઠે તો તેને દબાવી દો. યોગીજી મહારાજના પ્રેમ આગળ બીજા પ્રેમ નકામા છે, અધોગતિના છે. આ સમજાશે તો બીજાનો આપણી આગળ ભાર નહીં રહે.

આ તો આપણે પ્રવચનથી અંજાઈ જઈએ છીએ, પણ તેની લાઈફ તો જુઓ. 'वचस्येकं मनस्येकम्...' (વર્તન-વિચારની એકતા) તે લાઇફ કહેવાય. દારૂ પીને ગાતા હોય તેનાં ગીતો સાંભળવાની જરૂર નથી. કંઠ ગમે તેટલા સારા હોય તેથી શું ? કલ્યાણ છે તેનાથી ? વિચાર કરજો ઊંડો. બહારનું બંધ કરવાથી સમાજ કે દુનિયામાંથી ફેંકાઈ નહીં જાઓ. આપણી કેસેટો સાંભળો, આપણા વીડિયો જુઓ. હનુમાને નવ લાખનો હાર નાંખી દીધો તો આપણે કેસેટો, વીડિયો ન નાંખી શકીએ ? અશ્લીલ વાતો, ચિત્રો ન જોવાય.

'યોગીજી મહારાજ મારું સ્વરૂપ છે' તેમ મનાય તો બીજો સંકલ્પ ન ઊઠે. ઇલેક્ટ્રિક શૉટ લાગે તો તરત હાથ પાછો પડે છે, તેમ યોગીજી મહારાજ, શ્રીજીમહારાજની રુચિ ટ્વેન્ટી ફોર અવર્સ (ચોવીસ કલાક) નજર સામે હોવી જોઈએ.

અહીં તો લગનને પાંચ વર્ષ પૂરાં થાય તોય પાર્ટી. અરે ! તારો બાપો એંસી વરસ ભેગો જીવેલો. આ પશ્ચિમની સંસ્કૃતિ ભોગની છે. નોટ રાઇટ (બરાબર નથી) એ. આ આપણી રીત નથી. આ શિબિરનો અર્થ એ છે કે ભગવાનનું ધાર્યું કરવું છે, મનનું ધાર્યું કરવું નથી. આજ્ઞા વિના આવશો તો ધક્કા મારીને કાઢી નહીં મૂકે, પણ મનથી રાજી નહીં થાય. આપણને ગફલત રહે છે કે 'કોણ જાણે છે?' પણ ભગવાન તો દુનિયાના ખૂણે જઈને કરો કે દરિયામાં ઊંડે જઈને કરો પણ બધું જ જાણે છે. એક આ ટી.વી. ખૂણેખૂણાનું બતાવે છે, તો મહારાજ અક્ષરધામમાંથી નહીં જોતા હોય? આવું મગજમાં ફિટ થવું જોઈએ. આખી દુનિયાનું રાજ મળશે તોય શાંતિ નહીં આવે. ભગવાનની વાત સમજાશે ત્યારે શાંતિ થશે. ગુરુનું વચન એ વેદ. તે વચન એ શાસ્ત્ર.''

## ધાર્યું'તું નાનું ને થઈ ગયું મોટું

તા. ૨૮/૬ની સાંજે શિબિરમાં આવેલા ખેલ-કૂદના પિરિયડ માટે મેદાનમાં પધારેલા સ્વામીશ્રીએ અત્રે એક તંબુમાં બિરાજી કિશોરો દ્વારા ખેલાતી ફૂટબોલની રમત નિહાળી. તે દ્વારા કિશોરોના કૌશલ્યને ધન્ય કરનારા સ્વામીશ્રીની કુશળતામાં ડોકિયું કરવા તત્પર કિશોરોએ તા. ૨૯/૬ની સવારે યોજાયેલા શિબિર-સત્રમાં સ્વામીશ્રીને પૂછ્યું : 'આપને કોઈ કાર્ય ધારણા બહાર થઈ ગયું હોય એમ લાગતું હોય, આશ્ચર્યજનક લાગતું હોય તો તે કાર્ય કયાં છે?'

કિશોરોના આ કુતૂહલને શમાવતાં સ્વામીશ્રી બોલ્યા :

'બધાં ભગવાનનાં કાર્ય છે માટે તે આશ્ચર્યવાળાં છે. ગુરુને રાજી કરવા બધું કરવાનું છે. પણ તેમાં અક્ષરધામ અને લંડન મંદિર થયું તે આશ્ચર્યજનક લાગ્યું છે; કારણ કે અક્ષરધામનો પ્લાન નાનો કરેલો. યોગીજી મહારાજે ૩,૦૦૦ વાર જગ્યા લીધેલી, પણ જ્યારે મહારાજનો (દ્વિશતાબ્દી) સમૈયો થયો ત્યારે વિચાર થયો કે 'મહારાજની સ્મૃતિ કાયમ રહે તેમ કરવું.' આપણો સિદ્ધાંત 'સત્પુરુષ મળે તો અક્ષરરૂપ થવાય ને પુરુષોત્તમને મળાય' તે આવે તે રીતે કરવું'તું. ધાર્યું'તું નાનું ને થઈ ગયું મોટું ! કેવી રીતે થઈ ગયું તે કલ્પના બહારનું છે. દેશ અને દુનિયાભરના આવશે તે કલ્પના નહોતી. સમૈયો થયો તે પણ અદ્ભુત થયો ! એ બધું જોયું ત્યારે લાગ્યું કે આ આશ્ચર્યની વાત થઈ ગઈ છે. શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજના સંકલ્પથી થઈ ગયું, આપણાથી નહીં.

બીજું, લંડનનું મંદિર થયું ત્યારે જગજાહેર થશે એ કલ્પના નહીં. ટાઈમે પૂરું નહીં થાય તેમ હતું, પણ મેં કહ્યું કે 'ગમે તેમ કરીને પણ ટાઈમે કરવું છે. ભગવાનનું કામ છે ને ભગવાન ને સંતનો મહિમા હોય તો શું ન થાય!' હરિભક્તોને મહારાજે બળ આપ્યું કે જાત વેચીને મંદિર કરશે. બધાએ સેવા ઉપરાંત આપ્યું. લોન આપી. દુકાન, ઘર ગિરે મૂકી આપ્યું. આ આશ્ચર્યની વાત. પૈસો ખર્ચ્યા સિવાય મીડિયાવાળાય આવી ગયા. ગિનિઝ બુકમાં પણ આવી ગયું. આ ભગવાનનું કાર્ય. કલ્પના બહારની વાત, શક્તિ બહારની વાત.'

પોતાનાં અદ્વિતીય કાર્યોની કલગી સ્વામીશ્રીએ શ્રીજીમહારાજ અને ગુરુવર્યોના શિરે ચઢાવી દીધી. આ પણ અતિ આશ્ચર્યની જ વાત ને!

## પસ્તાવો તો કોઈ થયો નથી

સ્વામીશ્રીના મુખે અતિ આશ્ચર્યની વાત જાણી કિશોરોએ વધુમાં પૂછ્યું: 'બાપા! જીવનમાં કોઈ દિવસ આપને પસ્તાવો થયો છે?'

'પસ્તાવો તો કોઈ થયો નથી, કારણ કે મહારાજનું કામ છે, શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા છે ને યોગીબાપાના સંકલ્પથી કામ થાય છે. 'આપણે કરીએ છીએ' એમ માનીએ તો પસ્તાવાનું થાય ને! પણ 'મહારાજ જ કરે છે' તો શું કરવા પસ્તાવાનું? આપણે પ્રયત્ન સો ટકા કરવો, પણ નિષ્ફળતા મળે તો મહારાજની ઇચ્છા!'

સ્વામીશ્રીનો આ એક જ ઉત્તર તેઓને *'નોય મનુષ્ય આ નિરધાર...'* પુરવાર કરવા પૂરતો છે. પસ્તાવામુક્ત જીવન તો આ પૃથ્વી પર કોનું હશે?

આવા અલૌકિક જીવનનો તાગ પામવા મથતા કિશોરોએ વળી પૂછ્યું: 'સ્વામી! આપને 'આ કામ રહી ગયું છે' એવું રહે છે?'

'આપણે તો મહારાજની ઇચ્છા પ્રમાણે કરીએ છીએ. આપણાથી નહીં થયું તો બીજા દ્વારા કરશે. માટે 'રહી ગયું છે' તે શું કરવા માનવું? જે થયું તે તેમની ઇચ્છા હતી તેથી થયું!'

સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી હરખાયેલા કિશોરોએ કહ્યું: 'બાપા! અંગ્રેજીમાં આપને આવડતું એક વાક્ય બોલો.'

'ના આવડે ને કેમનું બોલે?' આમ કહી સ્વામીશ્રીએ રમૂજ વેરી, પણ પછી 'I Love You All' (હું તમને બધાને ચાહું છું) બોલી આખી શિબિર સફળ અને સાર્થક કરી દીધી. ત્યારબાદ સભાગૃહના એક ખૂણે વિવિધ મંડળો

સાથે બિરાજી તેઓ સમૂહછબીની સ્મૃતિ આપતાં ઉતારે જવા નીકળ્યા.

અહીં તેઓ સવા બાર વાગ્યે પધાર્યા ત્યારે બારણે ઊભેલા યુવાન શ્રી જિતુને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'તું ત્યાં ફોટો પડાવવા ના આયો ?'

'તે અહીં સિક્યુરિટીમાં છે.' એક સંતે જણાવ્યું.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'એમ ? સિક્યુરિટીવાળા રહી ગયા ? બધાને બોલાવી લાવો. ફોટા પડાવી દઈએ.'

તેઓના આ ઉદ્ગારમાંથી 'I Love You All'નો પડઘો ગુંજી ઊઠ્યો.

તેની વચ્ચે સૌને બ્રહ્મના સુખમાં તરબોળ કરતા સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા, પરંતુ તેઓ સમક્ષ થાળ મુકાવાની તૈયારી જ હતી ત્યાં આશરે બારેક ફૂટ દૂર રહેલા ફોનની ઘંટડી રણકી. તે ખખડાવનારાને સ્વામીશ્રી સાથે વાર્તાલાપ સાધવો હતો. તેથી ફોન અને રિસીવર – બંનેનાં દોરડાં લંબાવાયાં, તોય પનો ટૂંકો પડ્યો. ફોન સ્વામીશ્રીથી બે-એક ફૂટ છેટે રહ્યો. આ ખાઈ પૂરવા સ્વામીશ્રીએ સામે મુકાયેલું પત્તર ખસેડ્યું, ટેબલ પર જમણા હાથનો ટેકો દીધો અને આગળ તરફ ઝૂકી ડાબા હાથે ફોન પકડી ત્રણેક મિનિટ સુધી વાત કરી. આ રીતે એક મુમુક્ષુની ભૂખ ભાંગી સ્વામીશ્રીએ ભોજન શરૂ કર્યું ત્યારે વાતાવરણમાં વધુ એક વાર તેઓના 'I Love You All' શબ્દો ગુંજી ઊઠ્યા.

## એક રહેણી રહ્યા

તા. ૩૦/૬ની સવારે સેન્ટર પાર્કના A114 ઉતારેથી લંડન જવા માટે સ્વામીશ્રીની ગાડી આગળ વધી ત્યાં જ કતારબંધ ઊભેલા શિબિરાર્થીઓની આંખો દદડવા માંડી. કેટલાય કિશોરો ઠંડીથી થીજી ગયેલી સડક પર દંડવત્ કરવા લાગ્યા, તો કેટલાય કિશોરો પ્રેમના દાવે *'મરું પણ જાવા ન દેઉં...'*ના ભાવ સાથે ગાડીની આડે જ સૂઈ ગયા. પ્રેમભક્તિના આ અવનવા આવિષ્કારો જોઈ મોટરમાં બિરાજેલા સ્વામીશ્રી મંદ-મંદ મલકી રહ્યા. એ મરકલડા મુખે સૌની વિદાય લઈ નીકળેલા તેઓ સવા બાર વાગ્યે લંડનના મંદિરે આવી પહોંચ્યા.

અહીંથી સ્વામીશ્રી તા. ૩/૭ની બપોરે સવા બાર વાગ્યે બર્મિંગહામ પહોંચ્યા. અત્રે શ્રી મફતભાઈ સિંઘાડિયાના ઘેર બપોરનો વિશ્રામ લઈ તેઓ સાંજે સભામાં જવા નીકળ્યા ત્યારે ગાડીચાલક શ્રી મહેશભાઈએ પૂછ્યું : 'બાપા ! ઊંઘ આવી ગઈ'તી ? અમારે તો જગ્યા બદલાય તો ઊંઘ ન આવે તેવું થાય.'

'અમે તો ટેવાઈ ગયા.' અલમસ્તાઈથી આટલું જણાવી સ્વામીશ્રીએ એ જ લયમાં કહ્યું : '(અમારે તો) રોજ રોજ દરેક ઘંટીઓના લોટ જુદા જુદા, દરેક ગામનાં પાણી જુદાં જુદાં, રોજ જુદાં જુદાં વાહનોમાં ફરવાનું. ગામડે ગાડાંમાં બેસવાનું. પાડાગાડીમાં પણ બેઠા છીએ. ઊંટગાડીમાંય બેઠા છીએ...'

'આપના માટે હવે એક પ્લેન લાવી દેવું જોઈએ.'

'છે ને પ્લેન અમારી પાસે! ચાર જણ બેસી શકે એવું પ્લેન (અમે) વાપરીએ છીએ. જુઓ! તમારી આ કાર પ્લેન જેવી જ છે ને!'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારમાં, મળતું ન હોય એટલે મનને મનાવવાની વાત નહીં, પણ જે મળતું હોય તેનેય છોડીને સાદાઈથી રહેવાની ખુમારી પ્રગટી ગઈ.

તે સાથે તેઓએ આજે રાધાસ્વામી રસીલા સત્સંગ સેન્ટરમાં રથયાત્રાનો ઉત્સવ ઊજવ્યો. તેને અનુસરતાં ઊગેલી તા. ૪/૭ની સવારે સ્વામીશ્રી બર્મિંગહામ પ્રગતિ મંડળના હૉલમાં પૂજા-લાભ આપી તા. ૫/૭ના રોજ વેલિંગબરો પધાર્યા.

અત્રે આજની સાંજે બ્રિટિશ રેલવે સ્પોર્ટ્સ ઍન્ડ સોશિયલ ક્લબમાં ધર્મલાભ આપી શ્રી હિતેનભાઈ પટેલના ઘેર પધારેલા તેઓ પહેલા માળે જવા સ્ટેરચૅર પર બિરાજ્યા. સીડી પર સરકતી આ ખુરશીની ચાંપ દબાવવા દાદરા પાસે જ એક યુવક ઊભેલો. સ્વામીશ્રીની ખુરશીના હાથા નીચે પણ એક કળ હતી. તેથી સેવકોએ તે દબાવવા કહ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એ (યુવક) ભલે દબાવે. એની સેવા થઈ જાય ને! સેવા કરશે એમ-એમ આગળ વધશે.'

આમ, સર્વતંત્ર-સ્વતંત્ર હોવા છતાં અનેકને સેવા આપી આગળ વધારતા તેઓ તા. ૭/૭ની સવારે અર્થલિંગબરો પધાર્યા. અહીંથી ડોલીસ હિલમાં આવેલા યોગીજી મહારાજના પ્રાસાદિક ઉતારે જમી સ્વામીશ્રી બપોરે દોઢ વાગ્યે લંડન મંદિરે પરત ફર્યા.

## જુગત્યે જન જમાડિયા

આ અરસામાં ગુજરાત અને સૌરાષ્ટ્રની ભૂમિ પર વરસતા વરસાદના સમાચાર સ્વામીશ્રી મેળવતા રહેતા. તે ક્રમમાં તા. ૭/૭ની રાત્રે તેઓએ સારંગપુર અને ગઢડામાં પડેલા અપૂરતા વરસાદની વિગત જાણી ત્યારે કો'ક બોલ્યું : 'સારંગપુરથી સંદેશો આવ્યો છે કે અહીં આપની સાથે સારંગપુરના

સંતો હોય તેને આપ જમાડો તો વરસાદ થશે.'

આ સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'બધા શરૂઆતમાં ત્યાં જ (તાલીમ કેન્દ્રમાં) હોય છે.' (એટલે કે બધા સંતોને જમાડીએ.) પછી પૂછ્યું: 'કાલે રસોઈ શાની છે?'

'શિખંડની.'

'એ પીરસતાં ન ફાવે. બીજી કરજો.'

સ્વામીશ્રીની આ રુચિ જાણી સંતોએ પૂરણપોળી બનાવવાનું નક્કી કર્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'પૂરણપોળી બરાબર કરજો. પ્રોપર. બધા દસ-પંદર ખાઈ જાય એવી! બધા એક સમયે જ (જમવા) આવી જજો.' પછી ઉમેર્યું: 'સંતો! એકલી રસોઈ જમ્યે નહીં ચાલે. કાલે પૂજામાં પાંચ માળા વધુ કરજો. ઠાકોરજીને પાંચ દંડવત્ વધુ કરવાના ને પ્રાર્થના કરજો કે બધે વરસાદ પડે.'

આમ, વરસાદને હેઠો લાવવા સ્વામીશ્રીએ ભજન અને ભોજનના બે તાણિયા સાબદા કરી દીધા.

તે અનુસાર તા. ૮/૭ની સવારે તેઓએ પોતે પણ ઠાકોરજીને અગિયાર દંડવત્ કર્યા. પૂજામાં પણ નિત્ય નિયમ કરતાં અગિયાર માળા અધિક કરી.

ત્યારબાદ નિત્યક્રમમાં પરોવાયેલા સ્વામીશ્રી બપોરે બાર વાગ્યે સંતોની ભોજનશાળામાં આવી સોફા પર બિરાજ્યા. અહીં તેઓ ઠાકોરજીને ધરાવાયેલી પૂરણપોળીઓ જોઈ પ્રસન્ન થયા અને ચાર-ચારની એક-એક થપ્પી લઈ સંતોને પીરસવા માંડ્યા. તે સાથે 'મહારાજ જમ્યા છે; શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જમ્યા છે; તો સૌ સંતો! તમે જમો. વરસાદ ધમધોકાર પડે,' કહેતા જાય.

વળી, આજે સ્વામીશ્રી *'જેમ જેમ ઝાઝું જમે, તેમ અલબેલો રાજી અતિ...'*ના ભાવમાં હતા. તેથી ખમતીધર સંતોને તો ૧૦, ૧૨, ૧૫ પૂરણપોળીઓ આપી પત્તરમાં શગ ચડાવ્યાં. ત્યારબાદ સ્વયં પણ સંતો સાથે જ જમવા બિરાજ્યા અને 'दृष्टाः स्पृष्टा नता वा...' શ્લોક બોલી સંતોને સાખી-શ્લોક ગાવા આહ્‌વાન આપ્યું. તે સાથે જ કડીઓની ઝડીઓ વરસવા લાગી. તેની વચ્ચે પૂરણપોળીની પ્રાસંગિક વાત કરતાં સ્વામીશ્રી બોલ્યા:

"મહારાજના વખતમાં કાઠી દરબારો તુવેરની દાળ ઓછી જમતા. એક વખત સંતોએ પૂરણપોળી બનાવી. કાઠી દરબારોએ ભાણામાં લીધી. પછી જમવાનું શરૂ કર્યું ત્યારે અંદરોઅંદર કહે કે 'આપણે તુવેરની દાળ ન

જમીએ એટલે સાધુઓએ આ 'કપટ રોટલી' કરી.''

આમ, વાનગી સાથે વિનોદનું સુખ આપતાં સ્વામીશ્રી પોઢવા પધાર્યા ત્યારે સૌને *'જુગત્યે જન જમાડિયા, કોઈ રીત્યે નવ્ય રાખી મણા...'*ની શ્રીજીસ્મૃતિ તાદૃશ થઈ ગઈ.

## વાગ્યા ડંકા અતિ જશના જો

તા. ૮/૭ની સાયંસભામાં સ્વામિનારાયણ ઇન્ડિપેન્ડન્ટ સ્કૂલના બાળકો કાર્યક્રમ રજૂ કરી રહેલા ત્યારે પ્રત્યેક સભાસદને આજની સભા રાબેતા મુજબની જ ભાસતી હતી. પરંતુ આઠ વાગ્યાના સુમારે શ્રોતાવર્ગમાં બિરાજેલા સ્વામીશ્રીએ મંચ પર પદાર્પણ કરતાં જ સભાનાં રૂપ-રૂખ બદલાઈ ગયાં. મંચની મધ્યમાં શ્વેત કમલાસન પર સ્વામીશ્રી આરૂઢ થતાં જ ઉદ્‌ઘોષક દ્વારા શ્રી ટીમ ફૂટમેનને મંચ પર આવવા આમંત્રણ અપાયું. ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝના આ મેનેજિંગ એડિટરની જાહેરાત સાંભળી ૪,૦૦૦ શ્રોતાઓ કંઈક વિક્રમજનક ઘટના બન્યાનું અનુમાન તો કરવા જ લાગ્યા.

નિમંત્રણ મળતાં મંચ પર આવેલા શ્રી ફૂટમેનના હાથમાં સ્વામીશ્રીને સત્કારવા એક પુષ્પગુચ્છ આપવામાં આવ્યો. તે આ મુરબ્બી સીધો જ સ્વામીશ્રીને ધરવા ગયા ત્યારે સ્વામીશ્રીએ ઈશારા દ્વારા તે ઠાકોરજીને ધરાવી લાવવા કહ્યું. તેઓની આ ક્રિયા અજાયબીઓના સમાચાર જોવા અને સાંભળવાથી ટેવાયેલા વિક્રમપોથીના પેલા એડિટરને નવાઈ ઉપજાવી ગઈ. તેથી આશ્ચર્ય અનુભવતા તેઓ પ્રસાદીભૂત પુષ્પગુચ્છ સ્વામીશ્રીને અર્પણ કર્યા બાદ પ્રવચન-પીઠિકા સમક્ષ આવ્યા. અહીંથી તેઓએ ઘોષણા સંભળાવી કે –

'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ તરફથી સ્વામીશ્રીને બે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવે છે.'

તેમાંના એકમાં લખેલું :

*'THE LARGEST TRADITIONAL HINDU TEMPLE OUTSIDE INDIA IS THE SHREE SWAMINARAYAN MANDIR, NEASDEN, LONDON, UK, WHICH COVERS 1.5 ACRES AND IS BUILT WITH 26,300 PIECES OF STONE.'*

*– 'ભારત બહાર સૌથી વિશાળ પરંપરાગત હિંદુ મંદિર શ્રી સ્વામિનારાયણ મંદિર, નિસડન, લંડન, યુ.કે. છે. ૧.૫ એકરમાં વિસ્તરેલું*

*આ મંદિર ૨૬,૩૦૦ પથ્થરો દ્વારા બંધાયું છે.'*

બીજા માનપત્રમાં અંકિત વિગત હતી :

*'HIS HOLINESS PRAMUKH SWAMI MAHARAJ, THE SPIRITUAL MASTER OF THE SWAMINARAYAN HINDU MISSION (BAPS), CONSECRATED A WORLD RECORD 355 TEMPLE IN 11 COUNTRIES BETWEEN 17 APRIL, 1971 AND 6 MAY, 2000. THE HIGHEST NUMBER OF CONSECRATIONS ACHIEVED IN ONE MONTH WERE 14 TEMPLE, OR ONE EVERY 2.2 DAYS, CONSECRATED IN DIFFERENT LOCATIONS IN INDIA BETWEEN 1-31 JANUARY 2000.'*

*– 'સ્વામિનારાયણ હિંદુ મિશન(બી.એ.પી.એસ.)ના આધ્યાત્મિક વડા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ૧૭ એપ્રિલ, ૧૯૭૧ થી ૬ મે, ૨૦૦૦ના સમયગાળામાં વિશ્વના ૧૧ દેશોમાં ૩૫૫ મંદિરો પ્રતિષ્ઠિત કરવાનો વિશ્વવિક્રમ સર્જ્યો છે. એક મહિનામાં સૌથી વધુ પ્રતિષ્ઠા થઈ હોય તો તે ૧૪ મંદિરો છે, એટલે કે ૧ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૦૦ દરમ્યાન ભારતનાં વિવિધ સ્થળે દર ૨.૨ દિવસે એક મંદિર પ્રતિષ્ઠિત થયું.'*

ઉપરોક્ત ઉદ્‌ઘોષણા થતાં જ મંદિરની હવેલીમાં ચાર હજાર મુખેથી એકસાથે ઊઠેલા સ્વામીશ્રીના જયઘોષે જાણે બ્રહ્માંડ ડોલાવી દીધું ! આ દર્શકો સતત પાંચ મિનિટ સુધી ઊભા રહી તાળીઓના અનવરત ગડગડાટથી સ્વામીશ્રીને વધાવતા રહ્યા. સ્વામીશ્રી વિષેનો આ ભક્તિભાવ જોઈ અચંબો પામેલા શ્રી ફૂટમેન બોલી ઊઠ્યા : '...that was something I found very moving!' – આ દૃશ્ય મને અત્યંત સ્પર્શી ગયું !

આ હર્ષોલ્લાસ વચ્ચે જ તેઓ સ્વામીશ્રીને પ્રમાણપત્ર અર્પણ કરવા આવ્યા ત્યારે ઊભા થઈને હરિકૃષ્ણ મહારાજ પાસે આવેલા સ્વામીશ્રીએ આ પ્રમાણપત્રો ઠાકોરજીનાં પ્રસાદીભૂત કરાવવા કહ્યું. તે પછી તેઓએ જ્યારે માનપત્ર સ્વીકાર્યાં ત્યારે ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ ધન્યતા અનુભવી રહી. પોતાનાં પૃષ્ઠો પર ગુણાતીત સંતને સ્થાન આપનારી આ વિક્રમપોથી સ્વયં એક અમર કૃતિ બની ગઈ.

આ ક્ષણે વક્તવ્ય આપતાં શ્રી ફૂટમેને જણાવ્યું કે 'મારી પાસે આ

સન્માનનું વર્ણન કરવા શબ્દો ઓછા પડે છે. (૩૫૫ મંદિરોમાં પ્રતિષ્ઠાનો) આ આંકડો અત્યંત પ્રભાવક છે. મને વધુ પ્રભાવ એ વાતનો છે કે આ ફક્ત ભારતીય વિક્રમ નથી. સ્વામીશ્રી વિશ્વભરમાં વિચર્યા છે અને તેઓના શિષ્યો પણ વિશ્વભરમાં વિસ્તર્યા છે. એટલા માટે જ એ ખરેખર વિશ્વવિક્રમ છે.'

આ અવસરે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં આ વ્યવસ્થાપક તંત્રીએ એમ પણ જણાવ્યું કે 'આ વિશ્વવિક્રમ કેવળ હિંદુ ધર્મ પૂરતો સીમિત નથી, પણ આ કાર્ય પોપ અને દલાઈ લામાની સાથે સરખાવી શકાય તેમ છે. આ વિક્રમ ખરેખર આંતરરાષ્ટ્રીય છે, કારણ કે સ્વામીશ્રીનું કાર્ય ભારત ઉપરાંત બ્રિટન, અમેરિકા, કેનેડા, આફ્રિકામાં પણ છે. મને લાગે છે કે જે કોઈ બીજી વ્યક્તિ હશે તે પ્રમુખસ્વામીના વિક્રમથી ઘણી જ પાછળ હશે. આ વિશ્વ-વિક્રમને સર કરનાર કોઈ હશે તો તે સ્વામીજી પોતે જ હશે.'

આ બિરદાવલિ સાથે સમારોહ જેમ-જેમ આગળ વધતો ગયો તેમ-તેમ સંત અને સત્સંગી, સંસ્કૃતિ અને સંપ્રદાય, હિંદુ અને હિંદુસ્તાનનું મસ્તક ગૌરવથી ઉન્નત બનતું ચાલ્યું.

પરંતુ આ સમયે નતમસ્તક રહ્યા એકમાત્ર સ્વામીશ્રી ! એ જ મુદ્રામાં તેઓ બોલ્યા : 'આ મંદિરો થયાં છે તે ભગવાનના પ્રતાપે થયાં છે. માટે આ જે સન્માન આપવામાં આવ્યું છે તે ભગવાન સ્વામિનારાયણને છે, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને અર્પણ થાય છે.'

સિદ્ધિ-પ્રસિદ્ધિની ટોચની ક્ષણોએ જોવા મળેલી સ્વામીશ્રીની આ નમ્રતાને નોંધવાનું ગજું તો ગિનિઝ બુક પાસે પણ નહોતું !

## સ્પોન્સર વૉકનો દિવ્ય ઉત્સવ

લંડનમાં દાન એકત્રિત કરવાના એક ઉપાયરૂપે પ્રતિવર્ષ યોજાતી સ્પોન્સર વૉકમાં આ વર્ષે ભાગ લેનારા આશરે ૨,૦૦૦ હરિભક્તોનો ઉત્સાહ અદમ્ય હતો. તેથી તેઓ વડે તા. ૯/૭ની સવારથી જ મંદિરનું પરિસર ઊભરાવા માંડ્યું. સૌનાં એ ઊર્જા અને ઉમંગને યોગ્ય દિશામાં વાળતાં સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ ઠાકોરજીનું વિધિવત્ પૂજન કર્યું. તે પછી તેઓ સ્વયં ચાલીને મંદિરના પ્રવેશદ્વાર સુધી પધાર્યા. તે દ્વારા તેઓએ આ આયોજનનો મંગલ પ્રારંભ કરાવી દીધો. તે સાથે જ એક સંયમી અને સંગઠિત માનવ-પ્રવાહ લંડનના માર્ગે વહેવા માંડ્યો.

આ સ્પોન્સર વૉકમાં સહભાગી થવા સ્વામીશ્રી પણ નિયત સમયે વૅમ્બલી ટ્રાએન્ગલ પાસે જઈ પહોંચ્યા. અહીં તેઓને જોતાં જ સૌમાં ઉત્સાહની ભરતી ચઢી. તેના ઘુઘવાટે લંડનની શેરીઓ ગજવી. તેની વચ્ચે લંડનની સડક પર પગલાં પાડવા માંડેલા સ્વામીશ્રી પણ વીસ મિનિટ સુધી ચાલીને નોર્થ સરક્યુલર રોડ સુધી પહોંચ્યા.

આ રીતે સૌને એક અલભ્ય લાભ આપી તેઓ આજની સાયંસભામાં પધાર્યા ત્યારે અત્રે પ્રત્યેક ચાલનારાને પ્રમાણપત્ર અપાયાં. તે જોઈ સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ સર્ટિફિકેટ એ અક્ષરધામનું સર્ટિફિકેટ છે. આ કોઈ વ્યક્તિએ આપ્યાં નથી, પણ તમારી ભક્તિ જોઈને, ભાવ અને પ્રેમ જોઈને મહારાજે આપ્યું છે. આપણો આ એક દિવ્ય ઉત્સવ છે.'

આ દિવ્યતાનું અવતરણ તા. ૧૫/૭ની સાંજે એલ્પર્ટન ગોલ્સ ક્લબમાં થયું. અહીં સ્વામીશ્રી સમક્ષ બાળ મંડળે 'પ્રમુખ કપ' ફૂટબોલ સ્પર્ધાની ફાઈનલ મેચ યોજેલી. તેઓને પ્રોત્સાહિત કરવા અત્રે પધારેલા સ્વામીશ્રીના હસ્તે વિજેતાઓને પારિતોષિકો વહેંચાયાં.

સ્વામીશ્રીનો આ પ્રેમ તા. ૧૬/૭ની સાયંસભામાં તો ૮,૫૦૦ ભક્તો પર વરસી પડ્યો. આ સભા ગુરુપૂર્ણિમાની હોવાથી ગુરુપૂજન માટે એકત્ર થયેલા વિશાળ સમુદાયે વિવિધ રીતે સ્વામીશ્રીને વધાવ્યા. તેની સાથે સૌને જકડી રાખનારાં દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમો, ગીત-સંગીત તથા ભક્તિનૃત્યો તેમ જ લેસર કિરણોની મદદથી રચાયેલી અનુપમ રંગાવલિઓએ સતત ત્રણ કલાક સુધી સૌને દિવ્ય અનુભૂતિમાં રમતા કરી દીધા.

પરંતુ આ સમારંભની સ્મરણીય ક્ષણ બની રહી – ઠાકોરજીના આગમનની. સભાના મધ્યમાં વિશિષ્ટ ગોઠવણીથી ધીરે ધીરે સરકતા હરિકૃષ્ણ મહારાજ સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રી કોઈનોય ટેકો લીધા સિવાય જાતે જ ઊભા થઈ ગયા અને વારંવાર પગે લાગીને ઠાકોરજીનાં દર્શન કરતા રહ્યા. ત્યારબાદ તેઓ કોઈ ટેકા સિવાય આપમેળે જ સોફા પર બિરાજ્યા. પરાભક્તિના પુરાવારૂપ તેઓની આ ચેષ્ટા સૌનાં હૈયે વસી ગઈ.[૧૭]

---

૧૭. સ્વામીશ્રીને એનાયત થયેલાં ગિનિઝ બુકનાં પ્રમાણપત્ર અને અન્ય ઐતિહાસિક પ્રસંગોને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

## ટોરોન્ટોમાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ

યુરોપમાં ૩૯ દિવસના રોકાણ બાદ તા. ૧૭/૭ની સાંજે સાતેક વાગ્યે ટોરોન્ટો પધારેલા સ્વામીશ્રીને મળવા તા. ૧૮/૭ની સવારે નામધારી શીખ સંપ્રદાયના સદ્ગુરુ શ્રી જગજીતસિંહજી આવ્યા. આ ધર્મગુરુને સ્વામીશ્રીએ પોતાના આસન પરથી ઊભા થઈને આવકાર્યા અને સુખડનો હાર પહેરાવી સન્માન્યા. આ સમયે શ્રી જગજિતસિંહે પણ ઊનની શ્વેત માળા સ્વામીશ્રીના કંઠમાં આરોપતાં કહ્યું : 'आप स्कूल वगैरह सामाजिक कार्य तो करते ही हैं, मगर सबसे अच्छा तो यह है कि आप सभी को धर्म में लगाते हो।'

સ્વામીશ્રી દ્વારા જળવાતું સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિનું સંતુલન સૌને મન અહોભાવનો વિષય બની રહેતું.

આ વિશેષતા સાથે તેઓએ આજની સાંજે નિર્માણાધીન મંદિરની જે ત્રેવીસ એકર જમીન પર પગ મૂક્યો ત્યાં આકર્ષક 'સ્વામિનારાયણ નગર' ખડું કરવામાં આવેલું. અહીં જ પ્રતિદિન થનારી જાહેર-સભાના ક્રમમાં શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ પણ યોજાવાનો હતો. તેમાં થનારા વિધિમાં યજમાનોને બેસવા માટે પાથરણાં લેવા આપણા કાર્યકરો શીખ સજ્જન શ્રી નવદીપસિંહની દુકાને જઈ પહોંચેલા, પરંતુ આ વેપારી સ્વામીશ્રીનું નામ સાંભળી પોતાના ખિસ્સામાંથી સ્વામીશ્રીની છબી કાઢતાં બોલેલા : 'જો આ સ્વામી આવવાના હોય તો હું મફતમાં જરૂરી સામગ્રી આપીશ.'

આ લાગણી સાથે તેઓ તા. ૨૧/૭ની સવારે સ્વામીશ્રીને મળવા મંદિરે આવ્યા ત્યારે તેઓએ પેલી તસવીર સ્વામીશ્રીને પણ બતાવી. તે જર્જરિત થઈ ગઈ હોવાથી સંતોએ નૂતન પૉકેટ કેલેન્ડર ભેટ ધર્યું. જેમ પ્રત્યક્ષ સંપર્કમાં ન આવનારાને પણ ફૂલ તેની સુગંધથી તરબતર કરી મૂકે છે, તેમ પરોક્ષપણે પણ સ્વામીશ્રીની સાધુતા સૌને અભિભૂત કરતી રહેતી.

આવા તેઓના સાંનિધ્યમાં તા. ૨૩/૭ની સવારે શિલાન્યાસનું શુભ મુહૂર્ત આવી પહોંચ્યું. આ મંગલ ઘડીએ સ્વામીશ્રીએ વરાહ, કૂર્મ, અનંત, વસુધા, વાસ્તુપુરુષ અને ધ્રુવ દેવને આવાહન કરી પૂજ્યા. ત્યારબાદ તેઓએ આ સ્વરૂપોને નિધિ કુંભમાં સ્થાપી પંચશિલા અને ઇષ્ટિકાઓનું પણ પૂજન કર્યું. આ સઘળી સામગ્રી ખાતવિધિના ગર્તમાં મુકાઈ ત્યારે સ્વામીશ્રીએ પૂજાદ્રવ્યો, સિમેન્ટનો માલ અને જલધારા પધરાવી મંદિર-નિર્માણના શ્રીગણેશ કરી આપ્યા.

આ ઐતિહાસિક ક્ષણોને ભારતીય રાજદૂત શ્રી વર્મા, કોન્સલ જનરલ શ્રી ભંડારી વગેરે કંઈક મહાનુભાવો સહિત ૫,૦૦૦ ભાવિકોએ ઉમંગભેર વધાવી લીધી. તેને અનુસરતાં યોજાયેલી સભામાં ટોરોન્ટોના મેયર શ્રી લાસ્ટમેને સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' આપી સન્માન્યા. આ બહુમાનને પણ કેનેડાના આરોગ્ય મંત્રી શ્રી એલન રોકની સાથે આવેલા સ્થાનિક સાંસદ તેમ જ કાઉન્સિલર વગેરેએ બિરદાવ્યું.

આમ, પૂરી દિવ્યતા અને દબદબા સાથે વધુ એક દેશમાં સદીઓ સુધી ટકે તેવા મંદિરનાં મંડાણ કરી સ્વામીશ્રીએ તા. ૨૪/૭ની સવારે ટોરોન્ટોથી વિદાય લીધી.

## આ તો આશ્ચર્યજનક!

ટોરોન્ટોથી નીકળેલા સ્વામીશ્રી તા. ૨૪/૭ની બપોરે સાડા બાર વાગ્યે અમેરિકાના ફોલરિવર મુકામે જઈ પહોંચ્યા ત્યારે અહીં નૂતન મંદિરે આકાર પકડી લીધેલો. તેમાં તા. ૨૫/૭ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રીએ આજની સાંજે પ્રોવિડન્સ પરગણાના વેટરન્સ મેમોરિયલ હોલમાં ધર્મલાભ આપ્યો.

આ જ હેતુસર તેઓ તા. ૨૬/૭ની બપોરે એડિસન પધાર્યા ત્યારે અહીં ગુણાનુરાગી ઉદ્યોગપતિ શ્રી રવિ સુબ્રહ્મણ્યમ્ પોતાની મોટર સાથે સેવામાં હાજર હતા. તેઓની ગાડીમાં બેસી સ્વામીશ્રી ઍરપોર્ટથી મંદિરે જવા નીકળ્યા ત્યારે આ ગાડીચાલકે સ્વાનુભૂતિ વર્ણવી કે 'स्वामीजी के दर्शन करके मुझे बहुत शांति हो गई। स्वामीजी अवतार पुरुष हैं।'

શ્રી સુબ્રહ્મણ્યમ્‌ની આ મુમુક્ષુતા પારખી તેઓને ભગવદ્વાર્તા સંભળાવવા માંડેલા સ્વામીશ્રી આજે મુસાફરીમાં સતત અઠ્ઠાવીસ મિનિટ સુધી બોલતા રહ્યા. તે દરમ્યાન તેઓએ જીવનના ચાર પુરુષાર્થ, જીવના ચાર પ્રકાર સહિત શ્રીજીમહારાજથી માંડી યોગીજી મહારાજ સુધીની પરંપરાનું કાર્ય વર્ણવ્યું.

એક-એક જીવને ભગવાનના માર્ગે ચઢાવવાની આ શ્રદ્ધા સાથે વિચરતા સ્વામીશ્રી જ્યારે તા. ૨૭/૭ની સાંજે મંદિરના હૉલમાં ભ્રમણ કરવા પધાર્યા ત્યારે બાળકોએ કૂચ આદરી. તે વખતે સ્વામીશ્રી પણ અચાનક પોતાનો ભ્રમણપથ છોડી એ બાળકો સાથે કૂચ-કદમ કરવા માંડ્યા. આ સમયે જુસ્સો પ્રગટ કરવા બાળકો જમણો હાથ ઊંચો કરી ગીત ગાઈ રહેલા, તો સ્વામીશ્રી

પણ તેઓની આ રીતને અનુસરતાં જમણો હાથ ઊંચો કરી ગાતા જાય અને ચાલતા જાય.

આવા બાળસનેહી સ્વામીશ્રીને સત્કારવા આજની સાયંસભામાં ઉપસ્થિત થયેલા કંઈક મહાનુભાવો પૈકીના એક શ્રી બાવા જૈન એટલે યુનોના આંગણે યોજાનારી વિશ્વશાંતિ પરિષદના મહામંત્રી. તેઓએ આગામી મહિને યોજાનારી આ ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ કરતાં કહ્યું :

"ઑગસ્ટ ૨૮ થી ૩૧ દરમ્યાન દુનિયાભરના ૧,૫૦૦ જેટલા ધાર્મિક વડા યુનોમાં પ્રથમ વખત ભેગા થવાના છે. તેમાંના એક પ્રમુખસ્વામી મહારાજ સમગ્ર હિંદુ ધર્મનું પ્રતિનિધિત્વ કરશે. તેઓએ વિશ્વભરમાં જે અસાધારણ કાર્ય કર્યું છે તે માટે તેઓશ્રી આ સ્થાનને સર્વથા યોગ્ય છે. મેં હમણાં જાણ્યું કે સ્વામીજીએ ૩૫૫ મંદિરો બનાવવા બદલ ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. મારા ગુરુ(મુનિ શ્રી સુશીલ-કુમારજી)એ મને કહેલું કે 'જીવન દરમ્યાન એક તીર્થ બનાવવું એ મોટી સિદ્ધિ છે.' આ તો ૩૫૫ તીર્થો ! આશ્ચર્યજનક !"

## માનવ-જીવનની મોટામાં મોટી ભેટ

એડિસનમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન બાળ, કિશોર, યુવા અને વડીલ પેઢી વિવિધ આયોજનો દ્વારા લાભ લૂંટવા માંડેલી. તેની સાથે દર્શન માટે દોડી આવતા કંઈક ભાવિકોના ક્રમમાં તા. ૨૮/૭ની બપોરે આવેલા એક આગંતુકે પૂછ્યું : 'સ્વામીજી ! જીવન શા માટે જીવવું જોઈએ ?'

'ભગવાનને રાજી કરવા માટે જ !'

'સ્વામીજી ! એક મનુષ્ય બીજા મનુષ્યને મોટામાં મોટી ભેટ કઈ આપી શકે ?'

'મોટામાં મોટી ભેટ તો એ છે કે આપણી પાસે ભગવાનનું જે જ્ઞાન છે એ બીજાને આપવું. એનાથી પોતે સુખી થાય, મુક્તિ મેળવી શકે અને વ્યવહારમાં પણ શાંતિ રહે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

માનવ-જીવનની આ મોટામાં મોટી ભેટ સૌને આપવા વિચરતા તેઓ જ્યારે આજની રાત્રે જમવા બિરાજ્યા ત્યારે તેઓના અહીંના રોકાણનું સરવૈયું આપતાં હરિદર્શનદાસ સ્વામીએ દિલગીરી વ્યક્ત કરી કે 'બાપા ! બે દિવસથી આપને જમવામાં મોડું થાય છે, ભીડો પડે છે.'

'ભજન કરવું, કથા કરવી એમાં ભીડો પડતો નથી. એને ભીડો કહેવાય પણ નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, ભક્તોને લાભ આપવામાં દૈહિક શ્રમને કદી ન ગણકારતા તેઓના વરદહસ્તે તા. ૨૯/૭ની સવારે અહીંના મંદિરમાં રાધા-કૃષ્ણ, શિવ-પાર્વતી, સીતા-રામ તથા હનુમાનજી-ગણપતિજીની આરસ-પ્રતિમાઓ પ્રતિષ્ઠિત થઈ. તેની સાથે ગુરુપરંપરાની નવી ચિત્રપ્રતિમાઓ પણ બિરાજી.

ત્યારબાદ યોજાયેલી સભામાં આશીર્વાદ આપી ઉતારે પધારેલા સ્વામીશ્રી ભોજનથી પરવાર્યા ત્યારે એક યુવાન સાથે પ્રવેશેલા હરિભક્તને જોઈ તેઓએ પૂછ્યું: 'આ તમારો દીકરો?'

'હા.'

'તો તું અમને મળવા કેમ નથી આવતો?' સ્વામીશ્રીએ પેલા યુવાનને પૂછ્યું.

ત્યારે તે બોલ્યો: 'બાપા! આપને તકલીફ પડે ને!'

'એટલે નહીં, પણ ભાઈને વ્યસન છે તેથી દૂર ભાગે છે.'

પિતાએ કરેલો આ ખુલાસો સાંભળી પોતાની છાતી પર હાથ મૂકતાં સ્વામીશ્રીએ પેલા યુવકને કહ્યું: 'તું મળવા આવે તેમાં કાંઈ તકલીફ પડતી નથી, પણ આ વ્યસન રાખે છે તેનાથી ખૂબ તકલીફ પડે છે.'

સ્વામીશ્રીની આ લાગણીથી વીંધાયેલા તે યુવાને ક્ષમાયાચના સાથે તમામ વ્યસનો ફગાવી દીધાં. મંદિરમાં મૂર્તિઓ પધરાવતા સ્વામીશ્રી માનવને પણ દેવતુલ્ય બનાવતા.

## સ્વામીની કરકસર અને કરકસરના સ્વામી

તા. ૩૦/૭ની સવારે એડિસનથી ઑગસ્ટા પહોંચેલા સ્વામીશ્રીની જાહેર-સભા અત્રે આજની સાંજે વિલિયમ સિવિક સેન્ટર ખાતે યોજાયેલી. તેમાં શહેરના નગરપતિ વતી ઉપસ્થિત થયેલા પ્રતિનિધિએ સ્વામીશ્રીને 'ઑગસ્ટા શહેરનું માનદ નાગરિકત્વ' આપી નવાજ્યા. આ સત્કાર ઝીલતા સ્વામીશ્રીએ તા. ૩૧/૭ના રોજ અહીંના હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની સ્થાપના કરી શહેરને સવાયું નજરાણું ભેટ ધર્યું.

ત્યારબાદ તેઓ શ્રી મહેશભાઈ શાહના ઘેર ઉતારે પધાર્યા ત્યારે અહીં પત્ર-પરિચારકે તેઓને એક ફેક્સ વાંચવા આપ્યો. તેનો દોઢેક પાનાં જેટલો

ભાગ સાવ કોરો જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ આવું કેમ છે ?'

'ફેક્સ આવ્યો ત્યારે મશીનમાંથી જ એટલો ભાગ કોરો નીકળ્યો છે.'

આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી લખાણવાળો ભાગ વાળી દઈ કોરો ભાગ બતાવતાં બોલ્યા : 'લો, આપણે પણ (કરકસરના હિમાયતી) ડૉક્ટર સ્વામીને યાદ કરી કરો ઉપયોગ !' આમ કહેતાં તેઓ એ કોરા ભાગ પર જ પ્રત્યુત્તર લખવા તત્પર બન્યા, પણ એ કાગળ થોડો ચોળાઈ ગયો હોવાથી સંતોએ બીજો કાગળ વાપરવાનું સૂચન કરતાં કહ્યું : 'આમાં કંઈ બરકત નથી. જવા દો ને !'

જો કે આ ભલામણ લક્ષમાં ન લેતાં સ્વામીશ્રીએ ફેક્સના એ કોરા કાગળ પર જ જવાબ લખાવી હસ્તાક્ષર કરી દીધા. વિશ્વવિક્રમોના ધારક તેઓની આ કરકસર સૌ માટે પ્રેરક અને પ્રભાવક બની રહી.

## સૂઝસભર નજર, સંવેદનાસભર અંતર

તા. ૧/૮ના રોજ ઑગસ્ટાથી એટલાન્ટા પધારેલા સ્વામીશ્રીને નવાજતાં આ નગરે તેઓને 'ડ્રીમ રીઅલાઇઝ' ઍવોર્ડ એનાયત કર્યો. મહાન સ્વપ્નદ્રષ્ટા શ્રી માર્ટિન લ્યુથર કિંગની સ્મૃતિમાં વિશિષ્ટ વિભૂતિઓને અપાતું આ સન્માન દેવા તા. ૨/૮ની સાયંસભામાં મેયરના પ્રતિનિધિ શ્રી ગ્રેગ પ્રિજિઓન હાજર રહેલા. તેઓ સ્વામીશ્રીને મળતાં અત્યંત રોમાંચિત થઈ ગયા.

તેઓ તરફથી આ બહુમાન સ્વીકારી સ્વામીશ્રી તા. ૩/૮ની સવારે ગ્વિનેટ કાઉન્ટીમાં આવેલી નિર્માણાધીન શિખરબદ્ધ મંદિર માટેની સંભવિત ભૂમિ પર જઈ પહોંચ્યા. પાઈન વૃક્ષોની વનરાજીથી આચ્છાદિત ત્રીસેક એકરની આ જમીન પર પગલાં પાડી તેઓએ તેને તીર્થત્વ આપ્યું ત્યાં જ આજની સાયંસભામાં વધુ એક સન્માન તેઓનાં ચરણે આવી પડ્યું. આ સમયે ક્લાર્કસ્ટન શહેરના નગરપતિ શ્રી જ્યોર્જ બાલ્ડસેરે સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' આપી સત્કાર્યા.

આ નવાજેશને ધન્ય કરતા સ્વામીશ્રી આજની સભા બાદ ઉતારે જઈ રહેલા ત્યારે રસ્તામાં બાળકો માટે ઊભી કરાયેલી ખેલકૂદની જગ્યા આવી. અત્યારે પણ અહીં કેટલાક બાળકો હીંચકા, લપસણી વગેરેનો આનંદ ઉઠાવી રહેલા. તે જોઈ સ્વામીશ્રીએ વાહનચાલકને કહ્યું : 'આ છોકરાંવ રમે છે ત્યાં નીચે કઠણ જમીન છે. પડે તો વાગે. માટે ઝીણી રેતી નાંખી દીધી હોય તો

બાળકોને વાગે નહીં.'

સ્વામીશ્રીની આ કાળજી સૌને દંગ કરી ગઈ. તેઓની સૂઝસભર નજર અને સંવેદનાસભર અંતર અનુભવી આજનો બાલદિન ધન્ય થઈ ઊઠ્યો.

## જે સેવા કરે તે બધાને અક્ષરધામ

તા. ૪/૮ની સાંજે યોજાયેલી વિશિષ્ટ સભામાં જ્યોર્જિયા રાજ્યે સ્વામીશ્રીને પોતાના શુભેચ્છક રાજદૂત (Goodwill ambassador) અને માનનીય નાગરિકનું સન્માનપત્ર આપી કૃતાર્થતા અનુભવી. સ્વામીશ્રીના આ બહુમાનને હકડેઠઠ સભાએ ઊભા થઈ તાળીઓના નાદ દ્વારા વધાવ્યું. સૌનો આ પ્રેમભાવ જોઈ સ્વામીશ્રીને સન્માનિત કરવા આવેલા રાજ્યના ઉપસચિવ શ્રી ટેરેલ સ્લેટન તો ચકિત જ થઈ ગયા.

આ સન્માનવિધિ બાદ તા. ૬/૮ની સવારે મંદિરના સભાગૃહમાં જ નૂતન મંદિરનું ભૂમિપૂજન સંપન્ન કરી સ્વામીશ્રી મંદિરમાં કાર્યરત મેડિકલ વિભાગમાં પધાર્યા.

અત્રે તેઓ ડૉક્ટરની ખુરશી પર બિરાજી એક તબીબની અદાથી જ સ્ટેથોસ્કોપ વડે ડૉ. હર્ષદભાઈ પટેલને તપાસવા લાગ્યા. અંતે નિદાન કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'અક્ષરધામમાં જાય એવું તૈયાર થઈ ગયું છે !'

આ સાંભળી આસપાસ ઊભેલા ભક્તોએ પૂછ્યું : 'બાપા ! અમારું શું ?'

'બધા જ અક્ષરધામમાં જશે. જે સેવા કરે છે તે બધાને અક્ષરધામ !'

આ વરદાનની સાથે સ્વામીશ્રીએ આજની રાત્રે કિશોરોને પણ અનેરું સ્મૃતિદાન આપ્યું. આ સમયે ઠાકોરજી જમાડી રહેલા તેઓ સમક્ષ કિશોરોએ *'રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી...'* થાળ ગાયો ત્યારે સ્વામીશ્રીએ સેવકને સૂચના આપી : 'એક તપેલીમાં થોડી ખીચડી લાવો. બધાને ચમચી-ચમચી પ્રસાદ આપીએ.'

આમ કહી તેઓ ભોજન બાદ પ્રત્યેક કિશોરને આ વિશિષ્ટ પ્રસાદની લહાણી કરવા લાગ્યા. તેમાં તેઓએ વચ્ચે એક કિશોરને પૂછ્યું : 'ખીચડી કેવી લાગી ?'

'બહુ સરસ છે સ્વામી !'

'એમ ! સારી લાગી ને !'

'હા.'

'તો જા, કલ્યાણ !' હાથનું લટકું કરતાં સ્વામીશ્રી બોલ્યા.

આમ, છૂટે હાથે કલ્યાણની લહાણી કરતા તેઓ તા. ૭/૮ના રોજ જેક્સન પહોંચ્યા. અહીં શહેરના શાંત-ભદ્ર વિસ્તાર ગ્રીન વે ડ્રાઇવમાં નાજુક મંદિર નિર્માણ પામી ચૂકેલું. તેમાં તા. ૮/૮ના રોજ મૂર્તિપ્રતિષ્ઠાનાં પડઘમ વાગી રહ્યાં. તેની વચ્ચે શ્રી કે. સી. પટેલે જાહેરાત કરી કે 'ત્રણ એકરના મંદિરની બાજુમાં દોઢ એકર જમીનનો ટુકડો ખાલી પડતો હતો. તે જગદીશભાઈ અને છોટુભાઈએ પોતાના નામે ખરીદી લીધેલો. આજે તેઓ આ જમીન સ્વામીશ્રીને અર્પણ કરી રહ્યા છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ ટકોર કરી કે 'ઠાકોરજીને અર્પણ કરશે એમ કહો.'

તેઓની આવી પરાભક્તિના પાયા પર દેશ-વિદેશમાં ચણાઈ રહેલાં મંદિરોની શૃંખલામાં આજે જેક્સન પણ ઉમેરાયું. આ કાર્યને બિરદાવવા આજની સાંજે આવેલા મેયર શ્રી હાર્વી જોહ્નસને 'કી ટુ ધ સિટી' આપી સ્વામીશ્રીને સન્માન્યા.

નગરપતિના આ આદરમાન સ્વીકારી તા. ૯/૮ની સવારે જેક્સનથી વિદાય થયેલા સ્વામીશ્રી બપોરે સવા બાર વાગ્યે પેરી શહેરમાં પહોંચ્યા.[૧૮]

## પેરીમાં શિબિરનું સામ્રાજ્ય

પેરીમાં ૬૪૪ એકરની ભૂમિ પર પથરાયેલા જ્યોર્જિયા નેશનલ ફેરગ્રાઉન્ડ ઍન્ડ એગ્રિસેન્ટરની ખ્યાતિ સમારંભો યોજવાના સ્થળ તરીકે ઘણી. આ કૃષિકેન્દ્રમાં ચારિત્ર્યવાન પેઢીનો મોલ પકવવા સ્વામીશ્રી પધાર્યા ત્યારે ૧,૮૦૦ બાલ-બાલિકા અને કિશોર-કિશોરીઓએ તેઓને ઉમળકાભેર આવકાર્યા. અમેરિકામાં આ વર્ષે યોજાયેલી રાષ્ટ્રીય શિબિરના આ સૌ સભ્યોનું અભિવાદન સ્વામીશ્રી સ્વીકારી રહેલા ત્યારે મધ્યાહ્નનો સૂર્ય માથે તપતો હતો. આ ગરમી ગોલ્ફ કારમાં બિરાજેલા સ્વામીશ્રી માટે અસહ્ય છે તે તેઓના લાલાશ પકડી રહેલા મુખારવિંદ પર જામવા માંડેલાં પ્રસ્વેદ બુંદોથી

૧૮. કેનેડા અને અમેરિકામાં સ્વામીશ્રીએ આપેલા અલૌકિક અધ્યાત્મલાભને લૂંટવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સ્પષ્ટ થતું હતું. છતાં આ તાપમાંય તેઓનું મુખકમળ પોતાના માનસપુત્રોને જોઈ ખીલી ઊઠ્યું. એકેએક બાળક અને કિશોરની હાજરી નોંધતાં તેઓ પ્રત્યેક પર દૃષ્ટિ વેરી અક્ષર કુટિરમાં પધાર્યા.

બે ટ્રેલરને એકમેક સાથે ભેરવીને તૈયાર થયેલા આ નિવાસમાંથી સ્વામીશ્રી આજની સાંજે શિબિરના પ્રારંભિક સત્રમાં પધાર્યા ત્યારે નીલકંઠ સભાગૃહમાં ગાઢ અંધકાર છાઈ વળેલો. તેમાંથી જ પ્રગટેલી ગૂઢ વાણીમાં 'गुरुर्ब्रह्मा...' વગેરે ગુરુમહિમાના શ્લોકોનું ગુંજન શરૂ થયું. તે જ વખતે સભાગૃહના દ્વારે હાથમાં ઠાકોરજી લઈને ઊભેલા સ્વામીશ્રી પર તેજનો શેરડો પ્રસર્યો. એ તેજબિંબ જાણે સ્વામીશ્રીના પગલે-પગલે ચાલી રહ્યો હોય તેમ સ્વામીશ્રીની સાથે જ સરકવા લાગ્યો. નિબિડ અંધકારમાં હળવે પગલે ડગ દેતી સ્વામીશ્રીની એ તેજોમય મૂર્તિ સૌની આંખોનો તારો બની રહી.

અંધકારભરી દુનિયામાં આશાના ઓજસ્વી કિરણ જેવા સ્વામીશ્રી મંચ પર બિરાજતાં જ સ્વાગત-નૃત્યની સૂરાવલિ છેડાઈ અને સમગ્ર સભાગૃહ ઝગમગવા લાગ્યું. બાળ-કિશોરોનાં થનગનતાં હૈયાંનો આ ભાવ સ્વીકારતાં જ સ્વામીશ્રીએ શિબિરનો મંગલદીપ પ્રગટાવી દીધો. તે પછી સ્વરૂપનિષ્ઠાના મધ્યવર્તી વિચારને વરેલી આ શિબિરમાં અમૃતધારા રેલાવતાં તેઓએ કહ્યું:

''આ શિબિરમાં તમે જે વિષય લીધો છે કે ભગવાન શ્રીજીમહારાજને આપણે સમજીએ, એમના સિદ્ધાંતને આપણે સમજીએ, તે ખૂબ સારી વાત છે. તમે સમજશો તો એનો આનંદ પણ એટલો છે. માટે ભગવાનના વચનમાં વિશ્વાસ રાખવો. શ્રીજીમહારાજ બોલ્યા છે કે 'હું સર્વોપરી ભગવાન છું.' પછી આપણે કોનું પ્રમાણ લેવું ? આ દુનિયાની અંદર કોઈના પ્રમાણની જરૂર નથી. એમણે કહ્યું: 'મારું ધામ અક્ષર એ ગુણાતીતાનંદ સ્વામી છે.' શાસ્ત્રીજી મહારાજે આપણને ખોટે રસ્તે ચઢાવ્યા નથી. મોટાપુરુષ બોલ્યા છે એ મિથ્યા થવાનું નથી. એ સરસ ચાલવાનું છે, પણ આપણી સેવા રહી ન જાય એ આપણે જોવાનું છે.''

## ઈન્ટરનેટ ધીમું ઝેર છે

તા. ૧૦/૮ની સવારે પ્રાતઃપૂજા બાદ સભાગૃહના પ્રવેશદ્વારે ગોઠવાયેલા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીના હસ્તે થયું. મંદિર અને મહામંત્રના મર્મ તથા મહિમાને રજૂ કરતા આ પ્રદર્શનની શોભા વધારતાં સ્વામીશ્રીએ અહીં પાંચ

વાર 'સ્વામિનારાયણ' મંત્ર લખી શિબિરને એક 'અક્ષર'સ્મૃતિ આપી દીધી.

ત્યારબાદ તેઓ કિશોરોના શિબિર-સત્રમાં પહોંચ્યા ત્યારે અત્રે છ કિશોરો દ્વારા ઇન્ટરનેટના ઉપયોગ વિષયક રસપ્રદ ચર્ચાસત્ર ચાલી રહેલું. તેનું વ્યવહારુ સમાપન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'ઇન્ટરનેટમાં સારું પણ છે ને ખરાબ પણ છે. માટે જો વિવેક નહીં હોય તો આપણે બધું ગુમાવી બેસીશું. ઇન્ટરનેટ દેખાય છે સારું, પણ સ્લો પોઇઝન (ધીમું ઝેર) છે. જેમ-જેમ એનો અનુભવ કરીએ તેમ-તેમ જીવન બગાડે છે. આ વાતનો એવો પ્રચાર કરો કે આનાથી બીજા બચે. ડૂબતા માણસને બચાવવો એ આપણી ફરજ છે. ઇન્ટરનેટમાં જેટલી જરૂરની હોય એટલી વાત કરો; જરૂર વગરની ન કરો. જે પ્રશ્ન માટે ચાલુ કર્યું હોય તે પ્રશ્નનો ઉત્તર મળી ગયો એટલે પતી ગયું ! એને આગળ વધારવાની વાત નથી.'

કિશોરોને વિવેકની આ આંખ આપી સ્વામીશ્રી હરિકૃષ્ણ સભાગૃહમાં ચાલતી બાળ શિબિરમાં પધાર્યા ત્યારે તો જાણે ગુજરાતના ગામડામાં આવી ગયા હોય તેમ લાગ્યું. મંચ પર નાનકડી કુટિર, તેની બાજુમાં કૂવો, એક ખૂણે પંખીની ચાટ, નાનાં-નાનાં પુષ્પ, પક્ષી અને પ્રાણી વગેરે સજાવટથી ગ્રામીણ સંસ્કૃતિનો ભાસ કરાવતા આ માહોલમાં સ્વામીશ્રી બાળકો સાથે 'રુચિ' ક્વીઝ રમ્યા.

ત્યારબાદ તેઓ બાળબોધ શૈલીમાં ભગવાન અને સંતની રુચિ સમજાવતાં બોલ્યા :

'અત્યારે આપણી નાની ઉંમર છે, પણ તમે સૌ બાળ મંડળમાં આવો છો તે આવજો જ ! તેમાં આવશો તો આદર્શમાં આદર્શ જીવન બનશે. આપણે બાળકમાંથી ભગવાનના ખરેખરા ભક્ત થવાનું છે. ભગવાનના ભક્ત થવું એ પણ એક મોટી ડિગ્રી છે. સેવક થવું એ પણ ડિગ્રી છે. એવી ડિગ્રીઓ આપણે પ્રાપ્ત કરવી છે.

અત્યારથી જ નાહવું-ધોવું, પાઠ-પૂજા કરવાં, તિલક-ચાંદલો કરવાં, શુદ્ધ શાકાહારી રહેવું. સ્કૂલમાં જઈએ ત્યારે પણ મધર(માતા)ને કહેવું કે આપણને ખાવાનું બનાવી દે. ઘેરથી લઈ ગયા હોઈએ એ જ બપોરે જમવું. સ્કૂલમાં જે આપતા હોય એ ના ખાવું. ભલે એ વેજિટેરિયન હોય, પણ માંસાહારની સાથે રંધાતું હોય એટલે એ પણ આપણા માટે અભક્ષ્ય વસ્તુ બની જાય છે.

મોટા થઈને કૉલેજમાં જવાનું થાય તોપણ એ દૃઢતા રાખવી. ઘરથી

દૂર જવાનું થાય, માટે જાતે રસોઈ કરવાનું અત્યારથી જ શીખી લેવું, જેથી એકલા રહીએ તોપણ શુદ્ધ રહી શકીએ.

જેને ભગવાનના ભક્ત થવું છે એને માટે આ રુચિ છે. ભગવાનને જે ગમ્યો તે બધાને ગમશે, પણ ભગવાનને જે નથી ગમ્યો તે કોઈનેય ગમશે નહીં.'

## બધાએ અંતરથી સાધુ થવાનું જ છે

ભારતીય ઉત્સવોની ઝાંખી અમેરિકાની બાળ-કિશોર પેઢી પામે તે હેતુથી તા. ૧૦/૮ની સાંજે શિબિરના સત્રમાં ફૂલદોલોત્સવનો માહોલ જામેલો. તેમાં પધારી સ્વામીશ્રીએ ઠાકોરજીને રંગમાં રસબસ કર્યા બાદ શિબિરાર્થીઓ પર પોતાના પ્રેમની પિચકારી ચલાવી સૌને તરબોળ કરી મૂક્યા.

શિબિરનું આ સુખડું તા. ૧૧/૮ના રોજ પણ એવું જ સ્વાદિષ્ટ રહ્યું. અહીં સ્વામીશ્રી તેઓના ઉતારાની સામે જ આવેલી સડક પર પ્રાતઃભ્રમણ કરતા. આ ભ્રમણપથની એક તરફ શાંત સરોવર, બાકીની જગ્યામાં લીલીછમ હરિયાળી અને ઉપર વાદળઘેરું નભોમંડળ. તેમાં સવારની શીતળતા, ઊગતા પહોરની નીરવતા અને પ્રભાતની તાજગી ભળતાં વાતાવરણ અતિ આહ્‌લાદક અનુભવાતું. તેની વચ્ચે સ્વામીશ્રી ગાતરિયાની ગાંઠ વાળી ગજગતિ ચાલે પગલાં પાડતા.

આ રીતે શરૂ થયેલા આજના દિવસની સવારે દસ વાગ્યે સ્વામીશ્રીએ કિશોરોને તસવીરોની તવારીખનું ભાથું ભરી આપ્યું. આ સમયે સભા કાર્યક્રમના ભાગરૂપે પડદા પર દર્શાવાતી એક-એક છબી અમેરિકાના સત્સંગનો સ્વર્ણિમ ઇતિહાસ ઉઘાડવા માંડી. તેને વર્ણવતા સ્વામીશ્રી સન ૧૯૯૪ની એક છબીમાં ખૂબ મલકાતા જણાયા. તેનું રહસ્ય પુછાતાં તેઓએ કહ્યું : 'એ વખતે શાંતમૂર્તિ(સ્વામી)ને દીક્ષા આપી હતી. તમારે ત્યાં દીકરા થાય તો કેટલો આનંદ થાય! તેમ અમારે સાધુ થાય એટલે આનંદ-આનંદ થઈ જાય.'

સ્વામીશ્રીનો આ અભિપ્રાય સાંભળી એક શિબિરાર્થી શ્રી યોગીએ પૂછ્યું : 'બાપા! અહીં સામે ૫૦૦ કિશોરો બેઠા છે. તમારે કેટલા જોઈએ છે?'

'અમારે તો બધા જોઈએ છે. બધાને (સાધુ) કરવા છે.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારે હૉલને તાળીઓના ગડગડાટથી અને કિશોરોના મુખને હાસ્યના ખડખડાટથી ભરી દીધાં.

આ જ આનંદમાં સ્વામીશ્રીએ પોતાના મનની વાત રજૂ કરી કે 'જેને

સગવડ હોય, અનુકૂળ હોય તે (સાધુ) થાય તેનો વાંધો નહીં. બીજા સાધુ ન થાય તોપણ સાધુ જેવું જીવન તો જીવાય છે. બધાએ અંતરથી સાધુ તો થવાનું જ છે. નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના અને આપણી મર્યાદા બરાબર સાચવે તો એ પણ સાધુ જ છે; એ પણ મહાન છે. મોટા થાય, નોકરી-ધંધા કરે છતાં સત્સંગનું કાર્ય હંમેશને માટે કરતા રહે, સત્સંગ વધારે, તો એ બધાય સાધુ.'

સૌની નજર સામે આંતર-બાહ્ય સાધુતાનું આ નિશાન રોપી બાળ શિબિરમાં પધારેલા સ્વામીશ્રીએ અત્રે રમત-ગમત અને વાર્તાકથન દ્વારા બાળકોને ખૂબ વિનોદ પમાડ્યો.

અહીંથી તેઓ ઉતારે આવ્યા ત્યારે આ શિબિર-સ્થળના કાર્યવાહકો મળવા દોડી આવ્યા. તેમાંના એક શ્રી માઇકલ ફોલીએ ઔપચારિક વાર્તાલાપમાં સ્વામીશ્રીને જણાવ્યું : 'આપના યુવાનોનું વર્તન ઘણું સારું છે.'

સ્વામીશ્રીનાં જીવંત શિલ્પોની આ ખૂબી વર્ણવી તેઓ વિદાય થયા અને સ્વામીશ્રી આજની સાંજે જઈ પહોંચ્યા રસોડામાં.

અમેરિકાના સત્સંગની ઊગતી પેઢીને આહારશુદ્ધિનો એકડો ઘૂંટાવવા શિબિરમાં આજે શાકોત્સવનું આયોજન થયેલું. તેમાં સૌને પીરસાનારી ખીચડીમાં ઘી તથા વઘાર નાંખી સ્વામીશ્રીએ તેને તાવેથા વડે હલાવી ત્યારે ખીચડી સાથે સૌનાં દિલડાં પણ હલી ગયાં. આ જ અનુભવનું પુનરાવર્તન સ્વામીશ્રીએ મીઠું, મરચું, હળદર નાખી સંભારને હલાવ્યો ત્યારે પણ થયું.

## ભમવું નહીં ભોળાપણે

તા. ૧૧/૮ની સાંજે સ્વામીશ્રી શિબિરમાં પધાર્યા ત્યારે મંચના અગ્ર ભાગમાં મસમોટું તપેલું ચૂલે ચડેલું. તેમાં મૂકેલું શાક અગ્નિશિખાઓ દ્વારા હળવા તાપે સીઝતું હતું. તેનાથી થોડે દૂર ઊભેલું ગાડું કોબીજ, બટાટા, ટામેટાં, ગલકાં, કારેલાં વગેરે શાકથી છલોછલ ભરેલું. આ ગાડાના માંચડે બિરાજેલા શ્રીજીમહારાજ આજે યોજાયેલા શાકોત્સવનાં સ્વાદ-સુગંધ વધારી રહેલા. તેઓ સમક્ષ કિશોરોએ Court of onions (ડુંગળીની અદાલત) નામનો કાર્યક્રમ શરૂ કર્યો. તેમાં પ્રસ્તુત થયેલા હરિભક્ત શ્રી જીવા જોષીના કથાનકને લક્ષમાં રાખી સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

'આજે શાકાહારી રહેવા માટે સુંદર વાતો થઈ. ભગવાનને રાજી કરવાનું તાન હશે તો મન મક્કમ રહેશે. આ વાતમાં સમાજ તિરસ્કાર કરે

તો તે સહન કરીને પણ ભગવાન રાજી કરવા છે. આપણો નિયમ પાળતાં ભલે ભગવાનના ધામમાં જવાય તોપણ વાંધો નથી. લોકો રાજી થાય કે ન થાય, પણ આવા પ્રસંગોમાં નજર મહારાજ અને સ્વામી તરફ રહેવી જોઈએ. નાની વાતો લોપીશું તો મોટી આજ્ઞાનો પણ ભંગ થશે. શાકાહાર ન મળે તો એક દિવસ ઉપવાસ કરી નાખો. એક દિવસમાં શરીર પડી નહીં જાય. જ્યૂસ લો, ફ્રૂટ લો. મહારાજની આજ્ઞા વિનાનું ઝેર છે તે સમજાવું જોઈએ.'

આહારશુદ્ધિનો આ એકડો ઘૂંટાવ્યા બાદ વિહારનો વિવેક સમજાવતાં પણ સ્વામીશ્રી બોલ્યા :

''બીજી વસ્તુ છે કે યુવાનો-યુવતીઓમાં, કિશોર-કિશોરીઓમાં ઘણી વાર મર્યાદાનો ભંગ થઈ જાય છે. શ્રીજીમહારાજે આ સ્ત્રી-પુરુષની મર્યાદા આપી છે તો તેનો આગ્રહ રાખવો. આજે તમારી વિદ્યાર્થી અવસ્થા છે, તેમાં જ સ્પર્શાસ્પર્શ થતા હોય, એકબીજા સાથે ફરો તે બરાબર નથી. હજી તમે પગભર થયાં નથી, તેમાં આવું કરો તો મા-બાપને કેટલી તકલીફ થાય! ફરવામાંથી ફ્રેન્ડશિપ થાય છે ને ત્યાંથી અંગ-સંગના સુખ સુધી પહોંચી જવાય છે. આ બરાબર ન કહેવાય. ઘણી વાર વિધર્મી આવીને આપણને ફસાવી જાય છે. તેના ઘણા દાખલા મારી પાસે આવે છે ને હું જાણું છું. માટે આપણો ધર્મ ને સંસ્કૃતિ સચવાય તે પ્રયત્ન કરવો.

આ આપણને વસમું લાગે તેવું છે, પણ તેનાથી શાંતિ રહેશે ને ભગવાન રાજી થશે. ભગવાન તમને મદદ કરશે. ભણ્યા પછી પ્રથમ આપણા સંબંધી હોય, જ્ઞાતિમાં હોય તે જોવું, પછી બીજી જ્ઞાતિમાં જવું, પણ હિંદુ સમાજમાં જવું. મંદિરમાં પણ મર્યાદા સાચવવી. કૉલેજમાં સાથે ભણતા હો એટલે વાતચીત કરવી પડે, પણ મર્યાદામાં રહીને કરવું. આગળ વધી ન જાય તેનું જાણપણું રાખવું. આપ સર્વને પણ ભગવાનને રાજી કરવા છે, કલ્યાણ કરવું છે; પણ આજના જમાનામાં તમને મૂંઝવણ થાય તેવું છે. પણ 'ભગવાન મદદમાં છે' તેમ માની વિશ્વાસ રાખવો.''

સ્વામીશ્રીએ આજે હેત અને હિતનો હેતુ રાખી *'ભમવું નહીં ભોળાપણે, રે'વું આગન્યાને અનુસાર...'*નો સદ્‌બોધ સંભળાવી દીધો.

## All of you are God's children

તા. ૧૨/૮ની સવારે સ્વામીશ્રીએ શિબિરના મંચ પર ચરણ મૂક્યાં

ત્યારે રાજમહેલના દ્વારે હાથી પર બિરાજેલા શ્રીજીમહારાજ દર્શન દેતા હતા. તે જોઈ મલકી ઊઠેલા સ્વામીશ્રી ૧૧:૧૦ વાગ્યે કિશોર શિબિરમાં પધાર્યા ત્યારે મંચ પર રાસની રમઝટ મચી રહેલી. તે જોઈ સભાસન તરફ ન જતાં એ રાસમંડળમાં ભળેલા સ્વામીશ્રીએ પણ બે હાથ ઊંચા કરી તાળી વગાડતાં બે-ત્રણ ડગલાં રાસ લીધો. તેથી ઘેલા બનેલા કિશોરોએ સ્વામીશ્રીને ચોતરફથી ઘેરી લીધા. આ બ્રહ્માનંદની ધારામાં શ્રોતાવર્ગના કિશોરોએ પણ ટપોટપ ઊભા થઈ ઝંપલાવતાં કિશોરોની ભીડ એવી મચી કે સ્વામીશ્રી દેખાતા જ બંધ થઈ ગયા. કિશોરોમાં લીન સ્વામીશ્રી અને સ્વામીશ્રીમાં લયલીન કિશોરો ! આ ક્ષણોએ શિબિરને ચિરંજીવ કરી મૂકી.

આવા જ આનંદની પ્રતીક્ષા આજની સાંજે રક્ષાબંધનનો ઉત્સવ પણ કરી રહેલો, પરંતુ તેમાં પહોંચતાં પૂર્વે સ્વામીશ્રી આ શહેરમાં મંદિર માટે અર્પણ થયેલી ભૂમિ પર પુષ્પો પધરાવી આવ્યા. ત્યારબાદ તેઓ જ્યારે શિબિરના સમાપન સત્રમાં પધાર્યા ત્યારે તેઓએ પ્રથમ ઠાકોરજીને રક્ષાસૂત્ર બાંધ્યું. તે પછી સૌ શિબિરાર્થીઓને આપવામાં આવેલી નાની દોરીનો ટુકડો દરેકે પોતાની પાસે બેઠેલા કિશોરની દોરી સાથે બાંધી એક સળંગ સૂત્ર રચી દીધું. તે દોરીના બંને છેડે નાડાછડી બંધાઈ અને તેનો એક-એક છેડો પકડી બે કાર્યકરોએ તે છેડો સ્વામીશ્રીને હાથ સોંપ્યો. તે દ્વારા સ્વામીશ્રીએ જાણે સંપ-સ્નેહના સૂત્રે સૌને પોતાના આશ્લેષમાં સમાવી લીધા !

અંતે સૌ પર આશીર્વર્ષા કરતાં તેઓ બોલ્યા : 'All of you are God's children.' (તમે સૌ ભગવાનનાં સંતાન છો.)

આ સાંભળી કો'કે કહ્યું : 'બાપા ! My children (મારાં સંતાનો) એમ બોલો.'

'એ બધું એક જ છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આ સ્પષ્ટતામાં *'હરિ ગુરુ એક છે...'*નો મર્મ હતો.

તે સંભળાવી સ્વામીશ્રી ઉચ્ચર્યા : 'All of you stay happy. Right? (તમે બધા સુખી રહો. બરાબર ?)'

'હાઆઆ...'

'તો Thank you.'

આ આભાર અને આશીર્વાદ સાથે શિબિરની પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રીએ વિદાય લીધી.

## પેરીમાં પરિવર્તનનો પવન

શિબિરના સમાપન બાદ ઉતારે આવી વાળુ-પાણીથી પરવારેલા સ્વામીશ્રી તળાવના કિનારે યોજાયેલા સમૂહ આરતી અને આતશબાજીના કાર્યક્રમ માટે ઊભા થયા, પરંતુ બહાર વાતાવરણ ઠંડું હોવાથી ગાતરિયું બાંધતાં તેઓએ કહ્યું: 'પહેલાં તો ઠંડીને પણ ગણતા નહીં ને તાપનેય ગણતા નહીં. ઉજાગરા પણ નડતા નહીં. કંઈ ખબર પડતી નહોતી. હવે તો જરીક વારમાં અસર થઈ જાય છે.'

છતાં શિબિરાર્થીઓને સુખ-સ્મૃતિ આપવા સ્વામીશ્રી તળાવકિનારે આવી બિરાજતાં સમૂહ આરતીનો ઝગમગાટ પ્રસરી ગયો. તે પછી તળાવમાં દીપકો તરતા મૂકી વરુણદેવને પણ વધાવવામાં આવ્યા. તેને અનુસરતાં શરૂ થયેલી આતશબાજીના તેજલિસોટાથી આભની અટારીએ અવાજ અને અજવાળું તેમ જ રંગ અને રંગોળીનો ચંદરવો રચાઈ ગયો. કમ્પ્યૂટર સંચાલિત ફટાકડાઓની વિવિધતા અને વધતી લય સાથે સંગીતના તાલની સંગતે સૌનાં દિલ જીતી લીધાં. તેની ચરમ સીમાએ અગનજાળ(fire-net)માં 'LONG LIVE SWAMIBAPA'(સ્વામીબાપા ઘણું જીવો)નું લખાણ ઊપસી આવતાં ઊઠેલા હર્ષનાદથી તો ધરા-ગગન ઊભરાઈ ગયાં. સૌનાં હૈયાંની પણ આ જ સ્થિતિ બની રહી.

તેથી જ તો તા. ૧૩/૮ની સવારે સ્વામીશ્રી સમક્ષ શિબિરાર્થીઓના પ્રતિજ્ઞાપત્રો આવી પડ્યા કે 'હું હવે રોજ વચનામૃત વાંચીશ... હવેથી હું એકાદશી કરીશ... I will sing the chesta every night (હું રોજ રાત્રે ચેષ્ટા ગાઈશ)... I will never eat outside from this moment (હું આ ક્ષણથી બહારની ખાણી-પીણી નહીં લઉં)... હું કદી મર્યાદાભંગ થતો હોય ત્યાં નવરાત્રિના ગરબા રમવા નહીં જઉં... હું ડુંગળી-લસણવાળું નહીં જમું... હું ઇન્ટરનેટના ઉપયોગનો સમય ઘટાડીશ... હું દર રવિવારે એક કલાક સેવા કરીશ... I will try to maintain stri-purush maryada (હું સ્ત્રી-પુરુષ મર્યાદા પાળવાનો પ્રયત્ન કરીશ)...'

આવા ૧,૮૦૦ પ્રતિજ્ઞાપત્રોથી પેરીમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ ગયો! તેણે અમેરિકાની આબોહવા બદલી નાંખી. સ્વામીશ્રી તેઓનાં vision અને mission – લક્ષ્ય અને અભિયાનમાં સફળ પુરવાર થયા.

## કષ્ટ સહે જન હેત

જેમ વરસાદ પડવાથી ઊઠેલી માટીની સુગંધ વરસાદ બંધ થતાં શમતી નથી, તેમ શિબિર નિમિત્તે વરસેલું-પ્રસરેલું સ્વામીશ્રીનું સુખ શિબિરના સમાપન સાથે વિરમ્યું નહીં. તેની વધુ એક છાલક ઉડાડતાં સ્વામીશ્રીએ તા. ૧૩/૮ની સવારે પૂજા બાદ ઊભા થઈ બંને ખભે ઝોળી લટકાવી અને 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...'ની આહ્‌લેકથી અમેરિકાને ગજવી મેલ્યું. આ દેશ ભિક્ષુકના પરિવેશમાં ઊભેલા સ્વામીશ્રીનું આ પ્રથમ દર્શન પામી ધન્ય થઈ ઊઠ્યો. ઉત્તરાયણની પ્રતીક ઉજવણીનું આ સ્મૃતિદાન આપી સ્વામીશ્રી આજની સવારે ૧૧:૩૦ વાગ્યે શાર્લોટ પહોંચ્યા.

અત્રે આજની સાંજે મંદિરમાં યોજાયેલી સભા દરમ્યાન મેથ્યુઝ નગરના મેયર શ્રી લી માયર્સે તેઓને 'કી ટુ ધ સિટી' આપી સન્માન્યા.

આ સત્કાર ઝીલી શ્રી ઘનશ્યામભાઈ પટેલના ઘેર ઉતારે પધારેલા સ્વામીશ્રી અહીં વાળુ બાદ ૧૦:૨૦ વાગ્યે પોઢવા માટે પલંગ પર બિરાજ્યા.

તેઓના શયન પૂર્વેની પાંચેક મિનિટ સંતો માટે સુવર્ણકાળ સમી બની રહેતી. આ સમયે બાથરૂમમાંથી બોખા મુખે ઓરડામાં આવેલા સ્વામીશ્રી હળવા હેલે પગરખાં કાઢે. તે પછી તેઓ ડાબા પગને પલાંઠીની જેમ વાળી પલંગ પર બિરાજે તે વખતે જમણો પગ પલંગ પરથી નીચે લટકે અને કમળની પાંખડીઓ ખૂલતી હોય તેમ જમણા હાથની આંગળીઓ પ્રસારી સ્વામીશ્રી જલપાનનો વાટકો ગ્રહણ કરે. તેમાં રહેલું પાણી પીને તેઓ રૂમાલથી મુખ લૂછે. તે વખતે નાના બાળકો દાદાજીની આસપાસ ટોળે વળે તેમ સંતો સ્વામીશ્રી સમક્ષ ગોઠવાઈ ગયા હોય અને વાતો પર વાતોના વળ એવા ચડે કે હસતાં-હસતાં સૌનાં પેટ પર પણ વળ ચડી જાય. છેવટે સ્વામીશ્રી જ્ઞાનામૃતનો પ્રસાદ વહેંચે. તેથી આનંદનો ઓડકાર ખાતાં સૌ વીખરાય.

આજે શાર્લોટમાં વહેતા થયેલા આવા જ વિનોદમાં કૃષ્ણવલ્લભદાસ સ્વામીએ સ્વામીશ્રીના ઓરડાના ઍરકન્ડિશન મશીનનો પ્રભાવ વર્ણવતાં કહ્યું : 'બપોરે તો આ રૂમમાં જબરું ટાઢું થઈ ગયેલું.'

'હા, ખરેખરું ! મારુંય ઓશીકું, પથારી ને રજાઈ બધું ટાઢું-ટાઢું થઈ ગયેલું. રજાઈ પાછી એવી કે શરીરને ચોંટે જ નહીં. કલાકેક સુધી તો ટાઢમાં એમ ને એમ પડ્યો રહ્યો.' સ્વામીશ્રી બોલ્યા.

તે સાંભળી સેવકે જણાવ્યું : 'તો તમારે અમને જગાડી દેવા જોઈએ ને !'

'તમારી ઊંઘ બગડે ને ! આપણને એમ કે આટલું સહન કર્યું છે તો થોડું વધારે સહન કરી લઈએ.' સ્વામીશ્રીએ કહ્યું.

કોઈને અણસાર સુધ્ધાં આવવા દીધા સિવાય આવું તો કેટકેટલુંય તેઓ તન-મનથી વેઠી લેતા.

## મુવે કું જીવાવે

તા. ૧૪/૮ની સાંજે ઠાકોરજીની સુવર્ણતુલા નિમિત્તે સભામાં પધારેલા સ્વામીશ્રી આરતી ઉતાર્યા બાદ પોતાના આસન તરફ ન જતાં મંચની જમણી બાજુએ વળ્યા.

ત્યાં વ્હીલચેરમાં બેઠેલા હરિભક્ત શ્રી બાલકૃષ્ણભાઈ પટેલના હૃદયની બાયપાસ સર્જરી આ વર્ષે તા. ૧૩/૬ના રોજ નોર્થ કેરોલિનાના ડ્યૂક યુનિવર્સિટી મૅડિકલ સેન્ટરમાં થયેલી; પરંતુ તા. ૧૬/૬ની સાંજે હૃદયના ધબકારા અનિયમિત થતાં તેઓને પુનઃ આઈ.સી.યુ.માં દાખલ કરવા પડેલા. જો કે અહીં પણ તેઓને બે દિવસ સુધી CPR, કાર્ડિઓ વર્ઝન અને ઍડવાન્સ કાર્ડિઆક લાઈફ સપોર્ટની વારંવાર જરૂર પડે એવા ગંભીર સંજોગો ઊભા થયેલા. આ કટોકટીમાં સારવાર કરતા કાર્ડિઆક સર્જન ડૉ. ડોનાલ્ડ ગ્લોવરે જે દર્દી બચી શકે તેમ ન હોય તેને માટે થતી DNR (Do Not Resuscitate) સ્ટેટસ તૈયાર કરવાની પ્રક્રિયા આરંભી દેવાનું હરિભક્તનાં દીકરી ડૉ. મીનાબહેનને જણાવી દીધેલું.

પરંતુ તે જ વખતે આ પથારીવશ હરિભક્ત કંઈક અસંબદ્ધ બોલવા લાગ્યા. તે સાંભળવા બાજુમાં બેઠેલાં તેઓનાં પત્ની તથા દીકરીએ કાન માંડ્યા અને તાળો મેળવવા પૂછ્યું : 'મહારાજ લેવા આવ્યા છે ?'

'હા, પણ સ્વામી જવા નથી દેતા.'

પથારીમાં સૂતેલા આ હરિભક્તને એવાં દર્શન થઈ રહેલાં કે 'તેઓને અંતકાળે તેડવા આવેલા શ્રીજીમહારાજને સ્વામીશ્રી કંઈક કહી રહ્યા છે. સ્વામીશ્રીની વાત સાંભળી શ્રીજીમહારાજ પરત ફરી જાય છે. તે પછી સ્વામીશ્રી પણ આશીર્વાદ આપી હસતાં-હસતાં વિદાય લે છે.'

આ સંદર્ભમાં બાલકૃષ્ણભાઈએ જણાવેલું કે 'સ્વામી જવા નથી દેતા.'

બીજી બાજુ ડૉ. ડોનાલ્ડ ગ્લોવરે આ હરિભક્તના સંબંધીઓને કહેલું :

'હવે જો હૃદય બંધ થઈ જાય તો પાછું ચાલુ ન કરીએ, કારણ કે તેમાં મગજ અને બીજાં અંગોને માઠી અસર પહોંચતાં જીવન સાવ પથારીવશ થઈ જવાની શક્યતા છે.'

આ સાંભળી ચિંતાતુર બની ગયેલા સૌની નજર સમક્ષ ધીરે-ધીરે વણસતો જતો મામલો શોકાંતિકામાં પરિણમેલો. બાલકૃષ્ણભાઈનું હૃદય બેસી જતાં તેઓના શરીરની ક્રિયાઓ સ્થગિત થઈ ગયેલી. ડૉક્ટરે પણ તેઓને મૃત ઘોષિત કરી દીધેલા. છતાં એટલું કહેલું: 'તમારા સંબંધીઓ આવી જાય પછી લાઈફ સપોર્ટ સિસ્ટમ કાઢી નાંખીએ.'

પરંતુ આ સમાચાર બાલકૃષ્ણભાઈના સંબંધીઓએ ફોન દ્વારા સ્વામીશ્રીને જણાવેલા ત્યારે સ્વામીશ્રીએ કહેલું: 'ચિંતા કરશો નહીં. બધું સારું થઈ જશે.'

આ વાતથી સૌ આશ્ચર્યમાં મુકાઈ ગયેલા કે 'મરી પરવારેલી વ્યક્તિ માટે સ્વામીશ્રી કહી રહ્યા છે કે ચિંતા કરશો નહીં!'

તેથી સ્વામીશ્રીને પુનઃ હરિભક્તના અવસાનની વિગતથી વાકેફ કરાયેલા. તે વખતેય સ્વામીશ્રીએ કહેલું: 'ચિંતા કરશો નહીં. કશું થવાનું નથી. અમારે એમની પાસેથી ઘણી સેવા લેવાની છે.'

આ અગમ વાણી સાંભળી સૌએ ડૉક્ટરને જણાવેલું: 'તમે આ દર્દી માટે શક્ય એટલા તમામ પ્રયત્ન કરો.'

બાલકૃષ્ણભાઈનાં દીકરીએ પૂર્વે આ જ હૉસ્પિટલમાં કાર્ડિઆક સર્જરી ફિઝિશિયન આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવેલી. તેથી તેઓએ પણ અમુક સુઝાવ સૂચવેલા. આમ, સૌનો સહિયારો પ્રયાસ થતાં થોડી વાર પહેલાં ખુદ તબીબ દ્વારા મૃત જાહેર કરાયેલા બાલકૃષ્ણભાઈનું હૃદય ધબકવા માંડેલું!

સ્વામીશ્રીનો આ અસાધારણ અનુભવ આજેય બાલકૃષ્ણભાઈને ઝંકૃત કરી રહેલો. તેથી જ તેઓ સ્વામીશ્રીને મળવા આતુર હતા.

સ્વામીશ્રીએ પણ મંચનાં બે પગથિયાં ઊતરી તેઓનાં હાથ, છાતી અને મસ્તક પર પોતાનો વરદહસ્ત પ્રસારતાં આશીર્વાદ આપ્યા. તે સાથે કપાળમાં કુમકુમનો ચાંદલો કરી ધન્યતા પણ બક્ષી.

આ બનાવ બન્યા બાદ બાલકૃષ્ણભાઈ આ લખાય છે ત્યાં સુધી હયાત હતા અને તેઓએ 'અમારે એમની પાસેથી ઘણી સેવા લેવાની છે' તે સ્વામીશ્રીનાં વચનો મુજબ ધોળકાના મંદિરની સંપૂર્ણ સેવા પણ કરી!

## લંબાયેલા એ હાથની વાત

તા. ૧૪/૮ની સાયંસભા બાદ સ્વામીશ્રી ભોજન લેવા બિરાજ્યા ત્યારે ચાલી રહેલી સત્સંગીઓની ઓળખવિધિમાં એક હરિભક્તે કહ્યું: 'સ્વામી! હું તાજપુરવાળા ખોડાભાઈનો ભાણો. મારું નામ હર્ષદ. મારા ફાધર ભાવનગરમાં ટી.ટી. તરીકે હતા. તેમનું નામ...'

'શામજીભાઈ.' પુત્ર બોલે તે પહેલાં તો સ્વામીશ્રી બોલી ગયા. પછી ઉમેર્યું: 'તેઓ જ્યારે અમારે રેલવેમાં જવાનું થાય ત્યારે સેવા કરતા. તમારો ફેસ (ચહેરો) જોઈને મને લાગ્યું'તું કે તમે એમના દીકરા હોવા જોઈએ.'

વર્ષો પૂર્વે જોયેલા હરિભક્તના મોં પરથી તેઓના દીકરા વિષે સચોટ અનુમાન લગાવનારા સ્વામીશ્રીની આત્મીયતાનું તળિયું કોના હાથમાં આવે એમ છે! હયાત-બિનહયાત સૌ સત્સંગીઓના ચહેરા તેઓને આમ જ તાદૃશ તરવરતા હશે ને!

તેઓની આ અગાધ આત્મીયતાની એક છોળ્ય તા. ૧૫/૮ની સવારે સૌને ભીંજવી ગઈ. આ સમયે ભારતના સ્વાતંત્ર્યદિન નિમિત્તે મંદિરમાં ભારતીય તિરંગો ફરકાવી નવ વાગ્યે અલ્પાહાર કરવા બિરાજેલા સ્વામીશ્રીને હાથ ધોવરાવવા માટે સામે પાત્ર મુકાઈ ગયેલું. સ્વામીશ્રીએ પણ હસ્તપ્રક્ષાલન માટે તે પાત્ર સુધી હાથ લંબાવી દીધેલા. ત્યાં જ ઓરડાના દરવાજે ફોનમાં વાત કરતા એક સંતના શબ્દો તેઓના કાને પડ્યા કે 'અત્યારે તો સ્વામી હવે નાસ્તા માટે બેસી ગયા છે. માટે વીસેક મિનિટ પછી ફોન કરજો.'

આ સાંભળતાં જ હાથ ધોવા લંબાવેલા હાથ સ્વામીશ્રીએ ફોન પકડવા લંબાવ્યા. તેઓ બોલ્યા: 'લાવો ફોન. વીસેક મિનિટ પછી શું કરવા? હજી ક્યાં જમવાનું શરૂ કર્યું છે?'

તેઓને ભોજનની જેટલી પરવા નહોતી તેટલી ભક્તની હતી. તેથી સ્વામીશ્રી ફોન પર વાત કરવા લાગ્યા. તેમાં વારાફરતી આવેલી ત્રણ વ્યક્તિઓ કુલ છ મિનિટ ખાઈ ગઈ, છતાં તે દરેકને શાંતિપૂર્વક સાંભળી સમાધાન આપ્યા બાદ સ્વામીશ્રીએ મોંમાં કોળિયો મૂક્યો!

સવારે છ વાગ્યે જાગી ગયેલી ૮૦ વર્ષની વયોવૃદ્ધ વ્યક્તિએ નવ વાગ્યા સુધી મોંમાં જળનું ટીપું કે અન્નનો દાણો મૂક્યા વિના આ ત્રણ કલાકના સમયમાં અડધો કલાકનું ભ્રમણ, પોણો કલાકની પ્રાતઃપૂજા, ૨૦-૩૦

કિ.મી.ની મુસાફરી, ૧૦-૧૫ મિનિટનો ધ્વજવંદનનો કાર્યક્રમ અને ૧૫-૨૦ વ્યક્તિની મુલાકાતનો શ્રમ ઉઠાવ્યો હોય ત્યારે શક્ય એટલું વહેલું જમી લેવું તે તેના સ્વાસ્થ્ય માટે જરૂરી ગણાય; પરંતુ તે પરિસ્થિતિમાંયે સ્વામીશ્રીએ ભોજનને ઠેલી ફોન પકડવા લંબાવેલો હાથ સૌને તેઓનાં ચરણે આખેઆખા લાંબા થઈ જવા પ્રેરે એવો બની રહ્યો !

## અનુભવી છતાં અનુકૂળ

તા. ૧૫/૮ની સાયંસભામાં યોજાયેલા રક્ષાબંધનના કાર્યક્રમ સંબંધી વાત કરતાં સ્વામીશ્રી પોતાના ઉતારે એક કાર્યકરને કહેવા લાગ્યા :

'આજે રાખડીઓ બાંધવાની છે તો આયોજન એવું કરજો કે યુવકો રાખડીઓ ખુલ્લી કરીને હરિભક્તોને આપતા જાય. સંતો તૈયાર રાખજો કે જે બાંધતા જાય. બધા એમની જગ્યાએ જ બેસી રહે ને સંતો જઈ બાંધી આવે. બબે-તત્તેણ લાઇન વહેંચી દેવી ને જો વ્યક્તિગત દર્શન રાખ્યાં હોય તો સ્ટેજની બે બાજુ સંતોને બેસાડી દેવા એટલે ત્યાં બાંધતા જાય.'

આ સાંભળી બાજુમાં ઊભેલા એક સંત બોલ્યા : 'વ્યક્તિગત દર્શન તો ત્રણ દા'ડાથી થાય જ છે, માટે એ કાંઈ રાખવાની જરૂર જ નથી.'

'એમ આપણી રીતે મનમેળે ન થાય. તમે સમજો. અહીં જે આયોજન હોય એમ કરવાનું.' સ્વામીશ્રીએ સમજાવ્યું.

અનુભવી હોવા છતાં બીજાના આયોજનને અનુકૂળ થવું એ તેઓની વિશેષતા હતી.

## પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી

વિદેશના વિચરણમાં સ્વામીશ્રીનાં ભોજનસત્ર સત્સંગ-સાગરમાં સમાયેલાં રત્નોનું દર્શન કરવાની ઘડી બની રહેતાં, કારણ કે આ વખતે સ્વામીશ્રી સમક્ષ જે-તે કેન્દ્રની બાલ, કિશોર, યુવા પ્રવૃત્તિ તથા મંદિરના વિવિધ સેવા વિભાગોનો અહેવાલ પીરસાય. તેમાં ઉલ્લેખ પામનારા ઘણાખરા તો સામે દર્શનાર્થી વૃંદમાં બેઠા પણ હોય.

તેઓમાં કો'ક અભ્યાસમાં અવ્વલ મળી આવે, તો કો'ક ખેલ-કૂદમાં કુશળ નીવડેલો જણાય. ઠાકોરજીની સેવા માટે બૂટ-પૉલિશનું કામ કરીને રકમ ભેગી કરનારા બાળકોય મળે, તો મંદિરમાં વાસણ ઊટકવાની સેવા

કરનારા મોટલ-માલિકોય જડે. મંદિરમાં ટાઇલ્સ જડવી, રંગરોગાન કરવું, પ્લમ્બિંગ-વાયરિંગ માટે પાઇપ-દોરડા લંબાવવાં વગેરે કામમાં જોતરાયેલા સોફ્ટવેર એન્જિનિયરો અને નિષ્ણાત ડૉક્ટરો પણ હાથ લાગે, તો રસ્તે રખડતા લેભાગુ મવાલીઓએ આપેલી એઇડ્ઝનાં ઇંજેક્શન ઘુસાડી દેવાની ધમકી સામે અણનમ રહી, દુષ્કાળ રાહતનો ફંડફાળો ભેગો કરનારા જવાંમર્દનાંય દર્શન થાય.

આ સમુદાયમાં વિજાતીય ફ્રેન્ડશિપો ફંગોટી દેનારા કચ અને નચિકેતા જેવા કૃતનિશ્ચયી હોય, તો માતા-પિતાની સેવાપરાયણ શ્રવણ જેવા સાથેય મુલાકાત થઈ જાય. અહીં ભોગવાદની ભઠ્ઠીમાં રહેવા છતાં બબ્બે કે ત્રણ-ત્રણ દા'ડાના સળંગ નિર્જળ ઉપવાસ અગર તો ત્રણ-ચાર મહિનાનાં ધારણાં-પારણાં કરનારા કંઈક તપસ્વીઓનો ભેટો થાય, તો કારકિર્દીના ભોગે તિલક-ચાંદલો ધારી રહેલા મણિ પણ મળી આવે.

પ્રત્યેક સત્સંગ-કેન્દ્રમાં થતો આવો અનુભવ એટલું તો જરૂર સમજાવે કે *'જીવને શિવ કર્યા અવિદ્યા ટાળી, પ્રૌઢ પ્રતાપ જણાવી હદ વાળી...'* પંક્તિ સ્વામીશ્રીએ સાર્થક ઠેરવી છે.

તેઓના આ પ્રૌઢ પ્રતાપનું પાથરણું તા. ૧૬/૮ની સવારે શાર્લોટથી વૉશિંગ્ટન ડી.સી. સુધી પથરાયું. અહીં નિર્માણ પામેલા મંદિરમાં સ્વામીશ્રીનાં પ્રથમ પગલાં બપોરે પોણા વાગ્યે પડ્યાં ત્યારે તેઓનાં દર્શને ઊમટેલા સત્સંગીઓ ઉપરાંત અનેક ભાવિકોથી પરિસર ભરચક હતું. તેમાંના એક શ્રી હરિવદનભાઈ શાહ સ્થાનિક હિંદુ સમાજમાં સારી પ્રતિષ્ઠા ધરાવનારા. અત્રે નિર્માણ પામેલા સનાતન મંદિરમાં પાયાથી શિખર સુધી તેઓનાં સેવા-સહકાર. આ મુરબ્બી આજની રાત્રે સ્વામીશ્રી પાસે આવી કહેવા લાગ્યા :

"અત્યાર સુધી મેં ઘણાં ધાર્મિક કાર્યો કર્યાં છે. રામાયણ, ભાગવત, ગીતા પર પારાયણ અને પ્રવચન કરનારા ભારતના આગળ પડતા સંતો-કથાકારોની સેવા પણ ઘણી કરી છે. છતાં મારું મસ્તક કોઈનાં ચરણે ઝૂક્યું નથી. મારા મનને ક્યાંય સંતોષ થયો નથી, પણ આજે તમારાં દર્શનથી મારું મન માની ગયું છે. આપનાં ચરણે હું મસ્તક ઝુકાવું છું. આપને ગુરુ કરવા છે. આપ સાક્ષાત્ ભગવાન છો. મને બે-ત્રણ ભવિષ્યવેત્તાઓએ કહ્યું હતું કે 'તમને ૫૯મા વર્ષે ભગવાન મળશે.' તે પૂરા થવામાં હવે બે મહિના બાકી છે, ત્યાં જ આપનો યોગ મને થઈ ગયો."

આ અહોભાવ સાથે ઝૂકેલા એ મહાનુભાવને કંઠી પહેરાવી સ્વામીશ્રીએ તેઓને ભગવાનના ખોળે મૂક્યા.

## અંતરે શાંતિ થાય એવો સત્સંગ કરી લેવો

તા. ૧૯/૮ની સવારે વૈદિક મંત્રોના ઘોષ વચ્ચે સ્વામીશ્રીએ વૉશિંગ્ટનના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવી ત્યારે કોંગ્રેસમેન અને કાઉન્સિલર સહિત કંઈક અમેરિકન અતિથિઓ સાથે સેંકડો ભક્તો-ભાવિકો હર્ષિત થઈ ઊઠ્યા.

આ હર્ષનો અનુભવ વહેંચવા સ્વામીશ્રી તા. ૨૦/૮ની સવારે ફિલાડેલ્ફિયા પધાર્યા. અહીંના નવનિર્મિત મંદિરે તેઓ ૧૦:૪૫ વાગ્યે પહોંચ્યા ત્યારે પાંચ એકરનો વિસ્તાર ધરાવતા આ સ્થાનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠાનાં પડઘમ ગુંજી રહેલાં. સ્વામીશ્રીએ આવતાંવેંત મૂર્તિઓમાં પ્રાણ પૂરી મંદિરને ધબકતું કરી મૂક્યું.

ધર્મનો આ ધબકાર સાંભળવા એકત્રિત થયેલા ૨,૫૦૦ના સમુદાયને સંતોષ આપી તેઓ ડૉ. ભાલચંદ્ર ભટ્ટના ઘેર ઉતારે પધાર્યા ત્યારે સહસા બોલી ઊઠ્યા : 'ફિલાડેલ્ફિયા... એક વાર અહીં પધરામણીમાં નીકળેલા તે હવારોહવાર પડી ગઈ ! ખેંચે જ રાખ્યું... ખેંચે જ રાખ્યું... બધાનાં ઘરો દૂર-દૂર, તે ટાઈમ બહુ લાગે, પણ પતી ગયેલું મારા ભ'ઈ !'

સન ૧૯૭૪માં સ્વામીશ્રીએ કરેલા આ પરિશ્રમનો પરિપાક જ આજે મંદિર બની લહેરાઈ ઊઠેલો. તે બદલ ફિલાડેલ્ફિયાના મેયર વતી તેઓના પ્રતિનિધિએ આજની સાયંસભામાં સ્વામીશ્રીને સન્માનપત્ર આપી સત્કાર્યા.[૧૯]

આ રીતે હવે અમેરિકામાં ઠેર-ઠેર રંગ લાવી રહેલી સ્વામીશ્રીના ભગીરથ પુરુષાર્થની ગંગ તા. ૨૨/૮ની સવારે ન્યૂયોર્કમાં પ્રવેશી. અત્રે ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રીએ સભાસદોને આશીર્વાદ આપ્યા :

"આ મંદિર એવું છે કે ઘેર આવ્યા હોય એમ લાગે. અમેરિકાના સત્સંગમાં મૂળ તો આ જ છે. માટે અહીં આવીએ એટલે આનંદ થઈ જાય.

---

૧૯. સ્વામીશ્રીના સાંનિધ્યમાં પેરી મુકામે યોજાયેલી શિબિર અને અન્ય તવારીખોની ઝાંખી કરવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

બોચાસણ સંસ્થાનો કહો કે અમેરિકાનો કહો, પણ સત્સંગનો વિકાસ શૂન્યમાંથી સર્જન જેવો થયો છે. આજે અહીં જ્યાં જઈએ ત્યાં હરિભક્તો વાત કરે છે કે ‘સ્વામી ! અહીં મંદિર કરવું છે, હૉલ કરવો છે.’ યોગીબાપા કહેતા એમ હવે ગોકીરો થયો છે. તો આપણે પણ અંતરે શાંતિ થાય એવો સત્સંગ કરી લેવો.’’

## નિત અહોનિશ ઉમંગ ભરિયા

તા. ૨૪/૮ની સવારે મુલાકાતીઓને મળી શૌચ-સ્નાનથી પરવારેલા સ્વામીશ્રી સોફામાં બિરાજતાં સેવક કંઈક કામ અંગે ઓરડાની બહાર નીકળ્યા, પરંતુ બહાર નીકળી બારણું બંધ કરતી વખતે કો'ક અકળ કારણસર તે લૉક થઈ ગયું. જેની પાસે ચાવી હતી તે યુવક બહાર હોવાથી બારણાંની તિરાડમાંથી બૂમ પાડવી પડી કે ‘બાપા ! બારણું ખોલજો. તે લૉક થઈ ગયું છે.’

આ સાદ સાંભળતાં જ સ્વામીશ્રી કોઈનાય ટેકા વિના ઊભા થયા અને ચાલતાં-ચાલતાં બારણાં પાસે આવી, દરવાજો ખોલી, પુનઃ સોફા પર બેસી ગયા. જાણે કંઈ બન્યું જ નથી એમ તેઓ અન્યની ગફલત અને તેથી પોતાને પડેલી તકલીફને ભૂલી જ ગયા !

આ રીતે બિરાજેલા સ્વામીશ્રી પોતાના કાર્યમાં વ્યસ્ત હતા ત્યાં જ લૉંગ આઈલૅન્ડના હરિભક્તો મંદિર અંગે વિમર્શ કરવા આવી પહોંચ્યા. તેથી પોતાની સેવાનો સંકેલો કરી સ્વામીશ્રીએ સ્વયં જ *‘શ્રીમદ્સદ્ગુણ...’* શ્લોક દ્વારા મંગલાચરણ લલકારી બેઠક આરંભી. તેમાં થોડી વિચારણાને અંતે સ્વામીશ્રીને રૂબરૂ જઈ જમીન જોવાની ઇચ્છા થઈ આવી. તે જોઈ સંતોએ કહ્યું: ‘સ્વામી ! અત્યારે પોણા બાર તો વાગ્યા છે ને જતાં-આવતાં કલાક તો થશે જ ! તેથી આપને ભોજનમાં મોડું થશે.’

પરંતુ ‘પાઘ લાવો તો મોડું નહીં થાય’ કહેતાં સ્વામીશ્રીએ પાઘ મંગાવી અને એક સંતને સેવકો તથા ઠાકોરજી સાથે પૂજારી સંતને બોલાવવાની સૂચના આપતાં કહ્યું: ‘કો’ કે એક મિનિટમાં આવી જાય.’ આમ, ફટાફટ આયોજન ગોઠવતા સ્વામીશ્રી ૧૧:૪૭ વાગ્યે તો ગાડીમાં બિરાજી મંદિરની બહાર નીકળી ગયા !

તેઓ ૧૨:૨૦ વાગ્યે સ્થળ પર પહોંચ્યા ત્યારે વૃક્ષોથી સભર એ જમીનમાં અંદર જવું હોય તો થોડો ઢાળ ચઢવો પડે એમ હતું. વળી, ચાર-ચાર ઇંચ ઊંચાં ઘાસથી છવાયેલી આ ભૂમિ વરસાદને કારણે ચીકણી પણ થયેલી.

તેનાં ઘાસમાં છુપાયેલાં ડાળી-ડાળખાં તો પગ મરડાય ત્યારે જ ખબર પડે એમ હતાં. છતાં સ્વામીશ્રીએ એ જમીન પર પહોંચી ત્યાં નકશા ખોલાવી ચર્ચા કરી. પુષ્પો છાંટ્યાં. ધૂન કરાવી. લગભગ પંદરેક મિનિટ સુધી ઊભાં-ઊભાં જ આ પ્રક્રિયા આટોપી તેઓ મંદિરે ભોજન માટે બિરાજ્યા ત્યારે નિયત સમય કરતાં પોણા કલાકનો વિલંબ થઈ ચૂકેલો !

સ્વામીશ્રીને ભોજનમાં મોડું-મોળું પરવડતું, પણ કામમાં નહીં. તેઓ પાસે 'ચાલશે'નું કશું ચાલતું નહીં અને 'પછી'નું કશું ઊપજતું નહીં.

## ન રહે નિજદેહ સંભાળ

તા. ૨૫/૮ની રાત્રે ચાલી રહેલી મુલાકાતો દરમ્યાન ફોલરિવરથી આવેલા હરિભક્ત શ્રી સુભાષભાઈ પટેલે પોતાની સાથેના બાળકની વિશેષતા વર્ણવતાં કહ્યું : 'બાપા ! આ છોકરો કીર્તનો બહુ સારાં ગાય છે.'

આ સાંભળી બાજુમાં ઊભેલા એક સંત બોલ્યા : 'સ્વામી ! સુભાષભાઈ પણ સારાં કીર્તનો ગાય છે.'

'હા, આપણે ફોલરિવરમાં હતા ત્યારે વૉકિંગમાં એમણે ભજન ગાયેલાં ને !'

સ્વામીશ્રીનો આ ઉદ્‌ગાર સૌને ચકિત કરી ગયો, કારણ કે ફોલરિવરના રોકાણને આજે એક મહિનો વીતી ચૂકેલો. તે દરમ્યાન નવ સત્સંગ-કેન્દ્રોમાં લગભગ ૬૦ વખત વૉકિંગ કરી ચૂકેલા સ્વામીશ્રી સમક્ષ ઓછામાં ઓછી ૪૦૦-૫૦૦ વ્યક્તિઓ રજૂઆત કરી ગયેલી. તેમાં તેઓ આ હરિભક્તની પ્રસ્તુતિ વીસર્યા નહોતા ! સ્નેહાળ સ્વામીશ્રી કેવા શતાવધાની !

આવા તેઓના સાંનિધ્યમાં તા. ૨૬/૮ની સાંજે કોલ્ડન સેન્ટરમાં જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. ત્યારબાદ મંદિરે આવવા સ્વામીશ્રી મોટરમાં બિરાજ્યા ત્યારે ગાડીચાલક યુવાન પ્રકાશે તેઓને ત્રણ માળા આપતાં કહ્યું : 'સત્સંગી યુવકોની આ માળા પ્રસાદીની કરવાની છે.'

તે વખતે સ્વામીશ્રી ત્રણેય માળા હાથમાં લઈ એકસાથે ફેરવવા માંડ્યા ! તે દરમ્યાન ગાડી ૪૫, એવન્યૂ રોડને બદલે ચેરી એવન્યૂ રોડ પર વળી. તે જોઈ સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'કેમ ગાડી ચેરી રોડ પરથી લીધી ?'

ગામડાના ધૂળિયા મારગથી માંડી આંતરરાષ્ટ્રીય નગરોની ચકચકિત સડકો સુધીના જાણકાર હતા તેઓ !

તેઓની આ પૂછપરછના પ્રત્યુત્તરમાં ગાડીચાલકે કહ્યું: 'બાપા! આ રસ્તે પ્રકાશ મહેતાનું ઘર આવે છે. તેઓએ મકાન પર દૃષ્ટિ કરાવવાનું કહ્યું છે.'

'તો બરાબર!' કહી સ્વામીશ્રીએ સંમતિ આપી.

રોડ નહીં, પણ કોડ જોઈ વિચરનારા હતા તેઓ!

આ રીતે ઉતારે પધારેલા સ્વામીશ્રી અહીં વાળુથી પરવારી ભોજનના એ જ આસન પર બિરાજી ટ્રસ્ટી મંડળની મીટિંગ કરવા તૈયાર થયા, પરંતુ આ આસન અંગે અભિપ્રાય આપતાં સેવકોએ સ્વામીશ્રીને કહ્યું: 'જમવાના આસન પર લાંબું બેસવું કાઠું પડે એવું છે.'

'હાસ્તો વળી, કાઠું પડે એવું જ છે!'

'તો પછી તમારે સવારે કહેવું જોઈએ ને! એ વખતે તો તમે સળંગ ચાર કલાક આ આસન પર બેસી મીટિંગ કરી. જો કહ્યું હોત તો બદલી નાંખત ને!'

'પૂછે તો કહીએ. બાકી ચાલ્યે રાખે મારા ભ'ઈ!' આમ કહેતાં સ્વામીશ્રી એ જ આસન પર બેસી મીટિંગમાં પરોવાઈ ગયા.

'*ન રહે નિજદેહ સંભાળ...*'ની શૈલીથી રહેતા તેઓએ કદી પોતાની સગવડ માટે સાદ પાડ્યો જ નહોતો.

આ રીતે તેઓ તા. ૨૭/૮ની સવારે ગણેશ મંદિર અને સાંજે લૉંગ આઈલેન્ડની બેસ્ટ વેસ્ટર્ન હૉટલમાં ધર્મલાભ આપી આવ્યા.

## જેણે વચનમાં રે'વાનું દૃઢ કર્યું

વિશ્વમાં શાંતિ અને સંવાદિતાની સ્થાપનાના ઉદ્દેશ સાથે અસ્તિત્વમાં આવેલું સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) આ અરસામાં પ્રથમ વાર જ સહસ્રાબ્દી વિશ્વ-શાંતિ સંસદ (The Millenium World Peace Summit of Religious and Spiritual Leaders) યોજી રહેલું. તે માટે આ આંતરરાષ્ટ્રીય સંગઠને દુનિયાના ૫૪ દેશોમાંથી આશરે ૧,૮૦૦ ધર્મગુરુઓને નિમંત્રિત કર્યા હતા. તેઓનાં વ્યક્તવ્યો દ્વારા યુનોના સભાગૃહને પ્રાર્થનાખંડમાં ફેરવી દેવાની નેમ સંયુક્ત રાષ્ટ્રસંઘે સેવેલી.

આવા મોભાદાર સમારોહમાં અગ્રિમ અતિથિ તરીકે પધારવાનું આમંત્રણ સ્વામીશ્રીને પણ મળેલું, પરંતુ આ બાબતે તેઓને શ્રીજીમહારાજે આપેલી સ્ત્રી-સાધુ મર્યાદાના પાલન સંબંધી ચિંતા સતાવી રહેલી. આવા મોટા આયોજનમાં પોતાના ધર્મ-નિયમ સચવાય તે વિષે સ્વામીશ્રી હંમેશાં

સાવધાન રહેતા. તેથી જ તેઓએ સન ૧૯૯૬માં યુનોના તત્કાલીન મહામંત્રી શ્રી બુટ્રસ બુટ્રસ ઘાલી સાથે લગભગ નિશ્ચિત થયેલી મુલાકાત વખતેય ધર્મ-નિયમની સાચવણીનો મુદ્દો જ આગળ ધરી કોઈ વિશેષ રસ ન દાખવતાં તે મિલન શક્ય બન્યું નહોતું.

આ સમયે પણ જ્યારે વિશ્વશાંતિ સંસદનું નિમંત્રણ મળ્યું ત્યારે સ્વામીશ્રીએ આ જ વાત દોહરાવેલી કે 'આ કાર્યક્રમમાં અમારી મર્યાદાને કારણે આપને અગવડ પડે તે યોગ્ય નથી. માટે અમે અહીં રહ્યાં થકા આપના આયોજનની સફળતા માટે પ્રાર્થના કરીશું.'

પરંતુ આ આયોજનના મહામંત્રી શ્રી બાવા જૈને 'સ્ત્રી-સાધુ મર્યાદા અનુસાર જ વ્યવસ્થા રહેશે' તેમ ખાતરી આપતાં સ્વામીશ્રીએ આમંત્રણ સ્વીકારેલું અને આ વિષેનો સંમતિસૂચક પત્ર પાઠવતાં તેઓએ તા. ૧૫/૫ના રોજ શ્રી જૈનને લખાવેલું કે –

> *'Personally, we have been assured that with your kind guidance and personal efforts facilities will be arranged so as not to transgress any discipline which Lord Swaminarayan has prescribed for his sadhus. We are pleased that you appreciate the seriousness and sensitivity of our commitment to the vow of absolute brahamacharya, and regard you in high esteem for your love and intimacy.' – 'અંગત રીતે અમને વિશ્વાસ છે કે આપના માયાળુ માર્ગદર્શન અને અંગત પ્રયત્નોથી એવી સાનુકૂળતા રહેશે કે જેથી ભગવાન સ્વામિનારાયણે તેઓના સંતો માટે ઉદ્‌બોધેલી આચારસંહિતાનું ઉલ્લંઘન નહીં થાય. અમારી અષ્ટાંગ બ્રહ્મચર્યના પાલન સંબંધી ગંભીરતા અને સંવેદનશીલતાને આપે જે આદર આપ્યો છે તેનો અમને આનંદ છે.'*

આમ, સ્વામિનારાયણીય સાધુની મર્યાદા સંપૂર્ણ સચવાય તે રીતે યુનોમાં પધારવાનો કાર્યક્રમ ગોઠવાતાં સ્વામીશ્રીએ તા. ૨૮/૮ની સવારે ૯:૩૨ વાગ્યે મેનહટનમાં આવેલી ધ વૉલ્ડોર્ફ એસ્ટોરિયા હૉટલ ખાતે જવા મંદિરેથી પ્રસ્થાન કર્યું.

અલબત્ત, આટલી તકેદારી લીધા પછીયે તેઓએ આયોજક સંતોને

કહી રાખેલું કે 'અમો યુનોમાં જઈશું ને ત્યાં જો મર્યાદામાં કાંઈ પણ આઘું-પાછું લાગશે તો અમે ડેલીએ હાથ દઈને પાછા આવી જઈશું.'

એટલું જ નહીં, સ્વામીશ્રીએ સંસ્થાના એક અગ્રણી કાર્યકરને પણ કહી રાખેલું કે 'અમે જે પ્રવચન કરવાના છીએ તે તમે પણ વાંચીને તૈયાર રાખજો. જો ત્યાં મર્યાદા બાબતે કંઈ પ્રશ્ન આવશે તો અમે નીકળી જઈશું અને તમે અમારા વતી બોલી લેજો.'

આ રીતે આજે એક અમર ઇતિહાસ સર્જવા જઈ રહેલા સ્વામીશ્રીના પ્રયાણની પાર્શ્વભૂમાં બનેલો ઉપરોક્ત સમગ્ર ઘટનાક્રમ તેઓનું મનોવલણ સ્પષ્ટ કરી ગયો. તેથી જ જેઓના જીવનમાં વિશ્વપ્રસિદ્ધિ કરતાંય શ્રીજીમહારાજની આજ્ઞાનું મહત્ત્વ અધિક હતું તેવા ધર્મધુરંધર સ્વામીશ્રીની પદરેણુથી પાવન થવા યુનોનું સદન પણ થનગની રહ્યું !

## પ્રભુ શું સાચી સગાઈ

ન્યૂયોર્કના ટ્રાફિકને વીંધતાં સ્વામીશ્રી ૧૦:૧૦ વાગ્યે વોલ્ડોર્ફ એસ્ટોરિયા હોટલના આંગણે પહોંચ્યા ત્યારે અહીં તેઓને સત્કારવા સ્વયં શ્રી બાવા જૈન દોડી આવ્યા. તેઓનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી હોટલના ત્રીજા માળે પધાર્યા. અત્રે 'સંસદ'માં ઉપસ્થિત રહેનારા ધર્મગુરુઓ કે તેઓના પ્રતિનિધિઓ માટે જરૂરી ઓળખપત્ર બનાવવાની પ્રક્રિયા ચાલી રહેલી. તે માટે મહાત્માઓ અને ધર્માત્માઓ જેમ આવે તેમ હરોળબંધ ઊભા રહેતા, પરંતુ સ્વામીશ્રીને વિશેષ સવલત આપી સીધા જ આવશ્યક ફોટો લેવા બેસાડવામાં આવ્યા.

તેઓ ખુરશી પર બિરાજમાન થતાં જ ફોટોગ્રાફર કેમેરાની ચાંપ દબાવવા તત્પર થયા, પણ તે વખતે સ્વામીશ્રીએ સંતો પાસે ઠાકોરજી માંગ્યા. હકીકતે ઓળખપત્રની છબીમાં તો કેવળ સ્વામીશ્રીનું મુખારવિંદ જ આવવાનું હતું, છતાં તેઓએ હાથમાં ઠાકોરજી રાખીને જ છબી પડાવી. આ રીતે તૈયાર થયેલા ઓળખપત્ર પર કરવાની સહીમાં સ્વામીશ્રીએ *'શા. નારાયણસ્વરૂપદાસ ગુરુ યજ્ઞપુરુષદાસ'* લખી પોતાના ગુરુને પણ યાદ કરી લીધા.

## જેહ સ્થિર અસ્થિર તે નવ થાય

ઓળખપત્રની કાર્યવાહી બાદ હોટલના 12R સ્વીટમાં પધારેલા

સ્વામીશ્રીનો નિવાસ બે દિવસ સુધી અહીં જ હતો. અત્રેથી તેઓને આજે સાંજે યુનોની વિશ્વશાંતિ સંસદના પ્રારંભિક સત્રમાં પહોંચવાનું હતું. તે માટે ઉતારેથી નીકળવાનો સમય સૂચવતો સંદેશો યુનોના સદનમાં સેવારત સંસ્થાના સ્વયંસેવકો તરફથી આવવાનો હતો. તેની પ્રતીક્ષા સૌ કરી રહેલા તે વખતે આ અરસામાં સ્વામીશ્રીની રોજનીશી લખતા સંતને કુતૂહલ થયું કે 'આવા ઐતિહાસિક અવસરની નોબતો ગડગડી રહી છે ત્યારે ઓરડામાં બિરાજેલા સ્વામીશ્રી શું કરતા હશે ?'

પોતાની આ જિજ્ઞાસા સંતોષવા એ સંતે હળવેથી સ્વામીશ્રીના ઓરડાનો દરવાજો ખોલતાં જ તેઓ વિસ્મિત થઈ ગયા. બપોરના ત્રણેક વાગ્યાના એ સમયે આછા પીળા પ્રકાશયુક્ત ઓરડાના એક ખૂણે મૂકેલા સોફા પર બિરાજેલા સ્વામીશ્રી મરૂન રંગના ફૂટરેસ્ટ પર ચરણ ટેકવી 'યોગીજી મહારાજની બોધકથાઓ'નું પુસ્તક વાંચી રહેલા ! લંડનના રોકાણ દરમ્યાન એક બાળક તરફથી મળેલી આ ભેટ તેઓએ આ વિદેશયાત્રામાં પોતાની સાથે રાખેલી. સમય મળ્યે ત્યારે તેઓ એમાંથી વાંચન કરતા રહેતા. તે ફુરસતનો સમય અત્યારે યુનોમાં જવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે પણ સ્વામીશ્રીને મળી ગયેલો ! જેની નોંધ લેવા વિશ્વ ઉત્સુક છે તેવી એક મહાન ઘટનામાં સામેલ થવાનો કોઈ ઉત્સાહ સ્વામીશ્રીના ચહેરા પર નહોતો તરવરતો. 'स्थितधीः... किम् आसीत ? સ્થિતપ્રજ્ઞ પુરુષ કેવી રીતે બેસે ?' – આ ગીતાપ્રશ્નનો જવાબ આપતી સ્વામીશ્રીની એ વાંચનમુદ્રા પેલા સંતને અહોભાવ ઉપજાવી ગઈ.

આમ, સ્વામીશ્રી નિજાનંદમાં મસ્ત હતા ત્યાં જ દર્શનના હેતુથી બે-ત્રણ સંતો ઓરડામાં પ્રવેશ્યા. તેઓને જોઈ 'હં... શું થયું ?' પૂછતાં સ્વામીશ્રીએ નીકળવાના સમય અંગે વિગત માંગી ત્યારે સંતોએ જણાવ્યું : 'હજી સંદેશો આવ્યો નથી. ફોન આવે એટલે જવાનું થશે.'

'હારુ (સારું) ત્યારે... લ્યો, આપણે અહીંયાં સીટિંગ (બેઠક) કરો.' આમ કહેતાં સ્વામીશ્રી સંતો સાથે હળવી ગોઠડી માંડી બેઠા.

આ રીતે થોડી પળો વીતી ત્યાં જ ૩:૩૨ વાગ્યે કહેણ આવ્યું. તે સાંભળી ઊભા થયેલા સ્વામીશ્રી સમક્ષ સેવકે પાણીનો વાટકો ધર્યો. તેને મોઢે માંડતાં પહેલાં સ્વામીશ્રી પગમાંથી પગરખાં કાઢવાનું ન વીસર્યા. મોટા પ્રસંગે પણ તેઓમાં જોવા મળેલી આ નાની તકેદારી પુનઃ તેઓની સ્થિરબુદ્ધિનો

પુરાવો પૂરતી ગઈ ! તેને અનુસરતાં સ્વામીશ્રી મસ્તકે પાઘ અને કંઠમાં પીળા ફૂમતાવાળી માળા ધારી, ભગવી શાલ ઓઢી ઓરડામાંથી બહાર નીકળ્યા ત્યાં જ તેઓએ પૂછ્યું: 'ઠાકોરજી ક્યાં છે ?'

'વિવેકસાગર સ્વામી આગળ લઈને જ ઊભા છે.'

સંતો તરફથી આ જવાબ મળતાં સંતોષ પામેલા સ્વામીશ્રીએ મેનહટનની ૪૬મી શેરીમાં ઊભેલા યુનોના આંગણે જવા પ્રયાણ આદર્યું.

## યુનોના મહાસદનમાં

બપોરે ૩:૫૩ના સમયે યુનોના ચોખ્ખાચણાક પરિસરમાં પ્રવેશેલા સ્વામીશ્રીને મયૂરપંખ ધારી નૃત્ય કરતા બાળકોએ આવકાર્યા. સ્વામીશ્રીના જ સ્નેહવારિ પીને ઊછરેલાં બી.એ.પી.એસ.નાં આ બાળકુસુમો અહીં આવી રહેલા પ્રત્યેક ધર્મગુરુને સત્કારી રહેલાં. તેઓની સાથે આ વિશ્વશાંતિ સંસદની વ્યવસ્થામાં મદદરૂપ થવા બી.એ.પી.એસ.ના દોઢસો સ્વયંસેવકો પણ તૈનાત હતા. ધર્મગુરુઓને ઍરપોર્ટથી ઉતારે અને ઉતારેથી યુનોના સદન સુધી લાવવા-લઈ જવાની સેવા સહિત સભા-વ્યવસ્થા સુધી આ સ્વયંસેવકોની સેવા દીપી ઊઠેલી. સેવક વિના પધારેલા કેટલાક ધર્મગુરુઓના તો સેવક બનીને પણ આ યુવાનોએ સેવાધર્મ બજાવેલો. આ સ્વયંસેવકોએ જ વિશ્વશાંતિનો સંદેશ આપતું એક પ્રદર્શન પણ વૉલ્ડોર્ફ ઍસ્ટોરિયા હૉટલમાં ગોઠવેલું. તે જોઈ બે દિવસમાં આશરે દોઢ હજારથી વધુ લોકો અભિભૂત થતા રહેલા.

આમ, સ્વામીશ્રીની યુનોના આંગણે પધરામણી થઈ તે પૂર્વે તેઓની પ્રવૃત્તિનો પ્રકાશ અત્રે સર્વત્ર પથરાઈ ચૂકેલો.

તેના ઉજાશમાં પગલાં પાડતા સ્વામીશ્રીએ યુનોના મહાસદનમાં પ્રવેશ મેળવ્યો. આ પ્રવેશદ્વારે પ્રત્યેક આમંત્રિત ધર્મગુરુ માટે ગળામાં ઓળખપત્ર લટકાવી રાખવું અને સુરક્ષાની તપાસ માટે મેટલ ડિટેક્ટરમાંથી પસાર થવું ફરજિયાત હતું; પરંતુ સ્વામીશ્રીને આવી કોઈ પ્રક્રિયાને અનુસરવાનું ન રહ્યું. બે દિવસમાં ત્રણ વાર તેઓ બેરોકટોક સીધા પ્રવેશ્યા અને બહાર નીકળ્યા.

તે ક્રમમાં આજે પણ એ રીતે જ પ્રવેશ મેળવી સ્વામીશ્રી પહેલા માળે આવેલા સભાગૃહની બાજુના પ્રતીક્ષા કક્ષમાં પહોંચ્યા. અત્રે તેઓ માળા ફેરવતાં થોડી ક્ષણો બેસી રહ્યા, કારણ કે આ પ્રારંભિક સત્રમાં શરૂઆતની રજૂઆતમાં મહિલાવર્ગ સામેલ હતો. એ પ્રસ્તુતિ સમાપ્ત થયા બાદ

સ્વામીશ્રીના પાદસ્પર્શથી યુનોનું જાજરમાન સભાગૃહ ધન્ય થયું.

હરિકૃષ્ણ મહારાજને આગળ રાખી જોડેલા હાથે, ઢળેલાં નયને અને ઝૂકેલા મસ્તકે જ્યારે સ્વામીશ્રી પ્રવેશ્યા તે ક્ષણ સમસ્ત સ્વામિનારાયણ સંપ્રદાય માટે ગૌરવની ઘડી બની રહી. ગુજરાતના નાના ગામડાથી શરૂ થયેલો સ્વામિનારાયણીય સત્સંગ સ્વામીશ્રી આજે વિશ્વના ટોચના ધર્મગુરુઓ સુધી લઈ આવેલા ! પાંચ સંતો અને મુઠ્ઠીભર હરિભક્તોથી શ્રીગણેશ પામેલી બી.એ.પી.એસ.ને આજે તેઓએ વિશ્વના સીમાડા સર કરાવી દીધા હતા ! આ દિગ્વિજય કરતા સ્વામીશ્રી લીલી જાજમથી છવાયેલા ૧,૮૯૮ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતા યુનોના સભાગૃહની પ્રથમ હરોળમાં ત્રીજી બેઠક પર બિરાજ્યા.

તે વખતે સભામાં મહામંત્રીના સ્વાગત પ્રવચન બાદ પ્રાર્થનાની પરંપરા આરંભાઈ. આજના આ સત્રમાં રેલાનારી વિશ્વના પ્રમુખ ધર્મોની ત્રીસેક પ્રાર્થનાઓનો પ્રારંભ કરવાનો કળશ ઢળેલો બી.એ.પી.એસ. પર ! તે માટે યોગીચરણદાસ સ્વામી, પ્રેમવદનદાસ સ્વામી, રાજેન્દ્રદાસ સ્વામી અને વિવેકમૂર્તિદાસ સ્વામીએ મંચ પર ગોઠવાઈને કંઠ્ય તેમ જ વાદ્ય સંગીત સાથે વૈદિક મંત્રોના ગુંજારવથી વાતાવરણ ભરી દીધું. તેમાં 'સ્વામિનારાયણ' નામનો ઘોષ ભળતાં *'સ્વામિનારાયણ મહામંત્રનો, જગમાં જયજયકાર છે; ગુંજી રહ્યો નવખંડ ધરામાં, મહિમા અપરંપાર છે...'* શબ્દો મૂર્તિમાન બની ગયા. સ્વામિનારાયણ મહામંત્રના દ્વિશતાબ્દી પર્વે સ્વામીશ્રીએ શ્રીજીમહારાજને સર્વોચ્ચ અંજલિ આપી દીધી.

## નથી આસક્ત સૌ જન જાણે

યુનોમાં પધરામણીના પ્રથમ દિવસે જ સ્વામિનારાયણનો વિજય-વાવટો ફરકાવી ઉતારે પધારેલા સ્વામીશ્રી સોફા પર બિરાજ્યા ત્યાં જ સંતો એ તાનપુરો લઈ આવ્યા, જે આજે યુનોમાં ગવાયેલા વૈદિક મંત્રો વખતે ઉપયોગમાં લેવાયેલો. આ તાનપુરાના માલિકની ઇચ્છા પૂરી કરવા સ્વામીશ્રીએ પોતાના ડાબા ખભે આ વાદ્ય ટેકવી જમણા હાથની મધ્યમા આંગળીથી તાર રણઝણાવ્યા.

આ જ હળવાશથી તેઓએ રાત્રિભોજન વખતે ગ્રંથવાંચન કરાવ્યું. તે પછી તેઓ રોજની જેમ જ પત્રવ્યવહારમાં પરોવાયા. તે સાથે વચ્ચે-વચ્ચે આવતા મુલાકાતીઓને પણ ન્યાય આપતા ગયા.

આ કાર્યવાહીમાં રાત્રિના દસ વાગ્યાનો સમય થતાં સંતોએ વિનંતી

કરી કે 'સ્વામી! હવે આપ આરામમાં પધારો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'હરે! ચેષ્ટા ગાઓ.' આમ કહી સૌ સાથે તેઓ પણ ચેષ્ટાગાન કરવા લાગ્યા.

એક અસાધારણ અવસરના સાક્ષી નહીં, પણ સર્જક બન્યા હોવા છતાં સ્વામીશ્રીનો દૈનિક ક્રમ આજેય લેશ ન ખોરવાયો. યુનોમાં જતાં પૂર્વે તેઓ આજની ગૌરવશાળી ઘટનાથી જેટલા નિર્લેપ હતા તેટલા જ અસંગી યુનોમાંથી આવ્યા પછી પણ જણાયા. આ દર્શન પામનારા સૌનાં હૈયાં ગાઈ ઊઠ્યાં:

*'કર્યું મોટી ઉપાધિનું ગ્રહણ, પણ રતિ નથી અંતઃકરણ;*
*કોઈ સમે ને કોઈ ઠેકાણે, નથી આસક્ત સૌ જન જાણે...'*

અનાસક્તિનો આ અંચળો ઓઢી સ્વામીશ્રી આજની રાત્રે પોઢ્યા ત્યારે સંસ્થા અને સંપ્રદાયના એક અમરપૃષ્ઠની છેલ્લી લીટીઓ લખાઈ.

## યુનોમાં સંબોધનની સુવર્ણ ક્ષણ

તા. ૨૯/૮ની સવારે સ્વામીશ્રી યુનોના સભાગૃહમાં બીજી વાર પધાર્યા ત્યારે અહીંનો માહોલ ગઈકાલ કરતાં જુદો હતો, કારણ કે ચાર દિવસની આ સંસદના હૃદય સમું સત્ર અત્યારે આરંભાઈ ચૂકેલું. આ સત્રમાં યુનોના મહામંત્રીનું ઉદ્‌બોધન થયા બાદ વિશ્વના સાત ધર્મોમાંથી ચૂંટેલા ધર્મગુરુઓ કે વિદ્વાનો 'A Call to Dialogue' (સંવાદને આમંત્રણ) વિષયક પોતાનાં મંતવ્યો રજૂ કરવાના હતા. તે માટે પ્રત્યેક વક્તાને સાત મિનિટનો સમય ફાળવાયેલો. આ ક્રમમાં તત્કાલીન વિશ્વની વસ્તીનો છઠ્ઠો ભાગ ધરાવતા અને પૃથ્વી પરના અતિ પ્રાચીન તેમ જ જ્ઞાનસમૃદ્ધ હિંદુ ધર્મના પ્રતિનિધિરૂપે સ્વામીશ્રીનું પ્રવચન પણ પ્રસ્તુત થવાનું હતું.

તે માટે સ્વામીશ્રીએ ગઈકાલની જેમ આજે પણ પ્રથમ હરોળની ત્રીજી બેઠકમાં પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું. અહીં બેઠાં-બેઠાં એકચિત્તે માળા ફેરવવા માંડેલા તેઓ રજૂ થઈ રહેલાં પ્રવચનોનો ભાવાનુવાદ સંતો પાસેથી સાંભળતા રહ્યા.

આ રીતે સરકી રહેલી પ્રવચનોની શૃંખલામાં આ સત્રના સભાધ્યક્ષ ડૉ. કરણસિંહે ઉદ્‌ઘોષણા કરી કે – 'Sadhu Atmaswarupdas will now introduce our next speaker His Holiness Pramukh Swamiji Maharaj.'

આ મુખ્ય સત્રમાં પરિચયવિધિનો આવો વિશેષાધિકાર સ્વામીશ્રી ઉપરાંત પોપના પ્રતિનિધિરૂપે ઉપસ્થિત થયેલા કાર્ડિનલને જ આપવામાં આવેલો. તે મુજબ સ્વામીશ્રીનો પરિચય જેમ-જેમ અપાતો ગયો તેમ-તેમ શ્રોતાવર્ગમાંથી વધામણીરૂપે તાળીઓનો નાદ ગુંજવા લાગ્યો, કારણ કે સર્વાધિક ધર્મસ્થાનોના નિર્માણથી તેઓ સૌ કરતાં વિશિષ્ટ તરી આવ્યા. વળી, સ્વામીશ્રીનું સૂત્ર 'બીજાના આનંદમાં આપણો આનંદ' પણ સૌને અનોખું લાગતાં શ્રોતાઓએ આ વિગતનેય તાળીનાદથી બિરદાવી.

તેથી સ્વામીશ્રીને સાંભળવા વિષે સૌની ઉત્સુકતા ખાસ્સી વધી ગઈ. તેમાં અનેકગણો વધારો સ્વામીશ્રીના મંચપ્રવેશે કરી આપ્યો. સેવકના સહારે તેઓ પ્રવચન-પીઠિકા સમક્ષ પધાર્યા ત્યારે શ્રોતાવર્ગમાં બેઠેલા ૧,૮૦૦ ધર્માત્માઓને પ્રણામ કરતાં તેઓના બે હાથ જોડાયા, નેત્રો મીંચાયાં અને પાઘ સહિતનું શીશ સૌની વંદના કરતાં ઝૂક્યું. આવો નમ્ર મંચપ્રવેશ હજી સુધી કોઈ વક્તાનો થયો ન હતો.

આ વિશેષતા સાથે યુનોના ઇતિહાસમાં સૌપ્રથમ વાર ગુજરાતી ભાષામાં પ્રવચન ગુંજતું થયું ત્યારે સમય થયેલો – ૧૧:૫૬:૨૮. આ સમયે વિશ્વમાં વ્યાપેલા અંધકારને ઉલેચવા તેજના પ્રવાહરૂપ સ્વામીશ્રીની પરાવાણી રેલાવા માંડી.

## યુનોમાં ઐતિહાસિક સંબોધન

गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः ।
जनो जानन्निदं सत्यं मुच्यते भवबन्धनात् ॥

ઉપરોક્ત મંગલાચરણ સાથે યુનોના મહાસદનમાં ઐતિહાસિક સંબોધન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

"યુનોના મહામંત્રી પરમ આદરણીય શ્રી કોફી આનન, મિલેનિયમ વિશ્વશાંતિ સંસદના પ્રમુખ આદરણીય શ્રી ટેડ ટર્નર, વિશ્વશાંતિ સંસદના મહામંત્રી આદરણીય શ્રી બાવા જૈન, આ સત્રના અધ્યક્ષ આદરણીય શ્રી ડૉ. કરણસિંઘ તથા વિશ્વમાંથી પધારેલા પૂજનીય સંતપુરુષો, ધર્મગુરુઓ, આયોજકો અને સંયોજકો.

આજે યુનોના આંગણે આવી પહેલી ધર્મસંસદ યોજાય છે ત્યારે આટલા બધા ધર્મગુરુઓનાં અહીં એકસાથે દર્શન કરતાં ખૂબ આનંદ થાય છે.

આજના આ પ્રવચનમાં ત્રણ પાયાના મુદ્દા સમજીશું.

**પહેલો મુદ્દો – ધર્મગુરુઓ સાથેનો સંવાદ**

બધા જ ધર્મો વચ્ચે સંવાદિતા અને સુમેળ થાય એ આજના યુગની અત્યંત મહત્ત્વની જરૂરિયાત છે. એ માટે ધર્મગુરુઓએ એકબીજા સાથે આત્મીયતાથી વિચાર-વિમર્શ કરવો જોઈએ. ૧૯૮૪માં જ્યારે અમે વેટિકનમાં નામદાર પોપને મળ્યા ત્યારે પત્રકારોએ પૂછ્યું કે 'બે ધર્મોના ગુરુઓની આ મુલાકાતથી શું લાભ થશે?' અમે જણાવ્યું કે 'પરસ્પર જ્યારે ધર્મના ગુરુઓ મળે ત્યારે તે ધર્મોના આશ્રિતો વચ્ચે દ્વેષ ઘટે છે અને સંવાદિતા વધે છે.' જેમ આર્ચ બિશપ ઑફ કેન્ટરબરી શુભ ભાવનાથી લંડનમાં અમારા સ્વામિનારાયણ હિન્દુ મંદિરે પધારેલા તેમ અમે પણ બેથલેહેમ અને જેરુસલેમ ગયેલા અને ત્યાંના ધર્મગુરુ સાથે વિમર્શ કરેલો. એટલે જ અમે કહીએ છીએ કે 'પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ.'

આપણે જીવસૃષ્ટિનું મહત્ત્વ અને વિવિધતાને સમજ્યા છીએ અને દરેક પ્રકારની જીવસૃષ્ટિની વિવિધતા જાળવવા પ્રયત્ન કરીએ છીએ, તો પછી ધાર્મિક વિવિધતાનું શું? દરેક ધર્મને ટકવા દેવો જોઈએ. તેમને પોતપોતાની રીતે વિશ્વની સેવા કરવા દેવી જોઈએ. માનવ ઇતિહાસની આ ઘડીએ આપણને ધર્મગુરુઓને એવું ન હોવું જોઈએ કે વિશ્વમાં કેવળ એક પોતાનો ધર્મ હોય; પરંતુ એવું સ્વપ્ન સેવવું જોઈએ કે આ વિશ્વમાં બધા ધર્મો સંપીને રહે. જેમ આપણા આશ્રિતોના સંપથી આપણો ધર્મ સબળ અને સુરક્ષિત બને છે, તેવી જ રીતે બધા ધર્મોના સંપ અને સુમેળથી આપણું ભવિષ્ય સબળ અને સુરક્ષિત બનશે.

આપણે એ યાદ રાખવું જરૂરી છે કે વિશ્વમાં વિકસેલી દરેક સભ્યતા, સંસ્કૃતિ અને ધર્મ, તેનાં મૂલ્યો, જ્ઞાન અને દર્શનથી સમૃદ્ધ એવી સોનાની ખાણ સમાન છે. આવો, આપણે આ વારસાને વહેંચીએ. ઋગ્વેદના સમયથી હિન્દુઓએ વૈશ્વિક વિશાળતાને પ્રબોધી છે. રાગ-દ્વેષ રહિતના સુંદર વિશ્વની વિભાવના – 'દરેક દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ' જેવા મંત્રોમાં મળે છે. ઉપનિષદ કહે છે કે 'ईशावास्यमिदं सर्वम्...' – દરેકમાં ભગવાનનું દિવ્ય અસ્તિત્વ છે. આ આધ્યાત્મિક એકતા આપણને સમસ્ત બ્રહ્માંડ સાથે જોડે છે. વેદો કહે છે કે 'अमृतस्य पुत्राः वयम्... ' આપણે બધા જ પરમાત્માના પુત્રો છીએ.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે 'આપણે સહુ આત્મા છીએ. નાત, જાત, દેશથી પર છીએ.' અમારા ગુરુ યોગીજી મહારાજ કહેતા કે 'મારું એ સારું નહીં પણ સારું એ મારું.'

**બીજો મુદ્દો – અનુયાયીઓ સાથેનો સંવાદ**

ધર્મગુરુઓ પોતાના અનુયાયીઓ સાથે સંવાદ કરે તે પણ એટલું જ મહત્ત્વનું છે. ધર્મગુરુ જ અનુયાયીઓનું જીવન ઘડી શકે છે. ધર્મનો સાચો વિકાસ આંકડાઓના સરવાળામાં નથી, પણ દરેક અનુયાયીની જીવનશુદ્ધિ અને તેના આધ્યાત્મિક ઉત્કર્ષમાં છે. અનુયાયીઓની માત્ર સંખ્યા વધારવા કરતાં આ ઊંડાણનું મહત્ત્વ વધારે છે. એટલે જ દરેક ધર્મનો અનુયાયી પોતાના ધર્મનો સાચો અનુયાયી બને તો પછી આપણું વિશ્વ એક વધુ સુંદર વિશ્વ બની રહે. આ માટે આપણે અનુયાયીઓને ઝનૂનથી તદ્દન દૂર રાખીને, શ્રદ્ધા અને સદાચાર ઉપર કેન્દ્રિત કરવા જોઈએ.

ભગવાન સ્વામિનારાયણે જોબન પગી જેવા અનેક લૂંટારાઓ અને હિંસક કોમોનું પરિવર્તન કરી, તેમને શાંતિપ્રિય બનાવ્યા હતા. આમ, તેમણે પ્રેમ અને ભક્તિના માધ્યમથી નિઃશસ્ત્ર ક્રાંતિ દ્વારા લોકોનાં જીવન પલટ્યાં હતાં. એ કાર્યની અસર અદ્યાપિ વર્તી રહી છે. આપણા સૌનું કાર્ય પણ આવું થઈ શકે. આપણે સહુ સાથે મળીને કાર્ય કરીશું તો ખૂબ મોટા પ્રમાણમાં પરિવર્તન લાવી શકીશું.

**ત્રીજો મુદ્દો – પોતાના સાથે સંવાદ**

પોતાની જાત સાથેની સંવાદિતા કરતાં વધુ મહત્ત્વનું કાંઈ નથી. આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે આપણે આપણા ધર્મસ્થાપકોના આદેશોની કેટલા નજીક છીએ. આપણે તેમના તત્ત્વજ્ઞાનને અને તેમનાં પ્રેમ, સત્ય, દયા, અહિંસા, સુહૃદયતા, શ્રદ્ધા, ભક્તિના આદેશોને આપણા જીવનમાં વધુ ને વધુ ઉતારીએ.

ભગવાન સ્વામિનારાયણે સર્વ ધર્મને સ્પર્શતી ધર્મની વિશાળ વ્યાખ્યા કરી છે કે 'धर्मो ज्ञेयः सदाचारः।' અર્થાત્ સદાચાર એ ધર્મ છે. દરેકના જીવનમાં જો સદાચાર હશે તો જ વિશ્વમાં શાંતિ સ્થપાશે. સંસ્કૃતિના સૂર્યોદયથી હિંદુઓ પ્રાર્થના કરતા આવ્યા છે કે સર્વત્ર શાંતિ, શાંતિ અને કેવળ શાંતિ વિસ્તરતી રહો.

આપણા અનુયાયીઓને એ શીખવીએ કે બીજા પ્રત્યે સહિષ્ણુ થઈએ

અને આદર પણ આપીએ; આપણે જીવીએ અને બીજાને જિવાડીએ; સંવાદિતા સાથે શક્તિ પ્રમાણે પરસ્પર સહકાર પણ આપીએ. બીજાના ભોગે આપણે પ્રગતિ ન કરીએ, કારણ કે બીજાના ભલામાં આપણું જ ભલું છે. બીજાના ઉત્કર્ષમાં આપણો જ ઉત્કર્ષ છે. બીજાના આનંદમાં આપણો જ આનંદ છે.

ફરીથી પણ, આપ સૌનો આભાર અને પ્રાર્થના છે કે આયોજકો, યુનો અને વિશ્વના સમસ્ત લોકોને ભગવાનના અને આ પૃથ્વી ઉપર અવતરેલા સર્વે સંતપુરુષોના આશિષ મળે. જય સ્વામિનારાયણ !'

વેરાયેલા અને વહેરાયેલા વિશ્વને સંવાદિતાના સેતુથી સાંધતી આ અમૃતધારા વિરમી ત્યારે યુનોનું સભાગૃહ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યું. આ તાળીનાદ કોઈ શિષ્ટાચારરૂપે નથી પરંતુ સ્વામીશ્રીના વક્તવ્યની ગુણવત્તાનો પ્રતિસાદ છે તે તો ત્યારે જ ખબર પડી કે જ્યારે સભાધ્યક્ષ બોલ્યા: 'धन्यवाद प्रमुखस्वामीजी! आपने आशीर्वाद हमें दिया।'

આવો આભાર સભાધ્યક્ષે આ સત્રમાં હજી સુધી કોઈનો માન્યો નહોતો. તેઓને પણ સ્વામીશ્રીની વાણી 'સંબોધન' નહીં, 'આશીર્વાદ' સમાન અનુભવાઈ.

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રી તેઓના સ્થાને આવી પુનઃ બિરાજ્યા ત્યારે તેઓને અભિનંદન આપનારાઓની હારમાળા ખડકાઈ ગઈ. તેમાંના એક આચાર્ય શ્રી ધર્મેન્દ્રજી તો બોલી ઊઠ્યા: 'स्वामीजी! आज आपने यहाँ हिंदु धर्म की लाज रखी।'

## મહાસદનમાં મહાન અંજલિ

યુનોમાં પ્રવચન બાદ ચોમેર વિસ્તરેલા સ્વામીશ્રીના પ્રભાવના વર્તુળમાં કેન્દ્રસ્થાને રહી – સ્વામીશ્રીની ગુરુભક્તિ અને પરાભક્તિ.

અલબત્ત, તેનો અંદાજ એ જૂજ લોકો જ પામ્યા, જેઓ સ્વામીશ્રી દ્વારા રજૂ થઈ રહેલા પ્રવચનની લેખિત પ્રત સાથે તેઓ વડે ઉચ્ચારાતા શબ્દોનો તાળો મેળવી રહેલા. જ્યારે સ્વામીશ્રી પ્રવચનને વાંચી સંભળાવતા હતા ત્યારે પ્રથમ મુદ્દાની સમાપ્તિ બાદ તેઓ લખેલા મુસદ્દાની બહાર જઈ યોગીજી મહારાજની વાત કરતાં કહેવા માંડેલા કે "બીજી એ ગુરુની ભાવના એ પણ હતી કે 'ભગવાન સર્વનું ભલું કરો.' એમાં કોઈ નાત-જાત(ના) ભેદ નહીં. દરેક ધર્મના કોઈ પણ મનુષ્યનું સારું થાય એ હંમેશાં ઇચ્છતા અને એ

રીતે એમના વર્તનમાં પણ અમને જોવા મળ્યું છે. એ રીતે સ્વામિનારાયણ ભગવાનનો પણ એ જ આદેશ હતો.''

લખાણમાં છાપ્યા બહાર સ્વામીશ્રીએ ગુરુગુણની આ જે ગરબી ગૂંથી દીધી તે તેઓના લોહીના કણેકણમાં વહેતી ગુરુભક્તિની શાખ પૂરી ગઈ.

આ જ રીતે, પ્રવચનનું સમાપન સૂચવતા 'જય સ્વામિનારાયણ' ઉદ્‌ગાર પૂર્વે પણ સ્વામીશ્રી સ્વતઃ બોલવા માંડેલા કે –

''ભગવાન સ્વામિનારાયણનો એક સંદેશો એ પણ હતો – સર્વજીવ-હિતાવહ. દરેકનું સારું થાય, સર્વનું ભલું થાય. એની અંદર કોઈ એમના ભેદ હતા નહીં. અને એ રીતે જીવન જો આપણા બધાની અંદર જોવા મળે તો કહ્યું કે 'જ્યાં જુએ ત્યાં રામજી.' એટલે કે દરેકની અંદર આપણે આત્માની દૃષ્ટિથી જોઈએ. आत्मवत् सर्वभूतेषु। દરેકમાં આત્મા-પરમાત્માને જોતા રહીએ તો સૌ-સૌનું ભલું થાય અને સારું થાય. સર્વે ધર્મોની એકતા થાય ને આજનો પ્રસંગ અહીંયાં જે આયો છે તે ખૂબ આનંદનો છે. અને એ પ્રમાણે આપણે બધાનો એક વિચાર થાય તો ઘણું સુખ-શાંતિ દુનિયામાં આવી શકશે. એ માટે ભગવાનને પ્રાર્થના છે.''

વક્તવ્યની નિશ્ચિત રૂપરેખાથી બહાર જઈ સ્વામીશ્રીએ શ્રીજી-મહારાજનો આ સંદેશો પણ વિશ્વના ધર્મગુરુઓને સંભળાવી દીધો.

કહ્યું છે કે 'न हि स्नेहो युक्तायुक्तमनुरुणद्धि।' પ્રેમના પ્રવાહને યુક્ત અને અયુક્તની પાળ ખાળી શકતી નથી. આ ન્યાયે આજે સ્વામીશ્રીનો ગુરુપ્રેમ અને હરિપ્રેમ છલકાઈ ઊઠ્યો.

## નમ્રતાની મૂર્તિને નમન

યુનોમાં સ્વામીશ્રીના વક્તવ્ય બાદ આગળ વધેલા સત્રનું સમાપન કરતાં વિશ્વશાંતિ સંસદના માનદ ચેરમેન શ્રી ટેડ ટર્નરે પ્રવચન રજૂ કર્યું. તે પછી આ મહાનુભાવની મુલાકાત સ્વામીશ્રી સાથે મંચની પાછળ આવેલા મિલન કક્ષમાં થઈ. તેમાં શ્રી ટર્નર સ્વામીશ્રીએ રજૂ કરેલા વિચારોથી ઘણા પ્રભાવિત જણાયા. સ્વામીશ્રીએ પણ તેઓના પ્રવચનની પ્રશંસા કરતાં તેઓને સંસ્થાકીય સાહિત્ય, પ્રસાદ અને આશીર્વાદ આપ્યાં.

ત્યારબાદ ઉતારે જવા નીકળેલા સ્વામીશ્રીને મળવા સ્વામિનારાયણ સંપ્રદાયની એક શાખાના સંત દોડી આવ્યા. તેઓએ હરખ વ્યક્ત કર્યો કે –

'મિલેનિયમ પીસ સમિટમાં ક્યાંય સ્વામિનારાયણનું નામ નહોતું, પણ આપે યુનોમાં પ્રવચન કરી સ્વામિનારાયણનો જયજયકાર કરી દીધો!'

આ અહોભાવ ઝીલનારા સ્વામીશ્રીનું મિલન અહીંના કાર્યક્રમ દરમ્યાન ખ્રિસ્તી ધર્મના પ્રતિનિધિરૂપે ઉપસ્થિત કાર્ડિનલ શ્રી ફ્રાન્સિસ એરિન્ઝ, યહૂદી ધર્મગુરુ શ્રી મેર લાઉ, બૌદ્ધ ધર્માનુયાયી શ્રી એસ. એન. ગોએન્કા, પારસી ધર્મગુરુ શ્રી ફિરોઝ કોટવાલ, જૈન ધર્મના નિષ્ણાત શ્રી એલ. એમ. સિંઘવી, હિંદુ ધર્મગુરુઓ પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી, પૂજ્ય દયાનંદ સરસ્વતીજી, શંકરાચાર્ય પૂજ્ય શ્રી દિવ્યાનંદજી, શ્રી શ્રી રવિશંકરજી વગેરે કંઈક મૂર્ધન્ય મહાત્માઓ સાથે પણ થયું. તે વખતે આ પ્રત્યેક ધર્માચાર્યે સ્વામીશ્રી પ્રત્યે પોતાનાં આદરમાન વ્યક્ત કર્યાં; છતાં સ્વામીશ્રીની સાહજિક નમ્રતાનો લય લેશ ન ખોરવાયો.

તેથી અભિનંદન આપવા દોડી આવેલા ચિત્રકૂટના પ્રજ્ઞાચક્ષુ જગદ્‌ગુરુ રામાનંદાચાર્ય પૂજ્ય રામભદ્રાચાર્યજી સ્વામીશ્રીને કહેવા લાગ્યા: 'આપ બહુ નમ્ર છો. નમ્રતાની મૂર્તિ છો.'

ચર્મચક્ષુથી સ્વામીશ્રીને નીરખી ન શકનારા તેઓ પર સ્વામીશ્રીની વિનમ્ર વાણીનો જાદુ પ્રસરી ચૂકેલો. તેમ છતાં સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'આપ તમારો હાથ મારા માથા પર મૂકો.' પરંતુ આ બાબતે સંમત ન થતાં રામાનંદાચાર્યજી બોલ્યા: 'ના, એવું ન થાય. આપે હિંદુ સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે.'

અલબત્ત, પોતાની આ સ્તુતિ તરફ લક્ષ્ય ન આપતાં સ્વામીશ્રીએ તો એ ધર્મગુરુનો હાથ ખેંચી તેને પોતાના શિરે મૂકતાં કહ્યું: 'તમે આશીર્વાદ આપો કે અમારા દ્વારા સારાં કાર્યો થાય.'

વિશ્વને ગજવ્યા પછી પણ આવી અહંશૂન્યતા સાથે યુનોના મહાસદનમાંથી વિદાય થયેલા સ્વામીશ્રી આજની બપોરે સવા વાગ્યે ઠાકોરજી જમાડવા બિરાજ્યા.

## યુનોના મહામંત્રી સાથે ઐતિહાસિક મુલાકાત

તા. ૨૯/૮ની સાંજે સાડા ચાર વાગ્યે યુનોના સદનમાં સ્વામીશ્રીના પગલાં ત્રીજી વાર પડ્યાં. આ સમયે તેઓની મુલાકાત યુનોના સાતમા મહામંત્રી શ્રી કોફી આનન સાથે યોજાઈ. તે માટે મહાસદનના ૩૮મા માળે વિમર્શ કક્ષમાં બિરાજેલા સ્વામીશ્રીને મળવા શ્રી આનન આવી પહોંચ્યા

ત્યારે સ્વામીશ્રીએ પણ વ્હીલચૅરમાંથી ઊભા થઈ તેઓને આદર આપ્યો. તે સ્વીકારતાં આ મહામંત્રીએ બે હાથ જોડી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું અને કહ્યું : 'આપ અહીં એક સારા કામ માટે આવ્યા તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર. આપે બધાને સુંદર સંદેશો આપ્યો છે.'

સ્વામીશ્રીએ પણ આવી પરિષદની પરવાનગી આપવા બદલ તેઓનો આભાર માન્યો. તે વખતે આ ૬૨ વર્ષીય મહામંત્રીએ વિનીતભાવે સ્વામીશ્રીને કહ્યું : 'આપના આશીર્વાદથી વધુ સારું કાર્ય થાય તેમ હું ઇચ્છું છું.'

મહામંત્રીની આ ભાવના સ્વીકારી સ્વામીશ્રીએ તેઓને સ્વસ્થ આયુષ્ય તથા શુભ કાર્યો માટે આશીર્વાદ પાઠવતાં ઠાકોરજીનાં દર્શન કરાવ્યાં. વળી, સાથે રહેલા કાર્યકર શ્રી ગિરીશભાઈ પટેલ દ્વારા શ્રીજીમહારાજનાં જીવન અને કાર્યનો અલ્પ પરિચય પણ અપાવ્યો. તે પછી સ્વામીશ્રીએ ઠાકોરજીનાં ચરણારવિંદમાં મૂકેલું ગુલાબનું પુષ્પ લઈ શ્રી કોફી આનનને આપ્યું. શાંતિના નિવાસસ્થાન સમા નારાયણનાં ચરણારવિંદમાંથી આવેલી એ પુષ્પપ્રસાદી પામી મહામંત્રી હર્ષ પામ્યા. તેમાં અભિવૃદ્ધિ કરતાં સ્વામીશ્રીએ તેઓને અમૃતકુંભ, પ્રસાદ અને સાંપ્રદાયિક સાહિત્યની ભેટ ધરી. તેની સાથે 'આપ લંડન મંદિરે આવજો અને અમારા દેશમાં પણ આવજો' કહી આમંત્રણ પાઠવ્યું. સ્વામીશ્રીની આ લાગણીથી શ્રી કોફી આનન ભાવવિભોર બની ગયા.

એ જ અવસ્થામાં તેઓએ આપેલું વિદાયમાન સ્વીકારી સ્વામીશ્રીએ વિશ્વની આ વગદાર સંસ્થાનું સંકુલ છોડ્યું ત્યારે સર્વત્ર ઘોષ ગુંજી ઊઠ્યો :
*'જીત કે ડંકા દઈ કે દયાળુ, ચલે હૈ નાથ જનપ્રતિપાળુ...'*[૨૦]

## નહિ સ્પરધા થાવા સરસ રે

યુનોમાંથી વિદાય લઈ સ્વામીશ્રીએ ન્યૂયોર્ક-સ્થિત ટ્રમ્પ ટાવરના ૫૩મા માળે આવેલા પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી હિંદુજાના સદનમાં પગલાં પાડ્યાં.

અહીંથી મંદિરે પધારેલા તેઓ તા. ૩૦/૮ની સાંજે હ્યુસ્ટન જવા લા ગ્વાર્ડિયા ઍરપોર્ટ પર પહોંચ્યા, પરંતુ વિમાન ઊપડવાને હજી થોડી વાર

૨૦. યુનોમાં થયેલા સ્વામીશ્રીના ઐતિહાસિક પદાર્પણ અને અહીં તેઓએ કરેલા સંબોધનને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

હોવાથી તેઓને લાઉન્જમાં બેસાડવામાં આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ સાથે ઊભેલા કાર્યકર શ્રી વલ્લભભાઈ પટેલને પૂછ્યું : 'કાગળ-પેન છે ?'

આ સમયે પત્ર-પરિચારક વિમાનમાં ગોઠવાઈ ગયા હોવાથી સ્વામીશ્રીને લખવા માટે અપાતાં કાગળ-કલમ ઉપલબ્ધ ન થતાં પેલા કાર્યકર્તાએ બાજુમાં પડેલા એક લેટરપૅડનું પાનું ફાડી આપ્યું. તેની પર લખવા માંડેલા સ્વામીશ્રીએ અમદાવાદના મંદિરે રહેતા બ્રહ્મવિહારીદાસ સ્વામીને ઉદ્દેશી જણાવ્યું :

*'વિ. ત્યાં (ભારતમાં) છાપાં કે ટેલિવિઝનમાં વધારે પડતું ન થાય તે જોશો, કારણ (કે) ઈન્ડિયાના ઘણા મહાન પુરુષો પણ (યુનોમાં) હતા. માટે મર્યાદામાં રહીને આવે તેમ કરવું.'*

આટલું લખી સ્વામીશ્રીએ આ કાગળ સત્વરે ફૅક્સ કરવાની સૂચના કાર્યકરને આપી, કારણ કે યુનોમાં થયેલી સ્વામીશ્રીની પધરામણી સંબંધી એક પત્રકાર-પરિષદ આવતીકાલે અમદાવાદમાં યોજાવાની હતી. તેમાં સંતો-કાર્યકરો દ્વારા પોતાની પ્રશસ્તિ અન્ય મહાત્માઓ કરતાં અધિક ન થઈ જાય તે અંગે આટલી કાર્યવાહી કરી સ્વામીશ્રી વિમાનમાં બિરાજ્યા.

આ હવાઈયાન ૬:૩૩ વાગ્યે હવામાં ઊંચકાયું ત્યારે આ અરસામાં સ્વામીશ્રીની રોજનીશી લખતા સંતે યુનોમાં થયેલી સ્વામીશ્રીની પધરામણીનો સવિસ્તર લેખિત અહેવાલ સ્વામીશ્રીને આપ્યો. તે વાંચીને પણ સ્વામીશ્રીએ કહ્યું : 'આમાં બીજા કરતાં આપણી મહત્તા વધે એવું છે.'

'પણ સ્વામી ! આમાં તો જે બન્યું એ જ લખ્યું છે !'

'તોય એમાં બીજાની ગૌણતા દેખાય, માટે તે ન રાખવું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ કરેલી આ ભલામણ સાંભળી સૌની નજર સમક્ષ *'નહિ ઈરષ્યા ને અમરષ રે, નહિ સ્પરધા થાવા સરસ રે...'* સમા સ્વામીશ્રીની છબી ઊભરી રહી.

સ્વામીશ્રીને સૌથી પાછળ રહેવું ગમતું, સૌથી આગળ નહીં.

## જીવાદોરીનું જીવન

હ્યુસ્ટન પધારેલા સ્વામીશ્રી તા. ૩૧/૮ના રોજ આવેલી સામશ્રાવણીની સવારે જનોઈ બદલી ઉતારે પહોંચ્યા ત્યારે અત્રે તેઓના ગળાની તપાસ માટે ડૉ. બટુકભાઈ ચાવડા આવી પહોંચ્યા. આ અરસામાં સ્વામીશ્રીના ગળામાં રહેતી બળતરા તેઓ જલપાન કરે કે થૂંક ગળે ત્યારે વિશેષ અનુભવાતી.

તેને મટાડવાના ઔષધ-ઉપચાર સૂચવી તબીબ વિદાય થયા પછી સ્વામીશ્રીએ મુલાકાતો આરંભી દીધી. તેમાં દુખતા અને બળતા ગળે બોલતા રહી તેઓએ કંઈકનાં દુ:ખ અને બળતરા નિવાર્યાં.

આવા પરોપકારી સ્વામીશ્રીને બિરદાવવા હ્યુસ્ટન શહેરના મેયર શ્રી લી બ્રાઉન તત્પર હતા. તેઓનું નિમંત્રણ સ્વીકારી સ્વામીશ્રી તા. ૧/૯ની સવારે ૧૦:૪૦ વાગ્યે આ નગરપતિના કાર્યાલયમાં પધાર્યા ત્યારે શહેરના આ પ્રથમ નાગરિકે 'કી ટુ ધ સિટી' સાથે શહેરનું માનદ નાગરિકત્વ તથા શુભેચ્છક રાજદૂતનું પદ આપી સ્વામીશ્રીને નવાજ્યા.

આ સન્માનના પડઘા હજી તો ડૂબ્યા નહોતા ત્યાં જ તા. ૩/૯ની સવારે હ્યુસ્ટનના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસની શરણાઈઓ ગુંજવા માંડી; પરંતુ તેની વચ્ચે સ્વામીશ્રી ૧૪,૦૦૦ કિ.મી. દૂર ઊઠેલો પીડિતોનો પોકાર સાંભળી ગયા.

આ અરસામાં ચાર દિવસ પછી ભારતના વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈ વૉશિંગ્ટન આવવાના હતા. તે વખતે ભારતમાં રહેતા નર્મદા યોજનાનાં વિરોધી તત્ત્વોની ચઢવણીથી અહીંની આઈ.આર.એન. (ઇન્ટરનેશનલ રિવર્સ નેટવર્ક) સંસ્થા નર્મદા યોજનાની વિરુદ્ધમાં લોકોની સહીઓ ઉઘરાવી વડાપ્રધાન સમક્ષ દેખાવ યોજવાની હતી. આ સંદર્ભે નર્મદા નિગમના ચૅરમેન શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા નર્મદા વિકાસ મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે આપણી સંસ્થાને સૂચન કરેલું કે 'અમેરિકામાં વસતા ગુજરાતીઓ અને ભારતીયો નર્મદા યોજનાના સમર્થનમાં વધુમાં વધુ સહીઓ એકઠી કરી વૉશિંગ્ટન પહોંચાડે, તો અમેરિકનોને સાચા ચિત્રની જાણ થાય અને વિરોધનું કશું ઊપજે નહીં.'

આ વિગત આજે સ્વામીશ્રીને જણાવી કાર્યકર્તાઓએ પૂછ્યું : 'બાપા ! આ અંગે આજની સભામાં જાહેરાત કરવી છે ?'

'હા, કરવાની જ !' સ્વામીશ્રી ગુજરાતની વહારે ધાયા.

પરંતુ તેઓ આટલેથી ન અટક્યા. ફક્ત ત્રણ જ દિવસમાં સહીઓના એકત્રીકરણનો કાર્યક્રમ આટોપવાનો હોવાથી તેઓએ આજના શિલાન્યાસ નિમિત્તે આવેલા અમેરિકા અને કેનેડાના અગ્રણી કાર્યકરોની બેઠક બોલાવી કહ્યું : 'હવે આપણે નર્મદાના સમર્થન માટે સહીઓ ઉઘરાવવાની છે, તે માટેનો એક પત્ર તૈયાર કરો. અમેરિકામાં જેટલાં આપણાં સેન્ટરો છે તે

તમામ જગ્યાએ આ સંદેશો મોકલો ને સાતમી તારીખ પહેલાં આ પ્રોજેક્ટ પૂરો થઈ જવો જોઈએ. બધા જ હરિભક્તો તેમાં સહી કરે. ગુજરાતનું હિત છે એટલે બધા જ ગુજરાતીઓને તેમાં ભેળવો. વ્યક્તિ વ્યક્તિને મળો. આપણા સત્સંગીઓ ઉપરાંત બીજા ગુજરાતી સમાજોને પણ મોકલો. ગુજરાતી ન હોય એવા ભારતીયોને પણ મળો અને સમજાવો. બે-ચાર દા'ડા આ સહીઓ ઉઘરાવવાનું જ કામ કરો.'

આટલું જણાવી સ્વામીશ્રીએ આ કાર્યવાહી બહોળી અને ઝડપી થાય તે અંગે જાહેરાત, સંપર્ક, ઈ-મેઈલ દ્વારા ફૉર્મ વિતરણ તેમ જ સંકલન વગેરે તમામ આયોજનનું દિશાદર્શન ઊભાં-ઊભાં આપી દીધું. તેથી સત્સંગીઓની સેના યુદ્ધના ધોરણે નર્મદા યોજનાના સમર્થન માટે તૈનાત થઈ ગઈ.

સ્વામીશ્રીના આ સમયસરના સક્રિય પ્રયત્નથી ફક્ત ત્રણ જ દિવસની સમયાવધિમાં નર્મદા યોજનાની તરફેણ કરતી ૫૨,૦૦૦ સહીઓનો ઢગલો થઈ ગયો, જ્યારે નર્મદા વિરોધી આઈ.આર.એન. સંસ્થા માત્ર ૩,૦૦૦ સહીઓ જ એકઠી કરી શકી. તેઓનો વિરોધ વાંઝિયો પુરવાર થયો.

સાચે જ, ગુજરાતની જીવાદોરીનુંયે જીવન હતા સ્વામીશ્રી !

## દિવ્યતા અને ભવ્યતાનો સમન્વય

સમાજસેવાના એક અભિયાનને ગતિશીલ કરી મંદિરના શિલાન્યાસ માટે નીકળેલા સ્વામીશ્રી સૌપ્રથમ મુખ્ય સભાગૃહમાં યોજાયેલી મહાપૂજામાં પધાર્યા. અત્રે ૮૫૦ યજમાનો સાથે આવાહનથી વિસર્જન સુધીનો સર્વ વિધિ કરી તેઓ ખાતવિધિના ગર્તમાં ઊતર્યા. અહીં સ્વામીશ્રીએ મુખ્ય યજમાનોની સાથે ફૉર્ટબૅન્ડ કાઉન્ટીના અમેરિકન પદાધિકારીઓ તથા સ્ટેફર્ડના મેયર વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં પંચ દેવતા, પંચ ઇષ્ટિકા, નિધિ કુંભ, ત્રણ મધ્ય શિલાઓનાં પૂજન કર્યાં. ત્યારબાદ તેઓએ મધ્ય ખંડના ગર્તમાં નિધિ કુંભ અને શિલાને પધરાવી સિમેન્ટના માલ તથા જલધારા વડે તે ગર્તને ભરી દીધો. મંદિરની આ બુનિયાદી ક્ષણોને ૪,૦૦૦થી વધુના સમુદાયે હર્ષોલ્લાસથી વધાવી લીધી.

આ પ્રસંગે યોજાયેલી ઉત્સવ-સભામાં અતિથિવિશેષ તરીકે ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત હતા. તેઓએ પણ સ્વામીશ્રીને બિરદાવતાં જણાવ્યું કે 'संत तो बहुत हैं संसार में, लेकिन जहाँ

प्रमुखस्वामीजी होते हैं वहाँ दिव्यता तो विपुल मात्रा में होती ही है, किन्तु दिव्यता के साथ भव्यता भी होती है। युगानुकूल परिवर्तन लाने में प्रमुखस्वामी महाराज ने बहुत बड़ा आंदोलन खड़ा किया है।'

આ વક્તવ્ય બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ નર્મદા યોજનાના સમર્થનમાં સહયોગ આપવાની જોશભરી હાકલ લગાવતાં કહ્યું :

"(નર્મદા પરના) બંધની ઊંચાઈ કરવામાં આજે પર્યાવરણવાળા વિરોધ કરી રહ્યા છે, પણ એ બરાબર નથી. પર્યાવરણનો કોઈ પ્રશ્ન નથી. 'ગુજરાતમાં માણસો બધા બુદ્ધિશાળી રહે છે, મૂરખ નથી રહેતા' એ સમજવું જોઈએ. અમે તો ત્યાં નદીને કિનારે ફર્યા છીએ, ડેમ બંધાય છે ત્યાં પણ ફર્યા છીએ, કિનારાનાં ગામોમાં ફર્યા છીએ, નિરીક્ષણ કર્યું છે. ગુજરાતની સરકારે અને ગુજરાતની પ્રજાએ બધાને સંતોષ થાય એ પ્રમાણેનું કાર્ય કર્યું છે. અમે જાતે જોઈ આવ્યા છીએ, એટલે માણસને દુ:ખી કરવાનો કોઈ પ્રશ્ન નથી.

છતાં ગુજરાત સમૃદ્ધ ન બને એવા દ્વેષને કારણે આ બધો વિરોધ થઈ રહ્યો છે. એટલે આપ બધાને ખાસ વિનંતી છે કે અહીં જે માણસો વિરોધ કરતા હોય એમની વાત સાચી માનશો નહીં. એ લોકો કંઈ જાતે જોવા ગયા નથી. એમનાં વાક્યોની ભ્રમજાળમાં ફસાવાની જરૂર નથી. આપણા ગુજરાત માટે જેટલી મહેનત થાય, જે રીતે થાય એ રીતે વધારેમાં વધારે પ્રયત્ન કરવાનો છે. આપણે સહીઓ કરીને ત્યાં મોકલવાની છે, એટલે એમને પણ ખબર પડે. આપણે તો ભગવાનને પ્રાર્થના કરીએ કે એમને સદ્‌બુદ્ધિ આવે અને વિરોધ કરતાં મટી જાય."

## પ્રાણાયામનું પ્રશિક્ષણ

તા. ૪/૯ની રાત્રે ભોજન દરમ્યાન યુવક મંડળનો અહેવાલ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'હ્યુસ્ટન મેગા સિટી છે. આવા મોટા શહેરના મંડળમાં બસોથી ઓછા યુવકો તો ચાલે જ નહીં. બધા તૈયાર થાવ. ૨૦૦ તૈયાર થાવ, પછી ૨,૦૦૦ થશે. બધાં સેન્ટરો એવાં થાય. એમ અમેરિકા આખામાં થશે.'

સ્વામીશ્રીના મુખેથી આર્ષવાણી અને આયોજન એકસાથે સરી પડ્યાં.

તેને સાકાર કરવા અવિરત ઘૂમતા તેઓ તા. ૫/૯ની સવારે સાન એન્ટોનિયો પધાર્યા.

આ દિવસે જ તેઓ પર યુનોના મહામંત્રી શ્રી કોફી આનનનો પત્ર

આવી પહોંચ્યો. તેમાં આ મહાનુભાવે લખેલું :

*'I should like to thank you for the gift which you gave to me recently. I was touched by your thoughtfulness.' – આપે તાજેતરમાં મને જે ભેટ આપી છે તે બદલ હું આભારની લાગણી પ્રગટ કરું છું. આપની વિચારશક્તિનો મને હૃદયસ્પર્શી અનુભવ થયો.*

આમ, પોતાના સંપર્કમાં આવનારા પર ઘેરી અસર ઉપજાવતા સ્વામીશ્રીએ સાન એન્ટોનિયોમાં આવેલા મંદિરે દર્શન કરી સાંજે અલઝફર શ્રાઈનમાં ધર્મલાભ આપ્યો.

અહીં પણ 'નર્મદા'નો નાદ ગજવી, શ્રી દિલીપભાઈ કાનજીના ઘેર પધારેલા તેઓ અત્રે પોઢવા જતા હતા ત્યારે યજમાનના બાળકને જોઈ પૂછ્યું : 'શું નામ તારું ?'

'યોગી.'

'એમ ? યોગ આવડે છે ?' આમ કહી સ્વામીશ્રી પોતે પલંગ પર પલાંઠી વાળી ટટ્ટાર થયા. તે જોઈ સંતોએ પેલા બાળ'યોગી'ને પણ પલાંઠી વાળી બેસાડી દીધો.

તેને યોગકળા શીખવતાં સ્વામીશ્રીએ 'જો, આમ કરવાનું' કહેતાં નેત્ર મીંચી ઊંડો શ્વાસ લઈ એક પ્રાણાયામ કરી બતાવ્યો. પછી બાળકને પણ તેમ કરવા કહ્યું. તેને અનુસરતાં યોગીએ ઊંડો શ્વાસ ભર્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'બસ... બરાબર છે. હવે થોડી વાર રોકી રાખ. ધીરે રહીને છોડવાનું. આ રીતે રોજ પાંચ વખત કરજે. પછી પાંચ માળા કરવાની. પાંચ દંડવત્ કરવાના. પૂજા કરવાની. યોગી નામ સાર્થક કરવું પડે ને !'

યુનોના મહામંત્રીને પોતાની વિચારધારાથી પ્રભાવિત કરનારા સ્વામીશ્રી એક નાદાન બાળકનેય ભક્તિ-યોગની કળા શિખવાડવામાં આટલો ઊંડો રસ દાખવતા.

## ગુજરાતના હિતચિંતક

તા. ૬/૯ની સવારે સાન એન્ટોનિયોના હરિમંદિરની મૂર્તિનાં પૂજન-અર્ચન કરી હ્યુસ્ટન પરત ફરેલા સ્વામીશ્રી અહીંથી તા. ૭/૯ની સાંજે લૉસ એન્જલસ પહોંચ્યા.

અત્રે તા. ૮/૯ની સાયંસભામાં તેઓને લીનવુડના મેયર શ્રી લુઇસ બર્ડે

'કી ટુ ધ સિટી' આપી સન્માન્યા.

આ બહુમાન સ્વીકારી સ્વામીશ્રી તા. ૯/૯ની સવારે વ્હિટિયર નેરો પાર્કમાં જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવવા પધાર્યા. અહીં સઘન વનરાજી વચ્ચે આશરે અડધા માઇલની ત્રિજ્યા ધરાવતું સરોવર પણ હતું. તેથી મેપલ વૃક્ષના છાંયે સભા કર્યા બાદ સ્વામીશ્રી નૌકામાં બિરાજતાં જ ૮૦૦થી વધુ ભક્તો આનંદનાં મોજાં પર સરકવા લાગ્યા.

આ આનંદનો અનુભવ કાયમ કરવા સ્વામીશ્રી તા. ૧૦/૯ની સવારે પાટોત્સવ ઊજવી શિખરબદ્ધ મંદિર માટેની ભૂમિનું નિરીક્ષણ કરવા નીકળ્યા. આ યાત્રામાં તેઓએ ચિનો હિલ્સની એક જમીન પર પગલાં કરી પુષ્પો વેર્યાં.

ત્યારબાદ અન્ય વિસ્તારોમાં પણ વિચરીને મંદિરે પરત પધારેલા સ્વામીશ્રીએ અમેરિકામાં આવેલા ભારતીય વડાપ્રધાન શ્રી બાજપાઈને તા. ૧૩/૯ની સવારે સાત વાગ્યે ફોન જોડી ભલામણ કરી કે 'ગુજરાતમાં ગયે વર્ષે દુષ્કાળ હતો. આ વર્ષે પણ દુષ્કાળ પડે એવી પરિસ્થિતિ છે. તેની પાછળ ચાલતાં રાહત કાર્યોમાં દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. બંધનો ખર્ચો પણ દિવસે-દિવસે વધી રહ્યો છે. અત્યારે ડેમની ઊંચાઈ અંગે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલે છે. તેમાં બંધને નિશ્ચિત ઊંચાઈની પરવાનગી મળી જાય એવી અમારી આશા છે. આપના દ્વારા આ ઉત્તમ કાર્ય થઈ જાય એવી પ્રાર્થના કરીએ છીએ.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગાર સાંભળી શ્રી અટલજી બોલ્યા : 'આપના આશીર્વાદ મળ્યા તે બહુ સારું થયું. હું મારાથી બનતો પ્રયત્ન કરીશ.'

આમ, નર્મદા યોજના સાથે સંકળાયેલી ટોચથી તળિયા સુધીની વ્યક્તિઓને નક્કર કાર્યવાહી માટે હાકલ કરતા રહેતા સ્વામીશ્રીને આ અરસામાં જમણા ચરણના અંગૂઠાના નખની નીચે લોહી જામી જવાથી દુખાવો રહેતો હતો. તેનો ઉપચાર કરવા આજની બપોરે આવેલા અમેરિકન તબીબ શ્રી ટોમે તે અંગૂઠાને ઈંજેક્શન દ્વારા બધિર બનાવી નખની એક બાજુનો ભાગ કાપ્યો. ત્યાંથી અશુદ્ધ લોહી કાઢી નાંખી પાટો બાંધ્યો.

આ અવસ્થામાં પણ પોતાના દૈનિક ક્રમને ચુસ્તપણે વળગી રહેનારા સ્વામીશ્રી તા. ૧૪/૯ની સવારે દર્શન અને પૂજા બાદ અલ્પાહારથી પરવાર્યા ત્યારે સમર્પિત સત્સંગી શ્રી ચંદ્રકાંતભાઈ પૂજારા આવ્યા. તેઓને આવકારતાં સ્વામીશ્રી બોલ્યા : 'આવો, પૂજારા ! કેમ છો ?'

'બાપા! બહુ આનંદ આવે છે. અક્ષરધામ જેવું સુખ વર્તે છે. હવે ક્યાંય જવું નથી. અક્ષરધામમાં પણ જવું નથી.'

હરિભક્તની આ કેફભરી વાત સાંભળી હસી પડેલા સ્વામીશ્રીએ પોતાની છાતી પર હાથ મૂકતાં કહ્યું: 'અક્ષર મળ્યા પછી અક્ષરધામમાં જવા-આવવાનું ક્યાં રહ્યું? આ જ અક્ષરધામ.'

આ શબ્દો દ્વારા પ્રાપ્તિ અને પૂર્ણકામપણાનો પડઘો ગજવતા સ્વામીશ્રી આજે નૉરવોકના સનાતન મંદિર તથા ડાઉનીના જૂના સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી આવ્યા.

ત્યારબાદ આજની સાંજે પત્રલેખન કરવા બિરાજેલા તેઓને ભાવનગરમાં આવેલા હળવા ધરતીકંપના સમાચાર મળ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ ત્યાંના મંદિરે ફોન જોડાવી સોમપ્રકાશદાસ સ્વામીને કહ્યું: 'શું બાપુ! અમે દુનિયા ડોલાવી ને તમે ભાવનગર...' આમ બોલતાં તેઓ હસી પડ્યા.

સ્વામીશ્રીના આ શબ્દો અને સૂચક સ્મિતમાંથી તેઓનું સામર્થ્ય સરી પડ્યું.

## જેને હરિ વા'લા છે ઉરમાં

તા. ૧૫/૯ના રોજ એલ.એ.થી વિદાય થવાનું હોવાથી આજની સવારે દર્શન માટે પધારેલા સ્વામીશ્રીએ દંડવત્ કરવા પાથરણું મંગાવ્યું. આ સાંભળી સૌને ફડકો પેઠો, કારણ કે સ્વામીશ્રીના પગે અંગૂઠામાં થયેલી શસ્ત્રક્રિયાને હજી બે દિવસ પણ વીત્યા નહોતા. દંડવત્ કરવામાં તો પગનો અંગૂઠો સીધો જ જમીનને સ્પર્શે. એટલું જ નહીં, તેની પર વજન પણ આવે. છતાં સ્વામીશ્રીની ભક્તિની ભીનાશમાં સૌની દલીલો હવાઈ ગઈ અને સ્વામીશ્રી દંડવત્ કરવા ઝૂક્યા. આ સમયે એક સેવકે દંડવત્ કરતા સ્વામીશ્રીનું જમણું ચરણ નીચે ન અડે એમ પકડી રાખ્યું.

આ રીતે છ દંડવત્ પૂરા કરી પ્રાતઃપૂજામાં પધારેલા સ્વામીશ્રી સૌને દર્શનલાભ આપી અલ્પાહાર માટે બિરાજ્યા. તે વખતે સામે બેઠેલા યુવક શ્રી ઉપેને પૂછ્યું: 'બાપા! આવતીસાલ અહીં પધારશો ને?'

'કેમ શંકા રહે છે? અખંડ છે જ અહીં! આવવા-જવાનું છે જ નહીં!'

સ્વામીશ્રીની આ બાંયધરીથી હરખાયેલા કાર્યકરોને અલ્પાહાર બાદ તેઓ સાથે સમૂહછબી પડાવવાના કોડ જાગ્યા. તે જાણી સ્વામીશ્રી બોલ્યા:

'ગોઠવાઈ જાવ બધા.'

તેથી સૌ સ્વામીશ્રીને વીંટળાઈ વળતાં *'ઉડુગણમાં શશી છાજે...'*નો નજારો જામી ગયો. આ સમયે સ્વામીશ્રીએ કહ્યું : 'અંદરનો ફોટો પાડી લો.'

'એ તો આપ પાડી શકો.'

'પ્રેમથી, હળી-મળીને સંપથી કામ કરો એ ફોટો પાડો. સ્વભાવ મોટામાં મોટો નડતરરૂપ થાય છે. સેવા કરવાનું સુખ ન આવવા દે.'

આ સદ્‌બોધ આપી વિદાય થયેલા સ્વામીશ્રી સાડા બાર વાગ્યે સાનહોઝેના મંદિરે આવી પહોંચ્યા.

## ખરેખરી ખુશીનો ખજાનો

સાનહોઝેમાં આગમનની રાત્રે સ્વામીશ્રીનાં ભોજન-દર્શન માટે ગોઠવાયેલા કિશોરોનો પરિચય આપતાં કાર્યકર શ્રી જય ચોટલિયાએ કહ્યું : 'બાપા ! આ બધા કિશોરોએ જ્યાં મર્યાદાભંગ થતો હોય ત્યાં રાસ-ગરબા ન રમવાનો નિયમ લીધો છે, પણ આપ આવવાના હતા એટલે રાસ તૈયાર કર્યો છે. બાપા ! તમે જોઈને ખુશ થઈ જશો.'

'તમે એવા ગરબામાં જતા નથી એણે જ અમને ખરેખરા ખુશ કરી દીધા. હવે રાસ કરશો એનાથી વધારે ખુશ થઈશું.'

સ્વામીશ્રીનો આ શિરપાવ પામી પોરસાયેલા કિશોરો વારાફરતી વિવિધ પ્રવૃત્તિઓ વર્ણવવા લાગ્યા. આ વખતે પ્રયત્નપૂર્વક બોલાતું તેઓનું ગુજરાતી સાંભળી સ્વામીશ્રી મંદ-મંદ હસતા હતા, પરંતુ છેલ્લે તેઓ બોલ્યા : 'બધા ગુજરાતી બોલો છો એનાથી બહુ આનંદ થયો. ગુજરાતી બોલવાનું થાય, તે વાંચવાનું થાય અને બીજા ગુજરાતી બોલે તે સમજતાં થાવ એટલે બહુ થઈ ગયું !'

સ્વામીશ્રીએ આજે ખુશીનો ખજાનો ખોલી નાંખ્યો. તેમાં પડેલાં રાજીપાનાં રત્નો હરકોઈ લૂંટી શકે એમ છે.

## દર્શનની દિશા

તા. ૧૬/૯ની સવારે આપણા મંદિરના નિકટવર્તી જૈન મંદિરનું નિરીક્ષણ કરી સ્વામીશ્રી આજની સાંજે કુપર્ટીનોની ડી એન્ઝા કૉલેજના ફ્લિટ સેન્ટરમાં પધાર્યા. આ સુવિધાસજ્જ સભાગૃહમાં તેઓને સન્માનપત્ર આપી

બિરદાવવા મિલપિટાસના મેયર શ્રી હેનરી મનાય હાજર હતા. તેઓએ પોતાના પ્રવચનના પ્રારંભમાં 'જય સ્વામિનારાયણ' કહી જણાવ્યું: 'You know, your swamiji is a very intelligent person.' (તમે જાણો કે તમારા સ્વામીજી ખૂબ બુદ્ધિશાળી વ્યક્તિ છે.)

સૌનો આ અનુભવ કહી નગરપતિએ એક સ્વાનુભવ સંભળાવ્યો. તેમાં તેઓએ સ્વામીશ્રીના આશીર્વાદથી પોતાને ચૂંટણીમાં મળેલી ઝળહળતી સફળતા બદલ આભાર પ્રગટ કર્યો.

આ રીતે તા. ૧૭/૯ની સાંજે પણ આ જ હૉલમાં યોજાયેલી સત્સંગ-સભામાં સાન્તાક્લારા કાઉન્ટીના સુપરવાઈઝર શ્રી પીટ મેક્હ્યૂ સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' આપી સન્માન્યા. તેઓની સાથે ઉપસ્થિત સાનહોઝેના મેયર તથા કોંગ્રેસમેન સહિત કંઈક ભારતીય આગેવાનોએ પણ સ્વામીશ્રીને સત્કારી શુભાશિષ મેળવ્યા.

સૌનું આ અભિવાદન ઝીલી મંદિરે પધારેલા સ્વામીશ્રી અત્રે રાત્રે શયનાધીન થવા પલંગ પર બિરાજ્યા. તે જ વખતે દર્શન માટે બારણે ઊભેલા કાર્યકર શ્રી વિપુલભાઈ બુદ્ધદેવની કેડે બેઠેલા બાળકે ભેંકડો તાણ્યો. શાંત વાતાવરણમાં ઊઠેલા આ વિક્ષેપને શમાવવા એ પિતા પુત્રને છાનો રાખવા પ્રયત્નશીલ બન્યા, પણ તેથી તો એ શિશુના રુદને વિશેષ જોર પકડતાં પિતાની કઠણાઈ વધી પડી. તે જોઈ હસતાં-હસતાં સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'આપણે સુખિયા થઈ ગયા. નહીંતર આવું થાત !'

આ વિનોદસભર વાત વખતેય મામલો થાળે પાડવા મથતા પેલા કાર્યકર રડતા શિશુને કંઈક વસ્તુ બતાવી રહેલા. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'એમ ક્યાં બતાવે છે ? બતાવવાનું છે અહીં ને ત્યાં બતાવે છે.'

તેઓએ ચીંધેલી દર્શનની આ દિશા જોઈ સૌને 'સ્વામીની વાત' યાદ આવી ગઈ કે 'જે જોવાનું છે, પૂજવાનું છે તે તમારા ભેગું છે, માટે તેના સામું જોઈ રહો.'[૨૧]

## અમેરિકામાં 'પ્રમુખ માર્ગ'

તા. ૧૮/૯ની સવારે સાનહોઝેના મંદિરેથી વિદાય લઈ સ્વામીશ્રી પરેશભાઈ પટેલ તથા પ્રકાશભાઈ પટેલના Pramukh's way (પ્રમુખ માર્ગ)

૨૧. સ્વામીની વાતો: ૪/૮૬.

પર વસેલા બંગલે આવી પહોંચ્યા. અહીંની સાન્તાક્લારા કાઉન્ટીએ ગ્રેસ્ટન લેન અને કેમડન એવન્યૂને છેદતા આ માર્ગને સ્વામીશ્રીના નામ સાથે સાંકળી એક ઉચિત અંજલિ આપેલી. અમેરિકામાં સ્વામિનારાયણીય સંતના નામે ચઢેલો આ પહેલો માર્ગ આજે નામના નામી આવતાં હરખાઈ ઊઠ્યો.

આવો આનંદ આજની રાત્રે ૧૦:૧૦ વાગ્યે સ્વામીશ્રી મિડલેન્ડ પહોંચતાં અહીં પણ ફરી વળ્યો. અત્રે રખાયેલા ઉતારે તેઓ તા. ૧૯/૯ની સવારે નિત્યપૂજાથી પરવારી ઘરમંદિર આગળ પધાર્યા ત્યારે અહીં નાનો અન્નકૂટ ગોઠવેલો. તે જોતાં જ ભોંય પર પાથરેલી જાજમ પર બેસી જતાં સ્વામીશ્રીએ કહ્યું : 'એક થાળ ગાઈ લઈએ.'

નિમિત્ત શોધીને પણ ભક્તિ અદા કરતા તેઓએ આજે સામેથી આવેલી તક એળે ન જવા દીધી.

આ ભક્તિભાવ સાથે સ્વામીશ્રી પોણા દસ વાગ્યે એક હાર્ટ સેન્ટરમાં જવા માટે ઉતારાની બહાર પધાર્યા, પરંતુ તેઓને જે ગાડીમાં જવાનું હતું તે હજી આવી નહોતી. તેથી ત્યાં ઊભેલી એક સામાન્ય વાનમાં બેસવા સ્વામીશ્રી તૈયાર થઈ ગયા, પરંતુ પ્રમાણમાં ઊંચી આ ગાડી ચઢવા-ઊતરવામાં પ્રતિકૂળ હોવાથી સેવકોએ કહ્યું : 'બે મિનિટ રાહ જોવી છે? હમણાં ગાડી આવી જશે.'

'આ શું ખોટી છે? ફર્સ્ટ ક્લાસ છે. આપણે તો ત્યાં જવાથી કામ છે ને!'

આમ કહેતાં સ્વામીશ્રી એ સાદી અને પ્રતિકૂળ ગાડીમાં બેસી હાર્ટ સેન્ટરના આંગણે પધાર્યા ત્યારે તેઓની સાદગી અને સરળતા પ્રત્યેક હાર્ટના સેન્ટરમાં વસી ગઈ!

## અમારા છો એટલે ચિંતા કરવી પડે

હાર્ટ સેન્ટરના ઉદ્‌ઘાટન નિમિત્તે યોજાયેલાં મહાપૂજા, સભા અને ઠાકોરજીની સુવર્ણતુલાના કાર્યક્રમ પૂર્ણ કરી સ્વામીશ્રી ડૉ. રવિભાઈ પટેલના ઘેર પધાર્યા. અત્રે બપોરનાં ભોજન અને વિશ્રામ લઈ મિડલેન્ડના સિવિક સેન્ટરમાં ગોઠવાયેલી સભા માટે નીકળેલા તેઓએ રસ્તામાં એક હરિભક્તના પ્રાંગણમાં ગાડી લેવડાવી. અહીં સંતોને ઠાકોરજી સાથે ઘરમાં પગલાં કરાવવાની સૂચના આપી સ્વામીશ્રી સ્વયં ગાડીમાં બિરાજી રહ્યા.

પરંતુ સંતો પરત ફરે તે દરમ્યાન તેઓએ દર્શન કરી રહેલા હરિભક્તોમાંથી એક યુવકને ઇશારા દ્વારા નજીક બોલાવ્યો. તેથી એ યુવાનનું

મિલન નામ સાર્થક થઈ રહ્યું. તે પાસે આવતાં જ સ્વામીશ્રીએ ગાડીનો કાચ ઉતરાવી હાથ બહાર કાઢતાં પૂછ્યું: 'આવો, ડૉક્ટર! માળા કરો છો ને?' આમ કહેતાં ગળે હાથ ફેરવી તેઓએ કંઠી અંગે પણ તપાસી લીધું.

આ જોઈ એ યુવક બોલ્યો: 'બાપા! કંઠી પણ છે ને પૂજાય કરું છું. આપે એવું પૂછવાનું ન હોય.'

'પૂછવું પડે ભ'ઈ! આ દેશ એવો છે.'

'બાપા! સત્સંગ રાખ્યો છે. આપ એવી ચિંતા ન કરો.'

'ચિંતા કરવી પડે. અમારા છો એટલે ચિંતા કરવી પડે.' સ્વામીશ્રી બોલ્યા.

એક તરફ વધુ ને વધુ વિશ્વવ્યાપી બની રહેલા તેઓ બીજી તરફ એટલા જ અંગત પણ બની રહેલા.

## ભાષા સચવાશે તો સંસ્કારો સચવાશે

એક યુવાનના જીવનમાં રસ લઈ આગળ વધેલા સ્વામીશ્રી હિંદુ ઍસોસિયેશન ઑફ વેસ્ટ ટેક્સાસના સનાતન મંદિરે દર્શન કરી સિવિક સેન્ટરમાં પધાર્યા ત્યારે અત્રે મિડલેન્ડના મેયર શ્રી બૉબી બર્ન્સે તેઓને 'કી ટુ ધ સિટી' આપી સન્માન્યા. આ પ્રસંગે ઉપસ્થિત મિડલેન્ડ કાઉન્ટીના જજે પણ સ્ટેટ હાઉસ પર ફરકેલો ટેક્સાસનો ધ્વજ સ્વામીશ્રીને અર્પણ કર્યો. આ બહુમાન સ્વીકારી સ્વામીશ્રી તા. ૨૦/૯ની સવારે ડલાસ આવી પહોંચ્યા.

અહીં પૂર્વનિર્ધારિત અઢી દિવસનો કાર્યક્રમ મિડલેન્ડનું વિચરણ ઉમેરાતાં દોઢ દિવસનો થઈ ગયેલો. તે સંદર્ભમાં જ આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રી બોલ્યા: ''અમને મનમાં હતું કે 'ડલાસ પહોંચશું ત્યારે બધા કહેશે કે કેમ અમારા દિવસો ઓછા કર્યા?' પણ અહીં બધાને રાજી જોયા એટલે શાંતિ થઈ ગઈ. યોગીજી મહારાજ કહેતા: 'भक्त्यानुवृत्त्या...' ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણને ગોકુળથી જવા દેવા માર્ગ ન રોક્યો. શ્રીકૃષ્ણની મરજી જોઈને ખસી ગઈ. ભગવાનને અંતરથી રાજી કરી લીધા. તમે બધાએ એવું કરી બતાવ્યું છે!''

અનુવૃત્તિ પાળ્યાનો આ રાજીપો મંડળ પર વરસાવી સ્વામીશ્રીએ તા. ૨૧/૯ની સવારે અહીં નવીનીકરણ પામેલા સિંહાસનમાં મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા કરી. ડલાસને આ વિશિષ્ટ ઉપહાર આપવા બદલ ઉપમેયર શ્રી સ્ટીવ સાલાઝારે આજની સાયંસભામાં સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' આપી નવાજ્યા.

આ પ્રસંગે પણ ડલાસ મંડળ પર વિશેષ પ્રસન્નતા દર્શાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમે બધા બાળકોને સત્સંગમાં મોકલો છો. બાળકો ગુજરાતી પણ સારું બોલે છે. મારી પાસે બોલ્યા. હું ખુશ થઈ ગયો. આ રીતે ગુજરાતી બોલશે તો આપણી ભાષા સચવાશે ને ભાષા સચવાશે તો સંસ્કારો સચવાશે.'

આ શાશ્વત શીખ આપી તા. ૨૨/૯ની સવારે ડલાસથી વિદાય થયેલા સ્વામીશ્રીએ બર્મિંગહામને પાવન કર્યું.

## જેહ સંગ નેહ કર્યો તેને નવ વીસરો

બર્મિંગહામને ધન્ય કરનારા સ્વામીશ્રીને સત્કારતાં શહેરના મેયર શ્રી બર્નાર્ડ કિનકેઈડે આજની સાયંસભામાં તેઓને 'કી ટુ ધ સિટી' અર્પણ કરી ત્યારે સભાસ્થળ તરીકે રખાયેલું અલાબામા થિયેટર તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યું. આવો જ ઘોષ ઊઠ્યો – તા. ૨૩/૯ની સવારે. આ સમયે સ્વામીશ્રીએ અહીંના નૂતન મંદિરમાં આરસના અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા.

બર્મિંગહામને આ અણમોલ ભેટ આપી આજની સાંજે ટેમ્પા પધારેલા તેઓના અહીંના આગમનનો હેતુ પણ મંદિરના શ્રીગણેશ કરાવવાનો હતો. અત્રે સંપાદિત થયેલી આશરે દસ એકર જમીન પર થનારા મંદિરનો ભૂમિપૂજન સમારોહ તા. ૨૪/૯ની સવારે ઇન્ડિયા કલ્ચરલ સેન્ટરમાં યોજાયો. તેમાં નિર્માણાધીન મંદિરની માટીનું વેદોક્તવિધિપૂર્વક પૂજન કરી સ્વામીશ્રી ડૉ. શરદભાઈ પટેલના ઘેર ઉતારે પધાર્યા.

આ નિવાસસ્થાનની પાછળ જ ૯૫ એકરમાં વિસ્તરેલા તળાવમાં સંતોએ ઠાકોરજીને નવડાવી નૌકાવિહાર કરાવેલો. એ તળાવમાં આજની સાંજે સૌને જળવિહારનું સુખ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ તળાવમાં લાલજી ન્હાયા એટલે હવે નાના-મોટા જે કોઈ ન્હાશે એ બધાનું કલ્યાણ થશે.'

આમ, *'દયા કરીને દયાળે રે, કર્યાં કલ્યાણ બહુનાં આ કાળે રે...'*ની રીત રાખી વિચરતા સ્વામીશ્રીને આજની સાયંસભામાં ટેમ્પાના મેયર શ્રી ચાર્લી મિરાન્ડાએ પુષ્પગુચ્છ, સન્માનપત્ર અને 'કી ટુ ધ સિટી'ની ત્રિવેણીથી સન્માન્યા. તે સ્વીકારી સ્વામીશ્રીએ તા. ૨૫/૯ની સવારે નિર્માણાધીન મંદિરની ભૂમિ પાવન કરી.

આ જમીન સમથળ નહોતી. વળી, સર્વત્ર હરિયાળીથી આચ્છાદિત

આ જગ્યામાં લાલ કીડીઓ પણ પુષ્કળ હોવાથી સ્વામીશ્રીને ગાડીમાં બેઠાં-બેઠાં જ દૃષ્ટિ કરવાની હતી, પરંતુ સૌની વિનંતી અવગણી ભૂમિ પર પદાર્પણ કરનારા તેઓ કશી પરવા વિના આગળ વધ્યા અને ભૂમિપૂજનનો સંકલ્પ કરાવી બધે પુષ્પો પધરાવ્યાં.

ત્યારબાદ આજની સાંજે હિંદુ મંદિર ખાતે યોજાયેલી મેડિકો-સ્પિરિચ્યુઅલ કૉન્ફરન્સમાં ડૉક્ટરોને સંબોધી સ્વામીશ્રી તા. ૨૬/૯ની સવારે પોણા બાર વાગ્યે ઑર્લાન્ડો આવી પહોંચ્યા.

અહીં મંદિરમાં રોકાયેલા તેઓ પાસે રાત્રે આવેલા દર્શનાર્થીઓમાં મહીપતસિંહ પણ હતા. નાવડા ગામના તલાટીપદે રહી ચૂકેલા આ મુરબ્બીએ પોતાના મનમાં અટવાતી અવઢવ સંતોને જણાવતાં કહેલું: ‘સ્વામી મને ઓળખી શકશે કે કેમ?’

પરંતુ નજીક આવેલા આ આગંતુકનો હાથ પકડતાં સ્વામીશ્રી બોલ્યા: ‘આવો, તલાટી સાહેબ!’

આ સાંભળતાં જ સ્તબ્ધ થઈ ગયેલા એ મુમુક્ષુએ પોતાના બે હાથે સ્વામીશ્રીનો હાથ મજબૂત રીતે ઝાલી કૃતકૃત્યભાવે મસ્તક ઝુકાવી દીધું.

## પ્રભુ કેરી વાર્તા કહે મારા સ્વામી

તા. ૨૭/૯ની સવારે નિત્યપૂજા બાદ ઉતારે જઈ રહેલા સ્વામીશ્રીએ સ્થાનિક કાર્યકર શ્રી રમણિકભાઈને જોતાં જ તેઓને નજીક બોલાવી કહ્યું: ‘મારા આસન પાછળ ડેકોરેશન કરેલું છે તે જોઈએ જ નહીં. ઠાકોરજીની મૂર્તિઓ ઢંકાય છે. સભામાં બેઠેલા હરિભક્તોને દર્શન કરવામાં એ અડચણરૂપ થાય છે. માટે પૂજા વખતે ડેકોરેશન ન કરવું. એક સાદું આસન જ જોઈએ.’

ભગવાનનું ધ્યાન કરવું અને ભક્તોનું ધ્યાન રાખવું – આ બે બાબતો સ્વામીશ્રીના જીવનમાં અગ્રસ્થાને રહેતી.

એવો જ સહજ તેઓનો વૈરાગ્ય. તે વડે પોતાની આસપાસ ગોઠવાતા સુશોભનનો છેદ ઉડાડી સ્વામીશ્રીએ આજની સાંજે નગરના ટપરવેર ઑડિટોરિયમને સત્સંગ-સભાથી પાવન કર્યું.

અહીંથી મંદિરે પરત પધારેલા તેઓ તા. ૨૮/૯ની સાંજે રાષ્ટ્રીય યુવા સંમેલનમાં લાભ આપવા શેરેટન વર્લ્ડ રિસોર્ટમાં આવી પહોંચ્યા.

ઑર્લાન્ડો મંદિરના સમીપવર્તી આ સ્થાનના ભોંયતળિયે આવેલા

કૉન્ફરન્સ હૉલમાં અમેરિકાનાં ચૂંટેલાં ૪૭૦ યુવા-યુવતીઓ 'સત્સંગ – આપણું કુટુંબ' વિષયક શિબિર માટે એકત્રિત થઈ ચૂકેલાં. તેઓને આજના પ્રથમ દિવસથી જ અમૃતધારા પિવડાવી પુષ્ટ-તુષ્ટ કરવા માંડેલા સ્વામીશ્રી તા. ૩૦/૯ની સવારે આ શિબિરાર્થીઓનાં બાળ-બાલિકાઓની સભામાં પણ જઈ પહોંચ્યા.

એકથી દસ વર્ષની વયનો પનો ધરાવતા ૯૪ બાળકોની આ સભામાં ટેબલ પર પધરાવેલી પંચમૂર્તિને જ પોતાના વાર્તાત્મક પ્રવચનનો આધાર બનાવતાં સ્વામીશ્રીએ સૌ શિશુઓને પરંપરાની ઓળખ કરાવી. તે દરમ્યાન એક તબક્કે તો તેઓ સોફા પરથી ઊભા થઈ એ મૂર્તિ પાસે પહોંચી ગયા અને ત્યાં વારાફરતી બે શિશુઓને બોલાવી શ્રીજીમહારાજ તથા એક-એક ગુરુને ઓળખાવ્યા. ગુજરાતી પણ પૂરું ન સમજનારા બાળકોનેય જે શ્રદ્ધા અને પ્રેમથી સ્વામીશ્રીએ આજે અધ્યાત્મનો એકડો ઘૂંટાવ્યો તે જોઈ સૌને 'સત્સંગ – આપણું કુટુંબ' શિબિર સાર્થક થતી જણાઈ.

## આખું અમેરિકા જગાવવાનું છે

ઑર્લાન્ડોમાં આયોજિત શિબિરની પૂર્વતૈયારીઓનો અહેવાલ આપતાં તા. ૩૦/૯ની રાત્રે કાર્યકર શ્રી સંજીવભાઈ ભટ્ટે કહ્યું : 'બાપા ! આ શિબિરમાં આવેલા યુવકો બધા પ્રૉફેશનલ કહેવાય. અત્યારે આટલા કલાક જો બહાર કામ કરે તો લાખ ડૉલર કમાય.'

'લાખ નહીં, અહીં આવ્યા તો કરોડગણી કમાણી થઈ છે. કરોડ પણ ન કહેવાય. અનંત કમાયા. એની વાત જ ના થાય.'

શિબિરના લાભનો આ સરવાળો માંડી આપી સ્વામીશ્રીએ ઉમેર્યું :

'શિબિરમાં આવ્યા તે સમય નકામો ગયો નથી. પૂર્વે જે કંઈ પાપ થયું હોય તે માફ થઈ ગયું. અક્ષરધામ પામશું. દુનિયા માટે કરીએ છીએ એના કરતાં અનંતગણું અધિક છે. માટે કેફમાં રહેવું. સેવા કરી તેથી મહારાજ રાજી થયા એમ માનવું.'

'બાપા ! આ શિબિરમાં સુવાસિની મંડળ(મહિલા મંડળ)નો પણ ખૂબ મોટો ફાળો રહ્યો છે.' કાર્યકરોએ કહ્યું.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એમની ભક્તિ વિશેષ થઈ જાય છે. આપણે તો જરા આઘા-પાછા થઈ જઈએ, પણ એ તો પર્ટિક્યુલર (ચોક્કસ) કામ કરે.

બાળકોમાં સંસ્કાર પણ મહિલાઓ જ નાખે છે. એમની ભક્તિને લઈને આ સંસ્કાર છે. શ્રીજીમહારાજના વખતમાં લાડુબા, જીવુબા રાત-દિવસના ઉજાગરા કરી અન્નકૂટની તૈયારી કરતાં. એમની ભક્તિથી મહારાજ રાજી થયા.'

'સ્વામી ! આવો અખંડ રાજીપો ક્યારે રહે ?'

'આ થયા ને રાજી ! તમારે એવી ભક્તિ અખંડ કરવાની. તમારું કામ મૂકીને ચોવીસ કલાક ભક્તિ કરવાની વાત નથી કરતા, પણ સમય સાચવી લેવો. સમો વર્તે સાવધાન !'

'સેવા આપતા રહેજો.'

'આ આપી છે. ક્યાં પૂરું થઈ ગયું છે ? હજુ તો આખું અમેરિકા જગાવવાનું છે.'

સ્વામીશ્રીના મુખેથી અમેરિકાના સત્સંગની ભવ્યતા અને ભવિષ્ય – બંને સરી પડ્યાં.

## ... તો શિબિર સાર્થક

તા. ૧/૧૦ની સવારે સ્વામીશ્રીનાં પૂજાદર્શન બાદ સૌ શિબિરાર્થીઓ વિદાય લેવાના હતા. સ્વામીશ્રીને પણ માયામી પહોંચવાનું હોવાથી આજે સભાની કોઈ ઔપચારિકતા રાખી નહોતી, પરંતુ પ્રાતઃપૂજા બાદ તેઓએ જ સામેથી માઇક મંગાવી અમૃતધારા વહાવી દીધી કે –

''શિબિરમાંથી શીખવાનું એટલું જ છે કે શ્રીજીમહારાજનો સિદ્ધાંત આપણા જીવમાં દૃઢ થાય. શ્રીજીમહારાજે એક વખત સંતોને કહ્યું: *'માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું.'* શ્રીજીમહારાજે પ્રથમના ૨૦મા વચનામૃતમાં કહ્યું છે કે જોનારો પોતાને જોતો નથી કે 'હું કોણ છું ?' હું એટલે આત્મા. આત્મારૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી, તો વ્યવહાર કરશો તોપણ બંધન નહીં થાય. કોઈ પણ પ્રશ્ન આવે એનું નિરાકરણ એનાથી થઈ જાય. આપણું જ્ઞાન આ જ છે – આત્મા-પરમાત્માનું. એ બધાને કહેવાનું છે, તો શિબિર સાર્થક કહેવાશે.''

## સહુ જીવને સુખ દેનાર

તા. ૧/૧૦ની સવારે ૧૦:૧૦ વાગ્યે માયામી પહોંચેલા સ્વામીશ્રી અહીં આવતાંવેંત પામબીચ ગાર્ડન્સ હાઇસ્કૂલના વ્યાયામ-ગૃહમાં પધાર્યા. અત્રે

તેઓએ મંચ પર શોભી રહેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. આ પ્રતિમાઓ હવે નિર્માણાધીન મંદિર તૈયાર ન થાય ત્યાં સુધી હરિભક્ત શ્રી પ્રહ્‌લાદભાઈના ઘેર બિરાજમાન થવાની હતી.

આમ, મંદિર પૂર્વે મૂર્તિપ્રતિષ્ઠાનું અનોખું કાર્ય કરી શ્રી જયવંતભાઈ પટેલના ઘેર પધારેલા સ્વામીશ્રી સમક્ષ આ યજમાન તેઓના અમેરિકન પાડોશી શ્રી ડોન એન્ડરસનને લઈ આવ્યા.

શિકાગોના મંદિરના ભૂમિપૂજન વખતે તોરણો બનાવવા માટે આ મુરબ્બીના આંગણામાં ઊભેલા આંબાનાં પાંદડાંની માંગણી આપણા હરિભક્તે મૂકેલી. તેને પ્રતિભાવ આપતાં આ અમેરિકને કહેલું: 'લઈ જાવ. આમેય મારે આઠ વર્ષથી એ આંબે એકેય કેરી આવતી નથી!'

પરંતુ આ પાંદડાં આપ્યાના બીજા જ વર્ષે આવેલી ઋતુમાં આ અમેરિકનના આંબે એટલી બધી કેરીઓ ઝૂલતી થઈ ગયેલી કે જાણે પાંદડાં ઢંકાઈ ગયાં! આ આશ્ચર્ય જોઈ ઘેલા બની તેઓ કહેવા માંડેલા: 'મારું કોઈ પાપ હશે તે તૂટી ગયું!' આ ચમત્કારની વાત તેઓએ ચર્ચમાં જઈને પણ કરેલી.

બસ! ત્યારથી આ અમેરિકનની આંખો સ્વામીશ્રીનાં દર્શન માટે તલસતી હતી. એ ધન્ય ઘડી આજે આવતાં તેઓના રોમરોમ પુલકિત થઈ રહ્યા.

તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમે ભગવાન માટે પાંદડાં આપ્યાં, તો ભગવાને તમને કેરી આપી.'

મને-કમને થયેલી અલ્પ સેવાનું પણ મહત્ ફળ આપતા રહેતા સ્વામીશ્રી. તેઓના સાંનિધ્યમાં વૃક્ષથી માંડી વ્યક્તિના અવતાર સ-ફળ બની જતા.

## તબિયત વધારે સારી રહે તે માટેનો ઉપાય

તા. ૧/૧૦ની સાંજે ક્રેવીસ સેન્ટર ફોર ધ પરફોર્મિંગ આર્ટ્સમાં ધર્મલાભ આપનારા સ્વામીશ્રીએ તા. ૨/૧૦ની સવારે ફ્લોરિડા એટલાન્ટિક યુનિવર્સિટીના લાઈફલોંગ લર્નિંગ સેન્ટરમાં પ્રાતઃપૂજા કરી.

ત્યારબાદ દસ વાગ્યે નિર્માણાધીન મંદિરની જગ્યાએ પધારેલા તેઓએ સમુદ્રતટથી માત્ર ૮૦૦ મી. દૂર આવેલી આ રેતાળ ભૂમિ પર તાણવામાં આવેલા તંબુ નીચે બિરાજી મંદિરનો ખાતવિધિ કર્યો. આ સમયે ગર્તમાં પૂજોપચારની સાથે પેંડો પધરાવી સ્વામીશ્રીએ મંદિરનો પાયો મજબૂતની સાથે મીઠો પણ કર્યો.

અહીંથી આગેવાન હરિભક્ત શ્રી ઘનશ્યામભાઈ સી. પટેલની કામસ્કેપ ટેલિફોન કંપનીમાં પધારેલા તેઓને આ યજમાન પોતાના ભાગીદારોનો પરિચય કરાવવા લાગ્યા. તેમાંના એક શ્રી જેરી બર્નને નજીક બોલાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આવો હવે તમે. આ કંપનીમાં છો તો આપણી કંપનીમાં પણ ભળવું પડશે ને !'

સ્વામીશ્રીનો આ મિલનસાર સ્વભાવ એ અમેરિકનને સ્પર્શી જતાં તેઓએ પૂછ્યું : 'આપની તબિયત કેમ છે ?'

'મારી તબિયત તો સારી છે, પણ તબિયત વધારે સારી રહે તે માટેનો ઉપાય બતાવું.' આમ કહી સ્વામીશ્રીએ તેઓને દારૂ-માંસ છોડવા સંમત કર્યા.

એ જ રીતે અન્ય એક શ્રીલંકન ભાગીદાર શ્રી જય જયન્થનને પણ 'આપણે તો નજીકના જ કહેવાઈએ. મને ખબર છે - તમે ઇન્ડિયન છો, એટલે આ મૂકવું જ !' કહેતાં સ્વામીશ્રીએ વ્યસનમુક્ત થવા બળ સીંચ્યું.

આમ, *'એક કરે આપ સમાન...'*ની જેમ સૌને પોતાના જેવા પવિત્ર જીવનની પ્રેરણા આપતા સ્વામીશ્રીને આજની સાયંસભામાં બોયન્ટન બીચના મેયર શ્રી જેરાલ્ડ બ્રોયનિંગે સન્માનપત્ર અને 'કી ટુ ધ સિટી' એનાયત કરી બિરદાવ્યા. આ અવસરે સભાસ્થળ તરીકે રહેલા ફ્લોરિડા એટલાન્ટિક યુનિવર્સિટીના હોદ્દેદારોએ પણ સ્વામીશ્રીને પ્લેક અર્પણ કરી ધન્યતા અનુભવી.

## અમેરિકન રાષ્ટ્રપ્રમુખ સાથે મુલાકાત

તા. ૪/૧૦ની સવારે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ શ્રી બિલ ક્લિન્ટન સાથે યોજાયેલી મુલાકાતમાં સમયની સાનુકૂળતા રહે તે માટે સ્વામીશ્રી તા. ૩/૧૦ની રાત્રે શ્રી જયભાઈ જોશીના ઘેરથી વિદાય લઈ ઓમ્ની કોલોનેડ હૉટલમાં આવી પહોંચ્યા.

અત્રે તેઓ તા. ૪/૧૦ના રોજ ૫૧૪ ક્રમાંકના મેરિક સ્વીટમાં નિત્યક્રમથી પરવારી ધ બિલ્ટમોર હૉટલમાં પધાર્યા. અહીં ભોંયતળિયે આવેલું લા પામ દ' ઓરે રેસ્ટોરન્ટ આજની મુલાકાતને લક્ષમાં રાખી પ્રજાજનો માટે પ્રતિબંધિત કરાયેલું. આ રેસ્ટોરન્ટના મુલાકાત કક્ષમાં એક મધ્યમ કદના ગોળ મેજની આસપાસ ગોઠવેલી ખુરશીઓ પૈકીની એક ખુરશી પર સ્વામીશ્રી બિરાજ્યા. મેજ પર ઠાકોરજી પધરાવાયા. આ સમયે સ્વામીશ્રી સાથે રહેલા વિવેકસાગરદાસ સ્વામી, યોગીચરણદાસ સ્વામી વગેરે સંતો તથા ગુણાનુરાગી

ડૉ. નયનભાઈ શાહ અને સત્સંગીઓ ગિરીશભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પટેલ પણ યથાયોગ્ય સ્થાને બેઠા.

તેઓ સાથેની વાતચીતમાં થોડો સમય વીત્યો ત્યાં જ ૮:૧૦ વાગ્યે આવી પહોંચેલા શ્રી બિલ ક્લિન્ટનનું સ્વામીશ્રીએ ઊભા થઈને અભિવાદન કર્યું. શ્રી ક્લિન્ટને પણ સ્વામીશ્રીનો હાથ પકડી તેઓને આવકાર્યા. ત્યારબાદ શરૂ થયેલા પ્રાસંગિક વાર્તાલાપમાં સંતો અને કાર્યકરોએ ઠાકોરજી, સંસ્થા, યુનોમાં સ્વામીશ્રીની પધરામણી, મંદિર-નિર્માણના વિશ્વવિક્રમ, અક્ષરધામ વગેરે વિગતોથી રાષ્ટ્રપ્રમુખને માહિતગાર કર્યા. આ ક્રમમાં લંડનના મંદિરનું બ્રૉશર શ્રી ક્લિન્ટનને આપવામાં આવતાં તેઓ ખુશ થઈ બોલ્યા : 'મારે આ મંદિર જોવા જવું જ છે.'

થોડા સમય પૂર્વે શ્રી ક્લિન્ટન બ્રિટિશ વડાપ્રધાન શ્રી ટોની બ્લેર સાથે હવાઈ મુસાફરી કરી રહેલા. તે વખતે તેઓને શ્રી બ્લેરે લંડનનું મંદિર બતાવેલું. તે સમયથી જાગેલો મંદિર વિષેનો સદ્ભાવ આજે ઊછળી આવેલો જોઈ સ્વામીશ્રીએ શ્રી ક્લિન્ટનને ધર્મ-મર્મ સમજાવતાં કહ્યું : 'ભગવાન સ્વામિનારાયણનું કાર્ય ધર્મ-પરિવર્તનનું નહીં, પણ જીવન-પરિવર્તનનું હતું. તેમનો સંદેશ લઈ પાંચસો પરમહંસો ગામોગામ ફર્યા.'

આટલું જણાવી વિશ્વશાંતિ અંગે પોતાના વિચારો રજૂ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'જેમ શરીરના કોઈ અંગને ઈજા થાય તો તે આખા શરીરને જ નુકસાન છે, તેમ વિશ્વના ગમે તે દેશમાં આતંકવાદી પ્રવૃત્તિ થાય તો તેથી આખા વિશ્વને નુકસાન થાય છે અને આખા વિશ્વમાં અશાંતિ થાય છે. એને દૂર કરવા અમે માળા ફેરવી ભગવાનને પ્રાર્થના કરીએ છીએ ને આપ બધા રાજપુરુષો ભેગા થઈ વિચારણા કરો તો જરૂર વિશ્વમાં શાંતિ આવશે.'

આ વિભાવનાથી ઘણા જ પ્રભાવિત થયેલા શ્રી ક્લિન્ટનને સ્વામીશ્રીએ અખાતી દેશોમાં તેઓ દ્વારા થતા શાંતિના પ્રયત્ન સફળ થાય તે માટે આશીર્વાદ આપ્યા. તેની સાથે ભારતની કાશ્મીર સમસ્યાનું પણ નિરાકરણ થાય તે અંગે પ્રાર્થના કરી.

સ્વામીશ્રીની આ સર્વજીવહિતાવહ ભાવનાઓ શ્રી ક્લિન્ટન માટે હૃદયસ્પર્શી બની રહી. તેથી અત્યંત વ્યસ્તતા-સભર કાર્યક્રમમાં પણ તેઓ શાંતિપૂર્વક સ્વામીશ્રીને સાંભળી રહ્યા અને નીરખી રહ્યા.

અંતે સ્વામીશ્રીએ ખુરશીમાંથી ઊભા થઈ શ્રી ક્લિન્ટનને કલાત્મક

અમૃતકુંભ આપ્યો. તે પર પ્રાસંગિક વિગત ઉપરાંત સ્વામીશ્રીની જીવન ભાવના – In the joy of others lies our own (બીજાના આનંદમાં આપણો આનંદ છે) અંકિત હતી.

આ સ્મૃતિભેટને રાષ્ટ્રપ્રમુખ આશ્ચર્ય સાથે નિહાળી રહ્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'આ અમૃતકુંભ ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે.'

'It's beautiful, lovely. (આ સુંદર છે.)' શ્રી ક્લિન્ટને પ્રતિભાવ આપ્યો.

તેઓ સુધી સંસ્કૃતિની સૌરભ પહોંચાડ્યા બાદ સ્વામીશ્રીએ માળારૂપે શાંતિનું સાધન પણ શ્રી ક્લિન્ટનના હાથમાં મૂક્યું. અત્યાર સુધી અનેક સોગાદો મેળવી ચૂકેલા આ રાષ્ટ્રપ્રમુખ આવી ભેટ કદાચ પ્રથમ વાર પામ્યા! તેથી તેઓ તેને મુગ્ધભાવે જોઈ રહ્યા. તે વખતે પોતાના કંકમાંથી માળા કાઢી તેને ફેરવવાની રીત સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જે ધર્મમાં શ્રદ્ધા હોય તે સંભારીને માળા ફેરવજો, જેથી આપને શાંતિ થાય અને દેશમાં પણ શાંતિ થાય.'

આ વાત સાંભળી શ્રી ક્લિન્ટને માળાને હૃદયસરસી ચાંપી. તે વખતે જ તેઓને ઠાકોરજીનાં ચરણે મૂકેલું ગુલાબ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આ પુષ્પ શાંતિનું પ્રતીક છે.'

એ પુષ્પનો પરિમલ માણતાં શ્રી ક્લિન્ટન આભારવશ થઈ બોલ્યા: 'આપ અમારા દેશમાં પધાર્યા તેનું ખૂબ ગૌરવ અને આનંદ મને થાય છે. હું પણ મારો ઘણો ખરો સમય વ્યક્તિઓ વચ્ચેનાં વૈમનસ્યને દૂર કરવામાં વિતાવું છે. એ દૃષ્ટિએ મારું અને આપનું કાર્ય સમાંતર છે. લોકોને શાંતિ અને સુખ તરફ દોરી જવા માટે આપની સમજણનું માર્ગદર્શન મળે તે માટે પ્રાર્થના કરું છું.'

આ હૃદયોદ્‌ગાર બાદ રાષ્ટ્રપ્રમુખના તસવીરકારે જ્યારે સમૂહછબી માટે સૌને સાથે ઊભા રહેવા જણાવ્યું ત્યારે શ્રી ક્લિન્ટન પણ ચારેબાજુ જોતાં કહેવા લાગ્યા: 'Everyone come in the photo.' (બધા ફોટામાં આવી જાઓ.)

આ રીતે સત્તર મિનિટ સુધી ચાલેલી આ મુલાકાતના સમાપનમાં સ્વામીશ્રીએ 'I am blessing...' (આપને આશીર્વાદ છે) કહેતાં શ્રી ક્લિન્ટનને પુનઃ શુભાશિષ પાઠવ્યા. તેને આ રાષ્ટ્રપ્રમુખે Thank you (આભાર) કહી શિરે ચઢાવ્યા.

આમ, એક મહાસત્તાના ધુરાવાહકને ધન્ય કરી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે તેઓથી અભિભૂત થયેલા વ્હાઈટ હાઉસના અધિકારી શ્રી ઝેવિયર હ્યુજીસ કે જેઓ આજની બેઠક વ્યવસ્થાના સૂત્રધાર હતા, તેઓએ જણાવ્યું કે – 'I have made arrangements for many presidents and dignitaries but this is the first time that I have been deeply touched by His Holiness.' – મેં ઘણા રાષ્ટ્રપ્રમુખો અને મહાનુભાવો માટે વ્યવસ્થાનું તંત્ર સંભાળ્યું છે, પણ આજે પૂજ્ય સ્વામીશ્રીથી હું જેવો પ્રભાવિત થયો તેવો અગાઉ ક્યારેય બન્યો નથી.[૨૨]

## પ્રેમના પાથરણા પર દંડવત્‌નો દોર

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ સાથેની મુલાકાત બાદ હરિભક્ત શ્રી રાજુભાઈ પટેલના ઘેર પ્રાતઃપૂજા કરનારા સ્વામીશ્રીને લઈ આજની સાંજે છ વાગ્યે ઊડેલા કોન્ટિનેન્ટલ એરલાઈન્સના વિમાનમાં ઘોષણા થઈ કે 'વિશ્વભરમાં પથરાયેલા લાખો હિંદુઓના ગુરુ અને બી.એ.પી.એસ. સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને આવકારતાં અમને આનંદ થાય છે. અમેરિકાના સાંપ્રત પ્રવાસ દરમ્યાન તેઓએ યુનોના મહામંત્રી શ્રી કોફી આનન અને આજની જ સવારે રાષ્ટ્રપ્રમુખ શ્રી ક્લિન્ટન સાથે વૈશ્વિક શાંતિ અને સંવાદિતા માટે મંત્રણાઓ કરી છે. તો તેઓને ભારે હર્ષોલ્લાસ સાથે આવકારવામાં આપ સૌ પ્રવાસીઓ પણ મારી સાથે સામેલ થાઓ.'

વિમાની પરિચારકના આ આહ્‌વાનને પ્રતિસાદ આપતાં સૌ યાત્રીઓએ તાળીઓના ગડગડાટથી સ્વામીશ્રીને વધાવ્યા.

આ આકાશી વધામણી ઝીલતાં એડિસન પધારેલા તેઓ અહીં તા. ૫/૧૦ની સાયંસભામાં જવા નીકળ્યા ત્યારે સેવકે તેઓને નવી માળા આપી, પરંતુ તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઠાકોરજીને ધરાવી છે ?'

'ના.'

'તો ધરાવીને પછી આપજો. અત્યારે ઠાકોરજીને પહેરાવી રાખજો.

---

૨૨. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ સાથે સ્વામીશ્રીની મુલાકાત સહિતના અનેક સ્મરણીય અવસરોને નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

તરત લઈ ન લેતા.' આમ કહી તેઓ સેવકની માળા ફેરવતાં-ફેરવતાં સભાગૃહમાં પહોંચ્યા.

ઠાકોરજીના સંબંધ વિનાની માળા પણ સ્વામીશ્રીને અગ્રાહ્ય હતી.

તેથી જ તો તા. ૬/૧૦ની સવારે ક્લિફ્ટન જતાં પહેલાં મંદિરે દર્શન કરવા પધારેલા તેઓએ દંડવત્ માટે પાથરણું પાથરવાનો ઇશારો કર્યો, પરંતુ તેઓને વળગેલો ઘૂંટણનો દુખાવો અને જમણા પગના અંગૂઠાની ઈજામાં હમણાં જ વળેલી રાહત જોતાં સેવકોએ દંડવત્નો પરિશ્રમ ન ઉઠાવવા સ્વામીશ્રીને વીનવ્યા. આ વિનંતીમાં સૂર પુરાવતાં કો'ક બોલ્યું : 'આવતીકાલે ક્લિફ્ટનમાં પ્રતિષ્ઠા નિમિત્તે દંડવત્ કરવાના જ છે.' વળી, 'ક્લિફ્ટન તથા એડિસન એક જ ગણાય' તેવા વિચાર સાથે અન્ય એકે પણ દંડવત્નું કષ્ટ ન ઉઠાવવા અરજ ઉચ્ચારી.

પરંતુ આ સઘળું સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'ગામ બદલાય એટલે દંડવત્ કરવા પડે. દેશમાં આપણે એમ નથી કરતા ?'

આ ભક્તિભાવ સાથે છ દંડવત્ કરી વિદાય થયેલા તેઓએ આજની સાંજે ક્લિફ્ટનના રશિયન ગ્રીક ઑર્થોડોક્સ ચર્ચ ખાતે આયોજિત સત્સંગ-સભામાં ધર્મલાભ આપ્યો.

તેને અનુસરતાં અહીંના નૂતન મંદિરમાં તા. ૭/૧૦, દશેરાના દિવસે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી એડિસન જવા નીકળેલા સ્વામીશ્રીએ માર્ગમાં આવતા અમેરિકાના કેન્દ્રીય સત્સંગ કાર્યાલયમાં પગલાં પાડ્યાં.

ત્યારબાદ તેઓ મંદિરે પહોંચ્યા ત્યારે ઠાકોરજી સમક્ષ પૂજારી શ્રી અશોકભાઈ દવેએ દંડવત્ કરવા પાથરણું બિછાવી રાખેલું. તે જોઈ સ્વામીશ્રીને દંડવત્ કરવાનો ઉમળકો ન જાગે તે હેતુથી એક સંત પાથરણાને એક કોરે ખસેડવા ગયા, પરંતુ તેઓની આ હિલચાલ પારખી ગયેલા સ્વામીશ્રી બોલ્યા : 'શું કરવા એક બાજુ કરો છો ? પૂજારીએ બહુ પ્રેમથી પાથર્યું છે તો એના પ્રેમને વીંખી ન નાંખશો.' આમ કહેતાં સ્વામીશ્રી એ પ્રેમના પાથરણા પર છ દંડવત્ દ્વારા પ્રભુપ્રેમ પાથરી ઉતારે પધાર્યા ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં તેઓ ત્રણ વાર છ-છ દંડવત્ કરી ચૂકેલા !

આ દંડવત્નો દોર તા. ૮/૧૦ના રોજ પણ ચાલ્યો. આ દિવસની સવારે જર્સી સિટી જતાં પૂર્વે સ્વામીશ્રીએ પુનઃ દંડવત્ કર્યા. જર્સી સિટીમાં આજની સાંજે શેરેટન હૉટલના કૉન્ફરન્સ હૉલમાં લાભ આપી તેઓએ આ

શહેરના નૂતન મંદિરમાં તા. ૯/૧૦ના પ્રભાતે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા. અહીં બિરાજેલા ઠાકોરજીને પણ છ દંડવત્નું અર્ઘ્ય આપી સ્વામીશ્રી ૧૨:૨૫ વાગ્યે એડિસન પહોંચ્યા. અત્રે પણ આગમન નિમિત્તે તેઓએ છ દંડવત્ કર્યા.

ફરી એક વાર ૨૪ કલાકની સમયાવધિમાં સ્વામીશ્રીએ ત્રણ વાર છ-છ દંડવત્ કર્યા! ૮૦ વર્ષની તેઓની રોગગ્રસ્ત કાયા ભક્તિ કરવામાં લેશ ન આળસી. તેનું વધુ એક દર્શન કરાવતાં સ્વામીશ્રીએ તા. ૧૦/૧૦ની સવારે એટલાન્ટિક સિટી તરફના પ્રયાણ પૂર્વે પણ ઠાકોરજીને છ દંડવત્ ધરી દીધા!

## હેતના હથોડા

એડિસનથી વિદાય લઈ એટલાન્ટિક સિટી પધારેલા સ્વામીશ્રી અહીં સીધા જ એબ્સેકોન ટાઉનમાં પહોંચ્યા. હરિયાળાં વૃક્ષો અને નાની ટેકરીઓ ધરાવતા આ શાંત વિસ્તારમાં મંદિર માટે સંપાદિત થયેલી આશરે ચાર એકરની જમીન પર તેઓએ ખાતવિધિ સંપન્ન કર્યો.

ત્યારબાદ તેઓ ડૉ. અરવિંદભાઈ પટેલની મોટરમાં બિરાજી શ્રી કિશોરભાઈના ઘેર રખાયેલા ઉતારે જતા હતા ત્યારે ગાડીચાલકે પ્રાર્થના કરી કે 'બાપા! અમે આ માયાવી નગરીમાં રહીએ છીએ, પણ આપ આશીર્વાદ આપજો કે અમને કલંક ન લાગે.'

'એટલા માટે તો આ મંદિર થાય છે. મંદિર થશે એટલે સંસ્કાર જળવાશે. પાણીમાં રહેવા છતાં મગરથી રક્ષા થશે.'

મંદિરનો આ મહિમા વર્ણવનારા સ્વામીશ્રી આજની સાંજે પ્લેસન્ટવિલ હાઈસ્કૂલની વ્યાયામ-શાળામાં ધર્મલાભ આપી તા. ૧૧/૧૦ની સવારે અહીંથી વિદાય થયા. આ મુસાફરીમાં આગામી નિર્માણો માટે એડિસનની સમીપવર્તી કેટલીક જમીનોનું નિરીક્ષણ કરી તેઓ બપોરે બાર વાગ્યે એડિસન પધાર્યા. અત્રે ઠાકોરજીને છ દંડવત્નું અર્ઘ્ય ધરી તેઓએ તા. ૧૨/૧૦ની સાંજે કાર્યકર દિનની વિશિષ્ટ સભામાં પધરામણી કરી.

અહીં સૌ કાર્યકરો વતી શ્રી સુરેશભાઈ પટેલે આશીર્વાદ આપવાની વિનંતી કરતાં કહ્યું કે 'સ્વામીબાપા! અમે અણઘડ પથ્થર જેવા છીએ. અમારું ઘડતર કરવા આપ હવે હથોડો અને ટાંકણું ગ્રહણ કરો.'

આ નિવેદન સાંભળી સ્વામીશ્રી બોલ્યા :

"હમણાં બહુ બળની વાત કરી કે ઘડતર કરવા માટે હાથમાં હથોડો લ્યો. પણ જો હથોડો લઈને કામ કરીએ તો આમાંથી એકેય ઊભો ન રહે. એક હથોડો વાગે ત્યાં ઊપડી જાય કે 'મૂકો હવે, મોક્ષ તો આવતા જન્મે થશે.' પણ ભગવાન કે સંત હથોડા કે નાળવાળા જોડા લઈને મારતા નથી. આ તો પ્રેમનાં ખાસડાં છે. હેતના હથોડા. આપણને જરા વસમું લાગે તેવી વાત કરે. એમને આપણા મનને ફેરવવું છે. આપણી અંદર રહેલાં માન, ઈર્ષ્યા, ક્રોધ, અવગુણ કાઢવાં છે. એ બધો કચરો કાઢવા હથોડો લેવો જ પડે ને! તે વખતે આપણને દૃઢતા હોય તો સેવામાંથી મન પાછું પડે નહીં કે એવો સંકલ્પ પણ ન થાય કે 'ચાલો, અહીંયાંથી મોક્ષની શી જરૂર છે? બીજે પણ થશે, આવતે જન્મે થશે.'

સત્સંગમાં રુચિ થાય, દૃઢતા થાય, સત્સંગનો ખૂબ-ખૂબ મહિમા સમજાય, નિયમો પાળવાનું બળ મળે, સેવા કરવાનું બળ મળે, સમર્પણ કરવાનું બળ મળે તે ઘડતર થયું કહેવાય."

## 'મોક્ષના દ્વાર'નો માર્મિક પરિચય

તા. ૧૩/૧૦ના રોજ આવેલી શરદ પૂનમે એડિસનમાં ઊજવાયેલા ગુણાતીત જન્મોત્સવમાં ઉપસ્થિત રહેલા કિવાનિસ ઇન્ટરનેશનલ ક્લબના પ્રમુખ શ્રી હેગને સ્વામીશ્રીને 'પર્સન ઑફ ધ સેન્ચુરી'(સદીની શ્રેષ્ઠ વ્યક્તિ)નો પ્લેક એનાયત કર્યો. તેથી ચારેકોર ફરી વળેલો આનંદ તા. ૧૪/૧૦ના દિવસે બેવડાયો. આજે અત્રે ૮૫૦ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ રચી ભક્તોએ નૂતન વર્ષની પ્રતીક ઉજવણી કરી. તેમાં સૌને આશીર્વાદ આપી સ્વામીશ્રી તા. ૧૫/૧૦ની સવારે ડેટ્રોઇટ પધાર્યા.

તેઓના આ આગમનને પ્રકૃતિએ પાનખરનું પાનેતર પહેરી વધાવ્યું, કારણ કે આ સમયે શહેરની સીમમાં ઊભેલાં ઑક અને મેપલ વૃક્ષોનાં લીલાં પર્ણો પાનખરના પ્રભાવથી પીળા, કેસરી, ગુલાબી, લાલ, બદામી જેવા રંગો પકડી રહેલાં. આવી વનશ્રી વચ્ચેથી માર્ગ કાઢતા સ્વામીશ્રીની ગાડી ડેટ્રોઇટના સંભવિત મંદિરની દસ એકર જમીન પર પહોંચી ત્યારે અત્રે એકત્રિત ભક્તમેદની પાનખરમાં પણ વસંતનાં વધામણાં માણી રહી.

વસંતનો આ કિલ્લોલ કાયમી કરવા સ્વામીશ્રીએ અહીં આવતાંવેંત નૂતન મંદિરનો ખાતવિધિ કર્યો. આ નિમિત્તે ખડા થયેલા 'સ્વામિનારાયણ નગર'માં જ તેઓની પ્રાતઃપૂજા અને સાયંસભાના કાર્યક્રમ ચાલવા લાગ્યા.

તે માટે તેઓ શ્રી મૂકેશભાઈ પટેલના ઘેર રખાયેલા ઉતારેથી અહીં આવન-જાવન કરતા.

આ ક્રમમાં તા. ૧૬/૧૦ની સાંજે સ્વામીશ્રીએ મંદિરની ભૂમિ પર ઊભેલા બંગલામાં રખાયેલી મૂર્તિઓનું વિધિવત્ પૂજન કરી આરતી ઉતારી.

તે પછી તેઓ સભામાં આવી બિરાજ્યા ત્યારે કિશોર મંડળે 'મોક્ષનું દ્વાર' સંવાદ રજૂ કર્યો. તેના અંતે સૌ પાત્રો સ્વામીશ્રી સાથે સમૂહછબી લેવા ગોઠવાયાં ત્યારે એક સ્થૂળકાય કિશોર એ રીતે ઊભો રહ્યો કે સભાસદોને સ્વામીશ્રીનાં દર્શનમાં અવરોધ ઊભો થાય. તેથી તેને સૂચના આપતાં સ્વામીશ્રી હસતાં-હસતાં બોલ્યા : 'એય ! હેઠો બેસ. મોક્ષનું દ્વાર ઢંકાય છે.'

આ શબ્દો દ્વારા પોતાનો માર્મિક પરિચય આપીને તેઓએ તા. ૧૭/૧૦ની સવારે અહીંથી વિદાય લીધી.

## શિકાગોની શોભાનું દ્વાર ખૂલે છે

ડેટ્રોઇટથી ક્લીવલેન્ડ પધારેલા સ્વામીશ્રીને અહીં તા. ૧૮/૧૦ની સવારે નર્મદા સંબંધી ખટલામાં વડી અદાલતનો ચુકાદો ગુજરાત તરફી આવ્યાના સમાચાર મળ્યા. તેથી તેઓએ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલને ફોન જોડાવી અભિનંદન પાઠવતાં કહ્યું : 'આ બધો યશ પ્રજાને જાય છે. પ્રજાને દુઃખ હતું તે ભગવાને આપ બધા દ્વારા ટાળ્યું છે.'

નર્મદા યોજનાની આગેકૂચનો યશકળશ પ્રજા અને પ્રધાનોના માથે મૂકી સ્વામીશ્રી તો ક્રેડિટથી કોરા જ રહ્યા, પરંતુ તેઓએ સંપૂર્ણ ભક્તિભીના થઈને આજે ક્લીવલેન્ડના મંદિરમાં મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા કરી.

ત્યારબાદ તેઓ તા. ૧૯/૧૦ની સવારે મન્સ્ટર આવી પહોંચ્યા.

અત્રે યજમાન ડૉ. વિજયભાઈ પટેલ અને તેઓના ચારેય ભાઈઓનો ઉત્સાહ અદમ્ય હતો. તે દ્વારા જ આજની સાંજે હેમન્ડ સ્કૂલના હૉલમાં મેડિકો-સ્પિરિચ્યુઅલ કૉન્ફરન્સ યોજાયેલી. તેને પોતાના આશીર્વાદથી ધન્ય કરી સ્વામીશ્રી તા. ૨૦/૧૦ની સવારે સાડા અગિયાર વાગ્યે શિકાગો આવી પહોંચ્યા. અહીં તેઓની પધરામણી સાથે જ નવનિર્મિત હવેલીના ઉદ્‌ઘાટનનો ઉત્સવ આરંભાઈ ગયો.

આ અવસરે બાર્ટલેટ ઉપનગરમાં ત્રીસ એકરની અક્ષરવાડી પર સોહામણું 'સ્વામિનારાયણ નગર' ખડું કરવામાં આવેલું. તેનું કલાત્મક હંસ-

દ્વાર પ્રત્યેક વટેમાર્ગુના આકર્ષણનું કેન્દ્ર બની રહેલું. તેને સ્વામીશ્રીએ ડ્યુપેજ કાઉન્ટીના ચૅરમેન, વાઇસ ચૅરમેન વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખુલ્લું મૂકી સંકુલમાં પદાર્પણ કર્યું. તે વખતે પ્રવેશદ્વારથી કલામંડિત હવેલી સુધીનો ગમનપથ પુષ્પોની રંગબેરંગી ભાતથી સજાવાયેલો. તે પર સ્વામીશ્રી પગલાં પાડવા લાગ્યા ત્યારે પ્રાંગણમાં ઊભેલા હજારો હરિભક્તોએ મુક્તકંઠે જયનાદો કરી ગગન ગજવી મૂક્યું. આ અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી કાષ્ઠકલાના બેનમૂન નજરાણા સમી ૩૨૦ x ૧૨૦ x ૫૫ ફૂટનું પરિમાણ ધરાવતી હવેલીના મુખ્ય દ્વાર પાસે આવી ઊભા રહ્યા.

બર્માના ૬,૨૦૦ ઘનફૂટ સાગમાંથી નિર્મિત ૧,૦૦,૦૦૦ ચો.ફૂ.માં વિસ્તરેલી આ હવેલી એટલે અત્રે નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનું પ્રથમ સોપાન. પરંતુ તે કેટલું અનન્ય! આઠ દ્વાર, બાર ઝરૂખા અને ૭૮૨ કાંગરા ધરાવતું આવું કાષ્ઠ-સંકુલ અમેરિકા પ્રથમ વાર નીરખી રહેલું. નાજુક કોતરણીથી ભરપૂર કાષ્ઠની કમાનો, રાજમહેલની ઝાંખી કરાવતી અટારીઓ, અલંકૃત સ્તંભપંક્તિઓ, દૃષ્ટિ થીજી જાય એવા સરુટોડલા અને શિરોહી ઘાટની સુંદરતા, મેના-મયૂર-હંસ જેવાં ૨૪ પ્રકારનાં પંખીઓની ૨,૧૨૫ નયનરમ્ય કલાકૃતિઓ, સિંહ-ઐરાવત વગેરેની ૩૬૯ મુખાકૃતિઓ, દીપમાળાઓ-મોગરા-ઝુમ્મર વગેરેની બારીક કારીગરી જેવી કંઈક વિશેષતાઓથી સભર આ હવેલી હતી. તેનાં દ્વાર માંગલિક મંત્રોચ્ચાર વચ્ચે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ખૂલ્યાં ત્યારે શિકાગોની શોભાનું દ્વાર પણ ખૂલી ગયું.

આ હવેલીના નિર્માણમાં સહયોગ આપનારા સરકારી તેમ જ બિનસરકારી આમંત્રિતો સાથે ઠાકોરજીને આગળ રાખી સ્વામીશ્રીએ હવેલીમાં ચરણ મૂકતાં તમામ નકશીકામ જીવંત થઈ ઊઠ્યું. આ રોનકદાર હવેલીના મધ્યમાં સર્જાયેલા ચોકમાં ત્રણેક ફૂટ ઊંચી પીઠિકા પર સમગ્ર સંકુલની પ્રતિકૃતિ મૂકવામાં આવેલી. ત્યાં ઠાકોરજી પધરાવી સ્વામીશ્રીએ આરતી અને પુષ્પાંજલિનો વિધિ કર્યો. અહીંથી તેઓ ઉદ્‌ઘાટન મહોત્સવ નિમિત્તે બાંધેલા ૧૬૪ x ૨૬૦ ફૂટના સ્તંભરહિત સભાગૃહમાં પધાર્યા ત્યારે ડ્યુપેજ કાઉન્ટીના ચૅરમેન શ્રી રોબર્ટ શિલરસ્ટ્રોમે તેઓને સન્માનપત્ર આપી બિરદાવ્યા.

## કિશોર કલાકૃતિઓના કુશળ કસબી

તા. ૨૧/૧૦ના રોજ ઘોષિત થયેલા કિશોર દિનની સવારે વૉકેથોનનો

પ્રારંભ કરાવતાં સ્વામીશ્રી સ્વયં પણ હવેલીની એક પ્રદક્ષિણા ફર્યા. તે દ્વારા આ વાર્ષિક આયોજનને ગતિ આપી તેઓ આજની સાંજે સભાના મંચ પર પધાર્યા ત્યારે ચારેકોર કિશોરોનો કલશોર ગુંજી રહ્યો. તેની વચ્ચે સ્વામીશ્રી આસન પર બિરાજતાં 'થેંક યુ'(આભાર)નો સૂર રેલાવા માંડ્યો. કિશોર પેઢીને સ્વામીશ્રીએ આપેલા અણમોલ ઉપહારો બદલ કિશોરો સ્વામીશ્રી પ્રત્યે વિવિધ રીતે આભાર પ્રગટ કરવા લાગ્યા.

તે ક્રમમાં અમૃતવિજયદાસ સ્વામીના પ્રાસંગિક પ્રવચન પછી એક દિલધડક દાસ્તાન રજૂ કરતાં ઉદ્‌ઘોષકે કહ્યું :

"હાલ ૧૮ વર્ષની વય ધરાવતો નિરલ પટેલ ફક્ત ત્રણ માસનો થયો ત્યારે તેની બંને કિડની નિષ્ફળ નીવડેલી. એક વર્ષની ઉંમરે તેના પિતાએ એક કિડની આપી, પણ તેય થોડા મહિનામાં ખરાબ થઈ જતાં બે વર્ષની ઉંમરથી ડાયાલિસીસ શરૂ થયું, તે પાંચ વર્ષ સુધી ચાલ્યું. સન ૧૯૮૮માં સ્વામીશ્રીના આશીર્વાદથી બે કિડની મળતાં બીજી શસ્ત્રક્રિયા થઈ, પણ આ કિશોરની ચૌદ વર્ષની ઉંમરે બંને કિડની બગડતાં પુનઃ દવાઓના ડોઝ અને ડાયાલિસીસનો દોર શરૂ થયો. તેની આડઅસર ઊંચો રક્તદાબ, આર્થરાઇટિસ, મોં અને પગ પર સોજા, ભોજનમાં અરુચિ વગેરે રૂપે ફૂટી નીકળી. અન્નના પુરવઠા માટે નાકમાં નાખેલી નળી શાળામાં અળવીતરાં છોકરાં ખેંચી કાઢે. તેથી પેટમાં કાણું પાડી ત્યાંથી નળી દ્વારા ખોરાક આપવો શરૂ કર્યો.

આવી પરિસ્થિતિમાં પણ આ કિશોર એકાદશી કરે. બાળ મંડળમાં નિયમિત આવે. અભ્યાસમાં અગ્રક્રમે રહે. તેણે સન ૧૯૯૬માં સ્વામીશ્રીને પૂછેલું કે 'હું આટઆટલી ભક્તિ કરું છું છતાં કેમ આવું?' ત્યારે સ્વામી-બાપાએ તેના શરીર પર હાથ ફેરવતાં આશીર્વાદ આપી કહેલું: 'આ તો પૂર્વજન્મનાં પાપ બળી જાય અને મોક્ષ થાય તે માટે બધું છે.'

સ્વામીશ્રીએ આપેલી આ સમજણથી નિરલ સહન કરતાં શીખ્યો. તેની મૂંઝવણ ગાયબ થઈ ગઈ. સન ૧૯૯૯માં તેના શરીર પર ત્રીજી વાર શસ્ત્રક્રિયા માટે છેદ પડ્યા. સ્વામીશ્રીની કૃપાથી આજ દિવસ સુધી તે કિડની કાર્યરત છે અને આ કિશોર મંદિરમાં ફોટોગ્રાફીની સેવા આપી રહ્યો છે. આજના કિશોર દિને કિશોરો તરફથી થનારી ઠાકોરજીની સુવર્ણતુલામાં એક પૂર્ણ તુલાની સેવા નિરલે નોંધાવી છે. તેની પાછળ પણ પ્રેરક ઇતિહાસ છે.

આ કિશોરની ૧૮ વર્ષની ઉંમર થતાં પિતા તેના માટે નવી ગાડી

લાવવા માંગતા હતા. તેઓને નિરલે કહ્યું: 'સુવર્ણતુલામાં મારે સેવા કરવી છે.' તે સાંભળી પિતા બોલ્યા: 'બે વાત સાથે નહીં બને. કાં તુલા કાં ગાડી.' આ સમયે નિરલે જણાવ્યું: 'હું ગાડી પછી લાવીશ. મારા તરફથી એક સુવર્ણતુલાની સેવા લખાવી દો.'

આમ, ત્રણ-ત્રણ વાર કિડની બદલવા છતાં તેના મુખ પર દુઃખની એક લકીર નથી અને ઉત્સાહથી સેવા કરી તે સ્વામીશ્રીને રીઝવી રહ્યો છે. મુશ્કેલીઓમાં પણ પોતાનું જીવન સ્થિર રાખવા બદલ તે સ્વામીશ્રીનો આભાર માની રહ્યો છે.''

આ કહાણી જેમ-જેમ કહેવાતી ગઈ તેમ-તેમ સૌ સ્વામીશ્રીમાં કિશોર-કલાકૃતિઓના કુશળ કસબીનું દર્શન કરી રહ્યા. જ્યારે એ જવાંમર્દ કિશોર આશીર્વાદ લેવા મંચ પર ચઢ્યો ત્યારે સૌએ આ વિરલ સર્જન અને તેના સર્જનહાર સ્વામીશ્રીને હર્ષનાદથી વધાવી લીધા.[૨૩]

## મહિમાની અવધિ

તા. ૨૨/૧૦ની બપોરે શ્રી મહેન્દ્રભાઈ પટેલના ઘેર ભોજન દરમ્યાન ચાલી રહેલા કાર્યકરોના પરિચય વિધિમાં દક્ષેશનો ક્રમ આવતાં જ સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'એમનું કુટુંબ બોચાસણ સંસ્થા થઈ ત્યારનું જૂનું છે. એના દાદા જશભાઈએ હું ભાદરણ ભણતો ત્યારે મારી બહુ સેવા કરી છે.'

આટલું કહી તેઓએ 'દક્ષેશ, ગુણવંતભાઈ, જશભાઈ, ચુનીભાઈ, ચતુરભાઈ અને શામળભાઈ' એમ સડસડાટ છ પેઢીઓ ગણાવી સૌને અચંબામાં મૂકી દીધા.

આવો સ્વજન-શો સ્નેહ ધરાવતા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૪/૧૦, ધનતેરસથી દીપાવલી પર્વનો પ્રારંભ થયો. તે નિમિત્તે રોજેરોજ પ્રગટતા રહેતા વિવિધ કાર્યક્રમોના દીવડા ધર્મ-ભક્તિનો ઉજાશ ફેલાવવા માંડ્યા.

આ ક્રમમાં તા. ૨૬/૧૦ની સાંજે સ્વામીશ્રીએ નવનિર્મિત હવેલીમાં પધારી ચોપડા પૂજન કર્યું. તે પછી યોજાયેલી સભામાં ડ્યુપેજ કાઉન્ટીના

---

૨૩. ૩૫ વર્ષનું આયુષ્ય ભોગવનારા આ કિશોરના શરીરમાં સમય જતાં તો કુલ ૭૩ શસ્ત્રક્રિયાઓ થયેલી. છતાં સ્વામીશ્રીએ સિંચેલા સત્સંગના સંસ્કારોને કારણે તે લેશ નાહિંમત થયો નહોતો. તા. ૧૦/૭/૨૦૧૮ના રોજ અક્ષરવાસી થતાં પૂર્વે પણ તેના મુખેથી સુખ-શાંતિના જ સૂર-સ્વર રેલાયેલા.

પ્રતિનિધિએ તેઓને સન્માનપત્ર અર્પણ કર્યું. તેમાં મંદિરની હવેલીના ઉદ્‌ઘાટન દિન તા. ૨૦ ઑક્ટોબરને 'પ્રમુખસ્વામી મહારાજ દિન' તરીકે ઘોષિત કરવામાં આવેલો.

આ જાહેરાતને અનુસરતાં આવેલી તા. ૨૭/૧૦ના રોજ ઊજવાયેલા અન્નકૂટોત્સવથી સ્વામીશ્રીનો નિવાસ મંદિરની નૂતન હવેલીમાં ફેરવાયો. આજના સુપ્રભાતે હવેલીના નવા સભાગૃહમાં થયેલી તેઓની પ્રાતઃપૂજાથી આ હૉલનું પણ શાનદાર ઉદ્‌ઘાટન થઈ ગયું. પરંતુ નવું કરતા સ્વામીશ્રી જૂનાને ન વીસરતા. તેથી તેઓ આજની સવારે ગ્લેન એલનમાં આવેલા આપણા જૂના મંદિરે જઈ પહોંચ્યા. અહીં પણ તેઓએ ઠાકોરજીને પ્રેમપૂર્વક અન્નકૂટ જમાડ્યો.

તેઓની આ ભક્તિને નીરખવા તા. ૨૮/૧૦ના રોજ વિ.સં. ૨૦૫૭નું વર્ષ આવી પહોંચ્યું. તેના પ્રથમ દિનની સવારે સ્વામીશ્રી મુલાકાતીઓને મળી પોતાના ઓરડા તરફ જવા નીકળ્યા ત્યાં જ ન્યૂજર્સીથી આવેલા શ્રી ઘનશ્યામભાઈ એમ. પટેલ ખબર-અંતર પૂછતાં બોલ્યા : 'બાપા ! જમણા પગના અંગૂઠે હવે કેમ છે ?'

'લો, જોઈ લો.' ચંપલ કાઢી અંગૂઠો બતાવતાં સ્વામીશ્રીએ કહ્યું.

ત્યારે પેલા હરિભક્ત સહેજ નીચા વળી જોવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રીએ જણાવ્યું : 'એમ નહીં, સ્પર્શ કરીને જોઈ લો.' તેથી એ હરિભક્તે અંગૂઠે સ્પર્શ કર્યો. તે જોઈ મંદ-મંદ હસતાં સ્વામીશ્રી બોલ્યા : 'પ્રસાદીનો થઈ જાય ને ! જલદી મટી જાય.'

તેઓના આ શબ્દોમાં ભક્તોના મહિમાની અવધિ હતી.

## અમારા સ્વામિનારાયણનો પ્રતાપ !

સ્વામીશ્રીની મહિમાદૃષ્ટિથી અંજાઈ ગયેલું નવલા વર્ષનું પ્રભાત વૈદિક મંત્રોના ઘોષથી પણ ગુંજવા માંડ્યું. વિશ્વશાંતિ, મૂર્તિપ્રતિષ્ઠા અને સૌની સુખાકારી જેવા શુભ સંકલ્પો સાથે આજે પ્રારંભ પામેલા આ મહાયાગમાં ૯૮૦ યજમાનો 'સ્વાહા...' કહી આહુતિઓ આપવા લાગ્યા. આ મંગલ ધ્વનિ વચ્ચે સ્વામીશ્રીએ હવેલીમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ સહિત એડિસન, લૉસ એન્જલસ, હ્યુસ્ટન અને શિકાગોની ચલમૂર્તિઓને પણ પ્રેમપૂર્વક પૂજી.

તેને અનુસરતાં ૧૦૮ યજ્ઞકુંડોમાં હોમાતાં ઘી, જવ, તલ વગેરે

હુતદ્રવ્યોની સાથે અમેરિકાનું નાગરિકત્વ ધરાવતા બે નવયુવાનોએ તો બ્રહ્મકુંડમાં પોતાનું સમગ્ર જીવન જ આહુતિરૂપે ચઢાવી દીધું. નવા વર્ષે નવા જીવનની શરૂઆત કરનારા આ બંને નવદીક્ષિત પાર્ષદોને વધાવતો યજ્ઞ આગળ ચાલ્યો. તેની ધૂમ્રસેરો હજી તો માંડ હેઠી બેઠી ત્યાં જ આજની સાંજે સ્વામીશ્રીની ૮૦મી જન્મજયંતીની આલબેલ પોકારાઈ ગઈ.

શિકાગોના દસ દિવસીય હવેલી મહોત્સવની ચરમ સીમારૂપ આ ઉત્સવને માણી ૧૦,૦૦૦થી વધુ ભાવિકો ધન્ય બન્યા.

આ ધન્યતાની ધૂણી તા. ૨૯/૧૦, ભાઈબીજના રોજ પણ ધખેલી જ રહી. આજની સવારે સ્વામીશ્રીએ નૂતન હવેલીના હૉલની જમણી તરફના ભાગે સુવર્ણરંગી કલાત્મક સિંહાસનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી હવેલીને મંદિરતુલ્ય બનાવી દીધી. આ અવસરે, સાત સોપાનપંક્તિ દ્વારા ચાર ફૂટ ઊંચાઈ અને ૧૬૦ ફૂટ પહોળાઈમાં ગોઠવાયેલો ૧,૦૪૨ વાનગીઓનો અન્નકૂટ પ્રતિષ્ઠિત મૂર્તિઓને ધરાવવામાં આવ્યો ત્યારે હવેલીની હવા ભક્તિની સોડમથી મઘમઘી ઊઠી. આ મઘમઘાટમાં આરતીનો ઝળહળાટ ભળતાં વાતાવરણ રમ્ય-દિવ્ય બની ગયું.

તેમાં પોતાની અમૃતધારા ઘોળતાં સ્વામીશ્રીએ કહ્યું :

'અહીંયાં હવેલીના ઉદ્ઘાટનનો પ્રસંગ અને પ્રતિષ્ઠાનો ઉત્સવ વ્યવસ્થિત અને નિર્વિઘ્ન ઊજવાઈ ગયો. વેધર (હવામાન) પણ બહુ સારું રહ્યું, જેથી આપણે સારી રીતે લાભ લઈ શક્યા. તેમાં આપ બધાએ તન, મન, ધનથી કાર્ય કર્યું છે. રાત-દિવસ કે ભૂખ-તરસ જોયાં નથી. બધાની વાર્તા અને રિપોર્ટ અમે સાંભળ્યાં. તમે બધાએ આ જે કર્યું તેના માટે તમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. કરોડ-કરોડ ધન્યવાદ આપવા જોઈએ, નમસ્કાર પણ કરવા જોઈએ. આમાં જે કંઈ જોડાયા અને બીજી કોઈ પણ રીતે જેણે સેવા કરી છે એ બધાનું કલ્યાણ થશે અને અંતે આપણને બધાને અક્ષરધામની પ્રાપ્તિ થશે.'

આ આશીર્વાદ સાથે શિકાગોના રોકાણ અને અમેરિકાના વિચરણ પર પૂર્ણવિરામ મૂકતા સ્વામીશ્રી આજની સાંજે ૭:૧૦ વાગ્યે હવાઈ મથકે જવા નીકળ્યા ત્યારે ચારેકોર એક જ સૂર ઊઠી રહ્યો : *'રૂડી રીત્યે શું કર્યો સમૈયો, તે તો મુખે કેમ જાય કૈયો...'*

આ જ વાત વાગોળતાં ગાડીચાલક હરિભક્ત શ્રી પ્રભુદાસભાઈએ

સ્વામીશ્રીને કહ્યું: 'બિનસત્સંગીઓ અને મહાનુભાવો જે કોઈ ઉત્સવમાં આવતા તે બધા આશ્ચર્ય પામતા હતા કે આટલો સારો ઉત્સવ થઈ ગયો !'

'એ જ છે ને અમારા સ્વામિનારાયણનો પ્રતાપ !'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાં તેઓના નમ્રભાવ અને ભક્તિભાવનો સંગમ છે. તેમાં અમેરિકાને માથાબોળ ડુબાડી સ્વામીશ્રીએ તા. ૨૯/૧૦ની રાત્રે ૯:૨૦ વાગ્યે ઉડ્ડયન આરંભ્યું ત્યારે તેઓની આ અદ્વિતીય વિદેશયાત્રાનું દ્વિતીય ચરણ સંપન્ન થયું.[૨૪]

## સિદ્ધિઓની શૃંખલા

અમેરિકાથી વિદાય લઈ તા. ૩૦/૧૦ની સવારે સાડા દસ વાગ્યે લંડન પહોંચેલા સ્વામીશ્રીનાં દર્શન માટે અહીં વસતા ભારતીય મહાનુભાવોની અવર-જવર ઘણી રહી. તે સૌ અમેરિકામાં સ્વામીશ્રીએ કરેલા સંસ્કૃતિના દિગ્વિજયથી પ્રભાવિત હતા.

તે પૈકીના એક વિખ્યાત ઉદ્યોગપતિ શ્રી મોહનજી મિત્તલે તો તા. ૪/૧૧ની સાંજે સ્વામીશ્રીનાં ચરણે લાગણી વહાવી દીધી કે 'आपकी इतनी बड़ी प्रवृत्ति सारे विश्व में है, ऐसा काम कोई नहीं कर सकेगा। विवेकानंदजी आये थे, मगर आपने तो उनसे कई गुना काम किया है। कई ऐसे धर्मोपदेशक हैं जिनके बहुत से अनुयायी हैं, मगर वे जो कहते हैं उस आदेश को सब लोग नहीं मानते हैं। आप ऐसे हैं जो एक शब्द कहेंगे तो सब युवा लोग उनको स्वीकारेंगे।'

સ્વામીશ્રીની આ બિરદાવલીના સૂર હજી તો શમ્યા - ન શમ્યા ત્યાં તો તા. ૫/૧૧ની સાંજે વાગેલા સ્વામીશ્રીના વધુ એક વિશ્વવિક્રમના વાજાથી દુનિયા ડોલી ઊઠી.

આ અગાઉ ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ સ્વામીશ્રીનાં નામ-કામની નોંધ ભારતની બહાર ભારતીય સ્થાપત્યશૈલીના મોટામાં મોટા મંદિરના વિશ્વકર્મારૂપે લઈ ચૂકેલી. વળી, તે નિપુણ નિર્માતા અને વિશ્વમાં સર્વાધિક

---

૨૪. અમેરિકામાં સ્વામીશ્રીએ ખેડેલા ધર્મપ્રવાસની તેજસ્વી તવારીખોને નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ધર્મસ્થાનોનું નિર્માણ કરનારા ધર્મગુરુ તરીકે પણ સ્વામીશ્રીને બિરદાવી ચૂકેલી. આ ઉલ્લેખોથી ગૌરવાન્વિત બનેલી ગિનિઝ બુકને વધુ એક વાર પોતાની પૃષ્ઠભૂમિ પર સ્વામીશ્રીને સ્થાન આપવું પડ્યું – વિશ્વવિક્રમી અન્નકૂટોત્સવનું આયોજન કરવા બાબતે !

આ વર્ષે તા. ૨૭/૧૦ના રોજ લંડનના મંદિરે યોજાયેલો ૧,૨૪૭ શાકાહારી વાનગીઓનો વ્યંજનકૂટ વિશ્વની આંખે પહેલી વાર નિહાળ્યો હતો. આ અભૂતપૂર્વ સિદ્ધિને આદરમાન આપતાં ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રૅકોર્ડ્ઝ દ્વારા એનાયત થયેલું પ્રમાણપત્ર આજની સાયંસભામાં સ્વામીશ્રીને અર્પણ થયું ત્યારે ૭,૦૦૦ ભક્તોથી ભરચક હવેલી હર્ષનાદોથી ગાજી ઊઠી. ગિનિઝ બુક દ્વારા ચાર-ચાર વાર સ્વામીશ્રીનું કાર્ય બિરદાવવામાં આવ્યું એ પણ સ્વયં એક વિક્રમજનક ઘટના બની રહી.

સ્વામીશ્રીના આ કીર્તિમુકુટમાં બીજી બે નવી કલગીઓ પણ આ વર્ષે ઉમેરાઈ ગઈ, જ્યારે આ સાલના સપ્ટેમ્બર માસના અંકમાં વિશ્વવિખ્યાત સામયિક નેશનલ જિઓગ્રાફિકે લંડનના મંદિરને A London Landmark (લંડનનું સીમાચિહ્ન) કહી નવાજ્યું.

આ જ રીતે ધ આર્કિટેક્ચરલ ઍસોસિયેશન ઑફ કેન્યાએ નૈરોબીના મંદિરને ઍક્સલન્સ ઈન આર્કિટેક્ચર(સ્થાપત્યમાં બેનમૂન)નો મિલેનિયમ ઍવૉર્ડ એનાયત કરતાં આ મંદિરને ઑનરેબલ મેન્શન (સન્માનનીય સંકુલ) તરીકે ગણાવ્યું.

આમ, સિદ્ધિઓની શૃંખલા સર્જનારા સ્વામીશ્રી આ વર્ષે *'નથી બીજા કોઈ તમ જેવા રે...'* સમા પુરવાર થઈ રહ્યા.

## સંસાર અસાર કરવો એ મોટું કાર્ય

તા. ૫/૧૧ની સભામાં સ્વામીશ્રીએ ગિનિઝ બુકનું પ્રમાણપત્ર સ્વીકારવાની સાથે ચાર યુવાનોને દીક્ષિત કરી ભગવાનના ખોળે મૂક્યા. એ પાર્ષદો સાથે સમૂહછબી પડાવતાં સ્વામીશ્રી રમૂજમાં બોલ્યા: 'ફોટા પડે છે માટે બધા હસતા મુખ રાખજો.' આટલું કહી મુદ્દાની વાત કરતાં તેઓએ જણાવ્યું: 'કોઈ કરોડ રૂપિયાની લૉટરી જીતે એને કેટલો આનંદ આવે ! આપણને તો એના કરતાં પણ વધારે લૉટરી લાગી છે.'

આ ઉમળકા સાથે સ્વામીશ્રીએ આજે વિદેશ-વિચરણની અંતિમ

અમૃતધારા વહાવી કે 'ભગવાનની શક્તિથી કાર્ય થાય છે. કહે – 'આર્કિટેટ (આર્કિટેક્ટ) થયા'[૨૫] પણ આર્કિટેટનું તો મૂળ જાણતા નથી. આર્કિટેટની શું ફોર્મ્યુલા છે તેની ખબર નથી. આર્કિટેટ તો ભગવાન શ્રીજીમહારાજ છે. અનંત કોટિ બ્રહ્માંડમાં એનું ધાર્યું થાય છે. આવા છોકરાઓ ત્યાગી થાય એ મોટું આશ્ચર્ય છે, પરચો છે. સંસાર અસાર કરવો એ મોટું કાર્ય. આવા રેકોર્ડ તૂટ્યા ને મંદિર કરવું એ પણ શક્તિ બહારની વાત છે.'

આશીર્વાદનું આ અમૃત વરસાવી સ્વામીશ્રીએ આજની રાત્રે હીથ્રો ઍરપોર્ટની નિકટવર્તી હૉટલ રેનેસાંમાં ૯૦૪૭ ક્રમાંકના ઓરડે નિવાસ કર્યો. અહીંથી વિદાય લઈ તા. ૬/૧૧ની સવારે હવાઈ મથકે પહોંચેલા તેઓએ ૯:૧૯ વાગ્યે ભારત ભણી પ્રયાણ આદર્યું. આ સમયે તેઓની આ 'વિશ્વવિક્રમી' વિદેશયાત્રા સમયની દૃષ્ટિએ સમાપ્તિ તરફ, પરંતુ સ્મૃતિના સંદર્ભે શાશ્વતી તરફ સરકવા લાગી.

## આ મૂર્તિમાન વાત છે, સ્વપ્નું નથી

તા. ૬/૧૧ની રાત્રે ૧૦:૩૫ વાગ્યે દિલ્હીના ઍરપોર્ટ પર ઊતરેલા સ્વામીશ્રી તા. ૭/૧૧ની સવારે નિર્માણાધીન અક્ષરધામની ભૂમિ પર પધાર્યા. અત્રે આવતીકાલે યોજાનારા શિલાન્યાસ મહોત્સવની રજેરજ વિગત તપાસતા તેઓનાં ચરણ સભામંડપમાં પડ્યાં ત્યારે ત્યાં જમીન પર જાજમ બિછાવેલી, પરંતુ પ્રથમ પગલે જ પરિસ્થિતિને પૂરેપૂરી પામી-માપી લેવામાં કુશળ સ્વામીશ્રીએ એ જમીન પર પોતાનું ચરણ દબાવતાં આયોજક સંતને જણાવ્યું: 'આ ઊબડખાબડ છે. લોકોને આમાં બેસતાં ન ફાવે. સરખું કરજો.'

'રોલર ફેરવ્યું છતાં આવું રહી ગયું છે. હવે આપની આજ્ઞાથી ફરી પ્રયત્ન કરશું.'

'પ્રયત્ન નહીં, ભલા'દમી! બરોબર થવું જોઈએ.' આમ કહેતાં સ્વામીશ્રી એ સંતને જ જમીન પર બેસાડતાં બોલ્યા: 'કેવું લાગે છે? દોઢ કલાક બેસવાનું હોય એટલે ન ફાવે.'

એક તરફ હજારો વર્ષો સુધી ટકે એવા અક્ષરધામનો પાયો નાંખવા તૈયાર થયેલા સ્વામીશ્રીની નજરમાંથી દોઢ કલાકમાં જ પ્રલય પામનારું કાર્ય પણ ન છટક્યું! જો કાર્યકક્ષા અસાધારણ હોય અને માનવીમાત્ર સાથેનું

---

૨૫. ગિનિઝ બુકે આપેલા બહુમાનના સંદર્ભમાં.

તાદાત્મ્ય અસામાન્ય હોય તો જ આ સંભવે.

તેથી જ જ્યારે આવતીકાલે મંચ પર થનારી મહાપૂજાની સમજ આપતાં એક સંત બોલ્યા કે 'અહીં તો સામાન્ય વિધિ થવાની છે, મુખ્ય તો ગર્તમાં છે.'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'એવું તમે માનશો જ નહીં. ગમે તે પૂજન હોય, વિધિ કમ્પ્લીટ થવી જોઈએ. આ કોઈ સામાન્ય વિધિ છે? અક્ષરધામ બનાવવાનું છે!'

સ્વામીશ્રી પાસે ઊંચો ઉત્સાહ અને ઊંડું આયોજન – બંને મળે.

આ વિશેષતા સાથે તેઓ આજની સાંજે ગુજરાત વિહાર સોસાયટીના મેદાનમાં ભરાયેલી સભામાં બિરાજ્યા. તે વખતે ઉદ્‌ઘોષકની સેવા બજાવતા અક્ષરવત્સલદાસ સ્વામી અક્ષરધામના સંદર્ભમાં બોલ્યા: 'યોગીજી મહારાજનું સ્વપ્ન અને પરમ પૂજ્ય સ્વામીશ્રીનું પણ સ્વપ્ન કે...'

હજી તો આટલું કહેવાયું ત્યાં જ સ્વામીશ્રીએ સુધારો સૂચવ્યો કે 'આ સ્વપ્નું નથી, પ્રત્યક્ષ વાત છે. મૂર્તિમાન વાત છે. યોગીજી મહારાજને સ્વપ્નું આવ્યું ને વાત કરી એવું નથી. સ્વપ્નું ખોટું કહેવાય. મહારાજ મૂર્તિમાન આવ્યા ને જ્ઞાન આપ્યું છે, માટે સ્વપ્નું નથી, સાચી વાત છે.'

આ જ મુદ્દો સભા બાદ ભોજનવેળાએ પણ વાગોળતાં સ્વામીશ્રી બોલ્યા: 'યોગીજી મહારાજ મૂર્તિમાન દેખીને વાત કરે. તેઓ ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ દેખતા. તેને ઓછું અંધારું થયું ને આપણી ઘોડે (જેમ) સપનું આયું ને જતું રહ્યું? એટલે મૂર્તિમાન જ બધી વાત છે. સપનું કહેવાય જ નહીં.'

ગુરુના સંકલ્પ કે પ્રકલ્પમાં સ્વામીશ્રી લેશ ગૌણતા ન ચલાવતા.

તે જોઈ ઉત્સાહિત થયેલા શ્રી હર્ષદભાઈ રાણા બોલ્યા: 'બાપા! કાલે આખા ભારતમાં ડંકો વાગી જશે.'

'ભારતમાં નહીં, આખા વિશ્વની અંદર.' મોળપ વાઢતાં આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'જોગી મહારાજ બોલ્યા તે શબ્દ બોલવા. એકલું ભારત બોલીએ તો એમના શબ્દોની ન્યૂનતા થઈ જાય.'

ગુરુના શબ્દો અને શૈલીનું ગૌરવ યથાર્થ જાળવનારા હતા સ્વામીશ્રી.

## અક્ષરધામનો શકવર્તી શિલાન્યાસ

તા. ૮/૧૧/૨૦૦૦, વિ.સં. ૨૦૫૭, કાર્તિક સુદ બારસની સવારે

પોણા સાત વાગ્યે સ્વામીશ્રી નિર્માણાધીન અક્ષરધામની ભૂમિ પર નિત્યપૂજા કરવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ પવિત્ર તીર્થોનાં રજ-જળથી સભર ૧૦૧ તામ્ર કળશો શોભી રહેલા. આ તીર્થોદક અને તીર્થરજને સ્વામીશ્રીએ પૂજા બાદ ગુલાબપુષ્પોની પાંખડીઓથી વધાવ્યાં. તે પછી મંચની નીચે જમણી પાંખમાં ગોઠવેલી અક્ષરધામની પ્રતિકૃતિને પણ માંગલિક દ્રવ્યો વરસાવી પૂજતાં તેઓ અત્રે તૈયાર કરાયેલા કામચલાઉ આવાસમાં પધાર્યા.

અહીં બિરાજી તેઓએ અક્ષરધામના મધ્ય ગર્તમાં મુકાનારા નિધિ કુંભનું પૂજન-અર્ચન કર્યું. આ કળશમાં સ્વામીશ્રીએ શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજનાં અસ્થિપુષ્પો ધરાવતી નાજુક રજત મંજૂષા પણ પધરાવી. તેની સાથે નવ રત્નો અને ૧૦૧ પવિત્ર તીર્થોનાં રજ-જળનો પણ નિક્ષેપ કર્યો. આ સુવર્ણ કળશમાં જ સ્વામીશ્રીએ દેશ-વિદેશના અગ્રણી હરિભક્તો દ્વારા ૧૦૬ દેશોની ચલણી મુદ્રાઓ મુકાવી. ત્યારબાદ અક્ષરધામનો શિલાન્યાસ કરવા માંડવા તળે બાંધેલા મંચ પર પધારેલા તેઓએ ઉત્તરમુખે બિરાજી વૈદિક વિધિ અનુસાર મહાપૂજા કરી.

અહીંથી સ્વામીશ્રી ૨૧ X ૨૧ X ૧૫ ફૂટનું પરિમાણ ધરાવતા મુખ્ય ગર્તમાં પધાર્યા ત્યારે પૂર્વમુખે બિરાજેલા તેઓની પિછવાઈમાં હાથ લંબાવી લાક્ષણિક અદામાં શોભતા યોગીજી મહારાજ સહિત અક્ષરધામની પ્રતિકૃતિ વિલસી રહી. તે પર આજના અવસર સાથે સુસંગત યોગીજી મહારાજના હસ્તાક્ષર – *'મંદિર જમુનાજીને કાંઠે કરવું છે, શુભ સંકલ્પ છે'* ચમકતા હતા. આ સંકલ્પની સિદ્ધિનો શુભારંભ કરતાં સ્વામીશ્રીએ બરાબર ૧૦:૨૦ વાગ્યે ૨૭ X ૨૭ X ૯ ઇંચના પરિમાણ ધરાવતી ભદ્રા, અપરાજિતા, જયા, પૂર્ણા, સૌભાગિની વગેરે અષ્ટશિલાઓનું પૂજન શરૂ કર્યું. તેની સાથે તેઓએ સુવર્ણરસિત કુંભ તથા તામ્ર કુંભમાં રત્નો પધરાવ્યા બાદ નવ સુવર્ણરસિત શિલાઓને પણ નાડાછડી બાંધી પૂજી.

આ શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરી સ્વામીશ્રી ગર્તના મધ્ય બિંદુ પર કૂર્મ શિલાના પૂજન માટે એક સામાન્ય ખુરશી પર બિરાજ્યા. અહીં તેઓએ પંચામૃતની સાથે સૌભાગ્ય દ્રવ્ય તથા તીર્થોદકનાં પ્રોક્ષણ વગેરે દ્વારા મધ્ય શિલા, મધ્ય ગર્ત અને કુંભને પૂજી દેવતા-પૂજન પણ કર્યું. તે પછી સ્વામીશ્રીએ ૧૧:૦૫ વાગ્યાના શુભ મુહૂર્તમાં ગગનભેદી જયનાદો અને વૈદિક મંત્રોના મંગલ ધ્વનિ વચ્ચે મધ્ય ગર્તનો મુખ્ય નિધિ કુંભ કૂર્મની પીઠ પર સ્થાપિત કર્યો.

આ કુંભ પધરાવવાનો સ્વયં સ્વામીશ્રીને એટલો ઉમંગ હતો કે તેઓ પોતાના શરીરનું અનુસંધાન ભૂલી સંતુલન ગુમાવી બેસાય એટલી હદે જમીન તરફ સાવ ઝૂકી ગયા. નિધિ કુંભ ઉપરાંત તેઓએ અક્ષર-પુરુષોત્તમની રજતમુદ્રાઓ, રત્નો તથા વિવિધ દેશોના ચલણી સિક્કા ધરાવતો એક કલામંડિત રજત કુંભ પણ બાજુમાં મૂક્યો.

આ વિધિ દરમ્યાન સ્વામીશ્રીએ રાખેલી એક દરકાર ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે જીવનભરનું સંભારણું બની રહી. જ્યારે ચલણી નાણાંને કુંભમાં પધરાવવાની પ્રક્રિયા ચાલતી હતી ત્યારે સ્વામીશ્રીએ બ્રહ્મવિહારીદાસ સ્વામીને શ્રી મોદી પાસે મોકલતાં કહ્યું: 'તેઓના ખિસ્સામાં કોઈ રકમ નહીં હોય. માટે તેઓને હરિભક્ત દ્વારા સિક્કા અપાવો.'

આ સૂચના અનુસાર પેલા સંત શ્રી મોદી પાસે પહોંચ્યા ત્યારે આ મહાનુભાવ બે બાબતે ખૂબ આશ્ચર્ય પામ્યા. એક તો 'આટલી ભરચક મેદનીમાં દૂર બેઠેલા મારી ભાળ સ્વામીશ્રીએ કેવી રીતે કાઢી?!' અને બીજું, 'મારા ખિસ્સામાં કશું નથી તે સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા?!' સ્વામીશ્રીની આ આત્મીયતા અને અંતર્યામીપણું શ્રી મોદીના કાળજે આજીવન કોરાઈ ગયાં.

આ રીતે એકસાથે અનેકનો ખ્યાલ રાખતા સ્વામીશ્રીએ શિલારોપણના વિધિને અનુસરતાં વાસ્તુ દેવતા, શેષ નારાયણ અને કૂર્મ નારાયણની સુવર્ણ પ્રતિમાઓ પણ સ્થાપી. આ જ સમયે આઠેય દિશાઓની શિલાઓના સ્થાન પર ગળાયેલા ગર્તમાં નિધિ કુંભનાં સ્થાપન મહંત સ્વામી વગેરે વડીલ સંતોએ કર્યાં.

તેને અનુસરતાં સ્વામીશ્રીએ મધ્ય ગર્તમાં રજત ઇષ્ટિકા પધરાવીને અન્ય આઠ ઇષ્ટિકાઓ અગ્રણી યજમાનોના હસ્તે આ ગર્તમાં મુકાવી. ત્યારબાદ તેઓએ સુવર્ણના લેલા વડે સુવર્ણપાત્રમાંથી રેતી-સિમેન્ટ લઈ ગર્તનું ભરણ કર્યું. આ સમયે *'સ્થાપી અચળ ઈંટ અવિનાશીયે, જેજેકાર કરે છે જન ત્યાંય રે...'*નું વાતાવરણ જામી ગયું. તેની વચ્ચે સ્વામીશ્રીએ મહંત સ્વામી વગેરે સંતો તથા આગેવાન હરિભક્તોને બોલાવી તેઓના હાથે પણ રેતી-સિમેન્ટ ભરાવ્યાં.

ત્યારબાદ તેઓએ નિધિ કુંભના શીશ પર કૂર્મ શિલાનું આચ્છાદન કર્યું. આ વખતે અત્યંત વજનદાર એ કૂર્મ શિલાને ઊંચકતા સ્વયંસેવકોની સાથે સ્વામીશ્રીએ છેક સુધી પોતાના વરદહસ્તનો સ્પર્શ શિલાને આપ્યો. આ શિલા-સ્થાપન બાદ આરતી તેમ જ પુષ્પાંજલિનો વિધિ થયો. તે પછી

સ્વામીશ્રીએ સ્વયં કૂર્મ શિલા પર શ્રીફળ વધેર્યું ત્યારે અહીં ઉપસ્થિત ત્રણેક હજાર હરિભક્તો અને સો ઉપરાંત સંતોનાં મલકેલાં મુખ ગાઈ ઊઠ્યાં:

*'જેને હાથે પાયો નખાયો વિશ્વનો, તેને હાથે થયું આ મુહુરત ખાત રે;*
*થાશે મંદિર મોટું આ મહીતળે, આખા વિશ્વમાં તે થશે વિખ્યાત રે...'*

## संस्कृतिदूत के सर्जक

ભારતના ભાલપ્રદેશ પર કાલજયી કેસર તિલક સમા અક્ષરધામનો શિલાન્યાસ કરી ઉત્સવ-સભામાં જતાં પૂર્વે સ્વામીશ્રીએ કૂર્મ શિલાની બંને બાજુ આજના ઐતિહાસિક અવસરની ઓળખ આપતી ગ્રેનાઈટની ચાર ફૂટની તકતીઓ પણ પધરાવી. આ સમયે રેલાઈ રહેલી બેન્ડ અને શરણાઈની સુરાવલિઓથી દોરાતા તેઓ સભામંચ પર પધાર્યા ત્યારે હજારો ભાવિકોના સમુદાયે બુલંદ જયઘોષથી દિલ્હીનું દિલ ડોલાવ્યું.

તે જોઈ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે 'प्रमुखस्वामीजी ने साधु की परिभाषा को बदल दिया है। यह संस्थान को विकसित देखकर अंदाजा आता है कि स्वामीजी ने सभी को कैसे संगठित किया है! मैं संगठन का व्यक्ति हूँ। मुझे मालूम है लोगों को जोड़ना, मोड़ना कितना कठिन है और मोड़कर उसको महिमामंडित करके शिखर पर पहुँचाने का एक बहुत बड़ा सामर्थ्य प्रमुखस्वामीजी में है। पथ्थर को तराशकर कलाकार जो मूर्ति तैयार करता है वह निर्जीव क्यों न हो, लेकिन जब प्रमुखस्वामीजी का स्पर्श हो जाता है तब वह मूर्ति हिन्दुस्तान की कल्चरल एम्बेसेडर (संस्कृति दूत) बन जाती है। यहाँ निर्माण होनेवाले अक्षरधाम के बारे में मेरी भी कुछ सेवा हो गई है इसको मैं अपना बड़ा भाग्य समझता हूँ।'

મહાનુભાવોના ભાગ્યોદયની આ ઘડીએ ઈશ્વરચરણદાસ સ્વામીએ નિર્માણાધીન અક્ષરધામની રૂપરેખા આપી. તે પછી સભાને સંબોધતાં મહંત સ્વામીએ કહ્યું:

'आज इधर बैठे सबको आनंद है और स्वामीजी को आनंद है, किन्तु दोनों में फ़र्क है। स्वामीजी गुरुभक्त हैं। अपने गुरु योगीजी महाराज की इच्छा वे पूर्ण करने जा रहे हैं इसका उन्हें आनंद है। वे तो मानते ही नहीं कि 'मैं कर रहा हूँ; गुरु ही सब करते हैं।' ऐसा ही वे मानते हैं। समय ज्यों-ज्यों बीतता है, हमारा मान बढ़ता है; लेकिन निर्मानी स्वामीजी समय पसार होते

जाने पर अधिकतम निर्मानी होते जाते हैं। स्वामीजी के दर्शन करके हमारा नाप निकल जाता है। स्वामी सिर्फ़ पात्र बनकर बैठ गये हैं और उसमें रहकर भगवान ही काम कर रहे हैं। स्वामीजी को पहचानने में हम बड़े होते हुए भी बालक हैं।'

આ અવસરે સ્વામીશ્રીએ પણ આનંદભેર અમૃતધારા વરસાવી કે 'અહીં જે કોઈ આવશે એનું કલ્યાણ થશે. દુનિયાના નહીં, બ્રહ્માંડના લોકો લાભ લેશે. જોગી મહારાજનો સંકલ્પ જરૂર પૂરો થશે. મહારાજને પ્રાર્થના કે અક્ષરધામનું કામ જલદી પૂર્ણ થાય, ડંકો વાગી જાય, સર્વોપરી થઈ જાય.'

આ આશીર્વાદ આપી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે ત્રીસ એકરની આ ભૂમિ પર સ્વામીશ્રીની ૮૦ વર્ષની વયને અનુલક્ષી સુશોભનના સ્વરૂપે ગોઠવેલી ૮૦ ધર્મધજાઓ ઉમંગભેર લહેરાઈ રહેલી. જાણે નિર્માણાધીન અક્ષરધામની કીર્તિકથા ફેલાવી ન રહી હોય![૨૬]

## અભિમાન ધરે નહીં મનમાં

દિલ્હીની ડેલીએ ડંકા દઈને તા. ૧૨/૧૧ની રાત્રે મુંબઈ પહોંચેલા સ્વામીશ્રી તા. ૧૪/૧૧ના નમતા પહોરે મરીન ડ્રાઇવ પર આવેલા પારસી જિમખાનાના વિશાળ મેદાનમાં પધાર્યા. અહીં બૃહદ મુંબઈ ગુજરાતી સમાજે તેઓને 'ગુજરાત ગૌરવ' ઍવોર્ડ અર્પણ કરી ધન્યતા અનુભવી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી વિલાસરાવ દેશમુખ, મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ શ્રી અરુણભાઈ ગુજરાતી તથા ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી હેમરાજ શાહના હસ્તે એનાયત થયેલું આ બહુમાન સ્વીકારતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'આજે જે કંઈ આ સન્માન છે કે ગૌરવ છે એ ભગવાન સ્વામિનારાયણનું છે. અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું છે, કારણ કે ભગવાન સ્વામિનારાયણે યુ.પી.(ઉત્તરપ્રદેશ)માં જન્મ ધારણ કર્યો, પણ કર્મક્ષેત્ર ગુજરાત બનાવ્યું. ગુજરાતીમાં જ પોતાનું સાહિત્ય બધાને આપ્યું. એમના કવિઓ થયા એમણે પણ એવી રચનાઓ કરી ગુજરાતનું ગૌરવ

૨૬. દિલ્હીમાં સ્વામીશ્રીના વરદહસ્તે સંપન્ન થયેલા અક્ષરધામના શકવર્તી શિલાન્યાસના સાક્ષી બનવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

વધારેલું છે. એટલે ખરેખર તો આ ગૌરવ એમનું જ છે. આપણે એમને જ ખાસ વંદન કરીએ અને આ બધું એમને આપીએ.'

આ રીતે ગૌરવના ગઢ પર સ્વામીશ્રીએ ઈષ્ટદેવ અને ગુરુજનોને સ્થાપી દીધા અને સ્વયં તો તળેટીમાં જ રહ્યા.

આવા નમ્ર તેઓનાં દર્શને તા. ૧૫/૧૧ની રાત્રે વીડિયોકોન કંપનીના માલિક શ્રી વેણુગોપાલ ધૂત આવી પહોંચ્યા. આ ઉદ્યોગપતિએ પંચાંગ પ્રણામ કરી સ્વામીશ્રીનાં ચરણોમાં જ આસન જમાવતાં વિનંતી ઉચ્ચારી કે 'आप बड़ौदा जानेवाले हैं तो हमारे ही प्लेन की सेवा स्वीकार करना। स्वामीजी! आप तो भगवान हैं।'

'भगवान नहीं, सेवक हैं; भक्त हैं। भगवान तो मंदिर में बैठे हैं, हम तो उनके दास हैं।' સ્વામીશ્રી બોલ્યા.

## એક અલગ અને આગવો અનુભવ

તા. ૧૬/૧૧ની સવારે હેલિકોપ્ટર દ્વારા ભાયંદર પધારેલા સ્વામીશ્રી અહીંના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી આજની સાંજે મીરાં રોડના નિર્માણાધીન સંસ્કારધામનું નિરીક્ષણ કરવા જઈ પહોંચ્યા. અહીં શાંતિનગર હાઈસ્કૂલમાં ભરાયેલી જાહેર-સભાને પણ ધર્મલાભ આપી તેઓ દાદર પરત ફર્યા.

આ સઘળો કાર્યક્રમ સ્વામીશ્રીએ તાવતૂટતા શરીરે જ આટોપેલો, કારણ કે આજે બપોરથી જ તેઓના શરીરમાં ૧૦૦ ડિગ્રી તાવ ધખી રહેલો. ગળામાં ચેપ લાગતાં અવાજ પણ ઘેરો થઈ ગયેલો. છતાં નિશ્ચિત કાર્યક્રમને આંચ આવવા દીધા સિવાય સ્વામીશ્રી બધે ઘૂમી વળેલા.

તે જોઈ તબીબોએ વિનંતી કરી કે 'સ્વામી! આપને ૭૨ કલાક માટે આરામની ખાસ જરૂર છે. કમ્પ્લીટ (સંપૂર્ણ) આરામ જેવું કંઈ થાય કે નહીં?'

'આખી રાત કમ્પ્લીટ આરામ થાય છે.' હસતાં હસતાં સ્વામીશ્રી બોલ્યા.

મામલો અને માંદગી જેટલાં ગંભીર એટલા જ તેઓ હળવા રહેતા.

આ જ હળવાશથી સ્વામીશ્રી તા. ૨૦/૧૧ની સાયંસભામાં પધાર્યા ત્યારે અહીં મુંબઈમાં ચાલતા પસ્તી-સંકલન સંબંધી કાર્યક્રમ રજૂ થયો. તેમાં એકલે હાથે ૨૧-૨૧ ટન પસ્તી એકત્રિત કરનારા હરિભક્તોના દાખલા સાંભળી તથા કેટલાંક મંડળોએ ૧૩૫ ટન ઉપરાંત પસ્તી સંકલિત કર્યાની

વિગતો જાણી સ્વામીશ્રી આશીર્વાદ આપતાં બોલ્યા: 'તમારા બધાનો ઉત્સાહ જોઈએ છીએ તો ટ્રકેટ્રક ભરાઈને પસ્તી આવશે. ભગવાન ને સંતને અર્થે જો માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો શું ન થાય? એ લોયાનું ત્રીજું વચનામૃત આપ બધા સિદ્ધ કરી રહ્યા છો. એનાં નામ તો લખાઈ ગયાં છે, તેમ આપ બધાનાં નામ પણ મહારાજના ચોપડે લખાતાં જાય છે.'

આ રીતે ભક્તોનાં નામ ભગવાનના ચોપડે જમા થવાની વાત સંભળાવતા સ્વામીશ્રીનું નામ આજે બનેલી એક ઘટનાથી લાખોની જીભના ટેરવે રમતું થઈ ગયું.

વિગત એવી બનેલી કે આ અરસામાં N-R-Eyes ટી.વી. શ્રેણી દ્વારા વિવિધ ક્ષેત્રે ખ્યાતનામ ભારતીયોના ઇન્ટરવ્યૂ પ્રસારિત થઈ રહેલા. તે ક્રમમાં આજે તા. ૨૦/૧૧ના રોજ વિશ્વવિખ્યાત હાર્ટ સર્જન ડૉ. વી. એ. સુબ્રહ્મણ્યમ્‌નો ઇન્ટરવ્યૂ રજૂ થયો, તેમાં પોતાની કુશળતા અને કર્મઠતાને કારણે 'સુપરમેન' તરીકે ઓળખાતા આ તબીબને ઝી ટી.વી.ના સંવાદદાતાએ પૂછ્યું કે 'તમે જ્યારે કોઈ વ્યક્તિના હૃદય પર શસ્ત્રક્રિયા કરી રહ્યા હો ત્યારે તમારા મનમાં કેવા વિચારો રમતા હોય છે? તમે કેવી લાગણી સાથે ઑપરેશનમાં ભળો છો?'

આ પ્રશ્નનો ખુલાસો કરતાં આશરે ૨૦,૦૦૦ બાયપાસ સર્જરીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા ડૉ. સુબ્રહ્મણ્યમ્ બોલ્યા:

'હું તમને એક જ વાત કહું. એક ચોક્કસ પ્રસંગ કે જ્યારે બે વર્ષ પૂર્વે બી.એ.પી.એસ.ના વડા પ્રમુખસ્વામીજીની બાયપાસ સર્જરી મેં કરી ત્યારે મને કંઈક અલગ જ અનુભૂતિ થયેલી. જ્યારે મેં તેઓના હૃદયનો સ્પર્શ કર્યો ત્યારે ઑપરેશન થિયેટરમાં કોઈ દિવ્યતા અવતરી રહી હોય એવો મને અનુભવ થયો. તે સિવાયનાં ઑપરેશનોમાં સર્વ સામાન્યપણે 'હું અહીં મદદ માટે છું' એવી લાગણી રહ્યા કરે છે.'

એક જગપ્રસિદ્ધ તબીબનો આ અનુભવ આજે દુનિયાભરમાં ફેલાઈ જતાં ચારેકોર સ્વામીશ્રીની દિવ્યતાનું મોજું ફરી વળ્યું.

## બ્રહ્માંડ રહે ત્યાં સુધી સત્સંગ કરાવવો છે

તા. ૨૨/૧૧ની સવારે નવી મુંબઈના ઉપનગર નેરુલના મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રીએ આજની સાંજે સહારા લેક સિટીને પાવન કર્યું. મુંબઈથી આશરે સવાસો કિ.મી. દૂર આવેલું આ શાંત

સ્થાન પર્વત-પવનથી પ્રાકૃતિક અને વન-ઉપવનથી રમણીય હતું.

અહીં સંત સંમેલનનો મુખ્ય હેતુ લઈને પધારેલા સ્વામીશ્રીએ તા. ૨૩/૧૧ની સવારે સહારા કંપનીની જ નાની બસમાં બિરાજી આ સંકુલની વિવિધ જગ્યાઓ પર અમીદૃષ્ટિ વેરી. ત્યારબાદ ઉતારે પધારેલા તેઓ અત્રે ઠાકોરજીને થાળ ધરાવાતો જોઈ તે તરફ સરક્યા અને ત્યાં પલાંઠી જમાવી તેઓએ ત્રણ થાળ ગાયા.

આ રીતે પોતાની ભક્તિની તરસ છિપાવનારા સ્વામીશ્રીએ આજની સાંજે જ્ઞાનામૃત વરસાવી સંતોને તૃપ્ત કરતાં કહ્યું :

"આપણે મુમુક્ષુ છીએ ને ભગવાન ભજવા આવ્યા છીએ એ વિચાર પહેલો રાખવો. પદાર્થ માટે કે બીજાને સત્સંગ કરાવવા આવ્યા નથી. ભલે સત્સંગ થોડો થાય, પણ આપણી સાધુતા ને એકાંતિક ધર્મમાં ખામી આવે એવા પદાર્થ ને કુસંગથી તો અળગા રહેવું જ પડે. ટી.વી., વીડિયો, ફેક્સ, ઈમેલ એ બધી વસ્તુ સાધુના જીવનમાં વિઘ્નરૂપ છે એ સમજી લેજો. આની અંદર સો ટકા કુસંગ છે. સવાસો કહો તોય ચાલે. મને તો એની એલર્જી છે જ એ તમે જાણો છો, કારણ કે એમાં મને સાધુતામાં દૂષણ લાગે છે. પછી મેં આ બાબતે ઊંડા ઊતરવા વિચાર કર્યો ને એક-બે જણને પૂછ્યું તો એમણેય કહ્યું કે આમાં દૂષણ છે. માટે એને અડવું જ નહીં. એ ઝેર છે. એને મૂકી જ દેવાનું. એ બીજા છોકરાં કરે. આપણે કોઈ દિવસ આ માર્ગે જવું જ નથી, તો સુખી રહેવાય.

અત્યારે સત્સંગ વધારવો છે એટલે દરેકને થાય કે 'આ સાધન જોઈએ', પણ આપણી સાધુતાને દૂષણ આવે એ તો ન જ જોઈએ ને ! બ્રહ્માંડ રહે ત્યાં સુધી આ સત્સંગ કરાવવો છે, પણ આ આપણું અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન ટકશે ક્યારે ? આપણે જ પાછા પડી જઈએ તો કોને કહીશું ? ભગવાનને સર્વ કર્તા-હર્તા જાણીને, દાસ થઈને સત્સંગ કરવો. સાવ જડ હોય તોય એમ જાણવું કે 'એ મારા કરતાં વધારે જાણે છે ને હું નથી જાણતો', તો આપણું મન પાછું વળી જાય. આપણી મહત્તા દેખાડવા બીજાનું ગૌણ કરીને વાત કરીએ એવું તો કરવું જ નહીં. નવરા હોઈએ તો પુસ્તક લઈને બેસવું, માળા લઈને બેસો. જીવનચરિત્રો, વચનામૃત, નિષ્કુળાનંદ કાવ્યના શબ્દો વાંચો તો સાધુતાની બાબતમાં કેટલું લખ્યું છે ! આપણી આજ્ઞા-ઉપાસના ભંગ થાય એવું ન વાંચવું.

આપણે ત્યાં એક મહાત્મા હતા. એ વાત કરતા કે 'ફલાણા આશ્રમમાં

વ્યવસ્થા સારી છે, શિસ્ત બહુ સારી છે'; પણ શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'જોગી મહારાજ જેવા સંત અનંત કોટિ બ્રહ્માંડમાં નથી.' કેટલી મોટી વાત આપણને મળી છે! એનો વિચાર મુખ્ય રાખવો. તેની સાથે એક નિયમ તો રાખવો જ કે 'દરરોજ મારે સ્વામીનું જીવનચરિત્ર વાંચવું છે.' પાંચ પાનાં તો વાંચવાં જ છે."

## કોઈના પ્રત્યે અણગમો આવતો નથી

તા. ૨૪/૧૧ની સવારે પર્વતમાળાની પાર્શ્વભૂ, રંગબેરંગી ફૂલોની ક્યારીઓ, હવાના હેલે ઝૂલતી ડાળીઓ, પર્ણોના મર્મર ધ્વનિ, પંખીઓના કલરવ, ઊગતા ભાણની કેસરી આભા અને મંદ-મધુર પવનની શીતળતાથી સહારા સિટીનું વાતાવરણ આહ્‌લાદક અનુભવાતું હતું. તેની વચ્ચે ઉતારાના ઉદ્યાનમાં સંપન્ન થયેલી સ્વામીશ્રીની પ્રાતઃપૂજા બાદ સંમેલનનું સત્ર શરૂ થયું.

તેમાં સંતોએ પૂછ્યું કે 'બાપા! યોગીજી મહારાજના ધામગમન બાદ અત્યાર સુધી આપની આગળ સંતો-ભક્તોની અણસમજના, દોષના પ્રશ્નોનો ધોધ આવ્યો હશે. છતાં આપમાં એક કરુણા જોવા મળી છે, તો આપે એવી કઈ દૃષ્ટિ રાખી છે એ જણાવશો?'

'શાસ્ત્રીજી મહારાજ રાજી થાય એમ જ કરવું – એવા ઘેરથી શબ્દો પડ્યા હતા એટલે એવો જ વિચાર રહેતો. પછી કોઈનો અભાવેય નથી આવ્યો ને રાગ-દ્વેષેય નથી થયો, કારણ કે એક શાસ્ત્રીજી મહારાજ સામું નિશાન પૂરેપૂરું રાખેલું કે સ્વામી કહે એમ કરવું.' પોતાની અસ્ખલિત અનુકંપાનું આ રહસ્ય ખોલતાં સ્વામીશ્રીએ ઉમેર્યું:

'શાસ્ત્રીજી મહારાજ ઠંડે કલેજે સંતો-હરિભક્તો પ્રત્યે અરુચિ રાખ્યા વિના કામ કરતા. જોગી મહારાજમાં પણ જોયું કે કોઈ દિવસ કંટાળો નહીં. એટલે આપણનેય થયું કે હરિભક્તો આવે તો એની વાતચીત સાંભળી એને સંતોષ આપવો. બધા મુમુક્ષુ છે ને ભગવાનને રાજી કરવા આવ્યા છે, એટલે પ્રશ્નો તો બધા હોય પણ એનું ભગવાનની ઇચ્છાથી આવડે એવું સમાધાન આપવું, પણ એ સત્સંગમાં ટકી જાય એ અગત્યનું છે. એટલે મને પણ કંટાળો નથી આવતો.

એનો એ જ પ્રશ્ન ચાર વાર પૂછે પણ જાણીએ કે એને જીવમાં ઉકળાટ હોય, એ કહી નાંખે તો શાંતિ થઈ જાય. ભલે પછી એ માટે ભીડો પડે, પણ

ભીડા કરતાં આ મોટી ભક્તિ છે. એ વિચાર હંમેશાં છે ને શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજની કૃપા ને આશીર્વાદ છે. એટલે કોઈ દિવસ મનમાં કોઈના પ્રત્યે અણગમો આવતો નથી. ભલે આજે નહીં તો મોડો સમજશે. ભીડાભક્તિમાં બધાને લીધા છે તો સૌનું સારું થવાનું છે. એવો એક વિચાર રાખીને કરીએ છીએ એટલે ચાલે છે, આનંદ છે.'

સ્વામીશ્રીની સમજણનું સ્તર દરિયાથીયે ઊંડું અને પર્વતથીયે ઊંચું હતું. તે પર ગોઠવાયેલું તેઓનું ૯૫ વર્ષનું કંટાળામુક્ત અને અણગમાથી રહિત જીવન આજેય એક અજાયબી જેવું બની રહ્યું છે.

## સમતાની સડકે

તા. ૨૪/૧૧ની સાંજે સહારા કંપનીના જ હેલિકોપ્ટર દ્વારા મુંબઈ આવવા નીકળેલા સ્વામીશ્રી દાદરના સમીપવર્તી વડાલાના હેલિપેડ પર ઊતરવાના હતા. અહીંથી તેઓને મંદિર સુધી લઈ જવા માટે ભક્તોએ સુશોભિત મર્સીડીઝ ગાડી તૈયાર રાખેલી, પરંતુ પાંચ વાગ્યે આવનારું હેલિકોપ્ટર સાડા પાંચ વાગ્યા સુધી ન આવતાં સૌ ચર્ચાના ચકડોળે ઘૂમવા લાગ્યા. તે જ વખતે સમાચાર આવ્યા કે 'હેલિકોપ્ટરે જુહૂના હેલિપેડ પર ઉતરાણ કર્યું છે.'

પરસ્પરનો સંપર્ક સાધવામાં થયેલી ક્ષતિને કારણે સર્જાયેલી આ ગરબડે સ્વામીશ્રીની હાલાકી વધારી મૂકી, કારણ કે વડાલામાં તૈયાર કરેલી ગાડી તાત્કાલિક ધોરણે જુહૂ પહોંચાડી શકાય તેમ નહોતી. વળી, જુહૂ વિસ્તારના સત્સંગીઓ સ્વામીશ્રીનો લાભ લેવા મંદિરે આવી ગયા હોવાથી ભક્તોની ગાડીઓ પણ ઉપલબ્ધ ન થઈ. છેવટે ત્યાં ઊભેલી સહારા કંપનીની એક સાદી સફેદ મારુતિ વાનમાં સ્વામીશ્રીને બેસાડવા પડ્યા. તે ગાડીનું પૈડું ફર્યું ત્યારે ખબર પડી કે મોટરનું એ.સી. બંધ છે. તેથી સાંજના ભરચક ટ્રાફિકમાં ધૂપ અને ધુમાડાનો ઉપદ્રવ સહેતાં સ્વામીશ્રીની મુસાફરી થઈ. અધૂરામાં પૂરું, ગાડીમાં બળતણ પુરાવવાની જરૂરિયાત જણાતાં તેને પેટ્રોલપંપે ઊભી રાખવી પડી. તે પછી પોતાની આગવી ગતિએ એ વાન દાદર ભણી અગ્રેસર થઈ.

અહીં મંદિર આગળના ચોકમાં તો સ્વામીશ્રીનાં દર્શને ભારે ભીડ જામેલી. સૌની આંખો સફેદ મર્સીડીઝની પ્રતીક્ષામાં હતી ત્યાં જ સવા છ વાગ્યે સફેદ વાન આવીને મંદિરના ઝાંપે ઊભી રહી. તે જોઈ ઘણાએ 'તેમાં અન્ય કોઈ આવ્યું હશે' તેમ ધારી વિશેષ લક્ષ્ય ન દીધું. પરંતુ એ ખખડધજ

વાહનની આગલી બેઠક પરથી સ્વામીશ્રી નીચે ઊતર્યા ત્યારે સૌની આંખો કપાળે ચઢી ગઈ! આ સમયે સૌના ચહેરા પર વ્યથા અને વિસ્મયના ભાવ એકસાથે ઊપસી આવ્યા, પણ સ્વામીશ્રીના મુખારવિંદે તો તેની એ જ કાયમી ફૂલગુલાબી પ્રસન્નતા ટકાવી રાખેલી.

તેને સૌ પર વરસાવતા સ્વામીશ્રી ન કેવળ મંદિરમાં, પરંતુ સૌના હૃદયમાં પણ પ્રવેશી ગયા!

## અતિ કૃપાળુ કૃપાભંડાર

મુંબઈ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૫/૧૧ની સાયંસભામાં કિશોરોએ 'સ્વામી મારા છો તમે, મને તમારા થાવું ગમે' વિષયક કાર્યક્રમ અસરકારક રીતે રજૂ કર્યો. આ પ્રસ્તુતિના અંતે આશીર્વાદ લેવા દોડી આવેલા કિશોરો પૈકીનો એક પૂછી બેઠો: 'બાપા! આપને કાર્યક્રમ કેવો લાગ્યો?'

'બહુ સરસ! સર્વોપરી! હું ક્યારેય ભૂલી નહીં શકું! કાયમ યાદ રહેશે.'

સ્વામીશ્રીના આ ઉદ્‌ગારમાંથી ઊમટેલા પ્રોત્સાહનના પૂરમાં કિશોરો ગરક થઈ ગયા.

આ જ રીતે તા. ૨૬/૧૧ના રોજ સમગ્ર મુંબઈને તરબોળ કરતી સ્વામીશ્રીની સમતા, મમતા અને ઉદારતાની ત્રિવેણી રચાઈ રહી. આ દિવસની સવારે સ્વામીશ્રીએ અહીંની સંસ્થા-સંચાલિત આંખની હૉસ્પિટલના કાર્યવાહકોને પોતાનો નિર્ણય જણાવ્યો કે 'હૉસ્પિટલમાં હરિભક્તોને ખર્ચમાં ૫૦%ની રાહત આપવી. ગરીબ કે જરૂરિયાતવાળાની મફતમાં સારવાર કરવી.'

આ જાહેરાત આજે સવારે યોજાયેલી સભામાં થઈ ત્યારે સૌ સત્સંગીઓ સ્વામીશ્રીની કરુણાવર્ષાથી ભીંજાઈ રહ્યા.

આ સંદર્ભમાં જ આજે બપોરે એક તબીબે કહ્યું: 'બાપા! આપે મુંબઈને સુખી કરી દીધું.'

'હા, પણ હવે તમે ડૉક્ટરો ધ્યાન રાખજો. ગરીબ અને જરૂરિયાતવાળા માણસો આવે તો મફતિયું સમજીને જેમ-તેમ સારવાર ન કરતા. જેવી સારા માણસોની સારવાર કરો છો, એવી જ સામાન્ય, ગરીબ માણસોની પણ સારવાર કરજો.'

શુદ્ધ સમાજસેવાની આ શીખ આપી સ્વામીશ્રી આજની રાત્રે વડોદરા થઈને આણંદ આવી પહોંચ્યા.

## દિલની વાત સમજતાં શીખો

સ્વામીશ્રીની આણંદમાં પધરામણીના અવસરે આ આખું શહેર નૂતન મંદિરની પ્રતિષ્ઠા અને સ્વામીશ્રીના ૮૦મા જન્મોત્સવની ઉજવણીના આનંદમાં ડૂબેલું હતું. નગરની શેરીએ-શેરીએ ઊછળતી આ ઊર્મિઓથી શહેરનો ટાઉન હૉલ તો સતત ગાજતો રહેલો. સ્વામીશ્રીની જન્મજયંતી નિમિત્તે સંસ્થા દ્વારા નવીનીકરણ પામનારા આ સભાગૃહમાં દિવસના ચાર શો લેખે રજૂ થતી સ્વામીશ્રીનાં જીવન-કાર્ય આધારિત નૃત્યનાટિકા 'સંત પરમ હિતકારી'એ જબ્બર આકર્ષણ જમાવેલું. ૬૫ શાળાના ૧,૦૦૦ શિક્ષકો અને ૪૦,૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ આ અમર જીવનગાથા નિહાળવાનો લાભ લઈ ચૂકેલા.

આ કાર્યક્રમની ઝલક તા. ૨૭/૧૧ની સવારે સ્વામીશ્રી સમક્ષ પણ રજૂ કરવામાં આવી. તેને અનુસરતાં સ્વામીશ્રીની નિશ્રામાં તા. ૨૯/૧૧ની સવારે 'સ્વામિનારાયણ વિદ્યાપીઠ'નો વાસ્તુ હોમ સંપન્ન થયો.

વળી, આ જ દિવસની સાંજે મંદિર-નિર્માણના સહાયકોની સન્માન-સભા અને ૧૨,૦૦૦ સ્વયંસેવકોની ખાસ સભા 'સ્વામિનારાયણ નગર'માં યોજાઈ. હાલ આણંદ અને વિદ્યાનગરની મધ્યમાં વસેલા અક્ષર ફાર્મ અને તેની આસપાસ વસેલી ભૂમિ પર આ ઉત્સવ-સ્થળ ખડું થયેલું. તેમાં આયોજિત આજની સભામાં એક પછી એક કાર્યક્રમોની સાંકળ ગૂંથાઈ રહેલી. તેની વચ્ચે વ્યવસ્થાપક સંત સ્વામીશ્રીને કહેવા ગયા કે 'આજે આપનાં સમીપ દર્શનનો કાર્યક્રમ ન રાખવો એમ સૌએ મીટિંગમાં નક્કી કર્યું છે અને નિર્દેશકોનો પણ આ જ મત છે.'

'ભલે, તમે નક્કી કર્યું એટલે અમે એમ કરશું, પણ બધાનાં દિલની વાત સમજતાં શીખો.'

સ્વામીશ્રીના મુખમાંથી ઉદ્ગાર નહીં, પણ સ્વયંસેવકો પ્રત્યેનો સ્નેહ સરી પડ્યો. તેઓ દિમાગથી વિચારતા અને દિલથી સમજતા નેતા હતા.

## પ્યોર અને પરફેક્ટ

આણંદના આંગણે તા. ૩૦/૧૧થી પ્રારંભ પામેલા પંચદિવસીય પ્રતિષ્ઠા-જયંતી મહોત્સવમાં આજના પ્રથમ દિને જ ૨૧ પાર્ષદોએ ભાગવતી દીક્ષા અને બે યુવાનોએ પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી સ્વામીશ્રીનાં ચરણે ભક્તિ-

અર્ઘ્ય ધરી દીધું. આ નવદીક્ષિતોને આજની પ્રાસંગિક સભામાં પધારેલા આણંદ-સ્થિત રામજી મંદિરના મહંત પૂજ્ય ભગવાનદાસજી મહારાજ, ઓમકારેશ્વર મહાદેવના મહંત પૂજ્ય માધવતીર્થ સ્વામી, જાગનાથ મહાદેવના મહંત પૂજ્ય રમેશપુરીજી તથા ઉમરેઠ-સ્થિત સંતરામ મંદિરના મહંત પૂજ્ય ગણેશજી મહારાજ વગેરેએ શુભેચ્છા પાઠવી.

આ જ રીતે આજની સાયંસભામાં આણંદની નગરપાલિકાએ સ્વામીશ્રીને 'સંતસમ્રાટ' તરીકે ઘોષિત કરી કલામંડિત સન્માનપત્ર ભેટ ધર્યું; પરંતુ તે સ્વીકારતાં સ્વામીશ્રી ઉચ્ચર્યા : 'આ સન્માન મારું નહીં, પણ શ્રીજીમહારાજ, યોગીજી મહારાજનું થઈ રહ્યું છે; જેમણે આ સેવાની તક આપી છે.'

આ દાસભાવ સાથે જ તેઓ તા. ૧/૧૨ની સવારે પ્રાતઃપૂજા કરવા 'નગર'માં પધાર્યા ત્યારે ડૉક્ટર સ્વામી તેઓની જોશીલી વાણીમાં કહી રહેલા કે 'પ્રમુખસ્વામી મહારાજ પ્યોર (પવિત્ર) છે...'

આ સાંભળી મંચના છેડે ચંપલ કાઢતાં સ્વામીશ્રી બોલ્યા : 'હા, પ્યોર છે.'

આવા પવિત્ર મહાપુરુષના વરદહસ્તે આજની સવારે યજ્ઞની પાવક જ્વાળાઓ પ્રગટી ગઈ. પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા આ પ્રસંગે યજ્ઞશાળામાં ૧૦૫ X ૧૦ ફૂટના મંચ પર આણંદના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની સાથે ભાલેજ, કણજરી, મોગરી, ગાડા, રાસ, કોસિન્દ્રા, ડભાસી, માલુ તથા જેસરવા ગામનાં મંદિરોમાં બિરાજમાન થનારી મૂર્તિઓ પણ મૂકવામાં આવેલી. તેથી આશરે ૪૦ જેટલી મૂર્તિઓ એક સળંગ હારમાં શોભી રહેલી.

પરંતુ તે જોઈ આસન પર બેસતાં જ સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતોને સૂચના આપી કે '(આણંદ મંદિરના) હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ લક્ષ્મી-નારાયણની મૂર્તિ કરતાં ઊંચાઈમાં નાની છે. એટલે સિંહાસનમાં પધરાવતી વખતે પાટલી ઊંચી રાખે, જેથી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ લેવલમાં આવે. અડધો ઇંચ ઊંચી રહે, પણ નીચી ન રહેવી જોઈએ. સમજ પડે છે ને ?!'

એકસાથે ચાલીસેક મૂર્તિઓને નિહાળ્યા બાદ ક્ષણવારમાં જ આવેલી સ્વામીશ્રીની આ સલાહ સમજાવી ગઈ કે 'પ્રમુખસ્વામી મહારાજ જેટલા પ્યોર છે એટલા જ પરફેક્ટ પણ છે !'

આ પવિત્રતા અને ચોકસાઈ સાથે સ્વામીશ્રીએ સઘળી મૂર્તિઓનું પૂજન-અર્ચન કર્યું. તે સાથે આરંભાયેલા મહાયાગમાં ૧૬૪ કુંડની ફરતે બેઠેલા ૧,૪૬૦ યજમાનો યજ્ઞનારાયણને આહુતિ આપવા લાગ્યા.

## સાર્વત્રિક અને સાર્વજનિક સ્નેહ

યજ્ઞશાળામાંથી વિદાય લઈ વિદ્યાનગરના છાત્રાલયે પધારેલા સ્વામીશ્રીને મળવા ચિખોદરાના સમાજસેવી ડૉ. દોશી આવી પહોંચ્યા. આ વયોવૃદ્ધ મુરબ્બી માટે સ્વામીશ્રીએ ખુરશી રખાવેલી, પણ સ્વામીશ્રીનાં ચરણોમાં જ પલાંઠી વાળતાં આ તબીબે કહ્યું : 'આપની ૮૦મી જયંતી નિમિત્તે મારે આપ કહો ત્યાં આઠ નેત્રયજ્ઞ કરવા છે. દવાઓ અને ડૉક્ટરો અમારા રહેશે. આપ આટલું બધું કરો છો તો અમારે આટલું તો કરવું જોઈએ ને !'

'તમારી સેવા તો છે જ ! આખી જિંદગી તમે કર્યું છે. તમારી સેવા તો મારે કરવી જોઈએ.'

સ્વામીશ્રીની આ ભાવનાએ ડૉ. દોશીને ગદ્‌ગદ બનાવી મૂક્યા.

આવી જ સ્થિતિ આજની સાંજે ગુજરાત વિદ્યુત ખાતાના કમિશનર શ્રી ઠુમરીની પણ થઈ રહી. આ અમલદાર વિદેશ જઈ રહેલા પોતાના દીકરાના માથે સ્વામીશ્રીના હાથ મુકાવવા અમદાવાદથી અહીં દોડી આવેલા. તેઓનો આ દાખડો સુફળ કરતાં સ્વામીશ્રીએ તેઓના પુત્રને આશીર્વાદ તો આપ્યા, પણ તેની સાથે શ્રી ઠુમરીને પણ અડદિયા અને મોહનથાળ ભરેલું બૉક્સ આપતાં કહ્યું : 'પારણાંમાં આ જમજો. ઠાકોરજીનો પ્રસાદ છે. આજનાં પારણાં અમારા તરફથી.'

સ્વામીશ્રીનો આ પ્રેમ અને પ્રસાદ પામી એ અધિકારી ચકિત થઈ ગયા. તેઓ આજની રાત્રે પાંચમા રોજાનાં પારણાં કરવાના છે એ વિગત ઔપચારિક વાર્તાલાપમાંથી જાણી ગયેલા સ્વામીશ્રીએ ક્ષણવારમાં જ પારણાંની વ્યવસ્થારૂપે પ્રસાદ મંગાવેલો. તેઓની આ ખેવના જોઈ ખુદાના એ બંદાની આંખોમાં હર્ષાશ્રુ ધસી આવ્યાં !

આ જ રીતે અત્યારે ચાલી રહેલા ઉત્સવમાં જે.સી.બી. મશીન ચલાવનારા એક સામાન્ય મુસ્લિમ ડ્રાઇવરને પણ રોજાનાં પારણાં નિમિત્તે મિષ્ટાન્ન જમાડવાની સૂચના સ્વામીશ્રીએ સંતોને આપેલી. કમિશનર જેટલો જ કામગારને પણ આદર !

સૌના ભીતરને ભીંજવતો સ્વામીશ્રીનો સ્નેહ ચાંદ-સૂરજના તેજ જેવો સાર્વત્રિક અને સાર્વજનિક હતો.

તેથી જ આજે સાંજે આણંદના રાજમાર્ગો પર નીકળેલી નગરયાત્રાનાં

ઓવારણાં શહેરના તમામ વર્ગ-વર્ણના લોકોએ લીધાં. સ્વામીશ્રીએ પણ નવનિર્મિત મંદિરની અગાશીમાં બિરાજી આ શોભાયાત્રા પર અમીદૃષ્ટિ ઢોળી.

## આણંદમાં મૂર્તિપ્રતિષ્ઠાનો આનંદ

તા. ૨/૧૨ની સવારે સ્વામીશ્રીએ ભારતના ગૃહપ્રધાન શ્રી એલ. કે. અડવાણીના હસ્તે કન્યાઓ માટેના નિવાસી શાળાસંકુલ 'સ્વામિનારાયણ વિદ્યાપીઠ'નું ઉદ્‌ઘાટન કરાવી સમાજને નૂતન ભેટ ધરી. વલાસણ ગામની સીમમાં ૫૦ એકરની ભૂમિ પર વિસ્તરેલા આ વિદ્યામંદિરમાં પ્રાચીન મૂલ્યો અને અર્વાચીન કેળવણીનો અદ્‌ભુત સુમેળ જોઈ ગૃહમંત્રી ખૂબ પ્રભાવિત થયા. આવી જ લાગણી આ અવસરે ઉપસ્થિત રાજ્યના શિક્ષણ મંત્રી, ખાણ-ખનીજ મંત્રી વગેરે મહાનુભાવો પણ અનુભવી રહ્યા.

આ મહાનુભાવોએ જ્યારે જાણ્યું કે સ્વામીશ્રીના જન્મોત્સવ નિમિત્તે આણંદ તાલુકાની ૨૦ શાળાઓને પણ સંપૂર્ણ સુવિધાસજ્જ કરવાની જવાબદારી સંસ્થાએ ઉઠાવી છે, ત્યારે સૌ વિશેષ આનંદ પામ્યા. તેને વ્યક્ત કરતાં શ્રી અડવાણી 'નગર'ના સભાગૃહમાં જનમેદનીને સંબોધતાં બોલ્યા :

''દેશને આગળ લાવવા શું જરૂરી છે તે પ્રમુખસ્વામી મહારાજ સારી રીતે જાણે છે. ગાંધીજી કહેતા કે 'એક બાળકને ભણાવવાથી એક વ્યક્તિને શિક્ષણ પહોંચે છે, પણ એક બાલિકાને શિક્ષિત કરવાથી એક પરિવારને કેળવણી મળે છે.' આવું મહત્ત્વપૂર્ણ કાર્ય સ્વામીશ્રી દ્વારા અહીં થઈ રહ્યું છે.''

આ મહત્ત્વપૂર્ણ કાર્યનો ઘોષ હજી તો શમ્યો નહોતો ત્યાં તા. ૩/૧૨ની સવારે સ્વામીશ્રીના અન્ય એક મહાન કાર્યના દુંદુભિ ગગડી ઊઠ્યા. જે સ્થાનમાં બિરાજી શાસ્ત્રીજી મહારાજે બોચાસણ ખાતે નિર્માણ પામનારા સંસ્થાના પ્રથમ મંદિરનો ખરડો કરેલો એ આણંદમાં સ્વામીશ્રી આજે ઉપાસનાનું ઉત્તુંગ શિખર ચઢાવી રહેલા. ગોયા તળાવના કિનારે ૨૨,૨૯૦ ચો.ફૂ. જમીન પર ખડું થયેલું ૧૦૪ x ૭૫ x ૬૫.૯ ફૂટનું પરિમાણ ધરાવતું ત્રિશિખરીય મંદિર ૩૦ કલાત્મક સ્તંભ, ૮ ઘુમ્મટ-ઘુમ્મટીઓ, ૪ ઝરૂખા, ૩૨ તોરણ વગેરેથી અલંકૃત હતું.

તેના કાંગરે-કાંગરે તળ આણંદ અને ચરોતરવાસી બાઈ-ભાઈ ભક્તોનાં સેવા-સમર્પણ ઝળકતાં હતાં. ભગવત્ચરણદાસ સ્વામી તથા અન્ય સ્થાનિક સંતોની જહેમતથી ખડા થયેલા આ મંદિરમાં આજની સવારે વૈદિક

વિધિપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવતાં સ્વામીશ્રીએ ૧૦:૨૭ વાગ્યે પ્રથમ આરતી ઉતારી. તે સાથે જ શાસ્ત્રીજી મહારાજ અને તેઓ માટે માથું આપનારા આણંદના શૂરવીર ભક્તોને ઉચિત અંજલિ અપાઈ રહી. 'ચારુતર' જાણે 'ચારુતમ' બની રહ્યું !

સ્વામીશ્રીના આ કાર્યને વધાવવા આજે રાજ્યના ઉદ્યોગ મંત્રી, પાણી-પુરવઠા મંત્રી વગેરે ઘણા નામાંકિતો ઉપસ્થિત હતા. તેઓ સહિત હજારો હરિભક્તોને આશીર્વાદ આપી સ્વામીશ્રીએ કૃતાર્થ કર્યા.

## ૮૦મો જન્મજયંતી મહોત્સવ

તા. ૪/૧૨ની સવારે સ્વામીશ્રી વિદ્યાનગરના છાત્રાલયથી આણંદ મંદિરે જવા નીકળ્યા ત્યારે તે સમગ્ર માર્ગ વીજદીપકોના ઝળહળાટથી ઓપતો હતો. વિદ્યાનગરના વિશ્વકર્મા ભાઈકાકાના સ્ટેચ્યૂથી મંદિર સુધી પ્રસરેલી આ રોશનીની સાથે આજે હજારોની મેદની પણ સ્વામીશ્રીને તેઓના ૮૦મા જન્મોત્સવે વધાવી રહી. આ વધામણી ઝીલતા સ્વામીશ્રીએ 'નગર'માં પ્રાત:પૂજા પૂર્ણ કરી ખેડા જિલ્લાના તમામ સંતોને મંચ પર બોલાવ્યા.

તે વખતે તેઓને મહંત સ્વામીએ પંચાંગ પ્રણામ કર્યા ત્યારે સ્વામીશ્રી પણ નીચા નમી બોલ્યા : 'મહંત સ્વામી ! આશીર્વાદ આપજો કે સ્વામીનું કાર્ય સારામાં સારું થઈ શકે, સંસ્થાની સેવા થઈ શકે.'

તેઓનું આ વિનમ્ર વર્તન મંચની જેમ મોટરમાં પણ એવું જ જળવાઈ રહ્યું.

આ સમયે સહપ્રવાસી ઘનશ્યામચરણદાસ સ્વામીને સ્વામીશ્રીએ કહ્યું : 'ઘનશ્યામબાપા ! અમને આશીર્વાદ આપો કે સુખી થઈએ ને ભજન કરીએ.'

સ્વામીશ્રીના જીવનમાં હરદમ જોવા મળતો દાસભાવ તેઓની જન્મ-જયંતીએ તો ચરમસીમાને આંબી જતો.

તેથી જ આજની સાંજે અક્ષર ફાર્મની પાછળ આવેલું ૯,૦૦,૦૦૦ ચો.ફૂ.નું વિશાળ મેદાન સ્વામીશ્રીને સત્કારવા ઊમટેલા ૨,૦૦,૦૦૦ ભક્તોથી છલકાતું હતું, પણ તેમાંય સ્વામીશ્રી તો વિનીત વદને જ જોવા મળ્યા. કોણાર્ક-સ્થિત સૂર્યમંદિરના સુપ્રસિદ્ધ સૂર્ય રથની સ્મૃતિ કરાવતા કલાત્મક છત્રયુક્ત રથમાં બિરાજીને સૌ વચ્ચેથી પસાર થતા સ્વામીશ્રીનાં નેત્રો ઢળેલાં જ રહ્યાં. ૧૦૦ x ૩૨ x ૧૨ ફૂટના જાજરમાન મંચ પર તેઓ બિરાજ્યા ત્યારે પણ

તેઓનાં કરકમળ જોડાયેલાં જ રહ્યાં. *'આજ મારે ઘેર થાય લીલા લહેર...'* સ્વાગત-નૃત્યની લહેરખી સુધ્ધાં સ્વામીશ્રીને સ્પર્શી ન શકી.

આવા નમ્ર અને નમણા ગુરુની શાંત શક્તિનો પરિચય આજની જન્મ-જયંતીનો એક-એક કાર્યક્રમ કરાવવા લાગ્યો.

તેના ભાગરૂપે ધરાતલ પર સેંકડો મંદિરોનું સર્જન કરવાની સાથે માનવીના જીવનમાં સેવા, સુહૃદભાવ, સમર્પણ, સમજણ, શ્રદ્ધા જેવા સદ્‌ગુણોને ખીલવનારા સ્વામીશ્રીને 'गुरुर्ब्रह्मा...' કહી પોંખવામાં આવ્યા.

એ જ રીતે શાળાઓ, છાત્રાલયો, હૉસ્પિટલો, રાહત કાર્યો વગેરે દ્વારા સમાજને પોષતા અને ઘરસભા, સત્સંગ-સભા તથા પોતાના પરિભ્રમણથી સૌમાં પ્રામાણિકતા જેવાં નૈતિક મૂલ્યો સિંચતા સ્વામીશ્રીને 'गुरुर्विष्णुः..' કહી પૂજવામાં આવ્યા.

તેની સાથે વ્યસનો અને વિકારોના વિધ્વંસક તેઓને 'गुरुर्देवो महेश्वरः...' કહી વધાવવામાં આવ્યા.

અંતે ભગવાનને પોતાનાં અંગોઅંગમાં ધારી ભગવત્સ્વરૂપ બનેલા સ્વામીશ્રીને 'गुरुः साक्षात् परं ब्रह्म' રૂપે પોકારી ભક્તોએ અંજલિ આપી.

ઉપરોક્ત એક-એક વિષયને પરિપુષ્ટ કરતાં સચોટ પ્રસંગ-કથન, રસપ્રદ વીડિયો શો, આકર્ષક સંવાદો, દિલધડક નૃત્યો વગેરે દ્વારા આ સમગ્ર સભા સૌને પરમાનંદનો પ્રસાદ પમાડી ગઈ. વળી, પ્રત્યેક પ્રસંગ-કથનમાં ઉલ્લેખ પામનારા હરિભક્તો સ્વામીશ્રીના આશીર્વાદ પામતા. તેથી સર્જક, પોષક, વિધ્વંસક અને પ્રગટ હરિરૂપ સ્વામીશ્રીના નક્કર કાર્યની ઝાંખી સૌને થઈ રહી. તે જોઈ ન કેવળ આજની સભાનો પ્રત્યેક દર્શક, પણ ગુર્જરી ચેનલ દ્વારા આ સમારંભનું ૭૭ દેશોમાં થતું જીવંત પ્રસારણ માણનારી એકેએક વ્યક્તિ પણ 'तस्मै श्रीगुरवे नमः' કહી સ્વામીચરણે ઝૂકી પડી. સૌનાં અંતરની આ પ્રતીતિ ઝળહળ આરતીરૂપે પ્રગટી ઊઠી ત્યારે એક હૃદયંગમ દૃશ્ય સર્જાઈ રહ્યું. બે લાખ દીવડાઓની સમૂહ આરતીનાં એ તેજોવલયોમાં આજની જન્મ-જયંતી સમાઈ ત્યારે સૌનાં અંતર અજવાળી ઊઠ્યાં.[૨૭]

---

૨૭. ભક્તિભાવપૂર્વક ઊજવાયેલા સ્વામીશ્રીના ૮૦મા જન્મજયંતી મહોત્સવમાં સહભાગી થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

## ટેલિફોનિક વ્યસનમુક્તિ !

જન્મજયંતીના સમૈયા પછી વિદ્યાનગરમાં જ રોકાયેલા સ્વામીશ્રી પર તા. ૧૦/૧૨ની સવારે પીપળાવના ભાવિક ભૂદેવ શ્રી નિલેશભાઈનો ફોન આવ્યો. તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું : 'હું આપની જન્મજયંતી દરમ્યાન 'સ્વામિનારાયણ નગર' જોવા આવેલો. તેમાં વ્યસનમુક્તિ પ્રદર્શન જોઈને મને વ્યસન મૂકવાની પ્રેરણા જાગી છે.'

'બહુ સારું. આજે સાંજે આવો. આશીર્વાદ આપીશું. વ્યસન મૂકવાનો સંકલ્પ પણ કરાવશું.' શુભ સંકલ્પને સંકોરતાં સ્વામીશ્રી બોલ્યા.

પરંતુ તે વખતે એ વ્યસની રૂબરૂ આવવામાં સંકોચ અનુભવી રહ્યા, છતાં સ્વામીશ્રીની શ્રદ્ધાનો દીવો ન બુઝાયો. તેઓએ કહ્યું : 'કાંઈ વાંધો નહીં. હાથમાં પાણી લો ને હું બોલાવું તેમ બોલો.'

આમ કહેતાં સ્વામીશ્રીએ તેઓ પાસે ફોન પર વર્તમાન મંત્ર બોલાવી બળ સિંચ્યું કે 'હવે ભગવાનનો આશરો થયો તે કોઈ જાતનું વ્યસન ન રખાય. અમે પણ પ્રાર્થના કરીએ છીએ કે વ્યસન છૂટી જાય. દરરોજ પાંચ માળા કરવી... શાનું વ્યસન છે? 'ખાવાનું' ને 'પીવાનું'?... હા, તો હવે લવિંગ કે તજ ગજવામાં રાખવાં. જ્યારે વ્યસનની ઇચ્છા થાય ત્યારે તે મોઢામાં મૂકવાં. બીજું, એ બાજુ જવું નહીં. એમ કરતાં કરતાં છૂટી જશે. તમે નિયમ લીધો છે તો ભલે દેહ પડી જાય. ભગવાનના ધામમાં જવાશે, પણ આ પાપને તો અંદર ઘાલશો જ નહીં. લ્યો, જય સ્વામિનારાયણ !'

એક જીવને વ્યસનમુક્ત કરવાની કેવી ધગશ! ટેલિફોનિક વ્યસન-મુક્તિનો આવો આ કદાચ પ્રથમ દાખલો દુનિયામાં નોંધાયો હશે !

સ્વામીશ્રીના આવા વેગીલા વ્યસનમુક્તિ અભિયાનને ટેકો આપવા આણંદના યુવકો પ્રતિષ્ઠા-જયંતી નિમિત્તે શહેરના ગલ્લે-ગલ્લે ફરેલા. તેથી સ્વામીશ્રીના જન્મદિને નગરના ૬૪૪ ગલ્લાઓએ તમાકુના વેચાણ પર સ્વૈચ્છિક પ્રતિબંધ લાદેલો.

આવી અનેકવિધ સેવાઓ કરનારા આણંદ-વિદ્યાનગરના કાર્યકરો તથા હરિભક્તોને તા. ૧૩/૧૨ની સાંજે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'જય તો ખરી તમારી છે. અમે તો બેઠા છીએ. નાનાં-મોટાં, બાઈ-ભાઈ સર્વેએ રાત-દિવસ, ભૂખ-તરસ જોયા વગર મંદિર અને ઉત્સવ માટે કાર્ય કર્યું

છે. એથી અમે તો રાજી થયા છીએ પણ મહારાજેય રાજી થશે. ઉત્સવ તો એટલો અદ્‌ભુત થઈ ગયો કે – ન ભૂતો ન ભવિષ્યતિ.'

આવા ઉત્સવનો લાભ છોડી મંદિરની સાચવણી કરવા સેવામાં રોકાયેલા કિશોરો પર પણ પ્રસન્નતા વરસાવતાં તા. ૧૪/૧૨ના રોજ સ્વામીશ્રી બોલ્યા : 'તમારા વડવાઓને સત્સંગ હતો તે તમને વારસામાં મળ્યો છે, તો હવે તમે એવો સત્સંગ કરો કે ત્રણ-ચાર પેઢી સુધી ધક્કો વાગી જાય. આપણે એવો સત્સંગ કરવો કે આપણા પછીની પેઢીઓમાં પણ કદી વ્યસન-દૂષણ ન પેસે.'

સ્વામીશ્રીએ ચીંધેલી આ દિશા સૌ સત્સંગીઓ માટે છે.

## શબ્દસૂઝના સ્વામી

તા. ૧૫/૧૨ની સવારે સ્વામીશ્રી ચારુતર વિદ્યામંડળ દ્વારા તૈયાર થયેલા સંશોધન અને પરીક્ષણ કેન્દ્ર 'સિકાર્ટ'નું ઉદ્‌ઘાટન કરી ન્યૂ વિદ્યાનગરની ભૂમિ પર પધાર્યા ત્યારે અડધી સદી પહેલાંનો ઇતિહાસ પુનર્જીવિત થઈ ઊઠ્યો. વલ્લભ વિદ્યાનગરના શ્રીગણેશ કરતી વખતે શ્રી ભાઈકાકાએ શાસ્ત્રીજી મહારાજને ડમણિયામાં બેસાડી વિદ્યાભૂમિને પાવન કરેલી. તે રીતે આજે ન્યૂ વિદ્યાનગરના દૃષ્ટા શ્રી સી. એલ. પટેલે સ્વામીશ્રીને તે સ્થાન પર પધરાવ્યા. સ્વામીશ્રીએ પણ ૧૨૫ એકરની આ ભૂમિ પર પુષ્પો વેરી તા. ૧૬/૧૨ની સવારે મહેળાવનો માર્ગ લીધો. અહીંથી તેઓ બોચાસણ થઈને તા. ૨૦/૧૨ની સાંજે સારંગપુર આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૧/૧૨ના રોજ સ્વામિનારાયણ મહામંત્રના ૧૯૯મા પ્રાગટ્યદિન નિમિત્તે સ્વામીશ્રીએ મંત્રમહિમા રેલાવ્યો કે 'આપણા જીવમાં જેટલો મંત્રનો મહિમા દૃઢ થાય એટલી આપણી મહત્તા વધે. એટલે જેટલું કરીશું એટલો લાભ આપણને છે. ગમે તેટલા સ્વભાવો, દોષો હોય પણ આ મંત્રનો મહિમા રાખીશું તો આપણા અંતરના બધાય દોષો ટળી જશે, શાંતિ થઈ જશે, આપણું કલ્યાણ થઈ જશે.'

સ્વામિનારાયણ નામનો આ પ્રતાપ વર્ણવી ઉતારે પધારેલા સ્વામીશ્રી તા. ૨૨/૧૨ની સવારે મધ્યસ્થ કાર્યાલયે મોકલાવેલી એક ફાઈલનાં પાનાં ફેરવવા લાગ્યા. એક પાનું બે-ચાર સેકન્ડમાં જ નજર તળે કરી સ્વામીશ્રી તેને ઉથલાવી દેતા. આ રીતે એક પછી એક પસાર થતાં પાનાંઓમાં એક જગ્યાએ કાર્યકર શિબિરના કાર્યક્રમનો ઉલ્લેખ આવ્યો. તેમાં ડૉક્ટર સ્વામીના વક્તવ્યનો

વિષય લખાયેલો : 'શાશ્વત દુઃખનું મૂળ : સ્વભાવ, દોષો અને વાસના.'

આ વાંચતાં જ ક્ષણભર અટકી ગયેલા સ્વામીશ્રીના જમણા હાથની પહેલી આંગળી 'શાશ્વત' શબ્દ પર સ્થિર થઈ. તે શબ્દ પર બે-ત્રણ વાર આંગળીથી ટકોરો મારતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ શાશ્વત શબ્દ બરાબર નથી. દુઃખ તો નાશવંત છે. એને શાશ્વત કઈ રીતે કહેવાય? શીર્ષક બદલવું પડે.'

સ્વામીશ્રીની ઊડતી નજરમાં પણ અસાધારણ એકાગ્રતા અને જે તે વસ્તુ, વિષય કે વિગત સંબંધી ઊંડી પરખ રહેતી.

## ખરા કેફની વાત

તા. ૨૪/૧૨ની સાંજે સારંગપુરમાં યોજાયેલી રવિસભા આસપાસનાં ગામોમાંથી પણ ઊમટેલા હરિભક્તોને કારણે હકડેઠઠ હતી. તેમાં સંબોધન કરી રહેલા સંતવક્તા તાજેતરમાં જ સ્વામીશ્રીએ સંપન્ન કરેલી વિદેશયાત્રામાં જોડાયેલા. તેથી તેઓ સ્વામીશ્રીએ યુનોમાં કરેલા દિગ્વિજયને ઊલટભેર વર્ણવતા હતા.

તે જ વખતે સ્વામીશ્રીએ મંચ પર પદાર્પણ કરતાં પેલા કથાકાર બોલ્યા : 'જે સ્વામીશ્રી યુનોના મહાસદનમાં બિરાજેલા એ જ સ્વામીશ્રી આજે આવા નાનકડા ગામમાં આપણને દર્શન આપી રહ્યા છે.'

આ જ વાતને પુષ્ટિ આપતાં ઉદ્‌ઘોષક નારાયણમુનિદાસ સ્વામીએ પણ કહ્યું : 'ક્યાં યુનો ને ક્યાં સારંગપુર !'

પરંતુ આ વિધાનને જ પોતાના આશીર્વચનનો મુદ્દો બનાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"દુનિયાની મહત્તા આપણને બહુ જ હોય છે કે યુનોમાં જઈ આવ્યા એટલે બહુ જબરજસ્ત કામ કરી નાખ્યું ! પણ ત્યાંય આવું જ મકાન હતું. કાંઈ લાંબુ-પહોળું કે સોનાનું ઘડેલું નહોતું. હીરા-માણેક કાંઈ ન હતાં. ધૂળ, માટી ને લોખંડનું કામ હતું. યુનોમાં જઈ આવ્યા એના કરતાં આ સારંગપુરમાં બેઠા છીએ તે પરમ શાંતિ છે. વ્યાવહારિક, સાંસારિક કોઈ બીજી વાત જ ના આવે. ભગવાનની જ વાત.

આ સ્થાન ઉત્તમ એટલા માટે છે કે અહીં આવીએ એટલે ભગવાનનું ભજન-સ્મરણ થાય અને શાંતિ થાય. સદૈવ સારંગપુરસ્ય રમ્યે... આ બધી પ્રસાદીની ભૂમિ છે. અહીં ભગવાન પોતાના ભક્ત અક્ષર અને મુક્ત સહિત

બિરાજ્યા. એક કલાક, બે કલાક નહીં, સદૈવ એટલે અખંડ બિરાજમાન રહેશે. એ આપણને દર્શન આપે છે. એ ભાવ આપણને થાય તો યુનો-બુનો બધું માર્યું ફરે. યુનોમાં જાવ તોય ભલે ને ન જાવ તોય ભલે. જગતની મોટાઈ છે.

ક્લિન્ટન સાહેબને મળ્યા એમાં તો છાપાંમાં આવી ગયું ને વાહ... વાહ... થયું, પણ સહજાનંદ સ્વામી મળ્યા ને શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજ મળ્યા એનો કેફ આપણને ન આવે. ખરો કેફ તો એ છે! દુનિયાની દૃષ્ટિએ મોટા માણસોને મળવાનું-કરવાનું આપણે કરીએ છીએ, પણ જીવની અંદર તો એ છે કે એને ભગવાનનો સંબંધ થાય, હરિકૃષ્ણ મહારાજનાં દર્શન થાય. (ક્લિન્ટનને) એ બધું થયું તે સંસ્કાર પડ્યા, તે કોઈ દિવસ સારું થશે. આપણા જીવનમાં આવો સત્સંગ મળ્યો છે તો મોટાં ભાગ્ય માનવાં. લૌકિક વસ્તુ મળી એ આપણાં ભાગ્ય નથી. એ તો આવે ને જવાની. એ જ્ઞાન થાય તો અક્ષરધામ અહીંયાં જ છે. અક્ષરધામના પતિ મળ્યા, એના ધારક સાક્ષાત્ સંત મળ્યા તો અક્ષરધામ જ છે.''

સ્વામીશ્રીના મુખેથી ખરા કેફની વાતો સરતી રહી. ભગવાનના સુખમાં અખંડ રાચતા તેઓને લૌકિક માન-મોટપનો લેશ ભાર નહોતો.

## આપણે માથે તો ધણી છે

તા. ૨૫/૧૨ની રાત્રે આરામનો સમય થતાં સ્વામીશ્રીના ઓરડામાં પ્રવેશેલા સંતોને જોઈ સેવારત સ્વામીશ્રી બોલ્યા: 'પૂરું થઈ ગયું?'

'આપણું ક્યાં પૂરું થાય એમ છે?'

'આપણું પૂરું થાય એટલે બધાનું પૂરું થઈ ગયું! જે સેવા સોંપે તે પ્રામાણિકપણે જીવનના છેલ્લા શ્વાસ સુધી કર્યે રાખવી. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ જીવનના અંત સુધી થાક્યા નથી, કંટાળ્યા નથી.'

'આપ પણ ક્યાં બેઠા છો?'

'મહારાજ કરી ગયા છે એટલે આપણે કરવાનું. હાથ-પગ ચાલે છે, મોઢું ચાલે છે ત્યાં સુધી કરવાનું. માંદા પડ્યા પછી તો પડ્યા જ છીએ ને!'

આમ, સેવાના મોરચે સતત મંડ્યા રહેવાની વાત કરતાં કરતાં પોઢેલા સ્વામીશ્રી તા. ૨૬/૧૨, પોષ સુદ પડવાની સવારે જાગ્યા ત્યારે તેઓના ૬૨મા ભાગવતી દીક્ષાદિનની ઉજવણીનો માહોલ મંદિર, સ્મૃતિમંદિર, પ્રાતઃપૂજા, અલ્પાહાર વગેરે દરેક સ્થળે અને ક્રિયામાં છવાયેલો રહ્યો.

આજની સભામાં પણ આ જ વિષય વિસ્તરતો રહ્યો. તેના અંતે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા :

'આપણને તો ભગવાન અને સંત મળ્યા એટલે નવું વર્ષ દરરોજ છે. દિવસની મહત્તા નથી, પણ ભગવાનનો સંબંધ થયો એ મહત્ત્વની વસ્તુ છે. જેને ન મળ્યા હોય તેને ખૂણામાં બેસી રડવાનું હોય. જેને માથે ધણી છે તેને કાંઈ રોવાનું હોય નહીં. આપણે માથે તો ધણી છે – શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ. એ પાછા કાયમ છે, છે ને છે! ભગવાન તો એકાંતિક દ્વારા પ્રગટ છે જ! એટલે આપણા જીવનમાં આનંદ હંમેશાં જોઈએ. આવી વસ્તુ મળી છે તે અહો... અહો... થવું જોઈએ. લોકોને અમથી લૉટરી ફાટી જાય તોય અહો... અહો... થાય છે. રાષ્ટ્રપતિ સાથે બેસવાનું મળ્યું હોય તોય અહો... અહો... થાય છે. આપણે અનંત જન્મો ફરતાં ફરતાં આવ્યા છીએ. અનંત જન્મોથી જ્યાં-ત્યાં અટવાતા હતા. આ વખતે છેલ્લું થઈ ગયું. હવે રાજી થઈ આનંદ કરો, લહેર કરો, ભજન કરો અને સુખિયા થાવ. આ વખતે આપણો જન્મ સફળ થઈ ગયો.'

આ અનુભૂતિ સન ૨૦૦૦ તો તેની આવરદાના પ્રથમ દિવસથી જ કરી રહેલી, કારણ કે તે સ્વામીશ્રીની પ્રમુખવરણીનો સુવર્ણ જયંતી મહોત્સવ જોવાનું સદ્ભાગ્ય પામેલી, તો તેણે ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ દ્વારા થયેલી સ્વામીશ્રીની વધામણી પણ નજરોનજર નીરખેલી. તેની સાથે તેણે યુનોના મહાસદનમાં રેલાયેલી સ્વામીશ્રીની અમૃતધારાનો આસ્વાદ મન ભરીને માણેલો, તો તે મહાસત્તાના રાષ્ટ્રપ્રમુખ સાથેની મુલાકાતમાં પણ સ્વામીશ્રીની સાથે જ રહેલી.

તેથી જ તા. ૩૦/૧૨ની સાંજે પાળિયાદ અને જસાપરાને લાભ આપતાં ગોંડલ પહોંચેલા સ્વામીશ્રી અહીં તા. ૩૧/૧૨ની રાત્રે પોઢ્યા ત્યારે તેઓથી વિખૂટી પડતી સન ૨૦૦૦ ગાતી ગઈ કે –

*'પુણ્ય અમારાંનો નહિ પાર, જાગ્યાં ભાગ્ય અતિશે અપાર...'*



# જેના દિલમાં ઘણી છે દયાય

**સન ૨૦૦૧**

**જેના દિલમાં ઘણી છે દયાય**

સન ૨૦૦૧ના પહેલા દિવસે ગોંડલમાં કાર્યરત સંસ્થાકીય બાળ મંડળનો ૪૬મો સ્થાપના દિન ઊજવાતાં નવી સાલનું પ્રથમ પ્રભાત બાળ કિલ્લોલથી ગુંજી ઊઠ્યું. આ કલશોરમાં તા. ૨/૧ની રાત્રે સ્વામીશ્રીની કરુણા ભળતાં વાતાવરણ વધુ આસ્વાદ્ય બન્યું.

આ સમયે જૂનાગઢના સંતો સાથે વિમર્શ કરતા સ્વામીશ્રીને એકે કહ્યું: 'સૌરાષ્ટ્રમાં ભાવનગર, જામનગર, જૂનાગઢ અને અમરેલી એમ ચાર શિખરબદ્ધ મંદિરો કરવાં છે, પણ ઉપરાઉપરી દુકાળ પડે છે, તેમાં રહી જાય છે.'

આ સાંભળી ધર્મકીર્તિદાસ સ્વામી બોલ્યા: 'બાપા! દસ વરસ સુધી દુકાળ ન પડે એવું કરો.'

'દસ વરસ શું કામ? કાયમ ન પડે એવું કહો ને!' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આવી અસીમ દયા જ આ અરસામાં કૅટલ કૅમ્પનો આકાર પકડી રહેલી. ગત વર્ષે વરસેલા અપૂરતા વરસાદને કારણે આ વર્ષની ક્ષિતિજે ડોકાઈ રહેલા દુકાળના ઓળાને ખદેડવા ગોંડલની અક્ષરવાડીમાં પશુ કલ્યાણ કેન્દ્ર તૈયાર થતું હતું. તેના નિરીક્ષણ માટે તા. ૩/૧ની સવારે પધારેલા

સ્વામીશ્રી અહીં માત્ર એકવડા સુતરાઉ ગાતરિયાનું આસન ધરાવતી ગમાણની ખરબચડી પાળી પર બેસી મૂંગાં પશુઓની માવજતનું આયોજન વિચારવા લાગ્યા. તેમાં તેઓ એવા તે ગળાડૂબ થઈ ગયા કે તેઓનું ધોતિયું બંને પગે ઘૂંટણથી સહેજ જ નીચું રહે એ રીતે ઉપર ચઢી ગયું. તે ઘૂંટણ પર બે હાથ ટેકવી કેટલ કૅમ્પની પૂર્વતૈયારીઓ જોઈ રહેલા તેઓની આંખો સૂર્યપ્રકાશને કારણે ઝીણી થઈ જતી.

છતાં આ તકલીફ વેઠીનેય સ્વામીશ્રીએ ઉનાળાના તાપથી પશુઓને બચાવવા બંધાનારાં ગ્રીન હાઉસ, નીરણ માટેની પાકી ગમાણો, સ્વચ્છતા, પશુને હરવા-ફરવાની વ્યવસ્થા, પશુઓની બે હારમાળા વચ્ચે દસ ફૂટનું અંતર, દસ ઢોર દીઠ એક પશુપાલક, ઢોરના સ્વાસ્થ્ય માટે રસી અને ઉપચાર વગેરે પાસાંઓની ઝીણવટપૂર્વક ચર્ચા કરી. એટલું જ નહીં, તેઓએ દરેક બળદને જાતે રજકો નીર્યો, કપાળમાં કુમકુમના ચાંદલા ચોડ્યા અને ડિલે પ્રાસાદિક જળનો છંટકાવ કર્યો.

તે પછી પોતાનો ઇરાદો સ્પષ્ટ કરતી અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'દુષ્કાળની પરિસ્થિતિમાં બધાં હેમખેમ પાર ઊતરી જાય. અત્યારે તો દરેકની સેવા આપણે કરવાની છે. પશુઓ સુખી થાય અને ભવિષ્યમાં ઉપયોગી થાય એવી એમની સ્થિતિ રહે એ પ્રમાણેનું આપણે કેટલ કૅમ્પમાં આયોજન કર્યું છે.'

આ વિચાર સાથે સ્વામીશ્રીએ ગોંડલ ઉપરાંત સારંગપુર, દાહોદ, રાયસણ અને બોડેલી મુકામે પણ આવાં પશુ કલ્યાણ કેન્દ્રો ધમધમતાં કરી દેતાં ૧૫,૦૦૦થી વધુ પશુઓ નવજીવન પામ્યાં.

તેઓનું આ પરોપકારી પગલું *'જેના દિલમાં ઘણી છે દયાય...'*ની તેઓની પ્રકૃતિનું દર્શન કરાવી ગયું.

## દિવ્યભાવ સૌમાં દેખાય

કેટલ કૅમ્પના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરી મંદિરે પરત ફરેલા સ્વામીશ્રી પોતાના ઉતારા પાસે પહોંચ્યા ત્યારે અહીં પરસાળમાં એક ગોળાકાર, સુંદર, કલાત્મક હિંડોળો બાંધવામાં આવેલો. તે લઈ આવનારા હરિભક્ત શ્રી પુરુષોત્તમભાઈ વિસાવાડિયાએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'બાપા! મારી દીકરીએ જાતે જ મહેનત કરી આપને માટે આ હિંડોળો બનાવ્યો છે. આપ

બિરાજી પ્રસાદીનો કરો.'

'અત્યારે ઠાકોરજી પોઢી ગયા છે. સાંજે જાગે એટલે પધરાવજો.'

'પણ બાપા ! આપ બિરાજશો તો...'

'ઠાકોરજી બેઠા એટલે તેમાં બધું આવી ગયું!' આટલું કહેતાં સ્વામીશ્રીએ સન્માનની સેર ઠાકોરજી ભણી વાળી દીધી.

આ ભક્તિભાવ સાથે તા. ૪/૧ની સાંજે ગોંડલથી વિદાય થયેલા તેઓ વેરાવળ (શાપર) પહોંચ્યા. અહીં તેઓએ શાંતિધામ વસાહતમાં પધરાવેલા નીલકંઠ મહાદેવની આરતી ઉતારી મોટી વાવડીને ધન્ય કર્યું.

અત્રે એક સંસ્થાકીય ભૂમિ પર પગલાં પાડી સવા સાત વાગ્યે રાજકોટ પધારેલા સ્વામીશ્રી તા. ૬/૧ની સવારે જશવંતપુરા ગામે પહોંચ્યા.

અહીં એક વાડીમાં પધરામણી કરી રાજકોટ પરત ફરેલા તેઓને તા. ૭/૧ની સવારે શહેરની મહાનગરપાલિકા વતી 'સંત શિરોમણિ' અને 'શ્રેષ્ઠ નાગરિક'નાં સન્માન એનાયત થયાં.

આઠેક હજારની મેદની વચ્ચે મેયર સહિત મંચસ્થ મહાનુભાવોએ અર્પણ કરેલું આ બહુમાન સ્વીકારી સ્વામીશ્રી આજની સાંજે ઉત્તરાયણની પ્રતીક સભામાં પધાર્યા. તેમાં તેઓ આહ્લેક જગાવવા જ્યાં ઊભા થયા ત્યાં જ આકાશમાંથી પસાર થતા વિમાનની તીવ્ર ઘરઘરાટી ગરજી ઊઠી. તેથી ખભે ઝોળી લટકાવેલા સ્વામીશ્રી ક્ષણભર થંભી ગયા. તે જોઈ પ્રથમ હરોળમાં બેઠેલા એક હરિભક્તે કહ્યું: 'બાપા ! દેવતાઓ આપની પ્રદક્ષિણા ફરે છે. દેવતાઓ પણ આપને ઝોળી આપવા આવ્યા છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'દેવતાઓ અહીં અક્ષરધામના મુક્તો બેઠા છે એનાં દર્શન કરે છે. દેવો તો બધા ઉપર ઊડ્યા કરે. આપણે તો સાક્ષાત્ અક્ષરધામમાં મહારાજની સેવામાં બેઠેલા મુક્તોનાં દર્શન કરીએ છીએ.'

આ દિવ્ય દૃષ્ટિ સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૮/૧ની સાંજે મોરબીની લખધીરસિંહ ઇજનેરી કૉલેજના પ્રાંગણમાં ધર્મલાભ આપી રાત્રે ભાદરા પધાર્યા.

## આપણને કોઈ કલમ લાગુ પડતી નથી

ભાદરામાં તા. ૯/૧ની સવારે ગુણાતીતાનંદ સ્વામીના પ્રાસાદિક ખેતરમાં જ ગુણાતીત દીક્ષાદિનનો ઉત્સવ ઊજવાયો. તેને અનુસરતાં આવી રહેલા ચંદ્રગ્રહણનો વેધ બપોરે ત્રણ વાગ્યે બેસતો હોવાથી સ્વામીશ્રીએ રાત્રિ-

ભોજન પર ચોકડી મારી દીધેલી. તે સંદર્ભમાં આજની બપોરે આરામમાં જઈ રહેલા તેઓને સંતોએ કહ્યું : 'પંચાંગમાં એવું લખ્યું છે કે વૃદ્ધ, રોગી કે અશક્ત હોય તે રાત્રે આઠ વાગ્યા સુધી જમી શકે.'

'અત્યારે તો હું વૃદ્ધ પણ ન કહેવાઉં ને અશક્ત પણ ન કહેવાઉં. હું બીમારેય ન કહેવાઉં. આપણને એમાંથી કોઈ કલમ લાગુ પડતી નથી.' સ્વામીશ્રી બોલ્યા.

શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર વર્તવાની આ ખટક સાથે તેઓએ આજની બપોરે બે વાગ્યે ભોજન લીધું તે લીધું, ત્યારબાદ તેઓ છેક બીજા દિવસની સવારે સાડા આઠ વાગ્યે અલ્પાહાર ગ્રહણ કરવા બિરાજ્યા. વચમાં આહારની સાથે જરૂરી ઔષધ લેવાનું પણ તેઓએ વિસારી દીધું.

વેધ પાળવાના આવા તાનની સાથે સ્વામીશ્રીમાં ગ્રહણ પાળવાનો પણ એવો જ આગ્રહ. તેથી રાત્રે ૧૨:૧૨ વાગ્યે શરૂ થનારા ગ્રહણ માટે તેઓ બારના ટકોરે તો સભામાં હાજર થઈ ગયા. તેમાં પોષ માસની કડકડતી ઠંડી સહન કરતાં સ્વામીશ્રી સાડા ત્રણ વાગ્યા સુધી સંપૂર્ણ સજાગ રહીને બેઠા. તે પછી સ્નાન, પૂજા અને દર્શનથી પરવારી ૪:૫૦ વાગ્યે શયનાધીન થયેલા તેઓ તા. ૧૦/૧ની સવારે સમયસર જાગી અગિયાર વાગ્યે તો કથામાં પણ પધાર્યા. રાત્રિનો ઉજાગરો તેઓના ભક્તિક્રમને લેશ ન ખોરવી શક્યો.

સૌએ વધુ એક વાર અનુભવ્યું કે શરીરની સંભાળ સંબંધી કોઈ કલમ સ્વામીશ્રીને લાગુ પડતી નથી.

## કહ્યું થોડું ને રહ્યું છે ઘણું

સ્વામીશ્રી જ્યાં પધારે ત્યાં તેઓના સ્વાસ્થ્યની સુખાકારી માટે અને તેઓની પ્રસન્નતા માટે સંતો-ભક્તો તરેહ-તરેહનાં વ્રત-તપ તથા સેવા-સમર્પણ કરતા. આ ક્રમમાં ધ્રોળનો યુવાન શ્રી ભાસ્કર ૧૫ કિ.મી.નું અંતર ૪,૮૫૫ દંડવત્ દ્વારા કાપી ભાદરા આવી પહોંચેલો. મજોઠ ગામના સત્સંગીઓ શ્રી રમેશભાઈ અને કરસનભાઈ તો એવા નીકળ્યા કે તેઓના કુટુંબના સાત સભ્યો સ્વામીશ્રીની તબિયત તંદુરસ્ત રહે તે માટે છેલ્લાં બે વર્ષથી ઉપવાસની સાંકળ ચલાવી રહેલા.

ભક્તિની આ ભાગીરથીમાં ઝંપલાવતાં તા. ૧૧/૧ની સવારે ભાદરાના ભક્તોએ ઠાકોરજીની રજતતુલા યોજી દીધી. તેમાં અઢીસો ગ્રામનાં ઘરેણાં ભેટ

ધરતાં એક ગ્રામીણ મહિલા બોલી ઊઠ્યાં: 'જ્યારથી પહેર્યાં ત્યારથી આજે પહેલી વાર દાગીના ઉતારી રહી છું. મારી દાદીની આ જણસ દોઢસો વર્ષ જૂની છે.'

ઠેર-ઠેર અને ઘેર-ઘેર જોવા મળતી સ્વામીશ્રી વિષેની આવી ભાવ-ગંગામાંથી ઉલેચીને આ ગ્રંથમાં જે ઝિલાયું છે તે તો *'કહ્યું થોડું ને રહ્યું છે ઘણું...'* જેવું જ સમજવું.

સૌનો આવો ભક્તિભાવ સ્વીકારતા સ્વામીશ્રી તા. ૧૨/૧ની સવારે ડાંગરા પહોંચ્યા, પણ અહીં મંદિરના દરવાજે તાળું હોવાથી તેઓ બાજુની ખુલ્લી બારી પાસે આવ્યા. પરંતુ તેય મસ્તક સુધીની ઊંચાઈએ હોવાથી દર્શન થાય તેમ નહોતું. છતાં સ્વામીશ્રીએ બારીની પાળી ઝાલીને પગના પંજા પર ઊંચા થઈ અંદર નજર કરી.

જો કે થોડી વારમાં ચાવી આવતાં મંદિરમાં પધારેલા સ્વામીશ્રી મૂર્તિઓનાં દર્શન-દંડવત્ કરી ૫૧ પ્રદક્ષિણા ફર્યા. તે પછી જાગા ભક્તની દેરીએ પહોંચેલા તેઓએ એક સંસ્મરણ વાગોળ્યું કે 'હું, મહંત સ્વામી, વિવેકસાગર (સ્વામી) બધા અહીં ઓટલા પર સૂઈ રહેતા. ઘણી વાર સૂતેલા.'

સ્વામીશ્રીએ વેઠેલી આવી હાડમારીઓ પણ *'કહ્યું થોડું ને રહ્યું છે ઘણું...'* જેવી જ સમજવી.

## અક્ષરધામ આપ્યું, જાવ!

તા. ૧૨/૧ની સવારે ડાંગરાથી નીકળેલા સ્વામીશ્રીએ ૧૧:૩૦ વાગ્યે જામનગરમાં પ્રવેશતાં જ માર્કેટિંગ યાર્ડમાં ધર્મલાભ આપ્યો. તે પછી તેઓએ આજની સાંજથી શહેરના ઓશવાલ સેન્ટરના પ્રાંગણમાં અમૃતધારા વરસાવવા માંડી. અત્રે ગઈકાલથી પ્રારંભ પામેલા પારાયણમાં પધારવાની સાથે સ્વામીશ્રીના અહીંના આગમનનો હેતુ શિખરબદ્ધ મંદિરના નિર્માણને વેગ આપવાનો પણ ખરો. તેથી તા. ૧૩/૧ની સવારે ઍરપોર્ટની નિકટમાં આવેલી જમીન પર પહોંચેલા તેઓએ અહીં એક નાનકડી ઓરડીની ઓસરીમાં બિરાજી મોટા મંદિરનો વિમર્શ કર્યો.

ત્યારબાદ આજની રાત્રે અક્ષરવાસી ડૉ. લીલાધર સાટોડિયાના ઘેર ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રી સમક્ષ બાળકો વિવિધ રજૂઆતો કરવા માંડ્યા. તે ક્રમમાં ભગવી પાઘડી, ચોયણી અને કેડિયાના પરિધાનમાં સજ્જ

એક દૂધમલિયા બાળકે ફેલાવેલી ભગવી ઝોળી જોઈ અન્ય શિશુઓએ 'નારાયણ હરે...'ની આહ્‌લેક લલકારી.

તે સાંભળી સ્વામીશ્રીએ થાળમાં મૂકેલા અડદિયા ઝોળીમાં પધરાવતાં બાળકો બોલ્યા: 'અમારે મીઠાઈ નથી જોઈતી.'

'તો આ લો.' આમ કહી સ્વામીશ્રીએ તલના લાડુ ઝોળીમાં આપ્યા. પરંતુ બાળકોનો પ્રતિભાવ એ જ આવ્યો: 'અમારે આ લાડુ નથી જોઈતા.'

'તો આ શેરડી લો.'

'અમારે શેરડી પણ નથી જોઈતી.'

'તો આ મમરાના લાડુ લો.'

'અમારે એ લાડુયે નથી જોઈતા.'

આ નકાર સાંભળી પરભાવમાં હાથ ઊંચો કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'તો અક્ષરધામ આપ્યું, જાવ.'

પોતાને ઇચ્છિત આ વરદાન મળતાં જ બાળકોએ કિલ્લોલ કરી ઘર ગજવી દીધું. એક લટકે અક્ષરધામ પમાડી દે એવા સ્વામીશ્રી પણ આજની ગમ્મત દ્વારા મર્મ સમજાવી ગયા કે જે લૌકિક વસ્તુઓ છોડે છે તેને જ અક્ષરધામ મળે છે.

## પાવનકારી પગલાંનો પ્રતાપ

તા. ૧૪/૧ની સવારે સ્વામીશ્રીએ જગાવેલી 'નારાયણ હરે...'ની આહ્‌લેકથી ગુંજી ઊઠેલું જામનગર આજની સાંજે શહેરની મહાનગરપાલિકાએ કરેલા સ્વામીશ્રીના ભવ્ય સન્માનથી ગાજી રહ્યું. આ અવસરે સ્વામીશ્રીનાં દર્શન અને પ્રવચનથી ઝંકૃત થઈ ઊઠેલા એક કૉર્પોરેટરે કહ્યું: 'સ્વામીજી ! હું રોજના ત્રીસથી ચાલીસ તમાકુવાળા મસાલા ખાઉં છું, પણ આજથી સંકલ્પ કરું છું કે હવેથી કદી નહીં લઉં.'

આ રીતે કંઈકને ઊર્ધ્વગતિ પમાડતા સ્વામીશ્રી તા. ૧૫/૧ની સવારે પારાયણની પૂર્ણાહુતિ બાદ મૂળી થઈને સુરેન્દ્રનગર પહોંચ્યા.

અત્રે તેઓએ તા. ૧૬/૧ની સાંજે પુણ્યપર્વણીની પ્રતીકાત્મક ઉજવણી કર્યા બાદ તા. ૧૭/૧ની સવારે સજનપુરને પાવન કર્યું. અહીં તેઓના વરદહસ્તે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થતાં ૭,૫૦૦ની જનમેદનીએ જયનાદ સાથે આ પ્રસંગને વધાવી લીધો.

આ જયઘોષ ઝીલી ગામના રામજી મંદિરમાં દર્શન બાદ વિદાય થયેલા સ્વામીશ્રીએ ધ્રાંગધ્રાના નિર્માણાધીન મંદિરની ભૂમિ પર પગલાં પાડ્યાં. તેને અનુસરતાં તેઓ આજની સાંજે શહેરના શિશુકુંજ વિદ્યાલયમાં અમૃતધારા વહાવી સુરેન્દ્રનગર પરત ફર્યા.

અહીં તેઓએ તા. ૧૮/૧ની સવારે સી. યુ. શાહ મૅડિકલ કૉલેજ અને હૉસ્પિટલનાં સંકુલોને પ્રસાદીભૂત કર્યાં. તે વખતે હૉસ્પિટલના ટ્રસ્ટીઓએ ઠાકોરજીનાં ચરણે ભેટ ધરી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આ હૉસ્પિટલનું છે માટે એમાં તો લેવાનું હોય જ નહીં! અહીં તો આપવાનું હોય.'

તેઓની આ નિઃસ્પૃહી ભાવનાએ હૉસ્પિટલના કાર્યવાહકોમાં એવો સેવાભાવ પ્રગટાવ્યો કે તેઓના પ્રતિનિધિ શ્રી કિરણભાઈ મહેતાએ આજની સાંજે સત્સંગ-સભામાં આવી જાહેરાત કરી કે 'સ્વામીશ્રીનાં પગલાં થવાથી ટ્રસ્ટી બૉર્ડ અને સંચાલકોનાં મનમાં સમાજસેવાની વિશેષ ભાવના જાગ્રત થતાં હૉસ્પિટલમાં આવનારા તમામ દર્દીઓને આજથી મફત સારવાર મળશે.'

આમ, પોતાના પગલે-પગલે પરોપકારની ભાવના પ્રગટાવતા સ્વામીશ્રી તા. ૧૯/૧ની સાંજે વઢવાણ થઈને લીંબડી પધાર્યા.

અહીંથી તા. ૨૧/૧ની સવારે બલદાણા પહોંચેલા તેઓએ નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. ત્યારબાદ ગામમાં આવેલા હોલ માતાના મંદિર અને શ્રીજીની પ્રાસાદિક વાવનાં દર્શન કરી તેઓ આજની સાંજે રાણપુર પધાર્યા.

અત્રે એન. એમ. ગોપાણી પોલિટેકનિક ઇન્સ્ટિટ્યૂટનું ઉદ્‌ઘાટન કરી ગઢપુર પહોંચેલા સ્વામીશ્રીએ અહીં નૂતન હવેલીનાં દ્વાર ખોલી નિજ નિવાસમાં મંગલ પ્રવેશ કર્યો.

પરંતુ આજે હવેલીનાં દ્વાર ઉઘાડનારા તેઓએ તા. ૨૨/૧ની સવારે ગઢપુરનું દ્વાર પણ ખોલ્યું. આ નગરના ઢસા તરફ જતા માર્ગે સંસ્થા દ્વારા ગુલાબી પથ્થરમાંથી ભવ્ય અક્ષરદ્વાર કંડારવામાં આવેલું. તેનો ઉદ્‌ઘાટનવિધિ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈને સાથે રાખી કરનારા સ્વામીશ્રી અહીંથી કન્યા વિદ્યાલયમાં પધાર્યા.

અત્રે તેઓની ઉપસ્થિતિમાં ગઢડા તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારને પાણીનો પુરવઠો પૂરો પાડતી યોજનાનો અર્પણ સમારોહ સંપન્ન થયો. આ પ્રસંગે સ્વામીશ્રીએ તામ્ર કળશમાં ભરેલા મહી નદીના નીરનું વૈદિક મંત્રોચ્ચાર

સાથે પૂજન કરી તે કળશ ગઢડાના નગરપતિ શ્રી કરકરને આપ્યો. તેઓ દ્વારા આ જળ ઘેલા નદીમાં ઠલવાયું અને એ પ્રાસાદિક પાણી ગઢપુરવાસીઓની તૃષા છિપાવવા માંડ્યું. આ ઉપકાર બદલ નગરપાલિકાએ સ્વામીશ્રીને 'ગઢપુર રત્ન'નું સન્માનપત્ર અર્પણ કરી નવાજ્યા.

ગઢપુરના આ સંતરત્નનો પ્રકાશ તા. ૨૫/૧ના રોજ નિંગાળાને અજવાળી બોચાસણમાં પથરાયો.

## નથી મનમાં બીક લગાર

બોચાસણમાં તા. ૨૬/૧ની સવારે મંદિરના દરવાજાની બહાર ગામના ચોકમાં રાખેલો ધ્વજવંદનનો કાર્યક્રમ પૂર્ણ કરી સ્વામીશ્રી અલ્પાહાર ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે ૮:૪૬ વાગ્યાનો સમય થયેલો. આ વખતે સેવક સ્વામીશ્રીને હાથ ધોવડાવવા ગયા ત્યાં જ હલનચલન શરૂ થતાં તે સંત બોલ્યા : 'ધરતીકંપ લાગે છે !'

પરંતુ સ્વામીશ્રીને એમ કે 'તેઓના હાઈડ્રોલિક આસનની મોટર પોતાની બેઠકને હલાવી રહી છે,' તેથી તેઓ તો શાંતિથી બેસી રહ્યા. જો કે બીજી જ ક્ષણે ભૂકંપનું અનુમાન સત્ય ઠરતાં સ્વામીશ્રીએ ધૂન આદરી. તે જોઈ કો'ક બોલ્યું : 'અત્યારે બહાર નીકળી જવું જોઈએ.'

આ સલાહ સાંભળી સ્વામીશ્રીએ સામે બેઠેલા સંતો-ભક્તોને કહ્યું : 'બધા બહાર ખુલ્લામાં જતા રહો. અહીં કોઈ રહેશો નહીં.'

અલબત્ત, આ આદેશ આપીને તેઓ તો આસન પર જ બેસી રહ્યા ! આ સમયે સમગ્ર ઈમારત હાલક-ડોલક થવા લાગેલી. છત પર લટકતા પંખા પણ આમતેમ ફંગોળાવા માંડેલા. આસપાસ ઊભેલાને હાથ-પગમાં ધ્રુજારી અને આંખે અંધારાં અનુભવાતાં હતાં. છતાં સ્વામીશ્રી તો બેઠાં બેઠાં ધૂન કરી રહ્યા ! છેવટે સંતોએ તેઓને પણ બહાર લઈ જવા ઊભા કર્યા એટલામાં જ વીજપ્રવાહ ખોરવાયો. તેથી અંધારામાં જ સ્વામીશ્રી ભોજનખંડની બહાર પરસાળમાં આવ્યા. અહીંથી સંતો તેઓને ખુલ્લા મેદાનમાં દોરી જવા ઉતાવળા થતા હતા, પણ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આમ ક્યાં જઈશું ?'

'નીચે.'

'નીચે જઈને શું કરશું ?'

'આપની શું મરજી છે ?'

પ્રતિભાવમાં કંઈ ન બોલતાં સ્વામીશ્રી સ્વસ્થતાથી ઊભા રહ્યા.

એટલામાં ધ્રુજારી શાંત થતાં તેઓ ઓરડામાં પધાર્યા અને જ્યાં આસને બિરાજ્યા ત્યાં જ ભૂકંપનો આંચકો આવ્યો. તે જોઈ સ્વામીશ્રીએ પુનઃ ધૂન શરૂ કરાવી. થોડી વારે પરિસ્થિતિ થાળે પડતાં તેઓ અલ્પાહાર ગ્રહણ કરી ગામના પ્રવેશમાર્ગે આવ્યા. અહીં સંસ્થા દ્વારા નિર્માણાધીન કલાત્મક પ્રવેશદ્વારનો ખાતવિધિ સંપન્ન કરી સ્વામીશ્રી ૧૦:૪૦ વાગ્યે બોરસદ પહોંચ્યા.

## ભૂકંપની આફત સામે રાહતનાં પૂર

આ અરસામાં સ્વામીશ્રીને જુદાં જુદાં સ્થળેથી ધરતી ધ્રૂજ્યાના સમાચારો ફોન દ્વારા મળવા માંડેલા. તે પરથી ભૂકંપની ભયાનકતાનો અંદાજ પામી ગયેલા તેઓએ ધરતીકંપથી વિશેષ અસરગ્રસ્ત કચ્છ, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર વગેરે જિલ્લાઓમાં તાત્કાલિક ધોરણે રાહત કાર્યોનો પ્રારંભ કરાવી દીધો.

તેમાં સ્વામીશ્રીની આગવી આપસૂઝ નોંધપાત્ર બની રહી, કારણ કે ભૂકંપને લીધે જ્યારે ભુજના આપણા મંદિર સાથે કોઈ જ સંપર્ક સાધી શકાતો નહોતો, ત્યારે તેઓએ અમદાવાદના પોલીસ કમિશનરની કચેરી દ્વારા ભુજ સુધી સંદેશો પહોંચાડવાનું કામ સંતોને સોંપ્યું. તે મુજબ ભુજમાં ફરતાં પોલીસ વાહનોને અમદાવાદથી વાયરલેસ દ્વારા સૂચના મળી કે 'બોચાસણથી પ્રમુખસ્વામીએ જણાવ્યું છે કે ભૂકંપગ્રસ્તો તથા માણસોને શક્ય એટલી મદદ પહોંચાડવી.'

સ્વામીશ્રીનો આ આદેશ પોલીસની જીપગાડી દ્વારા ભુજમાં રહેતા દેવચરણદાસ સ્વામી વગેરે સંતોને મળ્યો. તેથી ૮:૪૫ વાગ્યે ભૂકંપ આવ્યાના સવા કલાકમાં જ ભુજના આપણા મંદિરે રાહત રસોડાનું પ્રથમ આંધણ મુકાઈ ગયું અને ૪,૦૦૦ ભૂકંપગ્રસ્તોને ગરમાગરમ ભોજન જમાડવાની શરૂઆત થઈ ગઈ!

આ શીઘ્ર અને સુવ્યવસ્થિત આયોજનનો લાભ લેનારા માધાભાઈ કે જેઓએ ભૂકંપથી ફાટેલી ધરતીમાં પોતાનાં પત્ની, પુત્રી અને માતાને સમાઈ જતાં જોયેલાં, તેઓ બોલી ઊઠ્યા: 'અહીં આવ્યા પછી એમ લાગે છે કે અમારા ઘર કરતાંય સારામાં સારી રીતે રહેવા-જમવાનું અહીં મળે છે. આ ઠંડી અને વિનાશ વચ્ચે આવું ગરમાગરમ ભોજન કોણ આપે? અહીં સંતોની

હૂંફ પણ એવી છે કે લાગતું જ નથી કે પારકે ઘેર આવ્યા છીએ.'

ગણતરીની પળોમાં જ કોઈ સ્વયં-સંચાલિત યંત્રની જેમ ગોઠવાઈ ગયેલું આ સંસ્થાકીય રાહત કાર્ય એટલું તો આયોજનબદ્ધ હતું કે તે જોઈ અહીં આવેલા ઇઝરાયલની રાહત ટુકડીના મુખ્ય કમાન્ડર શ્રી શેરલોમ બોલી ઊઠ્યા: 'તમારો રાહત કૅમ્પ તદ્દન જુદી જ ભાત પાડે છે. તમે સાચા અર્થમાં મહાન સેવા કરી રહ્યા છો.'

વિશ્વવિખ્યાત સમાચાર સંસ્થા રોઇટર્સના શ્રી વિક્ટર એન્ટોનિયોના મોંમાંથી પણ ઉદ્ગારો નીકળી ગયા કે 'સાઉથ આફ્રિકા, તુર્કી અને અન્ય કેટલીયે કુદરતી હોનારતોનાં રાહત કાર્યમાં મેં ભાગ લીધો છે, પરંતુ અહીંયાં તમે જેવો રાહત કૅમ્પ શરૂ કર્યો છે તેવો મેં ક્યાંય દીઠો નથી, કારણ કે તમે લોકોને અને તેમની લાગણીઓને સમજીને કામ કરી રહ્યા છો.'

આમ, સ્વામીશ્રીની દયાના પ્રવાહથી ચિરાયેલી ધરતીની ફાટ પુરાવા માંડી, પીડિતોના પોકાર શમવા લાગ્યા અને બેસી ગયેલાં કંઈક હૈયાં નવજીવનનો શ્વાસ લઈ પુનઃ ધબકવા માંડ્યાં.

## પ્રાર્થના અને પુરુષાર્થ દ્વારા પ્રતિકાર

ભૂકંપના અસરગ્રસ્તો માટે કરુણાની ગંગા વહાવનારા સ્વામીશ્રીએ તા. ૨૬/૧ની સવારે બોરસદના હરિમંદિરનો ખાતવિધિ સંપન્ન કર્યો. મંદિરના આ શ્રીગણેશ નિમિત્તે સ્થાનિક નગરપાલિકાએ બોરસદ-આણંદના ચોકને 'શ્રી સ્વામિનારાયણ ચોક' અને આ ચોકથી વાસદ ચોકડી સુધીના માર્ગને 'પ્રમુખસ્વામી માર્ગ' ઘોષિત કરી આજના અવસરને અવિસ્મરણીય બનાવ્યો.

તેને અનુસરતાં આજની સાંજે પાદરા થઈને અટલાદરા પહોંચેલા સ્વામીશ્રીનાં લક્ષ્ય અને લગની આ સમયે ભૂકંપના સમાચાર પર વિશેષ કેન્દ્રિત રહેતાં. આ કુદરતી કોપથી થયેલી તારાજીના અહેવાલો જેમ-જેમ તેઓને પ્રાપ્ત થતા તેમ-તેમ તેઓના હોઠ પરથી પ્રાર્થનાના સૂરોની સાથે રાહત કાર્યના આદેશો પણ છૂટતા જતા. પરંતુ ધરતીકંપના ક્રૂર પંજાથી બૂરી રીતે કચડાયેલા કચ્છનાં કેન્દ્રોનો સંપર્ક સ્થપાતો નહોતો. તેથી આ બાબતે ચિંતિત સ્વામીશ્રીએ હવાઈદળમાં ફરજ બજાવતા સત્સંગી શ્રી રાજુભાઈ દણાકને તાત્કાલિક ભુજ મોકલી ત્યાંનો અહેવાલ મંગાવ્યો.

આમ, રાત-દિવસ ભૂકંપગ્રસ્તોની ચિંતામાં જ વ્યસ્ત સ્વામીશ્રી તા.

૨૭/૧ની સવારે તો વ્યાયામના ભાગરૂપ ભ્રમણ કરતી વખતે એક આંટો વિરુદ્ધ દિશામાં ચાલી ગયા. તેઓની આ ક્રિયા આફતગ્રસ્તો પ્રત્યેની અનુકંપા છતી કરી રહી. આ કરુણાને કારણે જ સ્વામીશ્રીએ આજની પ્રાતઃપૂજામાં પણ રાબેતા મુજબના કીર્તનગાનને બદલે ભૂકંપપીડિતોની શાંતિ માટે સતત ધૂન ગવડાવી.

તેના અનુસંધાનમાં જ પૂજા બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'એક તો દુકાળ હતો, તેમાંથી કઈ રીતે બહાર નીકળવું તેની વાતો કરીએ છીએ ત્યાં વળી પાછો આ ધરતીકંપ આવ્યો. આ પડ્યા ઉપર પાટુ થયું ! આવા દૈવી કોપ સામે જેટલી બને તેટલી આપણે એ માણસોને મદદ કરીએ, એમને ઊભા કરવાનો પ્રયત્ન કરીએ. જે માણસોનું મૃત્યુ થયું છે તેમના આત્માને શાંતિ મળે, તેમના કુટુંબને પણ શાંતિ થાય, એમનું રક્ષણ થાય એ માટે મહારાજને આ ધૂન કરી છે.'

આટલું કહી સ્વામીશ્રીએ વધુ મુશ્કેલી ન આવે અને સૌને રાહત થઈ જાય તે માટે દરેકને નિત્યપૂજામાં પાંચ-પાંચ માળા અધિક કરવાની આજ્ઞા આપી.

## વિરાટ ફલક અને સૂક્ષ્મ ચીવટનો તાલમેલ

ભૂકંપપીડિતો માટે અવિરત પ્રાર્થનાની સાથે સતત પરિશ્રમ ઉઠાવી રહેલા સ્વામીશ્રી આ અરસામાં એક ફોન પૂરો થયો નથી ત્યાં બીજો જોડ્યો કે ઉઠાવ્યો નથી, એ રીતે રાહત કાર્ય સંબંધી સૂચનાઓ આપ્યે જતા. ક્યારેક સવારે કે સાંજે ભ્રમણ કરતાં કરતાં ફોન આવતા. તે વખતે નાનકડા સ્ટૂલ પર બેસી જઈ સ્વામીશ્રી ચાલવાને કારણે ચડેલા હાંફ વચ્ચે પણ ત્રુટક-ત્રુટક સ્વરે વિમર્શ કરતા. આ સમયે ટેલિફોનનું તંત્ર ખોરવાઈ જતાં સરકારે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરેલી, પરંતુ તેમાં લોકો લાંબી વાતો ન કરે તે માટે દોઢેક મિનિટમાં જ ફોન આપોઆપ કપાઈ જતો. તેથી સ્વામીશ્રીને વાત કરવા-સાંભળવામાં ઘણી તકલીફ પડતી, છતાં તેઓ વારંવાર ફોન જોડાવી દોરવણી આપતા. એક વાર તો તેઓએ બાર-બાર વાર કપાઈ ગયેલો ફોન પુનઃ જોડાવી માર્ગદર્શન આપ્યું.

દિશાદર્શનના આ દોરમાં સ્વામીશ્રી રાત્રે સૂતાં પૂર્વે તો ભુજ મુકામે રાહત કાર્ય કરતા સંતોને અવશ્ય ફોન કરી અહેવાલ મેળવતા. આ અંગે તેઓ વખતોવખત સરકારી અધિકારીઓને પણ ફોન જોડતા. તે સમયે તેઓ

દ્વારા થતી પૂછપરછ જોઈ કલેક્ટર શ્રી એચ. એન. છિબ્બર તો બોલી ઊઠ્યા કે 'કોઈ સગાં-સંબંધી પણ પોતાના પરિવાર વિષે ન કરે તેવી વિસ્તૃત અને ઝીણવટભરી પૂછપરછ સ્વામીશ્રી કરે છે !' આવો જ અનુભવ રાહત કાર્યના કમિશનર શ્રી એસ. જગદીશન્‌નો પણ રહ્યો.

આ ક્રમમાં દરેક મંદિરમાંથી જરૂરી સંતોને ભુજ પહોંચી જવાના આદેશ સાથે સ્વામીશ્રીની ભલામણો છૂટતી રહી કે 'સૂરજબારીનો પુલ બંધ થઈ ગયો હોય તો મહેસાણા થઈને જજો... ભૂકંપગ્રસ્ત ગામોનો બરાબર સર્વે (સર્વેક્ષણ) કરજો... જૂના મંદિરે અને બહેનોના મંદિરમાં આપણે રસોઈ મોકલવાની. બ્રાહ્મણ બનાવે ને બ્રાહ્મણ જ આપવા જાય. એ બધાં નિયમ-ધર્મમાં ચુસ્ત છે... ખાવડામાં મુસલમાન ભાઈઓ છે, તેઓને પણ મુશ્કેલી હોય તો મદદ કરજો...'

આ સમતા અને મમતા સાથે રાહત કાર્યોનો દોર સંભાળી રહેલા સ્વામીશ્રીએ તા. ૨૭/૧ના રોજ બોચાસણના મંદિરે ફોન જોડ્યો. અહીં ભૂકંપ-પીડિતો માટે દળાઈ રહેલાં અનાજ સંબંધી વાતચીત કરતાં તેઓએ વેદજ્ઞદાસ સ્વામીને સૂચના આપી કે 'બરાબર કાળજી રાખજો. અનાજ, સાફ કરીને પછી જ દળવું, જેથી કાંઈ કચરું-કાંકરું રહી ન જાય.'

સ્વાસ્થ્ય ન જોખમાય તે રીતે પીડિતોના પેટનો ખાડો પુરાવો જોઈએ – આ સ્વામીશ્રીની ભાવના !

વળી, પીડિતોની આંતરડી ઠરે તે સાથે તેઓની જીભને સ્વાદ પણ આવવો જોઈએ – આ સ્વામીશ્રીનું વલણ.

તેથી તેઓએ રાહત રસોડું સંભાળતા સંતોને સૂચવ્યું કે 'ભૂકંપગ્રસ્તો માટે રોજ ખીચડી-કઢી ન બનાવતાં નવું-નવું બનાવજો.'

તેઓની આ સ્નેહસભર સૂચનાને કારણે જ ભૂકંપપીડિતો ૪૫ દિવસમાં ૯૦થી વધુ વાનગીઓ જમી શક્યા ! પોતાના ઘરમાંય ન સંભવે એવી સ્વામીશ્રીની આ સંભાળે તો ભૂકંપવાસીઓનાં દિલ હલાવી દીધાં !

આ ખાસિયત સાથે અટલાદરાના મંદિરે બિરાજતા સ્વામીશ્રી એક વાર રસોડામાં પહોંચ્યા ત્યારે અહીં ભૂકંપપીડિતોને વહેંચવા માટે ફૂડપેકેટ્સ બની રહેલાં. તેમાં મુકાતાં ૧૫૦ ગ્રામ ગાંઠિયા અને ૭૫ ગ્રામ બુંદીને જોઈ સ્વામીશ્રીએ ભંડારી અમિતયશદાસ સ્વામીને કહ્યું : 'આમાં બે-બે આથેલાં મરચાં પણ મૂકજો. ખાવામાં સારું લાગે.'

ભૂકંપના રાહત કાર્યમાં સંસ્થા દ્વારા વપરાયેલા એક-એક કણની શુદ્ધિ અને સ્વાદ માટે આવી તકેદારી રાખતા સ્વામીશ્રીએ રાહત રસોડાં ચલાવતા સંતોને એ પણ પૂછેલું કે 'તમે રસોઈ કરો છો તે પાણી ક્યાંથી લાવો છો ?'

રસોઈ બનાવવામાં અણગળ પાણી તો નથી વપરાતું ને?! – આ દહેશત સેવતા સ્વામીશ્રીને, પાઉચના પાણીમાંથી રસોઈ બનવાની વાત જાણી સંતોષ થયેલો. ૬.૯ રિચર્સ સ્કેલનો ભૂકંપ ભલે ઇમારતોને ધરાશાયી કરી ગયો, પણ શ્રીજી-આજ્ઞા પાળવાની સ્વામીશ્રીની ચીવટ તો કાટમાળ વચ્ચેય અડીખમ જોવા મળી !

વિરાટ ફલક પર વિસ્તરેલાં કાર્યોમાં આવી સૂક્ષ્મ ચોકસાઈ દાખવવી એ જ તો તેઓની વિશેષતા હતી. તેની હદ તો ત્યારે આવી જ્યારે ભૂકંપગ્રસ્તોને અપાતી ઘરવખરીમાં સ્વામીશ્રીએ નખ કાપવા માટે નેઇલ-કટર, ઘર વાળવા માટે સાવરણી, કપડાં સૂકવવા માટે દોરી અને મહિલાઓ માટે ચાંદલાનાં પેકેટ પણ મુકાવ્યાં. કોઈ પણ સ્વૈચ્છિક કે સરકારી સેવાભાવી સંસ્થાઓ દ્વારા થતાં રાહત કાર્યોમાં આવી વસ્તુઓ કદાચ પ્રથમ વાર સ્થાન પામી હશે ![૨૮]

## સંતસમ્રાટનો સેવકભાવ

ભૂકંપના રાહત કાર્યમાં સહાયરૂપ થવા તા. ૨૭/૧ની સાંજે દેશનાં અખબારોમાં જાહેર અપીલ કરી આજની સાયંસભામાં પધારેલા સ્વામીશ્રીએ અમૃતધારા વહાવતાં કહ્યું કે –

"માણસને સન્માનની ઝંખના રહે છે તે પણ દુઃખનું કારણ છે. આપણને થાય કે 'વાહ ! આપણા સન્માનમાં આટલું બધું થઈ ગયું !' તેમાં હું પણ આવી ગયો. બહુ માણસો સન્માન કરે, ગામોગામ સામૈયા કાઢે ને સભા કરી ઇલકાબ આપવા માંડ્યા કે – સંત શિરોમણિ... સંતસમ્રાટ... હવે એવું બધું ચાલવા માંડ્યું. એટલે આપણને થવા માંડે કે 'અહોહો ! આપણા માટે કેટલું બધું થઈ ગયું ! બહુ જબરજસ્ત !'

આપણને થાય કે 'આપણું સન્માન થાય છે', પણ ભગવાનનું થયું.

---

૨૮. ભૂકંપગ્રસ્તોની પીડા હરવા તત્પર થયેલા સ્વામીશ્રીની દયાના દસ્તાવેજી દાખલાઓ નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આપણું શું? આપણે નથી લેવા-દેવા. આપણામાં ઠેકાણું નથી. ભગવાનને લઈને આપણે છીએ. આ તો ભગવાનનાં ઘરેણાં છે, શાસ્ત્રીજી મહારાજ અને જોગી મહારાજનાં છે. ડિગ્રીઓમાં અને સન્માનમાં લેવાઈ જાય તો ભગવાનને ભૂલી જાય. ભગવાનના ભક્તોની ગણતરી પણ ન રહે. ભગવાનનાં દર્શન, ભગવાનનો મહિમા એ કશુંય ના રહે. આપણી વૃત્તિઓ ફાટી જાય.

મને ઘણાએ કહ્યું કે 'તમને નોબેલ પ્રાઇઝ મળે એ માટે અમે પ્રયત્ન કરીએ.' મેં કહ્યું: 'મને શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજે નોબેલ પ્રાઇઝ આપ્યું પછી એનાથી વધારે સારું શું?' શ્રીજીમહારાજ સાક્ષાત્ આપણને મળ્યા, જોગી મહારાજ - શાસ્ત્રીજી મહારાજ જેવા પુરુષ મળ્યા તે નોબેલ પ્રાઇઝથી પણ વધુ છે. પછી બીજાનો સંકલ્પ શું કામ કરવો? ઉપાધિમાં પડવું એના કરતાં છે તે સારા છે. તમારે સારા ભક્ત થવું ને અમારે સારા સાધુ થવું એનાથી કોઈ મોટી પદવી નથી.''

## કોણ કહે છે કે 'પ્રમુખસ્વામી ભગવાન થાય છે?'

તા. ૨૮/૧ની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે પાદરાના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થતાં સર્વત્ર જયજયકાર પ્રસરી ગયો. કિશોર અવસ્થામાં અહીં ભણતા સ્વામીશ્રી જ્યાં સાઇકલ મૂકતા એ જ તીર્થરૂપ સ્થાનમાં આ મંદિર નિર્માણ પામેલું. તેથી તેના પરિસરમાં પ્રસાદીભૂત લીંબડા પાસે સાઇકલ અને દફતર સાથે સજ્જ શાંતિલાલની પ્રતિકૃતિ પણ મૂકવામાં આવેલી. એ સાઇકલ પાસે ઊભા રહેલા સ્વામીશ્રીની છબી ઝડપી સૌએ આજની તવારીખને વધુ તેજસ્વી કરી મૂકી. તેની સાથે સ્થાનિક નગરપાલિકાએ પાદરાથી ચાણસદ જતા માર્ગને 'પ્રમુખસ્વામી માર્ગ' ઘોષિત કરી આજના ઉત્સવને ચિરંજીવ બનાવ્યો. આ અવસરે શાંતિલાલની ચરણરજથી અંકિત શાળાના પ્રાંગણમાં જ સભા યોજાયેલી. આ સમારંભ બાદ સૌના પ્રેમાગ્રહથી સ્વામીશ્રી પોતે શાળાના જે વર્ગખંડમાં ભણતા ત્યાં પધાર્યા અને પાટલી પર બિરાજી સૌને સુખદ સ્મૃતિ આપી.

પરંતુ તેઓએ આ અરસામાં ભૂકંપની પરિસ્થિતિને કારણે ઉત્સવ પ્રસંગે બૅન્ડવાદન, આતશબાજી, જમણવાર જેવા કાર્યક્રમો પર રોક લગાવી દીધેલી. તેથી તા. ૨૯/૧ના રોજ સાદગીપૂર્ણ રીતે ઊજવાઈ રહેલા વસંત પંચમીના સમૈયામાં કિશોરોના ભક્તિનૃત્ય બાદ કાર્યકર શ્રી સંજયભાઈ પટેલે

જાહેરાત કરી કે 'હવે મહંત સ્વામી શાસ્ત્રીજી મહારાજને પુષ્પહાર પહેરાવી સ્વાગત કરશે. ત્યારબાદ તેઓ સ્વામીશ્રીને પણ પુષ્પહાર પહેરાવશે.'

આ ઘોષણા મુજબ મહંત સ્વામી શાસ્ત્રીજી મહારાજને એક હાર અર્પણ કરી બીજો હાર પહેરાવવા જ્યાં સ્વામીશ્રી પાસે આવ્યા ત્યાં જ સ્વામીશ્રી તરત ઊભા થઈ ગયા અને તેઓએ મહંત સ્વામીના હાથમાંથી હાર લઈ ઠાકોરજીને પહેરાવી દીધો.

સ્વામીશ્રીની આ ક્રિયાનો સંદર્ભ લઈ મહંત સ્વામીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું: "કોણ કહે છે કે 'પ્રમુખસ્વામી ભગવાન થાય છે?' હમણાં આપણે નજરે જોયું. સ્વામીને ઊભા થવા માટે ટેકો આપવો પડે છે. તેને બદલે જાતે ઊભા થઈ ગયા ને હરિકૃષ્ણ મહારાજને હાર પહેરાવ્યો!"

મહંત સ્વામીએ આપેલી આ જ્ઞાનદૃષ્ટિના ઉજાશમાં સ્વામીશ્રીનું સેવક સ્વરૂપ વિશેષ દેદીપ્યમાન ભાસી રહ્યું.

## સ્નેહસૂત્રના સ્થાપક

આ અરસામાં ભૂકંપગ્રસ્તો માટે સતત વહેતી સ્વામીશ્રીની કરુણાનું એક નવું વહેણ ટપાલ વ્યવસ્થા દ્વારા પણ ફૂટી નીકળેલું. ભુજ સાથેનું સંપર્ક-સૂત્ર તૂટી જતાં અહીં રહેતા અસરગ્રસ્તોના સમાચાર જાણવા ઉત્સુક અને ચિંતિત તેઓના સંબંધીઓ ઘણી હાલાકી ભોગવતા હતા. તેને હલ કરતાં સ્વામીશ્રીએ ભુજના આપણા મંદિરે જાણે ટપાલ કચેરી જ ખોલી દીધેલી. તે અનુસાર અત્રે આવેલા ભૂકંપગ્રસ્તોના પત્રો સંસ્થાના સ્વયંસેવકો દ્વારા રાજકોટ પહોંચતા અને રાજકોટ આવેલી આફતગ્રસ્તના સંબંધીઓની ટપાલ સ્વયંસેવકો મારફત ભુજ આવતી. અત્રેથી તે કાગળો જે-તે વ્યક્તિને પહોંચાડવામાં આવતા.

આ જ રીતે ભુજના આપણા મંદિરે ફોનની સગવડ પણ ઉપલબ્ધ કરવામાં આવતાં સંદેશાઓનું આદાન-પ્રદાન શીઘ્ર અને સરળ બન્યું.

આ રીતે એકમેકને સ્નેહસૂત્રથી સાંકળનારા સ્વામીશ્રીએ આ સમયે ભૂકંપગ્રસ્તોનાં ભાંગી ગયેલાં મનની માવજત લેતાં સંતોની પધરામણીઓનું આયોજન ગોઠવાવ્યું. ધરતીકંપ આવ્યાના અરસામાં સ્વાભાવિક હતું કે જાન-માલ તથા સગાં-સ્વજનને ગુમાવી ચૂકેલા હતપ્રભ થઈ ગયા હોય! પરંતુ બેબસ અને બેબાકળા બની બેઠેલા તેઓને હૂંફ તથા હામ આપવા સંતો ઘરઆંગણે

પહોંચતાં સૌમાં અનેરી આશાનો સંચાર થઈ રહેતો. સ્વામીશ્રીના આ સુયોગ્ય અને સમયસરના પગલાને સ્થાનિક આગેવાનોએ ખૂબ જ બિરદાવ્યું.

## મનના કોડ પૂરો છો સ્વામી

ભૂકંપપીડિતો માટે વહી રહેલી પ્રાસંગિક સમાજસેવાઓની સમાંતર સંસ્થા દ્વારા ચાલતી કાયમી સેવાઓના ક્રમમાં તા. ૩૦/૧ના રોજ મહંત સ્વામી તથા ત્યાગવલ્લભદાસ સ્વામીના હસ્તે ચાણસદ મુકામે 'પ્રમુખસ્વામી મહારાજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન થયું.

એ જ રીતે ડભોઈ ખાતે કાર્યરત 'પ્રમુખસ્વામી હૉસ્પિટલ'માં તા. ૧/૨ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો વડે આઈ.સી.યુ. અને ફિઝિયોથેરાપીની સુવિધાઓનો શુભારંભ થયો.

આ અવસરે યોજાયેલી પ્રાસંગિક સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'અહીં સૌને ભાવના થઈ કે સારી સંસ્થા હૉસ્પિટલ હાથમાં લે તો સારું. એ પ્રમાણે અમારી પાસે વાત આવી. આ રીતે ઘણાં શહેરોમાં પણ હૉસ્પિટલવાળા અમારી પાસે આવે છે, પણ અહીં પછાત વિસ્તારની વાત હતી એટલે એમાં જરા વિશેષ રસ છે કે આદિવાસી લોકોનો ઉત્કર્ષ થાય. તેથી વિચાર થયો કે આ કામ કરવું.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં તેઓની વિચારસરણી પડઘાઈ રહી. તેઓને પ્રસિદ્ધિમાં નહીં, પણ સેવામાં રસ.

તેથી અંતરિયાળ પ્રદેશોમાં પણ પ્રજાકીય સુખાકારીનાં આવાં પગલાં ભરતા તેઓ બોડેલી, રાજબોડેલી અને કાશીપુરાને લાભ આપી તા. ૨/૨ની બપોરે કોસિન્દ્રા પધાર્યા.

અહીં શ્રી રતિભાઈ પટેલના ઘેર ભોજન બાદ સ્વામીશ્રી મુલાકાતીઓને મળી રહેલા ત્યારે આદિવાસી ભાવિક શ્રી ખુમાનસિંહ રાઠવા આવી ચડ્યા. તેઓએ ભક્તિભાવથી ઓઢાડેલી સફેદ ગરમ શાલ બાજુમાં ઊભેલા એક સંતને આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પરદેશના સાધકો આપણી ભેગા ફરે છે, તેમાંથી કોઈને જોઈતી હોય તો આપજો, ઠંડી બહુ છે એટલે !'

આમ, એકને હૂંફ આપી તેઓ જ્યાં ઊભા થવા ગયા ત્યાં જ પેલા આદિવાસી ભક્તે પાવડી ધરી કહ્યું : 'બાપા ! આ ચાખડી પ્રસાદીની કરી આપો.'

પરંતુ તેમ કરવામાં સ્વામીશ્રીને પડનારું કષ્ટ જોઈ એક સંતે તે પાવડી

સ્વામીશ્રીના હાથમાં આપવા કહ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'એને પહેરાવવા દો.'

તેથી તે ભક્તે સ્વામીશ્રીનાં ચરણમાં ચાખડી પહેરાવી. તે ધારણ કરી સ્વામીશ્રી ઊભા થયા ત્યારે સેવક કહે: 'બસ, પ્રસાદીની થઈ ગઈ !'

પરંતુ 'થોડું ચાલીએ' કહેતાં સ્વામીશ્રી એ ચાખડી પહેરી બે સંતોના ટેકે ચાર-પાંચ ડગલાં ચાલ્યા. આ જોઈ પેલા આદિવાસી સહિત સૌનું અંતર ગાઈ ઊઠ્યું: *'સૌ પર મે'ર કરો છો સ્વામી, મનના કોડ પૂરો છો સ્વામી...'*

આ જ પંક્તિ તા. ૩/૨ની સવારે કોસિન્દ્રાના કણ-કણમાં ગુંજી ઊઠી, જ્યારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ગામના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા.

આ કાર્ય સંપન્ન કરી સ્વામીશ્રી આજની સાંજે અટલાદરા પહોંચવાના હતા, પરંતુ કોસિન્દ્રાથી નીકળેલા તેઓ ગાડીનું સુકાન મરડાવી તાંદલજાના હરિભક્ત શ્રી ઈશ્વરભાઈ પટેલના આંગણે જઈ ઊભા. તેઓના આ અચાનક આગમનથી ઘેલા બની બેઠેલા એ સત્સંગી પણ ગાઈ ઊઠ્યા: *'મનના કોડ પૂરો છો સ્વામી...'*

## દરવાનીના દીકરાને દાક્તર બનાવતી દયા

તાંદલજાથી બોડેલી થઈને અટલાદરા પધારેલા સ્વામીશ્રી પાસે દોડી આવેલા યુવાન ડૉ. અમૃત વસાવાને સ્વામીશ્રીનો પ્રથમ વાર યોગ થયો ત્યારે તેઓની ઉંમર બારેક વર્ષની હતી. તે વખતે સન ૧૯૮૯માં વિદ્યાનગર ખાતે બાળ અધિવેશન યોજાયેલું. તેમાં સત્સંગી બાળકો સાથેની મિત્રતાના દાવે આ બિનસત્સંગી બાળકે પણ ઝંપલાવેલું.

પરંતુ એક દરિદ્ર દરવાનીના આ દીકરાનું રહેઠાણ માત્ર ૧૦ X ૧૦ ફૂટનું જ હતું. તેમાં મુખપાઠ કરવાની સાનુકૂળતા ન આવે. તેથી છાત્રાલયમાં તૈયારી માટે આવતા તેણે 'સ્વામીની વાતો' મોઢે કરી અધિવેશનમાં ઇનામ મેળવેલું.

એક વાર આવા વિજેતા બાળકોનો પરિચય આપી રહેલા સંતો દ્વારા અમૃતની સાવ નબળી આર્થિક પરિસ્થિતિનો ઉલ્લેખ થયેલો. તે સાંભળી આ બાળકને નજીક બોલાવી સ્વામીશ્રીએ તેના ભણતર વિષે પૂછપરછ કરેલી. તે વખતે તેણે દસમું ધોરણ પાસ થઈ જી.આઇ.ડી.સી.માં ક્યાંક મજૂરીકામે લાગી જવાની પોતાની મુરાદ જણાવેલી. ઉચ્ચ અભ્યાસની સગવડના અભાવે

અને વૉચમેન તરીકે કામ કરતા પિતાની પાંખી આવકને ઝટપટ ટેકો દેવા માટે તેને આ રસ્તો ઠીક લાગેલો.

પરંતુ સ્વામીશ્રીએ તેને કહેલું: 'તું ખર્ચની ચિંતા ન કરતો. તારી વ્યવસ્થા અમે કરીશું, પણ તું ભણજે.'

આ સધિયારા સાથે તેઓએ આ બાળકનાં પુસ્તક-પાનાં, કપડાં-લત્તાં અને શાળાશુલ્કના ખર્ચનું ધ્યાન રાખવા સંતોને ભલામણ કરેલી.

આ તજવીજને કેટલોક સમય પસાર થયા બાદ અમૃતનું દસમા ધોરણનું પરિણામ આવ્યું. તે સંતોએ સ્વામીશ્રીને બતાવ્યું, ત્યારે સ્વામીશ્રીએ આ બાળકને પૂછેલું: 'તારે આગળ ભણવું છે ને?'

'હા, હું ડિપ્લોમા એન્જિનિયરિંગમાં એડમિશન લઈ લઉં, જેથી ભણવાનું ઝડપથી પૂરું થઈ જાય અને નોકરીએ લાગી જઉં.' બાળકે જણાવેલું.

તે હજી ઘરની આર્થિક સંકડામણમાંથી મુક્ત થઈ વિચારી શકતો નહોતો, પણ જીવને દરેક પ્રકારના બંધનમાંથી મુક્ત કરવા જ આવેલા સ્વામીશ્રીએ તે બાળકને પિંજરામાંથી બહાર કાઢી પાંખો ફફડાવવાનું ગગન બતાવતા હોય તેમ કહેલું: 'તું હોશિયાર છે તો આગળ સારું ભણ. ખર્ચની ચિંતા ન કર.'

સ્વામીશ્રીની આ સમજાવટથી તે બાળક ડિપ્લોમામાં પ્રવેશનો વિચાર માંડી વાળી બારમા ધોરણના પંથે આગળ વધેલો.

બારમા ધોરણમાં પણ સારા ગુણાંક મળતાં તે ખુશ થતો સ્વામીશ્રી પાસે દોડી આવેલો. તેના પરિણામનો આનંદ વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ તેને પુનઃ પૂછેલું: 'હવે આગળ શું ભણવું છે?'

તેઓ મદદ આપતા, પણ અધિકાર ન જમાવતા. તેથી તેઓએ એ વિદ્યાર્થીનો અભિપ્રાય માંગ્યો, ત્યારે તેણે કહેલું: 'બાપા! હું એન્જિનિયરિંગમાં જાઉં તો ચાર વર્ષમાં ભણવાનું પૂરું થઈ જાય.'

આ પ્રતિભાવ પરથી સ્વામીશ્રી પારખી ગયેલા કે રાંક ઘરના આ રતનના મનમાંથી હજીયે તેની નબળી આર્થિક સ્થિતિની લાય બુઝાઈ નથી. તેથી તેઓ ટેકો ધરતાં બોલ્યા હતા: 'તું પૈસાની ચિંતા ન કરીશ. અમે બધી જ વ્યવસ્થા કરીશું, પણ તું સારું ભણ.' આમ જણાવી સ્વામીશ્રીએ તેને મૅડિકલ કૉલેજમાં પ્રવેશ લેવડાવ્યો હતો.

આ વિદ્યાશાખા પ્રમાણમાં ખર્ચાળ કહેવાય, પરંતુ સ્વામીશ્રીને મન વિત્ત કરતાં વ્યક્તિ મહત્ત્વની રહેતી. તેથી તેઓ આ વિદ્યાર્થીનો ગંજાવર

ખર્ચ ઉઠાવતા રહેલા. તેને કારણે અભ્યાસમાં એકાગ્ર થયેલો એ યુવાન સન ૨૦૦૦માં ડૉક્ટર બન્યો. પોતાના આ પરિણામની માર્કશીટ હાથમાં આવતાં જ ડૉ. અમૃતને પહેલી યાદ પોતાનાં મા-બાપની નહીં, પણ સ્વામીશ્રીની આવેલી. ચોકિયાતના દીકરા એવા આ યુવાનની ખરી રખેવાળી તો તેઓએ જ કરેલી ને!

સ્વામીશ્રીએ તેને ન કેવળ પૈસા-પુસ્તક પૂરાં પાડેલાં, પણ હૂંફ-હિંમતેય એવાં જ આપેલાં. તેથી જ જી.આઈ.ડી.સી.ના કો'ક ઉદ્યોગગૃહમાં શ્રમજીવી બનવાનું શમણું સેવનારા પોતાને આ પૃથ્વી પર ડૉક્ટર તરીકે અવતારનારા પોતાના 'વૉચમેન' સ્વામીશ્રીને આ પદવીધારી યુવાને પત્ર દ્વારા પરિણામ જણાવેલું. તે વખતે અમેરિકામાં વિચરતા સ્વામીશ્રીના હાથમાં આ વિગત આવતાં તેઓએ વળતો આશીર્વાદપત્ર લખાવેલો કે *'આપે એમ.બી.બી.એસ. પૂરું કરેલ છે તે જાણી આનંદ થયો છે. સત્સંગની ને સમાજની સારી સેવા થઈ શકે ને આપના શુભ સંકલ્પો પૂરા થાય તે આશીર્વાદ છે.'*

અમેરિકામાં જે દિવસે સ્વામીશ્રી રાષ્ટ્રપ્રમુખ શ્રી બિલ ક્લિન્ટનને મળ્યા એ જ દિવસના તેઓના આ શબ્દો છે. વિશ્વના માંધાતાની સાથે ૧૦ x ૧૦ ફૂટની ઓરડીમાં રહેતો માનવ પણ તેઓને મન મહત્ત્વનો હતો.

પરંતુ સ્વામીશ્રીની આ શાંત છતાં નક્કર કાર્યવાહી આટલેથી ન વિરમી. અમૃત અહીં અટલાદરામાં સ્વામીશ્રીને રૂબરૂ મળવા આવ્યો ત્યારે તે હરખભેર બોલ્યો: 'બાપા! હું ડૉક્ટર બની ગયો.'

તે સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું: 'તારે હજી આગળ ભણવું છે? તું ખર્ચની ચિંતા ન કરીશ. અમે બધી વ્યવસ્થા કરીશું.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ એ યુવાન માટે કલ્પના બહારનો બની રહ્યો. ઉપકાર કરવામાં કશુંયે શેષ ન રાખનારા સ્વામીશ્રીને હજીયે સંતોષ થયો નહોતો. તેઓની આ લાગણી અમૃતની આંખમાં આંસુનું પૂર લઈ આવી.

સ્વામીશ્રીના આભ સમા ઉપકારોની છત્રછાયા તળે ઊછરેલા આવા તો કંઈક યુવાનો આજે પણ ગદ્ગદ કંઠે સ્વામીશ્રીને કહી રહ્યા છે કે *'તમે તો ઘણી કીધી છે સહાય...'*

## પોતાની તો પીડાને ન જોઈ

અટલાદરામાં તા. ૫/૨ના રોજ રેલવે સ્ટેશન પાસે ચાર એકર જમીન

પર ખડા થયેલા 'પ્રમુખસ્વામી હૉસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર'નું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીના વરદહસ્તે થતાં સમાજની સરેરાશ સુખાકારી ઊંચે ચઢી, કારણ કે પચાસ પથારીની સુવિધા સાથે અસ્તિત્વમાં આવેલી આ હૉસ્પિટલ નિદાન અને સારવારનાં તમામ પાસાં આવરી રહેલી.

આ શુભકાર્યને અનુસરતાં ઊગેલો તા. ૬/૨નો દિવસ અટલાદરા ખાતેના રોકાણનો આખરી દિન હોવાથી ભક્તભીડ ઘણી ઊમટેલી. તેમાંના કેટલાકને સ્વામીશ્રી પૂજા બાદ સભામંડપમાંથી ઉતારે આવતાં પહેલાં ગાડી આગળ ઊભા રહી વર્તમાન ધરાવવા લાગ્યા. તે જ વખતે આધેડ વયના એક ભાવિક હાથમાં નોટ-પેન લઈ સ્વામીશ્રીના હસ્તાક્ષર લેવા આવી ચડ્યા. તેઓની આ કસમયની માંગણીને સંતોષતાં કાર્યકરોએ નોટ પર પ્રસાદીનું પુષ્પ મુકાવી તેઓને આગળ વધાર્યા, પરંતુ તેથી સમાધાન ન પામેલા એ મુરબ્બી વળી ટોળું વીંધીને આગળ આવવા પ્રયત્નશીલ બન્યા. સ્વામીશ્રી ગાડીમાં બેસવાની તૈયારીમાં હતા ત્યારે તો તેઓ એકદમ નજીક આવી ગયા. તેઓને વારી રહેલા કાર્યકરોની એકેય વાત કાને ન ધરતાં એ મુમુક્ષુ હસ્તાક્ષર લેવાની જીદ પકડીને બેઠેલા. તેઓનો આ દુરાગ્રહ જોઈ સંતોએ તેઓને નિકટ આવવા દીધા ત્યારે સ્વામીશ્રીએ ગાડીના બૉનેટ પર એ ભક્તની નોટ ટેકવી હસ્તાક્ષર પાડી આપ્યા !

આમ, પોતાની અગવડ જોયા વિના સૌને રાજી કરતા સ્વામીશ્રી આજની સાંજે વરતાલ થઈને અસલાલી પધાર્યા.

અહીં તેઓએ તા. ૭/૨ની સવારે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી ગામવાસી ભક્તોની સેવાને સાર્થક કરી. તે પછી તેઓ આજની સાંજે ગામનાં પ્રાસાદિક સ્થળોની સાથે જેતલપુરમાં દર્શન કરતાં અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં પણ સ્વામીશ્રીએ હીરાવાડી વિસ્તારના નવનિર્મિત મંદિરમાં તા. ૧૧/૨ની સવારે શુદ્ધ અને સનાતન ઉપાસનાનાં સ્વરૂપો પ્રતિષ્ઠિત કર્યાં. આ પ્રતિષ્ઠાવિધિ બાદ બાપુનગરને પાવન કરતા તેઓએ અત્રે 'પ્રમુખસ્વામી નગર'માં નિર્માણ પામેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

પરંતુ પ્રતિષ્ઠાની આ પરંપરા તા. ૧૫/૨ની બપોરે સ્વામીશ્રી બીમાર પડતાં જ થંભી જશે એમ સૌને લાગ્યું, પણ આ ધારણાને ખોટી ઠેરવતાં સ્વામીશ્રી તા. ૧૬/૨ની સવારે પાલડીના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા પધાર્યા.

અહીંથી તેઓ બપોરે મંદિરે પરત ફર્યા ત્યારે શરીરમાં તાવની માત્રા સવાર કરતાં વધી ગયેલી.

આ ઉપદ્રવની સાથે સ્વામીશ્રીની ડાબી આંખે પણ કનડગત શરૂ થઈ. છતાં તા. ૧૭/૨ના રોજ અક્ષરધામ સંબંધી મીટિંગમાં પરોવાઈ ગયેલા તેઓએ 'પાયા'નું સૂચન કરતાં ઇજનેર શ્રી અશ્વિનભાઈ પટેલને કહ્યું :

'અક્ષરધામ થાય તેમાં બાંધકામ વખતે બે પથ્થરના જોઇન્ટમાં પાવ (ક્લેમ્પ) નાખવા. ધરતીકંપ થયા પછી મને એનો વિચાર આવ્યો. તે પહેલાં પણ મારે તમને કહેવું હતું. ગઢડા અને અટલાદરામાં મંદિરો થયાં એમાં મેં પોતે જ પાવ નાખ્યા છે. શાસ્ત્રીજી મહારાજે કહેલું કે બધે જ નાખજો.'

આ સલાહ સાથે સ્વામીશ્રી મીટિંગથી પરવાર્યા ત્યારે ડૉ. માધવ જોધાણી આંખો તપાસવા આવી ગયા. તેઓએ ડાબી કીકીના ઉપરના ભાગમાં સાધારણ ઘસરકો પડ્યાનું નિદાન કરી ઝડપથી રૂઝ આવી જાય તે માટે ટીપાં સાથે સૂચવ્યું કે 'આંખને જેટલો વધારે આરામ મળે તેટલું જલદી સારું થશે.' પરંતુ સ્વામીશ્રી તો ડાબી આંખે પેડ બાંધીને કાર્યરત રહ્યા !

*'પોતાની તો પીડાને ન જોઈ...'*ની રીતે વર્તતા તેઓ શરીરની સંભાળને રફેદફે કરીને સેવામાં સંલગ્ન રહેતા.

## વર્ણન ન થઈ શકે તેવું કાર્ય

અમદાવાદના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીને મળવા આવતા પ્રત્યેક દેશી-વિદેશી મહાનુભાવોની જીભ સંસ્થા દ્વારા ચાલતા ભૂકંપ રાહત કાર્યની પ્રશંસા કરતાં સુકાતી નહોતી. તેમાં કો'ક સ્વામીશ્રીની ઝીણવટથી પ્રભાવિત જણાતા, તો કો'ક સ્વામીશ્રીના વિરાટ કાર્યકલાપથી. કો'કને હૈયે સ્વામીશ્રીની કર્મઠતા વસી ગયેલી જણાતી, તો કો'ક સ્વામીશ્રીની પ્રામાણિકતાનાં ઓવારણાં લઈ રહેતું.

આ ક્રમમાં તા. ૨૦/૨ની સાંજે સ્વામીશ્રીને મળેલા ગુજરાત રાજ્ય અછત નિવારણ સમિતિના પ્રમુખ શ્રી અશોકભાઈ ભટ્ટ અહોભાવ ઉચ્ચારી ગયા કે 'આપ સંતોને માર્ગદર્શન આપો છો તેનો હું સતત સાક્ષી રહ્યો છું. રાત્રે અગિયાર વાગ્યે આપનો ફોન સંતો પર આવે ત્યારે હું ત્યાં એમની પાસે હોઉં. સતત આશીર્વાદ સાથેનું આપનું ચિંતન મુખ્ય બળ છે.'

આ જ રીતે તા. ૨૩/૨ની સવારે સ્વામીશ્રી પાસે આવેલા અગ્રણી

કટાર લેખક શ્રી ભવેન કચ્છીએ અનુભવ જણાવ્યો કે 'અદ્ભુત! જેનું વર્ણન ન થઈ શકે એવું કાર્ય થાય છે. આખા ભુજમાં બધા લોકોને એમ છે કે બાપાને કારણે જ અમે ટકી ગયા છીએ. આપ જે નાની બાબતોની અહીંથી સૂચના આપતા હતા તે અમને એટલી બધી સ્પર્શતી હતી કે વાત ન પૂછો. કહેવાતા બુદ્ધિજીવીઓ અને જેમને ઈશ્વર-શ્રદ્ધા ન હોય તેમને પણ આ કાર્ય સ્પર્શી જાય તેવું છે.'

આ જ લયમાં પોતાના સૂરની મિલાવટ કરતાં તા. ૨૪/૨ની સવારે ગુજરાત રાજ્ય ટ્રાઇબ્યુનલના ચેરમેન શ્રી એ. કે. ટંડન અને નિવૃત્ત લશ્કરી અધિકારી શ્રી વી. કે. ટંડને પોતાનું આર્થિક અનુદાન ઠાકોરજીનાં ચરણે ધરી સ્વામીશ્રીને કહ્યું: 'આપની સંસ્થા પર લોકોને ખૂબ વિશ્વાસ છે. આપને આપેલા ૧૦૦ રૂપિયામાંથી ૧૦૦% વપરાય છે. આપનાં કાર્યો વેલ ઓર્ગેનાઇઝ્ડ (સુઆયોજિત), સાયન્ટિફિક (વૈજ્ઞાનિક ઢબનાં) અને ડિસિપ્લિન્ડ (પદ્ધતિસરનાં) છે.'

## સ્વામી સ્વયં છે દીન દયાળ

સમાજ-કલ્યાણની સાથે આત્યંતિક કલ્યાણની પ્રવૃત્તિનો દોર પણ સતત સધાયેલો રાખતા સ્વામીશ્રીએ તા. ૨૫/૨ની સવારે સેટેલાઇટ (વસ્ત્રાપુર) વિસ્તારના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

આ જ હેતુસર આજની સાંજે કડી પહોંચેલા તેઓએ અહીં તા. ૨૬/૨ની સવારે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કરી કડીની કડી પણ કલ્યાણ સાથે જડી દીધી.

ત્યારબાદ હનુમંત હેડવા ગામે શ્રી ચંદુભાઈ પટેલની ટાઇલ્સ ફેક્ટરીમાં પગલાં કરી મહેસાણા પધારેલા સ્વામીશ્રીએ તા. ૨૮/૨ની સાંજે મોટપને પાવન કર્યું. અત્રે તેઓ વિમલ ફ્લેક્સોલ કંપનીના પ્રાંગણમાં જાહેર-સભાનો લાભ આપી તા. ૧/૩ની સાંજે સિદ્ધપુર પહોંચ્યા.

આ પ્રસિદ્ધ તીર્થના ઉપનગર સમા રાજપુર મુકામે તૈયાર થયેલા મંદિરમાં સ્વામીશ્રીએ તા. ૨/૩ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી કંઈકનાં મોક્ષદ્વાર ઉઘાડી નાંખ્યાં. ત્યારબાદ સિદ્ધપુરના રાજમાર્ગ પર સંભવિત મંદિર માટે સમર્પિત થયેલી ભૂમિ પર ચરણચિહ્ન સ્થાપી ખેરાલુ પધારેલા તેઓએ અત્રે નિર્માણાધીન મંદિરનું ખાતપૂજન કરી મોડાસાને પાવન કર્યું.

અહીં તા. ૩/૩ની સવારે નવા સામેરા ગામના નવનિર્મિત મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા તેમ જ મોડાસાના મંદિરના છઠ્ઠા પાટોત્સવ નિમિત્તે આયોજિત મહાયાગમાં ૪૨૧ યજમાનોએ આહુતિ આપી.

તેની ધૂમ્રસેરો હજી આકાશમાં મંડરાઈ રહેલી તે સમયે જ સ્વામીશ્રીએ ડૉ. જિતુભાઈ સોમપુરાના બંગલાની સામે બંધાયેલા મંડપમાં સાયંભ્રમણ આદર્યું. તે દરમ્યાન આસપાસનાં ગામોમાંથી દર્શને દોડી આવેલા આદિવાસી હરિભક્તોનો પરિચય કાર્યકર શ્રી સંદીપભાઈ જોષી દ્વારા અપાવા માંડ્યો. કુદરતના ખોળે ઊછરતા આ મનુષ્યોમાં સ્વામીશ્રીના સંગે આવેલાં પરિવર્તનની ગાથાઓ અંગુલિમાલ કે જોબન પગીના બદલાવની બીનાઓ તાદૃશ કરે તેવી જ રહી.

તે સાંભળ્યા બાદ સ્વામીશ્રી રામપાર્ક સોસાયટીના મેદાનમાં યોજાયેલી જાહેર-સભામાં પધાર્યા, પણ નગરના શ્રેષ્ઠીઓથી ભરચક આ સભામાં તેઓએ સ્થાનિક સંતોને બોલાવી કહ્યું : 'મારે આદિવાસી ભાઈઓને મળવું છે, માટે એમની અલગ સભા પૂજાસ્થળે કરાવો. સભા પછી હું ત્યાં આવું છું. એવી વ્યવસ્થા કરજો કે એમના સિવાય કોઈ એ સભામાં બેસે નહીં.'

દેશ-વિદેશમાં વિચરવા છતાં, પ્રતિષ્ઠિત ઇલકાબો મેળવવા છતાં, મહાનુભાવોના માનવંતા થવા છતાં સમાજના છેડે જીવતા મનુષ્યો સાથેનો સ્વામીશ્રીનો નાતો કદી તૂટ્યો-છૂટ્યો નહોતો. તેથી તેઓ ઉમળકાભેર આ આદિવાસીઓની ખાસ સભામાં પધાર્યા.

તેમાં પણ પોતાનું આસન છેક મંચની ધાર સુધી લેવડાવતાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે ''સૌથી આદિ ભગવાન છે. તમે દારૂ, ચોરી, વ્યસનો કે પછી બકરાં-કૂકડાં મારીને ખાતા એ બધું મૂકી દીધું છે, એટલે ભગવાનની વધારે નજીક આવ્યા. ખરા આદિવાસી બની ગયા ! 'આપણે આદિવાસી છીએ એટલે બહુ હલકા છીએ, નીચા છીએ,' એમ માનવાની જરૂર નથી. આવો સત્સંગ મળ્યો છે તો સાચવજો. આપ બધા સુખી થાવ તે પ્રાર્થના. હવે બધા ભાઈઓ વારાફરતી દર્શને આવે.''

આમ કહી સ્વામીશ્રીએ સ્થાનિક સંતોને જણાવ્યું : 'પરિચય આપજો.'

પછી આદિવાસી ભાઈઓને ઉદ્દેશી તેઓ બોલ્યા : 'ખાસ આપને મળવું હતું એટલે આ ગોઠવ્યું હતું. મોટી સભામાં તમને મળાય એમ નહોતું. હું તમારા ગામ સુધી આવી શકું તેમ નથી, પણ તમે આવ્યા છો તો સહેજે મળી

શકાય એવી મારી ભાવના હતી.'

આ લાગણી સાથે સ્વામીશ્રીએ ૨૦૦થી વધુ આદિવાસીઓનો વ્યક્તિગત પરિચય મેળવ્યો. તે દરેકને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. જેઓની કંઠી તૂટી ગયેલી તેઓને કંઠી પહેરાવી.

તેઓની આ કૃપાવર્ષા માણનારા સૌ પોકારી ઊઠ્યા: *'સ્વામી સ્વયં છે દીન દયાળ, જાણી નિજ જન કરી સંભાળ...'*

## મુક્તિપ્રદ શ્લોક

સ્વામીશ્રીની પ્રેરણા તથા સંતો-કાર્યકરોના પુરુષાર્થથી સાબરકાંઠામાં સઘન બની રહેલા સત્સંગવનમાં હવે ઠેર ઠેર મંદિરો પણ ખીલવા માંડેલાં. તે દરેકના શ્રીગણેશ કરાવવા સ્વામીશ્રી ગામોગામ જઈ શકે તેમ ન હોવાથી ભદ્રેસર, અડપોદરા, ગાંભોઈ, પ્રેમપુર, ખારી અને તલોદનાં નિર્માણાધીન મંદિરોનું ભૂમિપૂજન તા. ૪/૩ની સવારે મોડાસામાં જ સંપન્ન થયું. તેની સાથે હિંમતનગરમાં પણ મોટા મંદિર માટે સંપાદિત થયેલી સાડા નવ એકરની ભૂમિનું પૂજન આજે અહીં જ કરી સ્વામીશ્રી તા. ૫/૩ની સાંજે ગાંધીનગર પધાર્યા.

અહીંથી તા. ૮/૩ની સવારે રાયસણ પહોંચેલા તેઓએ મુખ્યમંત્રી સહિત અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં સંસ્થાકીય કેટલ કેમ્પનું ઉદ્ઘાટન કર્યું.

ત્યારબાદ આજની સાંજે બાવળા થઈને સારંગપુર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૦/૩ના રોજ આવેલો ફૂલદોલોત્સવ ભૂકંપની પરિસ્થિતિને કારણે સાદગીપૂર્ણ રીતે ઊજવાયો.

તેને અનુસરતાં તા. ૧૩/૩ની સવારે અહીંના કેટલ કૅમ્પની મુલાકાત લેનારા સ્વામીશ્રીએ ગમાણ પાસે ઊભેલા વીસ બળદોને નીણ નીરી આ પશુધનની ભવની ભૂખ પણ ભાંગી.

આ જ રીતે તા. ૧૭/૩ની સવારે તેઓએ બરવાળાની ઝબુબા હાઈસ્કૂલના મેદાનમાં ઘેલાશા પશુ સેવાકેન્દ્ર વગેરે સખાવતી ટ્રસ્ટ તરફથી ઊભા કરાયેલા કેટલ કેમ્પનું ઉદ્ઘાટન કર્યું.

તે દ્વારા પશુકલ્યાણની પ્રવૃત્તિને વેગ આપી પુનઃ સારંગપુર પધારેલા સ્વામીશ્રી આજની સાંજે સ્મૃતિમંદિરે પ્રદક્ષિણા ફરી રહેલા ત્યારે ગામના એક ભરવાડ બાળકે 'गुणातीतोऽक्षरं ब्रह्म...' શ્લોક ગાયો. તે સાંભળી રીઝેલા

સ્વામીશ્રી એ શિશુના શિરે હાથ મૂકી બોલ્યા : 'તું ભવબંધનમાંથી છૂટી ગયો !'

સ્વામીશ્રીનું આ વરદાન જે અક્ષર-પુરુષોત્તમનો ઉચ્ચાર કરે તે સૌ માટે છે.

## કાયમ માટે આ ગોખી રાખવું

સારંગપુરમાં સ્વામીશ્રીનાં ભોજનસત્રો દરમ્યાન વિદ્યાર્થી સંતો દ્વારા રોજેરોજ થતી પ્રેરક અને રોચક પ્રસ્તુતિઓમાં તા. ૧૮/૩ની રાત્રે સંસ્કૃત શ્લોકોનું સમૂહગાન શરૂ થયું. તેના અંતે નીતિશતક ગ્રંથનું સુભાષિત ગવાયું કે –

'क्वचिद् भूमौ शायी क्वचिदपि च पर्यङ्कशयनम्
क्वचिच्छाकाहारी क्वचिदपि च शाल्योदनरुचिः।
क्वचित् कन्थाधारी क्वचिदपि च दिव्याम्बरधरो
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥'[૨૯]

આ સાંભળી સુભાષિતની સમજૂતી આપતાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

"આવું થવાનું જીવનમાં. કોઈ વખત ગાડી મળે, કોઈ વખત પગે ચાલીને જવું પડે. આવી પરિસ્થિતિમાં પણ બરાબર સ્થિર રહેવું. કાયમ માટે આ ગોખી રાખવું. 'પેલાને આ મળ્યું ને મને કેમ ન મળ્યું?' એમ લડવા નહીં જવાનું. ફરિયાદ નહીં કરવાની. ન મળ્યું તો કંઈ નહીં, ભગવાનની ઇચ્છા.

ગામડે ફરવા જવાનું થાય ત્યારે, પોટલાં માથે ઉપાડવાનાં થાય ત્યારે 'क्वचित्' સમજી લેવું કે 'આપણે આ 'क्वचित्' આવ્યું.' કોઈ વાર સારી મોટર મળે ને કોઈ વાર ઠોઠિયું મોટર મળે, તોપણ 'क्वचित्' ! સારી મળે તો ભગવાનની ઇચ્છા; પણ આપણે એની ઇચ્છા ન રાખવી. ગોતીએ, તપાસ કરીએ, 'આવી હોય તો જ મારે જવું છે' એવું નહીં ! આપણે તો ગામડે કે સભામાં જઈને કથાવાર્તા જ કરવાની છે ને ! ગાડીમાં બેસીને ઊપડી જવું.

ગામડે જઈએ ત્યાં લેટ્રીન (શૌચાલય) ન હોય, બાથરૂમ ન હોય, હાથે રોટલા ટીપવા પડતા હોય, છાણાંથી રસોઈ કરવાની થાય, પણ 'ના,

---

૨૯. ક્યારેક ભૂમિ પર સૂવાનું મળે તો ક્યારેક પલંગ પર પોઢવા મળે, ક્યારેક શાક-પાંદડાં ખાવા મળે તો ક્યારેક ઉત્તમ ભોજન પ્રાપ્ત થાય, ક્યારેક કંથા ઓઢવા મળે તો ક્યારેક કિંમતી શાલ-દુશાલા મળે, પણ જે કૃતનિશ્ચય છે તે દુઃખ કે સુખને ગણકારતો નથી.

ગેસનો ચૂલો હશે તો જ રસોઈ થશે' એમ નહીં! આવા પ્રસંગો આવે તે ઘડીએ 'क्वचित्'... 'क्वचित्'... કરવું. પોતે શ્લોક બોલવો ને પોતાને ઉપદેશ આપવો. સ્વયંપાકી! બીજાની રસોઈ નહીં ખાવાની; પોતે રસોઈ કરીને પોતે ખાવાની. એમ આપણો ઉપદેશ આપણા પોતા ઉપર લઈને કાર્ય કરવાનું, તો સુખ રહે; નહીંતર ક્લેશ રહે, ઉદાસ થઈ જવાય. 'નથી જવું ગામડે... અમારાથી આ ન થાય...' એવું કશું આપણાથી બોલાય જ નહીં! આવ્યા છીએ તો આરપાર ઊતરી જવું."

## ગુરુકૃપા એ મોટામાં મોટું રહસ્ય

તા. ૧૯/૩ની સવારે સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે અહીં પ્રદક્ષિણામાં ૧૪ કિ.મી.ની ગબડયાત્રા કરીને આવેલા જાળીલા ગામના ૩૫ હરિભક્તો ઊભા હતા. તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'તમારી જન્મ-મરણની ગબડયાત્રા પૂરી થઈ ગઈ. હવે જન્મ-મરણ કે ગર્ભવાસ ન રહ્યું.'

ગુણાતીત સંતના સંગમાં થતી કોઈ પણ સાધનાની આ ફળશ્રુતિ બતાવી સ્વામીશ્રી આજની બપોરે ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા. તે વખતે સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કરતા સંતોએ 'રંગ વિનાનો રંગોત્સવ' વિષયને લક્ષમાં રાખી પરિસંવાદ પ્રસ્તુત કર્યો. ભોજનના રાત્રિસત્ર વખતેય જારી રહેલી આ અભિવ્યક્તિમાં સ્વામીશ્રીનાં દર્શન, હાસ્ય, ચાલ, નેત્ર, સ્પર્શ, વાણી વગેરે દ્વારા સૌને લાગતા સત્સંગ-રંગના દાખલાઓ રજૂ થયા. તેના અંતે, રજૂઆત-કર્તા છ સંતોએ સ્વામીશ્રીને જ તેઓના સ્પર્શમાં રહેલી રોમાંચકતા, તેઓના મુખારવિંદ પર વિલસતી નિર્મળતા, તેઓના હાસ્યમાંથી સરતો બ્રહ્માનંદ, તેઓની રુચિર ચાલ, તેઓનાં નેત્રોની તેજસ્વિતા અને તેઓની સંશયભેદક વાણીનું રહસ્ય પૂછ્યું.

તે વખતે સ્વામીશ્રીએ ઉત્તર વાળ્યો કે 'રહસ્યમાં રહસ્ય તો એ છે કે શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ થઈ. ગુરુકૃપા એ મોટામાં મોટું રહસ્ય છે. યોગીબાપાના આશીર્વાદ થઈ ગયા એટલે બધું સુખમ્ સુખમ્ થાય છે, આનંદ આનંદ થઈ જાય છે. એટલે આ તો ભગવાનની દયા ને ગુરુકૃપા છે, એટલે બધું ચાલે છે.'

## તેના દિલમાં દિસે નહીં દંભ

તા. ૨૦/૩ની સવારે સારંગપુરના સભામંડપમાં પધરાવેલી ઢાંકણિયા ગામની પટપ્રતિમાઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે તેઓના શરીરમાં કસરે દેખા દીધી. તે કારણે ચઢેલા તાવનો પારો રાત્રે તો ૧૦૦ ડિગ્રી સુધી પહોંચી ગયો. છતાં તા. ૨૧/૩ના રોજ નિયત ક્રમ પ્રમાણે કાર્યરત થઈ ગયેલા સ્વામીશ્રીને મળવા આજની બપોરે ભાવનગરના કેટલાક પ્રતિષ્ઠિત દરબારો આવ્યા.

તેઓ પૈકીના એક શ્રી ભગવત્‌સિંહ રાણા તો આવતાંવેંત સ્વામીશ્રીને કહેવા જ લાગ્યા: 'આપનો કેટલ કૅમ્પ જોયો. જોઈને હૃદય ભરાઈ જાય છે. સગા-પનોતા દીકરાની જેમ એક-એક ઢોરને સાચવવાની વ્યવસ્થા કરી છે. જો આપે આવાં મંદિરો કરવાનો ઝંડો ન લીધો હોત તો પરધર્મીઓ હિંદુઓને ખાઈ જાત, પણ તમે સમાજને ધર્મ સાથે સાંકળીને પકડી રાખ્યો છે. તેથી હિંદુ ધર્મ બચી ગયો છે.'

સ્વામીશ્રીની સંસ્કૃતિસેવા અને સમાજસેવાથી અભિભૂત થયેલા મનુષ્યો તરફથી આવો અંજલિ-પ્રવાહ અવિરત વહ્યા જ કરતો.

પરંતુ તેથી તદ્દન કોરા રહીને કાર્ય કરતા સ્વામીશ્રી તા. ૨૨/૩ની રાત્રે ભોજનથી પરવાર્યા ત્યારે ચૈતન્યમૂર્તિદાસ સ્વામીએ તેઓ સમક્ષ કાગળ-કલમ ધર્યાં. તેની સાથે આ સંતે અંગ્રેજીમાં લખાયેલાં બે-ત્રણ વાક્યો બતાવી સ્વામીશ્રીને કહ્યું: 'આમાંથી એકાદ વાક્ય કે બધું અંગ્રેજીમાં લખો તો સંતોને સ્મૃતિ રહે.'

આ રીતે સ્વામીશ્રી જે લખે તે અંગ્રેજીના અભ્યાસ માટે તૈયાર થયેલા પુસ્તકમાં છાપવાનો ઈરાદો સેવી આ પ્રસ્તાવ મુકાયેલો, પરંતુ તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'એકાદ વાક્ય બરાબર છે! બધું અંગ્રેજીમાં લખીએ તો લોકોને બનાવટ જેવું લાગે. અંગ્રેજી તો જાણતા નથી ને લખ્યું, એટલે દં... ભ... લાગે.'

'દંભ' શબ્દ પર ભાર મૂકતાં આટલું બોલી સ્વામીશ્રીએ ગુજરાતીમાં જ આશીર્વાદ લખી છેલ્લે અંગ્રેજીમાં હસ્તાક્ષર પાડી આપ્યા.

જગતના બજારમાં જે કદી વેચાણમાં મુકાવાનું નહોતું એવા પુસ્તકમાં લખતી વખતે પણ સ્વામીશ્રીને બનાવટ માન્ય નહોતી. આવા નિર્દંભ

સ્વામીશ્રીનું જીવન જગતના ચોકમાં જમાવટ કરે તેમાં શું નવાઈ!

## દયાના દસ્તાવેજી દાખલા

તાજેતરમાં આવેલા ભયાનક ભૂકંપથી હચમચી ઊઠેલાં ૪૦૯ ગામો અને ભુજ તથા મોરબીના ૧૦૭ શહેરી વિસ્તારોમાં સ્વામીશ્રીના આદેશથી ૬,૫૦૦ સ્વયંસેવકો તેમ જ ૧૮૦ સંતો રાહત-સામગ્રીઓ પહોંચાડવા માંડેલા.

ભૂકંપ આવ્યાના ગણતરીના કલાકોમાં જ કાર્યરત થઈ ગયેલી આ સેવાભાવી સેનાએ ૮,૭૮,૨૯૯ ફૂડપેકેટ્સની સાથે ૧,૯૩,૧૦૬ કિ.ગ્રા. સુખડી વહેંચી હતી. તે ઉપરાંત, ૨,૪૮,૭૧૨ કિ.ગ્રા. ઘઉંનો લોટ તથા ૨,૩૨,૪૦૫ કિ.ગ્રા. ચોખા અને ૫,૯૮,૩૪૩ કિ.ગ્રા. અન્ય અનાજનું વિતરણ થઈ ચૂકેલું. વળી, ૨૦૦ મેટ્રિક ટન ખાદ્ય તેલ, બિસ્કિટનાં ૯,૧૬,૭૨૦ પેકેટ્સ સહિત બ્રેડના ૬૬,૧૦૯ લોફ તથા ૨૪,૯૩૩ કિ.ગ્રા. દૂધનો પાઉડર પણ પહોંચતો થયેલો.

રાહતની આ સરિતાએ ૭,૭૯૯ કિ.ગ્રા. ચા, ૮૮,૯૧૯ કિ.ગ્રા. ખાંડ, ૨૬,૪૧૬ કિ.ગ્રા. ગોળ ઉપરાંત ૨,૧૦,૯૩૫ કિ.ગ્રા. શાકભાજી તથા ફળફળાદિને પણ ઘેર-ઘેર પહોંચાડ્યાં હતાં.

આ ખાદ્ય સામગ્રીની સમાંતર ૬૮,૪૧૮ નંગ ધાબળા, ૧,૭૯,૮૭૦ જોડ વસ્ત્રો, ૧૬,૬૭૦ લિટર ડીઝલ-કેરોસીન તથા ૮,૨૮૧ સ્ટવ-પ્રાયમસ પણ પૂરાં પાડવામાં આવેલાં. તેની સાથે વિતરણ પામેલી ૧,૬૭,૯૫૦ મીણબત્તીઓએ કંઈકના જીવનમાં પ્રકાશ પાથરેલો, તો ૧૪,૦૪,૮૧૫ નંગ પાણીની બોટલોએ કંઈકની તૃષા છિપાવેલી.

સંસ્થા તરફથી અપાયેલાં ૨૦,૭૪૭ નંગ તાડપત્રી તથા ૬,૩૧૫ તંબુઓએ અનેકનાં શિરે છત્ર ધરેલાં, તો ૨,૦૦૦ કિ.ગ્રા. કૃષિ બિયારણ ધરતીની હરિયાળી પુનઃ લાવવામાં મદદરૂપ બનવા માંડેલું.

વળી, સંસ્થાનાં મંદિરો પણ સેંકડો નિરાશ્રિતોનું ઘર બન્યાં હતાં. કેટલીક જગ્યાએ તો આ સંસ્કાર-ધામોની છત્રછાયામાં જ જ્યારે મૃતકોનાં શરીરને સંતો દ્વારા વિધિવત્ અગ્નિદાહ અપાયો ત્યારે તે દૃશ્ય નિહાળનારાની આંખો છલકાઈ ઊઠી. મૃતાત્માઓની સદ્ગતિ માટે વરિષ્ઠ સંતોની હાજરીમાં યોજાયેલા વૈદિક યજ્ઞના માહોલે પણ સૌને અનેરી શાતા આપી હતી.

આ ઉપરાંત, ૮૦,૦૦૦થી વધુ અસરગ્રસ્તોને પૂરી પાડવામાં આવેલી ઘરોઘરની સહાય સાથે ભુજ, અંજાર, રાપર, ભચાઉ, ખાવડા વગેરે ૧૧ સ્થળોએ

ધમધમવા માંડેલાં રાહત રસોડાંમાં રોજ સવાર-સાંજ ૪૦,૦૦૦ ભૂકંપ-પીડિતોને સ્વાદિષ્ટ-પૌષ્ટિક ભોજન પીરસાવા માંડેલું. પખવાડિયાથી દોઢ મહિનાની સમયાવધિ સુધી પ્રજ્વલિત રહેલાં આ રસોડાંના ચૂલાઓથી ૧૮,૦૦,૦૦૦થી વધુ મનુષ્યોની આંતરડી ઠરતી રહેલી.

આ રસોડે આવવામાં ઘણા પ્રતિષ્ઠિતો સંકોચ અનુભવે તો સ્વામીશ્રીના આદેશ મુજબ તેઓને ઘેર બેઠાં ટિફિન પહોંચાડવામાં આવતાં હતાં. તેની સંખ્યા પણ રોજ ૩૦૦ ઉપરાંત રહેતી.

તેની સાથે જરૂરતમંદોને તાત્કાલિક તબીબી સહાય માટે ઠેર-ઠેર રક્તદાન યજ્ઞો યોજી ૪૫,૦૦૦ સીસી રક્ત એકત્રિત કરવામાં આવેલું. ઈજાગ્રસ્તો માટે ભુજમાં ઊભા થયેલા સંસ્થાકીય સ્થાયી દવાખાનાની સાથે ત્રણ ચલ-ચિકિત્સાલયો લઈ દસ સેવાભાવી ડૉક્ટરો ગામડે-ગામડે ફરવા માંડેલા. આ તબીબોની મદદમાં રહેલા પેરા-મૅડિકલ સ્ટાફના સભ્યો પણ ઘરગથ્થુ ઉપચાર સરળતાથી થઈ શકે તે માટે શેરીએ-શેરીએ દવાની લારીઓ લઈને ઘૂમવા લાગેલા, તો સ્વામીશ્રીએ ભારતીય વાયુ દળના ખાસ વિમાન દ્વારા ઔષધોનો મોટો જથ્થો ભુજ ખાતે ઉતારી દીધેલો. એટલું જ નહીં, તેઓની પ્રેરણાથી લંડન-સ્થિત સંતોએ કરેલા પ્રયત્નોને કારણે બ્રિટિશ ઍરવેઝ તરફથી ખાસ મર્સી ફ્લાઇટ ૩૬ ટન ઔષધીય સામગ્રી લઈ આવી પહોંચેલી. સ્વામીશ્રીની દયાનો આ દસ્તાવેજી દાખલો તો કંઈક ટી.વી. ચેનલોએ પોતાના પડદા પર ચમકાવ્યો હતો.

આ અવસરે અસરગ્રસ્તોના સ્વાસ્થ્યની જાળવણી કરી રહેલા સંસ્થાના ડૉક્ટરોને સ્વામીશ્રીએ જણાવેલું કે 'ભૂકંપ આવ્યો ત્યારે લોકો હાંફળા-ફાંફળા થઈ દોડ્યા હશે. તેથી કેટલાયનાં ચશ્માં તૂટી-ફૂટી ગયાં હશે. માટે તે અંગે પણ કંઈક કરજો.'

આ ભલામણને ધ્યાનમાં લેતાં આંખના નંબર તપાસી તે અનુસાર ચશ્માં મળી રહે તે અંગેની વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવેલી.

આમ, શક્ય એટલા તમામ મોરચે વહેલી સ્વામીશ્રીની સેવા-સહાય દ્વારા ૯૧,૮૮૬થી વધુ ઘાયલ અસરગ્રસ્તો સારવાર પામ્યા હતા.

## સંતો-સ્વયંસેવકોની શિસ્તબદ્ધ સેના

સ્વામીશ્રીની પ્રેરણાથી ગતિશીલ થયેલા ભૂકંપ રાહત કાર્યમાં સૌની

આંખે ઊડીને વળગતી હતી – સમર્પિત સ્વયંસેવકો અને સંતોની સેના.

તેઓની કુશળતા તથા કર્મઠતા પર વારી જતાં ભારતીય સેનાના મેજર જનરલ શ્રી એન. થમ્બુરાજ તો કબૂલી ગયા કે 'जिस किसम से युद्ध के दौरान लश्कर में आयोजन होता है, पूर्व तैयारियाँ होती हैं, गिनती से कार्य होता है और फिर जो आक्रमण या अमलीकरण करते हैं, उसी प्रकार इस करुणांतिका में बी.ए.पी.एस. के स्वयंसेवकों और संतों ने काम किया है।'

સૌનો આવો અહોભાવ ઝીલનારા સ્વયંસેવકોમાં કેટલાક તો એવા હતા કે તેઓનાં પોતાનાં સ્વજનો કાટમાળમાં દટાઈ ચૂકેલાં. છતાં સ્વામીશ્રીની હાકલ ઝીલી તેઓ ભૂખ-તરસ, ટાઢ-તડકો, અગવડ-સગવડ કે પોતાનાં દુઃખ-દર્દ સામે આંખ આડા કાન કરી રાહત કાર્યમાં જોડાઈ ગયેલા.

આ સ્વયંસેવકોને દોરવણી આપતા સંતોની કાર્યશૈલી પણ મોટા-મોટા અમલદારોને મંત્રમુગ્ધ કરે તેવી હતી. તે જોઈ સરકાર તરફથી રિલીફ કમિશનર તરીકે નિમાયેલા આઈ.એ.એસ. અધિકારી શ્રી પી. પનીરવેલ તો બોલી ગયા:

''સંતોને જોઈ અમારો માનસિક ભાર હળવો થઈ જાય છે. કોઈ ખચકાટ વગર, પરિસ્થિતિની વિકટતા જોયા વિના, જે સમર્પણભાવ અને જે ધગશ તથા નિષ્ઠાથી સંતો સેવા કરે છે તે અદ્વિતીય છે! આ એક જ સંસ્થા છે કે જે કંઈ પણ માંગીએ તેમાં ક્યારેય ના નહીં! સંતો કાયમ હસતા મોઢે કહે: 'અમે કરીશું, અમે કરીશું, અમે કરીશું.' એ પણ હાથ જોડીને! મને લાગે છે કે સમગ્ર માનવજાત તેઓની ઋણી રહેશે.''

આવા જ ઋણભાવ સાથે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ઉચ્ચારી ગયા કે 'ફાઈવ સ્ટાર હોટલમાં બેસીને સેમિનાર કરનારી બિનસરકારી સંસ્થાઓ (NGO) અને આ બી.એ.પી.એસ. સંસ્થાની પ્રવૃત્તિ વચ્ચે આસમાન-જમીનનું અંતર છે. અહીં તો માનવી-માનવી ખપી જવા તૈયાર હોય છે. તે જાતને રોળી જગતને રળિયામણું કરવાની મથામણ કરતા હોય છે. એવી આ બસો વર્ષ પૂર્વે આરંભાયેલી સંતપરંપરા અત્યારે હૈયે-હૈયાને હામ પહોંચાડવાનું કામ કરી રહી છે. આ પ્રવૃત્તિ કરનારા સંતો-હરિભક્તોને અને વિશેષ કરીને પ્રમુખસ્વામી મહારાજને હું શત-શત વંદન કરું છું.'

## મીઠી છાયાના દેનારા

ભૂકંપગ્રસ્તોની પ્રત્યેક ક્ષેત્રે જાળવણી કરી રહેલા સ્વામીશ્રીએ આ

સમયે અસરગ્રસ્તોને વૈકલ્પિક રહેઠાણ આપવાની ગતિવિધિ પણ આરંભતાં રસ્તે આવી પડેલા નાગરિકો માટે ઠંડી, ગરમી, વરસાદ સામે ટક્કર ઝીલી શકે તેવા મજબૂત તંબુની વ્યવસ્થા થવા લાગી.

વળી, અન્ય એક આયોજન અનુસાર પ્રત્યેક બેઘર પરિવારને ૧૨ X ૧૨ ફૂટનો ઓરડો અને ૧૦ X ૧૦ ફૂટનું રસોડું ધરાવતું પતરાંનું મકાન આપવાની પ્રક્રિયા શરૂ થઈ.

ઉપરોક્ત બંને પ્રકારનાં આશ્રય સ્થાનમાં શૌચાલય અને સ્નાનગૃહની વ્યવસ્થા તો ખરી જ!

તે સાથે આ ટીન ટેન્ટ સિટીનું બાંધકામ એ રીતે કરવાનું નક્કી થયું કે દિવસે ઘરમાં રહેલી ગરમ હવા ઉપર આવે અને તે વહેતા વાયરા (cross-wind) દ્વારા બહાર ખેંચાઈ જાય. તેથી બળબળતી બપોરે પણ ઠંડક અનુભવતાં સૌ સુખેથી સૂઈ શકે.

આ મમતાસભર મદદની સમાંતર સ્વામીશ્રીએ ભૂકંપપીડિતોના પુનર્વસનનો ગોવર્ધન પણ પોતાના શિરે ઉપાડી લીધો. તે માટે તેઓએ કચ્છ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાનાં ૧૧ ગામોને દત્તક લઈ આશરે ૨,૦૦૦ પાકાં મકાનો બાંધી આપવાની યોજનાનો વિમર્શ શરૂ કર્યો. આ ખોળે લીધેલાં ગામો ઉપરાંત, તળ ભુજમાં ૪૦૦ મકાનો અને અસરગ્રસ્ત સૌરાષ્ટ્રમાં ૬૦૦ મકાનો ઊભાં કરવાનું આયોજન પણ સ્વામીશ્રીએ હાથ પર ધરતાં સૌ ગાઈ ઊઠ્યા : *'મીઠી છાયાના દેનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...'*

ગૃહનિર્માણની આ પ્રક્રિયા સ્વામીશ્રીના માનવીય અભિગમને દર્શાવનારી બની રહી, કારણ કે તેઓએ જે-તે ઘર-ગામમાં રહેવા જનારી વ્યક્તિઓની અપેક્ષા અનુસાર બાંધકામ કરવાની સૂચના તો આપી જ, પરંતુ 'કોને કોની સાથે રહેવું ફાવશે?' જેવી પૂછપરછ કરીને બાંધકામમાં આગળ વધવા જણાવ્યું.

તેની સાથે રસોડું, શૌચાલય, ફળિયું, ગમાણ, તળાવ વગેરે વ્યવસ્થિત બને તથા ઘરમાં મહિલાઓને વધુ સમય રહેવાનું થતું હોવાથી તેઓને અનુરૂપ મકાનની બાંધણી કરવાની તકેદારી રાખવા પણ સૂચવ્યું.

આ ઉપરાંત, જ્યારે મકાનોની ફાળવણી થાય ત્યારે તેમાં પ્રથમ નામ મહિલા સભ્યનું રાખવા કહ્યું, જેથી બહેનોને પોતાનું એક ઘર છે તેવી ભાવના રહે. આવાસ સંબંધી આટલી સ્નેહસભર સંભાવનાની સાથે સ્વામીશ્રીએ ભૂકંપગ્રસ્ત વિસ્તારોનાં ૨૫ ગામોમાં વિદ્યાસંકુલોનું પુનર્નિર્માણ અને ભુજમાં

અદ્યતન આરોગ્ય કેન્દ્રના નવનિર્માણ માટે ચક્રો ગતિમાન કરી દીધાં.

## ભૂકંપગ્રસ્ત ભુજનો ભાગ્યોદય

કોઈ પણ પરિસ્થિતિની જાત-તપાસ કરી તેનો ક્યાસ કાઢવાની સ્વામીશ્રીની પ્રકૃતિ હતી. તેથી તેઓએ આ અરસામાં ભુજની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવી દેતાં તા. ૨૪/૩ની સવારે તેઓને લઈ સારંગપુરથી ઊડેલું હેલિકોપ્ટર સવારે ૧૧:૨૭ વાગ્યે ભુજના મિલિટરી ઍરપોર્ટ પર ઊતર્યું તે ક્ષણ ભૂકંપગ્રસ્ત ભુજના ભાગ્યોદયની બની રહી. તેથી છેલ્લા બે મહિનાથી લગાતાર વરસી રહેલી સ્વામીશ્રીની કૃપાવર્ષાથી બરાબર ભીંજાયેલા ભુજવાસીઓએ હર્ષોલ્લાસથી સ્વામીશ્રીને આવકાર્યા. સ્વામીશ્રીએ પણ તમામ ભાવિકોને મળી ગાડીમાં સ્થાન લીધું અને નગર ભણી વળ્યા.

જેમ જેમ તેઓની મોટર શહેરની શેરીઓ વટાવવા લાગી તેમ તેમ ભગ્ન ભુજના અવશેષો નજરે ચઢવા માંડ્યા. એક સમયની ભુજની ભવ્યતા આજે ભંગાર થઈને વીખરાયેલી. જો કે ભીતરના જિગર વડે મરણતોલ મારમાંથી બેઠું થવા મથામણ કરતા આ પુરને અનેક સેવાભાવી સંસ્થાઓનો સધિયારો મળતાં તે હવે ઠીક ઠીક ધમધમતું જણાઈ રહેલું. આ સાંપ્રત સ્થિતિ પર અમીદૃષ્ટિ કરતાં કરતાં સ્વામીશ્રી આપણા મંદિરના સમીપવર્તી 'સ્વામિનારાયણ નગર'ના દ્વારે આવી પહોંચ્યા.

સરકારી પશુપાલન કેન્દ્રની આ જમીન પર ભૂકંપગ્રસ્તો માટે સંસ્થા દ્વારા ઊભા થયેલા કામચલાઉ ટીન ટેન્ટ સિટીમાં આજની સાંજે ભૂકંપ પુનર્વસવાટ શિલાન્યાસ સમારોહ યોજાયેલો. તેમાં સામેલ થવા ભુજની આસપાસનાં પચીસેક ગામોમાંથી આશરે ૫,૦૦૦ ભાવિકો ઊમટેલા. આ ભરચક મેદનીના ભાવપ્રવાહમાં સાંજે પાંચ વાગ્યાથી ભુજના વિવિધ અગ્રણીઓની ઋણાભિવ્યક્તિ પણ ભળવા માંડી.

તે ક્રમમાં ચેમ્બર ઑફ કૉમર્સના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ઠક્કરે ભુજના સમસ્ત વેપારીવર્ગ વતી જણાવ્યું કે –

'જો આ (બી.એ.પી.એસ.) સંસ્થા ન હોત તો મારા ભુજ નગરના વેપારી ભાઈઓની શી હાલત થાત તેની કલ્પના થઈ શકતી નથી. જે સંતોને અમે ઓળખતા નહોતા, જેમની સાથે અમારે કોઈ સ્નાન-સૂતકનો સંબંધ નથી એ સંતોની ફોજોએ અહીં ઊતરી આવીને અમારાં આંસુ લૂછ્યાં, અમારા

પેટમાં ધાન આપ્યું ને અમારા ભાઈઓને છાપરું આપ્યું છે.'

આટલું કહેતાં તો આ મુરબ્બીની આંખો ઊભરાઈ આવી. તેથી થોડી વાર થોભીને તેઓએ આગળ કહ્યું: 'સ્વામી! અમારા દુ:ખનો કાંટો તમે કાઢ્યો છે તે અમે ક્યારેય ભૂલશું નહીં. આ સ્વામીએ હિંદુ, મુસલમાન કે ઈસાઈ એવા કોઈ ભેદને જોયા નથી, બધાને સપોર્ટ (સહારો) આપ્યો છે.'

## पहला नाम बी.ए.पी.एस. का

ગદ્ગદ ગળે વહેતી ભાવનાઓના સથવારે આગળ વધી રહેલા શિલાન્યાસ સમારંભમાં ઠક્કર સમાજના અગ્રણી શ્રી જમનાદાસભાઈએ જણાવ્યું કે –

'ભૂકંપ પછી સંતોએ જે ભાવના બતાવી છે એ કદાચ દુનિયામાં બાપ દીકરાને પણ બતાવી શકે કે કેમ તે પ્રશ્ન છે! હું મારો જ દાખલો આપું તો મારા કુટુંબમાં આઠ વ્યક્તિનાં મૃત્યુ થયેલાં હતાં. આવી પરિસ્થિતિમાં સંતોએ જો મને દીકરા તરીકે ન સાચવ્યો હોત તો હું કદી જીવી શકું તેમ નહોતો. હું અને મારું કુટુંબ આ સો વર્ષ સુધી પણ ભૂલી શકે તેમ નથી.'

આ જ રીતે ભુજની સિવિલ હૉસ્પિટલના અગ્રણી ડૉ. વાગડિયાએ ગળગળા કંઠે કહ્યું:

'હું વ્યવસાયે એનેસ્થેટિસ હોવાથી મેં એક દર્દીને એનેસ્થેશિયા આપી બેભાન કરેલો. તેના કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ ચાલતા હતા. તે વખતે ભૂકંપને કારણે ઑપરેશન થિયેટરમાં નાસભાગ મચી ગઈ. કટોકટીના સમયે સહજાનંદ સ્વામી અને પ્રમુખસ્વામી મહારાજને યાદ કરતાં મેં એમનું સ્મરણ કર્યું...'

આટલું બોલતાં તો આ તબીબના ગળે ડૂમો ભરાઈ આવ્યો. તેથી ક્ષણવાર અટકીને, ડૉક્ટર્સ ઍસોસિયેશન વતી બોલતાં આ દાક્તરે જણાવ્યું: 'હું પણ નાસવા તૈયાર હતો, પરંતુ સ્વામીશ્રીના આપેલા સંસ્કારે મને ત્યાં રોકી રાખ્યો ને મેં દર્દીને ઑક્સિજન આપવાનું ચાલુ જ રાખ્યું. આખા ધરતીકંપ દરમ્યાન હું ઑપરેશન થિયેટરમાં દર્દીની સાથે જ રહ્યો.'

અનેક ધરખમ ઈમારતો ખેરવી નાખનારો ભૂકંપ સ્વામીશ્રીએ સર્જેલાં માનવશિલ્પોમાં લેશ તિરાડ પાડી શક્યો નહોતો. આવાં અડીખમ જીવન-શિલ્પોના ઘડવૈયા સ્વામીશ્રીને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

તેની વચ્ચે સ્વાનુભૂતિનો સૂર વહેતો કરતાં 'હિંદુઇઝમ ટુડે' સામયિકના

પત્રકાર શ્રી રાજીવ મલિકે જણાવ્યું:

"मैं बहुत लोगों से मिला, चाहे वह कलैक्टर थे, चाहे वह किसी गाँव के प्रधान थे, चाहे वह किसी पॉलिटिकल पार्टी के लीडर थे; मैं एक प्रश्न जब उनसे करता था कि 'रिलीफ ऑपरेशन में किन-किन संस्थाओं ने आपकी मदद की है?' तो पहला नाम उनके मुँह से स्वामिनारायण (बी.ए.पी.एस.) निकलता था। इसके बाद की संस्थाओं के विषय में उनको सोचना पड़ता था, तब वो दो-तीन-चार नाम बता सकते थे! मैं तो बहुत भावविभोर हो गया हूँ।"

આવી જ ભાવવિભોર અવસ્થામાં કચ્છના મહારાવ શ્રી પ્રાગમલજીએ કહ્યું: 'મારા વડીલોએ સહજાનંદ સ્વામીને જે ટેકો આપ્યો, તેથી પણ વિશેષ ટેકો ૨૦૦ વર્ષ પછી પ્રમુખસ્વામી મહારાજે આપણને સૌને આપ્યો છે.'

સ્વામીશ્રીની કરુણાથી કૃતજ્ઞ થયેલા કચ્છના આવા ઘણા પ્રતિનિધિઓ એક પછી એક આવતા રહ્યા. તેની મધ્યમાં સ્વામીશ્રીએ સંસ્થા દ્વારા દત્તક લેવાયેલાં દેવીસર, જીયાપર, નાની મઉ, નાના ખીરસરા, ગુણાતીતપુર, ગારિયા, મોડપર, ઉખડમોરા સહિત ભુજમાં આકાર પામનારી પુનર્વસવાટ યોજનાનાં ઈષ્ટિકા તથા નિધિ કુંભનાં વૈદિક પૂજન કર્યાં. તે પછી તેઓએ આ ઈંટ, કુંભ, પૂજોપચાર અને પ્રાસાદિક જળ જે તે ગામના રહીશોને સ્વહસ્તે આપ્યાં.

તે સ્વીકારતાં ગુણાતીતપુરના શ્રી નવીનભાઈ ઘોઘારીએ ભાવોર્મિ વહાવી કે –

"પ્રમુખસ્વામી મહારાજના સંતોને મેં રાત્રે બે વાગ્યે, ચાર વાગ્યે કામ કરતા જોયા છે. તેઓએ રાત-દિવસ એક કરીને, ડોર-ટુ-ડોર (ઘરોઘર) જઈને ગ્રામજનોની પૃચ્છા કરી છે. ભચાઉ તાલુકામાં પચીસ કિ.મી.ની અંદર રહેતા અમારા સૌની એક-એક વાડીએ ફરીને આ સંતોએ અમને એક કર્યા છે. ગામને દત્તક લેવાની વાતમાં અન્ય સંસ્થાઓ કહે છે: 'અમને રોડ ટચ (મુખ્ય રસ્તા પર વસેલાં) ગામ જોઈએ છે.' પ્રમુખસ્વામીએ બાંધેલું એક-એક ગામ રોડથી પાંચ કિ.મી., દસ કિ.મી. અંદર છે. અક્ષયમુનિ સ્વામી, વેદજ્ઞ સ્વામી અને ઇજનેરોએ દરેક ગામમાં જઈ તેમની ખબર-અંતર પૂછી છે; રીત-રસમ પૂછી છે; એમનાં ઢોર કેવી રીતે રહે છે અને એમના રીત-રિવાજ કેવા છે, તે પૂછ્યું છે. ખરેખર, અમને દત્તક લીધા પછી આપ અમારા માવતર થયા છો."

આમ, સ્વામીશ્રીનાં ચરણે કૃતજ્ઞતાનો પ્રવાહ વહી રહ્યો, પરંતુ તેથી

નિર્લેપ તેઓએ ચિક્કાર જનસમુદાયને અમૃતધારાનું પાન કરાવતાં કહ્યું :

''અત્યારે જે કાંઈ કાર્ય થયું તે ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ છે. આવા દુ:ખમાં ભગવાન આપણને સર્વપ્રકારે સહાય કરે છે એ અનુભવ થયો. ભગવાને મારા, તમારામાં પ્રેરણા કરી અને એ પ્રેરણાએ કરીને સંતો તમારી પાસે આવી ગયા. આપણને આવા સમયે એમ લાગે કે 'ભગવાન ક્યાં ગયા હશે ?' પણ આપણે જેને પૂછ્યું નથી, કાગળ લખ્યા નથી, ટેલિફોન કર્યો નથી તોય સીધા આપની પાસે દોડી આવે છે, એ જાણવું કે ભગવાન કામ કરે છે. એ રીતે આપણી શ્રદ્ધા વધવી જોઈએ.

આ જે કાંઈ રાહત કાર્ય થયું છે એમાં આપની પાસેથી બીજી અપેક્ષાઓ, ઈચ્છાઓ નથી, પણ તમે સુખી થાવ, સમાજસેવા થાય તે અપેક્ષા છે. સંતોએ તો એમની સેવા બજાવી છે પણ ભગવાન સ્વામિનારાયણનો ઉપકાર માનવાનો કે તેમણે પ્રેરણા કરી અને એ પ્રેરણાથી અમે તમારી સેવા કરી શક્યા છીએ. આ માટે અમને આનંદ છે. તમારી વધારે ને વધારે સેવા કરી શકીએ તે ભગવાન પાસે પ્રાર્થના.''

સ્વામીશ્રીના શબ્દોમાં ઉપકાર કર્યાનો ભાવ નહીં, પણ સેવા કર્યાનો સંતોષ નીતરી રહ્યો.

## ભૂકંપના કહેરમાં સ્વામીની મહેર

તા. ૨૫/૩ની સવારે 'સ્વામિનારાયણ નગર' ખાતે યોજાયેલા ગૃહ અર્પણવિધિ સમારંભમાં સ્વામીશ્રીએ અસરગ્રસ્તોને ઘરની ચાવીઓ આપી નવજીવનનો અનુભવ કરાવ્યો. ૩,૫૦૦થી વધુ વ્યક્તિઓને છત્ર પૂરું પાડતા આ ૫૯૪ હંગામી આવાસો જીવનજરૂરી સામગ્રીઓથી સુસજ્જ હતા. તેમાંથી કેટલાંક ઘેર પધરામણી કરતા સ્વામીશ્રીએ ઈજાગ્રસ્ત મનુષ્યોની ખબર-અંતર પણ પૂછી.

આ સમયે સ્વામીશ્રીનું સ્વયંનું સ્વાસ્થ્ય કથળેલું હતું, છતાં તેની પરવા તજી સૌની દરકાર લેતા તેઓએ આજે આવાસોની સાથે આવકનાં ઓજારોનુંયે વિતરણ કર્યું. તે દ્વારા સોનીકામ, મોચીકામ, સુથારીકામ વગેરે માટે જરૂરી સાધનો ઉપરાંત રેંકડીઓ, સિલાઈ મશીનો, અનાજ દળવાની ઘંટીઓ, ગધ્ધા ગાડીઓ, કંદોઈ માટે તવેથાં તેમ જ કડાયાં, મંડપ, ફરાસખાનાં વગેરે વહેંચાતાં ૨,૨૦૦થી વધુ ગૃહસ્થોનાં ઘરમાં લક્ષ્મી રમતી થઈ ગઈ.

સ્વામીશ્રીની આ સેવા-સરિતા ભારતનાં સીમાવર્તી ગામો જેવાં કે ભીરંડિયારા, બન્ની, મિસરીયાડી, હોડકો વગેરે સુધી પણ રેલાઈ રહી. અહીં વસતા તદ્દન સાધારણ સ્થિતિના મનુષ્યોને તેઓએ રહેવા સારુ ભૂંગાં તો બનાવી આપ્યાં, પણ આજીવિકા માટે ઢોર-ઢાંખર પણ લઈ દીધાં. એટલું જ નહીં, આ પશુઓના વીમા ઉતરાવવાની સાથે તેઓ બીમાર પડે ત્યારે પશુ-ચિકિત્સકોની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવી આપી.

ઘર-ઘરનું આટલું જતન કર્યા બાદ સ્વામીશ્રી કલેક્ટર કચેરીના સંકુલમાં કાર્યરત હોનારત નિયંત્રણ મથક પર પહોંચ્યા. તેનું સૂત્ર સંભાળતા રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમના મનમાં સ્વામીશ્રીની છબી કંઈક આવી હતી કે 'પ્રમુખસ્વામી મહારાજ એટલે અત્યંત સહજ, અત્યંત સાદગી-સભર, અત્યંત નમ્ર અને અત્યંત સુલભ વ્યક્તિત્વ. તેઓ આપણે જે રજૂઆત કરવા ઇચ્છતા હોઈએ તેને સહજમાં સમજી જાય અને તેનો ત્વરિત પ્રતિભાવ આપે. તેઓ પાસે અન્યને સમજવા માટે જરૂરી શાણપણ અને ઊંડાણ છે. તેઓ હંમેશાં સાવ તળિયાની વાસ્તવિકતા (ground reality) સાથે પણ સંકળાયેલા રહે છે.'

આ અહોભાવ સાથે આ સનદી અધિકારીએ આપેલું આમંત્રણ સ્વીકારીને સ્વામીશ્રી સમગ્ર કચ્છ જિલ્લા માટે ભૂકંપ સહાયના મુખ્ય કેન્દ્ર સમા આ કાર્યાલયના આંગણે જઈ પહોંચ્યા. અહીં તેઓએ દ્વારશાખનું પૂજન કરી અમલદારો પાસેથી કાર્યવાહીની સઘળી માહિતી મેળવી.

ત્યારબાદ તેઓ સીધા જ સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવનમાં પધાર્યા. ભૂકંપને કારણે શ્રીજી-સ્થાપિત ભુજ મંદિરમાંથી ખસેડાયેલી મૂર્તિઓ અત્રે એક શેડ બાંધી પધરાવવામાં આવેલી. તેનાં ભાવભરી દર્શન કરનારા સ્વામીશ્રી અહીં રહેતા સંતોને પણ મળ્યા.

અત્રેથી જૂના મંદિરે પહોંચેલા તેઓએ કોળી મંડપમાં થઈને મંદિરનાં ગર્ભગૃહ નિહાળ્યાં. તે પછી પ્રદક્ષિણામાં જઈને ઘુમ્મટ નીચે આવેલા સ્વામીશ્રી અહીંથી સભામંડપમાં પધાર્યા. અત્રે યથાવત્ રહેલી પટપ્રતિમાનાં દર્શન કરી તેઓએ સંતોના નિવાસસ્થાને પગલાં પાડ્યાં.

આ કાષ્ઠનિર્મિત હવેલીને પણ ઠેર ઠેર ભારે નુકસાન પહોંચેલું. તેથી લાકડાની વળીઓના ટેકે આખું માળખું ઊભું રાખેલું. તેમાં સ્વામીશ્રી છેક અંદરના ભાગ સુધી બધે ફર્યા. તે વખતે શ્રીજીનિર્મિત મંદિર અને તેમાં રહેલી

પરમહંસોની પ્રાસાદિક હવેલીની ખંડેર હાલત જોઈ તેઓનું હૈયું દ્રવી ઊઠ્યું છે તેની નિશાની તેઓની આંખો અને ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાતી હતી. એટલે જ અહીંથી વિદાય લેતાં પૂર્વે તેઓએ સ્થાનિક વડીલ સંતોને કોઈ પણ પ્રકારની મદદ માટે નિઃસંકોચ જણાવવા કહ્યું. આ સ્નેહસભર સહૃદયતા સાથે મણિનગર સંસ્થાનના મંદિરે પધારેલા સ્વામીશ્રીએ અહીંના વ્યવસ્થાપકોને પણ જરૂરિયાત અંગે નિઃશંકપણે જણાવવા કહ્યું.

આ રીતે ભૂકંપમાં ધ્વસ્ત થયેલા શહેરનાં અન્ય કેટલાંક સંકુલોનું નિરીક્ષણ કરી મંદિરે પધારેલા સ્વામીશ્રી પાસે મિરજાપુરના શ્રી ધનજીભાઈ આવી ચડ્યા. આ આગંતુકની નુકસાની અંગે જાણી સ્વામીશ્રીએ સંતોને ભલામણ કરી કે 'આમને સારી, વ્યવસ્થિત એક રેંકડી કરી આપો. ઉપર છાપરું હોય એવી. એનું કામ શરૂ કરી શકે ને !'

આમ, ભૂકંપપીડિત પ્રજાની સાથે સ્વામીશ્રી આ અરસામાં અસરગ્રસ્ત સત્સંગીઓની સંભાળ પણ ખંતપૂર્વક લઈ રહેલા. ધરતીકંપ આવ્યાના દિવસે જ તેઓને ઊનાના હરિભક્ત શ્રી પુરુષોત્તમભાઈ વાઢેરનો દીકરો કાટમાળમાં ફસાઈ ગયાની જાણ થતાં તેઓએ એક આંતરરાષ્ટ્રીય કંપનીની ક્રેઈન દ્વારા કાટમાળ હટાવી તે દીકરાને બચાવી લેવાનાં ચક્રો ગતિમાન કરેલાં. ક્રેઈન આવવાને કારણે શહેર અને સોસાયટીના રસ્તાને નુકસાની પહોંચે તો તેની પણ મરામત કરાવી દેવાની જવાબદારી સ્વામીશ્રીએ ઉઠાવી લીધેલી. જો કે ક્રેઈન આવે તે પહેલાં પેલા કિશોરનું પાર્થિવ શરીર મળી આવતાં સ્વામીશ્રીએ રાત્રે બાર વાગ્યે પુરુષોત્તમભાઈને આશ્વાસન અને આશીર્વાદ આપવા ફોન જોડેલો ! એટલું જ નહીં, તેઓએ પત્ર પહોંચાડીને પણ આ સત્સંગી પરિવારને હાશ પમાડેલી.

સ્વામીશ્રીની આવી મહેરથી ભૂકંપનો કહેર સૌને માટે સહ્ય બની રહ્યો.

## શત્રુ તથા મિત્ર સમાન જાણે

ભુજના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીની ભોજનવેળાએ રાહત કાર્ય સંબંધી સંસ્થાકીય પ્રવૃત્તિનો ચિતાર સંતો-કાર્યકરો દ્વારા રજૂ થતો રહેતો. આ ક્રમમાં ઉલ્લેખ પામેલી એક દુઃખદ ઘટનાનો સિલસિલો સૌનાં મનમાં કંપારીની સાથે ક્રોધ જન્માવે તેવો પુરવાર થયો.

વિગત એવી બનેલી કે ગામોગામ રાહત-સામગ્રી વહેંચવા જતા સંતો

અને સ્વયંસેવકો એક વાર ભુજથી અંજાર તરફ જઈ રહેલા ત્યારે તેઓના વાહનને નડેલા ભયંકર અકસ્માતમાં કેટલાક પ્રવાસીઓ બૂરી રીતે ઘવાયેલા. દિવ્યનિધિદાસ સ્વામી તો બેભાન જ થઈ ગયેલા. તાત્કાલિક ઉપચારની જરૂરિયાત ધરાવતા આ ઈજાગ્રસ્તોને સૌ એક આંતરરાષ્ટ્રીય સેવાભાવી સંસ્થાએ કામચલાઉ ઊભી કરેલી અસ્પતાલમાં લઈ ગયા. દર્દીઓને મદદરૂપ બનવાનો ઝંડો લઈને વિશ્વભરમાં કાર્યરત આ સંગઠનના ૪૫૦ કર્મચારીઓ ભુજમાં ધમધમતા આપણા રસોડેથી જ રોજ ભોજન લઈ જતા હતા. તેથી સૌને શીઘ્ર અને સુયોગ્ય સારવાર માટે આ ઠેકાણું ઠીક લાગેલું.

પરંતુ ત્યાં પહોંચતાં જ હરિભક્તો બીજો અકસ્માત નડ્યો હોય તેવો આંચકો અનુભવી રહ્યા, કારણ કે આફતગ્રસ્તોની સેવા કરવાનો દાવો નોંધાવતી આ અસ્પતાલના કાર્યવાહકોએ સાફ શબ્દોમાં સંભળાવી દીધું કે ‘અમે ફક્ત ભૂકંપ-પીડિતોને જ સારવાર આપીએ છીએ, અકસ્માતમાં ઘાયલ થયેલાને નહીં.’

જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા માનવી સામે ન જોતાં પોતાના મનઘડંત વિચારોને વશ થઈ અપાયેલો આ જવાબ અને જાકારો હરિભક્તોના રૂંવે-રૂંવે કમકમાં ઉપજાવી ગયો. તેઓએ અગ્રણી સંતોને આ પરિસ્થિતિથી વાકેફ કર્યા ત્યારે તે સંતોએ ફોન દ્વારા હૉસ્પિટલના સૂત્રધારોને પરિસ્થિતિનો તકાદો સમજવા અરજ કરી, પરંતુ આ વિનંતિની પણ ધરાર અવગણના થઈ. તેને કારણે સારવાર મળવામાં થયેલા વિલંબને લીધે પેલા ઘાયલ સંતો-ભક્તોની સ્થિતિ વધુ નાજુક બની ગઈ અને એક સંત તો પરલોક પણ સિધાવી ગયા !

આ બનાવમાં ઘણાને પેલી સેવાભાવી સંસ્થાએ કરેલી આનાકાની જ કારણભૂત જણાઈ. તેથી ધૂંવાંપૂંવાં થયેલા કેટલાકનો મત પડ્યો કે “હવે એ હૉસ્પિટલના કર્મચારીઓ આપણા રસોડે ભોજન લેવા આવે ત્યારે આપણે પણ કહી દેવું કે ‘અમે ભૂકંપગ્રસ્તો માટે જ રસોડું ખોલ્યું છે, બીજા માટે નહીં.’”

પરંતુ આ આક્રોશની જાણ સ્વામીશ્રીને કરવામાં આવી ત્યારે તેઓએ કહ્યું : ‘ભલે એ લોકો મદદરૂપ ન થયા, પણ આપણે તેઓની સેવા કરવી અને સહકાર આપવો. આપણે અહીં સેવા કરવા આવ્યા છીએ, સેવા લેવા નહીં.’

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાંથી સાધુતાની સુગંધ ફોરી રહી. ખરેખર, ભુજના ભૂકંપ પ્રસંગે તેઓએ કરેલી સમાજસેવા તેનાં સ્તર અને વિસ્તાર –

બંને દૃષ્ટિએ અજોડ રહેશે.[૩૦]

## જ્યાં જુઓ ત્યાં આપનું નામ બોલાય છે

ભુજ પર ફરી વળેલા કાળચક્રના આંકાને પોતાની સેવાસરિતાથી ભૂંસતા સ્વામીશ્રી તા. ૨૬/૩ની સવારે અહીંથી વિદાય લઈ સાંજે ભરૂચ પહોંચ્યા.

અત્રે થઈ રહેલા મંદિરના નિર્માણને વેગ આપી તેઓ તા. ૨૮/૩ની સવારે દક્ષિણ ગુજરાત તરફ જવા નીકળ્યા ત્યારે આ રસ્તે ગોલ્ડન બ્રિજ પર તેઓએ ઠાકોરજીનાં ચરણે ધરેલું ફૂલ માંગતાં કહ્યું: 'લાવો પુષ્પ. નર્મદા મૈયાને વધાવીએ.'

આમ કહી સ્વામીશ્રીએ એક મોટું ગુલાબ પુલ પરથી ફેંક્યું, પણ તે લોખંડના માળખા સાથે અથડાઈને પાછું પુલ પર જ પડતાં સ્વામીશ્રીને પ્રાસાદિક નાનો હાર આપવામાં આવ્યો. તેને નિશાન સાંધી નદીમાં પધરાવતાં સ્વામીશ્રીએ કલ્યાણ-કામના વ્યક્ત કરી સાંકરીને પાવન કર્યું.

અહીં તેઓના વરદહસ્તે તા. ૩૦/૩ની સવારે સંસ્થા દ્વારા નિર્મિત પાણીની ટાંકીનું ઉદ્‌ઘાટન થતાં સ્વામીશ્રીનાં કરુણાજળ ઘરોઘર પહોંચવા માંડ્યાં.

કરુણાના આ કુંભ સાથે જ નવસારી પધારેલા તેઓએ અત્રે તા. ૩૧/૩ની સાયંસભામાં જણાવ્યું કે –

'ભગવાન કોઈને અન્યાય કરતા નથી. તે તો ખૂબ મોટા મનવાળા છે. આ તો આપણા અંદરના ભાવો એટલે એમ લાગે કે 'વધારે આપ્યું કે ઓછું આપ્યું. ભગવાન હશે કે નહીં હોય? ભગવાને આમ કેમ કર્યું?' એટલો વિચાર આવે તોય સ્વરૂપ સમજવામાં ખામી કહેવાય. ભગવાનને રાખીશું તો કોઈ ચિંતા નથી. ભગવાન અને સંત મળ્યા એ મોટામાં મોટી સમૃદ્ધિ છે. આપણે એમના થઈ રહેવાનું છે, તો બધાં સ્વભાવ-વાસના ટળી જશે. કંઈ રહેવાનું નથી. તેની ચિંતા કરવી નહીં. આપણી સાધના ચાલુ ને ચાલુ રાખવી.'

આશીર્વાદનું આ અમૃતપાન કરાવી તા. ૧/૪ની સવારે નવસારીથી મુંબઈ પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે તા. ૨/૪ના રોજ શ્રીજીમહારાજનો ૨૨૧મો

---

૩૦. ભૂકંપગ્રસ્ત ભુજની ભૂમિ પર પધારેલા સ્વામીશ્રીએ વહાવેલી અનુકંપાની અમૃતધારામાં તરબતર થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

જન્મોત્સવ ધામધૂમથી ઊજવ્યો.

તેની સાથે આ મહાનગરના ઘણા મહાનુભાવો ભૂકંપ નિમિત્તે પોતાનાં અનુદાન સંસ્થાને સમર્પિત કરવા સ્વામીશ્રી પાસે આવતા રહ્યા. કેટલાક શ્રેષ્ઠીઓ તો સ્વામીશ્રીના રાહત કાર્યને બિરદાવવાનું સૌજન્ય અદા કરવા પણ દોડી આવતા. તેમાંના એક શ્રી શાંતિલાલ સોમૈયાએ તા. ૩/૪ની સવારે સ્વામીશ્રીને કહ્યું : 'કચ્છમાં બે વાર જઈ આવ્યો. જ્યાં જુઓ ત્યાં આપનું નામ બોલાય છે.'

આ રીતે અત્ર, તત્ર, સર્વત્ર ગુંજી રહેલા સ્વામીશ્રીની કાર્યકીર્તિનાં પડઘમ સાંભળી આ અરસામાં ભારતનો પ્રવાસ ખેડી રહેલા અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ શ્રી બિલ ક્લિન્ટન પણ આકર્ષાયા. તેઓના અંતરમાં વ્યાપેલી સંતમિલનની ઉત્કંઠા શમાવવા સ્વામીશ્રી તા. ૪/૪ના રોજ ગાંધીનગર પધાર્યા.

## સચ્ચાઈથી છલકાતી આંખો

ભૂકંપગ્રસ્ત ભુજની મુલાકાતના હેતુથી ગુજરાત આવેલા શ્રી બિલ ક્લિન્ટન સ્વામીશ્રીને મળવા અક્ષરધામના દ્વારે આવી પહોંચ્યા ત્યારે તા. ૫/૪ની બપોરના પોણા બે વાગ્યા હતા. ધગતા સૂર્યે વાતાવરણને સગડી સમું બનાવી મૂકેલું, પરંતુ સ્વાગત કક્ષના ઉદુંબર પાસે જ સ્વામીશ્રીના હસ્તે ગુલાબનો ભવ્ય હાર પહેરતાં શ્રી ક્લિન્ટને કહ્યું : 'આપને મળતાં મને ખરેખર અત્યંત આનંદ થઈ ગયો !'

આ ખુશીને માણતાં તેઓ સ્વામીશ્રી સાથે સ્મારક તરફ અગ્રેસર થયા ત્યારે અક્ષરધામના સૌંદર્યને નીરખી તેઓના હોઠેથી ઉદ્‌ગાર સરી પડ્યો : 'કોઈ કલ્પના કરી શકે એથીયે વધુ સુંદર આપે બનાવ્યું છે !'

આ અહોભાવ સાથે અક્ષરધામના ઘુમ્મટ નીચે પહોંચેલા શ્રી ક્લિન્ટનના જમણા હાથે સ્વામીશ્રીએ રક્ષાસૂત્ર બાંધ્યું. ત્યારબાદ તેઓએ પુષ્પાંજલિ માટે શ્રી ક્લિન્ટનના જમણા હાથમાં પુષ્પપાંખડીઓ મૂકી તે પર તેઓનો ડાબો હાથ ઢાંકી આપ્યો. તે પછી શરૂ થયેલા વૈદિક મંત્રોચ્ચારના અંતે પણ સ્વામીશ્રી જાતે જ આ પૂર્વપ્રમુખને છેક શ્રીજીમહારાજનાં ચરણારવિંદ સુધી લઈ ગયા. અહીં તેઓએ મૂર્તિનાં ચરણોમાં પુષ્પો પધરાવવા ઇશારો કરી શ્રી ક્લિન્ટનનો ભાવ ભગવાન સુધી પહોંચાડ્યો. શ્રી ક્લિન્ટને પણ હાથ જોડી શ્રીજીમહારાજનાં દર્શન કરતાં પ્રાર્થના ઉચ્ચારી.

તેને અનુસરતાં અક્ષરધામની કલા નિહાળવામાં મગ્ન બનેલા તેઓની નજર મૂર્તિની પીઠિકા પાસે પૂરેલી રંગોળી પર પડી. તેમાં અમૃત કળશને જોતાં જ તેઓને છ મહિના પહેલાં સ્વામીશ્રીએ આપેલા અમૃતકુંભની સહજ સ્મૃતિ થઈ આવી. તેથી તેઓ બોલી ઊઠ્યા: 'મને બરાબર યાદ છે. મારી પાસે એ (કુંભ) છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ તેઓના હૃદયકુંભમાં આશીર્વાદનું અમૃત ભરતાં કહ્યું: 'આપના હૃદયમાં લાગણી છે તેથી આપ મદદ કરવા માટે ગુજરાત સુધી આવ્યા. ભગવાન સ્વામિનારાયણ આપને સુખી રાખે.'

આ આશીર્વર્ષા નતમસ્તકે ઝીલનારા શ્રી ક્લિન્ટનને મુલાકાતના આગામી ક્રમમાં અક્ષરધામના સમર્પિત સ્વયંસેવકોનો પરિચય કરાવવામાં આવ્યો, ત્યારે તેઓ જાણે સ્વામીશ્રીની શક્તિ પરખી ગયા હોય તેમ બોલ્યા: 'આપની જબરજસ્ત તાકાત છે – સમર્પણ, પ્રેમભાવના અને સ્વયંસેવકો. કદાચ એટલે જ આપનાં સર્વે કાર્યો સુંદર દીસે છે.'

આટલું કહી અક્ષરધામને બિરદાવતાં તેઓએ જણાવ્યું: 'આ આખી દુનિયાનું એક બેનમૂન સ્થાન છે. તાજમહેલ સુંદર જરૂર છે, પરંતુ આમાં તો સુંદરતાની સાથે સંદેશ પણ છે.'

સ્મારકની આ વિશેષતા વાગોળતાં સોપાનપંક્તિ ઊતરી રહેલા શ્રી ક્લિન્ટનના હૈયે સ્વામીશ્રીની સ્મૃતિ ઊભરાઈ આવી હોય તેમ તેઓ છેલ્લાં બે-ત્રણ પગથિયાં ઊતરવાનાં બાકી હતાં ત્યાં જ સંતોને કહેવા માંડ્યા:

'તમને ખબર છે? હું સ્વામીશ્રીને માયામીમાં મળ્યો ત્યારથી રોમાંચિત થઈ ગયો છું. જ્યારે હું તેઓની આંખોમાં જોઉં છું ત્યારે તે સચ્ચાઈથી છલકાતી દેખાય છે.'

આ અનુભવ ઉચ્ચારતાં જ શ્રી ક્લિન્ટન પગથિયાંના છેડે મૂકેલા સોફા પર બેસી બૂટ પહેરવા લાગ્યા. તે વખતેય તેઓના મુખેથી સ્વામીશ્રી વિષેનો અહોભાવ સરતો જ રહ્યો કે –

''જુઓ, આ દુનિયામાં એવાં કેટલાંય નેતાઓ, ધાર્મિક સંગઠનો અને વ્યક્તિઓ છે, જે એમ માને છે કે 'બીજાને પછાડીને જ તમે આગળ વધી શકો. બીજાની બાદબાકી કરીને, તેઓને એકલા-અટૂલા પાડી દઈને (તમે ઉપર ઊઠી શકો)!', પણ...''

આટલું કહી ક્ષણભર અટકી ગયેલા શ્રી ક્લિન્ટન સ્વામીશ્રી તરફ

અંગુલિનિર્દેશ કરતાં બોલ્યા :

"તેઓ જુદા છે ! સ્વામીશ્રી પોતાની આસપાસ રહેલા સૌ સાથે સંલગ્ન રહે છે. તે દ્વારા તેઓ કાર્ય કરે છે. તેથી જ તેઓ આટલા બહોળા સમુદાયને સાથે રાખી શક્યા છે, શાંતિ અને સંવાદિતા સાધી શક્યા છે. પહેલી વાર પ્રમુખસ્વામી મને માયામીમાં મળ્યા ત્યારે તેઓની આંખોમાં મેં જોયું કે તેઓ બીજાને ઝાંખા પાડીને આગળ નથી આવ્યા; બીજાને આગળ કરીને આગળ આવ્યા છે. એટલે જ સ્વામીશ્રીને ફરી વાર મળવાની મારી તમન્ના હતી."

આ ઉદ્‌ગાર સાથે શ્રી ક્લિન્ટને સામે ઊભેલા સ્વામીશ્રી તરફ આદરભરી નજરે જોતાં તેઓને પોતાની બાજુના સોફા પર બિરાજવા હેતપૂર્વક નિર્દેશ કર્યો. તેથી સ્વામીશ્રીએ પણ ત્યાં સ્થાન ગ્રહણ કરતાં જ ગરમીભર્યા વાતાવરણમાં બેઠેલા શ્રી ક્લિન્ટન જાણે કોઈ ઉદ્યાનમાં વૃક્ષના છાંયે નિરાંતે બેઠા હોય તેમ પોતાના સોફાને ટેકો દેતાં કહેવા લાગ્યા :

'પોતાની માન્યતા સિદ્ધ કરવા લોકોને બીજાનાં અસ્તિત્વ અને વિચાર-ધારાનું ખંડન કરવું પડે છે, પરંતુ સ્વામીશ્રી એક એવી વિભૂતિ મેં જોઈ જે આ(કુપ્રવૃત્તિ)થી મુક્ત છે.'

સ્વામીશ્રીનો જમણો હાથ પોતાના હાથમાં લઈ આ ઊર્મિઓ વ્યક્ત કરી રહેલા પૂર્વપ્રમુખ જાણે ચિરપરિચિત હોય, તેમ સ્વામીશ્રી પણ શ્રી ક્લિન્ટનના હાથને પોતાના ડાબા હાથની મૃદુ હથેળીથી થપથપાવતા રહ્યા. આ પ્રેમાળ સ્પર્શથી ઝંકૃત થયેલા શ્રી ક્લિન્ટને કહ્યું : 'મને લાગે છે કે જેમની પાસે સત્તા કે સંપત્તિ છે તેઓએ કોઈ ભેદભાવ ન રાખવો જોઈએ.'

'અમારો સિદ્ધાંત પણ એ જ છે કે નાના-મોટા કોઈ પણ ધર્મ, નાત, જાતનો ભેદ રાખ્યા વગર માણસની સેવા કરવી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ સાથે વાતે વળગેલા શ્રી ક્લિન્ટનને પણ એવી સુખાનુભૂતિ થઈ રહી કે મધ્યાહ્‌ને તપતા સૂર્ય કે સમય સામે ન જોતાં તેઓ હરખથી હૃદયોદ્‌ગારો વ્યક્ત કરતા જ રહ્યા. છેવટે સુરક્ષા અધિકારીઓની સૂચના થતાં ઊભા થયેલા આ પૂર્વપ્રમુખ અક્ષરધામની પ્રદર્શનસૃષ્ટિ નિહાળવા ગયા.

## સોનાનું હૃદય ધરાવતી વિભૂતિ

અક્ષરધામનાં પ્રેરક પ્રદર્શનોને નીરખી રહેલા શ્રી ક્લિન્ટન શ્રીજીના પરમહંસોએ ગામડાંમાં વસતી નાનામાં નાની વ્યક્તિમાં લીધેલા રસનું

નિદર્શન જોતાં જ સંતોને કહેવા લાગ્યા: 'તમારી સંસ્થા શાથી ટોચ પર છે? કારણ કે તમે સમાજના નાનામાં નાના સમુદાયને પણ ઉપર ઉઠાવો છો.'

આમ, અક્ષરધામના પ્રત્યેક વળાંકે કંઈક નવીનતા નિહાળતા શ્રી ક્લિન્ટનની મુલાકાત જ્યારે ભૂકંપમાં સેવા કરનારા સ્વયંસેવકો સાથે થઈ ત્યારે પણ તેઓએ સંતોને કહ્યું: 'તમારા સ્વયંસેવકો સજ્જ અને શિસ્તબદ્ધ છે. They are the real heros – તેઓ જ ખરા નાયકો છે. તમારી પાસે આવા કેટલા સ્વયંસેવકો છે અને તેઓ ક્યાંથી આવે છે?'

આ આશ્ચર્ય સાથે આગળ વધેલા શ્રી ક્લિન્ટનનું મિલન ચાર ભૂકંપ-પીડિતો સાથે થયું. કચ્છના આ વતનીઓ પૈકીના એક શ્રી સીદીકભાઈની વાત સાંભળતાં જ શ્રી ક્લિન્ટન ચિત્રવત્ થઈ ગયા. સોયલા ગામના આ બિરાદરે જણાવ્યું કે 'તેઓનાં બે મુસ્લિમ ગામોમાં એક પણ હિંદુ ન હોવા છતાં સ્વામીશ્રી છેલ્લા દોઢ-બે મહિનાથી તમામ પ્રકારની મદદ કરી રહ્યા છે.'

આ વિગત જાણતાં જ શ્રી ક્લિન્ટનના કંઠેથી લાગણીભર્યો સૂર રેલાઈ ગયો કે 'પ્રમુખસ્વામીના હૃદયમાં કોઈ ભેદભાવ નથી.'

આટલું કહી સ્વાગત કક્ષમાં આવેલા તેઓને સ્મૃતિભેટના રૂપે શિલ્પ અને અક્ષરધામની પ્રતિકૃતિ આપતાં સ્વામીશ્રીએ આભાર વ્યક્ત કર્યો કે 'તમે ગુજરાતને પોતાનું માની છેક ત્યાંથી આવ્યા તેથી તમારો આભાર!'

'આપને મળતાં હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. અહીં આવીને મને આપના આશીર્વાદ મળ્યા એ મારા માટે મોટી બાબત છે.'

આ અનુભૂતિ સાથે સ્વામીશ્રીની વિદાય લઈ શ્રી ક્લિન્ટને આગળ પ્રયાણ કર્યું, પરંતુ અક્ષરધામ છોડતાં પહેલાં તેઓએ સંતોને કહ્યું: 'પ્રમુખસ્વામીને કહેજો કે તેઓનું હૃદય પણ અક્ષરધામની મૂર્તિની જેમ સોનાનું બનેલું છે.'

આ વિધાનથી પોતે જ હરખાતા હોય તેમ આ પૂર્વપ્રમુખે જમણા હાથનો અંગૂઠો ઊંચો કરી પરિસર છોડ્યું ત્યારે ઘડિયાળ ૨:૫૦ વાગ્યાનો સમય દર્શાવી રહેલી. પોતાના સચિવોએ નિર્ધારિત કરેલી ૪૦ મિનિટની સમય-મર્યાદા વળોટીને શ્રી ક્લિન્ટન ૬૫ મિનિટ સુધી સ્વામીશ્રીનું સાંનિધ્ય માણતા રહ્યા.

તેઓના પ્રસ્થાન બાદ સૌ આ ઐતિહાસિક મિલનનાં સંસ્મરણોને જ વાગોળવામાં મશગૂલ હતા, પરંતુ તે વખતે સ્વામીશ્રીની આંખો કચ્છથી

આવેલા જાદવજીભાઈ ઠક્કર વગેરે પેલા ચાર સામાન્ય નાગરિકોને શોધી રહેલી. તેઓ મળ્યા એટલે સૌની ખબર-અંતર પૂછતાં સ્વામીશ્રીએ દરેકને સ્વહસ્તે પ્રસાદ આપ્યો. આગામી કાર્યક્રમ પૂછ્યો. આ ભાવિકો ભુજ પરત ફરવાના છે તે જાણી સ્વામીશ્રીએ તેઓની વાહન-વ્યવસ્થા સંબંધી ભલામણ કરતાં કાર્યકર શ્રી જનકભાઈ દવેને કહ્યું : 'એમને બસમાં બેઠાં-બેઠાં નહીં મોકલતા. એમ જશે તો થાક બહુ લાગશે. સૂતાં-સૂતાં જાય એમ કરજો.'

સ્વામીશ્રીના સુવર્ણ સમા હૃદય અને સચ્ચાઈસભર આંખોની સાક્ષી પૂરતા આ સૂચનમાંથી સ્નેહ અને સમતા વરસી પડ્યાં.

## અમારે માણસના ભરાવાની જરૂર નથી

તા. ૫/૪ની સાંજે ગાંધીનગરથી વિદાય લઈ મુંબઈના ઍરપોર્ટ પર ઊતરેલા સ્વામીશ્રીએ અહીં લાઉન્જમાં જ રાત્રિભોજન ગ્રહણ કરી રાત્રે ૯:૦૫ વાગ્યે ઉડ્ડયન આરંભ્યું ત્યારે તેઓની ૨૩મી વિદેશયાત્રા શરૂ થઈ. તેના પ્રથમ ચરણરૂપે દુબઈ પધારેલા સ્વામીશ્રી તા. ૬/૪ની સવારે શ્રી રોહિતભાઈ પટેલના ઘેર નિત્યક્રમથી પરવાર્યા.

આ સમયે તેઓને આજના કાર્યક્રમથી માહિતગાર કરવા આવેલા સ્થાનિક વ્યવસ્થાપક શ્રી અશોકભાઈ કોટેચાને સ્વામીશ્રીએ કહ્યું : 'હું સાંજની સભામાં સવા છ વાગ્યે આવી જઈશ.'

'પણ બાપા! આપ આટલા વહેલા આવો તો માણસો બહુ ભરાયા ન હોય.'

'અમારે માણસના ભરાવાની જરૂર નથી. આપણે તો સભા છે એટલે વહેલા આવીએ તો વધારે ભજન થાય.' સ્વામીશ્રી બોલ્યા.

આ ભાવના અને વિભાવના સાથે વિચરતા તેઓ આજની સવારે અગિયાર વાગ્યે શહેરના ઔદ્યોગિક વિસ્તાર અલ ક્વુઝમાં પધાર્યા. અત્રે એક વૅર હાઉસમાં યોજાયેલી મહાપૂજા અને સત્સંગ-સભાને ધન્ય કરી તેઓ આજની સાંજે હોટલ હોલી-ડે-ઇનના સભાગૃહમાં પહોંચ્યા.

અહીં ભારતીય રાજદૂત સહિત ૭૫૦ની સંખ્યામાં એકત્રિત થયેલા ઇન્ડિયન ઍસોસિયેશનના સભ્યોએ તેઓને ઉમળકાભેર સત્કારી ભૂકંપ રાહતના કાર્યમાં પોતાનો ટેકો અડાડ્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા :

'બી.એ.પી.એસ. સંસ્થાએ કાર્ય કર્યું છે તે ભગવાનની ઇચ્છાથી! તમને

મદદ કરવાની પ્રેરણા થઈ તે પણ ભગવાનની ઇચ્છાથી !! એમને દુઃખ આવ્યું એ પણ ભગવાનની ઇચ્છાથી !!!

મારા તમને ધન્યવાદ છે. સૂર્ય પાણી ખેંચે છે, પણ હજારગણું આપવા. એમ તમને પણ ભગવાન આપશે.'

## શુદ્ધ પ્રેમમાં દુનિયામાત્રની ભેટ આવી ગઈ

તા. ૭/૪ની સવારે દુબઈથી અજમાન પધારેલા સ્વામીશ્રીએ અહીંના નાદીસાલા વિસ્તારમાં બંધાયેલા સંસ્કાર ભવનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી આ મરુભૂમિને વિશેષ મહોરાવી. આ જ હેતુસર તેઓ આજની સાંજે શારજાહની એક ઔદ્યોગિક વસાહતમાં પહોંચ્યા.

અત્રે ગુણાનુરાગી શ્રી ધીરજભાઈ સરોયાના છત્રી બનાવવાના કારખાનામાં સભા યોજાયેલી. તેમાં સૌને માથે અધ્યાત્મનું છત્ર ધરતા સ્વામીશ્રી તા. ૮/૪ની સવારે શારજાહના ન્યાય મંત્રી શ્રી શેખ હામદના નિવાસસ્થાને પધાર્યા.

તેઓના આગમનને વધાવતા રાજવી પરિવારના આ મહાનુભાવે ઇસ્લામમાં સૌભાગ્યવાન મનાતા અતિ કિંમતી ઝેન-અલ-ઉદ નામના સુગંધિત દ્રવ્યનો ધૂપ કરી સ્વામીશ્રી પ્રત્યેનો આદર અભિવ્યક્ત કર્યો. ત્યારબાદ એક કલાક સુધી સત્સંગ માણનારા શેખ શ્રી હામદે સ્વામીશ્રીને કહ્યું: 'દુનિયાનું શાંતિનું કાર્ય આપ જેવા સંતથી થઈ શકશે.'

આ અમર આશા સેવતા તેઓને સ્વામીશ્રીએ મુલાકાતના અંતે રજત-રસિત કળશની સ્મૃતિભેટ ધરી ત્યારે આ રાજવી બોલી ઊઠ્યા: 'અમે રાજા છીએ પણ આપનું યોગ્ય સન્માન મેં ન કર્યું, ભેટ તૈયાર ન કરી.'

'આપનો પ્રેમ તે અમારા માટે મોટામાં મોટી ગિફ્ટ (ભેટ) છે. સંતને બીજું કાંઈ જોઈતું નથી. શુદ્ધ પ્રેમમાં દુનિયામાત્રની ભેટ આવી ગઈ !'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ શ્રી હામદને એટલો સ્પર્શી ગયો કે તેઓ સ્વામીશ્રીને હાથનો ટેકો દેતાં છેક ગાડી સુધી વળાવવા આવ્યા અને પોતાના હાથનો ટેકો દઈ સ્વામીશ્રીને ગાડીમાં બેસાડ્યા.

આમ, એક જ મુલાકાતમાં આ રાજવીના હૃદયમાં અમીટ સ્થાન જમાવી સ્વામીશ્રી ઉતારે પરત પધાર્યા.

## સર્વે અંગે શુદ્ધ સાચા

તા. ૧૦/૪ની સવારે દુબઈના હોરલાન્સ વિસ્તારમાં વસેલા સંસ્કાર ભવનમાં પગલાં પાડી સ્વામીશ્રી સિંધી ભક્ત શ્રી ઘનશ્યામભાઈ પાગરાણીના ઘેર પહોંચ્યા. અત્રે ઠાકોરજી જમાડવા બિરાજેલા તેઓ આ યજમાનનો નિર્દેશ કરતાં બોલ્યા: 'આની સેવા, ભક્તિ ને પ્રેમભાવ જુઓ. ઠડક જ લાગે એવું પવિત્ર પ્રેમી કુટુંબ છે.'

મહિમાનો આ મેવો જમતા-જમાડતા સ્વામીશ્રી આજની સાંજે શેઠ શ્રી લખા લૂલાની એસ્ટોરિયા પંચતારક હૉટલમાં પધાર્યા.

અહીં ભારતીય સમાજે એકઠી કરેલી ભૂકંપ સહાય સંબંધી વિગત આપતાં અગ્રણી શ્રી ભરતભાઈ શાહે કહ્યું: 'અમારી કમિટીના તમામ સભ્યોએ નક્કી કર્યું છે કે કણ-કણ અને પૈસે-પૈસાને લેખે લગાડનારી સમર્પિત અને સુસંગઠિત સંસ્થા જો કોઈ હોય તો એ બી.એ.પી.એસ. છે. આજે અમે સ્વામીશ્રીનાં ચરણે આ સેવા અર્પણ કરીએ છીએ.'

આ ઘોષણામાંથી ઊભરી આવેલી *'સર્વે અંગે શુદ્ધ સાચા...'* તરીકેની સ્વામીશ્રીની ઓળખ પર આજે ઇંગ્લેન્ડની પાર્લામેન્ટે વધુ એક મહોર મારી આપી. આ સંસદીય ભવનમાં સ્વામીશ્રીના ભૂકંપ રાહત કાર્યની સરાહના કરતાં બ્રિટિશ સાંસદ ડૉ. રુડી વીસે ચાલુ સત્રમાં પોતે લખેલા પત્રનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનને જણાવ્યું :

*'I also wrote to ministers about the enormous work undertaken in India by the BAPS Swaminarayan Sanstha who have provided food, medicine, clothing and many other necessities for the survivors of the earthquake. The distribution of relief material was the initial focus of BAPS; help was given to about 300 towns and villages by 6,500 volunteers, inculding doctors and professionals. To give but one example, well over 1.5 million pouches of water have already been provided by BAPS. All the volunteers offer honorary service and the organisation has Zero administration costs — remarkable in itself —*

*so every pound donated goes directly and in full to the relief of the sufferers. I had planned to say a few more things, but time is limited.'*[31]

બ્રિટિશ પાર્લામેન્ટમાં ગવાયેલી બી.એ.પી.એસ.ની આ બિરદાવલીનો સમાવેશ હાઉસ ઓફ કૉમન્સના અધિકૃત અહેવાલ 'પાર્લામેન્ટરી ડિબેટ્સ'(Volume 366, No. 70)માં પણ કરવામાં આવ્યો.

## Love at first sight

તા. ૧૨/૪ની સાંજે દુબઈથી વિદાય લઈ બાહરીન પધારેલા સ્વામીશ્રીએ અત્રે આવતાંવેંત મનામા વિસ્તારમાં તૈયાર થયેલા આપણા સાંસ્કૃતિક ભવનને પાવન કર્યું.

આ અખાતી દેશોમાં સત્સંગનું પોત પાતળું પણ મજબૂત. બાળપેઢીથી વડીલ સુધીનાં પુરુષ-મહિલાઓમાં સ્વામીશ્રી માટે કરી-મરી છૂટવાનો થનગનાટ દરેક કેન્દ્રમાં જોવા મળે. ટૂંકી આવક અને સાંકડાં ઘરોમાંય ભાવનાની વિશાળતા દંગ કરી દે. રણમાં રહેવા છતાં દરેક સત્સંગીના ઘેર ભક્તિની વસંત ખીલેલી જોવા મળે. આ ભક્તિભાવથી ખેંચાઈને જ અહીં આવેલા સ્વામીશ્રી પણ છૂટે હાથે લાભની લહાણ કરતા રહેતા. તેઓ સાથે આ યાત્રામાં સામેલ મહંત સ્વામી પણ પ્રવચન અને પધરામણીઓ દ્વારા સત્સંગીઓ તથા સદ્ભાવીઓને માર્ગદર્શન આપતા.

આ ક્રમમાં તા. ૧૪/૪ની સાંજે અદલિયા વિસ્તારમાં યોજાયેલી

---

૩૧. ભૂકંપગ્રસ્તોને ખોરાક, દવા, વસ્ત્ર અને અન્ય જરૂરિયાતો પહોંચાડી રહેલી બી.એ.પી.એસ. સંસ્થાનાં ગંજાવર રાહત કાર્યો બાબતે મેં મંત્રીઓને લખી જણાવ્યું છે. રાહત સામગ્રીઓનું વિતરણ એ બી.એ.પી.એસ.નું પ્રારંભિક લક્ષ્ય હતું, જે ડૉક્ટરો, વ્યાવસાયિકો સહિતના ૬,૫૦૦ સ્વયંસેવકો દ્વારા ૩૦૦ ગામો-નગરોમાં કરવામાં આવ્યું. ઉદાહરણરૂપે, પાણીનાં ૧૫ લાખથી વધુ પાઉચ આ સંસ્થાએ ક્યારનાય પૂરાં પાડી દીધાં છે. અહીં બધા જ સ્વયંસેવકો માનદ સેવા આપતા હોવાથી આ સંસ્થાનો વહીવટી ખર્ચ શૂન્ય છે. આ નોંધપાત્ર વિશેષતાને કારણે આ સંસ્થાને દાનમાં મળતા પ્રત્યેક પાઉન્ડનો પૂરેપૂરો અને સીધેસીધો વિનિયોગ અસરગ્રસ્તોની સેવા માટે થાય છે. હું ઘણું બધું કહેવાનો ઇરાદો સેવું છું, પણ સમય મર્યાદિત છે.

જાહેર-સભામાં લંડનવાસી ઉદ્યોગપતિ શ્રી જી. કે. નૂને અહોભાવ પ્રગટ કર્યો કે 'સ્વામીશ્રી સાથે મારે Love at first sight (પ્રથમ પલકે પ્રેમ) જેવું થયું છે. એમની આંખોમાં મેં શાંતિ સિવાય બીજું કશું જોયું નથી. મારા જીવનની એ ધન્ય ક્ષણ હતી કે સ્વામીશ્રીએ મારા જેવા મુસ્લિમધર્મી પાસે નિસડન (લંડન) મંદિરના આમલસારાનો સ્થાપનવિધિ કરાવ્યો.'

સ્વામીશ્રીના આવા ઉદાર વ્યક્તિત્વથી આકર્ષાઈને અત્રે તૈયાર થયેલા સાંસ્કૃતિક ભવનમાં પણ સ્થાનિક આરબો સહિત ઇતરધર્મીઓએ ઘણો સહયોગ આપેલો. એ સૌ દાતાઓના સન્માન બાદ આજની સભાના યજમાન બનેલા સ્થાનિક આગેવાન શ્રી વિનય દીવાને ૬૦૦થી વધુ ભાવિકોને અપીલ કરી કે 'યુનિસેફ કહે છે કે તમે અમને એક ખમીસ આપો છો ત્યારે જરૂરિયાતમંદ સુધી તેની માત્ર એક બાંય જ પહોંચે છે, કારણ કે બાકીનું ખમીસ અમારા વહીવટી ખર્ચામાં વપરાઈ જાય છે. પરંતુ જો તમે એ જ શર્ટ બી.એ.પી.એસ.ને આપો તો તેઓ શર્ટમાં ટાઇ ઉમેરીને પેલા જરૂરિયાતમંદને પહોંચાડે છે. માટે આપ સૌ આપના દાનનો પ્રવાહ અવશ્ય વહાવજો.'

સ્વામીશ્રીની પવિત્રતા અને પારદર્શકતાનો આ વધુ એક પુરાવો.

## આપની ઉપસ્થિતિ શાંતિ પ્રસરાવે છે

તા. ૧૬/૪ની બપોરે બાર વાગ્યે સ્વામીશ્રીનાં ચરણચિહ્ન બાહરીનના વડાપ્રધાન શ્રી શેખ ખલિફા બિન સલમાન અલ ખલિફાના અંગત કાર્યાલયમાં અંકિત થયાં ત્યારે ચારેકોર આંતરધર્મીય સંવાદિતાની ખુશબૂ પ્રસરી રહી. પોતાના સાત મંત્રીઓ સાથે સ્વામીશ્રીને આવકારતાં આ નામદાર શેખે કહ્યું : 'આખી દુનિયામાં આપનો સત્કાર થયો છે અને સર્વત્ર આપના પ્રત્યે અપાર આદર છે. એ દર્શાવે છે કે લોકોના હૃદયમાં આપનું સ્થાન ઊંચું છે.'

'બધું ભગવાનની કૃપાથી થાય છે. આપણે તો નિમિત્તમાત્ર છીએ.'

સ્વામીશ્રીના આ પ્રતિભાવમાં વડાપ્રધાનને સાધુતાની ફોરમ અનુભવાઈ. તેથી અભિભૂત થયેલા તેઓએ સંતોને જણાવ્યું : 'સ્વામીશ્રીએ જે કર્યું છે એ જોતાં લાગે કે તે ભગવાન દ્વારા થયું છે.' આમ કહી તેઓએ સ્વામીશ્રીને પણ નિવેદન કર્યું કે 'તમે અહીં થોડા વધુ દિવસ રોકાઓ, કારણ કે આપની ઉપસ્થિતિ શાંતિ પ્રસરાવે છે. આપના લોકો ખૂબ સારા નાગરિકો છે. તેઓ અમારા મિત્રો છે.'

વડાપ્રધાનની આ લાગણી બદલ આભાર માનતાં સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદની સાથે રજતરસિત અમૃતકુંભ અર્પણ કર્યો. આ સ્મૃતિભેટને ચિરંજીવ રાખવા સ્વામીશ્રી સાથે એક તસવીર ખેંચાવી શેખશ્રી બોલ્યા: 'આ છબી હું મારા નિવાસસ્થાને રાખીશ.'

તેઓના આ શબ્દો અને આજે મંત્રીમંડળની ફેરબદલીના કાર્યમાં વ્યસ્ત હોવા છતાં તેઓએ આ મુલાકાત માટે ફાળવેલી ૨૪ મિનિટ વડાપ્રધાનનો સ્વામીશ્રી પ્રત્યેનો આદર સૂચવી ગઈ. છતાં તેઓ હજી પૂર્ણ સંતોષ ન પામ્યા હોય તેમ સ્વામીશ્રીને વળાવવા છેક પગથિયાં સુધી આવ્યા!

આવા આ ઉષ્માસભર મિલનને બાહરીનનાં પ્રસાર માધ્યમોએ વ્યાપક પ્રસિદ્ધિ આપી સ્વામીશ્રીના ખૂબ ગુણાનુવાદ ગાયાં.

સ્વામીશ્રીની આવી જ ગુણગંગા તા. ૧૭/૪ની સાંજે શેરેટન હૉટલમાં યોજાયેલી જાહેર-સભામાં પણ વહી રહી. ભારતીય રાજદૂત સહિત કંઈક નામાંકિત આરબ ઉમરાવોથી ભરચક આ સભાને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું: 'भगवान में जिसको प्रेम होगा, उसको सब में प्रेम होगा।'

## આ સંસ્થા માટે કોઈ જ કાર્ય અશક્ય નથી

બાહરીનમાં નિર્માણ પામેલા સંસ્થાકીય સાંસ્કૃતિક કેન્દ્રનું તા. ૧૯/૪ના રોજ લોકાર્પણ કરી સ્વામીશ્રી કુવૈત પધાર્યા.

અહીં અદાનમાં આવેલી નૈમિષારણ્ય વિલાને શ્રી મહેશભાઈ પીઠાવાલા, ડૉ. મૂકેશભાઈ દેલવાડિયા વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીના ઉતારા તરીકે સજ્જ કરેલી. તેમાં ત્રણ દિવસ રોકાઈ સૌને બ્રહ્મરસમાં તરબોળ કરતા સ્વામીશ્રીએ તા. ૨૦ તથા ૨૧ની સાંજે ભારતીય રાજદૂતાવાસમાં પણ સભાલાભ આપ્યો. એલચી શ્રી પ્રભુ દયાલના સહયોગથી આકાર પામેલા આ આયોજનને સાર્થક કરી તેઓએ તા. ૨૨/૪ની રાત્રે ૮:૨૦ વાગ્યે મસ્કતની દિશા સાંધી.

આ સમયે વિમાનની પ્રથમ હરોળમાં પ્રથમ બેઠકે બિરાજેલા સ્વામીશ્રી જેવું વિમાન કુવૈતની ધરતીથી અધ્ધર ઊંચકાયું તે સાથે જ કરકમળમાં માળા ફેરવવા માંડ્યા. માથે ભગવી પાઘ અને ડાબા પગ પર જમણો પગ ટેકવી બેઠેલા તેઓએ આંખો મીંચી આરંભેલો આ જપયજ્ઞ સતત પોણા બે કલાક સુધી અવિરત ચાલ્યો.

આમ, ભરચક પ્રવૃત્તિમાંયે ભજનરત રહેતા સ્વામીશ્રી આજની રાત્રે અગિયાર વાગ્યે મસ્કતમાં શ્રી બકુલભાઈ અને દિલીપભાઈ મહેતાના ઘેર પહોંચ્યા. અત્રે દીવાલ પર ૨.૫ x ૩.૫ ફૂટનું પરિમાણ ધરાવતી સ્વામીશ્રીની તસવીર લગાવેલી. તેઓ ચાર વર્ષ પૂર્વે અહીં આવ્યા ત્યારે સભાસન પર બિરાજેલા તેઓની આ છબીની પિછવાઈમાં સુશોભન માટે કોતરેલો કુંભ એવી રીતે ગોઠવાઈ ગયેલો કે સ્વામીશ્રીના મસ્તકે જ તે કુંભ મૂક્યો હોય તેવો ભાસ થાય. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'જુઓ, મહાત્માને માથે કળશ છે.' પછી ઉમેર્યું: 'અમૃત કળશ છે. જેને માથે ઢળે તે અમર થઈ જાય.'

આ માર્મિક બોધ સંભળાવી રાત્રે પોણા એક વાગ્યે પોઢેલા સ્વામીશ્રીને વધાવવા તા. ૨૩/૪ની સાંજે દારશિત વિસ્તારમાં આવેલા કૃષ્ણ મંદિરમાં જાહેર-સભા યોજાઈ. તેમાં હિંદુ મહાજન ઍસોસિયેશનના અગ્રણીઓએ સ્વામીશ્રીને સત્કારી અમૃતનો આસ્વાદ માણ્યો.

આ અમૃતલાભ તા. ૨૪/૪ની સાંજે ઓમાનના દીવાન શ્રી સૈયદ સેફે પણ ઉઠાવ્યો. ઓમાનના સુલતાન પછી દેશની નિર્ણયાત્મક વ્યક્તિ તરીકે તેઓની ગણના થતી. તેઓના મહેલમાં સ્વામીશ્રીનાં પગલાં પડ્યાં ત્યારે આરબ શિરસ્તા મુજબ પવિત્ર અને આદરણીય વ્યક્તિને મળતી વખતે વાતાવરણને મઘમઘાવવા જલાવાતા અતિ સુગંધિત ગુગળ ઉદની ધૂમ્રસેરોથી આખો મહેલ સુવાસિત હતો. તેમાં સ્વામીશ્રીની સાધુતાની સૌરભ ભળતાં તે વધુ મહેકી ઊઠ્યો. આ મહેકને શ્વાસોમાં ઘોળતાં શ્રી સૈયદે ૨૫ મિનિટ સુધી સ્વામીશ્રીનો સત્સંગ માણ્યો. સ્વામીશ્રીએ પણ તેઓના સુશાસનની વાત સાંભળી પ્રસન્નતા વ્યક્ત કરતાં શુભેચ્છા પાઠવી. તેની સાથે પુષ્પગુચ્છ, મીઠાઈ અને અમૃત કળશ અર્પણ કર્યાં. તેથી ગદ્‌ગદ થઈ ગયેલા શ્રી સૈયદને સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજની ઓળખાણ કરાવી એ મૂર્તિ તેઓના હાથમાં ધરાવી. તેને પ્રેમપૂર્વક પકડી આ મંત્રીએ તસવીર પડાવી અને સ્વામીશ્રીને વળાવવા તેઓ છેક દરવાજા સુધી આવ્યા. તે વખતે પણ શ્રી સૈયદે સ્વામીશ્રીનો અમૃતસ્રાવી હાથ ઘણા સમય સુધી પકડી રાખ્યો.

આમ, રાજના દીવાનને પોતાની પ્રભુમય પ્રતિભાનો સ્પર્શ પમાડી સાંજે સાત વાગ્યે સ્વામીશ્રી કૃષ્ણ મંદિરની જાહેર-સભામાં પધાર્યા. અત્રે તેઓને બિરદાવતાં ૪,૮૦૦ની સંખ્યાનો કર્મચારીવર્ગ ધરાવતી અહીંની ખ્યાતનામ બાહ્‌વાન કંપનીના સૂત્રધાર શ્રી સુરેન્દ્ર વિરમાણીએ જણાવ્યું કે 'સમર્પણ, સેવા

અને કર્તવ્યનિષ્ઠાની વ્યાખ્યા હવે શબ્દકોશમાં બદલવી પડશે એવું મને આ (બી.એ.પી.એસ.) સંસ્થા અને તેની પ્રવૃત્તિઓ જોતાં અનુભવાયું. મને ખાતરી છે કે આ સંસ્થા માટે કોઈ જ કાર્ય અશક્ય નથી.'

જી હા, સ્વામીશ્રીનાં જીવન અને કાર્ય નવા શબ્દકોશને જન્મ આપે એવાં આગવાં અને અનેરાં છે.[૩૨]

## સહજાનંદ સ્વામી એ જ લીડર છે

તા. ૨૫/૪ના રોજ મસ્કતથી વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી બપોરના સાડા ત્રણ વાગ્યે મુંબઈ ઊતર્યા ત્યારે તેઓને વધાવવા દાદર મંદિરે ઘણા મહાનુભાવો ઊમટતા રહ્યા.

આ ક્રમમાં તા. ૨૮/૪ની સાંજે આવેલા બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજના કાર્યવાહકોએ ભૂકંપ સહાય નિમિત્તે માતબર રકમની સખાવત અર્પણ કરી. આ સમયે સ્વામીશ્રીના ભૂકંપ રાહત કાર્યની બ્રિટિશ પાર્લામેન્ટે લીધેલી નોંધથી વાકેફ થતાં જ અગ્રણી નેતા શ્રી અરુણભાઈ ગુજરાતી બોલી ઊઠ્યા : 'આ તો આખી દુનિયાને જાણ કરવા જેવી વાત છે !'

આટલું કહી તેઓએ સ્વામીશ્રીને જણાવ્યું : 'આ બધું જે થાય છે તેના મુખ્ય આપ છો ! You are the leader!'

'સહજાનંદ સ્વામી એ જ લીડર (નેતા) છે આપણા.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓનો આ સેવકભાવ તા. ૨૯/૪ની સવારે તો સોળે કળાએ ખીલી ઊઠ્યો.

આ સમયે કિશોર સભામાં બિરાજેલા સ્વામીશ્રી સાથે ચાલતી થયેલી પ્રશ્નોત્તરીમાં વચ્ચે એક પ્રહસન શરૂ થયું. તેમાં સભાના પ્રારંભ સમયે ઠાકોરજીનું આસન, સંતોની બેઠક, કિશોરોને બેસવાનું પાથરણું વગેરે અસ્તવ્યસ્ત પડ્યાં હોય તેવું દૃશ્ય આવ્યું. તે જોઈ સભાના સમય કરતાં વહેલા આવેલા મંડળ સંચાલક કળી જાય છે કે 'કાર્યકરો સમયસર આવ્યા નથી.' પરંતુ તેઓ 'હવે શું ખેલ થાય છે ?' એ જોવા એક આડશની પાછળ સંતાઈ

---

૩૨. અરબસ્તાનની મરુભૂમિ પર વરસેલી સ્વામીશ્રીની અમૃત-ધારાથી પાંગરેલી સત્સંગની વસંતને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ગયા. થોડી વારમાં જ એક પછી એક આવવા માંડેલા કાર્યકરો બધું અસ્તવ્યસ્ત પડેલું જોઈ બળાપો કાઢતાં ચાલતી પકડે છે અને અવ્યવસ્થિતતા જેવી હતી તેવી ને તેવી જ પડી રહે છે.

આ દૃશ્ય ભજવાયા બાદ પ્રશ્નોત્તરી આગળ વધી. તેના અંતે પ્રાર્થના અને આશીર્વાદ સાથે સભાની સમાપ્તિ થતાં સ્વામીશ્રી ઉતારે જવા ઊભા થયા, પણ તેઓ લિફ્ટ તરફ ન જતાં સંવાદના ભાગરૂપે અસ્તવ્યસ્ત પડેલા ઠાકોરજીના પેલા આસન બાજુ ગયા. અહીં સ્વામીશ્રી સ્વયં નીચા વળીને પ્લાસ્ટિકની ખુરશી પર ઠાકોરજી માટે પાથરેલું પોપટી રંગનું વસ્ત્ર વ્યવસ્થિત કરતાં બોલ્યા: 'સેવા કરીને જઈએ. કોઈએ ન કરી તો આપણે કરીએ. મહારાજ રાજી થાય.'

સ્વામીશ્રીની આ ક્રિયા સમગ્ર સભા માટે અકલ્પનીય બની રહી. તેના અનુસંધાનમાં જ લિફ્ટમાં જતી વખતે સંતોએ કહ્યું: 'બાપા! છેલ્લે આપે સેવા કરી!'

'કોઈ ન કરે તો જવાબદાર માણસે કરી લેવી પડે. પહેલાં જવાબદાર માણસ શરૂઆત કરી દે એટલે બીજાને પ્રેરણા મળે ને સેવામાં જોડાય.' સ્વામીશ્રી બોલ્યા.

જવાબદારીનું આવું જ એક આગવું શિક્ષણ તેઓએ તા. ૩૦/૪ની રાત્રે પણ આપ્યું.

આ સમયે સભામાં આશીર્વાદ આપી ઉતારે પધારેલા સ્વામીશ્રીએ બાળકોને વહેંચવાનાં ઇનામોની ખરીદી કરવા સુરતથી આવેલા અમૃત-પ્રકાશદાસ સ્વામી અને જ્ઞાનવિહારીદાસ સ્વામીને પૂછ્યું: 'કેમ? કામ પતી ગયું? લીધાં ઇનામો?'

'હા, પૈસાની બચત માટેના ગલ્લા અને રમકડાંની નાની બંદૂકો લીધી છે.'

પરંતુ આ પસંદગી ઠીક ન લાગતાં સ્વામીશ્રીએ કહ્યું: 'બંદૂક છોકરાંવના હાથમાં આપવી નહીં. ફોડતાં થઈ જશે. આપણે બાળકોને સત્સંગી કરવાના, સાધુ કરવાના. આનાથી તો બહારવટિયા થઈ જાય. જેવું હાથમાં ઝાલે એવો વિચાર આવે. માળા હોય તો ભક્તિ કરવાના વિચાર આવે ને હથિયાર ઝાલે તો હિંસાના વિચાર આવે.'

સ્વામીશ્રીની આ દૂરંદેશિતા જોઈ સંતોએ ઇનામો બદલી નાંખ્યાં. તેથી કેટલાય બાળકોની જિંદગી પણ બદલાઈ ગઈ.

સ્વામીશ્રીનાં સૂચન કદી સામાન્ય ન રહેતાં.

## સેલવાસમાં મંદિર અને વિદ્યામંદિરની પ્રવૃત્તિ

તા. ૫/૫ની સવારે સ્વામીશ્રીને લઈ મુંબઈથી ઊપડેલું હેલિકોપ્ટર ૧૧:૧૦ વાગ્યે સેલવાસના સમીપવર્તી નરોલી ગામે આવેલી સિલવાસા ઇન્ડસ્ટ્રીઝના પરિસરમાં ઊતર્યું. અહીં શરૂ થનારા એક નવા વ્યાવસાયિક એકમ માટે સ્વામીશ્રીએ હાથમાં ત્રિકમ લઈ ભૂમિખનન કર્યું.

તે દ્વારા સમાજના ઔદ્યોગિક વિકાસને વેગ આપતા તેઓએ આજે સેલવાસની ગોદમાં વસેલા અથાલ મુકામે 'પ્રમુખસ્વામી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફર્મેશન ટેક્નોલોજી'ની ઇમારતનો ખાતવિધિ કરી સમાજના શૈક્ષણિક ઉત્કર્ષનું પગલું પણ ભરી દીધું.

સ્વામીશ્રી દ્વારા વહેતી રહેતી જનકલ્યાણની આ અવિરત ધારા તા. ૬/૫ની સવારે નાના પોંઢા ગામમાં મંદિરરૂપે ફૂટી નીકળી. વાપી-ધરમપુરના ધોરીમાર્ગ પર આદિવાસીઓની ભક્તિના પ્રતીકરૂપે ખડા થયેલા આ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રીએ સૌની સેવાને સાર્થક કરી.

આવા જ લાભમાં તા. ૭/૫ની સવારે કરમખલ પણ રસબસ થયું. અહીં નહેરને કાંઠે નિર્માણ પામેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરવા સ્વામીશ્રી પધાર્યા ત્યારે આગમનની વધામણીમાં રાંધાના આદિવાસી યુવાનો પરંપરાગત પરિવેશમાં નૃત્ય કરવા લાગ્યા. તેમાંના એક વડીલ આદિવાસી તૂરની સાથે કાંસાની થાળી વગાડતા હતા. તે જોઈ નૃત્યકારોની નજીક સરકેલા સ્વામીશ્રીએ ઇશારો કરી આ વયસ્ક ભક્તને પોતાની સમીપમાં બોલાવ્યા અને તેઓની થાળી તથા લાકડી લઈ સ્વામીશ્રી સ્વયં થાળી વગાડવા માંડ્યા. ખભા સુધી ઊંચી થાળી રાખીને ત્રણ-ચાર મિનિટ સુધી આ બ્રહ્મનાદ ગજવતા રહેલા તેઓને જોઈ ચારેકોર હર્ષોલ્લાસ છવાઈ ગયો.

તેની વચ્ચે ગામને ભગવાનની ભેટ આપી સ્વામીશ્રી તા. ૭/૫ની સાંજે ઉદવાડા થઈને તીથલ પધાર્યા ત્યારે અહીં તેઓના મુખચંદ્રને જોઈ સત્સંગ-સાગરે તો માઝા જ મૂકી દીધી.

## સાગરકાંઠે પરિવર્તનનો પવન

તીથલમાં સ્વામીશ્રીના મુકામ દરમ્યાન સાગરકાંઠે આવેલી સંસ્થાકીય

જમીન પર પંચદિવસીય પારાયણ યોજાયેલું. આ ભૂમિ મંદિર-સંકુલથી અમુક મીટર જ દૂર. ત્યાં જવા સ્વામીશ્રી તા. ૯/૫ની સાંજે મંદિરેથી નીકળ્યા, પણ તેઓ રસ્તામાં બોલ્યા : 'પાઘ પહેરવાની રહી ગઈ !'

આ સાંભળી એક સહયાત્રીએ કહ્યું : 'અહીં સભાસ્થળે જવામાં આપણે પાઘ પહેરતા નથી.'

આ અભિપ્રાયમાં પુષ્ટિ કરતાં અન્ય એક સહપ્રવાસીએ પણ જણાવ્યું : 'પાઘની જરૂર નથી. અહીં કોઈ પહેરતા નથી.'

'કોઈ ન પહેરતા હોય તો કાંઈ નહીં, પણ આપણે પહેરવી છે.' સ્વામીશ્રી બોલ્યા.

સંપ્રદાયની નાની-શી પ્રણાલિકા જાળવવાનીયે આવી ચીવટ સાથે વિચરતા તેઓએ તા. ૧૦/૫ની સવારે ગુંદલાવને પાવન કર્યું. અહીં ગામની ચોકડીએ આવેલા હરિભક્ત શ્રી આસિતભાઈ ગાંધીના પેટ્રોલ પંપનું ઉદ્‌ઘાટન કરતાં સ્વામીશ્રીએ જાતે જ ગાડીમાં બળતણ ભરી સૌને જ્વલંત સ્મૃતિ આપી.

તેને અનુસરતાં તેઓએ તા. ૧૧/૫ની સવારે કાકડકુવાના કુટિર મંદિરની પ્રતિમાઓ પૂજી તથા નળીમધની, કુરગામ, બારોલિયા અને બલવાડાનાં મંદિરોનું ભૂમિપૂજન કરી સત્સંગના વાતાવરણને વિશેષ વિસ્તાર્યું.

પરંતુ સ્વામીશ્રીને વ્યાપની સાથે ઊંડાણ ગમે. તેઓનું આ કાર્ય તેઓનાં ભોજન વખતે થતા સત્સંગ પ્રવૃત્તિના અહેવાલ-કથન પરથી પરખાય. આ સમયે સ્થાનિક સંતો અને કાર્યકરો દ્વારા રજૂ થતા પ્રસંગોના ક્રમમાં આજની બપોરે નાની વહિયાળ ગામના હરિભક્ત શ્રી રમણભાઈ પટેલનું વૃત્તાંત કહેવાયું.

છ-એક ફૂટ ઊંચી પડછંદ કાયા ધરાવતા આ આદમી વન-વગડામાં ચરતાં ભરવાડોનાં બકરાં ઉઠાવી આવે અને તેને જાતે જ કાપીને જ્યાફત ઉડાવે. મરઘાંને તો સીધાં જ ડોક મરડીને મારી ખાય. દર ગુરુવારે ગામમાં ભરાતા બજારમાં આસપાસના માછીઓ ટોપલા ભરીને માછલાં વેચવા આવે. ત્યાં પણ આ રમણભાઈની ધાડ પડે અને તેઓ મન ફાવે ત્યાં ઊભા રહી દમદાટી દ્વારા ટોપલાનાં માછલાં પોતાના કોથળામાં ઠાલવી રુઆબભેર ચાલતા થઈ જાય. તેઓની ધાક-હાક એવી કે કોઈ ચૂં-ચાં ન કરી શકે. હોળી અને વાઘ બારસના પર્વે તો રમણભાઈની લૂંટ-ફાટ તથા માર-પીટ હદ બહાર વકરે, કારણ કે આ વખતે દેવને નવ મરઘાં, એક બકરો અને બે મણ દારૂ ધરાવવાનું તેઓનું વ્રત ! નૈવેદ્ય બાદ આ 'પ્રસાદી'ની મિજબાની જામે.

પરંતુ આવી જાલિમ રીત-રસમ ધરાવતા રમણભાઈના બે પાડોશીઓ શ્રી કુંવરજીભાઈ અને ગણેશભાઈ સત્સંગી થતાં રમણભાઈના ઘરમાં હરિભક્તિની હવા પ્રસરવા લાગી. જો કે શરૂઆતમાં તો તેઓએ દાદ ન દીધી, પણ સત્સંગની શારડીએ ધીરે ધીરે અંતર વીંધતાં રમણભાઈ નિર્વ્યસની બન્યા. સદાચારનો આ રંગ ઘાટો થતાં તેઓએ પૂજા-પાઠ તેમ જ સત્સંગ-સભા શરૂ કર્યાં અને સમય જતાં તો અદના કાર્યકર પણ બની રહ્યા. વળી, સત્સંગ થતાં આર્થિક સુખાકારી પણ એવી વધી કે એક જમાનામાં નીચા વળીને દાખલ થવું પડે એવા ઝૂંપડામાં રહેતા આ મુરબ્બી કાળક્રમે ધાબાબંધ પાકા મકાનમાં વસતા થયા. આ ઘરમાં જ અઠવાડિક સભા અને સંતોના ઉતારા થવા માંડ્યા.

આવા એક નહીં, પણ અનેક દાખલાઓએ આ પંથકની આબોહવાને સાવ જ પલટી નાંખેલી.

## तुम भी नारायण, मैं भी नारायण

તા. ૧૨/૫ની સવારે ભૂતસરના કુટિર મંદિરની મૂર્તિઓને પૂજી વલસાડ પધારેલા સ્વામીશ્રી અહીં સંસ્થાકીય અક્ષરવાડીને પાવન કરી આજની સાંજે અમલસાડ પહોંચ્યા.

અત્રે તેઓના વરદહસ્તે રેલવે સ્ટેશનની નજીકમાં જ નિર્માણ પામેલા મંદિરમાં તા. ૧૩/૫ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. આ પ્રતિષ્ઠાવિધિ બાદ એ.પી.એમ.સી. સબ યાર્ડના મેદાનમાં યોજાયેલી સભાને સંબોધી સ્વામીશ્રી વ્યારા પધાર્યા.

અહીં તેઓ તા. ૧૪/૫ની સાંજે અજમેરા પરિવારની ગાડીમાં બેસી જે. બી. હાઈસ્કૂલના પ્રાંગણ તરફ જઈ રહેલા ત્યારે તેઓએ ગાડીચાલકને ઓચિંતું પૂછ્યું : 'सब लोग तुम्हें दाढ़ी कहते हैं, मगर तुम्हारा नाम क्या है ?'

'नारायण।'

'ओह, नारायण! बहुत अच्छा नाम! तुम भी नारायण, मैं भी नारायण। मेरा नाम नारायणस्वरूपदास है। सब प्रमुखस्वामी कहते हैं।'

સ્વામીશ્રીના મુખેથી તેઓનો માર્મિક પરિચય સરી પડ્યો.

## રહ્યા અંતરે પ્રભુને રાખી

તા. ૧૫/૫ની સવારે વ્યારાથી વિદાય લઈ સ્વામીશ્રી સાંકરી પધાર્યા

ત્યારે અહીં ૧૯ એકરમાં ફેલાયેલું મંદિર-સંકુલ મૂર્તિપ્રતિષ્ઠા માટે થનગનતું હતું. તેની આ તાલાવેલીને સંતોષતા સ્વામીશ્રીએ આજે નૂતન સંતનિવાસનું ઉદ્‌ઘાટન કર્યું. ત્યારબાદ સંતો સાથે બેઠકખંડમાં બિરાજેલા તેઓ પ્રસંગોપાત્ત બોલ્યા: 'ચમત્કારો તો આ દુનિયામાં બતાવનારા ઘણા છે, પણ જીવમાંથી જગત ખોટું થવું એ મોટો ચમત્કાર !'

આ ચમત્કારનું દર્શન સમાજને તા. ૧૭/૫ની સવારે સાંપડ્યું. આ સમયે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે તૈયાર થયેલા 'સ્વામિનારાયણ નગર'ના મંચ પર સ્વામીશ્રીએ ૧૧ પાર્ષદોને ભાગવતી દીક્ષા અને ૭ નવયુવાનોને પાર્ષદી દીક્ષા પ્રદાન કરી પરચો પૂર્યો.

ત્યાગની આ વેદીની જેમ આજે સાંકરીમાં પ્રતિષ્ઠા પૂર્વેના યજ્ઞની વેદી પણ પ્રજ્વલિત થઈ ઊઠી. તે નિમિત્તે ઊભી થયેલી યજ્ઞશાળાના મંચ પર સાંકરીના શિખરબદ્ધ મંદિરની સાથે ખુશાલપુરા અને શાહપુર ગામનાં હરિમંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ પણ પધરાવવામાં આવેલી. તેની સમક્ષ રચાયેલા ૬૩ કુંડોની ફરતે બેઠેલા ૫૩૬ યજમાનોની ઉપસ્થિતિમાં આ વૈદિક મહાયાગની અગ્નિશિખાઓ પ્રગટાવી સ્વામીશ્રીએ ચારેકોર ઉપાસનાનો ઉજાશ ફેલાવી દીધો.

તે પછી તેઓ ઉતારે આવ્યા ત્યારે અહીં દિવ્યપુરુષદાસ સ્વામી તેઓને પાણી પાવા ગયા ત્યારે સેવકે કહ્યું: 'ઊભા રહેજો. ગોળી લેવાની બાકી રહી ગઈ છે !'

'ચોકઠાં કાઢી નાખ્યાં છે એટલે ઊતરશે નહીં.' સ્વામીશ્રીએ તકલીફ જણાવી.

તે સાંભળી યોગીચરણદાસ સ્વામી બોલ્યા: 'ન લેવાય તોય વાંધો નહીં. વિટામિનની જ ગોળી છે. સાંજે ચાર વાગ્યે ચોકઠાં પહેર્યાં પછી લેજો.'

'તે તો સાંજે જ્યૂસ પીએ છીએ તેની સાથે પણ લઈ લેવાય.' પાણી લાવનારા સંતે આ સમાધાન આપ્યું. પણ તે ગળે ન ઊતર્યું હોય તેમ સ્વામીશ્રી બોલ્યા: 'ચોકઠાં પહેર્યાં પછી તો પાણી સાથે પણ ગોળી લઈ શકાય. જ્યૂસની જરૂર નથી.'

શરબતને ઠેલવાની તેઓની આ વાત સાંભળી સંતોએ કહ્યું: 'આપણે નવું જ્યૂસ બીજી વખત કરવાનું નથી. જે રોજ સાંજે લઈએ છીએ તેની સાથે જ ગોળી લેવાની વાત છે.'

'પણ ઠાકોરજી નગરયાત્રામાં હોય ને આપણે જ્યૂસ પી લઈએ તે કેવું ?!'

સ્વામીશ્રીની આ દલીલ સાંભળતાં જ સૌને જ્યૂસ પીવાનો ઈનકાર કરવાનું સાચું કારણ હાથમાં આવ્યું. ભગવાનને અર્પણ કર્યા વિનાનું કાંઈ જ સ્વામીશ્રીના ગળા હેઠે ઊતરી શકે એમ નહોતું. અલબત્ત, *'દીધાં દેહ તણાં સુખ નાંખી, રહ્યા અંતરે પ્રભુને રાખી...'*ની તેઓની આ છબી તો સૌનાં હૈયે જરૂર ઊતરી ગઈ.

## સાંકરીમાં શિખરબદ્ધ મંદિરનું સર્જન

મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે તા. ૧૭/૫ની સાંજે રાયમથી પ્રારંભ પામેલી ભવ્ય નગરયાત્રા સાંકરી અને ટીંબરવાને પાવન કરતી નવનિર્મિત મંદિરે વિરમી ત્યાં સુધીમાં તે ત્રણ કિ.મી.નો પંથ કાપી ચૂકેલી. આ આખે રસ્તે આકર્ષણ જમાવનારી એ શોભાયાત્રાને સ્વામીશ્રીએ પણ જૂના મંદિરની અગાશીએ બિરાજી દૃષ્ટિ દ્વારા પાવન કરી.

આ નગરયાત્રાનાં પડઘમ શાંત થતાં જ તા. ૧૮/૫ની સવારે પ્રતિષ્ઠાના માંગલિક મંત્રોનો ઘોષ ગુંજવો શરૂ થઈ ગયો. આ મંત્રગુંજન વચ્ચે જ સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરદ્વાર ખોલ્યું. ૧૯૬ x ૧૩૫.૬ x ૬૫ ફૂટનું પરિમાણ ધરાવતા પંચશિખરીય મંદિરથી ૪૦૦ ફૂટના અંતરે ઊભેલું આ કલાત્મક પ્રવેશદ્વાર ૪૨ x ૫૦ x ૨૦ ફૂટનો વિસ્તાર ધરાવતું હતું. ગુલાબી પથ્થરમાં કંડારાયેલા કાવ્ય સમું આ સ્થાપત્ય સ્વામીશ્રીના વરદહસ્તે ચાંદલા અને સ્વસ્તિક અંકાતાં જ પુલકિત થઈ ઊઠ્યું.

તેના આંગણે નાડાછડી છોડી સ્વામીશ્રી જેમ જેમ મંદિર ભણી પગલાં પાડવા લાગ્યા તેમ તેમ મંદિરનાં ૮૪ સ્તંભો, ૧૦૦થી વધુ તોરણો અને કમાનો, ૧૫ ઘુમ્મટ તથા ઘુમ્મટીઓ તેમ જ ૨૦૦ જેટલાં રૂપકામ સહિત કણ-કણ નાચવા લાગ્યા. પોતાને સજીવન કરવા આવી રહેલા સ્વામીશ્રીને આ મંદિરે ધજાઓ ફરકાવીને સત્કાર્યા.

સ્વામીશ્રીએ પણ વૈદિક વિધિ અનુસાર મૂર્તિઓમાં પ્રાણ પૂરી પ્રથમ આરતી ઉતારી ત્યારે ધણધણી ઊઠેલાં નગારાં-ઝાલર અને શંખ-ઘંટના ઘોષથી માંગલિક માહોલ છાઈ રહ્યો. તેમાં જ શરૂ થયેલી ઉત્સવ-સભા ૩૨,૦૦૦ ભાવિકોથી ભરચક હતી. મંચ પણ સ્થાનિક આગેવાનોથી ભર્યો ભર્યો હતો. તે સૌએ સ્વામીશ્રીના આ મંદિર-નિર્માણને બિરદાવ્યું, પણ સ્વામીશ્રીએ તો

વધાવ્યા આ મંદિરમાં સેવા-સમર્પણ કરનારા ભક્તોને. તેઓને પોતાની આશીર્વૃષ્ટિથી ભીંજવતા સ્વામીશ્રીને જોઈ મેઘરાજા પણ સૌને અભિષિક્ત કરવા લાગ્યા. આ માંગલ્યસૂચક વર્ષાથી સાંકરીમાં પ્રભુપ્રતિષ્ઠાનો અવસર સ્મરણીય બની ગયો.[૩૩]

તેમાં તા. ૨૦/૫ની સવારે યોગી જયંતીની ઉત્સવધારા ભળતાં તે વિશેષ આસ્વાદ્ય પણ થઈ પડ્યો. આ ઉત્સવનું સભાસ્થળ પ્રથમ તો મંદિરની ડાબી તરફ આવેલી આમ્રકુંજમાં ગોઠવેલું, પરંતુ વરસાદના છાંટા પડવાથી તે નવનિર્મિત મંદિરના ઘુમ્મટમાં ખસેડાયું.

અહીં સ્વામીશ્રીએ જ્યાં આશીર્વાદનો આરંભ કર્યો ત્યાં જ માઇકનું વ્હીસલિંગ થયું. તે સાંભળી હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા : '*બેસવું હોય તો બેસી જા જો, ગાડી ઊપડી જાય છે...* જોગી મહારાજની ગાડી છે. તેમાં આપણે સૌએ બેસી જવાનું છે. ભગવાનની દયા તો જુઓ ! કાલે પ્રતિષ્ઠા થઈ ને આજે અહીં ઘુમ્મટમાં જ સભા થઈ ! જોગી મહારાજનો મહિમા ગાવાનો આપણને ભગવાનના સાંનિધ્યમાં લાભ મળ્યો.' આમ કહેતાં સ્વામીશ્રીએ સૌને યોગી સ્મૃતિમાં રમમાણ કરી મૂક્યા.

## સત્પુરુષ આજ્ઞા કરે એમાં અક્ષરધામ

સાંકરીમાં મંદિરના સર્જનની સાથે જ શિબિરોનો દોર આરંભાઈ જતાં તા. ૨૦/૫ની સાંજે ૫૦૪ અગ્રેસર બાળ-બાલિકા કાર્યકરોના દિવ્ય સંનિધિ પર્વનો દીપ પ્રગટી ચૂક્યો. તેનો પ્રથમ બોધ આપતાં સ્વામીશ્રીએ આજે જણાવ્યું :

"હકારાત્મક વિચારો કરવા. હિંમત વગરની વાત ન કરવી. જીવમાં બળ છે, એને સાચા સંત મળે ને એમાં વિશ્વાસ રાખે તો જીવનો શિવ થઈ જાય. સત્સંગનો પાયો જ આત્મજ્ઞાન છે. આણંદમાં શ્રીજીમહારાજનું અપમાન થયું, પણ બધાને શાંત રાખ્યા. શ્રીજીમહારાજે કહ્યું : 'આપણે ઈડરિયો ગઢ જીત્યા.' દેહભાવ એ જ ઈડરિયો ગઢ ! બાકી પાવાગઢ ને જૂનાગઢ તો બેગડાએ જીતી લીધા, પણ આ દેહભાવનો ગઢ જીતવો કઠણ."

---

૩૩. સાંકરીમાં નિર્માણ પામેલા નૂતન મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનાં દર્શન કરવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આત્મજ્ઞાનની આ અમૃતધારા વહાવી સ્વામીશ્રી તા. ૨૧/૫ની સવારે મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે અહીં નારાયણની મૂર્તિને સોનેરી ભાત ધરાવતો મરુન રંગનો ભરાવદાર સાફો બાંધવામાં આવેલો. આ દર્શનથી રાજીપો બતાવતા સ્વામીશ્રીએ પૂજારી પ્રિયવદનદાસ સ્વામીને સૂચન પણ કર્યું કે 'સાફામાં નેણ ઉપર સોનેરી ડિઝાઇનનો થોડો ભાગ આવે છે તે સારું નથી લાગતું. તે ચહેરા સાથે મિક્સ થઈ જાય છે. એટલે મુખારવિંદનો આકાર બગડી જાય છે. માટે એટલો ડિઝાઇનવાળો ભાગ અંદર દબાવી દેવો.'

પોતાની આ કલાસૂઝના સ્પર્શથી મૂર્તિને વિશેષ રમણીય અને મનનીય બનાવતા સ્વામીશ્રી દિવ્ય સંનિધિ પર્વમાં પધાર્યા.

અહીં તેઓએ સ્મૃતિનો રસપ્રવાહ રેલાવતાં જણાવ્યું : 'જેમને ભગવાનની અખંડ સ્મૃતિ રહે છે એવા સત્પુરુષની આજ્ઞા પ્રમાણે રહીએ તો આપણને પણ અખંડ સ્મૃતિ રહે. એમની આજ્ઞામાં રાષ્ટ્રભક્તિ, સમાજસેવા ને કુટુંબસેવા આવી ગઈ. સ્વામી ના પાડે તો બધું તૈયાર કર્યું હોય તોય મૂકી દેવું. શંકા નહીં. No argument (દલીલ નહીં) ! સત્પુરુષ આજ્ઞા કરે એમાં અક્ષરધામ !'

## માન માટે આ દરબાર જ નથી

સ્વામીશ્રીની અમૃતધારાઓમાં સરતું-તરતું બાળ કાર્યકરોનું દિવ્ય સંનિધિ પર્વ તા. ૨૨/૫ના રોજ કાંઠે આવી પહોંચ્યું.

આ દિવસની સવારે મંદિરમાં દર્શને પધારેલા સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજના ખંડમાંથી જેવા આગળ વધ્યા ત્યાં જ પૂજારીએ પડદો પાડ્યો. તેનું કારણ પૂછતાં એ સંતે કહ્યું : 'લક્ષ્મીજીના હાથમાં કડાં પહેરાવવાનાં ચુકાઈ ગયેલાં. તે તરફ સ્વામીશ્રીએ ધ્યાન દોરેલું. તેથી કંકણ ધારણ કરાવવા માટે પડદો પાડ્યો.'

આ ખુલાસો સાંભળનારા સૌ સ્વામીશ્રીની દર્શનકળામાં ખોવાઈ ગયા.

આવા પ્રભુપરાયણ સ્વામીશ્રીની નિશ્રામાં આજની સાંજથી યુવા-વડીલ પ્રવૃત્તિનાં બાઈ-ભાઈ કાર્યકરોનું દિવ્ય સંનિધિ પર્વ આરંભાયું. તેઓને જ્ઞાનામૃતનો પ્રથમ ઘૂંટડો પિવડાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''ભગવાનને રાજી કરવા આ પ્રવૃત્તિ કરવાની છે. આપણું નામ આવે - ન આવે પણ ચલાવી લેવું. આપણને યોગ્ય ન લાગતું હોય તો બે હાથ જોડી છૂટા થઈ જવું, પણ ત્રણ મળીને ત્રેખડ ન કરવું. સંપ તૂટે તે મૂકી દેવું. સંપ તૂટે

તો વાત સમજ્યા જ નથી. કટ વળી જવું, તો જ ગૂંચવાડો નીકળે.

બીજું, લોકોને રીઝવવા ભક્તિ થાય તો દુઃખ આવવાનું. આપણને જે હોદ્દો મળ્યો એ માન-કીર્તિ માટે નથી. માન માટે આ દરબાર જ નથી. 'કાલનો આવ્યો હોય એ માથાનો મુગટ છે' એમ પાયાનો વિચાર કરવો.''

આ રીતે સતત ત્રણ દિવસ સુધી સ્વામીશ્રી કાર્યકરોને મોક્ષનો મેવો જમાડતા રહ્યા.

## ન થાય એવું કંઈ છે જ નહીં

આ અરસામાં ગુજરાત પર ત્રાટકનારું વાવાઝોડું દરિયામાં જ સમાઈ જાય અને કોઈ જાનહાનિ કે માલહાનિ ન થાય તે માટે સ્વામીશ્રી છેલ્લા ત્રણેક દિવસથી સભામાં ધૂન કરાવતા હતા. તેના પ્રતાપે ગુજરાત પર વરસનારો આ સિતમ તેનું નિશાન ચૂકી જતાં દરિયામાં જ ડૂબી ગયો અને સ્વામીશ્રી તા. ૨૬/૫ની સાંજે બારડોલી પધાર્યા.

અત્રે તેઓએ સાર્વજનિક વિદ્યામંડળના કન્યા વિદ્યાલયમાં પગલાં કરી નવસારીને પાવન કર્યું.

અહીં તા. ૨૭/૫ની સવારે દર્શને આવેલો સત્તર વર્ષીય અમોલ બોલ્યો : 'સ્વામી ! હું વરખેડાનો છું.'

'એમ ? તારા દાદાનું નામ શું ?'

'વસંતભાઈ.'

'તારા દાદાના દાદાનું નામ ખબર છે ?'

'ના.'

આ નકાર સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'વસંત રૂપચંદ, રૂપચંદ શ્યામલાલ, શ્યામલાલ દગા.'

સંબંધીઓનાં મનમાંથી વીસરાયેલી ખુદની પેઢીઓ સ્વામીશ્રીના મનમાં યથાવત્ સચવાયેલી રહેતી ! તેઓના આ પેઢીગત પ્રેમથી પલળેલો પેલો કિશોર સરકતા સમયે સ્વામીશ્રીના વરદહસ્તે દીક્ષિત થઈ ગયો.[૩૪]

આ સ્નેહ અને સ્મૃતિ સાથે સ્વામીશ્રીએ તા. ૨૮/૫ની સાંજે નિર્માણાધીન જી. સી. પટેલ જનરલ હૉસ્પિટલના ગર્તમાં પુષ્પો પધરાવી આ સંકુલનું ભૂમિપૂજન કરી આપ્યું. તે પછી સુરત પધારેલા તેઓના સાંનિધ્યમાં

---

૩૪. તેઓનું નામાભિધાન સાધુ દિવ્યાનંદદાસ કરવામાં આવ્યું.

તા. ૩૧/૫ની સાંજે ૧,૮૦૦ કિશોર-કિશોરીઓની વિશિષ્ટ સભા ગોઠવાઈ.

તેમાં સૌને બળપ્રેરક ઉદ્‌બોધન કરતાં સ્વામીશ્રીએ કહ્યું:

"અત્યારના સંજોગોમાં કિશોરો નિયમ-ધર્મ ન પાળી શકે એ વાત ખોટી છે. ન થાય એવું આ દુનિયામાં કંઈ છે જ નહીં! પણ પહેલેથી જ 'મારાથી નહીં થાય' એમ વિચારે તો પછી જિંદગીમાં એ કશું કરી શકશે જ નહીં. પણ 'ના શું થાય? હું કરી શકીશ', તો થઈ જાય. પેટ કટારી મારી અને બરોબર કેડ બાંધી લડાઈમાં જાય એ શૂરવીર. એમ આપણે પણ ભગવાન શ્રીજીમહારાજ, સાક્ષાત્ યોગીજી મહારાજ જેવા સંત મળ્યા છે. તેના જ્યારે આપણે કિશોર થયા છીએ, યુવક થયા છીએ, સત્સંગી થયા છીએ તો આપણા જીવનમાં બળ હોવું જોઈએ કે 'મારા ગુરુના પ્રતાપે હું બધું જ કરી શકીશ.' આપણા ધર્મ માટે, આપણા ગુરુ માટે, આપણા ઇષ્ટદેવ માટે અસ્મિતા હોવી જોઈએ કે એમના વચને હું આ ટી.વી., સિનેમા, બજારુ ખાણી-પીણી, વ્યસન, કુસંગ બધું છોડી દઈશ.

માટે બધાએ બહાદુરી રાખવાની છે. મરણિયો જ ઉપાય કરવાનો છે. ભગવાન રાજી થશે ને આપણી રક્ષા પણ કરશે."

## સ્વાર્થમુક્ત સમાજસેવક

તા. ૪/૬ના રોજ સુરતથી વિદાય લેતાં પૂર્વે શહેરની નવનિર્મિત મહાવીર હૉસ્પિટલમાં પધારેલા સ્વામીશ્રીએ અત્રે દર્દીઓ તથા સેવાભાવીઓને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ ડુમ્મસ પહોંચેલા તેઓએ અહીં બે દિવસનો લાભ આપી મુંબઈને પાવન કર્યું.

આ મહાનગરમાં તા. ૬/૬ની સાંજે સ્થાનિક રોટરી ક્લબે સ્વામીશ્રીને નિઃસ્વાર્થ સમાજસેવા બદલ 'Service Above Self'નો એવોર્ડ આપી નવાજ્યા. આ બહુમાનથી સન્માનિત થનારા પ્રથમ ધર્મગુરુ સ્વામીશ્રી હોવાથી સૌએ તેઓને પ્રચંડ હર્ષનાદથી વધાવી લીધા.

આ અભિવાદન ઝીલી તા. ૭/૬ની સવારે પોણા બાર વાગ્યે છત્તીસગઢની રાજધાની રાયપુરમાં પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૮/૬ના પ્રભાતે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કર્યા. આ પ્રસંગે મૂર્તિઓની પ્રથમ આરતીનો લાભ લેવા રાજ્યના ગવર્નર શ્રી

દિનેશનંદન તથા શહેરના મેયર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા. નગરપતિએ તો આજની સાયંસભામાં સ્વામીશ્રીને સન્માનપત્ર અને સન્માન-પદકથી પણ બિરદાવ્યા.

## ઉત્કલ પ્રદેશનો ઉત્કર્ષ

છત્તીસગઢને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મળ્યાને હજી તો છ જ મહિના વીત્યા હતા ત્યાં જ તેને ભગવાનની ભેટ આપી સ્વામીશ્રીએ તા. ૯/૬ની બપોરે વિદાય લીધી અને આજની બપોરે ભુવનેશ્વરને પાવન કરતાં તેઓ સાંજે સાડા છ વાગ્યે કટક પહોંચ્યા.

અત્રે તેઓએ બૉમ્બે ઇન હૉટલના પ્રાંગણમાં જાહેર-સભાનો લાભ આપી આ હૉટલના માલિક શ્રી ચીમનભાઈ ઠક્કરના બંગલે રાત્રિનિવાસ કર્યો.

અહીંથી તા. ૧૦/૬ની સવારે સ્વામીશ્રી જગન્નાથપુરીના મહારાજા ગજપતિ શ્રી દિવ્યસિંહદેવની સાથે હેલિકોપ્ટર દ્વારા ચાકુલિયા જવા નીકળ્યા. તે સાથે જ તેઓની સમાજસેવાનું વધુ એક સુવર્ણ પ્રકરણ સૌની નજર સમક્ષ ચમકવા લાગ્યું.

સન ૧૯૯૯ના ઉત્તરાર્ધમાં ઓરિસ્સાના શિરે નાચેલા ત્રિદેવ – ઇન્દ્ર, વાયુ અને વરુણના તાંડવે ગામોનાં ગામો તહસ-નહસ કરી મૂકેલાં. ત્યારથી માંડી છેલ્લા ૧૯ મહિના દરમ્યાન આ પૂરગ્રસ્ત પ્રદેશમાં સતત ચાલેલી સંસ્થાકીય સમાજસેવાથી ૮૪ ગામોના ૬૫,૦૦૦થી વધુ પૂરપીડિતોને નવજીવન મળેલું. ૧,૮૯,૪૯૫ કિ.ગ્રા. ખાદ્યસામગ્રીના વિતરણ અને રોજના ૬૦૦ અસરગ્રસ્તોને ૪૫ દિવસ સુધી જમાડતા રહેલાં રાહત રસોડાં દ્વારા કંઈકની આંતરડીઓ ઠરેલી. તેની સાથે ૩૨ ગામોમાં ૪૭ રોગનિવારણ યજ્ઞ થયેલા. તેમાં સારવાર પામેલા ૩,૫૦૭ દર્દીઓએ શારીરિક સુખાકારી મેળવેલી, તો ૬૭,૧૦૦ નવાં વસ્ત્રો અને ૩૨ ટ્રક જૂનાં વસ્ત્રોની વહેંચણીથી અનેક શરીરને શોભા અને સુરક્ષા મળેલાં.

આ ઉપરાંત, ૧૪,૪૮૫ લિટર કેરોસીનનું વિતરણ તથા ૩,૦૦૦ એકર જમીન ખેડીને ખેતીલાયક બનાવી આપવાની સાથે ૫,૭૦૦ ફળાઉ વૃક્ષોનાં વાવેતર થયેલાં. આવી અનેક સમાજસેવાઓથી ઓરિસ્સાવાસીઓની જીભે બી.એ.પી.એસ. રમતી થઈ ગયેલી. એકમેકથી ૫ા કિ.મી.ના અંતરે વસેલાં ચાકુલિયા અને બનીપાટ જેવાં ગામો તો સ્વામીશ્રીની કરુણાના ટેકે

હવે અડીખમ બની ગયેલાં.

૧૪૦ મકાનો ધરાવતાં આ કાયાપલટ પામેલાં ગામોનો લોકાર્પણ સમારોહ તા. ૧૦/૬ના રોજ યોજાયેલો. તે માટે ૯:૫૦ વાગ્યે અત્રે પધારેલા સ્વામીશ્રી અને મહારાજા પ્રથમ નવનિર્મિત મંદિરે પહોંચ્યા ત્યારે બનીપાટ ગામની અઢી એકર જમીન પર ખડું થયેલું ઉત્કલ પ્રદેશનું આ પહેલવહેલું સંસ્થાકીય મંદિર અક્ષર-પુરુષોત્તમ મહારાજની સાથે ઓરિસ્સાના આરાધ્યદેવ શ્રી જગન્નાથજીની મૂર્તિથી શોભી રહેલું. આ પ્રતિમાઓમાં સ્વામીશ્રીએ વેદ-વિધિપૂર્વક પ્રાણ પૂર્યા ત્યારે સ્થાનિક પ્રજાજનોએ પરંપરાગત વાદ્યવાદન અને જયનાદોથી ગામના ગગનને ગજવી મૂક્યું.

તેની વચ્ચે સ્વામીશ્રી અને મહારાજા બનીપાટ ગામના પ્રવેશદ્વારે પહોંચ્યા ત્યારે અહીં ઓરિસ્સાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયક પણ મંત્રી-ગણ સાથે આવી ગયા. તેઓની ઉપસ્થિતિમાં પુનર્નિર્માણ પામેલા બનીપાટ ગામનું પ્રવેશદ્વાર ખુલ્લું મુકાયું. તે પછી પોતપોતાનાં વાહનોમાં બેસી ગામ વચ્ચેથી પસાર થતાં મંત્રી અને મહારાજા સંસ્થાનું નક્કર કાર્ય જોઈ અહોભાવમાં સરી પડ્યા. તેઓની આ લાગણી ચાકુલિયાના પાદરે બંધાયેલું માધ્યમિક શાળાનું સંકુલ જોઈ બેવડાઈ ગઈ. આજ સુધી આ બંને ગામોમાં માધ્યમિક શાળાના અભાવે વિદ્યાર્થીઓને દૂર વસેલા ગામે આવન-જાવન કરવી પડતી, પરંતુ મંદિર દ્વારા મોક્ષની ભૂખ ભાંગનારા સ્વામીશ્રીએ ઘરઆંગણે જ 'શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર' બનાવી આપી ગામવાસીઓને કનડતું કેળવણીનું કષ્ટ પણ કાપ્યું હતું.

તેઓની આ લક્ષ્યગામી સમાજસેવાઓથી પ્રભાવિત થતાં સૌ આમંત્રિતો નૂતન શાળાની પડખે ઊભા કરાયેલા સભામંડપમાં આવ્યા ત્યારે અત્રે મહેસૂલ મંત્રી શ્રી વિશ્વભૂષણે અહોભાવ વ્યક્ત કર્યો કે 'ચક્રવાત પછી મેં ઘણા ઘણા વિસ્તારોમાં અનેક સંસ્થાઓનું રાહત કાર્ય જોયું છે, પરંતુ આટલું વ્યવસ્થિત કાર્ય મેં ક્યાંય કદી જોયું નથી, જે હું આજે અહીં જોઈ રહ્યો છું !'

આ જ રીતે પંચાયતી રાજના મંત્રી શ્રી સુરેન્દ્રનાથે જણાવ્યું કે 'મેં ઘણી વખત જાતે આવીને સંતોએ કરેલાં કાર્યો નજરે નિહાળ્યાં છે. દરેક વખતે હું તેઓની ધગશ અને અસરગ્રસ્તોની સારસંભાળ લેવાની ખેવના જોઈને પ્રેરણા પામ્યો છું.'

આ અવસરે મુખ્યમંત્રી શ્રી પટનાયકે પણ કહ્યું કે 'આ સંસ્થાનું મુખ્ય

કાર્યક્ષેત્ર ગુજરાત છે. તેમ છતાં આટલે દૂર આપણને મદદ કરવા આવ્યા તે બદલ હું પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને એમની સંસ્થાનો ખૂબ ખૂબ આભાર માનું છું.'

આવો જ કૃતજ્ઞભાવ જગન્નાથપુરીના મહારાજાએ ઉચ્ચાર્યો કે 'ઘણી સંસ્થાઓએ અહીં આવીને રાહત કાર્ય કર્યું છે, પરંતુ બી.એ.પી.એસ. સંસ્થાએ શ્રેષ્ઠતર કાર્ય કર્યું છે.'

આમ, એક તરફ પ્રશંસાની આ વર્ષા સ્વામીશ્રી પર વરસી રહેલી ત્યાં જ ધીમી ધારે મેઘવર્ષા પણ શરૂ થઈ. છતાં સભામાં બેઠેલો છ હજારનો જનસમુદાય પોતાની જગ્યા પરથી ન ખસ્યો. સ્વામીશ્રી પણ તે સૌને આશીર્વર્ષાથી ભીંજવી મહાનુભાવો સાથે ચાકુલિયા ગામના પ્રવેશદ્વારે પધાર્યા.

અત્રે આ ગામનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરી સૌ પ્રાથમિક શાળાના ભુવનમાં પહોંચ્યા. તે ઈમારતને પણ જનહિતાર્થે સમર્પિત કર્યા બાદ સ્વામીશ્રી તથા મહારાજા આ શાળાસંકુલમાં જ મધ્યાહ્‌ન ભોજન લઈ હેલિકોપ્ટર દ્વારા જગન્નાથપુરી પરત ફર્યા.

અહીં આ હવાઈયાને જગન્નાથજીના મંદિરની બે પ્રદક્ષિણા કરતાં સ્વામીશ્રીએ મંદિરનું વિહંગાવલોકન નિરાંતે કર્યું. તે પછી તેઓએ દાલમિયા અતિથિ વિહારમાં ૨૦૮ ક્રમાંકના ઓરડે મુકામ ઠરાવ્યો ત્યારે બપોરના ત્રણ વાગ્યાનો સમય થયેલો.

## પુરુષોત્તમપુરીમાં દર્શન અને સમુદ્રસ્નાન

માત્ર એક જ દિવસનો સહવાસ પામીને પણ જગન્નાથપુરીના મહારાજાને સ્વામીશ્રી વિષે ઘણો જ સદ્‌ભાવ થઈ જતાં તેઓએ પોતાના રાજભવનમાં પધારવાનું ખાસ નિમંત્રણ સ્વામીશ્રીને પાઠવેલું. તે સ્વીકારી સ્વામીશ્રી તા. ૧૧/૬ની સવારે મહેલમાં પધાર્યા ત્યારે શ્રી દિવ્યસિંહદેવે રાજપુરોહિત અને અન્ય ભૂદેવો દ્વારા સ્વામીશ્રીનું વૈદિક પૂજન કરાવ્યું. તે પછી પુષ્પહારો તથા ભાતભાતનાં ફળફળાદિ, સૂકામેવા, મીઠાઈઓ, ફળોના રસ વગેરેથી પણ સ્વામીશ્રીને સત્કારી મહારાજા બોલ્યા: 'आपकी चरणरज से यह घर पावन हुआ। बहुत आनन्द आया!'

આવી જ કંઈક લાગણી બે સદી પૂર્વે નીલકંઠવર્ણીને વધાવતાં આ પુરીના મહારાજા શ્રી મુકુંદદેવના મુખેથી સરી પડેલી. સંપ્રદાયના આ એક

ભવ્ય ઈતિહાસનું આજે પુનરાવર્તન કરી સ્વામીશ્રી જગન્નાથજીના મંદિરે જવા નીકળ્યા ત્યારે મહારાજા પણ સાથે જ રહ્યા.

તેઓને લઈ મંદિરના દક્ષિણ દ્વારે પહોંચેલા સ્વામીશ્રીએ અહીં ઉઘાડે પગે એક માળ જેટલાં પગથિયાં ચઢી મંદિરમાં પ્રવેશ કર્યો. આ સમયે ઝરમર વરસી રહેલા વરસાદથી મંદિર-પરિસરની ફર્શ ભીની અને લપસણી બની ગયેલી. તેથી ઝીણી આંખ કરી સાવચેતીપૂર્વક પગલાં માંડતા સ્વામીશ્રી ગણેશજી, દુર્ગાજી, માર્કન્ડેય મુનિનાં દર્શન કરી નાથમંડપમાં પહોંચ્યા.

અહીંથી તેઓ ગરુડ સ્તંભે પધાર્યા. આ સ્તંભની સામેના થાંભલે નીલકંઠવર્ણી બિરાજતા. આ પ્રાસાદિક સ્થાનનાં દર્શનનો લહાવો લઈ સ્વામીશ્રી જગન્નાથજીના નિજમંદિરમાં પ્રવેશ્યા.

તે વખતે અહીંની પરંપરા મુજબ, ભગવાન સ્નાનયાત્રા બાદ સપરિવાર બીમાર પડી જતાં આરામમાં હતા, તેથી બંધ પડદાની આગળ પધરાવેલી પટપ્રતિમાનાં દર્શન કરી સ્વામીશ્રીએ અત્રે લાંબી પીઠિકા પર બિરાજેલા ભગવાનના દસ પ્રતિનિધિઓનું પૂજન કર્યું. આ સમયે પુરોહિતે પણ પ્રાસાદિક પુષ્પમાળા સ્વામીશ્રીના કંઠમાં આરોપી તેઓને સત્કાર્યા. તે આદર સ્વીકારી સ્વામીશ્રીએ નૃસિંહ ભગવાનનાં દર્શન બાદ રોહિણી કુંડ આગળ ઊભા રહી ૨૧૫ ફૂટ ઊંચા શિખર પર દૃષ્ટિ ઠેરાવી. ત્યારબાદ તેઓ વિમલાદેવીના મંદિર આગળ હાથ જોડી એકાદશીને જ્યાં બાંધી છે તે નાનકડી દેરીનાં દર્શન કરતાં આગળ વધ્યા. આ ક્રમમાં ઈશાન ખૂણે પહોંચેલા તેઓ અહીંથી શિખર પર જડેલા કીર્તિચક્ર પર દૃષ્ટિ વેરતાં ઉતારે આવી પહોંચ્યા.

અત્રે શૌચાદિકથી પરવારેલા સ્વામીશ્રી ધોતિયું અને શરીર પર કટકો ઓઢી બહાર આવ્યા. તેઓની ઇચ્છા પુરીના સમુદ્રને પાવન કરવાની હતી. તે જોઈ તપાસ કરતાં ખબર પડી કે ઉતારાની પાછલી બાજુએ આવેલા બગીચામાંથી સીધું સમુદ્રતટે પહોંચાય છે. તેથી તે જ રસ્તે ઠાકોરજી સાથે દરિયા-કિનારે પધારેલા સ્વામીશ્રીએ અહીં ધોતિયાની આગળ-પાછળની પાટલી ભેગી કરી કછોટો માર્યો અને સંતોના ટેકે સાગરજળમાં પ્રવેશ્યા.

પરંતુ અહીં ઠાકોરજીને સ્નાન કરાવતાં પૂર્વે તેઓ શુદ્ધિ માટે ઘૂંટણ સમાં પાણીમાં નીચા બેઠા ત્યાં જ એક જોરદાર મોજું આવતાં સંતોનો ટેકો હતો તોય સ્વામીશ્રી ડાબે પડખે ઢળી ગયા. છતાં હસતાં હસતાં ઊભા થઈ ગયેલા તેઓએ સ્નાન કર્યા બાદ ઠાકોરજીને નવડાવ્યા. ત્યારબાદ પોતે પણ

સ્નાન કરતાં કરતાં વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન કરાવી.

સામાન્ય રીતે વિશેષ ચંચળતા સાથે ખળભળતો અહીંનો દરિયો આજે તો સ્વામીશ્રીનો લાભ મળતાં અધિક ગેલમાં આવી પોતાનાં ધસમસતાં મોજાં વડે સ્વામીશ્રીને હલબલાવી મૂકતો હતો. તેની આ મસ્તી જોઈ સ્વામીશ્રી પણ મર્મમાં હસતા રહ્યા. આ દર્શન પામી સંતો-ભક્તો પણ સમુદ્રની જેમ જ ઊછળવા લાગ્યા. આ રીતે આશરે અડધો કલાક સુધી સ્નાન કર્યા બાદ દરિયાના તટ પર જ શરીર લૂછી ઉતારે આવવા નીકળેલા સ્વામીશ્રી બોલ્યા : 'ચાલો, સમુદ્રસ્નાન થઈ ગયું. ભગવાનનાં દર્શન કર્યા પછી સમુદ્રસ્નાનનો મહિમા મોટો છે.'

આ શબ્દોમાંથી તેઓની ધાર્મિક પરંપરાઓ પ્રત્યેની પરમ આસ્તિકતા નીતરી રહી. સ્વામીશ્રીને મન સમુદ્રસ્નાન એ મોજ-મસ્તીનો મુદ્દો નહીં, પણ વિધિ-વિધાનનો વિષય હતો.

## એક લાખ ગણું આપનારા

સમુદ્રસ્નાન બાદ શ્રીજીના પ્રાસાદિક ઈન્દ્રદ્યુમ્ન સરોવરે પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે છત્રી આકારના ૧૪ x ૪ ફૂટના મંદિરમાં વિરાજમાન અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી. આ સમયે વરસતા વરસાદથી લેશ ક્ષુબ્ધ થયા વિના તેઓએ પૂજન પણ કર્યું. તે પછી સરોવરના પ્રસાદીભૂત જળ વડે ઠાકોરજીનાં ચરણ પખાળી સ્વામીશ્રી વનદુર્ગા માતા અને ઈન્દ્રદ્યુમ્ન મહારાજાના મંદિરે દર્શન કરતાં ૧૨:૫૦ વાગ્યે ભુવનેશ્વર આવી પહોંચ્યા. અત્રે તેઓ બપોરનાં ભોજન અને વિશ્રામ લઈ સાંજે કલકત્તા પધાર્યા.

અહીં તા. ૧૨/૬થી લક્ષ્મીનારાયણ મંદિરમાં પંચદિવસીય પારાયણનો પ્રારંભ થયો. પરંતુ તે સાથે જ સ્વામીશ્રીને કમરની ડાબી બાજુએ દુખાવો પણ શરૂ થયો. તેનું નિદાન કરી નિષ્ણાત તબીબોએ શક્ય એટલો વધુ આરામ લેવા સૂચવ્યું. બેસવામાં પણ ટટ્ટાર રહેવાય તે રીતે આસન ગોઠવવાની સલાહ આપી. છતાં સ્વામીશ્રી આજની સાંજે સભામાં તો પધાર્યા જ ! અત્રે ૨૯થી વધુ ગુજરાતી સંસ્થાઓએ તેઓને વિવિધ ઉપચારોથી સન્માન્યા.

તે સૌ વતી શ્રેષ્ઠી શ્રી અરવિંદભાઈ રૂપાણીએ ભાવોર્મિ વ્યક્ત કરી કે 'સંતો એક માપ સમાજ પાસેથી લે છે ને ૧,૦૦૦ માપ આપે છે, પણ પ્રમુખસ્વામી મહારાજ એવા સંત છે જેમણે સમાજને ૧,૦૦,૦૦૦ માપ આપ્યું

છે. ઓરિસ્સાના વાવાઝોડા વખતે સંતોએ એક મૃત વ્યક્તિને કીચડમાંથી બહાર કાઢી ચિતા ખડકી રાત્રે આઠ વાગ્યે અગ્નિદાહ આપ્યો. એ દૃશ્ય અમે નજરે જોયું છે. ધર્મે હું જૈન છું, પણ અમારા ધર્મના સંસ્કારો સ્વામીશ્રીના સંતોમાં જોઈ હું ધન્ય ધન્ય થઈ ગયો! રાહત કાર્ય માટે કલકત્તાની ઘણી સંસ્થાઓ કામે લાગી હતી, પણ સૌને માટે પ્રેરણાના સ્રોત રહ્યા હોય તો તે સ્વામીબાપા છે.'

સ્વામીશ્રીની સમાજસેવાનાં રંગ, ઢંગ અને ઢબ સર્વસ્પર્શી રહેતાં.

તેના જ એક ચરણરૂપે તેઓ તા. ૧૭/૬ની સવારે ઉત્સવભાઈ પારેખના ઘેરથી જોકા જવા નીકળ્યા, પરંતુ ગાડીમાં બેસતાં જ તેઓએ ચાલક શ્રી હિમાંશુભાઈ અજમેરાને કહ્યું: 'મંદિરે ગાડી લઈ લો. દર્શન કરવાં છે.'

આમ કહેતાં મંદિરે પહોંચેલા સ્વામીશ્રીએ આજે એકાદશી હોવાથી દંડવત્ માટે પાથરણું બિછાવવા ઇશારો કર્યો ત્યારે સંતો બોલ્યા: 'કમરમાં દુખાવો છે તો દંડવત્ નહીં કરો તો ચાલશે.'

પરંતુ *'ભાવ ભજનમાં સાવધાન, બીજી વાતને ન દિયે કાન...'* મુજબ વર્તતા સ્વામીશ્રી કોઈનું કશું ન સાંભળતાં છ દંડવત્ કરીને જ રહ્યા!

ભક્તિની આ અદાયગી બાદ તેઓ મોટા મંદિર માટે સંસ્થાએ જોકામાં સંપાદિત કરેલી ૩૩ એકર ભૂમિ પર આવી ઊભા રહ્યા. અહીં કલકત્તાના અગ્રણીઓ અને એક હજારથી વધુ ભક્તોની વચ્ચે ધામધૂમથી ભૂમિપૂજન કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આવી સુંદર જમીન મળી છે તે કલકત્તા માટે બહુ જ મોટી વાત બની છે. કાર્ય પણ એવું જ થશે! હજારો-લાખો લોકોને તેનાં દર્શનનો લાભ મળશે અને સુખ-શાંતિ પ્રાપ્ત થશે. અંદરનું મંદિર થશે તો બહારનું મંદિર થતાં વાર નહીં લાગે.'

## સાધુતાનું શિક્ષણ

કલકત્તાના રોકાણ દરમ્યાન લક્ષ્મીનારાયણ મંદિર ઉપરાંત હિંદી સ્કૂલનો વિદ્યામંદિર હૉલ, ગુજરાતી સમાજ હૉલ, કલામંદિર હૉલ, ભવાનીપુર ગુજરાતી કેળવણી મંડળની કૉલેજ વગેરે સ્થળે પણ અમૃતધારા વહાવી સ્વામીશ્રી તા. ૧૮/૬ની રાત્રે નાગપુર આવી પહોંચ્યા.

અત્રે વર્ધમાન નગરમાં શ્રી ટીકમદાસ છાબરાનીના બંગલે રોકાયેલા તેઓ તા. ૧૯/૬ની સાંજે શિખરબદ્ધ મંદિર માટે સંપાદિત થયેલી વાઠોડા

વિસ્તારની અગિયાર એકર ભૂમિ પર પગલાં પાડી આવ્યા.

તે દ્વારા મંદિરની ગતિવિધિને વેગ આપી સ્વામીશ્રીએ તા. ૨૦/૬ની સવારે વિદ્યામંદિરની પ્રવૃત્તિમાં પણ પ્રાણ પૂર્યાં. આ સમયે અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના નૂતન ભવનનું ભૂમિપૂજન સ્વામીશ્રીના વરદહસ્તે થયું. તેની સાથે સંસ્થા-સંચાલિત શાળામાં 'પ્રમુખસ્વામી કમ્પ્યૂટર ઇન્સ્ટિટ્યૂટ'નું પણ ઉદ્‌ઘાટન થયું. તે વડે શહેરનાં સંસ્કાર અને શિક્ષણની માવજત લેનારા સ્વામીશ્રીનું ઋણસ્વીકાર કરતાં સ્થાનિક મહાનગરપાલિકાએ વર્ધમાન નગરના બી.એ.પી.એસ. મંદિરને જોડતા માર્ગને 'શ્રી સ્વામિનારાયણ માર્ગ' અને હાઈવે પરથી નાગપુરમાં પ્રવેશતાં જ આવતા મુખ્ય માર્ગના ચોકને 'શ્રી સ્વામિનારાયણ ચોક' ઘોષિત કર્યો. આ બંને સ્થાને ઊભી કરાયેલી તકતીઓના અનાવરણવિધિ સ્વામીશ્રીએ તે તે સ્થળે પહોંચીને કર્યા.

સેવા-પ્રવૃત્તિના આ પહોળા પટની સમાંતર તેઓ અહીં પારાયણનો પ્રવાહ પણ વહેવડાવી રહેલા. તેની સાથે ભોજન દરમ્યાન વંચાતા પુસ્તકના આધારે સ્વામીશ્રી પ્રસંગોપાત્ત પરાવાણી રેલાવતા.

આ ક્રમમાં તા. ૨૧/૬ની સવારે અલ્પાહાર લઈ રહેલા તેઓ સમક્ષ માનવીની અનંત ઇચ્છાઓ અને તેને પૂરી કરવા થતી દોડધામનું વર્ણન વંચાયું. તેને નિમિત્ત બનાવી સ્વામીશ્રી સંતોને જ્ઞાનામૃત પીરસવા માંડ્યા કે –

'વસ્તુઓ હતી તેનો ત્યાગ કરીને બેઠા છીએ, પછી એની ઇચ્છા રાખીએ એ દુઃખ. જે સમયે જે આવ્યું તે બરાબર છે, પણ નહીં જેવા પદાર્થ સારુ બધું બગાડે, પણ જે હોય તેનાથી ચલાવી લે ને ભૈ! કોઠારી સ્વામી આટલાં વર્ષોથી ચલાવે છે. કોઈ વસ્તુનો આગ્રહ નથી. એટલે બધું થઈ શકે એવું છે. આપણી વૃત્તિ એવી છે એટલે દુઃખી થઈએ છીએ ને બીજાને દુઃખ ઊભું કરીએ છીએ. માટે શાંતિને બે ગાંઠો વાળીને ભેગી રાખવી. જતી ન રહે. ક્યાં બાંધવી? ગાતરિયે? ગાતરિયું તો જતું રહેશે. પણ અહીંયાં (હૃદયમાં) ગાંઠ વાળવાની. એ છૂટશે નહીં. જીવમાંથી ભગવાનની આજ્ઞા-ઉપાસના, નિયમ-ધર્મ, સંપ-સુહૃદભાવ-એકતા, સાધુતાની ગાંઠ વાળી હોય તો એ કદી છૂટે નહીં ને શાંતિ શાંતિ થઈ જાય.

કોઠારી મહારાજને કોઈ બોલી જાય તોય કાંઈ નહીં! એનું વેર લેવું નહીં, એની વાત કરવી નહીં. કોઈ બોલી જાય તોય એની સાથે એટલો જ પ્રેમ. આપણે આંટી પડી જાય! પણ સાધુનો મારગ જ જુદો છે. સા...ધુ...તા...'

સાધુતાનું આ શિક્ષણ આપતા સ્વામીશ્રી આજની સવારે નાગપુરથી વિદાય લઈ ૧૧:૨૦ વાગ્યે મધ્યપ્રદેશના રમણીય સ્થળ પંચમઢી આવી પહોંચ્યા.

## આપણે તો બધાં જ સ્થાનમાં શાંતિ છે

હોશંગાબાદ જિલ્લામાં પથરાયેલી સાતપુડાની પર્વતમાળામાં ૪૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું પંચમઢી એટલે ઝરણાં તથા વૃક્ષો અને વાયુ-વાદળ વગેરેથી સભર રહેતું સ્થાન. તેથી માનવમનને રુચે એવી તેની આબોહવામાં દિવ્ય સત્સંગ પર્વને માણવા વિદર્ભ તથા છત્તીસગઢનાં ૩૩ સત્સંગ-કેન્દ્રોમાંથી ૬૫૦ હરિભક્તો ઊમટી પડેલા. તેઓના જીવનમાં સત્સંગનું અજવાળું વિશેષ વિસ્તારવા સ્વામીશ્રીએ તા. ૨૧/૬ની સાંજે પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રના સભાગૃહમાં શિબિરનો મંગલદીપ પ્રગટાવી દીધો. તેના ઉજાશમાં તેઓ સમયે-સમયે પધારી અમૃતધારા વહાવતા.

તે સિવાયના સમયમાં મંત્રી શ્રી શ્રવણકુમાર પટેલના બંગલે રોકાયેલા સ્વામીશ્રી મીટિંગ-મુલાકાતમાં વ્યસ્ત રહેતા. આ બંગલાના મુલાકાત ખંડમાં જ તેઓએ તા. ૨૩/૬ના રોજ રથયાત્રા પ્રસંગે ઠાકોરજીને રથવિહાર કરાવ્યો. તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૨૪/૬ની બપોરે શિબિરની પૂર્ણાહુતિ કરી આજની સાંજે પોલીસ પ્રશિક્ષણ કેન્દ્રમાં તાલીમ લેતા સુરક્ષાકર્મીઓને પણ ધર્મલાભ આપ્યો.

તે પામી આ તાલીમકેન્દ્રના ૪૫ વર્ષીય સુપરિન્ટેન્ડન્ટ મહેશ મુદ્‌ગલ તો બોલી ઊઠ્યા : 'મેં આજ સુધી કોઈ ગુરુ કર્યા નથી, પણ સ્વામીશ્રીનાં દર્શન કરતાં મારા મનમાં એવી લાગણી થાય છે કે મારે આમને ગુરુ કરવા જોઈએ.'

આ પ્રતીતિ સાથે એ પોલીસ અધિકારીએ સ્વામીશ્રીના હાથે કંઠી પહેરી. સ્વામીશ્રીની આવી સ્મૃતિઓને કાયમ લીલી રાખવા માંગતા યજમાન મંત્રીએ તો સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ઉતારાના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરાવી દીધું.

આ સાથે કાર્યક્રમ સમાપ્ત થતો હતો, પણ અહીંના પ્રાકૃતિક વાતાવરણમાં સ્વામીશ્રી બે દિવસ વધુ રોકાઈને વિશ્રામ કરે તેવી ઇચ્છા પ્રેમપ્રકાશદાસ સ્વામી વગેરે વ્યવસ્થાપકોને હતી. પરંતુ તેની જાણ થતાં જ સ્વામીશ્રીએ કહી દીધેલું : 'આપણે તો બધાં જ સ્થાનમાં શાંતિ છે. ભજન કરીએ તો શાંતિ, બાકી અશાંતિ જ છે ને ! આપણે શિબિર પતે એટલે નીકળી જ જવું છે.'

તેઓને હિલ સ્ટેશનની હવા કરતાં હરિભક્તોના સમૂહમાં વિશેષ આનંદ આવતો.

પરંતુ તેઓના આ સંકલ્પને પૂરો કરવામાં હેલિકોપ્ટરની ગોઠવણીનું વિઘ્ન નડે એમ હતું. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીની મદદથી સાંપડેલી આ સુવિધામાં પાઇલટને બે દિવસ પછીનો સમય આપવામાં આવેલો. તેઓ પોતાનો કાર્યક્રમ ફેરવી આવતીકાલે આવી જાય તે અંગે શંકા સેવતા સંતોને બળ સિંચતાં સ્વામીશ્રીએ કહ્યું: 'પ્રયત્ન તો કરો. મહારાજની કૃપાથી થઈ જશે.'

શાંત એકાંતમાંથી સત્સંગના ભીડામાં પહોંચી જવાની તેઓની આ તાલાવેલી જોઈ સંતોએ સંકોચ સાથે પાઇલટનો સંપર્ક કર્યો ત્યારે તેઓ તો ખુશીથી ઊછળી પડતાં બોલી ઊઠ્યા: 'आपके स्वामीजी सही में महान हैं। मेरे अंतर की आवाज़ उन्होंने सुन ली। मैंने जो समय आपको दिया था उस दिन मेरा आना असंभव हो गया था, पर कल मैं अवश्य आ जाऊँगा।'

પાઇલટના આ પ્રતિભાવે સૌને વિસ્મયમાં ડુબાડી દીધા. *'અંતરજામીએ તત્ક્ષણ જાણ્યું...'*ની પેઠે વર્તતા સ્વામીશ્રી એકસાથે અનેકનાં કામ કાઢતા.

તે મુજબ તેઓ તા. ૨૫/૬ની બપોરે ૧૨:૫૦ વાગ્યે સિહોર આવી પહોંચ્યા.

## પ્રગાઢ પ્રેમના પુરાવા

સિહોરના નિવાસ દરમ્યાન તા. ૨૬/૬ની સવારે સ્થાનિક મંદિરનો પાટોત્સવ અને સાંજે શારદા વિદ્યામંદિરમાં જાહેર-સભાનો લાભ આપી સ્વામીશ્રી તા. ૨૭/૬ની સવારે ભોપાલ પધાર્યા.

અહીં શ્રી કિરણભાઈ વઢવાણાનાં ઘેર ભોજન અને વિશ્રામ લઈ નીકળેલા તેઓ બપોરે સવા ત્રણ વાગ્યે દિલ્હી પહોંચ્યા.[૩૫]

અત્રે તેઓ તા. ૨૮/૬ની સવારે પ્રાત:પૂજા બાદ સૌને વ્યક્તિગત દર્શનનો લાભ આપવા બિરાજ્યા. ૮૦ વર્ષની વયે પણ સ્વામીશ્રીને પૂજા બાદ પ્રથમ વિચાર મોંમાં જલ-કણ મૂકવાનો નહીં, પરંતુ ભક્તોને મળવાનો આવતો.

---

૩૫. પૂર્વ અને મધ્ય ભારતમાં થયેલા સ્વામીશ્રીના પાવનકારી વિચરણના સાક્ષી બનવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આ રીત અનુસાર આજે સૌને આશીર્વાદ આપતા તેઓ સમક્ષ એક પરિવારના ચાર ભાઈઓ આવ્યા. તેઓનો પરિચય આપતાં મુનિવત્સલદાસ સ્વામીએ કહ્યું: 'બાપા ! જયપુરનું મંદિર એમના પરદાદાએ બાંધેલું.'

'એમ ! શું નામ ?'

'માવજી ત્રિકમજી દવે.'

'ઓળખ્યા. એમનો ફોટો જયપુરના મંદિરમાં ઉપર મૂક્યો છે.'

ત્રીસ-પાંત્રીસ વર્ષ પૂર્વે જોયેલી વિગત પણ સ્વામીશ્રી અત્યારે ઈદં જોતા હોય તેમ બોલ્યા. તેથી ચકિત થયેલા પેલા ભૂદેવો પૂછી બેઠા: 'સ્વામી ! આપ ગયા છો ત્યાં ?'

'મંદિરનું કામ ચાલતું ત્યારે પથ્થર માટે ત્યાં જતો. તે વખતે મંદિરમાં રહેવાનું થતું.' આટલું કહી સ્વામીશ્રીએ સંતોને જણાવ્યું: 'મૂળ આ લોકો રાજકોટના.'

પોતાના પરિવાર સાથે સ્વામીશ્રીનો આ પ્રગાઢ પ્રેમ પેલા ચારેય ભાઈઓને આંજી-માંજી ગયો.

## અક્ષરધામના આકર્ષણની આગાહી

તા. ૨૮/૬ની સવારે સ્વામીશ્રી સમક્ષ ચાલતા થયેલા અક્ષરધામના નિર્માણ સંબંધી વિમર્શના અંતે સંસ્થાના સમર્પિત યુવાન શ્રી રીતેશ ગઢિયાએ દિલ્હીનાં પર્યટન સ્થળોની માહિતી રજૂ કરી. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'જોગી મહારાજનો સંકલ્પ છે એટલે બહુ માણસો અક્ષરધામ જોવા આવશે. તમે બધા થાકશો. ડૉક્ટર સ્વામી કહે છે એમ ગુલાંટ ખાઈને ભૂટ પડશે.'

ગુરુના આ સંકલ્પને સાકાર કરવા તેઓ આજની સાંજે અક્ષરધામની ગતિવિધિના નિરીક્ષણ માટે નીકળ્યા. તેમાં પ્રથમ યમુનાથી એકાદ કિ.મી. દૂર તૈયાર થતા પાળાને જોઈ સ્વામીશ્રીએ મંદિરના પાયાનું ખોદકામ નિહાળ્યું. અહીંથી અક્ષરધામની પ્લિન્થ પર પહોંચેલા તેઓ અત્રે પુષ્પ પધરાવતાં બોલ્યા: 'જય મહારાજ ! અક્ષરધામ પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી શાશ્વત રહે... હજારો, લાખો, કરોડો માણસોને લાભ મળે તે પ્રાર્થના.'

આમ, પુષ્પ અને પ્રાર્થનાને પાયામાં પૂરતા સ્વામીશ્રીએ હાલ જ્યાં મહારાજની મૂર્તિ બિરાજે છે તે સ્થાન પર પણ ફૂલો વેર્યાં. ત્યારબાદ તેઓ જાંબુડાના ઐતિહાસિક વૃક્ષ પાસે પધાર્યા.

જ્યારે તેઓએ અક્ષરધામની ભૂમિ પર પ્રથમ વાર પદાર્પણ કરેલું ત્યારે તેઓ અહીં બાંધેલા તંબુમાં બિરાજેલા. આજે અત્રે ઊભા રહી સ્વામીશ્રીએ ડ્રેજિંગ ટેક્નોલોજીથી થયેલું પૂરણીનું કાર્ય જોઈ સંતોષ વ્યક્ત કર્યો.

આ જ રીતે બે દિવસ બાદ પુનઃ અક્ષરધામની જગ્યાએ પહોંચેલા તેઓએ અહીં ક્રેઇન અને તેના ચાલકોનું પૂજન કર્યા બાદ તે ક્રેઇનમાં પકડાયેલા પથ્થરને ચાંપ દાબી અધ્ધર આરોહણ કરાવ્યું.

જડ હોય કે જીવ – દરેકને ઊર્ધ્વગતિ પમાડવી એ અક્ષરધામના નિર્માણનો હેતુ ખરો ને !

## ભગવાન માટે અને દરેક સુખી થાય તે માટે

તા. ૩૦/૬ની સવારે સ્વામીશ્રીએ જેવી પોતાની નિત્યપૂજા સંકેલી ત્યાં જ આકાશ નામનો બાળક ઑટોગ્રાફ બુક લઈ તેઓ પાસે ધસી ગયો. તેને પ્રેમપૂર્વક આવકારતાં સ્વામીશ્રીએ હસ્તાક્ષરની સાથે પ્રસાદેય આપ્યો. તે સમયે એ બાળકે સ્વામીશ્રીના કાન સુધી પોતાનું મોં લઈ જઈ પૂછ્યું : 'आप तो भगवान का स्वरूप हैं। फिर भी शिक्षापत्री क्यों पढ़ते हों ?'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'भगवान तो श्रीजीमहाराज हैं। हम उनके सेवक हैं, दास हैं, इसलिए उनकी आज्ञा का पालन करना चाहिए।'

અબુધ બાળકને સ્વ-પરિચય આપવામાં પણ સ્વામીશ્રીએ દાસભાવ ન ગુમાવ્યો.

તેઓનો આ સેવકભાવ આજની સાંજે સી.બી.આઇ.ના પૂર્વ નિયામક શ્રી કાર્તિકેયન સમક્ષ પણ ઝળહળી ઊઠ્યો. આ સમયે સ્વામીશ્રીનાં દર્શને આવેલા આ પદાધિકારી અહોભાવમાં ગરકાવ થઈ બોલવા જ લાગ્યા : 'स्वामीजी ! आप जो कार्य कर रहे हैं, वह दुनिया से अलग ढंग से कर रहे हैं। मुझे पता है आप गाँव-गाँव घूमते हैं, घर-घर घूमते हैं। इतना बड़ा अक्षरधाम बनाया फिर भी आप कहीं ठहरते नहीं हैं।'

પરંતુ આ અહોભાવના પ્રતિભાવમાં સ્વામીશ્રીએ તો આટલું જ કહ્યું કે 'ભગવાન બધું કરે છે. ભગવાનને માટે જ કરવું છે. દરેક માણસ સુખી થાય તે માટે કામ કરવું છે.'

આ શબ્દોમાંથી ટપકતી સ્વામીશ્રીની આભામાં પેલા અમલદાર ઓગળી ગયા.

## બુદ્ધિ તો મોટાથી મોટી

*'ભગવાં વસ્ત્રોમાં શોભતા, નમ્ર, ગૌરવર્ણા પ્રમુખસ્વામીજી ચોતરફ દિવ્યતા રેલાવી રહેલા. તેઓને નીરખતાં આ સૌપ્રથમ અનુભૂતિ મને થઈ. સ્વામીજીની પ્રભાવક અને કૃપાવંત પ્રતિભાની છાયા તળે અમે તેઓ સાથે ટૂંકો સંવાદ સાધવા બેઠા.'*[૩૬]

તા. ૩૦/૬ની રાત્રે વાળુ બાદ સ્વામીશ્રીને મળવા આવેલા વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક શ્રી અબ્દુલ કલામનું હૈયું સ્વામીશ્રીનાં પ્રથમ દર્શનથી જ આમ ઘાયલ થઈ ગયું.

સ્વામીશ્રીની આ અમીટ છાપ-છબીને મનમાં સંઘરી તેઓએ ભોંય પર જ પલાંઠી વાળી વાત માંડી કે 'સ્વામીજી ! જેમની પાસે નાણાકીય વ્યવસ્થા ઓછી હોય, સામાજિક વ્યવસ્થા પણ ઓછી હોય, સંરક્ષણની વ્યવસ્થા પૂરતી ન હોય એ વિકાસશીલ દેશ કહેવાય. છેલ્લાં ૫૦-૬૦ વર્ષથી ભારતને વિકાસશીલ દેશનું બિરુદ આપવામાં આવ્યું છે. હું તથા ૫૦૦ બુદ્ધિશાળીઓ વિચારી રહ્યા છીએ કે ભારતને વિકાસશીલમાંથી વિકસિત દેશ તરીકે ઓળખાવવા શું કરવું જોઈએ. અમે બધાએ ભેગા મળીને પાંચ મુખ્ય ક્ષેત્રો નક્કી કર્યાં છે. (૧) શિક્ષણ અને સ્વાસ્થ્ય સુરક્ષા, (૨) કૃષિ, (૩) માહિતી અને પ્રત્યાયન (information and communication), (૪) માળખાકીય સુવિધા (infrastructure), (૫) મહત્ત્વપૂર્ણ યંત્રવિદ્યા (critical technology).'

આટલું કહી શ્રી કલામ બોલ્યા : 'સ્વામીજી ! અમારે મુખ્ય પ્રશ્ન એ છે કે અમે એવા મૂલ્યવાન નાગરિકો કઈ રીતે તૈયાર કરીએ કે જે આ બધાનો ભાર વહન કરીને આગળ પહોંચે. અમારે ઉત્તમ નાગરિકો જોઈએ છે. તે તૈયાર કરવામાં તમે એક્સપર્ટ છો. માટે એમાં તમારી સલાહ જોઈએ છે.'

એક વિચક્ષણ વૈજ્ઞાનિક તરીકે પંકાયેલા શ્રી કલામની આ માંગ ખરેખર અણિયાળી હતી. તેઓની કક્ષાના ૫૦૦ વિચારકોએ વિમર્શ કરીને કાઢેલા તારણમાં પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કરનારા એક ભગવાંધારી સંત શું ઉમેરી શકે ?

પરંતુ મંદ સ્મિત વેરતાં સ્વામીશ્રી તત્ક્ષણ બોલ્યા : 'પાંચ મુદ્દાની સાથે

---

૩૬. *Transcendence: My Spiritiual Experiences with Pramukh Swamiji,* A.P.J. Abdul Kalam, Harper Element, 2015, pg. - 3.

છઠ્ઠો મુદ્દો – ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિક રીતે લોકો તૈયાર થાય એ પણ ખૂબ મહત્ત્વનું છે. એક ધર્મમય વાતાવરણ ખડું કરવાની જરૂર છે. એવા માણસો તૈયાર કરવા હોય તો ભગવાનમાં અને શાસ્ત્રમાં શ્રદ્ધા કરાવવી જોઈએ. જે આધ્યાત્મિક સંતો છે તેના થકી તે બંને શ્રદ્ધા જાગ્રત થાય છે. તે થાય તો જે પ્રશ્નો છે તે હલ થઈ જાય અને જે કરવા ધાર્યું છે તે થઈ જાય.'

સ્વામીશ્રીનો આ ઉત્તર સાંભળી પોતાને થયેલો અનુભવ વર્ણવતાં શ્રી કલામે લખ્યું છે કે –

*'I was taken aback by the clarity, precision and force of his words.'*[૩૭] – *'સ્વામીશ્રીના શબ્દોની સ્પષ્ટતા, ચોકસાઈ અને તાકાતથી હું સ્તબ્ધ બની ગયો.'*

વિશ્વકક્ષાના વૈજ્ઞાનિકોની વિચારસરણીમાંથી છટકી ગયેલું તત્ત્વ સ્વામીશ્રીએ ઘડીના છઠ્ઠા ભાગમાં જોડી આપ્યું તે જોઈ સૌ તેઓ પર ઓવારી ગયા.

## અંતરીક્ષ વૈજ્ઞાનિકનો નૂતન ભ્રમણકક્ષામાં પ્રવેશ

પ્રથમ મુલાકાતમાં જ સ્વામીશ્રીની તેજસ્વી પ્રતિભા ઉપરાંત તેઓની આધ્યાત્મિકતાથી પણ 'ભારતરત્ન' શ્રી કલામ અભિભૂત બની ગયેલા.

તેનું બયાન કરતાં તેઓએ નોંધ્યું છે કે –

*'હું જાણે એક દિવ્ય અસ્તિત્વના સાંનિધ્યમાં હોઉં તેવું લાગ્યું. પ્રમુખસ્વામીજીમાં આત્માનો આત્મા – પરમાત્મા વસે છે. મારા અંતરને અજવાળતો પ્રકાશ પ્રમુખસ્વામીજીમાંથી પ્રસરી રહેલો. મેં જાણે છઠ્ઠી ઇન્દ્રિય – ઇન્દ્રિયાતીત સમજ મેળવી લીધી હોય તેમ મને જણાયું.'*[૩૮]

પરંતુ આટલેથી શ્રી કલામની કલમ અટકી નથી. તેઓએ વધુમાં ઉમેર્યું છે કે –

*'પ્રમુખસ્વામીજીના સાંનિધ્યમાં હું જાણે કોઈ નવી દુનિયામાં પ્રવેશી રહ્યો હોઉં તેમ લાગ્યું. પ્રમુખસ્વામીજીની સાદગી મને ઘણી જ સ્પર્શી ગઈ. મને એમ જણાયું કે જાણે હું તેઓને પહેલેથી જ ઓળખું છું. હું*

---

૩૭. *Transcendence: My Spiritiual Experiences with Pramukh Swamiji,* A.P.J. Abdul Kalam, Harper Element, 2015, pg. - 4.

૩૮. એજન, પૃ. - ૪.

*જાણે મારા પિતા અને ગુરુજનોની ઉપસ્થિતિમાં બેઠો હોઉં – એક પરમ આત્માની સંનિધિમાં બેઠો હોઉં તેમ લાગ્યું.'*[૩૯]

આમ, સ્વામીશ્રી સાથેના પ્રથમ મિલનથી જ શ્રી કલામ માટે એક નવી દુનિયા ઊઘડી ગઈ. નૂતન ભ્રમણકક્ષામાં થયેલા તેઓના આ પ્રવેશથી સાંપ્રત વિશ્વને સરકતા સમયે ઘણા આવિષ્કાર મળવાના હતા.

## વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિકની વેદનાનું શમન

સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વથી પ્રભાવિત થયેલા શ્રી કલામને તેઓના અનુભવજ્ઞાનનો ભંડાર ઉલેચવાનું વધુ મુનાસિબ લાગતાં તેઓએ પૂછ્યું: 'સ્વામીજી! અમે પહેલાં માણસોને ભગવાનમાં શ્રદ્ધા કરાવીએ કે અમારા કાર્ય(Vision 2020)નો આરંભ કરીએ?'

'બેય સમાંતર કરવું.' સ્વામીશ્રીએ તરત જણાવ્યું. પછી તેની સમજૂતી આપી કે 'દેશના વિકાસના જે પાંચ મુદ્દા કહ્યા તે પ્રમાણે વિકાસનું કાર્ય ચાલુ રાખવું અને એની સાથે સાથે આને પણ અપનાવવું.'

આ સાંભળી શ્રી કલામે પોતાની વધુ એક ગડમથલ રજૂ કરી કે 'આટલું મોટું સ્વપ્ન સાકાર કરવું હોય તો ત્રણ પ્રકારના મનુષ્યોની જરૂર પડે. એક તો પુણ્યશાળી મનુષ્યો, પુણ્યશાળી નેતા અને પુણ્યશાળી અધિકારી. તેનો સમૂહ કઈ રીતે વધે? જો તે બધા વધે તો ભારત જગદ્‌ગુરુ થઈ જાય.'

'એના માટેની જ વાત કરીએ છીએ કે આ રીતનો તમારો પ્રયત્ન છે તેની સાથે અધ્યાત્મનું શિક્ષણ આપો. ભણતરની અંદર શાસ્ત્રોની, મોટાપુરુષની વાત આપવી.'

સ્વામીશ્રીએ આપેલું આ સમાધાન ગળે ઊતર્યું હોય તેમ શ્રી કલામે કહ્યું: 'સારા નાગરિકો સરકારના કાયદાથી થતા નથી. ફક્ત આપ જેવા સંતોથી જ તે શક્ય બને છે.'

તેઓને હવે સ્વામીશ્રી સાથે વિચાર-વિનિમય કરવાનું ગોઠી ગયેલું. તેથી 'મારા મનમાં એ પ્રશ્ન રહે છે' કહી તેઓએ વધુમાં પૂછ્યું: 'ત્રણ હજાર વર્ષથી ભારત પર જુદા જુદા લોકોએ આક્રમણો કર્યાં છે, પણ ભારતે કદી કોઈ દેશ પર આક્રમણ કર્યું નથી. તેનું શું કારણ?'

---

૩૯. *Transcendence: My Spiritiual Experiences with Pramukh Swamiji,* A.P.J. Abdul Kalam, Harper Element, 2015, pg. - 5.

'ભગવાનનો એ ગુણ છે – કોઈનું લેવું નહીં, પડાવવું નહીં, કોઈને ત્રાસ આપવો નહીં.' ભારતની આગવી ઓળખ સ્વામીશ્રીએ પ્રગટ કરી.

તે સાંભળી હરખાયેલા શ્રી કલામ બોલ્યા : 'મારે આપની પાસેથી એક તો ભારતના વિકાસ માટેના આશીર્વાદ જોઈએ છે અને બીજું અમે 'વિઝન ૨૦૨૦' ટ્રસ્ટ બનાવવા માંગીએ છીએ, જેમાં સન ૨૦૨૦માં ભારત કેવું હશે તેના પ્રયત્નો કરવા છે. એ માટે મારે આપની સલાહ જોઈએ છે. હું અવારનવાર આપને મળતો રહીશ.'

શ્રી કલામ માટે સ્વામીશ્રી આદરપાત્ર જ નહીં, ભરોસાપાત્ર પણ બની ગયેલા. એ વિશ્વાસ વ્યક્ત કરતાં તેઓએ જણાવ્યું : 'મેં ગાંધીનગરનું અક્ષરધામ જોયું. અત્યારે દિલ્હીના અક્ષરધામ વિષે પણ જાણ્યું. તે પરથી મને એક વિચાર આવે છે કે તમે દર વર્ષે એક લાખ સંસ્કારી યુવાનો બહાર પાડી શકો. તમે જ તે કરી શકો.'

આ સાંભળી સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા કે 'પૂર્વેના ઋષિઓએ આપણને વિજ્ઞાન આપ્યું છે. તમે પણ ઋષિ જ છો, કારણ કે આટલો ઉચ્ચ હોદ્દો ધરાવતા હોવા છતાં તમે જીવનમાં સાદગી રાખી છે. ભગવાનના આશીર્વાદ આપના પર છે જ ! આપના વિચારો સાકાર થાય તે માટે અમે પ્રાર્થના કરીશું. વિજ્ઞાનની સાથે આધ્યાત્મિકતાને રાખી માનવસેવા માટે સંશોધન કરતા રહો. અમારા ગુરુ યોગીજી મહારાજની ઈચ્છા હતી કે સંસ્કારી, સક્ષમ અને પુરુષાર્થી યુવાનો બને. તે માટે તમે પ્રયત્ન કરો અને ભારતને નેતૃત્વ પૂરું પાડો.'

સ્વામીશ્રીની આ વાણીથી શ્રી કલામ કૃતકૃત્યતા અનુભવી રહ્યા.

એક કલાક સુધી ચાલેલી પોતાના જીવનની આ એક મૂલ્યવાન મુલાકાતની ફળશ્રુતિ જણાવતાં તેઓએ કહ્યું :

''સંત તિરુવલ્લુવરની એક વાત આજે મને યાદ આવે છે. તેઓ કહે છે કે 'હૃદયમાં વર્ષો સુધી સંઘરી રાખેલી કોઈક વેદના ક્યારે શાંત થાય ? જ્યારે ભગવાનના સાક્ષાત્કારયુક્ત બ્રહ્મસ્વરૂપ મહાપુરુષ મળે ત્યારે આપોઆપ એ શાંત થતી અનુભવાય છે.' આજે પૂજ્ય પ્રમુખસ્વામીજીને મળતી વેળાએ મને એવી અનુભૂતિ થઈ છે. વર્ષો સુધી મારા હૃદયમાં સંઘરેલી ભારત માટેની વેદનાઓનો અંત આવ્યો છે. મને અપાર શાંતિનો અનુભવ થાય છે.''

આ અનુભૂતિ સાથે શ્રી કલામે વિદાય લીધી ત્યારે તેઓની જીવન-

કિતાબમાં એક નૂતન પ્રકરણનો પ્રારંભ થઈ ચૂક્યો.

## અક્ષરધામની પ્રથમ શિલાનું સ્થાપન

તા. ૨/૭ની સવારે જે કોઈએ નિર્માણાધીન અક્ષરધામની ભૂમિ પર પગલું મૂક્યું તે 'આ તો સ્વપ્ન કે સત્ય?' કહેતાં આંખો ચોળવા માંડ્યું, કારણ કે જે અક્ષરધામનો શિલાન્યાસ થયે હજી આઠ મહિના પણ પૂરા થયા નથી તે જગ્યાએ આટલી ટૂંકી સમયાવધિમાં ૯,૬૧,૮૭૫ ઘનફૂટનો ગર્ત ગળાઈ ગયેલો. તેમાં ૨૦ ફૂટ ઊંડા ભૂકંપપ્રૂફ પાયા પર ૨૧ ફૂટની પ્લિન્થ સહિત ૪૧ ફૂટનું કામ પણ થઈ ચૂકેલું.

અહીં પ્રત્યેક ચોરસ સેન્ટિમીટરે ૧૦૦ કિ.ગ્રા.નું વજન ખમવાની ક્ષમતાવાળી પચાસ લાખ ઈંટોની ક્યાંક સાડા સાત ફૂટ, તો ક્યાંક સાડા દસ ફૂટ પહોળી પ્લિન્થની દીવાલો ચણાયેલી, તો ચાર લાખ ઘનફૂટનું પૂરણ માત્ર છ જ મહિનામાં થઈ ગયેલું!

સમુદ્રતલથી ૨૦૫ ફૂટની ઊંચાઈએ આવેલી અક્ષરધામની ભૂમિ પર દસથી બાર ફૂટના નીચાણવાળી પંદર એકરથીયે વધુ જમીન હજારો ખટારા માટોડું ગળી જાય એવી હતી. આ જમીનને સમથળ કરવાના કામનો છેડો જ નજરે ચડતો નહોતો. પરંતુ દોઢેક કિ.મી. લાંબી પાઈપલાઈન દ્વારા ડ્રેજિંગ પદ્ધતિથી યમુનાની રેતી ઠાલવવાનો ઉપક્રમ શરૂ થતાં વરસ-દા'ડાનું કામ છ મહિનામાં જ પાર પામી ગયેલું. આ બધું જોઈ આજે અહીં આવનારા સૌના મુખમાંથી ઉદ્‌ગારો નીકળી જતા કે *'ઊંડો પાયો નખાવ્યો છે એવો, મેરુ ડગતાં ડગે નહીં એવો...'*

સ્વામીશ્રીએ સ્વયં પણ સંતોષ વ્યક્ત કર્યો કે 'કામ સારું ઉપાડ્યું. છ મહિનામાં આટલું બધું બહાર કાઢી નાખ્યું! મૂળ પાયામાંથી બહાર નીકળે એટલે કામ ઊપડે. બાકી એમાંથી નીકળવું બહુ કઠણ.'

આવું કઠણ કામ સહજતાથી પાર પાડનારા સ્વામીશ્રીએ આજની સવારે સાત વાગ્યે અક્ષરધામની ભૂમિ પર જ પ્રાતઃપૂજા કરી. તે પછી અહીં ઊભા કરેલા કામચલાઉ સંતનિવાસમાં અલ્પાહાર ગ્રહણ કર્યા બાદ તેઓ નવ વાગ્યે અક્ષરધામની પ્રથમ શિલા પધરાવવા માટે હાજર થઈ ગયા. તે માટે અક્ષરધામની પ્લિન્થ પર વાયવ્ય ખૂણે ઉત્તરાભિમુખે બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ મંડોવરની કોતરણીયુક્ત બે શિલાઓ ગોઠવાયેલી. તેની પર ઠાકોરજી

બિરાજ્યા. તેઓની સાથે બેઠેલા ત્રણેક ઇંચની ઊંચાઈ ધરાવતા ગણેશજી સ્વયં એક આગવો ઇતિહાસ ધરાવતા હતા.

ડ્રેજિંગની કાર્યવાહી દરમ્યાન દોઢ કિ.મી. લાંબી પાઇપલાઇન દ્વારા યમુનામાંથી અત્રે આવી પહોંચેલી આ મૂર્તિ અહીં-તહીં અથડાઈને ક્યાંય ખંડિત નહોતી થઈ, તો રેતીના પુરાણમાં ગરક પણ થઈ નહોતી ! અક્ષરધામનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે જ જાણે યમુનાજીમાંથી પ્રગટ થયેલા આ વિઘ્નવિનાયક મંગલતાના સૂચક હતા.

તેઓ સહિત ઠાકોરજી અને શિલાનું વૈદિક પૂજન કરી ઊભા થયેલા સ્વામીશ્રીએ જેવો શિલાની નીચે સિમેન્ટનો રસ રેડવાની શરૂઆત કરી તે સાથે જ સંતો-ભક્તોએ આ ઐતિહાસિક ક્ષણને બુલંદ જયનાદોથી વધાવી લીધી.

આ અવસરે સ્વામીશ્રીએ જણાવ્યું કે 'आज यहाँ फाउन्डेशन का काम हो गया है। अब पथ्थर का काम शुरू हो रहा है। जितनी तेज़ गति से फाउन्डेशन का काम हुआ इतनी ही जल्दी से पथ्थर का काम भी हो जाय ऐसी प्रार्थना! सारे भारत में नहीं, किन्तु सारी दुनिया में, सब ब्रह्मांड में भगवान स्वामिनारायण का नाम, उनकी महिमा सबको प्राप्त हो जाय और सबकी मुक्ति हो ऐसी भगवान को प्रार्थना करते हैं।'

ઉમંગભેર આ અમૃતધારા વહાવ્યા બાદ સ્વામીશ્રીએ પુનઃ માઇક મંગાવી વાત કરી કે 'एक शुभ समाचार हैं कि किसी भी प्रकार का विघ्न न आए इसके लिये स्वयं विघ्नविनायक गणपतिजी यमुना नदी में से आ गये है। यह भगवान की क्रिपा हुई है।'

ન કેવળ ગણપતિનું પ્રાગટ્ય, પણ સ્વામીશ્રીએ આજે કરેલું અક્ષરધામની પ્રથમ શિલાનું સ્થાપન પણ 'एक शुभ समाचार हैं'ની જેમ સર્વત્ર પ્રસરી ગયું.

## વૃક્ષ પણ આપણું બાળક છે

તા. ૨/૭ની રાત્રે દિલ્હીથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૩/૭ની સવારે મંદિરમાં તૈયાર થયેલા રેકોર્ડિંગ સ્ટુડિયો 'અક્ષર સ્વરમંદિર'નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેઓએ સ્વયં *'જોઈ મૂર્તિ મનોહર...'* કીર્તન ગાયું. તે પછી તબલાંવાદન કરીને પણ સ્વામીશ્રીએ સૌને સંગીતમય બ્રહ્મનો અનુભવ કરાવ્યો.

આ જ બ્રહ્મસ્વરૂપે આજની રાત્રે ગમ્મતમય રૂપ ધારણ કર્યું. આ સમયે આરામમાં જઈ રહેલા સ્વામીશ્રી પાસે બે કિશોરો પોતે પાળેલું ખિસકોલીનું બચ્ચું લઈ આવી ચડ્યા. તેઓએ એ બચ્ચાને સ્વામીશ્રીના હાથમાં મૂકતાં જ તે સ્વામીશ્રીની હથેળી અને ખભા પર નિશ્ચિંત થઈ રમવા લાગ્યું! પોતાના આ ચારુચરિત્ર દ્વારા સુખાનુભૂતિ કરાવતા સ્વામીશ્રી તા. ૪/૭ની સવારે બોચાસણ પધાર્યા.

અત્રે તા. ૫/૭ના રોજ આવેલી ગુરુપૂનમના અવસરે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વન મહોત્સવ યોજાયેલો. તે ઉપક્રમે પ્રથમ છોડનું વાવેતર સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ વિદ્યાલયના પ્રાંગણમાં થયું. આ નિમિત્તે સૌ સભાજનોને પણ વિદાય વેળાએ છોડ આપવામાં આવવાના હતા, તે તેઓ પોતાનાં સીમ-શેઢા કે ઘર-ગામમાં વાવવાના હતા.

આ આયોજનને જ નિમિત્ત બનાવી આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

"જેમ આપણને ભગવાને બનાવ્યા છે તેમ વૃક્ષોને પણ ભગવાને બનાવ્યાં છે. માટે તેમાં ભગવાનનો જ ભાવ લાવવાનો છે. જેમ બાળકને પોતાનું માન્યું છે તો તેનો ઉછેર કરવામાં મહેનત કરીએ છીએ, તેમ 'વૃક્ષ પણ આપણું બાળક છે' એવો ભાવ રાખીએ તો તે ઉછેરવાનું મન થાય. વૃક્ષને કાપતાં પહેલાં સો ટકા વિચાર કરવો. જરૂર વગર કાપવું જ નહીં. કદાચ કાપવું પડે તો તેની સામે એક છોડ વાવો અને ઉછેરો. કુદરતી વસ્તુઓ જેટલી સાચવશો એટલી એ આપણને સાચવશે.

ભગવાન આપણને વરસાદ આપે છે, પણ આપણે પાણી ગમે તેમ વાપરી નાખીએ છીએ. પછી સરકારને દોષ દઈએ કે 'સરકાર આમ નથી કરતી, તેમ નથી કરતી.' કોઈ શું કરવાના હતા? ભગવાને જે આપ્યું છે તેને સંભાળીને તમે મહેનત કરો ને! જાતમહેનત ઝિંદાબાદ!"

આમ, પર્યાવરણની સુરક્ષા સંબંધી એક નવી સમજ સ્વામીશ્રીએ આપી દીધી. આજે ઊમટેલી ૩૬,૦૦૦ની મેદનીને ગુરુના પૂજનમાં રસ હતો, પણ સ્વામીશ્રીની દિલચસ્પી રહી પર્યાવરણના પૂજન દ્વારા સૌને સુખી કરવામાં!

## અતિ સમર્થ અને સાવધાન

બોચાસણમાં ગુરુપૂર્ણિમાની સાંજે જ યોજાયેલી ચંદ્રગ્રહણના સમૈયાની સભા પ્રારંભથી જ ચિક્કાર ભરાઈ ગયેલી. તેમાં સ્વામીશ્રી સંધ્યા આરતી

ઉતાર્યા બાદ પધારતાં જ તેની રંગત વિશેષ જામી. તે વખતે એક પછી એક રજૂ થઈ રહેલા રસપ્રદ કાર્યક્રમોની શૃંખલામાં કૃષ્ણપ્રિયદાસ સ્વામી પોતાની પ્રસ્તુતિ દરમ્યાન બોલ્યા: 'અમારે એક ચકમપરના રાઘવભાઈ છે...'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ સામે બેઠેલી ભરચક ભીડમાં વચ્ચોવચ ગોઠવાયેલા એક હરિભક્ત તરફ અંગુલિનિર્દેશ કરતાં કહ્યું: 'એ આ બેઠા. જુઓ, ઊભા થાઓ...' આમ કહેતાં તેઓએ ચાલુ સભાએ રાઘવભાઈને ઊભા કર્યા.

અસંખ્યના સમુદાયમાં પણ કોણ, ક્યાં બેઠા કે ઊભા છે તે સ્વામીશ્રીની નજર બહાર ન રહેતું!

તેઓની આ ખાસિયતનું વધુ એક દર્શન તા. ૮/૭ના રાત્રિભોજન દરમ્યાન લાધ્યું.

આ સમયે સ્વામીશ્રી સમક્ષ વંચાઈ રહેલા 'પ્રકાશ' સામયિકમાં સાંકરી મુકામે થયેલા મંદિરમાં વિશેષ સેવા આપનારા હરિભક્તોની નામાવલિ આવી. પચાસ ઉપરાંત સેવાભાવીઓનાં નામ ધરાવતી આ મોટી યાદી 'પ્રકાશ'નો પાઠ કરનારા સંત તો સડસડાટ વાંચી ગયા, પણ તેની ઇતિશ્રી થતાં જ સ્વામીશ્રી બોલ્યા: 'આમાં કડોદરાના તુલસીભાઈનું નામ રહી ગયું છે!'

તેઓની આ ટકોરે સૌને ચોંકાવી દીધા, કારણ કે આ ઉત્સવ પૂરો થયે પૂરા પચાસ દિવસ વીતી ગયેલા. છતાંય તે પ્રસંગે સેવા કરનારા ભક્તોનાં નામ સ્વામીશ્રીની સ્મરણપોથીમાં હજી અકબંધ હતાં!

તેથી તેઓએ તરત જ અહેવાલ લખનારા સંતને પૂછ્યું: 'તમને આ લિસ્ટ કોણે આપેલું?'

ઉત્તરમાં એ સંતે સાંકરીના વ્યવસ્થાપકોનાં નામ જણાવ્યાં.

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'એ બરાબર, પણ આ નામ રહી ગયું!'

અનેક ચોકસાઈ કરવા છતાં સંતો-ભક્તોએ બનાવેલી યાદીમાં કોઈક નામ છૂટી-છટકી જવાની શક્યતા રહેતી, પરંતુ વગર લખ્યે પોતાના અંતરમાં નોંધ રાખનારા સ્વામીશ્રીની યાદીમાંથી નાના-મોટા કોઈ ભક્તની બાદબાકી ન થતી. તેઓની આત્મીયતા અને યાદશક્તિ માનવીય બુદ્ધિના કોઈ બીબામાં બંધ બેસે તેવી નથી.

## કિશોરકળીના માળી

તા. ૯/૭ની બપોરે સ્વામીશ્રી પોતાના ઓરડામાં પત્રો વાંચવા

બિરાજ્યા ત્યારે ટિપાઈ પર રબરબેન્ડ લગાવેલી પત્રોની થોકડી જોઈ તેઓ હસતાં હસતાં બોલ્યા: 'આ પૂરું થતાં બે-ત્રણ દિવસ થઈ જશે.'

તેઓએ છેલ્લા એક મહિનામાં ખેડેલા પૂર્વ, ઉત્તર અને મધ્ય ભારતના પ્રવાસની વ્યસ્તતાને કારણે તેઓને પત્રવાંચન માટે પૂરતો સમય મળ્યો નહોતો, પરંતુ આજે અનુકૂળતા આવતાં તેઓ પત્રવ્યવહારમાં પરોવાયા, પણ ત્યાં જ એક પીડિતનો પોકાર સંભળાયો કે 'બાપા! આને ઘર બહુ યાદ આવે છે, મૂંઝાય છે, સંતોએ આપનાં દર્શને મોકલ્યો છે.'

અગિયારમા ધોરણમાં ભણતા રાજુલાના શશિકાંત સરવૈયાને સ્વામીશ્રી સમક્ષ ધરતાં તેના પિતાએ નાંખેલી આ ધા સાંભળી સ્વામીશ્રીએ પોતાના હાથમાં પકડેલો પત્ર ટિપાઈ પર પાછો મૂક્યો અને ૮૦ વર્ષના તેઓ પેલા ૧૬ વર્ષીય કિશોરને પ્રેમથી સમજાવવા લાગ્યા કે 'જો, શરૂઆતમાં નવું હોય એટલે એવું લાગે. એને હોમ વીકનેસ (સિકનેસ) કહેવાય, પણ પછી ફાવી જશે. સમજ્યો?'

આટલું કહી એ કિશોરને હિંમત પ્રેરવા મનુષ્યભાવ જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'હું સાધુ થયો ત્યારે મનેય થોડા દા'ડા ગમતું નહીં. તનેય એવી રીતે પહેલી વાર ઘર છોડ્યું હોય એટલે એવું લાગે.'

એક નાસીપાસ વિદ્યાર્થીને ઊંચે ઉઠાવવા સ્વામીશ્રી સ્વયં નીચે ઊતરી આવ્યા! કિશોરો કાજે કેવી કરુણા!

આ કરુણાજળનું પાન કરી પેલો હતાશ કિશોર થોડો સચેત જરૂર થયો, પણ ટટ્ટાર ખડો ન થતાં સ્વામીશ્રીએ વળી આરંભ્યું:

'જો, છોકરીનાં લગન થાય એટલે મા-બાપ ને સગાં-વહાલાંથી છૂટું પડવું વસમું લાગે. રડતી રડતી સાસરે જાય. ત્યાં ગયા પછી પણ રડે, પણ પછી એવું ફાવી જાય કે ઘેર જાય ત્યારે ત્યાંય સાસરિયાંનું તાણે. તેમ છાત્રાલયમાં ફાવી જશે પછી તું પણ ઘરે જવાનું નામ નહીં લે. નવરા ના રહેવું. નવરા રહેવાથી આવા વિચાર આવે. ભણવાનું. બાકીના સમયમાં અભ્યાસને લગતું વાંચવું. સેવા-ભક્તિ કરવાં. (છાત્રાલયના) પૂજારી તમારે રાજુલાના જ છે. એમની પાસે જવું. ઠાકોરજીની સેવા કરવાની મળશે.'

વિશ્વવ્યાપી સંસ્થાના સૂત્રધાર સ્વામીશ્રી એક કિશોરની કારકિર્દી ઘડવામાં આજે આમ રસ લઈ રહેલા તે વખતે એ કિશોરના પિતા બોલ્યા: 'એને નિશાળમાંય ગમતું નથી.'

'એય ગમશે.' આટલું કહી સ્વામીશ્રી એ કિશોરને કહેવા માંડ્યા :

"તારે ગામમાં નિશાળ હતી, એવી જ આ નિશાળ છે. ઊલટાની તેના કરતાં સારી છે. તને ખબર છે કે વિદ્યાનગરની શાળા-કૉલેજમાં ઍડમિશન મળવું દુર્લભ છે ને એ.પી.સી.(છાત્રાલય)માં પણ એડમિશન મળતું નથી. કેટલાય લોકો આંટા મારે છે. સારા માર્ક્સવાળાનેય પત્તો પડતો નથી. તને એડમિશન મળ્યું તે ભાગ્ય કહેવાય. માટે ભણી જ લે હવે. મોળી વાત કરીશ નહીં. બાપુજી આવે તોય કહી દેવું કે 'મારે ઘેર નથી જવું. ભણવું છે.' કેટલો સરસ ચરોતર દેશ છે! તો આનંદમાં રહેવું."

જે મમતાથી સ્વામીશ્રી એક પછી એક મુદ્દા મૂકતા ગયા તે જોઈ પેલા કિશોરને પિતાનો પ્રેમ પણ પાછો પડતો જણાયો. સ્વામીશ્રીની વાત સાંભળી તેની મૂંઝવણમાત્ર ખરી પડી. તેનો ચહેરો મલકી ઊઠ્યો. તે છાત્રાલયમાં જ રહી ભણવા કટિબદ્ધ થયો અને સ્વામીશ્રીનાં સ્નેહજળ પીતાં પીતાં એ ચીમળાઈ ગયેલી કિશોરકળી એવી ખીલી ગઈ કે તે કિશોર સમય જતાં કમ્પ્યૂટર ઇજનેર થઈ ઊંચા પદ-પગારનો અધિકારી બની રહ્યો.

પોતાના અમૂલ્ય સમયની મૂડી ખર્ચીને સ્વામીશ્રીએ ઘડેલી આવા હજારો કિશોરોની જિંદગીઓ વર્ષો સુધી ગાણાં ગાતી રહેશે કે *'અહીંયાં છે કુશળતા તમારી કૃપા થકી...'*

## આપણી ભૂલ આપણે કબૂલવી પડે

તા. ૯/૭ની રાત્રે સ્વામીશ્રી આરામમાં જવા પલંગ પર બિરાજ્યા ત્યાં જ તેઓએ એક સંતને નજીક બોલાવી કહ્યું :

"એક હરિભક્તનો કાગળ આવ્યો છે. તેણે લખ્યું છે કે – આણંદની જન્મજયંતી નિમિત્તે બહાર પાડેલા સોવેનિયરમાં લીધેલી જાહેરાતોમાં બે જાહેરાત મને પસંદ પડી નથી. તે બાબતે આપનું ધ્યાન દોરું છું. એક, તમાકુવાળી જાહેરાત અને બીજી, પોલ્ટ્રી ફાર્મની."

આટલી વાત કહી સ્વામીશ્રી બોલ્યા : 'જેનો આપણે નિષેધ કરીએ છીએ તેની આપણે જાહેરાત ન કરવી જોઈએ. ભલે ને કરોડ રૂપિયા આપે! તમે બધા સંતો આ વાત ધ્યાનમાં લેજો. આપણે સંસ્થાકીય ધોરણે નક્કી કરેલું છે કે આ પ્રકારની જાહેરાતો ન જ લેવી, પણ ઝાઝા દિવસો થયા એટલે ભૂલી ગયા!'

આ જ વાતના અનુસંધાનમાં સ્વામીશ્રીએ આગળ કહ્યું : 'આપણી ભૂલ

આપણે કબૂલવી પડે.'

સંસ્થાના કોઈ પણ કાર્યમાં કોઈએ પણ જાણે-અજાણે કરેલી ભૂલ પોતાના શિરે લેનારા હતા સ્વામીશ્રી! આગેવાન થઈનેય અનુયાયીનું યોગ્ય સૂચન સ્વીકારનારા હતા સ્વામીશ્રી! તેઓના જેવું નેતૃત્વ *'બીજે ન મળે વિચારો ચિત્ત...'* કહેવા ફરજ પાડે તેમ છે.

આવી અજોડ નેતાગીરી પૂરી પાડતા સ્વામીશ્રીએ તા. ૧૧/૭ની સાંજે ડભાસીના નવનિર્મિત મંદિરમાં આરતી ઉતારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

આ જ રીતે તેઓએ તા. ૧૨/૭ની સાંજે રાસ ગામને લાભ આપ્યો.

## અવળું થયું સવળું

આ અરસામાં અમેરિકાથી શિબિર માટે આવેલાં ૬૦ બાલ-બાલિકાઓને સ્વામીશ્રી અનેરો લાભ આપી રહેલા. સભા ઉપરાંત બાળકોને તો તેઓનાં ભોજન-દર્શનનું સુખડું પણ માણવા મળતું.

આ ક્રમમાં તા. ૧૭/૭ની સવારે દર્શન માટે બેઠેલા બાળકો સ્વામીશ્રી કઈ વાનગી કેટલી વાર જમ્યા, તેઓએ કેટલી વાર આંખ પટપટાવી, કેટલી વાર બોલ્યા-હસ્યા વગેરેની પણ નોંધ ટપકાવતા હતા. તેની રજૂઆત અલ્પાહારના અંતે બાળકોએ કરી ત્યારે તેઓની આ ઝીણવટને પરાભક્તિના પંથે ચડાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'ઠાકોરજીનાં દર્શન પણ આવાં ધ્યાનથી કરવાં.' આમ કહી તેઓએ સામે દીવાલ પર રહેલી શ્રીજીમહારાજની મૂર્તિ તરફ નિર્દેશ કર્યો.

તે વખતે એક બાળક વિકેશે પણ એ મૂર્તિ તરફ આંગળી ચીંધતાં સ્વામીશ્રીને કહ્યું: 'એ આપનું રિફ્લેક્શન (પ્રતિબિંબ) છે.'

આ સાંભળતાં જ વાટકા વડે જલપાન કરી રહેલા સ્વામીશ્રી અટકી જઈ કહેવા લાગ્યા: 'ભગવાન આપણું રિફ્લેક્શન છે એમ નહીં, પણ એમનું આ (પોતે) રિફ્લેક્શન છે એમ બોલવું. અવળું ન બોલીશ. એમને લઈને આપણી મોટપ. આપણામાં શક્તિ છે એ એમની આપેલી છે. એમનું જ છે બધું!'

બાળકના ગળે આટલી સિદ્ધાંતસુધા ઉતાર્યા બાદ જ સ્વામીશ્રીએ પાણીના ઘૂંટડા પોતાના ગળા હેઠે ઉતાર્યા. સિદ્ધાંત સંબંધી ગેરસમજને નિવારવામાં તો તેઓને ક્ષણનોય વિલંબ ન પરવડે.

તેઓએ પોષેલી આવી સિદ્ધાંતનિષ્ઠાના પાયા પર કોસિન્દ્રા ગામમાં

મંદિર ચણાયેલું. તેમાં બિરાજેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનાં પૂજન-આરતી કરવા તા. ૨૨/૭ની સાંજે નીકળેલા સ્વામીશ્રીએ રસ્તામાં દાવોલને પણ લાભ આપ્યો.

ત્યારબાદ કોસિન્દ્રાને કૃતાર્થ કરી બોચાસણ પરત ફરેલા તેઓએ તા. ૨૩/૭ની સાંજે અહીંથી વિદાય લીધી.

આ સમયે મહેળાવ જવા નીકળેલા સ્વામીશ્રીની ગાડી મંદિરની વાડી આગળથી પસાર થઈ ત્યાં જ તેઓ જમણી તરફ દૃષ્ટિ કરતાં બે હાથ જોડી બોલ્યા: 'જય મહારાજ! અક્ષર સ્વામી...! ઘનશ્યામ સ્વામી...! ભક્તિ-વલ્લભદા'...! જય સ્વામિનારાયણ!'

શાસ્ત્રીજી મહારાજના ઉપરોક્ત સંતોનો અંતિમવિધિ અહીં થયેલો. તે સ્થાન પર રચાયેલા ઓટાને નહીં, પણ પોતાના જે તે ગુરુભાઈઓને આજેય પ્રત્યક્ષ જોતા હોય એવા ભાવથી ઉચ્ચારાયેલા સ્વામીશ્રીના આ શબ્દો તેઓનો પ્રેમ અને પૂજ્યભાવ પ્રગટ કરી ગયા.

આ મહિમા સાથે તેઓ સુંદરણા અને સોજિત્રા થઈ ગાડા પહોંચ્યા. અહીંના નવનિર્મિત મંદિરમાં પણ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓની આરતી ઉતારી સ્વામીશ્રી મહેળાવને લાભ આપતાં તા. ૨૫/૭ની સાંજે વલાસણ પધાર્યા.

અત્રે હરિભક્ત શ્રી ડાહ્યાભાઈના અક્ષરવાસ નિમિત્તે આયોજિત પારાયણની પૂર્ણાહુતિ કરતાં તેઓએ જણાવ્યું: *'ભક્ત થવું ભગવાનના છે જો કઠણ કામ...* મિનિસ્ટર થવું સહેલું, વડાપ્રધાન થવું સહેલું, પણ ભક્ત થવું કઠણ.'

## તે દિ' આવે તેડવા દયાળ

વલાસણથી વિદ્યાનગર આવવા નીકળેલા સ્વામીશ્રીએ શહેરમાં પ્રવેશતાં જ ગાડીને પ્રભુદાસ લાલાજીના ઘર તરફ વાળવા આદેશ આપ્યો. શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર આ ભક્તનું નામ સ્વામીશ્રીની જીભના ટેરવે રમનારું. પૈસે-ટકે સાધારણ, પણ કરોડનો કેફ ધરાવતા આ સત્સંગીના ઓરડે તેઓ પહોંચ્યા ત્યારે પ્રભુદાસ તો ખાટલા પર બેશુદ્ધ અવસ્થામાં સૂતેલા. ક્ષીણ શરીર, ઊંડી ઊતરી ગયેલી આંખ, ખુલ્લા મોઢે લેવાતા દીર્ઘ શ્વાસ, નળીઓ દ્વારા શરીરમાં ઊતરતો ગ્લુકોઝ અને ઑક્સિજન વગેરે જીવતરના દીવાની બુઝાવા આવેલી વાટને જણાવી રહેલાં.

એ દિવેટને સંકોરવા કરતાં આ જીવને અક્ષરધામના અધિકારી બનાવવાનું સ્વામીશ્રીને વધુ યોગ્ય જણાયું હશે ! તેથી તેઓએ આ ભક્તરાજના મસ્તકે હાથ ફેરવી વલાસણથી સાથે લેવડાવેલો ગુલાબનો હાર પહેરાવ્યો. શરીર પર પણ બધે પુષ્પો મૂક્યાં. ચમચી ભરી ઠાકોરજીનું પ્રાસાદિક જળ મોંમાં પધરાવ્યું. એટલું જ નહીં, ગુરુના સંબંધવાળાને ગુરુતુલ્ય સમજતા સ્વામીશ્રીએ આરતી પણ ઉતારી.

ત્યારબાદ પુનઃ એ ભક્તના શરીર પર પોતાનો અમૃતસ્રાવી હાથ ફેરવતાં સ્વામીશ્રી બોલ્યા: 'પ્રભુદાસભાઈ, જય સ્વામિનારાયણ ! સુખ બહુ લીધું છે. સેવા બહુ કરી છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, નિર્ગુણ સ્વામી ને તમામ મુક્તો આવીને તમને લઈ જશે. અમે તો ગાડીઓ લઈને આવ્યા, પેલા તો વિમાન લઈને આવશે.'

સ્વામીશ્રીનો આ લાભ ખાટલે સૂતેલા પ્રભુદાસભાઈ માટે અંતિમ ભાથું બની રહ્યો, કારણ કે આજની આ પધરામણીના ચોથા જ દિવસે તેઓ અક્ષરની વાટે નીકળી પડ્યા. તે વખતે *'જે દિ' આવે આ દેહનો કાળ, તે દિ' આવે તેડવા દયાળ...'*નો વધુ એક અનુભવ સૌ સ્વામીશ્રી વિષે કરી રહ્યા.

## પંચવ્રત પ્રેમે રહ્યા ધરી

તા. ૨૬/૭ની સાંજે વિદ્યાનગરથી મોગરી પધારેલા સ્વામીશ્રી અહીંના નવનિર્મિત મંદિરમાં બિરાજેલી મૂર્તિઓની આરતી ઉતારી તા. ૨૭/૭ની સવારે વલાસણ પહોંચ્યા.

અત્રે તેઓએ કન્યા-કેળવણીના ધામ સમી 'સ્વામિનારાયણ વિદ્યાપીઠ'નાં સ્વાગત કક્ષ, ભોજનશાળા અને વહીવટી વિભાગોનાં ઉદ્‌ઘાટન કર્યા બાદ પ્રાર્થનાખંડમાં પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનાં પૂજન-આરતી કર્યાં.

તે પછી વિદ્યાનગર આવેલા સ્વામીશ્રીએ અત્રે ભોજન લેતાં પૂર્વે સંતોને શીખ આપી કે –

"વિદ્યાપીઠ જોઈ આવ્યા. હવે જવાની જરૂર નહીં. જિંદગીભરનાં દર્શન થઈ ગયાં. મારે પણ પહેલું ને છેલ્લું ! આ તો શું, મંદિર નજીક હોય તેને થાય કે 'લાવો આંટો મારતા આવીએ. રસોડું કેમ થાય છે એ જરા જોઈ આવીએ.' પણ સંતોને તો ત્યાં જવાની વાત જ નથી. 'ત્યાં સભા કરવી છે, હાલો જઈ આવીએ' – એવા કોઈ નિમિત્ત લઈને પણ જવાની જરૂર જ નથી. એ તંત્ર

જુદું જ છે. સ્ત્રી-પુરુષ મર્યાદા છે. થયું છે જ એમના માટે, પછી બીજાને પ્રવેશ ન હોવો જોઈએ. અહીં બેઠેલાએ સંસ્થાના બધા સંતોને આ કહી દેવું."

*'પંચવ્રત પ્રેમે રહ્યા ધરી...'*ની રીત રાખતા સ્વામીશ્રીએ નિયમની વાડ મજબૂત કરીને જ મોંમાં કોળિયો મૂક્યો.

## सत्यमेव जयते

તા. ૨૮/૭ની સાયંસભામાં છાત્રાલયના યુવકોએ 'सत्यमेव जयते કે असत्यमेव जयते?' – 'સત્યનો જય થાય છે કે અસત્યનો?' – વિષયક ચર્ચા જોરશોરથી રજૂ કરી. પોતપોતાના મુદ્દાને પુષ્ટ કરતાં દાખલા-દલીલોથી તે ખૂબ ગાજી. તેમાંય 'અસત્યનો જય થાય છે' પક્ષની પ્રસ્તુતિમાં કટાક્ષોનું મેળવણ વિશેષ ભળતાં શ્રોતાઓ તાળીઓ પાડતા રહ્યા.

પરંતુ છેલ્લે જ્યારે ચર્ચાનો ચુકાદો સ્વામીશ્રીને હાથ સોંપવામાં આવ્યો ત્યારે તેઓએ વેધકતાથી જણાવ્યું :

'असत्यमेव जयतेની રજૂઆત વખતે તાલીઓ વધારે પડી એ પણ આજનો રંગ છે, પ્રભાવ છે; પણ એમાં ખુશ થવા જેવું નથી. તાલીઓ પાડવા જેવું નથી. અવતારો, મહાપુરુષોએ કદી અસત્યનું આચરણ કર્યું નથી. અસત્યથી કુટુંબમાં, સમાજમાં, રાષ્ટ્રમાં કલેશ, કલેશ ને કલેશ. જે અસત્યનું આચરણ કરે છે તેને અંતરમાં અશાંતિ રહે છે જ કે મેં અસત્યનું આચરણ કર્યું છે. ભલે બહારથી ફડાકા મારતો હોય પણ અંદર મૂંઝવણ થાય છે. જેમણે સત્યનું આચરણ કર્યું છે તેની જ ગાથાઓ લખાઈ છે. અસત્ય આચરનાર પર લોકોને પ્રેમ થતો નથી. ગંદકીમાં બેસવાનો વિચાર આવે? તેમ ગમે તેટલો વૈભવ, સમૃદ્ધિ મળે પણ તે અસત્યથી મળેલું છે એટલે ગંદકી જ છે. તેને દુર્ગંધ આવ્યા જ કરે. ગુંડાઓની ગેંગ ચાલે છે, પણ સામસામા આવી એકબીજાને મારી નાખે છે. ખોટું છે તો અંદરોઅંદર પણ અશાંતિ રહે છે ને સાચા માણસો હોય છે તેને અંદરોઅંદર સદ્ભાવ થાય. સત્ય આચરનારને કદાચ પોતાને દુ:ખ પડશે પણ હજારોને શાંતિ થશે. તેને પોતાને પણ શાંતિ રહે છે કે મેં સારું અને સાચું કાર્ય કર્યું છે.

હજારો માણસોને દુ:ખી કરીને જીવે તે માણસ નથી, હજારો માણસોને સુખી કરીને જીવે તે માણસ છે. ખોટા માણસોનો આધાર લઈએ તે પ્રમાણ ન કહેવાય. પ્રમાણ તો આપણાં ધર્મશાસ્ત્રો અને મહાપુરુષોએ વાત કરી છે તેનું

લેવાનું હોય. થોડું પણ સત્યનું આચરણ સારું છે. એક ટીપું પણ ઝેર મારી નાખે ને એક ટીપું અમૃત માણસને અમર બનાવી દે છે.

અસત્ય બોલનારા પર તાળીઓ બહુ પડી, પણ એક પણ તાળી પડવી જ ન જોઈએ! તાળીઓ પડી એટલે આપણે સત્યને સમજ્યા જ નથી. આપણને સમજાય કે ન સમજાય, પણ જોગી મહારાજે કહ્યું તેમ જ આપણે કરવું છે. એમણે નાનપણમાં પણ ભણવામાં ચોરી કરી નથી. માટે અભ્યાસમાં સાચું કરવું, નોકરીમાં સાચું કરવું, ધંધામાં સાચું કરવું. પૈસાની મહત્તા નથી, સત્યની મહત્તા છે, ધર્મની મહત્તા છે. અસત્યની વાત જીવમાં ઘાલશો નહીં. એ વાતને સાંભળીને તેનો પ્રચાર કરશો નહીં.''

મુંડક ઉપનિષદના ઋષિએ જેટલું ખોંખારીને 'सत्यमेव जयते' ઉચ્ચાર્યું હશે, એટલા જ બુલંદ સ્વરે સ્વામીશ્રીએ આજે સત્યનો ટંકાર કરી દીધો.

## મજૂર નહીં, પણ મૅનેજર બનાવતી મમતા

સન ૨૦૦૦ની આખરમાં વડોદરા મુકામે બરફના ગોળાની રેંકડી ચલાવનારા એક આદમીનું આકસ્મિક અવસાન થતાં તેઓના ઘરની કમાણીમાત્ર બરફના ગોળાની જેમ જ ઓગળી ગયેલી. આ મૃતકનું કારજ કરવા માટે પણ ઘરમાં દોકડાનો દુકાળ પડી ગયેલો. સગાંઓ પાસે મદદ અર્થે લંબાવેલા હાથેય ખાલી પાછા ફરેલા. આવા કઠણ કાળમાં વિધવા બનેલી બાઈએ વ્યાજે રૂપિયા લાવી પ્રસંગ તો આટોપેલો, પણ હવે આ મહિલાના ભરણ-પોષણ સહિત અને વ્યાજે લીધેલા રૂપિયા મુદ્દલ સાથે ચૂકવવાની જવાબદારી યુવાન દીકરાના માથે આવી પડેલી. આ ભીંસને પહોંચી વળવું એ વિદ્યાનગરના છાત્રાલય દ્વારા સંચાલિત સંકુલમાં રહી બી.બી.એ. વિદ્યાશાખામાં ભણી રહેલા અઢારેક વર્ષના રૂપેશ વાળા માટે અઘરું હતું. તેથી તેણે અભ્યાસ છોડી મજૂરીકામે લાગી જવાનો વિચાર કાગળ પર ટપકાવી એ ટપાલ છાત્રાલયમાં બિરાજતા સ્વામીશ્રીને પહોંચતી કરેલી.

તે વાંચી સ્વામીશ્રીએ આ વિદ્યાર્થીને છાત્રાલયની સત્ર ફી તથા ભોજનખર્ચમાંથી સંપૂર્ણ મુક્તિ આપવાની ઇચ્છા છાત્રાલયના વ્યવસ્થાપક યજ્ઞપ્રિયદાસ સ્વામી સમક્ષ રજૂ કરી. તેથી એક નવયુવાનની કારકિર્દી કચડવા નીકળેલું કાળચક્ર ત્યાં જ થંભી ગયું. જ્યારે છાત્રાલયના સંચાલક સંતે પેલા નિરાધાર યુવાનને તેના માટે સ્વામીશ્રીએ લીધેલો નિર્ણય જણાવ્યો ત્યારે તે

ચોધાર આંસુએ રડી પડ્યો.

એ જ અશ્રુભીની આંખો લઈ તે સ્વામીશ્રી પાસે દોડી આવ્યો ત્યારે તેના મસ્તકે ફરી રહેલા સ્વામીશ્રીના પ્રેમાળ હાથે એ યુવાનને પિતૃ-વિયોગનું દુઃખ ભુલાવી દીધું. સ્વામીશ્રીની છત્રછાયામાં ઊછરવા માંડેલા તેણે બી.બી.એ.નો અભ્યાસ પૂરો કરી એમ.બી.એ.માં ઍડમિશન મેળવ્યું. તે વખતેય સુરતના છાત્રાલયમાં રહેતા તેનો સંપૂર્ણ ખર્ચ સ્વામીશ્રીએ ઉઠાવી લીધો. તેથી એક સમયે મજૂરીકામના દરવાજા ખટખટાવવા તૈયાર થયેલો આ યુવાન સમાજને મૅનેજમેન્ટના નિષ્ણાતરૂપે અને સત્સંગને એક કાર્યકર તરીકે પ્રાપ્ત થયો.

આવા એક નહીં, પણ હજારો યુવાનોને *'અવસરે આવીને રાખી લાજ...'*નો અનુભવ કરાવનારા સ્વામીશ્રીનું ઋણ સમાજની ૧૦૦૦મી પેઢી પણ ચૂકવી શકે તેમ નથી.

## કોણ રુચિ સમજે છે ?

તા. ૩૦/૭ની સાંજે વિદ્યાનગરથી વિદાય લઈ આણંદના મંદિરે રોકાવા આવેલા સ્વામીશ્રી અહીં તા. ૨/૮ની બપોરે આરામમાં જવા પલંગ પર બિરાજ્યા. આ સમયે તેઓએ સામે ઊભેલા અનિર્દેશદાસ સ્વામીના હાથમાં પરબીડિયું જોતાં પૂછ્યું : 'શું છે આ ?'

આ પૂછપરછના ઉત્તરરૂપે એ સંતે એક મંદિરમાં યોજાયેલા પારાયણ અને જન્માષ્ટમીના ઉત્સવની આમંત્રણ પત્રિકા બતાવી. તે જોઈ સ્વામીશ્રી બોલવા માંડ્યા : 'અત્યારે આ બહુ ચાલ્યું છે. જે હોય તે છાપવાનું. પાટોત્સવમાંય આમંત્રણ પત્રિકા છાપે. જરૂર વગરના ખર્ચા. પારાયણનું આયોજન છે તેનો વાંધો નહીં, પણ આ તો ગામડાનો પાટોત્સવ હોય તેનુંયે છાપે. એની શી જરૂર છે ?'

સ્વામીશ્રીનો આ હૃદ્ગત અભિપ્રાય એક સંત રોજનીશીમાં ટપકાવી રહેલા. તે જોઈને પણ સ્વામીશ્રીએ કહ્યું : 'જુઓ, આ લખે છે.'

'આપની રુચિની સૌને ખબર પડે ને !'

'કોણ રુચિ સમજે છે ? તું લખ્યે રાખ ને હું બોલે રાખું. કંઈ થતું નથી.' આટલું કહી સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'આય લખી લેશે પાછું.' આમ ગમ્મત કરતાં તેઓ પોઢ્યા, પણ સૂતાં-સૂતાંયે તેઓએ ઉચ્ચાર્યું : 'તું લખી

લખીને થાકે ને હું બોલી બોલીને થાકું. બેયની મહેનત (નકામી) જાય છે.'

સ્વામીશ્રીનો આ મર્મ જાગૃતિનો પડઘો પાડી ગયો.

## સુજ્ઞાનવાન અભિમાન ઉરે ન આણે

તા. ૩/૮ની સવારે આણંદથી નીકળેલા સ્વામીશ્રી રાયતલાવ ગામે સંપાદિત થયેલી સંભવિત મંદિરની ભૂમિ પર દૃષ્ટિ કરતાં ૧૦:૫૫ વાગ્યે ભાલેજ પહોંચ્યા.

અત્રે નવનિર્મિત મંદિરમાં પધરાવેલી મૂર્તિઓની આરતી ઉતારી પુનઃ આણંદ આવેલા તેઓ આજની રાત્રે આરામમાં જવા ઊભા થયા ત્યારે સર્વમંગલદાસ સ્વામીએ કૃતજ્ઞતા વ્યક્ત કરી કે 'બાપા! ઉમરેઠના મંદિરનું કામ તમે કરી દીધું. તમારો આભાર! અમારી ચિંતા હળવી કરી દીધી.'

આ સાંભળી સ્વામીશ્રીએ સામે દીવાલ પર લગાવેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિ બતાવતાં તે સંતને કહ્યું: 'તમારી ને મારી ચિંતા આ બેઠા એ કરે છે. તમે કે હું કોઈ કરતા નથી. એ પાયા નાખી ગયા છે. બાકી કોણ પૂછે છે તમને ને મને!'

સેવકભાવનો આ સૂર ઘૂંટતાં સ્વામીશ્રીનો આજનો દિવસ પૂરો થયો.

પરંતુ દિવસનો આરંભ હોય કે અંત, કાર્યનો પ્રારંભ હોય કે પૂર્ણાહુતિ – તેઓની વાતમાં શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ વિષેનો કર્તાભાવ અચૂક આવીને ઊભો રહેતો. કઠિન કાર્યો ચપટીમાં કરવા છતાં *'સુજ્ઞાનવાન અભિમાન ઉરે ન આણે...'*ની તેઓની ઓળખ આજીવન અકબંધ રહેલી.

## બધું હું જાણું છું, છેકથી છેક સુધી

તા. ૪/૮ની સવારે અક્ષર ફાર્મમાં રક્ષાબંધનની ઉજવણી કરી આજની સાંજે કણજરી પહોંચેલા સ્વામીશ્રીએ અહીંના નૂતન મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતારી ગ્રામજનોને સદુપદેશ આપ્યો કે 'બીજાને સુખી કરો તો તમે સુખી થશો. બીજાને આનંદ આપો તો તમને આનંદ મળશે. બીજાનું ભલું કરો તો તમારું ભલું થશે.'

સુખની આ ચાવી સૌના હાથમાં મૂકતાં નડિયાદ પધારેલા સ્વામીશ્રીએ અત્રે પણ રક્ષાબંધનનો બોધ સંભળાવ્યો કે 'રક્ષા બાંધીએ કે ન બાંધીએ,

ભગવાન અને સંત આપણી રક્ષામાં છે જ ! આ તો પ્રથા છે એટલે આપણે બાંધીએ છીએ, પણ ભગવાનની આજ્ઞામાં રહીએ એટલે એ રક્ષા કરવા બંધાયેલા છે.'

ભગવાન અને સંતનું આ બિરુદ દૃઢાવતા સ્વામીશ્રીનાં કરકમળો વડે તા. ૫/૮ની સવારે દસ વાગ્યે ઠાકોરજીનાં સુવર્ણ સિંહાસન અનાવૃત્ત થતાં જ નડિયાદના સત્સંગીઓની ભક્તિ પણ સુવર્ણની જેમ ઝળહળવા માંડી. તેને બિરદાવી સ્વામીશ્રી શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાને બંધાઈ રહેલા સ્મૃતિ-મંદિરનું નિરીક્ષણ કરવા પહોંચ્યા.

અહીંથી પુનઃ મંદિરે પરત ફરેલા તેઓ ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે શરૂ થયેલા કાર્યકર પરિચયમાં સંતપ્રિયદાસ સ્વામી શ્રી સુકુમારભાઈની ઓળખ આપતાં બોલ્યા : 'આપ તો એમને જાણો જ છો.'

'બધું હું જાણું છું, છેકથી છેક સુધી ! એમની સેવા, ભક્તિ, સત્સંગ સંપૂર્ણ છે.' સ્વામીશ્રીએ કહ્યું.

પરંતુ તેઓનું આ વિધાન એક કાર્યકર કે હરિભક્ત પૂરતું જ મર્યાદિત નથી. દુનિયાના ખૂણે રહીને પણ સત્સંગ કરતા ભક્તોની સેવાનેય જાણનારા હતા સ્વામીશ્રી.

## જો બધા સંપે તો...

તા. ૭/૮ની સવારે સંતરામ મંદિરના મહંત પૂજ્ય નારાયણદાસજી મહારાજની ખબર-અંતર પૂછવા સ્વામીશ્રી પહોંચી જતાં આ ધર્માચાર્ય સેવકોના ટેકે ખાટલામાં બેઠા થઈ ગયા અને તેઓએ હાથ જોડી સ્વામીશ્રીને આવકાર્યા. સ્વામીશ્રીએ પણ તેઓને શાલ તથા હાર પહેરાવી આદરભાવ પ્રગટ કર્યો. તે પછી બંને સંસ્થાઓ વચ્ચે પાંગરેલા સ્નેહસંબંધને સંભારતાં તેઓ મહંતશ્રીના સ્વાસ્થ્ય માટે ધૂન કરી મંદિરે પરત પધાર્યા.

અહીં સાંજે પાંચેક વાગ્યે ધોધમાર પડતા વરસાદને જોઈ તેઓને સ્નાન કરવાની ઇચ્છા થઈ આવી. તેથી તેઓ સંતનિવાસની અગાશીમાંથી પડતા ધૂધવા નીચે જઈ ઊભા રહી ગયા. અત્રે ઠાકોરજીને સ્નાન કરાવી સ્વામીશ્રી પોતે પણ નહાયા. તેની સાથે તેઓએ વરસતા વરસાદ જેવી જ ધૂનની ધારા ચલાવતાં સૌનાં સુખ-શુભ માટે પ્રાર્થના કરી.

પોતાની આ સ્નાનલીલા દ્વારા કંઈકને ભીંજવતા સ્વામીશ્રી તા.

૯/૮ની સવારે પારાયણની પૂર્ણાહુતિ બાદ ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે વંચાતા ગ્રંથમાં વધુ બત્તીઓ બળવી ન જોઈએ તે સંદર્ભમાં યોગીજી મહારાજનાં વચનો આવતાં સ્વામીશ્રીએ કહ્યું :

"સ્વરાજ છે ! બધા જુએ, પણ જોઈ જોઈને ચાલ્યા જાય. સ્વરાજ કહેવાય ને ! બધા આવું થોડું ધ્યાન રાખે તો બાર મહિને લાખો રૂપિયાનો આપણને ફાયદો થાય. જરૂર વગરની લાઇટ ચાલુ હોય તો બંધ જ કરી દેવી. કચરો પણ આપણને પડેલો દેખાય તો સાફ કરી લેવો. પણ એ હજુ આપણા મગજમાં બેસતું જ નથી. હું વૉકિંગમાં ફરું ત્યારે ઘણી વખત કહું છું. અજવાળું થઈ ગયા પછી લાઇટ બંધ જ કરી દેવાની હોય. પણ મહિમા કહે, 'સ્વામીને લાઇટ બહુ ફાવે છે !' લાઇટનાં બિલ આવે ત્યારે ખબર પડે !

થોડું-થોડું કરે તોય એક-એક મંદિરમાં લાખ રૂપિયા બચી જાય. એમ કરતાં સહેજે પાંચ-પચીસ લાખ રૂપિયા બચી જાય; પણ બધા સંપે તો ! મંદિરમાં એક કચરો ન રહે, જો બધા સંપે તો ! પણ પોતાનું મનાયું હોય તો થાય ને ! પોતાનું મનાયું ન હોય પછી ચાલ્યા કરે."

કરકસરનો આ કક્કો શિખવાડી આજની સાંજે નડિયાદથી વિદાય થયેલા સ્વામીશ્રી સાંકરદા થઈને અટલાદરા આવી પહોંચ્યા.

## હું નહીં, બધાનું શું કહેવું છે ?

અટલાદરા પધારેલા સ્વામીશ્રી મંદિરમાં દર્શન બાદ સભામાં લાભ આપી રાત્રિભોજનથી પરવાર્યા ત્યારે સ્થાનિક સંતોએ જન્માષ્ટમીના ઉત્સવનું આયોજન રજૂ કર્યું. તેમાં ઉત્સવ-સભાનો સમય જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'સભા કેમ સાડા દસ વાગ્યે પૂરી કરવાનું રાખ્યું છે ?'

'વરસાદની ઋતુ હોવાથી હરિભક્તોને ઘેર પહોંચવામાં તકલીફ ન પડે, તેથી...'

'તે માટે બસની સગવડ થઈ શકે તો કરજો. બાકીના ઘણાખરા તો પોતાનાં વાહનોમાં આવશે.'

સ્વામીશ્રીએ આપેલા આ અભિપ્રાયના આધારે સભા-સમાપ્તિના સમય અંગે ઠીક-ઠીક વિમર્શ ચાલ્યો. છેવટે જ્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'શું નક્કી કર્યું ?'

ત્યારે ભાગ્યસેતુદાસ સ્વામીએ જણાવ્યું : 'બાર વાગ્યે પૂરું કરીએ. પછી

આપ કહો તેમ !'

'હું નહીં, બધાનું શું કહેવું છે? હું કહું એમ જ થવું જોઈએ – એ ન થાય તે આપણે જોવાનું છે. સર્વાનુમતે થવું જોઈએ.' સ્વામીશ્રી બોલ્યા.

સ્વતંત્રપણે નહીં, પણ સૌને સાથે રાખી આગળ વધવાની તેઓની રીત. તે મુજબ તા. ૧૨/૮ના રોજ રાત્રે બાર વાગ્યા સુધી કૃષ્ણજયંતી ઊજવાઈ.

## સર્વજ્ઞ સર્વાંતરજામી જે છે

અટલાદરા મુકામે સમયે-સમયે યોજાતી રહેલી શહેરી અને ગ્રામ્ય વિસ્તારના હરિભક્તોની સભાઓમાં સત્સંગલક્ષી વિવિધ વિષયોને વેગ આપતી રજૂઆતો થતી.

આ ક્રમમાં તા. ૧૬/૮ની સાંજે પ્રસ્તુત થયેલાં ધર્માદાલક્ષી ટૂંકાં પ્રહસનોને જ નિમિત્ત બનાવી આશીર્વાદનો ઉપાડ કરતાં સ્વામીશ્રી બોલ્યા :

''ધર્માદો કાઢવા પાછળનું કારણ આપણા વ્યવહારની શુદ્ધિ છે. ભગવાનને તો મળી રહેશે, પણ આપણાથી ભગવાનની આજ્ઞા પળાય તે અગત્યનું છે. ઇલેક્ટ્રિકનું બિલ એકાદ વખત ન ભરીએ તો ચાલે? તેમ ભૂમિ ભગવાનની છે. હવા, પાણી, ખોરાક, સૂર્યપ્રકાશ ભગવાને આપ્યાં છે, તો ભગવાનને દસમો-વીસમો ભાગ આપવો જોઈએ. ધંધો સારો ચાલે ને આવક વધે ત્યારે ચોખ્ખો ધર્માદો આપવો કઠણ પડે છે. આપણે સંતોને ધોતિયાં ઓઢાડ્યાં હોય, પારાયણ કરાવી હોય, મહાપૂજા કરાવી હોય, રસોઈ આપી હોય, પધરામણીની ભેટ મૂકી હોય, તે બધી સંકલ્પની સેવા છે; તેને ધર્માદા ભેગી ન ગણાય.''

ધર્માદા સંબંધી આ ધરમૂળની સમજ આપનારા સ્વામીશ્રી સમક્ષ તા. ૧૭/૮ની સાંજે છાત્રાલયના યુવકોએ સંવાદ, કવ્વાલીગાન વગેરે કાર્યક્રમો રજૂ કર્યા. તે સંદર્ભમાં સભા બાદ લિફ્ટ દ્વારા ઉતારે આવી રહેલા સ્વામીશ્રીને એક સંતે કહ્યું : 'કવ્વાલી વિદ્યાનગર કરતાં અહીં સારી ગવાઈ.'

'સંવાદ પણ સારો ભજવ્યો !'

જ્યાં અન્ય એક સંતે આ અભિપ્રાય આપ્યો ત્યાં ત્રીજા સંત બોલ્યા : 'પણ સ્વામીશ્રી તો જોતા નહોતા. પત્રલેખનમાં ડૂબેલા.'

આ સાંભળી લિફ્ટમાંથી બહાર નીકળી રહેલા સ્વામીશ્રીએ પાછા ફરી તે સંતને જણાવ્યું : 'મેં બધું જ જોયું છે. લખતાં લખતાં પણ જોતો હતો.

નહોતા જોતા એ તમારું અજ્ઞાન છે. તમને દેખાતું નથી.'

'આ તો આપ પત્રલેખન કરતા હતા એટલે અમને થયું...'

'આશીર્વાદમાં સંવાદ ને કવ્વાલીની વાત આવી કે નહીં? આત્માની દૃષ્ટિ, જ્ઞાનની દૃષ્ટિથી જુએ તો પ્રશ્ન જ ન થાય કે તે જુએ છે કે નથી જોતા. તે બધું જ જુએ છે.' આટલું કહેતાં સ્વામીશ્રી ઉતારે આવી ભોજનના આસન પર બિરાજ્યા.

આ સમયે કો'કે આગળથી ચાલી આવેલી વાતમાં પુષ્ટિ કરી કે 'ભગતજી મહારાજ કહેતા – જ્ઞાનીને તો અનંત લોચન હોય છે...'

'પણ હજુ એમને ભાન થયું નથી!' પેલા સંત સામે નિર્દેશ કરતાં સ્વામીશ્રી ઉચ્ચર્યા. તે પછી ભોજનના ટેબલ પર તબલાંની જેમ બંને હથેળીઓની થાપ મારતાં તેઓ *'દેહદર્શી દેખે પોતા જેવા...'* કહી અટકી ગયા ત્યારે એક સંતે *'સંસારી'* બોલી પંક્તિ પૂરી કરી.

તે સાંભળી સ્વામીશ્રી લહેકાપૂર્વક બોલ્યા: 'હં... એવું છે!'

તેઓનો આ સમગ્ર વાર્તાલાપ *'સર્વજ્ઞ સર્વાંતરજામી જે છે...'* તરીકે સ્વામીશ્રીનું સ્વરૂપ સમજાવી ગયો.

## વચનસિદ્ધ સંતની વેધક સરળતા

તા. ૧૮/૮ની સાયંસભામાં યોજાયેલા કિશોર દિન નિમિત્તે ઉપસ્થિત પીઢ પત્રકાર શ્રી કાંતિ ભટ્ટે સંબોધન કરતાં કહ્યું:

''ભારતમાં સંતો ઘણા છે તેમ છતાં ખરેખરા સંતોનો દુષ્કાળ છે. મારી દૃષ્ટિએ એક પત્રકાર તરીકે કહું તો મારી જાણમાં એકમાત્ર સંત હોય તો તે પ્રમુખસ્વામી મહારાજ છે. પ્રમુખસ્વામીએ જગતમાં વ્યસનમુક્તિનું જે કાર્ય કર્યું છે તેના માટે તેમને નોબેલ પ્રાઇઝ આપવું જોઈએ. હજારો લોકોને એમણે કેન્સરમાંથી અને અબજો રૂપિયાના ખર્ચમાંથી બચાવ્યા છે.

હું 'જન્મભૂમિ પ્રવાસી' દૈનિકના મદદનીશ તંત્રી તરીકે હતો ત્યારે મુરબ્બી શ્રી હરીન્દ્રભાઈ દવેને તેઓની ઑફિસમાં ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામીની છબીનું પૂજન કરીને કાર્ય શરૂ કરતાં જોતો. મેં એક વાર એમને પૂછેલું કે 'તમે પ્રમુખસ્વામી પ્રત્યે આટલી બધી શ્રદ્ધા કેમ ધરાવો છો?' ત્યારે એમણે મને કહેલું કે 'પ્રમુખસ્વામી મહારાજ વચનસિદ્ધ છે.''

એક ખ્યાતનામ ખબરપત્રીના આ અહોભાવને અનુસરતાં આજે જ

ઉદ્‌ઘાટિત થયેલા 'ફિલિંગ્સ' સામયિકના તંત્રી શ્રી અતુલભાઈ અને આ પ્રકાશકીય પરિવારના સભ્યોએ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા. આ સમયે તે સૌએ સ્વામીશ્રી સાથે ફોટો પડાવવાની ઇચ્છા પ્રદર્શિત કરતાં મંચ પર બેઠેલા કાંતિ ભટ્ટ અને પૂર્વ સાંસદ શ્રી શાંતિલાલ પટેલ વગેરે પણ સમૂહછબી માટે યથાયોગ્ય સ્થાને ઊભા રહી ગયા. તે વખતે સ્વામીશ્રી પણ કોઈનો ટેકો લીધા વિના આસન પરથી ઊભા થઈ સૌની સાથે ગોઠવાયા.

આ જોઈ કટાર લેખક કાંતિ ભટ્ટે હાથ જોડી યાચના કરી કે 'સ્વામીજી ! આપ કેટલા બધા સરળ છો ! આપના જેવી સરળતા અમને ઉત્તરાધિકારમાં આવે. આપની સરળતા અદ્‌ભુત છે ! હૃદયસ્પર્શી છે !'

સ્વામીશ્રીની એક જ ક્રિયાએ આ કલમવીરનું કાળજું કોરી કાઢ્યું.

## એમાં પડવા જેવું નથી

સ્વામીશ્રીની સરળતાનું હૃદયંગમ દર્શન કરાવી આગળ સરકેલી તા. ૧૮/૮ની કિશોર સભામાં મહાનુભાવોનાં વક્તવ્યો બાદ કિશોરોએ 'અમારું જીવન' વિષયક પાંચ સંવાદોની શૃંખલા રજૂ કરી. તેના અંતે તેઓએ પોતાની જિંદગીમાં ઊભી થતી પેચીદી પરિસ્થિતિઓનો ઉકેલ આપવા વિનંતી કરતાં સ્વામીશ્રીની અમૃતધારા વહી છૂટી કે –

"જેને ભગવાનને રાજી કરવા છે, જીવન શુદ્ધ અને પવિત્ર બનાવવું છે તેને મુશ્કેલીઓનો સામનો કરવો જ પડશે. દુઃખ આવશે પણ તેમાં અચળ રહેવાનું છે. આપણી મક્કમતા હશે તો સામો માણસ ડગી જ જશે. એને મૂકવું જ પડશે. તેને ખ્યાલ આવશે કે 'હું કરું છું તે ખોટું કરું છું.'

અત્યારે ધર્મની વાત આવે તો તરત 'why?' (શા માટે ?) આવે. 'મંદિર શા માટે ? પૂજા શા માટે ?'... પણ અમે તમને પૂછીએ છીએ કે 'પ્રોફેસરો why? કૉલેજ why? કપડાં why? ઉદ્યોગ why? ખાવાનું why? લગ્ન why?' એમ બધામાં why? આવીને ઊભું રહેશે ! તેમાં તમે શું કરશો ? why? – એ મનના મનસૂબા છે. શાસ્ત્રીજી મહારાજને અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા હતી તો આખા સંપ્રદાયને નમવું પડ્યું. આપણામાં તેટલી હિંમત નથી એટલે ઢીલા પડી જઈએ છીએ.

આપણને આપણી સંસ્કૃતિનું પવિત્ર જીવન ગમતું નથી. નાચ-ગાન વગેરે ગમે છે, પણ છોકરા-છોકરી સાથે નાચે એ કાંઈ પ્રેમ છે ? એ તો દેહના

સુખ માટેનો પ્રેમ છે. આ કાંઈ પ્રેમ ન કહેવાય. ખરો પ્રેમ તો આત્માનો પ્રેમ છે, જે ક્યારેય તૂટતો નથી. એ પ્રેમ ભગવાન સાથે થાય છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, પાંચસો પરમહંસો, દાદાખાચર, પર્વતભાઈ, પાંડવો વગેરેને આવો પ્રેમ હતો તો ગમે તેવી મુશ્કેલી, દુઃખો આવ્યાં તોપણ પાછા પડ્યાં જ નહીં. આનું નામ પ્રેમ કહેવાય. અત્યારે તો આજે લગન કરે ને કાલે છૂટા પડે. આ કાંઈ પ્રેમ નથી. કહે, 'અમે લવ (પ્રેમ) કરીએ છીએ', પણ લવ નહીં, લવારો કરે છે.

આ આપણી સંસ્કૃતિ નથી, પણ લફરાં છે. એમાં પડવા જેવું નથી. તેનો વિચાર કરવા જેવો નથી. બીજાને ગમે - ન ગમે, પણ આપણે આપણો ધર્મ સાચવવો. આ માટે જ યોગીજી મહારાજે બાળ, કિશોર અને યુવક મંડળો કર્યાં. એ જ સુખ-શાંતિ આપનાર છે. એ જ સાચો વિકાસ છે. સ્કૂલ-કૉલેજમાં જાવ ત્યારે ખબર છે કે આવી પરિસ્થિતિ આવવાની છે, તો મક્કમતાથી કાર્ય કરવું. જે થવાનું હોય તે થાય.''

આજે સ્વામીશ્રીએ કિશોરોની કંગાલિયતને હાંકી કાઢે એવા અગનગોળા વરસાવી દીધા. અલબત્ત, તે દાહક નહીં, પણ પ્રકાશક બની રહ્યા.

## અભાવ-અવગુણની વાત કરવી એ પાપ છે

તા. ૧૮/૮ની રાત્રે વાળુથી પરવાર્યા બાદ સત્સંગ અને મંદિરની પ્રવૃત્તિ સાથે સંલગ્ન ત્યાગી-ગૃહી સૌને લક્ષ્યમાં લેવા યોગ્ય પ્રેરક વચનો સંભળાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

''આપણે ન હોઈએ તોપણ ભગવાન આ કરી શકે છે, પરંતુ 'આ આપણી સેવા થાય છે' એવો અહોભાવ રહેવો જોઈએ. પોતપોતાની સેવામાં સંનિષ્ઠ રહી, બીજાનેય મદદ કરવી જોઈએ. આમ થાય તો આત્મીયતા વધે. સેવા સારી રીતે થાય. એકબીજાનો મહિમા ગાવ તો સત્સંગ વધે. મોટું મન રાખવું. મંદિરના બધા માણસોએ એક વૃત્તિ રાખવી જોઈએ. અનુકૂળ થવું જોઈએ. આપણે તો સહન કરી કામ કર્યે જ જવાનું છે. દુનિયાને બ્રહ્મરૂપ થવાની વાતો કરીએ છીએ તો આપણે ક્યારે બ્રહ્મરૂપ થવાનું છે?

મંદિરનું કોઈ પણ આયોજન હોય ત્યારે 'મને ક્યાં પૂછ્યું છે?' એવો પ્રશ્ન ન કરવો. આપણી ફરજ છે કે તેમાં પુષ્ટિ થવી જોઈએ. 'મને પૂછ્યું નહીં' એમ દાવો ન કરવો. 'મને પૂછ્યું નથી, માટે અમે તેમાં ભળીશું નહીં'

એવો વિચાર આવવો જ ન જોઈએ. આપણે સેવા માટે જન્મ્યા છીએ. 'મને પૂછ્યું નહીં' એમ કરી સેવા મૂકી ન દેવી. ન પૂછે તોય આપણી ફરજ છે કે સેવા કરવી, તો આપણે કાંઈક સમજ્યા કહેવાઈએ! આવી ને આવી વાતો જિંદગીભર ચાલ્યા કરે, તમારે મને આ રીતે સાંભળવો પડે, એ બધું ક્યાં સુધી ચાલશે? હવે નાના ગગા નથી. સમજતા થયા છીએ તો અંતર્દષ્ટિ કરી સમાધાન કરી લેવું જોઈએ.

અમુક પૂછવું પણ જરૂરી છે, પણ પાછળથી ખંડન-મંડન, અભાવ-અવગુણ કરવા એની કાંઈ જરૂર નથી. હરિભક્તોને અભાવ-અવગુણની વાત કરવી એ પાપ છે. આ સૂત્ર જ છે. અવગુણની વાત એક બીજાને કહે, બીજો ત્રીજાને કહે ને ચાલુ જ રહે તેવું ન થવું જોઈએ. તેની ભૂલ થઈ એ વાત સાચી, પણ ભૂલની પરંપરા ન હોવી જોઈએ. આપણે કહીએ તો પ્રશ્નો ઊભા થાય. 'આજથી પ્રશ્ન થશે નહીં' એમ પ્રતિજ્ઞા કરવી. આપણામાં સત્સંગ કેટલો થયો તેની સામી દૃષ્ટિ રાખવી, નહીંતર જીવનના અંત સુધી પ્રશ્નો રહેવાના. 'મારે આ જોઈએ... આના વગર ન ચાલે...' એ સાધુનો ધર્મ નથી. મંદિર અને સત્સંગ આપણાં છે. એના માટે કાર્ય કરવાનું છે."

## સંતો, ભક્તો ને કાર્યકર્તાઓ તીર્થ કહેવાય

તા. ૨૦/૮ની સાંજે અટલાદરાથી વિદાય લઈ ભરૂચ પધારેલા સ્વામીશ્રીએ અત્રે નૂતન સંતનિવાસનું ઉદ્ઘાટન કર્યું. તેને અનુસરતાં આવેલી તા. ૨૨/૮, ગણેશ ચતુર્થીની સવારે તેઓએ અહીંના નવનિર્મિત શિખરબદ્ધ મંદિર પર પ્રતિષ્ઠિત થનારા ૨૫ સુવર્ણ કળશ અને ૨૫ ધજાદંડને પણ વેદોક્તવિધિપૂર્વક પૂજ્યા. આ અવસરે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું:

'જ્યાં સુધી પૃથ્વીનું તળ રહેશે ત્યાં સુધી આ કળશ ભગવાનના મંદિર પર ચઢેલા રહેશે. તેમાં સહકાર આપ્યો છે એટલે આપણી જિંદગીનો પણ કળશ ચઢી ગયો છે અર્થાત્ આપણો મનુષ્યજન્મ સાર્થક થઈ ગયો. આ મંદિર પર કળશ ચઢશે તેનો યશ તમને બધાને છે.'

આમ, ભક્તોની સેવાને બિરદાવતા સ્વામીશ્રીએ તા. ૨૩/૮ની સાયંસભામાં પણ જણાવ્યું કે –

"કેટલાકનાં મનમાં એવું હોય છે કે 'મહિના સુધી મહેનત કરી પણ આપણને દર્શન તો નજીકથી થયાં જ નહીં! આપણી સેવાની સ્વામીને ખબર

પડી કે નહીં?' પણ એકેએક સેવા ભગવાન પોતે જમે લે છે. માણસ એવો છે કે કોઈ સારું કાર્ય થયું હોય તો તેની નોંધ પણ ન લેવાય અને જેણે સામાન્ય કર્યું હોય તેનું નોંધમાં આવી જાય. ત્યારે આપણને થાય કે 'હું કરીને મરી ગયો ને આણે તો કશું કર્યું નથી ને એનું આવ્યું!' પણ ભગવાનને ચોપડે સાચી વાત આવે છે. કેટલાક દેખાવ કરીને વધારે મહત્ત્વ લઈ લે. છાપાંમાંય આવી જાય ને 'પ્રકાશ'માંય આવી જાય ને પ્રશંસાય થાય, પણ ભગવાન પાસે અદલ ન્યાય છે. કીડીના પગમાં ઝાંઝર વાગે તેને પણ ભગવાન સાંભળે છે, તો આપણી ભક્તિને ભગવાન નહીં સાંભળે? આ મહિમા જો આપણા જીવમાં હોય તો આપણું મન કદી સેવા-ભક્તિ કરવામાં પાછું પડે નહીં.

આ સ્થૂળ મંદિર કહેવાય ને ચૈતન્ય મંદિરો એટલે નિર્દેશક, સહ નિર્દેશક, નિરીક્ષક બનાવે છે ને તે! એ હરતું-ફરતું મંદિર! સંતો, ભક્તો ને કાર્યકર્તાઓ તીર્થ કહેવાય. એનાથી પણ આપણને લાભ થાય છે. એવાં ચૈતન્ય મંદિર આપણે થઈએ. ક્યારેય કોઈ પણ સંજોગોમાં આપણે સત્સંગમાંથી પડી ન જઈએ. તે માટે તમને બધાને આશીર્વાદ.''

## ઠાકોરજી સાથે વાંધો ન પાડવો

તા. ૨૫/૮ની સવારે યોજાયેલા પારાયણની પૂર્ણાહુતિના પ્રસંગે જતાં પૂર્વે સ્વામીશ્રીને રોજિંદા ક્રમાનુસાર ઈસબગુલ આપવામાં આવ્યું, પણ પ્યાલો હાથમાં પકડતાં જ તેઓએ પૂછ્યું: 'ઠાકોરજીને ધરાવ્યું?'

'ના, રહી ગયું છે!' કૃષ્ણવલ્લભદાસ સ્વામી બોલ્યા.

તે સાંભળી સ્વામીશ્રીએ એક સંત પાસે ઠાકોરજીની પટપ્રતિમા મંગાવી જાતે જ પેલો પેય પદાર્થ ભગવાનને ધરાવ્યો. તે જોઈ કો'કે કહ્યું: 'સેવક દરરોજ ધરાવીને જ આપે છે. આજે રહી ગયું ને આજે જ આપે પૂછ્યું!'

'એ તો એમની ખૂબી છે, જ્યારે રહી ગયું હોય ત્યારે જ પૂછે!' સેવકે સ્વાનુભવ ઉચ્ચાર્યો.

પરંતુ તે સાંભળી સ્વામીશ્રી મૌન રહ્યા. તેઓને પોતાની ખૂબીઓ વાગોળવાનું ન ગમતું. આ પણ તેઓની એક ખૂબી હતી.

તે સાથે વિચરતા સ્વામીશ્રીએ તા. ૨૫/૮ની બપોરે મંદિરના કાર્યવાહકોને ખૂબીસભર માર્ગદર્શન આપતાં કહ્યું:

''દરેક કામ પરફેક્ટ કરવું. નળનું ફિટિંગ બરોબર કરવું. પાણીનો નળ

ઉતાવળમાં જેમ-તેમ ફિટ કરીને ચાલ્યો જાય તો ત્યાં ગંદું થાય, કાદવ-કીચડ થાય. ઇલેક્ટ્રિકના વાયર પણ ઢીલા-લબડતા ન રાખવા. આમ-તેમ દોરડાં નાખે ને ચલાવે તેમ ન કરવું. ટેલિફોન પણ ન ચાલે તો સમયે-સમયે રિપેર કરવો. પાકું જ કામ કરો.

આપણે જે કરીએ છીએ તે ભગવાનનું કામ છે. વ્યક્તિ સાથે વાંધો પડે ત્યારે ઠાકોરજી સાથે વાંધો ન પાડવો. કાંઈ બોલચાલ થાય તો મળી લેવું, સમજી લેવું; લાંબુ ન ચલાવવું. 'આ તારો શેઢો ને આ મારો શેઢો' એવું આપણે છે જ નહીં! સંસ્થા, મંદિર, ગુરુ, ઇષ્ટદેવ એક જ છે. માટે સમજણ કરવી, ખેંચતાણ ન કરવી. પ્રવૃત્તિ કરવી, પણ પ્રવૃત્તિરૂપ ન થવું. નવરાશમાં વાંચન કરવું. સમજણ રાખવી, જેથી ટસલ (ટકરામણ) કોઈ જાતની ન થાય.

એકબીજાનો સ્વભાવ ઓળખી લેવો, તો દુઃખ ન થાય. હરિભક્તો બહુ ઘસાય છે, તેના સ્વભાવ જોયા કરીએ તો ઠેકાણું ન પડે. આપણી ભૂલ ન હોય પણ તેને સાંભળી-સમજાવી રાજી રાખવા. સંગઠન જેટલું મજબૂત હશે તેટલું કાર્ય મજબૂત થશે.''

પાણીના નળથી પ્રવૃત્તિના વળ સુધીનું સચોટ માર્ગદર્શન સ્વામીશ્રી આપી શકતા. આ પણ તેઓની એક ખૂબી!

## મંત્રી અને માંધાતાના માતા તથા મિત્ર

તા. ૨૫/૮ની સાંજે ભરૂચથી વિદાય લઈ રહેલા સ્વામીશ્રી ઉતારામાંથી બહાર પધાર્યા ત્યારે મુલાકાત ખંડમાં નવું નગારું મૂકવામાં આવેલું. તેને પુષ્પો પધરાવી પ્રાસાદિક જ કરવાનું હતું, પરંતુ સદા બ્રહ્મનાદ ગજવતા રહેતા સ્વામીશ્રી તો બાજુમાં પડેલી દાંડી હાથમાં લઈ દુંદુભિને વગાડવા લાગ્યા.

તે દ્વારા એક રણકતી સ્મૃતિ આપી વિદ્યાનગર પધારેલા તેઓના સાંનિધ્યમાં તા. ૨૬/૮ની સવારે 'પ્રમુખસ્વામી કમ્પ્યૂટર ઇન્સ્ટિટ્યૂટ'નું શાનદાર ઉદ્‌ઘાટન થયું. બાકરોલ ગામની સીમમાં એક પ્રાચીન પરંપરાના સંત દ્વારા અર્વાચીન વિદ્યાશાખાના સંકુલનું આ સર્જન જોઈ રાજ્યપાલ શ્રી સુંદરસિંહ ભંડારી, કેન્દ્રીય આઇ.ટી. મંત્રી શ્રી પ્રમોદ મહાજન, શ્વેતક્રાંતિના જનક ડૉ. કુરિયન સહિત કંઈક મહાનુભાવો અચંબો પામી ગયા.

ડૉ. કુરિયને તો ભાવોર્મિ વ્યક્ત કરી દીધી કે 'હું નાસ્તિક છું, પણ પ્રમુખસ્વામીજી પાસે આવું છું, કારણ કે સ્વામીજીને મારા માટે બહુ પ્રેમ છે.

સ્વામીજી મારા મિત્ર છે.'

આમ, એક માંધાતાને સ્વામીશ્રીરૂપે મિત્ર મળ્યા, તો મંત્રી શ્રી પ્રમોદ મહાજને સ્વામીશ્રીમાં માતાનો પ્રેમ અનુભવતાં આજની ઉદ્‌ઘાટન સભામાં જણાવ્યું: 'मुंबई में मनाए गए प्रमुखस्वामीजी के अमृत महोत्सव में स्वामीजी के दर्शन का अवसर मिला था। तब उनके हाथों में बच्चों जैसी कोमलता और नज़र में माँ की ममता देखी थी। जब पुरुष में मातृत्व जाग्रत होता है, तब प्रमुखस्वामी महाराज जैसे महापुरुष मिलते हैं।'

આ રીતે મંત્રી અને માંધાતાઓને માતા તથા મિત્રનો અહેસાસ કરાવતા સ્વામીશ્રી તા. ૨૬/૮ની સાંજે જ સારંગપુર આવી પહોંચ્યા.

## જળક્રીડા કરી સખા સંગે

સારંગપુરમાં તા. ૨૯/૮ના રોજ આવેલી જળઝીલણી એકાદશીના ઉત્સવ પ્રસંગે સંતો-ભક્તો પણ ઉતાવળી નદીના નીરની જેમ જ ઊછળી રહેલા, કારણ કે કોરાધાકોર ગયેલાં બે વર્ષ પછી આ વર્ષે શ્રીજીમહારાજની મહેર મેઘરાજા દ્વારા વરસેલી. તેથી નદી-સરોવર જળથી અને સંત-ભક્ત આનંદથી છલકાઈ ઊઠેલાં. આ આનંદની ઊર્મિઓએ નદીના મધ્યમાં મંચરૂપે મયૂરાકાર નૌકાને સજાવી દીધેલી. તેમાં બિરાજમાન થવા સ્વામીશ્રી પધાર્યા ત્યારે ઢોલીઓએ ઢોલ પર દાંડી ટીપી ગગન ગજવ્યું. ભોળા ગ્રામીણ જનોનો આ ભાવ સ્વીકારી સંતો દ્વારા ખેંચાતા તરાપા દ્વારા સ્વામીશ્રી જળમધ્યે પહોંચ્યા.

તે સાથે આરંભાયેલી ઉત્સવની પરંપરાગત વિધિઓ બાદ સંતોએ *'દરિયામાં ચાલી હોડી...'* પદ ગાવવું શરૂ કરતાં જ ભજનના તાલમાં ગુલતાન થઈ ગયેલા સ્વામીશ્રી પણ બે હાથ ઊંચા કરી તાળી પાડવા લાગ્યા. તેઓની આ મૂર્તિ જોઈ ભક્તોનાં ભીતરમાંય ભરતી ચઢતાં અલૌકિક ઉત્સવિયો માહોલ છાઈ રહ્યો.

તેની વચ્ચે સ્વામીશ્રીએ યંત્રસંચાલિત નૌકામાં બિરાજી જળવિહાર શરૂ કર્યો. તેના પ્રત્યેક આવર્તને તેઓએ ઠાકોરજીને આરતીનું અર્ઘ્ય આપ્યું. કાકડી, મિષ્ટાન્ન વગેરે પ્રસાદ પણ ધરાવાયો. છેલ્લા આવર્તનમાં તો સ્વામીશ્રી ઠેઠ યજ્ઞપુરુષ સરોવરે જઈ આવ્યા.

ત્યાંથી મંચ તરફ પરત ફરેલા તેઓએ પાઘ અને ગાતરિયું સેવકોને આપી ધોતિયાનો કછોટો માર્યો અને ડાબા હાથે નાક દબાવી જળમાં ઝંપલાવ્યું.

તે જોઈ સૌએ હર્ષનાદ કરી મૂક્યો. તેથી ખેંચાતા હોય તેમ સ્વામીશ્રી પણ તરતાં તરતાં કિનારે આવ્યા. અહીં તેઓએ ઘૂંટણ સમાં પાણીમાં ઊભા રહી કાંઠે બેઠેલા સંતો-ભક્તો પર જળની અંજલિઓ છાંટી સૌને ધન્ય કર્યા.

થોડી વાર સુધી અભિષેકનું આ સુખ આપી સ્વામીશ્રી તરતાં તરતાં પુનઃ મંચ સુધી આવ્યા. અત્રે સ્નાન કર્યા બાદ તેઓ કોરાં વસ્ત્રો ધારણ કરી મંદિરે જવા વિદાય થયા ત્યારે ઉતાવળીનાં નીરની સાથે સૌનાં હૈયાં પણ ખળકી-ચમકી રહ્યાં.

## સ્વામી ભક્તોનો રખવાળો

આ અરસામાં છેલ્લા નવ દિવસથી રોજ સાંજે એક ફોન જોડવાનો સ્વામીશ્રીનો નિત્યક્રમ થઈ પડેલો. તે દ્વારા તેઓ જાણે આઠ વર્ષીય એક બાળાના બુઝાવા આવેલા જીવનદીપની વાટ જ સંકોરી રહેલા.

વિગત એવી બનેલી કે નડિયાદના નિવાસી ભાલચંદ્રભાઈ બ્રહ્મભટ્ટની નાનકડી દીકરીને તા. ૨૧/૮ની રાતથી જ ખેંચ આવવા માંડેલી. આ તકલીફની માત્રા બીજા દિવસે તો એટલી વકરેલી કે આ માસૂમ બાળકીની આંખો કીકી જ ન દેખાય તે હદે અધ્ધર ચડી ગયેલી અને થોડી વારમાં તો તે સૂધબૂધ પણ ખોઈ બેઠેલી. તેથી તાબડતોબ તબીબ પાસે પહોંચેલા પરિવાર-જનોને દાક્તરે વિશેષ સારવાર માટે અમદાવાદ જવા સૂચવેલું. આ સલાહ પરથી માંદગીની ગંભીરતા સમજી ગયેલા પિતાએ અમદાવાદની લાઇફ લાઇન હૉસ્પિટલમાં દીકરીની ભરતી કરીને ફોન જોડેલો સ્વામીશ્રીને.

તેમાં તેઓએ રડતા અવાજે રજૂ કરેલી કથની સાંભળી સ્વામીશ્રી બોલેલા : 'અમે મહારાજને પ્રાર્થના કરશું. તમે ચિંતા ન કરશો. તમારી બેબીને કાંઈ નહીં થાય. આશીર્વાદ છે.'

બસ ! તે ઘડીથી સ્વામીશ્રીના આ શબ્દો પેલી બેહોશ બાળાની લાઇફ લાઇન (જીવાદોરી) સમા બની ગયેલા. તે પછી તો સ્વામીશ્રીના આશીર્વાદની આ અમૃતધારા સળંગ નવ દિવસ સુધી વહેતી રહી.

પાંચેક દિવસ બાદ આ બાળકીને અન્ય અસ્પતાલમાં ખસેડવી પડી. છતાં રોજ સાંજે સાડા છ-એક વાગ્યાના સુમારે સ્વામીશ્રીનો ફોન બિછાનાવશ બેબીના પિતા પર આવે જ ! પોતાના વ્યસ્ત કાર્યક્રમમાં પણ તેઓ આ ક્રમ ન ચૂકે. તેમાં સ્વાસ્થ્યના સમાચાર પૂછતાં સ્વામીશ્રી 'હું બેઠો છું ને !' કહી હૂંફ

અને હિંમત આપે. તેથી સૌ હાશ પામે. તેની સાથે આ પિતાને એક આશ્ચર્ય એ પણ અનુભવાય કે ફોનમાં સ્વામીશ્રી જે કહે તે મુજબનો સુધારો બીજા દિવસે પુત્રીની તબિયતમાં થયો જ હોય !

તેઓની આવી દયા અને દરકારને કારણે દીકરી નવ દિવસ બાદ સ્વસ્થ થતાં આ પરિવારમાં ખુશાલી ફરી વળી, પરંતુ આંખો પટપટાવવા માંડેલી પેલી બાળાને તો સ્વામીશ્રીનો આભાર કેવી રીતે માનવો તેની કોઈ સૂઝ જ ન પડી ! તે તો મોક્ષદાતાની સાથે જીવનદાતા પણ પુરવાર થયેલા સ્વામીશ્રીને અશ્રુભીની આંખે વધાવતી રહી.

સ્વામીશ્રી વિષે આવી જ કૃતજ્ઞતા આ સમયે સુરેન્દ્રનગર જિલ્લાની પ્રજા પણ અનુભવી રહી. આ જિલ્લાનાં અચારડા, મોજીદડ, પાંદરી, દેદાદરા, ભદ્રેશી, બાકરથળી વગેરે સોળ ગામોમાં ભૂકંપને કારણે ભોંયભેગી થયેલી શાળાઓનું પુનર્નિર્માણ સંસ્થા દ્વારા થવાનું હતું. તેના એક ચરણરૂપે તા. ૩૧/૮ની સવારે સ્વામીશ્રીએ આ સોળ શાળાઓની સાથે સારંગપુરની પ્રાથમિક શાળાના નિધિ કુંભ અને ઇષ્ટિકાઓનાં પૂજન કરી સરસ્વતીનાં ઝરણાં ગામોગામ વહાવી દીધાં !

## પ્રમુખસ્વામી પોતે જ એક યુનિવર્સિટી

આ અરસામાં ભારત સરકાર દ્વારા સન ૨૦૦૧ને 'રાષ્ટ્રીય પુસ્તક વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું હોવાથી દેશનાં વિવિધ વિશ્વવિદ્યાલયો દ્વારા પુસ્તકોનાં સર્જન અને પ્રકાશનની પ્રવૃત્તિ ઘણો વેગ પકડી ચૂકેલી. આ ક્રમમાં ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડે અનેક પુસ્તકો પ્રકાશિત કરી ભારતભરમાં મોખરાનું સ્થાન મેળવેલું. આ ગ્રંથભંડાર પૈકીના એક 'વેદોની વાણી' પુસ્તકના ચાર ભાગનો સંપુટ સ્વામીશ્રીનાં કરકમળોમાં ભેટ ધરવા તા. ૪/૯ની સવારે યુનિવર્સિટીના કાર્યવાહકો આવી પહોંચ્યા.

સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દરમ્યાન યોજાયેલા આ અર્પણ સમારોહમાં પોતાની લાગણીને વાચા આપતાં ગ્રંથનિર્માણ બૉર્ડના અધ્યક્ષ ડૉ. કેશુભાઈ દેસાઈએ જણાવ્યું કે 'વિશ્વના કોઈ પણ સર્જકે રચેલા ગ્રંથો કરતાં જો કોઈ મોટો જીવતો-જાગતો ગ્રંથ આપણને ઉપલબ્ધ થયો હોય તો તે પ્રમુખસ્વામી મહારાજ છે ! પ્રમુખસ્વામી એ કોઈ વ્યક્તિ નથી, એ પોતે જ એક યુનિવર્સિટી છે. મને તો એમનામાં સાક્ષાત્ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં દર્શન થાય છે.

મને એમનામાં ગાંધીજી, બુદ્ધ અને મહાવીર દર્શાય છે. પ્રમુખસ્વામી મહારાજ એક એવી વિશ્વવિભૂતિ છે કે જેને હજારો વર્ષ સુધી આ દુનિયા ભૂલશે નહીં. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા સીમાસ્તંભ તરીકે યાદ કરશે.'

આ અનુભૂતિ સાથે ડૉ. કેશુભાઈ દેસાઈ તથા તેઓના સાથી કાર્યકરોએ 'વેદોની વાણી'ના ચાર ભાગ સ્વામીશ્રીને અર્પણ કરી કૃતકૃત્યતા અનુભવી.

પરંતુ સારંગપુરમાં માણેલો સ્વામીશ્રીનો સહવાસ પ્રબુદ્ધ કેળવણીકાર અને નવલકથાકાર ડૉ. દેસાઈને મન એવો ભાવી ગયો કે તેઓએ ત્રણ દિવસ બાદ 'ગાંધીનગર સમાચાર' નામના અખબારમાં લખ્યું :

*"વીસમી સદીના શરૂઆતના દસકાઓ દરમ્યાન દુનિયા એક ગુજરાતીને 'ગાંધી' તરીકે ઓળખતી થઈ, જે કાળક્રમે સદીના સૌથી મોટા માણસ તરીકે પૂજાયા. વીસમી સદીના અંતિમ ચરણમાં એવું જ બીજું એક ગુજરાતી નામ ગાજ્યું તે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું! પૂરી સંભાવના છે કે દુનિયા એમને ભવિષ્યમાં એકવીસમી સદીની ઉત્તમોત્તમ આધ્યાત્મિક વિભૂતિ લેખે પૂજવા લાગે! ખરું પૂછો તો એ ભારતીય સંસ્કૃતિના ચૈત્ય પુરુષ છે. એ આપણી અખિલાઈના વૈશ્વિક એલચી છે. ૮૧ વર્ષની જૈફ વયે પ્રમુખસ્વામી કેટલું કામ કરે છે!*

*સારંગપુરની તીર્થભૂમિમાં પ્રાતઃભ્રમણ કરતા પ્રમુખસ્વામીનાં દર્શન ખરે જ મંગલકારી લાગ્યાં! તબીબ હોવાને નાતે મેં એને સ્થૂળ તબીબી સલાહના અમલીકરણ તરીકે જોવાની કોશિશ કરી જોઈ, પણ વળતી જ પળે મારો તબીબ હરિભક્તમાં પલટાઈ ગયો. મને એમના વૃદ્ધ શરીરમાં આખેઆખું બ્રહ્માંડ દૃષ્ટિગોચર થઈ રહ્યું! એમણે તે વખતે તો મારી સામે દૃષ્ટિપાત સુધ્ધાં નહોતો કર્યો. છતાં મારું મુગ્ધ મન એમની ચરણરજ લેવા એમની પાછળ દોડવા લાગ્યું. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ દ્વારા પ્રકાશિત 'વેદવાણી'નો સંપુટ એમનાં ચરણકમળમાં મૂકવા ગયેલો હું પોતે જ આખેઆખો એમનાં ચરણોમાં ઢળી પડ્યો, કારણ કે મને તો નજર સામે ચારેય વેદ એકાકાર થઈ દેહસ્વરૂપે વૉકિંગ કરી રહ્યા હોય એવું ભાસતું હતું! વેદ અપૌરુષેય ખરા, પણ એમનેય ક્યારેક પ્રગટ થવાનું મન થાય તો જરૂર એ પ્રમુખસ્વામી સ્વરૂપે જ પ્રગટે.*

*કલ્પના પણ નહોતી કે સારંગપુરના સત્સંગ પ્રસંગે આવું બધું સૂઝી*

*આવશે. મારે તો સ્વામીનાં ચરણમાં ગ્રંથસંપુટ મૂકી ચૂપચાપ પાછા વળવું હતું, પણ એમણે તો વહાલપની છોળ્યો ઉડાડી દીધી. 'બાપા' તરીકે ઓળખાતા ધર્મપુરુષની ભીતર બેઠેલી 'માતા' મહોરી ઊઠી! કોણ કહે છે કે સંતોને સાધારણ માણસોની કદર નથી હોતી? એમણે આખો પ્રાતઃપૂજા મહોત્સવ મારા જેવા અકિંચન, અર્ધનાસ્તિક પર ઓવારી દઈ એમના હૃદયની વિશાળતાનો પરચો પૂરો પાડ્યો.*

*વર્ષો અગાઉ મારી સાસરીના ગામ ભદ્રેસર ખાતે પ્રમુખસ્વામીની નિશ્રામાં ઊજવાયેલા એક સમારોહના મંચ પરથી મેં એમના જેવા ધર્મપુરુષને કઠે એવા ઉદ્‌ગાર કાઢેલા કે 'ઈશ્વરે માણસનું સર્જન કર્યું હશે કે કેમ, એનો તો આપણી પાસે કોઈ નક્કર પુરાવો નથી, પરંતુ દરેક યુગમાં માનવી પોતાની અનુકૂળતા મુજબનો ઈશ્વર સર્જતો રહ્યો છે, એટલું તો નક્કી!'*

*ત્યારે એમણે મારા એકેય શબ્દનો પ્રતિકાર નહોતો કર્યો! વર્ષો પછી સારંગપુરના માંડવે અહૈતુકી કૃપા અને કરુણાનો વરસાદ વરસાવી દઈ એમણે વેર વાળી દીધું! હું બોલ્યો નહીં, પણ મનોમન મૂંઝારો તો અનુભવ્યો જ! બાઈબલનો 'પ્રોડિગલ સન' મારા અસ્તિત્વનો કબજો લઈ બેઠો. એને એમ લાગતું હતું કે પોતે વંઠી ગયો એટલે પિતા એને જાકારો આપશે, પણ પિતાને તો એવો વિચાર સરખો પણ નહોતો આવ્યો! મને લાગ્યું કે બાપાનેય મારામાં એવા જ કોઈ દીકરાના દીદાર થયા હોવા જોઈએ. એવું ન હોય તો આટલા બધા વરસે જ શું કામ!"*

એક સુજ્ઞ અને સમતોલ લેખકની કલમેથી નહીં, પણ કાળજેથી વહી છૂટેલા શબ્દો છે આ! સ્વામીશ્રીનું અલ્પ સાંનિધ્ય પણ માનવીના જીવતરનું પાનેતર કેટકેટલા અવનવા રંગોથી ભરી દેતું!

## દિશાનું દર્શન

તા. ૬/૯નો દિવસ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો હોવાથી આજે સ્વામીશ્રી પ્રભાતના પ્રથમ પ્રહરથી જ ભાવોદ્રેકમાં સરી પડ્યા. એ જ સ્થિતિમાં તેઓએ મંદિર-દર્શન અને પ્રાતઃપૂજાનો નિત્યક્રમ પૂર્ણ કરી મહેસાણાના મંદિરમાં બિરાજનારી ચલમૂર્તિનાં પ્રતિષ્ઠા-પૂજન કર્યાં.

તે પછી અલ્પાહાર ગ્રહણ કરીને ઉત્સવ-સભામાં પધારેલા તેઓ

શાસ્ત્રીજી મહારાજના ભવ્ય તૈલચિત્રની પિછવાઈ ધરાવતા મંચ પર બિરાજ્યા ત્યારે જાણે ગુરુની ગોદમાં બેઠા હોય તેવું હૃદયંગમ દૃશ્ય સર્જાઈ રહ્યું. આ રીતે દર્શનદાન દેતા સ્વામીશ્રીએ છ હજાર ભક્તોની હૈયાકટોરીમાં શાસ્ત્રીજી મહારાજનો અમલ ઘોળ્યો.

ત્યારબાદ સૌને સમીપ દર્શનનું સુખ આપી તેઓ ભોજનકક્ષમાં પધાર્યા ત્યારે અહીં તો *'રૂડી રૂપાળી કરી રસોયો, જુગતે જન જમાડિયા...'*નો ઘાટ રચાઈ રહ્યો. પોતાના આસને બિરાજી સ્વામીશ્રી એક કલાક સુધી દૂધપાક વડે સંતોનાં પત્તર અને અંતર છલકાવતા ગયા.

આ રીતે સૌને તૃપ્ત કરી તેઓ જમવા બિરાજ્યા ત્યારે તેઓને પીરસવા માટે સંતોએ મહંત સ્વામીને વિનંતી કરી. તે મુજબ મહંત સ્વામીએ ઊભા થઈ સ્વામીશ્રીના પત્તરમાં થોડો દૂધપાક રેડ્યો. તે જોઈ સંતોએ સ્વામીશ્રીને પત્તર મોઢે માંડવા પ્રેમભરી પ્રાર્થના કરી. આ ભાવપ્રવાહમાં તણાતા સ્વામીશ્રીએ બે હાથે પત્તર ઊંચકી, સહેજ આગળ ઝૂકી પત્તર મોઢે અડાડ્યું. તે સાથે જ મહંત સ્વામી પાતળી ધારે દૂધપાક પીરસવા લાગ્યા. આ સમયે સ્વામીશ્રી દૂધપાક પી રહ્યા અને સંતો તેઓની મૂર્તિ! થોડી વારે આ દુર્લભ દર્શન પર પૂર્ણવિરામ મૂકતાં સ્વામીશ્રીએ મુખથી પત્તર અળગું કર્યું ત્યારે ભોજનખંડ તાળીઓના અવિરત ગડગડાટથી ગાજી ઊઠ્યો.

પ્રસાદના આ સ્વાદમાં જ્ઞાનામૃતની મિલાવટ કરતાં સ્વામીશ્રીએ તા. ૧૧/૯ના પારાયણમાં જણાવ્યું કે –

'ભગવાન અને ગુરુ – આ બેનું જેણે ગમતું કર્યું છે તેણે બધા અવતારો, દેવો, ઋષિઓ, મુનિઓ, મનુષ્યમાત્રને રાજી કર્યા છે. આપણે કહીએ 'રાજી થાવ, રાજી થાવ', પણ એ કહે એમ કરીએ એટલે રાજી! આપણે માટે ચારેય દિશા મોકળી નથી, આપણે તો મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ એ આપણી દિશા છે.'

સૌને આ દિશાદર્શન કરાવી ઉતારે પધારેલા સ્વામીશ્રીને આજની રાત્રે અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા વિનાશક વિમાની હુમલાના સમાચાર મળ્યા. તે સાંભળી ભોજન કરવા બિરાજેલા તેઓએ સંતોને કહ્યું: ''બધા માળા ફેરવવા માંડો, શાંતિ થઈ જાય. યોગીજી મહારાજ કહેતા, 'આ અમારો એટમ બૉમ્બ!'' આમ કહી સ્વામીશ્રીએ આ દુર્ઘટનાના મૃતકો, ઈજાગ્રસ્તો માટે સહાનુભૂતિ દાખવ્યા બાદ મુખમાં કોળિયો મૂક્યો.

સમગ્ર વિશ્વને પોતાનો પરિવાર ગણતા તેઓ કોઈનેય પહોંચેલી પીડાથી દ્રવી ઊઠતા. તેથી આ દુઃખદ પ્રસંગે સ્વામીશ્રીએ અમેરિકન રાષ્ટ્ર-પ્રમુખને પ્રાર્થનાપત્ર પાઠવી દિલસોજી પણ વ્યક્ત કરી.

## દેવોના પૂજક, પશુના પાલક અને તીર્થોના ઉદ્ધારક

સારંગપુરમાં નિત્યક્રમાનુસાર મંદિર-દર્શને પધારતા સ્વામીશ્રીએ તા. ૧૨/૯ના રોજ ગણપતિના દેરા સમક્ષ ટકોર કરેલી કે 'અહીં શિવલિંગ પર જળઝારી હોવી જોઈએ. અભિષેક થયા કરે.'

તેના અનુસંધાનમાં તા. ૧૩/૯ની સવારે સ્વામીશ્રી અહીં આવ્યા ત્યારે પૂજારી શ્રી છગનભાઈએ જણાવ્યું કે 'બાપા ! શ્રાવણ માસમાં શિવલિંગ પર દૂધધારા અને બીલીપત્ર ચઢાવીએ છીએ.'

'એ સારું છે, પણ કાયમ માટે જળઝારી રાખવી અને દર સોમવારે દૂધનો અભિષેક તથા બીલીપત્ર ચઢાવવાં.' સ્વામીશ્રીએ કહ્યું.

પંચ દેવોનો આદર કરવાની શ્રીજી-આજ્ઞા પાળવામાં તેઓ પૂરા પ્રામાણિક રહેલા.

આ પૂજ્યભાવ સાથે તા. ૧૮/૯ની સવારે સારંગપુરથી ગઢપુર પધારેલા સ્વામીશ્રીએ અહીં મંદિર-સંકુલના નવીનીકરણને ખૂબ વેગ આપ્યો. દરેક જગ્યાએ જાતે જઈ નિરીક્ષણ કરવાની તેઓની પ્રકૃતિ. તેથી તેઓના અનુભવજ્ઞાન સાથે પ્રત્યક્ષ જ્ઞાન ભળતાં સંસ્થાકીય બાંધકામો અદ્ભુત અને મજબૂત બનતાં.

આ રીતે ગઢડાને લાભ આપતા સ્વામીશ્રી તા. ૨૩/૯ના રોજ ઠાકોરજીનાં દર્શન કરી ઉતારે પરત ફરી રહેલા ત્યારે મંદિરના ચોકમાં એક દરબાર ઘોડી અને વછેરી સાથે ઊભેલા. તેમાંથી વછેરીના બંને કાન એકબીજાને અડતાં જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આની કાનસૂરી ભેગી થાય છે. માથે સફેદ તિલક અને ચારેય પગમાં સફેદ રુવાંટી છે. આને પંચકલ્યાણી ઘોડી કહેવાય.'

આમ કહી તેઓએ વછેરીનાં ડિલે-માથે હાથ ફેરવી આશીર્વાદ આપતાં કુમકુમનો ચાંદલો પણ કર્યો. તેથી એ પંચકલ્યાણી ઘોડી આત્યંતિક કલ્યાણના માર્ગે પવનવેગે દોડવા માંડી ! આ પ્રસંગે સ્વામીશ્રીનાં પશુપ્રેમ અને પશુપરખ – બંને સ્મરણીય બની રહ્યાં.

જીવપ્રાણીમાત્ર પ્રત્યે આવી કરુણા વરસાવતા તેઓ આજની સાંજે

બોટાદના માર્કેટિંગ યાર્ડમાં યોજાયેલી કાઠી ક્ષત્રિય સમાજની સભાને ધન્ય કરી તા. ૨૪/૯ની સવારે અમદાવાદના જીવરાજ પાર્ક વિસ્તારમાં પધાર્યા.

અત્રે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી તેઓ શાહીબાગના મંદિરે આવી પહોંચ્યા.

અહીં તા. ૨૬/૯ની સવારે 'પ્રમુખસ્વામી હર્બલ કેર'ના એકમનું નિરીક્ષણ કરી 'પ્રમુખસ્વામી હેલ્થ કેર'માં પધારેલા તેઓનાં કરકમળો દ્વારા નવી યંત્રસામગ્રીનું ઉદ્‌ઘાટન થયું. ત્યારબાદ ભક્તિસદનના ભોંયતળિયે કાર્યરત 'પ્રમુખસ્વામી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફોર્મેશન ટેકનોલોજી'માં પગલાં પાડી સ્વામીશ્રી આજની સાંજે ગોઝારિયા અને મહેસાણા થઈને તા. ૨૭/૯ની સવારે પ્રસિદ્ધ માતૃગયા તીર્થ સિદ્ધપુર પધાર્યા.

અત્રે તેઓના વરદહસ્તે અલ્પા(અહલ્યા) સરોવરના જીર્ણોદ્ધારનો માંગલિક પ્રારંભ વૈદિક વિધિ દ્વારા કરવામાં આવ્યો. તે પછી સ્વામીશ્રીએ બિંદુ સરોવર ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યવાહકો શ્રી શંભુભાઈ વગેરે સાથે મોટી મેદનીની ઉપસ્થિતિમાં તીર્થવિકાસની રૂપરેખા દર્શાવતા બૉર્ડનું પૂજન કર્યું. અહીંથી અલ્પા સરોવરના કઠેડા પાસે પહોંચેલા તેઓએ દર્ભ વડે ઠાકોરજીનું પ્રાસાદિક જળ સરોવરમાં છાંટ્યું. ચાંદીની જળઝારીમાં ભરેલું કેસરમિશ્રિત જળ પણ મહાનુભાવોને સાથે રાખી સરોવરમાં રેડ્યું. તે સાથે અન્ય પૂજોપચારને પધરાવતાં સ્વામીશ્રી બિંદુ સરોવરના કિનારે પહોંચ્યા.

અત્રે તેઓએ પાઘ ઉતારી સરોવરનું જળ માથે ચઢાવી શ્રીજીમહારાજની સ્મૃતિ કરી. આ કુંડની ફરતે આવેલાં કર્દમ ઋષિ, દેવહૂતિ માતા, કપિલ મુનિ, શિવજી તથા હનુમાનજીનાં મંદિરોમાં પણ દર્શન કરી સ્વામીશ્રીએ પ્રાસંગિક સભામાં લાભ આપ્યો.

તેને અનુસરતાં આજની સાંજે શહેરમાં યોજાયેલી જાહેર-સભામાં પધારેલા તેઓનો ઋણસ્વીકાર કરતાં નગરપાલિકાએ હાઇવેથી સિદ્ધપુર તરફ જતા કાકોસી ચાર રસ્તાને 'સ્વામિનારાયણ ચાર રસ્તા' તરીકે ઘોષિત કર્યા. સિદ્ધપુરનું આ સૌજન્ય સ્વીકારી સ્વામીશ્રી મહેસાણા આવી પહોંચ્યા.

## સંપ અને સ્વાસ્થ્યનું સમપ્રમાણ

મહેસાણામાં પધારેલા સ્વામીશ્રી તા. ૨૭/૯ની રાત્રે મુલાકાતીઓને સંતોષ આપી સંતો સાથે ગોષ્ઠીરત બન્યા ત્યારે તેઓએ આપેલા સુખને

સંભારતાં એક સંતે પ્રાર્થના કરી કે 'બાપા! આપની તબિયત સાચવજો.'

'તમે સંપીને કામ કરો છો એટલે અમારી તબિયત સારી. તમારામાં સંપ તૂટે તો અમારી તબિયત બગડ્યા વગર રહે જ નહીં! તમારામાં સંપ હોય તો અમને પણ આનંદ રહે.' સ્વામીશ્રી બોલ્યા.

સંત-સત્સંગીના સંપ અને સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય એકમેકના સમપ્રમાણમાં ચાલતાં.

આ ભાથું બંધાવતાં તા. ૨૮/૯ની બપોરે અમદાવાદ પહોંચેલા સ્વામીશ્રીના આશીર્વાદ લેવા તા. ૩/૧૦ની સાંજે ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દોડી આવ્યા. શપથવિધિ પૂર્વે તેઓના મનમાં સ્વામીશ્રીના શુભાશિષ મેળવવાની જે ઝંખના હતી તે વ્યક્ત કરતાં તેઓએ આજની સભામાં જણાવ્યું: 'જ્યારે જ્યારે કર્ણાવતીમાં આવું છું ત્યારે મને પ્રમુખસ્વામીનાં દર્શનનો સ્વાર્થ જાગે છે. તેઓનાં ચરણોમાં અનેકાનેક વંદન કરીને વિરમું છું.' આટલું કહી શ્રી મોદી સ્વામીશ્રીને ઉદ્દેશી બોલ્યા: 'ખાસ આપના આશીર્વાદ મેળવવા જ આવ્યો છું. પછી નિરાંતે મળવા આવીશ.'

આ સમયે સ્વામીશ્રીએ પણ સૂચક આશીર્વાદ રેલાવ્યા કે 'ગુજરાતમાં અનેક પ્રશ્નો તો છે જ, પણ આવા કુશળ નેતા થકી આપણને ખૂબ સારો લાભ મળશે. ભગવાનને પ્રાર્થના કરીએ કે તેમને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જે સેવા સોંપવામાં આવી છે તે સફળતાપૂર્વક કરી શકે અને આગળ પણ એમની સેવા ચાલુ રહે.'

આમ કહી સ્વામીશ્રીએ શ્રી મોદીને ઠાકોરજીનાં ચરણે ધરેલું ગુલાબી કમળપુષ્પ શુભેચ્છારૂપે આપ્યું. આ ક્ષણોને ઉપસ્થિત હજારોની મેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

## સ્વામી તારી વાણીની બલિહાર

સ્વામીશ્રીના અમદાવાદમાં મુકામ દરમ્યાન ચાલી રહેલા અધિક માસ નિમિત્તે રોજેરોજ થતા રસપ્રદ કાર્યક્રમોની શૃંખલામાં તા. ૭/૧૦ની સાંજે બાળદિન નિમિત્તે બાળકોએ રજૂઆતો કરી. તેમાં ભળતાં સ્વામીશ્રીએ પણ પોતાના ખોળામાં મૂકેલું ઢોલક વગાડતાં વગાડતાં બાળકો દ્વારા ગવાતી ધૂન ઝીલી. તે પછી તેઓ બાળકો સાથે રાસ રમ્યા, તો બાળ સંચાલકોના શિશુઓને ચમચી વડે ખીર પિવડાવી સૌને સ્વાદિષ્ટ સ્મૃતિ પણ આપી.

અંતે બાળસુલભ શૈલીની આશીર્વર્ષાથી સૌને ભીંજવી તેઓ ઉતારે પધાર્યા ત્યારે તેઓની પાછળ-પાછળ એક ખબરપત્રી પણ આવી પહોંચ્યા.

'વેસ્ટર્ન ટાઈમ્સ' અખબારના એ પત્રકાર શ્રી રામુભાઈ સ્વામીશ્રીને પંચાંગ પ્રણામ કરતાં અહોભાવ ઉચ્ચારવા માંડ્યા કે 'આજે આપને સભામાં સાંભળ્યા. એટલું સુંદર, સરળ, હૈયા સોંસરું ઊતરી જાય એવું વ્યાખ્યાન! ગામડાગામના માણસને પણ હૃદયમાં ભાવ બેસે એવી વાણી! આનંદ-આનંદ થઈ ગયો. લખવાનું મારું કામ છે છતાં એ વર્ણન માટે મારી પાસે શબ્દો નથી. असितगिरिसमं स्यात्[૪૦] જેવું લાગે છે!'

આ અનુભૂતિથી વિશેષ એ સંવાદદાતા કશું જ ન બોલી શક્યા. તેઓના કંઠને ગળગળા સાદે રૂંધી નાંખ્યો.

## નાની, ટૂંકી દૃષ્ટિની વાત નહીં

તા. ૧૦/૧૦ની સવારે અલ્પાહાર બાદ સ્વામીશ્રી પત્રવ્યવહારમાં પરોવાયા ત્યાં જ અમદાવાદના મેયર શ્રી હિંમતભાઈ પટેલ દર્શને આવી પહોંચ્યા. તેઓએ આવતાંવેંત સંસ્થાકીય રાહત કાર્ય વિષે પ્રતિભાવ આપ્યો કે –

"સ્વામીજી! ભૂકંપમાં આપની સંસ્થા જે કાર્ય કરે છે તે અનન્ય છે. સમાજને હવે વિશ્વાસ કેવળ આપનામાં જ રહ્યો છે. બહારથી જે સંસ્થાઓ સહાય લઈને આવે છે તે કહેશે કે 'અમારે સરકારને નથી આપવું, પ્રમુખસ્વામીની સંસ્થાને આપવું છે."

કાર્યની કલગી સમી આ પ્રશંસા સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'સરકારમાં બધા જ એવા નથી હોતા. ઘણા સારા પણ હોય છે, જે પ્રામાણિકતાથી ખૂબ મહેનત કરે છે. અમારી સંસ્થા સિવાય પણ ઘણા લોકો તથા ઘણી ધાર્મિક-સામાજિક સંસ્થાઓ છે, જેમણે સારું કાર્ય કર્યું છે.'

અનીતિના અંધકારમાં પણ નીતિના નૂરથી ઝળહળતાં રત્નો જોઈ શકવાની આંખ સ્વામીશ્રી પાસે હતી. તેથી તેઓ સત્યનિષ્ઠ અને ફરજપરસ્ત

---

૪૦. असितगिरिसमं स्यात् कज्जलं सिन्धुपात्रे, सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं, तदपि तव गुणानामीश! पारं न याति॥
નીલ પર્વત જેટલું કાજળ હોય, મહાસાગર જેવડો ખડિયો હોય, કલ્પવૃક્ષની ડાળની કલમ હોય, પૃથ્વી જેવડો કાગળ હોય અને તે લઈ સરસ્વતી સદા કાળ લખ્યા કરે તોપણ હે ભગવન્! આપના ગુણોનો પાર આવે એમ નથી.

મનુષ્યોની કદર કરી જાણતા.

તેઓના આવા નિરાળા વ્યક્તિત્વનું એક નવતર પાસું ખોલતાં આજની સાયંસભામાં રાજ્યના નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે "જ્યારે સ્વામીબાપા સાથે બેસવાનું થયું છે ત્યારે તેઓને પ્રજાની ચિંતાના જ પ્રશ્નો! તેઓ પૂછે કે 'નર્મદાનું કેટલે આવ્યું? આનું શું થયું? ફલાણું કામ કેટલે આવ્યું? મારી ક્યાંય જરૂર હોય તો કહેજો.' આવી સામુદાયિક ભાવના. કોઈ નાની, ટૂંકી દૃષ્ટિની વાત નહીં. તેથી મનમાં એવી લાગણી થાય કે બાપા જ્યાં મળે ત્યાં એમનાં દર્શન ને આશીર્વાદ લઈ આવીએ."

સ્વામીશ્રીનું આકર્ષણ તેઓના ગુણોથી હતું. તેથી જ જિંદગીમાં એક પૈસો પણ પોતાની જાહેરાત પાછળ ન ખર્ચવા છતાં તેઓને મળવા-સાંભળવા દેશ-વિદેશમાં નેતાથી માંડી નાગરિકોની હારમાળા ખડકાઈ જતી.

## ઘાયલ બનીને સુખ સૌ, જગને એ દઈ ગયા

અમદાવાદના મણિનગરમાં મંદિર માટે સંપાદિત થયેલી ભૂમિ પર તા. ૧૧/૧૦ની સાંજે પદાર્પણ કરવા નીકળેલા સ્વામીશ્રી શ્રીજીમહારાજના પ્રાસાદિક પગલાં મંદિરે પધાર્યા. અત્રે દર્શન બાદ તેઓ રસ્તાની આગળ ઊભેલી હનુમાનજીની દેરીએ પણ વંદન કરી આપણા મંદિરની જમીન પર આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી પહેલી જ વાર પધારી રહ્યા હોવાથી તેઓએ ગાડીમાંથી ઊતરી બધે ફરતાં ફરતાં નિરીક્ષણ કર્યું અને પુષ્પો પણ વેર્યાં. તે પછી સભાસ્થળે આવેલા તેઓ મંચ પાસે પ્રતીક્ષા કરી રહેલા પંદરેક મહાનુભાવોને ઊભાં ઊભાં જ મળી મંચનો ઢાળ ચઢવા લાગ્યા. તે વખતે પોતાનાં ચરણ સામે જોતાં સ્વામીશ્રી બોલ્યા: 'કીડીઓ લાગે છે!'

તેઓના આ ઉદ્‌ગારથી સતર્ક થયેલા સેવકોએ ધ્યાનપૂર્વક જોયું તો સ્વામીશ્રીના બંને પગે છેક પિંડી સુધી ઘણી લાલ કીડીઓ ફરી રહેલી. સ્વામીશ્રી મહેમાનોને મળવા મંચની ધારે જ્યાં ઊભા રહેલા તે સ્થળે જ કીડીઓનું દર હતું. એ વસાહતમાંથી ઊભરાયેલું કીડીઓનું કટક અત્યારે સ્વામીશ્રીની કૂણી ચામડીને ઠોલી-ફોલી રહેલું.

હેબતાઈ જવાય એવું આ દૃશ્ય જોઈ સેવકો ત્યાં ને ત્યાં જ નીચે બેસી ગયા અને પેલા કીટકોને ખંખેરવા લાગ્યા. તે પછી મંચ પર આવી ગયા બાદ

પણ સ્વામીશ્રીને એક ખૂણે ઊભા રાખી ફરી વાર પેલી જંતુઓની જમાતને ખંખેરવામાં આવી, પણ સ્વામીશ્રીનું સુખ છોડવું કોને ગમે? તેથી કેટલીક કીડીઓ તો ચામડી સાથે એવી ચોંટી ગયેલી કે તેને ચૂંટી-ચૂંટીને પ્રયત્નપૂર્વક અળગી કરવી પડી. ધોતિયાની સળમાં સંતાઈ-સલવાઈ ગયેલી કીડીઓનેય શોધી-શોધીને દૂર કરી.

તે વખતે સેવકોએ સ્વામીશ્રીને પૂછ્યું: 'કીડીઓ કરડી છે?'

પ્રતિભાવમાં સ્વામીશ્રી મૌન રહ્યા, પણ 'પાણી ચોપડે તો ચળ ઓછી થાય?' એવી તેઓની પૂછપરછે પીડાનું પ્રકરણ ખોલી નાંખ્યું! તેથી પાણીના પ્રબંધ માટે ચક્ર ગતિમાન થયાં. પરંતુ તે આવે ત્યાં સુધી સભામાં બિરાજેલા સ્વામીશ્રી જમણું ચરણ ડાબા ચરણ પર ટેકવી તેના પિંડી સુધીના ભાગ પર કોઈને અણસાર ન આવે એમ વલૂરતા રહ્યા. તેઓની આ ક્રિયા તેઓએ ખમેલા લાલ કીડીઓના ચટકા સૂચવતી રહી. છતાં અપૂર્વ આત્મનિષ્ઠાના બળે તેઓના મુખ પર વિલસતી પ્રગાઢ શાંતિ અને સ્થિરતાએ એક પણ સભાસદને તેઓની આ વેદનાનો અણસાર સુધ્ધાં આવવા ન દીધો!

થોડી વારમાં ઠંડું પાણી આવી જતાં તેમાં પલાળેલા રૂમાલ વડે સ્વામીશ્રીનાં ચરણ લૂછવામાં આવ્યાં. તાબડતોબ મંગાવેલી દવા પણ ચોપડવામાં આવી. તે સમયે સૌને કંઈક અઘટિત બન્યાનો અણસાર આવ્યો.

આ સમયે મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા સરદાર પટેલ હૉસ્પિટલથી એલ. જી. હૉસ્પિટલ સુધીના રસ્તાને 'પ્રમુખસ્વામી માર્ગ' અને મણિનગરના નિર્માણાધીન હરિમંદિરના આંગણે એકત્રિત થતા ચાર રસ્તાને 'અક્ષર ચોક' ઘોષિત કરવામાં આવ્યા. જો કે આ જાહેરાતને હર્ષનાદથી વધાવતા સૌ સભાસદોનાં મન તો હજીયે સ્વામીશ્રીને આપવામાં આવેલી પેલી સારવાર જોઈ તેઓને પહોંચેલી કંઈક તકલીફનો તાગ કાઢવા જ મથી રહેલાં; પણ એ મુશ્કેલીના મૂળ સુધી કોઈ પહોંચે તે પૂર્વે તો સૌને આશીર્વાદ આપી સ્વામીશ્રીએ વિદાય લઈ લીધી.

પરંતુ તેઓ મંદિરે આવી પોતાના ઓરડામાં બિરાજ્યા ત્યારે કીડીઓની કથાનું પાનું ઊઘડ્યું. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: "હું મહેમાનો સાથે વાત કરતો હતો ત્યારે પગમાં સળવળ-સળવળ થતું લાગ્યું. એટલે થયું કે 'શું છે આ?' ત્યાં તો કીડીઓ ચટકા ભરવા માંડી."

આ ઘટસ્ફોટ સાંભળી સંતોએ અત્યારે સ્વામીશ્રીનાં ચરણ પુનઃ તપાસ્યાં

તો બંને પગે ચટકાનાં ચિહ્નો સ્પષ્ટ નજરે ચડ્યાં. દંશની એ નિશાનીઓ કીડીઓની સંખ્યા ઘણી હોવાનું સૂચવી રહી.

તે વખતે *'પોતાના તો પીડાતા'તા પ્રાણ, તોય ન કરી નકારની વાણ...'* સમા સ્વામીશ્રીની દેહાતીત સ્થિતિ અને તેમાંથી પ્રસરેલા ધીરજ, સહનશીલતા, પરગજુપણા જેવા કંઈક સદ્‌ગુણોની સુગંધે વાતાવરણને તરબતર કરી મૂક્યું.

## ભગવાનને માન્યા વગર છૂટકો જ નથી

ધોળકાના નિર્માણાધીન મંદિર પર ચઢનારા સુવર્ણ કળશ અને ધજાદંડનું પૂજન તા. ૧૩/૧૦ની સવારે કરી સ્વામીશ્રીએ આજની સાયંસભામાં સચોટ તર્ક સાથે ભગવાનના અસ્તિત્વને સિદ્ધ કરતાં જણાવ્યું કે –

"લોકોને કંઈ બંદૂક દેખાડીને 'ભગવાન છે' એવું મનાવવાની વાત નથી, પણ માણસ ભગવાનમાં માને છે છતાં 'હું માનતો નથી' એવું કહેવડાવે છે. સંત સ્વામી પાસે આવેલા એક ભાઈ કહે, 'હું નાસ્તિક છું.' સંત સ્વામી કહે, 'તમે આસ્તિક જ છો.' પેલો કહે, 'કેવી રીતે?' તો સંત સ્વામી કહે, 'તમારે મા છે, બહેન છે, પત્ની છે. તેમાં આ મા, આ બહેન, આ પત્ની, આ દીકરી – એમ કેવી રીતે કહો છો? આ વિક્તિ તમને સમજાઈ ક્યાંથી? આપણાં શાસ્ત્રોથી, ભગવાનથી આ વિક્તિ આવી. બાકી બૈરાં બધાં સરખાં જ દેખાય છે, તોય સરખાં કહેવાય છે?' એટલે માણસ 'હું ભગવાનમાં નથી માનતો' એમ કહે છે છતાં માને તો છે જ!

*'જેણે રચ્યું આ જગત, જોને ઝૂઝવી આ જાતનું; જોતાં મૂંઝાઈ જાયે મત, એવું કર્યું ભાત ભાતનું રે...'* પતંગિયાંની પાંખોમાં કેટલા સુંદર રંગ! તે ક્યારેય જાય જ નહીં. એક પાણીના ટીપામાંથી આપણું શરીર બને છે. આવો આકાર કયો કારીગર, કયો મિસ્ત્રી, કયો આર્ટિસ્ટ ત્યાં ઘડવા ગયો? એક જ ટીપામાંથી આવી સુંદર રચના કોઈ વિજ્ઞાની કરી શક્યો નથી ને કરી શકશે પણ નહીં! રોબોટ બનાવે પણ તે સાંભળી શકે ખરો? બોલી શકે ખરો? ભગવાન અનંત કોટિ બ્રહ્માંડના જીવોનું પોષણ કરે છે, આપણે પાંચ જીવોને સુખી કરી શકતા નથી. માટે ભગવાનને માન્યા વગર છૂટકો જ નથી. માણસના મગજમાંથી કમ્પ્યૂટર બન્યું છે તો તે માણસ બનાવનારા ભગવાન કેટલા મોટા હશે?

ખેડૂત દાણા વાવવા જાય છે. એ દાણો ગમે તેમ નાખે છે, પણ ઊંચો

લાવે છે ભગવાન જ ! ઝાડ ઉપર ફળ લટકે છે. તેમાં રસ આવ્યો એનો પ્રોસેસ કેવી રીતે થયો ? વળી, જેવું ફળ એવા રસ. આ બધી વસ્તુ જોઈએ ત્યારે ખ્યાલ આવે કે આ ભગવાને જ કર્યું છે. એ ભગવાન જીવોના કલ્યાણ માટે પૃથ્વી પર મનુષ્ય દેહ ધારણ કરે છે, પછી તે ભગવાન પોતાના એકાંતિક સંતો દ્વારા પ્રગટ રહી જીવોનું કલ્યાણ કરે છે. એટલે ભગવાન છે, છે ને છે !''

## મનવાંછિત ફળ દીધાં રે

તા. ૧૪/૧૦ની બપોરે સ્વામીશ્રી જમવા બિરાજ્યા ત્યારે એક શિશુને ઊભો કરી સંતોએ કહ્યું : 'બાપા ! આ બાળકને આપ અહીં પધાર્યા ત્યારથી આપના વૉકિંગ વખતે કીર્તન ગાવાનો સંકલ્પ હતો, પણ સંજોગોવશાત્ વૉકિંગ બંધ રહ્યું. માટે અત્યારે ભોજન દરમ્યાન બે કડી ગાશે.'

'બે કડી નહીં, આખું કીર્તન ગાય. એનો સંકલ્પ હતો ને !' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ કદી કશું અધૂરું ન રાખતા. તેથી પેલો બાળક ફાવી ગયો. તેણે '*હરિજન સાચા રે...*'નાં બે પદ ગાયાં ત્યાં જ સંતોએ પૂર્ણાહુતિની જય બોલાવી. તે સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું : 'કેમ ? પૂરું થઈ ગયું ?'

'હજી સાબરમતી અને રાણીપ વિસ્તારનું રિપોર્ટિંગ બાકી છે. એનો સંકલ્પ હતો તે બે કડીને બદલે બે પદ ગાયાં.' કો'ક સંતે આ સ્પષ્ટતા કરી.

ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'એમ નહીં, એનો સંકલ્પ કેટલો હતો ?'

'બે કીર્તન ગાવાનો !' બાળક જ બોલ્યો.

'તો બરાબર !' સ્વામીશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો. તે સાથે પેલા બાળકે આનંદ વ્યક્ત કર્યો અને સૌએ આશ્ચર્ય ! સ્વામીશ્રીના બાગમાં કોઈ કળીના ભાગમાં ગ્લાનિ-હાનિ આવતાં જ નહીં.

આ રીતે સૌને મનવાંછિત ફળ દેનારા તેઓના મુખે આ જ દિવસની સાંજે અહીંના 'અક્ષર સ્વરમંદિર'માં 'ૐ સ્વામિનારાયણાય નમઃ' મંત્રોચ્ચારનું ધ્વનિમુદ્રણ કરવામાં આવ્યું. સ્વામીશ્રીનો આ મધુર ગુંજારવ આજેય કેટલાંયનાં મન અને સદનને આનંદ-ઉલ્લાસથી ભરી રહ્યો છે.

## ભક્તવચ્છલ મલ્યો સ્વામી

તા. ૧૫/૧૦ની સવારે આંબાવાડી વિસ્તારના હરિમંદિરમાં અક્ષર-

પુરુષોત્તમ મહારાજને પધરાવી કંઈકના જીવનમાં મોક્ષની મંજરીઓ ખીલવતા સ્વામીશ્રી શાહીબાગ પરત ફર્યા ત્યારે અહીં દર્શને આવેલા હાઈકોર્ટના જજ શ્રી શેઠનાએ તેઓ સમક્ષ અનુભૂતિ ઉચ્ચારી કે 'મને બાળપણથી સાધુ-સંતો પ્રત્યે ભાવ છે, પરંતુ સૌથી વધુ કહેવાય તો એક આપ છો! આપને જોઈએ ત્યારે લાગે કે ભગવાનને આપણે જોયા નથી, પણ ભગવાન સંતરૂપે જોવા હોય તો આપનામાં દર્શન થાય.'

એક જજનું આ જજમેન્ટ સમજાવી ગયું કે 'સ્વામી શ્રીજીનું સત્ય-સ્વરૂપ છે...'

આ સ્વરૂપ તા. ૧૭/૧૦ની સવારે અમદાવાદથી પોરબંદર પહોંચ્યું.

અહીં ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા દ્વારા સંચાલિત સાંદીપનિ વિદ્યાનિકેતનમાં આજથી શરૂ થતી નવરાત્રિના નવ દિવસો દરમ્યાન રામચરિત-માનસનાં ગાન અને અનુષ્ઠાન યોજાયેલાં. આ આયોજનનું ઉદ્‌ઘાટન કરી સ્વામીશ્રી આજની સાંજે રામકૃષ્ણ આશ્રમમાં પધાર્યા.

અહીંના સંચાલક પૂજ્ય નિખિલેશ્વરાનંદે તેઓનો યથોચિત સત્કાર કરી જણાવ્યું કે 'આ સંકુલમાં પરિવ્રાજક તરીકે સ્વામી વિવેકાનંદે ચાર મહિના સુધી નિવાસ કરેલો. તે સમયે અત્રે રહેતા પંડિત શ્રી શંકર પાંડુરંગે તેઓને વિદેશ પ્રવાસ ખેડવાની પ્રેરણા આપેલી.'

આવા ઐતિહાસિક સ્થળે અત્યારે કાર્યરત આશ્રમનું આતિથ્ય સ્વીકારી સ્વામીશ્રી ખીજડી પ્લોટના પટાંગણમાં યોજાયેલી સભામાં આવી બિરાજ્યા. અહીં તેઓને પોરબંદરની નગરપાલિકાએ સન્માનપત્ર આપી નવાજ્યા.

આ બહુમાન સ્વીકારી તા. ૧૮/૧૦ની સવારે કુતિયાણા પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અત્રે નિર્માણ પામેલા મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. તે પછી મેર જ્ઞાતિની વાડીમાં ધર્મલાભ આપી સ્વામીશ્રી દુષ્યંતભાઈ ભટ્ટના ઘેર જવા નીકળ્યા.

આ ઘર ગામની અંદર હોવાથી ત્યાં સુધી પહોંચવાનો રસ્તો સાંકડો અને વાંકા-ચૂંકા વળાંકોવાળો હતો. તેથી સ્વામીશ્રી માટે રખાયેલી મર્સીડીઝ ગાડી અનુપયોગી બની રહેતાં તેઓ જૂનાગઢના હરિભક્ત શ્રી સચીનભાઈ તન્નાની નાનકડી મારુતિ ગાડીમાં બેસી યજમાનના મકાને પહોંચ્યા!

પરંતુ આ ઘરનું બાંધકામ જુનવાણી હતું. વળી, તેના માલિક પરદેશ રહેતા હોવાને કારણે તે છ માસથી બંધ રહેલું અને ભૂકંપમાં ખખડી પણ

ગયેલું. આ બધી તકલીફોને કારણે સ્વામીશ્રીને બપોરનું ભોજન નવનિર્મિત મંદિરના નિકટવર્તી અને અનુકૂળ સ્થળે ગોઠવવાનું જણાવાયેલું, પરંતુ સ્વામીશ્રીએ જ આ યજમાન ભક્તને દૃષ્ટિમાં લીધેલા. તે મુજબ તેઓ અહીં તો આવી ગયા, પણ અત્રે સાંકડાં અને ઊંચાં પગથિયાં ચઢવાની મુશ્કેલી સામે આવી. ૮૧ વર્ષની આયુષ્ય અને હૃદયરોગનો ઇતિહાસ ધરાવતી વ્યક્તિ માટે કોઈ પણ સંજોગોમાં આ ચઢાણ હિતાવહ નહોતું. છતાં સેવકોના હાથની મજબૂત પકડ રાખી સ્વામીશ્રી જાળવી-જાળવીને ઉપર ચઢ્યા.

તેઓની આ ભક્તવત્સલ છબી અહીં ઠાકોરજી જમાડ્યા બાદ પોરબંદર જતી વખતે વધુ રંગીન અને સંગીન બની.

કુતિયાણાની સાંકડી ગલીઓને મારુતિ ફ્રન્ટી જેવી નાની ગાડીમાં બેસી પાર કરનારા સ્વામીશ્રી હાઈવે પરથી મર્સીડીઝમાં બેસી આગળ વધે તેવું આયોજન કરવામાં આવેલું. પરંતુ મારુતિ અને મર્સીડીઝના ચાલકો વચ્ચે યોગ્ય સંકલન ન સધાતાં સ્વામીશ્રી હાઈવે પર પહોંચ્યા, પણ ત્યાં તેઓની ગાડી ન દેખાઈ. તે જોઈ સ્વામીશ્રીએ નાની અને સાદી ગાડીના ચાલક શ્રી સચીનભાઈને કહ્યું : 'તમે હવે જવા દો ત્યારે.' આમ કહી તેઓએ સુવિધાસજ્જ ગાડી છોડી પ્રમાણમાં પ્રતિકૂળ આ નાની ગાડીમાં જ ગતિ આરંભી દીધી.

પરંતુ થોડી વારમાં પૂરવેગે મર્સીડીઝ આવી પહોંચતાં સ્વામીશ્રીને તેમાં બેસવાની વિનંતી થવાથી તેઓએ ગાડી બદલી, પણ તેઓની મુખાકૃતિ તો મારુતિ કે મર્સીડીઝ – બેમાંથી એકેયમાં લેશ ન બદલાઈ !

## હું તો સેવકજન પ્રતિપાળ

કુતિયાણાથી પોરબંદર પધારેલા સ્વામીશ્રીએ અહીં તા. ૧૮/૧૦ની સાંજે નાનજી કાલિદાસ મહેતા શૈક્ષણિક સંકુલને પાવન કરી તા. ૧૯/૧૦ની સવારે આ નગરના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજને પ્રતિષ્ઠિત કર્યા.

તે દ્વારા પોરબંદરને પ્રભુની ભેટ આપી તેઓ આજની સાંજે લોજ અને માંગરોળમાં દર્શન કરતાં ચોરવાડ પધાર્યા.

અત્રે અજમેરા પરિવારના સદનમાં રાત્રિરોકાણ કરી સ્વામીશ્રી તા. ૨૦/૧૦ની સાંજે વેરાવળ જવા નીકળ્યા ત્યારે રસ્તાની બંને કોરે ઝૂલી રહેલી નાળિયેરીઓ જોઈ તેઓ સહેજે બોલી ઊઠ્યા : 'દરિયાનું પાણી ખારું, પણ તેના કિનારે ઊગતી નાળિયેરીનું પાણી મીઠું.'

હંમેશાં ભગવાનના મહિમામાં જ ડૂબેલા રહેતા સ્વામીશ્રીને પ્રકૃતિના પાન કરતાંય મહિમાના ગાનમાં વિશેષ રસ હતો.

આ મહિમા તેઓએ વેરાવળની પટેલ બોર્ડિંગના પ્રાંગણમાં આયોજિત જાહેર-સભામાં પણ રેલાવ્યો. મહિમાનાં આ મોજાં વેરાવળમાં સતત વિસ્તરતા રહે તે માટે સ્વામીશ્રીએ તા. ૨૧/૧૦ની સવારે અહીંના નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી દીધા.

ત્યારબાદ તેઓ તા. ૨૨/૧૦ની સવારે સિંધી વાડીના હૉલમાં પ્રાતઃપૂજા કરી કાર્યકર શ્રી વિવેકભાઈ દવેના બંગલે ઉતારે પધાર્યા ત્યારે અત્રે ભક્તો-ભાવિકોનો મોટો સમુદાય ઊમટી પડેલો. તે જોઈ ગાડીમાંથી ઊતરતાં જ સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'આવો, દર્શન કરી લ્યો. હવે નાસ્તા પછી કોઈ આવશો નહીં. મારે જવું છે.'

આજના ભરચક કાર્યક્રમને કારણે તેઓ ઉતાવળમાં હતા, છતાં તેઓએ ભક્તોને ન તારવ્યા.

આમ, *'હું તો સેવકજન પ્રતિપાળ...'*ની રીતે રહેતા સ્વામીશ્રી અલ્પાહાર બાદ અત્રેથી વિદાય લઈ સવારે સાડા દસ વાગ્યે બાબરા(ગીર) પહોંચ્યા.

આ ગામમાં તેઓની પ્રથમ વારની પધરામણીને ચિરંતન રાખવા સ્થાનિક ભક્તો શ્રી લક્ષ્મણભાઈ, જગમાલભાઈ પીઠિયા વગેરેએ પોતાની અક્ષરવાડીમાં ઓટો તૈયાર કરેલો. આ સ્મૃતિસ્થાન પર માંગલિક મંત્રોચ્ચાર સાથે સ્વામીશ્રીએ શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં.

તે પછી આજની સાંજે કેશોદને પાવન કરનારા તેઓ વૃંદાવન કૉમ્પલેક્ષ આગળ ભરાયેલી જાહેર-સભામાં આશીર્વાદ વરસાવી ગુણાતીતના ગઢ સમા જૂનાગઢમાં આવી પહોંચ્યા.

## હોય તનમાં ન માને મન રે

જૂનાગઢમાં શ્રી કિરીટભાઈ રાણીંગાના બંગલે રોકાયેલા સ્વામીશ્રીએ તા. ૨૩/૧૦ની બપોરે ભોજન પૂર્વે સેવકોને કહ્યું: 'અહીં ગરદન પાછળ અને નીચે કેડમાં જરા દુઃખે છે.'

આ તકલીફ જાણમાં આવતાં જ સાંજે તબીબને બોલાવાયા. તેઓને સ્વામીશ્રીએ સહેજ વિશેષ જણાવ્યું કે 'ગરદનનો ભાગ ઝલાઈ ગયો હોય એવું લાગે છે. કમરમાં પણ થોડો દુખાવો થાય છે.'

'ક્યારથી થયું ?'

'બે દિવસથી છે. આજે જરા થોડું વધારે લાગ્યું એટલે કહ્યું.'

આ શબ્દો દ્વારા દર્દની સાથે સ્વામીશ્રીની જીવનશૈલી પણ વ્યક્ત થઈ રહી.

'*ભૂખ દુઃખ વળી શીત ઉષ્ણ રે, હોય તનમાં ન માને મન રે...*'ની જેમ વિચરતા તેઓ તનની ઉપાધિને ઝાઝી ગણકારતા જ નહીં. તેથી ડૉક્ટરે આપેલી આરામની સલાહને ન ગાંઠતાં સ્વામીશ્રી આજની સાંજે ભૂતનાથ મહાદેવના પ્રાંગણમાં યોજાયેલી સભામાં જઈ પહોંચ્યા. તેમાં નગરપાલિકાએ આપેલું સન્માન સ્વીકારી તેઓ તા. ૨૪/૧૦ની સવારે શ્રીજીનિર્મિત મંદિરે પણ દર્શન કરવા પધાર્યા.

અત્રે ગાડી દરવાજામાં પ્રવેશતાં જ તેઓએ જમણે હાથે નિર્દેશ કરી કહ્યું : 'ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણ બતાવી કહેલું એ અડસઠ તીરથવાળી એઠવાડની કુંડી અહીં હતી.'

આ નિર્દેશ દ્વારા ગુણાતીતના ગરવા ઇતિહાસને સજીવન કરતા તેઓ મંદિર-પરિસરનાં પ્રાસાદિક સ્થાનોમાં શીશ ઝુકાવી તા. ૨૫/૧૦ની સવારે વંથળી પધાર્યા.

અહીં તાંબડિયા શેરીમાં નિર્માણ પામેલા હરિમંદિરમાં સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સોરઠને વિશેષ બ્રહ્મભીનો કર્યો. ત્યારબાદ ચંદ મિલના મેદાનમાં પ્રતિષ્ઠા-સભા અને ગામના જૂના મંદિરે દર્શન કરી જૂનાગઢ પરત ફરેલા તેઓએ અત્રે પણ સાયંસભામાં લાભ આપ્યો.

આ સભામાં આશીર્વાદ પાઠવી ઉતારે જઈ રહેલા સ્વામીશ્રીને કોઠારી સ્વામીએ ગરદન તથા કમરના દુખાવા બાબતે 'હવે કેમ છે ?' એવું પૂછ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'પેટ, ગળું, માથું, કેડ દુઃખે છે.'

'બધું એકસાથે ?!'

'હા, એકસાથે.'

'હડિયું ઓછી કાઢો તો ઓછું થાય.' ગાડીચાલક ઇન્દ્રવદન મિત્રભાવે બોલ્યા.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હવે પહેલાં જેવું ક્યાં વિચરણ રહે છે ? હડિયું ક્યાં કાઢીએ છીએ ? હાથ ઝાલીને હાલીએ છીએ.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં ફરી એક વાર '*હોય તનમાં ન માને મન*

રે...'ની તેઓની રહેણી ઝળકી ગઈ.

## સોરઠની શાનના સર્જનનો શુભારંભ

સંત, સતી અને શૂરાની ત્રિવેણીથી તરબતર સોરઠ પંથકની ઓળખ સમો ગરવો ગઢ ગિરનાર સિદ્ધોના સ્વર્ગ સમો. આ સ્વર્ગની સમૃદ્ધિ વધારતા શ્રીજીએ અહીં મંદિર કરી સિદ્ધોના સિદ્ધ ગુણાતીતાનંદ સ્વામીને મહંતપદે સ્થાપેલા. એ જૂનાગઢી જોગીની વારસાઈ ગુણાતીત ગુરુપરંપરાએ બરાબર નિભાવી. હવે ક્ષણ આવી પહોંચેલી એ વસિયત પર મોટા મંદિરની મહોર વાગવાની. તે માટે જ અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનના ઉદ્‌ગમબિંદુ સમા આ જૂનાગઢમાં વંથળીના માર્ગે ૧૩૫ વીઘાની વિશાળ ભૂમિ પર સ્વામીશ્રી ત્રિશિખરીય મંદિરનાં મંડાણ કરી સોરઠની શાન વધારી રહેલા.

આ નિમિત્તે તા. ૨૭/૧૦ની સવારે યોજાયેલા શિલાન્યાસમાં સાડા ત્રણ ફૂટ ઊંડા ગર્તની અંદર સદ્‌ગુરુઓ, મંત્રી-મહાનુભાવો અને અગ્રણી સત્સંગીઓ વિધિમાં પરોવાયેલા, તો આ પરિસરની ચીકુવાડીમાં બંધાયેલા મંડપ તળે ૩,૦૦૦ યજમાનો વિધિસર પૂજન કરી રહેલા. આ બંને ઠેકાણે ગુંજતા વૈદિક મંત્રોચ્ચારના પડઘા પાડતો ગિરનાર આજના પ્રસંગની ગરિમા ચારેકોર પ્રસરાવી રહેલો.

આ વિધિમાં નિશ્ચિત સમયે પધારેલા સ્વામીશ્રીએ પૃથ્વીના દેવતાઓ, શિલાઓ, નિધિ કુંભ વગેરેનાં વિધિવત્ પૂજન બાદ સાડા નવ વાગ્યે સ્વહસ્તે કુંભને ગર્તમાં પધરાવ્યો. તે વખતે ગાજેલા જયઘોષથી રૈવતાચલ પણ ડોલી ગયો. આ સમયે રજતપાત્રમાં ભરેલા રસને સ્વામીશ્રીએ સુવર્ણના લેલા વડે પાંચ વાર ગર્તમાં રેડ્યો. ત્યારબાદ તેઓએ આ મંદિરના નિર્માણમાં વિશેષ સહયોગ આપનારા આફ્રિકાના સત્સંગીઓને યાદ કરતાં, 'લાવો, આફ્રિકા મંડળ વતી પધરાવીએ' કહી વધુ બે વાર સિમેન્ટનો માલ ગર્તમાં પધરાવ્યો. તેની સાથે જેતપુર તથા કિસુમુનાં નિર્માણાધીન મંદિરોનાં ખાતવિધિમાં મુકાનારા કળશને પણ પૂજ્યા. તે પછી કુંભને આચ્છાદિત કરતી મધ્ય શિલા પર ઠાકોરજી પધરાવી સ્વામીશ્રીએ આરતી ઉતારી ત્યારે ગુણાતીતે પૂજેલા એ હરિકૃષ્ણ મહારાજ પણ ગુણાતીત સ્થાનના નિર્માણની આ ગતિવિધિ જોઈ મલકી ઊઠ્યા.

આમ, ભક્ત અને ભગવાન સહિત સૌના આનંદ-ઉલ્લાસ વચ્ચે શિલા

સ્થાપતા સ્વામીશ્રી આજની સાંજે ગિરિતળેટીમાં વસેલા ભારતી આશ્રમમાં અમૃતલાભ આપી ગાયત્રી ધામમાં પધાર્યા. અહીં એકત્રિત થયેલા ગુજરાત વિદ્યુત બૉર્ડના ૩,૦૦૦ ઇજનેરોમાં પોતાના આશીર્વાદથી ઊર્જાનો સંચાર કરતા તેઓ લાયન હિલ્સ રિસોર્ટમાં પહોંચ્યા. અત્રે જૂનાગઢના મૅડિકલ ઍસોસિયેશનનું સન્માન સ્વીકારી સ્વામીશ્રીએ સૌને અધ્યાત્મ-આરોગ્યના પાઠ ભણાવ્યા.

## મને તો કોઈ ઇચ્છા જ રહી નથી

તા. ૨૮/૧૦ના રોજ જૂનાગઢથી વિદાય લેતાં પૂર્વે હરિમંદિરમાં દર્શન માટે પધારેલા સ્વામીશ્રીએ દંડવત્ કરવા પાથરણું બિછાવવાની સાન કરી. પરંતુ ગળું-ગરદન અને ઉદર-કમરમાં એકસાથે દુખાવો ધરાવતા તેઓને સંતોએ દંડવત્ ન કરવા વીનવ્યા. પરંતુ આ વિનવણીને નકારતાં સ્વામીશ્રીએ છ દંડવત્ કર્યા જ !

આ ભક્તિભાવ સાથે જૂનાગઢથી નીકળેલા તેઓ આજની સાંજે જેતપુરના નિર્માણાધીન મંદિરનો ખાતવિધિ કરી રાત્રે ગોંડલ આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી તા. ૩૦/૧૦ની રાત્રે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે એક પ્રાસંગિક સંદર્ભના આધારે ગુણસાગરદાસ સ્વામી નોબેલ પારિતોષિક સંબંધી માહિતી રજૂ કરવા લાગ્યા. તે જોઈ ગમ્મત કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'સાંભળજો બધા ! કોઈને મેળવવું હોય તો !'

'અમે તો આપને મળે એવી પ્રાર્થના કરીએ છીએ.' અક્ષરચરણદાસ સ્વામીએ કહ્યું.

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું : 'મને તો મળી જ ગયું છે ! પ્રાર્થના કરવાની રહી નહીં. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા પછી મને તો કોઈ ઇચ્છા જ રહી નથી. અક્ષરધામમાં જ બેઠા છીએ.'

ગુરુની પ્રાપ્તિના કેફમાં ચકચૂર સ્વામીશ્રીને ઇલકાબોની દુનિયા સાવ ફિક્કી જણાતી હતી.

## આપણને જોગી મહારાજ જેવું આવડશે જ નહીં

તા. ૧/૧૧ના રોજ અક્ષર મંદિરમાં છવાયેલા શરદ પૂર્ણિમાના માહોલ વચ્ચે પ્રાતઃપૂજા પૂર્ણ કરી યોગી સ્મૃતિમંદિરે જતાં સ્વામીશ્રી વચ્ચે એક ઓરડે

પધાર્યા. અહીં દેવનંદનદાસ સ્વામીએ પ્રાયોગિક ધોરણે તૈયાર કરેલી કેટલીક મૂર્તિઓ રાખેલી. તેના નિરીક્ષણ માટે આવેલા સ્વામીશ્રી ઓરડાની બહાર પગરખાં કાઢી અંદર પ્રવેશવા ગયા ત્યારે સંતોએ કહ્યું: 'આ ક્યાં પ્રતિષ્ઠિત મૂર્તિઓ છે? ચંપલ પહેરી રાખો ને!'

સેવકે તો કો'કને જણાવ્યું પણ ખરું કે 'લાવો ચંપલ. અહીં મૂકો.'

પરંતુ આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'રહેવા દો.'

તેઓના આ શબ્દોમાં રહેલો કડકાઈનો સૂર સાંભળી કોઈ એક ડગલું આગળ ભરી ન શક્યા અને સ્વામીશ્રીનાં એ પગરખાં એમ જ પડી રહ્યાં.

એક વાર પાષાણ મૂર્તિનો આકાર પકડી લે પછી સ્વામીશ્રી માટે તે પથ્થર પૂતળું નહીં, પણ પ્રતિમા બની જતો. ભલે ને તેમાં પ્રાણ પ્રતિષ્ઠિત ન થયા હોય! તેઓની આ અપાર આસ્તિકતાના પેંગડામાં બીજો કોણ પગ નાંખી શકે એમ છે?

આ આસ્તિકભાવ સાથે સ્વામીશ્રી આજની રાત્રે ગુણાતીત જન્મોત્સવ ઊજવી તા. ૨/૧૧ના રોજ મુંબઈ જવા તૈયાર થયા. છેલ્લા કેટલાક સમયથી તેઓના શરીરમાં રહેતી દુખાવાની તકલીફમાં હવે બે-એક દિવસથી છાતીમાં દુખવાનું પણ શરૂ થતાં તબીબોને સ્વામીશ્રીના સ્વાસ્થ્યની સઘન તપાસ જરૂરી જણાયેલી. જો કે આ શારીરિક પીડાથી તદ્દન બેપરવા સ્વામીશ્રી તો આજની બપોરે રંજ વ્યક્ત કરી રહ્યા – ગઈકાલની સભા વહેલી પૂરી થયાનો!

તેઓની કથળેલી તબિયતને કારણે શરદ પૂનમની રાત્રિ સભા ૧૧:૩૦ વાગ્યાને બદલે ૧૦:૪૫ વાગ્યે સમાપ્ત કરી દેવાયેલી. તે વિષે ખરખરો કરતાં સ્વામીશ્રી આજે બોલ્યા: 'માંદા હતા તેથી શું થઈ ગયું? મોળી વાત ન કરવી. મારે બેસી જ રહેવાનું હતું ને! વાંધો શું આવવાનો હતો? પોણા અગિયાર વાગ્યા એમ સાડા અગિયાર થાત. શું કરવા ઉત્સવ વહેલો પૂરો કર્યો? જોગી મહારાજ બારનો ટકોરો વાગે ત્યાં સુધી કરતા. આપણને જોગી મહારાજ જેવું આવડશે જ નહીં! ગમે તેટલો પ્રયત્ન કરીએ તોય નહીં આવડે! એમને સૌ પ્રત્યે એવો પ્રેમ કે ન પૂછો વાત. તેઓની પાસે અલૌકિક કળા હતી. અક્ષરધામમાંથી લઈને આવેલા. બીજાને આવડે જ નહીં! એવી વાતો કરે કે બધા રાજી રાજી થઈ જાય. આનંદ આનંદ થઈ જાય.'

ગુરુમાં ગરકાવ સ્વામીશ્રીના મન પર પોતાની બગડેલી તબિયતનો કોઈ બોજો નહોતો. આ જ પ્રસન્ન મન સાથે તેઓ સ્વાસ્થ્યની તપાસ માટે

આજની રાત્રે મુંબઈ પધારી ગયા.

## અવસ્થાનો અભાવ અને પ્રભાવ

સ્વામીશ્રીના સ્વાસ્થ્યનો સંપૂર્ણ અહેવાલ ન આવે ત્યાં સુધી મુંબઈમાં મીટિંગ, મુલાકાત કે જાહેર-સભાના કાર્યક્રમો ગોઠવાયા નહોતા. તેથી નિત્ય-ક્રમથી પરવારી સ્વામીશ્રી પત્રવ્યવહાર અને ગ્રંથશ્રવણમાં સમય વિતાવતા.

આ ક્રમમાં તા. ૫/૧૧ની રાત્રે તેઓ સૂતાં પહેલાં બાથરૂમ જવું - ન જવું કરતાં જઈ આવ્યા. પછી તે સંદર્ભની જ વાત કરતાં સ્વામીશ્રી પલંગ પર બેસી બોલ્યા: 'જોગી મહારાજને લઘુ (પેશાબ) કરવા વારે-વારે જવું પડતું. હવે એવું મારે થવા લાગ્યું. પહેલાં સવારે, બપોરે, સાંજે એકાદ વાર જઈ આવતા. પહેલાં તો રાતેય કોઈ દા'ડો લઘુ કરવા ઊઠવું પડતું નહીં. હવે તો કોઈ કાર્યક્રમ માટે બહાર જઈ આવીએ કે ઊઠીએ-બેસીએ ત્યારે થાય કે લઘુ કરી આવીએ.'

આ સાંભળી કો'કે કહ્યું: 'યોગીજી મહારાજને પ્રોસ્ટેટની તકલીફ હતી એટલે એવું થતું!'

'વારસો છે તો આય વારસો મળે તો ખરો ને ?!' સ્વામીશ્રીએ જણાવ્યું.

આ જ રીતે તા. ૯/૧૧ની રાત્રે આરામમાં જવા તેઓ પલંગ પર બિરાજ્યા ત્યારે ઍરકન્ડિશન મશીન સામે જોઈ બોલ્યા: 'આ બંધ કરો.' તે પછી ગાતરિયું પહોળું કરતાં ઉમેર્યું: 'વારસામાં બધું જ આવે. પહેલાં ખુલ્લામાં પડ્યા રહેતા. હવે પાવર (રોગ પ્રતિકારક શક્તિ) ઓછો થઈ ગયો. અવસ્થા પ્રભાવ.'

'વરસથી ઓછું થયું છે ?'

'ના, વરસ ઉપર થયું.'

સ્વામીશ્રીના મુખેથી ક્વચિત્ સરી પડતા આવા ઉદ્ગારો તેઓની દિન-પ્રતિદિન લથડતી જતી તબિયતને સૂચવતા.

તેથી જ અહીં થયેલાં સ્વાસ્થ્ય-સંબંધી વિવિધ પરીક્ષણો બાદ તેઓને વધુ પડતો પરિશ્રમ ન લેવાની સૂચના આપતાં ડૉ. સૈનાનીએ તો કહી દીધું: 'स्वामीजी! १९९८ में आपका बायपास ऑपरेशन किया तो पाँच साल तक कुछ नहीं होना चाहिए। कामकाज अब इन लोगों को (युवान संतों को) कहते रहो, आप सिर्फ़ (आसन) उपर बैठे-बैठे आशीर्वाद दीजिए। गाँव-गाँव

घूमने की भागदौड़ अब बन्द करो।'

નિષ્ણાત તબીબની આ સલાહ હોવા છતાં સ્વામીશ્રી તા. ૧૧/૧૧ના રોજ મુંબઈથી વિદાય લઈ રાજકોટ આવી પહોંચ્યા.

અત્રે બપોરે દોઢ વાગ્યે ઠાકોરજીનાં દર્શન કરતાં તેઓ બોલ્યા: 'આજે મુંબઈમાં ઠાકોરજીને પહેરાવ્યા છે એવા જ વાઘા અહીં પહેરાવ્યા છે!'

સ્વામીશ્રીનાં દર્શનની આ એકાગ્રતા સૌને આશ્ચર્ય પમાડી ગઈ. સૌને અનુભવાયું કે સ્વામીશ્રીની ભક્તિ પર તેઓની શારીરિક અવસ્થા લેશ પ્રભાવ પાડી શકી નથી.

તેથી જ તો આ અરસામાં જ્યારે ચશ્માંની એક નવી ફ્રેમ સ્વામીશ્રીને આપતાં યોગીચરણદાસ સ્વામીએ કહ્યું કે 'મુંબઈના સત્સંગી યુવક જિજ્ઞેશે ચશ્માંની દુકાન કરી છે. તેને આપનાં ચશ્માંની ફ્રેમ બનાવવી છે. તે માટે આપને અનુકૂળ આવે એવી આ ફ્રેમ તેણે શોધી કાઢી છે. તે જરા ચેક કરવી છે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આ નવી છે, તો ઠાકોરજીને ધરાવો.'

તેઓની આ ભલામણ સૌને ચકિત કરી ગઈ, કારણ કે ચશ્માં નવાં ન હતાં. ફ્રેમ પણ અનુકૂળ આવે છે કે કેમ તે જોવાનું હતું. છતાં સ્વામીશ્રીએ ઠાકોરજીને ધરાવ્યા વિના પસંદગીનું પગલું પણ ન ભર્યું! આત્મનિવેદી ભક્તિની આ તે કેવી ઉત્કૃષ્ટ કક્ષા!!

## જોરે જોરે જમાડી હરાવે

તા. ૧૧/૧૧ની સાંજે જ સ્વામીશ્રી રાજકોટથી ગોંડલ પધારી જતાં અહીં ભક્તોને હૈયે દિવાળીના દીવડા પ્રગટી ગયા. આજે આવેલી રમા એકાદશીથી શરૂ થતા દીપોત્સવી પર્વે મંદિરમાં પણ ઠેર ઠેર દીવડા ઝળહળતા હોવાથી *'જાણો મંદિર બન્યું મોતી તણું, પૂરી દીપમાળા શોભે ઘણું...'*નો નજારો જામી રહ્યો. તેની વચ્ચે તા. ૧૪/૧૧ના રોજ દિવાળી આવી પહોંચી.

આ મંગલ દિનની બપોરે સ્વામીશ્રી ભોજન ગ્રહણ કરવા બિરાજ્યા ત્યારે અન્નકૂટની સેવામાં રોકાયેલા ભૂદેવો જલેબીનો થાળ લઈ હાજર થયા. તેમાંથી થોડી જલેબી સ્વામીશ્રી પાસે મુકાઈ ત્યારે તેઓએ સામે બેઠેલા સંતો-ભક્તોનો નિર્દેશ કરી કહ્યું: 'આ બધાને આપો.'

વળી, સંતો-ભક્તોનેય જણાવ્યું: 'હું જમું ત્યાં સુધી તમે બધા પણ જમો.'

આ આદેશ સાથે જ સંતો-ભક્તો *'દીધું નાથે સુખ લીધું જને, આસો*

*વદિ અમાસને દને...'*ની જેમ જલેબીઓ જમવા માંડ્યા. સ્વામીશ્રી પણ *'હસી હસી જુએ જન સામું...'*ની રીતે જમતા જાય અને કેટલાક સંતોને તો *'માગે એક તિયાં ત્રણ આલે...'*ના ન્યાયે જમાડતા જાય. તેથી તેઓ ચળું કરવા લાગ્યા ત્યારે પણ ઘણાને જલેબીનો જથ્થો પૂરો ન થતાં *'જોરે જોરે જમાડી હરાવે...'* જેવું દૃશ્ય ખડું થઈ રહ્યું. તે જોતાં સ્વામીશ્રી હસતાં હસતાં પોતાના ઓરડામાં પધાર્યા ત્યારે જમનારા સૌ આનંદના ઓડકાર ખાઈ રહેલા.

## વિશ્વવિભૂતિનો વિનમ્રભાવ

તા. ૧૫/૧૧ના રોજ અન્નકૂટોત્સવ હોવાથી સ્વામીશ્રી જ્યાં જ્યાં દર્શને પધારવાના હતા ત્યાં ત્યાં દીપાવલી, રંગાવલિ અને કુસુમાવલિની શોભા રચાઈ ગયેલી. સૌની આ ભક્તિને સાર્થક કરતા સ્વામીશ્રી પણ જે તે સ્થળે તે તે કલાના કસબીઓ પર રાજીપો વરસાવતા ગયા.

આ દર્શનક્રમ પૂરો કરી તેઓ અન્નકૂટની તૈયારીઓ જોવા રસોડામાં પધાર્યા. અત્રે ક્યાંક વાનગીઓ બનતી હતી, તો ક્યાંક તે પાત્રમાં ગોઠવાતી હતી. ક્યાંક ગોઠવાયેલાં વ્યંજનોને શોભાથી સજાવાતાં હતાં, તો ક્યાંક સજાવેલાં પાત્રો ઠાકોરજી આગળ મુકાવા નીકળી રહેલાં. આજે ઊમટેલી ૧૫,૦૦૦ની ભક્તમેદનીને પ્રભુપ્રસાદ જમાડવા રસોઈયાઓએ પણ રંગેડાં ચડાવી દીધેલાં. આ સઘળી તૈયારીઓ પર દૃષ્ટિ વેરતા સ્વામીશ્રી અન્નકૂટની વ્યવસ્થા સંભાળતા સત્યસ્વરૂપદાસ સ્વામી વગેરે પાસેથી વાનગીની વિગતો સમજતા ગયા. તેની સાથે તેઓએ કેટલીક વાનગીઓ તો હાથમાં લઈને તપાસી પણ ખરી.

આ રીતે ઝીણવટપૂર્વક સઘળું નિરીક્ષણ કરી સ્વામીશ્રી રસોડામાંથી બહાર નીકળ્યા ત્યારે ત્યાં અનંતચરણદાસ સ્વામી પગરખાં પહેરાવવા ઊભેલા, પરંતુ આ સેવા કરતાં પૂર્વે રસોડામાં ખુલ્લા પગે વિચરેલા સ્વામીશ્રીનાં ચરણે ચોંટેલી ચીકાશ કાઢવાના હેતુથી તે સંત સ્વામીશ્રીનાં ચરણનાં તળિયાં પોતાના ગાતરિયા વડે લૂછવા લાગ્યા. તે વખતે સેવકોના હાથ પકડી ઊભેલા સ્વામીશ્રીને ઊલટ આવતાં તેઓ બોલ્યા : 'અનંતચરણ ! તારે તો અનંત ચરણ છે. અમે એક તો મૂકીએ !' આમ કહેતાં સ્વામીશ્રીએ એ સંતના શિરે પોતાનું જમણું ચરણ સ્થાપી દીધું !

તે દ્વારા મોજનું મોજું પ્રસરાવતા તેઓએ આજે સૌને અન્નકૂટોત્સવનો

લાભ આપ્યો. તેને અનુસરતાં સ્વામીશ્રીએ તા. ૧૬/૧૧થી શરૂ થતા વિ.સં. ૨૦૫૮ના પ્રથમ દિવસે જ માંડણ કુંડલાના મંદિરની પ્રતિષ્ઠા કરી નૂતન વર્ષે મંદિર-નિર્માણનું ખાતું ખોલી નાખ્યું.

પરંતુ મંદિર-નિર્માણની લગોલગ માનવ-નિર્માણની પ્રક્રિયા પણ ચલાવતા સ્વામીશ્રી તા. ૧૭/૧૧ની સાંજે સ્થાનિક ગુરુકુળના પૂર્વ વિદ્યાર્થી સંમેલનમાં પધાર્યા.

તેમાં એકત્રિત છાત્રોને જીવન ઘડતરના પાઠ ભણાવી ઉતારે પધારેલા તેઓને મળતાં ગુજરાતના એડ્વોકેટ જનરલ શ્રી સુરેશભાઈ શેલતે અહોભાવ વ્યક્ત કર્યો કે 'આપ વિશ્વવિભૂતિ થઈ ગયા. ગિનિઝ બુકે જાહેર કરેલી વિશ્વની વીસ શ્રેષ્ઠ પ્રતિભાસંપન્ન વ્યક્તિઓમાં આપનું નામ આવ્યું છે!'

'આપણે તો મહારાજ-સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજનું નામ આગળ આવે એ મુખ્ય છે.' સ્વામીશ્રી બોલ્યા.

વિશ્વવિભૂતિનો આ વિનમ્રભાવ સૌનાં મનમાં વસી ગયો.

## ધોળકામાં શિખરબદ્ધ મંદિરનું સર્જન

તા. ૧૮/૧૧ની રાત્રે આરામમાં જવા પલંગ પર બિરાજેલા સ્વામીશ્રી ગાતરિયું કાઢવા ગયા ત્યારે તેઓ વડે આ ઉત્તરીય વસ્ત્ર માથે ઘૂમટાની જેમ ઓઢાઈ ગયું. તેથી તેને ખેંચીને નીચું લેતાં તેઓએ ક્ષણાર્ધમાં તો પાછું એ વસ્ત્ર માથે ઓઢી લીધું. તેઓનું આ ચરિત્ર જોઈ દર્શન કરી રહેલા સંતો-ભક્તો આનંદિત થઈ ઊઠ્યા.

પરંતુ તે પૈકીના એક શ્રીકૃષ્ણ પંડ્યાએ સ્વામીશ્રીને મર્મમાં કહ્યું: 'ભગવાનેય ભૂલો કરે? તેય આવી ગાતરિયું ઓઢવા જેવી વાતમાં?'

'આ ભૂલો નથી. આ તો તમને આનંદ કરાવવા માટે કર્યું!' સ્વામીશ્રી બોલ્યા.

તેઓએ માત્ર આ જ નહીં, પણ પોતાનાં સર્વ મનુષ્યચરિત્રોનો મર્મ સંભળાવી દીધો.

આમ, *'ચરિત્ર કરે નિત્ય નવાં, નિજ જનને સુખ આપવા...'*ની પેઠે વિચરતા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૨૩/૧૧ની સવારે સ્થાનિક મંદિર-સંકુલના નવીનીકરણનો પ્રારંભ થયો. તેના ખાતવિધિ માટે અક્ષરદ્વારની જમણી બાજુએ બાંધેલા મંડપ નીચે પહોંચેલા સ્વામીશ્રીએ વિધિવત્ નિધિ કુંભ અને ઈષ્ટિકાઓ

ગર્તમાં પધરાવી મંદિરવિકાસની ગતિવિધિને વેગ આપી દીધો.

આ રીતે એક તરફ જૂના મંદિરોને નૂતન રૂપ-રંગ આપતા તેઓ દ્વારા બીજી બાજુ નવાં મંદિરોની સર્જન-શૃંખલા પણ સમાંતરપણે વિસ્તરતી જતી. તેમાં હવે વિરાટનગરી ધોળકાનો ઉમેરો થવાની નોબતો ગગડવા માંડેલી.

અત્રે ખેડા-બગોદરા હાઈવે પર આવેલી અઢી વીઘાની મોકાની જમીન પર સંનિષ્ઠ સત્સંગી શ્રી બાલકૃષ્ણભાઈ પટેલના સંપૂર્ણ સૌજન્યથી પંચશિખરીય મંદિર નિર્માણ પામી ચૂકેલું. આશરે ૨૭,૦૦૦ ચો.ફૂ.માં વિસ્તરેલું આ સ્થાન ઉદ્યાન, ક્રીડાંગણ, કાર્યાલય સંકુલ, સભાગૃહ, સંતનિવાસ વગેરે સુવિધાઓથી સંપન્ન હોવાને કારણે તેને નિહાળનારા સૌ ગાઈ ઊઠતા કે *'થયું મંદિર તે બહુ સારું, જોતાં તે જનમન હરનારું...'*

આવા આ મંદિરમાં તા. ૨૫/૧૧ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં જ ધોળકા ધજાળું ધામ બની રહ્યું.

## શાકના સ્વાદમાં સ્મૃતિનું સબરસ

ધોળકામાં ધોળ-મંગળ ગાવાની ઘટનાને આકાર આપી બોચાસણ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં તા. ૨૬/૧૧ના રોજ ઉત્સવોનાં સંમેલન જેવું વાતાવરણ જામી ગયું. શ્રીજીમહારાજની દીક્ષા, શ્રીજીમહારાજનો પટ્ટાભિષેક, સ્વામીશ્રીની પાર્ષદી દીક્ષા, ધર્મદેવનો જન્મદિન, ચાતુર્માસની પૂર્ણાહુતિ, શાકની હાટડી જેવા કંઈક ઉત્સવોથી આજે સમગ્ર દિવસ દરમ્યાન આનંદ-મંગલ પ્રવર્તી રહ્યો.

તેની વચ્ચે સ્વામીશ્રીએ આજની સવારે અલ્પાહાર બાદ પ્રાસંગિક અમૃતધારા વહાવતાં જણાવ્યું કે –

"શાસ્ત્રીજી મહારાજે કર્યું એવું દુનિયામાં કોઈ ન કરી શકે. તેમના કોઈ પણ કાર્યમાં કોઈ વાંધો કાઢી ન શકે. કેટલાક લોકોની વાતમાં અવતારોનું ખંડન થઈ જાય, શાસ્ત્રોનું ખંડન થઈ જાય. શાસ્ત્રીજી મહારાજને એમ કે 'મહારાજે જે પ્રતિપાદન કર્યું તે બધું આપણને માન્ય. શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી અને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરમૂર્તિ – એ બે વાત તો આપણે નક્કી છે જ, પણ શ્રીજીમહારાજે જે માન્ય કર્યા છે તે દેવોને પગે લાગવું, દર્શન કરવાં, એના ઉત્સવો જે મહારાજે કહ્યા છે તે કરવા, આરતી કરવી.' એટલે સ્વામીએ એવું કાર્ય કર્યું છે કે કોઈ કહી ન શકે કે

આ મહારાજનું કરેલું તમે કેમ ખોટું કર્યું? વચનામૃત પણ એનું એ; એમાં જરાય ફેરફાર નહીં!''

સ્વામીશ્રીએ કરાવેલા આ અમૃત-આચમનના ઓડકાર સૌ ખાઈ રહેલા ત્યાં જ આજની સાંજે સ્વામીશ્રી ઠાકોરજી પાસે પરંપરાગત શાકોત્સવ કરવા આવી પહોંચ્યા. અહીં તેઓએ શેરડીના સાંઠાના છેડે કોપરાના વાડકામાં કપાસિયાં નાખી પ્રજ્વલિત થયેલી પારંપરિક આરતીથી ઠાકોરજીને અર્ઘ્ય આપ્યું. તે વખતે બાજુમાં ઊભેલા મહંત સ્વામીને પણ આ લાભ અપાવી સ્વામીશ્રી જાણે શાકભાજીના વેચાણનો વ્યવસાય આદર્યો હોય તેમ કુશળ વેપારીની અદાથી હાથમાં માઇક લઈ બોલવા લાગ્યા:

'આજે અહીં હાટડી છે. તાજાંમાં તાજું ફ્રેક્સ (ફ્રેશ) શાક ગોઠવ્યું છે. ભગવાનનો સંબંધ થયો એટલે આ શાકભાજી નિર્ગુણ થઈ ગઈ, એમ મહિમા સમજીને આપણે આ પ્રસાદ લઈ જઈશું ને જમીશું તો આપણને પણ શાંતિ થઈ જશે. જુઓ, આ રીંગણ તાજાંમાં તાજાં છે...'

આમ કહેતાં લાંબા હાથે લીધેલું રીંગણ ઊંચું કરી બતાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ ભોટા છે ભોટા. એનો ઓળો થાય. પછી આ ગિલોળાં છે તે પણ તાજાં છે. બટાટાં તાજાં છે. વળી, હવે ચાતુર્માસ પૂરો થયો છે તો મૂળા-મોગરી આવ્યાં છે.'

આટલું કહી હાથમાં લીધેલો મૂળો પણ ઊંચો કરી દર્શાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ મૂળા છે તે પણ તાજો માલ છે. જોગી મહારાજ કહેતા: 'અક્ષર મંદિરના મૂળા.''

મૂળાના ઓડકારની જેમ તેઓને ગુરુસ્મૃતિનો ઓડકાર પણ આવી ગયો.

તે પછી તેઓએ વેપાર આગળ ધપાવતાં કહ્યું: 'આ કાકડી છે. કૂણી અને એકદમ સારી. ખાવ તો મોઢામાં રસ રહી જાય. આ ગલકું છે તે પણ કૂણું માખણ જેવું છે. તેનાં ભજિયાં બહુ સારાં થાય. આ કોબીના દડા, આ ભીંડા ને આ કારેલાં; કડવાં છે પણ આપણા જીવમાંથી રોગ કાઢશે. પછી પરવળ છે એ તો ઉત્તમ છે, પરવળનું શાક તો પૈસાવાળાનું કહેવાય! આ હળદર છે તે પણ સારામાં સારી છે; એ ગળાને સાફ કરે.

લેજો તો ભગવાન રાજી થશે. અહીંથી થોડું થોડું લઈ જશો ને બીજામાં નાખશો તો તે બધું પણ નિર્ગુણ થઈ જશે. માટે રાજી-ખુશીથી લેવું. મોંઘું-સોંઘું કરવાનું નથી.'

આમ, શાકના સ્વાદમાં સ્મૃતિનું સબરસ ભેળવી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે સૌનાં મોં-મન મીઠપ મમળાવી રહ્યાં. કોઈ પણ આયોજનને ચિરસ્મરણીય બનાવી દેવાની તેઓમાં આગવી કળા હતી.

## તું ભક્તવત્સલ સદા

છેલ્લા કેટલાક સમયથી સ્વામીશ્રીના શરીરમાં ઉપરાછાપરી આવતા રહેલા માંદગીના ઉપદ્રવોને કારણે હવે વડીલ સંતોએ તબીબી સલાહને લક્ષમાં લઈ સ્વામીશ્રીના ગ્રામ્ય વિચરણને થંભાવી દીધેલું. આ વ્યવસ્થાને ઉત્સાહભેર સ્વીકારી ભક્તો પણ પોતાના ગામમાં થયેલા મંદિરમાં પધરાવવાની મૂર્તિઓ લઈ સ્વામીશ્રી જ્યાં હોય ત્યાં આવતા અને પ્રતિષ્ઠા કરાવતા. આ પ્રતિષ્ઠિત મૂર્તિઓ વડીલ સંતોના હાથે તે તે ગામનાં મંદિરોમાં સ્થપાતી.

આ આયોજન સ્વામીશ્રીને પણ શરીરની તાસીર અનુસાર સ્વીકારવું પડેલું; છતાં જીવનભર ગામડાંઓ ઘૂમી ભક્તોને રાજી કરનારા તેઓને આ ખટકતું હશે.

તેથી તા. ૨૭/૧૧ની સવારે બોચાસણ મુકામે ભાટપુરા તથા ખાનપુર(આણંદ)નાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રી બોલ્યા: 'ભાટપુરા અને ખાનપુરના હરિભક્તોએ આજે અહીં મૂર્તિઓ લાવીને પ્રતિષ્ઠાનો ઉત્સવ માણ્યો છે. ભાટપુરા અને ખાનપુરમાં પૂર્વે આવવાનું થયું છે, પણ હવે તબિયતને કારણે આ બધું કરવું પડે છે તો બધા રાજી રહેજો. બંને ઠેકાણે મહારાજ સાક્ષાત્ બિરાજશે ને આપણું તથા ગામનું કલ્યાણ કરશે.'

આ જ રીતે તા. ૨૯/૧૧ની સવારે ભરકુંડા ગામના મંદિરની મૂર્તિઓમાં દૈવત આરોપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભરકુંડામાં બધે ખેતરે-ખેતરે જવાનું થયેલું. બધાનો ભક્તિભાવ, ઉમંગ એ વખતે જોયેલો. પણ અત્યારે મારી તબિયત જરા એવી છે એટલે અવાયું નહીં. માફ કરજો. રાજી રહેજો.'

હૃદયની આ ઋજુતા સાથે સ્વામીશ્રી તા. ૨/૧૨ની સવારે પુરુષોત્તમ સ્વામીની દેરીએ દર્શન માટે જઈ રહેલા ત્યારે એક સંતે તેઓને કહ્યું: '૭મી તારીખથી અમારે ચોખા ઉઘરાવવાનો ધર્માદો શરૂ થશે, એટલે ભરૂચમાં થનારા પ્રતિષ્ઠા ઉત્સવનો લાભ જતો કરીને ગામડે જાઉં છું. આશીર્વાદ આપજો.'

'સાધુને તો એવું જ હોવું જોઈએ! તમે સમૈયાનો મોહ મૂકી દીધો તે સારું કર્યું. ધર્માદાનું તો ટાણે ફરી જ લેવું પડે. પાંચ-દસ દા'ડા મોડા જાય તો

ફેર પડી જાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના જીવનમાં સેવા અગ્રિમ સ્થાને રહેતી. તે મુજબ વર્તનારા સંત-સત્સંગી પણ!

## અહંશૂન્યતાની અવધિ

આ અરસામાં ગુજરાતભરમાં જાહેર થયેલા બાળલકવા નાબૂદી અભિયાનની ગતિવિધિ તા. ૨/૧૨થી ખેડા જિલ્લામાં શરૂ થઈ રહેલી. તેનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીએ આજની પ્રાતઃપૂજા બાદ પાંચ શિશુઓના મુખમાં રસી મૂકી કરી આપ્યું.

ત્યારબાદ રાબેતા મુજબ પારાયણનો લાભ આપી પોતાના ઓરડે બિરાજેલા સ્વામીશ્રીને મળતાં કલકત્તાના હરિભક્ત કાંતિભાઈએ કહ્યું : 'સ્વામી! આપનાં દર્શને આવવાનો કાર્યક્રમ થયો એમાં આ રાજીવભાઈ અજમેરાએ દિલ્હીની ટ્રેનની ટિકિટ કેન્સલ કરાવી નાખી. હવે એમને પ્લેનમાં જવું પડશે.'

'કંઈ વાંધો નહીં. કરોડ રૂપિયા આપતાં આ દર્શન ન મળે! ટિકિટ તો પછીયે મળશે. આ દર્શન થયાં તે મોટો લાભ મળી ગયો ને!' સ્વામીશ્રી બોલ્યા.

આવા દુર્લભ તેઓ પાસે તા. ૩/૧૨ની સવારે ધર્મજના યુવાન શ્રી હરિકૃષ્ણભાઈ પટેલ આવી પહોંચ્યા. 'આ યુવક છપૈયાની યાત્રા કરીને આવ્યા છે' તે વિગત જાણતાં સ્વામીશ્રી ખૂબ રાજી થયા. આ સમયે એ આગંતુકે કેડે તેડેલા પોતાના ત્રણ વર્ષીય દીકરા આલાપને દર્શાવતાં કહ્યું: 'બાપા! આને પણ યાત્રામાં સાથે લઈ ગયેલા.'

આ સાંભળી એ શિશુને પગે લાગતાં સ્વામીશ્રી બોલ્યા: 'તારાં દર્શન અમને થયાં એટલે અમારી જાતરા(યાત્રા) થઈ ગઈ!'

સ્વામીશ્રીનાં આ ઉદ્‌ગાર અને ક્રિયામાં સૌ અહંશૂન્યતાની અવધિ નિહાળી રહ્યા. તેની સાથે મહિમાનો મહાસાગર પણ!

## ભરૂચમાં નીલકંઠ વર્ણીની પ્રતિષ્ઠા

તા. ૫/૧૨ની સવારે ભ્રમણ કરી સ્વામીશ્રી ઓરડામાં પધાર્યા ત્યારે તેઓનો ઈકો-કાર્ડિયોગ્રામ લેવા માટે નવું મશીન આવેલું. તેથી સંતોએ તે પર હાથ મૂકી તેને પ્રસાદીભૂત કરવા કહ્યું ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું: 'ઠાકોરજી બેસાડ્યા?'

'ના.'

'તો મૂર્તિ પધરાવો,' કહેતાં સ્વામીશ્રીએ તે નૂતન યંત્રસામગ્રી પર ઠાકોરજી મુકાવ્યા. ભગવાન બિરાજ્યા એટલે તેઓના બે હાથ જોડી ભાવપૂર્વક દર્શન કર્યાં. તે પછી એ નવા મશીનથી લેવાયેલો કાર્ડિયોગ્રામ સ્વામીશ્રીના હૃદયની આ વિગત પણ સૂચવી રહ્યો કે *'જેના હૃદિયામાંય, રાત-દિવસ એક રટના સહજાનંદની...'*

આમ, અખંડ શ્રીજીમય રહેતા સ્વામીશ્રી તા. ૬/૧૨ની સાંજે બોચાસણથી ભરૂચ પધારતાં જ અહીં પ્રતિષ્ઠા મહોત્સવ આરંભાઈ ગયો.

તેના પ્રથમ ચરણરૂપે તા. ૭/૧૨ની સવારે નૂતન મંદિરનો રંગમંડપ પ્રાસાદ-પ્રવેશ નિમિત્તે થઈ રહેલા વાસ્તુહોમના મંત્રઘોષથી ગાજી રહ્યો. આ વિધિમાં બરાબર દસ વાગ્યે પધારેલા સ્વામીશ્રી પણ અડધો કલાક સુધી જવ, તલ, ઘી અને સમિધની આહુતિ આપી અગ્નિશિખાઓને ઊંચે ચઢાવતા ગયા. તે પછી તેઓએ અહીં સુવર્ણરંગી કમલાસન પર બિરાજેલા નીલકંઠ વર્ણીની પ્રતિષ્ઠા કરવા દર્ભશલાકા હાથમાં લીધી. આ સમયે નીલકંઠ વર્ણીની પાર્શ્વભૂમાં દસેક ફૂટના અંતરે સ્વામીશ્રીની પણ આરસ-પ્રતિમા કાષ્ઠના કલામંડિત સિંહાસનમાં શોભી રહેલી. તેની પ્રતિષ્ઠા કરવા મહંત સ્વામી સજ્જ હતા.

આ રીતે સંપ્રદાયમાં પ્રથમ વાર પ્રતિષ્ઠિત થતી નીલકંઠ વર્ણીની આવી અભિષેક મૂર્તિમાં પ્રાણ પૂરી સ્વામીશ્રીએ અમૃતધારા વરસાવી કે –

'આ મૂર્તિનું આપણે અહીં એટલા માટે સ્થાપન કર્યું કે અહીં ભગવાન ઉપર અભિષેક કરવામાં આવે જેથી આપણા મનોરથ પૂર્ણ થઈ જાય, જીવનમાં પણ શાંતિ થઈ જાય. જેટલું તમે સ્નાન કરાવશો એટલું, પણ એમને વાંધો નથી, કારણ કે હિમાલયમાં પણ રહેલા છે. એટલે ઠંડી પણ લાગશે નહીં. આપણી ઠંડી ઉડાડી દેશે, આપણી ગરમી કાઢી નાખશે. આપણામાં રહેલા કામ, ક્રોધાદિક દોષો પણ કાઢશે.'

આ આશીર્વાદ સાથે સ્વામીશ્રીએ નીલકંઠ વર્ણીની પ્રથમ આરતી ઉતારી ત્યારે ઊઠેલા જબ્બર જયઘોષથી નર્મદાનાં નીર પણ ખળભળી ઊઠ્યાં.

એ ખળભળાટમાં તા. ૮/૧૨ની સવારે ગુંજેલા વિશ્વશાંતિ મહાયાગના મંત્રોચ્ચાર વિશેષ ઉછાળ લાવ્યા. મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે અહીં રચાયેલી યજ્ઞશાળામાં ૨૨૫ યજ્ઞકુંડોની ફરતે બેઠેલા ૨૧૦૨ યજમાનો દ્વારા થતો 'સ્વાહા'નો મંગલ ધ્વનિ ભૃગુકચ્છને તેની પુરાણી ઓળખાણ તાજી કરાવી

ગયો. આ પ્રસંગે સ્વામીશ્રીએ પણ મૂર્તિપૂજન બાદ યજ્ઞીય ભાવના ઉચ્ચારી કે 'યજ્ઞ કરવાનું કારણ એ છે કે એનાથી ભગવાન, દેવો, સંતો, વિપ્રો પ્રસન્ન થાય છે. બીજું ફળ આપણે સમજીએ કે ન સમજીએ, પણ એમની પ્રસન્નતા થાય છે એ તો નિશ્ચિત વાત છે. આજે એ પણ પ્રાર્થના કરીએ કે નર્મદાનાં નીર કાયમ વહેતાં જ રહે અને ગુજરાત આખાને એનું પાણી મળી જાય.'

સ્વામીશ્રીની આ શુભ ભાવનાના તરંગોને આજની સાંજે ઊઠેલા નગરયાત્રાના નાદ-નિનાદે વિશેષ વેગવંતા કર્યા.

ભરૂચના હૉસ્ટેલ ગ્રાઉન્ડથી શરૂ થયેલી આશરે સાતેક કિ.મી. લાંબી આ શોભાયાત્રાએ સમગ્ર શહેરની પ્રજાને મંત્રમુગ્ધ કરી મૂકી. હંસ રથ, મયૂર રથ, ગરુડ રથ અને નર્મદા રથની આકર્ષક શોભામાં બિરાજેલી મૂર્તિઓને વધાવતાં ધૂન-ભજન તથા બૅન્ડની સૂરાવલિઓ રેલાઈ રહી. તે સાથે ભાતીગળ લોકનૃત્યોના થૈકારા, શ્વેતાંબરી યુવાનોની મશાલકૂચ તેમ જ સંતોના કંઠે મચી રહેલી કીર્તનોની રમઝટ જેવી ૧૦૬ પ્રસ્તુતિઓ ધરાવતી આ નગરયાત્રાને જોવા શહેરની શેરીઓ ભરચક થઈ ગઈ. આજની શોભાયાત્રાને સ્વામીશ્રીએ નિશાન રોપી આપેલું કે 'ભરૂચ શહેર આખું ભજનથી ગજાવો.' તેને નવનિર્મિત મંદિરે વિરમેલી આ નગરયાત્રાએ સંપૂર્ણતયા સિદ્ધ કરી દીધું.

## આ વાત કદી ના ભુલાય

*'ભૃગુપુરનું શિખરબદ્ધ મંદિર રે, શોભા તેની જોતાં રહે જન સ્થિર રે;*
*જાણે હિમાચળનાં શિખર જેહ રે, આવ્યાં અહીં પ્રભુને સેવવા એહ રે;*
*સોના તણા કળશ ઝળકે અપાર રે, જાણે ચંદ્ર-સૂરજ તેજ અંબાર રે;*
*ધ્વજ હાલી બોલતો એમ જણાય રે, મોક્ષ માટે લોક આવો સહુ આંય રે...'*

આ ભાવગંગા તા. ૯/૧૨ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દરમ્યાન વહી નીકળી ત્યારે ભરૂચની ૧૮ એકર ભૂમિ પર મહોરી ઊઠેલા મંદિરને ઉચિત અંજલિ અપાઈ રહી.

ભરૂચ આગળથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી રોજ અવરજવર કરતા લાખો પ્રવાસીઓની નજરબંધી કરનારું આ મંદિર એટલે ૧૯૩ x ૧૫૧ x ૭૫ ફૂટનું પરિમાણ ધરાવતું ગુલાબી પદ્મપુષ્પ જ! ૭૦,૦૦૦ ઘનફૂટ ગુલાબી પથ્થરમાંથી કંડારાયેલા આ મંદિરનાં ગગનચુંબી શિખરો, કલાત્મક સ્તંભ અને તોરણો, નકશીદાર ઘુમ્મટ તથા ગવાક્ષો, બારીક

રૂપકામ વગેરેના કણ-કણમાં આજે ચેતનનો સંચાર અનુભવાતો હતો. બલિના દાનની ગાથા સંઘરીને બેઠેલી ભરૂચની ભૂમિ પર વસેલા સેંકડો ભક્તોએ આ મંદિરનાં શિખરોને ઉન્નત અને ઉજ્જ્વળ કરવામાં સેવા-સમર્પણની સરિતા વહાવેલી. કો'કે પસ્તી ઉઘરાવીને, તો કો'કે પથ્થર ઘસીને; કો'કે પાયા પૂરીને, તો કો'કે ખાડા ખોદીને; કો'કે ધનના ધોધથી, તો કો'કે તપશ્ચર્યા આદરીને આ મંદિરને યથાશક્તિ ખભો ધરેલો.

આવા મંદિરને અચળ-અમર કરવા સ્વામીશ્રી સવારે સાડા નવ વાગ્યે મંદિરના મુખ્ય દરવાજે પધાર્યા. અત્રે સ્વાગતમાં રેલાતી બૅન્ડની સૂરધારા વચ્ચે તેઓએ વૈદિક મંત્રોના સહારે મંદિરનું દ્વાર ઉઘાડી પ્રાંગણમાં પ્રવેશ કર્યો. તે પછી મુખ્ય સોપાનપંક્તિને ખુરશીમાં બેસી પાર કરતા સ્વામીશ્રી ગર્ભગૃહનાં બંધ દ્વાર ખોલી મૂર્તિઓ સમક્ષ આવી ઊભા રહ્યા. અહીં વિરાજમાન અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરસ-પ્રતિમાઓમાં તેઓના વરદહસ્તે પ્રાણસંચાર થતાં જ બુલંદ જયનાદથી ગગન-ઘુમ્મટ ઊભરાઈ ગયાં.

આ જયજયકાર મંદિરના સમીપવર્તી સભામંડપમાં સ્વામીશ્રીનું પદાર્પણ થતાં અહીં પણ ગુંજી રહ્યો. અત્રે યોજાયેલી પ્રતિષ્ઠા-સભા મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, અધિકારીઓ, અમલદારો સહિત ૫૧,૦૦૦ની જનસંખ્યાથી ભરચક હતી. તે સૌએ સ્વામીશ્રીના મંદિર-નિર્માણને બિરદાવ્યું ત્યારે સ્વામીશ્રીએ પણ ઊલટથી મંદિર-મહિમા ગાયો.

આ રીતે એક પ્રતિષ્ઠાભર્યો પ્રસંગ સંપન્ન કરીને તેઓ ઉતારે પધાર્યા ત્યારે અહીં તેઓના ભોજન બાદ ઝાડેશ્વરનો ત્રણ વર્ષીય શિશુ ચિરાગ પટેલ બે બાળગીતો લલકારવા આવી ચડ્યો. તેને મંદિરની પ્રતિષ્ઠાના અવસરની અનેકવિધ વ્યસ્તતા વચ્ચે પણ સ્વામીશ્રીએ ન છાંડ્યો. તેથી એ બાળકે સ્વામીશ્રી સમક્ષ ઊભા રહી *'એકડે એક, શ્રીજીની રાખો ટેક...'* કીર્તન ગાયા બાદ શાળામાં શિખવાડેલું *'આ વાત કદી ના ભુલાય...'* ગીત ગાવવું શરૂ કર્યું. ચાર અંતરાનું આ કાવ્ય લહેકા અને હાવભાવ સાથે ગાતાં એ શિશુએ ઘણો સમય લીધો. છતાં તેને નિરાંતે સાંભળી રહેલા સ્વામીશ્રીએ ગીતગાનના અંતે એ બાળકને પ્રસાદ આપ્યો અને તેના માથે પોતાનો હેતભર્યો હાથ પ્રસારતાં તેઓ બોલ્યા : *'આ વાત કદી ના ભુલાય...'*

મોટા મંદિરના સર્જનની થોડી ક્ષણો બાદ જ સ્વામીશ્રીએ કરેલો આ શિશુસત્કાર જોનારા પણ ગાઈ ઊઠ્યા : *'આ વાત કદી ના ભુલાય...'*

હા, સ્વામીશ્રીનાં મંદિર કે મમતા – બંનેને કોણ ભૂલી શકે એમ છે ?

આવું જ અવિસ્મરણીય તેઓનું મૅનેજમેન્ટ! તેનું પણ સાક્ષી આજે ખુલ્લું મુકાયેલું મંદિર બની રહ્યું, કારણ કે આ મંદિરની પશ્ચિમે આવેલી પ્રદક્ષિણામાંથી ચડ-ઊતર થઈ શકે તે માટે અહીં પગથિયાં રચવાની સૂચના સ્વામીશ્રીએ બાંધકામ સાથે સંકળાયેલા સંતો-કાર્યકરોને મંદિરના ખાતવિધિના બીજા જ દિવસે આપેલી. મંદિરના પાછળના ભાગે આવી સોપાનપંક્તિ બનાવવા પાછળ સ્વામીશ્રીનો એક હેતુ એ પણ હતો કે જ્યારે મંદિરમાં ભીડ હોય ત્યારે સંતો આ પાછલા દાદરેથી ચઢી પ્રદક્ષિણામાં ઊભેલાં ગુરુશિખરોમાં બિરાજતા શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં દર્શન કરી શકે, જેથી સ્ત્રી-સાધુ મર્યાદા પણ સહેલાઈથી જળવાય.

પરંતુ આવા ઉમદા આશયમાંથી ફૂટેલું સ્વામીશ્રીનું સોનેરી સૂચન નિર્માણ-પ્રક્રિયાની તડામારીમાં સંજોગોવશાત્ વીસરાઈ જતાં મંદિરની પાછળના ભાગે પગથિયાં ન થયાં !

આ વિગત જ્યારે સ્વામીશ્રીને સ્થાનિક વ્યવસ્થાપક અભયસ્વરૂપદાસ સ્વામીએ છ-એક મહિના પૂર્વે સાંકરીમાં સંભળાવેલી ત્યારે સ્વામીશ્રી સહજભાવે બોલ્યા હતા: 'કાંઈ વાંધો નહીં. જેવી ભગવાનની ઇચ્છા! આ (પગથિયાંની) વાત હવે તમારેય ભૂલી જવી અને મારે પણ ભૂલી જવી.'

સ્વામીશ્રીનો આ પ્રતિભાવ સાંભળી પેલા સંત તો દંગ રહી ગયા, કારણ કે મંદિર માટે જમીન-સંપાદનથી માંડીને મંદિર પર કળશ-સ્થાપન સુધીની સમગ્ર કાર્યવાહી સ્વામીશ્રીની જ શક્તિ-સહાયથી સંપન્ન થયેલી. છતાં પોતાનું સુયોગ્ય સૂચન પણ અમલમાં ન મુકાયાનો કોઈ રંજ સ્વામીશ્રીના ચહેરા પર કે વાક્યમાં ન જણાયો! તેઓનું આવું પ્રભુકેન્દ્રી પ્રબંધન તેઓએ બાંધેલા એક-એક મંદિરના પાયામાં છે. આવા સ્વામીશ્રી શીદ વીસરાય ?[૪૧]

## પવનવેગી પદ્ધતિ

ભરૂચને ભગવાનની ભેટ આપી વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રી તા.

૪૧. ભરૂચમાં નિર્માણ પામેલા કલાત્મક મંદિરની મૂર્તિપ્રતિષ્ઠામાં સહભાગી થવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૧૦/૧૨ની સવારે પ્રદક્ષિણામાં પધરાવેલી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમક્ષ આવ્યા. અહીં દર્શન કરતા તેઓએ સિંહાસનની કમાનના નીચે તરફ આવતા મોગરા જોઈ કાષ્ઠકલા કરનારા બ્રહ્મચરણદાસ સ્વામીને કહ્યું : 'આ નીચા બહુ છે. કોઈને માથામાં વાગી જાય.'

આટલું કહેતાં સ્વામીશ્રી સ્વયં પગથિયાં ચઢી મૂર્તિ પાસે ગયા અને માથું અડે છે કે નહીં તે ચકાસી જોયું. તેઓ શોભાની સાથે સુખાકારીનો પણ પૂરો ખ્યાલ રખાવતા.

આમ, પૂરા સંતુલન સાથે કાર્ય કરતા સ્વામીશ્રી તા. ૧૧/૧૨ની સાંજે પોણા છ વાગ્યે સુરત જવા નીકળ્યા ત્યારે તેઓને નર્મદાને વધાવવાની ઇચ્છા થઈ, પણ બનવાજોગ ઠાકોરજીની થાળીમાં કેવળ એક પાંખડી જ શેષ બચેલી. છતાં 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' ઉક્તિને સાર્થક કરતા સ્વામીશ્રી તે એક પાંખડી અને એક બદામથી નર્મદાને પૂજી સુરત પધાર્યા.

અત્રે મંદિરમાં દર્શન બાદ તેઓએ ઘુમ્મટમાં જ પધરાવેલી સચીન ગામના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા.

પ્રતિષ્ઠાની આ પરંપરા તા. ૧૨/૧૨ના રોજ પણ જારી રાખતા સ્વામીશ્રીએ આજે ભાંડુત ગામના મંદિરની મૂર્તિઓમાં પણ પ્રાણ પૂર્યા. તે સાથે તેઓના વરદહસ્તે પ્રતિષ્ઠિત થનારું આ ૪૦૦મું મંદિર ચોપડે ચઢ્યું!

હજી ગત વર્ષે જ સર્વાધિક મંદિરોનાં નિર્માણનો વિશ્વવિક્રમ રચવા બદલ ગિનિઝ બુકે સ્વામીશ્રીને પોતાનાં પાનાં પર પ્રતિષ્ઠાભર્યું સ્થાન આપેલું. એ ગૌરવશાળી ઘટનાને માંડ ૧૭ મહિના પૂરા થયા ત્યાં તો સ્વામીશ્રીએ વધુ ત્રણ શિખરબદ્ધ મંદિરો સહિત કુલ ૪૫ મંદિરો પૃથ્વીપટે અવતારી દીધાં!

આમ, *'કોય નર ન પામે પાર...'* જેવી પવનવેગી પદ્ધતિથી કાર્ય કરતા તેઓ તા. ૧૬/૧૨ની સવારે સુરતના મંદિરનો પાંચમો પાટોત્સવ ઊજવી આજની સાંજે વરાછાના સ્વામી આત્માનંદ સરસ્વતી સંકુલમાં જઈ પહોંચ્યા. અત્રે સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી ઉપક્રમે આયોજિત વિરાટ સભામાં ૪૦,૦૦૦થી વધુ જનમેદનીને મંત્રમહિમા ઘૂંટાવી સ્વામીશ્રીએ તા. ૧૭/૧૨ની સાંજે નવસારીને પાવન કર્યું.

અહીં આનંદદાયી અમૃતધારા વહાવતાં તેઓએ કહ્યું : 'મંદિર ગામમાં થવાનું હતું, પણ ભગવાનની ઇચ્છાથી અહીં હાઈવે પર થયું. તેથી ના આવવું હોય તોપણ આવવું પડે!'

આટલી ગમ્મત કર્યા પછી તેઓ બોલ્યા: 'આપણા જીવનમાં જે કરશું તે સાથે આવશે. લોકો કહે છે ને કે *'ખા ગયા સો ખો ગયા, દાટ ગયા સો જખ માર ગયા, જો દે ગયા સો લે ગયા...'* દાન કર્યું હશે તો પુણ્ય મળશે. બાજરો વાવ્યો હોય તો બાજરો મળે, બાવળિયો તો બાવળિયો. શરીર સારું કરવા આપ્યું છે; માટે સેવા થાય તો કરવી, નહીં તો હાથ જોડવા. મંદિરમાં આવી તકરાર, ટંટો, વિક્ષેપ ન કરવાં. આના કરતાં તો ઘરમાં બેસવું સારું! સારું નહીં, તો ખરાબ તો ન બોલો. તે પણ આપણી સેવા થઈ જશે.'

## હરિતણા દાસની સેવા કરતા રે

તા. ૧૮/૧૨ની સાંજે ઠાકોરજીના સિંહાસન નિમિત્તે યોજાયેલી સેવા-સમર્પણની સભા બાદ ભોજન માટે બિરાજેલા સ્વામીશ્રી સંતો સાથે હળવી વાતો કરતા હતા. તે વખતે જ ભોજનખંડમાં પ્રવેશેલા મહંત સ્વામીને જોતાં તેઓ બોલ્યા: 'આવો, મહંત સ્વામી! આવ્યા! જય સ્વામિનારાયણ!'

આ મીઠા આવકાર સાથે મહંત સ્વામીના જીવનમાંથી પ્રેરણા લેવાની શીખ દેતાં સ્વામીશ્રીએ સંતોને કહ્યું:

'યોગીજી મહારાજની સેવા કરી આશીર્વાદ મેળવ્યા છે. કોઈના સામું જોવું નહીં ને કરવું નહીં. આપણે આપણું કરવું. દરેકને સારી વાત કરવી. કોઈ વાત લઈને આવે તોય પણ એમ નહીં કે 'આ આમ છે ને તેમ છે.' બળની વાત, મહિમાની વાત, હિંમતની વાત. એક જ વાત છે – બીજાનું જોવાનું જ નહીં. પોતાની સેવા કર્યા જ કરવાની! એવું બધાને થાય તો વાંધો ન આવે.'

મહંત સ્વામીના મિષે આટલો સદ્‌બોધ આપી સ્વામીશ્રી તા. ૧૯/૧૨ની સાયંસભા બાદ ઉતારે પધાર્યા ત્યારે તેઓના ઓરડામાં બ્રહ્મતીર્થદાસ સ્વામી ઊભેલા. કરોડરજ્જુના દુખાવાની તકલીફથી પીડાતા આ સંત વડોદરામાં સારવાર લઈ સારંગપુરમાં આરામ કરવા માટે જતાં પૂર્વે અહીં આશીર્વાદ લેવા આવેલા. તેઓને વળગેલા કમરના દુખાવાની વિગત જાણી સ્વામીશ્રી આ સંતનું ગાતરિયું ઊંચું કરી દર્દનું સ્થાન જોવા પ્રયત્ન કરવા માંડ્યા. તે જોઈ એ સંતે શરીર પરથી ગાતરિયું હટાવી દીધું ત્યારે સ્વામીશ્રી તેઓની પાછળ જઈ કેડ દબાવતાં બોલ્યા: 'તમારી સેવા કરી લઈએ.'

તેઓએ આમ કહ્યું ત્યારે સૌને સમજ પડી કે સ્વામીશ્રી દર્દનું સ્થાન નહીં, પણ સેવાનો લાગ શોધી રહેલા! *'હરિતણા દાસની સેવા કરતા રે...'* એ

તેઓની પ્રકૃતિ ખરી ને !

## ફુલ (સંપૂર્ણ) આરામની વાત

તા. ૧૯/૧૨ની રાત્રે પોતાના ઓરડામાં બિરાજેલા સ્વામીશ્રીએ અહીં સ્થાનિક સંતોને સાધુતાસભર જીવન વિષે બોધવચનો સંભળાવ્યાં.

તેઓનો આ કાયમી ક્રમ રહેતો. તેઓ જે મંદિરમાં જાય ત્યાં રોકાણના એક સત્ર દરમ્યાન સૌ સંતોને એકઠા કરી ત્યાગી જીવન સાર્થક કરવાની બળભરી વાતો પ્રેમપૂર્વક કરે.

આજે પણ તેઓએ ઉઠાવેલો આ શ્રમ જોઈ આચાર્ય સ્વામી બોલ્યા : 'આપને અહીં આરામ માટે બોલાવ્યા હતા, પણ...'

'આપણે સાધુતા, ધર્મ-નિયમ અને સંપ-સુહૃદભાવ-એકતા રાખશું તો ફુલ (સંપૂર્ણ) આરામ છે ને તે પ્રમાણે ન વર્તીએ તો સૂતા હોઈએ તોય આરામ નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓના આરામનો તાલ પલંગ પર શયન સાથે નહીં, પરંતુ સંત-ભક્તના સત્સંગમય જીવન સાથે સંલગ્ન હતો.

## પુરુષોત્તમ-શું પ્રીત ઘણેરી

તા. ૨૦/૧૨ના પ્રભાતે સ્વામીશ્રીના ઓરડાનું બારણું ખૂલ્યું ત્યારે બહાર આવેલા સેવકો દ્વારા ખબર પડી કે વીતેલી રાત્રે સ્વામીશ્રીની નિદ્રા ૧૦૨ ડિગ્રી તાવ, ત્રણ વખતનાં શૌચ-સ્નાન અને એક ઊલટીએ વેરણ કરી દીધી છે. આ સમાચાર સાંભળી સૌ સંત-સત્સંગીની ઊંઘ પણ હરામ થઈ ગઈ.

જો કે આવી અસ્વસ્થ તબિયતમાંય સ્વામીશ્રી આજની સવારે મંદિરના ચતુર્થ પાટોત્સવમાં પધાર્યા. આ વિધિ બાદ તેઓ તબીબોની અનિચ્છા હોવા છતાં ધીમે ધીમે બે પ્રદક્ષિણા પણ ફર્યા. મંદિરેથી નીચે ઊતરવા ખુરશી તૈયાર રાખેલી, પરંતુ સ્વામીશ્રી ચાલીને જ પગથિયાં ઊતર્યા અને ત્યારબાદ ખુરશી પર બેસી ઉતારે આવ્યા.

અહીં પણ તેઓના સ્વાસ્થ્યમાં સરખાઈ તો ન જ આવી, કારણ કે આજે દિવસ દરમ્યાન સ્વામીશ્રીને સાત વખત શૌચવિધિ કરવા જવું પડ્યું. દિવસ કરતાં રાત્રિ તો વધુ ભયાનક સાબિત થઈ. તે અંગે સ્વામીશ્રી સ્વયં બોલી ઊઠ્યા : 'મુંબઈમાં (૧૯૭૮માં) જોઈ હતી એવી જ જાતની ઠંડી ચઢેલી.

ચાર તો ગોદડાં ઓઢાડ્યાં. પછી (હીટરની) ગરમી કરાવી. બે કલાક આવું રહ્યું. પેટમાં ગુડગુડ એટલું બધું થતું હતું કે મનેય સંભળાય ને આ (સેવકો) બધાયને સંભળાય.'

આ તકલીફમાં શરીરે ચઢેલો ૧૦૧ ડિગ્રી તાવ બળતામાં ઘી હોમતો રહ્યો. છતાં સ્વામીશ્રી તા. ૨૧/૧૨ની સવારે મંદિરમાં દર્શને તો પધાર્યા જ ! આ સમયે તેઓને પગમાં ઠંડી ન લાગે તે માટે સુતરાઉ કાપડનાં સફેદ પગરખાં પહેરાવેલાં, પરંતુ ઠાકોરજીનો વિસ્તાર શરૂ થતાં જ તે કાપડનાં પગરખાં પણ સ્વામીશ્રીએ કાઢી નાખ્યાં.

આ રીતે દર્શન કર્યા બાદ તેઓએ આજે પણ પ્રદક્ષિણા ફરવાનો આગ્રહ સેવ્યો, પરંતુ પ્રદક્ષિણાના પથ પર પટ્ટા પાથર્યા ન હોવાથી સેવકોએ સ્વામીશ્રીને ઠંડું ન લાગે એ માટે કપડાંનાં ચંપલ ધારણ કરાવ્યાં. અલબત્ત, ઠાકોરજી સન્મુખ આવતાં પહેલાં જ સ્વામીશ્રી આ પગરખાં કાઢી નાખતા અને તેને પાછળ પ્રદક્ષિણાના ભાગે પહોંચે ત્યારે પહેરી લેતા. આ રીતે તેઓ ત્રણ પ્રદક્ષિણા ફર્યા.

માંદગીમાં પણ સ્વામીશ્રીની આ સદાબહાર ભક્તિ *'પુરુષોત્તમ-શું પ્રીત ઘણેરી...'*નો પુરાવો પૂરતી ગઈ. આ જ પ્રીતિને વશ સ્વામીશ્રીએ તા. ૨૨/૧૨ની સાંજે નવસારીમાં વિદાય તથા સાંકરીમાં આગમન નિમિત્તે બંને મંદિરોમાં છ-છ દંડવત્ કર્યા. તેઓના ધસમસતા ભક્તિપ્રવાહને બીમારી, અશક્તિ જેવી કોઈ પાળ નાથી ન શકતી.

## સત્ય સગા તમે એક છો

તા. ૨૩/૧૨નું પ્રભાત ફૂટ્યું ત્યારે સ્વામીશ્રીના ૮૧મા જન્મજયંતી દિનની ખુશાલી સાંકરીના ખૂણે-ખૂણે ફરી વળેલી. આ અવસરે દેશોદેશથી ઊમટેલી ભક્તમેદનીનું અભિવાદન ઝીલતા સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા. આજે પણ જન્મદિન નિમિત્તે તેઓ ઠાકોરજીને છ દંડવત્નું અર્ઘ્ય ધરી ઘુમ્મટ તળે પહોંચ્યા.

અત્રે તેઓએ ખાનદેશનાં મોહાડી, જાપી, સોનગીર, કુસુંબે અને ગલવાડામાં નિર્માણ પામેલાં હરિમંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કર્યા. આ અવસરે ખાનદેશી ભક્તો સ્વામિનારાયણ નામથી અંકિત ૮૧,૦૦૦ મમરાનો હાર બનાવીને લાવેલા. તેઓની આ ભક્તિ સ્વીકારી સ્વામીશ્રીએ

આશીર્વાદ આપ્યા કે 'આપ બધા અહીં આવ્યા. તમને પણ આનંદ થયો ને મને પણ આનંદ થયો. ભગવાનની દયાથી આ પ્રતિષ્ઠા થઈ. હવે ત્યાં મહંત સ્વામી, કોઠારી સ્વામી પધારશે અને ભગવાન બેસશે. તેથી દરેક ગામની અંદર સુખ-શાંતિ થશે.'

આ સાથે સ્વામીશ્રીએ એકેએક ગામના ઇતિહાસ અને તે તે ગામના જૂના ભક્તો તથા તે ગામોમાં પોતે પૂર્વે કરેલા વિચરણ વખતે બનેલા અવનવા પ્રસંગોની સાંકળ ગૂંથી સૌને અપૂર્વ બ્રહ્માનંદ પમાડ્યો.

તે પછી તેઓ ગાડીમાં બેસી પ્રાતઃપૂજા માટે સભામંડપમાં જવા નીકળ્યા ત્યારે સળંગ રસ્તે ભારે ભીડ મચી રહેલી. તેની વચ્ચેથી માર્ગ કાઢતાં સ્વામીશ્રીની ગાડી મંચના પાછળના ભાગે આવી ત્યારે ત્યાં ઊભરાતા ભક્ત-સમુદાય વચ્ચે એક હરિભક્તને જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'લે, છબીલદાસ તો અહીં છે!' આટલું કહી ગાડીમાંથી ઊતરતાંની સાથે સ્વામીશ્રીની આંખો છબીલદાસને શોધવા લાગી.

તે જોઈ સંતોએ પૂછ્યું: 'કોણ છે એ?'

'પેલા ટોપીવાળા.' સ્વામીશ્રીએ ભાળ આપી.

આ નિશાનીના આધારે સંતો એ હરિભક્તને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા ત્યારે એમનો હાથ ઝાલતાં સ્વામીશ્રી બોલવા લાગ્યા: 'તમે પ્રતિષ્ઠામાં કેમ ન'તા બેઠા? તમને યાદ કર્યા હતા.'

તેઓના આ સ્નેહભીના શબ્દોએ ગલવાડાના શ્રી છબીલદાસ માસ્તર સહિત સૌને ગદ્‌ગદ કરી મૂક્યા.

સ્વામીશ્રીની પ્રત્યેક જન્મજયંતીએ લાખો ચો.ફૂ.માં સભામંડપો પથરાતા, ઊંચા-પહોળા ભવ્ય મંચ બનતા, તે પર આકર્ષક સુશોભન થતું, અનેક કલાત્મક હારતોરા અને શુભેચ્છાપત્રોનો ખડકલો થતો, મંદિરના કાંગરે-કાંગરે સજાવટ થતી, દોઢસોથીયે વધુ દેશોમાં આ સમારોહનું જીવંત પ્રસારણ થતું, લાખ - દોઢ લાખ ઉપરાંતની સંખ્યામાં માનવ મહેરામણ ઊમટતો, શુભેચ્છા પાઠવવા આવેલા મંત્રી-મહાનુભાવોની પણ હારમાળા ખડકાતી. આજે પણ આ સઘળું વિદ્યમાન હતું જ!

તે ઉપરાંત, ભારતના વડાપ્રધાન શ્રી બાજપાઈ, ગૃહપ્રધાન શ્રી અડવાણી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જેવા દિગ્ગજ નેતાઓએ આજના દિવસે ફોન દ્વારા સ્વામીશ્રી પર અભિનંદનની વર્ષા વરસાવેલી.

વીડિયોકોન કંપનીના માલિક શ્રી રાજકુમાર ધૂત તો છેક ઔરંગાબાદથી આ સાંકરી જેવા નાના ગામડામાં સ્વામીશ્રીનાં દર્શન સારુ જ મોટર પ્રવાસ ખેડીને હાજર થઈ ગયેલા.

પરંતુ આ ઢગલામોઢે સન્માનની વચ્ચે પણ ગામડા ગામના એક-એક ભક્તની સંભાળ લેતા સ્વામીશ્રીને જોઈ સૌ પોકારી ઊઠ્યા : *'સત્ય સગા તમે એક છો, જગની જૂઠી જંજાળ...'*

## ૮૧મો જન્મજયંતી મહોત્સવ

પ્રાણપ્યારા ગુરુહરિને તેઓના ૮૧મા જન્મજયંતી મહોત્સવે વધાવતાં અનેક પુષ્પગુચ્છો, પુષ્પહારો, દીપમાળાઓ, મોતીમાળાઓ તથા કળશપંક્તિઓની અનેરી સૃષ્ટિ તા. ૨૩/૧૨ની સવારે મંચ પર ખડી થઈ ગયેલી. તેની મધ્યમાં બિરાજી પ્રાતઃપૂજા કરનારા સ્વામીશ્રી આ નિત્યક્રમથી પરવારી નિજનિવાસમાં ભોજન કરવા બિરાજ્યા ત્યારે તાજેતરમાં તેઓના શરીરમાં આવેલી માંદગીની વાતો નીકળી. તે વખતે સ્વામીશ્રી બોલી ગયા : 'આત્મબળથી (કામ) ચાલે છે, બાકી હવે શરીરબળ નથી. ભગવાન અને સંતનું બળ, આશીર્વાદ છે એટલે ચાલે છે.'

તેઓનો આ ઉદ્ગાર તેઓની કંતાયેલી કાયાનો કાર્ડિયોગ્રામ આપી ગયો.

છતાં આત્મા-પરમાત્માના બળે ગતિશીલ સ્વામીશ્રી આજની સાંજે ૯૦ x ૨૫ x ૨૫ ફૂટનું પરિમાણ ધરાવતા મંચ પર આવી બિરાજ્યા ત્યારે સામે ઉપસ્થિત આશરે બે લાખની સંખ્યામાં ઊમટેલા ભક્તોએ ગગનભેદી હર્ષનાદથી તેઓને વધાવ્યા. આ મેદની ઉપરાંત ૧૫૬ દેશોમાં જીવંત પ્રસારણ નિહાળતા ભાવિકો પણ આ દર્શનથી રોમાંચિત થઈ ઊઠ્યા. એ હર્ષ અને રોમાંચ આજના સભા કાર્યક્રમના વિષયવસ્તુ – 'એવા સંતને નામું હું શીશ'ની પ્રભાવક પ્રસ્તુતિથી ક્ષણે-ક્ષણે બેવડાતા ગયા. 'ભક્તચિંતામણિના દ્વિતીય પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામીએ ગૂંથેલાં સંતલક્ષણોનો સમન્વય સ્વામીશ્રીમાં જોવા મળે છે' તે મુદ્દો આજની ઉત્સવ-સભામાં કીર્તન, પ્રવચન, પ્રસંગ-કથન, વીડિયો શૉ, નૃત્યાંજલિ વગેરે દ્વારા જેમ જેમ ઊઘડતો ગયો તેમ તેમ સૌનાં હૈયે ભરપૂર ભાવોર્મિઓ ઊઠવા લાગી.

આ અનુભૂતિની ચરમ સીમાએ આજથી ચૌદ દિવસ સુધી ઊજવાનારા 'સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ'ની જ્યોત સ્વામીશ્રીના

વરદહસ્તે જ પ્રગટી ગઈ. આ બ્રહ્મજ્યોતિમાંથી સદ્‌ગુરુ સંતોએ અન્ય પાંચ જ્યોત પ્રગટાવી તેને સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ભારતના અન્ય પ્રાંતોના અગ્રેસર કાર્યકરોને આપી. આ પાંચ જ્યોતનાં અજવાળાં તળે આગામી બે સપ્તાહ દરમ્યાન ૬,૮૦૦ સત્સંગ-કેન્દ્રો મહામંત્રની દ્વિશતાબ્દી સ્થાનિક સ્તરે ઊજવી ગઢપુરના મુખ્ય મહોત્સવમાં એકત્રિત થવાનાં હતાં.

આ હેતુસર આજે પ્રગટેલી જ્યોતિ અને તેના જ્યોતિર્ધર સ્વામીશ્રીને વધાવવા ત્રણસો તાલીમબદ્ધ તરુણોએ હાથમાં મશાલ લઈ નૃત્ય આરંભ્યું. *'યુગો સુધી આ જગમાં જેનાં મળતાં રહેશે અજવાળાં, પ્રમુખસ્વામીના ગુણોના કોઈ ગણી શકે ના સરવાળા...'*ની ધ્રુવપંક્તિ સાથે શરૂ થયેલી આ નૃત્યાંજલિ વિરમી ત્યારે પેલી ત્રણસો મશાલોમાંથી લાખ-લાખ દીવડા પ્રગટી ગયા અને સમૂહ આરતીનો નયનરમ્ય નજારો જામી ગયો. તેથી *'દીપે દીપજ્યોત ત્યાં અપાર, જાણ્યું બણ્યું તેજનું આગાર...'* જેવું એ દેદીપ્યમાન સભાસ્થળ અવની પરના આકાશની જેમ શોભી રહ્યું.

તેમાં ચંદ્રની જેમ શોભતા સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે 'ભગવાન સ્વામિનારાયણ પોતે જ જ્યોત લઈ પધાર્યા છે. એમની આ જ્યોત ચાલુ જ છે. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે દેશ-પરદેશમાં આ જ્યોતને ખૂબ જલાવી છે, એટલે આપણે નવી પ્રગટાવવાની નથી, પણ છે એને હજુ આગળ વધારવાની છે. એકબીજાનો મહિમા સમજાશે તો આ કાર્ય થઈ શકશે. અમહિમાની, અભાવ-અવગુણની વાતોથી કશું કામ નહીં થાય.'

સ્વામીશ્રીની આ જ્ઞાનજ્યોતના ઉજાશ સાથે આજનો ઉત્સવ પૂર્ણ થયો ત્યારે સૌનાં અંતર ઝળહળી ઊઠ્યાં.[૪૨]

## આઠે પહોર આનંદ જેના અંગમાં

જન્મજયંતીએ ઊમટેલા બે લાખ ભાવિકોના સમુદાય વચ્ચેથી વિદાય

---

૪૨. દિવ્યતા અને દબદબાપૂર્વક ઊજવાયેલા સ્વામીશ્રીના ૮૧મા જન્મજયંતી મહોત્સવનો આનંદ માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

લઈ મંદિરે પધારેલા સ્વામીશ્રી ભોજન બાદ પોતાના ઓરડામાં એકલા બિરાજ્યા હતા. છતાં તેઓના મુખારવિંદ પર રમી રહેલી બ્રહ્મમસ્તીમાં કોઈ ઓટ જણાતી નહોતી. તે જોઈ કંઈક કામ માટે અંદર પ્રવેશેલા સંતો આશ્ચર્ય પામ્યા ત્યારે એક આંગળી દર્શાવતાં સ્વામીશ્રી સહજભાવે બોલ્યા : 'લાખો માણસો ત્યાં ને અહીં only one (ફક્ત એક)! આપણને ત્યાંય ફાવે ને અહીં પણ ફાવે.'

ભીડ-ભભકો કે શાંત-એકાંત – સ્વામીશ્રીની બ્રાહ્મીસ્થિતિ પર લેશ અસર નિપજાવી ન શકતાં.

આ સ્થિતિમાં અખંડ મહાલતા તેઓએ તા. ૨૬/૧૨ની સવારે લોટરવા તથા ઊન ગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. આ પ્રસંગે એકત્રિત થયેલા તે તે ગામના હરિભક્તોને આશીર્વાદથી ધન્ય કરતા સ્વામીશ્રી આજની રાત્રે એક પછી એક મીટિંગોનો દોર ચલાવી રહેલા. તેમાં હવે ભોજનના નિશ્ચિત સમયની આડે ફક્ત ત્રણ મિનિટ જ બચેલી. તેથી નારાયણમુનિદાસ સ્વામીએ કહ્યું : 'આપણે હવે જમ્યા પછી બેસશું.'

'આવવા દો. તા એ તા થઈ જાય.' આટલું કહેતાં સ્વામીશ્રી બોલ્યા : "શાસ્ત્રીજી મહારાજને સારંગપુરમાં મદારો (મંદિરની કમાનનો પથ્થર) ચડાવવાનો હતો. તે વખતે હરિકૃષ્ણ સ્વામી કહે, 'જમવાનો સમય થઈ ગયો છે.' ત્યારે સ્વામી કહે, 'હું અહીં રહું તો અડધો કલાકમાં કામ સહેજે થઈ જાય.' કામમાં ત્રણ કલાક થાય એવું હતું પણ એક કલાકમાં થઈ ગયું !"

ગુરુની આ રીતે રીત જીવન રાખનારા સ્વામીશ્રી પણ આજે ભોજન પૂર્વે બચેલી ત્રણ મિનિટ દરમ્યાન મીટિંગમાં પરોવાયા !

આ રીતે ક્ષણેક્ષણનો સદુપયોગ કરનારા તેઓ તા. ૨૯/૧૨ના રોજ સાંકરીથી વિદાય લઈ ભરૂચ અને વિદ્યાનગરને લાભ આપતાં તા. ૩૧/૧૨ની રાત્રે અમદાવાદ આવી પોઢ્યા.

આ સમયે તેઓથી અળગા થતા સન ૨૦૦૧ની સ્થિતિ *'નેણાં જેમ કીકી વિના રે, જીવ વિના જેમ કાય...'*ની થઈ રહી, કારણ કે આ વર્ષના આયુષ્યની એક પળ પણ સ્વામીશ્રીની દયાના દરિયામાં નહાયા વિના વીતી નહોતી.

ભારતની પૂર્વે વસેલું ઓરિસ્સા હોય કે પશ્ચિમે આવેલું કચ્છ-ભુજ – સર્વત્ર હડુડતાં સ્વામીશ્રીની મમતાનાં મોજાં આ વર્ષે મન ભરીને માણેલાં.

પૂરેપૂરી પવિત્રતા અને પારદર્શકતા સાથે વહેલા સ્વામીશ્રીના આ પરોપકારના પ્રવાહે અખાતી પ્રદેશોની રણરેતમાં ખીલવેલી વસંત પણ આ વર્ષે નજરોનજર નિહાળેલી.

સમાજ-કલ્યાણનો આવો બૃહદ્ અધ્યાય આલેખવાની સાથે ત્રણ-ત્રણ શિખરબદ્ધ મંદિરો સર્જી આત્યંતિક કલ્યાણનો માર્ગ પણ વિશેષ મોકળો કરનારા સ્વામીશ્રી, આ વર્ષને અજોડ જણાયેલા.

તેથી જ તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે કાળની ગર્તામાં વિલીન થતાં પૂર્વે સન ૨૦૦૧ સ્વામીશ્રીને સંબોધતાં ગાતી ગઈ કે –

*'મોટું ભાગ્ય માન્યું આજ મારું, મને દર્શન થયું તમારું...'*



# છે વિશ્વવ્યાપી શુભ જેનું નામ

**સન ૨૦૦૨**

**વિશ્વની સૌથી પ્રભાવશાળી વિભૂતિ**

સન ૨૦૦૨નું પ્રથમ પ્રભાત ફૂટ્યું ત્યારે આ વર્ષ માટે ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝની ૩૭,૦૦,૦૦૦થી વધુ નકલો વિશ્વની વીસ ભાષાઓમાં પ્રકાશિત થયેલી. અવનવી વિશેષતાઓથી સમૃદ્ધ આ વિક્રમપોથીના સંપાદકોએ પોતાની પાસે આવેલા ૪૫,૦૦૦ પ્રમાણભૂત વિક્રમોમાંથી માત્ર ૩,૦૦૦ વિક્રમોને જ આ પુસ્તકમાં સ્થાન આપેલું. તેમાં આ વર્ષે પ્રથમ વાર વિક્રમોની વણઝાર વચ્ચે મુકાયેલો વિશ્વની સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓનો વિભાગ નવીનતમ બાબત બનેલી.

આ કૉલમમાં સમાવેશ કરવામાં આવેલી વીસ વિભૂતિઓની પસંદગી માટે ચાળણી ઘણી ઝીણી રખાયેલી. તેથી જ તો પ્રથમ તબક્કામાં તૈયાર થયેલી ૪૦૦ વ્યક્તિઓની યાદી ફક્ત ૫૦ની સંખ્યા સુધી ટૂંકાવવામાં આવેલી. આ આંકડો પણ મોટો જણાતાં સૂચિને ૨૫ની સંખ્યા સુધી સીમિત કરવામાં આવેલી. આ આંકડાને પણ ગળણીની કસણીમાંથી પસાર કર્યા બાદ છેવટે વિશ્વની સૌથી વધુ પ્રભાવશાળી વ્યક્તિઓ તરીકે માત્ર વીસ જ મહાનુભાવોને માનવંતું સ્થાન આપવામાં આવેલું. તેમાં ચાર રાજવીઓ, સાત રાષ્ટ્રપ્રમુખો કે

વડાપ્રધાનો, ચાર વિશ્વવ્યાપી સંસ્થાઓ, એક સામાજિક ચળવળકાર અને ત્રણ ધર્મગુરુઓની વરણી કરવામાં આવેલી.

આ ત્રણ વૈશ્વિક ધર્મગુરુઓ પૈકીના એક ધર્મધુરંધર માટે ગિનિઝ બુકે લખ્યું હતું :

*'સ્વામિનારાયણ હિંદુ મિશનના આધ્યાત્મિક વડા પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ૧૭ એપ્રિલ, ૧૯૭૧થી ૧૪ મે, ૨૦૦૧ના સમયગાળા દરમ્યાન ૧૧ દેશોમાં ૩૮૬ મંદિરોની પ્રતિષ્ઠા કરી છે.'*

સ્વામીશ્રીએ બાંધેલાં મંદિરોએ વિશ્વભરમાં પાથરેલા પ્રભાવને લક્ષમાં લઈ, તેઓને આપવામાં આવેલું આ બહુમાન ભારત દેશ, ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મના ઇતિહાસની પણ એક ગૌરવશાળી ઘટના બની રહી. આ સમાચાર સાંભળી સત્સંગ-સાગર તો હિલોળે ચડી ગયો. તે જોઈ હરખાઈ ઊઠેલી સન ૨૦૦૨ પણ સ્વામીશ્રી જેવી પ્રભાવશાળી વિભૂતિની આંગળી પકડીને સરકવા લાગી.

## સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ

સન ૨૦૦૨ના પ્રારંભિક દિવસોમાં અમદાવાદને અમૃતલાભ આપી સ્વામીશ્રી તા. ૬/૧ની સવારે સારંગપુર પધાર્યા. અત્રે તેઓ રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત યજ્ઞપુરુષ ગૌશાળાના નૂતન સંકુલનું ઉદ્‌ઘાટન કરી આજની જ સાંજે ગઢપુર પહોંચ્યા.

અહીં તેઓના આગમન વખતે માંડવધાર જવાના માર્ગે આવેલી મંદિરની સવાસો એકરની વિશાળ વાડીએ સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે 'સ્વામિનારાયણ નગર'નું નવલું રૂપ ધારણ કરી દીધેલું. ૫,૦૦૦ સ્વયંસેવકોની સેવાથી સીંચાઈને તૈયાર થયેલા આ 'નગર'ના પડખેથી વહેતી ઘેલા નદી પણ આજે તો *'ગાજે ઉન્મત્તગંગા ગંભીર, વહે નિર્મળ નૌતમ નીર...'* પંક્તિ સાર્થક કરી રહેલી.

જ્યારથી સ્વામીશ્રીએ જાણેલું કે ગઢડા ગામની ઉપરવાસની ગટર ઘેલા નદીના પુરુષોત્તમ ઘાટને દૂષિત કરે છે, ત્યારથી તેઓએ આ પ્રદૂષિત પાણીના પ્રવાહની દિશા બદલવા કમર કસેલી. આ અંગે તેઓએ આમ આદમીથી અમલદાર સુધીના સૌને સાબદા કરી ઘાટને તો ગંદો-ગોબરો થતાં બચાવી જ લીધેલો, પરંતુ અત્યાર સુધી ગટરોએ ઠાલવેલો કાદવ કાઢવા માટે

પણ સ્વામીશ્રીએ સ્વચ્છતા અભિયાન ઉપાડેલું.

જો કે છ કરોડ લિટર ગંદા પાણીના જથ્થાને ઉલેચી તેની નીચે જમા થયેલા કીચડને ખદેડવો તે કામ દિવસોની મુદત માંગે તેમ હતું; છતાં સ્વામીશ્રીએ ૨૦૦ સ્વયંસેવકો અને સંતોમાં શક્તિનો એવો સંચાર કર્યો કે માત્ર ૩૩ કલાકમાં જ તે ગંદું પાણી આગળ વહાવી દેવાયું! ત્યારબાદ કાદવ કાઢી સરકારી તંત્રની સહાયથી નર્મદાની નહેર દ્વારા ત્રણ જ દિવસમાં પુરુષોત્તમ ઘાટને પાણીથી ભરપૂર કરી દેવાયો. તેથી ઉત્સવમાં પધારનારા હજારો હરિભક્તો સહિત ગઢપુરની સમસ્ત પ્રજા સ્વામીશ્રીની ઉપકૃત થઈ રહી.

આમ, સમાજની સુખાકારીમાં હરહંમેશ વૃદ્ધિ કરતા રહેતા સ્વામીશ્રીના સમૈયા.

તે પૈકીનો એક આ દ્વિશતાબ્દી મહોત્સવ તા. ૭/૧ની સવારે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા ખુલ્લો મુકાયો. આ ઐતિહાસિક અવસરે ખડા થયેલા 'નગર'ની ભૂમિ પર અખંડ ધૂન, અખંડ જાપ, અખંડ લેખન અને અખંડ હોમ દ્વારા સ્વામિનારાયણ મહામંત્ર ગુંજાવતી કુટિરોનો ચંદરવો રચાયેલો. તેની સાથે સ્વામિનારાયણ સાહિત્ય પ્રદર્શન, મહામંત્ર મહિમા-દર્શન પ્રદર્શન અને જીવન-ઉત્કર્ષ પ્રદર્શનની ત્રિવેણી પણ રેલાઈ રહેલી. તેમાં ડૂબકી મારવા દેશ-વિદેશમાંથી ઊમટેલા હજારો સત્સંગીઓને ધન્ય કરતા સ્વામીશ્રી સવારે સાડા નવ વાગ્યે 'નગર'માં નિર્મિત મંત્રવેદિકાનાં પૂજન-અર્ચન માટે પધાર્યા.

દ્વિશતાબ્દી પર્વે દેશ-દેશાંતરના ભક્તોએ મહિમા સહિત લખેલા ૧૧,૨૫,૦૦,૦૦,૦૦૦(અગિયાર અબજ, પચીસ કરોડ) સ્વામિનારાયણ મહામંત્રથી સાડા ચાર લાખ મંત્રપોથીઓ ભરાયેલી. તેની વ્યવસ્થિત ગોઠવણી દ્વારા તૈયાર થયેલી મંત્રવેદિકા પર ઝળહળતી જ્યોતના સુશોભનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ દર્શન દઈ રહેલા. જાણે સત્સંગીઓએ આદરેલા જપયજ્ઞથી પ્રસન્ન થઈને આ યુગલ સ્વરૂપ પ્રગટ ન થઈ ગયું હોય!

તેઓ સમક્ષ ઊભા રહી વેદિકાપૂજન કરતા સ્વામીશ્રીએ સ્વામિનારાયણ મહામંત્રના ૧૦૮ જપ સાથે અક્ષતની આહુતિ આપી. તે પછી તેઓ ઠાકોરજીને વેદિકા પર પ્રસ્થાપિત કરી, આરતી અને પુષ્પાંજલિનાં અર્ઘ્ય બાદ વેદિકાની છ પ્રદક્ષિણા ફર્યા, પરંતુ સત્સંગીઓના લેખનયજ્ઞને આટલી અંજલિ આપી સ્વામીશ્રીએ વ્યવસ્થાપક સંતોને સૂચન કર્યું કે 'અહીં પાથરણું છે, છતાં મને વાગ્યું, તો જે હરિભક્તો પ્રદક્ષિણા ફરશે તેઓને પણ પગમાં વાગશે. માટે

અહીં સરખું કરીને પટ્ટા પાથરજો.'

ભક્તો માટે ઘેલાનાં જળની શુદ્ધિ કરાવનારા સ્વામીશ્રીએ ઉત્સવ-સ્થળની જમીનને પણ સમથળ કરાવી. તેઓની આવી ક્ષણેક્ષણની સંભાળથી સંસ્થાનો કોઈ પણ ઉત્સવ સૌ માટે યાદગાર બની રહેતો.

## ઘેલા કાંઠે સ્નાન, પૂજન અને દીપદાનની ત્રિવેણી

તા. ૭/૧ની સવારે મહામંત્રની વેદિકા પર જલતી થયેલી ઉપાસનાની જ્યોતથી અંજાયેલા ૩૫ નવલોહિયાઓએ જ્યારે સ્વામિનારાયણ મહામંત્રના પ્રચાર-પ્રસાર માટે જીવન હોમી ત્યાગાશ્રમના શ્રીગણેશ કર્યા ત્યારે ગઢડાનાં ગલી-ગગન કેસરી આભાથી રંગાઈ ગયાં. ૨૬ પાર્ષદોની ભાગવતી દીક્ષા અને ૯ યુવાનોની પાર્ષદી દીક્ષાના આ સ્મરણીય સમારોહને પગલે-પગલે આજની સાંજે સહયોગી સન્માન સમારંભ પણ દબદબાપૂર્વક યોજાયો.

પૂર્વ મુખ્યમંત્રીઓ અમરસિંહ ચૌધરી, છબીલદાસ મહેતા, દિલીપભાઈ પરીખ વગેરેની ઉપસ્થિતિમાં આયોજિત આ સભામાં ગઢપુરના મંદિરની કાયાપલટમાં સૌજન્ય દાખવનારા સૌને બિરદાવવામાં આવ્યા. તેની સાથે આ કાર્યમાં વિશેષ જહેમત ઉઠાવનારા સ્થાનિક કોઠારી અમૃતપ્રસાદદાસ સ્વામી, અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોએ પણ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા.

તેને અનુસરતાં તા. ૮/૧ની સવારે સૌ પહોંચ્યા યજ્ઞશાળાના આંગણે. અહીં ૧૬૦ કુંડોની ફરતે બેઠેલા ૧,૫૭૪ યજમાનોની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ યજ્ઞનો પ્રારંભ કર્યો ત્યારે પ્રગટેલી અગ્નિશિખાઓ અને ધૂમ્રસેરોથી સર્વત્ર વિશ્વશાંતિનાં મોજાં પ્રસરવા લાગ્યાં.

આ તરંગો પર જ ગતિ કરતા તેઓ યજ્ઞભૂમિમાંથી વિદાય લઈ ઘેલાના કાંઠે પધાર્યા. વૈદિક કાળમાં યજ્ઞ પછી થતા અવભૃથ સ્નાનના વિધિ મુજબ સ્વામીશ્રી આજે આ પ્રાસાદિક નદીના નીરમાં નહાવાના હતા. તેઓની આ જળક્રીડા નીરખી ધન્ય થવા ૪૦૦ સંતો અને ૫૦,૦૦૦ ભક્તોનો સમુદાય ઘેલાના કિનારે આતુર નયને ગોઠવાઈ ગયેલો. સરિતાના તીરે ઊભેલી ઈમારતોની અગાશીઓ તથા મંદિરનાં પ્રદક્ષિણા અને પગથિયાં તેમ જ પ્રદર્શન-સંકુલની પગથારે પણ અપૂર્વ માનવમેદની મીટ માંડીને ગોઠવાઈ ગયેલી. સૌની આ પ્રતીક્ષાને ફળદાયી કરતા સ્વામીશ્રી ૧૧:૫૫ વાગ્યે તરાપા દ્વારા પુરુષોત્તમ ઘાટના મધ્યમાં જઈને ઊભા રહ્યા અને સૌપ્રથમ સુવર્ણમંડિત કળશ

વડે ઠાકોરજી પર જલાભિષેક કર્યો.

તે દરમ્યાન ઉપસ્થિત હજારો મનુષ્યોના મુખેથી 'ૐ શ્રીસ્વામિનારાયણાય નમઃ'નો મંત્રોચ્ચાર ઉચ્ચ સ્વરે ગુંજતો રહ્યો. તેની વચ્ચે કળશપૂરિત જળથી ઠાકોરજીને સ્નાન કરાવ્યા બાદ સ્વામીશ્રીએ મહારાજના આ ચલ સ્વરૂપને ઘેલાના જળમાં ડૂબકી મરાવી નદીના નીરને વિશેષ પ્રાસાદિક કર્યું.

ત્યારબાદ તેઓ સ્વયં જળમાં ઝંપલાવવા સજ્જ થયા ત્યારે પોષ માસની કડકડતી ઠંડીમાં ઠરેલું પાણી હિમ જેવું ઠંડું થઈ ગયેલું. છતાં તીર્થોદકના મહિમા સાથે સ્વામીશ્રીએ ગાતરિયું ઉતારી ધોતિયાનો કછોટો વાળ્યો અને તરાપાના છેલ્લે પગથિયે પહોંચ્યા. અહીંથી જળમાં જઈ ઊભા રહી ગયેલા તેઓએ જાતે જ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... મહારાજ ના'વ... સ્વામી ના'વ...' ઉચ્ચારતાં વારંવાર મસ્તક પર જળ ચઢાવી તીર્થ-સ્નાનની તૃપ્તિ અનુભવી.

તે પછી કાંઠે બેઠેલા મહંત સ્વામી વગેરે વડીલ સંતોને પણ સંકેત કરી પાસે બોલાવતાં સ્વામીશ્રીએ તેઓના માથે અંજલિઓ પધરાવી સૌને તરબોળ કર્યા. તે વખતે સ્વામીશ્રીએ પોતાના પર પણ જળ ઢોળવાનું કહેતાં સદ્‌ગુરુ સંતો વારાફરતી સ્વામીશ્રીનાં શિરે અને શરીરે કળશ વડે જળધારા કરવા લાગ્યા. આ અભિષેક ઝીલતાં સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે ધૂન આદરી. તેઓની આ ચેષ્ટા જોઈ ઠેર ઠેર બેઠેલા સેંકડો સંતો અને હજારો હરિભક્તો પણ તાળી વગાડી ધૂન કરવા લાગતાં સ્વામિનારાયણ મહામંત્રના ઘોષથી બ્રહ્માંડ ભરાઈ ગયું !

તેની વચ્ચે સ્વામીશ્રી જળમાંથી બહાર પધારતાં સૌ સંતો-ભક્તોએ મર્યાદા મુજબ સ્નાનવિધિનો લાભ લૂંટ્યો અને સ્વામીશ્રી નદીના નિકટવર્તી ઉન્મત્તગંગા માતાના મંદિરે દર્શન કરી ઉતારે પરત પધાર્યા.

પરંતુ સામૂહિક સ્નાનની આ તવારીખનો હરખ હજી તો ઓસર્યો નહોતો ત્યાં જ બપોરે અઢી વાગ્યે 'નગર'ના દ્વારેથી પ્રારંભ પામેલી ભક્તિ ફેરીનો ગુલાલ આખાયે ગઢડામાં ઊડી રહ્યો. આ શોભાયાત્રામાં હંસ રથ, મયૂર રથ અને ગરુડ રથમાં શોભતી મૂર્તિઓની સાથે ગજરાજ પર આરૂઢ થયેલા મહારાજ-સ્વામીને વધાવતાં સંતો-ભક્તોએ નર્તન-કીર્તનની એવી તે રમઝટ મચાવી કે *'જોવા રહ્યા તે રવિદેવ થીર, થંભી રહ્યું ઉન્મત્તગંગ નીર...'*નો ઘાટ રચાઈ ગયો. ૬૫ જેટલી વિવિધ આકર્ષક પ્રસ્તુતિઓ ધરાવતી

આ નગરયાત્રાને ગઢડાનાં ઘર-ગલીએ ઊભેલા સૌએ માંગલિક ઉપચારોથી પોંખી. ચાર કલાક સુધી શહેરની શેરીઓમાં વિચર્યા બાદ ચાર કિ.મી. લાંબી આ ભક્તિફેરી ઘેલાના કાંઠે વિરમી ત્યારે અહીં ઘેલાપૂજન અને દીપદાનનો અદ્‌ભુત નજારો જામી ગયો.

ઉન્મત્તગંગાને શ્રીજીમહારાજે કંઈક વાર શ્રીફળ, ચૂંદડી અને મોળિયાંથી વધાવી છે. તે મુજબ આજે સ્વામીશ્રીએ પણ મહંત સ્વામી પાસે આ પૂજોપચાર અર્પણ કરાવી લોકમાતાને વધાવી. તે પછી પડઘાવા માંડેલા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે તેઓએ પ્રજ્વલિત દીપક ઘેલામાં તરતો મૂક્યો. તે સાથે જ સંતો-ભક્તો દ્વારા પણ અન્ય ૫,૨૨૨ દીવડાઓ નદીના નીર પર સરકવા માંડ્યા. તેથી આભલાં-ખચિત ઓઢણી ઓઢેલી નવોઢાની જેમ ઉન્મત્તગંગા ઝળહળી ઊઠી.

આ દીપદાન બાદ ઠાકોરજી સાથે યંત્રસંચાલિત આસન પર બિરાજેલા સ્વામીશ્રી આઠ ફૂટ ઊંચે જઈ પહોંચ્યા. અહીંથી તેઓએ હજારો ભક્તોને દર્શન થાય તેમ ઠાકોરજીના પૂજન બાદ ઘેલાપૂજનનો સંકલ્પ કર્યો. તે પછી પુષ્પ-ચોખા વડે નદીને વધાવી નૈવેદ્ય પણ ધરાવ્યું. આ વિધિ વિરમતાં જ આરતીના મધુર સૂરોથી ઘેલાનો ઘાટ ગુંજવા માંડ્યો. તે જ સમયે ઘેલાના નીરમાંય દીપમાળાથી અંકિત સ્વામિનારાયણ મહામંત્ર ઝગમગવા લાગ્યો. આરતીના આ ઝળહળાટ બાદ ૧૦૮ વખત 'ॐ श्रीस्वामिनारायणाय नमः'ના ગગનભેદી જાપ સાથે ઘેલાને પૂજી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે ચારેકોર *'આનંદથી ઉત્સવ કર્યો, વરત્યો તે જયજયકાર...'*ની લાગણી ફરી વળી.

## ગુજરાતના ગૌરવરૂપ સંતશક્તિ

મંત્ર મહોત્સવના શિરમોર સમા દિવસ તા. ૯/૧, માગશર વદ એકાદશીની સવારે સ્વામીશ્રી નવીનીકરણ પામેલા મંદિર-સંકુલના ઉદ્‌ઘાટન માટે ભવ્ય, ઉત્તુંગ અને કલાપૂર્ણ પ્રવેશદ્વાર પાસે આવી ઊભા રહ્યા. શ્વેત સંગેમરમરને વડનગરી શૈલી મુજબ કંડારીને સર્જાયેલા આ દ્વારમાંથી દેખાતું આરસનિર્મિત મંદિર અતિ મનોહર ભાસતું હતું. તેની સાથે અદ્વિતીય પ્રદર્શન ખંડો, વિશાળ સભાગૃહ, સુવિધાસજ્જ યાત્રિક નિવાસ, મનોહર ઉદ્યાનો, કાર્યાલયો, ભોજનશાળાઓ, સંતનિવાસ વગેરેથી પૂર્ણતા પામેલું આ મંદિર-પરિસર. આ રચના પર નવનિર્મિત દ્વાર પાસેથી એક દૃષ્ટિ ઠેરવી

સ્વામીશ્રીએ માંગલિક મંત્રોચ્ચાર વચ્ચે વડીલ સંતોના હાથે શ્રીફળ વધેરાવ્યાં. ત્યારબાદ તેઓએ નાડાછડી છોડી પરિસરમાં પ્રવેશ કર્યો તે ક્ષણને ઉપસ્થિત હજારો ભક્તોએ હર્ષભેર વધાવી લીધી.

આ અભિવાદન સ્વીકારતાં મંદિરે પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે હનુમાનજી અને ગણપતિજીની નૂતન મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. તેની સાથે મંદિરના ગર્ભગૃહમાં પણ ઘનશ્યામ મહારાજ અને શાસ્ત્રીજી મહારાજને પધરાવ્યા.

તેને અનુસરતાં પ્રતિષ્ઠા-સભામાં પહોંચેલા તેઓએ શ્રીજીમહારાજના સમકાલીન દાદાખાચર અને જીવાખાચરના વર્તમાન વંશજોને ક્ષાત્ર-પરંપરા મુજબ સાફા બંધાવી શાલ તેમ જ સ્મૃતિભેટનાં સન્માનથી નવાજ્યા. આ સમયે સ્વયં સ્વામીશ્રી પણ મસ્તકે પાઘ ધારણ કરી આસન પરથી ઊભા થઈ ગયા અને આ દરબાર પરિવાર સાથે સ્મૃતિછબી પડાવી. તેઓનો આ અનુરાગ સૌને શ્રીજીના સ્નેહની ઝાંખી કરાવી ગયો.

સ્વામીશ્રીનાં આ સ્નેહજળ ઝીલવા આજની સાંજે તો મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સહિત સવા લાખની સંખ્યામાં ભક્તસમુદાય ઊમટી પડ્યો. મંત્ર મહોત્સવના આ મુખ્ય સમારોહમાં *'જે સ્વામિનારાયણ નામ લેશે...'* એ સંપ્રદાયપ્રસિદ્ધ પંક્તિઓના આધારે કાર્યક્રમ ઘડાયેલો. તે અનુસાર સ્વામિનારાયણ મહામંત્રના ઉદ્ભવ અને તેના પ્રસાર તથા પ્રતાપની પ્રભાવક પ્રસ્તુતિ નૃત્ય, સંવાદ, વીડિયો શો, વક્તવ્યો વગેરે દ્વારા થઈ.

તેની સાથે સંસ્થાએ સમાજસેવાનું પણ એક પ્રશંસનીય પગલું ભર્યું. ગત વર્ષે કચ્છમાં સર્જાયેલા ભૂકંપથી ધરાશાયી થયેલાં કંઈક ગામોમાંથી ૧૫ ગામો અને વસાહતો તેમ જ ૪૮ શાળાઓનાં પુનર્નિર્માણ સંસ્થાના સૌજન્યથી થયેલાં. તેનું લોકાર્પણ કરતાં સ્વામીશ્રીએ આજે નવસર્જન પામેલા એક મકાનની પ્રતિકૃતિ મુખ્યમંત્રીને અર્પણ કરી.

સ્વામીશ્રીના આ પરોપકારને બિરદાવતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે 'પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં આવતાં જ પવિત્રતા, આધ્યાત્મિકતા અને કરુણાની ત્રિવેણીમાં સ્નાન કરતા હોઈએ એવો અનુભવ થાય છે. માનવશક્તિનો સમાજની સેવામાં ઉપયોગ કરવાની અદ્ભુત ક્ષમતા પ્રમુખસ્વામી મહારાજમાં છે. કોઈ પણ આપત્તિ આવે ત્યારે તેઓ અને સંસ્થા ન પહોંચે તેવું ન જ બને ! ગુજરાતને માટે તો ગૌરવરૂપ બાબત છે કે અમારે ત્યાં આવી સંતશક્તિ પડી છે. પ્રમુખસ્વામીએ પિતૃભાવથી મારા પ્રત્યે સદાય

અનહદ પ્રેમ વરસાવ્યો છે તે બદલ હું જીવનમાં ખૂબ જ સંતોષ અને આનંદની લાગણી અનુભવું છું.'

મુખ્યમંત્રીની આ સ્વાનુભૂતિ બાદ સ્વામીશ્રીએ મહામંત્રનો મહિમા રેલાવ્યો કે 'સ્વામિનારાયણ મંત્રથી આપણા સંકલ્પો પૂરા થાય છે, દુઃખ દૂર થાય છે, શાંતિ થાય છે અને અનંત જન્મથી વળગેલો જન્મ-મરણનો રોગ ટળી જાય છે. આ મંત્રમાં શ્રદ્ધા, દૃઢતા અને નિશ્ચય ગુણાતીત સત્પુરુષ દ્વારા જ દૃઢ થાય છે. આપણી રીતે તે કાંઈ થઈ શકતું નથી. સત્પુરુષ પ્રગટ થાય ત્યારે મંત્રનો મહિમા, મંત્રનું બળ આપણને દૃઢ કરાવે છે. આજે આ સમૈયામાં જે આવ્યા છે એ બધાનું ભગવાન કલ્યાણ કરશે. બધાને સુખ-શાંતિ થશે.'

આ આશીર્વાદ સાથે ત્રણ વર્ષથી સતત ગાજતાં મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવનાં પડઘમ શાંત થયાં, પણ ત્યાં સુધીમાં તો સ્વામીશ્રીએ આપેલાં મંત્રજાપ, મંત્રલેખન, મંત્રપુરશ્ચરણ, મંત્રઅનુષ્ઠાન, ભક્તિફેરી જેવાં વિવિધ આયોજનોથી દુનિયાના કણ-કણમાં સ્વામિનારાયણ નામ ધબકતું થઈ ગયું.[૪૩]

## ભૂત પ્રાણી તણા હિતકારી રે

મંત્ર મહોત્સવ બાદ પણ સ્વામિનારાયણ નામનો મહિમા પ્રસરાવવાનું કાર્ય પૂર્વવત્ ચાલુ જ રાખતાં સ્વામીશ્રીએ તા. ૧૧/૧ની સવારે ચાડા, રતનપુર, કાનપુર, રામપુર, પરવાળા અને માંડવધાર ગામનાં મંદિરોની મૂર્તિઓનાં પૂજન-પ્રતિષ્ઠા સંપન્ન કર્યાં.

આ જ હેતુસર તા. ૧૨/૧ની સાંજે ગઢડાથી ભાવનગર પધારેલા તેઓના સાંનિધ્યમાં તા. ૧૪/૧ના રોજ ઉત્તરાયણની પુણ્યપર્વણી ધામધૂમથી ઊજવાઈ.

આ દિવસે ગુણાનુરાગી શ્રી ઘનશ્યામભાઈ મર્ચન્ટના ઘેર અલ્પાહાર લઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ બાળકોએ 'શાંતિ મંત્રણા' નામનું પ્રહસન રજૂ કર્યું. વિશ્વશાંતિ માટેના સ્વામીશ્રીના પ્રયત્નો અને સંદેશાને ગૂંથતી આ પ્રસ્તુતિના અંતે સંવાદના ભાગરૂપે લવાયેલાં બે શ્વેત પારેવાંઓને બાળકોએ સ્વામીશ્રીના ખોળે મૂક્યાં. સ્વામીશ્રી પણ પોતાના પ્રેમાળ હાથે શાંતિપ્રતીક સમા આ

---

૪૩. સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવની ધન્ય અને ચિરંજીવ ક્ષણોને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પારેવાંની પીઠ પસવારવા લાગ્યા. આ સમયે સંતો શિશુઓને વહેંચવાનો પ્રસાદ લઈ આવ્યા, પરંતુ તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'આ કબૂતરો માટે ?'

તેઓની કરુણાનું ક્ષેત્ર માત્ર મનુષ્ય પૂરતું જ સીમિત નહોતું.

આમ, *'ભૂત પ્રાણી તણા હિતકારી...'* સમા સ્વામીશ્રીની કૃપા હવે ભાવનગરમાં શિખરબદ્ધ મંદિરરૂપે આકાર પકડવાની હતી. તેનું મંગલાચરણ કરતો શિલાન્યાસ મહોત્સવ તા. ૧૫/૧ની સવારે યોજાયો.

આ અવસરે શહેરના અનેક શ્રેષ્ઠીઓ અને આગેવાન સત્સંગીઓની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ મધ્ય ખંડની શિલાને પૂજી. તેની સમાંતર અન્ય છવ્વીસ શિલાઓનું પૂજન વડીલ સંતોએ કર્યું. ત્યારબાદ ૧૧:૫૭ કલાકે સ્વામીશ્રીની પ્રાસાદિક શિલા ગર્તમાં પધરાવવામાં આવી. તે સાથે જ શ્રીજીમહારાજના સમયથી ભાવનગરમાં પાંગરેલા સત્સંગવૃક્ષ પર એક રસદાર ફળને પાકવાની ક્ષણો તરફ સમય સરકવા લાગ્યો. આ ફળની મધુરતાની આગાહી કરતાં સ્વામીશ્રીએ ૯,૦૦૦થી વધુ ભક્તોને આશીર્વાદ આપ્યા કે 'અહીં મંદિર સુંદર અને સારું થશે. હજારો માણસોનું શ્રેય થાય એવું થશે. ભાવનગરમાં આ એક અંતરમાં શાંતિ મેળવવા માટેનું સ્થાન થશે.'

આ રીતે શહેરની શાંતિનું સરનામું સ્થાપી સ્વામીશ્રી આજની સાંજે જ હવાઈમાર્ગે મુંબઈ પધારી ગયા.

## સામર્થ્ય તે કાંઈ નહીં અમારું

મુંબઈના આગમનની રાત્રે પોતાના ઓરડામાં બિરાજી પત્રવ્યવહાર ચલાવી રહેલા સ્વામીશ્રી પર ન્યૂજર્સીથી એક ફોન આવ્યો. તેમાં એક ડૉક્ટરે પોતાના ઘેર જન્મેલા પુત્રના નામકરણ વિષે પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ તે બાળકનું નામ જય પાડી એ તબીબને કહ્યું: 'ફોનનું રિસીવર છોકરાના કાન પાસે મૂકો.'

આમ થતાં સ્વામીશ્રી બોલ્યા: 'હલ્લો, જય! જય સ્વામિનારાયણ! તારો જનમ થયો છે તો મોટો મુક્ત થજે.' આટલું કહી ફોનમાં ત્રણ વાર સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'બસ, લ્યો, એને સંસ્કાર પડી ગયા.'

એક જીવનું જતન કરવામાં કેટલી જાગૃતિ! તેઓ જેવી સતર્કતાથી જો પ્રત્યેક વાલી વર્તે તો ઘેર-ઘેર ગુણિયલ બાળકો સર્જાય.

આ ધ્યેય સિદ્ધ કરવા તા. ૧૬/૧ની રાત્રે ૧૨:૩૫ વાગ્યાથી પોતાની ૨૪મી વિદેશયાત્રાનો આરંભ કરનારા સ્વામીશ્રીએ તા. ૧૭/૧ની સવારે સવા આઠ વાગ્યે સિંગાપોરને પાવન કર્યું.

ટાપુ, શહેર, રાજ્ય કે દેશ – આ ચારેયના ચોકઠામાં ગોઠવાય એવી આ ભૂમિ પર તા. ૧૮/૧ની સાંજે જૈન ભાવિક શ્રી લલિતભાઈ બેલાવાલાના પ્રાંગણમાં સભા યોજાઈ. તેમાં લાભ આપી સ્વામીશ્રી આ જ યજમાનના મકાનમાં બિરાજ્યા હતા ત્યારે આવી ચડેલા એક વડીલે પોતાની પ્રતીતિ પ્રગટ કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'આપ ભગવાન છો.'

'ભગવાન નહીં, ભગવાનના સેવક છીએ.'

'ના, ભગવાન છો. આટલાં મહાન કાર્યો એમ ને એમ ન થાય.'

'ભગવાન (અમારામાં) રહીને કાર્ય કરાવે છે.'

સ્વામીશ્રીના આ ખુલાસામાંથી *'સામર્થ્ય તે કાંઈ નહીં અમારું, ઐશ્વર્ય તે તો પ્રભુજી તમારું...'*નો દાસભાવ નીતરી આવ્યો. અનેકની સજ્જડ પ્રતીતિ અને પુરાવા પણ સ્વામીશ્રીના મુખેથી પોતાના કર્તાપણાની કબૂલાત કરાવવામાં નિષ્ફળ નીવડતાં.

## ધીર ગંભીર ધર્મમાં પ્રીત રે

તા. ૧૯/૧ની સાંજે સિંગાપોરના સુપ્રસિદ્ધ સન ટેક સિટી હોલમાં ધર્મલાભ આપી સ્વામીશ્રીએ સભાના હેતુથી તા. ૨૦/૧ની સવારે જૈન ભવન પણ પાવન કર્યું.

અહીંથી તેઓ ઉતારે પધારી ભોજન લેવા બિરાજ્યા ત્યારે લંડનના કિશોર અમર પારેખે 'બાપા! આજે હું આપની સમક્ષ જાદુના કેટલાક પ્રયોગો કરીશ' કહેતાં ગંજીપાનાં પાનાં પોતાના હાથમાં લીધાં.

પરંતુ તે જોતાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'આ વળી તું ક્યાં લાવ્યો? અમે સાધુ છીએ. અમને આમાં કાંઈ ખબર ન પડે. કોઈક બીજાને બતાવો ને!'

આમ કહી તેઓએ સામે બેઠેલા એક યુવક તરફ જાદુની જાળ સરકાવી દીધી, પણ પેલા જાદુગરા કિશોરનો ઉત્સાહ હજી ઊછળતો હતો. તેથી તે હાથમાં એક ચલણી નોટ લઈ જ્યાં સ્વામીશ્રીને કંઈક કહેવા ગયો ત્યાં જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'એ મને બતાવીશ નહીં. અમે સાધુ છીએ.'

ચલણી નાણાંને અડવાની વાત તો દૂર રહી, તેઓ તેને જોવા માટે પણ

રાજી નહોતા.

આવા પરમ પવિત્ર તેઓ પાસે તા. ૨૧/૧ની સવારે બે સ્થાનિક મૅનેજરો આવી પહોંચ્યા. સત્સંગી મિત્રના નિમંત્રણથી આવેલા તેઓ પૈકીના એક શ્રી સરગી લોરેકે સ્વામીશ્રીને પૂછ્યું: 'આપ કૌટુંબિક માર્ગદર્શન આપો છો, પરંતુ આપ તો ૧૮ વર્ષની ઉંમરે સાધુ થઈ ગયા છો! આપને કૌટુંબિક જીવનનો અનુભવ તો નથી, છતાં કેવી રીતે ગાઇડન્સ આપી શકો છો?'

'ગાઇડન્સ તો ભગવાન આપે છે. આપણે તો ભગવાનને યાદ કરીને, પ્રાર્થના કરીને જવાબ આપીએ છીએ એટલે ભગવાન અંતર્યામીપણે બધું કાર્ય કરે છે. અમે તો નાનપણથી આવ્યા એટલે અનુભવ ન હોય તે સ્વાભાવિક છે, પણ ભગવાનને આખી દુનિયાનો અને દરેક જીવનો અનુભવ છે. તે ભગવાનને યાદ કરીને કરીએ છીએ એટલે લોકોને સંતોષ થાય છે.'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતામાંથી *'સ્વામી-શ્રીજી એમાં અખંડ રહી, કરે નિજ ભક્તો કેરાં કાજ...'*નો ધ્વનિ સંભળાઈ રહ્યો.

## ...તો દુઃખી, દુઃખી ને દુઃખી

આ અરસામાં સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા સ્વામીશ્રીનાં ચૂંટેલાં ઉપદેશ-વચનોનો સંગ્રહ 101 PEARLS OF WISDOM(શાણપણનાં ૧૦૧ મૌક્તિકો)રૂપે પ્રકાશિત થયેલો. આ પ્રકાશનની વાતો તા. ૨૨/૧ની સાંજે વિમાન દ્વારા સિંગાપોરથી પર્થ જઈ રહેલા સ્વામીશ્રી સમક્ષ નીકળી. તે વખતે આ પુસ્તકના એક વાક્યનો સંદર્ભ લઈ સ્વામીશ્રી બોલ્યા: 'દુઃખમાં કરમાઈ ન જવું ને સુખમાં હરખાઈ ન જવું. બેયને સહન કરી લો.'

આ સાંભળી એક સહયાત્રીએ કહ્યું: 'કોઈ વ્યક્તિ દુઃખ આપે તો એમ જ થાય કે આણે જ મારું નખ્ખોદ કાઢ્યું!'

'દેખાય એમ જ, પણ એણે દુઃખ આપ્યું એવું નથી. કાળ, કર્મ, માયા કોઈ આપણો નાશ કરવા સમર્થ નથી. માટે કોઈએ કર્યું નથી. ભગવાને જ કર્યું છે. એ પણ આપણા કલ્યાણ માટે, આપણામાં કંઈ સ્વભાવ હશે તે ટાળવા માટે, આપણામાં કંઈ ભૂલ હશે તે ટાળવા માટે. આ દૃષ્ટિ રાખવી.'

ભગવાનના કર્તાપણા વિષે સ્વામીશ્રીએ પાથરેલા આ પ્રકાશથી સુખ-દુઃખને જોવાની સૌની દૃષ્ટિ પલટાઈ ગઈ.

તે સમયે જ સ્વામીશ્રીનું વધુ એક બોધવચન વંચાયું કે 'જે માણસ

હજારો લોકોને દુઃખી કરીને જીવન જીવતો હોય તે માણસ નથી. જે વ્યક્તિ હજારોને સુખી કરીને જીવન જીવતો હોય તે માણસ કહેવાય.'

આ સાંભળતાં જ 'એવો સાચો માણસ કોણ?' એમ પૂછી સ્વામીશ્રીએ જણાવ્યું કે 'મનુષ્યરૂપે પ્રગટ થયેલા ભગવાન અને સંત, કારણ કે જગતના માણસમાં એવું બધું ન હોય.'

આ સ્પષ્ટીકરણ સાંભળી વિવેકજીવનદાસ સ્વામી બોલ્યા: 'અમે તો એમ જ સમજતા હતા કે આ તો જગતના માણસની વાત થઈ!'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'જગતનો માણસ કરીને કરે કેટલું? એ પાંચ-પચીસ માણસને સુખી કરી શકે, જ્યારે આ (ભગવાન અને સંત) તો લાખો, કરોડો, અબજો માણસોને સુખી કરી શકે. એવા માનવ તો એક ભગવાન જ છે. માણસ જેવા માણસ ભગવાન. સંત જેવા સંત જોગી મહારાજ. આ બે વસ્તુ દૃઢ થવી જોઈએ.'

મનુષ્યની આ યથાર્થ ઓળખ આપી સ્વામીશ્રીએ વધુમાં જણાવ્યું:

'માણસ પોતાના દરેક કર્તવ્ય પર અંતર્દૃષ્ટિ કરે તો એને શાંતિ જ રહે. અંતર્દૃષ્ટિ એટલે શું? તો 'હું કોઈ કર્તા નથી. મારાથી કંઈ થાય એવું નથી. આ જે કંઈ થયું છે તે ભગવાન અને સંતની કૃપાથી થયું છે!' ભગવાન કર્તા છે એમાં બધું આવી ગયું. મોટું સૂત્ર એ જ! 'હું કંઈ કરી શકું છું કે મારાથી થાય છે, મને બધું આવડે છે, હું ડાહ્યો છું...' – આંતરિક રીતે જો આવા વિચારો આવે તો દુઃખી, દુઃખી ને દુઃખી.'

## કોઈની સાથે વેર-ઝેર નહીં

તા. ૨૨/૧ની રાત્રે ૯:૫૪ વાગ્યે પર્થમાં પધારેલા સ્વામીશ્રી અત્રે શ્રી હસમુખભાઈ વાડિયાના ઘેર રોકાઈને દરરોજ સેન્ટ મેરી સ્કૂલમાં પ્રાતઃપૂજા તથા સત્સંગ-સભાનો લાભ આપતા.

આ ક્રમમાં તા. ૨૪/૧ની બપોરે ઉતારે બિરાજેલા તેઓ પાસે વિશ્વની ખ્યાતનામ ઓઇલ કંપની એક્ઝોન મોબિલના ઑસ્ટ્રેલિયન મેનેજર શ્રી મેલન આવી ચડ્યા. તેઓએ વાર્તાલાપમાં સ્વામીશ્રીને પૂછ્યું કે 'દુનિયામાં પ્રશ્નો ઘણા છે તો ભવિષ્ય માટે આશા છે?'

'ઊથલ-પાથલ ઘણી થઈ છે, પણ ભવિષ્ય સારું છે. કોઈ સારી વ્યક્તિ આવે છે ને આવશે ને બધું સારું થશે.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના મુખેથી નિરાશા કે નિસાસાના સૂર કદી ન નીકળે.

આવા આશાવાદી તેઓને તા. ૨૫/૧ના રોજ સ્થાનિક ઇમિગ્રેશન અધિકારી શ્રી જોહ્‌ન વિલિયમ્સે પૂછ્યું: 'વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે જે વૈમનસ્ય છે તેને દૂર કરવા શું કરવું જોઈએ?'

'ભગવાન દરેકમાં છે એ દૃષ્ટિ જો આવી જાય તો એને કોઈ વાંધો આવતો નથી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

વિખવાદના વિષનું વમન કરવાનો આ સચોટ અને શાશ્વત માર્ગ બતાવનારા તેઓને આ પ્રવાસ દરમ્યાન ઑસ્ટ્રેલિયન સરકાર રાષ્ટ્રીય મહેમાન તરીકે આવકારી રહેલી. તેથી તેઓની સુરક્ષા માટે એક પોલીસ અધિકારી નિયુક્ત કરાયેલા. તેઓની રાહબરી હેઠળ નાની ટુકડી સ્વામીશ્રીની સલામતીનો ખ્યાલ રાખતી.

પરંતુ સ્વામીશ્રી સાથે ત્રણ દિવસ ગાળ્યા બાદ તા. ૨૫/૧ની સવારે આ ઑસ્ટ્રેલિયન અમલદાર શ્રી ક્લાઈવ લીને સ્વામીશ્રી સમક્ષ જ તારણ રજૂ કર્યું કે 'સભાસ્થળે ગોઠવેલા અમારા માણસોનું અવલોકન દેખાય છે કે તમારા પ્રત્યે કોઈને વિરોધની ભાવના હોય એવું લાગતું નથી, એટલે આપ બહુ સલામત છો.'

પોલીસના આ પ્રમાણપત્રનો પ્રતિભાવ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અમારે કોઈ પોલિટિકલ (રાજકીય) વાત નથી, ધંધો-વેપાર નથી, જેણે કરીને કોઈ ભય હોય. ભગવાન ભજવા ને ભજાવવા ને સૌનું કલ્યાણ કરવું એ અમારું કાર્ય છે એટલે કોઈની સાથે વેર-ઝેર તો હોય જ નહીં.'

સ્વામીશ્રીના અનાસક્ત અને અણિશુદ્ધ જીવને તેઓને સદાય નિર્વૈરી અને નિર્ભય રાખેલા.

## પ્રેમ ઘણો પુરુષોત્તમ-શું

તા. ૨૫/૧ની સાંજે પેનરોઝ કોલેજમાં ધર્મલાભ આપનારા સ્વામીશ્રીના વરદહસ્તે પર્થના નવનિર્મિત મંદિરમાં તા. ૨૭/૧ની સવારે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજતાં સર્વત્ર જયજયકાર પ્રવર્તી ગયો.

આ અવસર સંપન્ન થતાં અન્ય દેશોમાંથી આવેલા ભક્તો હવે પોતાના સ્થાનમાં પરત ફરવાના હતા. તેમના એક શ્રી પ્રદીપભાઈ પટેલે તા. ૨૮/૧ની સવારે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! હવે અમે પાછા જવાના છીએ. નૈરોબીના

હરિભક્તો માટે કોઈ સંદેશ આપો.'

'તમારું દર્શન કરશે, વાતો સાંભળશે તેનેય એ લાભ મળશે. તમે અહીં લાભ લીધો છે, તે તમને જે પગે લાગે તેનેય એ લાભ.' સ્વામીશ્રી બોલ્યા.

આમ, *'દાસનાં દરશ સ્પરશથી, કર્યાં બહુ જીવનાં કલ્યાણ...'*ની રીત રાખનારા તેઓ તા. ૨૯/૧ની સવારે યજમાન શ્રી હસમુખભાઈ વાડિયાના ઘરમાં પગલાં કરવા નીકળ્યા. તે વખતે મકાનની પાછળ આવેલા તરણહોજ પાસે પધારેલા સ્વામીશ્રીને આ હરિભક્તે કહ્યું : 'બાપા ! આપને ભીડો પડે એટલે આ સ્વિમિંગ પૂલમાં આપને સ્નાન કરવાનું તો કહેતો નથી, પણ આપ તેને પગનો અંગૂઠો બોળીને પ્રસાદીભૂત કરી આપો.'

આ વિનંતી સ્વીકારતાં પૂર્વે સ્વામીશ્રીએ સંતોને પૂછ્યું : 'આમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું છે ?'

'હા, દરરોજ નવડાવીએ છીએ.'

દિવ્યપુરુષદાસ સ્વામી તરફથી આવેલો આ ખુલાસો સાંભળી સ્વામીશ્રીએ હોજનું પાણી મંગાવી પોતાના શિરે ચડાવ્યું. તે પછી આસપાસ ઊભેલા સંતો-ભક્તોનાં મસ્તકે પણ આ જળ છાંટતાં તેઓ બોલ્યા : 'આમાં જે ન્હાય તે બધાનું કલ્યાણ. ઠાકોરજીને સ્નાન કરાવ્યું તેમાં કુંડ પ્રસાદીનો થઈ ગયો. તેમાં હવે પગનો અંગૂઠો બોળી પ્રસાદીનો ન કરાય. આ જળ તો માથે ચડાવાય.'

ભગવાનનાં આ મહિમા અને મર્યાદા સાથે વિચરતા સ્વામીશ્રી તા. ૩૦/૧ની રાત્રે સાડા અગિયાર વાગ્યે સીડની જઈ પહોંચ્યા.

## પરોપકારની પરાકાષ્ઠા

સીડની પધારેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૧/૨ની સાંજે મેલબર્નની સત્સંગ પ્રવૃત્તિનો અહેવાલ રજૂ કરી રહેલા કાર્યકર બોલ્યા : 'સ્વામી ! મંડળમાં ઘણા માણસો ખેંચાય છે. આપનું નામ બહુ મોટું ને !'

'આપનું નહીં, ભગવાનનું નામ મોટું. ભગવાનને લઈને આવે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

*'ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ...'* પંક્તિ તેઓની જીભ પર જ નહીં, જીવમાં પણ રમતી. તેથી એ ભગવાનનો મહિમા વિસ્તરે તેવાં આયોજનોને સ્વામીશ્રી આકાર આપ્યે જ જતા.

તે ક્રમમાં અહીંના પેરામેટા ઉપનગરના રોઝ હિલ વિસ્તારમાં તૈયાર થયેલું નૂતન હરિમંદિર તા. ૨/૨ની સવારે પ્રતિષ્ઠા નિમિત્તેના યજ્ઞથી ગાજતું રહ્યું. આ સમયે મંદિરના સિંહાસનની સામે જ આશરે દોઢસો યજમાનોની ઉપસ્થિતિમાં થયેલા મહાયાગ બાદ સાંજે છ વાગ્યે પેરામેટા નદીના મીડો બૅન્ક પાસેથી શોભાયાત્રારૂપે જળયાત્રાનો શુભારંભ થયો. એક નાવમાં સ્વામીશ્રી, સંતો અને મૂર્તિઓ સાથે વડીલ હરિભક્તો તથા બીજી નૌકામાં ૬૦૦ હરિભક્તોના રસાલા સાથે નદીના નીરમાં સરકતી આ નગરયાત્રા હાર્બર બ્રિજ, ઑપેરા હાઉસ વગેરે પ્રસિદ્ધ સ્થાનો પર દૃષ્ટિ કરતી ૭:૪૫ વાગ્યે વિરમી.

તેને અનુસરતાં આવી ગયેલો પ્રતિષ્ઠાવિધિ તા. ૩/૨ની સવારે ૧,૫૦૦ ભાવિકોની હાજરીમાં ધામધૂમપૂર્વક સંપન્ન થયો. આ અવસરે પેરામેટાના મેયર શ્રી હેઈન્સ, ભારતીય રાજદૂત શ્રી રાઠોડ, ફેડરલ લેબર પાર્ટીના અગ્રણી નેતા શ્રી ફર્ગ્યુસન સહિત અનેક સ્થાનિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. ઑસ્ટ્રેલિયામાં બહોળો ફેલાવો ધરાવતાં અખબારોએ પણ આ પ્રતિષ્ઠાના સમાચાર પ્રસારિત કરી મહોત્સવને વ્યાપક બનાવ્યો.

આમ, સર્વત્ર ગુંજેલા અક્ષર-પુરુષોત્તમના ડંકાની વાતો તા. ૪/૨ની સવારે સ્વામીશ્રીના અલ્પાહાર દરમ્યાન પડઘાતી હતી. તે વખતે જ સ્વામીશ્રીએ એક પછી એક પાંચ ગોળીઓ ગળા હેઠે ઉતારી. તે જોઈ ચિત્તરંજનભાઈ બોલ્યા: 'બાપા! આ ડી. સી. પટેલ ક્યારના મને કહે છે કે 'સ્વામી કેટલી ગોળીઓ ખાય છે? મારે ઓછી લેવાની હોય છે, મને થોડી આપી દો.'

'આ ડી. સી.ની જ ગોળીઓ ખાઈએ છીએ!' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓના આ ઘટસ્ફોટમાંથી પરોપકારની પરાકાષ્ઠા પ્રકાશી રહી. *'વળી હરિજનને હોય દુઃખ રે, થાય મને એ ભોગવે સુખ રે..'*ની જીવનશૈલી ધરાવતા સ્વામીશ્રી શ્રીજીમહારાજની જેમ જ ભક્તોનાં દુઃખ સ્વયં વેઠીને સત્સંગીઓને સુખી રાખતા.

## હતું હેત હરિકથા માંઈ

તા. ૯/૨ના રોજ ભોજન દરમ્યાન વચનામૃત અને સ્વામીની વાતોનાં અવતરણોની સાંકળ ગૂંથવા માંડેલા કિશોરોને જોઈ સ્વામીશ્રી પ્રસન્નતા વરસાવવા લાગ્યા. અંગ્રેજી માધ્યમમાં ભણતા આ કિશોરોને ઘર અને મંદિર

સિવાય ક્યાંય ગુજરાતી ભાષાનો યોગ ન હોવાથી શાસ્ત્રોના સંદર્ભો જીભે ચઢવા કઠણ પડે. છતાં મુખપાઠ કરીને આવેલા તેઓની ભક્તિથી રીઝેલા સ્વામીશ્રી જ્યાં લાગ મળે ત્યાં વાતો સંભળાવીને પુષ્ટિ કરતા જતા.

આ ક્રમમાં એક કિશોર મેહુલ દ્વારા બોલાયેલા વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૬૮ના વાક્યનો આધાર લઈ સ્વામીશ્રીએ જણાવ્યું :

''મહારાજ કહે છે – 'મારા એકાંતિક સંત છે તે મારી મૂર્તિ છે.'

એમાં દિવ્યતા આવવી જોઈએ. એ ખાય-પીએ, હરે-ફરે, માંદા થાય, પ્લેનમાં જાય એ બધું આપણા જેવું જ લાગે, પણ એ એવી રીતે વર્તે છે શા માટે કે આપણને એમનું સુખ આવે. એનો પ્રભાવ દેખાડે તો આપણે બેસી ના શકીએ, જોઈ ના શકીએ. એટલે સામાન્ય આપણા જેવા થઈને આપણા જેવી ક્રિયાઓ કરે છે; પણ આકાશ-પાતાળનો ફેર છે! એમનાં દર્શન-સમાગમથી હજારો માણસોને શાંતિ થાય છે, ભગવાનના માર્ગે ચાલે છે, ધર્મના માર્ગે ચાલે છે. એમની આજ્ઞાથી ઘણા માણસો સંસાર છોડી દે છે. એમની ક્રિયાઓ બધી નિર્ગુણ છે એટલે બીજાને નિર્ગુણ કરી નાખે છે. આપણે એ કરી શકતા નથી. સંત દ્વારા ભગવાન છે, છે ને છે! જે બધા ભાવ દેખાય છે તે આપણામાં છે એટલે દેખાય છે, પણ એ તો પોતાના સ્વરૂપના આનંદમાં સુખિયા છે સદા. એવો દિવ્યભાવ રાખવો.''

ગુણાતીત સંત અને મનુષ્ય વચ્ચે રહેલો આ ભેદ સ્વામીશ્રીએ સ્પષ્ટ કરી આપ્યો ત્યાં જ અંકિત નામનો કિશોર *'મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહ્યો...'* એ સ્વામીની વાત બોલ્યો. તેના અનુસંધાનમાં સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'સગવડ હોય ને તે સમાગમ નહીં કરે તો તેને બહુ જ ખોટ જશે. કેટલી ખોટ જશે? બિલિયન બિલિયન બિલિયન! (અબજ અબજ અબજ!) આ તો ગણતરીમાં આવે એટલે કહીએ છીએ, પણ એનાથીયે વધારે ખોટ જશે.'

સ્વામીશ્રીએ આમ ખોટનું ખાતું ખુલ્લું કર્યું ત્યારે નિશિત નામના કિશોરે *'સંત દેશ-પરદેશ ફરે છે રે...'* પંક્તિ ગાઈ. તેનો મર્મ સમજાવતાં પણ સ્વામીશ્રીએ કહ્યું :

''સાચા સંતની આ વાત છે. ભગવાં ચઢાવી લીધાં હોય તેની આ વાત નથી. ગુણાતીત સંતને દુનિયામાં ફરવાનું કોઈ કારણ નથી. 'ચાલો, ઑસ્ટ્રેલિયા બહુ સુંદર છે, ત્યાં જોવાનું મળશે, સારું સારું ખઈશું, પ્લેનમાં ફરીશું...' – એ

માટે એમનું ફરવું નથી. એ જીવોનું કલ્યાણ થાય એને માટે ફરે છે. બીજાનું ભલું કરવા માટે ફરે છે. જીવથી નાનું-મોટું પાપ થયું હોય તો તેને પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરી સુખિયો કરે છે. તેને પોતાના સુખની ઇચ્છા નથી. ભગવાન જેવાં સેવા, દર્શન, સમાગમ એમનાં કરવાનાં. કોઈ કહે, 'મારે ભગવાન જોવા છે.' તો જોઈ લો આ સંતમાં! તેઓ દ્વારા ભગવાનનાં દર્શન થાય છે."

આ રીતે આજે ભોજન દરમ્યાન અને તે પછીયે અવિરત અમૃતધારા વહાવી સ્વામીશ્રીએ કિશોરોને આકંઠ તૃપ્ત કરી દીધા. તેઓ કુલ પચાસ મિનિટ સુધી એકધારું બોલ્યા. તેથી સ્વામીશ્રી પોઢવા પધાર્યા ત્યારે અતીત નામના કિશોરે દિલગીરી વ્યક્ત કરી કે 'બાપા! બધા વતી માફી માંગું છું કે અમને સમજાવવામાં આપ કશું જમ્યા જ નહીં!'

'ના, એવું નથી. સારી રીતે જમ્યા.'

જો કે સ્વામીશ્રીનો આ ખુલાસો કોઈનાય ગળે ઊતરે તેમ નહોતો, કારણ કે કિશોરોને અમૃતઘૂંટ પિવડાવવામાં મશગૂલ બનેલા તેઓ કોળિયા લેવામાં એટલા ધીમા રહેલા કે બે વાર તો દાળ ગરમ કરવી પડી! તેથી જ સેવકે કહ્યું: 'જમવું ને વાતો કરવી તેમાં મજા ન આવે.'

'તમને મજા ન આવે, અમને તો આવે.' આટલું કહી પડખું ઢાળતાં સ્વામીશ્રીએ ઉમેર્યું: 'કથા-વાર્તા, ભજન થાય તે ખાધા કરતાં ઉત્તમ વસ્તુ છે. એનાથી આ ભૂખ કાયમ માટે ટળી જાય.'

તેઓના જીવનમાં હરહંમેશ જોવા મળેલી કથા-વાર્તા પ્રત્યેની લગની આજેય સ્વામીશ્રીની ઓળખ આપતાં પોકારી રહી છે કે *'હતું હેત હરિકથા માંઈ, બીજી વાત ન ગમતી કાંઈ...'*

## સ્વભાવ મૂકે તો દૃષ્ટિ રહે

તા. ૧૦/૨ની સવારે નૂતન મંદિરના ઉદ્યાનમાં બે આમ્રવૃક્ષોનું વાવેતર કરી અલ્પાહાર લેવા બિરાજેલા સ્વામીશ્રીને જય નામના બાળકે પૂછ્યું: 'ભગવાન જીવના બધા જ ગુના માફ કરે છે, તો પછી સ્વર્ગ અને નરક શા માટે છે?'

બાળમાનસની આ પ્રૌઢ જિજ્ઞાસા સંતોષતાં સ્વામીશ્રી બોલ્યા: 'જે ભગવાનમાં નથી માનતા, જે ખોટું કામ કરે છે એના માટે નરક છે જ; પણ જે ભક્ત થયા તેને ભગવાનનો આશરો થયો, એટલે આશરાથી ભગવાન

ગુના માફ કરે છે. તેને માટે ભગવાનનું ધામ છે ને પેલો નથી કરતો એટલે તેને માટે નરક તો રાખવું પડે ને ?'

સ્વામીશ્રી આ સમાધાન આપી રહેલા ત્યારે પ્રશ્નકર્તા બાળકના કાનમાં બાજુમાં બેઠેલો નાનકડો મયૂર કંઈક કાનાફૂસી કરવા માંડ્યો. તે જોઈ સ્વામીશ્રીએ વિગત જણાવવા ઈશારો કરતાં તેણે કહ્યું: 'બે ભગવાન છે – ઠાકોરજી અને સ્વામીબાપા.'

તેની આ નિર્દોષ ગેરસમજ સાંભળી પ્રથમ તો સ્વામીશ્રી હસી પડ્યા. પછી બોલ્યા: 'બે (ભગવાન) નથી. એ (ઠાકોરજી) ભગવાન છે ને આપણે એમના સેવક છીએ, સમજ્યો? ભગવાન તો શ્રીજીમહારાજ એક જ છે! એમની ભક્તિ આપણે કરવાની, હં...'

શિશુ હોય કે સમજુ – સ્વામીશ્રીનો આ સ્વ-પરિચય સદા એકસમાન રહેતો.

તે સાથે આજની સાયંસભામાં ઠાકોરજીની સુવર્ણતુલા ઊજવી તેઓ રાત્રિભોજન માટે બિરાજ્યા ત્યાં જ બાળકો અને કિશોરો દ્વારા મુખપાઠની કડકડાટી બોલવા માંડી. તેમાં અંકિત નામના કિશોરે બે સાખી ગાઈને પ્રાર્થના કરી કે 'બાપા! દૃષ્ટિ રાખજો.'

'સ્વભાવ મૂકે તો દૃષ્ટિ રહે, પણ સ્વભાવને ઝળકાવે તો દૃષ્ટિ ન થાય. માટે આપણા સ્વભાવ મૂકવા અને એવી ભક્તિ કરવી કે કાયમ દૃષ્ટિ રહે.' સ્વામીશ્રીએ જણાવ્યું.[૪૪]

## ઑકલેન્ડમાં મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૧૧/૨ની રાત્રે સીડનીથી ઑકલેન્ડ પધારેલા સ્વામીશ્રી અહીં અગ્રણી હરિભક્ત શ્રી દુર્લભભાઈ પટેલના ઘેર આરામમાં પધાર્યા ત્યારે બાર વાગી ચૂકેલા. છતાં તા. ૧૨/૨ની સવારે સમયસર પરવારી તેઓ અત્રે નિર્માણ પામેલા મંદિરના પ્રાસાદ-પ્રવેશ નિમિત્તે યોજાયેલા વિધિમાં જવા તત્પર થઈ ગયા. તે વખતે સંતો-ભક્તોએ આ શ્રમ ન ઉઠાવવાની વિનંતી

---

૪૪. સિંગાપોર અને ઑસ્ટ્રેલિયામાં સ્વામીશ્રીએ વરસાવેલી અમૃતવાદળીથી ભીંજાવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

કરતાં સ્વામીશ્રી કમને સંમત થયા. જો કે ઉતારે રોકાયેલા તેઓ આરામ તો નહીંવત્ કરી સેવાકાર્યમાં જ ગૂંથાયેલા રહ્યા.

તેના અંતે બપોરના ભોજન માટે બિરાજેલા તેઓએ સામે ઊભેલા સંતોને જોઈ પૂછ્યું: 'આજે સવારે તમે મંદિરે ગયેલા?'

'હા.'

આ સાંભળતાં સ્વામીશ્રી એ સંતોની નજીક સરક્યા અને ક્ષણાર્ધમાં જ નીચા વળી સૌને પગે લાગતાં બોલ્યા: 'તમે તીર્થ કરીને આવ્યા, તો તમને પગે લાગીએ તો અમનેય પુણ્ય મળે ને!'

તેઓના આ ખુલાસામાં ભરેલો ભક્તિભાવ અકલ્પનીય હતો. મંદિર બનવા સજધજ થઈ રહેલા મકાનને પણ તીર્થતુલ્ય માનતા સ્વામીશ્રીની આસ્તિકતા સૌને અસીમ જણાઈ.

તે સાથે સ્વામીશ્રીએ આજની સાંજે ઑકલેન્ડના નવનિર્મિત મંદિરની દ્વારશાખનું પૂજન કર્યું. આ મંદિર પર સ્થપાનારા કળશ અને ધજાદંડને પણ તેઓ તા. ૧૪/૨ની પ્રાતઃપૂજા બાદ પૂજી આજની બપોરે જમવા બિરાજ્યા ત્યારે સામે બેઠેલા ડૉ. શશિકાંત પટેલનો પરિચય આપતાં કો'કે કહ્યું: 'તેઓ ન્યૂ પ્લીમથમાં રહે છે.'

'ત્યાં સત્સંગ થાય છે?'

'ના, અમે કુટુંબના ચાર જ સભ્યો ત્યાં રહીએ છીએ.'

'ચાર તો ચાર! આપણે સભા કરવી. આજ્ઞા પળી જાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સત્સંગના આ સદાગ્રહ સાથે તેઓએ તા. ૧૬/૨ની સવારે નવનિર્મિત મંદિરના પ્રાંગણમાં જ ઊભી થયેલી યજ્ઞશાળામાં અગ્નિ પ્રદીપ્ત કરી ઑકલેન્ડની આબોહવામાં હુતદ્રવ્યોની સોડમ પ્રસરાવી દીધી. તેને માણતાં ૨૨૧ યજમાનો ૪૦ કુંડમાં આહુતિઓ આપતા રહ્યા. તેથી ઊઠેલી ધૂમ્રસેરોની છાયામાં આજની સંધ્યા નગરયાત્રાનો નજારો નીરખી ગુલાબી બની ગઈ. પાંચ સુશોભિત રથ અને સેંકડો ભક્તો-ભાવિકો સાથે ન્યૂ લેનથી પ્રારંભ પામેલી આ શોભાયાત્રા મંદિરે વિરમી ત્યાં સુધી તે નગરવાસીઓના આકર્ષણનું કેન્દ્ર થઈ રહી.

પરંતુ સૌનું આ આકર્ષણ તા. ૧૭/૨, વસંત પંચમીના રોજ તો અહોભાવમાં ફેરવાઈ ગયું. આ દિવસની સવારે એવનડેલ વિસ્તારમાં આશરે

ત્રણ એકરની ભૂમિ પર ખડા થયેલા કલામય મંદિરની પ્રતિષ્ઠા જોઈ સ્થાનિક પ્રજા સહિત હિંદુઓ પણ અચંબો પામી ગયા. ન્યૂઝીલેન્ડના નજરાણા સમાન આ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવતાં સ્વામીશ્રીએ ઉપાસનાનો વિજય-વાવટો વધુ એક દેશમાં ફરકાવી દીધો.

આજના શુભ દિવસે સૌ પર પ્રસન્નતા વરસાવતાં તેઓએ કહ્યું: 'હરિભક્તો અહીં થોડા છે, પણ ઝાઝું કામ કર્યું છે. દુર્લભભાઈ, હિંમતભાઈ, જિતુભાઈ વગેરેએ ખૂબ ઉત્સાહથી કામ કર્યું છે. આ સેવામાં જોડાનાર તમામ પર ભગવાનનો ખૂબ રાજીપો થશે. આનાથી ઘણા બધા માણસોને સત્સંગ થશે.'

## શરણ આવ્યા તણું દુઃખ હરતા

ઓકલેન્ડમાં અવતરેલા મંદિરને આવકારવા પ્રતિષ્ઠાદિનની સાંજે યોજાયેલી જાહેર-સભામાં વિદેશ, વ્યાપાર અને ન્યાય ખાતાના મંત્રી શ્રી ફિલ જ્યોફ સહિત અનેક નામાંકિત મહાનુભાવોની ઉપસ્થિતિ રહી. તે પૈકીના એક ભારતીય એલચી શ્રી કિપજેને તો ભાવોર્મિ વહાવી દીધી કે 'ભૂતકાળમાં ઘણા સંતો થઈ ગયા અને અત્યારે ઘણા છે, પરંતુ આજે મેં આ સંસ્થા અને ખાસ કરીને સ્વામીશ્રીના કાર્ય વિષે જાણ્યું ત્યારે મને લાગે છે કે સ્વામીશ્રી દ્વારા ભગવાન કાર્ય કરી રહ્યા છે. તે માટે આપણે અવશ્ય ભગવાનનો આભાર માનવો ઘટે.'

આમ, જેઓ દ્વારા ભગવાન કાર્ય કરી રહેલા, તેવા સ્વામીશ્રીનું ધ્યાન આ અરસામાં વડોદરાવાસી એક વિધવા મહિલાની મુશ્કેલી હલ કરવામાં લાગેલું.

આ પતિવિહોણી બાઈનો આફ્રિકામાં રહેતો એકનો એક દીકરો સંજોગોવશાત્ કેદખાનામાં સપડાયેલો. આ ઘટનાથી હતપ્રભ થઈ ગયેલી આ સ્ત્રીની વર્તણૂક લગભગ પાગલની કક્ષા સુધી પહોંચી હતી. પુત્રની પીડાને હળવી કરવામાં પોતાને અનુભવાતી લાચારી આ માતાનો જીવ કોરી રહેલી. તેથી ચિંતાતુર બનેલા આ બાઈના જમાઈએ મદદની આશાએ સ્વામીશ્રી સમક્ષ ધા નાખેલી. આ બિનસત્સંગી પરિવારને પણ એટલો ભરોસો તો જરૂર હતો કે દુનિયાના કોઈ પણ છેડે સર્જાયેલી તકલીફ સ્વામીશ્રી દૂર કરી શકશે!

આ વિશ્વાસને સાર્થક કરતા સ્વામીશ્રીએ તા. ૧૭/૨ની સવારથી જ જોહાનિસબર્ગમાં વસતા શ્રી મૂકેશભાઈ પટેલનો સંપર્ક સાધવા ફોનનું

ચકરડું ઘૂમતું કરી દીધેલું, પરંતુ તેઓ સાથે સંપર્કસૂત્ર સ્થપાતું નહોતું. એક તરફ ન્યૂઝીલેન્ડના પ્રથમ મંદિરની પ્રતિષ્ઠાના અવસરે સ્વામીશ્રીના આજના આખાય દિવસને ભરચક કરી રાખેલો, છતાં તેની વચ્ચે તેઓ હજારો કિ.મી. દૂર કણસતા એક અજાણ્યા મા-દીકરાના પ્રશ્ન પર પૂર્ણવિરામ મૂકવા મથામણ કરી રહ્યા. આખરે તેઓની દયા-દાખડાના દોરડે જોહાનિસબર્ગના હરિભક્ત સાથે વાતચીત શક્ય બનતાં સ્વામીશ્રીએ તેઓને આદેશ આપ્યો કે 'જેલમાં સબડતા એ છોકરાને કાયદાની કલમ મુજબ મદદરૂપ થવા તમે બનતો બધો પ્રયત્ન કરો.'

આટલું જ નહીં, આ વાર્તાલાપ બાદ સતત ત્રણ દિવસ સુધી સ્વામીશ્રી આ હરિભક્તને ફોન કરતા રહી પેલા કેદી યુવાનની સુખાકારી અંગે માહિતી મેળવતા રહ્યા અને માર્ગદર્શન આપતા ગયા.

તેઓના આ પરિશ્રમની વાત જ્યારે એ જેલવાસી જુવાનના કાને પહોંચી ત્યારે તેની આંખો પણ તરલ બની ગઈ. પોતાના જેવા અપરિચિત અનાશ્રિત માટે છેક ઓકલેન્ડથી જોહાનિસબર્ગ સુધી સ્વામીશ્રીએ ચલાવેલા ચક્રથી તેનું હૈયું ભરાઈ આવ્યું.

સ્વામીશ્રીની સહાનુભૂતિથી આ યુવાન થોડા સમય બાદ જેલમાંથી છૂટ્યો ત્યારે તે અને તેની માતાના જીવનમાં વસંત મહોરી ઊઠી. સ્વામીશ્રીએ દાખવેલી કરુણાથી એ યુવાનનું તો સમૂળું પરિવર્તન જ થઈ ગયું! ચારેક વર્ષ બાદ તેનો ભેટો જોહાનિસબર્ગના પેલા હરિભક્ત સાથે થયો ત્યારે તેને સત્સંગીના પરિવેશમાં જોઈ મૂકેશભાઈ પણ દંગ રહી ગયા.

આ રીતે પરિચિત કે અપરિચિત, બાઈ કે ભાઈ, દૂરના કે નિકટના – દરેકના દુઃખમાં ભવ્ય ભાગીદારી નોંધાવતા સ્વામીશ્રીની દયાનો આ દાખલો દુનિયાના દફતરમાં દુર્લભ છે.

## હરિભક્તોને મળવું એ જ આરામ

ઓકલેન્ડમાં તા. ૧૯/૨ની બપોરે ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રીને હરિભક્ત શ્રી હર્ષદભાઈ રાણાએ કહ્યું : 'બાપા ! આપની જોડે અમે વિચરણમાં એક મહિનો ને બે દિવસ ફર્યા એમાં થાકી ગયા. તમારે તો ૩૬૫ દિવસ ફરવાનું હોય. સવારથી સાંજ સુધી આપ કામમાં જ વ્યસ્ત હો છો. આમાં કોને આરામ કહેવો એ જ પ્રશ્ન છે !'

'હરિભક્તોને મળવું એ જ આરામ! ભજન, કથા-વાર્તા થાય એ જ આરામ!' સ્વામીશ્રી બોલ્યા.

આમ, ભક્ત અને ભજન સંબંધી શ્રમને વિશ્રામ જ માનનારા તેઓ તા. ૨૦/૨ના રોજ શહેરનાં રાધાકૃષ્ણ મંદિર અને ભારતીય મંદિરમાં ધર્મલાભ આપી તા. ૨૨/૨ની સવારે માઉન્ટ ઈડન પર પધાર્યા.

અહીંથી આખું ઑકલેન્ડ આંખોમાં ભરી શકાતું હોવાથી આ સ્થળ પ્રવાસીઓ માટે તો ઍરિયલ વ્યૂ પોઈન્ટ (આકાશી દૃષ્ટિબિંદુ) તરીકે જાણીતું. પરંતુ આંખમાં શ્રીજીને જ આંજીને ફરતા સ્વામીશ્રીનું દૃષ્ટિબિંદુ સાવ નિરાળું જ નીકળ્યું. તેઓએ સમગ્ર શહેર પર દૃષ્ટિ દોડાવતાં કહ્યું: 'શહેર સારું છે. સત્સંગ ખૂબ વધે તે માટે ધૂન કરો.' આમ કહી થોડી ક્ષણો પ્રાર્થનામાં વિતાવ્યા બાદ તેની સમાપ્તિની સંજ્ઞારૂપે હાથ ઊંચો કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'ઠાકોરજીની દૃષ્ટિ પડી ગઈ એટલે બધાનું કલ્યાણ થશે.'

આ રળિયામણી ટેકરી પરથી સૌ સહેલાણીઓ જ્યારે આંખે દૂરબીન માંડી શહેરના સૌંદર્યનું રસપાન કરવામાં ચકચૂર હતા ત્યારે એ મહાનગરને એક અલમસ્ત ઓલિયા સાવ જુદા જ વ્યૂ પોઈન્ટ(દૃષ્ટિબિંદુ)થી નિહાળીને ચૂપચાપ ચાલી નીકળ્યા![૪૫]

## જે મળ્યા છે તે મૂકે એવા નથી

તા. ૨૪/૨ની બપોરે વિદાય લેતા સ્વામીશ્રીને વળાવવા આવેલા હરિભક્તોથી ઑકલેન્ડનું ઍરપોર્ટ ભરચક હતું. તેમાંના એકે પ્રતીક્ષાલયમાં બિરાજેલા સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! ન્યૂઝીલેન્ડના હરિભક્તોને ફરી ક્યારે લાભ આપશો?'

'આ છીએ ને અત્યારે! ઠે...ઠ અક્ષરધામ સુધી બધા સાથે ને સાથે છે.'

કલ્યાણનો આ કોલ આપી બપોરે ત્રણ વાગ્યે ન્યૂઝીલેન્ડથી વિદાય થયેલા સ્વામીશ્રી વિમાનમાં બેસતાં જ સત્સંગ સંબંધી એક પુસ્તકના વાંચનમાં નિમગ્ન થઈ ગયા. વિમાન ઊડ્યા પછી પણ પોણો કલાક વીત્યો તોય તેઓ

૪૫. સ્વામીશ્રીએ ખેડેલા ન્યૂઝીલેન્ડના ધર્મપ્રવાસની યાદગાર અને કલ્યાણકારી પળોને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પુસ્તકમાંથી મસ્તક ઊંચું નહોતા કરતા. તે જોઈ સંતોએ આરામ કરવા વિનંતી ઉચ્ચારી ત્યારે સ્વામીશ્રી બોલ્યા :

"આપણે ભજન, કથા-વાર્તા, વાંચન થાય એ આરામ જ છે. આપણા સંપ્રદાયના ઘણાય ગ્રંથો છે. તેનું વાંચન કરવાની ટેવ પાડવી પડે, પણ આપણને બીજા સાહિત્યમાં વધુ રસ પડે. પરંતુ આ પહેલાં દૃઢ થયું હશે તો એ કામ આવશે; નહીંતર બીજા રવાડે ચઢી જવાશે. બહારની નૉવેલો, પુસ્તકો આપણે જરૂરનાં જ નથી. ટાઇમ મળે તો સત્સંગનાં પુસ્તક વાંચવા જ બેસી જવું. આ તો ગપ્પાં મારવા બેસી જઈએ, આઘા-પાછા થઈએ, આમ-તેમ ફર્યા કરીએ. પણ જ્યારે પાંચ, દસ, પંદર મિનિટ મળે ત્યારે પુસ્તક વાંચવા બેસી જવું. વાંચી લીધું એટલે પતી ગયું એમ તૃપ્તિ ન માનવી. ફરી વાંચો તો ફરી લાભ થશે. વચનામૃત જેટલી વાર વાંચો એટલી વાર કાંઈક નવીનતા એમાં તમને લાગે. મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની વાતો વેદો, ઉપનિષદોનો સાર છે. મંદિરની પ્રવૃત્તિ સોંપી હોય તે પતે એટલે ભજન, કથા, વાંચન કંઈક ને કંઈક કરવું. મનને નવરું રહેવા દેવું નહીં. નવરું રહે એટલે કંઈક ને કંઈક ઉપાધિ કરે. આપણાં જીવનચરિત્રો છે તેમાં એમણે કેવાં કેવાં કષ્ટો વેઠીને સત્સંગ વધાર્યો તે જાણવા મળે. એ વાંચવાની જરૂર છે જ!

સવારથી ઊઠો ત્યારથી રાત્રે સૂવો ત્યાં સુધી કોઈ જાતનો વચ્ચે બીજો ટાઇમ મળે એવું નથી. મહારાજે એવો આખો રસ્તો બતાવ્યો છે. એને મૂકીને જેટલું બીજું કરો એટલી આપણા અંતરે અશાંતિ ઊભી થતી જાય. ધર્મની વાતમાં ખટકો રાખે તો વાંધો ન આવે. ધર્મમાં ઘસારો લાગે તો પ્રશ્ન થવો જોઈએ કે 'આ થયું તો કેમ થયું?'

પ્રવૃત્તિ છે એટલે હું ને તું, લડવું-ઝઘડવું થવાનું! ભક્તિનું કામ, પણ તેમાં ઝઘડા થઈ જાય. એ ન થવું જોઈએ. ભલે બોલી ગયો, કહી ગયો; મહારાજની ઇચ્છા! આપણે આપણું કામ કર્યે જાવ. પહેલો આવ્યો હોય ત્યારે સૌને નમતો રહે, પણ અહીં આવીને કો'ક એવો સંગ થઈ જાય તો બધું જતું રહે! માટે અવળા માણસનો ત્યાગ કરવો. મંઈ શબ્દ ઘૂસ્યો એ આપણું નખ્ખોદ વાળે છે એ ખબર પડે છે? જરા કો'ક આપણને બોલાવે-ચલાવે, ખવડાવે-પિવડાવે, વખાણે એટલે ફુલાઈને જાડા ભમ... થઈ જઈએ. પણ એ આપણું કાસળ કાઢવાની વાત છે. આપણે એને માટે ક્યાં આવ્યા છીએ? ભગવાન ને સંતને માટે આવ્યા છીએ, તો એની સાથે જ આપણું હેત! એ કહે

એમ જ કરવાનું હોય !

મોટાપુરુષ કો'કનું માને છે ને આપણું કહ્યું નથી માનતા એ પણ ઉપાસનામાંથી પડ્યા ! આપણને એવું દેખાતું હોય, ચોક્કસ લાગતું હોય પણ સંકલ્પ ઊઠવો ન જોઈએ. મોટાપુરુષ બધાયનું કલ્યાણ કરવા આવ્યા છે. કઈ રીતે કયું કામ થતું હોય તે આપણને ખબર ન પડે ! મોટાપુરુષ કેટલાકને બોલાવે, કેટલાકને ન બોલાવે એટલે કંઈ એને ભેદ નથી. કોઈ કારણથી એમ કરતા હોય, એની રીતે કામ કરતા હોય. આપણી કસોટી તે ઘડીએ ચાલતી હોય. પણ દેહભાવ છે એટલે આવા બધા પ્રશ્નો ઊભા થાય છે. દેહભાવ ટળે તો પછી ભગવાન અને સંત સિવાય બીજું કંઈ રહે નહીં. એટલે આપણું એક નિશાન બરાબર રહેવું જોઈએ કે ભગવાન ને સંત થકી કોઈ શ્રેષ્ઠ નથી. બ્રહ્માંડની જેટલી ક્રિયા થાય છે તે બધી એ જ કરે છે. દુકાળ પાડે તોય એ જ પાડે છે ને સુકાળ પાડે છે તેય એ જ પાડે છે. દુકાળ કેમ પડ્યો એ ચિંતા આપણે નહીં કરવાની. મહારાજની ઇચ્છા હશે તેમ થયું ! પછી આપણને શો વાંધો છે ? આવો ભક્ત ને એને કેમ દુઃખી કરી નાંખ્યો ? અલ્યા, કેમ થયું તે એ જાણે ! એ કરતા હશે તે સારું કરતા હશે, એના કલ્યાણ માટે કરતા હશે, કસર ટાળવા કરતા હશે !

બુદ્ધિવાળાને તર્કો બહુ આવ્યા કરે. એટલે કહ્યું : 'तर्कोऽप्रतिष्ठः श्रुतयो विभिन्ना नैको मुनिर्यस्य वचः प्रमाणम्। धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थाः ॥' મહાજન એટલે ભગવાન અને સંત. શાસ્ત્રીજી મહારાજ અને જોગી મહારાજ આપણા માટે મહાજન છે. એ જ મોટા છે. એ જ સૌથી શ્રેષ્ઠ છે. એના થકી જ જે થવાનું હશે તે થશે. એમાં મીનમેખ નહીં. વૃદ્ધાવસ્થા દેખાય, સાજા થાય, માંદા થાય, બીજું થાય, ત્રીજું થાય, તોય એ જ છે !

આપણને ન ગમતા હોય એવા માણસનું ભગવાન અને સંત વધારે રાખતા હોય અને વધારે બોલાવતા હોય, એટલે થાય કે 'લો, આનું રાખે છે !' આવી નહીં જેવી બાબતોમાં વિચાર થયા કરે ! આપણને થાય કે 'મને કેમ ન બોલાવ્યો ? મને કેમ ન પૂછ્યું ? મને કેમ ન સંભાર્યો ?' હવે સંભાર્યો જ છે એમ માનો ને ! ભગવાન અંતર્યામી છે. પ્રત્યક્ષ ના સંભારતા હોય પણ આમ સંભારતા હોય તે આપણને ખબર છે ? કહેવાનું શું કે સવળું લો તો વાંધો ન આવે. ગુણ લેવાનું શીખો એટલે વાંધો નહીં. એટલે સહેલી ને સટ વાત છે આ !

ભગવાન ને સંત મળ્યા એટલે દેહભાવ ટળી જ જવાનો છે એ વિશ્વાસ પાછો ૧૦૦% રાખવાનો છે. દોષ ટળશે, સ્વભાવ ટળશે, પ્રકૃતિ ટળશે, બ્રહ્મરૂપ થવાશે, એકાંતિક થવાશે, અક્ષરધામની પ્રાપ્તિ થશે તે અહીં જ થવાની છે. મૂકીને ભાગવાની જરૂર નથી. ભલે કશું ના થાય તોપણ! સેવા, કથાવાર્તા, ભક્તિ કહે એમ કર્યા જ કરવું. જે મળ્યા છે તે મૂકે એવા નથી એ ૧૦૦%ની વાત છે. માટે હારી જવાની જરૂર નથી. નિરાશ થઈ જવાની જરૂર નથી. કર્યે જ જવું, કર્યે જ જવું, કર્યે જ જવું. એમ કરતાં કરતાં એક દા'ડો આપણી બ્રહ્મસ્થિતિ થઈ જશે.''

## મોટો થયા પછી તું આવો ને આવો સારો રહીશ ?

સહપ્રવાસી સંતોને પોણો કલાક સુધી ઉપદેશામૃતનું પાન કરાવ્યા બાદ સ્વામીશ્રી પુનઃ દોઢ કલાક સુધી પુસ્તકના વાંચનમાં ડૂબી ગયા. અંતે ૭:૩૫ વાગ્યે તેઓ લઘુ-પાણી માટે ઊભા થયા ત્યાં જ એક સહયાત્રી બાળક કીર્તન પટેલ દોડી આવ્યો. તેણે પોતાને કનડતાં આળસ, ગુસ્સો, ટી.વી. વગેરે પરિબળો અંગે પ્રશ્નો પૂછી સ્વામીશ્રી પાસેથી માર્ગદર્શન મેળવ્યું. તેના નાના હોઠેથી ફૂટતા પ્રૌઢ પ્રશ્નો સાંભળી સ્વામીશ્રી પણ તેને પૂછી બેઠા : 'પ્રશ્ન સારા પૂછ્યા. કોઈએ શિખવાડ્યા હતા ?'

'ના, મને જે (નડતા) હતા તે લખ્યા હતા.' તે બાળક બોલ્યો.

પરંતુ તેની આ સમજદારીને ઝોકું ન આવે તે માટે સ્વામીશ્રીએ એ બાળકને કહ્યું : 'હવે હું તને એક પ્રશ્ન પૂછું ?' આમ કહી તેઓ બોલવા માંડ્યા : 'મોટો થયા પછી તું આવો ને આવો સારો રહીશ ?, કારણ મોટા થયા પછી છોકરાં બગડી જતાં હોય છે. લોકો સત્સંગમાં આવતા નથી. પૂજા કરતા નથી. ખોટા માણસોની સોબત થઈ જાય છે. પણ તું સત્સંગ રાખજે, તો ભગવાન રાજી થાય ને મોક્ષ થાય. માટે આ બધું ભૂલી નહીં જતો. યાદ રાખજે.'

બાળકની વધતી વય સાથે ઘસાતો સત્સંગ સ્વામીશ્રીની ચિંતાનો વિષય રહેતો. ઝાડની એક ડાળી કે કળી પણ ભાંગે તે માળીને કેમ પોષાય? તેથી સ્થાનિક સમય અનુસાર રાત્રે નવ વાગ્યે સિંગાપોરના વિમાની મથકે વિરમેલી આજની હવાઈયાત્રા દરમ્યાન સ્વામીશ્રી સંત અને શિશુની એકસમાન દરકાર લેતા રહ્યા.

## જેણે દેહબુદ્ધિ કરી દૂર

સિંગાપોરના ઍરપોર્ટ પર ઊતરેલા સ્વામીશ્રી સત્સંગી શ્રી સુરેશભાઈ પટેલના બંગલે વિશ્રામ માટે પહોંચ્યા ત્યારે તેઓની શરીર-ઘડિયાળ મુજબ તો રાત્રિના સવા બે વાગી ચૂકેલા. છતાં તેઓ દીવાનખંડમાં શાંતિથી બેસી યજમાન સહિત આઠ-દસ ભક્તો સાથે વાતે વળગ્યા. આ રીતે દસેક મિનિટ ગાળી સ્વામીશ્રી શયનકક્ષમાં પલંગ પર પડખું ઢાળવા ગયા ત્યાં જ એક સંતે ફોન આપ્યો. તેમાં વાત કરી તેઓ પરવાર્યા ત્યાં કો'કે યજમાનના મોટા દીકરાને આગળ ધર્યો. આવતીકાલથી યુનિવર્સિટીના સંકુલમાં રહેવા જતા એ યુવાનને સ્વામીશ્રીએ સત્સંગ અને અભ્યાસમાં લક્ષ રાખવાના આશીર્વાદ આપતાં કંઠી પહેરાવી. એ જ રીતે યજમાનના નાના દીકરાને માથે હાથ મૂકી તેનેય ધન્ય કર્યો.

આ કાર્ય પૂરું થયું ત્યાં એક હરિભક્ત મળવા આવ્યા. તેઓને સંતોષ આપી સ્વામીશ્રી પોઢ્યા ત્યારે તેઓની શરીર-ઘડિયાળે રાત્રિના અઢી વાગ્યાનો ટકોરો પાડ્યો !

આજની સવારે રદબાતલ થયેલો અલ્પાહાર, દિવસનો કચડાયેલો આરામ, દસ કલાકની હવાઈયાત્રાનો શ્રમ, દિવસ દરમ્યાન ખોરવાયેલો સ્નાન, ભોજન અને આરામનો દૈનિક ક્રમ, ૮૧ વર્ષની જૈફ વય, બે દેશો વચ્ચે ઊભો થયેલો ચારેક કલાકનો સમય-તફાવત... આ સઘળી વિપરીતતાઓ વચ્ચે પણ દિવસની છેલ્લી મિનિટોમાં લેશ કંટાળો કે ઉતાવળ દાખવ્યા વિના સ્વામીશ્રી જે રીતે સૌને મળ્યા તેણે તેઓની દેહાતીત સ્થિતિની છડી પોકારી દીધી.

## સુમેળભર્યા સંબંધો માટે સોનેરી સૂત્રસંચય

આ અરસામાં સંસ્થાકીય અંગ્રેજી સામયિક 'બ્લીસ'ના પાને માનવીય સંબંધો વિષયક લેખ છપાવાનો હતો. તેમાં સ્વામીશ્રીનું અનુભવગમ્ય માર્ગદર્શન સમાવવાના હેતુથી વિવેકજીવનદાસ સ્વામી, વિવેકમૂર્તિદાસ સ્વામી, જ્ઞાનપુરુષદાસ સ્વામી વગેરે સંતો તેર પ્રશ્નોની એક યાદી તૈયાર કરી તા. ૨૬/૨ની સવારે પોણા બાર વાગ્યે સ્વામીશ્રી પાસે પહોંચ્યા.

પરંતુ તેઓ હજી જ્યાં પૂર્વભૂમિકા બાંધવા જાય ત્યાં જ સ્વામીશ્રી હાથ લંબાવી પ્રશ્નાવલિનો કાગળ લેતાં બોલ્યા :

'આ પ્રશ્નોનો કોઈ અંત નથી આવવાનો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનાં જીવનચરિત્રો વાંચો, તેમની વાતો સાંભળો, તેમાં આ બધા પ્રશ્નોનું સમાધાન આવી જાય છે. આપણને એવું થાય કે 'હું કંઈક જાણી લઉં, સમજી લઉં,' પણ જોગી મહારાજની લાઇફ (જિંદગી) તમે વાંચો પછી બીજો કોઈ પ્રશ્ન રહે? તેમાં આ તમે પૂછો છો તે બધા પ્રશ્નોનું નિરાકરણ આવી જાય. મહારાજે વચનામૃતમાં બધાય ખુલાસા આપ્યા છે. પોતે બ્રહ્મરૂપ નહીં થાય ત્યાં સુધી પ્રશ્નોનું નિરાકરણ કોઈને આવવાનું નથી. એ થશે તો નિરાકરણ થશે. માણસ જોડે કેમ વર્તવું?, કેમ સહકાર આપવો?, કેમ વાતો કરવી? તે આવડશે.

આપણી સ્થિતિ થાય એટલે દુનિયાની સ્થિતિ થઈ ગઈ. આપ સુધર્યા તો આખી દુનિયા સુધરી ગઈ! પછી એ ભગવાનને સંભારીને ચાલ્યા કરે. એટલે દૃષ્ટિ આ છે. બાકી દુનિયાના પ્રશ્નો છે તેનું કોઈ નિરાકરણ નથી. પ્રશ્નો ઊઠે તે બરોબર છે, પણ તેનો ઉપાય આગળ થઈ ગયા તે પુરુષો બતાવી ગયા છે. મહારાજે જે વાત કરી તેમાં કંઈ અધૂરું છે? ત્યારે હું કંઈ નવું કહેવાનો છું? મહારાજથી જુદું, અલાયદું કે વિશેષ કંઈ કહેવાનો છું? પણ આપણને બરાબર બેઠું તો બધાને બેઠું જ છે.'

સર્વ સમસ્યાઓના સમાધાનરૂપે સ્વામીશ્રી એકશ્વાસે આટલું બોલી ગયા. તે પછી તેઓએ 'માણસ-માણસ વચ્ચે સંબંધો સચવાય તે માટે કયા મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ?' તે પ્રશ્નાવલિના પ્રથમ પ્રશ્નને સ્વયં જ વાંચી ઉત્તર આપ્યો કે –

'એમાં તો આપણે જ મૂકવાનું છે. તમે નહીં મૂકો તો સંબંધ નહીં સચવાય. એમાં બ્રહ્મરૂપની વાત આવી કે નહીં? એ 'સારો જ છે' એમ માનીને કાર્ય કરીએ એટલે વાંધો ન આવે. આપણેય ન મૂકીએ ને એય ન મૂકે તો સંબંધ સચવાશે? એનું સારું કરવું હશે તો આપણે મૂકવું પડશે, તો એની મેતે એને મનમાં (અંતર્દૃષ્ટિ) થાય. આધ્યાત્મિક જીવન જેને જીવવું છે તેને તો પોતાનું મૂકે તો જ મનુષ્ય સાથેનો સંબંધ સચવાય. આધ્યાત્મિક રીતે તમે તૈયાર થાવ એટલે વ્યવહારમાં પણ તે ઉપયોગી થાય.'

સુદૃઢ સંબંધો માટે ચાવીરૂપ આટલી વાત કર્યા બાદ સ્વામીશ્રીએ બીજો પ્રશ્ન વાંચ્યો કે 'કોઈની પાસેથી કાયમી કામ લેવાનું હોય તો તેમાં શું શું ધ્યાન રાખવું?'

માનવમાત્રને સતાવતી આ સમસ્યાનું સમાધાન આપતાં પણ તેઓએ

અનુભવ વહાવ્યો કે 'કોઈની સાથે કાયમી કામ લેવું હોય તો તેને ખવડાવી-પિવડાવીને સાચવવા એ તો દુનિયાની વસ્તુ થઈ ગઈ! પણ આપણે સહન કરી લઈએ એટલે આપણા તરફ પ્રેમ વધતો જાય.'

સ્વામીશ્રીએ ચીંધેલા આ ઉકેલનો પાયો દુનિયાની ચાલાક તરકીબો પર નહીં, પરંતુ અધ્યાત્મની મજબૂત ઈંટ પર મુકાયેલો હતો. તેથી તે ગળે ઉતારવો અઘરો પડતાં એક સંતે પૂછ્યું: 'પ્રશ્ન એ છે કે આપણે દર વખતે મનનું મૂકવાનું જ આવે તો ક્યાં સુધી મૂકતા રહેવું?'

'છેક અક્ષરધામમાં જઈએ ત્યાં સુધી!'

'દર વખતે આપણે જ ઝૂકવાનું?'

'તો જ સીધું ચાલે ને! પેલો તો વાંકો છે જ; તેમાં તમે વાંકા ચાલો તો નિરાકરણ થાય જ નહીં! જેને અક્ષરધામમાં જવું છે તેને મૂકવાનું છે. નથી જવું તેને મૂકવાનું નથી. બ્રહ્મરૂપ થવું છે તેને મૂકવાનું છે. નથી થવું તે તો બોલ્યા જ કરશે.'

'આ તો બહુ ઊંચી સ્થિતિની વાત થઈ!'

'એ સ્થિતિએ પહોંચીએ ત્યારે જ પ્રશ્નનું નિરાકરણ થાય એમ છે! એ વિના થઈ શકે તેમ નથી.'

'પણ આમાં તો સહન કરતાં થાકી જવાય એવું છે. એવો કોઈ વિચાર છે કે સહન કરવાનું પણ પોસાય?'

'આત્મારૂપ થાય એટલે સહન કરી શકાય. 'મારે સહન કરવું પડ્યું!' પણ સહન આપણે કરવાનું છે જ નહીં પછી શું? કોઈ બોલી ગયો તો શબ્દ આકાશનો ભાગ સમજવો. કોઈ મારી ગયો તો શરીરને માર્યું છે, આત્માને ક્યાં માર્યું છે? એ રીતે એની જોડે રાગ કે દ્વેષ થાય નહીં.'

સ્વામીશ્રીના હોઠેથી શબ્દો નહીં, પણ તેઓની જીવનશૈલી જ સરી રહી.

આ સ્થિતિમાં તેઓએ ત્રીજો પ્રશ્ન વાંચ્યો કે 'વ્યક્તિ પ્રતિકૂળ હોય અથવા નડ્યા જ કરતી હોય તો તેની સાથે કેવું વલણ અને બાહ્ય વર્તન રાખવું?'

આ વાંચતાં જ સ્વામીશ્રી પહેલાં તો હસી પડ્યા. તે પછી સમાધાન સૂચવતાં તેઓએ કહ્યું:

'એની સાથે રાગ-દ્વેષવાળું વલણ નહીં રાખવાનું. જો રાગ-દ્વેષવાળું વલણ હશે તો આપણે થોડા કાચા છીએ. બાહ્ય વર્તનમાં ધ્યાન રાખવું કે એના અવગુણની વાત બીજાને ન કરવી. 'પ્રસંગ બન્યો જ નથી' એમ ભૂલી જવાનું.'

માનવીય મન માટે ચાવવું-પચાવવું અઘરું, છતાં અનિવાર્ય સત્ત્વ સ્વામીશ્રીએ પીરસ્યું. તેથી એકે પૂછ્યું: 'ઘણી વખત કોઈની સાથે ન બનતું હોય, તેનાથી દૂર રહીએ તો આપણને તો માનસિક શાંતિ રહે. આ વલણ બરાબર છે?'

'કેટલા દૂર રહેશો તમે? સ્વભાવને સહન કરવાનો હોય! દૂર જવાનું છે જ નહીં...! વન-વે (એક જ માર્ગ)!' સ્વામીશ્રી બોલ્યા.

ત્યારબાદ પ્રશ્નાવલિ પર નજર ફેરવતાં તેઓ ત્રીજા પ્રશ્નમાં લખેલા શબ્દો 'નડ્યા જ કરતો હોય'ને પુનઃ વાંચી હસવા લાગ્યા. તે જોઈ સંતોએ પૂછ્યું: 'આપને તો આવા ઘણા બધા અનુભવો થયા હશે...'

'નડ્યા જ છે, છતાં બેઠા છીએ ભગવાનની ઇચ્છાથી.' આટલું બોલી સ્વામીશ્રીએ હળવી હલકે ઉમેર્યું:

'પ્રશ્ન તો આવ્યા છે. ઘણા-ઘણા પ્રસંગો આવ્યા છે, પણ મહારાજને સંભારીને ભૂલી ગયા. ભૂલી જ જવાનું, તે જ ઘડીએ! મહારાજનું ભજન કરવાનું. ભગવાન એને સારી બુદ્ધિ આપે. એનું સારું થાય. કહેવા જેવું લાગે ત્યાં કહેવું. એને કહીએ છીએ પણ ધીરે રહીને, એને વેરભાવ ન થાય એ રીતે કહીએ.'

આમ, આજે નક્કર અનુભવ રેલાવી રહેલા સ્વામીશ્રીએ છેલ્લે ઉપસંહાર કરતાં કહ્યું: 'બધું કરવામાં એક ધ્યાન રાખવાનું કે આપણે પોતાએ કરવાનું છે. અક્ષરધામમાં જવું છે એટલે આપણે જ તપ, ત્યાગ, વ્રત, સહનશીલતા વગેરે કરવાનું છે. એટલે બધું જ સરખું થાય, સવળું થાય. જે આજ્ઞા પાળતો હોય તેને વધારે સહન કરવાનું થાય. જે ખોટો હોય તેને કંઈ ન કહે ને તમને ઠપકો આપે. વિશ્વાસ હોય તો જ કહે. તે જાણે કે આને ખોટું નહીં લાગે.'

સતત ચાલીસ મિનિટ સુધી સ્વામીશ્રીએ વહાવેલી આ પરાવાણી કોઈ પણ મૃતઃપ્રાય સંબંધોને સજીવન કરતી સંજીવની સમાન છે.

## મારી એવી ઇચ્છા રહે છે કે...

૪૧ દિવસના વિદેશ પ્રવાસ પર પૂર્ણવિરામ મૂકતા સ્વામીશ્રીએ તા. ૨૬/૨ની સાંજે સાત વાગ્યે સિંગાપોરથી ઉડ્ડયન આરંભ્યું તે સાથે જ તેઓ ગ્રંથવાંચનમાં ડૂબી ગયા. તે પછી આશરે પાંચેક કલાક સુધી હવાઈ જહાજ

આકાશમાં તરતું રહ્યું અને સ્વામીશ્રી સાંપ્રદાયિક સાહિત્યના સાગરમાં! એક પળની પણ ફુરસત ન મળે એવો પ્રવૃત્તિનો પહાડ માથે લઈને ઘૂમવા છતાં ૮૧ વર્ષની વયે તેઓમાં જોવા મળેલી આ વાંચનભૂખ તેઓનું અસંગી અંતર, પ્રભુપદ વિષે પ્રીતિ અને સદાબહાર વિદ્યાર્થીવૃત્તિ સહિત કેટકેટલું સૂચવી ગઈ!

પોતાના આવા કંઈક સદ્‌ગુણોની સુગંધથી ગગનને ભરતા સ્વામીશ્રી તા. ૨૬/૨ની રાત્રે ૯:૫૫ વાગ્યે દિલ્હીમાં ઊતર્યા.

અહીં તેઓ તા. ૨૮/૨ની સવારે ૬:૪૦ વાગ્યે નિત્યપૂજા માટે પધાર્યા ત્યારે સામે એક પણ હરિભક્ત દર્શન માટે બેઠા ન હતા! ગઈકાલે જાહેર થયેલા સમય કરતાં સ્વામીશ્રી પચાસ મિનિટ વહેલા આવી જવાને કારણે આ માનવશૂન્ય માહોલ સર્જાયેલો. તે જોઈ પરમાનંદદાસ સ્વામી બોલ્યા: 'બધાં પાથરણાં ખાલી હોય એવું આ પહેલી વાર જોયું!'

આ સાંભળી સેવામાં ઊભેલા સ્વયંસેવકો દર્શાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આ હરિભક્તો છે ને!' આટલું કહી તેઓએ ઉમેર્યું: 'સંતો છે, અનંત મુક્તો છે.'

આ દિવ્ય દૃષ્ટિ સાથે રોજિંદી તલ્લીનતાથી જ માળા-માનસીમાં પરોવાઈ ગયેલા સ્વામીશ્રી પૂજા બાદ સ્થાનિક હરિમંદિરનો આઠમો પાટોત્સવ ઊજવી નિર્માણાધીન અક્ષરધામના નિરીક્ષણ માટે નીકળી પડ્યા.

આ સમયે તેઓ અક્ષરધામની આગળના ભાગમાં ઉત્તરપ્રદેશની સરકાર તરફથી મળેલી જમીન પર પુષ્પો પધરાવી દસ ફૂટ ઊંચા એક ટેકરે ચઢ્યા. અક્ષરધામથી ૨૦૮ ફૂટના અંતરે આવનારા પોડિયમથી દેખાનારા સ્મારકનો અંદાજ લેવા આ ઢોળાવ તૈયાર કરાયેલો. તે પર ખુરશીમાં બિરાજી સંબંધિત સંતો અને ઇજનેરો સાથે નિર્માણ સંબંધી વિમર્શ કરતા સ્વામીશ્રી અહીંથી સ્મારકના સ્થાને પહોંચ્યા.

અત્રે તેઓએ અઢીસો કારીગરો પાસે સામેથી જઈ સૌને આશીર્વાદ આપ્યા અને સમૂહછબી પણ લેવડાવી.

આ રીતે ઇન્સાન અને ઇમારત– બંનેની એકસરખી માવજત લેતા સ્વામીશ્રી આગળના ક્રમમાં શિખરબદ્ધ મંદિરના નિર્માણની પ્રક્રિયા, પ્રદક્ષિણાનું પાઇલિંગ વગેરે પર દૃષ્ટિ ઠેરવતાં ઉતારે પધાર્યા.

અહીં તેઓએ નિર્ધારિત સમયપત્રક અનુસાર ચાલી રહેલી અક્ષરધામની

કાર્યવાહી જોઈ સંતોષ વ્યક્ત કર્યો.

તે સાથે સ્વામીશ્રીએ તા. ૩/૩ની સવારે અક્ષરધામની દ્વારશાખના પહેલા પથ્થરનું સ્થાપન કર્યું. તે પછી તેઓએ અત્રે ખડા થનારા શ્વેત સંગેમરમરના શિખરબદ્ધ મંદિરની પ્રથમ શિલા પણ સ્થાપી. તેની સાથે સ્વામીશ્રીએ જયપુરમાં નિર્માણાધીન ગુલાબી પથ્થરના મંદિરની ખાતવિધિમાં મુકાનારી ૨૭ શિલાઓનેય પૂજી.

આમ, ત્રણ કલાકમાં ત્રણ વિરાટ પ્રકલ્પોને ગતિશીલ કરી દેનારા તેઓનાં દર્શન માટે આ સમયમાં આવેલા દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિજય કપૂર અક્ષરધામની નિર્માણ-પ્રક્રિયા જોઈને બોલી ઊઠ્યા : 'प्रधानमंत्री को भी यह बताना चाहिए, क्योंकि पूरा हो जाने के बाद किसी को अंदाज़ नहीं आएगा कि किस तरह यह निर्माणकार्य हुआ है।'

આ જ રીતે દિલ્હી વિકાસ પ્રાધિકરણના વાઇસ ચૅરમેન શ્રી પ્રસન્ન હોતાનું હૈયું પણ પોકારી ઊઠ્યું કે 'यह अक्षरधाम तो मुखड़ा बनेगा शहर का! यहाँ सौंदर्य का जो उत्कर्ष है वह बेनमून है।'

આવા અજોડ સ્મારકના સર્જક સ્વામીશ્રીને બિરદાવતાં તા. ૫/૩ની સવારે ભારતના ગૃહમંત્રી શ્રી અડવાણીના મુખેથી પણ ઉદ્‌ગારો સરી પડ્યા કે 'भारत जो आएगा वह कहेगा - अक्षरधाम देखो, नहीं तो आपकी भारतयात्रा अधूरी रहेगी।'

આમ, ઊગતા સૂર્યની જેમ ઊગતું અક્ષરધામ પણ સૌને આંજવા-અજવાળવા માંડેલું.

તેના ઉજાશમાં આજે અક્ષરધામના મુલાકાત કક્ષમાં એક પ્રાસંગિક વાતના સંદર્ભે સ્વામીશ્રી બોલ્યા : 'મારી એવી ઇચ્છા રહે છે કે સંસ્થાનાં જેટલાં પુસ્તકો બહાર પડે તે બધાં વાંચવાં. જમતી વખતે પણ પુસ્તક વંચાય તે ગમે.'

પ્રવૃત્તિ અને પુસ્તક-પઠનનાં બે ચક્રો પર પૂરપાટ દોડતા રહેલા તેઓના જીવનરથની લગોલગ પણ કોઈ પહોંચી શકે એમ નથી, ત્યારે તેને આંબવાની તો વાત જ ક્યાં રહી?

## જેના સ્પરશે નાસે પાપ

તા. ૬/૩ની બપોરે વંચાતા પુસ્તક 'શરણાગતિ'ના આધારે નીકળેલી વાતોમાં એક સંતે સ્વામીશ્રીને કહ્યું : 'બાહરીનમાં એક શેખ રોજ આપનાં

દર્શને આવતા હતા. તેઓ એક પણ શબ્દ ન બોલતા. કેવળ આપના હાથનો સ્પર્શ કરીને વિદાય થઈ જતા.'

આ સાંભળી કોઈ ગમ્મતના ભાવમાં બોલ્યું: 'એમને કંઈક આર્થિક ફાયદો થતો હશે એટલે આવતા હશે!'

'પૈસાથી જ લાભ થાય એવું નહીં, પણ બીજી ઘણી રીતે ફાયદો થાય. શાંતિ થતી હોય, ઘરમાં કલેશ થતો હોય તે મટી જાય, મુશ્કેલી હોય તે દૂર થાય...'

સ્વામીશ્રીના મુખેથી સરી પડેલા આ શબ્દો *'જેના સ્પરશે નાસે પાપ...'* તરીકે તેઓનો મહિમા સમજાવી ગયા.

આ દિવ્યતા સાથે વિચરતા તેઓ તા. ૮/૩ની સાંજે અટલાદરા આવી પહોંચ્યા. અહીં તેઓની વિદેશયાત્રાનો સવિસ્તર અહેવાલ આજની સ્વાગત-સભામાં અપાયો, પરંતુ તે સાંભળ્યા બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'દેશ કે પરદેશ જાઓ, પણ ભગવાનમાં વૃત્તિ રાખવી એ મોટું કામ છે. બધે જઈને ભગવાનનું ભજન જ કરવાનું છે.'

આમ, ભગવાનમાં સદા સંલગ્ન તેઓ મનુષ્યોની સંભાવના કરવામાં પણ એટલા જ સાવધ.

તેથી જ આજની રાત્રે મળવા આવેલા એક નિવૃત્ત ઉચ્ચ સરકારી અધિકારી સાથેની વાતચીત દરમ્યાન તેઓએ જ્યારે જાણ્યું કે આ અમલદારનાં પત્ની બહારગામ ગયાં છે અને પુત્રો અન્યત્ર ભણવા ગયા છે, ત્યારે સ્વામીશ્રીએ સહજભાવે એ આગંતુકને પૂછ્યું: 'આપ ક્યાં રહો છો?'

'વડોદરામાં એકલો છું.'

આ ત્રણ જ શબ્દોમાંથી એ અધિકારીની મુશ્કેલીનું માપ કાઢી લેતા સ્વામીશ્રીએ જણાવ્યું: 'અહીં અમે છીએ ત્યાં સુધી રોજ સવાર-સાંજ પ્રસાદ લેવાનું (જમવાનું) મંદિરમાં રાખજો. (અમારા ગયા) પછી પણ પ્રસાદ લેવાનું અહીં જ રાખજો.'

આ દરકાર લઈ તેઓએ આ અધિકારીને સભામાં આગળ બેસાડવા અંગે સ્થાનિક સંત ભાગ્યસેતુદાસ સ્વામીનેય ભલામણ કરી.

સ્વામીશ્રીની આ કાળજીએ પેલા પદાધિકારીના કાળજાને કોરી કાઢ્યું; કારણ કે પદ પર બેઠેલા સત્તાધીશને તો સૌ પૂછે-પૂજે, પરંતુ સ્વામીશ્રી તો નિવૃત્તનું પણ એટલું જ ધ્યાન રાખતા. તેઓ કેવળ ઊગતા જ નહીં, આથમતા સૂર્યને પણ પૂજનારા હતા.

## સુરસાગર તળાવમાં સર્વેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા

તા. ૯/૩ના રોજ દર્શને આવેલા નડિયાદના સંતો-ભક્તોએ સ્વામીશ્રી સમક્ષ મનોરથ ઉચ્ચાર્યો કે 'અમારે ત્યાં શ્રીજીમહારાજનું સ્મૃતિમંદિર થાય છે, તો તેની સાથે આપની જન્મજયંતી ઊજવવાનો લાભ આપો.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજનું સ્થાન (સ્મૃતિમંદિર) થાય છે એ જયંતી થઈ ગઈ, ને ત્યાં (સંસ્થા તરફથી) સ્કૂલ થાય છે એટલે સમાજનું કાર્ય થાય છે. એ જયંતી જ ઊજવાય છે એમ માનો.'

આમ, મંદિર-નિર્માણ અને સમાજસેવામાં જ પોતાની જન્મજયંતી સમજતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૧૨/૩ની સાંજે વડોદરામાં સંપન્ન થનારા એક કાર્યક્રમ પર સમગ્ર શહેરની મીટ મંડાયેલી.

અહીંની સત્યમ્ શિવમ્ સુંદરમ્ સમિતિ દ્વારા પાંચ વર્ષની મહેનતના અંતે સુરસાગર તળાવમાં ૧૧૧ ફૂટ ઊંચી શિવપ્રતિમા તૈયાર થયેલી. તેના લોકાર્પણ માટે કંઈક રાજકીય, ધાર્મિક, સામાજિક શ્રેષ્ઠીઓનાં નામ સમિતિને સૂચવાયેલાં; પરંતુ આ સમિતિના સર્વ સભ્યોનું મન તો સર્વાનુમતે ઢળેલું સ્વામીશ્રી તરફ, કારણ કે આ પ્રકલ્પના પ્રારંભથી અંત સુધી તેઓને પળે-પળે સ્વામીશ્રીનાં મદદ અને માર્ગદર્શન મળતાં રહેલાં.

પ્રથમ તો વડોદરાની શોભા વધારનારી આ વિરાટ પ્રતિમાનું 'સર્વેશ્વર મહાદેવ' નામાભિધાન જ સ્વામીશ્રીએ કરી આપેલું. તે પછી મૂર્તિની પીઠિકા પર ચોતરફ પધરાવવામાં આવનારી આઠેક ફૂટ ઊંચી આઠ શિવ પ્રતિમાઓને આઠ મહિનાના ટૂંકા ગાળામાં કંડારવાનું કામ સમિતિના કાર્યવાહકોને અશક્ય લાગતાં તેઓ સ્વામીશ્રી પાસે દોડી આવેલા. તે વખતેય સ્વામીશ્રીએ આ સમગ્ર જવાબદારી પોતાના શિરે ઉપાડી લઈ સમિતિને નિશ્ચિંત કરી મૂકેલી. તેઓએ તરત જ સંસ્થાના કાર્યકર શ્રી હર્ષદભાઈ ચાવડાને સૂચના આપતાં કહેલું : 'સારામાં સારું કામ ઓછા ખર્ચે થાય તેમ કરજો.'

આ સમયે દિલ્હીમાં ઊંચા થઈ રહેલા અક્ષરધામનું કામ યુદ્ધના ધોરણે ચાલુ હતું. છતાં સ્વામીશ્રીએ એક જગ્યાએ ચાલતી અક્ષરધામની ઘડતર પ્રક્રિયા થંભાવી દઈ મહાદેવજીની અષ્ટ પ્રતિમાના કામને અગ્રતાક્રમ આપતાં આ આઠેય મૂર્તિઓ અપેક્ષિત સમય કરતાં પણ વહેલી સમિતિના હાથમાં આવી ગયેલી. એટલું જ નહીં, આ કામ માટે સમિતિએ આકારેલા

પચાસ લાખ રૂપિયાના અંદાજિત ખર્ચ સામે સ્વામીશ્રીએ ફક્ત અગિયાર લાખ રૂપિયામાં જ આ કામ કરાવી આપેલું અને આ રકમ પણ ન સ્વીકારવા તેઓએ હર્ષદભાઈને સૂચના આપેલી! સ્વામીશ્રીનું આ સૌજન્ય પ્રતિમા નિર્માણ સમિતિને સાચે જ સત્યમ્ શિવમ્ સુંદરમ્ સમું જ અનુભવાયેલું!

મૂર્તિકામની સાથોસાથ આજના મહોત્સવમાં મદદરૂપ થવા સ્વામીશ્રીએ સંસ્થાના હજાર સ્વયંસેવકોને મોકલી આપેલા. મહાશિવરાત્રિના રોજ યોજાયેલા આ પ્રસંગે ઊમટનારી જનમેદનીને ફરાળી પ્રસાદ આપવાનું સૂચવી તેઓએ સમિતિની ભોજન સંબંધી ગૂંચનેય ઉકેલી દીધેલી.

આમ, *'આપાપર (આપ-અપર) જેહ નવ પરઠે...'*ની પેઠે અન્યના પ્રસંગને પણ પોતાનો જ સમજીને વર્તતા સ્વામીશ્રીએ પહેલેથી છેક સુધી આપેલા સહયોગથી સૌને સ્વામીશ્રી પણ શિવંકર જ ભાસી રહેલા.

તેથી જ તો તા. ૧૨/૩ની સાંજે ૫:૫૦ વાગ્યે તેઓની ગાડી સુરસાગર તળાવના કાંઠે આવી ઊભી રહી ત્યારે અત્રે એકત્રિત થયેલી હજારોની જનમેદનીએ તેઓને બુલંદ જયનાદોથી વધાવ્યા. સૌનું આ અભિવાદન ઝીલતા સ્વામીશ્રી ભારતીય નૌકાદળના છ જવાનોનાં હલેસે હંકારાતી નાવમાં બિરાજી સરોવરના મધ્યમાં ઊભેલી શિવ પ્રતિમા પાસે પહોંચ્યા.

અહીં તેઓએ મહંત સ્વામી અને ત્યાગવલ્લભદાસ સ્વામી તથા કલેક્ટર, ઉપમેયર વગેરે આગેવાનો સહિત સમિતિના અગ્રણીઓની ઉપસ્થિતિમાં શિવજીની અષ્ટ પ્રતિમાઓનું વૈદિક પૂજન કર્યું. આ અર્ચન બાદ નૌકામાં બેસી સ્વામીશ્રી તામ્રવર્ણા સર્વેશ્વર મહાદેવની એક પ્રદક્ષિણા ફર્યા. તે સમયે સરોવરની પાળે ગોઠવાયેલી જંગી મેદની *'સૌ કોઈ બોલે, બમ બમ ભોલે...'*નો નાદ ગજવતી રહી. તેમાં સંતો દ્વારા ગવાતી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનો ઘોષ ભળતાં વાતાવરણમાં દિવ્યતા છાઈ વળી. તેની સાથે ઠેર ઠેર લહેરાતી ભગવી ધર્મધજાઓ, તળાવને કાંઠે ચહુદિશ ઝબકતા વીજદીપકોની રોશની અને શિવ પ્રતિમાની સન્મુખ જળ મધ્યે થઈ રહેલી આતશબાજીએ પણ ખરેખરો ઉત્સવિયો માહોલ સર્જી દીધો.

તેની વચ્ચે પ્રતિમાની પ્રદક્ષિણા ફરી લોકાર્પણ સભામાં પધારેલા સ્વામીશ્રીનો ભવ્ય સત્કાર સમિતિના આગેવાનો તથા માનવંતા મહેમાનો દ્વારા થયો. સ્વામીશ્રીએ પણ વડોદરાની જનતા વતી શિલ્પકાર શ્રી વર્મા સહિત સૌને સન્માન્યા.

આ અવસરે પ્રતિમા-નિર્માણ સમિતિના અધ્યક્ષ શ્રી યોગેશભાઈ પટેલે જણાવ્યું કે 'આ કાર્યની શરૂઆતથી અમોને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં આશીર્વાદ અને માર્ગદર્શન મળતાં રહ્યાં છે. તે પીઠબળના પ્રતાપે આ વિરાટ પ્રતિમાનું કાર્ય પૂરું કરી શક્યા છીએ. પૂજ્ય સ્વામીજીને લાખ લાખ વંદન કરું છું.'

આ ઋણસ્વીકાર સાથે સત્યમ્ શિવમ્ સુંદરમ્ સમિતિના કાર્યવાહકોએ પ્રતીકાત્મક સ્વરૂપે સર્વેશ્વર મહાદેવની પ્રતિમા સ્વામીશ્રીનાં કરકમળોમાં અર્પણ કરી. તે સ્વામીશ્રીએ નગરપાલિકાના અગ્રણીઓને આપી. લોકાર્પણના આ વિધિને સૌએ પ્રચંડ તાળીનાદથી વધાવી લીધો.

તેના ઘોષમાં બ્રહ્મનાદ ભેળવતાં સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે –

'આ મૂર્તિ બેસવાથી શહેરની મહત્તા અને સરોવરની શોભા વધશે. સાથે સાથે અહીં જે કૉર્પોરેશનના કાર્યકર્તાઓ છે, સામાજિક કાર્યકર્તાઓ છે તેમને ખાસ ખ્યાલ રાખવા જેવી બાબત છે કે આની પવિત્રતા જળવાય. આ પાણીમાં કોઈ જાતનું પ્રદૂષણ ન થાય તેનું ધ્યાન રાખવું. જ્યાં સ્વચ્છતા છે ત્યાં પ્રભુનો વાસ છે. ઘરમાં, કાર્યમાં, શહેરમાં સ્વચ્છતા જોઈએ. આ કાર્યમાં જેનો-જેનો સહકાર છે તેને ભગવાન સર્વ પ્રકારે સુખ-શાંતિ આપે.'

આ સદ્બોધ આપી સ્વામીશ્રીએ રાત્રે પોણા આઠ વાગ્યે શિવજીની મહાઆરતી ઉતારવાનો પ્રારંભ કર્યો. તે ક્ષણે જ સરોવર ફરતે બેઠેલા હજારો ભાવિકોએ પણ દીવડા પ્રગટાવતાં પ્રકાશનો પારાવાર રેલાઈ રહ્યો. એ તેજની મધ્યમાં શિવજી અને સ્વામીજી – બંને ઝળહળી રહ્યા.[૪૬]

## પ્રભુના પ્રાગટ્યનો પુરાવો

તા. ૧૫/૩ની સવારે ડભાસા અને ગવાસદનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરનારા સ્વામીશ્રીએ તા. ૧૬/૩ની સવારે રણોલી અને છાણીનાં હરિમંદિરોની મૂર્તિઓમાં પણ દૈવત આરોપ્યું.

ત્યારબાદ આજની સાંજે અહીંથી વિદાય લઈ રહેલા તેઓને

---

૪૬. વડોદરાના સુરસાગર તળાવમાં થયેલી સર્વેશ્વર મહાદેવની પ્રતિષ્ઠાના પ્રસંગને નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

મળવા આવેલા તાંદળજાના શ્રી પ્રહ્લાદભાઈ રાવ અને તેઓના પુત્રો શ્રી ભૂપેન્દ્રભાઈ, પ્રકાશભાઈ વગેરેના હાથમાં એક દસ્તાવેજી લખાણ હતું. આ મુસદ્દો ઉપલક દૃષ્ટિએ જમીનનો જણાતો હતો, પણ જેમ જેમ તેનાં સળ-વળ ખૂલતાં ગયાં તેમ તેમ સૌને તે દસ્તાવેજ ભક્તોની નિષ્ઠા અને ન્યોછાવરીનો લાગવા માંડ્યો.

વિગત એવી બનેલી કે આજની સવારે સ્વામીશ્રી પાસે માર્ગદર્શન લેવા આવેલા ઉપરોક્ત રાવ પરિવાર પાસે બે ભાગમાં જમીન હતી. તેમાંથી તેઓ દોઢ લાખ ચો.ફૂ.નો નાનો ટુકડો વેચી, અઢી લાખ ચો.ફૂ.ના મોટા ટુકડાને વિકસાવવા માંગતા હતા. તેની વાત તેઓએ માંડી ત્યાં જ એક સંત બોલેલા : 'બાપા ! એ જમીન આપણી હૉસ્પિટલની પાછળ છે.'

'તે એ આપણે લઈ લેવાની છે ?' હસતાં-હસતાં સ્વામીશ્રીએ ગમ્મતમાં કહેલું.

તે સાંભળી પેલા સંતે જણાવેલું કે 'ના, બાપા ! આ તો આપને એ જમીનનું લોકેશન (સ્થાન) ખ્યાલ આવે એટલે કહ્યું !'

આમ, આ વાર્તાલાપ તો સાહજિક હતો, પણ તેમાંથી સેવાની તક ઝડપી લેતાં ભૂપેન્દ્રભાઈએ કહી દીધેલું : 'બાપા ! એ જમીન આપને આપી !'

આ સાંભળી સ્વામીશ્રીએ 'ના, ના, આ તો એમ જ વાત કરે છે' કહી તે પ્રસ્તાવ ઠેલેલો, પણ રાવ પરિવારના સૌ સભ્યોએ ઘેર જઈને વિચારેલું કે 'સ્વામીબાપા બોલ્યા એટલે આપણે હવે આ જમીન ન રખાય. માટે આજે જ અર્પણવિધિનું લખાણ કરી દેવું છે.'

આ નિર્ધાર સાથે આજની સાંજે દોડી આવેલા તે પરિવારે ખૂબ જ ઊંચી કિંમતની એ જમીનનો દસ્તાવેજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઠાકોરજીનાં ચરણે ધરી દીધો !

આ દૃશ્ય જોઈ સૌનાં અંતર કબૂલી ઊઠ્યાં કે *'પ્રત્યક્ષ જ્યાં શ્રીહરિ હોય જ્યારે, આવા દીસે ભક્ત અનેક ત્યારે...'*

## હૈયું ઠરી ગયું !

તા. ૧૬/૩ની સાંજે અટલાદરાથી વિદાય થયેલા સ્વામીશ્રી ભરૂચને પાવન કરતાં ડુમ્મસ પધાર્યા. અહીંથી તેઓ તા. ૧૭/૩ની સવારે ડુમ્મસ-ભીમપોર માર્ગ પર આવેલી નિર્માણાધીન સી. કે. પીઠાવાલા કૉલેજ ઑફ

એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના ખાતવિધિ માટે પહોંચ્યા.

સમાજના શૈક્ષણિક ઉત્કર્ષનું આ એક કદમ ભરી પુનઃ ડુમ્મસ આવી ગયેલા સ્વામીશ્રી અત્રે આજની સાંજે ભરાયેલી હકડેઠઠ રવિસભાને જોઈ બોલી ઊઠ્યા કે 'આજની સભા અદ્ભુત છે. જોઈને આપણું હૈયું ઠરી જાય એવું છે કે આટલા બધા હરિભક્તો યોગીજી મહારાજની આજ્ઞા પાળીને આ રવિવારની સભાનો લાભ લે છે. એ માટે સર્વેને ખૂબ ધન્યવાદ છે.'

રવિસભા ભરનારા ભક્તો પર આ અનહદ રાજીપો વરસાવી સ્વામીશ્રીએ તા. ૧૯/૩ના રોજ ડુમ્મસથી વિદાય લીધી અને માર્ગમાં આવતાં સુરત, ભરૂચ, આણંદ તથા વિદ્યાનગરને લાભ આપી તેઓ તા. ૨૧/૩ની સવારે નડિયાદ આવી પહોંચ્યા.

અત્રે તેઓની નિશ્રામાં તા. ૨૩/૩, ફાગણ સુદ નોમની સવારે મંદિરનો ચતુર્થ પાટોત્સવ ધામધૂમથી ઊજવાયો. વળી, આજે જ છાત્રાલયનો દશાબ્દી મહોત્સવ પણ યોજાયેલો. તેને લક્ષમાં રાખી ત્યાગવલ્લભદાસ સ્વામીએ સ્વામીશ્રીને હાથ જોડી વિનંતી કરી કે 'આજે સંતોને નોમના ઉપવાસમાં જમવાની છૂટ આપો તો સારું!'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'આપની ઇચ્છા તે મારી ઇચ્છા!'

પરંતુ પછી ગંભીર સ્વર ધારણ કરી તેઓએ સંતોને ઉદ્દેશી કહ્યું: 'જોગી મહારાજની રુચિને ઘસારો થતો જાય છે. આ (દશાબ્દી ઉત્સવ) તો કોઈક બીજા દિવસે પણ ગોઠવી શકાય. ફરી બધાએ ધ્યાન રાખવાનું; નોમ, એકાદશી કે ઉપવાસને દા'ડે આવા કાર્યક્રમ ગોઠવાય જ નહીં!'

તપની ત્રુટિ સ્વામીશ્રીને લેશ પસંદ નહોતી.

## પ્રમુખસ્વામી કોણ છે?

તા. ૨૩/૩ની સાયંસભા છાત્રાલયના દશાબ્દી મહોત્સવ ઉપક્રમે હોવાથી તે યૌવનના તરવરાટથી ઊભરાતી હતી. તેમાં રજૂ થવા માંડેલી છાત્રાલયની સિદ્ધિ-પ્રસિદ્ધિની પ્રસ્તુતિ ગીત-સંગીત, સંવાદ અને નૃત્ય તેમ જ વક્તવ્યો તથા વિનોદ વગેરે દ્વારા ખૂબ જ આકર્ષકની સાથે પ્રભાવક પણ બની રહી.

તે ક્રમમાં છાત્રોએ 'આ સૂરજ પૂછે છે, આ ચાંદો પૂછે છે... પ્રમુખસ્વામી શું છે? પ્રમુખસ્વામી શું છે?' કવ્વાલી પણ સાભિનય રજૂ કરી.

ગીતના આ શબ્દોને જ આશીર્વાદમાં વણી લેતાં સ્વામીશ્રી બોલ્યા: ''ખૂબ સુંદર રીતે છાત્રોએ રજૂઆત કરી. એમાં આવ્યું કે 'પ્રમુખસ્વામી કોણ છે?' તો પ્રમુખસ્વામી છે એ સાધુ છે, ભગવાન સ્વામિનારાયણના ભક્ત છે અને જોગી મહારાજના શિષ્ય છે, કારણ કે જે કાંઈ છે તે એમને લઈને છે.''

સ્વામીશ્રીના શ્રીમુખેથી સરેલા આ સ્વ-પરિચયને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો. તેની વચ્ચે કાર્યક્રમના આયોજક ત્યાગપ્રકાશદાસ સ્વામી, અક્ષરવંદનદાસ સ્વામી વગેરે સંતોનું સન્માન ઝીલતા સ્વામીશ્રી તા. ૨૫/૩ની સવારે ગાંધીનગર આવી પહોંચ્યા.

## અતિ હેત માય નહિ હૈયે

ગાંધીનગરમાં મંદિર-દર્શન બાદ ઉતારે બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ ગોઠવાયેલા સંત સમુદાયમાં આનંદસ્વરૂપદાસ સ્વામી, ભક્તિનંદનદાસ સ્વામી, વિમલપ્રકાશદાસ સ્વામી પણ હતા. કમજોર શરીરથીયે સ્ફૂર્તિપૂર્વક સેવા કરતા આ સંતોના સંદર્ભમાં સ્વામીશ્રી બોલ્યા: 'આનંદ સ્વામીને ટટ્ટુ દૂબલા છે, પણ અસવાર તાજા છે. વિમલ(પ્રકાશ)ને પણ માથું દુ:ખે, પેટ દુ:ખે, કેડ દુ:ખે તોય કામ કરે. ભક્તિનંદનનેય શરીરમાં તકલીફ તો છે, પણ મન મક્કમ. એ જોગી મહારાજની કૃપા ને ઉત્સાહ.'

સંતોનો આ મહિમા ગાતાં ભાવાર્દ્ર બની ગયેલા સ્વામીશ્રી આજની સાંજે સવા પાંચ વાગ્યે એલ. એ.ના મંદિર સંબંધી મીટિંગમાં બિરાજ્યા. આ વિમર્શ દરમ્યાન જ વ્હીલચેરમાં બેઠેલા અક્ષયમુનિદાસ સ્વામીનો પ્રવેશ થયો. થોડા સમય પૂર્વે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા આ સંતને જોતાં સોફા પરથી જાતે જ ઊભા થઈ ગયેલા સ્વામીશ્રી એ સંતની સામા જઈને તેઓને ભેટ્યા. આ સમયે તેઓની આંખો પણ તરલ બની ગઈ. એ જ અવસ્થામાં તેઓ પેલા બીમાર સંતના શરીર પર હાથ ફેરવતાં ફેરવતાં સ્વાસ્થ્યની સુખાકારી માટે પ્રાર્થના કરતા રહ્યા.

સ્વામીશ્રીની આ મુદ્રા અને માવજત સૌને *'અતિ હેત માય નહિ હૈયે...'*નો અનુભવ કરાવતી રહી.

## તમારા પર મહારાજ રાજી થાય એમ કરવું છે

તા. ૨૭/૩ની સાંજે ગાંધીનગરથી સારંગપુર પધારેલા સ્વામીશ્રીના

સાંનિધ્યમાં અહીં તા. ૨૯/૩ના રોજ ફૂલદોલોત્સવ ઊજવાયો, પરંતુ આ અરસામાં ગોધરા મુકામે થયેલા એક હિચકારા હત્યાકાંડને કારણે સર્વત્ર ઘણી જ અશાંતિ અને આતંક પ્રવર્તી રહેલાં. છેલ્લા એક મહિનાથી ક્યાંક ને ક્યાંક, કો'ક ને કો'ક સ્વરૂપે ભડકતી રહેલી હુલ્લડોની હોળી શમાવવા સ્વામીશ્રી પ્રાર્થનાનાં જળ વરસાવ્યે જ જતા હતા. તે ક્રમમાં આજેય તેઓએ રંગવર્ષાની સાથે ગુજરાતની શાંતિ માટે ધૂનની ધારા વહેવડાવી દીધી. આ અંગે દૂરદર્શન પરથી પણ સ્વામીશ્રીની શાંતિ અપીલ પ્રસારિત કરવામાં આવી.

તેને અનુસરતાં સાંજે એક પછી એક મીટિંગોનો દોર ચલાવી રહેલા સ્વામીશ્રી સતત પોણા ચાર કલાક સુધી એક આસને બિરાજ્યા. તે દરમ્યાન બે બેઠકો વચ્ચે મળેલા અલ્પ સમયમાં સંસ્થાના એકાઉન્ટન્ટ શ્રી સુનિલભાઈ પારેખે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આશીર્વાદ આપો કે બધાં મંદિરોમાં કમ્પ્યૂટર પર એકાઉન્ટ થાય. બધા કમ્પ્યૂટર વાપરે.'

'એ વાત જ નહીં કરતા. કોઈ સાધુને કમ્પ્યૂટર પર બેસવાનું નથી.' મક્કમ સ્વરે આટલું કહી સ્વામીશ્રી બોલવા માંડ્યા : 'તમારે એકાઉન્ટવાળાને જે કરવું હોય તે છોકરાંઓ કરે. ઇન્ટરનેટ ને વેબસાઈટ ને ઈમેલની વાતો બધાય કરે છે, પણ કશાની જરૂર નથી. સાધુએ તો તેમાં પડવું નહીં. એ તો મહારાજે આપેલા સ્ત્રી-ધનના નિયમ કરતાં પણ વધારે દૂષણરૂપ છે.'

'પણ બાપા ! આ તો એકાઉન્ટ માટે છે.'

'પછી બધા માંગે છે – બાળ મંડળ, કિશોર મંડળ... વડીલ સંતો પાસે હા પડાવી લે ! એ તો ભલે હા પાડે, પણ હું ના પાડું છું !'

આટલું કહી સ્વામીશ્રી હાથ જોડતાં ગળગળા સાદે બોલ્યા : 'મારા પર ભલે બધા કુરાજી થાય, પણ મારે તો તમારા પર મહારાજ રાજી થાય તેમ કરવું છે. મહારાજ રાજી થશે તો મારી સેવા થઈ જશે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સંત અને સંસારીનાં દૂષણ તેમ જ ભૂષણને યથાર્થ જાણનારા તેઓએ આધુનિકતાનો અંધકાર સાધુ કે સાધકને ભરખી ન જાય તે માટે ઠેર-ઠેર દીપસ્તંભો રોપી આપ્યા છે. તેઓના આ દાખડાથી કંઈકનો ત્યાગાશ્રમ નિષ્કલંક પુરવાર થતો રહેશે.

## અમથી દૃષ્ટિ નથી થતી

તા. ૩૧/૩ની સવારે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન

કરવા પધાર્યા ત્યારે એક સંત બોલ્યા: 'બાપા! ઉપેન્દ્રાનંદ સ્વામી પર ગુણાતીતાનંદ સ્વામીએ દૃષ્ટિ કરી એમ અમારા પર આપ એવી દૃષ્ટિ કરો તો અમારું કામ થઈ જાય.'

'અમથી દૃષ્ટિ નથી થતી. શ્રદ્ધા, વિશ્વાસ ને બધું હોવું જોઈએ બરાબર! વાત કર્યે થોડું કંઈ થાય?'

કૃપાદૃષ્ટિ પામવાની આ દિશા ચીંધી આગળ વધેલા સ્વામીશ્રીનાં ભ્રમણ, ભોજન વગેરે દરમ્યાન પણ રોચક રજૂઆતો ચાલતી રહેતી. તે ક્રમમાં તા. ૨/૪ના રોજ આવેલા સંસ્કૃત દિનના સંદર્ભમાં ગોલ્ફ કાર્ટ ચલાવતા સાધક શ્રી વિપુલભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું: 'किम् अहं भवतः चालकोऽस्मि वा भवान् मम चालकः अस्ति?' (શું હું ચાલક છું કે આપ ચાલક છો?)

'અહીં તું ચાલક છે, અક્ષરધામમાં અમે ચાલક છીએ.'

સ્વામીશ્રીની આ સ્પષ્ટતા અક્ષરધામના ભોમિયા તરીકે તેઓની ઓળખ આપતી ગઈ. તેની સાથે આજની રાત્રે એક 'અર્થ'શાસ્ત્રીરૂપે પણ તેઓનો પરિચય ઊભરી આવ્યો.

આ સમયે ચાલી રહેલા સ્વામીશ્રીના ભોજન સમયે સંસ્કૃત ભણતા સંતોએ તૈત્તિરીય ઉપનિષદમાં ગૂંથાયેલા દીક્ષાંત પ્રવચનનો સસ્વર પાઠ રજૂ કર્યો. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'હવે ગુજરાતીમાં એનો અર્થ કરો.'

આ આદેશ અનુસાર શરૂ થયેલી ભાષાંતરની પ્રક્રિયામાં પ્રમાદની વાત આવતાં સ્વામીશ્રીએ સામે બેઠેલા ધર્મસુતદાસ સ્વામીને પૂછ્યું: 'પ્રમાદ એટલે શું?'

'આળસ.'

'ના, પ્રમાદ અને આળસમાં ફેર છે.' આમ કહી સ્વામીશ્રીએ જણાવ્યું: 'ન કરવાનું કરે તે પ્રમાદ અને કરવાનું ન કરે તે આળસ.'

સ્વામીશ્રીએ કરાવેલું આ 'અર્થ'દર્શન અનેક અનર્થથી ઉગારે તેવું છે!

## બુદ્ધિસાગર અને સદ્‌ગુણસાગર

તા. ૪/૪ની સવારે મંદિરમાં દર્શન કરી સ્વામીશ્રી પગથિયેથી નીચે ઊતર્યા ત્યારે સામે ઊભેલા કેટલાક ગ્રામીણ જનોને જોઈ તેઓએ સંતોને પૂછ્યું: 'કોણ છે એ?'

પરંતુ સંતો વિગતથી અજાણ નીકળતાં સ્વામીશ્રીએ જ તે અભ્યાગતોને

ઈશારા વડે નજીક બોલાવી પૂછ્યું: 'કચ્છથી આવ્યા છો?'

'હા.'

સ્વામીશ્રીના આ સચોટ અનુમાનથી એક સંતે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'બાપા! આપને કઈ રીતે ખબર પડી?!'

'પહેરવેશ પરથી.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ કપડાંથી લઈ કાળજાં સુધીનું બધું પલક વારમાં પારખી લેતા.

આવા બુદ્ધિસાગર સ્વામીશ્રી એવા જ સદ્‌ગુણસાગર પણ! તેમાંથી એક ઝળહળતું મોતી તા. ૫/૪ની રાત્રે સૌના હાથમાં આવ્યું.

આ સમયે સ્વામીશ્રીના ભોજન દરમ્યાન રજૂ થયેલી વચનામૃત આધારિત પ્રશ્નોત્તરી બાદ શ્રીજીપ્રકાશદાસ સ્વામીએ ભગવા રંગના બે કટકા સૌ સમક્ષ પ્રદર્શિત કર્યા. આશરે પાંચેક ફૂટનો પનો ધરાવતા અને તેનાથી લગભગ અડધા પહોળા એ વસ્ત્રોના ટુકડામાં મુઠ્ઠી આખી પસાર થઈ જાય એટલાં મોટાં કાણાં પડી ગયેલાં. આ કટકાને સૌની સાથે સ્વામીશ્રી પણ જોઈ રહ્યા. તે વખતે એ કટકાની કથા કહેતાં પેલા સંત બોલ્યા:

"સ્વામીશ્રી સ્નાન બાદ શરીર લૂછવા જે કટકા વાપરે છે તે બંને ફાટી ગયા છે. તેથી સેવકોએ તેને બદલવાની વાત કરી ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'ના, આનો આ જ કટકો સંધાવીને મને પાછો આપો.' તેથી એ કટકા દરજીની રૂમમાં સંધાવવા માટે આપેલા. તે હું સૌને ખ્યાલ આવે તે માટે સ્વામીશ્રી અને સેવકોની જાણ બહાર આજે અહીં લઈ આવ્યો છું."

આમ કહી તે સંતે એ જીર્ણ-શીર્ણ કટકા ઊંચા કર્યા. તે વખતે તેના તાર-તારમાં વણાયેલી સ્વામીશ્રીની કરકસરને સૌ વિસ્ફારિત નેત્રે નીરખી રહ્યા.

## સઉ સત્સંગીનાં સમય-સમયે સંકટ હરો

તા. ૯/૪ની સાંજે ચચાણાના મહિલા મંદિરની મૂર્તિઓમાં દૈવત આરોપી સ્વામીશ્રી તા. ૧૧/૪ની સવારે સંત આશ્રમના સભામંડપ અને 'સર્વસ્વ'ના ચોકને આવરી લેતાં ભ્રમણ કરવા લાગ્યા. વ્યાયામની આ ક્રિયા પૂરી થવામાં માંડ બે-ચાર મિનિટની વાર હશે ત્યાં જ સ્વામીશ્રીની દૃષ્ટિ એક ખૂણે ઊભેલા જૂના હરિભક્ત શ્રી રાવજીભાઈ પટેલ પર પડી. અત્યારે આણંદ પરત ફરી રહેલા આ વૃદ્ધ સત્સંગી સામાન સાથે લઈને જ આશીર્વાદની આશા સેવી ઊભેલા.

તેઓનો આ મનોરથ તો સ્વામીશ્રીએ પૂરો કર્યો, પણ તેઓનું મન એ વયસ્ક ભક્તની ચિંતા કરવામાં પરોવાઈ ગયું. તેથી તેઓ અનિર્દેશદાસ સ્વામીને નજીક બોલાવી ચાલતાં-ચાલતાં જ સૂચના આપવા લાગ્યા કે 'રાવજીકાકા અત્યારે જાય છે. તેમને પ્રસાદનું મોટું બોક્સ આપી આવો. અમરેલી-આણંદની બસમાં જવાના છે. એમને બસમાં બેસાડવા માટે કોઈ વ્યવસ્થિત યુવકને મોકલજો. એમની પાસે સામાન છે તે યુવક ઉપાડીને જાય.'

હાંફતાં-હાંફતાં પણ એક ભક્તની આટલી કાળજી લેવામાં સ્વામીશ્રી પોતાના દેહની દરકાર વીસરી ગયા. તેથી તેઓ ભ્રમણના નિશ્ચિત પથથી વિચલિત થઈ અન્ય દિશામાં પાંચેક ડગલાં ભરી બેઠા. તેનો ખ્યાલ આવતાં પુનઃ નિર્ધારિત માર્ગ પર આવી ગયેલા સ્વામીશ્રી ભ્રમણ બાદ સ્નાનવિધિ કરવા જઈ રહેલા તે વખતે પણ પેલા સંતને બોલાવી કહેવા લાગ્યા: 'મને વિચાર થાય છે કે રાવજીભાઈ વૃદ્ધ છે તો તેઓને બસની મુસાફરીમાં તકલીફ પડશે. તેના કરતાં આણંદ તરફ જતા કોઈ ગાડીવાળા હરિભક્ત હોય તો તપાસ કરી એમને તેમની સાથે મોકલો.'

જેમ સમુદ્રમાં તરંગો ઊઠ્યા જ કરે તેમ નહાતાં-ધોતાં, સૂતાં-ઊઠતાં સ્વામીશ્રીના મનમાં ભક્તોની સેવા-સરભરાના વિચારો ઊછળ્યા જ કરતા. તે અનુસાર તેઓએ કરેલી ભલામણ મુજબ તપાસ કરતાં ચરોતર તરફ જનારા એક વાહનવાળા મુમુક્ષુનો પત્તો લાગી ગયો. તેથી બસ સ્ટેન્ડે પહોંચી ગયેલા રાવજીભાઈને પાછા બોલાવાયા અને તેઓને મોટરમાં બેસાડી આણંદ જવા વિદાય આપવામાં આવી ત્યારે સ્વામીશ્રીની વત્સલ છવિ સૌનાં હૈયે કબજો જમાવી ચૂકી.

## પૂરી કરે છે હૈયાંની હામું

તા. ૧૪/૪ની સાંજે સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પ્રદક્ષિણા ફરી રહેલા ત્યારે વાતાવરણમાં કેફનું કીર્તન *'ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં...'* ઘોળાતું હતું. તેની પંક્તિએ પંક્તિએ લટકાં કરતા સ્વામીશ્રીની મૂર્તિ સૌ સંતો-ભક્તો *'મટકું ન ભરે દગે...'*ની એકાગ્રતાથી પી રહેલા. આ ક્રમમાં પદની દસમી કડી ગવાઈ કે *'કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ...'*

બરાબર આ જ સમયે અંતિમ પ્રદક્ષિણા ફરતા સ્વામીશ્રી નૈઋત્ય ખૂણાની બેઠકે ગોઠવાયેલા એક પીળાં પહેરણધારી કિશોર આગળ જઈ અટકી

ગયા. તેથી હાથ જોડતો એ કિશોર ઊભો થઈ ગયો. તેના માથે હાથ મૂકતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'નામ શું?'

'અમિત રાઘવજીભાઈ પટેલ.'

તેનું કોરું કપાળ જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'તિલક-ચાંદલો કરવો.'

'બાપા! મને ચંદનની એલર્જી છે, તેથી માત્ર કંકુનો ચાંદલો કરું છું.'

'સારું. હવે નિયમિત સભામાં જવું.'

આટલું કહી સ્વામીશ્રી તો આગળ નીકળી ગયા, પણ તે સાથે જ પેલા કિશોરની આંખોમાં હર્ષાશ્રુ ધસી આવ્યાં. તેનું રહસ્ય સંતોએ પૂછ્યું ત્યારે એ કિશોર ગળગળા સાદે બોલ્યો: ''આજે સવારે પૂજા કરતી વખતે મારા મનમાં સંકલ્પ થયેલો કે 'અમે જ્યારે જઈએ ત્યારે સ્વામીબાપા મળે છે, આશીર્વાદ આપે છે, પણ આજે મને સામેથી બોલાવે તો સારું!' આજની સવારે સ્વામીબાપાની પૂજા બાદ પારાયણના યજમાનો તેઓના આશીર્વાદ લેવા ગયા ત્યારે હું પણ કુટુંબીઓ સાથે ભેગો હતો, પરંતુ યજમાનો ઘણા હોવાથી મારે ધોતિયું ઓઢાડી આગળ નીકળી જવું પડેલું. તે વખતે મને થયેલું કે 'બસ! હવે પતી ગયું, આ એક તક હતી તે ગઈ!' પણ અત્યારે સ્વામીએ મને સામેથી બોલાવી સંકલ્પ પૂરો કર્યો.'' આટલું કહેતાં એ કિશોરનો કંઠ ભરાઈ આવ્યો.

*'પૂરી કરે છે હૈયાંની હામું...'* સમા સ્વામીશ્રીનો સ્નેહ સૌનાં મનની સાથે વાચાને પણ હરી લેતો.

## મરજી ન સચવાય તો બધું ધૂળધાણી

તા. ૧૭/૪ની સવારે રોહીશાળા અને ઝમરાળાનાં મહિલા મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂરી સ્વામીશ્રી આજની સાંજે સવા છ વાગ્યે તેઓના ભોજન ખંડમાં યોજાયેલી એક ખાસ સભામાં પધાર્યા.

અત્રે તેઓ સમક્ષ ગવાયેલા પદ *'સખી મેલી દે મનના મરોડને...'* સમજાવતાં સ્વામીશ્રીએ અમૃતધારા વહાવી કે –

'ગમે તેટલા આપણે બુદ્ધિશાળી હોઈએ, ડાહ્યા હોઈએ, ગમે એટલી શક્તિ, બળ, આવડત, ડહાપણ હોય, પણ મરજી ન સચવાય તો બધું નકામું. ધૂળધાણી. આપણું જીવન શું? આપણું પ્રારબ્ધ શું? ભગવાન અને સંત. બાકી આપણું કશું છે જ નહીં. આપણે જાણીએ જે 'આપણાથી જ આ ચાલે છે' એ આપણી ભૂલ છે. 'ભગવાનની, ગુરુની ઇચ્છાથી જ ચાલે છે' એ આપણે

બરોબર દૃઢ કરવાનું. આપણા જેવા સત્સંગમાં ઘણાય છે ને થશે અને તંત્ર ચાલશે. એમાં કાંઈ પડી ભાંગતું નથી. આપણને આપણા જ ગુણ-દોષ જોવાની દૃષ્ટિ હશે તો એ જ આપણને સુખ ને શાંતિ આપશે. ખટપટ મૂકી દઈએ ને સરળ થઈએ તો જયજયકાર થઈ જાય.'

*'જાણે મુખ થકી મોતી ઝરે છે...'* એવો આ સદુપદેશ આપી સ્વામીશ્રી તા. ૧૯/૪ની સવારે સંત આશ્રમના સભામંડપમાં પધાર્યા.

અહીં જામનગરના નવીનીકરણ પામેલા હરિમંદિરની મૂર્તિઓની પ્રતિષ્ઠાનો તખ્તો ગોઠવાઈ ચૂકેલો. તેનો પ્રારંભ સ્વામીશ્રી આવતાં જ થયો, પણ તે વખતે સ્વામીશ્રીની દૃષ્ટિ પૂજાપાની થાળી પાસે પડેલી ચોખાની તાસક પર ગઈ. તે જોઈ તેઓએ વિધિમાં સામેલ એક સંતને ટકોર કરી કે 'વાટકીમાં ભરીને ચોખા મૂકવાના હોય. આ વિધિ ક્યાં એટલો મોટો છે? આટલા બધા ચોખા લાવવાની જરૂર નહીં. ખોટા બગડે.'

આ વાત ત્રણેક વાર દોહરાવી સ્વામીશ્રીએ વસ્તુના વિનિયોગનો વિવેક શીખવ્યો. હજારો ટન અનાજનાં સદાવ્રતો ચલાવનારા તેઓ એક કણ પણ વેડફાવા ન દેતા.

## સામાન્ય અને વિશ્વમાન્યનો સ્નેહસંબંધ

સારંગપુરમાં સ્વામીશ્રીનું સાંનિધ્ય 'पदे पदे रत्नानि।' ઉક્તિને સાર્થક કરતું જણાય, કારણ કે અહીં તેઓના પગલે-પગલે ખુશીનો ખજાનો હાથ લાગતો જાય. સ્વામીશ્રી નિજનિવાસ 'સર્વસ્વ'માંથી બહાર પધારે ત્યારપછી આવતા પ્રત્યેક પ્રાસાદિક સ્થાન – ગુરુ કક્ષ, સંત આશ્રમનો સભામંડપ, મંદિર પછવાડે ઊભેલી છત્રી, રંગમંડપ, મંદિરની રૂપચોકી, પ્રદક્ષિણા, સ્મૃતિમંદિર, તેના સંકુલમાં લહેરાતું શમીવૃક્ષ વગેરે એક-એક સ્થળે કંઈક ને કંઈક રજૂઆતો કરી લાભ લૂંટવા સંતો તત્પર જ હોય. સ્વામીશ્રી પણ તે તે સ્થાનકે પોતાના લહેકે-લટકે એવા પ્રતિસાદ આપે કે *'આનંદમાં નિશદિન વીતે, તેની ન પડે ગમ...'*નો અનુભવ સૌ કરી રહે. આ ક્રમમાં હનુમાનજી-ગણપતિજીનાં દેરાં પાસે મળતો પરમાનંદનો પ્રસાદ કંઈક નોખો જ સ્વાદ પમાડતો.

મંદિર પર પ્રદક્ષિણા ફરીને જ્યારે સ્વામીશ્રી આ દેરાં તરફનાં પગથિયાં અડધાં ઊતર્યા હોય ત્યાં જ અહીં જોર-શોરથી, પણ અસ્પષ્ટ અવાજમાં ગુરુ-પરંપરાનો જયનાદ ગુંજવા માંડે. તે સાંભળી સ્વામીશ્રી મરક-મરક હસતા જાય.

એ મુસ્કાન ક્ષણવારમાં જ ઊછળનારાં મહાસુખનાં મોજાંની છડી પોકારતી જણાય. આ સમયે જયઘોષ ગજવનારો બોટાદવાસી સુરેશ સ્વામીશ્રીની જય ત્રણ-ચાર વાર દોહરાવે. તેમાંય છેલ્લી વારે 'જય જય જય' એમ ત્રણ વખત ઉચ્ચારે. આ ક્ષણે સ્વામીશ્રી તેની લગોલગ પહોંચી ગયા હોય અને પછી મંડાતી ગોઠડી એટલે જાણે મૂર્તિમાન વિરોધાભાસ !

હા, સ્વામીશ્રી બુદ્ધિનો દરિયો અને સામે ઊભેલો યુવાન પ્રમાણમાં મંદબુદ્ધિ. સ્વામીશ્રી વિશ્વમાન્ય, તો પેલો યુવક સામાન્ય. સ્વામીશ્રી ૮૧ વર્ષના, તો એ યુવાન અઢારેકની વયનો. સ્વામીશ્રી લાખોના ગુરુ, તો સુરેશ તેના ઘરનોયે ગુરુ નહીં. છતાં તેની સાથે સ્વામીશ્રી એવા હળી-ભળી જાય કે સૌ હસી-હસીને ગોટો વળી જાય. આ પ્રસંગ તો હોય માંડ એકાદ મિનિટનો, પણ તેની ઝાંખી મેળવવા પાંચ-પંદર મિનિટ પૂર્વેથી પ્રદક્ષિણા અને પગથિયાંમાં ઠઠ જામવા માંડે.

એક વાર તો ફૂલનો દડો લઈ હાજર થયેલા આ સુરેશે તે દડો સ્વામીશ્રીને ધરતાં સ્વામીશ્રીએ તે પકડી લીધો. પછી સ્વામીશ્રી તે પરત આપવા ગયા ત્યારે સુરેશે લેવા હાથ લંબાવ્યો, પણ પોતાનો હાથ ઊંચો-નીચો, આમ-તેમ ફેરવતા સ્વામીશ્રી આ યુવાનને રમાડવા લાગ્યા. છેવટે આ યુવકે તરાપ મારી સ્વામીશ્રીનો હાથ પકડી લીધો અને તેમાંથી દડો ઝડપી લઈ તેને વીજળી વેગે સ્વામીશ્રીના શિરે જ સ્થાપી દીધો !

આજે તા. ૧૯/૪ના રોજ પણ સુરેશ હાથમાં એકતારા સાથે ઊભો રહી ગયેલો. આ વાદ્ય સ્વામીશ્રીએ તેની પાસે જઈ બરાબર પકડાવ્યું અને તે વગાડવાની સંજ્ઞા કરી; પરંતુ પછી તો પોતે જ પોતાના હાથમાં એ એકતારો લઈ અલમસ્ત ઓલિયાની અદાથી વગાડવા લાગ્યા.

તેથી છવાઈ ગયેલા હર્ષોલ્લાસ વચ્ચે તા. ૨૦/૪ની સવારે ભારતના સંરક્ષણ મંત્રી શ્રી જ્યોર્જ ફર્નાન્ડિઝ હવાઈદળના ખાસ હેલિકોપ્ટર દ્વારા સ્વામીશ્રીને મળવા આવી પહોંચ્યા.

તેઓએ પોતાના આગમનનો હેતુ જણાવતાં કહ્યું : 'સ્વામીજી ! આપની પાસે આવવાનો મારો ઉદ્દેશ્ય એટલો જ છે કે આવતીકાલે અમે ગુજરાતના વિચારશીલ મનુષ્યોની મીટિંગ બોલાવી રહ્યા છીએ. તેમાં આપના આશીર્વાદ જોઈએ છે. આપના આશ્રિતો પણ ગોધરાની દુર્ઘટના પછી ડહોળાયેલા વાતાવરણમાં શાંતિ સ્થાપવા પોતાની પૂરી શક્તિ લગાવી દેશે તો ગુજરાતમાં

આજે જે બધાનાં દિલ તૂટેલાં છે તે જોડવામાં વધુ સમય નહીં લાગે. મને આપનામાં શ્રદ્ધા છે એટલે ખાસ આપની પાસે આવ્યો છું.'

આ આશય સાથે દોડી આવેલા સંરક્ષણ પ્રધાને ૪૫ મિનિટ સુધી સ્વામીશ્રી સાથે બેસી દેશની અશાંતિ અને અરાજકતા મિટાવવાનું માર્ગદર્શન મેળવ્યું.

## યજ્ઞપુરુષને દ્વાર નોબતનાદનો આનંદ

તા. ૨૧/૪ના રોજ શ્રીહરિ જયંતી હોવાથી કેવળ ઔષધ પૂરતું ફરાળ ગ્રહણ કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ ચાલતી વીડિયોમાં અક્ષરધામની દ્વારશાખના પૂજનનું દૃશ્ય આવ્યું. તેમાં શ્રીફળ વધેરતા સ્વામીશ્રીને જોઈ સંતો બોલ્યા: 'આપે એક જ ધડાકે વધેરી દીધું.'

'અક્ષરધામનું કામ એક ધડાકે થવું જોઈએ ને, એટલે!'

કેફપૂર્વક સ્વામીશ્રીએ આમ કહ્યું ત્યારે સંતોએ જણાવ્યું: 'આપે ઐશ્વર્યની કોથળી છૂટી મૂકી એટલે આ કામ થાય છે.'

'ના, ના. કોથળીની વાત નથી, પણ કામ કરનારા ખટકો રાખીને કરે છે. ઈશ્વર સ્વામીને આના માટે બહુ ખટકો. આગળનું કામ અત્યારથી તૈયાર કરે. લંડનમાં ભટ્ટેસા ને સગુણ(ભાઈ) ખટકો રાખે કે આટલાં કન્ટેનર આટલા સમયમાં અહીં પહોંચી જવાં જોઈએ. અહીં આવ્યા પછી રાજેન્દ્ર રાઠોડ તેને ઉતારવામાં ને દિલ્હી પહોંચાડવામાં ખટકો રાખે. ઘડનારા, ચોટકવાળા પણ બધું ખટકાથી કરે.'

આ રીતે પોતાના સામર્થ્ય પર સંતો-ભક્તોના ખટકાની સરસાઈ સ્થાપતા સ્વામીશ્રી આજની રાત્રે સ્મૃતિમંદિરે પધાર્યા ત્યારે આ સંકુલનું પોડિયમ ઉત્સવનું પ્રાંગણ બની ગયેલું. અત્રે *'પ્રેમે પ્રગટ્યા રે, સૂરજ સહજાનંદ...'* પંક્તિને લક્ષ્યમાં રાખી થયેલી મંચની સજાવટ સાથે રજૂ થઈ રહેલો કાર્યક્રમ પણ જમાવટ કરે એવો જ રહ્યો. તેના અંતે આશીર્વાદ આપી સ્વામીશ્રીએ ૧૦:૧૦ વાગ્યે શ્રીજીમહારાજના પ્રાગટ્યોત્સવની આરતી ઉતારી. તે પછી પારણા સામે ગાદી પર બિરાજી તેઓ બાલ ઘનશ્યામને પ્રેમપૂર્વક ઝુલાવવા માંડ્યા ત્યારે કીર્તનિયા સંતો પ્રાસંગિક પદ *'આજે ધર્મ-ભક્તિને દ્વાર નોબત વાગે રે લોલ...'* ગાવા લાગ્યા. તેમાં એક તબક્કે તેઓએ આજના આશીર્વાદમાં સ્વામીશ્રી દ્વારા ઉચ્ચારાયેલી પંક્તિ *'આજે યજ્ઞપુરુષને દ્વાર, નોબત વાગે રે*

*લોલ...*'ને સાંકળતાં જાણે આનંદનો એક અનોખો અધ્યાય ખૂલી ગયો.

'યજ્ઞપુરુષ' નામ સાંભળતાં જ સ્વામીશ્રીનું મુખ ભાવવિભોર થઈ ગયું. તેઓ પોતાના ઊંચા થયેલા જમણા હાથની પહેલી આંગળીને ઊંચી કરી લટકાં દ્વારા એવો પ્રતિસાદ આપવા માંડ્યા કે ગાન, તાન અને નર્તનની ત્રિવેણી ત્રેવડાઈ ગઈ. સંતો-સાધકોના સંગમાં બાળકો-કિશોરોના નૃત્યની રમઝટ, ઝાંઝ તથા ઢોલક અને મંજીરા વગેરે વાંજિત્રોના મધુર ધ્વનિ તેમ જ બુલંદ સ્વરે ગવાતા જન્મોત્સવનાં પદોના ત્રિભેટે સ્વામીશ્રી સ્વયં ભાન ભૂલ્યા. તેથી કરનાં લટકાં, નેત્રકમળની સાન અને મલકંતે મુખડે સૌને અઢળક સુખ આપી તેઓ વિદાય લેવા મંચના છેડે આવ્યા ત્યારે પોતે પણ અતિ આનંદમગ્ન થતાં મુજરાના બે ઠેકા લઈ પગથિયાં ઊતરી ગયા.

તેઓના આ આનંદની ધારા ગાડી સાથે પણ વહેતી જ રહી. મોટરમાં બેસી ઉતારે આવતાં સ્વામીશ્રી બે વાર બોલ્યા: 'ઉત્સવ બહુ સારો ઊજવાઈ ગયો. યજ્ઞપુરુષને દ્વાર ડંકા વાગી ગયા.'

આ રીતે ઉત્સવ-સુખ વાગોળતા તેઓ ગાડીમાંથી ઊતરી ઉતારામાં પ્રવેશ્યા તો અહીં પણ પેલી આનંદધારા સ્વામીશ્રીનાં પગલાં દબાવતી 'સર્વસ્વ'માં દાખલ થઈ ગઈ. તેથી તેમાં ખેંચાયેલા સ્વામીશ્રી પોતાના ઢોલિયાની આગળ હાથ ઊંચા રાખી તાળી વગાડવા માંડ્યા અને મુજરા કરતાં ગાવા લાગ્યા: *'આજે યજ્ઞપુરુષને દ્વાર, નોબત વાગે રે લોલ..'*

ગુરુભક્તિથી છલકાતા તેઓના અંગ-અંગમાંથી આજે ગુરુમસ્તી પણ ઊભરાઈ રહી. તેમાં ગુલતાન સ્વામીશ્રી મુજરા કરતાં કરતાં શયનકક્ષના ડાબે છેડે ગયા. ત્યાંથી પુનઃ જમણી તરફ બાથરૂમના બારણે પહોંચ્યા. અહીંથી હસતાં હસતાં તેઓ ઢોલિયા ભણી આવતાં બોલ્યા: 'આનંદ આવી જાય એવું છે!' આટલું કહી પલંગ પર બિરાજેલા સ્વામીશ્રી જલપાન કરીને પણ ઉત્સવસ્મૃતિ કરતાં ઉચ્ચર્યા: 'શાંતિ થઈ જાય એવું વાતાવરણ હતું. ઉત્સવ સર્વોપરી થઈ ગયો! હરિભક્તો પણ ઘણા આવ્યા. આનંદ આનંદ થઈ ગયો. *આજે યજ્ઞપુરુષને દ્વાર, નોબત વાગે રે લોલ...*'

આ કડી હવે જાણે તેઓની ધડકન બની ગયેલી. તેથી તેને વારંવાર દોહરાવતાં સ્વામીશ્રી પોઢ્યા ત્યારે તેઓનાં નાદ અને નર્તનથી ડોલી ગયેલા સૌ *'આવ્યો આનંદ જનને જીવને, ચૈત્ર સુદિ નવમીને દિને...'*નું ગાણું ગાઈ રહ્યા.

## બ્રહ્માનંદની વૃષ્ટિ થાય

ગઈકાલે યજ્ઞપુરુષને દ્વારે ઊઠી ગયેલો નોબતનાદ તા. ૨૨/જના રોજ પણ શમ્યો નહોતો. તેથી આ દિવસની સવારે મંદિરમાં દર્શન બાદ સ્વામીશ્રી રૂપચોકીમાં આવ્યા ત્યારે સૌએ *'આજે યજ્ઞપુરુષને દ્વાર...'* પંક્તિ ઉપાડી. તે સાંભળતાં જ સ્વામીશ્રીનું હૈયું હુલસી ઊઠ્યું અને તેઓ બે હાથ ઊંચા કરી તાળી વગાડતાં મુજરા કરવા માંડ્યા. તે જોઈ ઊછળેલું મોજનું મોજું પ્રદક્ષિણાના ઉત્તર ભાગે પણ પ્રસર્યું.

આ જગ્યા સ્વામીશ્રીના નિવાસ દરમ્યાન 'કિલ્લોલ કૉર્નર' સમી બની રહેલી. અહીં રોજ આવી ઊભા રહેતા એક ગામઠી ગોકળી સાથે સ્વામીશ્રી ગમ્મતનો ગુલાલ ઉડાડતા. આજે આ ઠેકાણે પણ *'યજ્ઞપુરુષને દ્વાર...'*ની નોબત ગગડી ગઈ. તે સાંભળી ડોલી ગયેલા સ્વામીશ્રી મુજરા કરવા લાગ્યા. તેથી ઊમટેલી રંગરેલ સ્વામીશ્રીની પાછળ-પાછળ સ્મૃતિમંદિર સુધી આવી પહોંચી.

હવે *'આજે યજ્ઞપુરુષને દ્વાર...'* પંક્તિ સૌ માટે સુખસદનની ચાવીરૂપે હાથમાં આવી ગયેલી. સૌનાં હૈયે એટલો વિશ્વાસ જરૂર જન્મી ગયેલો કે જ્યારે જ્યારે આ કડી ગવાશે ત્યારે ત્યારે નર્તનમય બ્રહ્મના આનંદનો ખજાનો ખૂલી જવાનો છે. તેથી સ્વામીશ્રી સ્મૃતિમંદિરે ગુરુહરિનાં દર્શન કરી પ્રદક્ષિણામાં પધાર્યા ત્યાં જ ઢબૂકતા ઢોલ, મંજુલ મંજીરા અને રણઝણતાં ઝાંઝ-કરતાલની સંગતમાં સંત-સારંગોનાં ગળાં ગહેંકવા લાગ્યાં: *'આજે યજ્ઞપુરુષને દ્વાર...'*

આ ગાનના અપેક્ષિત પરિણામરૂપે પ્રદક્ષિણા ફરતા સ્વામીશ્રીનાં ચરણ અહીં થંભી ગયાં, તેઓના મુખ પર ગુલાબી મસ્તી ફરી વળી, હાથ અધ્ધર ઊંચકાઈ ગયા અને પગના ઠેકાથી ધરા ધમકવા માંડી.

બ્રહ્માનંદની વૃષ્ટિનાં આ અમીછાંટણાં વેરી પ્રદક્ષિણાના પથ પર આગળ વધી ગયેલા સ્વામીશ્રીએ બીજી પ્રદક્ષિણા કરતી વખતે તો હાથમાં કરતાલ ઝાલતાં છાંટણાંને બદલે બ્રહ્મસુખની ધારા વરસવા લાગી. આ સમયે સંતોએ સ્વામીશ્રીની સામે તેઓના સખા સમાન ઘનશ્યામચરણદાસ સ્વામીને પણ ઊભા કરી દેતાં જુગલબંદી જોરદાર જામી. કરતાલ વગાડતા આ સંતની લાક્ષણિક અદાઓનું સ્વામીશ્રીએ પણ હૂબહૂ અનુકરણ કરી બ્રહ્મમસ્તીને વિશેષ ચગાવી.

પરંતુ ત્રીજી પ્રદક્ષિણાએ તો બ્રહ્માનંદની ધારા ધોધમાં પલટાઈ ગઈ. આ વારે સ્વામીશ્રીએ મન મૂકીને મુજરા કરતાં *'બ્રહ્માનંદની વૃષ્ટિ થાય, કાંઈ ઉપમા કહી ન જાય...'* જેવો નજારો ખડો થઈ ગયો.

આમ, ગુરુના નામને સાંભળતાં જ હરખી-વરસી પડતા સ્વામીશ્રીની આ બ્રહ્મમસ્તીમાં રસબસ સાધક વિપુલભાઈએ મંદિરે પાછા ફરતી વખતે ગોલ્ફ કાર્ટ ચલાવતાં ગાયું: *'આજે યજ્ઞપુરુષને દ્વાર...'*

તે સાંભળતાં જ હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા: 'જેટલું નાચીએ એટલું ઓછું છે ! મુક્તાનંદ સ્વામી પણ મહારાજ પાસે મુજરા કરતા.'

તેઓના આ અભિપ્રાયમાંથી 'યજ્ઞપુરુષ' સાથેનો 'નારણદા'નો અંતરંગ નાતો ઝળકી ઊઠ્યો.

## શાંતિની નોબત છે આ

તા. ૨૨/૪ની સવારે સ્મૃતિમંદિરેથી પરત આવી પ્રાતઃપૂજામાં બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ સંતોએ શ્રીજીમહારાજની બાળલીલાનાં પદો ગાઈ શ્રીહરિનું શૈશવ તાદૃશ કરી દીધું, પરંતુ આ કીર્તનભક્તિના અંતભાગમાં *'આજે યજ્ઞપુરુષને દ્વાર...'*ની નોબત પર વધુ એક વાર દાંડી પડી. આ સમયે સ્વામીશ્રીની નિત્યપૂજા સમાપ્ત થઈ ચૂકેલી. તેથી તેઓના હાથમાં કરતાલ અપાતાં જ તેને રણઝણાવવા માંડેલા સ્વામીશ્રી ઊભા થઈ ગયા અને તેઓએ પુનઃ નર્તનલીલા આદરી. છેલ્લા દસ કલાકમાં નવમી વખત આવો લાભ આપી સ્વામીશ્રીએ સુખની હદ વાળી દીધી. તેથી તેઓ આજે અલ્પાહાર કરવા બિરાજ્યા ત્યારે સૌ આ સુખને જ મમળાવતા રહ્યા.

તે સાંભળી જમણા હાથની પ્રથમ આંગળી ઊંચી કરી એ હાથને વર્તુળાકારે ફેરવતાં સ્વામીશ્રી બોલ્યા: 'શાંતિની નોબત છે આ !'

તેઓનું આ નર્તન-ચરિત્ર જે જેટલું સંભારશે તેટલી તેને શાંતિની નોબતો વાગશે – એ મર્મ સ્વામીશ્રીના ઉપરોક્ત ઉદ્‌ગારમાં સમાયો છે.

આ શાંતિને સ્વાદિષ્ટ બનાવતાં સ્વામીશ્રીએ આજે સંતોને સ્વહસ્તે મોતૈયા લાડુ પીરસ્યા.

તે પછી તેઓએ તાલડા ગામના હરિમંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરી પૃથ્વીપટે એક નવું તીર્થ ઉમેરી આપ્યું. તે સાથે સ્વામીશ્રીએ બાઢડાના મંદિરની નૂતન મૂર્તિઓમાં પણ પ્રાણાહ્‌વાન કર્યું.

આ જ રીતે તેઓએ તા. ૨૩/૪ની સવારે એક નવયુવાનને દીક્ષિત કરી ચૈતન્ય મંદિર પણ પ્રગટાવી દીધું.

આ સમયે મુલાકાત માટે આવેલા સુરતવાસી શ્રી ઈશ્વરભાઈ પટેલના દાંત અને હોઠ સામે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'શું વ્યસન છે?'

'ગુટકા ખાઉં છું.'

'આપણા ઘરમાં વ્યસન ચાલે?'

સ્વામીશ્રીના આ શબ્દોમાં ઝળકતો કુટુંબભાવ જોઈ બાજુમાં ઊભેલા એક સંતથી સહેજે પુછાઈ ગયું: 'આપણું ઘર કહ્યું?!'

'હા, એના દાદાના દાદાના વખતનો સત્સંગ છે. ઈશ્વર ડુંગર, ડુંગર જીવરાજ, જીવરાજ નથુ ને નથુ માધા. માધાભાઈના વખતનો સત્સંગ છે!'

સ્વામીશ્રીની આ આત્મીયતા અંજનશલાકા જેવી પુરવાર થઈ. તેણે પેલા આગંતુકનાં નેત્રો ઉઘાડી નાંખ્યાં. તેથી તેઓ વ્યસનમુક્ત થયા ત્યારે તેઓના બે બાળકોને સ્વામીશ્રીએ કહ્યું: 'છોકરાંવ! તમે એમને વ્યસન કરતાં જુઓ તો તરત મને કહી દેવાનું.'

ખરેખર, વ્યક્તિને વ્યસનમુક્ત કરવામાં સ્વામીશ્રીની લગની કંઈક અનોખી જ હતી.

## સ્નેહ અને સ્મૃતિનાં અતોલ પલ્લાં

તા. ૨૩/૪ની સવારે સ્વામીશ્રી મુલાકાતોના સત્રથી પરવાર્યા ત્યાં જ એક મંદિરના કોઠારી સંતનો ફોન આવ્યો. તેમાં તેઓ જમીનની ખરીદી અંગે સ્વામીશ્રીને વાત કરવા માંડ્યા ત્યારે આ સોદો થઈ જશે એમ જણાતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'તૈયાર છે ને એટલા?'

પરંતુ તેઓની આ પૂછપરછનો પ્રત્યુત્તર મળે તે પહેલાં તો ફોન કપાઈ ગયો. તે જોઈ સ્વામીશ્રી મર્મમાં બોલ્યા: 'પૈસાની વાત આવે એટલે બધાને વસમું લાગી જાય છે! ફોન પણ ઠપ થઈ ગયો.'

આ સાંભળી સામે ઊભેલા આરુણિ ભગતે સ્વામીશ્રી તરફ નિર્દેશ કરતાં કહ્યું: 'આ એક જ વ્યક્તિ ભાર ખમે એમ છે!'

'ભગવાન ખમે છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો પ્રતાપ. બાકી હિંમત થવી જ કઠણ છે. આપણે એમના પર ભાર નાખીએ છીએ. ગમે ત્યાંથી એ ભેગું કરે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

કોઈ ધનકુબેર પણ પગલું ભરતાં વિચાર કરે એવા ગંજાવર પ્રકલ્પોને અકિંચન સ્વામીશ્રી દ્વારા એક પછી એક પૂર્ણ થતાં જોઈ સૌ આશ્ચર્યમાં ડૂબી જતા. પરંતુ તેનું રહસ્ય સ્વામીશ્રીએ આજે સ્વયં ખોલી આપ્યું. અલબત્ત, તેમાંથી તેઓની નમ્રતા જ નીતરી રહી.

તે સાથે વિચરતા સ્વામીશ્રી પાસે તા. ૨૪/૪ની સવારે સારસાવાસી શૈલેશભાઈ તેઓના પુત્રને આશીર્વાદ અપાવવા લઈ આવ્યા. તેનો પરિચય આપતાં શ્રીજીપ્રકાશદાસ સ્વામી 'આ સંતોષ...' કહી આગળ બોલવા ગયા ત્યાં જ સ્વામીશ્રી કહેવા લાગ્યા : '...એના બાપા શૈલેશ, શૈલેશ ચંદુભાઈ, ચંદુભાઈ મહીજીભાઈ, મહીજીભાઈ હીરાભાઈ, હીરાભાઈ મથુરભાઈ.'

સ્વામીશ્રીના મુખેથી સડસડાટ સરેલી આ છ પેઢીની વિગત સાંભળતાં જ સૌ અવાક્ થઈ ગયા. તેઓનાં આવાં સ્નેહ અને સ્મૃતિને મૂલવવા જતાં તો જગતના સ્રષ્ટા સમા બ્રહ્મા પણ કહી દેશે : *'જોતાં ખામી કશી નથી એમાં...'*

## માળાના મણકાનો મર્મ

આ અરસામાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ દ્વારા નિર્મિત મંદિરોની કાયાપલટ કરી રહેલા સ્વામીશ્રીએ હવે સારંગપુર મંદિરને લક્ષ્યમાં લેતાં, તા. ૨૫/૪ની સવારે અહીં મંદિર સંકુલ વિકાસ યોજનાનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીના વરદહસ્તે થયું. યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના પરિસરમાં જે સ્થાને ઊભા રહી પશ્ચિમ મુખે જોતાં મંદિરમાં પ્રતિષ્ઠિત શ્રીજીમહારાજનાં દર્શન થાય અને દક્ષિણ મુખે જોતાં સ્મૃતિમંદિરમાં વિરાજિત શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થાય તે જગ્યાએ બિરાજી સ્વામીશ્રીએ આ ખાતવિધિ કર્યો.

ત્યારબાદ તેઓ તા. ૨૭/૪ની સવારે સ્મૃતિમંદિરનો પાટોત્સવ ઊજવી આજની સાંજે ગઢપુર પધાર્યા.

અત્રે સ્વામીશ્રીએ 'બનવું છે મારે માળાના મણકા' વિષયને આધારે ચાલી રહેલી કાર્યકર શિબિરનું દીક્ષાંત પ્રવચન કરતાં કહ્યું :

'હું અને મારું – આ બે વસ્તુ આપણને નડે છે. એ જો મુકાય તો આપણને કોઈ વાંધો આવે નહીં. માળાના મણકા થવું છે એને માટે વાત કરું છું. આપણે કાર્યકર છીએ. પછી 'મને શા માટે ફેરવ્યો ? મારો શો ગુનો છે ?' વગેરે કશું જ બોલવાનું ન હોય. હાથ જ જોડવાના હોય કે 'બહુ સારું' અને બીજે પણ એટલાં જ મહિમા અને પ્રેમથી કામ બરાબર કરવાનું. ત્યારે આપણે

મહારાજની માળાના મણકા બરોબર થઈએ. ગમે ત્યારે ગમે તે આપણા માટે કહેવામાં આવે તો એને માટે મોઢામાંથી મોળો શબ્દ ન નીકળવો જોઈએ, મોળો સંકલ્પ ન થવો જોઈએ. આપણે તો મહારાજની માળાના મણકામાં બેસવું છે ને! મહારાજે પોતાના માન્યા છે તો બધા મણકા આમથી તેમથી ફરશે. આપણે તો મણકામાં બેસી જ રહેવાનું. ઊલટ-સૂલટ કરે, ઊંચો કરી નાખે તોપણ આ સત્સંગ મૂકવો નથી.'

માળાના મણકાનો આ મર્મ સમજાવતા સ્વામીશ્રી તા. ૩૦/૪ની સાંજે ગઢડાથી ગોંડલ પહોંચ્યા.

## દિવ્યદૃષ્ટિનાં દાન

ગોંડલ મુકામે તા. ૩/૫ની રાત્રે સ્વામીશ્રી સમક્ષ થઈ રહેલા 'પ્રકાશ' સામયિકના પાઠમાં દુબળી ભટ્ટના તેર રૂપિયાનો ઉલ્લેખ આવ્યો. તે સાંભળી તરત જ ધ્યાન દોરતાં સ્વામીશ્રી બોલ્યા: 'રૂપિયા નહીં દોકડા. છ દોકડાનો એક આનો ને સોળ આનાનો એક રૂપિયો થાય.'

આમ, પ્રત્યેક બાબતે ચોક્કસ રહેતા તેઓને મળી આજે જૂનાગઢના કલેક્ટર શ્રી આર. કે. પાઠક બોલી ઊઠ્યા: 'આપનાં દર્શન થયાં તે શાંતિ થઈ ગઈ! હવે મને થાય છે કે 'હું સફળ થવાનો, થવાનો ને થવાનો!' આજથી મારો આત્મવિશ્વાસ દસ ગણો વધી ગયો.'

સ્વામીશ્રીના સહવાસની આ ફલશ્રુતિ કલેક્ટરથી કામદાર સુધીના સૌની! સંપત્તિથી ન ખરીદી શકાય એવા સદ્‌ગુણો તેઓ સહજ-સહજમાં સૌનાં જીવનમાં ભરી દેતા.

આ વિશેષતા ધરાવતા સ્વામીશ્રી તા. ૪/૫ની બપોરે ૧૨:૨૫ વાગ્યે મુલાકાત ખંડમાં પધાર્યા ત્યારે ત્યાં ગોંડલ વિસ્તારના ૭૦થી વધુ કાર્યકર્તાઓ બેઠેલા. તેઓને બળના બે બોલ સંભળાવી સ્વામીશ્રી દરેકને વ્યક્તિગત પણ મળ્યા. આ વિધિ પૂરો થતાં તેઓ સમક્ષ ગોઠવાયેલું રોસ્ટ્રમ સંતોએ ઉપાડ્યું ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'રહેવા દો, કેમ લો છો?'

તેઓના મનમાં એમ હતું કે 'હવે બપોરની મુલાકાતો શરૂ થશે!' પરંતુ સંતોએ યાદ કરાવ્યું કે 'હજી બપોરનું ભોજન લેવાનું બાકી છે.'

આ સાંભળી સ્વામીશ્રી હસી પડ્યા.

ભક્તોને મળવાની તાલાવેલીમાં ભોજનનેય વીસરી જતા તેઓનું

જમવાનું શરૂ થતાં જ 'પ્રકાશ'નો પાઠ પણ શરૂ થયો. તેમાંથી ફૂટેલી એક વિગતના સંદર્ભમાં કો'કે પૂછ્યું: 'મછિયાવમાં મહારાજ ગયા તો મહારાજે શું કરવા પકડી રાખ્યું કે 'તમે અબોલા મૂકો પછી જ હું જમીશ.' ભગવાનને આટલો બધો આગ્રહ રાખવાની શી જરૂર હતી?'

આ પ્રશ્નનો પેચ ખોલતાં સ્વામીશ્રીએ કહ્યું: ''અહં-મમત્વરૂપ માયા કાઢવા માટે જ મહારાજે આમ કર્યું! ફઈબાને અહં હતો કે 'હું સાસુ છું. હું કહું તેમ એણે કરવું જોઈએ. એણે મને નમવું જોઈએ. મને એ કેમ કહે?' એમ આંટી પડી ગઈ. અહંથી ભગવાન છેટા છે. દુનિયામાં એક દાખલો બેઠો ને! એટલા માટે મહારાજે માથાકૂટ કરી કે આ એક પ્રસંગ ઊભો કરું તો પાછળ હજારોને એનો સંદેશો મળે.''

મહારાજના ચરિત્રનો આ મર્મ સાંભળી પેલા મુમુક્ષુ બોલ્યા: 'આપે કહ્યું એટલે હવે સમાધાન થયું! આ પ્રસંગમાં સંશય રહેતો હતો.'

'ભગવાનના કાર્યમાં કોઈ સંશય ન હોય, એટલું સમજો. ભગવાનનું કાર્ય દિવ્ય, દિવ્ય ને દિવ્ય! તો જ શાંતિ-સુખ થશે. તો જ ઠેકાણું રહેશે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

ગુણાતીત સંત વિના આવી દિવ્યદૃષ્ટિનાં દાન કોણ કરી શકે?

## મારી આ વાત ગમતી હોય તો રાખજો

આ અરસામાં ભારતીય તત્ત્વજ્ઞાનનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરનારા સંતો પરીક્ષા આપીને સ્વામીશ્રી પાસે આવેલા. તેઓને તા. ૫/૫ની સવારે અગિયાર વાગ્યે માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ કહ્યું:

''તમે બધાએ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, પણ 'विद्या विनयेन शोभते।' વિનય એટલે સાધુતા, સહન કરવું, નમ્ર રહેવું, બધા સાથે પ્રેમ રાખવો. પંડિત થયા એટલે 'હું એના કરતાં વધારે સારો દેખાઉં' એ ન રાખવું. 'બીજાને દબાવીને હું ઉપર આવું' એવી ભાવના ન રાખવી. આપણો સિદ્ધાંત સર્વોપરી છે, તેમાં બધાએ એક રીતે આગળ વધવું. ભણ્યા પછી આપણી અંદર હરીફાઈ, એકબીજાની ઈર્ષ્યાના ભાવો પણ વધવાનો સંભવ છે, પણ વિદ્વત્તા કરતાં સાધુતા વધારે ટૉપ (શ્રેષ્ઠ) છે એ સિદ્ધાંત આપણે રાખવો. સંત-સમાગમ, કથા-વાર્તા, ભજન-કીર્તન, ચેષ્ટા એ પણ એટલાં જ દૃઢ રહેવાં જોઈએ. આપણે ભણ્યા છીએ એનો સદુપયોગ વધારે ને વધારે થાય એ ભાવ રાખવો.

ગામડાંનું પણ આપણે સાચવવાનું છે. હરિભક્તોને માટે કોઈ વખત જવું પડે તો જવું. એક (અભ્યાસ) પકડીને બેસી ન રહેવાય. શાસ્ત્રીજી મહારાજના સમયમાં બદલપુરના નારણ ભગત હતા. મંદિરની સેવા હોય ત્યારે કહે, 'મારે ધ્યાન કરવું છે.' શાસ્ત્રીજી મહારાજ કહે, 'તારું ધ્યાન રાત્રે બારથી ચારમાં કરજે. અત્યારે મંદિરની સેવા કર.' એમ ભણતાં ભણતાં પણ સેવા કરવી.

ભણ્યા છીએ એટલે માન, મોટપ, આશા, મહત્તા, બોલાવે એવું ન રાખવું. ભગવાનની ઇચ્છાથી મળી જાય તો ઠીક, ન મળે તો બહુ હરખ-શોક ન કરવો. આપણે મોટપ માટે કરતા જ નથી. મહારાજ-સ્વામીની મોટપે આપણી મોટપ. બીજાને ગૌણ કરીને આપણે આગળ આવવાની ભાવના રાખવી નહીં. પછી એકબીજાની કૂથલી ને નિંદામાંથી જ ઊંચા ન આવે. આપણું નિશાન એ કે ભગવાન રાજી થાય. એ રાજી નથી ને તમે કરોડને રાજી કરો તો એનો શું અર્થ ?''

પંડિતને મંડિત કરતો આટલો હિતોપદેશ વહાવી સ્વામીશ્રીએ આજની રાત્રે મંદિરની વિવિધ સેવાપ્રવૃત્તિ સાથે સંલગ્ન સંતવૃંદને પણ સદુપદેશ આપ્યો કે –

'સંપ કોઈ પણ હિસાબે કેમ સચવાય એ માટે પોતાના દેહને, સ્વભાવને ઘસારો આપવો. એકબીજાને સમજવા પ્રયત્ન કરવો. પોતાનું ધાર્યું ન થાય એમાં ચકમક થવી ન જોઈએ. એકબીજા સાથે રીસ ન રાખવી, નહીં તો (વચનામૃત) કારિયાણી-૯ પ્રમાણે પાડામાં ગણાઈએ. કોઈ કહી જાય તો રાજી થવું. જરૂર પડ્યે એકબીજાને પૂરક થવું. જીવમાં આંટી પાડો કે કોઈ પ્રશ્ન ન થાય. દેહભાવ ટાળવા માટે જ આ અક્ષર દેરી છે. એનો જેટલો મહિમા સમજશો એટલો લોકોમાં તમારો મહિમા વધશે. એની જેટલી સેવા કરશો એટલી તમારી સેવા લોકો કરશે. પોતાને અક્ષરરૂપ માનો તો કોઈ શબ્દ લાગશે નહીં ને આંટીય પડશે નહીં. મારી આ વાત ગમતી હોય તો રાખજો, નહીં તો નાખી દેજો; મારે કોઈનો કુરાજીપો લેવો નથી. ભીડો વેઠીને એકબીજાનો મહિમા સમજશો એટલો લાભ તમને થશે. માટે આંટી પાડો કે કોઈના અવગુણની વાતો કહેવી-સાંભળવી નથી.'

## તન અભિમાન ત્યાગ કરી ડોલત

તા. ૬/૫ની સવારે સ્વામીશ્રી ગોંડલથી ભાદરા જવા નીકળ્યા ત્યારે

એસ્કોર્ટ તરીકે ભૂરા રંગની મોટર આગળ જઈ રહેલી. તેની ખખડધજ હાલત જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'ભગા બાપાના[૪૭] વખતની લાગે છે!' પછી આ રાજવીની ખાસિયત વર્ણવતાં કહ્યું:

'ભગા બાપા ધામમાં ગયા ત્યાં સુધી એકની એક જ પાઘડી હતી. એવી કરકસરવાળા હતા. 'હું પ્રજાનો સેવક છું, પ્રજાના પૈસા મારાથી ખોટા ન વપરાય,' એવી એમની ભાવના હતી. અમારે ભક્તિવલ્લભદા'ને જ્યારથી સાધુ થયા ત્યારથી એક જ પત્તર ધામમાં ગયા ત્યાં સુધી ચાલ્યું. એવી સાચવણી, મમત્વ! આપણે તો રોજ-રોજ નવું બદલીએ.'

સાધુથી સમ્રાટ સુધીના સૌમાંથી સ્વામીશ્રીએ ગુણ ગ્રહણ કરી લીધો.

ગુણગ્રહણની આ એકમાર્ગીય સડકે જ સદા સરકતા તેઓએ ભાદરા આવતાં જ જાણે વ્યસનમુક્તિની ઝુંબેશ ઉપાડી હોય તેમ ત્રણ દિવસમાં ચાલીસેક વ્યક્તિઓને વ્યસનોના પંજામાંથી છોડાવી. 'વ્યસન એ ગામમાં મહાભૂત છે, તેને કાઢો...'ના નારા સાથે મંડેલા સ્વામીશ્રીએ બાળકથી માંડી બુઝુર્ગ સુધીના કોઈને ન છોડ્યા.

ગામોગામમાંથી આ દૂષણ દૂર થાય તેના ભાગરૂપે તેઓએ તા. ૯/૫ની સવારે બેરાજા (પસાયા) ગામના મંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂરી સદ્ધર્મનું એક સ્થાન પણ વધાર્યું.

તે પછી પ્રાતઃપૂજામાં બિરાજેલા સ્વામીશ્રીને વાંસામાં કંઈક સળવળ-સળવળ થતું લાગ્યું. આ બાબતે તેઓએ સેવકનું ધ્યાન દોરતાં દિવ્યપુરુષદાસ સ્વામીએ ગાદી-તકિયા બધું ફંફોસી જોયું, છતાં કંઈ હાથ ન લાગ્યું. પરંતુ થોડી વારે ફરી સ્વામીશ્રીને કશાક સળવળાટનો અનુભવ થયો. તે વખતે એક સંતે જોયું તો સ્વામીશ્રીની પીઠ અને પાછળ ટેકા માટે મૂકેલી ગાદી પર દોડાદોડ કરી એક નાની ઉંદરડી સોફામાં જડેલા એરકન્ડિશનની જાળીમાં ઘૂસી જતી હતી.

આ પરિસ્થિતિમાં પ્રાતઃપૂજા પૂર્ણ કરી સ્વામીશ્રી અલ્પાહાર માટે બિરાજ્યા ત્યારે ઉંદરડીના ઉપદ્રવની વાત અનાયાસે નીકળી. તે સાંભળી જનમંગલદાસ સ્વામીએ મનોભાવ પ્રગટ કર્યો કે 'બાપા! તમને બીક ન લાગી? આપણને તો થાય કે એરુ તો નથી ને!'

---

૪૭. ગોંડલના મહારાજા સર ભગવત્‌સિંહજીને કેટલાક પ્રેમવશાત્ આ રીતે પણ સંબોધતા.

આ ક્રમમાં પ્રિયવ્રતદાસ સ્વામીએ પૂછ્યું કે 'સ્વામી! ઉંદરડી સળવળ-સળવળ થાય પછી પૂજામાં મન કેવી રીતે રહે? અમને તો શરીર પર માંખ બેઠી હોય તોય પૂજામાં વૃત્તિ ન રહે. મન ત્યાં જતું રહે.'

'પૂજામાં મન હોય એટલે ત્યાં ધ્યાન ન જાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આ નાની સ્પષ્ટતા તેઓનાં ધૈર્ય, ભજનમાં એકાગ્રતા, નિર્ભયતા જેવા કંઈક ગુણો પ્રગટ કરી ગઈ. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહ જીતીને ધ્યાન-ભજન કરતા સ્વામીશ્રી *'તન અભિમાન ત્યાગ કરી ડોલત...'*ની કક્ષાના સંત હતા.

## હેતના મેઘ વરસાવ્યા વા'લમ

તા. ૯/૫ની સાંજે સ્વામીશ્રીને ભાદરાથી રાજકોટ પહોંચવાનું હતું, પરંતુ અહીં મંદિર-સંકુલના વિકાસ માટે જરૂરી આસપાસનાં મકાનો સંપાદન કરવા માટે તેઓએ આરંભેલી એક બેઠક સાંજે ૪:૩૦ વાગ્યાથી રાત્રે ૧૧:૪૦ વાગ્યા સુધી ચાલી! તેમાં વચ્ચે ૯:૦૫ થી ૯:૩૦ સુધીમાં ઉતાવળે ભોજન આટોપી સ્વામીશ્રી પુનઃ વિમર્શમાં પરોવાઈ ગયેલા.

સત્સંગના વિકાસની આ ધગશ સાથે તેઓ તા. ૧૦/૫ની સવારે ડાંગરા થઈને રાજકોટ પહોંચ્યા.

પરંતુ અત્રે રાત્રે આરામના સમયે સ્વામીશ્રીની નાડીના ધબકારા, બ્લડ પ્રેશર અને કાર્ડિયોગ્રામ – ત્રણેયમાં ગરબડ જણાતાં તબીબોને તાબડતોબ બોલાવવામાં આવ્યા. બીજા દિવસે પણ શરીરની સઘન તપાસ જારી રહી. આ વખતે ડૉક્ટરોએ કયા કયા સમયે કાર્ડિયોગ્રામમાં ફેરફાર થાય છે તે નોંધવા હોલ્ટર મોનિટર નામનું યંત્ર સ્વામીશ્રીની કમરે લગાવ્યું. તેની સાથે સ્વામીશ્રીએ તા. ૧૧/૫ની સાંજે યોજાયેલી બાળસભામાં લાભ આપ્યો.

આ સભા બાદ તેઓ રાત્રિભોજન અંગીકાર કરવા બિરાજ્યા ત્યારે યોગેશ નામના બાળકે ભોજન પૂર્વે ગવાતા શ્લોકો બોલી ઉચ્ચાર્યું : 'મહારાજ! જમો... સ્વામી! જમો...' અંતે એ બાળક 'યોગેશ! જમો...' એમ પણ બોલ્યો. આ સાંભળી થાળમાં મૂકેલો પેંડો એ શિશુને આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, યોગેશ! જમો.'

પોતાના મોંમાં કોળિયા મૂકતાં પહેલાં બાળકના મોંને મીઠાશથી ભરતા સ્વામીશ્રીના હૈયે ઊછળતો આ શિશુસ્નેહ પેલા હોલ્ટર મોનિટરની પકડમાં

આવ્યો હશે ?

યંત્ર કે તંત્ર – કોઈનીયે પકડમાં ન આવે એવો નિઃસ્વાર્થ પ્રેમ પીરસતા સ્વામીશ્રી તા. ૧૬/૫ની સવારે રાજકોટથી વિદાય લેતાં પૂર્વે જૂના સ્વામિનારાયણ મંદિરે પધાર્યા.

અહીં તેઓ જ્યારે આવે ત્યારે મંદિર આગળ જ દુકાન ધરાવતા કંદોઈ શ્રી દલીચંદભાઈ સ્વામીશ્રીની ગાડી ઊભી રખાવી તેઓને પેંડાનું બૉક્સ ભેટ ધરે. તે સ્વામીશ્રી ઠાકોરજીને ધરાવે. પરંતુ આજે તેઓ મંદિરમાં સઘળે દર્શન કરી અહીંથી નીકળવા માટે ગાડીમાં બેસી ગયા તોય પેલા કંદોઈ ન ફરક્યા.

તેથી ગાડી ઉપાડતાં ચાલક યુવાન બોલ્યો : 'પેંડાવાળા ન દેખાયા !'

'આવશે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

... અને ખરેખર, ગાડી મંદિરના દરવાજા પાસે પહોંચી ત્યાં જ હાથમાં પેંડાનું બૉક્સ લઈ કાળી ટોપી પહેરેલા એક વડીલ નજરે ચડ્યા. તેઓને જોતાં ગાડી ઊભી રખાવી સ્વામીશ્રીએ કાચ ઉતાર્યો અને એ વડીલના માથે હાથ મૂકતાં કહ્યું : 'તમને હમણાં જ યાદ કર્યા ને દેખાયા.'

આ શબ્દોમાંથી ઝરેલી મીઠાશ પેંડાનેય પાછા પાડે એવી હતી. તેથી ગદ્‌ગદિત થયેલા એ કંદોઈનું અંતર *'હેતના મેઘ વરસાવ્યા વા'લમ...'*નો અનુભવ કરી રહ્યું.

## આફતને અવસરમાં પલટવાની તાકાત

રાજકોટથી વિદાય લઈ અગિયાર વાગ્યે મૂળી પહોંચેલા સ્વામીશ્રીએ અત્રે મંદિર ઉપરાંત પ્રદર્શન, હવેલી વગેરે દરેક સ્થળે ભાવપૂર્વક દર્શન કર્યાં. મંદિરની પ્રદક્ષિણાનો આરસ તો સખત તપી ગયેલો. છતાં તેઓ ખુલ્લા પગે એક પ્રદક્ષિણા ફરી સાધુની ધર્મશાળામાં બ્રહ્માનંદ સ્વામીના ઓરડે પધાર્યા.

અહીં સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજ જ્યારે મૂળી આવતા ત્યારે આ સ્થાનમાં ઊતરતા. પછી બ્રહ્માનંદ સ્વામી પણ અહીં રહેતા ને ધામમાં પણ અહીં ગયેલા.'

આમ, સ્મૃતિરસ પીતાં-પીરસતાં મૂળીથી સુરેન્દ્રનગર પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૭/૫ની સવારે ઘણાદ ગામની મૂર્તિઓમાં પ્રાણ પુરાયા.

તે દ્વારા આ જિલ્લાને વધુ એક મંદિરની ભેટ આપનારા સ્વામીશ્રીએ

આજની સાંજે ૧૫ પ્રાથમિક શાળાઓ અને ૩ માધ્યમિક શાળાઓ સમર્પિત કરી સુરેન્દ્રનગરને શૈક્ષણિક સમૃદ્ધિ પણ બક્ષી. સંસ્થા દ્વારા હાથ ધરાયેલા ભૂકંપ પુનર્વસનના કાર્ય હેઠળ તૈયાર થયેલી આ શાળાઓના લોકાર્પણ સમારોહ માટે શહેરનું જવાહર મેદાન ભરચક થઈ ગયેલું. તેમાં જે તે ગામોની શાળાના સંચાલકો, ટ્રસ્ટીઓ, અધ્યાપકો, મંત્રીઓ સહિત અનેક મહાનુભાવો તથા પુનર્નિમાણના સૌજન્યદાતાઓએ સ્વામીશ્રીની સમાજસેવાને મન ભરીને માણી અને વખાણી.

તેમાંના એક મોજીદડના શ્રી ધીરુભાઈએ કહ્યું: 'ગામડાંના કચડાયેલા સમાજને પણ પ્રતીતિ થઈ છે કે પ્રમુખસ્વામી મહારાજ માત્ર સ્વામિનારાયણ સંસ્થાના જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના સ્વામી છે.'

આ જ રીતે મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ તારણ રજૂ કર્યું કે 'આફતને પણ અવસરમાં પલટી નાખવાની તાકાત પ્રમુખસ્વામીમાં છે.'

પરંતુ સ્વામીશ્રી તો આશીર્વાદ આપતાં આટલું જ બોલ્યા: 'આજે અહીં જે કાંઈ કાર્ય થયું છે તે ભગવાનની ઇચ્છાથી થયું છે! આપણે કાંઈ જ નથી. ભગવાન અંદર બેઠા છે તે પ્રેરણા આપે છે ને વાતો કરાવે છે.'

આ નમ્રતા સાથે સ્વામીશ્રીએ દરેક ગામના સરપંચ તથા શાળાના આચાર્ય અને અગ્રણીઓને અર્પણપત્ર એનાયત કર્યાં. આ સર્વે લાભાર્થીઓએ પણ સ્વામીશ્રીને પુષ્પગુચ્છ આપી સન્માન્યા.

આમ, સમાજની સુખાકારીનું એક કદમ ઉઠાવી ઉતારે પહોંચેલા સ્વામીશ્રીએ રાત્રે આરામમાં જતી વખતે એક વ્યવસ્થાપક સંતને પૂછ્યું: 'સભામંડપના ત્રણ ગાળા વધારવાનું કહ્યું હતું તે થયું?'

ગઈકાલે સ્વામીશ્રી મંદિરની સામેના મેદાનમાં ઊભા કરેલા સભા-મંડપમાં પધાર્યા ત્યારે જગ્યાના અભાવે એ મંડપની બહાર મોટી સંખ્યામાં મહિલાઓ બેઠાં હતાં. તેઓ માટે નવા ગાળા બાંધવા આપેલી સૂચનાનું ફોલો-અપ અત્યારે સ્વામીશ્રીએ કર્યું ત્યારે પેલા સંતે જણાવ્યું: 'ગાળા વધારીએ તો પછી આપની ગાડી સભામંડપની ડાબી બાજુએથી લેવી પડે. તેમાં મંચ પાસે ઊતરી ઉપર ચઢવામાં આપને અવળું પડે.'

'આપણું ક્યાં જોવાનું છે? બીજાનું જુઓ ને! આપણે તો આમ ઊતરવાને બદલે આમ જઈએ.'

આ અભિપ્રાય સાથે સ્વામીશ્રી પોતાની સગવડના ભોગે પણ બીજાને

સુવિધા અપાવ્યે જ રહ્યા.

*'નિજથી કષ્ટ થવા જ દે નહીં...'* એ તેઓની પ્રકૃતિ હતી.

## સમજણથી થયું હોય તો ફેર જ ન પડે

તા. ૧૯/૫ની સવારે સુરેન્દ્રનગરથી વઢવાણ થઈને બોચાસણ પધારેલા સ્વામીશ્રી સમક્ષ તા. ૨૦/૫ની બપોરે સારંગપુરના સંતો બેઠા હતા. સાંકરીમાં યોજાનારી સંતશિબિરની પૂર્વતૈયારી કરવા જઈ રહેલા આ સંઘ સાથેના ઔપચારિક વાર્તાલાપમાં એક જૂના સંત બોલ્યા: 'આપણને એમ થાય કે આપણા કારણે આપણા પછી આવનારા નવાને જો ખોટી ટેવ પડે તો આપણી બહુ મોટી અસેવા થશે. એવી બીક લાગે છે. આપણે જૂના જે ગફલત રાખીએ તે નવા તરત શીખી જાય છે.'

'એટલે કહું છું કે પાછળના માટે પણ આપણે પાળવાનું રહે.' વડીલ ધર્મ સમજાવતાં આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'અસેવા થઈ જાય, એટલે મહારાજે મોટેરા મોટેરાને બોલાવ્યા. તમે સમજો તો બધા સમજશે. એમનાથી જ બધું પ્રવર્તે ને!'

આ સાંભળી એક સંતે પૂછ્યું: 'વર્તનમાં ધીરે ધીરે લૂણો લાગે તે યુગનો પ્રભાવ સમજવો કે જાણપણાનો અભાવ?'

'જાણપણાનો અભાવ તો પહેલો નંબર.' આ સ્પષ્ટ નિદાન કરતાં સ્વામીશ્રીએ પુષ્ટિ કરી કે –

''યુગનો પ્રભાવ હોય, પણ 'મારે આ રીતે રહેવું જ છે' એવી દૃઢતા હોય તો વાંધો ન આવે. 'આ બધા કરે છે તો અમે શું ન કરીએ?' એવું મનમાં થઈ જાય, પણ નક્કી કર્યું હોય કે 'એને કરવું હોય તો ભલે કરે, મારે નથી કરવું.' એમ બધાને એવો વિચાર આવે તો શાંતિ થઈ જાય ને! આ તો એકબીજાનું જુએ. 'પેલો કરે છે તો આપણે કરવામાં શું વાંધો?' પણ એ કરે છે તે સમજ્યા વિનાનું કરે છે. તમે સમજ્યા છો તો પાછી વૃત્તિ વાળીને બેસો. સારંગપુરમાં જે ઘડતર થયું છે – આરતી, ભજન, કથા-વાર્તા વગેરે જે હોય તે જાળવવું, પણ સ્થાનિક બે-ચારને જુએ કે 'આ લોકો ચેષ્ટા નથી કરતા તોય ચાલે છે, આરતીમાં નથી જતા તોય ચાલે છે.' પછી આપણેય એવું થાય. મૂળ ભૂલી જાય. જો ટ્રેનિંગ લીધી જ હતી તો ટકવી જોઈએ ને! જોગી મહારાજે જૂનાગઢની ટ્રેનિંગ લીધેલી તો એ છેવટ સુધી રહી. જાહોજલાલી થઈ તોપણ

એમનું જીવન, વર્તન, ત્યાગ, વૈરાગ્ય, નિર્માનીપણું, સહનશીલતા તેમાં ફેરફાર ન થયો. સમજણથી થયું હોય તો ફેર જ ન પડે. માટે દૃઢતા કરવી કે 'બીજા ભલે ગમે તે હોય, મારે કરવું છે.' એકલા બેસીને તમે કરો.''

સત્યુગ હોય કે કળિયુગ – હંસ તો ઊજળા જ રહે. સંતની રીતિ-નીતિ માટે પણ સ્વામીશ્રીને આ જ અપેક્ષા રહેતી.

## વિશ્વમાં આવું કામ કોઈ નહીં કરી શકે

તા. ૨૧/૫ના રોજ તારીખ અનુસાર સ્વામીશ્રીના પ્રમુખવરણી દિનની ઉજવણીનું આયોજન થયું હોવાથી આજના પ્રાતઃકાળથી જ *'જેમ નદીઓ નિધિ ભણી ધાય...'*ની રીતે જનજૂથ બોચાસણમાં પ્રવેશી રહેલાં. તેઓ દ્વારા મચેલી ધૂન-ભજનની રમઝટ વચ્ચે જ પ્રાતઃપૂજા સંપન્ન કરી સ્વામીશ્રીએ સાપુતારાના હરિમંદિરની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

તે પછી આરંભાયેલી ઉત્સવ-સભામાં આણંદના કલેક્ટર શ્રી દવેએ સ્વાનુભવ જણાવ્યો કે 'પ્રમુખસ્વામીજીએ બીજે રસ્તે જતાં લાખોનાં જીવન સીધી ગતિએ લાવી દીધાં છે. વિશ્વમાં આવું કામ કોઈ નહીં કરી શકે. તેઓએ પચાસ વર્ષથી આ સંસ્થાનું સુકાન સંભાળ્યું છે, પરંતુ આપણે જ્યારે એમનાં દર્શન કરીએ ત્યારે એમના ચહેરા પર કોઈ ભાર દેખાતો નથી. આપણે એમનાં દર્શન કરીએ ત્યારે આપણે ઈશ્વરનાં દર્શન કરતા હોઈએ એવો ભાવ જોવા મળે છે.'

સૌનાં હૈયે આ ભાવ જગાવતા સ્વામીશ્રી બોચાસણથી ભરૂચ પધાર્યા ત્યારે અહીં તા. ૨૩/૫ની સાંજે તેઓને ખબર મળી કે 'રાજપારડી પાસે નડેલા એક અકસ્માતમાં નડિયાદ મંદિરના કોઠારી સંતપ્રિયદાસ સ્વામીનો અક્ષરવાસ થયો છે.'

આ સમાચાર જાણતાં સ્વામીશ્રીએ એ સંતના પાર્થિવ શરીરને ભરૂચ મંગાવ્યું. અત્રે તેઓએ સંતનિવાસની પાછળના પ્રાંગણમાં એ દેહનું વિધિવત્ સ્નાન-પૂજન કરી તે સંતની સેવાને ઉચિત અંજલિ આપી. ત્યારબાદ સ્વામીશ્રીએ નર્મદા તટે થનારી અંતિમવિધિમાં પણ સંતો-ભક્તોને મોકલ્યા અને પોતે સ્નાનાદિથી પરવારી ઝાડેશ્વરના જૂના મંદિરની સમીપે આવેલા મેદાનમાં પધાર્યા.

અહીં સાત દિવસથી ચાલી રહેલા પારાયણની પૂર્ણાહુતિ કરી તેઓ

નિકટમાં વસેલાં અંબા માતા, લિંબાચિયા માતા, જલારામ બાપા, હનુમાનજી તથા રણછોડજીનાં મંદિરોમાં દર્શન કરતાં ઉતારે પરત ફર્યા.

અત્રે તા. ૨૪/પની બપોરે ભોજન દરમ્યાન વહી રહેલાં વિવિધ વાતોનાં વહેણમાં સ્વામીશ્રીના જૂના સેવકોનો વિષય ફૂટી નીકળ્યો. તે વખતે મોટા સ્વામી તરીકે ઓળખાતા એક સંતની વિગત જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''એ ઉંમરમાં મારા કરતાં મોટા. શરીરેય મોટા. એટલે સૌ જાણે કે 'આ ગુરુ લાગે છે !' તેથી એમને પગે લાગે. પછી એ ફોડ પાડે કે 'મારા ગુરુ તો ઉપર છે, હું તો સેવક છું.' મને જોઈને કોઈને લાગે જ નહીં કે 'આ ગુરુ છે !' એમ લાગે કે 'આ સેવક છે.''

પોતાની ઓળખ છતી કરવાનું લેશ વલણ સ્વામીશ્રીમાં પહેલેથી જ નહીં.

## ભાવે ભગવાનને ભજનાર

આ અરસામાં ભરૂચ મુકામે કાર્યરત એક નિગમ દ્વારા પીવાલાયક પાણીનો નિશ્ચિત જથ્થો પ્રતિદિન મંદિરને પૂરો પાડવામાં આવનારો હતો. આ પુરવઠાનો પ્રારંભ કરાવવા સ્વામીશ્રી તા. ૨૫/પની ચઢતી બપોરે ઉતારામાંથી બહાર પધાર્યા ત્યારે તેઓને સૂર્યનો તાપ ન લાગે તે માટે એક યુવાન મોટી છત્રી લઈને ઊભો હતો, પરંતુ તે છત્ર પોતાના શિર પર ધરાય તે પહેલાં જ સ્વામીશ્રીએ ઠાકોરજી લઈને ઊભેલા આદર્શમૂર્તિદાસ સ્વામીને કહ્યું: 'તમે છત્રીમાં જતા રહો.' આમ કહી તેઓ પોતે તો વૈશાખના પ્રખર તાપમાં ચાલવા લાગ્યા.

આ ભક્તિભાવ સાથે રસોડાના નિકટવર્તી ટાંકા પાસે પધારેલા સ્વામીશ્રીએ અહીં મંડપ નીચે ઉદ્ઘાટનનો વિધિ કર્યો. તે વખતે ઠાકોરજી સાથે આ કાર્યના સહયોગી અધિકારીઓને પણ તેઓએ ચાંદલા કરી નાડાછડી બાંધી. તે પછી ટાંકામાં પ્રાસાદિક પુષ્પો પધરાવતાં સ્વામીશ્રીએ સ્વહસ્તે પાણીનો કોક ફેરવ્યો.

આટલા વિધિ બાદ મંદિરના સભાગૃહમાં જતી વખતેય તેઓ ઠાકોરજી પર છત્રી રખાવવાનું ન ચૂક્યા. સભામંડપમાં થોડી વાર દર્શન આપી હરિકૃષ્ણ મહારાજ થાળ આરોગવા ઉતારે પધારવાના હતા. તે સમયે પણ સ્વામીશ્રીએ પેલા સંતને સૂચના આપી: 'છત્રી લઈને જજો.'

તેઓની આ પળેપળની સંભાળને સૌ ચિત્રવત્ બની જોઈ રહ્યા.

એ આશ્ચર્ય અને અહોભાવથી અંજાયેલી આંખોએ સ્વામીશ્રીને આજે ભરૂચથી વિદાય આપી ત્યારે સાંજના છ વાગ્યાનો સમય થયેલો.

## મોટરની મરામત અને માનવીની માવજત

ભરૂચથી નીકળેલા સ્વામીશ્રી નર્મદાના સેતુ પર ગાડી થોભાવી નદીને પુષ્પોથી વધાવતાં આગળ વધ્યા, પણ સુરત આશરે ૪૫ કિ.મી. દૂર રહ્યું ત્યાં ગાડીમાં ડીઝલની નળી તૂટી જતાં મોટરને સાવા પાટિયા (કોસંબા) પાસે થંભાવવી પડી. અહીં નજીકમાં આવેલી દુકાનના માલિક સત્સંગી નીકળ્યા. તેઓએ નવી નળી અને કેરાલિયન કારીગરનો મેળ પાડી દેતાં ડીઝલની તૂટેલી પાઇપને બદલવાની કાર્યવાહી શરૂ થઈ.

તે દરમ્યાન પત્રવાંચન કરતા સ્વામીશ્રીએ થોડી વારે લઘુશંકાએ જવાની ઇચ્છા દર્શાવી. તે માટે ગાડીમાંથી ઊતરતાં તેઓએ સેવકને પ્રાસાદિક પુષ્પો સાથે લેવાની સૂચના આપી.

પરંતુ સ્વામીશ્રીને પેશાબ કરવા દુકાનોની હારમાળા વચ્ચે આવેલી એક સાર્વજનિક મુતરડીમાં જવું પડે તેમ હોવાથી પેલા દુકાનમાલિક 'ઊભા રહો, બે મિનિટ' કહેતાં મુતરડી સાફ કરવા મંડ્યા.

તે વખતે જ નાના બાળકને લઈ એક આધેડ વ્યક્તિ સ્વામીશ્રી પાસે આવી ચડી. નજીકમાં વસેલા વેલાછા ગામના નિવાસી એ નવનીતભાઈ લાડ તો કલ્પી જ નહોતા શકતા કે સ્વામીશ્રીનાં આમ સરિયામ રસ્તે દર્શન થઈ જાય ! તેથી સ્વામીશ્રીનાં ચરણે પંચાંગ પ્રણામ કરતાં તેઓએ ઘણી વાર સુધી પગ ઝાલી જ રાખ્યા.

અંતે આ ભાવિકે ઊભા થઈ 'બેટા ! પગે લાગ બાપાને' બોલતાં બાળકનેય સ્વામીશ્રીનાં ચરણે બે-ત્રણ વાર નમાવ્યો અને કહેવા માંડ્યા : 'બાપા ! ઘણા વખતથી આપનાં દર્શન કરું છું, પણ બહુ દૂરથી ! આજે જિંદગીમાં પહેલી વાર આટલાં નજીકથી દર્શન થયાં !'

આટલું કહેતાં એ ભાવિકની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ગળે ડૂમો ભરાઈ ગયો.

આ જોઈ સૌ વિચારી રહ્યા કે સ્વામીશ્રી આવા ભક્તજન માટે જ ગાડીમાંથી ઊતર્યા હશે કે શું ?

તે દરમ્યાન પેલી સાર્વજનિક મુતરડીમાં દેહક્રિયા કરી આવેલા

સ્વામીશ્રી પોતાની સાથે લેવડાવેલાં પુષ્પો લઈ નજીકમાં આવેલી સમ્રાટ હૉટલના આંગણે જઈ પહોંચ્યા. અત્રે તેઓએ એક હિંડોળા પર ઠાકોરજી સાથે પળવાર બિરાજી સામે ચાલીને હૉટલમાં પગલાં કર્યાં.

અહીંથી સ્વામીશ્રી મોટરની મરામતમાં મદદરૂપ થનારા સત્સંગીની દુકાનના દરવાજે પધારતાં આ દુકાનદાર પણ રાજી રાજી થઈ ગયા, પરંતુ સ્વામીશ્રી આ નાનકડી દુકાનમાં પગ મૂકતાં પહેલાં ઠાકોરજીને આગળ કરવાનું ન ચૂક્યા !

આ ભક્તિભાવ સાથે દુકાનમાં પ્રવેશી તેઓ બધે પુષ્પો છાંટી રહેલા ત્યારે સાથે આવેલા પેલા હૉટલમાલિક શ્રી શાર્દૂલસિંહે દુકાનદાર સત્સંગી માટે અભિપ્રાય આપ્યો કે 'સ્વામી ! આ ભાઈ બે-ત્રણ વર્ષ પહેલાં બહુ માથાભારે માણસ હતા, પણ તમારા સત્સંગી થયા પછી સુધરી ગયા છે.'

આભાર અને અભિનંદનની આ વધુ એક ધારા ઝીલી ગાડીમાં બેસતાં પહેલાં સ્વામીશ્રી પેલા અજાણ્યા કેરાલિયન કારીગરને પ્રસાદનું બૉક્સ આપવાનું ન ભૂલ્યા. એ મેલો-ઘેલો મિકેનિક પણ હવે સ્વામીશ્રીને ભૂલી શકશે ?

સૌને આવાં યાદગાર સંભારણાં આપતા સ્વામીશ્રી અહીંથી ૭:૨૦ વાગ્યે વિદાય લઈ થોડા જ આગળ વધ્યા ત્યાં સામેથી આવતા સ્કૂટર પર બેઠેલી ત્રણ વ્યક્તિઓએ તેઓને હાથ જોડી ઉચ્ચ સ્વરે 'જય સ્વામિનારાયણ' કહ્યા. તે સાંભળી સ્વામીશ્રીએ ગાડી થોભાવી. તેથી પડખે વસેલા ગામમાં સભા ભરવા જઈ રહેલા એ સ્કૂટર-સવારોને આજે અઠવાડિક સભાની આજ્ઞા પાળવાનું સર્વોચ્ચ ફળ મળી જતાં તેઓની ખુશીનો પાર ન રહ્યો. સ્વામીશ્રીએ પણ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું: 'સભામાં બધાને અમારા 'જય સ્વામિનારાયણ' કહેજો.'

સ્વામીશ્રીએ પાઠવેલા આ પ્રણામ એ સભામાં પહોંચ્યા હશે ત્યારે ત્યાં કેવો માહોલ સર્જાયો હશે !

આમ, સળંગ રસ્તે ઠેર ઠેર આનંદના તરંગો પ્રસરાવતા સ્વામીશ્રી રાત્રે ૮:૫૫ વાગ્યે સાંકરી આવી પહોંચ્યા.

## સંસ્થાના સ્થાપના-દિનની ઘોષણા

સાંકરીમાં તા. ૪/૬ સુધી યોજાયેલી દ્વિભાગીય સંતશિબિરમાં સ્વામીશ્રીએ *'સંતને બહુ સુખ આપ્યાં, કરી ખરી વાત હિતની...'* અનુસાર લાભ આપ્યો.

આ આયોજનને અનુસરતાં ફૂટેલા તા. ૫/૬ના પ્રભાતે સંસ્થાના પ્રથમ મંદિર બોચાસણનો પાટોત્સવ ઊજવાઈ રહેલો. તે સંદર્ભમાં અલ્પાહાર લેતા સ્વામીશ્રીને સંતોએ પૂછ્યું: 'બાપા! સંસ્થાની સ્થાપના ક્યારથી ગણાય? બોચાસણનું મંદિર થયું ત્યારથી કે સંસ્થાનું બંધારણ ઘડાયું ત્યારથી?'

'બોચાસણના મંદિરની પ્રતિષ્ઠા થઈ ત્યારથી!'

આ રીતે સંસ્થાના પ્રાગટ્યની પળને ઓળખાવતા સ્વામીશ્રી આજે દિવસભરની સેવા બાદ રાત્રે પોતાના ઓરડામાં બિરાજ્યા તે સમયે સુરતથી એક ફોન આવ્યો. તેમાં વાત કરનારા સંતે પોતાની ઓળખ ઉત્તમપ્રકાશદાસ સ્વામી તરીકે આપી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમે ઉત્તમ ને અમેય ઉત્તમ! બોલો, શું વાત કરવી છે?'

વાત કરનારા સંતના નામનું નિમિત્ત લઈ તેઓએ ઉચ્ચારેલા આ માર્મિક વાક્યમાંથી *'અતિ ઉત્તમ એ તો ગણાય...'* જેવું તેઓનું સ્વરૂપ પ્રકાશી રહ્યું.

તેથી અંજાયેલા સંતો-ભક્તો તા. ૬/૬ની સવારે અલ્પાહાર કરતા સ્વામીશ્રી સમક્ષ બેઠા હતા. તે વખતે વંચાતા એક પરિચય પત્રમાં સાંકરીના મંદિરનું વર્ણન આવ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'અહીં મૂર્તિઓ બહુ ચમત્કારી છે. તમે સંકલ્પ કરો તે પૂરા થાય. દૂર જવું નહીં. સંકલ્પ કરો ને ધડાકો!'

આ મહિમા સાથે સ્વામીશ્રીએ તા. ૬/૬ની સાંજે સાંકરીથી વિદાય લીધી.

## રાગ દ્વેષ સે રહિત હૈ

સાંકરીથી સુરત પધારેલા સ્વામીશ્રીએ અત્રે આવતાંવેંત વરાછાના સંભવિત મંદિર માટે સંપાદિત થયેલી ભૂમિ પર પદાર્પણ કર્યું.

અહીંથી અડાજણ વિસ્તારના મંદિરે પહોંચેલા તેઓના સાંનિધ્યમાં તા. ૭/૬ના રોજ ૧૧૧મી યોગી જયંતીનો ઉલ્લાસ ફરી વળ્યો. તેમાં 'યોગીજી મહારાજ બહુ અદ્ભુત પુરુષ હતા, એમનાં ગુણગાન લાખો, કરોડો વર્ષ ગાઈએ તોપણ એનો પાર પમાય એમ નથી,' કહી સ્વામીશ્રીએ ધરેલી અંજલિ શિરમોર બની રહી.

આવી જ એક જીવનભાવના તા. ૯/૬ની બપોરે સ્વામીશ્રીના મુખેથી સરી પડી.

આ સમયે ભોજન ગ્રહણ કરતા તેઓને ધર્માદાના આયોજનનો

અહેવાલ આપી રહેલા કાર્યકર શ્રી લાભુભાઈએ કહ્યું: ''સ્વામી! અહીં એક હીરાના વેપારી પાસે કોઈ શાળા માટે ફાળો લેવા જાય તો ધડ લઈને બે લાખ રૂપિયા આપી દે, પણ આપણે મંદિર માટે જઈએ તો કહેશે કે 'મંદિર તોડવું હોય તો આપું, બાંધવા માટે નહીં.''

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાન તેનું સારું કરે.'

દ્વેષના વિષથી મુક્ત તેઓને *'રાગ દ્વેષ સે રહિત હૈ, સો સાચા વૈરાગ...'* પંક્તિ અદલ લાગુ પડતી હતી.

## નિજ જનના મન શુદ્ધ તે કરે છે

તા. ૯/૬ની રવિસભામાં રજૂ થનારો સંવાદ એક કલાકનો હોવાથી આયોજકોએ સ્વામીશ્રીને પોણા સાત વાગ્યે સભામાં પધારવા વિનંતી કરેલી, પરંતુ સ્વામીશ્રી સભાસ્થળે પહોંચ્યા ત્યારે ગાડીની ઘડિયાળ સાત વાગ્યાનો સમય બતાવી રહેલી. તે જોઈ તેઓ બોલ્યા: 'પંદર મિનિટ મોડું થઈ ગયું!'

તેઓનો આ ખરખરો સાંભળી એક સંતે કહ્યું: 'કાર્યકરોએ પંદર મિનિટનો ગાળો ફાજલ રાખેલો જ, એટલે બધું સચવાઈ જશે.'

આ સ્પષ્ટતા જાણી ગાડીચાલક યુવાન મર્મમાં બોલ્યો: 'આમેય મોટા માણસ કાર્યક્રમમાં હંમેશાં મોડા જ જાય!'

'મારી ઇચ્છા તો 'બધું ટાઇમે-ટાઇમે થવું જ જોઈએ' એમ રહે છે, પણ મળવાવાળું કોઈ આવી જાય એટલે ટાઇમે પહોંચી ન શકાય.' સ્વામીશ્રીએ જણાવ્યું.

સમયપાલનની આ ખટક સાથે તેઓ તા. ૧૧/૬ની સવારે યોજાયેલી ગ્રામ્ય વિસ્તારની સભામાં પધાર્યા. તે ઓલપાડ અને કીમ ક્ષેત્રનાં ૧૧૦ ગામોમાંથી ઊમટી પડેલા ત્રણેક હજાર હરિભક્તોથી ઊભરાતી હતી. તેમાં યુવાન શ્રી ધર્મેશ લાડની ગાથા રજૂ કરતાં ઉદ્‌ઘોષકે કહ્યું:

'આ યુવક સુરતની લુમ્સમાં નોકરી કરતો હોવાથી તેના ગામથી આવ-જા કરે છે. એક દિવસ તે ઘેર જઈ રહેલો ત્યારે ભટાર ચાર રસ્તા પાસે તેણે એક સ્કૂટર-સવારનું પાકીટ પડતું જોયું. તે આ યુવકે ઉઠાવી લીધું. થોડી વારે પેલો સ્કૂટરવાળો પાકીટ શોધતો શોધતો આવી ચઢ્યો. આ યુવાન તેને ઓળખી ગયો. તેથી પાકીટ પાછું આપ્યું ત્યારે સ્કૂટર-સવારે પૂછ્યું: 'તેં આ પાકીટ ખોલેલું?' આ યુવકે ના પાડતાં પેલા ભાઈએ કહ્યું: 'આમાં બે લાખ

રૂપિયા છે.' આમ કહી તે આ યુવાનને પગે લાગ્યો."

આવા એ પ્રામાણિક યુવકને સ્વામીશ્રીના આશીર્વાદ માટે મંચ પર બોલાવવામાં આવ્યો ત્યારે સૌએ તેને તાળીઓના ગડગડાટથી વધાવી લીધો.

પરંતુ આવાં દૃષ્ટાંતોની હારમાળા તો રોજેરોજ સ્વામીશ્રીનાં ભ્રમણ કે ભોજન, પૂજા કે સભાના સમયે પરોવાતી જ જતી. પરીક્ષામાં ચોરી ન કરવી, પૂજા કર્યા વિના ન ખાવું-પીવું, લાંચ-લાલચને ઠોકરે ચડાવવી, તિલક-ચાંદલાથી કપાળ અકબંધ રાખવા માટે નોકરી-છોકરી ફગાવી દેવાં, સામેથી મળેલાં નાણાં-ઘરેણાં ન સંઘરતાં મૂળ માલિકને પરત કરવાં, કેશિયર-કારકુનની ગફલતથી હાથમાં આવી ગયેલી વધુ મત્તા પાછી આપી દેવી, વિજાતીય મૈત્રીમાં ન ઢસડાવું-ખરડાવું વગેરે નૈતિકતાની અનેક દિશાઓમાં સિતારાની જેમ ઝગમગતાં સત્સંગી બાલ-બાલિકા, યુવા-યુવતી કે પુરુષ-મહિલાના નક્કર દાખલાઓ સાંભળી સૌ સ્વામીશ્રીને નમી પડતા. કોઈને લાગતું જ નહીં કે 'આપણે કળિયુગમાં જીવીએ છીએ !'

તેથી જ તો તા. ૧૧/૬ની સાંજે સ્વામીશ્રીનાં દર્શને આવેલા મજૂર મહાજન સંઘના અખિલ ભારતીય મંત્રી શ્રી નૈષધ દેસાઈ બોલી ઊઠ્યા : 'આજે પ્રમુખસ્વામી મહારાજ જેવી પવિત્ર વ્યક્તિ વિશ્વમાં નથી !'

## મેં તો કર્યું છે એટલે મને ખબર પડે

તા. ૧૩/૬ની સાંજે સુરતથી નીકળેલા સ્વામીશ્રી રસ્તામાં સચીનને લાભ આપતાં નવસારી પધાર્યા.

અત્રે સૌનું સ્વાગત ઝીલી રાત્રે સ્થાનિક સંતો સાથે વિમર્શ કરી રહેલા તેઓએ એક સંતને પૂછ્યું : 'અમદાવાદથી આપણા મોટેરા હરિભક્ત છજ્જુસિંગ આવ્યા છે તો તેમનો ઉતારો કર્યો ?'

'હા, એ.સી. રૂમ છે ફર્સ્ટ ક્લાસ !'

'તમે જોઈ આવ્યા ?'

'જોવા નથી ગયો, પણ માણસ મોકલીને વ્યવસ્થા કરાવી છે.'

આ ખુલાસો સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'જાતે જોયા વગર બારોબાર ન કહેવું. જાતે જોયા વગર સંડાસ-બાથરૂમ સ્વચ્છ છે કે નહીં ?, મચ્છરદાની છે કે નહીં ? તે ખબર ન પડે. મને તો અનુભવ છે સ્વામી ! મેં તો કર્યું છે એટલે મને ખબર પડે. હું તો જાતે જ જોઉં ત્યારે મને સંતોષ થાય. કંઈક ને કંઈક

તો એવું હોય જ! ગરમ પાણી આવતું ન હોય, નળ લિકેજ (ટપકતો) હોય, ગાદલાં-ગોદડાં, સાફસૂફી બધું જોવું પડે.'

જાત-અનુભવ અને જાત-મહેનતમાં માનનારા હતા સ્વામીશ્રી. તેથી જ તેઓની સેવા-સરભરા ક્ષતિશૂન્ય રહેતી.

આ જ માર્ગે દોરતાં તેઓએ સંતોને વધુમાં જણાવ્યું: 'સાફસૂફી જાતે જોવી. સ્વચ્છતા આખા મંદિરમાં જોઈએ. આખો ચોક સ્વચ્છ જોઈએ. જાજરૂ, બાથરૂમ એટલે ગંદકીનું કામ. તે સ્વચ્છ થઈ જવાં જોઈએ. બગીચામાં પણ ગંદકી ન જોઈએ. મંદિરની ચારે બાજુ સ્વચ્છતા જોઈએ જ! લોકો જોઈને ખુશ થઈ જવા જોઈએ. એક વખત તો સ્વચ્છતા માટે વિઝિટ મારવી જ જોઈએ.'

મનની શુદ્ધિ પર ભાર મૂકતા સ્વામીશ્રીએ મંદિરની શુદ્ધિને કદી ઉવેખી નહોતી. મૂર્તિ-માળાની સાથે સૂંડલા-સાવરણાને પણ મહત્ત્વ આપતા મહાત્મા હતા તેઓ.

## હુંય એ પ્રમાણે વર્તું છું

તા. ૧૬/૬ની રાત્રે શયનાધીન થઈ રહેલા સ્વામીશ્રીએ સામે ઊભેલા પુરુષોત્તમચરણદાસ સ્વામીને કહ્યું: 'તમે નવસારી, તીથલ અને સાંકરીનાં મંદિરમાં દવાખાનાં ચાલે છે તેની દવા માટે કંઈક કરો.'

'આપના આશીર્વાદ છે તો થશે બધું!' આમ કહી એ સંત બોલ્યા: 'હું તો માનું છું કે કોઈ પણ કામમાં બુદ્ધિપૂર્વક પૂરેપૂરો પુરુષાર્થ કરવો જોઈએ અને આપના આશીર્વાદ જોઈએ, તો કામ સફળ થાય છે.'

'બરોબર છે, હુંય એ પ્રમાણે વર્તું છું!' આટલું જણાવી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'મહેનત સો ટકા કરવાની. ભગવાન પર છોડીને બેસી નહીં રહેવાનું. પછી કામ થયું તો 'ભગવાન કર્તા છે' એમ માનવું ને ન થયું તો તે હર્તા છે. આમ સમજીએ તો શાંતિ રહે. નહીંતર ચિંતાનો પાર ન રહે.'

આવી સંપૂર્ણ સંતુલિત જીવનશૈલી ધરાવતા સ્વામીશ્રી તા. ૧૭/૬ની સવારે ૧૧:૫૫ વાગ્યે તીથલ પહોંચ્યા ત્યારે અહીંના મંદિરકાંઠે આવેલો અરબી સમુદ્ર ઓટમાં કણસતો હતો, પરંતુ એ મંદિરના સંકુલમાં એકઠા થયેલા મુંબઈના ૫૦૦ બાળ-કિશોરોનાં હૈયાં ભરતીમાં હુલસતાં હતાં. '*શું ન થાય રે, પ્રમુખસ્વામીને કાજે*' વિષયવસ્તુ આધારિત પંચદિવસીય શિબિર માટે એકત્રિત થયેલી આ ઊગતી પેઢી. તેને ખારા સમંદરને કાંઠે મીઠી વીરડી જેવી

અમૃતધારા પિવડાવતાં સ્વામીશ્રી વરસવા લાગ્યા કે –

'આ શિબિરમાં જિંદગીભરનું સાટું થઈ જવું જોઈએ કે ક્યારેય આપણા જીવની અંદર મહારાજ સિવાય કોઈ પ્રધાન ન થાય. મહારાજના ચોપડે આપણો નંબર આવી જાય એ મોટામાં મોટી ગિનિઝ બુક છે. પાછી વૃત્તિ વળે એને માટે આપણી આ શિબિર છે. જીવમાંથી બધું કાઢવું કઠણ, પણ અશક્ય નથી. ભગવાન અને સંતના વચનમાં ૧૦૦% વિશ્વાસ રાખીએ તો આ લોકની અંદર પણ શાંતિ, સિદ્ધિ છે અને પરલોકમાં પણ છે.'

આ રીતે સવારે અને સાંજે પરાવાણીનો પ્રસાદ પીરસી રહેલા સ્વામીશ્રીને તા. ૧૮/૬ના સાયંસત્રમાં એક કિશોરે પૂછ્યું: 'બાપા ! આપને શાસ્ત્રીજી મહારાજની ઓળખાણ લખીને આપવાની કહી હોય તો આપ શું લખો ?'

'ભગવાનનું સ્વરૂપ છે – લખી નાખ !' સ્વામીશ્રી બોલ્યા.

આ જ વાત આલેખતાં તેઓએ હસ્તાક્ષર પણ પાડી આપ્યા કે 'શાસ્ત્રીજી મહારાજ ભગવાન શ્રીજીમહારાજના ધારક અને સાક્ષાત્ સ્વરૂપ હતા. તેવી દૃઢતા થાય તો જ મહારાજનો આનંદ ને કેફ રહે.'

## કાર્યકર્તાનું કામ જ એ છે કે...

બાળ-કિશોર શિબિરના ભાગરૂપે જ્ઞાનસત્રો ઉપરાંત રમત-ગમત, ઠાકોરજી સમક્ષ અન્નકૂટ, મંદિરના પોડિયમ પર સમૂહ આરતી, સંવાદો વગેરે જન-મનને રોચક રજૂઆતો પણ બાળકો-કિશોરો દ્વારા સમયાંતરે થતી રહેતી. તે તે પ્રસ્તુતિમાં ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કરતા સ્વામીશ્રીએ તા. ૨૦/૬ની સવારે ભાગડાવડાના હરિમંદિરની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કર્યો.

ત્યારબાદ તા. ૨૧/૬ની બપોરે મુંબઈની શિબિરનું સમાપન કરી ઉતારે પધારેલા તેઓએ શિબિરના આયોજકો આનંદપ્રિયદાસ સ્વામી, અક્ષરપ્રકાશ-દાસ સ્વામી, દિવ્યમુનિદાસ સ્વામી વગેરેને કહ્યું: 'આ શિબિરો, અધિવેશનોની સાથે બાળકોને ભણાવવામાં પણ ખૂબ ધ્યાન આપવું, જેથી એનું વરસ ન બગડે. જેમ બાળકો બાળ મંડળમાં સક્રિય છે તેમ અભ્યાસમાં પણ સક્રિય રહેવા જોઈએ. તમે આ ધ્યાન રાખો તો મા-બાપને પણ સત્સંગ વિષે ભાવ થાય.'

ઊગતી પેઢીનાં અભ્યાસ અને અધ્યાત્મ – બંનેની જાળવણી કરતા

સ્વામીશ્રી આદર્શ માનવના ઘડવૈયા હતા.

તેઓ જ્યારે આજની સાંજે ૭:૨૦ વાગ્યે સભામાં પધાર્યા ત્યારે વલસાડ જિલ્લાનાં ૯૪૧ પુરુષ-મહિલા કાર્યકર્તાઓથી સભાગૃહ ભરચક હતું. આ કાર્યકર દળ વતી ગ્રામ્ય વિચરણ કરનારા સંતોએ સ્વામીશ્રીને પુષ્પમાળાથી સત્કાર્યા. આ અભિવાદનને અનુસરતાં કાર્યકરોનાં ભોગ-ભીડા અને સેવા-સમર્પણના કેટલાક દાખલા રજૂ થયા.

તે દ્વારા સૌને જાણવા મળ્યું કે અંધારિયાં અંતરિયાળ ગામો સુધી સત્સંગ કરાવવા જતા આ કાર્યકર્તાઓમાંથી અમુકની મુલાકાત તો દીપડા કે અજગર સાથે પણ થઈ ગઈ છે! કેટલાયને પોતાના સમાજમાં જડ ઘાલી ગયેલી રૂઢિઓ તોડવામાં વિરોધનાં વાવાઝોડાં સહન કરવાં પડ્યાં છે. છતાં ઓછી આવક અને અલ્પ અભ્યાસ તથા ટાંચાં સાધન અને અપૂરતી સુવિધા ધરાવતા આ કાર્યકરોએ અક્ષર-પુરુષોત્તમના મશાલચીઓ બની ઉપાસનાનો ઉજાશ ફેલાવવામાં તસુભાર પીછેહઠ કરી નથી.

તેઓની આવી નિષ્ઠાથી ખરેખરા રીઝી ગયેલા સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે –

'આજે આપ બધાની શિસ્ત, નમ્રતા, વિવેક, દૃઢતા વિષે સાંભળીને ખૂબ જ આનંદ થયો છે. વધારે આનંદ મને એ થયો છે કે બધાય કાર્યકર્તાઓ કથા-વાર્તા કરે છે! પહેલેથી મારી ઇચ્છા તો એવી રહેતી કે દરેક ઠેકાણે કાર્યકર્તા કથા-વાર્તા પણ કરે. કાર્યકર્તા બધાને બોલાવે, ચલાવે, કાર્ય કરે, પણ જ્યાં સુધી કથા-વાર્તા કરતા ન થાય ત્યાં સુધી સામા માણસને સત્સંગની દૃઢતા ન થાય. આપણું સાહિત્ય વાંચ્યું હોય તો જ કથા-વાર્તા આવે.

કોઈ ગમે તેવું મોટું રાજ મૂકી દે એવું તમારું કામ છે! રાષ્ટ્રપતિ જેવી સત્તાને છોડી દે તેવું તમારું છે. મોટામાં મોટી વસ્તુ છે કે વર્ષોથી ચાલ્યા આવતા ખોટા રીતરિવાજો હતા તે પણ તમે મૂકી દીધા. ગામમાંથી પણ હિંસા મૂકવાની વાત થઈ. તમારું જે કાર્ય છે તેમાં મને પણ શ્રદ્ધા છે કે તમારો પુરુષાર્થ અને સંતોના પ્રયત્નથી પ્રજા વ્યસનમુક્ત થઈ જશે.

તમે કાર્યકર્તા છો. કાર્યકરનો અર્થ આ સંસ્થાને વફાદાર રહીને તન-મનથી ભગવાનની સેવા કરવી એ છે. અંદરોઅંદરના પ્રશ્નો વધારવાના નહીં, પણ નિરાકરણ કરી નાખવાનું. કાર્યકરની દૃષ્ટિ એ જ હોય. કાર્યકર્તાનું કામ જ એ છે કે આપણી સંસ્થાને લોકો સારી રીતે જાણે અને એનો મહિમા સમજે.

અંદરોઅંદર કુસંપ કરીએ તો મહિમા કોણ કહેશે? આપણે કોઈનો અભાવ-અવગુણ ન લેવો, ઉતારી ન પાડવા, એકબીજાના કાર્યનું ખંડન ન કરવું; તો સત્સંગ વધે. અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન થયું એટલે ડિગ્રીવાળા કરતાં તમે આગળ છો. સાયન્ટિસ્ટ, રાષ્ટ્રપતિ, વડાપ્રધાન કરતાં તમે આગળ છો.

આપનો સત્સંગ સાંભળીને મને ખૂબ આનંદ થયો છે. આવું ને આવું બળ તમારું વધતું રહે તે માટે હું મહારાજને પ્રાર્થના કરીશ.''

અક્ષર-પુરુષોત્તમના કાર્યકર માટે આવી અનુપમ મહિમાદૃષ્ટિ ધરાવતા સ્વામીશ્રી આજે રાત્રિભોજન કરવા બિરાજ્યા ત્યારે કાર્યકર શ્રી પ્રવીણભાઈ પટેલે મહિલા પ્રવૃત્તિનો અહેવાલ રજૂ કર્યો. તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'બેય પ્રવૃત્તિ પેરેલલ (સમાંતર) ચાલે છે. તેઓ (મહિલાઓ) તમારાથી (પુરુષોથી) ઓછું નથી કરતાં. તેઓ પણ ખૂબ મહેનત કરે છે. બેય મંડળને મહારાજ બળ આપે.'

મર્યાદા અને મહિમાનું સમ્યક્ સંતુલન એ સ્વામીશ્રીની આગવી વિશેષતા હતી.

## શિશુસ્નેહની સરવાણી

તા. ૨૨/૬ની સવારે કોસંબા ભાગડાના ટંડેલ સમાજની વિશિષ્ટ સભામાં લાભ આપી સ્વામીશ્રી તા. ૨૩/૬ની સવારે ૨,૦૦૦ બાલ-બાલિકાથી છલકાતી ક્ષેત્રીય બાળસભામાં પધાર્યા. તેમાં તેઓએ બાળકોની વિવિધ રજૂઆતો ધ્યાનપૂર્વક નિહાળ્યા બાદ આશીર્વાદ વરસાવ્યા. તે પછી એક વ્યવસ્થાપક સંતને નજીક બોલાવી સ્વામીશ્રીએ પૂછ્યું : 'સમીપ દર્શનનો કાર્યક્રમ રાખવો છે?'

'કાંઈ જરૂર નથી!' આમ કહી એ સંતે સ્વામીશ્રીના ભોજનનો સમય સાચવવા પડદો પાડવા પ્રયત્ન કર્યો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'મોટાનું રાખ્યું છે તો છોકરાંવનો શો વાંક? માટે ભલે બાળકોનું પણ રાખીએ.'

સ્વામીશ્રીના મુખેથી ફૂટી નીકળેલી આ શિશુસ્નેહની સરવાણીથી સૌ ભીંજાઈ ગયા. સૌમાં ભગવાનને ભાળતા સ્વામીશ્રીને મન શિશુ કે શ્રેષ્ઠી એકસમાન હતા.

તેથી આજની સાયંસભામાં એકત્રિત થયેલા વલસાડ જિલ્લાના ૮૦૦ જેટલા ઉચ્ચ પદાધિકારીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ તથા અગ્રણીઓને પણ

તેઓ એ જ પ્રેમભાવથી મળ્યા.

## અતિ સમર્થ છો સ્વામી તમે

તા. ૨૪/૬ના રોજ આવેલી જેઠ સુદ પૂર્ણિમાએ જેમ દરિયો ઊછળતો હતો તેમ સ્વામીશ્રીનો લાભ લૂંટવા આવેલો માનવ મહેરામણ પણ હડૂડતો હતો, પરંતુ આજની સવારથી વરસાદનીયે પધરામણી થઈ ગઈ હોવાથી સ્વામીશ્રીએ દરિયાકાંઠે આવેલા મેદાનમાં યોજાયેલી સભા મંદિરના બંધ સભામંડપમાં ખસેડવા સ્થાનિક સંતોને જણાવ્યું. તે પ્રમાણે જ પ્રાતઃપૂજા બાદ જાહેરાત થતાં સંતો પાસે દોડી આવેલા કેટલાક કાર્યકરો અને હરિભક્તોએ વિનંતી કરી કે 'સભા ખુલ્લા મેદાનમાં જ કરીએ. અમે પલળતાં પલળતાં લાભ લઈશું. યુવકોએ સ્ટેજ બનાવવામાં ખૂબ મહેનત કરી છે. તેઓનો પણ ભાવ છે.'

આ સૂર અલ્પાહાર લઈ રહેલા સ્વામીશ્રી સુધી પહોંચાડવામાં આવ્યો. તે સાંભળી તેઓ તરત જ બોલ્યા : 'કરો, વાંધો નહીં !'

આમ કહી સ્વામીશ્રીએ *'તમે જે માંગો તે આપું, ભક્તનું વચન નહીં ઉથાપું...'*ની પોતાની જન્મજાત સરળતા તો દર્શાવી જ, પરંતુ સાથોસાથ સ્વ-સામર્થ્ય પણ મોકળું મૂકી દીધું.

તે કારણે સભાસ્થળથી સો-એક મીટર દૂર ઘૂઘવતા સમુદ્રમાં વૃષ્ટિ થાય, પણ મેદાનમાં વાંધો ન આવે એવી ગોઠવણી થઈ ગઈ ! ખુલ્લા મેદાન પર જાણે પાણી-પ્રતિરોધક મંડપ ઢંકાઈ ગયો હોય તેમ સૌ નિરાંતે લાભ લેવા માંડ્યા. તેથી જ્યારે સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે ત્યાં બેસીને તેઓના આ ઐશ્વર્યને સગી આંખે નિહાળી રહેલી બાર હજારની જનમેદનીનાં હૈયાં જયનાદો ગજવતાં ગાઈ ઊઠ્યાં : *'અતિ સમર્થ છો સ્વામી તમે...'*

છતાં સ્વામીશ્રી તો સૌના ભક્તિભાવ પર જ યશકળશ ઢોળતાં બોલ્યા :

'આપની શ્રદ્ધા અને ભગવાન પરનો વિશ્વાસ કે આપણે પૂનમનો ઉત્સવ ખૂબ ધામધૂમથી આ જ જગ્યાએ ઊજવવો છે તો ભગવાને અનુકૂળ કરી આપ્યું. આજે ચારે બાજુ વરસાદ તો છે જ, પણ વાતાવરણ આપણા માટે ખૂબ અનુકૂળ થઈ ગયું છે. નથી તડકો, નથી કોઈ જાતની બીજી ઉપાધિ જેવું. ઠંડો વાયરો આવે છે એટલે ઠંડક થતી જાય છે. તમારી સાથે અમને પણ તમને મળવાનો, કથા-વાર્તા, ભજન-કીર્તનનો લાભ મળ્યો. શરીરની ઠંડક દરિયો કરે

છે અને આત્માની ઠંડક સંતો કરે છે. આપણે ભગવાનના ધામમાં જ બેસવાના છીએ. ફરી જન્મ આવવાનો છે નહીં.'

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રી મંચનો ઢાળ ઊતરી રહેલા ત્યારે સ્થાનિક સંતોએ મંચનું નિર્માણ અને સુશોભન કરનારા બારેક યુવાનોનો પરિચય કરાવ્યો. તેઓ પર પણ પ્રસન્નતાનાં પુષ્પો વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા: 'તમારી શ્રદ્ધા અને મહેનત હતી તો સમૈયો શોભી ગયો. ઉત્સવ ઊજવાયો તેનો યશ તમને છે.'

સ્વામીશ્રીની કેવી અલૌકિક રીત !

## અંદાજપત્રનો એકડો

તા. ૨૫/૬ની સવારે તીથલથી નીકળેલા સ્વામીશ્રી રસ્તામાં મનોર મુકામે સાઈલન્ટ રિસોર્ટ ખાતે ભોજન તથા વિશ્રામ લઈ સાંજે મુંબઈ આવી પહોંચ્યા.

અહીં આ અજંપા નગરીને અનુલક્ષી અમૃતધારા વહાવતાં તેઓએ સભામાં કહ્યું:

'હળવાફૂલ થઈ જવું હોય, ભારમાત્રનો અનુભવ ન કરવો હોય તો 'ભગવાન સર્વ કર્તા છે' એમ સમજીને જીવન જીવીએ. સામાજિક, રાજકીય, ધંધાકીય, ખેતી, નોકરી જે કાંઈ કરો એની અંદર એટલી જ વસ્તુ છે કે ભગવાનની આજ્ઞામાં રહી, 'મારે ભગવાનને પ્રસન્ન કરવા છે' એવું એક ધ્યેય રાખવું. તો પછી બોજો આપણા પર રહે નહીં. તેનાથી ભગવાન રાજી થવાના જ છે. એ રાજી થશે એમાં આપણું કામ થશે.'

આ શબ્દોથી સૌને શાતા પમાડતા સ્વામીશ્રી પોતાના સાંનિધ્યથી શાંતિ આપવા તા. ૨૬/૬ની સાંજે ૬:૫૫ વાગ્યે બ્રિચકેન્ડી હૉસ્પિટલે જઈ પહોંચ્યા. અહીં ચોથા માળે દાખલ કરાયેલા ભારતના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી ધીરુભાઈ અંબાણીના કુટુંબીઓની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી આશીર્વાદ આપવા પધારે.'

તે હેતુસર આજે આવેલા સ્વામીશ્રીએ બીમારીના બિછાને બેશુદ્ધ અવસ્થામાં સૂતેલા શ્રી ધીરુભાઈના મસ્તકે પ્રાસાદિક પુષ્પો મૂકી આખા શરીરે બે-ત્રણ વાર હાથ ફેરવ્યો. તે પછી પ્રસાદીભૂત હાર પહેરાવી સ્વાસ્થ્યના સુધારા માટે ધૂન આદરી. અંતે તેઓ માંદગીગ્રસ્ત મુરબ્બીના પુત્રો શ્રી મૂકેશભાઈ તથા અનિલભાઈને આશ્વાસન તેમ જ આશીર્વાદ આપી મંદિરે પરત ફર્યા.

અહીં તેઓ સમક્ષ તા. ૨૮/૬ની બપોરે એક વર્તમાનપત્રમાં છપાયેલો

બજેટ (અંદાજપત્ર) સંબંધી લેખ વંચાયો. સંસ્થાના સંતની કલમે જ લખાયેલા આ લખાણમાં જીવનનું બજેટ પોતા માટે, કુટુંબ માટે, સમાજ માટે અને ભગવાન માટે ફાળવવાની વાત થયેલી. તે સાંભળી સ્વામીશ્રીએ પૂછ્યું: 'રાષ્ટ્ર માટે ન લખ્યું?'

આટલું પૂછી તેઓ બોલ્યા: 'બજેટ તો ખરેખરું એ કહેવાય કે આત્માના કલ્યાણનું કામ થાય, ભગવાનનું ભજન થાય. એ બજેટ બરાબર રાખવું, તો બીજાં બજેટ સરખાં આવી જશે! એ જ ન હોય ને પછી બીજું ગમે તેટલું કરીએ તો શું કામનું?'

અંદાજપત્રનો એકડો સ્વામીશ્રીએ માર્મિક રીતે ઘૂંટાવી દીધો.

## મને એ જ ગમે છે કે...

તા. ૧/૭ની સાંજે યોજાયેલી મુંબઈના કાર્યકરોની સભામાં અગ્રેસર શ્રી જગદીશભાઈએ પ્રાસંગિક પ્રવચનમાં કાર્યકર્તાઓનાં સેવા-સમર્પણની વિગતો રજૂ કરી. તેને અનુસરતાં પ્રસ્તુત થયેલો સંવાદ પણ આ જ વિષયને સ્પષ્ટ કરતો ગયો.

તેથી આશીર્વાદનો પ્રારંભ કરતાં સ્વામીશ્રીએ 'કાર્યકર્તાઓની પણ જય' બોલી જણાવ્યું કે –

''આપણને બધાને વિચાર કરતા કરી મૂકે એવા કાર્યકર્તા થયા છે! એટલે એમની પણ જય છે. કાર્યકર્તાનું લક્ષણ જો હોય તો આ છે કે ગમે ત્યાં અપમાન થાય તોય પણ હાથ જોડીને કામ લેવું. કાર્યકર્તાનો ધર્મ છે કે બહુ જ વિનય, નમ્રતા, શાંતિથી સામેની વ્યક્તિ સાથે વાત કરવાની, તો સત્સંગ વધે. મને એ જ ગમે છે કે કોઈ ગમે તે કહે, બોલે, ચાલે તોપણ આપણે બહુ જ વિવેકથી, વિનયથી બધું જ કાર્ય કરવું જોઈએ. કોઈ પણ જાતનો આપણે અહં પણ ન હોવો જોઈએ કે 'આપણું ધાર્યું થાય.'

કાર્યકર્તાઓની ફેરબદલીઓ પણ થાય છે. એમાં પણ આપણું મગજ જાય. પણ આપણે કાર્યકર્તા તરીકે જ્યારે સમર્પિત થયા તે પછી જ્યાં આપણને મૂકવામાં આવે ત્યાં ઉત્સાહ, ઉમંગથી કાર્ય કરવું. કાર્યકર થઈએ છીએ ત્યારે આપણે ફૉર્મ ભરીએ છીએ કે 'સંસ્થાને વફાદાર રહીશ, સંપ રાખીશ, જે કાર્ય બતાવે એ કરીશ.' પછી એ કાગળિયું ક્યાં જતું રહે એ ખબર ના પડે તો શું કામમાં આવ્યું? એ તો કાયમ શિક્ષાપત્રીની જોડે વાંચવું જ જોઈએ! પણ કંઈક

આઘું-પાછું કરે એ કંઈ વફાદાર થયા ? સંસ્થાને આપણે વિક્ષેપ થાય એ કરીએ એ કંઈ વફાદાર થયા ? વફાદાર એટલે કંઈ બોલવાનું જ નહીં !''

વફાદારીની આ વિભાવના સમજાવ્યા બાદ તા. ૨/૭ની સાયંસભામાં પણ પોતાની અન્ય એક મનગમતી વાત પર પ્રકાશ પાડતાં સ્વામીશ્રીએ કહ્યું કે –

''ઘરસભાની પણ જય! ઘરસભા કરવામાં ધીરજ જોઈએ, બળ જોઈએ, શ્રદ્ધા જોઈએ; પણ આપણે તો એક દા'ડો સભામાં બેસીએ ને 'શાંતિ થઈ જ જવી જોઈએ, પ્રશ્નો ઊકલી જ જવા જોઈએ' એવું થાય છે ! પણ તમે વેપાર કરવા બેઠા ને એકદમ લાખો, કરોડપતિ થઈ જવાય છે ? આપણે કરોડપતિ થવું નથી, અબજોપતિ થવું નથી; આપણે તો ભગવાનના દાસ, સેવક થવું છે. એ જો થઈશું તો કરોડપતિના કરોડપતિ બની જઈશું. શ્રીજીમહારાજનો આશરો છે અને જોગી મહારાજ જેવા ગુરુ છે એટલે કરોડપતિના કરોડપતિ છીએ.''

## આ લોકના ઍવોર્ડની જરૂર નથી

તા. ૧૧/૭ની સવારે સ્વામીશ્રીને મળવા આવેલા શ્રી એસ. બાલાક્રિશ્નન્ પ્રસિદ્ધ અંગ્રેજી અખબાર ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયાના મુખ્ય સંપાદકનો કાર્યભાર સંભાળતા હતા. આ મહાનુભાવે મળતાંવેંત સ્વામીશ્રીની ઓળખ આપતાં કહી દીધું : 'He is a spiritual engineer.' – તેઓ એક આધ્યાત્મિક અભિયંતા છે.

પોતાના આ અહોભાવને સુયોગ્ય સાબિત કરતાં તેઓએ વધુમાં જણાવ્યું : ''ધીરુભાઈ અંબાણીએ ઘણું કર્યું છે; પણ પ્રમુખસ્વામીનું કાર્ય એક હજાર ધીરુભાઈ અંબાણી જેટલું થાય! એમણે કર્યું એ વ્યાવસાયિક અને ઔદ્યોગિક ક્ષેત્ર પૂરતું છે, જ્યારે સ્વામીજીના કાર્યમાંથી અસંખ્ય લોકોને પ્રેરણા મળે છે, જાગૃતિ આવે છે અને ધર્મ તરફ વળે છે. મને એવું લાગે છે કે 'પ્રમુખસ્વામીને 'ભારતરત્ન' ઍવોર્ડ મળવો જોઈએ.' જો કે એ 'ભારતરત્ન' તો છે જ, પણ official stamp (અધિકૃત મહોરછાપ) લાગવી જોઈએ.''

સમાજની એક જવાબદાર વ્યક્તિએ આજે જોખી-જોખીને પણ ઘણું કહી દીધું. છતાં તેના પ્રતિભાવરૂપે દીવાલ પર ટેકવાયેલી અક્ષર-પુરુષોત્તમની મૂર્તિ તરફ નિર્દેશ કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ ભગવાન સ્વામિનારાયણ અને યોગીજી મહારાજે ઍવોર્ડ આપ્યો છે તેમાં આનંદ અને સંતોષ છે. આ લોકના ઍવોર્ડની જરૂર નથી.'

પ્રભુપદમાં આસક્ત સ્વામીશ્રી કદીયે ખિતાબોના ખ્યાલ કે ખ્વાબમાં રાચ્યા જ નહોતા.

આવા નિઃસ્પૃહી તેઓ આજની રાત્રે ભોજનથી પરવાર્યા ત્યારે તેઓને મળવા આવેલા વિખ્યાત અભિનેતા અને લોકનેતા શ્રી સુનિલ દત્તે આભાર માનતાં કહ્યું : 'આપના આશીર્વાદ લઈને શરૂ કરેલી શાંતિયાત્રા બહુ સારી રહી !'

આટલું જણાવી તેઓએ પોતાના મનમાં રમતો મુદ્દો પ્રગટ કર્યો કે –

'રાજીવ ગાંધીની યાદગીરીમાં એક કાર્યક્રમ છે. તેમાં જે સંસ્થા માનવ-જાતને માટે સારું કામ કરે છે તેમને અમે સન્માનપત્ર અર્પણ કરીએ છીએ. આપનું સમાજસેવાનું કાર્ય જોઈને અમે નક્કી કર્યું છે કે આ વર્ષનો એવૉર્ડ આપની સંસ્થાને મળે. અમારી ઇચ્છા છે કે અમારા સમારંભમાં આપ પધારો. તેનાથી અમને પણ આપનાં જેવાં શુભ કાર્યો કરવાની પ્રેરણા પ્રાપ્ત થશે.'

તેઓ આટલું બોલ્યા તે જ વખતે સાથે આવેલા મુંબઈ પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખે સ્વામીશ્રીને લેખિત આમંત્રણ પણ ધર્યું.

પરંતુ આ વરિષ્ઠ નેતાઓની લાગણી બદલ તેઓનો આભાર માનતાં સ્વામીશ્રી સવિનય બોલ્યા : 'આ ઍવોર્ડ અન્ય કોઈ સારી વ્યક્તિને આપશો તો અમે વિશેષ રાજી થઈશું.'

આ સાંભળી આમંત્રણ આપવા આવેલા અતિથિઓ તો દંગ જ રહી ગયા. તેઓને ઍવોર્ડઘેલી દુનિયામાં અનાસક્ત સ્વામીશ્રી છીપલાં વચ્ચે ચમકતા મોતી જેવા જણાયા !

## સમજણ સાથે સત્સંગ હશે તો શોભશે

તા. ૧૩/૭ની સાયંસભામાં 'પ્રમુખસ્વામીને દુનિયા શું જાણે ?' શીર્ષક હેઠળ કાર્યક્રમ રજૂ કરી રહેલા કિશોરો એક પછી એક સ્વામીશ્રીના દિવ્ય ગુણોનો પ્રકાશ સભાગૃહમાં પાથરવા લાગ્યા. તે દ્વારા 'શ્રીજીમહારાજ સ્વામીશ્રી રૂપે પ્રગટ છે' તે મુદ્દો પ્રસ્થાપિત થતો હતો.

તેના અંતે સ્વામીશ્રીને જ તેઓની યથાર્થ ઓળખ આપવા અરજ ગુજારવામાં આવી ત્યારે તેઓ બોલ્યા : ''હમણાં છેલ્લા (ઉદ્‌ઘોષક) ભ'ઈએ કહ્યું, 'તમે કોણ છો એ મને સમજાવો ?' તો આપણે સ્વામિનારાયણના સાધુ છીએ, શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજના સેવક છીએ અને નારાયણસ્વરૂપદાસજી નામ છે. નોટ (નોંધ) કર !''

સ્વામીશ્રીના આ શબ્દો સાંભળી ખીચોખીચ ભરાયેલો હૉલ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો. આ હર્ષનાદ શમતાં સ્વામીશ્રીએ અમૃતધારા આગળ વહાવી કે –

''જે કંઈ સંતનો મહિમા છે એ ભગવાનને લઈને છે! છેલ્લે ભ'ઈ બોલી ગયા કે 'અક્ષરધામના અધિપતિ એ જ આ પોતે છે.' પણ એ કાંઈ આપણે બની શકે જ નહીં અને એ છે નહીં! મહારાજને ગૌણ કરીને આપણે મહત્તા કહીએ તો આપણે કોડીના છીએ. આપણી કોઈ કિંમત નથી. શ્રીજીમહારાજ ભગવાન છે. બાકી બધા દાસ, સેવકો છે. તેમાં સર્વશ્રેષ્ઠ ગુણાતીત છે કે જે ભગવાનને અખંડ ધારી ભગવાનનું સ્વરૂપ બન્યા છે. એ રૂપ આપણે થવાનું છે. સમજણ સાથે સત્સંગ હશે તો એ શોભશે.''

સ્વ-મહિમાના ફુગ્ગામાં સ્વામીશ્રી હંમેશાં કાણું પાડી દેતા, જેથી તે ઊંચે ચઢવા જ ન પામે.

આવી અલૌકિક રીતથી વર્તતા તેઓ તા. ૧૪/૭ની બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે પશ્ચિમી વાયરાની અસર તળે ભારતમાં પણ ઊજવાતી થયેલી મૅરેજ ઍનિવર્સરી (લગ્નની વર્ષગાંઠ) સંબંધી વાતો નીકળી.

તે સંદર્ભમાં સામે બેઠેલા એક લંડનવાસી યુવાનને સ્વામીશ્રીએ પૂછ્યું : 'અશોક (આશિયર)! તારે કેમ છે? તું આવી વર્ષગાંઠ ઊજવે છે?'

'જતી રહી!'

'કોણ?'

'તારીખ.'

'તો બરાબર! જો જે, નહીંતર ત્રણ છોકરા છે એને તારે સાચવવા પડશે પાછા.'

'પણ બાપા! છોકરા તમારા છે ને!'

'એટલે જ તને ભલામણ કરું છું.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓનો આ ઉદ્‌ગાર પ્રત્યેક સત્સંગી વાલીને સમજાવી ગયો કે 'આપણા ઘરમાં ઊછરતાં સંતાનો સ્વામીશ્રીની થાપણ છે.' જે વાલી આ મર્મ પામશે તેઓના ઘરમાં સુખના સાથિયા પુરાતા રહેશે.

## અક્ષરના વાસી વહાલો

તા. ૧૪/૭ની સાંજે યોજાયેલી ગુરુપૂનમની પ્રતીક સભામાં નગર-

પાલિકાએ ગોરેગાંવ વિસ્તારની આર. બી. પટેલ શાળા અને સ્વામિનારાયણ સંસ્કારધામ વચ્ચેના ચોકને 'સ્વામિનારાયણ ચોક' તરીકે ઘોષિત કરી સ્વામી-ચરણે ભક્તિઅર્ધ્ય અર્પણ કરી દીધું. પ્રશાસનના આ સૌજન્યને ઉત્સાહભેર વધાવતાં દસ હજાર સભાસદોએ ધન્યતા અનુભવી.

આ ધન્યતાથી સંસ્થાની બાળ, કિશોર અને વડીલ પ્રવૃત્તિના ૪૪૧ અગ્રેસરો તથા ૧૭૮ સંતોને તરબતર કરવા સ્વામીશ્રી તા. ૧૫/૭ની સવારે મુંબઈથી વિદાય લઈ સાંજે ડુમ્મસને લાભ આપતાં રાત્રે સાંકરી આવી પહોંચ્યા.

અત્રે તેઓએ 'થઈ એકમના પ્રભુને ભજીએ'ના મધ્યવર્તી વિચાર સાથે પ્રગટેલા દિવ્ય સંનિધિ પર્વના મંગલ દીપમાં સમજણનું તેલ પૂરતાં ઉદ્‌ઘાટન સત્રમાં જણાવ્યું :

'સામાન્ય તો બિચારા જેમ કહો એમ ચાલે છે, પણ મેઈન (મુખ્ય) માણસોના પ્રશ્નો હોય છે. મેઈન માણસોએ બધી રીતે સમજવાનું છે અને સહન પણ કરવાનું છે. બહાર કરતાં અંદરનો વિખવાદ મોટો હોય છે. એને કાઢવો એ મોટી વાત છે. તેના માટે કથા-વાર્તા, કીર્તન, ભજન બહુ અગત્યની વસ્તુ છે. એટલા માટે આપણે શિબિરો કરીએ છીએ. દરેકે પોતા સામી દૃષ્ટિ રાખી શિબિરનો પૂરેપૂરો લાભ લેવો. મુખ્ય કાર્યકર્તાઓ કરશે તો નીચેના તેને અનુસરશે. આ શિબિરમાં બધાનું મન પ્રફુલ્લિત થાય અને જીવનો કચરો નીકળી જાય એ પ્રાર્થના.'

આ આશીર્વાદ બાદ બાળપ્રવૃત્તિના નૂતન સોપાનરૂપે પ્રકાશિત થનારા 'સ્વામિનારાયણ બાળપ્રકાશ'ની જાહેરાત વિશ્વસ્વરૂપદાસ સ્વામીએ કરી. આ સામયિકના પ્રથમ ગ્રાહક સ્વામીશ્રીને બનાવવા માટે એક બાળક 'પ્રકાશ'નો પ્રથમ અંક અને બીજો બાળક પહોંચબુક લઈ સ્વામીશ્રી પાસે પહોંચ્યો. તે વખતે અંકનું રસપૂર્વક અવલોકન કર્યા બાદ સ્વામીશ્રીએ પાવતીપોથીમાં પોતાનું નામ લખ્યું : *'શા. નારાયણસ્વરૂપદાસ.'*

પરંતુ તેની નીચે સરનામાનું ખાનું જોઈ પવનની પેઠે ઘૂમતા આ પરિવ્રાજક સ્વયં મીઠી મૂંઝવણ અનુભવી રહ્યા. તેથી તેઓએ બાળકોને જ પૂછ્યું : 'સરનામામાં શું લખવું ? સાંકરી ? બોચાસણ ? અમદાવાદ ?'

'બાપા ! આપ જ્યાંના હો ત્યાંનું સરનામું લખો.' બાળકો બોલ્યા.

તેઓ પણ 'બાપા' જેવા જ ચતુર નીકળ્યા !

તેઓની એ ચતુરાઈને મમળાવતાં સ્વામીશ્રીએ મલકાતા મુખે પોતાનું

સરનામું લખ્યું: *'અક્ષરધામ.'*

તેઓનું આ લખાણ હર્ષનો હિલોળ લઈ આવ્યું. તેની વચ્ચે બાળકોએ સ્વામીશ્રીને લવાજમની રકમ ભરવાનું ખાનું બતાવ્યું. તે જોઈ સ્વામીશ્રીએ બાળકોને કહ્યું: 'અમે તો સાધુ છીએ, અમારી પાસે પૈસા ન હોય!'

આ ખુલાસા સાથે ગુલાબી હાસ્ય વેરવા લાગેલા સ્વામીશ્રીના મુખારવિંદ પર સ્વામિનારાયણનો પ્રકાશ ઝળહળી રહ્યો. તે જોઈ બાળકોએ વિના લવાજમે પણ આ લાજવાબ ગ્રાહકને વધાવી લીધા.

## કાર્યકરો કામમાં સજાગ રહે

તા. ૧૬/૭ની સવારે સાડા અગિયાર વાગ્યે સ્વામીશ્રી દિવ્ય સંનિધિ પર્વમાં પધાર્યા ત્યારે યોજાયેલી પ્રશ્નોત્તરીમાં કાર્યકરોએ પૂછ્યું: 'બાપા! પ્રશ્ન એ છે કે હવે અમારે બાકી શું રહ્યું? હજી ક્યાં સુધી આપને રાજી કરવાના?'

'આ દેહ પડે ત્યાં સુધી!' સ્વામીશ્રી તરત જ બોલ્યા. પછી સદૃષ્ટાંત પુષ્ટિ આપતાં કહ્યું: 'લગ્ન કરે છે તો દેહ પડ્યા સુધી પાલવવું પડે છે કે નથી પાલવવું પડતું? એમ છેલ્લા શ્વાસ સુધી મહારાજની ભક્તિ, સેવા, કથા-વાર્તા કરવાની. મહારાજ કહે છે, 'તમારે તૃપ્તિ કરવી નહીં.' આપણને આજ્ઞા છે! જે બ્રહ્મરૂપ કરે ને અક્ષરધામ આપી દે એવા પુરુષ વાત કરે છે. એમાં તો જેટલું થાય એટલું કર્યા જ કરવાનું.'

સ્વામીશ્રીએ આજીવન સેવાનો આ મંત્ર સંભળાવ્યો ત્યારે કાર્યકરો વતી ત્યાગરાજદાસ સ્વામીએ પૂછ્યું કે 'બાપા! અમે કેવા બનીએ તો આપને નિરાંત થાય?'

'બ્રહ્મરૂપ બનીએ તો પછી પ્રશ્ન ન થાય. આપણી ફરજ છે કે જે કામ સોંપ્યું છે તે બરોબર પરફેક્ટ થવું જોઈએ. સંતો-કાર્યકરો પોતપોતાના કામમાં સજાગ રહે તો પ્રશ્ન થાય નહીં.' સ્વામીશ્રીએ જણાવ્યું.

પરંતુ કામમાં સજાગતા અને ચોકસાઈની વાત નીકળે ત્યારે પ્રેરણામૂર્તિ તરીકે સ્વામીશ્રી સિવાય કોની છબી આંખ સામે તરવરી રહે?

તેથી કાર્યકર શ્રી સૂર્યકાંતભાઈ પટેલે પૂછ્યું: 'સ્વામી! આપનામાં ક્યારેય અમે કંટાળો, થાક, સુવિધાના વિચાર જોયા નથી. ક્યારેય આપને આળસ મરોડતાં જોયા નથી. તો આપ સેવા કરતી વખતે શું નજર સામે રાખો છો?'

'તમે બધાય બહુ ખટકાથી કાળજીપૂર્વક કરો છો. એક ધ્યેય છે કે

ભગવાનને, જોગી મહારાજને રાજી કરવા છે, એટલે એ બધું થાય છે. 'અહોહો ! બહુ મારાં મોટાં ભાગ્ય છે' એમ સમજે તો ઉત્સાહ ને ઉમંગ રહે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓમાં ક્યારેય સ્વ-સિદ્ધિનાં રહસ્યો ખોલવાનો ઉમંગ જોવા ન મળે. તેથી જ તેઓએ આજે પણ મભમ ઉત્તર આપી દીધો.

પરંતુ તા. ૧૭/૭ના પ્રાતઃસત્રમાં સ્વામીશ્રીએ ઉઘાડેછોગ મનનીય ભાથું બંધાવ્યું કે –

"મનધાર્યું બધું જ કરશો તેમાં શાંતિ થવાની નથી. મૂકી દેવાનું કહે તો તરત જ એક સેકન્ડમાં મૂકી દેવું. પણ આ તો 'આટલાં વર્ષોથી હું અહીં નિર્દેશક છું એટલે મારી ફેરવણી ન થાય.' તે અહીં સિક્કો મારીને આવ્યા છીએ? એટલે સેવા જ નથી કરતા, પણ આપણું મનધાર્યું કરીએ છીએ. અહીં કોઈ પણ જાતની ઇચ્છા થાય જ નહીં ! ભગવાનનું જ ધાર્યું કરવા આવ્યા છીએ.'

આ સાથે અન્ય પણ એક ઉપયોગી ઉપદેશ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

"ઘણી વખત સંભવ છે કે કામની વહેંચણી કે આયોજન કરતી વખતે સામેની વ્યક્તિના મનને દુઃખ થાય. તે વખતે એને બોલાવીને સમજવા પ્રયત્ન કરવો. શાંતિથી સાંભળવું. એમ નહીં કે 'તારે ન કરવું હોય તો જા !' એવું નહીં ! એની માફી માગવાની. કેટલીક વખત થાય કે 'મારી ભૂલ નથી ને મારે માફી શેની માગવી?' પણ સાત વખત માગો. એમાં ક્યાં આપણું જતું રહેવાનું છે? નમી લેવું તે પણ બહુ સારી વસ્તુ છે. તેથી જે મુમુક્ષુ મહિમાવાળો હશે તે તરત પાછો વળી જશે. જો ખરેખર આપણે કાર્યકર્તા હોઈએ તો પક્ષપાત જેવું ન થાય એવું વાતાવરણ આપણે સર્જવું જોઈએ. આ કંઈ રાજકીય સભામાં નથી આવ્યા. આ તો ભગવાનને રાજી કરવાનું કાર્ય છે."

## વિનયી ને પૂર્ણ વિવેકી

દિવ્ય સંનિધિ પર્વમાં વહેતી સ્વામીશ્રીની અમૃતધારા *'હેતે ભરી વાણી હોઠે, સુણી બીજે મન ન ગોઠે...'*નો અનુભવ કરાવી રહેલી.

આવી આ જ્ઞાનગંગાના ઘાટે બેસી સ્વામીશ્રીએ તા. ૧૭/૭નું મધ્યાહ્ન ભોજન અગ્રેસરોની મધ્યમાં જ ગ્રહણ કર્યું. તે પછી શિબિર-સ્થળેથી નિજનિવાસ તરફ આવી રહેલા તેઓએ સ્થાનિક સંત વર્ણીનાથદાસ સ્વામીને બોલાવી પૂછ્યું : 'અમે સાંકરી આવ્યા ત્યારે ભાટિયાની બાજુમાં કયું ગામ?'

'લીંગડ.'

'હા, અમે ત્યાંથી પસાર થયેલા. હરિભક્તો રસ્તામાં ઊભા હતા, પણ અમે ઊભા ન'તા રહ્યા. એમને ખોટું લાગ્યું હશે! તો હું એમને કાગળ લખી આપું. તમે એમને આપી દેજો.' સ્વામીશ્રીએ કહ્યું.

બે દિવસ પૂર્વે અહીં સાંકરી પહોંચતાં વાટમાં આવેલા લીંગડ ગામ આગળથી પસાર થયેલા તેઓ પત્રવાંચનમાં મશગૂલ હતા. તેથી ગામની ભાગોળે તેઓને સત્કારવા ઊભેલા ભક્તો ધ્યાન બહાર રહી ગયેલા. આ વાત સ્વામીશ્રીએ જાણી ત્યારથી તેઓને ખટકતી હશે. એટલે જ તો બે દિવસ વીતી ગયા છતાં તેઓ એ ઘટનાને ભૂલ્યા નહોતા અને આજે શિબિરના ભરચક કાર્યક્રમો વચ્ચેથી સમય સારવીને માફીપત્ર લખવા તૈયાર થઈ ગયા!

પરંતુ તા. ૧૮/૭ની સવારે એ ગામના ભક્તોને જ સાંકરી બોલાવી લેવાયા અને સ્વામીશ્રી નિત્યક્રમ અનુસાર દર્શન કરવા પધાર્યા ત્યારે એ સત્સંગીઓને બતાવી સંતોએ કહ્યું: 'બાપા! આ લીંગડના હરિભક્તો. કાલે આપે યાદ કર્યા હતા ને!'

આ સાંભળતાં જ તે ભક્તોની નજીક સરકેલા સ્વામીશ્રી હાથ જોડી દિલગીરી વ્યક્ત કરવા લાગ્યા કે 'બધા માફ કરજો! મારું વાંચનમાં ધ્યાન હતું એટલે ખબર ન રહી! રાજી રહેજો.'

નાનામાં નાના ભક્તો પ્રત્યે પણ સ્વામીશ્રીની આ આત્મબુદ્ધિ જોઈ સૌ આશ્ચર્ય અનુભવી રહ્યા. પેલા ભક્તો તો ગદ્‌ગદ કંઠે બોલ્યા: 'બાપા! અમને ખોટું લાગ્યું નથી. ઊલટો આનંદ થયો. આપનાં દર્શન થયાં!'

*'વિનયી ને પૂર્ણ વિવેકી...'* એવા સ્વામીશ્રીના વર્તનની કોમળતા એવી હતી કે કદી કોઈ કપાતું-કચવાતું નહીં.

## તમારા અંતરનો આત્મા જાગવો જોઈએ

''સારા ભક્તનાં લક્ષણ જ આ છે કે એને રાખવો (સાચવવો) પડે નહીં. એ આવીને પોતાનો નિર્વાહ કરી લે. સમૈયામાં આવે તો જ્યાં પાગરણ મળે ત્યાં લઈને સૂઈ રહે. ના મળે તો પોતાનું ધોતિયું લઈને સૂઈ રહે. જ્યાં જમવાનું મળતું હોય ત્યાં જમી લે. ઘેર પોતાની અનુકૂળતા પ્રમાણે આપણે સામાન્ય જમતા હોઈએ, પણ અહીં આવીએ ત્યારે વી.આઇ.પી.ની ઇચ્છા થાય! ઇચ્છાવાળા હોય એને રાખવા પડે, સત્સંગીને સાચવવા ન પડે.

'ભગવાન માટે આપણે આ કરીએ છીએ,' એવા નિશ્ચયથી કરે તો સાચવવા ન પડે. 'તમે આવશો? તમે આ કામ કરશો?' એવું પૂછવું પડે? કાર્યકર્તાને જે સોંપ્યું તે ધડાકેબંધ થઈ જ જવાનું હોય. આ સત્સંગમાં જો મહિમા હશે તો કોઈ જાતની મુશ્કેલી આવશે નહીં. એટલે આપણે એવા થવું કે આપણું રાખવું જ ન પડે! ભગવાનની ઇચ્છાથી સંખ્યા તો વધવાની જ છે, પણ આપણે ક્વૉલિટી(ગુણવત્તા)વાળા થવાનું છે.

જે માણસ મનથી નબળો પડ્યો છે એ કશું જ કરી શકે નહીં. 'કાર્ય થશે જ' એ આપણે ધ્યેય રાખવું. ભલે પછી વિઘ્ન આવે, પણ પાછા તો ફરવું નહીં. મરણિયો થાય એ માલ ખાય. આપણે હજારો વર્ષો દુનિયા માટે મર્યા છીએ, બૈરાં માટે મર્યા છીએ, બૈરાં હશે તે પુરુષ માટે મર્યાં હશે, તો ભગવાન માટે કેમ ના થાય? તમારા અંતરનો આત્મા જાગવો જોઈએ. અંતરનો આત્મા જાગી ગયો છે એ માણસને પછી પહેરવેશની પડી નથી, ખાવાની પડી નથી, મોટરગાડીની પડી નથી. એ પગે ચાલીને જાય. શ્રીજીમહારાજે આખા ભારતની યાત્રા પગે ચાલીને કરી કે ના કરી? એમ 'હું કોણ છું?' ભગવાન શ્રીજીમહારાજનો આશ્રિત છું, જોગી મહારાજનો શિષ્ય બન્યો છું. એમાં કાંઈ ખામી હોય? એની વાતો તો કાંઈક જુદી જ થવી જોઈએ. એવી હિંમત રાખી જો આપણે બધા મંડી પડીએ એકસાથે, તો આપણું કામ સર્વોપરી થઈ જાય. ભક્તિ કરવી એ કાંઈ ખાવાનો ખેલ નથી. જે શૂરવીર થાય એનાથી થઈ શકે છે. આપણે શૂરવીર થઈ જે કાંઈ આપણા કાર્યક્રમો થાય છે, જે કાંઈ કરવું પડે છે એમાં મોળો વિચાર નહીં, મોળો સંકલ્પ નહીં.''

આ એ સાર-સંચય છે, જે તા. ૨૧/૭ સુધી અગ્રેસરોના દિવ્ય સંનિધિ પર્વમાં સ્વામીશ્રીના મુખેથી સમયે-સમયે વરસતો રહ્યો.

અંતરાત્માને જગાવતી આવી પરાવાણી વહાવી વિદ્યાનગર પધારેલા તેઓના વરદહસ્તે અહીં તા. ૨૨/૭ની સવારે યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યૂટર સેન્ટરનું ઉદ્‌ઘાટન થયું.

## વ્રત અને વેઠની વિક્તિ

તા. ૨૨/૭ની સાંજે વિદ્યાનગરથી બોચાસણ પધારેલા સ્વામીશ્રી અત્રે સભામંડપમાં સૌનું સ્વાગત ઝીલી નિજનિવાસની પરસાળમાંથી પસાર થતા હતા. તે સમયે તેઓએ સામે મળેલા ચતુર્ભુજદાસ સ્વામીને પૂછ્યું: 'કેમ છે?

સારું છે ને?'

'આમ સારું છે, પણ વરસાદ નથી એટલું જ દુઃખ છે.'

આ સાંભળી સ્વામીશ્રી પણ બોલ્યા: 'એ જ છે ને મારા ભ'ઈ! લોકોનાં દુઃખ (દૂર કરવા) માટે તો આપણે છીએ. એના દુઃખે દુખિયા ને એના સુખે સુખિયા. લોકો સુખી તો આપણે સુખી.'

લોકજીવન સાથેનો સ્વામીશ્રીનો નાતો કેટલો સજ્જડ અને સંવેદના-સભર હતો!

તેથી જ તો તેઓ આ અરસામાં ખેંચાયેલા વરસાદથી જાણે પોતાના પ્રાણ ખેંચાઈ રહ્યા હોય તેવી વેદના અનુભવી રહેલા. આ કારણે જ સ્વામીશ્રી જે મળવા આવે તેની સાથે તેઓના પ્રદેશમાં વરસાદની સ્થિતિ અંગે પૂછપરછ કરી લેતા. આ ક્રમમાં તેઓએ અહીં આવેલા મહાપુરુષદાસ સ્વામીને પણ પૂછ્યું: 'તમારે પંચમહાલમાં વરસાદનું કેમ છે?'

'મકાઈ થઈ છે.'

'સારું, એટલી તો રાહત થઈ! આદિવાસીઓને મકાઈ તો ખાવા મળશે. દુઃખી નહીં થાય બિચારા!' સ્વામીશ્રીના મુખેથી શાતાનો સૂર રેલાઈ ગયો.

આ અનુભૂતિ સૌની બની રહે તે માટે તેઓએ આ વર્ષની દેવપોઢી એકાદશીએ સૌને વ્રત સંબંધી વિશેષ નિયમો આપી એક વાત ઉમેરેલી કે –

''જરા વરસાદ ખેંચાયો છે તો એક નિયમ બધા લેજો કે 'એક માળા અધિક ફેરવજો.' નવા મોલ થયા છે તે ઊછરીને સારા થઈ જાય, ચોમાસું સારું જાય અને સારો ભાવ પણ આવે. તે નિમિત્તે ચાતુર્માસ દરમ્યાન બધા સંતો-હરિભક્તોએ એક માળા વધારાની કરવી.''

આવા કરુણામય સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૪/૭ના રોજ ગુરુ-પૂર્ણિમાનો સમૈયો આવી પહોંચ્યો. આ દિવસે પ્રાતઃપૂજા બાદ ઉત્સવ-સ્થળેથી ઉતારે પરત આવતા સ્વામીશ્રીની આગેવાની નડિયાદના કિશોરોએ લીધેલી. બૅન્ડવાદન કરતા તેઓનો પરિચય આપતાં ગાડીમાં બેઠેલા એક સંતે કહ્યું: 'આ કિશોરોએ કરેલું એક મહિનાનું ધારણાં-પારણાં વ્રત આજે પૂરું થાય છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં પેલા સંતે ફોડ પાડ્યો કે 'આ લોકોએ એક મહિના અગાઉથી વ્રતોનો આરંભ કરી દીધેલો.'

'એવું કેમ કર્યું? નિયમ તો એના ટાઇમે જ કરે તો કહેવાય. આગળ-પાછળ કરે તે ન ચાલે. આ તો વહેલું કરી નાંખ્યું એટલે એક કામ પત્યું એવું

થયું ! એ તો વેઠ ઉતારી કહેવાય.'

સ્વામીશ્રીના આ શબ્દોમાંથી વ્રત અને વેઠની સ્પષ્ટ વિક્તિ ઝળકી ગઈ.

## શરીર શિથિલ, પણ નિયમ અણનમ

તા. ૨૬/૭ની સાંજે બોચાસણથી આણંદ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં અક્ષર ફાર્મ મુકામે પંચદિવસીય પારાયણનો પ્રારંભ થઈ ગયો. જો કે આ પાંચેય દિવસ દરમ્યાન શરદીએ સ્વામીશ્રીને ખાસ્સા રગડ્યા. છતાં આ ઉપદ્રવને તાબે થયા વિના તેઓ રોજ ભારે અવાજ સાથે પણ ૨૦-૨૫ મિનિટ આશીર્વાદ આપતા. છેલ્લા દિવસે તો રાત્રિભોજન બાદ ચળું કરતા તેઓએ નાક ખંખેર્યું ત્યારે શરદી પાકી ગયેલી. તેથી ખેંચી-ખેંચીને નાક ચોખ્ખું કર્યું. તે પછી હસતાં હસતાં તેઓ બોલ્યા : 'જોગી મહારાજનો વારસો મળ્યો છે એમાં આ બધુંય વારસામાં આવ્યું ! રોજ જોગી મહારાજ જમ્યા પછી નાક સાફ કરતા. તે આ વારસો મળ્યો. સારું !'

આમ, માંદગીમાંય ગુરુસ્મૃતિનો તાલ અતૂટ રાખતા સ્વામીશ્રી તા. ૩૧/૭ના રોજ વરતાલ થઈને અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં તા. ૭/૮ની સવારે સેવકો તેઓને જગાડવા ગયા ત્યારે શરીરમાં કસરે દેખા દીધી. થર્મોમીટરથી તાપમાન માપતાં તેનો પારો ૧૦૧.૩ ડિગ્રી સુધી ચઢી ગયો. તેથી સ્વામીશ્રીને પુનઃ આરામ માટે પોઢાડી દેવાયા.

પરંતુ થોડા આરામ બાદ જાગ્રત થયેલા સ્વામીશ્રી સ્નાનાદિકથી પરવારી નિજનિવાસમાં જ પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા. તે પછી તેઓ કથળેલી તબિયતમાં પણ મંદિર પર પહોંચ્યા. અહીં તેઓને બાવળા તથા દહેગામ ક્ષેત્રના ૨,૦૦૦ હરિભક્તોની સભાના આયોજનનો ખ્યાલ આવતાં સ્વામીશ્રી ત્યાં જવા માટે પણ આતુર થઈ ગયા. જો કે તેઓની તકલીફ નિવારવા એ ભક્ત-સમુદાયને જ સભાગૃહમાંથી ઉઠાડી મંદિરના ચોકમાં બેસાડી દેવામાં આવ્યો. અત્રે ખુરશી પર બિરાજી સ્વામીશ્રીએ સૌને દર્શનલાભ આપ્યો. તે સમયે સત્સંગીઓ કરતાંય સ્વામીશ્રીના ચહેરા પર સંતોષની સુરખી વધુ જણાઈ.

આમ, બીમારીમાં પણ ભક્તોને રાજી રાખવાનું એક ટાણું ન છોડતા તેઓ આજનું વાળુ લેવા બિરાજ્યા ત્યારે થાળમાં મગ, ખાખરા જેવી જ વાનીઓ હોવાથી સંતોએ પત્તર મૂક્યું નહોતું. તે જોઈ સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'પત્તર લાવો.'

શરીર શિથિલ, પણ નિયમ અણનમ – આ હતી તેઓની જીવનશૈલી.

## અમે બધું મહારાજને સોંપી દઈએ છીએ

માંદગીગ્રસ્ત હોવા છતાં તા. ૮/૮ની સવારે સ્વામીશ્રીએ લગાતાર બે કલાક સુધી હિસાબ-કિતાબ સંબંધી એક બેઠક યોજતાં તેઓ બપોરે જમવા બિરાજ્યા ત્યારે અક્ષરજીવનદાસ સ્વામીએ કહ્યુંઃ 'બીમારીમાં તો આરામ કરવો પડે. આ તો મીટિંગ પર મીટિંગ ચાલ્યા જ કરે! પછી આરામ ક્યાં મળે?'

'તમે પલંગ પર સૂવું એ જ આરામ ગણો છો? આ જુઓ, બેઠા છીએ. નિરાંત છે. કેવો આરામ છે!'

'પણ મીટિંગોમાં વિચારો કરી નિર્ણયો લેવાના હોય. એટલે દેહ ને મન – બંનેને ભીડો. આ બધું ભાર જેવું.'

'ભલે ભાર હોય, પણ માથે ઉપાડે એને લાગે ને!' આટલું કહી સ્વામીશ્રી સામે ટેબલ પર પડેલો રૂમાલ એક જગ્યાએથી ઉપાડી બીજી જગ્યાએ મૂકતાં બોલ્યાઃ 'અમે તો જુઓ, આ આમ લઈને આમ મૂકી દઈએ! બધું મહારાજને સોંપી દઈએ છીએ. પછી શેનો ભાર? ગમે તેટલી મીટિંગો થાય ને ચર્ચાઓ થાય, પણ બધું મહારાજને ધરી દઈએ. સંસારમાં તો લોકો પોતાનું ને બીજા બધાનું માથે લઈને ફરે એટલે ટેન્શનમાં જીવે. આપણને છે કંઈ ટેન્શન? કેટલાય લોકો અહીં પોતાનું દુઃખ મૂકી જાય છે. એ બધું આપણે ક્યાં માથે લઈએ છીએ? આપણે તો આમ મહારાજને સોંપી દઈએ છીએ. સૂઈએ એટલે તરત ઊંઘ આવી જાય. સર્વ કર્તા મહારાજ છે.'

બે છેડેથી બરાબર તાણીને મુશ્કેટાટ રાખેલી દોરી પર જેમ જેમ વજન વધતું જાય તેમ તેમ તે ઝોક લેતી જાય. જો તે ન ઝૂકે તો તૂટી જાય. પરંતુ સ્વામીશ્રીની જીવનદોરી પર ગમે તેટલું ભારણ વધવા છતાં, ન તો તેઓ તૂટેલા કે ન તો તેઓએ ઝોક લીધેલો!

## નિરમાનીપણું ધર્યું કેવું!

તા. ૯/૮ની સવારે આબુના સંસ્થાકીય છાત્રાલયની મૂર્તિઓમાં સ્વામીશ્રી પ્રાણ પૂરવાના હોવાથી ૨૩ છાત્રો અહીં આવી પહોંચેલા. તેમાંના એક વિદ્યાર્થી કીર્તન પટેલને તો સ્વામીશ્રીએ યજમાનરૂપે પોતાની સાથે વિધિમાં પણ બેસાડ્યો. એ વિધિ પૂર્ણ કરીને તેઓ સભાગૃહમાં પધાર્યા

ત્યારે અન્ય એક છાત્ર અક્ષર રાવલે વિનંતી કરી કે 'બાપા! આપ આજ્ઞા કરતા હો તો અમે આબુના બાળકો આપની પૂજામાં કીર્તનો ગાઈએ.'

'ગાવ ને! પણ અમારી આજ્ઞા નહીં, અહીંના કાર્યકરોની આજ્ઞા લઈને ગાવ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓ સ્વતંત્ર હોવા છતાં વ્યવસ્થાતંત્રને આધીન રહેતા. આટલી નાની-શી વિગતમાં પણ! તેઓની નમ્રતાનો આ દાખલો સૌનાં દિલમાં વસી ગયો.

આ રહેણી-કહેણી સાથે તા. ૧૨/૮ની સવારે બોસ્ટન, કોલંબસ, ચેરી હીલ અને ઍટલાન્ટિક સિટીનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરનારા સ્વામીશ્રીનાં દર્શન માટે તા. ૧૩/૮ની સવારે રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામ આવી પહોંચ્યા.

તેઓનો સ્વામીશ્રીએ હારતોરા દ્વારા કરેલો સત્કાર સ્વીકારતાં શ્રી કલામે કહ્યું: 'સ્વામીજી! જ્યારથી હું ગયા વર્ષે દિલ્હીમાં આપને મળ્યો ત્યારથી મારું જીવન બદલાઈ ગયું છે.'

સ્વામીશ્રીના સાંનિધ્યનું આ સરવૈયું માંડી તેઓએ ઉમેર્યું: 'રાષ્ટ્રપતિ થયા પછી મને એમ વિચાર આવ્યો કે મારે આપની પાસે ચોક્કસ આવવું અને માર્ગદર્શન મેળવવું.'

આ મહેચ્છા સાથે દોડી આવેલા શ્રી કલામે બાવીસ મિનિટ સુધી સ્વામીશ્રીનો સત્સંગ માણ્યો.

સ્વામીશ્રીએ પણ તેઓને 'આપના દ્વારા ભગવાન કાર્ય કરશે' એમ આશીર્વાદ પાઠવી હરિકૃષ્ણ મહારાજનો પરિચય કરાવતાં કહ્યું: 'આ બસો વર્ષ પહેલાંની મૂર્તિ છે. અમારા ગુરુજી સદાય સાથે રાખતા હતા.'

સ્વામીશ્રીના આ સ્નેહ અને સત્કારને પામી શ્રી કલામ બોલી ઊઠ્યા: 'પ્રમુખસ્વામીની શુદ્ધિ અને શક્તિ સૌનાં હૃદયને સ્પર્શે છે. અહીં આવવાથી મને ઘણો જ સંતોષ અનુભવાયો.'

આ મુલાકાતની એક વિશેષતા નોંધતાં શ્રી કલામે સમયાંતરે લખ્યું કે –

> *'તેઓએ (સ્વામીશ્રીએ) મારા રાષ્ટ્રપતિ તરીકેના નવા હોદ્દાનો ભાર અનુભવ્યા સિવાય મારી સાથે મિત્રભાવે જ વાર્તાલાપ કર્યો.'*[૪૮]

સ્વામીશ્રી સાથેનું પ્રત્યેક મિલન શ્રી કલામને તેઓની નૂતન ઓળખ

---

૪૮. *Transcendence: My Spiritiual Experiences with Pramukh Swamiji,* A.P.J. Abdul Kalam, Harper Element, 2015, pg. - 11.

આપતું રહેતું.

## તેમાં જરાય ન મળે જૂઠ

તા. ૧૪/૮ની રાત્રે ગુજરાત મેલના ટિકિટ ચેકર શ્રી અશ્વિનભાઈ સિંઘલ સ્વામીશ્રી પાસે આવ્યા ત્યારે અત્યંત ભાવવિભોર હતા. તેઓની આ સ્થિતિની પાર્શ્વભૂમિકામાં રહેલી એક રાત્રિ.

તે રાત્રે મુંબઈથી ઊપડેલો ગુજરાત મેલ ધસમસતા પ્રવાહની જેમ અમદાવાદ ભણી ગતિ કરી રહેલો. તેના દ્વિતીય દરજ્જાના એ.સી. ડબ્બામાં બેઠેલી ચાર-પાંચ વ્યક્તિઓ વેશથી આધુનિક, પણ વાતચીતથી નાસ્તિક જણાઈ રહેલી. વિકૃત આનંદ અને સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે આજકાલ કહેવાતા બૌદ્ધિકોમાં ભારતના સંતો તથા સંસ્કૃતિને ભાંડવાની એક ફેશન ચાલી છે. આવી જમાતના લોકો ભારે પૂર્વગ્રહ, ઊણો અનુભવ, અપૂરતું અવલોકન અને ઘુવડના કુળનો ઘમંડ – આ ચંદરવા તળે બેસીને કો'ક ને કો'ક સંત-સંન્યાસી, મઠ-મંદિર કે રીત-રિવાજ પર આક્ષેપોના અગનગોળા ફેંકતા જ રહે છે.

ગુજરાત મેલમાં પ્રવાસ કરી રહેલી પેલી ચાર-પાંચ વ્યક્તિઓ પણ આ કુટેવનો શિકાર બની, એક પછી એક ઘણા સાધુ-સંતોને નિશાન બનાવતી હતી. જે તે ધર્માચાર્યનાં દોષ-દૂષણ પર મુક્તપણે મંતવ્યો આપી ખંધા હાસ્ય વેરતા જતા તેઓની આ ઠઠ્ઠાબાજીને ટિકિટ ચેકર શ્રી સિંઘલ પોતાનું કામકાજ કરતાં કરતાં ધ્યાનપૂર્વક સાંભળી રહેલા.

આ સમયે પેલી નાસ્તિકોની ટોળીમાંથી કો'ક જ્યાં 'પ્રમુખસ્વામી મહારાજ...' એમ બોલ્યું ત્યાં જ સૌ હોઠ સિવાઈ ગયા હોય તેમ ચૂપ થઈ ગયા. અત્યાર સુધી બેફામ બકવાસ કરતા તેઓ પૈકીના એકે તો કહ્યું પણ ખરું કે 'પ્રમુખસ્વામીની વાત ન થાય. એ તો કંઈક જુદી જ ભાતના પુરુષ છે.'

આ અનુભવ જાણે એ સૌ નાસ્તિકોનો હોય તેમ સ્વામીશ્રી વિષે કોઈ કુત્સિત શબ્દ ન બોલ્યું.

આ આખો ઘટનાક્રમ પેલા ટિકિટ ચેકરે ઝીણી નજરે જોયો. તેથી આશ્ચર્ય અનુભવતા તેઓ પેલા ખણખોદિયા મુસાફરોને પૂછી બેઠા: 'તમારામાંથી કોઈએ પ્રમુખસ્વામીનાં દર્શન કર્યાં છે ? કોઈ એમને રૂબરૂ મળ્યા છો ?'

ત્યારે એ બધા નાસ્તિકોનાં મસ્તક નકારમાં હલતાં જોઈ ટિકિટ ચેકરનું

આશ્ચર્ય બેવડાયું. તેઓને થયું: 'પ્રમુખસ્વામીને જોયા વિના પણ તેઓની પવિત્રતા વિષે આ અધર્મીઓનો એકમત પડે છે, તો એ સંત કેવા હશે?!'

આ કુતૂહલ તેઓએ પોતાના સાથીદારો શ્રી રાવલ, શ્રી પૂરબિયા વગેરેને પણ જણાવ્યું અને પોતે તો ટ્રેન અમદાવાદ પહોંચતાં જ સ્ટેશનેથી સીધા આપણા મંદિરે દોડી આવ્યા. અહીં તે વખતે સ્વામીશ્રી તો નહોતા, પણ શ્રી સિંઘલ સંતોને મળેલા. તેઓના વિનય-વર્તાવ અને મંદિરની શાંતિ-સ્વચ્છતા આ ટિકિટ ચેકરને ઘણાં જ સ્પર્શી ગયેલાં. તેથી તે જ ઘડીએ તેઓ મનોમન સ્વામીશ્રીનું શિષ્યત્વ સ્વીકારી કંઠી પહેરીને ઘેર પહોંચેલા.

સ્વામીશ્રીનો આ પરોક્ષ અનુભવ ધરાવતા આ ટિકિટ ચેકર આજે અત્યંત ભાવવિભોર હતા. તેઓ *'તેમાં જરાય ન મળે જૂઠ...'* જેવા સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન પામી કંઈક આગવા ગૌરવનો અનુભવ કરી રહ્યા.

## ગુરુપરાયણ વિચારસરણી

તા. ૧૬/૮ની સવારે મંદિરમાં દર્શન કરી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની દેરીએ પધાર્યા ત્યારે અહીં જૂના હરિભક્ત શ્રી મણિભાઈ બ્રહ્મભટ્ટે પહોંચ બતાવતાં કહ્યું: 'બાપા! મેં હજાર રૂપિયા ભેટમાં લખાવ્યા છે. હવે મહાપૂજા લખાવવાની ઇચ્છા છે, તો કેટલી કરાવું?'

'શ્રાવણ માસ છે તો એક મહિનાની કરાવો.' આમ જણાવી સ્વામીશ્રીએ પૂછ્યું: 'મહાપૂજા ક્યાં કરાવવી છે?'

'આપની જ્યાં ઇચ્છા હોય ત્યાં!'

'અહીં અમદાવાદમાં લખાવજો.'

આટલું કહી આગળ વધેલા સ્વામીશ્રીએ થોડાં ડગલાં ચાલ્યા ત્યાં જ પેલા હરિભક્તને પાછા બોલાવી કહ્યું: 'મહાપૂજા ગોંડલ લખાવજો. જોગી મહારાજ શ્રાવણ માસની મહાપૂજા અહીંથી ગોંડલ મોકલતા. જોગી મહારાજ રાજી થશે.'

ગુરુનો રાજીપો એ જ સ્વામીશ્રીના પ્રત્યેક વિચાર અને વર્તણૂકમાં મુખ્ય રહેતો.

આવા ગુરુપરાયણ તેઓ તા. ૧૭/૮ની સાંજે કિશોરોએ રજૂ કરેલો કાર્યક્રમ જોઈ બોલી ઊઠ્યા: 'જોગી મહારાજ અતિશય રાજી થાય એવો પ્રોગ્રામ હતો. તેમાં નિયમ-ધર્મની દૃઢતા, સત્સંગની દૃઢતા અને ભગવાન

તથા સંતને રાજી કરવાની તમન્નાની સારી રજૂઆત કરી. આવા કિશોરો જોગી મહારાજની ઇચ્છા છે તો આખા ભારતમાં અને પરદેશની અંદર પણ થઈ જશે.'

આ આર્ષવાણી ઉચ્ચારી ઉતારે પધારેલા સ્વામીશ્રીને મળવા તા. ૨૦/૮ની બપોરે ટપાલ ખાતાના વરિષ્ઠ અધીક્ષક શ્રી જોષી આવ્યા. તેઓએ આવતાંવેંત પૂર્વ સ્મૃતિ વાગોળી કે "છવ્વીસ વર્ષ પહેલાં નાની બોરુ ગામમાં હું આપનાં દર્શને આવેલો. રાતનો સમય હતો. આપ માળા ફેરવતા હતા. તે વખતે મેં આપને પ્રશ્ન પૂછેલો કે 'તમે આવા નાનકડા ગામમાં કેમ ફરો છો?' છવ્વીસ વર્ષ પહેલાંનાં એ દર્શન આજે પણ મને બરાબર યાદ છે!"

સ્વામીશ્રીની અલ્પ ઝાંખી પણ વર્ષો સુધી મન પર કબજો જમાવી રાખતી. તેઓના સ્વરૂપની આ તે કેવી દિવ્યતા!

તે અનુભવી ઓળઘોળ થઈ ઊઠેલા સુપ્રસિદ્ધ તસવીરકાર શ્રી ઝવેરીલાલ મહેતા પણ આજની બપોરે સ્વામીશ્રીનો હાથ પકડી લઈ બોલવા લાગ્યા: 'બાળકને માતાનો ખોળો ખૂંદતાં જે પ્રેમની લાગણી થાય એવી લાગણી, એવો પ્રેમ આપની પાસે આવતાં અનુભવાય છે.'

## આશીર્વાદની તાકાત

તા. ૨૧/૮ની સવારે સ્વામીશ્રી ટ્રેડમિલ મશીન પર ભ્રમણ કરી રહેલા ત્યારે વંચાતા પુસ્તકમાં સંપ્રદાયના વિરોધી એક ભગવાંધારી વિદ્વાનની વાત આવી. આ ટીકાકારે યોગીજી મહારાજે ખેડેલા વિદેશ પ્રવાસની નિંદા કરતાં સુરતમાં કોઈને કહ્યું હતું કે 'લંડનમાં જઈ જોગીએ શું કાંદો કાઢ્યો?'

આ વિગત વંચાતાં જ હસી પડેલા સ્વામીશ્રી બોલ્યા: 'એમને દ્વેષભાવે પણ અક્ષર-પુરુષોત્તમ ને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું ભજન થયું એટલે એમનું કલ્યાણ તો થશે.'

સ્વામીશ્રીની કેવી ઉદાર ભાવના!

આવા *'દયાસિંધુ દોષરહિત...'* તેઓના સાંનિધ્યમાં તા. ૨૨/૮ના રોજ રક્ષાબંધન પર્વ ઊજવાઈ રહેલું. આ પ્રસંગે આવી પહોંચેલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે 'પૂજ્ય પ્રમુખસ્વામીના આશીર્વાદ સંસ્કૃતિની રક્ષાની તાકાત આપે છે, જીવન જીવવાની તાકાત આપે છે, સત્ય માટે જીવવા અને મરવાની તાકાત આપે છે. એ વાત સાચી છે કે આશીર્વાદ છે એટલે ઊભા

છીએ. આશીર્વાદ છે માટે ટક્યા છીએ.'

આ સ્વાનુભવ હજારો સભાસદોને વહેંચી શ્રી મોદી અહીં મંદિરમાં જ મહાપ્રસાદ લઈ પુનઃ સ્વામીશ્રીને મળવા દોડી આવ્યા. આ સમયે થયેલા વાર્તાલાપમાં તેઓએ પોતાની સાથે બનેલી એક ઘટનાનો ઉલ્લેખ કરતાં સ્વામીશ્રીને કહ્યું: 'ડૉ. અબ્દુલ કલામ રાષ્ટ્રપતિ થયા બાદ હું તેઓને અભિનંદન આપવા દિલ્હી ગયેલો. હું ગુજરાતમાંથી આવું છું એ ખબર પડતાં તેઓ પોતાના હાથમાં એક છબિ લઈને મારી પાસે આવ્યા. મેં જોયું તો દિલ્હીમાં તેઓ આપની મુલાકાતે આવેલા એ વખતની એ છબિ હતી. આપના પ્રત્યે એમને કેવી લાગણી અને આદર છે તે જોવા મળ્યું! તેઓ ગુજરાત આવ્યા ત્યારે એમના મનમાં નક્કી જ હતું કે આપને મળવું.'

મુખ્યમંત્રીએ વર્ણવેલી આ છબીકથામાંથી સ્વામીશ્રીની તેજસ્વી તસવીર ઊભરી આવી.

## કુટુંબધર્મની કેળવણી

તા. ૨૪/૮ની સાયંસભામાં પારિવારિક વિખવાદને વણી લેતા એક પ્રહસનની પ્રસ્તુતિ બાદ સ્વામીશ્રીને પ્રશ્ન પુછાયો કે 'પિતા-પુત્ર વચ્ચેનું અંતર કેવી રીતે દૂર થાય?'

આ સાર્વજનિક સમસ્યાનો ઉકેલ બતાવતાં સ્વામીશ્રીએ કહ્યું :

"એકબીજાનું મમત્વ મૂકી દેવાય તો ભેગા થઈ જવાય. છોકરાને ભણાવવો છે એવો આગ્રહ બાપને હોય, પણ છોકરાને એટલી બધી ઇચ્છા ન હોય. તેમાં તમે આગ્રહ કરો એટલે છોકરાનું મન ખરાબ થાય કે ન થાય? તમારે ડૉક્ટર કરવો છે ને એને એન્જિનિયર થવું છે કે બીજી લાઇન લેવી છે, તો પછી બાપે થોડું સમજવા પ્રયત્ન કરવો જોઈએ કે 'આપણે બે વખત કહ્યું, હવે એની રુચિ નથી તો બીજી લાઇનમાં પણ એ સારો થશે.' આમ, એની પુષ્ટિ કરવી જોઈએ.

બાળકોને પણ ઘણી વાર એવી મહત્ત્વાકાંક્ષા હોય છે કે 'હું ભણું છું તો મને મોટર-સાઇકલ જોઈએ.' પણ બાપની પરિસ્થિતિ જોવી જોઈએ. જો તે બરાબર ના હોય તો બસમાંય જઈ શકીએ. અગર પગે ચાલીને પણ જવું પડે. છોકરાએ પણ વિચાર કરવો જોઈએ કે આર્થિક રીતે બાપને વધારે બોજો ન થાય. બાપ બિચારો મહેનત કરીને કમાતો હોય એમાં છોકરો મોજશોખની

અંદર ચઢી જાય તો એ સારું નથી. બાળકે સમજવું જોઈએ કે મા-બાપ કંઈક વાત કરતાં હોય તો એને ધ્યાનમાં લેવા જેવી ખરી.

ઘરની અંદર પતિ-પત્નીના ઝઘડા છે એ પણ છોકરા પર ખોટા સંસ્કાર પાડે છે. છોકરા એની અંદર મૂંઝાય છે. કેટલાક તો ફરિયાદ લઈને મારી પાસે આવે છે કે 'મારાં મા-બાપ ઝઘડતાં હોય તેથી મારો અભ્યાસ બગડે છે.' આંસુ પડી જાય છે છોકરાની આંખમાંથી ! એટલે આપણે બધાં દરરોજ એક, બે, ત્રણ વખત ભેગાં થઈએ તો મન ભેગાં થાય. કથા-વાર્તા, કીર્તન જો કરો તોપણ મન ભેગું રહે. મન ભેગાં થાય એટલે એકબીજાને સમજી શકાય, તો એમાંથી સારું પરિણામ પ્રાપ્ત થાય.''

સ્વામીશ્રીએ આપેલી આ કુટુંબધર્મની કેળવણી કાયમી છે.

## નર્મદા નીરનાં વધામણાં

તા. ૨૬/૮ની સવારે શહેરના નારણપુરા વિસ્તારમાં પધરામણીએ જવા નીકળેલા સ્વામીશ્રી સુભાષ બ્રિજ પર આવ્યા ત્યારે તેઓએ ગાડીને ધીમી પડાવી બાજુમાં લેવડાવી. અહીંથી પ્રાસાદિક પુષ્પોને સાબરમતીમાં પધરાવવાની તેઓની ઇચ્છા હતી, પરંતુ ફૂટપાથ અને રસ્તા વચ્ચે ઊભેલી ઊંચી પાળીને કારણે મોટર અને પુલના કઠેડા વચ્ચે ઘણું છેટું રહી જતાં ગાડીમાં બેઠાં બેઠાં ફૂલો પધરાવવાનો મેળ ન પડ્યો. તેથી સ્વામીશ્રીએ ફૂટપાથ પરથી પસાર થતા એક યુવાનને હાથના ઇશારે નજીક બોલાવી કહ્યું : 'આ ફૂલ નદીમાં પધરાવી દો ને !'

પરંતુ શ્રીજીમહારાજની પ્રસાદીભૂત સાબરમતીમાં હવે નર્મદાનાં નીર ઉમેરાતાં તે બે કાંઠે વહેતી થયેલી. તે જોઈ સ્વામીશ્રીનું હૈયું હરખના હિલોળા લઈ રહેલું. તેથી પધરામણીએથી પરત ફરતાં તો તેઓ સુભાષ બ્રિજ પર ગાડી એક કોરે લેવડાવી નીચે જ ઊતરી પડ્યા અને ફૂટપાથ તથા રસ્તા વચ્ચેની પાળીને સંતોના ટેકે ઓળંગી પુલની પાળે આવી ઊભા રહ્યા. અહીં તેઓએ હાથમાં પુષ્પો રાખી સંતો પાસે શાંતિપાઠ ગવડાવ્યો. તેના અંતે ઉત્સાહભેર પરંપરાનો જયનાદ કરતાં સ્વામીશ્રીએ પુષ્પો પધરાવી નર્મદાનાં નીરને વધાવ્યાં.

આ જ રીતે તા. ૨૮/૮ના રોજ અમદાવાદથી ગાંધીનગર જતાં વચ્ચે આવેલી નર્મદા નહેરના બ્રિજ પર પણ ગાડી થોભાવી સ્વામીશ્રીએ નહેરમાં પુષ્પો પધરાવ્યાં. તે સાથે તેઓએ શ્રીફળ વધેરાવી તેનું જળ અને શ્રીફળેય

નહેરમાં પધરાવતાં સંકલ્પ કર્યો કે 'જય મહારાજ! અખંડ પાણી વહ્યા જ કરે... ઠેઠ સૌરાષ્ટ્ર-કચ્છ સુધી પાણી પહોંચે...'

આમ, ગુજરાતનું જળસંકટ નિવારવા અહર્નિશ મંડેલા સ્વામીશ્રીના વરદહસ્તે આજની સાંજે સાબરમતીમાં નર્મદાના જળપ્રવેશનો દબદબાભર્યો કાર્યક્રમ યોજાયેલો. રાજ્યના મુખ્યમંત્રી સહિત શહેરના અગ્રણીઓની ઇચ્છા હતી કે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા સાબરમતીમાં ઠલવાયેલાં નર્મદાનાં નીરનું પૂજન થાય. તે દ્વારા સૌ નર્મદા યોજનાની સફળતા માટે સ્વામીશ્રીએ કરેલા ભગીરથ પુરુષાર્થને પણ અંજલિ આપવા ઇચ્છતા હતા.

આ લોકલાગણીને વશ થઈ સ્વામીશ્રી જ્યારે એલિસ બ્રિજની નીચે જઈ પહોંચ્યા ત્યારે ગુજરાતના માન્યવર મંત્રીઓએ તેઓનું ઉષ્માભેર સ્વાગત કર્યું. તેઓથી દોરાતા સ્વામીશ્રી પુષ્પસેરોથી અલંકૃત નૌકામાં બિરાજ્યા ત્યાં જ થોડી વારમાં શ્રી નરેન્દ્ર મોદી પણ આવી ગયા. તેઓએ નાવમાં સ્થાન લેતાં હોડી સાબરમતીનાં જળ પર સરકવા લાગી અને પુલની નજીક નદીના મધ્ય ભાગમાં જઈ ઊભી રહી. આ ક્ષણને નદી કાંઠે અને પુલ ઉપર ઊભરાતી માનવમેદનીએ હર્ષોલ્લાસથી વધાવી લીધી.

આ જયઘોષ ઝીલતા સ્વામીશ્રીએ ઠાકોરજીના પૂજન બાદ તામ્ર કળશમાં ભરેલાં નર્મદાનાં જળની પૂજા કરી નર્મદા મૈયાની આરતી પણ ઉતારી. તે જ વખતે સાબરમતી પર ઊભેલા તત્કાલીન ચારેય બ્રિજના કિનારે એકઠા થયેલા નગરજનોએ હજારો દીવડા નદીમાં તરતા મૂક્યા. આ હૃદયંગમ દૃશ્યને વધાવતાં એલિસ બ્રિજના એક ખૂણે આતશબાજી ગરજવા માંડી. ઘેરા અંધકારમાં આકાશને ઝગમગાવતી આ રોશની તળે 'नर्मदे सर्वदे!'ના બુલંદ નારા પડઘાઈ રહ્યા. સાબરમતીની જેમ કર્ણાવતીના રહીશોની આનંદોર્મિએ પણ આજે માઝા મૂકી હતી.

એ તરંગો પર જ જાણે સ્વામીશ્રીની નૌકા સરતી હોય તેમ તેને નહેરુ બ્રિજ સુધી હંકારવામાં આવી. અહીં પણ એકત્રિત થઈ ગયેલો અભૂતપૂર્વ જનસમુદાય નર્મદા મૈયા અને સ્વામીશ્રીનો જયજયકાર કરી રહ્યો. આ અભિવાદન સ્વીકારી નૌકાને પુનઃ જળના મધ્યમાં ઊભી રખાઈ. તે વખતે પુલ પર ચમકતી સોડિયમ લાઇટ્સ અને નૌકામાં મૂકેલી હેલોજનથી દૂર દૂર ઊભેલા શહેરીજનો પણ સુખપૂર્વક સ્વામીશ્રીની ઝાંખી મેળવી રહ્યા.

આ સમયે નર્મદાનાં જળ વડે ઠાકોરજીને સ્નાન કરાવી સ્વામીશ્રીએ

સાથે બેઠેલા મુખ્યમંત્રી તેમ જ અન્ય મંત્રીઓને પણ આ સ્નાનવિધિનો લાભ અપાવ્યો. ત્યારબાદ તે પ્રાસાદિક જળ સૌનાં મસ્તકે ચડાવતાં સ્વામીશ્રીએ સ્વયં પણ પાઘ ઉતારી પોતાના શિરે નર્મદાનું નીર ઝીલ્યું. તે પછી તેઓએ પ્રાસાદિક જળ ભરેલું પાત્ર મુખ્યમંત્રીને આપ્યું. તે શ્રી મોદીએ ઊભા થઈ બંને હાથ ઊંચા રાખી નદીમાં ઠાલવતાં ઠાકોરજીનાં પ્રસાદીભૂત જળ, નર્મદાનાં નીર અને સાબરમતીનાં સલિલનો ત્રિવેણી સંગમ સર્જાઈ ગયો.

તેમાં પોતાની અમૃતધારા ભેળવતાં સ્વામીશ્રી હાથમાં માઇક પકડી બોલ્યા : 'ગુજરાતની પ્રજાએ કોઈ પણ નાત, જાત કે ધર્મના ભેદ વગર સાથે મળીને આ કાર્ય કર્યું છે. અમારા ગુરુ પૂજ્ય યોગીજી મહારાજના દિલની અંદર પણ આ કાર્ય માટે ખૂબ જ ભાવના હતી. આજે એ સંકલ્પ પૂરો થતાં અમને પણ આનંદ થાય છે. વહેલું-મોડું આપણને આ ફળ મળ્યું છે તો ભગવાનને પ્રાર્થના કરીએ કે નર્મદાનાં નીર કાયમને માટે ગુજરાતના ઘેર-ઘેર પહોંચતાં રહે. આ પાણીથી આપણું ગુજરાત સમૃદ્ધ બને. આ કાર્યમાં જે કંઈ બાકી છે તે વહેલામાં વહેલી તકે પૂરું થઈ જાય અને આ પાણી પશુ-પંખી, જીવ-જંતુ બધાંને મળે, કોઈ દુઃખી ન થાય એ માટે ભગવાનને પ્રાર્થના.'

અવની-આકાશમાં સર્વત્ર ફરી વળેલા આ આશીર્વાદ વહાવી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે કર્ણાવતીમાં *'આનંદ વાધ્યો અતિ ઘેર ઘેર...'*નું દૃશ્ય સર્જાઈ રહ્યું.

## અહિંસકને હિંસા તો ન ભાવે

તા. ૨૯/૮ની સવારનાં અખબારોમાં સ્વામીશ્રી દ્વારા થયેલી નર્મદાનાં નીરની વધામણીના સમાચાર અગ્રસ્થાને ચમકી રહેલા. તેને ગુજરાતની પ્રજા હજી તો વાંચે - ન વાંચે ત્યાં જ આજના પ્રભાતે સ્વામીશ્રીએ અમદાવાદની વી. એસ. હૉસ્પિટલ, સિવિલ હૉસ્પિટલ, ગુજરાત કેન્સર હૉસ્પિટલ સહિત વિવિધ નામાંકિત હૉસ્પિટલોમાં લાખો રૂપિયાની કિંમતનાં અતિ આધુનિક સાધનોની ભેટ ધરી દીધી. જે તે સંસ્થા કે સંકુલોના પ્રતિનિધિઓએ જ્યારે સ્વામીશ્રી પાસેથી આ ઉપહાર ભારોભાર કૃતજ્ઞતા સાથે સ્વીકાર્યા ત્યારે સ્વસ્થ ગુજરાતના નિર્માણ માટે સ્વામીશ્રીએ ભરેલાં આ પગલાંને પ્રજાએ પ્રચંડ જયજયકારથી વધાવી લીધું.

આ ઉપરાંત સંસ્થા-સંચાલિત સાત હૉસ્પિટલો અને નવ ચલ-

ચિકિત્સાલયો દ્વારા આ વર્ષના પ્રારંભ સુધીમાં ૧૭,૩૬,૮૬૩ દર્દીઓની સારવાર થયેલી. તેની સાથે સમયાંતરે યોજાતા રહેલા રક્તદાન યજ્ઞોના નેજા હેઠળ ૨૬,૬૩,૦૦૦ સીસીનું વિશ્વવિક્રમી રક્તદાન પણ એકત્રિત થયેલું. આ વિગતોયે જનતાના જયનાદની અધિકારી બની રહી.

આ જયઘોષના પડઘા હજી ડૂબ્યા નહોતા ત્યાં જ સભાગૃહમાંથી ઉતારે પધારેલા સ્વામીશ્રીએ આજે ભોજન ગ્રહણ કરતાં પૂર્વે એક ગ્રામીણ અગ્રણીને ફોન જોડી જણાવ્યું કે "દશેરાને દિવસે બકરું હોમવાની વાત જાણવા મળી છે તે તમારા સમાજે કર્યું છે?... તો તમારે એમને સમજાવવું જોઈએ ને! તમે અત્યાર સુધી સમજાવતા આવ્યા છો, તો સમજાવો ને કે 'આ થવું જ ન જોઈએ.' સમાજને સમજાવો કે 'અત્યાર સુધી આ પાપ થયું નથી ને હવે કરવું નથી.' સમાજના મોટેરા બધા ભેગા મળીને ઠરાવ કરો. જીવની હિંસા તો થાય જ નહીં. મહાપાપ છે. ઊભી કરેલી હોય તો બંધ કરવાની વાત છે. આશીર્વાદ છે. તમને બળ મળે ને તમારા દ્વારા સારું કાર્ય થાય."

એક ગામમાં ધર્મના નામે ઘૂસી ગયેલો હિંસાનો અનાચાર આ ભલામણ દ્વારા અટકાવીને સ્વામીશ્રી ભોજન લેવા બિરાજ્યા. તેઓ દ્વારા સનાતન સંસ્કૃતિનું એકેએક અંગ પુષ્ટિ પામતું રહેતું.

## આ દુઃખ અપરમપાર

*'પ્રિયજનહિત શ્રીપુરે પધાર્યા, દરશન દૈ દિલ હર્ષ તો વધાર્યા...'*ની અનુભૂતિથી અમદાવાદને એક મહિના સુધી તરબોળ કરી સ્વામીશ્રી તા. ૩૦/૮ની બપોરે અટલાદરા પધાર્યા.

આ અરસામાં તેઓ ચાતુર્માસ નિમિત્તે યોગીજી મહારાજના જીવન-ચરિત્રનું શ્રવણ કરી રહેલા. તેઓનાં ભ્રમણ અને ભોજન દરમ્યાન વંચાતા આ ગ્રંથમાં આજની સાંજે યોગીજી મહારાજની અંતર્ધાન લીલાનો પાઠ થયો. તે સાંભળતાં જ સ્વામીશ્રીનું હૈયું ભરાઈ આવ્યું. આંખોમાં અશ્રુબિંદુ બાઝી ગયાં. તેઓ ભ્રમણ પણ પૂરું ન કરી શક્યા અને પાંચ મિનિટ વહેલા ઓરડામાં પ્રવેશી ગયા. અહીં પણ તેઓએ પલંગ પર બેસતાં જ આંખો લૂછવા સેવક પાસે ટિસ્યૂ પેપર માંગ્યું.

દારુણ દુઃખો અને અસહ્ય અપમાનોને ક્ષણાર્ધમાં ભૂલી જતા સ્વામીશ્રી ગુરુજનોની ચિરવિદાયને કદી ભૂલી શક્યા નહોતા. તેથી જ *'સંકટ બીજાં*

*સાંખીયે, પણ આ દુ:ખ અપરમપાર...'*ની જેમ જ્યારે જ્યારે તેઓના કાને શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજનાં ધામગમનની વાત સંભળાતી ત્યારે ત્યારે તેઓ ઘેરી ગમગીનીમાં સરી પડતા.

## આ રસ્તો એકંદરે નુકસાનનો છે જ

સ્વામીશ્રીની અવિરત પ્રાર્થનાના પ્રતાપે હવે વરસવા માંડેલો વરસાદ તા. ૩/૯ની સાંજે તો જબરું જોર બતાવી રહેલો. તે જોઈ રીઝેલા સ્વામીશ્રી પણ આજની રાત્રે કટકો ધારણ કરી નાની અગાશીમાં જઈ પહોંચ્યા. અત્રે તેઓ બારીના છજ્જા પરથી પડતી પાણીની ધાર નીચે ઊભા રહી બંને હાથ મસ્તકે, ખભે, મુખે, ઉદર પર અને છાતીએ ફેરવતાં સ્નાન કરવા લાગ્યા. તે સાથે જ 'મહારાજ! ના'વ... સ્વામી! ના'વ... શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ! ના'વ...'ના ઉદ્‌ગારો અને સર્વત્ર સારા વરસાદની પ્રાર્થના પણ તેઓના મુખેથી સરતાં રહ્યાં.

આ રીતે થોડી વાર સુધી વરસાદની ધારાઓ ઝીલી તેઓ ઓરડામાં પ્રવેશતાં બોલ્યા: 'વાહ, બહુ સરસ સ્નાન થઈ ગયું!'

તેઓના આ શબ્દોમાં વરસાદ પડવાથી પ્રજાને પહોંચેલી રાહતનો આનંદ ડોકાઈ રહ્યો.

આ વરસાદી વાતાવરણમાં જ સ્વામીશ્રીએ તા. ૪/૯ની સવારે ઝરડકા અને દેવગઢ બારિયાનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

આ અવસરને અનુસરતાં તેઓએ તા. ૬/૯ની સાયંસભામાં કિશોર દિન નિમિત્તે કિશોરોને બળપ્રેરક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું:

''મહાન પુરુષો કહે છે કે કુસંગ કરવાથી માણસ બધી રીતે હેરાન, પરેશાન અને દુ:ખી થાય છે. કેટલીક વખત એમ થાય કે 'હું તો મક્કમ છું. મને વાંધો ન આવે.' પણ કુસંગ આપણને કોઈ દિવસ શુદ્ધ રહેવા જ ન દે.

પરદેશમાં દસ-પંદર યુવકો અમારી સાથે ફરવા આવેલા. ત્યાં લાસવેગાસ આખું સિટી જ જુગારખાનું. છોકરાઓને પહેલેથી કહેલું કે 'શહેર જોવું છે તો વાંધો નથી, પણ કેસિનો(જુગારખાનાં)માં જશો નહીં.' તેઓ 'ના, સ્વામી! નહીં જઈએ, અમે તો બધું જોઈને પાછા આવતા રહીશું,' કહી ગયા. પણ પછી જોતાં જોતાં મન લલચાયું કે 'અંદર કેવું છે? લાવો ને જોઈ આવીએ!' તે જોવા પેઠા. જોતાં જોતાં 'કેવી રીતે રમાય છે' એ જોવા મંડી

પડ્યા. પછી કોઈએ પચાસ, તો કોઈએ સો ડૉલર મૂક્યા.

એટલે કહેવાનું શું કે આવી દૃઢતાથી કહ્યું હોય તોપણ આવું થઈ જાય ! એટલે એ રસ્તે જવાનું જ નહીં. આ રસ્તો એકંદરે નુકસાનનો છે જ ! એની અંદર તો જ્યારે સાચા પુરુષ મળે ત્યારે દૃઢતા બરાબર કરાવે.

આપણા સત્સંગી ધીરુભાના મોટા દીકરા પ્રવીણભાઈ કસ્ટમ ખાતામાં હતા. દાણચોરો સોનાની પાટો, ચાંદીની પાટો ને ઘણી વસ્તુઓ લઈને જતા હતા. એને એણે પકડ્યા. કરોડોનો માલ એમાં હતો. પેલાને ઑફર થઈ કે 'તમે મૂકી દો. કરોડ રૂપિયા આપીએ.' પ્રવીણભાઈ કહે, 'હું દેશને માટે છું. આ રીતે મારીથી લાંચ લેવાય નહીં.' જે પકડી લીધું એ સરકારમાં જમા કરાવી દીધું.

મહારાજના વખતમાં અને ત્યારપછી આ સત્સંગમાં લોકોએ સત્સંગ બરાબર સાચવ્યો છે. દુઃખમાં, સુખમાં, પૈસા મળ્યા તોપણ અને ના મળ્યા તોપણ સત્સંગ સાચવ્યો. આવા આપણા સત્સંગમાં દાખલા છે. આવા પ્રસંગો બનશે આપણા જીવનમાં. તે ઘડીએ સત્સંગ શિર સાટે આપણે હોવો જોઈએ. વાત કરવાથી વડા ન થાય. એકધારી એક રહેણી-કહેણી હોવી જોઈએ."

જી હા, જીવનમાં એકધારાપણું એ સ્વામીશ્રીની મનપસંદ વાત ! એટલે જ અહીં રહેતા દેવસ્વરૂપદાસ સ્વામી માટે તેઓ ગઈકાલે ઊલટભેર કહેવા માંડેલા કે 'બાસઠ વર્ષથી એકધારું જીવન છે. યોગીજી મહારાજે સાધુ કર્યા ત્યારથી ત્યાગ-વૈરાગ્ય, કથા-વાર્તા, સેવામાં ફેરફાર નહીં. ચડ-ઊતર નહીં. કોઈની સામું જોવાનું નહીં. પોતાની સેવા ભલી ને ભક્તિ ભલી !'

*'નિજ જન કે ગુન કે તુમ ગ્રાહક...'* એ સ્વામીશ્રીની ઓળખ. તેથી તેઓ મોકો મળ્યે સંતો-ભક્તોનાં ગુણગાન ગાવાનું કદી ન ચૂકતા.

## વચ્ચે જે મહાત્મા છે તેને કાઢો

તા. ૮/૯ની સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે પધાર્યા ત્યારે તેઓના આસનની પાસે ઘરમંદિર હોય તેવું એક સિંહાસન ગોઠવાયેલું. તેમાં રહેલી મૂર્તિઓને જોતાં જ સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'આ બાજુમાં સિંહાસન છે તે કોનું છે ? જેનું હોય તેને બોલાવો. એને સમજ પાડીએ કે વચ્ચે જે મહાત્માને (પોતાના ફોટાને) બેસાડ્યા છે તેને કાઢો. વચ્ચે મહારાજની મૂર્તિ હોય ને ગુરુઓ હોય તો મહારાજની સાથે મુખ્ય ગુરુ (ગુણાતીતાનંદ સ્વામી) વચ્ચે

હોય. બીજા આજુબાજુ.'

સ્વામીશ્રીએ દર્શાવેલી આ નારાજગી બાબતે સ્પષ્ટતા કરતાં એક સંતે કહ્યું કે 'સ્વામી! આ સિંહાસન કોઈ ઘરમંદિરનું નથી. આ તો કેવળ સુશોભનના હેતુથી છાત્રાલયના વિદ્યાર્થીઓએ બનાવ્યું છે. થર્મોકોલનું છે.'

'તો પણ એને કહેવું કે ફરી વાર ધ્યાન રાખે. આપણો જે સિદ્ધાંત છે એ પ્રમાણે થવું જોઈએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તકલાદી કામમાં પણ તેઓ સિદ્ધાંતની મજબૂતાઈ તો લેશ ઘટવા ન દેતા.

આવા જાગરૂક સ્વામીશ્રી પાસે આ અરસામાં શ્રાવણ માસ સમાપ્ત થતાં ગામોગામથી સંતોનાં વૃંદ આવવા માંડેલાં. તેઓને જોઈ હરખાતા સ્વામીશ્રી દરેક પાસેથી વિચરણની વિગતો મેળવતા.

આ રીતે સૌના કોડ પૂરા કરતા તેઓ તા. ૧૧/૯ની સવારે પૂજાથી પરવારી મંદિરના ચોકમાં આવ્યા ત્યારે અહીં જંબુસરની ભૂંગળ મંડળી તેઓ સાથે સમૂહછબી પડાવવા આતુર હતી. તેઓને સ્વામીશ્રીએ ગાડીમાંથી ઊતરતાં ઈશારા દ્વારા વાજિંત્રો વગાડવાનો આદેશ આપ્યો. તે સાથે જ ઝાંઝ, ભૂંગળ, ઢોલક વગેરે વાદ્યો ગુંજવા લાગ્યાં. સ્વામીશ્રી પણ આ મંડળી વચ્ચે ઊભા રહી બે હાથની મુઠ્ઠીઓ વાળતાં હાથ ઊંચા કરી ઝાંઝ વગાડતા હોય તેવો અભિનય કરવા માંડ્યા. તે જોઈ સંતોએ તેઓને મૂર્તિમાન ઝાંઝ ધરી ત્યારે પ્રથમ તો તે પકડવા બાબતે સ્વામીશ્રીએ આનાકાની કરી, પરંતુ પ્રેમાગ્રહ થતાં તેઓ હાથમાં ઝાંઝ લઈ તાલમાં વગાડવા લાગ્યા. આ બ્રહ્મનાદ સાંભળી આસપાસથી ખેંચાઈ આવેલા સંતો-ભક્તો વડે થોડી વારમાં તો પ્રાંગણ ઊભરાઈ ગયું.

આ આનંદના સૂર આજની સવારે સ્વામીશ્રી મહેળાવ પધારતાં અહીં પણ રેલાવા લાગ્યા. અત્રેથી તા. ૧૨/૯ની સાંજે આણંદને લાભ આપી પુનઃ મહેળાવ પધારેલા તેઓ રાત્રિભોજન લઈ રહેલા ત્યારે એક સંતે પૂછ્યું: 'બાપા! હું સાધુ થયો ત્યારથી મંગળા આરતી એક પણ ચૂક્યો નથી, પણ ચેષ્ટા બોલવાની ક્યારેક રહી જાય છે, તો શું કરવું?'

'ઉપવાસ કરી નાખવો.' સ્વામીશ્રીએ જણાવી દીધું.

શિથિલતા ખંખેરવામાં તેઓ સહેજ પણ ઢીલાશ ન દાખવતા.

## આપણી રીત આ નથી

તા. ૧૩/૯ની સવારે મહેળાવથી વિદાય લઈ નડિયાદમાં પ્રવેશેલા

સ્વામીશ્રી અહીં ડભાણ રોડ પર નિર્માણ પામેલા એસ. જી. બ્રહ્મભટ્ટ બધિર વિદ્યાવિહારનું ઉદ્‌ઘાટન કરી મંદિરે પહોંચ્યા.

અત્રે પણ ખેડા જિલ્લામાં શ્રાવણ-વિચરણ કરનારા સંતોનો સંઘ ઘણો મોટો હતો. તેઓ પાસેથી પારાયણ અને પધરામણીઓનો અહેવાલ સાંભળી સ્વરુચિ પ્રગટ કરતાં સ્વામીશ્રી આજની બપોરે બોલ્યા :

'હરિમંદિરો થયાં, પણ તેમાં હરિભક્તો રોજ દર્શને આવે, સવાર-સાંજ કથા થાય તે કરવું જોઈએ. સંતો ના હોય તોય કથા વાંચે, ચેષ્ટા બોલે ને ઘેર જાય, એવું કરી નાખવું. ચેષ્ટા બોલવામાં ક્યાં મોટી વાત છે? અમથા બહાર જઈને તડાકા મારતા હોય. આ તો ટેવ પાડવાની વાત છે. એ રીતે એક પ્રવર્તન જ કરવાનું છે. જૂના હરિભક્તોને આ ટેવ હતી. સંતો ન હોય ત્યારે પણ રોજ મંદિરે આવે.'

*'સત્સંગ વધે ઠામોઠામ, એ જ છે આપણું મુખ્ય કામ...'* માનતા સ્વામીશ્રી મંદિરો બાંધી-બંધાવીને તેને જાગતાં-ગાજતાં રાખવાની તકેદારી પણ લેતા.

આ ક્રમમાં તેઓ તા. ૧૪/૯ની સવારે નડિયાદમાં નિર્માણાધીન શ્રીહરિ સ્મૃતિમંદિરના નિરીક્ષણ માટે જઈ પહોંચ્યા. આ મંદિરની સમીપમાં જ ત્રણ માળની શાળાના સંકુલનું નિર્માણ પણ ચાલી રહેલું. સંસ્થા દ્વારા નડિયાદની નગરપાલિકાને સમર્પિત થનારા આ વિદ્યામંદિરને સ્વામીશ્રીએ પગલાં પાડી પ્રસાદીભૂત કર્યું.

તે પછી આજની સાયંસભામાં 'તું દિન કહે તો દિન' વિષયવસ્તુ આધારિત કિશોરોની પ્રસ્તુતિના અનુસંધાનમાં અમૃતધારા વહાવતાં તેઓએ કહ્યું : ''કિશોર મંડળે બહુ સારા નિયમ લીધા છે, પણ હવે એ નિયમની અંદર જો એક નિયમ રહી ગયો હોય તો એ નિયમ લેવાનો કે 'જ્યાં સ્ત્રી-પુરુષ મર્યાદા સચવાતી ન હોય એવા ગરબામાં આપણે જવું નથી.' આ નિયમ જો ન લખાયો હોય તો લખી જ લેજો. ખાસ આ કિશોરોને આજ્ઞા છે અને યુવાનોને પણ આજ્ઞા છે ને આપણા હરિભક્તો બધાને આજ્ઞા છે. અત્યારે ગરબા એ ગરબા રહ્યા નથી. નાચ-કૂદ ને ડિસ્કો-ડાન્સ એવું બધું ચાલે છે. એમાં જઈને શું પ્રાપ્ત કરવાનું? માટે આપણે ભગવાન આગળ ભજન-કીર્તન કરવાં. એ નવરાત્રિ આપણે કરો. તે નિયમ બધા કિશોરોય રાખે, બાળકો રાખે અને બધા હરિભક્તો પણ રાખે. નાના-મોટા બધાને આજ્ઞા છે, તો આ પ્રમાણે

સાચવજો એટલે સુખિયા થવાશે.''

આટલો હિતોપદેશ આપી તા. ૧૫/૯ના રોજ નડિયાદથી નીકળેલા સ્વામીશ્રી પુરુષોત્તમપુરા અને ધોળકાને લાભ આપતાં તા. ૧૬/૯ની સાંજે સારંગપુર પધાર્યા.

અત્રે તેઓને વિદ્યામંદિરના બાળકોએ બૅન્ડવાદન કરી આવકાર્યા. આ ભોળું સ્વાગત સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરમાં શયન આરતી ઉતારી નીચે પધાર્યા ત્યારે પણ આ વિદ્યાર્થીઓએ કદમતાલ સાથે બૅન્ડ બજાવી સ્વામીશ્રીને સલામી આપી. તે વખતે સ્વામીશ્રી બાળકોને હાથ જોડતાં બોલ્યા: 'હાથ જોડો. આપણી રીત આ (સલામી આપવાની) નથી.'

સંસ્કૃતિની અસલિયતને તેઓ કદી ભુલાવા ન દેતા.

## આપણે સિંહ બચ્ચા છીએ

સારંગપુરની આગવી ઓળખ સમા જળઝીલણી ઉત્સવનાં વાજાં તા. ૧૭/૯ની સવારથી બજી રહેલાં. તેની વચ્ચે સ્વામીશ્રીએ ઉતાવળી નદીનાં નીરમાં તૈયાર કરેલા કમલાસન પર બિરાજી આ સમૈયાનો પરંપરાગત વિધિ કર્યો. તે પછી તેઓએ નદીમાં નૌકાવિહાર અને સ્નાન કરી સૌને સ્મૃતિજળથી ભીંજવી દીધા.

તેથી સૌ તરબતર હતા ત્યાં જ તા. ૧૯/૯ની સવારે શાસ્ત્રીજી મહારાજના ઓરડે દર્શન કરવા પધારેલા સ્વામીશ્રી સમક્ષ પુણ્યકીર્તનદાસ સ્વામી શાસ્ત્રીજી મહારાજનું વાક્ય બોલ્યા કે 'જો આજ્ઞા, ઉપાસના, સંપ, સંગઠનભાવ રાખો તો જગમાં જયજયકાર થશે.'

આ આહ્‌વાન ઝીલતાં સ્વામીશ્રી પણ ઉચ્ચર્યા: 'વાહ... જગમાં જયજયકાર કરો.'

'થઈ ગયો !' સંતો બોલ્યા.

પરંતુ તે સાંભળી પોતાના બે હાથ ખભા સુધી ઊંચા કરી સ્વામીશ્રીએ જણાવ્યું: ''ના, થઈ ગયો નથી, હજી બાકી છે. 'થઈ ગયો' એમ સંતોષ નહીં માનવાનો. દેહપર્યંત કર્યે જ રાખવાનું. હજુ તો ઘણું બાકી છે. સંતોષ થઈ જાય એટલે થઈ રહ્યું ! ઇતિ (પૂરું) નથી આ !'

સત્સંગ-પ્રસારના વિષયમાં સ્વામીશ્રીએ કદી સંતોષનો શ્વાસ લીધો નહોતો. તેથી તા. ૧૯/૯ની સવારે પારાયણ બાદ પણ તેઓએ જોમવંતી

અમૃતધારા વહાવી દીધી કે –

"જે શૂરવીર માણસ હોય તે લડવા માટે નીકળ્યો હોય તો પહેલી પેટમાં કટારી મારી દે. પછી કોઈનો રોક્યો પણ રોકાય નહીં. એમ આપણે ભગવાનના ભક્ત થયા છીએ તો કામ, ક્રોધ, લોભ, મોહ, માન, ઈર્ષ્યા સામે આપણે લડવાનું છે. આ લડાઈમાં પાછા ન પડવું. જે દિ' મોળી વાત થાય તો ભંડાર તરફ જવાનું બંધ કરી દેવાનું. નમાલી વાત કરવા આપણે આવ્યા છીએ? આપણે સિંહ બચ્ચા છીએ. આપણે કંઈ બકરાં છીએ કે બેં... બેં... કરીએ? આપણાથી ના શું થાય? આપણે આપણા બળે ક્યાં કરવું છે? ભગવાનના બળે કરવું છે. આપણને તો કથા-વાર્તાય ફાવે ને ભજનેય ફાવે ને ગામડેય ફાવે ને આદિવાસીમાંય ફાવે ને ગમે ત્યાં જવાનું થાય તો તરત તૈયાર થઈ જવાય. કરવા મંડો તો બધુંય ફાવે. ઊભા થઈને તૈયાર થાવ તો ભગવાન સાથે ઊભા થાય. ભલે કોઈ નથી. હું એકલો છું તો એકલો. ભગવાન સાથે છે ને!

અહીંયાં હજારો માખીઓ બણબણતી હોય આપણા શરીર ઉપર. પછી માણસ ઢીલો થઈ જાય કે 'આટલી બધી માખીઓ અને હું એકલો? શું કરીશ?' પણ અલ્યા! તું એકલો નથી. એક આમ જ હાથ કર તો બધી માખીઓ ઊડીને હાલતી થાય. એમ ગમે તેવા સ્વભાવ, દોષ, પ્રકૃતિ છે પણ આપણે આમ જ કરવાનું! ભગવાનના બળે એના સામી ટક્કર લેવાની છે. ભગવાન આપણી રક્ષા કરે છે. તમારે લડાઈ લીધે રાખવાની છે. આપણાથી થાય એ તપ, વ્રત, દંડવત્, માળા, કથા-વાર્તા, ભજન, કીર્તન કર્યા જ કરવાનું. એની મેતે ઘસારો થશે. હિંમત વગરના થવું નહીં. સાવ ઉદાસ થઈને બેસી રહેવાય? આપણે ભગવાનના આશરે બેઠા છીએ તો આપણું કામ નહીં થાય? આપણે રડવાનું શું ને બડવાનું શું? બધું થઈ જશે. હવે તો આવ્યા છો તો યાહોમ કરીને પડો, ફત્તેહ છે આગે! મહારાજની દયાથી અંતઃશત્રુ નાશ થઈ જશે."

સ્વામીશ્રીના આજના એક-એક શબ્દે હેત, હૂંફ અને હામની ત્રિવેણી પ્રગટતી ગઈ.

તેથી તેઓની વાણીના વિરામ બાદ સંતોએ કીર્તન વગાડ્યું કે –

*'કષ્ટ ઉપાધિ ના લાગે ને દુઃખ ના લાગે માથે,*
*ઉમંગ અંતરમાં એ છે કે યજ્ઞપુરુષ છે સાથે...'*

આ પદ સાંભળતાં તો સ્વામીશ્રી સ્વયં રંગમાં આવી ગયા અને

તેઓએ શબ્દે-શબ્દે ભાવાનુરૂપ લટકાં કરતા રહી સમગ્ર સભાને આનંદમાં ગરકાવ કરી મૂકી.

## કિશોર કાર્યકરના અગિયાર શણગાર

તા. ૧૯/૯ની સાંજે સ્વામીશ્રી પાસે ભરૂચ, વડોદરા, નડિયાદ, આણંદ તથા સુરત શહેરની કિશોર પ્રવૃત્તિ સંભાળતા સંતોનું વૃંદ આવ્યું. તેઓએ અહીં યોજાયેલી એક શિબિરના આયોજનની વિગત જણાવતાં સ્વામીશ્રીને કાર્યકરો માટે તૈયાર કરેલું નિયમ-પત્રક પણ બતાવ્યું.

તેમાં આ અગિયાર નિયમો લખ્યા હતા :

૧. સવારે સાડા છ વાગ્યા પહેલાં ઊઠી જઈશ.
૨. તિલક-ચાંદલો કરીશ.
૩. પૂજા કર્યા બાદ માતા-પિતાને પંચાંગ પ્રણામ કરીશ.
૪. એક વચનામૃત અને પાંચ સ્વામીની વાતો નિત્ય વાંચીશ.
૫. 'સ્વામિનારાયણ પ્રકાશ'નું વાંચન કરીશ.
૬. 'પ્રવીણ' કક્ષા સુધી સત્સંગ પરીક્ષા આપીશ.
૭. થિયેટરમાં કે ટી.વી.માં ફિલ્મો જોવાનો ત્યાગ કરીશ.
૮. હોટલ કે બજારુ ખાણી-પીણીનો ત્યાગ કરીશ.
૯. મર્યાદાભંગ થતો હોય એવા ગરબા જોવા-રમવા નહીં જઉં.
૧૦. એકાદશી ફરાળી કે નિર્જળા કરીશ.
૧૧. જમતાં પહેલાં 'શ્રીમદ્...' શ્લોકનું ગાન કરીશ.

આ નિયમો એક પછી એક વાંચ્યા બાદ સ્વામીશ્રીએ કહ્યું : 'નિયમ બધા બહુ લે છે, પણ પછી તેનું ફોલો-અપ થાય છે કે નહીં તે ખબર નથી પડતી ! કરે કે ના કરે કોણ જુએ છે ?' આટલું બોલી તેઓ પુનઃ નિયમપત્રક વાંચવા લાગ્યા, ત્યારે સંતોએ જણાવ્યું : 'બાપા ! આમાંથી કોઈ પણ બે નિયમમાં આપ નિશાની કરી આપો, જેથી તે બે નિયમ તો દરેક કાર્યકર ફરજિયાત લે જ ! બીજામાં પોતાની શ્રદ્ધા પ્રમાણે કરે.'

આ સાંભળી સ્વામીશ્રીએ રુચિ પ્રગટ કરી કે "કિશોર કાર્યકર થયા એમને તો આ બધા જ નિયમ પાળવાના જ છે ! એને બીજી છૂટ નથી. ભૂલ થાય તો પ્રાયશ્ચિત્ત કરી લેવાનું, પણ નિયમ તો રાખવાના જ ! એમાં પછી બેમાં ટિક (નિશાની) કરીએ ને એ બે પાળીએ, પણ બીજામાં 'ચાલે છે જેમ

ચાલતું હોય તેમ' સમજીને ન પાળે તે બરાબર નથી."

સ્વામીશ્રી ઉદાર હતા, પણ ઢીલા નહીં. તેઓ ભૂલ માફ કરી શકતા, પણ ચલાવી ન લેતા.

## પ્રાઈઝના પ્રાઈઝના પ્રાઈઝ મળી ગયા

તા. ૨૨/૯ની સવારે સત્સંગિજીવન ગ્રંથના પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે અલમસ્તાઈના આસન પર બેસી અમૃતધારા વહાવતા હોય તેમ સ્વામીશ્રી બોલવા માંડ્યા કે –

'ભગવાન મળ્યા, સંત મળ્યા એની કિંમત છે. બાકી બધાં ફીફાં ખાંડવાની વાતો છે. મને બધા કહે છે, 'તમારે પેલો લેવાનો એવોર્ડ. નોબેલ પ્રાઈઝ તમને અપાવવો છે.' મેં કહ્યું, 'મને નોબેલ પ્રાઈઝના પ્રાઈઝના પ્રાઈઝ મળી ગયા. ભગવાન શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ બે મળ્યાં મને ! પછી મને બીજા કોના એવોર્ડ જોઈએ છે ? આપણને શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજના આશીર્વાદ મળી ગયા, આવી સેવા મળી ગઈ, આવા સંતો-હરિભક્તો બધા મળી ગયા, એથી મોટો શું લાભ છે આ દુનિયામાં ?'

ગુરુમાં ગુલતાન રહેતા સ્વામીશ્રીને પારિતોષિકોનો પરિમલ કદીયે આકર્ષી શક્યો નહોતો.

## કલ્યાણકારી કિલ્લોલ

તા. ૨૩/૯ની બપોરે સ્વામીશ્રી ભોજન કરવા બિરાજ્યા ત્યારે બે દિવસ બાદ શ્રીગણેશ પામનારી સંતોની ઉત્તરાખંડની યાત્રાના સંદર્ભમાં તીર્થસ્થાનો અને વ્યવસ્થાની સમજૂતી આપતી એક વીડિયો શરૂ થઈ; પરંતુ હજી તો તેનો પ્રારંભ થયો ત્યાં જ સ્વામીશ્રી હળવા સૂરમાં બોલ્યા : 'જનારા બધા જોઈ લ્યો, પછી જવું ન પડે.'

આવા જ હળવા મિજાજ સાથે સ્વામીશ્રી તા. ૨૪/૯ની બપોરે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે તેઓ સમક્ષ 'યજ્ઞપુરુષ સુખકારી' નૃત્યનાટિકાના કેટલાક અંશ રજૂ થવા માંડ્યા. તે પૈકી *'ગામે ગામે ઘૂમે સંતો...'* ગીતને તો તેઓએ ઊલટભેર પ્રતિસાદ આપ્યો. આ સમયે શાસ્ત્રીજી મહારાજના સંતોએ વેઠેલાં કષ્ટો કેવળ અભિનયરૂપે જ રજૂ થઈ રહેલાં. છતાં તે જોઈ ગ્લાનિસભર બની ગયેલું સ્વામીશ્રીનું મુખારવિંદ તેઓના હચમચી ગયેલા હૈયાની સાખ

પૂરી રહ્યું. નૃત્યનાટિકાની અભિવ્યક્તિમાં સ્વામીશ્રી એવા તે ઓતપ્રોત થઈ ગયા કે છાશ-રોટલો જમવાનો અભિનય કરતા સંતોને તો તેઓએ પોતાના થાળમાં મૂકેલું મિષ્ટાન્ન પીરસી દીધું! વળી, *'યજ્ઞપુરુષ છે સાથે...'* શબ્દના ગુંજન વખતે મુઠ્ઠી વાળીને ઊંચા થયેલા સ્વામીશ્રીના હાથમાંથી પ્રગટતો જુસ્સો અને *'પાંડવ સરખા પાંચ સંતો...'*ના ગાન સમયે હાથના પંજાની પાંચ આંગળીઓને પ્રદર્શિત કરતા સ્વામીશ્રીનો કેફ જોઈ સૌ અનેરી સુખાનુભૂતિ કરી રહ્યા.

આવા કલ્યાણકારી કિલ્લોલ બાદ બાથરૂમમાં પધારેલા સ્વામીશ્રી દેહક્રિયા કરી સ્ટોર રૂમ પાસે આવી ઊભા. અહીં આવતીકાલે ઊજવાનારા શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વ નિમિત્તે દૂધપાક પીરસવા તૈયાર કરેલી યંત્ર-રચના ગોઠવવામાં આવેલી. તેનું સ્વામીશ્રીના હસ્તે પૂજન થયા બાદ મોટા પાત્રમાં ભરેલો દૂધપાક યંત્ર દ્વારા પ્લાસ્ટિકની પાઇપમાં થઈને તેના છેડે જડેલી નાનકડી લોટીમાંથી ધારારૂપે બહાર આવ્યો. આ વખતે દૂધપાક લેવા સૌ કઈ રીતે આવશે અને સ્વામીશ્રીએ કઈ રીતે યંત્રનો હાથો પકડવાનો રહેશે તે દર્શાવવા સ્વામીશ્રીના હાથમાં જ તે હેન્ડલ આપવામાં આવ્યું. તેથી સામે પાત્ર લઈને ઊભેલા ભગવત્ચરણદાસ સ્વામી અને સર્વમંગલદાસ સ્વામીને બોલાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આવો, લ્યો! ધરો.'

આ આમંત્રણ ઝીલી સંતોએ પત્તર ધરતાં સ્વામીશ્રીએ બે-ત્રણ વાર દૂધપાક પીરસી છેલ્લે બંને સંતોનાં મસ્તકે દૂધપાકની પાતળી ધાર કરતાં જણાવ્યું: 'આપણો શ્રાદ્ધનો ઉત્સવ ઊજવાઈ ગયો, લ્યો.'

ઉત્સવનો આ આગોતરો આનંદ આપી સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

## શાંતિના સરોવરમાં પથ્થરનો પ્રહાર

તા. ૨૪/૯ની બપોરે વિશ્રામ બાદ સ્વામીશ્રી જાગ્યા ત્યારે તેઓના અમર સર્જન સમા અક્ષરધામમાં હજારો દર્શનાર્થીઓની ભીડ જામી હતી. તેમાંનું કો'ક મહારાજની મૂર્તિને મસ્તક ઝુકાવી વંદના કરી રહેલું, તો કો'ક નિરાળી પ્રદર્શન સૃષ્ટિમાંથી વહેતા સંદેશાની સુગંધને શ્વાસમાં ઘૂંટી રહેલું. કો'ક અક્ષરધામનું કલાસૌંદર્ય નીરખતાં મુગ્ધ બની ગયેલું, તો કો'ક આ રમણીય પરિસરની શાંતિ-સ્વચ્છતાને માણવામાં મશગૂલ હતું. સંકુલના ક્રીડાંગણમાં નિર્દોષ ભૂલકાંઓ કિલકિલાટ કરી રહેલાં, તો કેટલાક પ્રેમવતી ઉપાહાર ગૃહની

વાનગીઓનો આસ્વાદ મમળાવી રહેલા. ત્રણ-ચાર વર્ષના શિશુઓથી માંડી ૮૦-૮૫ વર્ષના વૃદ્ધો સુધી પથરાયેલા પ્રવાસીઓના એ પનામાં કોઈ પણ પુરુષ કે મહિલાના ચહેરા પર દુઃખની ઝાંય દેખાતી નહોતી, કારણ કે તેઓ સુખસિંધુ સમા અક્ષરધામમાં વિહરી રહેલા ને !

પરંતુ પોણા પાંચ વાગ્યાના એ સમયે અક્ષરધામના ત્રણ નંબરના પ્રવેશદ્વારથી થોડે દૂર એક સફેદ એમ્બેસેડર ગાડી આવીને ઊભી રહી. તેમાંથી ઊતરેલા બે લબરમૂછિયા યુવાનો પોતાનો પાગરણ જેવો સામાન બહાર કાઢી, જેકેટ જેવું પહેરી સજ્જ થયા, પણ એ યુવાનોએ મુખ્ય પ્રવેશદ્વારને બદલે ત્રણ નંબરનો દરવાજો કૂદી પરિસરમાં પ્રવેશવા પ્રયત્ન કર્યો.

આ રીતે ગેરમાર્ગે ધસી રહેલા એ યુવાનોને અક્ષરધામના સ્વયંસેવકે પડકારતાં જ તેઓના મોંની જગ્યાએ મશીનગન ઘૂરકવા માંડી ! તે સાથે અક્ષરધામના પરિસરમાં ઘૂસી ગયેલા આ યુવાનો બગીચામાં ઊભેલા ક્રીડાંગણ તરફ ધનાધન ગોળીઓ છોડતાં આગળ વધ્યા અને ક્ષણવારમાં તો અક્ષરધામના મુખ્ય ગમનપથ પર આવી ગયા. તેઓનું આ કાળું કરતૂત અને તે પાછળ છુપાયેલો મેલો ઇરાદો સૌની નજરે ચઢતાં જ ચારેકોર ચીસાચીસ અને નાસભાગ મચી ગઈ. નિર્દોષ પારેવાંઓને ચૂંથવા આવેલા રાની બિલાડાને જોઈ પંખીઓનો કલરવ ભયસૂચક કિકિયારીઓમાં ફેરવાઈ જાય છે તેવું જ અહીં બની રહ્યું !

## અક્ષરધામના આકાશમાં આતંકનો આતશ

માનવીની પીડાને જ પોતાના પાશવી આનંદનો વિષય બનાવી બેઠેલા આતંકવાદીઓ અક્ષરધામના ગમનપથ પર આગળ વધતાં પોતાના પ્રત્યેક પગલે ગોળીઓના વરસાદની વચ્ચે હેન્ડ ગ્રેનેડના કરા પણ વરસાવ્યે જતા હતા, પરંતુ તેઓની આ આગેકૂચને બુક સ્ટોલ પાસેના પોડિયમ પર ૭૦ વર્ષીય સ્વયંસેવક શ્રી સતુભા ઝાલાએ પડકારી. નિરપરાધ નાગરિકોનું લોહી રેડી રહેલા આ જુલ્મગારોને જોઈ ઊકળી ઊઠેલા એ કાર્યકરે એક આતંકવાદીને તો કેડથી ઝાલી હચમચાવતાં કહ્યું : 'આમ ક્યાં જાય સે ? હાલતીનો થા.'

નિઃશસ્ત્ર સ્વયંસેવકની આ હિંમત જોઈ ક્ષણવાર તો એ સશસ્ત્ર આતંકવાદી પણ ડઘાઈ ગયો હશે ! ઝનૂન અને નિષ્ઠાનો એ જંગ હતો.

પરંતુ આવી પડેલી આ અણધારી આફતને અળસાવવા બીજા

આતંકવાદીએ ગોળીઓનો મારો ચલાવતાં સ્વયંસેવકનો હાથ ચાળણી થઈ ગયો. તેથી તેઓની પકડ છૂટી અને બંને આતંકવાદીઓ નાના પોડિયમને વટાવી મુખ્ય સ્મારક તરફ આગળ વધવા માંડ્યા.

આ દરમ્યાન સલામતી વિભાગમાં ફરજ બજાવતા શ્રી હિતેશ પરમાર દ્વારા કલેક્ટર કચેરી અને પોલીસ થાણાને આ હિચકારી હુમલાની જાણ કરી દેવાઈ, તો જનસંપર્ક વિભાગમાં ફરજપરસ્ત શ્રી નિશિથ આચાર્ય દ્વારા પરિસરના તમામ પ્રદર્શન ખંડો અને મુખ્ય સ્મારકના સ્વયંસેવકોને ટેલિફોન વડે સૂચના જારી થઈ ગઈ કે 'તાત્કાલિક ધોરણે દ્વાર બંધ કરી દો.' તેથી બહાર ઊભેલા મુલાકાતીઓને અંદર લઈ ફટાફટ દરવાજા ભિડાવા માંડ્યા.

આ અગમચેતીને કારણે જ અક્ષરધામ સ્મારકનાં પગથિયાં ચડીને દરવાજા સુધી પહોંચી ગયેલા આતંકવાદીઓ મૂર્તિમંડપમાં પગલું ન મૂકી શક્યા. તે કારણે અંદર રહેલા દર્શનાર્થીઓ બચી ગયા.

પરંતુ શસ્ત્ર સામે સૂઝનો આ વિજય હજમ ન થતાં આતંકીઓ પોતાનો રોષ ગોળીઓ દ્વારા અક્ષરધામના તોતિંગ દરવાજા પર ઉતારવા લાગ્યા. એ દાઝની તીવ્રતા ઘણી હશે. તેથી છ ઈંચ જાડાં દ્વારને વીંધી આરપાર નીકળેલી એક ગોળી અંદર ઊભેલા સ્વયંસેવક શ્રી ખોડસિંહ જાદવના પગમાં કાણું પાડતી ગઈ. તેમ છતાંય આ પ્રહારો સ્મારકની સલામતીમાં તો છેદ-છિદ્ર ન જ પાડી શક્યા.

આ પીછેહઠથી ભુરાયા થયેલા આતંકવાદીઓ હવે પગથિયાં ઊતરતી વખતે અંધાધૂંધ ગોળીબાર કરતાં પ્રદર્શન ખંડોની પરિક્રમા તરફ વળ્યા. અહીં તેઓનો ક્રૂર પંજો પડ્યો – મલ્ટિમીડિયા થિયેટરના દરવાજા પર.

પરંતુ અક્ષરધામના સ્વયંસેવકો સંતોષ કુલકર્ણી અને સંજય ખમારની આપસૂઝે અહીં પણ આતંકવાદીઓને શિકસ્ત ખવડાવી. તેથી થિયેટરમાં બેઠેલા આશરે ૮૦ જેટલા યાત્રાળુઓના જાન સલામત રહ્યા. આ વખતે કદાચ એ આતંકીઓના મનમાં વિચાર ઝબકી ગયો હશે કે 'એક પણ હથિયારધારી સ્વયંસેવક ન ધરાવતા આ સંકુલમાં કયા કારણથી તેઓ પછડાટ ખાઈ રહ્યા છે !'

પરંતુ આ હારનો બદલો લેવા હવે લાલઘૂમ થયેલા તેઓની નજરે આ સમયે પ્રદર્શન ખંડ-૧ના નિર્ગમન દ્વારનો નકૂચો બહારથી ભિડાવેલો જોયો. આ બારણાને બહારથી બંધ કરી ગયેલા સ્વયંસેવકોએ આ પ્રદર્શન ખંડના પ્રેક્ષકોને સૂચના તો આપેલી કે 'આ દરવાજો તમે અંદરથી બંધ કરી દેજો,'

પરંતુ તેને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં ન લેવાની ભૂલનો ભોગ બનવાની ઘડી હવે આવી પહોંચી. આતંકવાદીઓના રક્તરંજિત હાથે એ દરવાજો ખૂલ્યો અને લવરીખોર મશીનગનમાંથી આડેધડ ગોળીઓ છૂટવા માંડી.

જો કે અહીં પણ અક્ષરધામના સ્વયંસેવકોની સમયસૂચકતાએ ઘણી જાનહાનિ અટકાવી દીધી. આતંકવાદીઓને પ્રદર્શન ખંડ-૧માં ઘૂસેલા જોઈને સ્વયંસેવક શ્રી જિતેન્દ્ર શાહે અહીં આવેલું ટૂંકા રસ્તાનું બારણું ખોલી નાંખતાં પાછલા બારણેથી ઘૂસેલા આતંકવાદીઓ સડસડાટ પ્રદર્શનના આગલા ભાગે પહોંચી ગયા. તેથી અંદરના મૂળ માર્ગે ઊભેલા આશરે દોઢસો દર્શકોના જીવ ઊગરી ગયા!

પરંતુ પ્રદર્શનના પ્રવેશદ્વારે પહોંચેલા એ લોહીતરસ્યા આતંક-વાદીઓએ અહીં મુકાયેલા જીવન ઘડતરના શિલ્પ પાસે જ અક્ષરધામના સેવાભાવી યુવાન શ્રી હિતેશ ધારીઆ પર ગોળીબાર કર્યો. તેથી લોહીલુહાણ થયેલો આ ફરજનિષ્ઠ સેવક ઢળી પડ્યો, પણ સદ્‌ભાગ્ય એ રહ્યું કે જીવલેણ ઈજા ન પહોંચી! લથડી પડેલા આ યુવકને છોડી આગળ ધસી ગયેલા આતંકવાદીઓએ અત્રે અન્ય કેટલાકને હિંસાની હોળીમાં હોમ્યા. ત્યારબાદ તેઓએ આ પ્રદર્શનના પ્રવેશદ્વાર પાસે જ બોંબ ફોડતાં ઘણા ઘવાયા.

આ રીતે હાહાકાર મચાવી એ બે હતભાગી ઇસમો પુનઃ પ્રદર્શન ખંડ-૧ના નિકાસ દ્વારેથી બહાર નીકળી પરિક્રમાની છત પર ચઢી ગયા અને અહીં એક જાળીયુક્ત પાળીની પાછળ છુપાઈ ગયા. તે સાથે જ પ્રદર્શન ખંડ-૧નું નિર્ગમન દ્વાર પણ સ્વયંસેવકે બંધ કરી દીધું, જેથી આતંકીઓ પુનઃ પ્રવેશ મેળવી તારાજી ન સર્જી શકે.

## પ્રતિકારની પ્રક્રિયાનો પ્રારંભ

અક્ષરધામના આંગણે માત્ર દસ-પંદર મિનિટમાં જ ખેલાઈ ગયેલા હિંસાના તાંડવનાચથી આ પરિસરમાં સર્વત્ર સન્નાટો અને સનસનાટીનો માહોલ પ્રવર્તી ગયો. અજ્ઞાત અવસ્થામાં ફંગોળાઈને જ્યાં-ત્યાં લપાયેલા દર્શનાર્થીઓનાં હૈયાં ઘડીએ ઘડીએ ધબકાર ચૂકતાં હતાં. ઘેર બેઠેલા તેઓના સ્વજનોનો જીવ પણ તાળવે ચોંટી ગયો. વાયુવેગે આ દુર્ઘટનાના સમાચાર પ્રસરવા માંડતાં આક્રોશ, અરેરાટી અને અનુકંપાનાં વમળોથી સમાજ ખળભળી ઊઠ્યો. અક્ષરધામનું વ્યવસ્થા તંત્ર અને સરકારી તંત્ર એકમેક સાથે

તાલ મિલાવતું આગળ વધવા માંડ્યું.

આ ક્રમમાં એસ.આર.પી., સી.આર.પી.એફ., સી.આઈ.એસ.એફ., બી.એસ.એફ. જેવી રાજ્ય અને દેશની સુરક્ષા સંસ્થાઓએ અક્ષરધામની ફરતે સજ્જડ ઘેરો ઘાલી દીધો, જેથી ત્રાસવાદીઓ છટકવા ન પામે. છતાં આતંકવાદીઓની સંખ્યા વિષે હજીયે અનિશ્ચિતતા પ્રવર્તતી હતી. વળી, વ્યૂહાત્મક સ્થાને સંતાઈને બેઠેલા એ આતંકીઓ પાસે રહેલા હિંસક સરંજામની અચોક્કસતા પણ તોળાઈ રહેલી. આવા કંઈક કારણોસર રાજ્ય સરકાર દ્વારા એન.એસ.જી.ના ચુનંદા જવાનોની સહાય માંગવામાં આવી. તે સ્વીકારતાં નાયબ વડાપ્રધાન શ્રી અડવાણી સ્વયં આશરે ૧૦૦ની સંખ્યામાં કમાન્ડોને લઈ દિલ્હીથી ઊડવા સજ્જ થઈ ગયા.

આ ગતિવિધિ દરમ્યાન સુરક્ષાકવચ પૂરું પાડી ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ દ્વારા તાબડતોબ સિવિલ હૉસ્પિટલમાં રવાના કરવાનું શરૂ થયું. જુદી જુદી જગ્યાએ ફસાયેલા યાત્રાળુઓને પણ સલામત રીતે બહાર કાઢવાની પ્રક્રિયા આરંભાઈ ગઈ. તેની સમાંતર અક્ષરધામની ચારે બાજુ માનવ મહેરામણ એકઠો થવા માંડ્યો.

કો'ક મદદરૂપ થવા, તો કો'ક પોતાનાં સગાંની ભાળ કાઢવા; કો'ક કુતૂહલવશ, તો કો'ક આ રાષ્ટ્રીય આપત્તિની રજેરજ વિગતો વીણવા ભીડ મચાવવા લાગ્યા. શાંતિના સરોવરમાં આજે થયેલો પથ્થરનો પ્રહાર કેટલીક આંખોમાંથી આગ વરસાવી રહ્યો, તો કેટલીક આંખોમાંથી આંસુ, કારણ કે અક્ષરધામ એ કોઈ ઇમારત નહોતી, પણ આ સ્થાન હતું – ગુજરાતનું ગૌરવ, હિંદુસ્તાનનું હીર અને સંસ્કૃતિની શાન. તેના પર આવી પડેલી આપત્તિથી પ્રત્યેક ભારતીયનું હૈયું આઘાત અનુભવી રહ્યું.

## મહા ધીર ગંભીર ગરવા

અક્ષરધામમાં ભડકી ગયેલા આતંકના સમાચાર તા. ૨૪/૯ની સાંજે આશરે પાંચેક વાગ્યે સ્વામીશ્રીને મળ્યા ત્યારે તેઓ નિજનિવાસમાં ભૂકંપ રાહત કાર્યની પુનર્વસન પ્રવૃત્તિ અંગે બેઠક ચલાવી રહેલા. તેની વચ્ચે આ ખેદજનક બાબત જાણી સ્વામીશ્રી બોલ્યા: 'ઠાકોરજીને પ્રાર્થના કરીએ કે વધુ હિંસા ન થાય, ખુવારી ન થાય અને એ (આતંકવાદીઓ) પકડાઈ જાય.' આમ કહી સ્વામીશ્રી નેત્રો મીંચી હળવા હાથે તાળી વગાડતાં ધૂન કરવા લાગ્યા.

વક્ષઃસ્થળ પર વજ્રાઘાતની ક્ષણે પણ તેઓના મુખમાંથી બળાપો, બેબાકળાપણું કે બદલો લેવાની ભાવના નહીં, પરંતુ પ્રાર્થના સરી પડી !

પ્રત્યાઘાત નહીં, પણ પ્રાર્થના દ્વારા જ વિપત્તિનો સામનો કરવા ટેવાયેલા સ્વામીશ્રીએ ધૂન બાદ ઈશ્વરચરણદાસ સ્વામી વગેરે જવાબદાર સંતોને તરત જ સારંગપુરથી ગાંધીનગર જવા આદેશ આપ્યો. તે અરસામાં જ મુખ્યમંત્રી શ્રી મોદીએ પણ ફોન દ્વારા સ્વામીશ્રીને દુર્ઘટનાથી માહિતગાર કરતાં કહ્યું: 'અમે લોકો જરૂરી પગલાં ભરી રહ્યા છીએ. આપ ચિંતા કરશો નહીં.'

આ સાંભળી સ્વામીશ્રીનો જે પ્રતિભાવ આવ્યો તેણે શ્રી મોદીને ચકિત કરી મૂક્યા. તેઓ આ ક્ષણને સંભારતાં તા. ૭/૧૨ના રોજ એક જાહેર-સભામાં બોલેલા: "હું એ પળ નહીં ભૂલી શકું જ્યારે અક્ષરધામ પર આતંક-વાદીઓએ હુમલો કર્યો. મેં પૂજ્ય પ્રમુખસ્વામીને ફોન કર્યો. મારા માટે એ પળ આશ્ચર્યજનક છે. સાચા સંત અત્યંત સ્વસ્થ હતા. ન કોઈ ઉચાટ હતો, ન કોઈ ઉકળાટ હતો. અક્ષરધામનું શું થશે ને કેમ થશે એવો એક પણ પ્રશ્ન એમણે મને પૂછ્યો નહીં! મને એટલું જ કહ્યું, 'તમારી તબિયત સાચવજો. તમે ચિંતા ન કરતા.' આવી પળોમાં સાચા સંતના મુખેથી જ આવા શબ્દો નીકળી શકે !"

હતપ્રભ કરી મૂકે એવો હુમલો પોતાના જ હૈયા પર થયો હોવા છતાં લેશ આકુળ-વ્યાકુળ થયા વિના સ્વામીશ્રી જે રીતે વર્તી રહેલા તેણે સ્થિતપ્રજ્ઞ શબ્દને પણ સાંકડો સાબિત કરી મૂક્યો, કારણ કે મુખ્યમંત્રીને જવાબી કાર્યવાહીમાં સફળતાના આશીર્વાદ આપી સ્વામીશ્રીએ સારંગપુરમાં એકત્રિત થયેલા ૩૦૦ સંતો તથા ૨,૦૦૦ હરિભક્તોને સ્મૃતિમંદિરે પ્રાર્થનામાં પરોવી દીધા. તે પછી પોતે ભૂકંપ રાહત સંબંધી વિચારણા તેમ જ સુરતમાં સંસ્થા દ્વારા નિર્માણાધીન હૉસ્પિટલ, છાત્રાલય તેમ જ હરિમંદિરના વિમર્શમાં પરોવાઈ ગયા !

અહો ! આ તે કેવો આત્યંતિક તફાવત !

એક તરફ જ્યારે પોતાના ઘરમાં ઘસી આવેલા માનવભક્ષી મહિષાસુરો કંઈક જિંદગીઓનો અકાળે અંત લાવવા હડિયાદોટી મચાવી રહ્યા છે, ત્યારે સ્વામીશ્રી અનેકને નવજીવન આપનારી એક નૂતન હૉસ્પિટલને ખડી કરવા પ્રવૃત્ત થયા !

એક તરફ જ્યારે હૈયું હચમચાવી મૂકે તેવી આપત્તિ પોતાના આંગણે ત્રાટકી છે, ત્યારે સ્વામીશ્રી ભૂકંપને કારણે હલબલી ગયેલાં કંઈક નિરાશ્રિતોનાં

ઘરોને સુસ્થિર કરવા તત્પર બન્યા !

એક તરફ જ્યારે પોતાના ઘરની દીવાલોને કુસંસ્કારી યૌવન લોહીના ડાઘાથી ખરડી રહ્યું છે, ત્યારે સ્વામીશ્રી અસંખ્ય યુવાનોનાં સ્વાસ્થ્ય, શિક્ષણ અને સંસ્કારની માવજત લેનારા એક નૂતન છાત્રાલયને સક્રિય કરવા પ્રવૃત્ત થયા !

એક તરફ જ્યારે પોતાના આંગણે આવેલા અતિથિઓને માથાફરેલ ઝનૂનીઓ બર્બરતાથી રહેંસી રહ્યા છે, ત્યારે સ્વામીશ્રી સ્નેહ, સહિષ્ણુતા અને સદાચારનો સંદેશ આપનારા એક નૂતન મંદિરને ઊંચું કરવા તત્પર બન્યા !

આફતના પહાડથી લેશ અવરુદ્ધ થયા વિના પૂરપાટ વહેતી રહેલી સ્વામીશ્રીની સમાજસેવાની આ ભાગીરથી જોઈ સૌ નતમસ્તક થઈ ગયા. પોતાના એક સર્વોત્તમ સર્જનને બાનમાં લેવાની પેરવીના સમયે પણ માનવ-કલ્યાણ માટે નવસર્જનની શૃંખલા સર્જી રહેલા સ્થિર-ધીર સ્વામીશ્રીને જોતાં સૌ વિચારી રહ્યા કે *'છે કોણ એવો નર આજ ટાણે...'*

## કોણ આપના સમાન સંકટ કાપે

સમાજસેવા સંબંધી મીટિંગમાંથી સ્વામીશ્રી પરવાર્યા ત્યારે આશરે પોણા સાત વાગ્યાના સુમારે તેઓને અક્ષરધામની ગતિવિધિ દર્શાવતી વીડિયો બતાવવામાં આવી. સારંગપુરના એક રહેવાસીના ઘેર ચાલતા ટી.વી.માંથી મુદ્રિત થયેલી એ દૃશ્યાવલીઓમાં ઘાયલ મુલાકાતીઓને જોઈ દ્રવી ઊઠેલા સ્વામીશ્રી બોલ્યા: 'આપણે ધૂન કરીએ. બધું શાંતિથી પતી જાય. કોઈ વધુ જાનહાનિ ન થાય. બધા આતંકવાદી હાથમાં આવી જાય. મહારાજની દયાથી સારું થશે.' આમ બોલતાં તેઓએ પુનઃ ચારેક મિનિટ સુધી ધૂન કરી.

ત્યારબાદ તેઓ નિત્યક્રમ અનુસાર સાંજે સાડા સાત વાગ્યે સ્મૃતિમંદિરે પધાર્યા. અહીં છેલ્લા દોઢેક કલાકથી ધૂન કરી રહેલા સંતો-ભક્તો સાથે સ્વામીશ્રી પણ તાળી વગાડતાં વગાડતાં પ્રદક્ષિણાઓ ફર્યા. તે પછી તેઓ ઉતારે પધારી સુરતના હરિભક્તો શ્રી લાભુભાઈ વગેરે સાથે એક વ્યાવહારિક ગૂંચ ઉકેલવા બેઠા !

પોતાના માથે પર્વત પડ્યો હોવા છતાં બીજાના માથેથી કાંકરીનો ભાર હટાવવા તત્પર બનેલા સ્વામીશ્રીની આ વર્તણૂકે પરગજુપણાને નવી ઊંચાઈ આપી દીધી.

આ મીટિંગ વખતે જ તેઓને નાયબ વડાપ્રધાન શ્રી અડવાણીએ

ટી.વી. પર કરેલા નિવેદનની વિગત જણાવવામાં આવી કે 'ત્રાસવાદીઓની ગોળીથી ૨૩ દર્શનાર્થીઓ માર્યા ગયા છે, ૧૦૦ ઘાયલ થયા છે અને ૫૦૦ વ્યક્તિને સહીસલામત બહાર કઢાઈ છે. કેટલા આતંકવાદી ઘૂસ્યા છે તે આંકડો હજુ ચોક્કસ થયો નથી, પણ તેઓ નાગરિકના પહેરવેશમાં છે તે જાણવા મળ્યું છે.'

આ વિગતથી વાકેફ થયેલા સ્વામીશ્રી પુનઃ પેલા હરિભક્તની સમસ્યા હલ કરવા પ્રવૃત્ત થયા! પોતાના ઘરમાં ફાટી નીકળેલા દાવાનળની ક્ષણે તેઓ ભક્તના ઘરનો ભડકો ઓલવવા લાગ્યા ત્યારે ગદ્‌ગદ થઈ ઊઠેલા એ ભક્તો ગાઈ ઊઠ્યા : *'કોણ આપના સમાન સંકટ કાપે...'*

આવી જ લાગણી આજે તારાપુરના હરિભક્ત શ્રી ભાઈલાલભાઈએ પણ અનુભવી. તેઓની એક વ્યાવહારિક સમસ્યાનેય સ્વામીશ્રીએ શાંતિપૂર્વક બેસી ઉકેલી આપી.

આ રીતે ન કેવળ સત્સંગીઓ, પરંતુ સ્વામીશ્રી અક્ષરધામમાં સંકટના સકંજામાં સપડાયેલાની પણ ચિંતા અહીં બેઠાં બેઠાં કરી રહ્યા.

અત્રે તેઓએ જ્યારે જાણ્યું કે 'મલ્ટિમીડિયા થિયેટર સિવાયનાં તમામ સ્થળેથી યાત્રાળુઓને સુરક્ષિતરૂપે બહાર લાવી દેવાયા છે, પણ આતંકવાદીઓ દ્વારા થઈ રહેલા બેફામ ગોળીબારને કારણે થિયેટરમાં પુરાયેલાને ત્યાં જ રાતવાસો કરાવવો પડશે.' ત્યારે સ્વામીશ્રીએ એ સંકટગ્રસ્ત સમૂહ માટે ખાણી-પીણીની તો પૂછપરછ કરી જ, પણ તેઓનાં શૌચાલયની વ્યવસ્થા બાબતેય વિશ્વવિહારીદાસ સ્વામીને પૂછ્યું. થિયેટરમાં તો આવી કોઈ સુવિધા નહોતી, પરંતુ સ્વામીશ્રીના સૂચનથી તાત્કાલિક ધોરણે આ સગવડ ઉપલબ્ધ કરી દેવામાં આવી! માનવ-જીવનની વેદના અને સંવેદનાને કેટલી સૂક્ષ્મતાથી સમજતા હતા સ્વામીશ્રી!

આમ, સ્થિરતાપૂર્વક સૌની સંભાળ લઈ રહેલા તેઓ સમાંતરપણે ગાંધીનગરના ઘટનાક્રમથી પણ ક્ષણે ક્ષણે માહિતગાર રહી માર્ગદર્શન આપતા હતા. ક્યારેક સંતોને, તો ક્યારેક શાસકોને તેઓ તરફથી મળતાં સૂચનો કેવાં મૂલ્યવાન હતાં તેનો સ્વાનુભવ વાગોળતાં મુખ્યમંત્રી શ્રી મોદીએ તા. ૨૭/૯ના રોજ એક ટી.વી. ઇન્ટરવ્યૂમાં કહ્યું :

'અક્ષરધામમાં જે ઘટના બની તેમાં મને સતત સ્વામીશ્રીનું માર્ગદર્શન મળતું રહ્યું. તેઓએ પ્રતિપળ મને આપેલી સલાહથી આ સંઘર્ષમાં મને બહુ

મોટી આધ્યાત્મિક તાકાત મળી, એક નવી શક્તિ મળી. જ્યારથી હું સમજતો થયો છું ત્યારથી પૂજ્ય પ્રમુખસ્વામીમાં મને શ્રદ્ધા છે.'

## શાંતિમય વાતાવરણ જાળવી રાખીએ

અક્ષરધામ પર થયેલા હુમલાને લક્ષમાં લઈ સ્વામીશ્રીએ તા. ૨૫/૯ના રોજ આવી રહેલો શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો સમૈયો પ્રાર્થના સભાના રૂપે કરવાનો નિર્ણય લીધો. તેની સાથે તેઓએ ઉત્સવ નિમિત્તે તૈયાર થયેલો ૩૦૦ મણ દૂધપાક આસપાસની શાળાઓ તથા અનાથાશ્રમોમાં વહેંચી દેવાનો આદેશ આપ્યો. વળી, તા. ૨૬/૯થી શરૂ થતી સંતોની યાત્રા પણ સ્વામીશ્રીએ મોકૂફ રાખી.

આ વખતે તેઓ પર સતત આવી રહેલા ફોનમાં વિવિધ ધાર્મિક, રાજકીય, સામાજિક સંગઠનોના અગ્રણીઓ સહાનુભૂતિ અને દિલસોજી પ્રગટ કરી રહેલા. તે ક્રમમાં રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે પણ જણાવ્યું કે 'અક્ષરધામમાં આતંકવાદી હુમલો થયો છે તે સાંભળીને મને ખૂબ જ દુઃખ થયું છે. અમે બધા આપની સાથે જ છીએ અને અમે આપને ટેકો આપીએ છીએ.'

પરંતુ આ કટોકટીભર્યા સમયે હિંસાના જવાબરૂપે પ્રતિહિંસા ફાટી ન નીકળે એ બાબતે સ્વામીશ્રી ખૂબ સતર્ક હતા. તેથી તેઓએ વરિષ્ઠ સંતો સાથે વિમર્શ કરી જાહેર જનતાને સંબોધતો એક શાંતિ સંદેશ લખાવ્યો કે –

> *'આ મહાપવિત્ર ધામમાં આતંકવાદીઓએ હુમલો કરીને નિર્દોષ દર્શનાર્થીઓ પર જે અત્યાચાર કર્યો છે તે અત્યંત દુઃખદ ઘટના છે. મૃત્યુ પામેલા યાત્રિકોના આત્માને ભગવાન સ્વામિનારાયણ શાંતિ આપે એ પ્રાર્થના કરીએ. તેમના સ્વજનોને આ દુઃખ સહન કરવાનું આત્મબળ ભગવાન આપે એ જ અભ્યર્થના. આવા દુઃખના પ્રસંગોમાં પરમાત્માની પ્રાર્થના અને તેમનું ભજન કરીએ એ જ શાંતિનો એકમાત્ર ઉપાય છે. આ દુર્ઘટનામાં વિશ્વભરમાંથી મહાનુભાવો અને તમામ લોકોએ ખૂબ સહાનુભૂતિ બતાવી છે એ સૌના અમે આભારી છીએ. આવા કરુણ પ્રસંગે આપણે સૌ એકબીજાને હૂંફ આપીએ. સંપ અને એકતા રાખીને શાંતિમય વાતાવરણ જાળવી રાખીએ. આવો ક્રૂર અત્યાચાર ક્યારેય, ક્યાંય પણ, કોઈના પર પણ ન થાય એ માટે પ્રાર્થના કરીએ.'*

સ્વામીશ્રીના આ નિવેદનનો શબ્દેશબ્દ તેઓની ઉદાર અને ઉદાત્ત

ભાવનામાં ઝબકોળાઈને નીકળ્યો. તેમાં સહાનુભૂતિની સુગંધ સાથે હુમલાખોરો તથા કાવતરાખોરોના મનમાં રહેલી હુલ્લડો ભડકાવવાની મેલી મુરાદને ધૂળમાં મેળવતી સમજદારીનું દર્શન છે. સ્વામીશ્રીની મતિમાં લઘુમતી કે બહુમતી નહીં, પણ સૌની સલામતી જ મુખ્ય મુદ્દો હતી. તેથી પોતાની અપીલને વર્તમાનપત્રો તથા ટી.વી. ચેનલમાં પ્રસારિત કરવાની સૂચના આપી તેઓ સંતોની વિનંતીથી ૧૦:૩૫ વાગ્યે શયનાધીન તો થયા, પણ પ્રજાનું દુઃખ અનુભવતા સ્વામીશ્રી આંખો મીંચી ન શક્યા.

## દેશની શાંતિના સંરક્ષક

તા. ૨૪/૯ની રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યે એન.એસ.જી.ના ૧૦૦ જેટલા નિપુણ અને નીડર જવાનો સાથે ભારતના ગૃહમંત્રી શ્રી અડવાણી અમદાવાદના ઍરપોર્ટ પર ઊતર્યા. આ કુમક પર દેશની પ્રજાને એટલું ગૌરવ અને ભરોસો હતાં કે તેઓ અક્ષરધામના આંગણે પહોંચ્યા ત્યારે એકઠા થયેલા નાગરિકોએ 'ભારત માતા કી જય'ના બુલંદ અવાજે તેઓને આવકાર્યા. પરંતુ ફરજને વરેલા આ સંત્રીઓને આટલા વહેલા અભિનંદન ખપતાં નહોતાં. તેથી તેઓએ આવીને તરત જ ગુજરાતની ત્રાસવાદ વિરોધી ટુકડીના વડા શ્રી વિપુલ વિજોય સાથે વિચારણા કરી પરિસ્થિતિનો તકાદો મેળવી લીધો. અક્ષરધામની પ્રતિકૃતિના આધારે પરિસરને પણ તેઓએ માપી-પામી લીધું.

આ દરમ્યાન સારંગપુરમાં રાત્રે સવા બાર વાગ્યે સ્વામીશ્રીના ઓરડામાં પ્રવેશેલા ડૉક્ટર સ્વામી તથા સંતોએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આવા તંગદિલીના વાતાવરણમાં આપ આવતીકાલે જાહેરમાં પૂજા કરવા ન આવો તો સારું. અહીં ઓરડામાં જ પૂજા કરી લેજો.'

આ પ્રસ્તાવમાં સ્વામીશ્રીએ મૂક સંમતિ આપી, પણ તરત જ પૂછ્યું: 'ઠાકોરજીનાં દર્શને પણ ન જઉં ?'

તેઓની આ પૃચ્છામાં જેટલી બાળસહજ નિર્દોષતા હતી તેટલી જ ભક્તિનિષ્ઠા પણ હતી. દેશ-કાળથી અબાધિત તેઓની આ ભક્તિના ઝળહળ તેજમાં સૌ અંજાઈ ગયા.

તે જ વખતે આશરે ૧૨:૩૫ વાગ્યાના સુમારે સ્વામીશ્રીના ઓરડામાં રહેલા ફોનની ઘંટડી રણકી. તેમાં આતંકવાદીઓની ગોળીથી અક્ષરધામમાં સેવા

આપતા પરમેશ્વરદાસ સ્વામી વીંધાઈ ગયાના સમાચાર મળતાં સ્વામીશ્રીએ ઊંડો ખેદ અનુભવ્યો, પરંતુ તે જ ક્ષણે તેઓની સ્થિર બુદ્ધિએ વિચારી પણ લીધું કે 'એક ભગવાંધારીનો ભોગ કદાચ સમાજની લાગણી ભડકાવશે.' તેથી સ્વામીશ્રીએ પોતે લખાવેલી શાંતિ અપીલ તાબડતોબ પ્રસાર માધ્યમોને પહોંચાડવાની સૂચના સંતોને આપી.

સંતાનતુલ્ય સંતના કરુણ અવસાનની ઘડીએ અને અડધી રાત્રે પણ દેશની શાંતિને અકબંધ રાખવા મથી રહેલા સ્વામીશ્રીની આ દેશસેવાનું મૂલ્ય સમાજ કેવી રીતે આંકી શકશે ?

દેશહિતનું આ પગલું ભરી પલંગ પર સૂતાં સૂતાં સ્વામીશ્રી આંખો પટપટાવી રહેલા ત્યારે પુનઃ ફોનની ઘંટડી રણકી. આ સમયે રિસીવર ઉઠાવતાં સામે છેડેથી વાત કરી રહેલા શ્રી અડવાણીએ એન.એસ.જી.ના જવાંમર્દો દ્વારા શરૂ થતા 'ઑપરેશન વજ્રશક્તિ'ની સફળતા માટે સ્વામીશ્રીના શુભાશિષ માંગ્યા. તેની સાથે તેઓએ આતંકવાદીઓને જેર કરવા બનતો બધો પ્રયત્ન કરવાની ખાતરી ઉચ્ચારી. તે સાથે જ રાત્રિના આશરે બે-એક વાગ્યાથી શરૂ થયો એક દિલધડક ખેલ.

## 'વજ્રશક્તિ'નો પ્રહાર

એન.એસ.જી.ના કમાન્ડોનું આગમન થયા પૂર્વે પરિસરની જમણી તરફ આવેલા બાથરૂમ પાસે સરકી ગયેલા ત્રાસવાદીઓ સુધી પહોંચવામાં મોટું નડતર રાત્રિના ઘાટા અંધકારનું હતું. વળી, ત્રાસવાદીઓ એવા સ્થાને હતા કે તેઓ જવાનોની ગતિવિધિ જોઈ શકે, પણ તેઓ અંધારામાં હોવાથી તેઓની હલચલ કળવી મુશ્કેલ હતી. આ ઉપરાંત લાંબા સમય સુધી ઝીંક ઝીલવા આતંકવાદીઓએ પ્રદર્શન ખંડની પાછળની બાજુએ આવેલી વૃક્ષોથી આચ્છાદિત પગરવાટ પાસે આશરો લીધેલો. અહીં ગાઢ વનરાજીને કારણે પણ ત્રાસવાદીઓને આંબવામાં તકલીફ પડે એમ હતું.

પરંતુ આફતોને ફેડવામાં કુશળ કમાન્ડો ચાલાકીપૂર્વક ચોક્કસ વ્યૂહ-રચના સાથે ગોળીબારો કરવા લાગ્યા. તેના વળતા પ્રતિભાવમાં આતંકીઓ તરફથી થતા ગોળીબાર પરથી તેઓનું અનુમાન લગાવતાં કમાન્ડો આગળ ધસવા લાગ્યા. પાંચ ટુકડીઓમાં વહેંચાઈ ગયેલા તેઓ ચારે બાજુના ઘેરાને વધુ ને વધુ કસવા માંડ્યા.

આ ઘેરો ઘાલવામાં પ્રથમ હરોળનું સ્થાન લીધેલું એન.એસ.જી.ના કમાન્ડોએ. તે પછી બીજી હરોળમાં રેપિડ ઍક્શન ફોર્સ, બી.એસ.એફ., એસ.આર.પી. અને એ.ટી.એસ.ના સૈનિકો હતા. રાત્રિના અંધકારમાં સમય પસાર કરતા રહી આતંકવાદીઓનો દારૂગોળો ખાલી કરાવવા માંગતા કમાન્ડો અને ત્રાસવાદીઓ વચ્ચે ખેલાઈ રહેલા આ ભીષણ સંગ્રામથી આખી રાત ગરજતી રહી. ક્યારેક ધાંય ધાંય ફૂટતી ગોળીઓના અવાજ, તો ક્યારેક કાને બહેરાશ લાવી દે તેવા બૉંબ ધડાકાના અવાજ વચ્ચે રાત્રિના પ્રહર વીતવા લાગ્યા.

આખરે જીવસટોસટના આ જંગમાં સવારે સવા પાંચ વાગ્યે પ્રદર્શન ખંડ-૩ની પાછળના માર્ગે ઝાડીમાં છુપાયેલા તહેરીક-એ-કસાસ જૂથના આતંકવાદીઓ ઠાર મરાયા. બ્રિગેડિયર શ્રી રાજ સીતાપતિના શબ્દોમાં કહીએ તો 'સૂરજનું પહેલું કિરણ અમારા માટે આશાનું કિરણ હતું, પણ ત્રાસવાદીઓ માટે જીવનના અસ્ત સમાન હતું.'

આતંકવાદીઓનો અંજામ લાવ્યા પછીયે કમાન્ડોએ સમગ્ર પરિસરમાં સંભવિત સ્ફોટક પદાર્થ કે આતંકીઓના સાગરીતોની સઘન શોધખોળ આદરી. તેમાં કશું વાંધાજનક હાથ ન લાગતાં તા. ૨૫/૯ની સવારે આતંકવાદ વિરોધી અભિયાનની સફળ પૂર્ણાહુતિ જાહેર થઈ. તે સાથે જ શાંતિના સરોવરમાં થયેલા પથ્થરના પ્રહારથી ઊઠેલા તરંગો શાંત થયા.

એ શાંત સરોવરમાં સ્નાન કરતા હોય તેમ એન.એસ.જી.ના કમાન્ડોએ વિજયી કાર્યવાહી બાદ અક્ષરધામમાં બિરાજમાન શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. 'વજ્રશક્તિ'ના પ્રહારની સફળતા બદલ આ પરમાત્માનો આભાર માની તેઓ સ્મારકની બહાર આવ્યા ત્યાં જ તેઓને સ્વામીશ્રીની કરુણાનો સ્વાદ ચાખવા મળ્યો.

રાત આખી માથે અને જાન હથેળીમાં લઈ ઝઝૂમનારા આ જવાનોને જમાડવાની સૂચના પોણા બસો કિ.મી. દૂર આવેલા સારંગપુરમાં રહ્યા થકા સ્વામીશ્રીએ આપેલી. તે અનુસાર આ કમાન્ડોને ગરમાગરમ પૂરી, શાક, ચા, બિસ્કિટ વગેરે પીરસાયાં ત્યારે તેઓ સ્વામીશ્રીની મમતાને મમળાવવા લાગ્યા. પોતાના ગળા હેઠે કોળિયા ન ઊતરે તેવા દુઃખદ પ્રસંગે પણ બીજાના કોળિયાની ચિંતા કરતા સ્વામીશ્રીની સ્થિર બુદ્ધિ અને સંવેદનશીલ હૃદયનો કોઈ તાગ ન કાઢી શક્યું.

# છે વિશ્વવ્યાપી શુભ જેનું નામ

અક્ષરધામ પર ત્રાટકેલા આતંકને વખોડતાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, હરિયાણા, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ, ઝારખંડ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક સહિત કંઈક રાજ્યોમાં વિવિધ સંગઠનોએ બંધનાં એલાનો જાહેર કરેલાં. પ્રચંડ જનમેદની ઠેર ઠેર શ્રદ્ધાંજલિ સભાઓ યોજી લોકલાગણી પ્રદર્શિત કરી રહેલી. આ હુમલાના વિરોધમાં ભારતીય જનતા મહિલા મોરચાના એક પ્રભારી શ્રીમતી દીપમાલા ગોયેલે તો કલેક્ટર કચેરી સામે અગ્નિસ્નાન કરી આક્રોશ વ્યક્ત કરેલો.

ભારતનાં મુખ્ય અખબારો સહિત લંડનના ધ ડેઈલી ટેલિગ્રાફ અને ધ ગાર્ડિયન, અમેરિકાના ધ ન્યૂયોર્ક ટાઈમ્સ તથા ધ વૉશિંગ્ટન પોસ્ટ, અખાતી દેશોના ધ ગલ્ફ ન્યૂઝ, ધ ખલીજ ટાઈમ્સ, આરબ ન્યૂઝ વગેરે વર્તમાનપત્રો તેમ જ સામયિકો પણ અક્ષરધામ પરના આતંકને મુખ્ય પૃષ્ઠો પર ચમકાવી રહેલાં. તેથી ભારત સહિત વિશ્વભરના નેતાઓ દેશમાં શાંતિની જાળવણી બાબતે સાશંક બનેલા. વળી, આ જ વર્ષે ગુજરાતમાં ભડકી ગયેલી ગોધરા કાંડની આગથી દાઝેલા માટે આ ઘટના જામગરીમાં તણખો પડવા જેવી બની શકવાની સંભાવના પૂરેપૂરી હતી.

એટલું જ નહીં, આ સમયે અક્ષરધામમાં પ્રવર્તેલા આતંક સામે વિશ્વભરના દેશોની સર્વોચ્ચ સરકારી કચેરીઓમાંથી વહી રહેલા સહાનુભૂતિના સૂરોએ પણ હુમલા પછીની પરિસ્થિતિને વધુ નાજુક બનાવી મૂકી.

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ શ્રી જ્યોર્જ બુશની લાગણીને વાચા આપતાં વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ નિવેદન જાહેર કરેલું કે 'The President condemns all terrorist attacks and this was a particularly deadly attack. We are shocked by horrific attack. We condemn the sensless violence.' – રાષ્ટ્રપ્રમુખે તમામ આતંકવાદી હુમલાઓને વખોડી કાઢ્યા છે અને ખાસ કરીને આ તો જીવલેણ હુમલો હતો. અમે આ ખતરનાક હુમલાથી ડઘાઈ ગયા છીએ. આ અવિચારી હિંસાની અમે ટીકા કરીએ છીએ.

બ્રિટનના વિદેશ મંત્રી શ્રી જેક સ્ટ્રોએ પણ અભિપ્રાય પ્રગટ કરેલો કે 'I am horrified by the attack on innocent civilians. Religion can

never be an excuse or justification for violence.' – નિર્દોષ લોકો પરના આ હુમલાથી હું ભયભીત બન્યો છું. હિંસા માટે ધર્મનું બહાનું ક્યારેય પણ યોગ્ય નથી.

અક્ષરધામની દિવ્યતાને માણી ચૂકેલા બ્રિટિશ રાજવી શ્રી પ્રિન્સ ફિલિપ માટે તો આ દુર્ઘટના અકલ્પનીય જ બની રહી. તેઓએ સ્વામીશ્રીને પત્ર પાઠવી જણાવ્યું કે *'મન એ માનવા તૈયાર થતું નથી કે શાંતિ અને સૌહાર્દના આવા પવિત્ર સ્થળે કોઈ નુકસાન પહોંચાડવાનો સંકલ્પ પણ કરી શકે!'*

આ ઉપરાંત ચીન, જાપાન, ફ્રાન્સ, જર્મની, નેપાળ, બાંગ્લાદેશ જેવા રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ પણ 'ધાર્મિક સ્થાન પર આવું હિંસક પાગલપણું તંગદિલી વધારનારું પુરવાર થશે... સમાજના ભિન્ન ભિન્ન વર્ગો વચ્ચે ઘૃણા ફેલાવવાનો આ પ્રયાસ છે. અમે તેને વખોડીએ છીએ...' જેવા લોકમત પ્રસારિત કર્યા. અક્ષરધામના હુમલા અંગે ઘેરા શોકની લાગણી પ્રદર્શિત કરનારાઓની આવી યાદી લંબાતી જ ચાલી.

આ અગાઉ ભારતમાં થયેલા આતંકવાદી હુમલાઓમાં ઘણા નિર્દોષોની જાનહાનિ થયેલી, પરંતુ ક્યારેય વિશ્વભરમાંથી આવા સહાનુભૂતિનાં પૂર ઊમટ્યાં નહોતાં. આ બાબત અક્ષરધામ અને સ્વામીશ્રીને *'છે વિશ્વવ્યાપી શુભ જેનું નામ...'* જેવા પુરવાર કરી રહી.

પરંતુ તેથી જ અક્ષરધામ પરનો હુમલો સૌનાં મનમાં વધુ ને વધુ વેદના સાથે અધિક અને અધિક આક્રોશ જન્માવતો હતો. અમુક સંગઠનો તો ઉપરીના એક ઈશારાની રાહ જોઈને જ બેઠેલા. કેટલાક તો વળતા પ્રતિકાર માટે સ્વયં સ્વામીશ્રી પાસેથી અનુમતિ માંગી રહેલા. જન-જનનાં હૈયે ભડકેલી પ્રતિશોધની આ પ્રચંડ જ્વાળાઓ જો પ્રગટ થઈ જાય તો તેને ઠારવાનું ગજું કોઈ પ્રશાસન પાસે નહોતું.

આમ, સમગ્ર રાજ્ય અને દેશ એક કટોકટીભર્યા સમયમાંથી ગુજરી રહેલાં, પરંતુ બન્યું સૌની ધારણાથી તદ્દન વિપરીત જ!

## ક્ષમાસાગરે ક્ષમા બહુ કીધી

અક્ષરધામ પર હુમલો થયાના પ્રત્યાઘાતરૂપે ભારતના એક પણ સંવેદનશીલ શહેરમાં વર્ગવિગ્રહ ફાટી નીકળ્યાની કોઈ જ ઘટના ન નોંધાતાં સમગ્ર વિશ્વ અત્યંત આશ્ચર્ય અનુભવી રહ્યું. બબ્બે દિવસના દેશવ્યાપી

સજ્જડ અને સ્વયંભૂ બંધના વાતાવરણમાં પણ વૈમનસ્યનાં વિષ પ્રસર્યા વિનાનો સંયમિત વિરોધ જોઈ દેશની સરકારે રાહતનો દમ તો લીધો, પણ આ શાંતિપૂર્ણ માહોલ તેના માટે સંશોધનનો વિષય થઈ પડ્યો. જો કે આ કૌતુકના અંકોડા ઉકેલવામાં તેને બિલકુલ તકલીફ ન પડી. ભારતની પ્રજાએ જ તે રહસ્ય ખુલ્લાં કરી આપ્યાં.

આ અરસામાં એક પ્રસિદ્ધ હિંદુ સંગઠનના નેતાએ સ્વામીશ્રીને કહ્યું: 'આ એવો પ્રસંગ હતો કે આપે માત્ર ઈશારો કર્યો હોત તો લોકો કંઈનું કંઈ કરી નાખત! પરંતુ આપની અપીલને કારણે ગુજરાત અને ભારતમાં આજે શાંતિ છે. અમને સૌને આપની ઠંડી શક્તિનો પરિચય થયો. આપની તપશ્ચર્યાના પ્રતાપે ભારતભરમાં શાંતિ રહી છે. બધા જ નાગરિકોએ સંયમ જાળવ્યો છે એનો યશ આપને છે.'

એક પ્રખ્યાત ટી.વી. ચેનલના ન્યૂઝ ઍડિટર અને કેળવણીકારે પણ પોતાનું અવલોકન રજૂ કર્યું કે 'આ ઘટનામાં બૌદ્ધિક વર્ગને સૌથી મોટું આશ્ચર્ય પ્રમુખસ્વામીના સમયોચિત સંયમનું છે. સામાન્ય રીતે પોતાના ઘેર આવી ઘટના બની હોય ત્યારે લોકો નિવેદનો પર નિવેદનો કરીને હીરો (લોકનાયક) થવાનો પ્રયત્ન કરે, જ્યારે પ્રમુખસ્વામી અને એમના સંતો નિવેદનો કે આક્રમકતાને બદલે મૌન જાળવીને લોકોની સેવામાં જ લાગેલા રહ્યા. આ એક અભિનંદનીય અભિગમ છે.'

આમ, ઉકસાવનારી એક ઘટના પછી પણ સમાજમાં જળવાઈ રહેલી શાંતિ માટે સૌ સ્વામીશ્રીને વધાઈ દેવા લાગ્યા, કારણ કે તેઓએ તા. ૨૪/૯ની રાત્રે લખાવેલી શાંતિ અપીલ બાદ તા. ૨૭/૯ની સવારે પણ ટી.વી. પર પ્રજાજોગ નિવેદન કરતાં જણાવ્યું કે –

'ભગવાન જે કરતા હશે તે સારું જ કરતા હશે – એ અમારી માન્યતા છે. અમારી એ દૃઢતા છે. એટલે આ જે થયું છે તે પણ અમારા હિતને માટે જ હશે, અમારા સારા માટે જ હશે અથવા અમને અંતર્દૃષ્ટિ થાય એના માટે પણ હશે! આ ઘટના બન્યા પછી દુ:ખ તો એ વાતનું છે કે નિર્દોષ માણસો જેઓ ખાસ દર્શન માટે આવેલા તેની હત્યા થઈ.

બીજું, એક ખાસ અપીલ કે અક્ષરધામમાં જે થયું છે તે પ્રસંગને નિમિત્ત કરીને ગુજરાતમાં કે ભારતમાં ક્યાંય પણ કોઈ પણ પ્રકારની અશાંતિ ન થાય અને દરેક જણ શાંતિ રાખે, કારણ કે જે થવાનું હતું તે થઈ ગયું.

એનો ઉકેલ તો ભગવાન જ લાવવાના છે. અમને ભગવાનમાં શ્રદ્ધા છે કે ભગવાન વહેલો-મોડો એનો ન્યાય આપશે. આપણા ભારત પર આતંકવાદ ચાલી રહ્યો છે એનું પણ નિરાકરણ એ કરશે એવી અમારી એક ભાવના છે. અમે ભગવાન પર એનો ન્યાય, એનું કાર્ય છોડ્યું છે. એટલા માટે જ અમે ગુજરાતની પ્રજા, ભારતની પ્રજાને એક જ અપીલ કરી છે કે ક્યારેય આ પ્રસંગ નિમિત્તે કોઈ ઉગ્રતા ન આવી જાય અને એકબીજાને અશાંતિ ઊભી ન થાય એ દરેક ધ્યાનમાં રાખી ભગવાનને પ્રાર્થના કરે.'

સ્વામીશ્રીના આ શબ્દો જ સૌની ઉગ્રતાને ઠારતા રહ્યા. તેઓને મળવા આવેલા સૌરાષ્ટ્રના એક ક્ષત્રિય સમાજે પોતે યોજેલી શ્રદ્ધાંજલિ સભાની વિગત જણાવી ત્યારે પણ સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'શાંતિની વાત જ કરજો. ઉગ્રતા ન આવે તે ખાસ જોજો.'

તા. ૨૫/૯ના રોજ આવેલા બોટાદના સુન્ની મુસ્લિમ જમાત, દાઉદી વહોરા જમાત વગેરેના દસેક મુસ્લિમ બિરાદરોને પણ સ્વામીશ્રીએ દિશા ચીંધી કે 'હવે અમારી ખાસ ભાવના છે કે કંઈ અશાંતિ થવી ન જોઈએ. સૌ હળી-મળીને ભાઈચારાથી રહો.'

આમ, વ્યક્તિગત અને સામૂહિક ધોરણે આતંકવાદી ઘટના પ્રત્યે રહેલા સ્વામીશ્રીના આ આગવા અભિગમથી પ્રભાવિત થયેલા પ્રબુદ્ધ નાગરિક શ્રી કૌશિકકુમારે તો ખ્યાતનામ અખબાર ટાઈમ્સ ઑફ ઇન્ડિયામાં લખ્યું :

*'અક્ષરધામ પર થયેલા હુમલાના પગલે પ્રમુખસ્વામી મહારાજે કોઈના પર દોષારોપણની રમત રમ્યા સિવાય હૃદયની જે ઉદારતા દર્શાવી છે તે અનેરી છે! અક્ષરધામ તેઓનું એક અમૂલ્ય, અત્યંત પ્રભાવશાળી અને સૌંદર્યવંતું સર્જન છે. છતાં તેઓ આ હુમલાની ઘટનામાં શાંત રહ્યા છે. તેમની આ સંતપ્રતિભા હૃદયને સ્પર્શી જાય છે. આ પાશવી ઘટનામાં ભોગ બનેલા લોકો પ્રત્યે તેમનું હૃદય કરુણાથી છલકાય છે.'*

વિખ્યાત વિવેચક શ્રી રઘુવીર ચૌધરીએ પણ પ્રતિષ્ઠિત ગુજરાતી સામયિક 'પરબ'માં 'કોમી રમખાણ જગાવવા ઇચ્છતા આતંકવાદીઓનું ધાર્યું ન થાય એ માટે' સ્વામીશ્રીએ આપેલા પ્રતિભાવના સંદર્ભમાં નોંધ્યું :

*'સુવિદિત છે કે શ્રી અક્ષર-પુરુષોત્તમ સંસ્થા વૈશ્વિક સ્તરે સંગઠિત છે અને પોતાના ધાર્મિક વડાને 'ગુરુહરિ'ની શ્રદ્ધાથી જુએ છે. એમની વાણીમાં આક્રોશનો એક પણ શબ્દ આવી ચઢે તો શું થાય એ કલ્પી*

*શકાય એમ છે, પણ આવા સંજોગોમાંય પ્રમુખસ્વામી મહારાજ અને એમના સંતોને મેં ગુસ્સે થતાં જોયા નથી. એમણે પ્રજાનું હિત વાંછ્યું. પ્રજાજનો પ્રત્યાઘાતમાં નહીં, પ્રાર્થનામાં જોડાય એવું આયોજન કર્યું. હિંદુ ધર્મની મૂળભૂત સહનશીલતા અને સહિષ્ણુતાની પ્રતીતિ કરાવી.'*

આમ, ગુજરાતમાં પહેલી વાર ત્રાટકેલા આતંકવાદી હુમલાને જે રીતે સ્વામીશ્રીએ નિપટાવ્યો તે જોઈને સર્વત્ર એક જ સૂર પડઘાતો રહ્યો:

*'ક્ષમાસાગરે ક્ષમા બહુ કીધી, એવો કોણ બીજો ક્ષમાનિધિ...'*

## સૌ સુખી તો આપણે સુખી

અક્ષરધામ પર થયેલા હુમલાના બીજા દિવસે અલ્પાહાર લઈ રહેલા સ્વામીશ્રીને એક મુમુક્ષુએ કહ્યું: 'સ્વામીજી! આપ અન્યથાકર્તું શક્તિ વાપરો, નહીંતર અક્ષરધામ જેવા ધર્મસ્થાન પર આવું થાય તેના કારણે શ્રદ્ધાળુઓની શ્રદ્ધા ડગી જશે.'

"ખરેખરો જેને નિશ્ચય છે તેને શ્રદ્ધા ડગતી નથી. આલતુ-ફાલતુ હોય તે બોલ્યા કરે કે 'તમારા ભગવાને શું કર્યું?' પણ શ્રદ્ધાવાળાને સંશય ન થાય.'

દૃઢતાની આટલી વાત ઠોસબંધ કરી શ્રદ્ધાનો સ્તંભ વધુ મજબૂત કરતાં સ્વામીશ્રીએ ઉમેર્યું:

'ભગવાન ને સંત આપણી સાથે છે, રક્ષા કરે જ છે! આવા પ્રસંગો તો શ્રીજીમહારાજ ને રામ ભગવાન, કૃષ્ણ પરમાત્માના વખતમાંય બન્યા છે. એટલે એ બધું દુનિયાના ક્રમ પ્રમાણે ચાલે છે, પણ આપણે શ્રદ્ધા, નિષ્ઠા ભગવાન પર રાખીને સેવા-ભક્તિ કર્યા જ કરવાનાં. ઢીલા નહીં પડવાનું કે 'આ થઈ ગયું. શું થશે?!"

'આપણી સંસ્થામાં ક્યાંય ફરી આવું થાય નહીં એવું કરજો.'

'ભૈ, આપણી નહીં, બધે આવું ન થાય. આપણે સંકોચવૃત્તિ ન રાખવી.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની આ જ વિશાળતા વધુમાં વિસ્તરી કે –

'આખી દુનિયામાં બધેથી આતંકવાદ દૂર થાય ને લોકો સુખી થાય. ભગવાન તેમને (આતંકવાદીઓને) સદ્‌બુદ્ધિ આપે ને તે સારી વૃત્તિવાળા થઈ જાય. સૌ સુખી તો આપણે સુખી. હું એકલો શાંતિ લઉં એવું તો બની શકે જ નહીં! તમે એકલા સારી રીતે જમતા હો ને પેલા બધા ભૂખે મરતા હોય તો

તેવા પાંચ-પચાસ ભેગા થાય એટલે તરત તમારા હાથમાંથી ઝૂંટવી લે. માટે બધાનું સારું થાય તો આપણું સારું થાય.'

સ્વામીશ્રીની આ ભાવના સૌ માટે હૃદયસ્પર્શી બની રહી.

આ વિચારને વશ વર્તતા તેઓએ ગઈકાલની આખી રાત્રિ સૌના શુભ માટે પ્રાર્થના કરતાં કરતાં જ પસાર કરેલી. ફક્ત અઢી-ત્રણ વાગ્યાથી ચાર - સાડા ચાર વાગ્યા સુધી જ સ્વામીશ્રી નિદ્રાધીન થયેલા. તેથી સૌએ અત્યારે વિનંતી કરી કે 'ઘડીક આરામ કરો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આરામ જ છે. તમારા બધાનાં દર્શન સારી રીતે થયાં એટલે આરામ થઈ ગયો ને!'

ઉપાધિ અને ઉજાગરા પછીયે આવી સ્વસ્થતા તથા પ્રફુલ્લિતતા સાથે તેઓએ સાડા દસ વાગ્યે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વની સભામાં પધારી ધર્મલાભ આપ્યો.

## आपके शब्द विशेष महत्त्व रखते हैं

તા. ૨૫/૯નો સ્વામીશ્રીનો સમગ્ર દિવસ સહાનુભૂતિ પાઠવતા ફોનને સાંભળવામાં જ વીત્યો. રાજકીય, ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, ઔદ્યોગિક વગેરે અનેક ક્ષેત્રના આમ આદમીથી અગ્રણી સુધીના સૌ તેઓ પ્રત્યે લાગણી વહાવતા રહ્યા. આ ક્રમમાં વડાપ્રધાન શ્રી બાજપાઈ પણ પોતાનો માલદીવનો વિદેશપ્રવાસ ટૂંકાવી આજે સીધા જ અમદાવાદ ઊતરી અક્ષરધામમાં જઈ પહોંચ્યા. અત્રે દુર્ઘટનાથી માહિતગાર થતાં જ વ્યથિત થઈ ઊઠેલા તેઓએ જણાવ્યું કે 'અહીંયાં હુમલો થયો છે ત્યારે લાગે છે કે હવે આતંકવાદ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે.'

આ રીતે તા. ૨૬/૯ના રોજ અક્ષરધામની મુલાકાત લઈ સ્વામીશ્રીને મળવા સારંગપુર સુધી દોડી આવેલા સંરક્ષણ મંત્રી શ્રી જ્યોર્જ ફર્નાન્ડિઝ કહેવા લાગ્યા: 'आज हम आपके पास आए हैं उसका एक कारण है – आपका जो बयान (शांति का निवेदन) था वो बहुत ही अच्छा रहा। हमारी यह मान्यता है कि उसी की वजह से देश में शांति है। आपने इसको अलग दृष्टि से टेकल किया (निपटाया)। आपके शब्द एक विशेष महत्त्व रखते हैं। यह शब्द केवल शांति प्रस्थापित करने तक नहीं, बल्के इस विषय पर एक नया ज्ञान देने की शक्ति आपके शब्द में हैं। औरों के शब्द में ऐसी शक्ति नहीं है। आपके

मंदिर पर इतना बड़ा हमला हुआ फिर भी आपने गुस्से का एक शब्द भी नहीं निकाला और शांति बनाये रखी! उसने हमें बहुत प्रभावित किया है।'

આતંકી હુમલા પછી જોવા મળેલી સ્વામીશ્રીની જીવનશૈલી વિશ્વને પ્રતિકારની એક નવી ભાષા શીખવી ગઈ. તેણે દુનિયાને નવો શબ્દ નહીં, પણ નવી દિશા ચીંધી. તેને સૌએ 'અક્ષરધામ રિસ્પૉન્સ(પ્રતિભાવ)'ના નામે વધાવી લીધી.

## 'અક્ષરધામ પ્રતિભાવ'થી પ્રભાવિત દુનિયા

'આતંકવાદી આક્રમણોનો સામનો કરવા સંબંધી અમારી મીટિંગોમાં એક નવો શબ્દ અસ્તિત્વમાં આવ્યો – અક્ષરધામ રિસ્પોન્સ. હુમલાને શાંતિ અને સ્વસ્થતાથી કેવી રીતે પડકારી શકાય છે! પ્રમુખસ્વામીએ જે કરી બતાવ્યું તે અકલ્પનીય છે! તેઓએ વીખરાયેલા સમાજને સંગઠિત કરી આપ્યો.'

આ શબ્દો છે અક્ષરધામ પર ત્રાટકેલા આતંકવાદીઓનો સફાયો કરનારા એન.એસ.જી.ના બ્રિગેડિયર શ્રી રાજ સીતાપતિના.

અક્ષરધામની કાર્યવાહી બાદ સ્વામીશ્રીએ દાખવેલો શાંતિપૂર્ણ અભિગમ આ સુરક્ષા અધિકારી માટે એટલો હૃદયસ્પર્શી બની રહ્યો કે તેઓ બોલી ઊઠ્યા: 'The Akshardham episode is a benchmark of clockwork achievement.' – અક્ષરધામનો બનાવ એક સીમાચિહ્ન છે. તે ચોકસાઈપૂર્વક કરેલા કામની સિદ્ધિ સમાન છે.

આ અભિપ્રાય સાથે બ્રિગેડિયર શ્રી રાજ સીતાપતિ આતંકવાદે ઊભી કરેલી કટોકટીને ખાળવાનું પ્રશિક્ષણ આપતા પોતાના તાલીમ વર્ગોમાં અક્ષરધામના પ્રતિભાવને એક case study(ઉદાહરણ)ના રૂપે ઉપયોગમાં લેતા થયા. તેઓના મતે –

*'અક્ષરધામ પરનો હુમલો દુર્ભાગ્યપૂર્ણ હતો, પરંતુ તે દ્વારા અક્ષરધામે એવો સુયોગ્ય સંદેશ વિશ્વમાં વહેતો કર્યો કે તે પોતે ઝનૂની બળ-પરિબળોથી ભાંગી પડે એવું માયકાંગલું નથી અને તે શાંતિ ઝંખે છે.'*

આ બ્રિગેડિયરે વધુમાં જણાવ્યું કે –

*'અક્ષરધામની કરુણાંતિકાએ આત્મવિશ્વાસની એક નવી સમજ લોકમાનસમાં રેડી કે ગુજરાત એ દરેક ખરતા તણખે સળગી ઊઠે એવું રાજ્ય નથી. મેં અક્ષરધામમાં બજાવેલી કાર્યવાહી દરમ્યાન અને*

*પછીયે ત્યાં શાંત, ધીર-ગંભીર વાતાવરણ જોયું. મેં મારા જીવનમાં ઘણા હિંસક મુકાબલાઓ ખેડ્યા છે, પણ 'અક્ષરધામ પ્રતિભાવ' એ ફરજ સંબંધી કાર્યવાહી અને તત્ત્વજ્ઞાન – બંને દૃષ્ટિકોણથી મારા માટે ઉચ્ચ શિક્ષણ સમો બની રહ્યો! સ્વયંસેવકો અને ભક્તો એટલા શિસ્તબદ્ધ હતા કે તેઓએ કોઈ કોમની ટીકા કે કોઈ બૂમાબૂમ કે કોઈની સાથે અભદ્ર વ્યવહાર કર્યો નહોતો. લાગણીઓને કાબૂમાં રાખવાના વિષયમાં તેમ જ સામાજિક દાયિત્વ નિભાવવાના પરિપ્રેક્ષ્યમાં એક અતિ ઉદાર અને ઉદાહરણરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં આ પગલાંએ વધુ હિંસા ભડકાવવાની આતંકવાદીઓની મુરાદને નાકામ બનાવી દીધી.'*

આમ, અક્ષરધામની ઘટના પછી શાંતિ, એકતા અને અહિંસાની જાળવણી માટે સ્વામીશ્રીમાં જોવા મળેલી સામાજિક જવાબદારી પ્રત્યેની સભાનતાથી જર્મનીના હાઈડલબર્ગમાં વસતા એક વિદ્વાને પણ નોંધ્યું કે –

*'જ્યાં સુધી મૂલ્યોનો સંબંધ છે ત્યાં સુધી આ સ્વામિનારાયણ સંપ્રદાય(બી.એ.પી.એસ.)ના અનુયાયીઓએ એક કાલજયી દાખલો બેસાડ્યો છે. ધાર્મિક સ્થળો પર ભવિષ્યમાં સંભવિત પ્રત્યેક આતંકવાદી હુમલા વખતે અક્ષરધામના હુમલાને અપાયેલો પ્રતિભાવ પ્રેરણારૂપ બની રહેશે. વિશ્વમાં શાંતિ અને સંવાદિતા જાળવી રાખવા માટે 'અક્ષરધામ પ્રતિભાવ'નું અનુસરણ કરવું પડશે.'*

લાચારી કે નિર્બળતા નહીં, પરંતુ આધ્યાત્મિકતાની શ્રેષ્ઠતમ ઊંચાઈએથી આવેલો સ્વામીશ્રીનો આ પ્રતિભાવ શ્રી અબ્દુલ કલામને પણ પ્રભાવિત કરી ગયો. તેથી જ તેઓએ પોતાના પુસ્તકમાં નોંધ્યું કે –

*'સ્વામીશ્રીએ પોતાના અનુયાયીઓને પ્રત્યાઘાત નહીં, પણ પ્રાર્થના માટે પ્રોત્સાહિત કર્યા. હું માનું છું કે તેઓની આધ્યાત્મિક સ્વસ્થતા અને સાધુતાથી ગુજરાતમાં ન કેવળ શાંતિની પુનઃ સ્થાપના થઈ, પરંતુ આ કારણથી જ રાજ્યમાં ચાલનારા કોમી હિંસાના કાયમી ચક્ર પર પણ પૂર્ણવિરામ મુકાઈ ગયું.'*[૪૯]

આમ, *'ઉદય અસ્ત માંઈ એક વાત...'*ની જેમ વિશ્વભરમાં સ્વામીશ્રીની સાધુતાના ડંકા વાગ્યા. તેઓએ આપેલો આ અહિંસક પ્રતિભાવ આવનારી

---

૪૯. *Transcendence: My Spiritiual Experiences with Pramukh Swamiji*, A.P.J. Abdul Kalam, Harper Element, 2015, pg. - 15.

પેઢીઓ માટે અધ્યયનનો વિષય અને પ્રેરણાનો પુંજ બની રહેશે એ નિર્વિવાદ સત્ય છે.

## મકાનની નહીં, માનવીની મહત્તા

અક્ષરધામની મુલાકાત લઈ રહેલા નેતાઓના ક્રમમાં તા. ૨૬/૯ના રોજ આવેલા વિપક્ષ નેતા શ્રીમતી સોનિયા ગાંધીએ પણ દિલસોજી વ્યક્ત કરતાં સ્થળ પર જ લખી જણાવ્યું કે –

*'અક્ષરધામ આપણા દેશનું એક મહાન રત્ન છે. આપની (સ્વામીશ્રીની) નિશ્રામાં તે પ્રેમ અને કરુણા, શાંતિ અને સદાચાર તેમ જ પરમાત્મા પ્રત્યેની ભક્તિનું પ્રતીક બન્યું છે. આતંકવાદીઓનો હુમલો અક્ષરધામની શાશ્વત પવિત્રતા અને દિવ્ય આભાને ક્યારેય છીનવી શકશે નહીં.'*

આ સમયે શ્રીમતી ગાંધી સાથે રહેલા રાજ્યના પૂર્વમંત્રી શ્રી દલસુખભાઈ ગોધાણીએ આજની સાંજે સારંગપુરમાં આવી સ્વામીશ્રીને જણાવ્યું કે 'મેં બધું જોયું. મંદિરને કોઈ નુકસાન થયું નથી.'

'બિલ્ડિંગને કંઈ નુકસાન થયું હોય તો તે તો રિપેર કરી શકાય, પણ નિર્દોષ માણસોની હત્યા થઈ તે બહુ ખરાબ થયું.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓને મન મકાન કરતાં માનવી મહત્ત્વનો હતો. તેથી સ્વામીશ્રી નિર્દોષ નાગરિકો હણાયાનો ખેદ અવારનવાર વ્યક્ત કરતા રહેતા.

આ જ કરુણાભાવથી તેઓએ આજે મૃતકોના સ્વજનો પર આશ્વાસનના પત્રો લખ્યા કે –

*'અમને એ વાતનું અપાર દુઃખ છે કે આપના પરિવારના સ્વજન આ કરુણ દુર્ઘટનામાં દિવંગત થયા છે. આપ અને આપના પરિવાર જનોની અસહ્ય વેદના પ્રત્યે અમે હૃદયથી દિલગીરી અને સહાનુભૂતિ અનુભવીએ છીએ. તેમના આત્માને શાંતિ પ્રાપ્ત થાય એ જ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ અને સૌ સંતોનાં ચરણે પ્રાર્થના કરું છું.'*

સ્વામીશ્રીનું આ આશ્વાસન લૂખું ન રહ્યું. તેઓએ આ દુર્ઘટનામાં વીરોચિત ગતિ પામેલા એન.એસ.જી.ના એક જવાનના પરિવારને ત્રણ લાખ રૂપિયા, એન.એસ.જી.ના અતિ ઘવાયેલા એક કમાન્ડો તથા એસ.આર.પી.ના બે શહીદોના કુટુંબને બે લાખ રૂપિયા, અવસાન પામેલી અન્ય ૨૯ વ્યક્તિઓના કુટુંબીજનોને વ્યક્તિ દીઠ એક લાખ રૂપિયા, ઘાયલ થયેલા સુરક્ષા સંત્રીઓને

પચીસ હજાર રૂપિયા અને અન્ય ઈજાગ્રસ્તોને જરૂરિયાત મુજબ આર્થિક સહાય સંસ્થા દ્વારા આપવાની તજવીજ કરી.

સ્વામીશ્રીનું આ પગલું નૈતિકતાની એક અમીટ છાપ આંકી ગયું. આવા સંજોગોમાં સામાન્ય રીતે મૃતકો તથા ઘાયલોને સરકાર તરફથી સહાય આપવામાં આવે. જ્યાં દુર્ઘટના ઘટી હોય તે સંસ્થાની આ બાબતે કોઈ જવાબદારી ન હોય. પરંતુ સ્વામીશ્રીની વિચારસરણીમાં હંમેશાં માનવતાનું મૂલ્ય મૂઠી ઊંચું રહેતું. તેથી તેઓએ સંસ્થા વતી સહાયની સરવાણી વહાવી ત્યારે જ તેઓને જંપ વળ્યો.

## ઈમેજ(પ્રતિષ્ઠા)ને ચાર ચાંદ

તા. ૨૭/૯ની સવારે મુખ્યમંત્રી શ્રી મોદી સ્વામીશ્રીને મળી ગયા બાદ અકાલી દળના જથ્થેદાર શ્રી રછપાલસિંઘે સ્વામીશ્રી પાસે આવી દિલસોજી વ્યક્ત કરી. તેઓને પણ સ્વામીશ્રીએ દાખવેલો શાંતિપૂર્ણ અભિગમ સુસંગત લાગેલો. તેથી તે બદલ તેઓ સ્વામીશ્રીને ધન્યવાદ આપી ઊભા થયા ત્યારે સ્વામીશ્રીએ સંતોને ભલામણ કરી કે 'એમને આપણી રોટલી ભાવે છે, માટે ખાસ જમાડજો.'

વર્ષો પછીયે પોતાનાં રસ-રુચિને યાદ રાખનારા સ્વામીશ્રીની સંભાળ આ મોભાદાર મુરબ્બીને ગદ્‌ગદ કરી ગઈ. તેઓ સ્વામીશ્રીના પ્રેમનું પડ ચડાવેલી રોટલી જમીને વિદાય થયા ત્યાં જ અમદાવાદના વિવિધ વિસ્તારોમાં વસતા મુસ્લિમ આગેવાનોનું એક જૂથ સ્વામીશ્રીને મળવા આવી પહોંચ્યું.

એ ત્રીસેક અગ્રણીઓએ આ જ સૂર પ્રગટ કર્યો કે "અમદાવાદના દરેક વિસ્તારની ગલીઓમાં મુસલમાન ભાઈઓ વાતો કરતા હતા કે 'પ્રમુખસ્વામી મહારાજ કેટલા મહાન છે! એમણે બધું સહન કરીને કેવી અપીલ કરી!' આ અપીલથી લોકો એટલા બધા પ્રભાવિત થઈ ગયા છે કે તમારી ઈમેજમાં ચાર ચાંદ લાગી ગયા! આપની મહાનતા ખરેખર અદ્‌ભુત છે! તમારું કાર્ય પયગંબર સાહેબ જેવું છે! આ વખતે આપે સાબિત કરી બતાવ્યું કે આવા પ્રસંગે પણ સંયમ જાળવીને, સહન કરીને, ધૈર્ય રાખીને શાંતિ રાખી શકાય છે."

મુસ્લિમ બિરાદરોએ દર્શાવેલી આ લાગણી બદલ તેઓનો આભાર માનતાં સ્વામીશ્રીએ કહ્યું : "ભારતની અંદર આપણે રહીએ છીએ તો ભારતનું કેમ સારું થાય એવી આપણા બધાની ભાવના છે. તેમાં જો આપણે લડીશું,

ઝઘડીશું, તો આપણો ઉત્કર્ષ જ નથી થવાનો. વર્ષોથી આપણે ભેગા રહ્યા છીએ, પછી બીજા માણસો ગમે તે આવીને ગમે તેવી ચઢાવવાની વાતો કરે ને તેમાં આપણે ખેંચાઈ જઈએ એ સારું નહીં. બધું આપણી પાસે છે પણ અંદર-અંદરના કુસંપને લઈને આપણે આગળ વધી શકતા નથી. કંઈક છમકલું થયું ને તરત બધા તૂટી પડે, પણ જરાક વિચાર તો કરો. આપણને દેશની અસ્મિતા હોવી જોઈએ કે 'ભારત આપણો દેશ છે.' એને કોઈ પણ જાતનું નુકસાન ન થવું જોઈએ. એનો વિકાસ થાય એવું કરવું જોઈએ.''

આ ઉમદા વિચારધારાનું પાન કરાવી સ્વામીશ્રીએ સર્વે મુસ્લિમ ભાઈઓને ભોજન કરાવીને વિદાય આપી.

ત્યારબાદ તેઓ પાસે આવેલા વિશ્વ હિંદુ પરિષદના અગિયાર અગ્રણીઓએ પણ અહોભાવ ઉચ્ચાર્યો કે 'આપની અપીલની બહુ સારી અસર થઈ. આખા દેશમાં શાંતિ રહી એ કલ્પના ન કરી શકાય એવું છે. આપની કૃપાથી ક્યાંય કશું જ ન થયું !'

આ રીતે હિંદુ, મુસ્લિમ, શીખ વગેરે પ્રત્યેક ધર્મના અનુયાયીઓ સ્વામીશ્રીની પ્રતિભાથી અંજાઈ ગયા. જેમ વૃક્ષની મજબૂતાઈ વાવાઝોડામાં વિશેષ પરખાય તેમ સ્વામીશ્રીની સાધુતા સૌને આતંકના આતશમાં અધિક ઝળહળતી અનુભવાઈ.

## તમે છો કરુણાના દરિયા

તા. ૨૮/૯ના નમતા પહોરે સ્વામીશ્રી ટપક સિંચાઈ પદ્ધતિ અનુસાર થતી મંદિરની ખેતી જોવા સારંગપુરની યજ્ઞપુરુષ વાડીએ પધાર્યા. અહીં તેઓએ કપાસના છોડવાઓની લગોલગ પસાર થતી કાળી પાઇપોમાંથી ટીપે-ટીપે ઝરતું પાણી જોઈ પ્રસન્નતા વ્યક્ત કરી. બચત અને કરકસર – આ બે સ્વામીશ્રીનો રાજીપો રળી આપનારાં સાધન. તે અનુસાર ફાલેલી આ વાડીમાં સ્વામીશ્રીએ નીચા નમી એક છોડ પર લાગેલા જીંડવાનું પણ હાથમાં લઈ નિરીક્ષણ કર્યું. તેની સાથે પાણીની પાઇપ અને તેના વાલ્વનો સ્પર્શ કરી તેઓ ધ્યાનપૂર્વક સઘળી રચના જોતાં થોડે અંદર ગયા.

અત્રે એક સ્થળે ઊભા રહી વાડી પર નજર ફેરવતાં સ્વામીશ્રીએ દૂર આંગળી ચીંધીને કપાસના છોડ વચ્ચે ઊગેલો બીજો એક છોડ બતાવતાં કહ્યું: 'જુઓ, મરચીનો છોડ ઊગ્યો છે.'

સમી સાંજના સાતેક વાગ્યાના આછાં અજવાળાંમાં પણ અડાબીડ ઊભેલા એક-એક છોડને પારખી જતી કેવી સૂક્ષ્મ નજર!

અલબત્ત, સ્વામીશ્રીની નજર સૂક્ષ્મની સાથે સ્નેહસભર પણ છે તેનું દર્શન તા. ૨૯/૯ની સવારે અગિયાર વાગ્યે લાધ્યું.

આ સમયે અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં આવી પહોંચેલા તેઓ અહીં અક્ષરધામના હુમલામાં ઘાયલ થયેલી વ્યક્તિઓની ખબર-અંતર પૂછવા ખાટલે-ખાટલે ઘૂમવા લાગ્યા. જો કે તેઓ પહેલાં તેઓની આ સૂચના અહીં આવી ગયેલી કે 'જો જો, એક પણ દર્દી બાકી ન રહી જાય! ભલે ગમે તેટલો સમય જાય, મારે બધાને મળવું છે.'

આ આદેશ મુજબ ગોઠવાયેલી વ્યવસ્થા પ્રમાણે સ્વામીશ્રી પ્રથમ ન્યુરો-આઈ.સી.યુ. વિભાગમાં પધાર્યા. અત્રે તેઓ એન.એસ.જી.ના જવાન શ્રી સુરજનસિંહને આશીર્વાદ આપી અન્ય ત્રણ ઈજાગ્રસ્તો પર અમૃતવર્ષા કરતાં અન્ય વૉર્ડમાં પહોંચ્યા.

આ પ્રસંગે બાળકથી બુઝુર્ગ સહિત સૌને મળવાની સ્વામીશ્રીની તાલાવેલી એવી તીવ્ર હતી કે સેવક વડે જો ભૂલથી વ્હીલચેર ખાટલાથી થોડે દૂર રહી જાય તોય તેઓ કહે, 'નજીક લો... નજીક લો...' અને પછી ઘાયલની આંખમાં આંખ અને તેના શબ્દોમાં હૃદય પરોવી સ્વામીશ્રી વીતક કથા સાંભળે. અંતે 'આ વખતે દુ:ખ થયું આપને... અમને માફ કરજો... જુઓ, ભગવાન (ઠાકોરજી) આવ્યા છે તો મટી જશે... દર્શન કરો. આશીર્વાદ છે... હિંમત રાખજો...' કહી કો'કનાં માથે-પગે હાથ ફેરવી ફૂલ પધરાવે, તો કો'કના શરીરે પોતાનો અમૃતસ્રાવી હાથ પ્રસારે. સુરક્ષા જવાનોને હૂંફ આપતાં સ્વામીશ્રી બોલે: 'જીવના જોખમે તમે લોકો ઝઝૂમ્યા છો. ખૂબ મોટી દેશસેવા કરી છે. ભગવાન તમારી મોટી સેવા લખશે... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... પ્રાર્થના કરી છે.'

આ રીતે સૌ પર સંજીવની વરસાવતા સ્વામીશ્રી એન.એસ.જી.ના ઘાયલ કમાન્ડો શ્રી દશરથ સત્પુતે પાસે પધાર્યા. આ સમયે હાથના પંજાથી ખભા સુધી પાટે બંધાયેલા આ જવાનને પૂછવામાં આવતાં તેણે પોતાને પહોંચેલી ઈજાનો ઇતિહાસ વર્ણવ્યો, પણ અંતે તેઓ બોલ્યા: 'स्वामीजी! मुझे ज्यादा कष्ट मेरे दु:ख से नहीं है। हमारे सूबेदार (सुरेश यादव) साहब चले गये उससे मुझे बहुत दु:ख है। हमारे कमान्डो सुरजनसिंह की हालत भी

अच्छी नहीं है, उसका मुझे दुःख है।' આટલું કહેતાં આ સુરક્ષાકર્મી પોતાની લાગણી પરનો કાબૂ ગુમાવી બેઠા.

આ વખતે તેઓની આંખમાંથી ઊભરાઈ આવેલાં આંસુઓને વ્હીલચેરમાં બેઠેલા સ્વામીશ્રીએ જમણો હાથ લંબાવી લૂછ્યાં તે દૃશ્યે ઘણાની આંખોમાં આંસુ લાવી દીધાં. આ આત્મીયતા સાથે તમામ દર્દીઓને દોઢ કલાક સુધી મળી સ્વામીશ્રી ૧૨:૫૦ વાગ્યે ગાંધીનગર આવી પહોંચ્યા.

## અક્ષરધામના આંગણે પ્રાર્થના સભા

ગાંધીનગર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૯/૯ની સાંજે યોજાયેલી પ્રાર્થના સભા ત્રીસેક હજાર નાગરિકોથી ભરચક હતી. સમાજના દરેક વર્ગ, વર્ણ અને ધર્મના સમુદાયમાંથી ઊમટેલી આ મેદનીને ગુજરાતનાં પ્રસિદ્ધ ધર્મસ્થાનો ગીતા મંદિર, જગન્નાથ મંદિર, સંતરામ મંદિર, માઈ મંદિર, સ્વામિનારાયણ મંદિર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, દિવ્ય જીવન સંઘ વગેરેના મહંતશ્રીઓ પોતાની ઉપસ્થિતિથી ધન્ય કરી રહેલા. તેઓની સાથે ગુજરાતના રાજ્યપાલ, મુખ્યમંત્રી સહિત અનેક મંત્રીઓ, સચિવો, અધિકારીઓએ પણ સ્થાન ગ્રહણ કરેલું.

આ સભામાં ૫:૧૦ વાગ્યે સ્વામીશ્રી પધારતાં જ સૌએ ઊભા થઈ પોતાનો આદર અભિવ્યક્ત કર્યો. તેને ઝીલતા સ્વામીશ્રી સ્મારકમાં દર્શન કરી ૫:૨૦ વાગ્યે અક્ષરધામના પોડિયમ પર બિરાજ્યા. તે સાથે જ પ્રાર્થનાના સૂરો વાતાવરણને સંવાદિતાથી ભરવા લાગ્યા. આ ભાવસભર માહોલ વચ્ચે મૃતકોના આત્માને શાંતિ મળે, સૌને દુઃખ સહન કરવાની શક્તિ મળે, ક્યાંય ક્યારેય આવો આતંક ન થાય જેવા શુભ સંકલ્પો સાથે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું.

તેને અનુસરતાં સ્વામીશ્રીએ પોતાની ધીર-ગંભીર અમૃતધારા વહાવી કે—

'આજે પ્રાર્થના સભાની અંદર શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે પધાર્યા છે તે સર્વને મારા પ્રણામ સાથે જય સ્વામિનારાયણ! આ દુઃખદ પ્રસંગ માટે બધાએ અમને સંદેશા મોકલ્યા છે, એથી અમને ઘણી ધીરજ ને બળ મળ્યાં છે. બધા જ સંપ્રદાયના ધર્મગુરુઓ, નાની-મોટી ધર્મસંસ્થાઓ, દિલ્હી અને ગુજરાતના રાજકીય પુરુષો, જુદી જુદી જ્ઞાતિઓ, સામાજિક ભાઈઓ તથા સંસ્થાઓએ પણ ખાસ લાગણી અને દુઃખ વ્યક્ત કરેલું છે. બધાનો ખૂબ ખૂબ આભાર!

આ પ્રસંગ સર્વનો છે. આ સ્થાન છે એ પણ ભેદભાવ વગરનું છે. શ્રીજીમહારાજનું કાર્ય પહેલેથી જ ઉદાર દિલનું અને ઉદાર વિચારનું રહેલું છે. જે જે મનુષ્ય જેવું કર્તવ્ય કરે છે એને માટે એમને ત્યાં ન્યાય છે, એટલે આપણે એના ધણી થવાની જરૂર નથી. આપણે ભગવાનને એવી પ્રાર્થના કરીએ કે દરેકને સદ્‌બુદ્ધિ આપે, સારા વિચારો આપે. પ્રાર્થના છે એ આપણું આધ્યાત્મિક શસ્ત્ર છે. એ સિદ્ધાંત આપણો હંમેશને માટે છે કે બીજાનું નુકસાન કરીને આપણે કોઈ સુખ ભોગવી શકવાના નથી. એટલે કહ્યું છે કે 'બીજાના સુખમાં આપણું સુખ.' ભગવાનને પ્રાર્થના કરીએ કે જીવ-પ્રાણીમાત્રનું કલ્યાણ કરો. કોઈ દુ:ખી ન થાય.'

સૌને નિર્વૈર અને નિર્ભય બનાવતી સ્વામીશ્રીની આ દિવ્ય વાણીએ ઉપસ્થિત જનતાને અભૂતપૂર્વ અનુભવ કરાવ્યો.

તેથી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ તો જ્યારે તા. ૧૮/૧૦ના રોજ સ્વામીશ્રીને મળ્યા ત્યારે બોલી ઊઠ્યા કે 'ગાંધીનગરની શ્રદ્ધાંજલિ સભામાં આપને સાંભળ્યા એ પળ કંઈક અલૌકિક હતી! સ્વામીજી! આપના આશીર્વાદમાં એક પણ શબ્દ કોઈના પ્રત્યે દ્વેષભાવયુક્ત ન જણાયો. આપે જે વાત કરી તે માનવદેહધારી કોઈનું પણ હૃદય હલાવી નાંખે તેવી હતી. કુદરતે જે ધક્કો માર્યો તે ભૂકંપ વખતની પરિસ્થિતિમાં અને આ માનવ-સર્જિત આફતમાં પણ આપે જે સ્થિતિપ્રજ્ઞતા રાખી છે તે અદ્‌ભુત છે!'

સૌનાં હૈયે પ્રસરી ગયેલા સ્વામીશ્રીની વાણીનાં આવાં કામણ વચ્ચે ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌનો આભાર માન્યો અને મૃતકો તથા ઘાયલોને સંસ્થા વતી આર્થિક સહાયની જાહેરાત કરી. તે પછી દિવંગતોની નામાવલિના ઉચ્ચારણ બાદ વૈદિક મંત્રોના ગાન સાથે પુષ્પાંજલિ અને સમૂહ આરતીનાં અર્ઘ્ય અર્પણ થયાં ત્યારે સર્જાયેલા લાગણીસભર વાતાવરણથી કેટલાયની આંખો છલકાઈ ઊઠી. આ હૃદયભેદક અનુભૂતિ સાથે સૌએ વિદાય લીધી અને સ્વામીશ્રી પુનઃ મૂર્તિમંડપમાં પધાર્યા.

અત્રે તેઓ વંદનીય ધર્માચાર્યો તેમ જ આદરણીય અગ્રણીઓને મુલાકાત આપી સોફા પર બિરાજ્યા અને સદ્‌ગતના સંબંધીઓ તથા ઈજા-ગ્રસ્તોના કુટુંબીઓને મળ્યા. આ સમયે સૌને આશ્વાસનની સાથે આશીર્વાદ આપતા સ્વામીશ્રીની આંખોમાં પણ આંસુ આવી ગયાં. આ લાગણીસભર અવસ્થામાં તેઓએ આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં ઝઝૂમેલા પોલીસ

અધિકારીઓ શ્રી ચક્રવર્તી, શ્રી રબારી, શ્રી બ્રહ્મભટ્ટ વગેરેને મળી નિજનિવાસમાં જવા પ્રસ્થાન કર્યું.

## જરૂર જિતેન્દ્રિય મેં નિહાળ્યા

તા. ૩૦/૯ની સવારે સાડા નવ વાગ્યે અક્ષરધામના નિરીક્ષણ અર્થે નીકળેલા સ્વામીશ્રી ત્રણ નંબરના પ્રવેશદ્વારથી માંડી આતંકવાદીઓ ઠાર મરાયા ત્યાં સુધીના ઘટનાક્રમની માહિતી, સ્થળ પર મુલાકાત લઈને મેળવવા લાગ્યા. આ સળંગ રસ્તે પ્રાસાદિક જળ અને પુષ્પો પધરાવતા જતા તેઓ જાણે ક્રૂરતાનો જવાબ પ્રેમ વરસાવીને આપી રહ્યા.

આ ક્રમમાં સ્વામીશ્રી સ્મારકમાં પધરાવેલી શ્રીજીમહારાજની મૂર્તિ પાસેથી મુખ્ય દ્વારની જમણી તરફ આવેલી બારી પાસે પધાર્યા.

આ બારીની પથ્થરની જાળીમાં આતંકવાદીઓની ગોળીથી નુકસાન થયેલું. તે સંતો સ્વામીશ્રીને બતાવવા લાગ્યા ત્યારે એક સ્વયંસેવક અંદર આવેલી લાકડાની બારી બંધ કરવા ગયા. આ સમયે કોઈને ખ્યાલ ન રહ્યો કે સ્વામીશ્રીએ એ બારીની નીચલી ધારે જમણા હાથનો ટેકો લીધો છે. તેથી તે બારી બંધ થતાં જ સ્વામીશ્રીના જમણા હાથની પહેલી આંગળી દબાઈ ગઈ! ત્યાંથી લોહી નીંગળવા માંડ્યું. તે જોઈ સેવકે તરત જ પોતાના ગાતરિયાનો છેડો ફાડી સ્વામીશ્રીને પાટો બાંધી દીધો.

આ પ્રક્રિયા સ્વામીશ્રી સાક્ષીભાવે જોઈ રહ્યા. જ્યારે માનવી ચીસ પાડી ઊઠે કે ઊંહકારા-સિસકારા કરવા માંડે કે આંગળીએ ફૂંકો મારતાં તેને છણકારવા લાગે, ત્યારે સ્વસ્થતા ધારી સ્વામીશ્રી સ્મારકની બહાર આવ્યા. તે જોઈ સૌનાં હૈયાં *'જરૂર જિતેન્દ્રિય મેં નિહાળ્યા...'*નું ગાણું ગાઈ રહ્યા.

આ સમયે પ્રાથમિક સારવારની પેટી આવી જતાં સંતોએ સ્વામીશ્રીની આંગળી પર કાપો પડતાં જે ચામડી છૂટી પડી ગયેલી તેને કાતર વડે કાપી, રૂથી લોહી લૂછી દવા લગાવી. ત્યારબાદ નાની પટ્ટી મારી પાટો બાંધવામાં આવ્યો. આ જોઈ કો'ક બોલ્યું: 'બારી બંધ થઈ ને આ થયું!'

'એમાં શું? ઘણા બધાને અહીં આટલું બધું થયું તો આપણને આટલું થાય તેમાં શું?'

આ અનુકંપા સાથે આગળ વધી ગયેલા સ્વામીશ્રી જ્યાં આતંકવાદીઓ હણાયેલા ત્યાં પહોંચ્યા. અહીં તેઓએ પુષ્પો અને પ્રાસાદિક જળ છાંટી,

વિશ્વના કોઈ પણ ધર્મ પર કોઈના દ્વારા ક્યારેય આવી આપત્તિ ન આવે તે માટે ધૂન સાથે પ્રાર્થના કરી.[૫૦]

## સ્વરૂપની સ્પષ્ટતાના શબ્દો

તા. ૩૦/૯ની સાંજે ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલે પહોંચેલા સ્વામીશ્રી અત્રે સારવાર લઈ રહેલા આતંકી હુમલાના અસરગ્રસ્તોને સાંત્વન આપી મંદિરે પરત પધાર્યા.

અહીં આ અરસામાં તેઓનો લાભ લેવા આવેલો હ્યુસ્ટનવાસી કિશોર શ્રી ટોમસ નિત્યપૂજા કરતો થયેલો. વળી, તેણે ઘરમાં મંદિર પણ વસાવેલું. પરંતુ તેને એવું જણાતું હતું કે 'સ્વામીશ્રીનાં દર્શન પૂર્વે 'સ્વામીશ્રી મારું બધું જ જાણે છે' – એવી મનમાં જે દૃઢ ગાંઠ હતી તે દર્શન બાદ શિથિલ થવા માંડી છે.' તેને હવે એવું લાગતું હતું કે 'સ્વામીશ્રી તો મારા જેવા જ છે!'

તેથી તેણે તા. ૪/૧૦ની સવારે સ્વામીશ્રીને જ પૂછી લીધું કે 'મારે તમને કેવા સમજવા?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાનના ધારક સંત છે. મનુષ્યદેહ ધારણ કર્યો છે એટલે મનુષ્યભાવ જણાય, પણ તે દિવ્ય છે એમ સમજવું.'

સ્વ-સ્વરૂપની આટલી સ્પષ્ટતા કરી તા. ૫/૧૦ની સવારે ગાંધીનગરથી નીકળેલા સ્વામીશ્રી લીંબડી થઈને તા. ૬/૧૦ની સવારે સુરેન્દ્રનગર પધાર્યા.

અત્રે આજે રાત્રિભોજન બાદ મુલાકાતોનો ક્રમ પૂરો થતાં સંતો સ્વામીશ્રીનું હાઈડ્રોલિક આસન નીચું લાવ્યા. તે વખતે સામે ઊભેલા સંત-સ્વરૂપદાસ સ્વામીને સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ (આસન) તમારું છે?'

'આપનું છે.'

'અમારું ક્યાંથી હોય? અમે તો રખડતા રામ છીએ.' આટલું કહેતાં આસન પરથી ઊભા થયેલા સ્વામીશ્રી બોલ્યા : 'અમે તો સો ઘંટીના લોટ ફાકનારા ને સો કૂવાનાં પાણી પીનારા. એની તે કાંઈ વેલ્યૂ (કિંમત) હોય?'

'આપની તો અનંત કોટિ બ્રહ્માંડમાં વેલ્યૂ છે. તમે મળ્યા એટલે અમારો

---

૫૦. અક્ષરધામ પર થયેલા આતંકવાદી હુમલાના પ્રતિભાવમાં સ્વામીશ્રીએ દાખવેલી અપ્રતિમ સાધુતાનું દર્શન કરવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ભાવ પુછાય છે, નહીંતર ભોજ્યોય ભાવ ન પૂછે !'

'અમનેય શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા એટલે ભાવ પુછાય છે. બાકી અમારોય કોણ ભોજ્યો ભાવ પૂછવાનો હતો ?' હસતાં હસતાં આટલું કહી સ્વામીશ્રી આગળ ચાલી નીકળ્યા.

વિશ્વવંદનીય થયા પછી પણ તેઓને *'સખી મોટી કરી મળી મોહને, જગમાંઈ રે, તુંને જાણતું કોણ...'*નો ભાવ પોતાના ગુરુજનો પ્રત્યે હરહંમેશ રહેલો.

## આવું ભવ્ય કામ કોઈએ નથી કર્યું

તા. ૭/૧૦ની સવારે સુરેન્દ્રનગરથી વિદાય થયેલા સ્વામીશ્રી હળવદ થઈને બપોરે બાર વાગ્યાના ટકોરે ગાંધીધામ પહોંચ્યા.

અહીં આજની સાંજે તેઓના વરદહસ્તે નવનિર્મિત લીલાશા સર્કલની વિદ્યુત રોશનીનું ઉદ્‌ઘાટન થયું. એ જ રીતે શહેરની મધ્યમાં આવેલા ઓસલો થિયેટરથી આ લીલાશા સર્કલ સુધીના રસ્તે નગરપાલિકાએ ખોડેલા દીપસ્તંભોની બત્તીઓ પણ સ્વામીશ્રીએ ચાંપ દાબી ઝગમગતી કરી દીધી.

તે દ્વારા નગરને ઝળહળાવતા તેઓએ નાગરિકોનાં અંતરમાં અજવાળાં પથરાતાં રહે તે માટે તા. ૮/૧૦ની સવારે નૂતન મંદિરનો ખાત-વિધિ અને સંસ્કારધામનો પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરી સાંજે પાંચ વાગ્યે ભુજ જવા પ્રસ્થાન કર્યું.

આ શહેરમાં ગયા વર્ષે ભૂકંપને કારણે ખેલાયેલી વિસર્જનની કાળક્રીડા બાદ હવે નવસર્જનનો પવન ફૂંકાયેલો. તે અંતર્ગત નિર્માણ પામેલા બી.એ.પી.એસ. મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે પધારી રહેલા સ્વામીશ્રીને વધાવવા ભુજવાસીઓ આતુર હતા. તેથી જ આ નગરજનો ભુજથી ચૌદ કિ.મી. છેટે વસેલા ભુજોડી ગામે સો ગાડીઓ લઈને સ્વાગત માટે ઊમટી પડેલા. સ્વામીશ્રીની ગાડી પાછળ એ રસાલો સરકવા લાગ્યો. આ નગરયાત્રા ભુજની ભાગોળે પહોંચતાં કેસરિયા સાફાધારી સો સ્કૂટર-સવારો ઉમેરાયા. તેથી *'જીભે વરણવી ન જાય...'* તેવી શોભા બની રહી.

આ સ્વાગત સ્વીકારતા સ્વામીશ્રીએ સાંજે સાડા છ વાગ્યે ભાનુશાળી નગરના ખુલ્લા મેદાનમાં પગલાં પાડ્યાં ત્યારે ચિક્કાર મેદનીએ ગજાવેલા ગગનભેદી જયઘોષથી ભુજ ધણધણી ઊઠ્યું. આ શહેરના પ્રત્યેક નેતા અને

નાગરિક ભૂકંપ નિમિત્તે વહેતી થયેલી સ્વામીશ્રીની સેવાસરિતામાં હજીયે નાહી રહેલા. તેથી આજની સ્વાગત-સભામાં ભાવોર્મિઓનો ઘુઘવાટ ઘણો ગાજ્યો.

તે પૈકી સ્થાનિક ચેમ્બર ઑફ કૉમર્સના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ઠક્કરે તો ભરસભામાં સ્વામીશ્રીને જણાવી દીધું કે 'આપે હૈયે હામ રાખીને ગુજરાતને ભડકે બળતું બચાવ્યું. આપણને એક એવી વિભૂતિ મળી છે કે જેના પર દુઃખ આવી પડ્યું છતાં ક્રોધ નહીં! કચ્છની પ્રજા વચ્ચે જો તમે ન આવ્યા હોત તો આ પ્રજા સ્થળાંતર કરી જાત. કચ્છની પ્રજાનું અર્થતંત્ર તૂટી પડત. આવું ભવ્ય કામ કોઈએ નથી કર્યું.'

આ સ્વાગત-સુમન સ્વીકારતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'ભુજ નગરની ભાવિક પ્રજાનાં આજે દર્શન કરતાં આનંદ થાય છે. આપણી અંદર જે આત્મતત્ત્વ રહેલું છે એને જ્યાં સુધી આપણે બરોબર સમજી શકીશું નહીં ત્યાં સુધી તમે ગમે તેટલા પ્રયત્ન કરો તો શાંતિ નહીં થાય ને સુખેય નહીં આવે. એને જ્યારે સમજશો ત્યારે તમને પરમ સુખ, પરમ આનંદ થઈ જશે. આપણી પરંપરાનાં મૂળ ઘણાં ઊંડાં છે એટલે આપણે ટક્યા છીએ. એને તમે બરાબર સાચવો. જે ધર્મને માનતા હો, જે ભગવાનને માનતા હો એને વિષે તમારી દૃઢ અને પૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ. પહેલાં અહીંયાં સિંધુ નદી હતી એટલે કચ્છડો બારેમાસ લીલો હતો. એવો જ લીલોછમ નર્મદા આવતાં થશે, પણ ધીરજ રાખજો. ભગવાન તમારું કામ કરશે. અમે પણ પ્રાર્થના કરશું. અમારોય પુરુષાર્થ છે.'

નદીના વહેણ જેવી જ આ લોકોપકારક વાણી વહાવી સ્વામીશ્રી નવનિર્મિત મંદિરની સામેના મેદાનમાં ઊભા કરાયેલા ભાતીગળ ભૂંગામાં[૫૧] પધાર્યા. યોગી કુટિરનું નામાભિધાન પામેલા આ સાદગીસભર ઉતારામાં તેઓ ભોજન વગેરેથી પરવારી પોઢ્યા.

## ભુજને ભગવાનની ભેટ

તા. ૯/૧૦ના સુપ્રભાતે ભુજના ટીન ટેન્ટ સિટીમાં યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગનો મંત્રોચ્ચાર શહેરના માંગલ્યની છડી પોકારી રહ્યો. યજ્ઞશાળાના મંચ પર ભુજના મંદિરની મૂર્તિઓ સાથે સંસ્થા દ્વારા પુનર્વસન યોજના હેઠળ

૫૧. વાંસની પટ્ટીઓની વર્તુળાકાર દીવાલ પર કંતાન મારી, તેના પર માટીનું લીંપણ કરી તૈયાર થતી કુટિર. તેને ઘાસના પૂળાની છતથી છાંદવામાં આવે.

તૈયાર થયેલાં ગુણાતીતપુર, નારાયણ નગર, યોગી નગર, શ્રીજી નગર, પ્રમુખ-સ્વામી નગર ગામનાં મંદિરોમાં બિરાજમાન થનારી મૂર્તિઓ પણ શોભી રહેલી. આ તમામ મૂર્તિઓને પૂજી સ્વામીશ્રીએ ૪૮૨ યજમાનોની સેવાને સાર્થક કરી.

તે પછી અગ્નિપ્રાગટ્ય દ્વારા યજ્ઞનો આરંભ કરાવી ઉતારે પધારેલા તેઓ તા. ૧૦/૧૦ની સવારે પ્રાતઃપૂજા કરવા બિરાજ્યા ત્યારે કચ્છી લોક-સંગીતની રમઝટ મચી રહી. આ સમયે મોરચંગ, ભોરિંદો, જોડિયો પાવો, રાવણહથ્થો, માટલું-તગારું, બિન, સુરંદો વગેરે પ્રાદેશિક વાજિંત્રો સાથે પરંપરાગત પરિવેશમાં સજ્જ સ્થાનિક કલાકારોએ કચ્છી ગીતો લલકાર્યાં.

પરંતુ સ્વામીશ્રીની પૂજા પૂર્ણ થઈ તોય દસમાંથી ત્રણ કલાકારોની પ્રસ્તુતિ બાકી રહી ગયેલી. આ વિગત જાણી સ્વામીશ્રીએ આજે પ્રતિષ્ઠાવિધિનો ભરચક કાર્યક્રમ હોવા છતાં પૂજા બાદ પોતાનું સ્થાન જાળવી રાખી દરેકને રજૂઆતની તક આપી. તેથી હરખાયેલા કચ્છી કલાકારોના આનંદમાં ભરતી તો ત્યારે ચઢી જ્યારે સ્વામીશ્રીએ એકેએક સાજિંદાઓનાં વાદ્ય હાથમાં લઈને રસપૂર્વક નિહાળ્યાં. તેમાંય સુરંદો અને રાવણહથ્થાને તો તેઓએ કોઈ નીવડેલા કલાકારની અદાથી વગાડીને સૌના અંતરતાર રણઝણાવી દીધા.

સંગીતમય બ્રહ્મનું આ અલૌકિક સુખ આપી સ્વામીશ્રી ૧૦:૧૦ વાગ્યે મૂર્તિપ્રતિષ્ઠા માટે નવનિર્મિત મંદિરમાં પધાર્યા. ભૂકંપ બાદ જે સ્થાનમાંથી ભુજની ભૂખ ભાંગતી સમાજસેવાની ધારા વહેલી તે મુન્દ્રા રોડ પર આવેલી નિર્મળસિંહની વાડી તરીકે વિખ્યાત આ જગ્યામાં સ્વામીશ્રી હવે આત્યંતિક કલ્યાણનું કેન્દ્ર ખોલી રહેલા. તેના સાક્ષી બનવા ઉપસ્થિત થયેલા સત્સંગીઓ તથા શહેરના શ્રેષ્ઠીઓથી મંદિર ખીચોખીચ હતું. તેમાં જ્યારે સ્વામીશ્રીના વરદહસ્તે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા ત્યારે શ્રીજીમહારાજના સમયથી પલ્લવિત અહીંના સત્સંગમાં શુદ્ધ ઉપાસનાની ફોરમ પ્રસરવા માંડી.

પરંતુ પ્રતિષ્ઠાના આ પર્વે ગરમીનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચેલો. વળી, સભામંડપમાં પંખાના અભાવે પરસેવે રેબઝેબ બનેલા સૌ હાથરૂમાલના વીંઝણાથી કંઈક શાતા પામવા મથી રહેલા. આ પ્રવૃત્તિ સ્વામીશ્રીની નજરમાં નોંધાઈ ગયેલી. તેથી તેને જ નિમિત્ત બનાવી આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'આપણે તડકામાં બેઠા છીએ. ગરમી પણ લાગે છે. બહાર જગતમાં આવો ઉકળાટ જ છે. ભગવાનનાં દર્શન અને ભગવાનનું સુખ મળે એટલી ઠંડક છે. સંતના શરણે જાય તો ઠંડક થાય. એ બારે મહિના અને ચોવીસે

કલાક ચાલે.'

આ અમૃતધારાની શીતળતામાં સૌને ઝબકોળી સ્વામીશ્રી ઉતારે જવા ગાડીમાં બિરાજ્યા.

## મારે કાયમ ઠંડક છે

ગાડીમાં બેસી ઉતારા તરફ જઈ રહેલા સ્વામીશ્રી સાથે બેઠેલા એક સંત પ્રતિષ્ઠા વખતે થયેલા અનુભવથી બોલ્યા: 'અત્યારે આસો માસમાંય ગરમી બહુ નીકળી!'

'ભાદરવામાં તાપ હોય જ! ઓતરાચીતરા તપે. ભાદરવો-આસો રહે. કારતકમાં ઠંડક થાય.'

સ્વામીશ્રીએ જણાવેલું આ ઋતુવિજ્ઞાન સાંભળી ગાડીચાલક ઈન્દ્રવદને મુક્તાનંદ સ્વામી રચિત કીર્તનની પંક્તિ *'...સંતન હિત, કરું છાયા કર દોઈ...'* સંભારી અને બે હાથે છાયા કરતાં કહ્યું: ''મહારાજ તો 'આમ હાથ રાખું છું' એમ બોલ્યા છે ને!'

'મહારાજ તો છાયા કરે જ છે, પણ આપણે એમાંથી આઘા-પાછા થઈ જઈએ છીએ.'

'હું તો આપના પર છાયા કરે છે એની વાત કરું છું.'

'મારા ઉપર તો ઠંડક જ છે. મારે કાયમ ઠંડક છે. ગમે તેવા પ્રસંગમાં ઠંડક રહે છે. મહારાજને સંભારીએ એટલે સુખ આવ્યા કરે.'

'અમને ક્યારે એવું સુખ મળશે?'

'મળ્યું જ છે, પણ મનાતું નથી. દુઃખ કોઈ માનશો મા, જે જોઈએ છે તે મળ્યું છે. ભગવાન મળ્યા પછી જગતનું દુઃખ દેખાય જ નહીં.' સ્વામીશ્રી બોલ્યા.

સુખને હાથવગો કરવાનો આ માર્ગ ચીંધતાં તેઓ ઉતારે પહોંચ્યા ત્યારે અહીં ઠાકોરજી થાળ આરોગી રહેલા. તે જોઈ સ્વામીશ્રી પગરખાં કાઢી, 'બેસીએ થોડી વાર' કહેતાં ધાબળા પર બિરાજી થાળ ગાવા લાગ્યા. પ્રાણપ્યારા પ્રભુને લાડ લડાવવાની એક તક તેઓ ન છોડતા. આવા ભક્તિરત સ્વામીશ્રીના હૈયે અખંડ ટાઢું કેમ ન રહે!

## મચ્યા રહે છે થઈ સાવધાન

ભુજમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રી તા. ૧૦/૧૦ની

સાંજે સાડા છ વાગ્યે માંડવીના જી. ટી. મેદાન ખાતે યોજાયેલી જાહેર-સભામાં આવી પહોંચ્યા. અત્રે તેઓ નગરજનોને દર્શન-આશીર્વાદનો લાભ આપી માધવ નગરમાં વસેલા પૂર્વ સાંસદ શ્રી અનંતભાઈ દવેના ઘેર પધાર્યા.

અહીં રાત્રિરોકાણ કરી તા. ૧૧/૧૦ની સવારે માંડવીનાં પ્રાસાદિક સ્થાનોની યાત્રાએ નીકળેલા સ્વામીશ્રીએ સત્યનારાયણ મંદિરે દર્શન કરી તેની લગોલગ જ સંસ્થા દ્વારા બંધાઈ રહેલી કન્યાશાળામાં પગલાં પાડ્યાં. ત્યારબાદ ગામની અંદર અને બહાર વસેલાં સ્વામિનારાયણ મંદિર, મીઠી વીરડી, શાસ્ત્રાર્થનું સ્થાન, સત્સંગ આશ્રમ વગેરે સ્થળોની યાત્રા કરી તેઓ ૧૧:૪૦ વાગ્યે માધવ નગરના સભામંડપમાં પહોંચ્યા.

અત્રે મંડળ દ્વારા યોજાયેલી ઠાકોરજીની રજતતુલામાં લાભ આપી સાંજે ૫:૧૦ વાગ્યે વિદાય થયેલા સ્વામીશ્રી ભુજના રસ્તે આવતા કોડાઈના સ્વામિનારાયણ ગુરુકુળમાં પધાર્યા. સ્થાનિક સંતોના પ્રેમાગ્રહથી અત્રે આવેલા તેઓએ દર્શન બાદ વિદ્યાર્થી સભા સંબોધી.

તે પછી આગળના પ્રવાસમાં સ્વામીશ્રીએ તલવાણાના બહુંતર જિનાલયને પાવન કર્યું. અહીં તેઓએ મુખ્ય દેરાની ફરતે આવેલાં ૭૨ જિનાલયોની પરસાળમાં પ્રદક્ષિણા આકારે ચાલી બધા તીર્થંકરોને વંદન કર્યાં.

આ રીતે જૈન શ્રેષ્ઠીઓનો ભાવ પૂરો કરી ભુજ તરફ અગ્રેસર થયેલા સ્વામીશ્રીએ માર્ગમાં મુખ્ય રસ્તાથી દસ કિ.મી. અંદર આવેલા ખાખર ગામને પણ ધન્ય કર્યું. અત્રે એક વાડીમાં ધર્મલાભ આપી તેઓ ૬:૫૦ વાગ્યે ભુજ જવા નીકળ્યા, પણ અંતરિયાળ રસ્તેથી મુખ્ય માર્ગ પર ચઢવામાં ખાસ્સો સમય વીતતાં સેવકે પૂછ્યું : 'એના એ જ રસ્તે જઈએ છીએ ?'

આ પ્રશ્નનો મર્મ ચતુર સ્વામીશ્રી સમજી ગયા. તેથી તેઓ 'આવા કસમયના ભીડાભર્યા કાર્યક્રમ આ ઉંમરે ન ગોઠવવા જોઈએ' વગેરે ચર્ચા નીકળે તે પહેલાં જ *'જય સદ્‌ગુરુ સ્વામી...'* ગાતાં આરતીમાં પરોવાઈ ગયા. તેઓની આ ચતુરાઈ જોઈ સૌ હસી પડ્યા.

આ હળવાશ સાથે થયેલાં આરતી-અષ્ટક બાદ પણ સ્વામીશ્રીએ આરામને અવકાશ ન આપ્યો. તેઓએ આજે ભરતાપમાં દિવસ દરમ્યાન પાંચ ગામની દોડાદોડી કરેલી. છતાં આહ્‌નિકથી પરવારતાં જ તેઓ પત્ર-વાંચનમાં પરોવાઈ ગયા !

આ રીતે ભુજ સુધીનો પંથ કાપનારા સ્વામીશ્રીએ અહીં પણ ગાડી

ઉતારાને બદલે સીધી સભાસ્થળે લેવડાવી. તેમાં એકત્રિત ભક્તસમુદાયને અમૃતપાન કરાવ્યા બાદ જ તેઓ રાત્રિભોજન માટે બિરાજ્યા ત્યારે '*ક્ષુધા તૃષાનું નહીં કાંઈ ભાન, મચ્યા રહે છે થઈ સાવધાન...*'ની રીતે ઘૂમતા સ્વામીશ્રીની ધગશને સૌ વંદી રહ્યા.

## પ્રભુપદમાં જે પૂરા આસક્ત

તા. ૧૨/૧૦ના રોજ સ્વામીશ્રીને ભુજથી ૭૦ કિ.મી. દૂર વસેલા ભારતના સીમાવર્તી ગામ ખાવડા પહોંચવાનું હતું. તેને લક્ષમાં રાખી મંદિરની સામેના મેદાનમાં પૂર્ણ થયેલા પ્રાતઃપૂજાના કાર્યક્રમ બાદ એક વ્યવસ્થાપકે સ્વામીશ્રીને પૂછ્યું: 'મંદિરે દર્શન કરવા જવું છે?'

'પૂછવાનું હોય? સાધુ થયા છે તે ઠાકોરજીનાં દર્શન કર્યા વગર ચાલે? દર્શન કર્યા વગર પાણી પણ ન પીવાય. દર્શન કર્યા પછી જ બીજું કામ થાય.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓના જીવનમાં ભક્તિના વિકલ્પરૂપે કશું જ ઘૂસી શક્યું નહોતું. પ્રવાસ, પ્રવૃત્તિ અને પધરામણીઓની પરંપરામાં પણ તેઓએ પરાભક્તિનો પ્રવાહ તો અખંડ જ રાખેલો.

આજેય આ રીતને અનુસરતાં સ્વામીશ્રી સવા દસ વાગ્યે ખાવડા પહોંચ્યા ત્યારે ૫,૦૦૦ની જનસંખ્યાના આ ગામની સમૂળી કાયાપલટ થઈ ગયેલી. ભૂકંપથી ધ્વસ્ત થયેલા આ ગામમાં સંસ્થાએ ૨૨ એકર જમીન ખરીદી ૧૫૫ મકાનો, એક સંસ્કાર કેન્દ્ર, સાત ઓરડાની શાળા, પાણીની ટાંકી, પ્રવેશદ્વાર અને રસ્તા-વીજળી સહિતની સઘળી સુવિધાયુક્ત નવું ગામ વસાવી દીધેલું. તેથી જ સૌએ સર્વસંમતિથી આ નવા ગામને 'પ્રમુખસ્વામી નગર' તરીકે ઘોષિત કરેલું. એ નામના નામી આજે પધારતાં સૌનો ઉત્સાહ અપાર હતો. તેની વચ્ચે સ્વામીશ્રીએ ગામના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. તે દ્વારા તેઓએ જાણે આ સરહદી ગામમાં કુસંસ્કારને અટકાવતી એક ચેક-પોસ્ટ ઊભી કરી દીધી!

આ પ્રસંગે કાળા પર્વત પર વસેલા દત્તાત્રેય મંદિરના પૂજ્ય જગદીશભારતીજી તથા સ્થાનિક ધારાસભ્ય સહિત સૌએ સ્વામીશ્રીના આ નવનિર્માણના કાર્યની ઊલટભેર પ્રશંસા કરી. પરંતુ સ્વામીશ્રી તો પ્રતિભાવમાં એટલું જ બોલ્યા: 'ભુજ, ખાવડા વગેરે જે કોઈ જગ્યાએ અમે કામ કર્યું એ

ભગવાનની ઇચ્છાથી ને પ્રતાપથી થયું છે, કારણ કે ભગવાન સિવાય સૂકું પાંદડું પણ હલતું નથી.'

## પ્રાણ રેડીને કરેલું કામ

તા. ૧૨/૧૦ની સાંજે ખાવડાથી ભુજ પધારેલા સ્વામીશ્રી તા. ૧૩/૧૦ની સવારે અહીંથી ૬૦ કિ.મી.ની પાકી સડક અને ત્યારબાદ ૬ કિ.મી.નો ધૂળિયો માર્ગ કાપી ગુણાતીતપુરના આંગણે પહોંચ્યા.

અત્રે ઉદ્યમશીલ ખેડૂતોએ તેઓનો સ્નેહસભર સત્કાર કર્યો.

અત્યાર સુધી છૂટાછવાયાં ખેતરોમાં રહી જીવન ગુજારતા પ્રાગાવાડી વિસ્તારના આ કડવા પાટીદારો સ્વામીશ્રીને કારણે જ વેરવિખેરમાંથી એકત્રિત થયા તેમ કહેવું યોગ્ય હતું, કારણ કે તેઓ હવે સંસ્થા દ્વારા બંધાયેલાં ભૂકંપ પ્રતિરોધક ૧૧૨ ઘર, પ્રાથમિક શાળા, પંચાયત ગૃહ, દવાખાનું, કમ્યુનિટી હૉલ, પચાસ હજાર લિટરની ભૂગર્ભ ટાંકી, પહોળા રસ્તા, ખુલ્લા ચોક, પ્રવેશદ્વાર, આંગણવાડી, ગ્રામ તળાવ જેવી સુવિધાયુક્ત ગામમાં વસવાટ કરવાના હતા. તેઓમાં સદાય સત્સંગના સંસ્કારનું સિંચન થતું રહે તે માટે નિર્માણ પામેલા મંદિરમાં સ્વામીશ્રીએ વેદોક્તવિધિપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી આપ્યા ત્યારે તેઓની આ કરુણાથી ગામવાસીઓ ગદ્‌ગદ થઈ ગયા.

આવી જ લાગણી આજની સાંજે યોગી નગર ગામના રહીશોએ પણ અનુભવી. આ ગામમાં સંસ્થાનું નિર્માણકાર્ય જોઈને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી બોલી ઊઠેલા કે 'આ ઉખડમોરા ગામ હવે 'ન-ઉખડમોરા' કહેવાશે, કારણ કે તેનું બાંધકામ એવું છે કે ગમે તેવા ભૂકંપમાં તેનાં મકાન ઊખડે નહીં, કારણ કે અક્ષર-પુરુષોત્તમ સંસ્થાએ પ્રાણ રેડીને આ કામ કર્યું છે. પ્રમુખસ્વામી એવા સમાજપુરુષ છે કે ક્યાંય પણ આપત્તિ હોય ત્યાં તે હોય જ !'

આ અભિપ્રાય બાદ સ્વામીશ્રીને નિરખવાની ગામવાસીઓની ઉત્સુકતા અનેકગણી વધી ગયેલી. તેથી જ ગુણાતીતપુરથી અહીં સુધીનો ત્રણેક કિ.મી.નો ઊબડખાબડ ધૂળિયો પંથ પાર કરી સ્વામીશ્રીએ જ્યારે સાડા પાંચ વાગ્યે દર્શન દીધાં ત્યારે પૃથ્વી પર અસ્તાચળના ઓળા ઊતરી રહેલા. છતાં આ ગામવાસીઓના મુખ પર ઊગતી ઉષાની લાલિમા ફરી વળી.

ભૂકંપમાં ભોંયભેગા થયેલા આ ગામને બાર એકરની જમીન પર ૮૭ મકાનો, મંદિર, શાળા, બે પ્રવેશદ્વાર, ગૌશાળા, યોગી ઉપવન, ટાંકી

વગેરે સહિત સ્વામીશ્રીએ પુનઃ ઊભું કરી આપેલું. આવા ગ્રામોદ્ધારક ગુરુને આ ગામના મોટા ભાગના મનુષ્યો તો પહેલી જ વાર નીરખી રહેલા. તેથી પરિચય વિના પણ કરુણાના મેઘ ખાંગા કરનારા સ્વામીશ્રીને સૌએ પોતાના નવા યોગી નગર ગામમાં ઉમંગભેર વધાવ્યા. તેઓની આ વધામણીનો પ્રતિસાદ આપતાં સ્વામીશ્રીએ અત્રે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા. અહીં પણ તેઓ પ્રતિષ્ઠા-સભામાં બોલ્યા: 'આ તમને જે સહાય આપી છે એ ભગવાને જ આપી છે. ભગવાને અમોને પ્રેરણા કરી એટલા માટે જ આપણે આ મંદિર કરી ભગવાનને બેસાડ્યા છે.'

## પ્રમુખસ્વામીનો પયગામ

યોગી નગરથી ભુજ પહોંચેલા સ્વામીશ્રીને મળવા તા. ૧૩/૧૦ની રાત્રે શહેરના આગેવાન મુસ્લિમ બિરાદરો આવી પહોંચ્યા. આચાર્ય, એડ્વોકેટ, કાજી, વેપારી વગેરે વિવિધ વ્યવસાય અને વિવિધ પેટાજ્ઞાતિના આ પ્રતિનિધિઓએ આવતાંવેંત સ્વામીશ્રીને કહ્યું: 'આપનું અમે અભિવાદન કરવા આવ્યા છીએ. આપના સંદેશથી ગુજરાત, ભારત અને વિશ્વભરમાં શાંતિ રહી છે. આપની પ્રાર્થના પ્રભુએ સાંભળી.'

અક્ષરધામ પર ત્રાટકેલી આતંકની આફતમાં સ્વામીશ્રીએ જાળવેલી સાધુતાથી *'સર્વે જન કરે જે જેકાર...'*ની સ્થિતિ સર્વત્ર પ્રવર્તતી હતી. તેનો એક ભાગ બનેલા આ મુસ્લિમ મુરબ્બીઓએ વાતચીતમાં જણાવ્યું કે 'અમારા મહમ્મદ સાહેબનો એ જ સંદેશો છે કે જે મુલ્કમાં રહો છો તેને વફાદાર રહેવું.'

પયગંબરના આ પયગામને પુષ્ટ કરતાં સ્વામીશ્રી પણ બોલ્યા:

"બરાબર છે, અમે પણ પરદેશમાં જ્યાં જ્યાં અમારા ભક્તો રહે છે તેમને કહીએ છીએ કે 'આ દેશમાં તમે રહો છો તો એને વફાદાર રહેજો. એના કાયદા-કાનૂનનું પાલન કરજો. તે દેશની સેવા થાય તોય કરવી; ત્યાંના ગરીબ માણસો હોય, સમાજમાં કોઈ જરૂર હોય તો મદદરૂપ પણ થવું.' એનું અનાજ ખાવું છે, એના દેશમાં પૈસા કમાવા છે ને એની સામે લડીએ એ તે કંઈ સારું કહેવાય ? જે ધરતીનું અનાજ ખાઈને આપણે મોટા થયા હોઈએ પછી એ દેશને જો આપણે વફાદાર ન રહીએ તો તો આપણા જેવા કોઈ બૂરા નહીં."

આ શીખ સાથે સ્વામીશ્રીએ સૌને પ્રસાદ તો આપ્યો, પણ તેઓના ભોજનનો પ્રબંધ પણ કરાવ્યો ત્યારે ખુદાના આ બંદાઓએ સ્વામીશ્રી વિષે

જે જાણેલું તે તેઓમાં જોયું પણ ખરું!

## અર્વાચીન કચ્છના વિશ્વકર્મા

તા. ૧૪/૧૦ની સવારે ભુજથી અંજાર પહોંચેલા સ્વામીશ્રી પ્રથમ અહીંના સંભવિત સંસ્કારધામની ભૂમિ પર પુષ્પો છાંટી વિવેકાનંદ માધ્યમિક શાળાના પટાંગણમાં પધાર્યા. આ વિદ્યામંદિરને ધરતીકંપે સારી રીતે ખોખલું કરી નાંખેલું. તે સાથે શહેરની અન્ય કેટલીક પ્રાથમિક શાળાઓ પણ જમીનદોસ્ત થયેલી. વળી, આ નગરને ઉચ્ચતર માધ્યમિક શાળાનીયે ઊણપ વર્તાતી હતી. શહેરીજનોની આ તમામ મુશ્કેલીઓ અને આશાઓ લઈને જ્યારે અગ્રણીઓ સ્વામીશ્રી પાસે આવેલા ત્યારે સ્વામીશ્રીએ તમામ સહયોગ આપવાની ખાતરી ઉચ્ચારેલી.

તે મુજબ અહીં સંસ્થા દ્વારા ૧૬ ઓરડાનું વિશાળ શાળાસંકુલ તૈયાર કરવામાં આવેલું. ટેબલ, ખુરશી, પંખા, બત્તી, બેન્ચ, બ્લૅકબૉર્ડ સહિતનાં રાચરચીલાંથી સજ્જ વર્ગખંડો ઉપરાંત ગ્રંથાલય, પ્રયોગશાળા, કાર્યાલય, કમ્પ્યૂટર કક્ષ વગેરે સુવિધા ધરાવતી આ ઇમારતને ભૂકંપથી પણ પ્રતિરોધક બનાવાયેલી. સ્વામીશ્રીએ દાખવેલા આ સૌજન્યથી અભિભૂત આગેવાનોએ કૃતજ્ઞતા વ્યક્ત કરતાં નવનિર્મિત શાળાને 'પ્રમુખસ્વામી મહારાજ ઉચ્ચ માધ્યમિક વિદ્યામંદિર' તરીકે જ ઘોષિત કરી દીધેલી.

આ શાળા ઉપરાંત અંજારમાં જ અન્ય નવ શાળાઓનાં પુનર્નિર્માણમાં પણ સંસ્થાએ જરૂરિયાત અનુસાર સહકાર આપેલો. તે પૈકીની અબ્દુલ કલામ પ્રાથમિક શાળા નં. - ૯નો જીર્ણોદ્ધાર સૌને વિશેષ પ્રભાવિત કરી રહેલો.

આ શાળાના નિર્માણ સામે કેટલાંક સ્થાનિક મહિલાઓ વાંધો ઉઠાવતાં હતાં, કારણ કે શહેરના મધ્યમાં વસતાં તેઓનાં ઘરમાં રહેલાં સંડાસ, બાથરૂમ ભૂકંપમાં ધ્વસ્ત થઈ ગયેલાં. તેથી તેઓ શાળા તૂટી જવાને કારણે ખાલી પડેલી જગ્યા રાત્રે શૌચ કરવા વાપરતા હતા. જો ત્યાં નવી ઇમારત બને તો 'દેહક્રિયા માટે ક્યાં જવું?' તે તેઓનો પ્રશ્ન હતો.

આ વિમાસણ તેઓએ સંસ્થાના કાર્યકરોને જણાવી ત્યારે સ્વયં-સેવકોએ સ્થાનિક મ્યુનિસિપલ કચેરીનો સંપર્ક કરેલો. અહીં ફરજ બજાવતા અધિકારીઓએ શહેરથી ત્રણ-ચાર કિ.મી. દૂર આવેલું એક સમથળ મેદાન શાળાના નિર્માણ માટે આપવાની તૈયારી બતાવેલી. આ વિગતથી જ્યારે

સ્વામીશ્રીને વાકેફ કરવામાં આવેલા ત્યારે તેઓએ પૂછેલું કે 'આટલે દૂર આવેલી શાળામાં બાળકોને મોકલવા માટે વાલી રાજી થશે ?'

સ્વામીશ્રીની આ શંકા સંપૂર્ણ સાચી ઠરેલી, કારણ કે જ્યારે વાલીઓનો સંપર્ક થયો ત્યારે કોઈ પોતાનાં સંતાનોને દૂરની શાળામાં મોકલવા સંમત નહોતું થયું. સ્વામીશ્રી તો આ મનોવલણ જાણતા જ હતા. તેથી તેઓએ શહેરમાં જ શાળાના નિર્માણની સાથે મહિલાઓ માટે શૌચાલયોનાં નિર્માણની જવાબદારી પણ ઉપાડી લઈ સૌને નિશ્ચિંત કરી મૂકેલાં.

સ્વામીશ્રીનાં આ વિદ્યાપ્રેમ અને ઉદારતાથી પ્રભાવિત અંજારવાસીઓની મોટી મેદની આજે સ્વાગતમાં ઊમટી પડતાં શાળાનું મેદાન ભરચક થઈ ગયેલું. શાળાઓનાં લોકાર્પણની સાથે સ્થાનિક ભક્તોએ ઠાકોરજીની રજતતુલા ગોઠવતાં આજનો સમારોહ ભક્તિ અને સરસ્વતીના સંગમ સમો બની રહ્યો. તેમાં સાંસદ શ્રી પુષ્પદાન ગઢવી, ધારાસભ્ય શ્રી વાસણભાઈ આહિર વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ શૈક્ષણિક સુવિધા શહેરીજનોને સમર્પિત કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'અમારી સંસ્થાએ જે કંઈ અમારાથી થયું એ કર્યું છે. આ અમારી ફરજ છે. અહીં સ્કૂલની જે વાતો થઈ તે બધું ભગવાનની કૃપાથી, આશીર્વાદથી, પ્રેરણાથી કર્યું છે. આપ બધા સંપીને સારી રીતે પોતપોતાનું કાર્ય કરતાં સુખી થાવ એવી ભગવાનને પ્રાર્થના કરીએ છીએ.'

પોતાની સમાજસેવાનો આ શુદ્ધ હેતુ જણાવતાં સ્વામીશ્રીએ સમારોહ બાદ કૈલાસબાગમાં બપોરનો વિશ્રામ લીધો. તે પછી સાંજે જૂના મંદિરે દર્શન કરી તેઓ શહેરની ભાગોળે આવેલી રબારી આશ્રમશાળામાં પહોંચ્યા.

પોતાનાં પશુધન સાથે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર તરફ ફરતા કચ્છના માલધારીઓ અંજારની આ આશ્રમશાળામાં પોતાનાં સંતાનો મૂકતા જાય. તેઓને ભણાવવાની ઇચ્છા રબારી આગેવાનોએ સ્વામીશ્રી સમક્ષ મૂકેલી. એ પ્રસ્તાવને સ્વામીશ્રીએ વધાવી લેતાં આજે સંસ્થા દ્વારા આઠ ઓરડાની સુંદર 'પ્રમુખસ્વામી આશ્રમશાળા' અસ્તિત્વમાં આવી ગયેલી.

તેના આંગણે સ્વામીશ્રી પધાર્યા ત્યારે અત્રે ૨૨૦ બાળ-બાલિકાઓ નિવાસની સાથે કેળવણી મેળવી રહેલાં. તેઓ પર કૃપાશિષ વરસાવી સ્વામીશ્રીએ સાડા છ વાગ્યે કુકમાને પાવન કર્યું.

અહીં સંસ્થા વતી નિર્માણ પામેલાં ૪૩ ઘરોની વસાહતને 'પ્રમુખસ્વામી નગર' નામ આપી સ્થાનિક રહીશો ગૌરવ અનુભવી રહેલા. મુખ્યત્વે ભૂદેવોની

વસ્તી ધરાવતા આ ગામમાં મંદિર કરવાની મહેચ્છાથી બ્રહ્મસમાજે ખરીદેલી જમીન પર સ્વામીશ્રીએ ખાતવિધિ કર્યો. ત્યારબાદ બે મકાનોની હારમાળા વચ્ચે ગોઠવેલી સભામાં આશીર્વાદ વરસાવી તેઓ ભુજ પરત પધાર્યા.

આ રીતે ઘર, ગામ અને શાળાઓનાં પુનર્નિર્માણ દ્વારા અર્વાચીન કચ્છના વિશ્વકર્મા બનેલા સ્વામીશ્રીએ ભૂકંપ રાહતના ભાગરૂપે કુલ ૧૧ ગામોમાં ૧,૬૯૦ પાકાં મકાનોનાં નિર્માણ કરી આપ્યાં. તેની સાથે ૨,૫૦૦ ઘરોનાં સમારકામ માટે અસરગ્રસ્તોને આર્થિક સહાય પહોંચાડી. તે ઉપરાંત, ૩૯ ગામોમાં ૪૮ શાળાઓનાં બાંધકામની સાથે ૩,૫૦૦ વિદ્યાર્થીઓને ૯૦,૦૦૦ ચોપડા તેમ જ નોટબુકોનાં વિતરણ દ્વારા કચ્છની શૈક્ષણિક સમૃદ્ધિમાં પણ વૃદ્ધિ કરી આપી.

## નિરબંધ ન બંધાય ક્યાંઈ

ભુજમાં તા. ૧૫/૧૦ની સવારે સ્વામીશ્રીનાં દર્શને આવેલા ૮,૦૦૦ સૈનિકોના ઉપરી બ્રિગેડિયર શ્રી ચૌધરી સંસ્થાના ભૂકંપ રાહત કાર્યથી અત્યંત પ્રભાવિત હતા. 'हमने देखा है तुम्हारा कार्य। बहुत अच्छा है!' કહેતાં કચ્છ સરહદ પર પહેરો ભરતા આ લશ્કરી અધિકારીએ વધુમાં જણાવ્યું કે 'अभी तो यही हमारा वतन हो गया है। हम कच्छी बन गये हैं।'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'सब जगह अपना कुटुम्ब है ऐसा मानने से शांति रहती है। सारा देश हमारा वतन है। जहाँ रहे, वहाँ वतन!'

સ્વામીશ્રીએ વર્ણવેલી આ જીવનશૈલીથી બ્રિગેડિયર રાજી તો થયા, પણ તેમાં પડતી પ્રારંભિક કઠણાઈ જણાવતાં તેઓએ કહ્યું: 'शुरू में थोड़ा ऐसा रहता है, मगर एक-दो महीने में हम सेट हो जाते हैं।'

'हम तो हर दिन सेट हो जाते हैं।' સ્વામીશ્રી બોલ્યા.

પરિસ્થિતિને અનુકૂળ થવામાં તો તેઓ લશ્કરી જવાન કરતાંય ખાસ્સા આગળ રહેલા. તેથી જ *'એવી રીતે ફરે જગમાંઈ, નિરબંધ ન બંધાય ક્યાંઈ...'*ની રીત અનુસાર છેલ્લાં ૬૧ વર્ષથી સતત વિચરતા સ્વામીશ્રીના જીવનથી બ્રિગેડિયર ઘણું જ આશ્ચર્ય પામ્યા.

આવા સ્વામીશ્રીના સાંનિધ્યમાં શાનદાર રહેલી આજની સાયંસભામાં કચ્છના સત્સંગીઓએ ઠાકોરજીની ૨૬ રજતતુલા કરી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો. કિશોરપેઢી પણ ખિસ્સાં-ખર્ચીમાંથી બચાવેલા ૫૧,૦૦૦ રૂપિયા

ભગવાનને ભેટ ધરી પ્રસન્નતાનું પાત્ર બની.

સૌમાં આવી ભક્તિને પરિપુષ્ટ કરતા સ્વામીશ્રી તા. ૧૭/૧૦ની સવારે સાડા નવ વાગ્યે ભુજથી નીકળી સુખપુર પધાર્યા. અત્રે જૂના મંદિરે દર્શન-દંડવત્ કરી તેઓએ ૧૦:૨૫ વાગ્યે નારાયણ નગરને પાવન કર્યું.

ભૂકંપમાં ધરાશાયી થયેલું જીયાપર સ્વામીશ્રીની અમીવૃષ્ટિથી સચેતન થઈ હવે આ નામે નકશા પર ઊભરેલું. ડુંગરાળ પ્રદેશમાં ટેકરીઓ વચ્ચે વસેલા આ સોહામણા ગામની ૨૬ એકર જમીન પર સંસ્થાએ તૈયાર કરેલાં ૨૮૫ ભૂકંપ પ્રતિરોધક મકાનોની મધ્યમાં નાજુક મંદિર પણ મહોરી ઊઠેલું. તેમાં આજે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત થયા. આ પ્રતિષ્ઠા બાદ અત્રે જ બપોરનાં ભોજન-વિશ્રામ લઈ સ્વામીશ્રી સાંજે ગામનાં મહાદેવજી અને અનસૂયા માતાનાં મંદિરોમાં દર્શન કરતાં મોટી મઉ પધાર્યા.

અહીં ૧૦૦ એકરની વાડીમાં વસેલા નંદનવન ફાર્મ હાઉસમાં ધર્મલાભ આપી તેઓએ શ્રીજી નગરમાં પગલાં પાડ્યાં.

ભૂકંપ બાદ સંસ્થાકીય સહાયથી નૂતન કલેવર પામેલું આ ગામ પૂર્વે નાની મઉના નામે ઓળખાતું; પરંતુ શ્રીજીના સ્વરૂપ સમા સ્વામીશ્રીની કૃપાવર્ષાની કાયમી યાદગીરીરૂપે ગામવાસીઓએ હવે તેને શ્રીજી નગર નામથી વધાવી લીધેલું. તેની પાંચ એકર ભૂમિ પર ખડા થયેલાં ૩૩ અડીખમ મકાનો, શાળા, પાણીની ટાંકી વગેરે સાથે એક મંદિર પણ ખરું! તેમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રી ચારેક કિ.મી. દૂર વસેલા ગઢશીશા ગામે પહોંચ્યા.

અત્રે તેઓ એચ. કે. પુંજાણી હાઈસ્કૂલના મેદાનમાં આસપાસનાં ૧૭ ગામોમાંથી એકત્રિત થયેલા ૩,૦૦૦ ભાવિકોને સત્સંગ-લાભ આપી રાત્રે ભુજ પધારી ગયા.

આમ, આજે સ્વામીશ્રીએ એક જ દિવસમાં છ ગામો ખેડી પોતાના પુરાણા વિચરણની યાદ તાજી કરાવી દીધી.

## ટેવ જેવી પાડીએ તેવી પડે

તા. ૧૮/૧૦ની સવારે થઈ રહેલા સ્વામીશ્રીના ક્ષૌરકર્મ દરમ્યાન આ વખતના તેઓના વિદ્યુતવેગી વિચરણની વાતો નીકળી. તે ક્રમમાં નવાં-સવાં ગામોમાં સ્વામીશ્રીને પડેલી પ્રતિકૂળતાઓ ગણાવતાં કો'કે કહ્યું: 'એક ગામમાં

તો આપને સૂવાનું ગાદલું કેવું હતું!'

'પલંગ પણ બહુ ઊંચો હતો. ઘોડે ચઢતા હોય તેમ ઉપર બેસવું પડે એવું હતું!' બીજાએ સૂર પુરાવ્યો.

તેમાં ત્રીજાએ તો સ્વામીશ્રીને જ પૂછ્યું: 'આપને આવું બધું હોય તેમાં ફાવે કઈ રીતે?'

'પહેલેથી એવી ટેવ પાડી હોય એટલે વાંધો ન આવે. ટેવ જેવી પાડીએ તેવી પડે.'

'પણ ઉંમરના પ્રમાણે થાક તો જણાય ને!'

'ઢાંચો પડી ગયો હોય પછી ન જણાય.' આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'સાધુ થયા પછી ગામડે ફરવાનું છે. તેમાં અગવડ-સગવડ રહેવાની જ! પહેલેથી મનમાં નક્કી થયું હોય એટલે વાંધો ન આવે. ખાવા-પીવાની એવી કોઈ ઇચ્છા નહીં. જે સમયે જે આવ્યું તે ખઈ લઈએ.'

૧૮ વર્ષની વયે સાધુ થયા ત્યારે સ્વામીશ્રીએ કરેલો મક્કમ નિર્ધાર ૮૧ વર્ષે પણ લેશ પોચો-પોલો પડ્યો નહોતો.

## આ સત્સંગ વાતે કરીને થાય છે

નવનિર્મિત ગામોનાં લોકાર્પણ નિમિત્તે છેલ્લા બાર દિવસથી કચ્છ પર વરસી રહેલી સ્વામીશ્રીની અમૃતધારાએ ઠેર-ઠેર સત્સંગની હરિયાળી લહેરાવી દીધેલી. હવે તેની માવજત કરવાની જવાબદારી જેઓના ખભે હતી તેવાં કચ્છનાં ૩૦૦થીયે વધુ પુરુષ-મહિલા કાર્યકરો તા. ૧૮/૧૦ની સવારે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા એકત્રિત થઈ ચૂકેલાં.

તેઓને સત્સંગ-પ્રસારનું માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ કહ્યું:

'ગૃહસ્થોને વ્યવહાર તો કરવો પડે, સંબંધો રાખવા પડે, પણ મુખ્ય વાત ભગવાન રાખવાની છે. 'વ્યવહાર એક દિવસ મૂકવાનો છે' તે મગજમાં રહેવું જોઈએ. ભગવાન ને સંતની આજ્ઞા થાય ત્યારે વ્યવહારને પ્રધાન કરવો નહીં. તે ઘડીએ કહે તેમ કરવું. તો એ ગૃહસ્થ છે એ પણ ત્યાગી જ કહેવાય. જેટલો સમય ભગવાન માટે ફાળવ્યો એટલા આપણે ત્યાગી. કચ્છમાં અત્યારે પચાસ સાધુ જોઈએ છે. હવે સાધુ કેટલે પહોંચી વળે? માટે તમે બધા સાધુ જ છો. બધાએ ટાઈમ કાઢવો. ટાઈમ નથી તેમ નહીં! જો તમે ધારશો તો ટાઈમ પુષ્કળ મળશે અને નહીં ધારો તો એક દા'ડો પણ નહીં મળે. માટે

બધાયે ખાસ મંડી પડવાનું.

હવે ગામોગામ મંદિરો થયાં તો ત્યાં પણ જવાનું. સાઈકલ હોય તો સાઈકલ, મોટરસાઈકલ હોય તો મોટરસાઈકલ ને પૈદલ હોય તો પૈદલ જવું. રવિવારની સભા બરોબર ચાલે, મંદિરો જે કર્યાં છે તેમાં આરતી, પૂજા બરોબર થાય એની થોડી લખાણપટ્ટી કરવી. મધ્યસ્થ કાર્યાલયથી જે આવે તે પ્રમાણે થવું જોઈએ. પાછો તેનો રિપોર્ટ ત્યાં મળવો જોઈએ. સત્સંગી જે આપણા વધ્યા છે તેને સાચવવાના છે. તે લોકો આવે ત્યારે બોલાવવા, ચલાવવા, એની વ્યવસ્થા કરવી. આ સત્સંગ એમ ને એમ કંઈ થતો નથી, કારણ કે સત્સંગ કોઈને ગમતો નથી, પણ બોલાવતાં-ચલાવતાં જીવમાં આ સત્સંગ પેસી જાય.

આ સત્સંગ વાતે કરીને થાય છે. હિંમત હારવી નહીં. બે જણા તો બે, પાંચ જણા તો પાંચ, પણ વાત કરવી. એમ કરતાં વર્ષે - બે વર્ષે સત્સંગ થાય જ! સંસાર-વ્યવહાર લઈને બેઠા તેમાં કાયર થવાય છે? તો ભગવાનનું કામ છે તેમાં પણ કાયર નહીં થવાનું. જો બળ રાખશો તો કચ્છનો સત્સંગ વધી જશે. સત્સંગની અંદર ઊંડા ઊતરવાનું પણ બધા કાર્યકર્તાઓએ ખાસ જરૂરી છે. આપણી ઉપાસના શું છે? અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત શું છે? ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર કેમ છે? સત્પુરુષ મોક્ષનું દ્વાર કેમ છે? આ બધું આપણે સમજી-વાંચી લેવાનું. કોઈ આપણને પ્રશ્ન પૂછે તો અટકી ન જવું જોઈએ.

આપણે નિયમ-ધર્મમાં પણ દૃઢતા હોવી જોઈએ. આપણે બજારમાં ખાતા-પીતા હોઈએ, સિનેમા જોતા હોઈએ તો જોગી મહારાજની આબરૂ જાય. આપણા નિયમ-ધર્મની દૃઢતા હશે એટલી લોકોને છાપ પડશે.'

કેવળ કચ્છ જ નહીં, પરંતુ દુનિયાના કોઈ પણ પ્રદેશમાં સત્સંગ વધારવાનું દિશાદર્શન સ્વામીશ્રીએ આપી દીધું.

## જેને દર્શને દુષ્કૃત નાસે

અક્ષરધામની આતંકી ઘટના પછી તરત જ ગોઠવાયેલા કચ્છના કાર્યક્રમને અનુલક્ષી ગુજરાત સરકાર દ્વારા સાત સશસ્ત્ર સુરક્ષાકર્મીઓની ગોઠવણ સ્વામીશ્રી તથા સંતમંડળને પૂરી પાડવામાં આવેલી. તેથી સ્વામીશ્રીને નિકટથી નિહાળવાનો લાભ પામેલા આ સાત કમાન્ડોને ૮૧ વર્ષે પણ ભારે શ્રમ ઉઠાવતા, ધર્મપરાયણ જીવન જીવતા, નિરંતર કથા-કીર્તન અને દેવદર્શનમાં નિમગ્ન રહેતા, સામાન્યમાં સામાન્ય વ્યક્તિના જીવનમાં રસ

લેતા, ભેદભાવ વિના વર્તતા, પરોપકારી અને નિર્દંભ જીવનશૈલી ધરાવતા સ્વામીશ્રી નિરાળા જ લાગેલા. આ સંત્રીઓએ સ્વામીશ્રીને મંત્રીઓના ઘરથી માંડી ગામવાસીના ખોરડામાં નિરાંતે સૂતેલા જોયેલા. નાનકડા શિશુઓથી લઈ વયસ્ક વ્યક્તિઓ અને દૂર રહી લાભ લેતી મહિલાઓનો સ્વામીશ્રી વિષેનો અપ્રતિમ ભક્તિભાવ પણ નિહાળેલો.

આ બધું જોઈ સુરક્ષાકર્મીઓને લાગતું કે 'જેને કોઈ સાથે શત્રુભાવ નથી અને જેને ભગવાનનાં રખવાળાં છે તેની રક્ષા આપણે શું કરવાના!' તેની સાથે આ કમાન્ડોનાં કાળજે ચોટ લગાડી ગયાં – સ્વામીશ્રીનાં સ્નેહ અને સંભાવના. ભરચક પ્રવૃત્તિમાં પણ સ્વામીશ્રી આ સુરક્ષાકર્મીઓનાં ભોજન વગેરેની બરદાસ્ત રાખતા.

તેથી જ તા. ૧૯/૧૦ના રોજ આવી રહેલી સ્વામીશ્રીની વિદાયનો ભાર આ સંત્રીઓને તા. ૧૮/૧૦થી લાગવા માંડ્યો. તેઓના અંતરમાં સ્વામીશ્રીના સહવાસની કાયમી સ્મૃતિ જીવમાં જડી દેવાના અરમાન જાગી ગયા. તેના ભાગરૂપે તા. ૧૮/૧૦ની કાર્યકર સભા બાદ એક પછી એક મંચ પર આવેલા આ સાતેય સંત્રીઓએ વ્યસનમુક્ત થઈ વર્તમાન ધાર્યાં અને કંઠીઓ પહેરી! તેઓને સ્વામીશ્રીએ મૂર્તિ-માળા આપી રોજ જાપ કરવા કહ્યું. વળી, પ્રસાદ અને સમૂહછબીનો પણ લાભ આપતાં ગદ્ગદ થઈ ગયેલા આ કમાન્ડોને ઇચ્છા થઈ આવી – સ્વામીશ્રીને સલામી આપવાની. તેથી તેઓ લશ્કરી શિસ્તમાં એક કતારરૂપે સાવધાન બનીને ઊભા રહી ગયા. તે જોઈ ઉદ્‌ઘોષકે જાહેરાત કરી કે 'હવે સુરક્ષા જવાનો સ્વામીશ્રીને સલામી આપશે.'

આ સાંભળી સ્વામીશ્રીએ 'ઠાકોરજીને સલામી આપશે એમ કહો' જણાવી તે મુજબ જ કરાવ્યું.[૫૨]

## ભય અને ભીડાથી મુક્ત બ્રહ્મસ્વરૂપ

તા. ૧૯/૧૦ની સવારે ભુજથી હવાઈમાર્ગે રાજકોટ પધારેલા સ્વામીશ્રી

---

૫૨. ભૂકંપગ્રસ્ત કચ્છ-ભુજને બેઠું કરવા સ્વામીશ્રીએ કરેલાં કંઈક નવનિર્માણથી થયેલી કચ્છની કાયાપલટને નિહાળવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અત્રે મંદિરમાં દર્શન બાદ નિજનિવાસમાં પહોંચ્યા ત્યારે સંતો તેઓને વીંટળાઈ વળ્યા. તેઓ સાથે થઈ રહેલી ઔપચારિક વાતોમાં યોગીસ્વરૂપદાસ સ્વામીએ સંતોને ઉદ્દેશી કહ્યું: 'સ્વામીશ્રીને કચ્છના રોકાણ દરમ્યાન ખૂબ ભીડો પડ્યો છે. રોજેરોજ બે-ત્રણ ગામો કરવાનાં ને તાપમાં મુસાફરી...'

પોતાની આ પ્રશંસાને યુક્તિપૂર્વક વાળી લેતાં સ્વામીશ્રી બોલ્યા: "અમુક વાત માણસના મગજમાં વારંવાર આવે તો એને એમ થઈ જાય કે 'હું બહુ થાકી ગયો છું.' કોઈ બાળક ઊંચેથી પડે તો ઊભો થઈ ખંખેરીને ચાલતો થાય ને એને કહેવા માંડે કે 'અહોહો ! આટલે ઊંચેથી પડ્યો ?' તો તરત રડવા માંડે ! એમ બહુ વ્યસ્ત પ્રોગ્રામ થયો ને બહુ ભીડો પડ્યો ને..."

સ્વામીશ્રીએ આમ જણાવ્યું ત્યારે યોગીસ્વરૂપદાસ સ્વામીએ મર્મ કર્યો કે 'પણ બ્રહ્મને તો બીક ન હોય ને !'

'તો બ્રહ્મને ભીડો પણ નથી, થાકેય નથી.' આમ કહેતાં સ્વામીશ્રીએ પોતાના પરિશ્રમની ચર્ચા પર પૂર્ણવિરામ લાવી દીધું.

તેઓના જીવનમાં પોતાની વાતને દાટી-દાબી દેવાનું વલણ હંમેશાં દેખાતું.

આ અભિગમ સ્વામીશ્રી રાજકોટથી ગોંડલ પહોંચ્યા ત્યારે પણ જોવા મળ્યો. અહીં સ્વાગત-સભામાં સ્વામીશ્રી દ્વારા કચ્છમાં થયેલા સત્સંગના વિકાસની વાતો સહપ્રવાસી સંતો દ્વારા પ્રભાવી રીતે રજૂ થઈ ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું: 'સત્સંગ તો બધે વધે છે ને વધવાનો જ છે, પણ આપણે વધીએ છીએ કે ઘટીએ છીએ એ જોવાનું રહ્યું. બાપ જાણે કે છોકરો મોટો થાય છે, પણ આવરદામાં ઓછો થાય છે. દરરોજ વિચાર કરવો કે એક દિવસ આપણો ઓછો થાય છે, એટલે વધારે ભજન કરવું. આ જન્મે એવું કરવું છે કે અક્ષરધામમાં પહોંચી જવાય.'

સત્સંગના વિકાસ માટે સતત પ્રયત્નશીલ સ્વામીશ્રીએ સ્વ-વિકાસનો મુદ્દો કદી વિસાર્યો નહોતો. અલબત્ત, સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હોવાને કારણે તેઓને તો કોઈ વિકાસ સાધવાનો જ નહોતો, પણ આજે તેઓ પોતાના મિષે સૌને આંતર-બાહ્ય વિકાસનું સંતુલન સાધવાનું સમજાવી ગયા.

## હું છું દાસ ભક્તનો રે

ગોંડલ મુકામે તા. ૨૧/૧૦ના રોજ ઊજવાયેલા શરદ પૂનમના

સમૈયામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"અત્યારે નીરવ શાંતિ આપણને બધાને વર્તે છે. અક્ષરધામની અંદર આપણે બધા બેઠા છીએ. મહિમા સમજાય તો ભેટંભેટા, નહીંતર છેટંછેટા. આ પ્રગટ પુરુષોત્તમ આપણને મળ્યા છે, એનો જો મહિમા એવો ને એવો સમજાય તો કાંઈ કરવાનું રહ્યું નથી. 'આપણે ભાગ્યશાળી છીએ' એમ માનવાનું. ભલે ને કશું જ ન હોય, પણ આપણને જે મળ્યા છે એ કરોડપતિ છે. એમના ખોળે બેઠા છીએ એટલે આપણે કરોડપતિ થઈ ગયા. આપણા ખિસ્સામાં પૈસો પણ ન હોય, એની કંઈ જરૂર નથી. એનો સંબંધ થઈ ગયો, એના વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ, એમાં જીવ જડી દીધો, તો પછી આપણે સુખિયા, સુખિયા ને સુખિયા છીએ. આ વાત આજે સમજો, લાખ વર્ષે કેડે સમજો, પણ આ વાત સમજ્યા વિના છૂટકો નથી.'

આ અમૃતધારાથી સૌનાં અંતઃકરણ ચંદ્ર જેવા શીતળ કરતા સ્વામીશ્રી પાસે તા. ૨૩/૧૦ની સવારે મેવાસાના હરિભક્ત શ્રી ખોડાભાઈએ રાવ નાંખી કે 'મને ખંભા બહુ દુઃખે સે (છે.)'

આ સાંભળતાં જ સ્વામીશ્રી પોતાના જમણા હાથે એ સત્સંગીના બંને ખભા વારાફરતી દબાવવા લાગ્યા. તે પછી બંને ખભા પર પ્રેમથી હાથ ફેરવ્યો. અંતે માથે હાથ મૂકી આશીર્વાદ પણ આપ્યા.

ગુરુ હોવા છતાં પોતાને *'હું છું દાસ ભક્તનો રે...'* સમજતા સ્વામીશ્રીને કોઈ પણ સંત-ભક્તની સેવામાં પરોવાઈ જતાં વાર ન લાગતી.

આ દાસભાવ સાથે તેઓ આ અરસામાં ડાંગરાના મંદિર સંબંધી એક બેઠકમાં બિરાજ્યા. તેનો પ્રારંભ કરતાં સંસ્થાના એકાઉન્ટન્ટ શ્રી મધુસૂદનભાઈ જાનીએ પૂર્વભૂમિકા બાંધી કે 'બાપા! આ ડાંગરા મંદિરના નવા ટ્રસ્ટી શ્રી શૈલેશભાઈ...'

હજી તો આટલું બોલાયું ત્યાં સ્વામીશ્રી એ હરિભક્તની ચાર પેઢી – ગટુભાઈ, નારણભાઈ, વૈજનાથભાઈ અને કૃષ્ણજી અદા એમ સડસડાટ બોલી ગયા! તેથી એકાઉન્ટન્ટને કાંઈ કહેવાનું ન રહેતાં તેઓએ મીટિંગનો મુદ્દો ઉપાડ્યો, પણ તેઓને રોકતાં સ્વામીશ્રી બોલ્યાઃ 'બાલમુકુંદ સ્વામીને આવવા દો.'

'તેઓ બહાર કથા કરે છે. આપ, જ્ઞાનપ્રસાદ સ્વામી અને આ હરિભક્ત – ત્રણ જણા મીટિંગમાં હાજર છો. તેથી તેઓ નહીં હોય તો

ચાલશે.' એકાઉન્ટન્ટે કાયદાકીય પરિભાષા મુજબ કહ્યું.

પરંતુ સ્વામીશ્રી કાયદાની સાથે પ્રેમની પરિપાટીથી ચાલનારા. તેથી તેઓએ બાલમુકુંદદાસ સ્વામી કથા કરીને આવ્યા ત્યાં સુધી પત્રવાંચન કર્યું અને ટ્રસ્ટના ચોથા સભ્ય તરીકે એ સંત આવ્યા પછી જ મીટિંગ શરૂ કરી. તેના આરંભમાં એકાઉન્ટન્ટે એક પ્રોસીડિંગ(પ્રક્રિયાપત્ર)માં સૌને સહી કરવા જણાવ્યું ત્યારે પણ સ્વામીશ્રીએ કહ્યું : 'પહેલાં એજન્ડા મુજબ ચર્ચા કરો. પછી સહી લો.'

તેઓ સ્વતંત્ર સત્તાધીશ હોવા છતાં સૌને સાથે રાખીને નિર્ણયો લેતા. એક નાનકડા હરિમંદિરની મીટિંગમાં પણ સ્વામીશ્રીએ અપનાવેલી ઉપરોક્ત કાર્યપદ્ધતિ નેતૃત્વના પાયાના સિદ્ધાંતો શીખવનારી છે. તેની સાથે તે સર્વ-ઉપરી થઈનેય સેવક રહેવાના અધ્યાત્મનો પાઠ પણ ભણાવી જાય છે.

## હિંમતનગરમાં જન્મજયંતીની આલબેલ

ગોંડલમાં તા. ૨/૧૧ના રોજ આવેલી ધનતેરસની સવારે સ્વામીશ્રીના વરદહસ્તે નાની વાવડી, ડેડાણ અને ગીદરડીનાં મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠાઓ સંપન્ન થઈ. તેની સાથે નાગપુરમાં નિર્માણાધીન અંગ્રેજી માધ્યમની શ્રી સ્વામિનારાયણ શાળાનો ખાતવિધિ પણ યોજાઈ ગયો. આ ક્રમમાં તા. ૪/૧૧ના રોજ દિવાળી અને તા. ૫/૧૧ના દિવસે ફૂટેલા વિ.સં. ૨૦૫૯ના પ્રથમ પ્રભાતે અન્નકૂટના ઉત્સવ પણ ધામધૂમથી ઊજવાયા.

તેને અનુસરતાં તા. ૯/૧૧ની સવારે સ્વામીશ્રીએ ગોંડલીના પવિત્ર જળરાશિમાં પાળિયાદ ગાદીના સ્વર્ગસ્થ મહંત પૂજ્ય અમરા બાપુના અસ્થિ-વિસર્જનનો કાર્યક્રમ પૂર્ણ કર્યો. તે પછી તેઓએ તા. ૧૧/૧૧ની સવારે કોટડા સાંગાણા તાલુકાના રામોદ ગામની મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા.

આ જ દિવસથી નૂતન વર્ષના વિચરણનો આરંભ કરતા સ્વામીશ્રી રામોદ અને ગઢડાને લાભ આપી તા. ૧૩/૧૧ની સવારે તાજપુર પધાર્યા.

અત્રે ત્રણ શિખરના નવનિર્મિત મંદિરમાં તેઓનાં કરકમળો વડે અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. આ અવસરે સમસ્ત ગામવાસીઓના અપાર ભક્તિભાવને બિરદાવતાં સ્વામીશ્રી અહીંથી સારંગપુર અને ગાંધીનગર થઈને તા. ૧૪/૧૧ની સાંજે હિંમતનગર પધાર્યા.

અત્રે તેઓની ૮૨મી જન્મજયંતીની આલબેલ પોકારતા ચતુર્દિવસીય

મહોત્સવનો માંડવો નંખાયેલો. તેની તળે આજની સ્વાગત-સભામાં શહેરના અગ્રણીઓએ સન્માનપત્ર આપી સ્વામીશ્રીને નવાજ્યા. તે સાથે નગરની મોતીપુરા નહેરથી કસિયા માર્ગ સુધીની સડકને નગરપાલિકાએ 'પ્રમુખસ્વામી મહારાજ માર્ગ' તરીકે ઘોષિત કરી સ્વામીચરણે ઉચિત અંજલિ ધરી.

ત્યારબાદ સંપ્રદાયમાં પ્રસિદ્ધ આરતી *'જય સદ્‌ગુરુ સ્વામી...'*ની આજે ઊજવાઈ રહેલી ૨૦૦મી જયંતી નિમિત્તે સમૂહ આરતીનો કાર્યક્રમ યોજાયો. તેમાં પ્રગટી ઊઠેલા હજારો દીવડાઓથી *'અવની નભ જોઈયે નીરખી, શોભા બેયની દીસે છે સરખી...'*નો નજારો જામી ગયો.

આ રીતે તેજમાં તરબતર થયેલા આ મહોત્સવ સ્થળે તા. ૧૫/૧૧ની સવારે સ્વામીશ્રીએ સાત પાર્ષદોને ભગવાં ઓઢાડ્યાં અને દસ યુવાનોને પાર્ષદના પંથે ચડાવ્યા. કાર્યક્રમોની આ શૃંખલામાં આજની સાંજે શહેરના સહકાર સભાગૃહમાં યોજાયેલા એક સમારંભમાં મહોત્સવના સહયોગીઓનું સન્માન કરવામાં આવ્યું.

## વિકાસનો વિદ્યામંત્ર

તા. ૧૬/૧૧ની સવારે અલ્પાહાર ગ્રહણ કરવા બિરાજેલા સ્વામીશ્રી સમક્ષ રજૂ થતા કાર્યકરોના પરિચયમાં ઉલ્લેખ થયો કે 'બાપા! આ સુમતિભાઈ સોની મોડાસાના મંદિરનું એકાઉન્ટ સંભાળે છે. એમના પિતાનું નામ નટુભાઈ.'

'એ શાહીબાગમાં મંદિર થયા પહેલાં અમદાવાદના મંદિરનું એકાઉન્ટ લખતા.'

સ્વામીશ્રીએ ચાર દાયકા પૂર્વેની આ સેવા સંભારી ત્યારે કો'ક બોલ્યું: 'એ નટુભાઈના એક ભાઈ હતા.'

'ના, તમે કહો છો એ નટુભાઈના બાપા ચુનીભાઈ. એ તલાટી હતા ને નામું લખતા. બધા પ્રામાણિક. ચુનીભાઈ, નટુભાઈ અને આ (સુમતિભાઈ) પણ.'

સ્વામીશ્રીએ આપેલી આ સ્પષ્ટતા ભક્તો સાથેનો તેઓનો અંતરંગ નાતો સૂચવી ગઈ.

આવો જ ઘરોબો તેઓને આદિવાસીઓ સાથે પણ! તેથી જ આજની સવારે યોજાયેલું આદિવાસી સંમેલન આશરે ૪,૫૦૦ આદિવાસી બાઈ-ભાઈથી છલકાતું હતું. આ એકેએક વનવાસીના ચહેરા પર સ્વામીશ્રીએ સીંચેલી

નૈતિકતાનાં નૂર ઝળહળતાં હતાં. તેથી તેઓએ પોતાના જીવન-ઉદ્ધારક સ્વામીશ્રીને નૃત્ય, સ્વાનુભવ કથન વગેરે દ્વારા વધાવ્યા.

આ ક્રમમાં એક તબક્કે જ્યારે ઢબૂકતા તેર ઢોલના તાલે નર્તન કરતા વનવાસી નૃત્યકારો છબી પડાવવા સ્વામીશ્રીની આસપાસ ગોઠવાઈ ગયા ત્યારે સ્વામીશ્રીએ તેઓનો એકતારો વગાડી સૌના અંતરતાર ઝંકૃત કરી દીધા. તેથી જામેલી આહ્‌લાદક આબોહવામાં સ્થાનિક સંતોએ આદિવાસી ભક્તો વતી હારતોરા કરી સ્વામીશ્રીને સન્માન્યા.

આ સત્કાર ઝીલી અમૃતધારા વહાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'માણસ કેટલું જીવે છે એ અગત્યનું નથી, પણ કેવું જીવન જીવે છે એ અગત્યનું છે. હમણાં બધા ભાઈઓનાં પરિવર્તનની વાત જાણીને ખૂબ આનંદ થયો. આપણે આદિવાસી... આદિવાસી... એમ કરીને દુઃખી રહેવાની જરૂર નથી. ભગવાનની અંદર શ્રદ્ધા રાખીને પુરુષાર્થ કરશો તો તમારો વિકાસ થશે.'

વનવાસીઓને વિકાસનો આ વિદ્યામંત્ર શિખવાડતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૧૭/૧૧ના પ્રભાતે અમદાવાદનાં સરસપુર, બોપલ, ઘાટલોડિયા અને સોલામાં નિર્માણ પામેલાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પુરાતાં પ્રતિષ્ઠાનો ચંદરવો રચાઈ ગયો.

તેની તળે આજની સાંજે ઠાકોરજીની ભવ્ય પુષ્પતુલાનો આનંદ છાઈ રહ્યો. અત્રે ઊજવાનારી સ્વામીશ્રીની જન્મજયંતીના પ્રસંગે ગુરુઋણની અભિવ્યક્તિરૂપે ભક્તોએ કરેલી આ તુલાવિધિમાં આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આજે આવો અદ્‌ભુત સમૈયો હિંમતનગરને આંગણે થયો છે તે માટે બધાને ખૂબ-ખૂબ ધન્યવાદ છે. આપે જે સેવા કરી છે તે ભગવાન ભૂલશે નહીં. તમને અનંતગણું એમનું સુખ આપશે, બધાનું ભગવાન કલ્યાણ કરશે.'

સેવાની આ મોજ આપી તા. ૧૮/૧૧ની સવારે હિંમતનગરથી વિદાય થયેલા સ્વામીશ્રી બોચાસણ પધાર્યા.

## આસનની અડચણ

બોચાસણમાં તા. ૨૧/૧૧ની સવારે વિશ્વનાથપુરા લાટના મંદિરની મૂર્તિઓમાં દૈવત આરોપી સ્વામીશ્રી તા. ૨૩/૧૧ના રોજ પારાયણમાં પધાર્યા ત્યારે તેઓ સોફા પર બિરાજ્યા બાદ આજુબાજુ જોવા લાગ્યા. તેનું કારણ

પૂછતા સંતોને સ્વામીશ્રીએ કહ્યું: 'આસન પાછું લેવું'તું, પણ કંઈ નહીં. કાલે કરજો.'

તેઓને કથાકારથી સહેજ આગળ ગોઠવાયેલું પોતાનું આસન ખૂંચેલું.

આ સમયે અહીં વ્યાસપીઠ પર બેસી કથા કરનારા સંતો તો ઉંમરમાં સ્વામીશ્રીથી ૨૦, ૩૦, ૪૦ કે અમુક તો ૫૦ વર્ષથીયે નાના હતા, છતાં સ્વામીશ્રીએ વ્યવસ્થાપકોને તાકીદ કરી કે 'મારું આસન પારાયણના વક્તાના આસનની આગળ ન ગોઠવવું.'

આ નમ્રતા સાથે ડગલાં માંડતા તેઓ પારાયણ બાદ ઉતારે જઈ રહેલા ત્યારે તેઓએ રસોડા આગળ ઊભેલી એક વ્યક્તિને પૂછ્યું: 'મંગા! કેમ છે?'

'સારું છે,' બોલતાં એ મંગળદા'નું મુખ મલકી ગયું!

'કેટલાં વરસ થયાં?'

'૬૦.'

આ સાંભળી 'અહોહો!' એમ આશ્ચર્ય વ્યક્ત કરી સ્વામીશ્રી એ વડીલના માથે હાથ મૂકતાં બોલ્યા: '૧૫-૨૦ વરસનો હતો ત્યારથી મંદિરમાં સેવા કરે છે. એકધારી ચાલીસ વર્ષ સેવા કરી.'

વિશ્વના ચોક ગજવતા સ્વામીશ્રીની નજરમાંથી મંદિરના કો'ક ખૂણે સેવા કરતો સામાન્ય માનવી પણ છટકતો નહીં.

## દીઠા ડાકોરના તે ઠાકોર

તા. ૨૬/૧૧ની સાંજે બોચાસણથી નીકળેલા સ્વામીશ્રી આણંદ અને વિદ્યાનગરને લાભ આપી તા. ૨૯/૧૧ની સવારે ઉમરેઠના ઉંબરે જઈ પહોંચ્યા.

અત્રે ૯૦,૦૦૦ ચો.ફૂ. જમીન પર એક નમણું મંદિર મહોરી ઊઠેલું. તેમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી સ્વામીશ્રીએ ભક્તોનો દાખડો સુફળ કર્યો. તે પછી મંદિરના સમીપવર્તી અમરેશ્વર મહાદેવનાં દર્શન કરી આજની બપોરે ડાકોર પહોંચેલા તેઓએ સાંજના સમયે ગોમતીજી, ડંકનાથ મહાદેવ, તુલા સ્થાન અને રણછોડરાયજી મંદિર વગેરે તીર્થસ્થાનોમાં પધરામણી કરી જાહેર-સભાને ધર્મલાભ આપ્યો.

આ સભાના અંતે ડૉ. હરેન્દ્રભાઈ ભટ્ટના ઘેર પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં ડાકોરનાં પ્રસિદ્ધ મઠ-મંદિરોના સંતો-મહંતોને નિમંત્રિત કર્યા હોવાથી સંત સંમેલન જેવો માહોલ સર્જાઈ ગયો. આ પ્રત્યેક મહાત્માઓ તથા

તેઓનાં ધર્મસ્થાનોનો પરિચય માનસ-મર્મજ્ઞ પૂજ્ય દેવકીનંદનદાસજી આપતા ગયા. તે સાંભળી હર્ષ પામતા સ્વામીશ્રીએ સૌને શાલ તેમ જ સ્મૃતિભેટથી સન્માન્યા અને યજમાન હરિભક્ત દ્વારા યથાયોગ્ય દક્ષિણાઓ અપાવી.

તેને અનુસરતાં સ્વામીશ્રી તા. ૩૦/૧૧ના રોજ પણ ડાકોરનાં ધર્મ-સ્થાનોની દર્શનયાત્રા ચાલુ રાખતાં ભરત ભુવન, દાઉજી મંદિર, કાઠિયા ખાક ચોક મંદિર, સત્યનારાયણ મંદિર વગેરે સ્થાનોમાં પધાર્યા. તેની વચ્ચે તેઓ ડાકોરની પાંજરાપોળમાં પણ જઈ પહોંચ્યા. આપણી સંસ્થા દ્વારા જ સંચાલિત આ પશુ કલ્યાણ કેન્દ્રમાં પુષ્પો પધરાવી સ્વામીશ્રીએ અમદાવાદ-ડાકોરના મુખ્ય માર્ગ પર આવેલા સંસ્થાકીય નારાયણ ફાર્મને પાવન કર્યું. અહીંથી તેઓએ ડાકોર-સૂઈ માર્ગ પર ઊભેલા સંસ્થા-સંચાલિત અક્ષર ફાર્મમાં પગલાં પાડ્યાં.

આ સ્થાનમાં જ બપોરનાં ભોજન અને વિશ્રામ લઈ સ્વામીશ્રીએ આજની સાંજે ઉમરેઠના સંતરામ મંદિર અને જૂના સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કર્યા બાદ ભાટપુરાને ધન્ય કર્યું. અહીંના નવનિર્મિત મંદિરમાં આરતી ઉતારી તેઓ રાત્રે વિદ્યાનગર આવી પહોંચ્યા.

## આપણી તો શાંતિયાત્રા છે

તા. ૨/૧૨ની સવારે વિદ્યાનગરથી ઘોડાસર પધારેલા સ્વામીશ્રીએ અત્રે ગામના બસ સ્ટેન્ડ સામે ટેકરા ઉપર આવેલી એક એકર ભૂમિ પર ખડા થયેલા નૂતન મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવ્યા.

ત્યારબાદ તેઓ આ ગામમાં આવેલા શ્રીજીમહારાજના પ્રસાદીભૂત દરબાર અને જૂની વૈષ્ણવ હવેલીમાં દર્શન કરી, સવા એક વાગ્યે મહેમદાવાદમાં શ્રી યોગેશભાઈ પટેલના ઘેર આવી પહોંચ્યા.

નવ વર્ષ પૂર્વે બનેલા આ મકાનમાં સ્વામીશ્રી પધારે પછી જ વસવાટ કરવાનો ઇરાદો સેવનારા આ યજમાન સ્વામીશ્રીની પધરામણી માટે સંતોને વારંવાર વિનંતી કરતા રહેલા, પરંતુ સ્વાસ્થ્યને કારણે પધરામણીઓ પર લાગેલા પ્રતિબંધથી આ સંકલ્પની સિદ્ધિ અસંભવિત જ હતી. છતાં અમર આશાને વશ આ હરિભક્ત દર પૂનમે સારંગપુરના સ્મૃતિમંદિરે જઈ શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરતા.

આ વિગત તેઓએ આજે પોતાના ઘેર ઠાકોરજી જમાડી રહેલા સ્વામીશ્રીને જણાવી ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'તમે ડાળી-ડાળખાં નહીં, પણ

સીધું થડ પકડી લીધું, એટલે અમારે આવવું પડ્યું !'

*'તેણે જાણી છે જનની તાણ...'*ની રીતે વર્તતા અંતર્યામી સ્વામીશ્રી ભક્તોના એકેએક મનોરથો પૂર્ણ કરતા.

આ જ હેતુસર તેઓ આજની સાંજે અહીંથી વિદાય લઈ અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં બનેલા સંસ્કારધામના આંગણે આવી પહોંચ્યા. અહીં ઠાકોરજીનાં પૂજન અને આરતી કર્યા બાદ સ્વામીશ્રી મેમનગરની સ્ટર્લિંગ હૉસ્પિટલમાં પધાર્યા.

અત્રે સારવાર લઈ રહેલા દેવચરણદાસ સ્વામીને આશીર્વાદ પાઠવી તેઓ ગાંધીનગર જવા નીકળ્યા ત્યારે તેઓની ગાડી સાથે સરકતી અન્ય સાત-આઠ ગાડીઓના રસાલાને સાયરન વગાડતી પોલીસ શહેર સોંસરી દોરવા લાગી. આ સમયના માહોલને સંભારતાં સંતોએ ગાંધીનગર પહોંચેલા સ્વામીશ્રીને કહ્યું: 'આજે તો અમદાવાદમાં આપની ગૌરવયાત્રા નીકળી ગઈ !'

'આપણી તો શાંતિયાત્રા છે. આપણે જ્યાં જઈએ ત્યાં શાંતિની વાત કરીએ છીએ.' સ્વામીશ્રી બોલ્યા.

તેઓને પોતાનું ગૌરવ વધારવામાં નહીં, પણ સર્વત્ર શાંતિ ફેલાવવામાં રસ !

## અણનમ અક્ષરધામના આંગણે

બે મહિના પૂર્વે આતંકિત થયેલા અક્ષરધામે હવે *'રવિ ઢંકાય વાદળાં પાસ, જાય વાદળું પ્રગટે પ્રકાશ...'*ના ન્યાયે પુનઃ પોતાનો લય મેળવી લીધેલો. તા. ૭/૧૦થી જ વિધિસરની મહાપૂજા બાદ આ સ્મારક યાત્રાળુઓની અવર-જવરથી ધબકવા માંડેલું. અહીં ઊમટનારા ભાવિકોની સંખ્યામાં ત્રાસવાદી હુમલો લેશ ફેર પાડી શક્યો નહોતો. આતંકવાદી આક્રમણથી બેખબર કોઈ આગંતુક અત્રે આવતાં કલ્પી પણ ન શકે કે પૂર્વે આ સ્થળે રક્તપાત રેલાયો હશે – તેવી પ્રગાઢ શાંતિ ચોમેર વિસ્તરી રહેલી.

જો કે તેનું સઘળું શ્રેય સ્વામીશ્રીના ફાળે જતું હતું.

એક વાર તેઓને કો'ક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીએ કહેલું: 'આપ અક્ષરધામની દીવાલો અને જમીન પર લાગેલાં ગોળી-ગ્રેનેડનાં નિશાન યથાવત્ રાખજો.' વળી, લોહીના ડાઘા પણ જેમ છે તેમ રાખવાનું સૂચન કરતાં તેઓએ જણાવેલું: 'આ નિશાન અને ડાઘાને આધારે આપ અહીં આતંકવાદીઓ

ક્યાં-ક્યાં ગયા હતા તે દર્શાવતી એક યાત્રા મુલાકાતીઓ માટે ગોઠવશો, તો અક્ષરધામમાં આવનારાની સંખ્યા વધી જશે. તેની ખ્યાતિ પણ ઘણી ફેલાશે.'

પરંતુ પ્રસિદ્ધિના આ પ્રસ્તાવને ઠુકરાવતાં સ્વામીશ્રી બોલેલા: 'અક્ષરધામ શાંતિ અને પ્રેમનું સ્થાન છે. અહીં આવી કોઈ ઘૃણા કે હિંસાનો સંદેશ લઈને જાય એવું અમે નથી ઇચ્છતા.'

કુમતિ, કુકર્મ કે કુમાર્ગથી મળતું કશું જ સ્વામીશ્રીને ન ખપે. તેથી તેઓએ અક્ષરધામમાંથી ગોળીઓનાં નિશાન સુધ્ધાં પુરાવી-ભૂંસાવી દીધેલાં.

આવા નખશિખ પવિત્ર તેઓની પ્રતિભાથી આકર્ષાઈને તા. ૬/૧૨ના રોજ પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. મનમોહનસિંઘ દર્શને આવી પહોંચ્યા. તેઓએ દિલ્હીના નિર્માણાધીન અક્ષરધામની મુલાકાત લીધી હોવાથી સ્વામીશ્રીને કહ્યું: 'मुझे हमारे देश में अक्षरधाम से सुंदर स्थान और कोई लगता नहीं है। उसमें जो कुछ सेवा मैं कर सकूं उसके लिए मैं तैयार हूँ। जो जो आप संदेश दे रहे हैं वो सब युनिवर्सल (वैश्विक) मैसेज दे रहे हैं।'

દેશના સુજ્ઞ જનનો આ પ્રતિભાવ સ્વામીશ્રીએ નતમસ્તકે સ્વીકાર્યો.

## ૮૨મો જન્મજયંતી મહોત્સવ

પ્રતિવર્ષ તિથિ અનુસાર ઊજવાતો સ્વામીશ્રીનો જન્મજયંતી મહોત્સવ આ વર્ષે માગશર સુદ આઠમના રોજ યોજાયેલી ગુજરાતની ચૂંટણીને લક્ષમાં રાખી તારીખ મુજબ તબદીલ કરાયેલો. તેથી તા. ૭/૧૨ની સવારે અક્ષરધામના આંગણે સ્વામીશ્રીની ૮૨મી જન્મજયંતીનો ગુલાલ ઊડી રહ્યો. તેની વચ્ચે એકત્રિત થયેલા સંતો-ભક્તોનું અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે નૈમિષારણ્ય ઉપવનમાં પધાર્યા.

અહીં તેઓને શુભકામના પાઠવવા દેશના ઉપપ્રધાનમંત્રી શ્રી અડવાણી, રાજ્યના મુખ્યમંત્રી શ્રી મોદી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત થયા. તેઓની ભાવવંદના સ્વીકારી સ્વામીશ્રી આજના મુખ્ય મહોત્સવ માટે બપોરે બાર વાગ્યે હિંમતનગર આવી પહોંચ્યા.

અત્રે શહેરના છેડે શામળાજી ધોરીમાર્ગ પર આવેલા ત્રીસ એકરના મેદાને જન્મજયંતી નિમિત્તે 'સ્વામિનારાયણ નગર'ના સાજ સજી દીધેલા. તેના ભાગરૂપે ભાતીગળ કલાકૃતિઓથી શોભતો ૧૫ ફૂટ ઊંચો ભવ્ય મંચ, એક લાખથીયે વધુની જનસંખ્યાને સમાવવા સક્ષમ સભાસ્થળ, છેલ્લે બેઠેલી

વ્યક્તિનેય મંચ પરની ઝીણામાં ઝીણી ગતિવિધિથી માહિતગાર કરતાં વિરાટકાય ચિત્રપટ વગેરે યથાયોગ્ય રીતે ગોઠવાઈ ગયેલાં. આ ગોઠવણીને સાર્થક કરતાં સાંજે છ-એક વાગ્યે થયેલા સ્વામીશ્રીના આગમન સાથે જ મુખ્ય સભા કાર્યક્રમનો પ્રારંભ થયો.

આજના મહોત્સવમાં વ્યક્તિથી સમષ્ટિ સુધીના સૌને સ્પર્શતાં પાંચ ક્ષેત્રોમાં સ્વામીશ્રી પાસેથી માર્ગદર્શન મેળવવાનો ઉપક્રમ હતો. તેમાં પ્રથમ જે તે ક્ષેત્રમાં સ્વામીશ્રીએ કરેલી સફળ કાર્યવાહી વીડિયો દ્વારા દર્શાવાતી. ત્યારબાદ તેના અનુસંધાનમાં સ્વામીશ્રીને પ્રશ્ન પૂછી ઉકેલ મેળવવામાં આવતો.

આ ક્રમનો આરંભ થયો – ઊગતી પેઢીમાં સંસ્કાર-સિંચનની સમસ્યાથી.

તે વિષે સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું કે 'વિશ્વના ખૂણે-ખૂણે પથરાયેલાં અનેક માતા-પિતા ઝંખે છે કે અમારાં સંતાનો સંસ્કારી બને, તો પોતાનાં સંતાનોમાં સંસ્કારોનું સિંચન અને જતન કરવા તેઓએ શું કરવું જોઈએ ?'

ઘર-ઘરને મૂંઝવતી આ સમસ્યાનો ઉકેલ ચીંધતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે

'જો મા-બાપ સંસ્કારી હશે તો બાળકને સંસ્કાર આવશે. કૂવામાં પાણી હોય તો હવાડામાં આવે. આજે આપણા બાળકો ઉપરનું ધ્યાન વ્યવસાયમાં ભૂલી જઈએ છીએ. એ શું અભ્યાસ કરે છે, ક્યાં જાય છે, ક્યાં ફરે છે, ઘેર આવે ત્યારે એને પૂછતા પણ નથી કે 'તું શું ભણી આવ્યો ?' એટલે એ બધો ખટકો મા-બાપને હોય તો એ છોકરાનું સંસ્કાર-સિંચન બરોબર થાય. આજના વાતાવરણથી મા-બાપે પણ બચવાનું છે. એમણે પણ પાછી વૃત્તિ વાળીને બાળક પર પૂરેપૂરું લક્ષ્ય આપવું. ઘરમાં પણ પાઠ-પૂજા, ભગવાનની પ્રાર્થના, આપણા ગ્રંથોનું વાંચન કરો-કરાવો, કારણ કે સારા વિચારો આવવાનું સ્થાન ભગવાન અને ભગવાનના ગ્રંથો છે. ભગવાનમાં શ્રદ્ધા, ભગવાનનો આશરો, ભગવાનની ભક્તિ વગેરે સિંચન કરો. મા-બાપે બાળકોનું આ દૃષ્ટિએ ધ્યાન રાખવું.'

## સમાજસેવાની સાચી સમજ

જેમ દૂધના ઊભરા ઊંચે ચઢે અને હેઠે બેસે તેમ માનવીય ઉત્સાહમાં ચડ-ઊતર જોવા મળે છે. ક્યારેક નિષ્ફળતાથી, તો ક્યારેક સફળતાથી; ક્યારેક શારીરિક અસ્વસ્થતાથી, તો ક્યારેક વિપરીત સંજોગોથી; ક્યારેક 'બહુ કરી દીધું'ના ભાવથી, તો ક્યારેક 'કોઈ કરતું નથી'ના વાદથી – આવા અનેક કારણસર માનવીય જીવનમાં સાતત્યનો લય ખોરવાય છે. સ્વામીશ્રી અહીં

જ જુદા સાબિત થતા. તેઓ દરેક ક્ષેત્રમાં આદિથી અંત સુધી એકધારાપણું ટકાવી જાણતા.

તેથી જ તેઓને ૮૨મા જન્મોત્સવની સભામાં પુછાયું કે 'સ્વામી ! અમે દાયકાઓથી જોયું છે કે આપના જીવનમાં કોઈ રજા કે રવિવાર નથી. થાક્યા-કંટાળ્યા વિના આપ સતત સેવા કર્યા જ કરો છો. આજે અનેક સંસ્થા, અનેક લોકો સમાજસેવા કરે છે અને કરવા ઇચ્છે છે, તો આપની જેમ વર્ષો સુધી એકધારી આદર્શ સમાજસેવા કરવા અમારે કઈ ભાવના રાખવી જોઈએ ?'

આ દિશામાં પ્રકાશ પાથરતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"સમાજસેવા એટલે નિઃસ્વાર્થ સેવા. મારું સન્માન થાય, મને ખૂબ આર્થિક લાભ થાય એવી સ્વાર્થી સેવાઓ કરવાથી રાષ્ટ્રનો વિકાસ થતો નથી, સમાજ અને કુટુંબમાં શાંતિ આવતી નથી, તો કલ્યાણ તો ક્યાંથી થાય? સેવા કરવા માટે આપણે વિચારો કરીએ છીએ, પણ સ્વાર્થને લીધે એકબીજાના વિરોધમાં પડી જઈએ છીએ. એવી નિઃસ્વાર્થ સેવા ક્યારે થાય ? જ્યારે દરેકની અંદર ભગવાનની દૃષ્ટિ જોવામાં આવે. દરેકની અંદર ભગવાન રહેલા છે અને ભગવાનની હું સેવા કરું છું – એ ભાવના આપણી અંદર હોય તો એ સેવા શુદ્ધ, પવિત્ર અને કલ્યાણકારી બને છે. એ સેવાથી એને પોતાને આનંદ થાય અને અનેક માણસોને પણ આનંદ થાય છે.

કેટલાક કહે છે કે 'જનસેવા એ પ્રભુસેવા.' પણ મનુષ્યોની સેવા સાથે પ્રભુસેવા જો હોય તો પ્રભુ શું કહે છે ? અને કઈ રીતે સેવા કરવી જોઈએ ? એનું અનુસંધાન નિત્ય રહે. એ સેવાથી સમાજમાં શાંતિ આવી શકે. બીજું, જનસેવા સાથે પ્રભુસેવા જો કરીએ તો આપણને અભિમાન ન આવે. એકલી જનસેવાથી અભિમાન જરૂર આવશે કે 'મેં આટલા માણસને આમ કર્યું !' પણ સમાજસેવામાં જો ભગવાનમાં શ્રદ્ધા હશે, ભગવાનને જ કર્તા છે એમ માનીને સેવા કરશે તો અભિમાન નહીં આવે. સેવા કરવામાં એ જ ભાવના આપણે રાખવાની છે, પણ એની અંદરના ભાવો બહુ અગત્યની વસ્તુ છે. કયા ભાવથી સેવાઓ થાય છે એ અંતર્દૃષ્ટિ કરવાની જરૂર છે."

## વ્યસનને ઝેર જાણો

સ્વામીશ્રીના ૮૨મા જન્મોત્સવે સરકી રહેલો સભા કાર્યક્રમ – 'સમસ્યા અને સમાધાન' પળે-પળે બોધપ્રદની સાથે રસપ્રદ પણ બની રહેલો, કારણ કે

તેમાં સૌને જે જરૂરી છે તે મળી રહ્યું છે તેમ અનુભવાતું હતું.

આ ક્રમમાં સ્વામીશ્રીને વધુ એક પ્રશ્ન પુછાયો કે 'સ્વામી ! કેટલાંય મા-બાપ ઇચ્છે છે કે પોતાનાં સંતાનો વ્યસનમુક્ત બને. કેટલીયે પત્નીઓ ઝંખે છે કે પોતાના પતિ વ્યસનમુક્ત બને. કેટલાય એવા છે કે જેમને પોતાને પણ વ્યસન મૂકવું છે, પણ મનની નબળાઈ સામે સૌ હારી જાય છે, તો વ્યસનને સદાને માટે તિલાંજલિ આપવા કયા વિચાર કરવા જોઈએ ?'

આ મનોમંથનમાં માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ કહ્યું કે –

"ઝેરને આપણે ઝેર જાણ્યું છે તેમ વ્યસનને ઝેર જાણો. કોઈ આપણને કહે કે 'તને પાંચ હજાર રૂપિયા આપું. આટલું ઝેર ખાઈ જા.' તો ખાઈએ ? ન જ ખાઈએ ! વ્યસનને આવું ઝેર જાણીને માણસે પોતાનું મનોબળ કેળવવાનું છે. સત્સંગથી એ કેળવાય છે. ભગવાનની કથા-વાર્તા, કીર્તન, ભજન કરવાથી આપણું મન બળ મેળવે છે. વ્યસનમાંથી છૂટવાનો આ જ એક ઉપાય છે. વ્યસન ન છૂટે એવી વાત નથી."

સ્વામીશ્રીનું આ સમાધાન નક્કર છે તેની પ્રતીતિ આ સાબરકાંઠા પ્રદેશ કરાવતો હતો. આ પંથકનાં કેટલાંય ગામોમાં સત્સંગની હવા વહેતી થતાં દારૂની ભઠ્ઠીઓ બુઝાયેલી અને બીડી-સીગારેટના ધુમાડા દૂર ચાલ્યા ગયેલા. તેથી લાભાન્વિત થયેલા ૩,૦૦૦ આદિવાસીઓ આજની સભામાં ઉપસ્થિત હતા. તેઓ વતી પ્રતિનિધિરૂપ વનવાસીઓએ સ્વામીશ્રીને કૃતજ્ઞતાપૂર્વક પુષ્પમાળા પહેરાવી સત્કાર્યા. ત્યારબાદ વ્યસનમુક્તિના આનંદને વાચા આપતા નૃત્ય *'દાંડી પડે ને ઢોલ બોલે છે...'*ના આધારે ઝૂમી આ આદિવાસીઓએ સ્વામીશ્રીનો ઋણસ્વીકાર કર્યો.

## સફળતાનું રહસ્ય

આદિવાસી બંધુઓએ રજૂ કરેલા પરંપરાગત લોકનૃત્યમાં છેલ્લા શબ્દો હતા : *'જાણે અક્ષરધામમાં બેઠા એવો આનંદ થાય છે...'* આ અનુભૂતિ સ્વામીશ્રીના ૮૨મા જન્મોત્સવની સભામાં ઉપસ્થિત સૌની હતી. તેઓ વતી સ્વામીશ્રીને પુછાયું : 'આપે અનેકનાં જીવનમાં ભગવત્શ્રદ્ધા પ્રગટાવી છે, કારણ કે આપ ભગવત્શ્રદ્ધાનું મૂર્તિમાન સ્વરૂપ છો. નાની-મોટી આપત્તિઓમાં અમારી શ્રદ્ધા વિચલિત થઈ જાય છે, જ્યારે આપ તો અવિચળ હિમાલય જેવા ! તો હે સ્વામી ! આપ સમજાવશો કે જીવનમાં ભગવત્શ્રદ્ધાનું શું મહત્ત્વ છે ?'

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનમાં શ્રદ્ધાથી સર્વ વાતનું નિરાકરણ સારી રીતે આવી શકે છે. જો ભગવાનમાં શ્રદ્ધા થાય તો તેનું જીવન મહત્ત્વનું બને છે. 'श्रद्धा सर्वेषां माता।' શ્રદ્ધા એ સર્વ(સદ્‌ગુણો)ની માતા છે. સાંસારિક, વ્યાવહારિક, રાજકીય, સામાજિક બધાં જ કાર્યોમાં શ્રદ્ધા હોય તો કામ થાય છે. ખેડૂત જ્યારે દાણા વાવે છે ત્યારે શ્રદ્ધા છે કે ડૂંડું આવવાનું જ છે. વેપારીઓ વેપારમાં લાખો રૂપિયા ખર્ચે છે એની પાછળ શ્રદ્ધા હોય છે કે મને વર્ષે, બે વર્ષે, પાંચ વર્ષે એમાંથી કરોડો રૂપિયા મળવાના છે. વિદ્યાર્થી શ્રદ્ધાથી અભ્યાસ કરી સારી ડિગ્રી મેળવે છે. લૌકિક વસ્તુ જો શ્રદ્ધાથી પ્રાપ્ત થતી હોય તો આધ્યાત્મિક વસ્તુ પ્રાપ્ત ન થાય? માટે મંદિરો, સંતો, મૂર્તિ, ભગવાનમાં શ્રદ્ધા દૃઢ થવી જોઈએ.'

શ્રદ્ધાના આ સૂરથી સભાને ગુંજાવનારા સ્વામીશ્રીને આ વર્ષે ગિનિઝ બુક દ્વારા વિશ્વની વીસ પ્રભાવશાળી વ્યક્તિમાં સ્થાન આપવામાં આવેલું. તે સંદર્ભમાં આજે સૌએ જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'સ્વામી! લૌકિક અને આધ્યાત્મિક – બંને ક્ષેત્રે આપે અદ્વિતીય સિદ્ધિઓ હાંસલ કરી છે. તો આપની આ સફળતાનું રહસ્ય શું છે?'

'રહસ્ય તો ભગવાન છે. ભગવાનની કૃપા સિવાય કોઈ વસ્તુ બની શકતી નથી.' રહસ્યસ્ફોટ કરતાં આટલું કહી સ્વામીશ્રીએ ઉમેર્યું: 'સફળતાનું કારણ ભગવાન છે, ભગવાનના આદેશો છે, મોટાપુરુષના આશીર્વાદથી આવી સફળતા પ્રાપ્ત થાય છે.'

સ્વામીશ્રીએ કામચલાઉ નહીં, પણ કાયમી સફળતાનું રહસ્ય ખોલી આપ્યું. તેને હાથવગું કરનારા ભક્તોએ જન્મજયંતી મહોત્સવના અંતિમ ચરણમાં નૃત્યાંજલિ, પુષ્પાંજલિ અને સમૂહ આરતીનાં અર્ઘ્યથી સ્વામીશ્રીને વધાવ્યા.[૫૩]

## મૅનેજમેન્ટના મહારથી

તા. ૮/૧૨ની સાંજે હિંમતનગરથી અમદાવાદ પધારેલા સ્વામીશ્રી

---

૫૩. સ્વામીશ્રીના ૮૨મા જન્મજયંતી મહોત્સવની પ્રેરક અને પ્રભાવક પ્રસ્તુતિઓને માણવા બાજુના ક્યુઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સમક્ષ તા. ૧૧/૧૨ની સવારે આવેલા એક મહાનુભાવ બોલવા જ લાગ્યા કે –

"સ્વામીજી! આપને એક વિનંતી કરવાની છે કે અમે લોકો જે અમારી જાતને મૅનેજમેન્ટના ખાં માનીએ છીએ એ બધાને કહો કે 'મૅનેજમેન્ટ અહીં(હૃદય)થી થાય છે.' અમે માનીએ છીએ કે મૅનેજમેન્ટ બુદ્ધિથી થાય છે. આપનું કેટલું ઝડપી, આયોજનબદ્ધ અને વ્યવસ્થિત કાર્ય! અક્ષરધામમાં એટેક થયો ને તરત ઊભા થઈ ગયા! અમે આટઆટલું કરીએ છીએ પણ આપની તોલે ઊભા રહી શકીએ તેમ નથી.

અક્ષરધામમાં આતંકવાદી હુમલા વખતે અમે કમાન્ડોને ઑપરેશન માટે જરૂરી લાઇટની વ્યવસ્થા પૂરી પાડેલી. તે વખતે જોયેલું આપના સંતો-સ્વયંસેવકોનું કાર્ય અમને ખૂબ પ્રભાવિત કરી ગયું. આવું એજ્યુકેશન ઇન એક્સલન્સ (શ્રેષ્ઠતાનું શિક્ષણ) કેવી રીતે આવી શકે? અમારી વિનંતી છે કે અમારી સો મૅનેજમેન્ટ એક્સપર્ટ્સ(નિષ્ણાતો)ની મીટિંગ થવાની છે, તેમાં આપના સંતો-પ્રતિનિધિઓને મોકલો, જે અમને આદર્શ મૅનેજમેન્ટ કેવું હોવું જોઈએ તે શીખવે."

વિખ્યાત વીજ કંપની ટોરન્ટ પાવરના અગ્રણી કાર્યવાહક શ્રી દીપકભાઈ દલાલનાં દિલ-દિમાગમાં સ્વામીશ્રીની પ્રતિભાએ ખરેખરું અજવાળું પાથરી દીધેલું. તે તેઓના ઉપરોક્ત અભિપ્રાયમાં ચમકતું રહ્યું.

તેઓની જેમ સ્વામીશ્રી પાસે આજે આવેલા અન્ય એક શ્રેષ્ઠી શ્રી ગુરુચરણસિંહનો અનુભવ પણ આવો જ રહ્યો. ગુજરાતના આ ચૂંટણી કમિશનરે સ્વામીશ્રીને મળતાં જ કહ્યું: 'આપનું ઑર્ગેનાઇઝેશન જોરદાર છે! અમારી પાસે પૈસા છે, માણસો છે, સત્તા છે, છતાં કોઈ પ્રોજેક્ટ ટાઈમસર પૂરા કરી શકાતા નથી.'

'ભગવાન રાખે તો બધા જ પ્રોજેક્ટ ટાઈમસર થાય. સમર્પણ ભાવના જોઈએ સાહેબ! ગુજરાતની, ભારતની અસ્મિતા જોઈએ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તે સાંભળી પ્રભાવિત થયેલા આ અધિકારીએ વધુમાં પૂછ્યું: 'આજના નવા જમાના પ્રમાણે શિક્ષાપત્રીમાં કંઈક ઉમેરવું હોય તો...'

'માણસે સુધરવાનું છે, શિક્ષાપત્રીમાં સુધારવાનું કાંઈ નથી. ભગવાન સ્વામિનારાયણે બધું બરોબર જ કર્યું છે. વાંચી, સમજીને તેમ વર્તે તો બધું જ એમાં આવી જાય છે.' સ્વામીશ્રી બોલ્યા.

શાસ્ત્ર અને ભગવાનમાં પૂરેપૂરી શ્રદ્ધા ધરાવતા તેઓ ખોંખારીને કહેતા

રહેતા: *'સત્શાસ્ત્ર સહુનાં સુખદાઈ, એમાં ફેર નથી કહું કાંઈ...'*

## ...તો હું સભા છોડી જતો રહીશ

'આવતીકાલે કાર્યક્રમમાં શું રાખ્યું છે ?'

'ખાસ કાંઈ નહીં. સવારે પૂજા. સાંજે સભા.'

'જુઓ, સમજી રાખજો. પૂજામાં એકલાં મારાં કીર્તનો નહીં, સાંકળ કરવી. બધાનાં કીર્તનો. કોઈ વિશિષ્ટ દિવસ છે તેવું લાગવું ન જોઈએ.'

તા. ૧૧/૧૨ની બપોરે વિશ્રામમાં જઈ રહેલા સ્વામીશ્રી આટલું કહી અટક્યા, પણ વળી તેઓએ સંતોને પૂછ્યું: 'રાત્રે શું છે ?'

'રાત્રે તો ગુરુહરિ સ્મૃતિસભા છે. તેમાં વડીલ સંતો આપની સ્મૃતિ કરશે. આપ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સ્મૃતિ કરશો.'

'મારે કોઈની સ્મૃતિ કરવી નથી અને કોઈએ મારી સ્મૃતિ કરવાની જરૂર નથી. જેમ છે તેમ રોજિંદી સભા કરવી. જાહેરાતમાં પણ 'જન્મદિવસ, વિશિષ્ટ દિવસ, ધન્ય દિવસ' એવું બોલવાની કાંઈ જરૂર નથી. જો એવું કાંઈ આવ્યું તો હું સભા છોડી જતો રહીશ. તેમાં તમારો ને મારો ધજાગરો થશે. આમાં મરજી સમજવાની વાત છે. મારી આંખ સામે જુઓ. મરજી એટલે આંખમાં જોઈ સમજી જવાય. આ મારે કહેવું પડે છે તે મરજી સમજ્યા ન કહેવાય. મારી જરા પણ રુચિ નથી. બધાને કહી દેજો. ઢીલ નહીં.'

આવતીકાલે તા. ૧૨/૧૨ના રોજ તિથિ અનુસાર આવી રહેલા પોતાના જન્મદિવસની ઉજવણી ન થાય તે માટે સ્વામીશ્રીએ આટલો કડક જાપ્તો કસી દીધો ત્યારે બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પૂછ્યું: 'બાપા ! છોકરાઓનું નૃત્ય છે તેનું શું ? આપે અડધું જોયેલું છે તો તે ફરી કરવું ?'

'મેં અડધું તો જોયું હતું ને ?!'

'છોકરાઓને લાગે ને કે નૃત્ય બાપા આગળ થઈ ગયું !'

'પરમ દિવસે કરે, કાલે નહીં !'

આમ કહી સ્વામીશ્રીએ જન્મજયંતીની ઉજવણી ફરતે ચણી દીધેલા કિલ્લામાં કોઈ ફાંકું ન પડવા દીધું. તે પછી આ મનાઈનું કારણ જણાવતાં તેઓ જ બોલ્યા: 'આ તો એટલે આગ્રહ રાખીએ છીએ કે જો ઊજવવા લાગે તો આવતા વર્ષે (તિથિ અને તારીખ મુજબ) બે ઉત્સવ થાય. આપણે એવું કરવું નથી.'

યુક્તિ-પ્રયુક્તિ કરીને પણ ઉજવણીના ઉપાર્જન કરતી ઘમંડઘેલી દુનિયામાં સ્વામીશ્રી તાંબા-પિત્તળ વચ્ચે ચમકતા સુવર્ણની જેમ શોભતા હતા. તેઓને પોતાના જન્મોત્સવની ઉજવણી કાંટા-કાંકરાની જેમ ખૂંચતી.

## પ્રશાસક પામ્યા પ્રેમનું પ્રશિક્ષણ

તા. ૧૨/૧૨, માગશર સુદ આઠમના રોજ આવેલો સ્વામીશ્રીનો જન્મદિન અત્યંત સાદગીપૂર્ણ રીતે વીત્યો. રોજિંદા ક્રમ અનુસાર સભામાં પહેરાવાતા બે-ચાર પુષ્પહાર પણ આ દિવસે તો સ્વામીશ્રીને ન આરોપી શકાયા !

આમ, વિષયોથી વિરક્ત તેઓ તા. ૧૫/૧૨ની સવારે ઘાટલોડિયા અને નારણપુરાના સંયુક્ત સંસ્કારધામ તથા સોલા રોડ પર ખડા થયેલા નૂતન મંદિરમાં આરતી કરી પુનઃ શાહીબાગના મંદિરે પધાર્યા.

અહીં આજની સાંજે તેઓના આશીર્વાદ લેવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આવી પહોંચ્યા. તેઓએ આવતાંવેંત સ્વામીશ્રીનાં ચરણોમાં મસ્તક ટેકવી પંચાંગ પ્રણામ કર્યા અને ચૂંટણીમાં મળેલા જ્વલંત વિજયને સ્વામીશ્રીની કૃપાનું પરિણામ ગણાવ્યો. સ્વામીશ્રીએ પણ તેઓના મસ્તકે અને બરડે આશીર્વાદનો અભયહસ્ત પ્રસરાવી તેઓને ઠાકોરજીનાં દર્શન કરાવ્યા બાદ પુષ્પમાળા પહેરાવી.

આ અનુગ્રહ સ્વીકારી શ્રી મોદી સ્વામીશ્રીની ડાબી બાજુએ બિછાવેલા ગાદલા પર પલાંઠી વાળીને બેઠા. તે વખતે રાજ્યાભિષેકનો વિધિ કરાવતાં સંસ્થાના પુરોહિત શ્રી પરમાનંદભાઈએ શાંતિપાઠ ઉચ્ચાર્યો. તેને અનુસરતાં સ્વામીશ્રીએ મુખ્યમંત્રીના ભાલમાં કુંકુમ-અક્ષત વડે ચાંદલો ચોડી જમણા હાથે નાડાછડી બાંધી. શ્રી મોદીના ભાગ્યપ્રદેશ પર સ્વામીશ્રી દ્વારા અંકિત થયેલું આ રાજતિલક ઘણું દીર્ઘજીવી નીવડ્યું એ ઇતિહાસની એક નક્કર અને ઉજ્જ્વળ તવારીખ છે.

આવું શુકનવંતું સ્વસ્તિતિલક કર્યા બાદ સ્વામીશ્રીએ મુખ્યમંત્રીનાં શિર અને શરીર પર કરેલું પ્રાસાદિક જળનું પ્રોક્ષણ શ્રી મોદીએ નતમસ્તકે ઝીલ્યું. તે દરમ્યાન પુરોહિતના કંઠેથી રાજ્યાભિષેકના મંત્રો ગુંજતા રહ્યા.

આ જલાભિષેક બાદ મુખ્યમંત્રીને અક્ષતવર્ષાથી અભિમંત્રિત કરતા સ્વામીશ્રીએ તેઓના મુખમાં પ્રસાદરૂપે ગોળ-ધાણા મૂક્યા અને સુશાસનના આશીર્વાદ વરસાવ્યા. તે વખતે ધર્મિષ્ઠ મહાત્માના આશિષ મેળવી શાસનની

ધુરા સંભાળતા શાસકોની પુરાતન ભારતીય પ્રણાલિકા જીવંત થઈ ઊઠી !

તેને અનુસરતાં સ્વામીશ્રીની સાથે જ સત્સંગ-સભામાં પધારેલા શ્રી મોદીએ અહીં પ્રચંડ જનમેદની સામે પુનઃ સ્વામીશ્રીને પંચાંગ પ્રણામ અર્પણ કર્યા. ધર્મસત્તાને થયેલું રાજ્યસત્તાનું આ નમન સૌએ ગગનભેદી તાળીઓથી વધાવ્યું. સ્વામીશ્રીએ પણ પુષ્પહાર પહેરાવી મુખ્યમંત્રીને કમળનું પુષ્પ ભેટ ધર્યું.

આ લાગણીથી ગદ્‌ગદ શ્રી મોદીએ સંબોધન કરતાં જણાવ્યું : 'વ્યક્તિગત રીતે હું સદાય પરમ પૂજ્ય પ્રમુખસ્વામી પાસે કંઈક ને કંઈક માંગતો હોઉં છું. આજે જ્યારે સ્વામીજીનાં ચરણોમાં બેઠો છું ત્યારે એમના જીવનને સમગ્ર ગુજરાતે નિકટથી જોયું છે. તેઓમાં એ જ પ્રેમની જ્યોતિ ઝળહળ કરતી હોય છે. સૌને પોતાના બનાવવાની આગવી તાકાત તેઓ પાસે છે. પ્રમુખસ્વામી મહારાજ પાસેથી જે કંઈ હું શીખ્યો છું એ આ પ્રેમનો સંદેશ શીખ્યો છું.'

સ્વામીશ્રીનાં ચરણે આ ભાવપ્રચુર અંજલિ બાદ પુનઃ પંચાંગ પ્રણામનું અર્ઘ્ય ધરી શ્રી મોદીએ વિદાય લીધી અને સ્વામીશ્રીના સાંનિધ્યમાં રવિસભા જારી રહી.

## અમારે તો કંઈ જોઈએ જ નહીં

તા. ૧૫/૧૨ની રવિસભાના અંતે સંતો દ્વારા થઈ રહેલા હારતોરામાં સૂકામેવાનો હાર શ્રીહરિદાસ સ્વામીએ સ્વામીશ્રીને પહેરાવ્યો ત્યારે સ્વામીશ્રીએ આ સંતને હળવા મિજાજમાં પૂછ્યું : 'આ હાર તમે લઈ જશો ?'

'આપને જોઈતો હોય તો આપને ભેટ. આપ લઈ જાવ.'

તે સંતે પણ ગમ્મત સામે આમ ગમ્મત મૂકી ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમે તો બ્રહ્મ છીએ, એટલે અમારે તો કંઈ જોઈએ જ નહીં !'

આ શબ્દોમાં પ્રગટેલી તેઓની બ્રહ્મખુમારી સમ્રાટ પણ ઝાંખા પડે તેમ ઝળકી રહી.

આ બ્રહ્મતેજ સાથે આજે સભામાંથી વિદાય થતાં પૂર્વે સ્વામીશ્રીએ હુકા ગામના મંદિરની મૂર્તિઓમાં દૈવત આરોપ્યું. ત્યારબાદ તેઓ તા. ૧૬/૧૨ની સવારે સરસપુરના સંસ્કારધામમાં પગલાં પાડી વસો થઈને મહેળાવ પહોંચ્યા.

## માનવ-જીવનની મનનીય મીમાંસા

મહેળાવમાં સ્વામીશ્રી તા. ૧૭/૧૨ની રાત્રે પોઢવા પધાર્યા ત્યારે

તેઓના શરીરમાં ઠંડીને કારણે આછી ધ્રુજારી અનુભવાવા માંડી. તે પછી આખી રાત ચાલેલી તાવની હેરાનગતિમાં રાત્રે શૌચ-સ્નાન કરવાનું પણ થતાં પરિસ્થિતિ વિકટ બની.

તેથી તા. ૧૮/૧૨ની સવારે સંતોએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'અત્યારે પૂજામાં ઠાકોરજીનાં દર્શન થઈ ગયાં છે, માટે અલ્પાહાર લઈ આરામ કરો. દસેક વાગ્યે મંદિરમાં દર્શને જવાનું રાખો તો બહાર વાતાવરણમાં ગરમીયે વધી ગઈ હોય અને તે જ વખતે બે મંદિરોની પ્રતિષ્ઠા પણ થઈ જાય.'

આ પ્રસ્તાવ સ્વામીશ્રીના સ્વાસ્થ્યને લક્ષમાં લેતાં બિલકુલ યોગ્ય હતો. પરંતુ 'દર્શને તો જવું જ જોઈએ ને!' કહેતાં સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ તરત મંદિરે જવા નીકળ્યા.

*'દેખે અખંડ પ્રભુની મૂર્તિ, તોય અંતરમાં રહે તાણ્ય...'*ની સ્થિતિ ધરાવતા તેઓને મન દર્શન જ દવા હતી. આ હકીકત તેઓની પ્રત્યેક માંદગીમાં ઉઘાડેછોગ દેખાતી.

તે રીતે આજે પણ મંદિરે પહોંચેલા સ્વામીશ્રી અત્રે દર્શન બાદ સાડા દસ વાગ્યે સભામંડપમાં પધાર્યા. અહીં સોજિત્રા તાલુકાનાં ડાલી અને માતર ગામનાં મંદિરોની મૂર્તિઓમાં પ્રાણ પૂરતા તેઓ તા. ૧૯/૧૨ની સાંજે અટલાદરા આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૦/૧૨ની સાયંસભામાં માનવ-જીવનની મનનીય મીમાંસા કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'જીવન થોડું પણ સુંદર જીવ્યા એ સારું. થોડા જીવનમાં પણ અનેકની સેવા થઈ ગઈ, ભગવાનની સેવા થઈ ગઈ, આપણા મોક્ષનું કાર્ય થઈ ગયું, સમર્પણ ભાવનાથી સારું કાર્ય આપણે કરી શક્યા, તો એ જીવન છે. બીજાને સંતોષ થાય એવું જીવવું એ જીવન છે. હજારોને શાંતિ કરી દે એ જીવન છે.'

આ જીવન-મર્મ સમજાવતા સ્વામીશ્રી તા. ૨૭/૧૨ના રોજ અટલાદરાથી વિદાય લઈ ભરૂચ પધાર્યા.

આ તીર્થમાં તેઓ તા. ૨૮/૧૨ની સવારે ત્રાલસાના હરિમંદિરની મૂર્તિઓમાં પ્રાણ પ્રતિષ્ઠિત કરી તા. ૨૯/૧૨ની સાંજે સુરત પહોંચ્યા.

અહીં વિવિધ ભક્તિસભર આયોજનોના દોર પર સરકી રહેલા સમયના પટ પર તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યાની ઘડી આવી પહોંચતાં જ સન ૨૦૦૨ વિરહ-વિહ્વળ થઈ ઊઠી, કારણ કે તેના શૈશવને સ્વામિનારાયણ

મહામંત્રના દ્વિશતાબ્દી મહોત્સવથી મધમીઠું કરનારા સ્વામીશ્રી હતા.

તેની સાથે સ્વામીશ્રીની આંગળી પકડીને માણવા મળેલી એશિયા-પેસિફિકના દેશોની ધર્મયાત્રાથી પણ સન ૨૦૦૨ ધન્યતા અનુભવી રહેલી. વળી, કચ્છના કલ્યાણકારી પ્રવાસમાં સ્વામીશ્રીના પગલે પગલે પ્રગટતી પરોપકારની ગંગામાં આ વર્ષ મન ભરીને ઝબકોળાયેલું.

અલબત્ત, જીવતરને સાર્થક કરે એવા સ્વામીશ્રીના કંઈક લાભ મેળવનારી સન ૨૦૦૨ ગદ્‌ગદિત હતી – સ્વામીશ્રીની સ્થિરતા અને સ્વસ્થતાનું દર્શન પામીને. અક્ષરધામ પર થયેલા હુમલા વખતે સ્વામીશ્રીએ દાખવેલી અનુકંપા અને ઉદારતા આ વર્ષ માટે અમર મૂડી સમાન બની ગયેલી.

તેથી જ સ્વામીશ્રીની સાધુતાનું આકંઠ પાન કરી તા. ૩૧/૧૨ની રાત્રે બાર વાગ્યે વિદાય થતી સન ૨૦૦૨ ગાઈ ઊઠી :

*'આપણાં પુણ્ય અપાર, ભલો આવ્યો આ સમે અવતાર...'*

 

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા**

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક
વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે. જીવનનો સાચો
મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ
ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત
વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ
શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની
સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૧,૦૦૦થી વધુ
સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત
સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર
માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૧૦૦થી વધુ સુશિક્ષિત સંતો તથા
હજારો યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક
લોકસેવાની પ્રવૃત્તિઓનું વહન કરે છે.
આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
વિશ્વના અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને
આ સંસ્થાએ સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય
સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી
સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
સતત ૭ દાયકાઓ સુધી આ સંસ્થાના પ્રમુખ તરીકે રહીને
તેના વિકાસમાં અનન્ય યોગદાન આપનાર
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજે આ સંસ્થાને
એક વૈશ્વિક ઓળખ આપી છે. તેઓની આર્ષદૃષ્ટિ અને
તેમના પ્રચંડ પુરુષાર્થથી વિશ્વવ્યાપી થયેલી
સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત
કર્યું છે. વર્તમાન સમયે પ્રમુખસ્વામી મહારાજના
આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજના નેતૃત્વમાં આ સંસ્થા
અહોરાત્ર સેવામય બની ધબકી રહી છે.



માળા એ જ જેમની જીવનભરની મૂડી રહી હતી એવા
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર,
જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા,
પરાભક્તિ અને ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, પરહિતની સદા વહેતી કરુણાગંગા,
બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ,
સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને
ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર.
એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે.
એમના સાંનિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે.
કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં,
કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું'
– એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં.
સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં.
અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં
અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. સ્વ કે શરીરની કોઈ ખેવના નહીં.
જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે જનકલ્યાણ માટે સમર્પિત.
હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એથી મોટો કોઈ પર્યાય નહીં.
સૌમ્ય, પ્રિય, હિતકારી વાણી. પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો.
રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.
આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે.
આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી
તેમના સાંનિધ્યથી ધન્ય થતા રહ્યા.
આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના
દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે
આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

BG1929
ISBN: 978-81-7526-993-4